Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાનશ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા. પુષ્પ—૧૯૨

# વીતરાગ-વિજ્ઞાન

[ છહઢાળા-પ્રવચનો ]

પં. શ્રી દૌલતરામજી રચિત છહઢાળા ઉપર

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

લેખક : સંપાદક

બ્ર. હરિલાલ જૈન

સોનગઢ

: પ્રકાશક :

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ-૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમ આવૃત્તિ ૨૦૦૦

વીર સં. ૨૫૨૩ વિક્રમ સં. ૨૦૫૨

: કિંમત :

૫૦–૦૦

: મુદ્રક :

જ્ઞાનચંદ જૈન

કહાન મુદ્રણાલય, સોનગઢ–૩૬૪ ૨૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Sagar Chandrakant Shah, London who has paid for it to be "electronised" and made available on the internet in memory of his uncle Satish Mulchand Shah.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Vitraag Vignaan - Chha Dhal Pravachano Parts 1-6 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 22 March 2007 | First electronic version |



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# ગુરુદેવની પ્રસાદી

મોક્ષમાર્ગસાધક ધર્માત્માઓની મંગલછાયામાં
રહીને, જેઓ ભવદુઃખનો થાક ઊતારી રહ્યા
છે ને મોક્ષ-સુખનો અનુભવ કરવા માટે
પુરુષાર્થ એકઠો કરી રહ્યા છે...તથા
પરસ્પર પ્રોત્સાહનપૂર્વક વીતરાગ-
વિજ્ઞાનને અભ્યાસી રહ્યા છે એવા
સાધર્મીઓના સુહસ્તમાં,
ગુરુદેવની પ્રસાદીરૂપ આ
વીતરાગવિજ્ઞાન અર્પણ
કરતાં હર્ષ અનુભવાય છે.

—હરિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

છહઢાળા-પ્રવચનના નૂતન-સંસ્કરણના પ્રકાશન પ્રસંગે

# ✻ પ્રકાશકીય નિવેદન ✻

પંડિત શ્રી દૌલતરામજી રચિત આ 'છહઢાળા' દિગંબર જૈન સમાજમાં ખૂબ જ પ્રચલિત છે. ભારતવર્ષની પ્રાયઃ પ્રત્યેક દિગંબર જૈન પાઠશાળામાં તેના આધારે બાળકોમાં ધાર્મિક સંસ્કાર રોપવામાં આવે છે. છ વિભિન્ન છંદોમાં રચાયેલી આ કાવ્યરચના અતિ મધુર તેમ જ વીતરાગવિજ્ઞાનમૂલક પ્રયોજનભૂત જૈન તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. કવિએ સાગર સમ વિશાળ જૈન તત્ત્વજ્ઞાનને ગાગર સમ 'છહઢાળા'માં એવી આશ્ચર્યકારી ઢબથી સમાવી દીધું છે કે જિજ્ઞાસુઓને આ રચના સદા હરિયાળી અનુભૂત થાય છે અને પુનઃ પુનઃ તેનું તત્ત્વવિચારપૂર્વક અધ્યયન કરવાના ભાવ થાય છે. ઘણાને તો આ કાવ્યાત્મક લઘુ ગ્રંથ આખોય કંઠસ્થ હોય છે.

આ લઘુ ગ્રંથમાં, વીતરાગવિજ્ઞાનસ્વરૂપ નિજ આત્મસ્વભાવને ભૂલેલા જીવો ચતુર્ગતિ-પરિભ્રમણમાં કેવાં કેવાં દુઃખો પામે છે? તે દુઃખોનું કારણ શું? તે દુઃખોથી આત્યંતિક નિવૃત્તિનો સાચો ઉપાય શો? વગેરે, આત્મહિત માટે અત્યંત પ્રયોજનભૂત વાતો અતિ રોચક શૈલીથી ખૂબ જ સંક્ષેપમાં સમજાવી છે. આ લઘુ ગ્રંથ ઉપર આત્માનુભૂતિપ્રધાન-અધ્યાત્મધર્મપ્રવર્તક પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સુગમ શૈલીથી, સરળ ભાષામાં અધ્યાત્મરહસ્યભરપૂર સુંદર પ્રવચનો જે આપ્યાં છે તે પ્રવચનોનું સંકલન જુદાં જુદાં છ પુસ્તકોમાં અગાઉ પ્રકાશિત થયેલ છે. આ પ્રસ્તુત નૂતન સંસ્કરણમાં તે છયે પ્રવચનપુસ્તકો એકસાથે—એક પુસ્તકમાં મુદ્રિત કરાવવામાં આવ્યાં છે, જેથી જિજ્ઞાસુઓને, છહઢાળા પ્રવચનોનો સમગ્ર સ્વાધ્યાય કરવા માટે, જુદાં જુદાં પુસ્તકો બદલવાં ન પડે.

આ પ્રવચનોનું સુંદર સંકલન દિવંગત બ્ર૦ શ્રી હરિભાઈ જૈને કરેલું છે, અને આ સંસ્કરણનું મુદ્રણકાર્ય 'કહાન-મુદ્રણાલય'ના માલિક શ્રી જ્ઞાનચંદજી જૈને સુંદર રીતે કરી આપેલ છે. આ નૂતન પ્રકાશનના શુભાવસરે તે બંને પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં વીતરાગવિજ્ઞાનના હેતુભૂત અધ્યાત્મરહસ્યભરપૂર આ સુંદર પ્રવચનો આત્માર્થી જીવોને વીતરાગવિજ્ઞાનમુદ્રિત સાચો મોક્ષમાર્ગ સમજવામાં તેમ જ પામવામાં પ્રબળ નિમિત્તભૂત બનો એવી ભાવના ભાવીએ છીએ.

નિવેદક—
સાહિત્યપ્રકાશનસમિતિ,
શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ

દીપાવલિ, વિ. સં. ૨૦૫૨
'મહાવીર-નિર્વાણદિન'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ✳ પ્રસ્તાવના ✳

સંસારના જીવોને દુઃખથી છૂટવાનો ને સુખની પ્રાપ્તિનો પંથ બતાવનાર આ 'છહઢાળા' આજે જૈન સમાજમાં ખૂબ પ્રચલિત છે, અનેક પાઠશાળાઓમાં તે શીખવાય છે; તેમ જ કેટલાય સ્વાધ્યાયપ્રેમી જિજ્ઞાસુઓ તે કંઠસ્થ પણ કરે છે. આ પુસ્તકમાં પ્રથમ તો, વીતરાગ-વિજ્ઞાનને ભૂલેલો જીવ સંસારમાં ચાર ગતિમાં કેવાંકેવાં દુઃખો પામ્યો તે બતાવ્યું છે, ને તે દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિનું સ્વરૂપ સમજાવીને તેને છોડાવવાનો ઉપદેશ દીધો છે; ત્યારપછી તે મિથ્યાત્વાદિ છોડવા માટે મોક્ષના કારણરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સ્વરૂપ સમજાવીને તેની આરાધનાનો ઉપદેશ દીધો છે.—આમ આ નાના પુસ્તકમાં જીવોને હિતકારી પ્રયોજનભૂત ઉપદેશનું સુગમ સંકલન છે. અને તેમાં પણ સમ્યક્ત્વપ્રાપ્તિ માટે તો ખાસ પ્રેરણા આપતાં કહ્યું છે કે—સમ્યગ્દર્શન વગર જ્ઞાન કે ચારિત્ર સાચાં હોતાં નથી,—સમ્યગ્દર્શન જ મોક્ષમહેલનું પ્રથમ પગથિયું છે; માટે હે ભવ્ય જીવો! આ નરભવ પામીને તમે કાળ ગુમાવ્યા વગર અત્યંત પ્રયત્નપૂર્વક સમ્યક્ત્વને ધારણ કરો.

આવી આ 'છહઢાળા'ની હિંદી-ગુજરાતી-મરાઠીમાં જુદાજુદા પ્રકાશકો દ્વારા અનેક આવૃત્તિઓ છપાઈ ચૂકી છે, અને જૈનસમાજમાં સર્વત્ર તેનો પ્રચાર છે. આપણી સંસ્થાના માનનીય પ્રમુખશ્રી નવનીતલાલભાઈ ચુ. જવેરીનું પણ આ એક પ્રિય પુસ્તક છે ને તેમને તે કંઠસ્થ પણ છે. પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસ ભરેલાં પ્રવચનોનો લાભ લેતાંલેતાં એક વાર તેમને એવી ભાવના જાગી કે જો છહઢાળા ઉપર ગુરુદેવનાં પ્રવચનો થાય અને તે છપાઈને પ્રસિદ્ધ થાય તો સમાજના ઘણા જિજ્ઞાસુઓ તેના ભાવોની સમજણ પામે અને તેના સ્વાધ્યાયનો ખરો લાભ મેળવી શકે.—આવી ભાવનાથી તેમણે ગુરુદેવને છહઢાળા ઉપર પ્રવચનો કરવા વિનંતિ કરી; અને તેના ફળરૂપે છહઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવના આ પ્રવચનો આજે જિજ્ઞાસુઓના હાથમાં આવી રહ્યાં છે. પૂ. ગુરુદેવે આ પ્રવચનો દ્વારા છહઢાળાનું મહત્ત્વ વધાર્યું છે અને તેના ભાવો ખોલીને જિજ્ઞાસુ જીવો ઉપર ઉપકાર કર્યો છે.

આ પુસ્તકના રચનાર પં. શ્રી દૌલતરામજી એક કવિ છે. કોઈ કવિમાં માત્ર કાવ્યશક્તિ જ હોય તે પૂરતું નથી, પરંતુ તે કાવ્યશક્તિનો ઉપયોગ એવી પદરચનામાં કરે કે જેનાથી જીવોનું હિત થાય—તે જ ઉત્તમ કવિ છે. સંસારી પ્રાણીઓ વિષયકષાયના શૃંગારરસમાં તો ફસાયેલા છે જ, અને એવા જ શૃંગારરસપોષક કાવ્યો રચનારાં 'કુકવિ'ઓ પણ ઘણાય છે. પરંતુ શૃંગારરસથી વિરક્તિ કરાવીને વૈરાગ્યરસને પોષે એવા હિતકર અધ્યાત્મપદ રચનારા સુકવિઓ સંસારમાં વિરલ જ હોય છે. એવી ઉત્તમ રચનાઓ વડે અનેક જૈનકવિઓએ જૈન-શાસનને શોભાવ્યું છે. જિનસેનાચાર્ય, સમન્તભદ્રાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, માનતુંગસ્વામી, કુમુદચંદ્રજી, મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ વગેરે આપણા પ્રાચીન સંત–કવિઓએ આધ્યાત્મિક-રસઝરતી જે કાવ્યરચનાઓ કરી છે એની તુલના, અધ્યાત્મદૃષ્ટિએ તો દૂર રહો પરંતુ સાહિત્યિક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિએ પણ ભાગ્યે જ કોઈ કરી શકે. હિન્દી સાહિત્યમાં પણ પં. બનારસીદાસજી, ભાગચંદજી, દૌલતરામજી, દ્યાનતરાયજી વગેરે અનેક વિદ્વાનોએ પોતાની પદ્યરચનામાં અધ્યાત્મરસની ધારા વહેવડાવી છે,—જેમાંની એક રચના આ છહઢાળા છે.

આ છહઢાળાના રચનાર પં. દૌલતરામજીનો સમય વિક્રમ સંવત ૧૮૫૫થી ૧૯૨૩–૨૪ સુધીનો છે. તેમનો જન્મ હાથરસ (પંજાબ)માં થયો હતો. તેઓ ખૂબ શાસ્ત્રસ્વાધ્યાય કરતા. પાછળથી તેઓ લશ્કર (ગ્વાલિયર)માં રહેતા. રત્નકરંડશ્રાવકાચાર વગેરેના હિંદી–ટીકાકાર પં. સદાસુખજી (જયપુર), બુધજનવિલાસ તથા 'છહઢાળા' (બીજી)ના કર્તા પં. બુધજનજી, પં. વૃંદાવનજી (કાશી), ઇશાગઢમાં પં. ભાગચંદજી, દિલ્હીમાં પં. બખ્તાવરમલજી, તથા પં. તનસુખદાસજી વગેરે વિદ્વાનો પણ તેમના લગભગ સમકાલીન હતા. તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૯૨૩ કે ૨૪ના કારતક વદી અમાસની બપોરે દિલ્હીમાં થયો હતો. તેમને છ દિવસ અગાઉથી સ્વર્ગવાસની આગાહી થયેલી; અને તેઓ ગોમટ્ટસારશાસ્ત્રની જે સ્વાધ્યાય કરતા તે બરાબર સ્વર્ગવાસના દિવસે જ તેમણે પૂર્ણ કરી હતી. તેમણે આ છહઢાળા ઉપરાંત બીજા સવાસો જેટલા ('હમતો કબહું ન નિજઘર આયે'....તથા 'जिया! તુમ ચલો અપને દેશ'.... વગેરે) અધ્યાત્મ-ભજનો રચેલાં છે. જેનો સંગ્રહ 'દૌલતવિલાસ' પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયેલ છે.

આ 'છહઢાળા' પં. દૌલતરામજીએ ૧૮૯૧ના વૈશાખ સુદ ત્રીજે પૂર્ણ કરી છે. બીજી એક 'છહઢાળા' પં. શ્રી બુધજનજી કૃત છે—જે તેમણે ૧૮૫૯ના વૈશાખ સુદ ત્રીજે પૂર્ણ કરી છે, એટલે આના કરતાં ૩૨ વર્ષ પહેલાં જ રચાયેલ છે. બંને 'છહઢાળા'નો સમાપ્તિ દિવસ વૈશાખ સુદ ત્રીજ છે; અને બંનેનાં છ પ્રકરણોમાં લગભગ સરખું વર્ણન છે.—કે જે સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા વગેરે પ્રાચીન શાસ્ત્રોને અનુસરીને લખાયેલું છે. પં. દૌલતરામજી અંતમાં સ્પષ્ટ કહે છે કે આ છહઢાળા મેં પં. બુધજનરચિત છહઢાળાના આધારે લખી છે, "—**कर्यो तत्त्व उपदेश यह, लखि बुधजनकी भाख।**" આમ આ બંને છહઢાળા મોટી–નાની બહેન સમાન છે. તેથી આ છહઢાળાની માફક પં. બુધજનરચિત છહઢાળા પણ પ્રગટ થાય–તે ઇચ્છનીય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં આ પ્રવચનોમાંથી દોહન કરીને તે તે ઢાળ સંબંધી સેંકડો પ્રશ્નોત્તરનું સંકલન દરેક ભાગના અંતમાં આપવામાં આવ્યું છે, તેમાં પણ જિજ્ઞાસુઓને રસ આવશે અને તે પ્રશ્નોત્તર દ્વારા આખા પુસ્તકનો સાર સમજવાનું બહુ સુગમ થશે. ભારતભરના જિજ્ઞાસુઓ આવા વીતરાગી સાહિત્યનો વધુને વધુ લાભ લઈને વીતરાગવિજ્ઞાન પ્રાપ્ત કરે....એવી જિનેન્દ્રદેવનાં ચરણોમાં ભાવના ભાવું છું.

પોષ પૂર્ણિમા,
વીર સં. ૨૪૯૫
સોનગઢ

—બ્ર. હરિલાલ જૈન
સોનગઢ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# * પ્રમુખશ્રીનું નિવેદન *

મને અત્યંત આનંદ થાય છે કે પૂજ્ય ગુરુદેવ સત્પુરુષ શ્રી કાનજીસ્વામીએ પંડિતવર્ય શ્રી દૌલતરામજીરચિત છહઢાળા પર આપેલાં પ્રવચનો આ 'વીતરાગવિજ્ઞાન' પુસ્તકરૂપે પ્રસિદ્ધ થઈ રહ્યા છે.

આ છહઢાળાએ, પૂજ્ય શ્રી કાનજીસ્વામીના સંસર્ગમાં આવ્યા પહેલાં, મારા જીવન પર સારી અસર કરી છે, અને તે એટલે સુધી કે વધુ વાર અધ્યયનને કારણે તે આખી કંઠસ્થ થઈ ગઈ છે; હજુ પણ દરરોજ બબ્બે ઢાળનો મુખપાઠ કરવામાં વધુ ને વધુ ભાવો ખુલતા જાય છે.

સં. ૨૦૧૫માં, જ્યારે પૂજ્ય શ્રી કાનજીસ્વામી બીજી વાર મુંબઈ આવ્યા ત્યારે તેમના પરિચયમાં વધુ આવવાનું થયું, અને તેઓશ્રી અમારા નિમંત્રણથી અમારા ઘરે પધાર્યા, તે પ્રસંગે જૈનધર્મના સિદ્ધાંતોની જે છાપ મારા ઉપર પડી હતી તે એક પત્ર દ્વારા વાંચીને મેં ગુરુદેવ સમક્ષ વ્યક્ત કરી;—જેમાં મુખ્યત્વે છહઢાળાનો ઉલ્લેખ હતો. ત્યારપછી પણ અવારનવાર ગુરુદેવ સાથે પ્રસંગ પડતાં (ખાસ કરીને સોનગઢમાં વહેલી સવારે તેઓશ્રી સાથે ફરવા જતાં, જે જે વિષયોની તત્ત્વચર્ચા થતી તે ચર્ચાને લગતા પદો છહઢાળામાંથી હું બોલતો...ને ગુરુદેવ તે સાંભળીને પ્રસન્ન થતા, પ્રવચનોમાં પણ વારંવાર તેનો ઉલ્લેખ કરતા. આ કારણે સમાજમાં છહઢાળાનો પ્રચાર અને મહત્તા વધવા લાગ્યા. આમ તો સોનગઢના શિક્ષણવર્ગમાં છહઢાળા અનેક વર્ષોથી ચાલતી જ હતી, પણ ઉપરોક્ત પ્રસંગ પછી, સોનગઢમાં આઠમ-પૂનમે જે સમયસારાદિની સામુહિક સ્વાધ્યાય થાય છે તેમાં છહઢાળાનાં પદોની પણ સ્વાધ્યાય દાખલ કરવામાં આવી. ત્યારપછી પૂજ્ય ગુરુદેવને વિનંતિ કરતાં તેઓશ્રીએ ભવ્યજીવો પર કૃપા કરીને છહઢાળા પર દોઢ માસ સુધી પ્રવચનો કર્યાં. તે પ્રવચનોમાંથી આ પહેલું પુસ્તક ભવ્યજીવોના લાભાર્થે આજે બહાર પડે છે.

આ છહઢાળાના પ્રવચનો દ્વારા જૈનસિદ્ધાંતનાં રહસ્યો સમજાવીને પૂજ્ય ગુરુદેવે જૈનસમાજ ઉપર ઉપકાર કર્યો છે. ગુરુદેવના આ પ્રવચનોનું ભાવભીનું સંકલન કરી આપવા માટે ભાઈશ્રી બ્ર. હરિલાલ જૈનને ધન્યવાદ ઘટે છે.

આ છહઢાળામાં 'ગાગરમાં સાગર' ભર્યો છે. સનાતન સત્ય દિગંબર જૈનધર્મના એકેએક સિદ્ધાંત ઘણી જ સુંદર કાવ્યરચનાદ્વારા વિદ્વાન કવિશ્રીએ આ પુસ્તકમાં ભરી દેવાની કોશિશ કરી છે....અને તેમની આ રચના સફળ થઈ છે. જૈનસમાજમાં આ છહઢાળા ખૂબ જ પ્રસિદ્ધ છે અને તેના ઊંડા ભાવો આ પ્રવચનોમાં સહેલી ભાષામાં ખોલ્યાં છે, તેથી જૈનસમાજના જિજ્ઞાસુઓને, તેમ જ વસ્તુસ્વભાવ સમજવામાં જેને રસ હોય એવી જગતની કોઈ પણ વ્યક્તિને, અત્યંત ઉપયોગી થશે, અને તેની સમજણ ભવભ્રમણના દુઃખનો ત્વરિત અંત લાવીને મોક્ષસુખ પમાડશે. જૈનં જયતુ શાસનં.

તા. ૧-૧-૬૯, સોનગઢ —**નવનીતલાલ ચુનીલાલ જવેરી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# વિષયસૂચી

## [ ભાગ ૧ ]


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | મંગલાચરણ : વીતરાગવિજ્ઞાનને નમસ્કાર.... | ૧ |
| ગાથા ૧ | શ્રીગુરુ જીવોને સુખકર ઉપદેશ આપે છે.... | ૫ |
| ગાથા ૨ | પોતાના હિત માટે ભાવશ્રવણ કરવાની ભલામણ.... | ૧૦ |
| ગાથા ૩ | મિથ્યાત્વજન્ય ભવભ્રમણનાં દુઃખોની કરુણકથા | ૧૪ |
| ગાથા ૪ થી ૮ | તિર્યંચગતિનાં દુઃખોની કથા.... | ૧૭ |
| ગાથા ૯ થી ૧૨ | નરકગતિનાં દુઃખોની કથા.... | ૩૭ |
| ગાથા ૧૩ થી ૧૪ | મનુષ્યગતિનાં દુઃખોની કથા.... | ૪૮ |
| ગાથા ૧૫ થી ૧૬ | દેવગતિનાં દુઃખોની કથા.. | ૫૫ |
| | વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તરી ( ૨૦૦ પ્રશ્ન-ઉત્તર ) | ૫૯ |


* * *

## [ ભાગ ૨ ]


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ગાથા ૧ | દુઃખનાં કારણરૂપ મિથ્યાત્વાદિ, તે છોડવાનો ઉપદેશ.... | ૭૨ |
| ગાથા ૨ | પ્રયોજનભૂત તત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ : જીવસંબંધી ભૂલ.... | ૭૬ |
| ગાથા ૩ | અજીવતત્ત્વની શ્રદ્ધામાં ભૂલ | ૮૧ |
| ગાથા ૪ | જીવ-અજીવ સંબંધમાં વિશેષ ભૂલ.... | ૮૫ |
| ગાથા ૫ | અજીવ અને આસ્રવ સંબંધમાં ભૂલ... | ૯૧ |
| ગાથા ૬ | બંધ અને સંવરતત્ત્વની ઓળખાણમાં ભૂલ.... | ૯૭ |
| ગાથા ૭ | નિર્જરા અને મોક્ષતત્ત્વમાં અજ્ઞાનીની ભૂલ... | ૧૦૧ |
| ગાથા ૮ | મિથ્યાત્વપૂર્વકના મિથ્યાચારિત્રનું સ્વરૂપ.... | ૧૦૮ |
| ગાથા ૯ થી ૧૨ | ગૃહીત મિથ્યાદર્શનનું સ્વરૂપ; મિથ્યાત્વના પોષક કુદેવ-કુગુરુ-કુધર્મ, તેનું સેવન છોડવાનો ઉપદેશ.... | ૧૦૯ |
| ગાથા ૧૩ | ગૃહીત મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ, અને તે છોડવાનો ઉપદેશ.... | ૧૧૭ |
| ગાથા ૧૪ | ગૃહીત મિથ્યાચારિત્રનું સ્વરૂપ, અને તે છોડવાનો ઉપદેશ.... | ૧૨૨ |
| ગાથા ૧૫ | મિથ્યાત્વાદિને છોડીને આત્મહિતના પંથમાં લાગ.... | ૧૨૫ |
| | વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તરી ( ૨૦૦ પ્રશ્ન-ઉત્તર ) | ૧૨૯ |


* * *

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## [ ભાગ ૩ ]


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ગાથા ૧ | આત્મહિતરૂપ મોક્ષમાર્ગનું વર્ણન.... | ૧૪૩ |
| ગાથા ૨ | નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા.... | ૧૬૨ |
| ગાથા ૩ | વ્યવહાર સમ્યગ્દર્શનનું વર્ણન.... | ૧૬૭ |
| ગાથા ૪ થી ૬ | જીવતત્ત્વ અને તેના ભેદોનું વર્ણન.... | ૧૭૨ |
| ગાથા ૭ થી ૮ (પૂર્વાર્ધ) | : અજીવતત્ત્વનું વર્ણન... | ૧૮૪ |
| ગાથા ૮ (ઉત્તરાર્ધ) ૯ (પૂર્વાર્ધ) | આસ્રવ તથા બંધતત્ત્વને છોડવાનો ઉપદેશ.... | ૧૮૮ |
| ગાથા ૯ (ઉત્તરાર્ધ) | સંવર તથા નિર્જરાતત્ત્વનું વર્ણન... | ૧૯૨ |
| ગાથા ૧૦ | મોક્ષતત્ત્વનું તથા દેવ-ગુરુ-ધર્મનું વર્ણન... | ૧૯૭ |
| ગાથા ૧૧ | સમ્યક્ત્વના ગુણ-દોષ જાણી, તેના ગ્રહણ-ત્યાગનો ઉપદેશ.... | ૨૦૧ |
| ગાથા ૧૨ થી ૧૩ (પૂર્વાર્ધ) | સમ્યક્ત્વના નિઃશંકતાદિ આઠ ગુણ.... | ૨૦૨ |
| ગાથા ૧૩ (ઉત્તરાર્ધ) તથા ૧૪ | સમ્યક્ત્વનું પચ્ચીસ દોષથી રહિતપણું... | ૨૧૭ |
| ગાથા ૧૫ | સમ્યક્ત્વધારક જીવની દશા અને તેનો મહિમા.... | ૨૨૭ |
| ગાથા ૧૬ | સમ્યગ્દર્શનનું શ્રેષ્ઠપણું અને સમ્યગ્દષ્ટિને દુર્ગતિગમનનો અભાવ... | ૨૩૩ |
| ગાથા ૧૭ | મોક્ષમહેલનું પ્રથમ પગથિયું : સમ્યગ્દર્શન; તેને ધારો અને દુર્લભ નરભવ વૃથા ન ગુમાવો.... | ૨૩૯ |
| | વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તરી.... | ૨૪૭ |


* * *

## [ ભાગ ૪ ]


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ગાથા ૧ | સમ્યગ્જ્ઞાનનો મહિમા અને તેની આરાધનાનો ઉપદેશ.... | ૨૬૫ |
| ગાથા ૨ | સમ્યગ્જ્ઞાનની આરાધના જુદી કેમ કીધી ?.... | ૨૬૮ |
| ગાથા ૩ થી ૪ (પૂર્વાર્ધ) | સમ્યગ્જ્ઞાનના પ્રકારોનું વર્ણન.... | ૨૭૯ |
| ગાથા ૪ (ઉત્તરાર્ધ) ૫ | સમ્યગ્જ્ઞાનનું મહાન ફળ; તેના વગર બધું નિષ્ફળ.... | ૨૮૪ |
| ગાથા ૬ | आपो लख लीजे...સમ્યગ્જ્ઞાનના ઉદ્યમનો ઉપદેશ.... | ૨૯૬ |
| ગાથા ૭ | કરોડો ઉપાયે સમ્યગ્જ્ઞાન કરો.... | ૩૦૧ |
| ગાથા ૮ | ભેદજ્ઞાનથી જ મુક્તિ; તેના વડે જ વિષયદાહનો નાશ.... | ૩૦૮ |
| ગાથા ૯ | લાખ વાતની વાત—નિજ આતમને ધ્યાવો... | ૩૧૮ |
| ગાથા ૧૦ થી ૧૩ | સમ્યગ્જ્ઞાનપૂર્વક શ્રાવકનાં વ્રતનું વર્ણન.... | ૩૩૭ |
| | * અહિંસા પરમો ધર્મ ( ભગવાન મહાવીરનો ઇષ્ટઉપદેશ ).... | ૩૪૨ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | * ઉપયોગલક્ષણ જીવ છે—તેની ઓળખાણથી જ અહિંસાધર્મનું સાચું પાલન થાય છે.... | ૩૪૯ |
| ગાથા ૧૪ | શ્રાવકનાં ચાર શિક્ષાવ્રતનું વર્ણન.... | ૩૬૦ |
| ગાથા ૧૫ | વ્રતોનું નિરતિચાર પાલન અને સંલ્લેખના.... | ૩૬૨ |
| | * વીતરાગવિજ્ઞાન–પ્રશ્નોત્તર.... | ૩૬૪ |


※ ※ ※

## [ ભાગ ૫ ]


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | મંગલાચરણ : પૂર્વ–અનુસંધાન | ૩૮૭ |
| ગાથા ૧ થી ૨ | વૈરાગ્ય અનુપ્રેક્ષા | ૩૮૭ |
| ગાથા ૩ | અનિત્ય–અધ્રુવભાવના (૧).... | ૩૯૨ |
| ગાથા ૪ | અશરણ ભાવના (૨).... | ૩૯૭ |
| ગાથા ૫ | સંસાર અનુપ્રેક્ષા (૩).... | ૪૦૧ |
| ગાથા ૬ | એકત્વ ભાવના (૪).... | ૪૦૯ |
| ગાથા ૭ | અન્યત્વ ભાવના (૫)... | ૪૧૪ |
| ગાથા ૮ | અશુચિત્વ ભાવના (૬).... | ૪૧૬ |
| ગાથા ૯ | આસ્રવ–અનુપ્રેક્ષા (૭).... | ૪૨૨ |
| ગાથા ૧૦ | સંવર–ભાવના (૮).... | ૪૨૫ |
| ગાથા ૧૧ | નિર્જરા–ભાવના (૯).... | ૪૩૧ |
| ગાથા ૧૨ | લોક–ભાવના (૧૦).... | ૪૩૫ |
| ગાથા ૧૩ | બોધિદુર્લભ–ભાવના (૧૧).... | ૪૪૦ |
| ગાથા ૧૪ | ધર્મ–ભાવના (૧૨).... | ૪૪૮ |
| ગાથા ૧૫ | ધર્મધારક મુનિવરો | ૪૫૧ |
| | વીતરાગવિજ્ઞાન–પ્રશ્નોત્તરી | ૪૫૩ |


※ ※ ※

## [ ભાગ ૬ ]


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | * મુનિનાં ૨૮ મૂળગુણ | ૪૭૯ થી ૪૯૬ |
| ગાથા ૧ | પંચમહાવ્રત.... | ૪૭૯ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ગાથા ૨ | પાંચ સમિતિ : ( ઈર્યા-ભાષાસમિતિ ) | ૪૮૨ |
| ગાથા ૩ | પાંચ સમિતિ ( એષણા, આદાનનિક્ષેપણ, પ્રતિષ્ઠાપન ) | ૪૮૬ |
| ગાથા ૪ | ત્રણગુપ્તિ; ઇન્દ્રિયજય;.... | ૪૮૮ |
| ગાથા ૫ | ( પૂર્વાર્ધ ) છ આવશ્યક... | ૪૯૧ |
| ગાથા ૫ | ( ઉત્તરાર્ધ ) ૬ અચેલકતા વગેરે (૭).... | ૪૯૨ |
| ગાથા ૭ | સકલસંયમ-ચારિત્ર.... | ૪૯૭ |
| ગાથા ૮ | શુદ્ધોપયોગી સ્વરૂપાચરણ-ચારિત્ર ( જિન પરમ પૈની... ) | ૫૦૧ |
| ગાથા ૯ | સ્વરૂપાચરણ ( જહાં ધ્યાન-ધ્યાતા-ધ્યેયકો ).... | ૫૧૧ |
| ગાથા ૧૦ | સ્વરૂપાચરણ ( પ્રમાણ-નય-નિક્ષેપકો... ) | ૫૧૭ |
| ગાથા ૧૧ | મુનિઓનાં સ્વરૂપાચરણનું ફળ : કેવળજ્ઞાન.... | ૫૨૩ |
| ગાથા ૧૨ થી ૧૩ | સિદ્ધપદ-પ્રાપ્તિનું.... | ૫૨૯ |
| ગાથા ૧૪ | રત્નત્રયને આરાધવાનો ઉપદેશ ..ઝટિતિ નિજ હિત કરો.... | ૫૩૪ |
| ગાથા ૧૫ | રાગ આગ દહે સદા...દાવ મત ચૂકો ચહૈ.... | ૫૩૯ |
| | —ઉપસંહાર.... | ૫૪૪ |
| | વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તરી | ૫૪૫ |


ગુરુદેવ તો કલ્પવૃક્ષ હતા. બીજું કલ્પવૃક્ષ ચૈતન્યદેવ છે. ગુરુદેવે તે કલ્પવૃક્ષનો માર્ગ બતાવ્યો. ચૈતન્ય-કલ્પવૃક્ષ, તેમાંથી બધું ફાલશે, તારી પાસે ચૈતન્યકલ્પવૃક્ષ છે ત્યાં જા...તેને ગ્રહણ કરવાથી મનોવાંછિત સિદ્ધિ થાય છે.

—પૂજ્ય બહેનશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હે પ્રભુ! તમારા ગુણોને કોણ ગાઈ શકે! તમારી ભક્તિ હું શી રીતે કરું! ઇન્દ્રો કહે છે કે પ્રભુ! હું તમારા ગુણ-ગાન ગાઈ શકતો નથી. તેમ પૂજ્ય ગુરુદેવે જે કર્યું છે તેને ભાષામાં કે વાણીમાં કહેવું ઓછું છે. ગુરુદેવે ઠેર ઠેર યાત્રાઓ, પ્રતિષ્ઠાઓ ને અપૂર્વ તત્ત્વ વરસાવ્યું છે તેની પાસે બધું ઓછું છે. ગુરુદેવનું દ્રવ્ય મંગળ હતું. તેમના ચૈતન્યની મંગળ પ્રભા ચારેકોર પ્રસરી રહી હતી, પૂજ્ય ગુરુદેવ ગયા પણ તેમની મંગળતા મૂકતા ગયા છે. વાણીમાં તેમની મંગલ પ્રભા રહી ગઈ! તેમની વાણીમાં દેશનાલબ્ધિ હતી. તેમની મંગલ પ્રભા જ્યાં પથરાયેલી હોય તે મળવું મુશ્કેલ છે.

—પૂજ્ય બહેનશ્રી

ॐ

# મંગલાચરણમાં વીતરાગવિજ્ઞાનને નમસ્કાર

[ વીર સં. ૨૪૯૨ પોષ વદ ૧૦ રવિવાર ]

આ પુસ્તકનું નામ 'છ–ઢાળા' છે. આમાં જુદા જુદા છ પ્રકારના ઢાળ (છંદ–દેશી)માં છ પ્રકરણ છે.–ચૌપાઈ, ૨–પદ્ધરી, ૩–જોગીરાસા, ૪–રોલા છંદ, ૫–ચાલ અને ૬–હરિગીત, એ પ્રમાણે છ પ્રકારના ઢાળમાં છ પ્રકરણો છે. અથવા, મિથ્યાત્વાદિ શત્રુઓથી આત્માની રક્ષા કરવાના ઉપાયનું આમાં વર્ણન છે એટલે મિથ્યાત્વાદિથી રક્ષા કરવા માટે આ શાસ્ત્ર ઢાળ સમાન છે. પંડિત શ્રી દૌલતરામજીએ પોતાની શક્તિપ્રમાણે શાસ્ત્રોનો નીચોડ કરીને આ છ ઢાળમાં ગાગરમાં સાગરની જેમ ભર્યો છે, પૂર્વાચાર્યોના કથન અનુસાર શાસ્ત્રના રહસ્યની ઘણી વાત આમાં મૂકી છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાની સંસારઅનુપ્રેક્ષામાં પણ ચાર ગતિનાં દુઃખોનું વર્ણન આવી જ શૈલીથી આવે છે, તેને અનુસરીને આ છ ઢાળામાં લખ્યું હોય એમ લાગે છે. આ છહઢાળા પાઠશાળાઓમાં પાઠ્યપુસ્તક તરીકે પણ પ્રસિદ્ધ છે; ઘણા જૈનો તે કંઠસ્થ પણ કરે છે. તેના ઉપર આ પ્રવચનો શરૂ થાય છે. તેમાં પ્રથમ મંગલાચરણમાં વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કરે છે—

( સોરઠા )

**तीन भुवन में सार वीतराग विज्ञानता ।**
**शिवस्वरूप शिवकार नमूं त्रियोग सम्हारिके ॥ १ ॥**

આ સોરઠીયો રાગ છે; રાણકદેવીના સોરઠા સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત છે; તેમાં ગીરનારને સંબોધીને તે કહે છે કે 'મા પડ મારા વીર....ચોસલા કોણ ચડાવશે ?' તેમ આ શ્લોકમાં સોરઠા–રાગ છે, તેની ગાવાની ખાસ હલક છે. શાસ્ત્રકાર આ મંગળ શ્લોકમાં અરિહંત ભગવાનના વીતરાગ–વિજ્ઞાનને નમસ્કાર કરતાં કહે છે કે–વીતરાગ-વિજ્ઞાનરૂપ કેવળજ્ઞાન તે ત્રણ ભુવનમાં સાર છે–ઉત્તમ છે, તે શિવસ્વરૂપ એટલે કે આનંદસ્વરૂપ છે, અને શિવકાર એટલે કે મોક્ષનું કરનાર છે. આવા સારભૂત વીતરાગ-વિજ્ઞાનને હું ત્રણે યોગની સાવધાનીપૂર્વક નમસ્કાર કરું છું.

જુઓ, માંગળિકમાં વીતરાગ-વિજ્ઞાનને યાદ કર્યું છે. ચોથા ગુણસ્થાને ધર્મીને ભેદજ્ઞાન થયું ત્યારથી અંશે વીતરાગ વિજ્ઞાન શરૂ થયું છે, ને કેવળજ્ઞાન થતાં પૂર્ણ વીતરાગ વિજ્ઞાન પ્રગટી ગયું છે. આવું વીતરાગી વિજ્ઞાન તે જ મોક્ષનું કારણ છે, તે જ જગતમાં ઉત્તમ અને માંગળિક છે, રાગ તરફની સાવધાની છોડીને અને આવા વીતરાગ-વિજ્ઞાન પ્રત્યે સાવધાન થઈને, તેનો આદર કરીને તેને નમસ્કાર કરીએ છીએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કર્યા તેમાં અનંતા અરિહંત ભગવંતોને નમસ્કાર આવી જાય છે, કેમકે બધાય અરિહંત ભગવંતો વીતરાગ-વિજ્ઞાનસ્વરૂપ છે. કોઈ એક અરિહંતનું (સીમંધર, મહાવીર વગેરે) નામ ભલે ન લીધું પણ 'વીતરાગ-વિજ્ઞાન' કહ્યું તેમાં બધાય અરિહંતો આવી ગયા; બધાય પંચપરમેષ્ઠીભગવંતો પણ વીતરાગવિજ્ઞાનરૂપ છે, એટલે વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કરતાં તેમાં બધાય પંચપરમેષ્ઠી ભગવંતો આવી ગયા. ગુણ અપેક્ષાએ એક અરિહંતને નમસ્કાર કરતાં સર્વે અરિહંતોને નમસ્કાર થઈ જાય છે.

પં. શ્રી ટોડરમલ્લજીએ પણ મોક્ષમાર્ગપ્રકાશકના મંગલાચરણમાં વીતરાગવિજ્ઞાનને જ નમસ્કાર કર્યા છે—

"મંગલમય મંગલકરણ વીતરાગવિજ્ઞાન;
નમું તેહ, જેથી થયા અરહંતાદિ મહાન."

મંગલમય અને મંગલ કરનાર એવું જે વીતરાગવિજ્ઞાન તેને નમસ્કાર કરું છું-કે જેને લીધે અરિહંતાદિનું મહાનપણું છે. અરિહંતાદિનું પૂજ્યપણું વીતરાગવિજ્ઞાનને લીધે જ છે. અરિહંતાદિનું સ્વરૂપ વીતરાગવિજ્ઞાનમય છે, અને તે ગુણને લીધે જ તેઓ સ્તુતિયોગ્ય મહાન થયા છે. જીવતત્ત્વ તો બધા સરખા છે, પણ રાગાદિ વિકાર વડે અને જ્ઞાનની હીનતા વડે જીવ નિંદાયોગ્ય થાય છે; અને રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા વડે જીવ સ્તુતિયોગ્ય થાય છે. અરિહંત તથા સિદ્ધ ભગવંતોને તો રાગાદિનો સર્વથા અભાવ અને જ્ઞાનની પૂર્ણતા હોવાથી તેઓ સંપૂર્ણ વીતરાગવિજ્ઞાનમય છે; અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુને એકદેશ વીતરાગતા તથા જ્ઞાનની વિશેષતા હોવાથી તેમને એકદેશ વીતરાગવિજ્ઞાનપણું છે.—આ રીતે પાંચે પરમેષ્ઠી ભગવંતો વીતરાગવિજ્ઞાનમય હોવાથી પૂજ્ય છે એમ જાણવું.

વીતરાગવિજ્ઞાન તે ત્રણે ભુવનમાં સારરૂપ છે. અધોલોક, મધ્યલોક કે ઊર્ધ્વલોક, નરકમાં, મનુષ્યલોકમાં, કે દેવલોકમાં, ત્રણે ભુવનમાં જીવોને વીતરાગવિજ્ઞાન જ સારરૂપ હિતરૂપ છે, સર્વત્ર તે જ ઉત્તમ છે, તે જ પ્રયોજનરૂપ છે, જેમ '**समयसार**' એટલે સર્વ પદાર્થોમાં સારરૂપ એવો શુદ્ધાત્મા, તેને સમયસારના મંગળમાં નમસ્કાર કર્યા છે; તેમ અહીં ત્રણ ભુવનમાં સાર એવા વીતરાગવિજ્ઞાનને મંગળરૂપે નમસ્કાર કર્યા છે. અહો, વીતરાગવિજ્ઞાન તે જ જગતમાં સાર છે—તે જ સારું છે, એ સિવાય શુભરાગ કે પુણ્ય તે કાંઈ સારરૂપ નથી, તે ઉત્તમ નથી; રાગ-દ્વેષ-રહિત એવું કેવળજ્ઞાન જ ઉત્તમ અને સારરૂપ છે. ધર્માત્માને કેવળજ્ઞાન જોઈએ છે—એટલે તેને યાદ કરીને વંદન કરે છે ને તેની ભાવના ભાવે છે.

શ્રીમદ્ રાજચંદ્રજી પણ છેલ્લા કાવ્યમાં સર્વજ્ઞપદને યાદ કરતાં કહે છે કે—

ઇચ્છે છે જે જોગીજન અનંત સૌખ્યસ્વરૂપ,
મૂળ શુદ્ધ તે આત્મપદ સયોગી જિનસ્વરૂપ.

સયોગી જિન કહો કે વીતરાગવિજ્ઞાનસ્વરૂપ અરિહંતદેવ કહો, તે શુદ્ધ આત્મપદ છે, અને યોગીજનો-ધર્માત્માઓ તેને ચાહે છે. 'સુખધામ અનંત સુસંત ચહી; દિનરાત રહે તદ્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્યાનમંહિ.' અનંતસુખસ્વરૂપ એવી કેવળજ્ઞાનપર્યાય, તે આત્માનું નિજપદ છે, તે આત્માનો શુદ્ધસ્વભાવ છે; સન્તો તેને જ ઇચ્છે છે. વીતરાગવિજ્ઞાનને જે વંદન કરે તે રાગને સારભૂત કેમ માને? -ન જ માને.

ઊર્ધ્વલોકમાં સિદ્ધાલયથી માંડીને સૌધર્મસ્વર્ગ સુધી, મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપ–સમુદ્રોમાં, અને અધોલોકમાં નીચે,–એમ ત્રણે લોકમાં આત્માને સારરૂપ હોય તો તે વીતરાગી વિજ્ઞાન છે. 'વીતરાગ' કહેતાં સમ્યક્ચારિત્ર આવ્યું, ને 'વિજ્ઞાન' કહેતાં સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન આવ્યાં; આ રીતે વીતરાગવિજ્ઞાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. આવું વીતરાગવિજ્ઞાન શિવસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, મંગલરૂપ છે; પૂર્ણજ્ઞાન ને પૂર્ણ આનંદસ્વરૂપ એવું કેવળજ્ઞાન તે મહાન સારભૂત છે; સાધકને જે અંશે વીતરાગવિજ્ઞાન છે તે પણ આનંદરૂપ છે, ને તે પૂર્ણાનંદરૂપ મોક્ષનું કારણ છે. જુઓ, શરૂઆતથી જ વીતરાગ–વિજ્ઞાનને મોક્ષના કારણ તરીકે બતાવ્યું; પણ શુભરાગ તે મોક્ષનું કારણ છે–એમ ન કહ્યું. આ રીતે મોક્ષના કારણરૂપ એવા વીતરાગવિજ્ઞાનને જ સારરૂપ સમજીને તેને હું નમસ્કાર કરું છું; 'સાવધાનીથી' એટલે કે તે તરફના ઉદ્યમપૂર્વક નમસ્કાર કરું છું. રાગથી જુદો પડીને અને શુદ્ધસ્વભાવની સન્મુખ થઈને, આવી નિશ્ચય સાવધાનીપણે એટલે નિર્મોહીપણે સર્વજ્ઞને નમસ્કાર કરું છું; ને બહારમાં શુભરાગના નિમિત્તરૂપ મન–વચન–કાયાની સાવધાની છે.

આત્માના ભાન અને અનુભવપૂર્વક છદ્મસ્થનેય વીતરાગવિજ્ઞાન હોય છે; ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને જેટલું સમ્યગ્જ્ઞાન છે તે રાગ વગરનું જ છે. સ્વસંવેદન છે તે વીતરાગ જ હોય છે, રાગવાળું હોતું નથી, એ વાત પરમાત્મપ્રકાશમાં વારંવાર 'વીતરાગસ્વસંવેદન' એમ કહીને સમજાવી છે. સાધકભૂમિકામાં રાગ હો ભલે પણ તેનું જે સ્વસંવેદનજ્ઞાન છે તે તો વીતરાગ જ છે. અહીં મુખ્યપણે પૂર્ણ વીતરાગ એવા કેવળજ્ઞાનની વાત છે. અહો, જગતમાં જે કોઈ જીવ પોતાનું હિત કરવા ચાહતો હોય તેણે પૂર્ણ કેવળજ્ઞાનપદ જ નમવાયોગ્ય છે, તે જ આદરવા લાયક છે, તેને જ હિતરૂપ સમજીને તે પ્રગટ કરવાયોગ્ય છે. સર્વજ્ઞપદનો અચિંત્ય અપાર મહિમા જાણીને મારું અંતર્વલણ તે વીતરાગવિજ્ઞાન તરફ ઢળે છે....નમે છે.–આવી પરિણતિનું નામ સાધકદશા છે.

જુઓ, આ માંગળિકમાં ભગવાનના ગુણને ઓળખીને નમસ્કાર થાય છે. સમન્તભદ્રસ્વામી કહે છે કે 'वन्दे तद्गुणलब्धये' એટલે કે ભગવાન જેવા પોતાના ગુણોની પ્રાપ્તિ માટે હું તેમને નમસ્કાર કરું છું. વીતરાગવિજ્ઞાનરૂપ કેવળજ્ઞાન તે પર્યાય છે, ને તે પ્રગટવાની આત્મામાં તાકાત છે. રાગ વગર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે–એવું જેનું સામર્થ્ય છે તે પર્યાય આત્મામાંથી જ પ્રગટે છે. આવા આત્માને શ્રદ્ધામાં લઈને ઓળખાણપૂર્વક વીતરાગ વિજ્ઞાનને જેણે નમસ્કાર કર્યા તેને પોતાની પર્યાયમાં પણ અંશે એવું વીતરાગવિજ્ઞાન પ્રગટ્યું, તે અપૂર્વ મંગળ છે, તે સારરૂપ છે.

'સાર' એટલે માખણ; જેમ છાશને વલોવીને તેમાંથી સારરૂપ માખણ કાઢે છે, તેમ ત્રણ લોકનું મથન કરી–કરીને સન્તોએ તેમાંથી સાર શું કાઢ્યો?–તો કહે છે કે–'तीन

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**भुवनमें सार वीतरागविज्ञानता '** વીતરાગવિજ્ઞાન તે જગતમાં સારભૂત છે; એ સિવાય રાગથી ધર્મ માનવો તે તો નિઃસાર, પાણીને વલોવવા જેવું છે, તેમાંથી કાંઈ સાર નીકળે તેમ નથી. જ્ઞાનીઓએ જગતના સર્વે તત્ત્વોને જાણીને તેનું મથન કરતાં તેમાંથી શુદ્ધ ચૈતન્યના કેવળ-જ્ઞાનરૂપી માખણ તારવ્યું, તેને જ સારરૂપ જાણ્યું. અંતર્ધ્યાનવડે ચૈતન્યને વલોવીને મુનિઓએ વીતરાગવિજ્ઞાનરૂપ સાર કાઢ્યો. બાકી બીજા બાહ્યદૃષ્ટિ જીવો તો પુણ્યરૂપી પાણીમાં ભરમાઈ ગયા તેઓ શુભરાગમાં જ સંતુષ્ટ થઈ ગયા પણ રાગથી પાર એવા વીતરાગવિજ્ઞાનને તેઓએ જાણ્યું નહિ. વીતરાગવિજ્ઞાનને સારરૂપ ઓળખીને તેનું બહુમાન કરવું તે મંગળ છે.

આત્મામાંથી રાગ–દ્વેષ ટળી ગયા ને જ્ઞાનની પૂરી દશા પ્રગટ થઈ, ત્યાં ભૂખ–તરસ વગેરે ૧૮ દોષ રહિત ને વીતરાગતા સહિત પરમ આનંદમય કેવળજ્ઞાન થયું; તેવું કેવળજ્ઞાન પોતામાં પ્રગટ કરવા માટે તેની પ્રતીત કરીને વંદન અને આદર કરીએ છીએ, પોતાના આત્મામાં તેને બોલાવીએ છીએ. આ રીતે સર્વજ્ઞદેવની શ્રદ્ધા અને બહુમાનપૂર્વક શાસ્ત્રની શરૂઆત થાય છે.

* જેમ મુઠ્ઠી વડે આકાશ ઉપર પ્રહાર કરવો નિરર્થક છે, જેમ ચોખાને માટે ફોતરાને ખાંડવા નિરર્થક છે, જેમ તેલને માટે રેતીને પીલવી તે નિરર્થક છે, જેમ ઘી માટે જળને વલોવવું તે નિરર્થક છે, કેવળ મહાન ખેદનું કારણ છે. તેમ અશાતાવેદનીયાદિ અશુભ કર્મનો ઉદય આવતા વિલાપ કરવો, રડવું, કલેષિત થવું, દીન વચનો બોલવા નિરર્થક છે—દુઃખ મટાડવાને સમર્થ નથી, પરંતુ વર્તમાનમાં દુઃખ વધારે છે અને ભવિષ્યમાં તિર્યંચગતિ તથા નરકનિગોદના કારણભૂત તીવ્ર કર્મ બાંધે છે જે અનંતકાળમાં પણ છૂટતાં નથી.

(શ્રી ભગવતી આરાધના)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રીગુરુ જીવોને સુખકર ઉપદેશ આપે છે

જગતના જીવો દુઃખથી ભયભીત છે ને સુખને ઇચ્છે છે; તેથી જીવોનું દુઃખ મટે ને સુખ થાય-એવો ઉપદેશ શ્રીગુરુએ કરુણા કરીને આપ્યો છે. શ્રીગુરુએ શાસ્ત્રમાં જે હિતોપદેશ દીધો છે તે અનુસાર આ છહઢાળામાં કહીશું.—

ગાથા—૧

(ચોપાઈ છંદ)

**जे त्रिभुवनमें जीव अनन्त, सुख चाहैं दुःखतैं भयवन्त ।**
**तातैं दुःखहारी सुखकार, कहैं सीख गुरु करुणाधार ॥ १ ॥**

ત્રણ લોકમાં સાર વીતરાગવિજ્ઞાન છે—એમ બતાવીને હવે તે વીતરાગવિજ્ઞાન પ્રગટ કરવાનો ઉપદેશ આપે છે. ત્રણ લોકમાં જે અનંત જીવો છે તેઓ સુખને ચાહે છે ને દુઃખથી ડરે છે, તેથી તેમને સુખ કેમ થાય ને દુઃખ કેમ ટળે?–એવા મોક્ષમાર્ગનો હિતકારી ઉપદેશ કરુણાધારી શ્રીગુરુ આપે છે. મોક્ષમાર્ગ કહો, રત્નત્રય કહો કે વીતરાગીવિજ્ઞાન કહો, તેના વડે જ જીવોને સુખ થાય છે ને દુઃખ મટે છે. તેથી જ્ઞાની ગુરુઓએ કરુણા કરીને જીવોને તેની શિખામણ આપી છે, તેનો ઉપદેશ આપ્યો છે. આવો ઉપદેશ સમજીને સાચો ઉપાય કરતાં દુઃખ ટળે છે ને સુખ થાય છે.

અરે, અજ્ઞાનભાવથી જીવો ચારગતિના દુઃખોમાં તરફડી રહ્યા છે. જ્ઞાની પોતે પૂર્વે અજ્ઞાનદશામાં એવું દુઃખ વેદી ચૂકયા છે, ને આત્માનું સાચું સુખ પણ તેમણે ચાખ્યું છે, તેથી જગતના જીવો ઉપર તેમને પ્રશસ્ત કરુણા આવે છે કે અરે, અજ્ઞાનના આ ઘોર દુઃખોથી જીવો છૂટે ને સાચું આત્મસુખ પામે. આવી કરુણાથી, દુઃખનું કારણ જે મિથ્યાત્વ તેને છોડવાનો અને સુખનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેને અંગીકાર કરવાનો ઉપદેશ દીધો છે. તારું કલ્યાણ ચાહતો હો તો હે જીવ! તું આ ઉપદેશને સ્થિર મનથી સાંભળ,–એમ બીજી ગાથામાં કહેશે.

જુઓ તો ખરા સન્તોની કરુણા! પ્રવચનસારમાં પણ કહે છે–"પરમ આનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્યજીવોના હિતને માટે....આ ટીકા કરવામાં આવે છે." અતીન્દ્રિય આનંદ-રસની જેને તરસ લાગી છે એવા જીવને તે અતીન્દ્રિય આનંદનું એવું સ્વરૂપ સમજાવે છે કે જે સમજતાં અપૂર્વ આનંદસહિત સમ્યગ્દર્શન થાય.

પરમાત્મપ્રકાશની ઉત્થાનિકામાં પણ પ્રભાકર-શિષ્ય શ્રીગુરુને વિનંતિ કરે છે કે હે સ્વામી! આ સંસારમાં ભમતાં ભમતાં મારો અનંતકાળ વીતી ગયો પણ હું સુખ જરાય ન પામ્યો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહાન દુઃખ જ પામ્યો, અનંતવાર ઉત્તમ કુળ વગેરે સામગ્રી મળી છતાં હું જરાય સુખ ન પામ્યો, સ્વર્ગમાં પણ મને સુખ ન મળ્યું, વીતરાગી પરમાનંદસુખનો સ્વાદ મેં કદી ન ચાખ્યો. આ પ્રમાણે પોતાના ભાવ નિર્મળ કરીને શિષ્ય વિનવે છે કે હે ગુરુ! આ ચાર ગતિના દુઃખથી સંતપ્ત એવા મને, પ્રસન્ન થઈને તમે કોઈ એવું પરમાત્મતત્ત્વ બતાવો કે જેને જાણવાથી ચારગતિનાં દુઃખનો નાશ થાય, ને આનંદ પ્રગટે.

ત્યારે શ્રીગુરુ કહે છે કે એવું સ્વરૂપ હું તને કહું છું તે 'णिसुणि तुहुँ' તું સાંભળ. આમ જે જીવ અંદરથી ધા નાંખતો જિજ્ઞાસુ થઈને આવ્યો છે તેને માટે આ હિતનો ઉપદેશ છે.

ચાર ગતિમાં કુલ અનંતા જીવો છે: મનુષ્યમાં અસંખ્યાતા છે, નરકમાં અસંખ્યાતા છે, દેવલોકમાં અસંખ્યાતા છે અને તિર્યંચમાં અનંતા છે; તિર્યંચમાં બેઇન્દ્રિયથી પંચેન્દ્રિ જીવો તો અસંખ્યાતા જ છે પણ એકેન્દ્રિજીવો અનંત છે. મિથ્યાત્વને લીધે તે બધાય જીવો મહા દુઃખી છે. એ બધાય જીવો દુઃખથી તો ડરે છે, ને સુખને જ ચાહે છે; પણ તે સુખ ક્યાં છે ને કેમ પ્રગટે? તેનો ઉપાય જાણતા નથી; દુઃખ કેમ છે ને કેમ ટળે? તેની તેને ખબર નથી; એટલે સુખને માટે બહારમાં ને બહારમાં ઝાંવા નાંખે છે. પણ એ બહારના ઉપાયથી તેનું દુઃખ મટતું નથી ને એને સુખ થતું નથી. તેથી તે જીવો ઉપર કરુણા કરીને દુઃખથી છૂટવાનો ઉપાય સન્તોએ બતાવ્યો છે. હે જીવ! તારો મિથ્યાત્વભાવ જ તને દુઃખનું કારણ છે, એટલે તારી ભૂલથી જ તું દુઃખી છો; સાચા ભેદજ્ઞાનવડે એ ભૂલ મટાડ અને સમ્યક્ત્વાદિ પ્રગટ કર,—એ જ સુખી થવાનો ઉપાય છે. હે જીવ! તારા દોષે તને બંધન છે—એ સંતની પહેલી શિક્ષા છે. તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું, ને પોતે પોતાને ભૂલી જવું. (શ્રીમદ્ રાજચન્દ્ર) હે જીવ! આવા મિથ્યાત્વને લીધે તેં ચાર ગતિમાં અનંત દુઃખ ભોગવ્યાં; હવે પરમ સુખરૂપ એવા મોક્ષને પામવા માટે તું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને અંગીકાર કર.

જુઓને, સુખને માટે જગતના જીવો કેવા વલખાં મારે છે! જાણે રૂપિયામાંથી સુખ લઈ લઉં! જાણે રૂપાળા શરીરમાંથી કે બંગલામાંથી સુખ લઈ લઉં! એમ બહારમાં વલખાં મારે છે. અરે, ઘરબાર છોડીને, શરીરને પણ છોડીને (—આપઘાત કરીનેય) સુખી થવા ને દુઃખથી છૂટવા માંગે છે. ભલે એના એ ઉપાયો સાચા નથી, પણ એટલું તો નક્કી થાય છે કે જીવો સુખને ચાહે છે ને દુઃખથી છૂટવા માંગે છે. તેથી કહ્યું કે—

'जे त्रिभुवनमें जीव अनन्त सुख चाहैं दुःखतें भयवन्त ।'

સુખને કોણ ન ઇચ્છે! સુખને ન ઇચ્છે તે કાં સિદ્ધ—વીતરાગ, કાં નાસ્તિક અને કાં જડ! એકેન્દ્રિયાદિ જીવોને ભલે મન કે વિચારશક્તિ નથી, છતાં અવ્યક્તપણે પણ તેઓ સુખને જ ઇચ્છે છે. એ પ્રમાણે જગતના અનંતા જીવોને સુખની જ ચાહના છે, ને દુઃખનો ત્રાસ છે. સુખને ચાહતા હોવા છતાં, સાચું સુખ કોને કહેવાય ને તે સુખ કેવા ઉપાયથી પ્રગટે તે જાણતા નથી. તેથી અહીં શ્રીગુરુ તેનો ઉપદેશ આપે છે. ગુરુ એટલે રત્નત્રયગુણધારી દિગંબર આચાર્ય સન્ત તે અહીં મુખ્ય છે. જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી ગુણમાં જે મોટા છે એવા ગુરુઓએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગવિજ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને જગતના જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે. પોતાને તેવો રાગ બાકી હતો ને જગતના જીવોનાં ભાગ્ય હતા તેથી કુંદકુંદાદિ ગુરુઓએ જગતને મોક્ષમાર્ગનો પરમ હિતકર ઉપદેશ દીધો છે. કુંદકુંદસ્વામી પોતે કહે છે કે અમારા ગુરુઓએ અનુગ્રહપૂર્વક અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો...તે અનુસાર હું આ સમયસારમાં શુદ્ધાત્મા દેખાડું છું; તેને હે ભવ્યજીવો! તમે સ્વાનુભવથી જાણો.

શ્રીમદ્ રાજચંદ્રજી પણ આત્મસિદ્ધિમાં કહે છે કે—

કોઈ ક્રિયા જડ થઈ રહ્યા,
શુષ્કજ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો,
કરુણા ઉપજે જોઈ.

અરે, બાહ્યક્રિયામાં ને બહારના લૂખા જાણપણામાં જીવો ધર્મ એટલે કે મોક્ષમાર્ગ માની રહ્યા છે, તે જોઈને જ્ઞાનીને કરુણા ઊપજે છે; તેથી તેમણે જગતને સાચો મોક્ષમાર્ગ સમજાવ્યો છે. દુઃખ કેમ છે?–કે 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' ભાઈ! તારા આત્માનું સ્વરૂપ ન સમજવાથી તું અનંતદુઃખ પામ્યો....તે સ્વરૂપ શ્રીગુરુ તને સમજાવે છે....તે સમજ તો તારું દુઃખ મટશે ને તને પરમ આનંદ થશે. (સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુભગવંત.)

વાહ! વીતરાગમાર્ગી સન્તોએ પોતે મોક્ષને સાધતાં–સાધતાં જગતના જીવોને પણ હિતનો ઉપદેશ આપ્યો છેઃ અરે પ્રાણીઓ! તમારા હિત માટે આત્માનું સ્વરૂપ સમજો. પં. દૌલતરામજી કહે છે કે એ પ્રમાણે શ્રીગુરુઓએ આત્માના ભલા માટે જે હિતોપદેશ આપ્યો તે જ હું આ છ–ઢાળામાં કહીશ. ભલે આ શાસ્ત્ર નાનું છે, પણ તેમાં ઉપદેશ તો જે મુનિઓએ આપ્યો છે તે–અનુસાર જ હું કહીશ; એથી વિપરીત નહીં કહું.

જે જીવ ગરજૂ થઈને આવ્યો છે, પોતાના હિત માટે ધર્મનો જિજ્ઞાસુ થઈને આવ્યો છે એવા જીવને માટે આ વાત છે. જેને પોતાના હિતની કાંઈ દરકાર જ ન હોય–એવા જીવનું તો શું કહેવું? પં. ટોડરમલજી મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહે છે કે જે ધર્મના લોભી હોય, ધર્મ સમજવાના ગરજવાન હોય એવા જીવોને આચાર્ય ધર્મોપદેશ આપે છે. આચાર્ય મુખ્ય-પણે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણ વિષે જ નિમગ્ન છે, પરંતુ કદાચિત્ ધર્મલોભી વગેરે અન્ય જીવોને દેખી રાગના ઉદયથી કરુણાબુદ્ધિ થાય તો તેમને ધર્મોપદેશ આપે છે. અહા, એ સંતોનું મુખ્ય કામ તો સ્વરૂપમાં લીન થઈને પરમાનંદને સાધવાનું છે, પણ ક્યારેક વિકલ્પ ઊઠતાં ધર્મોપદેશ આપે છે.

અરે, આવા ઉપદેશદાતા ગુરુનો જોગ મળવા છતાં પણ જે જીવ તે ઉપદેશ ન સાંભળે એને તો આત્માની દરકાર જ નથી, સંસારના દુઃખનો એને હજી થાક નથી લાગ્યો. અહીં તો સંસારથી થાકીને આત્માની શાંતિ લેવા ચાહતો હોય એવા જિજ્ઞાસુ જીવોને માટે વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેહથી ભિન્ન આત્માને જાણનારા, ને રાગથી ભિન્ન આનંદને અનુભવનારા એવા વીતરાગી-મુનિ, જેઓ રત્નત્રયના ધારક છે ને મોક્ષના સાધક છે, ત્રણ કષાય ચોકડીનો જેમને અભાવ છે, પ્રચૂર વીતરાગી સ્વસંવેદન જેમને વર્તે છે, એવા ગુરુ કરુણા કરીને ૮૪ લાખ યોનિના દુઃખી જીવોને માટે હિતની શિક્ષા એટલે કે શિખામણ–ઉપદેશ આપે છે. –કેવો ઉપદેશ આપે છે? કે દુઃખનો નાશ કરનાર અને સુખની પ્રાપ્તિ કરાવનાર.

જુઓ, આમાં દુઃખનો એટલે વિકારનો વ્યય, ને આનંદની ઉત્પત્તિ–એવા ઉત્પાદ-વ્યય આવી ગયા, ને દુઃખથી છૂટીને તે જ આત્મા સુખપર્યાયમાં કાયમ ટકી રહે છે એવી વાત પણ આવી ગઈ. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વસ્તુ વિના દુઃખથી છૂટવાનું ને સુખી થવાનું બની શકે નહિ. અહો, વીતરાગમાર્ગ અલૌકિક છે. સન્તોને સ્વસંવેદનરૂપી વીતરાગવિજ્ઞાન ભલે અધૂરું છે પણ તે કેવળજ્ઞાનની જાતનું છે, અધૂરું છતાં રાગ વગરનું છે. આવા વીતરાગી સન્તોએ જગતને વીતરાગતાની શિખામણ આપી છે. કેવળજ્ઞાનને સાધનારા સન્તોએ જે વીતરાગવિજ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે તે જ આ છ–ઢાળામાં સંક્ષેપથી કહેવાશે. એટલે આ શાસ્ત્ર ભલે નાનું, પણ પ્રમાણભૂત છે. આ તો પાઠશાળાના વિદ્યાર્થીઓને તેમજ ઘરેઘરે શીખવવા જેવું પુસ્તક છે. તદ્દન સાદી શૈલિમાં ઘણું તત્ત્વ સમજાવ્યું છે.

આ શાસ્ત્રમાં અને સર્વે વીતરાગીશાસ્ત્રોમાં આત્માને સુખ દેનાર ને દુઃખથી છોડાવનાર એવો ઉપદેશ આપ્યો છે. સન્તોનો ઉપદેશ, સન્તોની શિખામણ એ છે કે જેનાથી વિકારનો–દુઃખનો નાશ થાય ને સુખની પ્રાપ્તિ થાય. વિકાર તે દુઃખ છે, તેના નાશનો ઉપદેશ, એટલે નિર્વિકારદશા પ્રગટ કરવાનો ઉપદેશ છે. રાગના નાશનો ઉપદેશ છે ને વીતરાગભાવ પ્રગટાવવાનો ઉપદેશ છે. આવો ઉપદેશ તે ઇષ્ટોપદેશ છે. ઇષ્ટ–ઉપદેશ એટલે હિતનો ઉપદેશ, પ્રિય ઉપદેશ. તે ઉપદેશની સમજણનું ફળ એ છે કે ભેદવિજ્ઞાન થઈને દુઃખનો નાશ થાય ને સુખનો અનુભવ પ્રગટે.–જીવને એ જ ઇષ્ટ છે, એ જ પ્રયોજન છે, એ જ સાર છે. આનો અર્થ એ થયો કે પ્રથમ મંગળરૂપે જે વીતરાગવિજ્ઞાનને વંદન કર્યા તે વીતરાગવિજ્ઞાન ઉત્પન્ન થવાનો ઉપદેશ જૈનધર્મના ચારે અનુયોગમાં આપ્યો છે, ચારે અનુયોગ વીતરાગવિજ્ઞાનના જ પોષક છે. અને આ પુસ્તકમાં પણ તેનો જ ઉપદેશ કરશે; તેને હે ભવ્યો! તમે પ્રીતિપૂર્વક સાંભળો.–શા માટે? કે પોતાના હિતને માટે.

સંસારમાં ભમતાં અનંતકાળે મોંઘું એવું સંજ્ઞીપણું જેને પ્રાપ્ત થયું છે, અને તેમાં પણ આત્મહિતની શિખામણ સમજવા જેટલી વિચારશક્તિ ખીલી છે, એ પ્રકારની જ્ઞાનની તાકાત છે અને સમજવાની જિજ્ઞાસા છે, એવા જીવોને આ ઉપદેશ શ્રીગુરુ કરુણાપૂર્વક સંભળાવે છે. અહા, સંતોએ મોક્ષનો માર્ગ સમજાવીને જગત ઉપર ઉપકાર કર્યો છે.

દુઃખનો નાશ, સુખની પ્રાપ્તિ—બસ, આમાં મોક્ષમાર્ગ આવી ગયો. દુઃખનું કારણ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર તેનો તો જિનવાણી નાશ કરાવે છે, અને સુખનું કારણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે પ્રગટ કરાવે છે. જે ભાવ વડે દુઃખનો નાશ ન થાય ને સુખનો અનુભવ ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય તે ભાવને ભગવાન ધર્મ કહેતા નથી, તેને મોક્ષમાર્ગ કહેતા નથી; ને એવા ભાવનું સેવન કરવાનું જેમાં કહ્યું હોય તે ઉપદેશ સાચો નથી, હિતકર નથી, ઇષ્ટ નથી. સંતોએ તો જેનાથી જીવનું ભલું થાય એવા વીતરાગવિજ્ઞાનની જ શિખામણ આપી છે, તેને જ ધર્મ કહ્યો છે.

ત્રણ લોકમાં કોઈ જીવોને દુઃખ ગમતું નથી; દુઃખથી બધા જીવો ડરે છે. શું નિગોદના જીવો પણ દુઃખથી ડરે છે?–હા, અવ્યક્તપણે તે પણ દુઃખથી છૂટવા જ માંગે છે. દરેક જીવનો સ્વભાવ જ એવો છે કે સુખ જ તેનું સ્વરૂપ છે, ને દુઃખ તેનું સ્વરૂપ નથી. કોઈવાર અપમાન વગેરેના દુઃખ આડે શરીર છોડીનેય તે દુઃખથી છૂટીને સુખી થવા માંગે છે, શરીર રહિત એકલો રહીનેય દુઃખથી છૂટવા માંગે છે, એટલે શરીર વગર એકલો આત્મા સુખી રહી શકે છે, તેથી સાબિત થાય છે કે આત્મા પોતે સુખસ્વરૂપ છે. 'અરે, આવા દુઃખ કરતાં તો મરી જવું સારું'–એમ મરણ કરતાં પણ દુઃખ અસહ્ય લાગે છે, દુઃખથી છૂટવા માટે મરણને પણ ગણકારતો નથી, આ રીતે જીવને દુઃખ ગમતું નથી તેથી શરીર છોડીને પણ દુઃખથી છૂટવા માંગે છે. એટલે અવ્યક્તપણે પણ એમ સિદ્ધ થાય છે કે આત્મામાં દેહ વગર સુખ છે. જો દેહાતીત આત્માને પોતામાં દેખે તો જરૂર અતીન્દ્રિય-સુખ અનુભવમાં આવે. પણ આત્માનું સાચું ભાન કરતો નથી તેથી પોતાનું સુખ પોતાના અનુભવમાં આવતું નથી.

અંદર અપમાન વગેરેનું તીવ્ર દુઃખ લાગે, સમાધાન કરી ન શકે, નપાસ થયો હોય કે ધંધામાં મોટી ખોટ ગઈ હોય, દેહની તીવ્ર પીડા સહન ન થાય—એવા પ્રસંગે કોઈ જીવ વિચારે છે કે અરેરે! હવે તો ઝેર ખાઈને આ દુઃખથી છૂટું.–જુઓ તો ખરા, ઝેર ખાવું સહેલું લાગે છે પણ દુઃખ સહન કરવું અઘરું લાગે છે! ભાઈ, દેહ છોડીને પણ ખરેખર જો તું સુખી થવા માંગતો હો ને દુઃખથી તારે છૂટવું હોય તો તેનો સાચો રસ્તો લે. દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા શું ચીજ છે તેની ઓળખાણ કરીને વીતરાગી વિજ્ઞાન પ્રગટ કરવું તે જ સાચો ઉપાય છે. અહીં એ ઉપાય સંતો તને બતાવે છે, તે સાવધાન થઈને સાંભળ.

'આત્મભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ.' અરે, દેહના રોગની પીડાથી છૂટવા માંગે છે, પણ ભાઈ, આત્મભ્રાંતિના રોગનું મહાન દુઃખ છે, તેનાથી છૂટવાનો ઉપાય કર. તે માટે વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ આપનારા સદ્‌ગુરુને સાચા વૈદ્ય જાણ. એવા ગુરુ દુઃખથી છૂટવાનો ને સુખ પ્રગટ કરવાનો જે ઉપદેશ આપે છે તે સાંભળવાની ભલામણ હવે બીજી ગાથામાં કરશે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# તારા કલ્યાણ માટે ભાવશ્રવણ કર...ને તારી ભૂલ છોડ

*

પહેલી ગાથામાં શ્રીગુરુ ઉપદેશ આપે છે એ વાત બતાવી; હવે બીજી ગાથામાં શિષ્યને ભલામણ કરે છે કે હે ભવ્ય! તારા આત્માના કલ્યાણ માટે સાવધાન થઈને સ્થિરચિત્તપૂર્વક તું આ ઉપદેશને સાંભળ.

અહો, વીતરાગમાર્ગી દિગંબર સંત-મુનિ વગેરે ગુરુઓએ જીવના હિતને માટે વીતરાગ-વિજ્ઞાનનો ઉપદેશ દીધો છે...તેને હે ભવ્ય જીવો! તમે સાંભળો.

( ગાથા—૨ )

**ताहि सुनो भवि मन थिर आन जो चाहो अपना कल्याण ।**
**मोह महामद पियो अनादि भूल आपको भरमत वादि ॥ २ ॥**

જો તમે પોતાનું હિત ચાહતા હો તો હે ભવ્ય જીવો! શ્રીગુરુના આ હિતોપદેશને મન સ્થિર કરીને તમે સાંભળો. 'હે ભવ્ય જીવો! હે મોક્ષના લાયક પ્રાણીઓ! હે પોતાનું હિત ચાહનારા જીવો!' –આમ ઉત્તમ સંબોધન કરીને ભલામણ કરે છે કે વીતરાગવિજ્ઞાનનો આ ઉપદેશ તમે ધ્યાનપૂર્વક સાંભળો; દુઃખથી છૂટવા ને મોક્ષસુખ પામવા માટેનો આ ઉપદેશ ઉપયોગ લગાવીને તમે સાંભળો. તેનાથી જરૂર તમારું હિત થશે. બીજેથી ઉપયોગ હટાવીને આ તમારા હિતની વાત પ્રેમથી–ઉત્સાહથી સાંભળો.

શ્રી ગુણધરઆચાર્યદેવે **कषायप्राभृत**ની ૧૦મી ગાથામાં **सुण** એવો શબ્દ મુકયો છે, તેનો અર્થ કરતાં જયધવલા-ટીકામાં શ્રી વીરસેનસ્વામી લખે છે કે 'શિષ્યને સાવધાન કરવા માટે ગાથાસૂત્રમાં જે 'सुण એટલે કે સાંભળ'—એવું પદ છે તે એમ બતાવવા માટે છે કે અણસમજુ શિષ્યને વ્યાખ્યાન કરવું નિરર્થક છે' ( પૃ. ૧૭૧ ) જેને સમજવાની દરકાર નથી એવા જીવોને માટે ઉપદેશ નથી દેતા, પણ જે સમજવાની ધગશવાળા છે એવા શિષ્યોને કહે છે કે તમે સાંભળો. જેમ પાણી જોઈએ તો તે માટે ઘરના ગાય વગેરે પશુને તે નથી કહેતા કે પાણી આપ; કેમકે તેનામાં તેવી શક્તિ નથી. પણ સમજદાર આઠ વર્ષના બાળકને પાણી લાવવાનું કહેતાં તે સમજી જાય છે; તેમ અહીં આત્માનું સ્વરૂપ સમજવાની જેનામાં તાકાત છે, જેનામાં તેવી જિજ્ઞાસા જાગી છે એવા જીવોને સન્તો તેની વાત સંભળાવે છે, ને કહે છે કે સુણ! એટલે કે અમે જે ભાવ કહીએ છીએ તે તું લક્ષમાં લે. ભાવ સમજે તો જ ખરૂં સાંભળ્યું કહેવાય.

અહીં પણ કહે છે કે તમારા હિતની વાત સાંભળો—'**सुनो भवि मन थिर आन**' હે ભાઈ! દુઃખથી છૂટવાની ને સુખને પામવાની એવી તારા હિતની વાત તને કહીએ છીએ, તો તારા હિત માટે સાવધાન થઈને તું સાંભળ. આડીઅવળી બીજી વાત ને બીજા વિકલ્પો છોડીને, આ વીતરાગવિજ્ઞાનની વાત લક્ષપૂર્વક સાંભળો. બીજા રસ છોડીને આ ચૈતન્યના વીતરાગવિજ્ઞાનમાં તત્પર થાઓ.

જુઓ તો ખરા, સાંભળનાર શ્રોતાને પણ કેવી ભલામણ કરી છે! અરે જીવો, તમે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તમારું કલ્યાણ ચાહતા હો, હિત ચાહતા હો, સુખ અને મોક્ષ ચાહતા હો તો તેને માટે આ વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ અમારી પાસે છે તે ધ્યાનપૂર્વક સાંભળો. બાકી સંસારમાં પૈસા વગેરે કેમ મળે કે રોગાદિ કેમ મટે-એવો ઉપદેશ અમારી પાસે નથી; રાગ તો દુઃખ છે, તેનો પોષક ઉપદેશ અમારી પાસે નથી; અમારી પાસે તો સુખનો પોષક એવો વીતરાગવિજ્ઞાનનો જ ઉપદેશ છે. તેની જેને ગરજ હોય તે સાંભળો.

માત્ર 'સાંભળો' એમ નહિ પણ સ્થિરચિત્ત થઈને સાંભળો, ને હિતના અભિલાષી થઈને સાંભળો કે અહો, આ મારા હિતની કોઈ અપૂર્વ વાત છે. સાંભળવા બેઠો હોય ને મન તો જ્યાંત્યાં ભમતું હોય તો તેને શ્રવણનો લાભ થાય નહિ. સમયસારમાં કહ્યું છે કે જગતનો બીજો બધો કોલાહલ છોડીને, બધા વિકલ્પો છોડીને એક ચૈતન્યસ્વરૂપના અનુભવનો જ અંતરમાં અભ્યાસ કરે તો જરૂર તેને આત્મઅનુભવ થાય. કેટલા વખતમાં થાય?-તો કહે છે કે વધુમાં વધુ છ મહિનામાં થાય. કોઈને એથી અલ્પકાળમાં પણ થઈ જાય.

હવે કહે છે કે સંસારમાં અત્યાર સુધી જીવે શું કર્યું? તે દુઃખ કેમ પામ્યો?— "**मोह महा मद पियो अनादि भूल आपको भरमत वादि**" જુઓ, આ દુઃખનું મૂળકારણ બતાવીને પછી તે ટાળવાનો ઉપાય કહેશે. '**भूल आपको**' એટલે કે પોતે પોતાના આત્માને ભૂલીને અનાદિથી જીવ સંસારમાં ભમી રહ્યો છે. મિથ્યાત્વરૂપી મહામદ પીધો છે તેથી પોતે પોતાને ભૂલીને જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.'—પોતાની ભૂલથી જ જીવ દુઃખી છે. ભૂલ કેટલી? કે પોતે પોતાને ભૂલી ગયો, ને પરને પોતાનું માન્યું-એટલી. આ ભૂલ કાંઈ નાની નથી પણ સૌથી મોટી ભૂલ છે. પોતાની આવી મહાન ભૂલથી બેભાનપણે જીવ ચાર ગતિમાં ભમે છે; પણ કોઈ બીજાએ તેને દુઃખી કર્યો કે કર્મોએ તેને રખડાવ્યો-એમ નથી. સીધી ને સાદી વાત છે કે જીવ પોતે પોતાના સ્વરૂપને ભૂલીને પોતાની જ ભૂલથી રખડ્યો ને દુઃખી થયો. સાચી સમજણ વડે તે ભૂલ ભાંગે તો તેનું દુઃખ મટે. બીજા કોઈ ઉપાયે દુઃખ મટે નહિ. માટે મિથ્યાત્વ ટાળવું ને સમ્યગ્દર્શન કરવું એ સર્વે સંતોની પહેલી શિક્ષા છે.

"અજ્ઞાની જીવ બાહ્ય સામગ્રીને દૂર કરવાના કે ટકાવી રાખવાના ઉપાય કરીને દુઃખ મટાડવા ને સુખી થવા ઇચ્છે છે-પણ એ બધા ઉપાય જૂઠા છે. તો સાચો ઉપાય શો છે? સમ્યગ્દર્શનાદિથી ભ્રમ દૂર થાય તો સામગ્રીથી સુખ-દુઃખ ન ભાસતાં પોતાના પરિણામથી જ સુખ-દુઃખ ભાસે. વળી યથાર્થ વિચારના અભ્યાસ વડે પોતાના પરિણામ જેમ એ સામગ્રીના નિમિત્તથી સુખી-દુઃખી ન થાય તેમ સાધન કરે. અને સમ્યગ્દર્શન આદિની ભાવનાથી જ મોહ મંદ થતાં એવી દશા બની જાય કે અનેક કારણ મળવા છતાં પણ પોતાને તેમાં સુખ-દુઃખ ભાસે જ નહિ; એક શાંતરસરૂપ નિરાકુળ બની સાચા સુખને અનુભવે તો જ સર્વ દુઃખ મટીને સુખી થાય. માટે એ સમ્યગ્દર્શનાદિ જ સુખ થવાનો સાચો ઉપાય છે." (મોક્ષમાર્ગપ્રકાશક)

સંસારમાં રખડતા જીવે અનાદિથી મિથ્યાત્વરૂપી મોટો દારૂ પીધો છે, જેમ દારૂ પીધેલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માણસ પોતાનું ભાન ભૂલી જાય તેમ મોહરૂપી દારૂને લીધે પોતાના આત્મસ્વરૂપનું ભાન ભૂલીને બેભાનપણે ચાર ગતિમાં જીવ ભમે છે. જેમ શુદ્ધ જ્ઞાન-આનંદસ્વરૂપ અનાદિથી છે, તેમ પર્યાયમાં મોહદશા પણ જીવને અનાદિથી ચાલી આવે છે, પણ તે તેનું ખરું સ્વરૂપ નથી એટલે ટળી શકે છે. જે ખરું શુદ્ધસ્વરૂપ છે તેને ભૂલીને મિથ્યાત્વરૂપી આકરો દારૂ પીધો, એટલે જેમ દારૂડિયો ભાન વગર જ્યાં ત્યાં ગંદકીમાં રખડે તેમ મોહથી બેભાનપણે જીવ ચારે ગતિમાં જ્યાં ત્યાં રખડે છે,—કોઈવાર ભીખારી તો કોઈવાર રાજા, કોઈવાર દેવ તો કોઈવાર નારકી, કોઈવાર હાથી તો કોઈવાર એકેન્દ્રિય—એવી દશામાં ભટકી રહ્યો છે ને દેહને જ પોતાનું રૂપ માનીને મહા દુઃખી થઈ રહ્યો છે. કેટલાક માણસો એવા હોય છે કે આખો દિ' કાળીમજુરી કરી કરીને માંડ પાંચ રૂપિયા કમાય, ને પછી રાતે બેત્રણ રૂપિયાનો દારૂ પીને ગાંડા થઈને ફરે! ઘરમાં ખાવાનુંય પૂરું ન હોય પણ દારૂ વગેરે પાછળ પૈસા ખરચીને દુઃખી થાય. તેમ સંસારમાં રખડતો જીવ માંડમાંડ ક્યારેક મનુષ્યપણું પામે, પણ દેહબુદ્ધિરૂપી મોહમદિરામાં તે ગુમાવીને સંસારમાં ક્યાંય ચાલ્યો જાય છે. જેમ કોઈ દયાળુ પુરુષ દારૂડિયાને જગાડે કે અરે ભાઈ, તને આ નથી શોભતું....આ ટેવ છોડ....ને તારા ઉત્તમ ઘરમાં જઈને રહે....તેમ અહીં શ્રીગુરુ દયાળુ થઈને મોહી જીવોને દુઃખથી છોડાવવા માટે વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ આપે છે.

કોને આ ઉપદેશ આપે છે? જીવને ઉપદેશ આપે છે, કેમકે જીવની પોતાની ભૂલ છે. કર્મને ઉપદેશ નથી દેતા કે હે કર્મ! તું જીવને હેરાન કર મા. જો કર્મ રખડાવે ને કર્મ તારે, તો તો પછી જીવને કરવાનું જ શું રહ્યું? ને જીવને ઉપદેશ દેવાનું પણ ક્યાં રહ્યું? એક તો જીવે પોતે મોહરૂપ ભૂલ કરી છે ને પાછો તે કર્મ ઉપર ઢોળે છે,–તે બેવડી ભૂલ છે. પોતાની ભૂલ સમજશે તો સાચા ઉદ્યમ વડે તે ભૂલને ટાળશે. પણ કર્મે ભૂલ કરાવી એમ માને તો તે ટાળવાનો ઉપાય પોતે કેમ કરશે? માટે આ વાત તો પહેલાં જ સમજવી કે જીવ પોતાની જ ભૂલથી રખડયો છે, ને પોતે જ તે ભૂલ ટાળીને ભગવાન થઈ શકે છે.

જીવ રખડ્યો કેમ?..................કે ભૂલથી.
ભૂલ કોની?.....................કે પોતાની.
શું ભૂલ?...........કે પોતાના સ્વરૂપને ભૂલ્યો
ને પરને પોતાનું માન્યું તે ભૂલ.
એ ભૂલ કેમ ટળે?....સ્વ-પરનું ભેદજ્ઞાન કરે તો.

પાઠશાળામાં નાના બાળકોને પણ આ વાત શીખવવી કે—

"જીવ અજ્ઞાનથી હેરાન થાય છે;
કર્મો જીવને હેરાન કરતા નથી.

જીવ પોતાની ભૂલથી દુઃખી થાય છે;
કર્મો જીવને દુઃખી કરતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવની ઓળખાણ કરવી,
કર્મનો વાંક કાઢવો નહિ.
જીવની ઓળખાણ કરવી તે ધર્મ છે.
કર્મનો વાંક કાઢવો તે અધર્મ છે.”

( જૈન બાળપોથી પાઠ ૧૯ )

એકેન્દ્રિય જીવો પણ પોતાના જ ભાવકલંકની પ્રચૂરતારૂપ મોહથી નિગોદના દુઃખમાં પડ્યા છે. ગોમ્મટસારજીમાં પણ એમ કહ્યું છે : '**भावकलंकसुप्रचुरा निगोदवासं न मुंचति**' ( જીવકાંડ ગા. ૧૯૬ ) આત્મા પોતે આનંદમૂર્તિ છે, તે નિજસ્વરૂપને ભૂલ્યો તેથી દુઃખી થયો. અહીં તો હવે એ દુઃખથી છૂટીને સુખી કેમ થવાય તેનો ઉપદેશ છે. સુખી થવા માટે હે જીવ! તું તારું સ્વરૂપ સમજ. એવી સમજણનો આ ઉત્તમ અવસર આવ્યો છે.

મૂઢ માણસ દારૂના ઘેનમાં જ્યાં ત્યાં બેભાનપણે પડ્યો હોય ને મોઢામાં કૂતરું પેશાબ કરી જાય, છતાં એમ માને કે હું મીઠું દૂધ પીઉં છું.-અરે, કેવો મોહ છે! તેમ મિથ્યાત્વરૂપી દારૂ પીને મોહી જીવ શરીર-સ્ત્રી-પુત્ર-લક્ષ્મી વગેરે પરદ્રવ્યને પોતાનું માનતો થકો તેમાં રાગ કરીને રાજી થાય છે; ત્યાં તે વેદે છે તો રાગની આકુળતા, પણ મોહને લીધે માને છે કે હું સુખને અનુભવું છું. આવો મોહ નીરર્થક છે. વૃથા છે; તે મોહથી જીવ મહા દુઃખી થઈને ચારગતિમાં રખડે છે. ભાઈ, હવે એ રખડવાનું બંધ કરવા માટે શ્રીગુરુનો આ ઉપદેશ ધ્યાન દઈને સાંભળ.

જે મોક્ષાર્થી હોય, ભવથી થાક્યો હોય એવા જીવને શ્રીગુરુ મોક્ષનો સંદેશ સંભળાવે છે. ભાઈ, મિથ્યાત્વને લીધે તું કેવા કેવા આકરા દુઃખો ચાર ગતિમાં પામ્યો, તે જાણીને મોહને હવે તો છોડ...છોડ! અરે, દુઃખના દરિયામાં તું મોહથી ગોથાં ખાઈ રહ્યો છે, હજારો પ્રકારનાં શારીરિક ને માનસિક દુઃખો તું વેદી રહ્યો છે; એમાંથી કેમ છૂટાય તેની આ વાત છે.

જીવ પોતાને ભૂલીને ભમે છે. ચારે ગતિમાં પોતાના પરમેશ્વરને ભેગો ને ભેગો રાખીને ભમે છે, પણ અંતરમાં પોતે પરમેશ્વરસ્વરૂપે બિરાજી રહ્યો છે તેને દેખતો નથી. સંયોગોથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા હું છું એમ ન જાણતાં, દેહ અને સંયોગો તે જ હું એમ માનીને, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમાં જ મોહ્યો છે. જેમ દારૂડિયાનો કોઈ મેળ નથી કે ક્યારે ક્યાં જઈને પડશે?-વિષ્ટામાંય જઈને પડે ને પાછો તેમાં સુખ માને. તેમ અજ્ઞાની-મોહી જીવનો મેળ નથી કે કઈ ગતિમાં ક્યાં જઈને પડશે? જ્યાં-ત્યાં ચારે ગતિમાં રખડે છે, ક્યારેક પુણ્યથી સ્વર્ગમાં ને ક્યારેક પાપથી નરકમાં, ક્યારેક મનુષ્ય તો ઢોર,-એમ મોહ વડે પોતે પોતાને ભૂલીને સંસારમાં રખડી રહ્યો છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જનારા ( જે મિથ્યાદૃષ્ટિ હોય તે ) બધા મોહને વશ દુઃખી છે; જ્યાં સુખ નથી ત્યાં ભ્રમણાથી સુખ માનીને ભટકી રહ્યા છે, ને જ્યાં સુખ છે તેને જાણતા નથી.

આવા અજ્ઞાનથી જીવ ક્યાં ક્યાં ભમ્યો ને તેણે કેવા કેવા દુઃખ સહ્યાં-તે હવે કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ભવભ્રમણના મહાન દુઃખોની કથા

અનાદિકાળના અજ્ઞાનથી સંસારમાં ભમી રહેલા જીવના દુઃખોની કથા તો બહુ મોટી છે; અરે, એ અનંત અપાર દુઃખોનું વર્ણન કેમ થાય? પણ પૂર્વાચાર્યોએ તેનું જે વર્ણન કર્યું છે તે અનુસાર અહીં થોડુંક કહીએ છીએ.—

( ગાથા–૩ )

**तास भ्रमनकी है बहु कथा, पै कछु कहूं कही मुनि यथा ।**
**काल अनन्त निगोद मंझार बीत्यो एकेंद्री तन धार ॥ ३ ॥**

પ્રથમ તો પૂર્વાચાર્યોનો વિનય અને ગ્રંથની પ્રામાણિકતા દર્શાવતાં કહે છે કે હું કાંઈ નવું નથી કહેતો પણ પૂર્વે થઈ ગયેલા કુંદકુંદસ્વામી, કાર્તિકસ્વામી વગેરે મુનિવરોએ શાસ્ત્રોમાં જે કહ્યું છે તેને જ અનુસરીને હું થોડુંક કહીશ. કાર્તિકસ્વામીએ વૈરાગ્યઅનુપ્રેક્ષામાં ત્રીજી તથા અગિયારમી અનુપ્રેક્ષામાં જે વર્ણન કર્યું છે તે જ શૈલિથી આમાં કથન છે. જીવના પરિભ્રમણની ને તેના દુઃખની કથા તો અપાર છે, એ દુઃખો તો એણે વેદ્યા ને ભગવાને જાણ્યા. એ અપાર દુઃખનું વાણીથી તો કેટલું વર્ણન થાય? છતાં મુનિઓએ શાસ્ત્રોમાં જે વર્ણન કર્યું છે તે પ્રમાણે હું થોડું કહીશ; —ભલે થોડું કહીશ પણ યથાર્થ કહીશ.

ભાઈ, આત્માને ઓળખ્યા વગર તું બહુ ભટક્યો....ને ઘણાં દુઃખ પામ્યો. એટલા દુઃખ પામ્યો કે વચનથી કહ્યા ન જાય. અનંત કાળ તો નિગોદમાં એકેન્દ્રિયપણે વીતાવ્યો. એ દુઃખની શી વાત! એકકોર સિદ્ધનું સુખ ને એની સામે નિગોદનું દુઃખ,–બેય વચનાતીત છે. સાતમી નરક કરતાંય નિગોદના દુઃખો અનંતગુણા છે. ભાઈ, આવું મોટું દુઃખ છે તો તારી ભૂલ પણ મોટી છે, માટે તેને ટાળવાનો મોટો પુરુષાર્થ કર....એ માટે આ ઉપદેશ છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ દુઃખથી છૂટવાનો ને સુખી થવાનો ઉપાય છે. પણ તે મહા દુર્લભ છે, અતિ દુર્લભ છે. અનંતકાળે નિગોદમાંથી નીકળી ત્રસપણું પામવું દુર્લભ, ત્રસમાંય પંચેન્દ્રિયપણું દુર્લભ, તેમાં સંજ્ઞીપણું દુર્લભ, સંજ્ઞી થાય તો તેમાં ઘણા ક્રૂર તિર્યંચ કે નરકમાં જાય, તેમાં મનુષ્યપણું મળવું દુર્લભ, તેમાં આર્યક્ષેત્ર ને ઉત્તમ જૈનકુળ મળવું દુર્લભ, તેમાં દીર્ઘ આયુ, ઇંદ્રિયાદિની પૂર્ણતા અને સાચા દેવ–ગુરુનો સંગ મળવો દુર્લભ;–આટલું મળવા છતાં અંદરમાં આત્માની રુચિ અને સમ્યગ્દર્શન પ્રગટ કરવા તે દુર્લભ છે, ને તેમાંય રત્નત્રય તથા તેની અખંડ આરાધના એ સૌથી દુર્લભ છે. બધા દુર્લભમાં દુર્લભ એવા આ રત્નત્રયધર્મને જાણીને ઘણા જ આદર પૂર્વક તેની આરાધના કરો,–એમ બોધિદુર્લભ-ભાવનામાં ઉપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસારભ્રમણ કરતો જીવ ઘણો કાળ તો નિગોદમાં જ રહ્યો. નિગોદદશા નરક કરતાં પણ હલકી છે; મન અને ચાર ઇંદ્રિયોને તો તે હારી ગયા છે, એક માત્ર સ્પર્શસંબંધી ઘણો અલ્પ ઉઘાડ રહ્યો છે. અનંત જ્ઞાનશક્તિનો ધણી મોહથી મૂર્છાઈ ને દુઃખના ડુંગરામાં વીલખી રહ્યો છે. નરકાદિમાં બહારના પ્રતિકૂળ સંયોગનું દુઃખ લોકોને દેખાય છે, પણ નિગોદમાં જીવની જ્ઞાનાદિ શક્તિઓ અતિશયપણે બીડાઈ ગઈ છે ને મોહની ઘણી તીવ્રતા છે તેનું જે અનંત અકથ્ય દુઃખ છે તે સાધારણ જીવોને કલ્પનામાં પણ નથી આવતું. એક નિગોદશરીરમાં અનંતા જીવો ઊપજે-મરે છે, અનંતા જીવો વચ્ચે એક જ શરીર છે. આવી નિગોદદશામાં અનંત જીવોનાં થોકેથોક પડ્યા છે, એનું જે અનંતુ દુઃખ છે તે તો કેવળીગમ્ય છે. હવે આવી દશામાંથી બહાર નીકળીને જે મનુષ્ય થાય છે એવા જીવને ચેતવવાનો આ ઉપદેશ છે કે ભાઈ! આવા દુઃખો અનંતવાર તું ભોગવી ચુક્યો, તે દુઃખથી છૂટવાનો ઉપાય કરવાનો આ અવસર છે.

નિગોદ જીવ કોઈવાર એકને એક શરીરમાં લાંબાકાળ સુધી જન્મ્યા-મર્યા કરે છે. એક શરીરમાં મરીને પાછો તે જ શરીરમાં ઊપજે; ફરી મરે ને પાછો તેમાં જ ઊપજે, એમ એકને એક શરીરમાં કેટલીયે વાર જન્મે ને મરે. જીવના અનેક ભવ બદલી જાય છતાં શરીર તો એનું એ જ રહે. આ પ્રકારના ભવો પણ જીવે અનંતવાર કર્યા. નિજસ્વરૂપને ભૂલીને દેહની મમતાથી અનંત શરીર ધારણ કર્યા, પણ એક્કેય શરીર જીવનું થઈને રહ્યું નહિ. તેમજ અનંતકાળથી શરીર ધારણ કરવા છતાં આત્મા તે શરીરરૂપ થયો નહિ. ઉપયોગસ્વરૂપ આત્મા જડ ક્યાંથી થાય? જીવ સદાય શરીરથી જુદો જ રહ્યો છે. એ જુદાપણું સમજાવવા માટે વીતરાગી સન્તોનો આ ઉપદેશ છે.

બટેટા ગાજર વગેરેની એક રાઈ જેટલી કટકીમાં અનંતા જીવોનું અસ્તિત્વ છે, ને તેમાં દરેક જીવ સિદ્ધપરમાત્મા જેવી શક્તિવાળો છે; પણ તત્ત્વની વિરાધનાથી એમની ચેતનાશક્તિ એટલી બધી હણાઈ ગઈ છે કે સામાન્ય જીવોને તો 'આમાં જીવ છે' એમ કબૂલવું પણ કઠણ પડે છે. ઘણા લોકો અનાર્યસંસ્કારને લીધે ઇંડાં વગેરેમાં જીવ નથી માનતા ને તેનું ભક્ષણ કરે છે, પણ ઇંડામાં તો દરેકમાં પંચેન્દ્રિય જીવ છે, ને તેનું ભક્ષણ એ સીધો માંસાહાર જ છે, તેમાં પંચેન્દ્રિય જીવની હિંસાનું મોટું પાપ છે. એની તો વાત જ શી, પણ કંદમૂળ (બટેટા વગેરે અનંતકાય) તે પણ અભક્ષ્ય છે. અહીં તો એમ કહેવું છે કે નિગોદના જીવને ચેતના ઘણી જ હણાઈ ગઈ હોવાથી તે અત્યંત દુઃખી છે. એ અનંતુ દુઃખ બહારથી ન દેખાય. લીલીછમ લીલોતરી પવનમાં લહેરાતી હોય—હીલોળા લેતી હોય તે વખતે પણ અંદરના વનસ્પતિકાયિક જીવો સાતમી નરકના નારકી કરતાંય અનંતગુણી દુઃખવેદના ભોગવી રહ્યા છે; ને એવું દુઃખ અનંતકાળ જીવે ભોગવ્યું. નરકનાં તીવ્ર દુઃખો પણ સાંભળ્યા ન જાય, ને તેના કરતાંય નિગોદનાં દુઃખો તો વચનથી કહ્યા ન જાય એવા છે;—જ્યાં માત્ર સ્પર્શ સિવાય બીજું કાંઈ જ જાણવાની જ્ઞાનશક્તિ રહી નથી, એવી અત્યંત હીન દશા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે જીવ! તારી કથા મોટી છે. તારા સ્વભાવનો મહિમા પણ મોટો, ને તારા દુઃખની કથા પણ મોટી. અનંતકાળના આ દુઃખોથી છૂટવા માટે સંતગુરુ તને તારા સ્વભાવનો મહિમા બતાવે છે, તે તું ધ્યાનથી સાંભળ, સાવધાન થઈને સાંભળ. રત્નત્રયધર્મ વિના પૂર્વે કેવા કેવા દુઃખો ભોગવ્યા તેનો વિચાર કરીને હવે દુર્લભબોધિભાવના કરવા જેવી છે. પૂર્વે જેના વગર હું ઘણું દુઃખ પામ્યો તે સમ્યગ્દર્શનાદિ રત્નત્રય હું કેમ પામું!—એનો વિચાર કરીને તેનો જ ઉદ્યમ કરવા જેવું છે. હે ભાઈ! હે વાલીડા! તું આ ઉત્તમ ટાણાને ન ચૂકીશ.

✻ હે ભવ્ય! જો તને પોતાની ઉપર અપકાર કરવાવાળા પ્રત્યે ક્રોધ આવે છે તો તું એ ક્રોધ ઉપર જ ક્રોધ કેમ નથી કરતો? કારણ કે તે ક્રોધ તો તારો સૌથી વધુ અપકાર કરવાવાળો છે. તે ક્રોધ તારા ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગને તથા મોક્ષના પુરુષાર્થને તથા એટલે સુધી કે તારા જીવનને પણ નાશ કરવાવાળો છે. તો પછી આથી અધિક અપકારી બીજું કોણ હોઈ શકે છે? અર્થાત્ કોઈ નહિ.

( શ્રી ક્ષત્રચૂડામણિ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# હે જીવ, સાંભળ! આ તારા દુઃખની કથા

## તિર્યંચગતિનાં દુઃખોનું વર્ણન

( ગાથા-૪ થી ૮ )

**एक श्वासमें अठदसबार जन्म्यो मर्यो भर्यो दुःखभार ।**
**निकसि भूमि-जल-पावक भयो, पवन प्रत्येक वनस्पति थयो ॥ ४ ॥**

નિગોદદશા વખતે એક શ્વાસ જેટલા કાળમાં અઢાર વખત જન્મ-મરણ કર્યાં; ને ધગધગતા તેલમાં તળાવું વગેરે ઘણા દુઃખોનો ભાર સહન કર્યો. સિદ્ધદશા આત્માના આનંદથી ભરેલી છે, નિગોદદશા દુઃખના ભારથી ભરેલી છે. અહીં તો જરીક પ્રતિકૂળતા આવે કે અપમાનાદિ થાય ત્યાં રાડ નાંખે છે, પણ ભાઈ! પૂર્વે અનંતકાળ તેં કેવા દુઃખમાં ગાળ્યો– એ બધું તું ભૂલી ગયો?–અરે, એ યાદ કરતાં પણ વૈરાગ્ય આવે એવું છે.

અહીં સામાન્ય જીવોને દુઃખની તીવ્રતા સમજાવવા માટે, ૧૮ વાર જન્મ્યો ને મર્યો —એમ સંયોગથી વાત કરી છે, ખરેખર તો અંદર દેહમાં એકત્વબુદ્ધિ અને તીવ્ર મોહનું જ અનંતું દુઃખ છે. એ જ રીતે નરકાદિના દુઃખમાં પણ વર્ણન તો છેદન-ભેદન વગેરે સંયોગેથી કરશે, પણ તે વખતે અંદરના મિથ્યાત્વભાવથી જીવ દુઃખી છે એમ સમજવું.

જીવ પોતાને ભૂલીને પરમાં જ મોહ્યો છે. શરીર સરખું હોય ત્યાં જાણે કે હું સુખી, શરીરમાં પ્રતિકૂળતા થાય ત્યાં જાણે હું દુઃખી; લાખ-બેલાખ રૂપિયા આવે ત્યાં જાણે હું વધી ગયો, ને પૈસા જાય ત્યાં જાણે જીવન હારી ગયો.—આમ મોહથી જીવ હેરાન થઈ રહ્યો છે. આ તો પંચેન્દ્રિય જીવની વાત થઈ, એકેન્દ્રિનાં દુઃખો તો અનંત છે. એની પાસે બહારમાં માત્ર શરીર છે, તે પણ એક શ્વાસમાં તો ૧૮ વાર છોડે છે ને નવા ધારણ કરે છે; એક મિનિટમાં તો હજારો ભવ થઈ જાય. એના દુઃખનું શું કહેવું? પણ એ દુઃખ દેહબુદ્ધિનું જ છે. ભાઈ, દેહ તું નથી, તું તો ઉપયોગરૂપ આત્મા છો એમ સમજ તો દેહબુદ્ધિનાં તારાં દુઃખ ટળે.

અનંતા જીવો એક ઘરમાં (શરીરમાં) ભેગા રહે, આહાર બધાનો એક જ, શરીર બધા વચ્ચે એક, એકસાથે બધા જન્મે, એકસાથે બધા મરે;–તો તેમને કાંઈ ભાઈબંધી ખરી? ના; એકબીજાને કાંઈ લેવાદેવા નહીં; દરેક જીવ જુદો, દરેકના ગુણ જુદા, દરેકના પરિણામ જુદા; શરીર ભલે બધા વચ્ચે એક, પણ જીવ બધાના જુદા. ત્યાંથી મરીને કોઈ મનુષ્યમાં આવે ને કોઈ પાછો ત્યાંને ત્યાં ઊપજે. દરેક જીવ પોતે એકલો પોતાના અનંત દુઃખને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભોગવે છે. નારકીના જીવો તો પંચેન્દ્રિય છે, નિગોદના જીવને માત્ર એક ઇન્દ્રિય છે, એની દશા ઘણી તૂચ્છ થઈ ગઈ છે; રાગ-દ્વેષ-મોહ પરિણામની ઘણી તીવ્રતા છે તે જ મહા દુઃખ છે. બહારમાં દુઃખ નથી. મોહ તે દુઃખ, ને મોહનો અભાવ તે સુખ. છેદન–ભેદન કે જન્મ–મરણ એ તો સંયોગથી વાત કરી છે. અંદર દેહની તીવ્ર મમતાથી જીવ મૂર્છાઈ ગયો છે તેનું જ દુઃખ છે. જેમ કોઈ મનુષ્ય વારંવાર વસ્ત્રો પલટાવે—એ તેને વસ્ત્રની મમતા સૂચવે છે, તેમ નિગોદના જીવો એક મિનિટમાં હજારો વાર જન્મ-મરણ કરીને શરીર બદલાવે છે તેમાં તેને મોહની તીવ્રતા છે. મોહની તીવ્રતા વગર એવો પ્રસંગ હોય નહિ. જેમ અરિહંતોને મોહનો નાશ થઈ ગયો છે તો ફરીને દેહ ધારણ કરવાનું રહ્યું નથી; સમ્યગ્દૃષ્ટિને અલ્પ મોહ બાકી રહે ને એકાદ શરીર ધારણ કરવું પડે તો તે ઉત્તમ દેહને જ ધારે છે, હલકા ભવ તેને હોતા નથી. દેહની તીવ્ર મમતામાં મૂર્છાયેલો જીવ નિગોદમાં ઉપરા ઉપરી શરીર ફેરવ્યા કરે છે. પોતાનું ચૈતન્યપણું ચુકીને દેહમાં જ આખો અર્પાઈ ગયો છે. દેહથી જુદું પોતાનું કાંઈ અસ્તિત્વ જ તેને દેખાતું નથી. નિગોદને તો એવા શ્રવણનો કે વિચારનો અવકાશ રહ્યો નથી; એને નથી કાન, નથી મન; તે નથી દેખતા, નથી સાંભળતા કે નથી બોલી શકતા; એના દુઃખનું શું કહેવું? જેમ કોઈ રૂપાળા રાજકુમારને પકડી મજબૂત લોઢાની સાંકળથી બાંધી, તેના બધાં અંગોમાં સખત સૂયા દઈ દીધા હોય, આંખમાં લોખંડના ખીલા મારી દીધા હોય, કાનમાં મજબૂત ખીલી મારી દીધી હોય, નાકના ટેંકસામાં સીસું ભરી દીધું હોય, અને જીભને કાપી નાંખી હોય, પછી તેને સજ્જડ લોઢાની કોઠીમાં બંધ કરીને ચારે કોર અગ્નિ જલાવીને સેકે—અને તેને જે દુઃખ થાય તેથીયે વધુ દુઃખ નરકમાં છે; અને છતાં એ તો પંચેન્દ્રિનું દુઃખ છે, પણ નિગોદના જીવોનું દુઃખ તો એનાથીયે અનંતગણું છે. પ્રતિકૂળ સંયોગ ઉપરથી કંઈક વર્ણન થાય, બાકી એનું દુઃખ તો કઈ રીતે સમજાવવું? જેમ સિદ્ધનું સુખ અતીન્દ્રિય, તેમ નિગોદનું દુઃખ પણ ઇન્દ્રિયોથી પાર. ત્યાં બહારમાં પ્રતિકૂળ સામગ્રી ભલે ન દેખાય પણ અંદર દુઃખનો પાર નથી.

આત્મા એવો છે કે એમાં અંતર્મુખ થઈને અનુભવ કરતાં આનંદનો પાર નથી, એ આનંદ ઇંદ્રિયાતીત છે, એ તો જે એને વેદે એને જ એની ખબર પડે. તેમ તે આત્માને ચૂકીને તેની ઊલટી દશારૂપ જે દુઃખ છે તે પણ અનંત છે, એ દુઃખ તો જે વેદે એને ખબર પડે! (–એટલે તે તેને જાણતો નથી પણ વેદે છે, ને કેવળી જ એને જાણે છે.) અનંતા સુખથી ભરેલો આત્મા, તેની વિરાધનાનું દુઃખ પણ અનંતું છે. એકકોર સિદ્ધોનું સુખ, બીજીકોર નિગોદનું દુઃખ, બંને વચનથી કહ્યા જાય તેમ નથી. સિદ્ધો પણ એક ઠેકાણે અનંતા ભેગા રહ્યા છે ને સૌ પોતપોતાના સુખમાં મગ્ન છે; નિગોદિયા પણ એક ઠેકાણે એક શરીરમાં અનંતા ભેગા રહ્યા છે ને સૌ પોતપોતાના દુઃખમાં મગ્ન છે. અરે, એના વેદનની શી વાત! પંચાધ્યાયીકાર કહે છે કે જીવોને અનંત દુઃખોમાં જે બુદ્ધિગોચર દુઃખ છે તે તો દૃષ્ટાન્તથી સમજાવી શકાય છે, પરંતુ જે અબુદ્ધિગોચર ઘણું દુઃખ છે તે દુઃખ દૃષ્ટાંત દ્વારા સમજાવી શકાતું નથી. જેમ સિદ્ધનું અતીન્દ્રિયસુખ દૃષ્ટાંત દ્વારા સમજાવી શકાતું નથી તેમ નિગોદનું દુઃખ પણ દૃષ્ટાંત દ્વારા સમજાવી શકાતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ, અજ્ઞાનથી તેં નિજસ્વરૂપને ભૂલીને ઘણાં દુઃખ ભોગવ્યાં, ને ઘણા લાંબા કાળ સુધી ભોગવ્યાં, તેનું વર્ણન વાણીમાં પૂરું નથી આવતું. અનંત ગુણથી ભરેલા આખા આત્માને જ્યાં મિથ્યાત્વથી ઢાંકી દીધો, ને જ્યાં જ્ઞાનાદિનો અનંતમા ભાગનો જ ઉઘાડ રહ્યો, એવી નિગોદદશાના અનંતદુઃખમાં જીવે સંસારનો અનંતકાળ ગુમાવ્યો છે. સમુચ્ચયપણે એકેન્દ્રિયમાં ઉપરા ઉપરી જન્મ મરણ કર્યા કરે તો તેમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ અસંખ્ય પુદ્‌ગલપરાવર્તન ( એટલે અનંતકાળ ) છે. ( આ સ્થિતિ એવા જીવની સમજવી કે જે તેમાંથી નીકળીને ફરી એકેન્દ્રિયમાં ગયો હોય; અનાદિના એકેન્દ્રિય જીવની આ સ્થિતિ ન સમજવી; બાદર કે સૂક્ષ્મ બધા ભવ તેમાં આવી જાય. ) એ જ રીતે એકલા સૂક્ષ્મ એકેન્દ્રિયના ભવમાં ઉપરા ઉપરી જન્મ-મરણ કરીને રહેવાનો ઉત્કૃષ્ટકાળ અસંખ્યાત લોકપ્રમાણ સમય ( અસંખ્યાત કાળ ) છે; એકલા બાદર એકેન્દ્રિયમાં અસંખ્યાત-અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાળ છે. બાદર એકેન્દ્રિયમાં પણ પૃથ્વીકાય વગેરે દરેકમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ ૭૦ કોડાકોડી સાગર છે. સમુચ્ચયપણે વનસ્પતિકાયમાં રહેવાનો કાળ અસંખ્યાતા પુદ્‌ગલપરાવર્તન છે. પરંતુ એકલા નિગોદમાં ( સાધારણ વનસ્પતિ કાયમાં ) જન્મ-મરણ કરે ને વચ્ચે બીજા ભવ ન કરે-તો એ રીતે ઇતરનિગોદમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ અઢી પુદ્‌ગલ-પરાવર્તન છે. આ બધી વ્યવહારરાશિના જીવની વાત છે. એનાથી અનંતગુણા જીવો તો એવા છે કે જે અનાદિથી હજી સુધી નિગોદમાં ને નિગોદમાં જ જન્મે-મરે છે, તેમાંથી બહાર બીજી ગતિમાં હજુ આવ્યા નથી. આમ ઘણા દીર્ઘકાળ સુધી જીવ એકેન્દ્રિપણામાં મિથ્યાત્વને લીધે મહા દુઃખ પામ્યો છે. તેમાંથી નીકળીને અનંતકાળમાં ક્યારેક ત્રસપર્યાય પામે, તે ત્રસપર્યાયમાં પર્યાપ્તપણે રહેવાનો ઉત્કૃષ્ટકાળ બે હજાર સાગરોપમ છે. ને ત્રસપણામાં પણ મનુષ્યપર્યાય મળવી બહુ મોંઘી છે. ત્યાં સમ્યગ્દર્શનાદિ બોધિની ને મુનિદશાની દુર્લભતાની તો શી વાત !—

મનુષ્ય હોના મુશ્કિલ હૈ, સાધુ કહાંસે હોય ?
સાધુ હુઆ સો સિદ્ધ હુઆ, કરણી રહી ન કોય.

અરે, મનુષ્યપણાની આવી દુર્લભતા છે; આવું મનુષ્યપણું તને મળ્યું છે, તો હે જીવ ! મનુષ્યપણું પામીને ચાર ગતિનાં દુઃખોથી છૂટવા તું બોધિભાવના ભાવ. તે માટે આ ઉપદેશ છે. કેમકે—

મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે,
સમ્યક્‌ત્વ-આદિક ભાવ રે ! ભાવ્યા નથી પૂર્વે જીવે.

( નિયમસાર : ૯૦ )

જીવોએ અજ્ઞાનથી રાગની ભાવના ભાવી છે, પણ રત્નત્રયની ભાવના કદી ભાવી નથી. ભાવના એટલે પરિણમન; રાગમાં એકમેક થઈને પરિણમ્યો પણ સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમ્યો નહિ, તેથી જીવ સંસારમાં રખડી રહ્યો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ, ને મિથ્યાત્વાદિનો ત્યાગ—એવી દશા જીવને મહા દુર્લભ છે. એના વગર અનંતા જીવોનાં થોકેથોક નિગોદમાં દુઃખસાગરમાં પડયા છે. અનંતમા ભાગના જીવો જ નિગોદમાંથી બહાર આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકકોર બાકીના બધા જીવો, ને બીજીકોર નિગોદના જીવો,—તેમાં જ્યારે જુઓ ત્યારે નિગોદના જીવો અનંતગુણા જ રહેશે. તે નિગોદમાંથી નીકળીને પૃથ્વીકાય વગેરેમાં આવવું પણ દુર્લભ છે ત્યાં મનુષ્યપણાની દુર્લભતાની તો શી વાત?

અનંતકાળે નિગોદમાંથી નીકળી કોઈ જીવો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે પ્રત્યેક વનસ્પતિમાં આવે છે, તો તેમાં પણ સમ્યગ્દર્શન વગર મહા દુઃખ પામે છે. નિગોદમાંથી નીકળનાર જીવ અનુક્રમે પૃથ્વી–પાણી વગેરેમાં જ આવે એવો કોઈ નિયમ નથી, કોઈ જીવ ત્યાંથી નીકળીને સીધો મનુષ્ય પણ થાય. બાદર પૃથ્વીકાયમાં, તેમજ બાદર જલકાય, અગ્નિકાય, વાયુકાય તથા બાદર પ્રત્યેક વનસ્પતિકાય—એ દરેકમાં રહેવાની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરની છે, એમાં તો અસંખ્ય ભવ થઈ જાય. અને આમાં તો પર્યાપ્ત કે અપર્યાપ્ત બંને પ્રકારના ભવ આવી જાય; જો એકલા પર્યાપ્તની અપેક્ષાએ કહીએ તો તેમાં દરેકમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ સંખ્યાત હજાર વર્ષ છે. (એક જ પ્રકારના ભવોમાં જન્મ-મરણ કરી કરીને રહેવાની જેટલી કાળમર્યાદા હોય તેને 'ભવસ્થિતિ' કહેવાય છે.) વિકલેન્દ્રિયમાં પ્રત્યેકમાં (બે–ત્રણ કે ચાર ઇન્દ્રિયમાં) રહેવાનો ઉત્કૃષ્ટકાળ સંખ્યાત હજાર વર્ષ છે. પંચેન્દ્રિયપણમાં રહેવાનો કાળ હજાર સાગરોપમ (કંઈક અધિક) છે. ત્રસપણામાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ અધિક બે હજાર સાગરોપમ છે. એવું ત્રસપણું પામીને જે જીવો આત્માની દરકાર નહિ કરે તે ત્રસસ્થિતિનો કાળ પૂરો થતાં પાછા સ્થાવરમાં–એકેન્દ્રિયમાં જશે. બે હજાર સાગર તે તો ત્રસનો ઉત્કૃષ્ટકાળ કહ્યો છે, કાંઈ બધા જીવો એટલો કાળ ત્રસમાં નથી રહેતા; ઘણા જીવો તો અલ્પકાળમાં જ ત્રસ પર્યાય પૂરી કરીને પાછા એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે; અને કોઈક વિરલા જીવો આત્માનું ભાન કરીને, ત્રસપર્યાય છેદીને મોક્ષદશાને પણ સાધી લ્યે છે. ત્રસની બે હજાર સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ તો કોઈક જ ભોગવે છે.

પ્રશ્ન :—'સાગરોપમ' એટલે કેટલો કાળ?

ઉત્તર :—સાગરોપમમાં અસંખ્ય વર્ષો થાય, તેનું માપ આ પ્રમાણે છે—

એક યોજનનો એટલે કે બે હજાર કોસનો ઊંડો ને એટલા જ વ્યાસવાળો મોટો ખાડો હોય, તેમાં નાનકડા ઘેટાંના કૂણા વાળના ઝીણાઝીણા (—જેના કાતરથી બે ટૂકડા ન થઈ શકે એવા) ટૂકડા ઠાંસી ઠાંસીને ભર્યા હોય; દર સો વર્ષે તેમાંથી એક ટૂકડો બહાર કાઢવામાં આવે, એ રીતે આખો ખાડો ખાલી થતાં જેટલો વખત લાગે તેટલા વખતને એક 'વ્યવહાર કલ્પ' કહેવાય છે, અથવા ખાડાની ઉપમા વડે તેનું માપ કર્યું તેથી તેને 'પલ્યોપમ' કહેવાય છે. (ખાડો એટલે પલ્ય, તેની જેને ઉપમા તે પલ્યોપમ.)

એવા અસંખ્યાત વ્યવહારકલ્પનો એક ઉદ્ધારકલ્પ;
અસંખ્યાત ઉદ્ધારકલ્પનો એક અદ્ધાકલ્પ;

એવા દસ કોડાકોડી અદ્ધાપલ્યનો એક સાગરોપમ થાય છે.
(એક કરોડને એક કરોડથી ગુણીએ તેને એક કોડાકોડી કહેવાય.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પૃથ્વીકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૨૨૦૦૦ વર્ષ;
જલકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૭૦૦૦ વર્ષ;
અગ્નિકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૩ દિવસરાત;
વાયુકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૩ હજાર વર્ષ;

ઉપરના ચારેમાં બાદરકાયની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ.

પ્રત્યેક વનસ્પતિકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૧૦ હજાર વર્ષ; અને એ દરેકમાં પર્યાપ્તપણે રહેવાનો ઉત્કૃષ્ટકાળ (ભવસ્થિતિ) સંખ્યાત હજાર વર્ષ છે—એટલે તેટલા કાળ સુધી તેમાં જ જન્મે ને મરે.

સાધારણ વનસ્પતિ એટલે કે નિગોદનું આયુ અંતર્મુહૂર્ત જ છે; તેમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ (ઇતરનિગોદનો) અઢી પુદ્‌ગલપરાવર્તન છે; પરંતુ તેમાં પર્યાપ્તદશાવાળા ભવ ઉપરાઉપરી કરે તો વધુમાં વધુ અંતર્મુહૂર્ત સુધી જ કરે. પર્યાપ્ત ને અપર્યાપ્ત બંને થઈને અઢી પુદ્‌ગલ-પરાવર્તન જેટલો અનંતકાળ ઉત્કૃષ્ટપણે રહે. કોઈ જીવ ઓછા કાળમાં પણ તેમાંથી બહાર આવે.

અરે, અનંતકાળના પરિભ્રમણમાં રખડતા જીવે ચાર ગતિમાં અવતાર કરી કરીને મહા દુઃખો ભોગવ્યા; એમાં ક્યારેક માંડમાંડ મનુષ્ય થયો, ને ૮૪ ના ચક્કરમાંથી બહાર નીકળવાનો અવસર હાથમાં આવ્યો; અત્યારે બેદરકાર થઈને બીજે કાળ ગુમાવીશ તો હે ભાઈ! તું અવસર ચૂકી જઈશ. એક અંધ મનુષ્યને શિવનગરીમાં પ્રવેશવું હતું; નગરીના ગઢને એક જ દરવાજો હતો. કોઈ દયાળુએ તેને માર્ગ દેખાડ્યો કે આ ગઢની રાંગે હાથ લગાવીને ચાલ્યા જાઓ, ફરતાં ફરતાં દરવાજો આવે એટલે અંદર પેસી જજો; વચ્ચે ક્યાંય પ્રમાદમાં અટકશો નહિ. એ પ્રમાણે ગઢને હાથ લગાડીને તે અંધમનુષ્ય ફરવા લાગ્યો, પણ વચ્ચેવચ્ચે પ્રમાદી થઈને ઘડીકમાં પાણી પીવા રોકાય, ઘડીકમાં શરીર ખજવાળવા રોકાય; એમ કરતાં કરતાં જ્યાં દરવાજો આવવાની તૈયારી થઈ કે બરાબર તે જ વખતે ભાઈસાહેબ માથું ખજવાળતા-ખજવાળતા આગળ ચાલ્યા ગયા, ને દરવાજો તો પાછળ રહી ગયો. આમ શિવનગરીમાં પ્રવેશવાનો અવસર ચુકીને પાછો ચકરાવામાં પડ્યો. તેમ આ ચોરાસીના ચકરાવામાં માંડ મનુષ્યઅવતાર મળ્યો, મોક્ષનગરીમાં પ્રવેશવાનો અવસર આવ્યો, ને મોક્ષનો દરવાજો દેખાડનારા સંત મળ્યા; તેમણે કરુણા કરીને માર્ગ દેખાડ્યો કે અંદરના ચૈતન્યમય આત્માને સ્પર્શીને ચાલ્યો જા....એટલે મોક્ષનગરીમાં પ્રવેશવાનો 'રત્નત્રયદરવાજો' આવશે. હવે એને બદલે અંધમનુષ્યની જેમ જે અજ્ઞાની જીવ રાગમાં ને દેહની ક્રિયામાં ધર્મ માનીને તેની સંભાળમાં (-દેહબુદ્ધિમાં) રોકાય છે, ને ચૈતન્યને ઓળખવાની દરકાર કરતો નથી તે મોક્ષનગરીમાં પ્રવેશવાનો આ અવસર ચુકી જશે ને પાછો ચોરાસીના ચક્કરમાં પડીને ચારગતિમાં રખડશે. માટે હે જીવ! તે અંધની જેમ તું આ અવસર ચુકીશ મા. દેહની કે માન-મોટાઈની દરકાર મૂકીને આત્માના હિતની સંભાળ કરજે. અનંતવાર ગાજર-મૂળામાં મફતના ભાવે વેચાણો ત્યાં કોનાં માન કરવા? એકેન્દ્રિના અવતારમાં ગાજર કે મૂળામાં અવતર્યો હોય, ને બજારમાં શાકવાળાને ત્યાં તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગાજર–મૂળાના ઢગલામાં પડ્યો હોય. શાક લેનારની સાથેનો નાનો છોકરો શાક સાથે ગાજર કે મૂળો મફત માંગે ને શાકવાળો તે આપે; ત્યારે તેમાં વનસ્પતિકાયપણે જીવ બેઠો હોય તે પણ મૂળાની સાથે મફતમાં જાય.–એ રીતે મફતના ભાવે અનંતવાર વેંચાયો. અને અત્યારે મનુષ્ય થઈને તું મફતનો માન–અપમાનમાં જીવન કેમ ગુમાવે છે! ભાઈ, અલ્પકાળનો આ મનુષ્યઅવતાર, તેમાં આત્મહિત માટે શું કરવાનું છે તેની દરકાર કર.

કોઈ જીવ ઉપરા ઉપરી મનુષ્યના જ ભવ કરે તો વધુમાં વધુ આઠ ભવ થાય, પછી નિયમથી મનુષ્ય સિવાયની બીજી ગતિમાં ચાલ્યો જાય. ત્રસપણાની ઉત્કૃષ્ટસ્થિતિ ફક્ત બેહજાર સાગરોપમ છે; તેમાં તો બેઈંદ્રિય વગેરેના અવતાર પણ આવી જાય. પંચેદ્રિપણું અને તેમાં પણ મનુષ્યપણું તો બહુ દુર્લભ છે, ને તેમાંય સાચો વીતરાગી ધર્મ સમજવાનો અવસર તો કોઈ મહા દુર્લભ છે. આ બધી દુર્લભતાનું વર્ણન કાર્તિકેયસ્વામીએ બોધિદુર્લભ અનુપ્રેક્ષામાં કર્યું છે. (તે આ અધ્યાયના છેલ્લા ભાગમાં આપીશું.)

સંસારમાં જીવનો ઘણો કાળ તો નિગોદમાં જ વીત્યો છે. સકરીયું, બટેટું વગેરે કંદમૂળની રાઈ જેવડી ઝીણી કટકીમાં અસંખ્યાત ઔદારિક શરીર છે; એકેક શરીરમાં અનંતા જીવો છે;– કેટલા? કે અત્યાર સુધી જે અનંત સિદ્ધ થયા તેના કરતાં અનંતગુણા નિગોદ જીવો એકેક શરીરમાં છે. તેમાંથી નીકળીને ત્રસપણું પામવું એટલે કે ઇયળ કે કીડી વગેરેમાં આવવું–તે પણ કેટલું ચિંતામણિસમાન દુર્લભ છે! તે વાત હવેની ગાથામાં કહેશે.

* અપના હિત હોતા દેખકર સ્વહિત કર હી લેના ચાહિયે, ઇસમેં વિલમ્બ નહીં કરના ચાહિયે. બહતે પાનીમેં હાથ ધો લેના ચાહિયે. ક્યોંકિ અવસર પુનઃ પુનઃ પ્રાપ્ત નહીં હોગા.

(શ્રી બુધજન સતસઈ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



#卐 ત્રસપર્યાયની દુર્લભતા 卐

સંસારમાં ભમતાં જીવને પંચેન્દ્રિય થઈને સમ્યક્ત્વાદિ પામવું-એ તો કોઈ અપૂર્વ છે; પરંતુ એકેન્દ્રિયમાંથી બહાર નીકળીને બેઇંદ્રિયાદિ ત્રસપર્યાય પામવી તે પણ કેવું દુર્લભ છે? એ વાત કહે છે:—

( ગાથા—૫ )

**दुर्लभ लहि ज्यों चिन्तामणि त्यों पर्याय लही त्रसतणी ।**
**लट पिपील अलि आदि शरीर धर धर मरचो सही बहु पीर ॥५॥**

જેમ ચોક વચ્ચે ચિન્તામણિ પ્રાપ્ત થવો દુર્લભ છે, તેમ નિગોદ અને એકેન્દ્રિમાંથી નીકળીને ઈયળ-કીડી-ભમરો (બેઇન્દ્રિય-ત્રીઇન્દ્રિય-ચતુરીન્દ્રિય) એવા વિકલત્રયરૂપ ત્રસપર્યાય પણ ઘણી દુર્લભતાથી પ્રાપ્ત થાય છે, ને તેમાં શરીર ધારણ કરી કરીને પણ જીવ ઘણી પીડા પામે છે. ઇયળ વગેરે જીવોને મહા દુઃખ છે, નરક કરતાંય તેમને વધુ દુઃખ છે; જેમને પાંચ ઇન્દ્રિય પણ પૂરી નથી, વિચારશક્તિ પણ નથી, તેથી તે જીવોને 'વિકલ' કહેવાય છે. એકેન્દ્રિમાંથી નીકળીને માંડ ક્યારેક વિકલત્રયમાં આવે, તેમાં હાથી વગેરેના પગે કચરાઈને મરે, પાણીમાં તણાઈ જાય, અગ્નિમાં ભસ્મ થઈ જાય, બીજા ચકલા વગેરે તેને ખાઈ જાય-એમ અત્યંત પીડા સહિત મરીને પાછા એકેન્દ્રિમાં ઊપજે. વિકલત્રયમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ કરોડ પૂર્વ છે. વિકલત્રયમાંથી પંચેન્દ્રિપણું પામવું તે દુર્લભ છે.

જુઓ, આ દુર્લભતા બતાવીને શું કહેવા માંગે છે? એમ કહે છે કે રે જીવ! જે ભાવથી અનંતા લાંબાકાળ સુધી તેં એકેન્દ્રિયાદિપણામાં આવા દુઃખો સહન કર્યા તે મિથ્યાત્વાદિ ભાવોને છોડીને, મોક્ષસુખને સાધવાનો આ અવસર તને મળ્યો છે. આવો અવસર મળવો બહુ મોંઘો છે; માટે જાગૃત થઈને એવું વીતરાગવિજ્ઞાન કરજે કે ફરીને સંસારના આવા દુઃખ સ્વપ્નેય ન મળે. બહુ-બહુ દુઃખ ભોગવ્યા, હવે તો એનો અંત આવે-એવો ઉપાય કર.

જેમ મનુષ્યોને ચિંતામણિ ક્યારેક મહા પુણ્યે મળે છે, વારંવાર નથી મળતા, તેમ સંસારમાં જીવોને એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિયપણાની તો શી વાત, પણ બેઇન્દ્રિયપણું મળવું તે પણ ચિન્તામણિ પામવા જેવું દુર્લભ છે. ક્યારેક વિશુદ્ધ પરિણામના બળથી જીવ એકેન્દ્રિયમાંથી નીકળીને ત્રસમાં આવે છે. અરે, ઈયળ અને કીડી થવું પણ જ્યાં દુર્લભ ત્યાં મનુષ્યપણાની દુર્લભતાની તો શી વાત? ભાઈ! તું તો મનુષ્યપણા સુધી આવ્યો છો, તો ભવભીરુ થઈને હવે એવો ઉપાય કર કે આત્મા ચારગતિનાં દુઃખથી છૂટે. જેમ મધદરિયે ફેંકેલું રત્ન ફરી હાથમાં આવવું મુશ્કેલ, તેમ જો આત્માની દરકાર વગર આ મનુષ્યપણારૂપી રત્ન ગુમાવ્યું તો સંસારસમુદ્રમાં તે ફરી હાથ આવવું મુશ્કેલ છે. જગતને પથ્થર જેવા હીરાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કિંમત ભાસે છે ને તે મળતાં રાજી થાય છે, પરંતુ ઊંચા હીરાના ઢગલા આપતાં પણ જે ન મળે એવો આ મનુષ્યપણારૂપી હીરો મળ્યો છે, તેની કિંમત કરીને આત્માને કેમ સાધતો નથી? મનુષ્યપણામાં જો આત્માને સાધે તો જ તેની કિંમત છે; પણ જે જીવ વિષય કષાયોમાં જ જીવન ગુમાવે તેના મનુષ્યપણાની તો કોડીનીયે કિંમત નથી; એ તો મનુષ્યપણું પૂરું કરીને નરકાદિમાં ચાલ્યો જશે.

ઈયળ–કીડી–ભમરો વગેરે જીવો મહા દુઃખી છે. ઇયળ થાય ને કાગડો ખાઈ જાય, કીડી થાય ને પગ નીચે કચરાઈ જાય; ભમરો થાય ને કમળમાં પૂરાઈ જાય; કદાચ એવો સંયોગ ન થાય તોપણ મોહની તીવ્રતાને લીધે તે જીવો નિરંતર દુઃખી–દુઃખી જ છે; જેમ અતિશય મારથી મનુષ્ય બેભાન થઈ જાય છે. તેમ અતિશય દુઃખની વેદનાથી તે જીવોની ચેતના મૂર્છાઈ ગઈ છે, તેઓ અતિશય બેભાન થઈ ગયા છે. એકેન્દ્રિય અને પંચેન્દ્રિય એ બેની વચ્ચેના જીવોને વિકલેન્દ્રિય કહેવાય છે. એકેન્દ્રિમાંથી વિકલેન્દ્રિપણું પામવું તે પણ દુર્લભ છે. જોકે એકેન્દ્રિમાંથી વિકલેન્દ્રિય થઈને પછી જ પંચેન્દ્રિપણું થાય—એવો નિયમ નથી; કોઈ જીવો વચ્ચે વિકલેન્દ્રિપણામાં આવ્યા વગર એકેન્દ્રિયમાંથી સીધા પંચેન્દ્રિય પણ થાય છે;—જેમકે ભરતના ૩૨૦૦૦ પુત્રો,—તેઓ નિગોદમાંથી સીધા મનુષ્ય થઈ તે જ ભવે મોક્ષ પામ્યા.

અહીં તો એમ કહેવું છે કે એકેન્દ્રિયમાંથી માંડમાંડ નીકળીને બે–ત્રણ કે ચાર ઇન્દ્રિયપણું પામે, તો તેમાં પણ મિથ્યાત્વાદિને લીધે જીવ મહા દુઃખી જ છે. મિથ્યાત્વભાવને મટાડવાનો ઉદ્યમ કરવો તે જ દુઃખથી છૂટવાનો ઉપાય છે. આનંદનો પુંજ પ્રભુ આત્મા, તે પોતે પોતાને ભૂલીને દેહબુદ્ધિથી દુઃખી થઈ રહ્યો છે; એને ખબરેય નથી કે હું જીવ છું ને મારામાં તો સુખનો ભંડાર ભર્યો છે. અત્યારે મનુષ્ય થઈને એનુ ભાન કરવાનું ટાણું આવ્યું ત્યાં બહારની સગવડમાં ને માન–અપમાન જોવામાં રોકાઈ ગયો! અરે, તારાં દુઃખ દેખીને જ્ઞાનીઓને કરુણા આવે છે....તેથી તે દુઃખ મટાડવાનો ઉપાય ઉપદેશે છે.

આત્માનો ચેતના સ્વભાવ છે; પણ પોતાના ચેતનભાવને ભૂલીને તે અજ્ઞાનચેતનારૂપ થયો, ને અજ્ઞાનથી રાગ–દ્વેષને કરવારૂપ કર્મચેતના, તથા દુઃખને ભોગવવારૂપ કર્મફળચેતનારૂપ થયો. એકેન્દ્રિયપણામાં તો દુઃખવેદનરૂપ કર્મફળચેતનાની જ મુખ્યતા હતી; ત્રસપણું પામ્યો તેમાં પણ રાગ–દ્વેષરૂપ કર્મચેતનામાં જ મશગૂલ રહીને દુઃખને ભોગવે છે. કર્મ અને કર્મફળ બંનેથી ભિન્ન જ્ઞાનચેતનાને જ્યાં સુધી ન અનુભવે ત્યાં સુધી જીવને સુખ થાય નહિ. જ્ઞાનચેતના પોતે આનંદરૂપ છે. જ્ઞાનચેતના જ મોક્ષનું કારણ છે. જ્ઞાનચેતના કહો કે વીતરાગવિજ્ઞાન કહો.

ભાઈ, તારી ચેતનાને ભૂલીને જડ શરીરના કલેવરમાં તું મોહ્યો, તેથી તેં ઘણા શરીરો ધારણ કર્યા ને છોડયા, તેમાં તેં ઘણી પીડા સહન કરી. આત્મા તો કાંઈ મરી નથી જતો, પણ દેહબુદ્ધિને લીધે જન્મ–મરણનાં ઘણાં દુઃખો તેણે સહન કર્યા...ને ક્ષણેક્ષણે ભાવમરણમાં મર્યો. જુઓને, એક આંગળી કચડાતાં પણ મોહથી કેવી રાડ નાંખે છે! તો જેણે શરીરને જ સર્વસ્વ માન્યું છે તેને આખું શરીર છૂટતાં દુઃખ થયા વગર રહેશે નહિ. લાંબી ઇયળ હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ને માથે પથરો પડે ત્યાં અડધું શરીર પથ્થર નીચે કચરાઈ જાય, એ બહાર કાઢવા જોર કરવા જાય ત્યાં તે તૂટી જાય, ને પછી ટળવળી-ટળવળીને મરે. અનંતકાળથી આવા મરણ કરી રહ્યો છે. દેહ વગરનું પોતાનું અસ્તિત્વ છે-તે તો કદી જાણ્યું નથી, તો તે સુખ શેમાંથી લેશે ? દેહમાં તો કાંઈ સુખ છે નહિ, દેહની મૂર્છામાં તો દુઃખ જ છે.

એકેન્દ્રિયપણામાંથી છૂટીને શુભ પરિણામથી માંડમાંડ ત્રસપણું પામ્યો, તો ત્યાં પણ દુઃખ જ અનુભવ્યું. કીડી-મકોડો થયો હોય ને શેરડીના રસનો સ્વાદ લેવા ચોંટ્યો હોય ત્યાં શેરડીના રસની સાથે તે પણ ઊકળીને સેકાઈ જાય; લાકડાની વચ્ચે કીડો થયો હોય ને ચૂલામાં લાકડા સાથે ભડભડ સળગી જાય; ઊધઈ હોય ને તડકામાં સેકાઈને સમસમી જાય. આ તો જે બહાર દેખાય તેની થોડીક વાત કરી, અંદર તો એ બિચારા અસંજ્ઞી પ્રાણી અનંતું દુઃખ વેદી રહ્યા છે. ક્યાં જઈને એ પોતાના દુઃખનો પોકાર કરે ? કોઈ એને મારે-કૂટે-બાળે તો કોની પાસે જઈને ફરિયાદ કરે કે અમને આ જીવો મારી નાંખે છે ! બાપુ ! તારી ભૂલે તું દુઃખી થયો, ને વીતરાગવિજ્ઞાન વડે તું જ તારા આત્માને દુઃખથી છોડાવ.—બીજા તો શું કરે ! બીજા કાંઈ તને દુઃખ દેનાર પણ નથી ને બીજા તને દુઃખથી છોડાવનાર પણ નથી. જીવ પોતે જ પોતાનો શત્રુ છે ને પોતે જ પોતાનો મિત્ર છે. જીવ પોતે જ પોતાના સવળા કે ઊંધા ભાવ અનુસાર સુખી કે દુઃખી થાય છે, કોઈ બીજો તેને સુખી-દુઃખી કરતો નથી.

જ્યાંસુધી દેહથી ભિન્ન પોતાનું સ્વરૂપ ન સંભાળે ત્યાંસુધી 'भूल आपको भरमत वादी' જીવ દુઃખી થઈને સંસારમાં જ રખડે છે. જેમ બારોટ જૂની-પુરાણી વાતો સંભળાવે તેમ અહીં સન્તો જીવના પરિભ્રમણની કથા સંભળાવે છે; ભાઈ! પૂર્વે તેં કેવા કેવા દુઃખો સહન કર્યાં, તેનું કારણ શું, ને તેનાથી હવે કેમ કરીને છૂટાય તેની વાત સન્તો તને સંભળાવે છે.

પ્રથમ તો એકેન્દ્રિયમાંથી નીકળીને ત્રસ થવું મોંઘું, અને ત્રસ થાય તેથી કાંઈ દુઃખથી છૂટી જવાતું નથી. થોડા વર્ષો પહેલાં ચોમાસામાં અહીં (સોનગઢમાં) સ્વાધ્યાયમંદિરના ઈશાન ખૂણે જમીનના દરમાંથી મોટીમોટી પાંખોવાળા જીવડાના થોકેથોક નીકળતા હતા, તે જેવા દરમાંથી નીકળે કે તરત કાગડા-ચકલાં વગેરે બીજા પંખી તેને ચાંચમાં પકડીને ખાઈ જતા હતા. હજી તો બિચારાં ઊપજીને દરમાંથી માંડ બહાર આવ્યા ત્યાં તો સીધા કાગડા એને ખાઈ ગયા. અરે, આવું સાંભળીને કે નજરે દેખીને પણ જીવની આંખ ઊઘડતી નથી, -જાણે કે એ તો બધું બીજાને માટે જ હોય ! અરે ભાઈ, આવું તો અનંતવાર તેં પણ સહન કર્યું; પણ અત્યારે સાતાના ઘેનમાં તું એ બધું ભૂલી ગયો ! બીજાને જેવા દુઃખ પડે છે તેવા બધા દુઃખ અનંતવાર તું પણ ભોગવી ચુક્યો છે. માટે હવે સાવધાન થઈને સમજણ કર. બાપુ ! આ માનવપણાં બહુ મોંઘા છે, ને તેમાંય ધર્મ સાંભળવો ને સમજવો તે તો બહુ દુર્લભ છે. ઘણા જીવો તો ધર્મના નામે પણ રાગમાં ને પુણ્યમાં ફસાઈ જાય છે. અને અત્યારે તો જુઓને, બહારની પદવી મેળવવા માટે માણસો કેવી ધમાધમ કરે છે ને રાગ-દ્વેષ

વી. ૪

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને કેવા હેરાન થાય છે? પણ પોતાની ચૈતન્યપદવી મેળવવા માટે કાંઈ ઉદ્યમ ખરો? –એની કાંઈ કિંમત ખરી? બાપુ! બહારના પદમાં તો તારું કાંઈ કલ્યાણ નથી, અનંતવાર એ પદવી મળી તોય તું સંસારમાં જ રહ્યો; અંદરમાં ચૈતન્યપદને એકવાર પણ પ્રાપ્ત કર તો તારી મુક્તિ થાય ને તને મહાન સુખ મળે. આવો અવતાર ને તેમાંય આવો સુઅવસર માંડ મળ્યો છે......તો તે એળે ન ગુમાવીશ.

જો કોઈ જીવ અપશબ્દોનો પ્રયોગ કરે છે તો વિવેકી સાધુ એમ વિચારે છે કે આ મનુષ્યે મને ક્રોધથી માત્ર ગાળ જ આપી છે, મારેલ તો નથી. જો તે મારવા લાગી જાય તો તે સાધુ આમ વિચારે છે કે તેણે મને માત્ર માર્યો જ છે, પ્રાણોનો નાશ તો નથી કર્યો. પરંતુ જો તે પ્રાણોનો નાશ કરવામાં ઉદ્યત થઈ જાય તો તેઓ એમ વિચારે છે કે આણે ક્રોધને વશીભૂત થઈને માત્ર મારા પ્રાણોનો જ નાશ કર્યો છે પરંતુ મારા પ્રિય ધર્મનો તો નાશ નથી કર્યો; માટે મારે આ બિચારા અજ્ઞાની પ્રાણી ઉપર ક્રોધ કરવો ઉચિત નથી કારણ કે ક્રોધ ધર્મનો નાશ કરે છે અને પાપનો સંચય કરે છે એમ સમજી બુદ્ધિમાન સાધુ ક્ષમા જ કરે છે.

—શ્રી સુભાષિત-રત્નસંદોહ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પંચેન્દ્રિય-તિર્યંચનાં દુઃખોનું વર્ણન

અજ્ઞાનથી સંસારમાં ભમતાં તિર્યંચ ગતિમાં એકેન્દ્રિયથી ચતુરીન્દ્રિયપણામાં જીવે જે દુઃખ ભોગવ્યા તેની વાત કરી; હવે કોઈવાર પંચેન્દ્રિયતિર્યંચ થયો તો શું થયું-તે કહે છે—

( ગાથા—૬ )

**कबहूं पंचेन्द्रिय पशु भयो, मन बिन निपट अज्ञानी थयो ।**
**सिंहादिक सैनी ह्वै क्रूर निबल पशु हति खाये भूर ॥ ६ ॥**

કોઈક વાર જીવ પંચેન્દ્રિય થયો તો અસંજ્ઞી થયો, એટલે પાંચ ઇન્દ્રિયો તો પૂરી મળી પણ મન વગરનો થયો, વિચારશક્તિ વગરનો મૂઢ રહ્યો; અસંજ્ઞીપણામાં તીવ્ર અજ્ઞાન છે-મૂઢતા છે, તેને હિત-અહિતનો કંઈ વિચાર જ નથી, ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિ જ નથી; જોકે તેને કાન છે, તે સાંભળે છે, પણ સમજવાની બુદ્ધિ કે વિચારશક્તિ તેનામાં નથી, તેને ભાષાજ્ઞાન નથી. એની જ્ઞાનશક્તિ ખૂબ જ અવરાઈ ગઈ છે. આવી દશામાં પંચેન્દ્રિય થઈને પણ તે જીવ ઘણું દુઃખ ભોગવે છે. નરકના જીવો તો સંજ્ઞી છે—પોતાના હિત-અહિતનો વિચાર કરી શકે એવા છે, તે નરકના જીવો કરતાંય આ અસંજ્ઞી જીવો વધારે દુઃખી છે. અસંજ્ઞી જીવો ધર્મ પામી શકતા નથી. વીતરાગવિજ્ઞાનરૂપ ધર્મની પ્રાપ્તિનો અવસર સંજ્ઞીપણામાં જ છે.

સર્પ-દેડકાં-માછલાં વગેરે તિર્યંચો સંજ્ઞી (મનવાળાં) પણ હોય છે ને અસંજ્ઞી પણ હોય છે. કોઈને શરીર મોટું હોય, પણ હોય મન વગરનાં; તે દેખે-સાંભળે ખરા, પણ એનામાં વિચાર કરવા જેટલી બુદ્ધિ ન હોય. વિચાર વગરના પ્રાણીને મૂર્ખ કહેવાય છે તેમ તે અસંજ્ઞી જીવો તદ્દન મૂર્ખ છે, તે કાંઈ શિખામણ ગ્રહણ કરી શકતા નથી. પંચેન્દ્રિય થઈને પણ જીવ આવી મૂઢતામાં રહ્યો ને ઘણાં દુઃખ સહન કર્યાં. અરે પ્રભુ! તું તો આવો મનવાળો મનુષ્ય થયો છો...તો આ અવસર ચૂકીશ મા. કેમકે—

યહ મનુષ્યપર્યાય સુકુલ સુનિવો જિનવાની,
ઇહવિધ ગયે ન મિલે સુમણિ જ્યોં ઉદધિ સમાની.

નિજસ્વરૂપને ભૂલીને સંસારમાં ભમતો જીવ ક્યારેક સંજ્ઞી પણ થયો તો સિંહ-વાઘ-અજગર વગેરે ક્રૂર તિર્યંચ થયો; તેને મન મળ્યું, વિચારશક્તિ મળી, પણ પરિણામ ન સુધર્યાં એટલે ક્રૂરતાથી હરણ-સસલાં વગેરે બીજા નિર્બળ પ્રાણીઓને મારી-મારીને ખાધાં. એ પ્રમાણે મહા પાપ કરીને નરકાદિમાં ભમ્યો.

કોઈ જીવો એકેન્દ્રિયમાંથી નીકળીને સીધા સંજ્ઞી પંચેન્દ્રિય થાય છે; વચ્ચે વિકલેન્દ્રિયપણું કે અસંજ્ઞીપણું થાય જ એવો કાંઈ નિયમ નથી; એકેન્દ્રિયમાંથી કોઈ જીવ સીધો મોક્ષમાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વર્ગમાં કે નરકમાં ન જાય, પણ તિર્યંચમાં કે મનુષ્યમાં જ જાય. અહીં તો કહે છે કે— અરે, સંજ્ઞી પંચેન્દ્રિ થઈને પણ અજ્ઞાનીપણે જરાય દયા વગર નિર્દયતાથી ક્રૂરપણે નિર્બળ પશુઓને કે મનુષ્યોને પણ ચીરીને ફાડી ખાધા. મહાવીર ભગવાનનો જીવ પણ પૂર્વે દશમા ભવે સિંહ હતો ત્યારે અજ્ઞાનદશામાં ક્રૂરપણે હરણને ફાડી ખાતો 'તો ને? ત્યાં તો આકાશમાંથી બે મુનિઓ ઊતર્યા અને નીડરપણે તેની સામે આવીને ઊભા. એમના વીતરાગી દેદાર દેખીને સિંહ તો સ્તબ્ધ થઈ ગયો. મુનિઓએ તેને ઉપદેશ દીધો કે અરે સિંહ! તું સિંહ નથી, તું તો ચૈતન્યભગવાન છો...તું તો ત્રણલોકનો નાથ તીર્થંકર થવાનો છો. ભગવાનની વાણીમાં અમે સાંભળ્યું છે કે આ સિંહનો જીવ દશમાં ભવે ભરતક્ષેત્રમાં તીર્થંકર થશે. અરે, તું જગનો તારણહાર,—શું તને આ ક્રૂર પરિણામ શોભે છે? ના...ના. આ હિંસાના ક્રૂર પરિણામને તું છોડ છોડ! અંદર શાંતપરિણામી આત્મા છે તેને લક્ષમાં લે. અરે, પંચેન્દ્રિ પંચેન્દ્રિને મારે? આ શો ગજબ! ચેતનને આવી હિંસાના પરિણામ નથી શોભતા.

મુનિનો ઉપદેશ સાંભળતાં સિંહ થંભી જાય છે...તત્ક્ષણ તેના પરિણામ પલટી જાય છે. મુનિ સામે આશ્ચર્યથી જોઈ રહે છે કે અરે આ તે કોણ? સામાન્ય પ્રાણીઓ તો મને દૂરથી જોતાં જ ભયભીત થઈને ભાગે, તેને બદલે આ તો ઉલટા સામેથી નિર્ભયપણે મારી સામે આવીને ઊભા....ને મને મારા હિતની વાત સંભળાવે છે. સિંહના ક્રૂર પરિણામ તો છૂટી ગયા... ને અંતર્મુખ થઈને તે સમ્યગ્દર્શન પામ્યો. પછી તો તેણે ઘણા જ ભાવથી મુનિવરોની ભક્તિ કરી....મુનિઓને પ્રદક્ષિણા દીધી....પશ્ચાત્તાપથી આંખમાંથી આંસુની ધારા ચાલી.

જુઓ, તિર્યંચગતિમાં ધર્મપ્રાપ્તિ તો કોઈકને થાય છે. ભગવાનની ધર્મસભામાં પણ ઉપદેશ સાંભળીને કોઈ કોઈ તિર્યંચો ધર્મ પામે છે. પરંતુ સામાન્યપણે અજ્ઞાનદશામાં જીવ સિંહ વગેરે ક્રૂર તિર્યંચ થઈને નિર્બળ પશુઓને હણે છે. દશમા ભવે તો જગતઉદ્ધારક તીર્થંકર થવાનું છે-કે જેની સમીપમાં સિંહ વગેરે જીવો પણ પોતાનું હિંસકપણું છોડી દે, એવો જીવ પણ અજ્ઞાનદશામાં સિંહ થઈને હરણને મારતો હતો ને! એવા ક્રૂર પાપ પરિણામોથી છૂટીને આત્માનું હિત કરવા માટેનો આ ઉપદેશ છે. કેવા કેવા પરિણામથી તું સંસારમાં દુઃખી થયો, ને હવે શું કરવાથી તે દુઃખ છૂટીને સુખ થાય,—તેનો ઉપાય શ્રીગુરુ બતાવે છે; તે ઉપાય છે—વીતરાગવિજ્ઞાન.

અનંતવાર પંચેન્દ્રિ થઈને પણ અજ્ઞાનવશ જીવે એવા ક્રૂર કામ કર્યા કે જે દેખીને બીજાને પણ કંપારી છૂટે. એકવાર એક રાજા શિકારે ગયો ને વાણિયાને ભેગો લઈ ગયો, ત્યાં એક પાડો બાંધેલો ને સિંહ તેને ખાતો હતો; વાણિયો કહે અરે બાપુ! અમારાથી આ ન જોવાય. રાજા કહે—અરે, તમે વાણિયા તો વેવલા-ડરપોક; અમે તો ક્ષત્રિય-શૂરવીર! આ હાથે કરીએ ને આ હાથે ભોગવીએ. જુઓ, આવા નિષ્ઠુર પરિણામવાળા જીવો નરકમાં ન જાય તો બીજે ક્યાં જાય? અત્યારે નરકમાં એના દુઃખની અસહ્ય પીડા કેવી હશે? એને તો એ વેદે ને ભગવાન જાણે. એની રાડ કોઈ સાંભળે તેમ નથી. અરેરે, પાપ કરતી વખતે જીવ આંધળો થઈ જાય છે,-પાપના ફળને તે દેખી નથી શકતો; પણ જ્યારે એનું પરિણામ આવે છે ત્યારે ભોગવવું આકરું થઈ પડે છે.

અત્યારે તિર્યંચની વાત ચાલે છે. ક્યારેક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થયો તો એવા ક્રૂર પરિણામ કર્યા કે આત્મ-વિચારનો અવકાશ જ ન રહ્યો. હમણાં એક મોટા અજગરે વાઘ જેવા વાઘને ભરડો લઈ ને ભીંસી નાખ્યો. છ કલાક સુધી છૂટવા ઘણાં ફાંફા માર્યા પણ અંતે વાઘ મરી ગયો. મોટા માછલાં નાના માછલાંને ખાઈ જાય, અરે, જ્યાં મનુષ્ય મનુષ્યને નિર્દયપણે હણી નાંખે છે ત્યાં પશુની શી વાત! કૂતરી પોતાનાં બચ્ચાંને જન્મ આપે ને પોતે જ તેને ખાઈ જાય. જુઓ ક્રૂરતા! આવા ક્રૂર પરિણામ જીવે ઘણીવાર સેવ્યા. અરે, આવા હિંસક અવતાર કરી કરીને જીવ મહા દુઃખી થયો. પોતે બળવાન થયો ત્યારે બીજા નિર્બળ પશુને મારી ખાધા; ને ક્યારેક પોતે નિર્બળ થયો ત્યારે પોતાથી બળવાન બીજા પશુઓ વડે ખવાયો—એ વાત હવેની ગાથામાં કરશે.

સંસારમાં જીવોને જીવન-મરણ તો પોતાના આયુ અનુસાર થાય છે, કોઈ બીજો તેને મારી કે જીવાડી શકતો નથી; પણ અહીં તો જીવના પરિણામની વાત છે. સંસારમાં કેવા કેવા પરિણામ કરીને જીવ દુઃખી થઈ રહ્યો છે-તે બતાવવું છે. તારા કેવા પરિણામથી તું દુઃખી થયો એમ જાણીને તેનું સેવન છોડ. પાપ અને પાપનું ફળ બતાવીને તેનાથી વિરક્તિ કરાવે છે. પોતાના સ્વરૂપને ભૂલ્યો તેથી આ પરિભ્રમણ છે, તે ટાળવા માટે લાખ ઉદ્યમ કરીને સમ્યક્ત્વ પ્રગટ કર,—એમ શ્રીગુરુ કરુણાપૂર્વક ઉપદેશ આપે છે.

યદિ અપના કોઈ કુટુંબીજન અપને કર્મવશાત્ મરણકો પ્રાપ્ત હો જાતા હૈ તો નષ્ટબુદ્ધિ મૂર્ખજન ઉસકા શોચ કરતે હૈં; પરંતુ આપ સ્વયમ્ યમરાજ કી દાઢોંમેં આયા હુઆ હૈ ઇસકી ચિંતા કુછ ભી નહીં કરતા હૈ યહ બડી મૂર્ખતા હૈ.

—શ્રી જ્ઞાનાર્ણવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# તિર્યંચગતિનાં દુઃખોનું વિશેષ કથન

મિથ્યાત્વાદિના સેવનથી સંસારમાં ચારેગતિમાં જીવ જે અનંત દુઃખ પામે છે તે બતાવીને, તેનાથી છૂટવાનો ઉપાય કરવા માટે સંતોએ વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે. તિર્યંચપણામાં જીવ કેવાં દુઃખ પામ્યો તેનું કથન ચાલે છે.

( ગાથા—૭ )

**कबहूं आप भयो बलहीन सबलनि करि खायो अति दीन ।**
**छेदन-भेदन–भूख–पियास भार–वहन हिम आतप त्रास ॥ ७ ॥**

પોતે જ્યારે સિંહાદિક બળવાન પશુ થયો ત્યારે નિર્બળ પ્રાણીઓને ક્રૂરપણે મારી ખાધા; અને જ્યારે પોતે નિર્બળ પશુ થયો ત્યારે બીજા બળવાન પશુઓ તેને ખાઈ ગયા; એની પાસે જોર ચાલે નહિ એટલે અત્યંત દીનપણે ભક્ષ્ય થઈ ગયો. બિચારું સસલું કે બકરાનું બચ્ચું મોટા સિંહના મોઢામાં પડ્યું હોય તે કેવું દીન થઈને મરે? વળી કોઈ કસાઈ વગેરે એને છરાથી છેદી નાંખે, ભેદીને કટકા કરી નાંખે, ખાવા-પીવાનું મળે નહિ, અસહ્ય ભાર ઉપાડવો પડે, ને ગમે તેવી ઠંડી-ગરમીનાં ત્રાસ સહન કરવા પડે. –આમ દુઃખમાં ને દુઃખમાં ભવ પૂરો કરી નાંખે. એમાં વળી કોઈ જીવની પાત્રતા હોય તો ભગવાનનો કે મુનિ વગેરેનો ઉપદેશ મળી જાય ને ધર્મ પામી જાય. પણ અહીં તો અજ્ઞાનથી સંસારમાં જે દુઃખ સહન કરી રહ્યો છે તેની વાત છે. જેણે જ્ઞાન કર્યું તે તો મોક્ષમાર્ગી થઈ ગયો.... એ તો આનંદનો અનુભવ કરતો કરતો મોક્ષને સાધશે. ચારે ગતિમાં જે ધર્માત્મા જીવો છે તેને આ દુઃખનું વર્ણન લાગુ નથી પડતું, કેમકે આ તો મિથ્યાત્વના કારણે થતા દુઃખની કથા છે. ધર્મી જીવો પૂર્વે ધર્મ પામ્યા પહેલાં આવા દુઃખ ભોગવી ચૂક્યા છે, પણ હવે તો સમ્યક્ત્વાદિ પ્રગટ કરીને સુખના પંથે ચડ્યા છે....એટલે એમની તો બલિહારી છે. તેઓ તો દુઃખહારી અને સુખકાર એવા વીતરાગવિજ્ઞાન વડે મોક્ષને સાધી રહ્યા છે.

આ પહેલા અધ્યાયમાં મનુષ્ય–દેવ સહિત ચારે ગતિનાં દુઃખો બતાવીને પછી બીજા અધ્યાયમાં કહેશે કે—

'ઐસે મિથ્યાદૃગ-જ્ઞાન-ચર્ણવશ
ભ્રમત ભરત દુઃખ જન્મ–મર્ણ.'

ચારગતિનાં આવા ઘોર દુઃખો જીવ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને લીધે ભોગવે છે; માટે યથાર્થ જ્ઞાન કરીને તે મિથ્યાત્વાદિને છોડવા જોઈએ. નિજસ્વરૂપને સમજ્યા વિના જીવ અનંત દુઃખ પામ્યો, એટલે નિજસ્વરૂપની સમજણ કરવી તે જ દુઃખથી છૂટવાનો ઉપાય છે. સ્વરૂપની અણસમજણથી અનંત દુઃખ, ને સ્વરૂપની સાચી સમજણનું ફળ અનંત સુખ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપને નહિ સમજનાર જીવ ચાર ગતિમાં દુઃખી જ છે, એને ક્યાંય સુખનો છાંટોય નથી. અજ્ઞાનમાં સુખ ક્યાંથી હોય? આ કાંઈ બીવડાવવા માટે દુઃખ નથી દેખાડતા, પણ યથાર્થપણે જે દુઃખ જીવ ભોગવી રહ્યો છે તે બતાવે છે. જો આવા દુઃખોથી ખરેખર ભયભીત થાય તો તેના કારણરૂપ મિથ્યાભાવને છોડે ને સુખના ઉપાયરૂપ સમ્યક્ત્વાદિનો ઉદ્યમ કરે.

શરીર છેદાય ત્યાં ત્રાસ પામે છે કે હાય, હું છેદાઈ ગયો! શરીરનું છેદાવું તે તો કાંઈ દુઃખ નથી, પણ એની નજર તો દેહ ઉપર જ પડી છે, દેહથી જુદું પોતાનું અસ્તિત્વ છે તે તો લક્ષમાં આવ્યું નથી.—

છેદાવ વા ભેદાવ કો લઈ જાવ નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ પણ પરિગ્રહ નથી મારો અરે.

શરીરના છેદન-ભેદનથી હું તો છેદાતો-ભેદાતો નથી, હું તો અખંડ જ્ઞાન છું.—આવું ભાન તો કર્યું નથી ને દેહમાં જ આત્મબુદ્ધિ કરીને મૂર્છાઈ ગયો છે તે જીવ છેદન-ભેદનના પ્રસંગમાં દુઃખી થાય છે.—તે દુઃખ દેહનું નથી પણ મૂર્છાનું છે.

તિર્યંચ અવતારમાં અનંત દુઃખો જીવે ભોગવ્યા, સસલું-હરણ વગેરે નિર્બળ પ્રાણી, બિચારાં જંગલમાં ઘાસ ખાઈને જીવનારાં, તેને વાઘ વગેરે ખાઈ જાય; ત્યાં કાંઈ કરી ન શકે ને દુઃખી થઈને પ્રાણ છોડે. હાથી જેવાને પણ સિંહ ફાડી ખાય; સિંહ-વાઘને વળી શિકારી જીવો બંદૂકથી વીંધી નાંખે. આ રીતે હણાતાં જીવ દુઃખી થાય છે કેમકે દેહની મમતા તો છૂટી નથી.

અહીં બીજા ખાઈ જાય, છેદી નાંખે વગેરે સંયોગદ્વારા કથન કરીને સામા જીવના ક્રૂર હિંસકભાવ અને આ જીવનું દુઃખ બતાવવું છે. બાકી આત્મા તો ક્યાં ખવાય છે?—છેદાય છે કે મરે છે? પણ અજ્ઞાનથી આવા આત્માને ન ઓળખતાં દેહરૂપે જ પોતાને માન્યો છે એટલે દેહનું છેદન-ભેદન થતાં હું જ છેદાઈ ગયો, હું જ મરી ગયો-એમ અજ્ઞાની પ્રાણી મહા દુઃખી થાય છે.

**પ્રશ્નઃ**—શું જ્ઞાનીને દેહના છેદન-ભેદનથી દુઃખ નહિ થતું હોય?

**ઉત્તરઃ**—ના; અજ્ઞાનીને દેહબુદ્ધિથી જેવું દુઃખ થાય છે તેવું જ્ઞાનીને કદાપિ થતું. નથી. અનંત દુઃખના કારણરૂપ મિથ્યાત્વને તો તેણે છેદી નાંખ્યું છે એટલે કોઈ પણ પરિસ્થિતિમાં મિથ્યાત્વજન્ય અનંત દુઃખ તો તેને થતું નથી. મિથ્યાત્વના અભાવમાં બાકીના રાગ-દ્વેષથી દુઃખ થાય તો તે ઘણું અલ્પ છે. ને અજ્ઞાની તો કદાચ આરામથી બેઠો હોય,-શરીર છેદાતું-ભેદાતું ન હોય, છતાં તે વખતે પણ મિથ્યાત્વભાવનું અનંતુ દુઃખ તે વેદી રહ્યો છે. કાંઈ બહારનો સંયોગ પ્રતિકૂળ હોય તો જ દુઃખ હોય-એમ નથી. સંયોગનું કથન તો સ્થૂળબુદ્ધિ જીવોને સમજાવવા માટે છે. જીવોને બહારના છેદન-ભેદન વગેરેનું દુઃખ ભાસે છે, પણ અનંતા દુઃખનું મૂળકારણ મિથ્યાભાવ છે, ને મિથ્યાત્વનું અનંત દુઃખ એને લક્ષમાં નથી આવતું. તેથી અહીં ચાર ગતિનાં દુઃખ વર્ણવ્યા પછી તરત કહેશે કે આ બધા દુઃખો મિથ્યાત્વને લીધે જ જીવ ભોગવે છે, માટે તે મિથ્યાત્વાદિનું સેવન છોડ ને સમ્યક્ત્વાદિમાં આત્માને જોડ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને મિથ્યાત્વાદિ ભાવ નથી તેને પ્રતિકૂળતામાંય દુઃખ નથી. જુઓને, આ વીતરાગી સંતમુનિઓ આત્માના આનંદમાં કેવા મશગૂલ છે! બહારમાં તો વાઘ શરીરને ખાઈ જાય છે, અગ્નિથી શરીર બળી જાય છે, પણ અંદર ઉપશમરસમાં આત્મા એવો ઠરી ગયો છે કે એમને જરાય દુઃખ થતું નથી; શરીર બળવા છતાં દુઃખ થતું નથી; કેમ? કારણ કે દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિનો અભાવ છે. શરીર ભલે બળે, આત્મા ક્યાં મોહાગ્નિમાં બળે છે? આત્મા તો ચૈતન્યના શાંતરસમાં ઠરી ગયો છે! એટલે તે તો આનંદની મોજ કરે છે.

આત્માનો પોતાનો સુખસ્વભાવ છે; તેનું સુખ સંયોગને લીધે નથી, ઇન્દ્રિયવિષયોને લીધે નથી, એ વાત ઘૂંટીઘૂંટીને પ્રવચનસારમાં સમજાવી છે. કેવળી ભગવાનનું અતીન્દ્રિયસુખ બતાવીને આત્માનો સુખસ્વભાવ સિદ્ધ કર્યો છે. સુખ–દુઃખરૂપે આત્મા પોતે પરિણમે છે, તેમાં બાહ્યવિષયો તેને કાંઈ કરતા નથી.

અરે, તું પોતે સુખસ્વભાવથી ભરપૂર છો; તારા સુખસ્વભાવની તને ખબર નથી, તેથી દુઃખને જ તું વેદી રહ્યો છે. પણ વિચાર તો ખરો કે શું દુઃખ વેદવું એ તે કાંઈ જીવનો સ્વભાવ હોય! કોઈવાર નરકના જીવને તીવ્ર દુઃખવેદનામાં એવો વિચાર જાગી જાય છે કે અરે, આવું દુઃખ! આવો ત્રાસ!—એ આત્માનો સ્વભાવ ન હોય. એમ વિચારતાં અંદરમાં દુઃખ વગરના શાંતસ્વભાવમાં ઊતરી જાય છે ને આત્માના અતીન્દ્રિયસુખનો અનુભવ કરી લ્યે છે. જુઓને, જીવ જાગે તો એને કોણ નડે છે?—નરકનો સંયોગ પણ એને નડતો નથી, ત્યાં પણ આત્મજ્ઞાન કરી લ્યે છે, જીવ પોતે જાગે તો શું ન કરી શકે! અંતમુહૂર્તમાં કેવળજ્ઞાન લઈ લ્યે—એવી મહાન તાકાતવાળો છે. એવી નિજશક્તિને સંભાળે તો અનંતકાળનું અજ્ઞાન ક્ષણમાત્રમાં ટળીને અપૂર્વ વીતરાગવિજ્ઞાન પ્રગટે....ને પછી ઉગ્રધારાએ શુદ્ધતાની શ્રેણી માંડે તો અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન પ્રગટ કરે. દરેક આત્મા આવા સ્વભાવ–સામર્થ્યવાળો છે.

જીવ પોતે પોતાને ભૂલીને મિથ્યાત્વને લીધે ચારગતિમાં જે દુઃખ ભોગવે છે તેનો ચિતાર આપવા માટે અહીં બહારના પ્રતિકૂળસંયોગથી (છેદન-ભેદન વગેરેથી) કથન કર્યું છે. અંદરના દુઃખનો ખ્યાલ બીજી કઈ રીતે આપવો? બુદ્ધિગોચર દુઃખો કરતાંય અબુદ્ધિગોચર દુઃખો અનંતા છે.

પાલેજમાં એકવાર નજરે જોયેલું કે પીંજરામાં પકડાયેલા ઉંદર ઉપર એક છોકરો ક્રૂરતાથી ધગધગતું પાણી રેડતો હતો. ધગધગતા પાણીથી બફાઈ જાય ને તરફડે, પણ પીંજરે પૂરાયેલો તે ઊંદર બિચારો ક્યાં જાય? –કોની પાસે પોકાર કરે? ક્રૂર જીવો ભૂંડનાં બચ્ચાંને ચારેપગે બાંધીને જીવતેજીવતું ભઠ્ઠીમાં સેકી નાંખે ને પછી ખાઈ જાય. બળદ–પાડા વગેરે અસહ્ય ત્રાસ આપીને તેની પાસે સો–સો મણનો ભાર પરાણે-પરાણે ખેંચાવે ને પછી શરીર નીચોવાઈ જાય એટલે કાપવા માટે કસાઈને વેંચી દ્યે. –આવી ક્રૂરતા અજ્ઞાનભાવે અનંતવાર જીવે કરી, ને પોતે પશુ થઈને આવા દુઃખો અનંતવાર ભોગવ્યા. અત્યારે તો જુઓને, ભણતરના નામે વાંદરા વગેરે પ્રાણીને બિચારાને રીબાવે, જીવતો રાખી માથામાં ડગળી પાડીને દવા વગેરેના અખતરા કરે; જીવતા દેડકાંના ચાર પગમાં ખીલા ઠોકીને તેનું પેટ ચીરે. અરેરે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભણતરના નામે કેટલી ક્રૂરતા ! એ તો બધા અનાર્ય–ભણતર છે. આર્યમાણસોમાં આવી ક્રૂરતા ન હોય. અહીં કહે છે કે છેદન-ભેદનના ને ભૂખ-તરસના આવા દુઃખો અનંતવાર તેં સહન કર્યા, માટે હવે એવો ઉપાય કર કે ફરીને આવા દુઃખ ભોગવવા ન પડે...ને ચાર ગતિના દુઃખથી છૂટીને આત્મા મોક્ષસુખ પામે.

ચાર ગતિ દુઃખથી ડરે તો તજ સૌ પરભાવ,
શુદ્ધાતમ-ચિંતન કરી લે શિવસુખનો લ્હાવ.

કૂતરાના અવતારમાં ઘરેઘરે ભટકે તોય પેટ ન ભરાય. કૂતરા વગેરે તિર્યંચોને ભૂખ ખૂબ હોય છે; પણ બિચારાને પેટપૂરતું ખાવાનુંય મળતું નથી. ઘરે ઘરે રખડે, કેટલોય તિરસ્કાર પામે, કેટલીય લાકડિયું ખાય ત્યારે માંડમાંડ રોટલાનું એકાદ બટકું મળે. દુષ્કાળમાં ઘાસ વગર ગાય વગેરે ઢોર ભૂખે ટળવળતા આંસુ સારતા ઊભા હોય, તેનો માલિક ભરવાડ પણ એ ઢોરના ખભે માથું ઢાળીને ઊભો હોય ને ભૂખ્યા ઢોરને દેખીને એની આંખમાંથીયે આંસુ હાલ્યા જાતા હોય. આ ઉપરાંત ઢોરને રોગાદિ પણ થાય, કીડા પડે, ટાઢ તડકા સહન કરે, આમ અનેક પ્રકારનાં દુઃખોમાં તે રિબાય છે. માટે હે જીવ ! આવા દુઃખોથી તું ભયભીત હો અને સુખને ચાહનો હો તો તું મુનિરાજની આ શિખામણ ગ્રહણ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સેવન કર ને મિથ્યાત્વાદિને છોડ.

* દૂસરેકો ઠગ લૂંગા ઐસા વિચારકર જો કોઈ માયાચારકા ઉપાય કરતે હૈં ઉન લોગોંને ઇસલોક તથા પરલોક દોનોંમેં સદા હી અપને આપકો ઠગા હૈ.

(શ્રી સારસમુચ્ચય)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# તિર્યંચનાં વિશેષ દુઃખ અને કુમરણ

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનાં તિર્યંચોનાં દુઃખોનું થોડુંઘણું વર્ણન કર્યું, બાકી કથનમાં તો કેટલુંક આવે? તેથી તેનો ઉપસંહાર કરતાં કહે છે કે—

( ગાથા–૮ )

**वध बंधन आदिक दुःख घने कोटि जीभतैं जात न भने ।**
**अति संक्लेश भावतैं मर्यो, घोर श्वभ्रसागरमें पर्यो ॥ ८ ॥**

અરે, અજ્ઞાનથી પશુપણામાં વધ–બંધન અને બીજા ઘણા પ્રકારનાં જે દુઃખો જીવે સહન કર્યાં તેનું વર્ણન કેટલું કરવું? કરોડો જીભથી પણ એ દુઃખો કહી શકાય તેમ નથી. થોડાક શારીરિક સ્થૂળ દુઃખો અહીં બતાવ્યા, બીજા હજારો પ્રકારનાં માનસિક દુઃખોની જે તીવ્ર પીડા છે તે વચનથી કેમ કહી શકાય? આમ ઘણાં દુઃખો ભોગવી-ભોગવીને અંતે અત્યંત સંક્લેશ ભાવથી કુમરણે મર્યો અને નરકમાં ઘોર દુઃખના દરિયામાં જઈને પડ્યો.

જો કે બધા પંચેન્દ્રિય તિર્યંચો કાંઈ નરકમાં જ જાય–એવું નથી; તે તો ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં જાય છે. પણ અહીં તીવ્ર પાપપરિણામથી મરીને નરકમાં ગયો તેની વાત છે, કેમકે દુઃખ કેવા કેવા ભોગવ્યા તે બતાવવું છે; તેમાં તિર્યંચ પછી હવે નરકનાં દુઃખ બતાવવા છે. શાસ્ત્રો તો સુખનું ઉત્કૃષ્ટ સ્વરૂપ બતાવે, તેમ દુઃખનુંય ઉત્કૃષ્ટસ્વરૂપ બતાવે, કે જેથી તે દુઃખથી છૂટવાનો અને સુખની પ્રાપ્તિનો જીવ ઉપાય કરે. અજ્ઞાનથી સંસારમાં જીવ મહા દુઃખી છે એ વાત પણ ઘણાને નથી બેસતી; પોતે દુઃખી છે–એનો પણ જેને ખ્યાલ ન આવે તે જીવ તે દુઃખનાં કારણોનો કે દુઃખથી છૂટવાનો ઉપાય કેમ વિચારે?–જેને એનો વિચાર નથી, દુઃખથી છૂટવાની જિજ્ઞાસા નથી–એવા જીવોની તો અહીં વાત નથી. અહીં તો જેને એમ ભાસે કે હું મહા દુઃખી થઈ રહ્યો છું, ને સુખી થવાની પિપાસા જેને અંતરમાં જાગી હોય એવા જીવને સન્તો આ ઉપદેશ કરે છે.

ભાઈ, અજ્ઞાનભાવે સંસારના કોઈ દુઃખ ભોગવવા તેં બાકી નથી રાખ્યા. હું કોણ છું, મારી સાચી જાત શું છે, હું દુઃખી છું કે સુખી, દુઃખથી છૂટવા ને સુખી થવા માટે મારે શું કરવું, શું છોડવું ને શું ગ્રહવું—એના ભાન વગર, વિવેક વગર, વિચાર વગર જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે.

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનના સિદ્ધાન્તતત્ત્વો અનુભવ્યાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે, વિચારશક્તિ મળી તોય જીવ વિચાર પણ કરતો નથી, ને જેમ ધગધગતા અગ્નિમાં સકરીયું સેકાય તેમ દુઃખાગ્નિમાં સેકાઈ રહ્યો છે....દુઃખના ભડકામાં દાઝી રહ્યો છે પણ મૂઢને દુઃખ દેખાતું નથી! જરાક અપમાનાદિ થાય ત્યાં તો ક્રોધથી સળગી ઊઠે છે. અરે જીવ! આ તને નથી શોભતું. તું જાગ....જાગ. ધર્મ વગર તારા જીવનની કાંઈ કિંમત નથી. અળશિયાના ને કીડાના અવતારમાં ધર્મ વગર મર્યો ને આ મનુષ્ય અવતાર પામીને પણ ધર્મ વગર મરે-તો એ બેમાં ફેર શું રહ્યો? ભાઈ, ધર્મ વગર તારાં દુઃખ મટે તેમ નથી.

ધર્મ વગર સુખ ક્યાંથી હોય? ધર્મ વગર જીવને કેવા કેવા દુઃખો ભોગવવા પડે છે તેની આ કથા છે. જેમ રામ વગેરેનું લાંબા કાળનું જીવન ત્રણ કલાકના નાટકમાં દેખાડે છે તેમ આ આતમરામના અનંતકાળના દુઃખની કથા શાસ્ત્રકારોએ સંક્ષેપમાં બતાવી છે. ભાઈ, તિર્યંચપણામાં તેં ઘણાં દુઃખો ભોગવ્યા. કોઈ છરાથી એને કાપે, ભૂખ્યા-તરસ્યા બાંધી રાખે, પીંજરામાં પૂરી રાખે,—તિર્યંચ પોતાનાં એ દુઃખ કોને કહેવા જાય? મોટું માછલું થઈને નાના માછલાંને ખાઈ જાય; નાનું માછલું હોય તે એવા ક્રૂર વિચાર કરે કે હું મોટું હોત તો આ બધા માછલાંને ખાઈ જાત.—આવા ક્રૂરભાવ કરીને કુમરણે મરે અને નરકમાં જઈને પડે. નરકનાં ઘોર દુઃખોની વાત હવે પછી કરશે.

**પ્રશ્ન :**—જીવે આવા અનંત દુઃખ સહન કર્યા તે અત્યારે કેમ યાદ નહિ આવતા હોય?

**ઉત્તર :**—અત્યારે દુઃખ છે એ તો નજરે દેખાય એવું છેને! તો ભૂતકાળ પણ જીવે આ જ રીતે અજ્ઞાનીપણે દુઃખોમાં જ વીતાવ્યો છે. એની મૂઢતાને લીધે એને યાદ ન આવે તેથી શું? માતાના ઉદરમાં ઊંધે માથે નવમાસ રહીને જે દુઃખ ભોગવ્યું તે પણ યાદ નથી આવતું, તેથી શું તે દુઃખ ન હતું? ભાઈ, સન્તો તને યાદ દેવડાવે છે કે અજ્ઞાનથી અત્યાર સુધીનો અનંતકાળ તેં કેવા દુઃખમાં વીતાવ્યો! ચારગતિમાં ક્યાંય સુખની ગંધ પણ તને ન મળી. અરે, દુઃખકથા સાંભળતાં વૈરાગ્ય આવી જાય એવું છે.

શાસ્ત્રમાં સુકુમાર (સુકોમલ)ના વૈરાગ્યપ્રસંગનું વર્ણન આવે છે. તેની માતા યશોભદ્રાને જ્યોતિષીએ પહેલેથી કહેલું કે તારો પુત્ર કોઈ પણ મુનિરાજને દેખતાં કે તેમનાં વચન સાંભળતાં જ વૈરાગ પામી દીક્ષા લેશે,—આથી તેની માતા તેને મહેલમાં જ રાખતી ને ભૂલેચૂકે કોઈ મુનિ એની નજરે ન પડી જાય તેની તકેદારી રાખતી. તે યશોભદ્રાના ભાઈ યશોભદ્ર, એટલે સુકુમારના મામા, તેઓ મુનિ થયા હતા. તેમણે અવધિજ્ઞાન વડે જાણ્યું કે હવે સુકુમારનું આયુષ્ય થોડુંક જ બાકી છે. આથી તેને પ્રતિબોધવા તેના મહેલની નજીકના ઉદ્યાનમાં 'ત્રિલોકપ્રજ્ઞપ્તિ'ની સ્વાધ્યાય કરવા લાગ્યા; તેમાં ત્રણલોકનું વર્ણન આવે છે. પ્રથમ નરકનાં દુઃખોનું વર્ણન આવ્યું, તે પોતાના મહેલમાં બેઠાબેઠા સાંભળીને સુકુમારને વૈરાગ્યભાવના જાગી. પછી મધ્યલોકના વર્ણન બાદ ઊર્ધ્વલોકના અચ્યુત સ્વર્ગનું તથા ત્યાંના દેવની વિભૂતિ વગેરેનું વર્ણન સાંભળતાં સુકુમારને પોતાના પૂર્વભવનું સ્મરણ થયું; ને ઇન્દ્રિયસુખોને અસાર જાણીને સંસારથી તેનું મન વિરક્ત થયું. તે તરત જ મુનિરાજ પાસે ગયા ને હવે ત્રણ દિવસનું જ આયુષ્ય બાકી છે—એમ સાંભળીને તે જ વખતે દીક્ષા લઈ મુનિ થયા. આમ નરકાદિના દુઃખોનું સ્વરૂપ વિચારે તોપણ જીવને વૈરાગ્ય આવે તેવું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભૂતકાળનો અનંતકાળ જીવે દુઃખમાં જ ગાળ્યો છે, મોક્ષસુખ કદી પામ્યો નથી; જો મોક્ષસુખ એકવાર પામે તો ફરી સંસારમાં અવતાર રહે નહિ. ધર્મના આરાધક જીવને કદાચિત રાગને કારણે એકાદ બે અવતાર હોય તો તે ઉત્તમ અવતાર જ હોય છે; સમ્યગ્દૃષ્ટિને હલકા અવતાર હોતા નથી. તિર્યંચ-નરક વગેરે હલકા અવતારનું આયુષ્ય મિથ્યાદૃષ્ટિ જ બાંધે છે. જીવતા રાજકુમારને લોઢા ગાળવાની ભઠ્ઠીમાં ફેંકે ને તેને જે દુઃખ થાય એવા દુઃખ અજ્ઞાનને લીધે તિર્યંચગતિમાં જીવે અનંતવાર વેઠયા છે. કાં તો પોતે ક્રૂર પાપી થઈને બીજાને માર્યા એટલે નરકમાં ગયો, અથવા બીજાએ ક્રૂરપણે તેને માર્યો ત્યારે તીવ્ર ક્રોધાદિ સંકલેશથી મરીને પોતે નરકમાં ગયો. નરક એટલે તો દુઃખનો દરિયો. એના દુઃખની શી વાત !

એકવાર ઘાતકી માણસો એક ઘેટાને આખા શરીરમાં સોંસરવો લોઢાનો ધગધગતો સળિયો પરોવીને આખેઆખું સેકતા હતા. કેટલી ક્રૂરતા ! અને એ ઘેટાનેય એ વખતે કેવી પીડા થતી હશે ! દેહ સિવાય બીજું તો કાંઈ એને ભાસ્યું નથી. આવી પીડા ભોગવી ભોગવીને અનંતવાર કુમરણ કર્યાં. બીજા જીવો આવા દુઃખો ભોગવે છે તેમ તું પણ આવા દુઃખો અનંતવાર અજ્ઞાનીપણે ભોગવી ચૂકયો છો. માટે તેનાથી છૂટવા સાચું જ્ઞાન કર. જ્ઞાનીને તો આનંદની લહેર છે. 'જગતને મરણ તણી બીક છે, જ્ઞાનીને તો આનંદની લહેર જો.' સુખનો દરિયો જ્યાં પોતામાં જ ઉલ્લસતો દેખ્યો ત્યાં દુઃખ કેવું ? ને કુમરણ કેવા ? અને જ્યાં દેહથી ભિન્ન ચૈતન્યનું ભેદજ્ઞાન નથી ત્યાં તો દુઃખ અને કુમરણ જ છે. ભેદજ્ઞાન વગર સમાધિમરણ કે સુખ હોય નહિ. પોતે અજ્ઞાનથી કેવા ભયંકર દુઃખ સહન કર્યાં તે જાણે, અને સ્વભાવના પરમ સુખને જાણે, તો જીવ દુઃખનાં કારણોને છોડીને સુખનો ઉપાય કરે; અને ફરીથી તેને નરકાદિનાં દુઃખ રહે નહિ, સાદિ-અનંતકાળ સુખધામમાં બિરાજે. અરે જીવ ! તને દુઃખ ગમતું નથી તો તે દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવને તું કેમ છોડતો નથી ? અને તને સુખ વહાલું લાગે છે તો તે સુખના કારણરૂપ સમ્યક્ત્વાદિ ભાવને કેમ સેવતો નથી ? દુઃખ તો કોને ગમે ? —કોઈને ન ગમે; પણ પોતે જ્યાં સુધી દુઃખના કારણનું સેવન ન છોડે ત્યાં સુધી દુઃખ મટે નહિ. પોતામાં આનંદનો સમુદ્ર ભર્યો છે, પણ પોતાની સામે જીવ જોતો નથી તેથી તેને પોતાનો આનંદ અનુભવમાં આવતો નથી, ને બાહ્યદૃષ્ટિથી દુઃખને જ વેદી રહ્યો છે. તે દુઃખોમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના તિર્યંચપણામાં કેવા કેવા દુઃખ ભોગવ્યા તે બતાવ્યું. હવે નરકગતિનાં દુઃખોનું વર્ણન કરશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# 卐 નરકગતિનાં દુઃખોનું વર્ણન 卐

જગતમાં અનંત જીવ છે; તે જીવને દુઃખ છે–એમ બતાવીને તેના નાશનો ઉપાય બતાવવો છે. પ્રથમ દુઃખ કેવું છે ને તે દુઃખનું કારણ શું છે? તે બતાવે છે; તેમાં તિર્યંચ-ગતિનાં દુઃખો બતાવ્યાં, હવે ચાર ગાથા દ્વારા નરકગતિનાં દુઃખનું કથન કરે છે.—

( ગાથા ૯ )

**तहां भूमि परसत दुःख इसो बिच्छू सहस डसें नहिं तिसो ।**
**तहां राध-श्रोणितवाहिनी कृमिकुलकलित देहदाहिनी ॥ ९ ॥**

પંચેન્દ્રિય થઈને પણ જે તિર્યંચો કે મનુષ્યો તીવ્ર પાપ કરે છે તે નરકમાં જઈને પડે છે. નરકમાં ઉત્પત્તિના સ્થાનરૂપ ઊંધા મુખવાળા બીલ છે તેમાં ઊપજીને નારકી જીવ ઊંધા માથે નીચે પટકાય છે,—પડતાંવેંત છરા જેવી કર્કશ જમીનના આઘાતથી મહાદુઃખ પામીને પાછો એકદમ ઊછળે છે, ને ફરી પાછો જમીનમાં ભાલાં ને છરા જેવા તીવ્ર શસ્ત્રો ઉપર પડે છે. આમ થવાથી તેનું આખું શરીર છિન્નભિન્ન થઈ જાય છે ને તે મહા દુઃખ પામે છે. ઉપજતાંવેંત એવી અસહ્ય પીડા તે ભોગવે છે કે જાણે દુઃખના દરિયામાં પડ્યો. એ આકરાં વેદનની શી વાત! ત્યાંની જમીન જ એવી છે કે જેનો સ્પર્શ થતાં પણ હજારો વીંછીના ડંખ જેવી પીડા થાય. કાળોતરો વીંછી કે જે કરડતાંવેંત અહીંના માણસો તો મરી જાય, એવા હજારો વીંછી એકસાથે ડંખ મારે ને જે પીડા થાય તેનાથીયે વધુ આકરી પીડા નરકમાં જમીનના સ્પર્શમાત્રથી થાય છે. જમીનને અડે ત્યાં તો જાણે ઝેરી વીંછી કરડતા હોય એવી પીડા દેહમાં થાય. જ્યાં જમીન જ એવી કર્કશ, ત્યાં છૂટીને બીજે જાય ક્યાં? નરકની ભૂમિ એવી દુર્ગંધમય છે કે, તેનો એક કણીયો અહીં મૂકે તો તેની દુર્ગંધથી કેટલાય ગાઉના માણસો મરી જાય. ત્યાં લોહી–પરુથી ભરી હોય એવી દુર્ગંધી વૈતરણી નદી દેખીને, ભ્રમથી પાણીની આશાએ તેમાં પડે ત્યાં તો તેની પીડા ઊલટી વધી જાય છે, તે વૈતરણી નદી અત્યંત બળતરા ઉત્પન્ન કરનારી છે. જાણે ખદખદતા કીડા ભર્યા હોય એવી દુર્ગંધી તે નદી છે. ખરેખર તે નદી નથી પણ નારકી વગેરે તેવી વિક્રિયા કરે છે; બીજો નારકી પાણી સમજીને તેમાં પડે છે ને મહાદુઃખ પામે છે. નરકભૂમિમાં કાંઈ કીડા-વીંછી વગેરે વિકલેન્દ્રિય જીવો હોતા નથી; સર્પ વગેરે પણ નથી હોતા, પરંતુ બીજા નારકી વગેરે વિક્રિયાથી તેવો દેખાવ કરે છે. તાંબાના લાલચોળ ધગધગતા રસમાં કોઈને ફેંકે ને તેને જે દુઃખ થાય તેનાથી વધુ પીડા વૈતરણીમાં પડીને નારકી જીવ પામે છે. લોકોમાં એમ બોલાય છે કે અહીં ગાયનું દાન દીધું હોય તો નરકમાં તે ગાયનું પૂંછડું ઝાલીને વૈતરણીને તરી જવાય.—એ તો તદ્દન વિપરીત ભ્રમણા છે. અહીં ગાય આપી તે ગાય નરકમાં ક્યાંથી પહોંચી ગઈ? અને તેનું દાન આપનાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નરકમાં જાય ને ત્યાં ગાયનું પૂંછડું ઝાલીને વૈતરણી પાર કરે;–તો પછી એના કરતાં નરકમાં જવું જ ન પડે એવું કરને. ભાઈ! આત્માનું ભાન કરતાં નરકગતિનાં મૂળિયાં છેદાઈ જાય છે.

માંસ–માછલાં–ઈંડાં વગેરે ખાય, શિકાર કરે, મહાપાપો કરે એવા પાપી જીવો મરીને નરકમાં જાય છે ને આકરાં દુઃખ વેદે છે. મરીને પણ એનાથી છૂટવા માંગે પણ આયુસ્થિતિ પૂરી થયા પહેલાં છૂટી ન શકે. ઊંધા ભાવે જે સ્થિતિ નાંખી તેનું ફળ ભોગવ્યે છૂટકો. શરીરના લાખો કટકા થઈને વેરણછેરણ થઈ જાય છતાં મરે નહિ, પારાની જેમ પાછા ભેગા જાય.–આવા જે દુઃખો તેનું કારણ મિથ્યાત્વ છે એમ જાણીને તેનું સેવન છોડ....ને સુખનું કારણ સમ્યક્ત્વાદિ છે—એમ જાણીને તેનું સેવન કર

આત્મા અનાદિ અનંત છે. તેણે અત્યાર સુધીનો કાળ શેમાં ગાળ્યો? મોક્ષ તો પામ્યો નથી, જો મોક્ષ પામ્યો હોય તો સિદ્ધાલયમાં હોય, આવા અવતારમાં ન હોય. મોક્ષ પામેલ આત્મા સંસારમાં ફરીથી અવતાર ધારણ કરતા નથી. એટલે અત્યાર સુધી જીવે સંસારની ચાર ગતિમાં દુઃખ ભોગવવામાં જ કાળ ગુમાવ્યો છે. એ કાળ કેવા કેવા સ્થાનોમાં (કેવી કેવી પર્યાયોમાં) ગુમાવ્યો—તેની આ કથા છે.

આ પૃથ્વીની નીચે નરકના સ્થાનો છે, અસંખ્ય જીવો તેમાં ઘોર દુઃખ ભોગવી રહ્યા છે. એ બધું કાંઈ કલ્પના નથી પણ સત્ છે, સર્વજ્ઞ ભગવાને જોયેલું છે. લાખો–કરોડો જીવોનો સંહાર કરી નાંખવાના જે ક્રૂર–નિર્દય–ઘાતકી પરિણામ, તેનું ફળ ભોગવવાનું સ્થાન આ મનુષ્યલોકમાં નથી, અહીં તો બહુબહુ તો એકવાર તેને ફાંસી આપે અરે, સેંકડો માણસોને ગોળીએ વીંધી દેનારા ક્રૂર બહારવટીયા વગેરે પકડાતા નથી, કોઈવાર પકડાય તો કોર્ટમાં નિર્દોષ ઠરીને પણ છૂટી જાય છે; તો શું તેના પાપનું ફળ તેને નહિ મળે? અરે, નરકમાં એ પાપના ફળથી અબજો–અસંખ્ય વર્ષો સુધી મહા દુઃખ પામશે. જગતમાં પુણ્ય અને પાપ કરનારા જીવો છે, તેમ તેના ફળરૂપ સ્વર્ગ અને નરક પણ છે.

કેટલાક જીવો સ્થૂળબુદ્ધિથી એમ માને છે કે અહીં દુર્ગંધી વિષ્ટા વગેરેમાં જે કીડા ઊપજે તે જ નરક છે; બીજી કોઈ નરક નથી,—એમ તેઓ કહે છે પણ તે સાચું નથી. આ પૃથ્વીની નીચે સાત નરકનાં સ્થાનો છે ને તેમાં અસંખ્ય જીવો નારકીપણે અત્યારે પણ મહાદુઃખ વેદી રહ્યા છે. તે નારકી જીવો તો પંચેન્દ્રિય છે, ને વિષ્ટાના કીડા વગેરે તો વિકલેન્દ્રિય તિર્યંચ છે, તે કાંઈ નારકી નથી. તે વિષ્ટાના કીડા વગેરે જીવો તો નારકી કરતાં પણ ઘણા વધારે દુઃખી છે, બહારમાં પ્રતિકૂળ સંયોગો કદાચ થોડા દેખાય, પણ અંદર દુઃખની તીવ્રતાથી તે મૂર્છાઈ ગયા છે, એટલે સંયોગદૃષ્ટિથી જોનારને તેના દુઃખની તીવ્રતા દેખાતી નથી. નારકી તો પંચેન્દ્રિય છે, તેનામાં તો ઉપદેશ સાંભળવાનીયે યોગ્યતા છે ને તેનું ગ્રહણ પણ કરી શકે છે; અરે, કોઈ જીવ ત્યાં સમ્યગ્દર્શન પણ પામી જાય છે. સાતમી નરકમાં પણ અસંખ્ય જીવો (ત્યાં ગયા પછી) સમ્યગ્દર્શન પામ્યા છે. જ્યારે વિષ્ટાના કીડા વગેરે તો બેઇન્દ્રિય છે. તે તો ચેતનાશક્તિ અત્યંત હારી ગયા છે, તેનું જ્ઞાન એટલું હીણું થઈ ગયું છે કે 'તું આત્મા છો' એવા શબ્દ સાંભળવાનીયે શક્તિ તેનામાં નથી રહી; ઉપદેશગ્રહણ કરવાની શક્તિ જ ગુમાવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બેઠા છે; જ્ઞાનચેતનાને હારીને બેભાનપણે એકલું મહાન દુઃખ જ વેદી રહ્યા છે, તેને એટલું દુઃખ છે કે ગમે તેટલા પ્રતિકૂળ સંયોગથી પણ તેનું માપ ન થઈ શકે. એકલી બાહ્યસામગ્રી ઉપરથી ધર્મનું કે દુઃખનું માપ થઈ શકતું નથી.

આત્માનો અનંત આનંદસ્વભાવ છે. તે આનંદસ્વભાવની વિરાધના કરીને જેટલી ઊંધાઈ કરી તેટલું અનંતુ દુઃખ જીવ ભોગવે છે. આનંદસ્વભાવને આરાધીને સિદ્ધ ભગવંતો અનંતુ સુખ ભોગવે છે; ને એની વિરાધના કરીને રાગમાં સુખ માનનાર મિથ્યાદ્રષ્ટિ જીવો સંસારમાં અનંતુ દુઃખ ભોગવે છે. જ્યાં રાગનો એક શુભ વિકલ્પ ઊઠે તે પણ ચૈતન્યના આનંદથી વિરુદ્ધ છે-દુઃખદાયક છે, તોપછી દેહબુદ્ધિથી તીવ્ર હિંસાદિ પાપો કરનારના દુઃખની તો શી વાત કરવી? માંસભક્ષણ, શિકાર વગેરે તીવ્ર મહાપાપો કરનારા જીવો નરકમાં જાય છે; અહીં તો હજી મખમલના સુંવાળા ગાદલામાં શરીર પડ્યું હોય, ને તે જીવ તો નરકમાં ઊપજીને ત્યાં હજારો વીંછીના ડંખ કરતાંય તીવ્ર દુઃખ ભોગવતો હોય, એના શરીરના કટકે કટકા થઈ જતા હોય. પૂર્વે જેટલી પાપરૂપી કિંમત ભરી છે તેટલું દુઃખ નરકમાં ભોગવે છે. આ જીવ પોતે અનંતવાર આવા દુઃખો ભોગવી આવ્યો છે. તેનાથી છૂટવાનો હવે આ અવસર છે. આ દુઃખો એટલા માટે વર્ણવે છે કે તેના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવોને જીવ છોડે.

હે ભવ્યજનો! અધિક કહેવાથી શું લાભ? જે ગૃહ, સ્ત્રી, પુત્ર અને જીવનાદિ સર્વ પ્રતાડિત ધજાના વસ્ત્રના છેડા સમાન ચંચળ છે, તેમના વિષયમાં તથા ધન અને મિત્ર આદિના વિષયમાં મોહ છોડીને ધર્મમાં બુદ્ધિ જોડો.

( શ્રી પદ્મનંદિ પંચવિંશતિ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# નારકીનાં દુઃખોનું વિશેષ વર્ણન

( ગાથા-૧૦ )

**सेमरतरु दलजुत असिपत्र असि ज्यों देह विदारैं तत्र ।**
**मेरु समान लोह गली जाय ऐसी शीत-उष्णता थाय ॥ १० ॥**

નરકભૂમિમાં સેમરનાં ઝાડ એવાં હોય છે કે જેનાં પાંદડા તલવારની તીખી ધાર જેવા હોય છે. તે ઝાડ નીચે જરાક વિસામો લેવાની આશાથી જાય ત્યાં તો ઉપરથી સેમરતરુનાં પાન પડીને તેના શરીરને વીંધી નાંખે છે; ને તેનાં ફૂલ પણ ૨૫-૫૦ મણના તોતીંગ ગોળાની જેમ તેના ઉપર પડીને તેને છૂંદી નાંખે છે. જ્યાં જ્યાં સુખની આશાથી જાય છે ત્યાં ત્યાં તે મહા દુઃખને પામે છે. 'ભોંમાંથી ભાલાં ઊગ્યા' એમ કહેવાય છે, નારકીમાં ખરેખર તેવું જ છે. ત્યાંના પૃથ્વી અને ઝાડ પણ તે જીવને ભાલાની જેમ વીંધી નાંખે છે વળી ત્યાં ઠંડી અને ગરમી એટલી કે લાખ યોજનના મેરુપર્વત જેવડો લોખંડનો ગોળો પણ ઉપરથી નીચે નાંખતાં રસ્તામાં જ ઓગળી જાય. જેમ અગ્નિમાં ઘી ઓગળી જાય તેમ ત્યાંની ગરમીમાં લોખંડનો લાખો મણનો ગોળો ઓગળી જાય છે; ને ઠંડીમાં પણ જેમ હીમથી ઝાડપાન બળી જાય છે તેમ લોખંડના ગોળાના રજકણો વેરવિખેર થઈને બળી જાય છે. આવી ઠંડી કે ગરમી ઓછામાં ઓછા દશ હજારથી માંડીને અસંખ્ય વર્ષો સુધી તે જીવોને સહન કરવી પડે છે.

પહેલી ચાર નરકમાં ભૂમિ ગરમ છે, પાંચમી નરકના અમુક ભાગોમાં ઠંડી છે, છઠ્ઠી તથા સાતમી નરકમાં ભૂમિ ઠંડી છે. પહેલી નરકમાં ઓછામાં ઓછું આયુષ્ય દસહજાર વર્ષ છે; પછી દસહજાર વર્ષ ઉપર એકસમય, બેસમય—એમ એકેક સમય વધતાં છેવટે સાતમી નરકનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ છે. આ રીતે દસહજાર વર્ષથી માંડીને ૩૩ સાગરોપમ સુધીના જે અસંખ્ય ભંગ, તે દરેકમાં અનંતવાર જીવ ઊપજી ચૂકયો છે. અરે, અનંતકાળમાં દીર્ઘભ્રમણમાં જીવે શું બાકી રાખ્યું છે! ભાઈ, તારા દુઃખની દીર્ઘતાનીયે તને ખબર નથી. એની ખબર પડે તો એનાથી છૂટવાનો ઉપાય કર્યા વગર રહે નહીં. અનાદિ-અનંત ટકનારો જીવ, તેનો અનાદિથી અત્યાર સુધીનો દીર્ઘકાળ દુઃખમાં જ વીત્યો. જો આત્મભાન કરીને સિદ્ધપદ સાધે તો, સંસાર કરતાંય સિદ્ધપદનો કાળ અનંતગુણો છે—એવા સિદ્ધપદનું મહાસુખ પ્રાપ્ત થાય ને સંસારદુઃખનો અંત આવી જાય.

નરકમાં સ્પર્શ-રસ-ગંધ એ બધુંય પ્રતિકૂળ છે; ત્યાં ઘડીભર પણ સાતા નથી. હજારો-લાખો વર્ષ નરકની ઠંડી-ગરમીનાં દુઃખ સહન કર્યાં, શરીરમાં ભાલા ભોંકાય એવી પૃથ્વીમાં રહ્યો; એનો એ જીવ અત્યારે છે, પણ એ બધું ભૂલી ગયો! અત્યારે એક કાંટો લાગે તોય સહન નથી કરતો. શરીરની સગવડ આડે આત્માને સાવ ભૂલી રહ્યો છે. આત્માનું જ્ઞાન નહિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરે તેને માટે ચાર ગતિનાં એવાં ને એવાં દુઃખો પાછાં ઊભા છે. માટે હે ભાઈ! આ મનુષ્યપણામાં આત્માની દરકાર કરજે. ઘણા જીવો તો નરકનાં દુઃખનું વર્ણન સાંભળીને વૈરાગ્ય પામી ગયા ને દીક્ષા લઈને મુનિ થયા....તેમણે આત્માના આનંદમાં લીન થઈને દુઃખનો અભાવ કર્યો.

અહીં જરાક જેટલી પ્રતિકૂળતા આવતાં રાડ નાંખે છે, પણ નરકની પ્રતિકૂળતા પાસે તો અહીંની પ્રતિકૂળતા કાંઈ જ હિસાબમાં નથી. અરે, એ અનંતી વેદના વચ્ચે અસંખ્ય વર્ષો જીવે કેમ કાઢયા હશે! એ અસંખ્ય વર્ષની અનંતી વેદના વચ્ચે પણ જીવ જીવતો જ રહ્યો, જીવ મરી ન ગયો, અને એ વેદના વચ્ચે પણ અંતરમાં ઊતરીને અસંખ્ય જીવો સમ્યગ્દર્શન પામી ગયા. જરાક વિચાર તો કર, ભાઈ! સન્તો તને દુઃખથી ઉગારવા માટે કરુણાપૂર્વક ઉપદેશ આપે છે.

તને દુઃખ નથી ગમતું ને! –તો તેના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવોને છોડ. તે મિથ્યાત્વાદિ ભાવ કેમ છૂટે એ વાત ત્રીજા અધ્યાયમાં બતાવશે. અહીં નરકના દુઃખમાં છેદન–ભેદન વગેરે પ્રતિકૂળસંયોગની વાત કરીને પાપનું ફળ સમજાવવું છે; આવાં પાપો મિથ્યાદૃષ્ટિ જીવ જ બાંધે છે. સમ્યગ્દૃષ્ટિ જીવને નરકને યોગ્ય પાપ કદી બંધાતાં નથી. હે જીવ! તું સમ્યક્ત્વાદિ ભાવો પ્રગટ કર તો જ આવા દુઃખોથી તારો છૂટકારો થશે. તારી ભૂલને લીધે તારા ઉપર જે વીતક વીત્યાં તેની વાત તને ભગવાન યાદ કરાવે છે, માટે હવે તેનાથી છૂટવાનો ઉપાય કર....ને ધ્યાન દઈને તારા હિત માટે આ વીતરાગી વિજ્ઞાનનો ઉપદેશ સાંભળ.

નરકમાં જીવો તીવ્ર અસાતાનું દુઃખ ભોગવે છે; પરંતુ તીર્થંકર ભગવાનના કલ્યાણક પ્રસંગે તે નારકી જીવોને પણ બે ઘડી સાતા થઈ જાય છે; ત્યારે વિચાર કરતાં તેને ખબર પડે છે કે અહા, મધ્યલોકમાં કોઈ દેવાધિદેવ તીર્થંકરનો અવતાર થયો, તેના પ્રતાપે અમને અહીં નરકમાં પણ સાતા થઈ. આવા વિચારથી તીર્થંકરનો મહિમા આવતાં અંદર ઊતરીને કોઈ કોઈ જીવો સમ્યગ્દર્શન પણ પ્રગટ કરે છે. દરેક નરકમાં અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ જીવો છે; તેના કરતાં અસંખ્યગુણા મિથ્યાદૃષ્ટિ જીવો છે.

વીતરાગી દેવ–ગુરુ–ધર્મની નિંદા કરનારા, અનાદર કરનારા, તથા તીવ્ર હિંસાદિ પાપ કરનારા જીવો પાપનું ફળ ભોગવવા નરકમાં જઈને ઊંધે માથે પડે છે. અરે, ત્યાંના દુઃખની શી વાત! ત્યાંની ભૂમિ દુઃખદાયક, ત્યાંની નદી દુઃખદાયક, ત્યાંની ઋતુ ઠંડી–ગરમી દુઃખદાયક, જીવો પણ એકબીજાને દુઃખ દેનારા.—આમ બહારમાં ચારેકોર પ્રતિકૂળતાનો ઘેરો છે; ને અંદર જીવ પોતાના તીવ્ર સંકલેશ ભાવથી દુઃખી છે.

નરકમાં ગરમી તો અસહ્ય, ને ઠંડી પણ એવી કે લોહપિંડને ગાળી નાંખે,—જેમ હીમની સખત ઠંડી વડે ઝાડપાન પણ બળી જાય છે તેમ. આ વાતનું દૃષ્ટાંત આપીને કુમુદચંદ્રસ્વામી 'કલ્યાણમંદિર'સ્તોત્રમાં કહે છે કે—

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જો વિભુ હે! પ્રથમથી જ તેં ક્રોધ કીધો નિરસ્ત,
તો કીધાં તેં કઈ જ રીતથી કર્મચોરો વિનષ્ટ?
લીલાંવૃક્ષોયુત વનગણોને અહો, લોકમાંહી,
ના બાળે શું! શિશિર પણ રે હીમરાશિય આંહી!

પ્રભો! ક્રોધને તો આપે પહેલાં જ નષ્ટ કરી નાંખ્યો હતો; તો પછી ક્રોધાગ્નિ વગર આપે કર્મચોરોને કઈ રીતે ભસ્મ કર્યા? કોઈનો નાશ કરવો હોય તો સામાન્ય મનુષ્યો તેના ઉપર ક્રોધ કરે છે, કોઈને બાળી નાંખવા માટે અગ્નિની જરૂર પડે છે, પરંતુ પ્રભો! આપે તો ક્રોધ વગર જ કર્મોનો નાશ કરી નાંખ્યો; ક્રોધાગ્નિ વગર જ કર્મોને બાળી નાંખ્યા! એ આશ્ચર્ય છે.

ત્યારે કહે છે કે, ભગવાને તો શાંત પરિણામ વડે કર્મોને બાળી નાંખ્યા. જેમ હિમરાશી ઠંડો હોવા છતાં પણ લીલાં વૃક્ષોનાં વનને બાળી નાંખે છે તેમ ક્રોધ વગરના વીતરાગી શાંત પરિણામ વડે ભગવાને કર્મોને બાળી નાંખ્યા.

જુઓ, આ રીતે ભગવાનની સ્તુતિ કરી, અને વીતરાગભાવ વડે જ કર્મોનો નાશ થાય છે–એમ પણ બતાવ્યું; તથા કુદેવો શત્રુ ઉપર ક્રોધ કરીને ત્રીજા લોચનવડે તેને ભસ્મ કરે છે–એવી વાત વીતરાગમાર્ગમાં સંભવતી નથી–એમ પણ એમાં આવી ગયું. વીતરાગી સંતોની સ્તુતિમાં પણ ગંભીર ભાવો ભર્યા હોય છે. અહીં તો એમ કહેવું છે કે, ભગવાને ઉત્કૃષ્ટ શાંત પરિણામ વડે કર્મોને બાળી નાંખ્યા, તેમ નરકમાં એવી ઉત્કૃષ્ટ શીતળતા છે કે તેની ઠંડીથી મેરુ જેવડો લોઢાનો ગોળો પણ ઓગળી જાય છે. 'ત્રિલોકપ્રજ્ઞપ્તિ'ના બીજા અધ્યાયમાં એ વાત કરી છે. આવી તીવ્ર ઠંડી–ગરમીનાં દુઃખ, છેદન–ભેદનનાં દુઃખ અનંતવાર જીવે ભોગવ્યા. તે ઉપરાંત બીજા કેવા કેવા દુઃખ નરકમાં ભોગવ્યા–તે કહે છે.

---

**✽ સમુદ્ર વિષે રહેલો વડવાનલ અગ્નિ સમુદ્રના જળને શોષે છે, તેમ સંસાર વિષે માનસિક દુઃખરૂપી ભયંકર વડવાનલ એટલો બધો દુઃખપ્રદ છે કે તે જીવને પ્રાપ્ત વિષયો પણ સુખે ભોગવવા દેતો નથી અને અપ્રાપ્ત વિષયોની ઝંખનામાં સદોદિત બાળ્યા કરે છે અને એ રીતે તેના શાંતભાવરૂપ નિજ-પ્રાણને પ્રતિપળે શોષ્યા કરે છે.**

( શ્રી આત્માનુશાસન )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# નરકગતિનાં દુઃખોનું વિશેષ વર્ણન

( ગાથા—૧૧ )

**तिलतिल करैं देहके खण्ड असुर भिडावैं दुष्ट प्रचण्ड ।**
**सिन्धुनीरतैं प्यास न जाय तोपण एक न बून्द लहाय ॥ ११ ॥**

સેમરવૃક્ષનાં તલવાર જેવા પાંદડાના પ્રહારથી નારકીનાં શરીર છેદાઈ જાય છે; તે ઉપરાંત નારકી જીવો પરસ્પર લડીને એકબીજાના શરીરના તલ તલ જેવડા ટૂકડા કરી નાંખે છે. નારકીનું શરીર એવું વૈક્રિયિક હોય છે કે લાખો કટકા થઈને પારાની જેમ વેરવિખેર થઈ જાય છે છતાં તે મરતો નથી, પાછું તેનું શરીર ભેગું થઈ જાય છે. અને તે નારકીઓને એવી આકરી તરસ લાગે છે કે જાણે આખા દરિયાનાં પાણી પી જાઉં ! પરંતુ પીવા માટે તેને એક ટીપું પણ પાણી મળતું નથી; ઉલટા પરમાધમીઓ તેનું ગળું ફાડીને તેમાં તાંબાનો ધગધગતો રસ રેડે છે. દુષ્ટ હલકા અસુર દેવો કુતૂહલવશ ત્યાં જઈને નારકીઓને એકબીજાની સાથે ક્રૂરપણે લડાવે છે; એકબીજા સાથેનું પૂર્વભવનું વેર યાદ કરાવીને તેમને લડાઈ કરાવે છે. નારકીઓ પણ ક્રૂરપરિણામી હોવાથી કૂતરાની માફક એકબીજાની સામે લડયા જ કરે છે. નારકીમાં સ્ત્રી-પુરુષ હોતા નથી, બધાય નપુંસક જ હોય છે. ક્રોધાદિથી તેઓ સદા અત્યંત દુઃખી રહે છે, ને અસાતાનો પણ તીવ્ર ઉદય છે. કરોડો-અબજો કે અસંખ્યાત વર્ષના આયુ દરમિયાન પાણીનું એક ટીપું એને કદી પીવા નથી મળતું, કે અનાજનો એક દાણોય ખાવા નથી મળતો. બધા નારકી જીવોને કુઅવધિજ્ઞાન હોય છે. (-જે સમ્યગ્દૃષ્ટિ હોય તેને સુઅવધિજ્ઞાન હોય છે.) મિથ્યાદૃષ્ટિ નારકીઓને તે કુઅવધિજ્ઞાન પણ સંક્લેશનું જ કારણ થાય છે.

જ્યાં એક ઘડી પણ સુખ નથી, સાતા નથી એવી નરકનાં દુઃખો ધર્મ વગર જીવે અનંતવાર ભોગવ્યાં. અરે, જ્ઞાનનો ને સુખનો સાગર પોતે પોતાને ભૂલીને દુઃખના સાગરમાં ડૂબ્યો. ત્યાં પીડાથી રાડેરાડ પાડતો પોકાર કરે છે, પણ એનો પોકાર સાંભળનાર ત્યાં કોઈ નથી. ઊલ્ટું તેનાં પાપો યાદ કરાવીને કહે છે કે લે, તને માંસ બહુ ભાવતું હતું ને !-તો આ ખા ! -એમ કહીને તેના જ શરીરમાંથી કટકા કાપીને તેના મોઢામાં નાંખે છે; લે, તને દારૂનો બહુ શોખ હતો ને !-તો આ પી !-એમ કહીને તેનું મોઢું સાણસાથી ફાડીને તેમાં ધગધગતા સીસાનો રસ રેડે છે. આમ તેનાં પાપો યાદ કરાવી-કરાવીને તેને મહા દુઃખ દે છે. આ દુઃખના સાગરની સામે સુખનો સાગર પણ અંદર ભર્યો છે. કોઈ કોઈ જીવ નરકની ઘોર દુઃખવેદનાથી ત્રાસીને વિચારે છે કે અરે, આવું દુઃખ ! આનાથી છૂટવાનો ક્યાંય આરો !-એમ વિચારતાં અંદર શાંતિનું ધામ લક્ષમાં લઈ લ્યે છે ને સમ્યગ્દર્શન પામી જાય છે.

—નરકમાં સમ્યગ્દર્શન ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

—હા ભાઈ; ત્યાં પણ આત્મા છે ને! આત્મા અંતર્મુખ થઈને ત્યાં પણ સમ્યગ્દર્શન પામી શકે છે....ને દુઃખના ખારા દરિયા વચ્ચે પણ શાંતિનું મીઠું ઝરણું પ્રાપ્ત કરી લ્યે છે. ભાઈ, તું તો મનુષ્ય છો, અહીં તો નરકની પ્રતિકૂળતાનો લાખમો ભાગ પણ નથી; તો ધર્મની પ્રાપ્તિનો આ અવસરમાં ઉદ્યમ કર કેમકે ધર્મને ભૂલીને કુદેવ-કુગુરુ-કુધર્મનું સેવન કરવાથી, ને સાચા દેવ-ગુરુ-ધર્મનો અવિનય કરવાથી જીવ નરકાદિ ઘોર દુઃખના દરિયામાં પડે છે, તેમાંથી તેને ઉગારનાર એકમાત્ર વીતરાગી ધર્મ જ છે. માટે એવા ધર્મનું સેવન કર.

ભાઈ, અજ્ઞાનથી તેં પાપ તો અનંતવાર કર્યાં, ને તેનાં કડવાં ફળ પણ અનંતવાર ભોગવ્યા, પણ એકવાર તારા ચૈતન્યગુણને ઓળખીને આનંદરસને ચાખ! મિથ્યાત્વનાં ઝેરનો સ્વાદ લીધો હવે ચૈતન્યના અમૃતનો સ્વાદ લે. અનંત સુખસ્વભાવને ભૂલી અનંતાનુબંધી મિથ્યાત્વાદિ ભાવો સેવીને નરકમાં ગયો એટલે ત્યાં દુઃખ પણ અનંતુ છે. અનંતસુખનો અનાદર, તો તેની સામે અનંત દુઃખ.—આમાં ક્યાંય એવી લાગવગ ચાલે એવું નથી કે પોતે કરેલાં પાપોથી જીવ છૂટી જાય. હા, ધર્મના સેવનવડે પાપનો નાશ થઈ જાય છે. સમ્યક્ત્વના સેવનવડે અનંતા પાપો એક ક્ષણમાં નષ્ટ થઈ જાય છે. દુઃખમય સંસારપરિભ્રમણમાં આવો ધર્મ પામવો જીવને બહુ દુર્લભ છે. પણ દુઃખથી છૂટવું હોય તેણે એ ધર્મ પ્રગટ કર્યા વગર છૂટકો નથી. ધર્મ વિના બીજું કોઈ દુઃખમાંથી ઉગારનાર નથી. માટે—

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી...<br>
આરાધ! આરાધ! પ્રભાવ આણી,<br>
અનાથ એકાંત સનાથ થાશે,<br>
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

સર્વજ્ઞે કહેલા ધર્મને જે સેવતો નથી ને કુધર્મના સેવનને છોડતો નથી તે જીવ ઘોર દુઃખના દરિયામાંથી કેમ કરીને બહાર નીકળશે? જીવે દુનિયાના નિષ્પ્રયોજન પદાર્થોની પરીક્ષા કરી, પણ પોતાના હિત-અહિતનો વિવેક ન કર્યો જો કુદેવ-કુગુરુ-કુધર્મને અને સુદેવ-સુગુરુ-સુધર્મને પરીક્ષા કરીને ઓળખે તો સત્યની ઉપાસનાવડે સમ્યગ્દર્શન થાય ને દુઃખ મટે.

ભાઈ, આ તારા નરકાદિ દુઃખોની કથા તેનાથી છૂટવા માટે તને સંભળાવાય છે. સ્વયંભૂરમણ દરિયાનું પાણી—જે અસંખ્ય યોજનમાં વિસ્તરેલું છે ને સ્વાદમાં મધુર છે,—તે બધું પાણી પી જાઉં-તોપણ જાણે કે મારી તૃષા નહિ મટે, એટલી તો જેની તૃષા છે, પણ પીવા માટે પાણીનું ટીપું મળતું નથી, અસહ્ય તરસથી પીડાય છે. ચૈતન્યના શાંતરસ વિના એની તૃષા ક્યાંથી મટે? જ્યારે અવસર હતો ત્યારે ચૈતન્યના શાંતરસનું પાન કર્યું નહિ ને તેનાથી વિરુદ્ધ અનંત ક્રોધાદિ કષાયઅગ્નિ સેવ્યા, તો બહારમાં તીવ્ર તૃષામાં તે જીવો બળી રહ્યા છે. મુનિવરો તો ચૈતન્યના ઉપશમરસમાં એવા લીન થાય છે કે પાણી પીવાની વૃત્તિ પણ છૂટી જાય છે. અહીં તો માંદો પડયો હોય ને પાણી લાવતાં જરાક મોડું થાય ત્યાં ક્રોધથી ધુવાંકુવાં થઈ જાય કે 'બધા ક્યાં મરી ગયા!—કેમ કોઈ પાણી નથી આપતું?'-પણ ભાઈ, જરાક ધીરજ રાખતાં શીખ....થોડુંક સહન કરતાં શીખ. એ નરકમાં તને કોણ પાણી પાનાર

હતું ? પાણીનું નામ લેતાંય મોંઢામાં ધગધગતો રસ રેડાતો.-એ બધું ભૂલી ગયો ! થોડુંક પણ સહન કરતાં ન આવડે તો દેહબુદ્ધિને તું કેવી રીતે છોડીશ ? ને દેહબુદ્ધિ છોડ્યા વગર તારાં દુઃખો કેમ મટશે ? અનંતા દુઃખો તેં દેહબુદ્ધિથી જ ભોગવ્યા છે. માટે હવેથી ભિન્ન આત્માને ઓળખ ભાઈ !

નારકી જીવો મારામારી ને કાપાકાપી કરીને એકબીજાને બહુ દુઃખ આપે છે. અરે, અહીં મનુષ્યમાં પણ જુઓને ! વેરબુદ્ધિથી એકબીજાને બંધૂકે ઉડાડી દે છે ને ! કેટલી ક્રૂરતા ! એક માણસને જેની સાથે વેર હતું તેને ન પહોંચી શકયો એટલે તેના મોટા મોટા ચાર બળદિયાના પગ કૂહાડેથી કાપી નાંખ્યા. જુઓ તો ખરા વેરબુદ્ધિ ! આવા જીવો નરકમાં જઈને ત્યાં પણ વેરબુદ્ધિથી એકબીજાને ક્રૂરપણે મારે છે. એમ ઘણા લાંબાકાળસુધી મહા દુઃખો ભોગવે છે. માંડમાંડ ત્યાંથી બહાર નીકળ્યો ત્યાં બધું ભૂલી ગયો ને પાપ કરીને ફરી પાછો અસંખ્ય વર્ષ નરકમાં જઈને પડયો. કોઈ જીવ નરકમાંથી અસંખ્ય વર્ષે નીકળીને વચ્ચે માત્ર અંતર્મુહૂર્તમાં બીજો ભવ કરી આવે, અંતર્મુહૂર્તના આંતરે ફરી પાછો અસંખ્યવર્ષ નરકમાં જાય. માત્ર અંતર્મુહૂર્ત બહાર નીકળ્યો તેમાં એવા તીવ્ર સંકલેશ પરિણામો કર્યા કે તેના ફળમાં પાછો નરકમાં જઈને પડયો. જુઓ તો ખરા જીવના પરિણામની તાકાત ! ઊંધો પડયો તો અંતર્મુહૂર્તમાં સાતમી નરકે જાય, ને સવળો થાય તો અંતર્મુહૂર્તમાં મોક્ષને સાધે. નરકમાંથી નીકળી વચ્ચે એકભવ કરી પાછો નરકમાં, વળી વચ્ચે એક બીજો ભવ કરીને પાછો નરકમાં,-એમ ઉપરા-ઉપરી આઠવાર (વચ્ચે એકેક બીજો ભવ કરીને) કોઈ જીવ નરકમાં જાય ને મહાન દુઃખ પામે. એકેન્દ્રિયમાં તો તેનાથી યે અનંતગણું દુઃખ છે-કે જે વ્યક્ત કરવાનું સાધન પણ તેની પાસે નથી, ચેતના જ ગુમાવી બેઠા છે. નારકીના શરીરને ખાંડીને તલ તલ જેવડા ટૂકડા કરીને વેરણછેરણ કરી નાંખે; અખંડ આત્માની એકતાને પાપથી ખંડખંડ કરી નાંખી તેથી શરીર પણ ખંડખંડ થઈ જાય એવું મળ્યું. ખંડખંડ થઈ જાય ને પાછું ભેગું થઈ જાય-છતાં પ્રાણ છૂટે નહિ, ને મહા વેદના ભોગવે. સિદ્ધભગવંતો આત્મામાં એકતાથી અખંડ આનંદ ભોગવે છે, ને આ જીવો દેહબુદ્ધિથી શરીરના ખંડખંડ વડે અનંત દુઃખ ભોગવે છે. અનંત ગુણના અનાદરનું દુઃખ અનંત છે. સિદ્ધભગવંતોનો આનંદ અનંતો ને અનંતકાળ સુધી છે, તેને ભૂલીને અજ્ઞાનથી અનંતદુઃખ અનંતકાળ સુધી જીવે પૂર્વે ભોગવ્યું. પોતાના અનંત સ્વભાવને ચૂકીને સામગ્રીમાં અનંત અભિલાષા કરી તે જીવ અનંત પ્રતિકૂળતાના દુઃખને ભોગવે છે; કોઈકને બહારમાં પ્રતિકૂળતા ન હોય તોપણ અંદર મોહનું મહા દુઃખ છે. બહારની પ્રતિકૂળતા તો નિમિત્ત છે, ખરું દુઃખ તો મિથ્યાત્વાદિ મોહભાવનું જ છે. નિર્મોહી જીવો સુખી છે. મોહથી જ તું દુઃખ ભોગવી રહ્યો છે, માટે ભાઈ ! તું મોહને છોડ, ને આત્માને જાણ.

નરકમાં તરસ કેવી છે તે બતાવ્યું; હવે નરકમાં ભૂખનું દુઃખ કેવું છે તે કહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# નરકનાં દુઃખોનું વર્ણન (ચાલુ)

( ગાથા–૧૨ )

**तीनलोकको नाज जु खाय मिटे न भूख कणा ना लहाय ।**
**ये दुःख बहु सागर लौं सहै, करम जोगतैं नरगति लहै ॥ १२ ॥**

જાણે કે ત્રણ લોકનું અનાજ ખાઈ જઉં તોપણ ભૂખ ન મટે–એવી ઉગ્ર ભૂખ નારકીને લાગે છે, પણ ખાવા માટે એક કણ પણ મળતો નથી; મહા ક્ષુધાથી પીડાય છે. આ રીતે નરકમાં ભૂમિનું દુઃખ, વૈતરણી નદીનું દુઃખ, સેમરતરુના તલવાર જેવા પાનથી શરીર છેદાઈ જાય તેનું દુઃખ, અતિ તીવ્ર શીત–ઉષ્ણતાનું દુઃખ, અસુર દેવો ત્રાસ આપે, શરીરના ખંડખંડ કરી નાંખે, અસહ્ય ક્ષુધા–તૃષા લાગે, ને એવા ઘણા પ્રકારનાં બીજાં દુઃખો ઘણા લાંબાકાળ સુધી નરકમાં જીવ સહન કરે છે. ઓછામાં ઓછા દસ હજાર વર્ષથી માંડીને ૩૩ સાગરોપમના અસંખ્ય વર્ષો સુધી એવાં દુઃખો સહન કરે છે. ને ત્યાંથી કોઈ શુભકર્મના યોગે મનુષ્યગતિ પામે છે. નરકમાંથી નીકળીને કોઈ તિર્યંચમાં જાય છે ને કોઈ મનુષ્ય થાય છે. મનુષ્ય થાય તોપણ કેવાં દુઃખો સહન કરે છે તે હવેની ગાથાઓમાં કહેશે.

જે તિર્યંચ કે મનુષ્ય ક્રૂર પાપ કરે તે નરકમાં જાય છે. એક માણસ કસાઈ જેવો, તે જેમ વનસ્પતિનું પાંદડું તોડે તેમ કૂકડાના કેટલાય નાનાં નાનાં બચ્ચાંની પાંખો હાથેથી તોડતો હતો ને પછી તે જીવતાં બચ્ચાંને લોટમાં બોળીને કડકડતા તેલમાં ભજીયાંની જેમ તળતો હતો.–આવા ક્રૂરપરિણામી જીવ નરકમાં ન જાય તો બીજે ક્યાં જાય?

સસલાં ને હરણિયાં જેવા નિર્બળ પ્રાણીઓ–કે જે કોઈને ત્રાસ દેતાં નથી ને માત્ર ઘાસ ખાઈને જીવે છે, તેને પણ શિકારી જીવો ધડાધડ કરતાં બંદૂકથી ઉડાડી દે છે; એક માણસે ગોળી મારીને હરણને વીંધી નાંખ્યું ને પછી તરફડતા તે બિચારા હરણિયા પાસે, પોતાનું નિશાન બરાબર લાગ્યું એમ સમજીને આનંદથી તે કૂદાકૂદ કરવા લાગ્યો. અરે, આવા જીવો નરકમાં ન જાય તો બીજે ક્યાં જાય?

વીતરાગી દેવ–ગુરુ–ધર્મ ઉપર ઉપદ્રવ કરનારા, તીવ્ર આરંભ–પરિગ્રહ ને હિંસામાં જ જીવન વીતાવનારા, મધ–માંસ–દારૂ–શિકાર–માછલાં–ઈંડા–પરસ્ત્રી વગેરેનું સેવન કરનારા, એવા મહા પાપી જીવો મરીને નરકમાં ઉપજે છે ને ત્યાં પાપનું ફળ ભોગવે છે. નરકમાં પીવાનું પાણી કે ખાવાનું અન્ન કદી પણ મળતું નથી; અનંતી ભૂખ–તરસથી તે જીવ પીડાય છે. આવા બધા દુઃખો ધર્મની વિરાધનાને લીધે જ જીવ ભોગવે છે. આત્માના સ્વભાવની આરાધનાનું સુખ પણ અનંત, અને તેની વિરાધનાનું દુઃખ પણ અનંત; સ્વભાવ તે સુખ, વિભાવ તે દુઃખ–આટલો મૂળ સિદ્ધાંત સમજે તો, દુઃખરૂપ એવા વિભાવથી જીવ પાછો વળે, ને સુખસ્વભાવને વેદે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિથી મિથ્યાત્વને લીધે જીવ એકલું દુઃખ જ ભોગવી રહ્યો છે. ક્યારેક સાતાની અનુકૂળ સામગ્રી મળતાં તેમાં તે સુખ માને છે, પણ તે માત્ર કલ્પના જ છે, ખરેખર સુખ નથી. એક ઠેકાણે કહ્યું છે કે—આ સંસારસંબંધી જે દુઃખ છે તે તો ખરેખર દુઃખ જ છે, પરંતુ સંસારનું જે સુખ છે તે ખરેખર સુખ નથી, તે તો અજ્ઞાનીની કલ્પના જ છે. આત્માનું સુખ એ જ ખરું સુખ છે, પરંતુ તે તો આત્માના જ્ઞાન વગર અનુભવી શકાતું નથી. આ રીતે અજ્ઞાની સદા દુઃખી જ છે. અનાજ-પાણી મળે તોપણ મોહથી તે જીવ દુઃખી જ છે. સોનાની થાળીમાં મનગમતાં ભોજન જમતો હોય-તે વખતેય જીવ દુઃખી! અને નરકમાં ભાલાથી શરીર વીંધાતું હોય તે વખતેય સમ્યગ્દૃષ્ટિ જીવ સુખી! લોકો કઈ આંખે એ દેખશે? જેટલી સ્વભાવની પરિણતિ તેટલું સુખ છે, ને જેટલો વિભાવ તેટલું દુઃખ છે,—એ વાત સંયોગદૃષ્ટિ વડે સમજાતી નથી. સંયોગનો તો જીવમાં અભાવ છે; પણ અજ્ઞાનીને એવી ભ્રમણા છે કે-સંયોગ વગર મારે ન ચાલે, આહાર-પાણીના સંયોગ વગર કે શરીર વગર હું જીવી નહિ શકું.-આવી ભ્રમણાને લીધે સંયોગ સામે જોઈને તે પોતાને દુઃખી-સુખી માને છે. ભાઈ, નરકમાં તેં અનંતવાર ખોરાક-પાણી વગર ચલાવ્યું, ખોરાક-પાણી ન મળવા છતાં જીવ તો પોતાના જીવનથી ટકી જ રહ્યો છે, કાંઈ મરી નથી ગયો. માટે પરવસ્તુ વગર મારે ન ચાલે એવી ભ્રમણા કાઢી નાંખ.

જીવને સંયોગબુદ્ધિ હોવાથી, સંયોગની તીવ્ર પ્રતિકૂળતા દ્વારા નરકાદિના દુઃખનો ખ્યાલ આપ્યો છે. નરકમાં જીવે જે દુઃખો ભોગવ્યાં તેની શી વાત! ભાઈ, આવા દુઃખો તેં તારી ભૂલથી જ ભોગવ્યાં છે, કોઈ બીજાએ તને દુઃખી નથી કર્યો. માટે ભૂલ ટાળીને ચૈતન્યસ્વભાવની આરાધના કર-જેથી તારાં દુઃખ મટે ને સુખ થાય.

આ રીતે નરકગતિનાં દુઃખોનું વર્ણન કર્યું અને તેનાથી છૂટવાનો ઉપદેશ આપ્યો. હવે નરકના દુઃખમાંથી નીકળીને શુભપરિણામથી કદાચિત્ મનુષ્ય થયો, તો મનુષ્યપણામાં પણ આત્માના ભાન વગર જીવ કેવા-કેવા દુઃખો ભોગવે છે તેનું વર્ણન કરશે.

—*—

* જ્ઞેયરૂપ પરદ્રવ્યનો દોષ ન દેખો—ન જાણો કે પરજ્ઞેયની સન્નિધિ (નિકટતા) નિમિત્તમાત્ર દેખી કરીને મારું દ્રવ્ય આણે મેલું કર્યું; આવી રીતે આ જીવ પોતે જૂઠો ભ્રમ કરે છે. પણ તે પરજ્ઞેયને તું કદી પણ સ્પર્શ્યો જ નથી. છતાં તું તેનો દોષ દેખે છે-જાણે છે તે તારી આ હરામજાદગી (દુષ્ટતા, બદમાશી) છે. આવી રીતે એક તું જ જૂઠો છો, તેનો કાંઈ દોષ નથી તે સદા સાચું છે.

(શ્રી આત્માવલોકન)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# મનુષ્યગતિનાં દુઃખોનું વર્ણન

ત્રણલોકમાં જીવને હિતરૂપ, સારરૂપ, મંગળરૂપ એવું વીતરાગ-વિજ્ઞાન, તે જ સુખનું કારણ છે; એના વગર મિથ્યાત્વને લીધે જીવ સંસારની ચારે ગતિમાં કેવાં દુઃખો ભોગવી રહ્યો છે તેનું આ વર્ણન ચાલે છે. જીવના પરિભ્રમણની કથા બતાવીને તેનાથી છૂટવાના માર્ગનો ઉપદેશ આપશે. તેમાં પ્રથમ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનાં તિર્યંચોનું દુઃખ તથા નરકનું દુઃખ બતાવ્યું; હવે નરકમાંથી નીકળીને જીવ કાં તો તિર્યંચ થાય, અથવા મનુષ્ય થાય; મનુષ્ય થાય તો મનુષ્યપણામાં પણ કેવા-કેવા દુઃખ હોય છે? તે હવે બતાવે છે—

( ગાથા ૧૩-૧૪ )

**जननी उदर वस्यो नव मास, अंग सकुचतैं पायो त्रास ।**
**निकसत जे दुख पाये घोर तिनको कहत न आवे ओर ॥ १३ ॥**

સંસારભ્રમણમાં જીવને મનુષ્યપણું ક્યારેક જ મળે છે. ચાર ગતિના ભવોમાં સૌથી ઓછા ભવ મનુષ્યના કર્યા છે. નરક અને તિર્યંચના દુઃખો ભોગવી-ભોગવીને માંડ માંડ ક્યારેક મનુષ્ય થયો, તો સૌથી પહેલાં તો નવમાસ સુધી માતાના ઉદરમાં પૂરાઈને અત્યંત સંકોચાઈને રહ્યો. છૂટથી હાલીચાલી શકે નહિ-એમ ચારેકોરથી ભીંસાઈને નવમાસ સુધી ગર્ભની જેલમાં પુરાયો. અરે, કોઈક તો નવમાસથી પણ વધુ ઘણો લાંબો કાળ ગર્ભમાં રહે છે ને માતા-પુત્ર બંને મહા ત્રાસ પામે છે. કોઈ જીવ તો ગર્ભમાં ને ગર્ભમાં મરી જાય, ને ફરી પાછો તેમાં જ ઊપજે. ઘણા જીવો મનુષ્યઅવતાર પામ્યા છતાં માતાના પેટમાં મરી જઈને મનુષ્યભવ પૂરો કરી નાંખે છે. અરે, જેલની ઓરડીમાં મહિનો પૂરાવું પડે તોપણ કેવો ત્રાસ લાગે છે! તો માતાના ગર્ભરૂપી અત્યંત સાંકડી જેલમાં પૂરાઈને નવ-નવ માસ સુધી ઊંધે માથે જે ત્રાસ ભોગવ્યા—તેની શી વાત! બે કલાક એકને એક ઠેકાણે સંકોચાઈને બેસતાં પણ અકળાઈ જવાય છે તો પેટની અંદર નવ મહિના રહીને કેટલી અકળામણ ભોગવી હશે! નવ માસ એટલો બધો સંકોચાઈને રહ્યો તે તો ભૂલી ગયો ને હવે બહાર આવીને મોટા બંગલા પણ એને ટૂંકા પડે છે!—તેમાં સંતોષ થતો નથી. પોતાના સ્વભાવની જે અધિકતા છે તેને ન જાણી એટલે બહારથી બંગલા વગેરે પોતાની મોટાઈ માને છે. બીજાના બંગલા-મોટર વગેરે દેખીને જાણે કે એ બધા વધી ગયા ને હું રહી ગયો! અરે ભાઈ! તારી સાચી અધિકતા તો જ્ઞાનથી છે. બહારના વૈભવવડે તારી કાંઈ મોટાઈ નથી.—

'જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણો આત્મને.'

આત્મા જ્ઞાનસ્વભાવી છે—એ જ એની સર્વેથી અધિકતા છે; એવા જ્ઞાનસ્વભાવને જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જાણે છે તે જ આત્મા મોટો છે. બાકી તો બધા બહારની મોટાઈના ભ્રમમાં દુઃખી દુઃખી થઈ રહ્યા છે.

આત્મા અનંત ગુણથી ભરેલ ગુણી છે; અનંત ગુણરત્નોની તે ખાણ છે. એની મોટાઈની શી વાત!–ચક્રવર્તીપણું કે ઇન્દ્રપણું તો જેની પાસે કાંઈ હિસાબમાં નથી, એ તો જેના ગુણની રાખનું (એટલે કે વિકારનું) ફળ છે. આવા મહાન અનંતગુણસમ્પન્ન આત્માને દુઃખનાં વેદન શોભતા નથી. અરે, ચૈતન્યના દુઃખની કથા કહેવી પડે–તે શરમ છે. એ તો સુખનું ધામ છે, પોતાના ચૈતન્યસ્વરૂપની કિંમત તેણે ન જાણી, દેહથી ભિન્ન નિજસ્વરૂપને ન જાણ્યું, ને દેહમાં મોહ્યો તેથી ચારગતિમાં દેહ બદલી–બદલીને મોહથી દુઃખી થાય છે. દુઃખ તો રાગ-દ્વેષ-મોહનું જ છે, પણ નિમિત્તરૂપ સંયોગથી તેનું કથન કર્યું છે, કેમ કે લોકોને સંયોગ દેખાય છે.

અહીં ગર્ભ–જન્મ સંબંધી જે દુઃખો કહ્યાં—એવાં દુઃખો તીર્થંકરને થતાં નથી; માતાના ગર્ભમાં હોય તે વખતે પણ તેને કષ્ટ થતું નથી; એ તો આરાધક લોકોત્તર આત્મા છે; માતાના પેટમાં છે તે વખતેય દેહથી ભિન્ન આત્માનું એને ભાન વર્તે છે. અહીં તો જેને દેહબુદ્ધિ છે એવા અજ્ઞાનીનાં દુઃખોની કથા ચાલે છે. જ્ઞાની થયો તે તો સુખના પંથે ચાલ્યો, એટલે તે તો આ દુઃખોમાંથી બહાર નીકળી ગયો.

સંસારમાં પ્રથમ તો જાણે મનુષ્યપણું મળવું જ મુશ્કેલ છે. દુર્લભ મનુષ્યપણું પામ્યો તો તેમાં પણ દેહદૃષ્ટિથી જીવ દુઃખી થયો. આત્માના ભાન વગર અનેક પ્રકારનાં ઘોર દુઃખો એણે ભોગવ્યાં. નવ-નવ માસ સુધી ગર્ભના અશુચી સ્થાનમાં રહ્યા પછી જન્મ વખતે બહાર નીકળતાં પણ મહાન ત્રાસ પામ્યો. જન્મ વખતે અસહ્ય ભીંસમાં જ ઘણીવાર મૃત્યુ પામ્યો, માતાનું મોઢું પણ જોયું નહિ. હજી તો જન્મીને માતાની ગોદમાં આવે ને માતાની નજર તેની ઉપર પડે તે પહેલાં તો તે અનિત્યતાની ગોદમાં આવ્યો છે; છોકરો છે કે છોકરી, એ નક્કી કરે તે પહેલાં તો તેના આયુષ્યમાંથી અસંખ્યાત સમય ઓછા થઈ ગયા છે. અરે, ઘણા તો જન્મતાંવેંત મરી જાય છે; હજી તેની માતા તેને જુએ પણ નહિ તે પહેલાં તો મરણ પામી જાય. માતાના પેટમાં પણ ઘણા જીવો મરી જાય છે. કોઈવાર જન્મ વખતની ભીંસથી માતા ને પુત્ર બંને મરી જાય છે.–આવા ગર્ભજન્મ ને મરણના મહા દુઃખોથી સંસાર ભરેલો છે. સંસારમાં આવા દુઃખો જીવ પોતે ભોગવી જ રહ્યો છે છતાં તેનાથી છૂટવાની દરકાર નથી કરતો, ને બીજા કરતાં પોતાની અધિકતા દેખાડવાના માનમાં અવતાર ગુમાવી દે છે. સંસારમાં માત્ર મનુષ્યપણું મળવાથી કાંઈ જીવનાં દુઃખ મટી જતાં નથી. મનુષ્યપણું પામીને પણ જેઓ ધર્મ પામવાની દરકાર નથી કરતા તેઓ ચારગતિના ચક્રમાં દુઃખી જ થાય છે. તેથી કહે છે કે—

બહુ પુણ્યકેરા પૂંજથી શુભદેહ માનવનો મળ્યો,
તોયે અરે, ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો!

વી. ૭

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મનુષ્ય થઈને પણ જો આત્માની ઓળખાણ ન કરી તો ભાઈ ! તારા ભવચક્રના આંટા નહીં ટળે. મનુષ્યમાંથી પાછો ઢોરમાં ને નરકમાં અજ્ઞાનીપણે ભટકે છે; આ મનુષ્યપણું કાંઈ કાયમ રહેનાર નથી, માટે ઇન્દ્રિયસુખોની પાછળ (પૈસા મેળવવા પાછળ) એને ગુમાવીશ નહિ. કેમકે—

સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો !

બાહ્યસુખોની પાછળ દોડતાં અંદરનું સાચું સુખ ભુલાઈ જાય છે ને ભાવમરણ થાય છે, એટલે કે જીવ દુઃખી થાય છે. જીવને દુઃખ ગમતું તો નથી, પણ અજ્ઞાનને લીધે તે દુઃખને જ ભોગવી રહ્યો છે. અરે, એ દુઃખ વચનથી કેમ કહ્યાં જાય? વચનમાં તો થોડુંક જ કથન આવે. બાકી તો વચનઅગોચર જે દુઃખો જીવ ભોગવે છે, તે કહેતાં પાર આવે તેવું નથી. મનુષ્યમાં ગર્ભ અને જન્મનાં જે દુઃખો ભોગવ્યાં તેની થોડીક વાત કરી; હવે ત્યારપછી બીજાં પણ કેવાં દુઃખો તે ભોગવે છે?—તે કહે છે.

* જિસ જીવને જિસ તરહસે જબ જહાં જો દુઃખ-સુખ પ્રાપ્ત કરના હોતા હૈ, ઉસ જીવકો ઉસ તરહસે, ઉસ સ્થાનમેં, ઉસ કાલમેં, વહ દુઃખ-સુખ દૈવકે નિયોગસે અવશ્ય પ્રાપ્ત હોતા હૈ. પૂર્વકાલમેં જીવને જો અચ્છા યા બુરા કર્મ કિયા ઔર ઇસ સમય વહ પક કર ફલ દેનેકે સન્મુખ હુઆ તો ઉસકો કિંચિત્ ભી અન્યથા કરનેમેં ઇન્દ્ર ભી કિસી તરહ સમર્થ નહીં હૈ અર્થાત્ કિયે હુએ કર્મકા ફલ જીવકો અવશ્ય ભોગના હોતા હૈ. કોઈ દૂસરા ઉસમેં કુછ ભી હેરફેર નહીં કર સકતા.

(શ્રી સુભાષિતરત્નસંદોહ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ❋ મનુષ્યપણાનાં બીજાં દુઃખો ❋

( ગાથા-૧૪ )

**बालपनेमें ज्ञान न लह्यो, तरुण समय तरुणीरत रह्यो ।**
**अर्धमृतकसम बूढापनो, कैसे रूप लखै आपनो ॥ १४ ॥**

તીર્થંકર વગેરે જીવો તો બાલપણથી જ આત્મજ્ઞાન સહિત હોય છે, પૂર્વભવમાંથી જ આત્માનું જ્ઞાન સાથે લઈને અવતરે છે; ઉત્તમકાળમાં આત્મજ્ઞાન સહિત જીવો આ ભરતક્ષેત્રમાં પણ અવતરતા હતા, ને વિદેહક્ષેત્રમાં તો અત્યારે પણ એવા જીવો અવતરે છે. નવું આત્મજ્ઞાન આઠ વર્ષની વય પહેલાં ન પ્રગટે, પણ જે પૂર્વભવમાંથી જ આત્મજ્ઞાન સહિત અવતર્યા હોય તેને તો નાનપણથી પણ આત્મજ્ઞાન વર્તતું હોય છે. હજી પા-પા-પગલી માંડીને ચાલતાં પણ ન આવડતું હોય પણ અંદર દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન વર્તતું હોય.—આવા આરાધક જીવો તો બાલપણથી જ જ્ઞાની હોય છે; પરંતુ અહીં એવા જીવોની વાત નથી, કેમકે તેઓ તો દુઃખથી છૂટીને સુખના પંથમાં આવી ગયા છે. અને અત્યારે કોઈ આરાધક જીવો આ ભરતક્ષેત્રમાં અવતરતા નથી, અહીં અવતર્યા પછી પૂર્વસંસ્કાર વગેરેથી કોઈ વિરલા જીવો જ્ઞાન પ્રગટ કરીને આરાધક થઈ શકે છે. અહીં તો જે જીવો મિથ્યાત્વાદિને સેવી રહ્યા છે એવા જીવોનાં દુઃખની વાત છે.

એવા જીવો માંડ માંડ મનુષ્યપણું પામ્યા પણ બાલકપણું તો જ્ઞાન વગર જ ગુમાવ્યું. બાળપણાનાં અનેક વર્ષો તો અણસમજણમાં, રમતગમતમાં કે લૌકિક ભણતરમાં ગુમાવે છે; એમાં આત્માને જાણવાનું ક્યાંથી સૂઝે ? અત્યારે તો ઘણા છોકરાઓ પચ્ચીસ-પચ્ચીસ વરસ સુધી લૌકિક ભણતર ભણે છે,-કેટલા બધા પોથાં ?-એ નકામાં થોથા ભણવામાં પચીસ વર્ષ ગાળે, પણ જો ધર્મનો અભ્યાસ કરવો હોય તો ભાઈસાહેબને ફૂરસદ જ ન મળે ? ફૂરસદ હોય તોપણ ગંજીપત્તા રમવામાં, રમતગમતમાં, હરવાફરવામાં ને સીનેમા જોવામાં ગુમાવે, ને મફતનો પાપ બાંધે; પણ ધર્મનો અભ્યાસ ન કરે, કેમકે ધર્મનો એને પ્રેમ નથી. અરે, ધર્મના સંસ્કાર તો બાલપણથી જ પાડવા જેવા છે. પણ બાલપણ તો ધર્મના પ્રેમ વગર ખેલમાં ખોયું,-રમતગમતમાં જ બાલ્યકાળ ગુમાવ્યો; યુવાન થયો ત્યારે સ્ત્રી વગેરેમાં મોહ્યો ને ધન કમાવવામાં હેરાન થઈને જીંદગીનો વખત ગુમાવ્યો. પછી જ્યાં વૃદ્ધાવસ્થા આવી ને શરીરની શક્તિઓ ઘટવા માંડી, ત્યાં અધમૂઆ જેવી દશા દેખીને રોયો; એ રીતે જીંદગી હારી ગયો; પણ એમાં ક્યાંય આત્માનું સ્વરૂપ ઓળખવાનો અવસર લીધો નહીં.

મનુષ્યજન્મની યુવાનીનો કાળ-તે તો ધર્મની કમાણીનો ખરેખરો વખત છે, એવા વખતે વિષય-કષાયોમાં ડૂબીને રત્નચિંતામણિ જેવો અવસર વેડફી નાંખે છે ! ભાઈ, આ મનુષ્યપણાની એકેક ઘડી મહા કિંમતી છે, લાખો-કરોડો રૂપિયા આપતાંય એની એક ઘડી મળે તેમ નથી. નાનો હોય તો દડા ઊડાડવામાં વખત ગાળે ને મોટો થાય એટલે પૈસા કમાવામાં વખત ચાલ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય, પણ ભાઈ, ક્ષણેક્ષણે તારા જીવનનો દડો ઊડી જાય છે અને તારા આત્માની કમાણી ચુકી જવાય છે, તેની કાંઈ દરકાર ખરી? આવો અવસર વ્યર્થ ગુમાવવા જેવો નથી. આગળ કહેશે કે—

દૌલ! સમજ સુન ચેત સયાને કાલ વૃથા મત ખોવે;
યહ નરભવ ફિર મિલન કઠિન હૈ જો સમ્યક્ નહિ હોવે.

ભાઈ, અનંતવાર મનુષ્યભવ પામ્યો પણ આત્માના જ્ઞાન વિના તે વ્યર્થ ગુમાવ્યો. યુવાનીમાં વિષયવાસનામાં ને ધનમાં એવો મોહ્યો કે બીજું કાંઈ સૂઝે નહીં! એ રીતે કિંમતી કાળ પાપમાં ગુમાવ્યો. જો કે આત્માનું હિત કરવા માંગે તો યુવાનીમાં પણ કરી શકાય છે; પણ આ તો જે દરકાર નથી કરતા એવા જીવોની વાત છે. અનંતવાર આત્માની દરકાર વગર યુવાની પાપમાં ગુમાવી, માટે આ અવસરમાં આત્માની દરકાર કરજે—એમ ઉપદેશ છે.

વૃદ્ધાવસ્થા ક્યારે આવી જાય છે તેની ખબર પણ નથી પડતી; વૃદ્ધાવસ્થા થતાં અર્ધમૃતક જેવી દશા થઈ જાય છે. દેહમાં અનેક રોગ થાય, હાલીચાલી શકાય નહિ, ખાવા-પીવામાં પરાધીનતા, ઇન્દ્રિયો કામ કરે નહિ, આંખે પૂરું દેખાય નહિ, સ્ત્રી-પુત્રાદિ પણ કહેવું માને નહિ,–અને દૃષ્ટિ તો એ બધા સંયોગો ઉપર જ પડી છે, એટલે જાણે કે જીવન હારી ગયો–એમ તે જીવ દુઃખી-દુઃખી થઈ જાય છે, પણ બાલ-યુવાન-વૃદ્ધ ત્રણે અવસ્થાથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વરૂપને મોહી જીવ જાણતો નથી, ને આત્માના ભાન વગર મનુષ્યપણું દુઃખમાં જ ગુમાવે છે.

વૃદ્ધાવસ્થામાંય આત્માનું કલ્યાણ કરવા ધારે તો કરી શકાય છે. –'એ તો જાગ્યા ત્યાંથી સવાર.' અગાઉ તો ઘણા જીવો શરીરમાં સફેદ વાળ દેખતાં વૈરાગ્ય પામીને દીક્ષા લઈ લેતા, એવા પ્રસંગો બનતા. પણ હજી દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન પણ જ્યાં ન હોય ત્યાં દીક્ષા ક્યાંથી લ્યે? ચૈતન્યની શ્રદ્ધા ચૂકીને દેહની અનુકૂળતામાં જ મૂર્છાઈ ગયો, ને પ્રતિકૂળતા આવે ત્યાં દુઃખના ઢગલામાં જાણે દટાઈ ગયો. સંયોગથી જુદો જીવ દેખાતો જ નથી; આવા જીવો જે સંયોગમાં રહે તેનાથી બીજા કરતાં હું કાંઈક અધિક છું –એમ દેખાડવા મથે છે, સંયોગથી અધિકતા માને છે પણ—'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો!' ભાઈ! સંયોગ વધતાં તારા આત્મામાં શું વધી ગયું? પાડા અને હાથીનું શરીર ઘણું મોટું હોય છે તેથી શું તેના આત્માની અધિકતા થઈ ગઈ? ના; આત્માની અધિકતા તો જ્ઞાનસ્વભાવ વડે છે. મારો આત્મા જ્ઞાનસ્વભાવને લીધે બીજા બધાથી અધિક છે, રાગથી પણ તે અધિક છે, અધિક છે એટલે જુદો છે–એમ જેણે આત્માની અધિકતા ન જાણી, તે જીવો શરીરથી, આબરૂથી, ધનથી, કુટુંબથી, મકાનથી પદવીથી, અવાજની મધુરતાથી કે શુભરાગથી—એમ બહારવડે પોતાની અધિકતા માને છે. અહો, જ્ઞાનસ્વભાવી આત્મા આખા વિશ્વથી અધિક છે, જ્ઞાનસ્વભાવની તોલે આવે એવું કોઈ વિશ્વમાં નથી. માટે હે જીવ! તું આત્માની કિંમત કર, ને બીજાની કિંમત છોડ. શરીર-પૈસા વગેરે સંયોગનો મોહ છોડ. બીજા પાસે વધુ સંયોગ દેખીને તેની બળતરા છોડ; –'આની પાસે ઘણું ને મારી પાસે થોડું'–એવી બળતરાથી દેવો પણ દુઃખી થાય છે–એ વાત દેવગતિના દુઃખમાં કહેશે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'**कैसे रूप लखै अपनो**'–એટલે કે પોતાના સ્વરૂપને જીવ કઈ રીતે ઓળખે?–જેને બાલપણામાં તો કંઈ જ્ઞાન નથી, યુવાની જે વિષયોમાં ગુમાવે છે ને વૃદ્ધાવસ્થામાં અર્ધમૃતક થઈ જાય છે,—એ રીતે દેહબુદ્ધિમાં પોતાનું જીવન ગુમાવનારા જીવો આત્માનું સ્વરૂપ કઈ રીતે ઓળખે? **कैसे रूप लखै अपनो**? —આમ કહીને સમ્યગ્દર્શનની વાત લીધી છે. સમ્યગ્દર્શન પામવું એટલે કે પોતાનું સ્વરૂપ જાણવું તે જ હિતનો ઉપાય છે, તે જ વીતરાગવિજ્ઞાન છે, તે જ સંતગુરુઓની શિખામણ છે, ને તેમાં જ મનુષ્યભવની સાર્થકતા છે. શુભરાગની વાત ન કરી, **कैसे रूप लखै अपनो** એમ કહ્યું પણ **कैसे करै शुभराग** એમ ન કહ્યું, કેમકે તે તો અનંતવાર કર્યાં; શુભરાગ કર્યો ત્યારે તો મનુષ્ય થયો;—એટલે તે કાંઈ અપૂર્વ ચીજ નથી. પણ પોતાનું રૂપ જાણ્યું નહિ, સમ્યગ્દર્શન કર્યું નહિ, એટલે પોતાનું રૂપ લખવું–અનુભવવું તે અપૂર્વ ચીજ છે, તેમાં જ જીવનું હિત છે.

મોહ છોડીને પોતાનું સ્વરૂપ જાણવા માંગે તો તો ગમે ત્યારે જાણી શકે છે. પણ મોહથી જે બહારમાં જ મથ્યો રહે તે પોતાના નિજસ્વરૂપને ક્યાંથી દેખે? ભાઈ, અત્યારે આવો અવસર તને મળ્યો છે તો આત્માના હિતને માટે વખત લે. મરતાં તો આ બધું અહીં પડી રહેશે, માટે જીવતાં જ તેનો મોહ છોડીને આત્માનું સ્વરૂપ ઓળખવાનો ઉદ્યમ કર.

'અત્યારે કમાઈ લઈએ, પછી વૃદ્ધાવસ્થામાં નિવૃત્તિ લઈને આત્માનું કંઈક કરીશું!' એમ કહે છે.—પણ ભાઈ! વૃદ્ધાવસ્થા આવશે જ એવું ક્યાં નક્કી છે? ઘણાય જીવો યુવાન અવસ્થામાં જ આયુષ્ય પૂરું થતાં ફૂ થઈને ચાલ્યા જાય છે,—એવા પ્રસંગો તો નજરે દેખાય છે. પછી વૃદ્ધાવસ્થાનો શો ભરોસો! અત્યારે યુવાનઅવસ્થા વખતે તું એમ કહે છે કે વૃદ્ધાવસ્થામાં કરીશું; પણ વૃદ્ધાવસ્થામાં જ્યારે શક્તિઓ ક્ષીણ થઈ જશે ત્યારે તને પસ્તાવો થશે કે અરે, યુવાનીમાં વખત હતો ત્યારે આત્માની કાંઈ દરકાર ન કરી. માટે વાયદા કરવાનું મૂકીને અત્યારથી જ આત્માનું હિત થાય—એવો ઉદ્યમ કર.

બહારના સંયોગની સગવડતામાં તને પોતાની સરખાઈ લાગે છે,–પણ ભાઈ! એ બહારના સંયોગમાં તું છો જ ક્યાં? તારું રૂપ તો તેનાથી જુદું છે. તું તો જ્ઞાનરૂપ છો; તારા સાચા રૂપને તું ઓળખ. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' —એનો શાંતિથી વિચાર કર.

રે જીવ! એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી તો તને વિચાર કરવાની શક્તિ જ ન હતી, અત્યારે વિચાર કરવાની શક્તિ ઊઘડી છે તો આત્માના હિતનો વિચાર કરીને તેનો સદુપયોગ કર. ઘણા જીવો તો મનુષ્ય થવા છતાં એટલી બધી મંદબુદ્ધિવાળા હોય છે કે મૂઢ જેવા જ રહે છે; કોઈને થોડીઘણી બુદ્ધિ હોય છે તો બહારના કાર્યોનાં તીવ્ર અભિમાન આડે બુદ્ધિને તેમાં જ રોકે છે, આત્માના હિત માટે બુદ્ધિનો ઉપયોગ નથી કરતા. પૈસા કેમ કમાવા તેમાં બુદ્ધિ વાપરે છે (–જો કે પૈસા તો પુણ્ય અનુસાર મળે છે)–પણ આત્માના હિતની કમાણી કેમ થાય તેમાં બુદ્ધિ વાપરતા નથી. આત્માના હિતનો વિચાર કર્યા વગર મોંઘું જીવન વેડફી નાંખે છે. અરે, આવું મોંઘું જીવન, તે માત્ર ધનમાં–સ્ત્રીમાં કે રાજપાટમાં વેડફી નાંખવાનું ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય; તેમાં તો આત્માના હિતનો એવો વિચાર કરું કે જેથી ફરીને આ સંસારમાં આવા દુઃખો ભોગવવા ન પડે.—એમ વિચારીને તારા આત્માને મોક્ષપંથમાં જોડ. તારા ચૈતન્ય પ્રભુને તેં કદી ન દેખ્યો. તો હવે અત્યારે તેને દેખ. ચૈતન્યના દર્શનનો (સમ્યગ્દર્શનનો) આ અવસર છે.—

દેખણ દે રે...સખી દેખણ દે....
ચંદ્રપ્રભુ મુખચંદ...સખી મુને દેખણ દે....

મુમુક્ષુ પોતાના ચૈતન્યપ્રભુના દર્શનની તીવ્ર ભાવના ભાવે છે કે અરે, એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીમાં મેં કદી મારા ચૈતન્યપ્રભુને ન દેખ્યા...કેમકે તે વખતે તો દેખવાની શક્તિ જ ન હતી. પણ હવે આ મનુષ્યપણામાં ચૈતન્યપ્રભુને દેખવાનો અવસર આવ્યો છે, માટે હે ચેતનાસખી! મને મારા ચૈતન્યપ્રભુનાં દર્શન કરાવ. 'દેખણ દે...સખી, દેખણ દે.'

પોતે પોતાના ચૈતન્યપ્રભુને દેખવાની દરકાર જ જીવ ક્યાં કરે છે! નવરો હોય, કાંઈ કામ ન હોય તોપણ કાંઈ ધર્મના વાંચન-વિચારને બદલે મફતનો પારકી ચિંતા કર્યા કરે; ધનની ચિંતા, શરીરની ચિંતા, સ્ત્રી-પુત્રની ચિંતા, દેશની ચિંતા-એમ પાર વગરની પારકી ચિંતામાં જીવ વ્યર્થ કાળ ગુમાવે છે, પણ આત્માના હિતની ચિંતા કરતો નથી, પારકી ચિંતા તો વ્યર્થ છે કેમકે તારી ચિંતા પ્રમાણે તો કાંઈ પરમાં થતું નથી. ટી. બી. (ક્ષય) થાય, પક્ષઘાત થાય, ખબર પડે કે હવે આ પથારીમાંથી ઊઠીને કદી દુકાને જઈ શકવાનો નથી, છતાં પણ પથારીમાં સૂતો સૂતો આત્માના વિચાર કરે નહિ પણ ઘરના, દુકાનના કે શરીરાદિના વિચાર કર્યા કરે, ને પાપના પોટલા બાંધીને દુર્ગતિમાં જાય. નવરો પડે ત્યારે પારકી ચિંતા કરે છે તેને બદલે આત્માની ચિંતા કરે તો કોણ રોકે છે? કોઈ રોકતું નથી; પણ એને પોતાને જ દરકાર ક્યાં છે? અરેરે, એને હજી ભવદુઃખનો થાક નથી લાગતો! ભાઈ, આ મનુષ્યપણામાંય નહિ ચેત, તો પછી ક્યારે ચેતીશ?

મનુષ્ય થઈનેય ગર્ભાવસ્થાથી માંડીને ઠેઠ વૃદ્ધાવસ્થા અને મરણ સુધીમાં હજારો પ્રકારનાં દુઃખો જીવ સહન કરે છે. શારીરિક કરતાંય માનસિક દુઃખો એવાં આકરાં હોય છે કે સહન પણ ન થાય ને કોઈને કહેવાય પણ નહીં. અંદર સમસમીને મુંઝાય ને ક્રોધ કરે. મનમાં મહા દુઃખી થાય. બાળકપણું નિર્દોષ લાગે પણ તેમાંય અજ્ઞાનપણે આકરાં દુઃખો જીવ ભોગવે છે.

આ બધા મિથ્યાત્વ અને અજ્ઞાનથી થતા દુઃખોની વાત છે. તીર્થંકરાદિ પણ બાળક તો હોય, પણ એમની તો વાત જ જુદી છે. એને તો દેહથી ભિન્ન આત્માનું ભાન છે. તિર્યંચમાં ને નરકમાં અસંખ્યાત સમ્યગ્દષ્ટિ છે, તેઓ સમ્યગ્દર્શનના પ્રતાપે ચૈતન્યના સુખરસની ગટાગટી કરી રહ્યા છે; જોકે તેમને અમુક દુઃખવેદના છે, પણ શુદ્ધચૈતન્યના અતીન્દ્રિય સુખના સ્વાદની મહત્તા પાસે દુઃખનું વેદન ગૌણ છે. અહીં તો ચૈતન્યસુખની જેને ખબર નથી, ને મિથ્યાત્વથી એકલું દુઃખ વેદી રહ્યા છે એવા મિથ્યાદષ્ટિ જીવોનાં દુઃખોની કથા છે. મિથ્યાત્વના ફળમાં જ હલકા અવતારો થાય છે. તેમાંથી તિર્યંચ, નરક અને મનુષ્ય એ ત્રણ ગતિનાં દુઃખોનું વર્ણન કર્યું. હવે અજ્ઞાનીપણે શુભભાવથી કંઈક પુણ્ય બાંધીને દેવગતિમાં જાય તો ત્યાં પણ જીવ દુઃખી જ છે, તેનું વર્ણન કરશે.

—*—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# 卐 દેવગતિનાં દુઃખોનું વર્ણન 卐

દેવગતિનું નામ પડતાં, જાણે કે તેમાં સુખ હશે ! એમ લોકો ભાસે છે; પરંતુ સુખ તો આત્મામાં છે; ચારેય ગતિ એ તો કર્મનું ફળ છે. તેમાં સુખ નથી. તિર્યંચ નરક ને મનુષ્ય એ ત્રણ ગતિમાં તો દુઃખ હોવાનું જીવોને ભાસે, પરંતુ દેવગતિમાં-સ્વર્ગમાંય દુઃખ છે-તે અહીં સમજાવે છે.

| ગાથા : ૧૫-૧૬ |

**कभी अकाम निर्जरा करै, भवनत्रिकमें सुरतन धरै ।**
**विषयचाह-दावानल दह्यो मरत विलाप करत दुःख सह्यो ॥ १५ ॥**

દેવો ચાર પ્રકારનાં છે; તેમાંથી ભવનવાસી વ્યંતર ને જ્યોતિષી એ ત્રણ પ્રકારનાં દેવોમાં મિથ્યાદૃષ્ટિ જ જાય છે, સમ્યગ્દૃષ્ટિ જીવો તેમાં જતા નથી. ત્યાં ઊપજ્યા પછી કોઈ જીવો સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તે જુદી વાત છે, ચોથો પ્રકાર વૈમાનિક દેવોનો છે; તેમાં નવમી ગ્રૈવેયક સુધી તો મિથ્યાદૃષ્ટિ તેમજ સમ્યગ્દૃષ્ટિ બંને જાય છે; ને પછી તેનાથી ઉપર એકલા સમ્યગ્દૃષ્ટિ જ જાય છે, મિથ્યાદૃષ્ટિ ત્યાં જતા નથી.

અહીં કહે છે કે અજ્ઞાની કદાચિત અકામનિર્જરા કરીને હલકા દેવોમાં ઊપજે તો ત્યાં પણ વિષયોની ચાહરૂપી દાવાનળમાં તે બળી રહ્યો છે એટલે દુઃખી જ છે, અને મરણ ટાણું આવતાં રડી રડીને દુઃખી થાય છે અકામનિર્જરા એટલે ભૂખ-તરસ વગેરે સમતાપૂર્વક સહન કરે તેમાં શુભભાવથી કંઈક નિર્જરા થાય છે ને તેથી સ્વર્ગમાં જાય છે; પણ અજ્ઞાનીને શુભ-ભાવથી થતી આ નિર્જરા કાંઈ મોક્ષનું કારણ થતી નથી; સમ્યગ્દર્શનપૂર્વકના શુદ્ધભાવથી થતી નિર્જરા તે જ મોક્ષનું કારણ થાય છે, અજ્ઞાનપણે અકામનિર્જરા કરીને દેવ તો જીવ અનંતવાર થયો પણ તેથી સંસારભ્રમણ ન મટ્યું. અજ્ઞાનીએ ચૈતન્યસુખ તો જોયું નથી એટલે હલકો દેવ થાય ત્યાંપણ દેવલોકના વૈભવમાં મૂર્છાઈ જાય છે, ને પાંચ ઇન્દ્રિયના વિષયોની ઇચ્છાથી દુઃખી-દુઃખી થઈ રહ્યો છે. ઓછામાં ઓછા દસ હજારથી માંડીને એક સાગરોપમ સુધીની તે હલકા દેવોની સ્થિતિ છે; તેમાં વચ્ચે એકેક સમય અધિક કરીને અસંખ્યપ્રકારના ભેદો થાય, તે દરેક પ્રકારમાં જીવ અનંતવાર ઊપજ્યો ને મર્યો. પણ તેમાં ક્યાંય સુખ ન દેખ્યું. સંસારમાં સુખ ક્યાંથી હોય ? ચારે ગતિ તે સંસાર છે, ને સંસાર તે પરભાવ છે, પરભાવ તે દુઃખ છે. જેટલો સ્વભાવ પ્રગટે ને પરભાવ મટે તેટલું સુખ થાય, મોક્ષગતિને સ્વભાવ-ભાવભૂત કહી છે ( સમયસાર ગાથા-૧ માં ); એટલે સંસારની ચારે ગતિ તે વિભાવરૂપ છે, ને વિભાવનું ફળ તો દુઃખ જ હોયને ! માટે યોગસારમાં કહે છે કે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચારગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ;
શુદ્ધાતમ ચિંતન કરી શિવસુખનો લે લ્હાવ.

સર્વજ્ઞભગવાને કહેલો આત્મા કેવો છે તેને જાણવાની દરકાર જે નથી કરતા તે જીવો અજ્ઞાનભાવે ચારગતિનાં દુઃખ ભોગવે છે. તેમાં દેવ થાય તોપણ દુઃખી છે. સુખી તો વીતરાગી સન્ત છે.

ભવનવાસી દેવો દશ પ્રકારનાં છે; વ્યંતરદેવો પણ દશ પ્રકારનાં છે, (ભૂત, પિશાચ, રાક્ષસ કહેવાય છે તે બધા વ્યંતર દેવોની જાત છે.) અને જ્યોતિષી દેવો સૂર્ય, ચંદ્ર વગેરે પાંચ પ્રકારનાં છે. મિથ્યાદૃષ્ટિપણે કાંઈક શુભભાવથી અકામનિર્જરા કરી હોય તેઓ જ ત્યાં ઊપજે છે; ઘણા જીવો ત્યાં દેવ થયા પછી ભગવાનના સમવસરણમાં આવીને ધર્મશ્રવણ કરે છે ને સમ્યગ્દર્શન પામે છે. બાકી મોટા ભાગના દેવો તો વિષયોની ચાહનાથી દુઃખી છે. એ દેવોને બહારથી કાંઈ ભૂખ–તરસનું કે રોગનું દુઃખ નથી હોતું, બહારમાં તો તેમને મોટા રાજા–મહારાજાઓ કરતાંય ઘણો વૈભવ છે, પણ અંદર વિષયોમાં ને હાસ્ય-કુતૂહલમાં જ આકુળ-વ્યાકુળ થઈને દુઃખી થઈ રહ્યા છે. એમાંય જ્યારે મરણનું ટાણું નજીક આવે ત્યારે ભોગ-સામગ્રીનો વિયોગ થવાનું જાણીને આર્ત્તધ્યાનથી પીડાય છે ને દુઃખી-દુઃખી થઈને દુર્ગતિમાં જાય છે.

દેવોના ગળામાં એક મંદારમાળા હોય છે. જ્યારે દેવલોકનું છ મહિના આયુષ બાકી રહે ત્યારે મિથ્યાદૃષ્ટિ દેવોની તે મંદારમાળા કરમાઈ જાય છે, આભૂષણોનાં તેજ ઝાંખા પડી જાય છે; તે ઉપરથી વિભંગજ્ઞાનવડે તે જાણે છે કે હવે મરણકાળ નજીક આવ્યો છે. અરે હવે આ દેવલોકના ઉત્તમ ભોગ ક્યાંય નહિ મળે, આ દેવીઓનો વિયોગ થઈ જશે; હવે હું ક્યાં જઈશ! શું કરીશ! એમ વિષયોની ઇચ્છાથી મહા દુઃખી થઈને તે મરે છે; ને મરીને આર્ત્તધ્યાનને લીધે કોઈ કૂતરા–ગધેડા વગેરે તિર્યંચમાં અથવા તો એકેન્દ્રિયમાં અવતરે છે; કોઈ મનુષ્યમાં પણ જન્મે છે. દેવો મરીને સીધા નરકમાં જતા નથી. અને જે સમ્યગ્દૃષ્ટિ દેવો છે તેઓ તો ઉત્તમ મનુષ્યપણે જ અવતરે છે; તે આયુષ પૂરું થવા ટાણે જિનદેવના પૂજનાદિમાં ચિત્ત પરોવે છે; તેને કાંઈ સ્વર્ગના વૈભવની અભિલાષ નથી એટલે તે કાંઈ મિથ્યાદૃષ્ટિ જીવોની જેમ દુઃખી થતા નથી.

જેટલો કર્મનો ઉદય હોય તેના પ્રમાણમાં જ જીવને વિકાર થાય–એવો કાંઈ નિયમ નથી, હીનાધિકતા થાય છે. અશુભકર્મના ઉદયમાં પણ જો સમતા રાખીને શુભભાવથી સહન કરે તો અશુભની અકામનિર્જરા કરીને તે દેવ થાય છે પરંતુ દેવ થાય તોપણ અજ્ઞાની જીવ રાગમાં લીનતાથી દુઃખી જ છે. સમ્યગ્દર્શન પ્રગટ ન કરે ત્યાં સુધી દુઃખ મટે નહિ ને સુખ થાય નહીં.

સમ્યગ્દર્શન વગરના વૈમાનિકદેવો પણ દુઃખી જ છે—એ વાત હવે કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સમ્યગ્દર્શન વગર દેવલોકમાં પણ દુઃખ જ છે

સંસારની ચારે ગતિમાં અજ્ઞાનને લીધે જે દુઃખ છે તેનું વર્ણન કરતાં કરતાં હવે છેલ્લે અજ્ઞાનીનું સૌથી ઊંચું સ્થાન જે વૈમાનિક સ્વર્ગ-તેમાં પણ સમ્યગ્દર્શન વગરનો જીવ દુઃખ જ પામે છે,—એમ બતાવીને પ્રથમ અધિકાર પૂરો કરે છે—

( ગાથા-૧૬ )

**जो विमानवासी हू थाय सम्यग्दर्शन बिन दुःख पाय ।**
**तहँतें चय थावर तन धरै, यों परिवर्तन पूरे करे ॥ १६ ॥**

સમ્યગ્દષ્ટિ જીવો સર્વત્ર સુખી છે, સમ્યગ્દર્શન વગરના જીવો સર્વત્ર દુઃખી છે. સ્વર્ગનો મોટો દેવ થયો તોપણ અજ્ઞાની જીવ 'સમ્યગ્દર્શન બિન સુખ ન પાયો,' સમ્યક્ત્વ સમાન સુખકારી ત્રણકાળ ત્રણલોકમાં બીજું કોઈ નથી, ને મિથ્યાત્વસમાન દુઃખકારી ત્રણકાળ ત્રણલોકમાં બીજું કોઈ નથી. કોઈ દેવ મિથ્યાત્વની તીવ્રતાથી મરીને સીધો એકેન્દ્રિયમાં જાય ને મહા દુઃખ પામે. આ રીતે નિગોદમાંથી નીકળી ચારે ગતિના ભવ કરી કરીને પાછો વળી નિગોદમાં જાય, ને એ રીતે પરિવર્તન પૂરું કરે. એમ અનંતકાળથી પરિવર્તન કરતો આવે છે ને મહા દુઃખ ભોગવતો આવે છે. તે ક્યારે ટળે?—કે જ્યારે સમ્યગ્દર્શન કરે ત્યારે. બાકી સમ્યગ્દર્શન વગર તો નવમી ગ્રૈવેયકથી નિગોદ, ને નિગોદથી નવમી ગ્રૈવેયક-એમ ફજેતફાળકાની જેમ ભવચક્ર ચાલ્યા કરે છે. નવમી ગ્રૈવેયકથી ઉપર મિથ્યાદષ્ટિ જીવો જતા નથી; નવ ગ્રૈવેયક ઉપર નવ અનુદિશ ને પાંચ અનુત્તર વિમાનો છે તેમાં તો સમ્યગ્દષ્ટિ જીવો જ છે, એટલે તેની વાત અહીં નથી લીધી; કેમકે અહીં તો મિથ્યાદષ્ટિનાં દુઃખોનું વર્ણન છે. સમ્યગ્દષ્ટિને તો બહુ અલ્પભવ બાકી હોય છે ને તે પણ ઉત્તમ દેવ કે ઉત્તમ મનુષ્યના જ હોય છે; તેમાં તે આત્માની આરાધના કરતાં કરતાં આનંદપૂર્વક મોક્ષને સાધે છે.

મિથ્યાત્વથી જીવ પાંચ પરાવર્તનમાં રખડે છે.-દ્રવ્યપરિવર્તન, ક્ષેત્રપરિવર્તન, કાલપરિવર્તન, ભાવપરિવર્તન અને ભવપરિવર્તન; મિથ્યાદષ્ટિપણે ગ્રહવાયોગ્ય સર્વે રજકણોને અનંતવાર જીવે ગ્રહ્યા ને છોડયા, અનુક્રમે લોકના બધા પ્રદેશે અનંતવાર ઊપજ્યો ને મર્યો, કાળચક્રના દરેક સમયમાં તેણે જન્મ-મરણ કર્યા, મિથ્યાદષ્ટિને યોગ્ય જેટલા શુભ-અશુભ ભાવો છે તે અનંતવાર કર્યા, ને ચારે ગતિમાં અનંત અવતાર કર્યા,—પણ સમ્યગ્દર્શન વગર તે સર્વત્ર એકલું દુઃખ જ પામ્યો. કોઈવાર વૈમાનિક દેવ થાય ને ત્યાંથી સીધો એકેન્દ્રિયપણામાં ફૂલ તરીકે, મોતી તરીકે કે હીરા તરીકે ઊપજે. હીરા ને મોતી તે પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવો છે. કરોડો-અબજોની કિંમતના હીરા-મોતી, તેનાથી લોકો સુખ માને છે પણ તે હીરા-મોતી પોતે

વી. ૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકેન્દ્રિયપણાના મહા દુઃખોથી દુઃખી છે; બીજા લોકો તેની કરોડોની કિંમત કરે તેથી તેને કાંઈ સુખ નથી, તે તો મહા દુઃખી છે.

સંસારમાં ભમતા જીવે રૌ-રૌ નરકનાં દુઃખો પણ ભોગવ્યાં ને સ્વર્ગનો દેવ થઈને ત્યાં પણ દુઃખ જ ભોગવ્યું; લાખો જીવોની હિંસા કરનાર કસાઈના ભાવ પણ એણે કર્યા, ને ત્યાગી થઈ શુભરાગથી પંચમહાવ્રત પણ પાળ્યા, પણ અશુભ ને શુભ એવું જે કષાયચક્ર તેનાથી બહાર ન નીકળ્યો, સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવમાં કદી ન આવ્યો. આગળ ચોથી ઢાળમાં કહેશે કે—

મુનિવ્રતધાર અનંતવાર ગ્રીવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો.

જ્ઞાન જ જ્યાં નથી ત્યાં સુખ ક્યાંથી હોય? એકલું દુઃખ દુઃખ ને દુઃખ જ પામ્યો. એ દુઃખનું કારણ શું? કે જીવની ભૂલ એટલે કે મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર, તેનું વર્ણન હવે બીજી ઢાળમાં કરશે. અને ત્યારપછી મોક્ષસુખના કારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું વર્ણન કરશે. અહો! સંતોએ દુઃખી જીવો ઉપર કરુણા કરીને, દુઃખથી છૂટવાનો ને સાચું આત્મસુખ પામવાનો ઉપાય બતાવીને ઉપકાર કર્યો છે.

ભાઈ, તારે ચાર ગતિના આ સંસારદુઃખથી છૂટવું હોય તો મિથ્યાત્વાદિને મહાદુઃખનું કારણ જાણીને તુરત જ તેનું સેવન છોડ, ને સમ્યક્ત્વાદિને પરમ સુખનું કારણ જાણીને તેની આરાધનામાં આત્માને જોડ.

* * *

આ રીતે પં. શ્રી દૌલતરામજી રચિત છહાળામાં
મિથ્યાત્વજનિત ચારગતિનાં દુઃખોનું વર્ણન કરનાર
પ્રથમ અધ્યાય ઉપર પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં
પ્રવચનો પૂર્ણ થયાં.

* * *

ચૈતન્યદોલત દેખતાં ચારગતિદુઃખ જાય,
ગુરુકહાન કહે રે હરિ! સમ્યક્થી સુખ થાય.
એવું સમ્યક્ પામીએ, જગતમાં જે સાર,
વીતરાગ-વિજ્ઞાનથી થઈએ ભવથી પાર.

॥ जैनम् जयतु शासनम् ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# 卐 વીતરાગવિજ્ઞાન–પ્રશ્નોત્તરી 卐

છહઢાળાના પ્રથમ અધ્યાયના આ પ્રવચનોમાંથી દોહન કરીને અહીં ૨૦૦ પ્રશ્નો અને તેના ઉત્તર આપવામાં આવ્યા છે. ટૂંકી ભાષામાં ને સુગમ શૈલીમાં આ પ્રશ્ન-ઉત્તર સર્વે જિજ્ઞાસુઓને ગમશે, ને છહઢાળાનો અભ્યાસ કરવામાં વિશેષ રસ જગાડશે.

૧ જગતમાં કેટલા જીવો છે?....અનંત.

૨ જીવોને શું વહાલું છે?........સુખ.

૩ જીવો શેનાથી ભયભીત છે?....દુઃખથી.

૪ શ્રીગુરુ કેવો ઉપદેશ આપે છે?....જેનાથી સુખ થાય ને દુઃખ મટે એવો.

૫ સુખ શેનાથી થાય?....વીતરાગવિજ્ઞાનથી.

૬ વીતરાગવિજ્ઞાન કેવું છે?....ત્રણ જગતમાં સારરૂપ છે.

૭ કલ્યાણરૂપ કોણ છે?....વીતરાગવિજ્ઞાન.

૮ પંચપરમેષ્ઠીનું પૂજ્યપણું શેને લીધે છે?...વીતરાગવિજ્ઞાનને લીધે.

૯ વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કઈ રીતે થાય?....રાગથી ભિન્ન આત્માની ઓળખાણ વડે.

૧૦ અહીં વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કર્યા, અરિહંતને કેમ ન કર્યા?
વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કરતાં તેમાં અરિહંતને નમસ્કાર આવી જ જાય છે; કેમકે અરિહંત વગેરે વીતરાગવિજ્ઞાનસ્વરૂપ છે. અરિહંતના ગુણને ઓળખીને નમસ્કાર કર્યા તેમાં અરિહંતને નમસ્કાર આવી જ ગયા.

૧૧ વીતરાગવિજ્ઞાનમાં શું સમાય છે?
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ તેમાં સમાય છે.

૧૨ 'વીતરાગવિજ્ઞાન'માં રત્નત્રય કઈ રીતે સમાય છે?
'વિજ્ઞાન' કહેતાં સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન આવ્યા, ને 'વીતરાગ' કહેતાં સમ્યક્ચારિત્ર આવ્યું; આ રીતે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ વીતરાગવિજ્ઞાનમાં સમાય છે.

૧૩ સંપૂર્ણ વીતરાગ વિજ્ઞાન કોને છે?....અરિહંતોને અને સિદ્ધભગવંતોને.

૧૪ એકદેશ વીતરાગ-વિજ્ઞાન કોને છે?....આચાર્ય–ઉપાધ્યાય–સાધુને તેમજ સમ્યગ્દૃષ્ટિ જીવોને.

૧૫ ધર્માત્માને શું જોઈએ છે?....ધર્માત્માને કેવળજ્ઞાન અને વીતરાગતા જોઈએ છે.

૧૬ યોગીજનો સદા કોને ધ્યાવે છે?....અનંત સુખધામ એવા નિજાત્માને.

૧૭ વીતરાગ-વિજ્ઞાનને જે વંદન કરે તે રાગને સારભૂત માને?....કદી ન માને.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૮ ગૃહસ્થને ચોથા ગુણસ્થાને વીતરાગવિજ્ઞાન હોય?....હા, અંશે હોય.

૧૯ મોક્ષનું કારણ કોણ?....વીતરાગ-વિજ્ઞાન.

૨૦ શુભરાગને મોક્ષનું કારણ કેમ ન કહ્યું?....કેમકે તે વીતરાગ-વિજ્ઞાનથી વિરુદ્ધ છે.

૨૧ વીતરાગ-વિજ્ઞાનની શરૂઆત ક્યાંથી થાય?....ચોથા ગુણસ્થાનથી.

૨૨ સાવધાની એટલે શું?....શુદ્ધસ્વભાવની સન્મુખતા; તે તરફનો ઉદ્યમ.

૨૩ આત્માનું સ્વસંવેદન કેવું છે?....સ્વસંવેદન વીતરાગ છે.

૨૪ સાધકભૂમિકામાં રાગ તો હોય છે?
ભલે હો, પણ જે સ્વસંવેદન છે તે તો વીતરાગ જ છે.

૨૫ જે જીવ હિત ચાહતો હોય તેણે શું કરવા લાયક છે?
વીતરાગ-વિજ્ઞાન કરવા લાયક છે.

૨૬ જેણે વીતરાગ-વિજ્ઞાનને ઓળખીને નમસ્કાર કર્યા તેને શું થયું?
તેને પોતાની પર્યાયમાં પણ અંશે વીતરાગ વિજ્ઞાન પ્રગટ્યું.

૨૭ ત્રણલોકનું દોણું વલોવીને સંતોએ તેમાંથી સાર શું કાઢ્યો?
**'तीन भुवनमें सार वीतरागविज्ञानता।'**

૨૮ રાગથી ધર્મ માનવો તે કેવું છે?...તે તો પાણીને વલોવવા જેવું નિઃસાર છે.

૨૯ બાહ્યદૃષ્ટિજીવો શેમાં સંતુષ્ટ થઈ જાય છે?
તેઓ શુભરાગમાં જ સંતુષ્ટ થઈ જાય છે.

૩૦ જીવ ચારગતિમાં કેમ રખડ્યો?....વીતરાગવિજ્ઞાનના અભાવને લીધે.

૩૧ ચારગતિ કઈ છે?........તિર્યંચ, નરક, મનુષ્ય, દેવ.

૩૨ ચારગતિ સિવાયની પાંચમી ગતિ કઈ?........મોક્ષ.

૩૩ મોક્ષગતિ કેવી છે?....તે પરમ સુખરૂપ છે.

૩૪ પરમ સુખરૂપ મોક્ષદશા શેનાથી પમાય છે?....વીતરાગ-વિજ્ઞાનથી.

૩૫ દુઃખથી છૂટવા શ્રીગુરુ શેનો ઉપદેશ આપે છે?
વીતરાગ-વિજ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો; એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને અંગીકાર કરવાનો ઉપદેશ આપે છે.

૩૬ તે ઉપદેશ કઈ રીતે સાંભળવો?....પોતાના હિતને અર્થે, ચિત્તને સ્થિર કરીને.

૩૭ જીવે શેનો સ્વાદ કદી નથી ચાખ્યો?....વીતરાગી પરમાનંદનો સ્વાદ કદી નથી ચાખ્યો.

૩૮ મનુષ્યગતિમાં કેટલા જીવો છે?....અસંખ્યાતા.

૩૯ નરકગતિમાં કેટલા જીવો છે?....અસંખ્યાતા.

૪૦ દેવગતિમાં કેટલા જીવો છે?....અસંખ્યાતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૪૧ તિર્યંચગતિમાં કેટલા જીવો છે?....અનંતા.

૪૨ ત્રસ જીવો કેટલા છે?.......અસંખ્યાતા.

૪૩ મોક્ષ પામેલા જીવો કેટલા છે?.......અનંતા.

૪૪ જીવને દુઃખનું કારણ શું છે?....પોતાનો મિથ્યાત્વભાવ.

૪૫ તે મિથ્યાત્વભાવ કેમ મટે?...સાચા ભેદજ્ઞાન વડે સમ્યગ્દર્શન પ્રગટ કરવાથી.

૪૬ સંતની પહેલી શિક્ષા શી છે?....તારા દોષે તને બંધન છે, માટે તે દોષ ટાળ.

૪૭ જીવનો મુખ્ય દોષ કયો છે?
દોષ એટલો કે પરને પોતાનું માનવું, ને પોતે પોતાને ભૂલી જવું.

૪૮ એકેન્દ્રિય જીવોને વિચારશક્તિ છે?
ના; તેનામાં જ્ઞાન છે, પણ મન કે વિચારશક્તિ નથી.

૪૯ ગુરુ એટલે કોણ?
ગુરુ એટલે રત્નત્રયધારી દિગંબર સંત, અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી ગુણોમાં જે મોટા તે ગુરુ.

૫૦ એવા ગુરુઓએ જગત પર શો ઉપકાર કર્યો છે?
વીતરાગ-વિજ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને શ્રીગુરુઓએ જગતના જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે.

૫૧ કુંદકુંદસ્વામીના ગુરુએ તેમને કેવો ઉપદેશ દીધો 'તો?
'અમારા ગુરુઓએ અનુગ્રહપૂર્વક અમને શુદ્ધાત્માનો ઉપદેશ દીધો હતો'—એમ કુંદકુંદસ્વામી કહે છે.

૫૨ ઉપદેશવડે સંતો શું દેખાડે છે?
શુદ્ધાત્મા દેખાડે છે. શુદ્ધાત્માને કઈ રીતે જાણવો?....પોતાના સ્વાનુભવથી.

૫૩ ક્રિયાજડ કોણ છે?....જે બાહ્યક્રિયામાં (જડની ક્રિયામાં) ધર્મ માને છે તે.

૫૪ શુષ્કજ્ઞાની કોણ છે?....જે મુખથી માત્ર વાતો કરે છે પણ મોહ છોડતો નથી તે.

૫૫ પોતાનું સ્વરૂપ ન સમજવાથી શું થયું?...જીવ અનંત દુઃખ પામ્યો.

૫૬ ધર્મોપદેશ મળવા છતાં જે ન સાંભળે તે કેવા છે?....આત્માની દરકાર વગરના.

૫૭ આ ઉપદેશ કોને માટે છે?
સંસારથી થાકીને આત્માની શાંતિ લેવા ચાહતા હોય એવા જિજ્ઞાસુને માટે.

૫૮ મુનિ કેવા છે?....રત્નત્રયના ધારક છે ને મોક્ષના સાધક છે.

૫૯ દુઃખથી છૂટીને સુખી થવાનું ક્યારે બની શકે?
વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવતા હોય ત્યારે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૬૦ દુઃખ મટે ને સુખ થાય—તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવતા કઈ રીતે ?
સુખનો ઉત્પાદ, દુઃખનો વ્યય, ને આત્મા સળંગ રહ્યો તે ધ્રુવતા.

૬૧ વીતરાગી સંતોએ કેવી શિખામણ આપી છે ?
વીતરાગી સંતોએ વીતરાગતાની જ શિખામણ આપી છે.

૬૨ જીવને માટે ઇષ્ટ ઉપદેશ—હિતોપદેશ શું છે ?
ભેદજ્ઞાન કરાવીને દુઃખથી છોડાવે ને સુખનો અનુભવ કરાવે તે.

૬૩ જૈનધર્મના ચારે અનુયોગમાં કેવો ઉપદેશ છે ?
ચારે અનુયોગ વીતરાગવિજ્ઞાનના જ પોષક છે.

૬૪ શ્રીગુરુ આત્મહિતનો ઉપદેશ કોને સંભળાવે છે ?
જેનામાં વિચારશક્તિ ખીલી છે ને સમજવાની જિજ્ઞાસા છે તેને.

૬૫ સંતોએ જગત ઉપર કઈ રીતે ઉપકાર કર્યો છે ?
અહા ! સંતોએ મોક્ષમાર્ગ સમજાવીને ઉપકાર કર્યો છે.

૬૬ જિનવાણી શેનો નાશ કરાવે છે ?...મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો નાશ કરાવે છે.

૬૭ જિનવાણી શેની પ્રાપ્તિ કરાવે છે ?...સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ કરાવે છે.

૬૮ દરેક જીવનો સ્વભાવ કેવો છે ?....જ્ઞાનરૂપ ને સુખરૂપ.

૬૯ છતાં તેને સુખ કેમ નથી ?....સ્વભાવને ભૂલ્યો છે તેથી.

૭૦ એ ભૂલ ક્યારે મટે ?....સ્વભાવની ઓળખાણ કરે ત્યારે.

૭૧ શરીર વગર આત્મા એકલો સુખી રહી શકે ?
હા; દેહાતીત સિદ્ધભગવંતો પરમ સુખી છે.

૭૨ શરીર છોડીને ( મરીને ) પણ જીવો સુખી થવા કેમ ઇચ્છે છે ?
કેમકે આત્મામાં દેહ વગર જ સુખ છે.

૭૩ તે સુખ ક્યારે અનુભવમાં આવે ?
દેહથી ભિન્ન આત્માને પોતામાં દેખતાં જ અતીન્દ્રિયસુખ અનુભવાય છે.

૭૪ જીવને મોટો રોગ કયો છે ?....મિથ્યાત્વ, અર્થાત્ ‘ આત્મભ્રાંતિ સમ રોગ નહીં.’

૭૫ તે રોગ કેમ મટે ?....ગુરુ ઉપદેશ અનુસાર વીતરાગ વિજ્ઞાનનું સેવન કરવાથી.

૭૬ દુઃખની દવા શું ?
આત્માના સુખનો અનુભવ-એ જ દુઃખ મટાડવાની એક માત્ર દવા છે; બીજી કોઈ દવાથી દુઃખ મટતું નથી.

૭૭ અત્યાર સુધી જીવે શું કર્યું ?
મોહથી પોતાને ભૂલીને સંસારમાં ભટક્યો....ને દુઃખી થયો.

૭૮ જીવ દુઃખી કેમ છે ?....પોતાની ભૂલથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭૯ ભૂલ શું ?....પોતે પોતાને ભૂલ્યો તે.

૮૦ તે ભૂલ કેવડી ?....તે ભૂલ નાની નથી પણ સૌથી મોટી ભૂલ છે.

૮૧ ભૂલ ક્યારે ભાંગે ? ને દુઃખ ક્યારે મટે ?
આત્માની સાચી સમજણ કરતાં ભૂલ ભાંગે ને દુઃખ મટે.

૮૨ દુઃખ મટાડવા માટે અજ્ઞાની કેવા ઉપાય કરે છે ?
અજ્ઞાની જીવ બાહ્યસામગ્રીને દૂર કરવાના કે ટકાવી રાખવાના ઉપાય કરીને દુઃખ મટાડવા ને સુખી થવા ઇચ્છે છે, પણ એ બધા ઉપાય જૂઠા છે.

૮૩ તો સાચો ઉપાય શો છે ?...સમ્યગ્દર્શનાદિ વડે મોહ દૂર થતાં સાચું સુખ થાય છે.

૮૪ જીવની એવડી ભૂલ કઈ છે ?
એક તો પોતે મોહ કરે છે, અને પાછો તે બીજા ઉપર ઢોળે છે.

૮૫ જીવ કેમ રખડ્યો ?....પોતાની ભૂલથી.

૮૬ એ ભૂલ કેમ ટળે ?....સ્વ-પરનું ભેદજ્ઞાન કરે તો.

૮૭ જીવ શેનાથી હેરાન થાય છે ?....પોતાના અજ્ઞાનથી.

૮૮ કર્મો જીવને હેરાન કરે છે ?....ના.

૮૯ આત્માની સાચી સમજણ ક્યારે કરવી ?
અત્યારે જ; સાચી સમજણ માટે આ ઉત્તમ અવસર આવ્યો છે.

૯૦ મોહને લીધે જીવ શું કરે છે ?....પોતાનું ભાન ભૂલીને પરદ્રવ્યને પોતાનાં માને છે.

૯૧ અજ્ઞાનથી જીવ ક્યાં ક્યાં ભટક્યો ?
નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીમાં બધે ભટક્યો.

૯૨ સિદ્ધનું સુખ ને નિગોદનું દુઃખ, એ બંને કેવાં છે ?....બંને વચનાતીત છે.

૯૩ દુઃખ સાતમી નરકમાં વધુ કે નિગોદમાં ?...નિગોદમાં.

૯૪ સંસારમાં જીવને દુર્લભ શું છે ? ને અપૂર્વ શું છે ?
પ્રથમ તો નિગોદમાંથી નીકળી ત્રસપણું પામવું દુર્લભ, ત્રસમાં પંચેન્દ્રિયપણું દુર્લભ, તેમાં સંજ્ઞીપણું દુર્લભ, તેમાં મનુષ્ય થવું દુર્લભ; મનુષ્યમાં આર્યક્ષેત્ર-જૈનકુળ-પાંચે ઇંદ્રિયોની પૂર્ણતા-દીર્ઘ આયુ મળવા દુર્લભ, ને તેમાં સાચા દેવ-ગુરુ મળવા દુર્લભ છે; આ બધું દુર્લભ હોવા છતાં પૂર્વે મળી ચૂકયું છે. ત્યારપછી આત્માની રુચિ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે દુર્લભ અને અપૂર્વ છે. પછી મુનિદશારૂપ રત્નત્રયની પ્રાપ્તિ તો તેનાથીયે દુર્લભ છે. તેની અખંડ આરાધના કરીને કેવળજ્ઞાન પામવું તે સૌથી દુર્લભ ને અપૂર્વ છે.

૯૫ સંસારદશામાં ઝાઝો કાળ શેમાં વીત્યો ?....નિગોદમાં.

૯૬ નિગોદમાં ઘણું દુઃખ કેમ છે ?....કેમકે તે જીવોને પ્રચૂર ભાવકલંક છે, ઘણો મોહ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૯૭ જીવે અનંત શરીરો ધારણ કરવા છતાં તે શરીરરૂપ થયો છે?
ના; શરીરથી જુદો ઉપયોગરૂપ જ રહ્યો છે.

૯૮ ઇંડામાં જીવ છે?....ઇંડામાં પંચેન્દ્રિય જીવ છે; તેનું ભક્ષણ એ માંસાહાર જ છે.

૯૯ જીવે શેનો ઉદ્યમ કરવા જેવું છે?
બોધિ–રત્નત્રયની દુર્લભતા વિચારીને તેનો ઉદ્યમ કરવા જેવું છે.

૧૦૦ સિદ્ધદશા શેનાથી ભરેલી છે?...આત્માના આનંદથી ભરેલી છે.

૧૦૧ નિગોદદશા શેનાથી ભરેલી છે?....દુઃખના દરિયાથી ભરેલી છે.

૧૦૨ નરકાદિમાં શેનું દુઃખ છે?....તીવ્ર મોહનું.

૧૦૩ નિગોદનો જીવ એક મિનિટમાં કેટલા ભવ કરે?....હજારો.

૧૦૪ અરિહંતોને અવતાર કેમ નથી?....મોહ નથી માટે.

૧૦૫ અવતાર કોણ કરે?....જેને મોહ હોય તે.

૧૦૬ સિદ્ધ ભગવંતો એક જગ્યામાં કેટલા છે?....અનંતા.

૧૦૭ નિગોદિયા જીવો એક જગ્યામાં કેટલા છે?...અનંતા.

૧૦૮ સિદ્ધનું સુખ કે નિગોદનું દુઃખ દૃષ્ટાંત દ્વારા સમજાવી શકાય? ...ના.

૧૦૯ જીવોએ પૂર્વે કેવા ભાવો ભાવ્યા છે?
અજ્ઞાનથી મિથ્યાત્વાદિક ભાવો જ ભાવ્યા છે.

૧૧૦ જીવોએ પૂર્વે કેવા ભાવો નથી ભાવ્યા?
સમ્યક્ત્વાદિ ભાવોને પૂર્વે કદી નથી ભાવ્યા.

૧૧૧ સિદ્ધ ઝાઝા કે નિગોદ?....નિગોદના જીવો અનંતગુણા છે.

૧૧૨ ચારગતિમાં સૌથી થોડા જીવો કઈ ગતિમાં?....મનુષ્યમાં.

૧૧૩ મોક્ષને સાધવાના અવસરમાં જીવે શું ભૂલ કરી?
રાગમાં ને બાહ્યક્રિયામાં ધર્મ માનીને રોકાઈ ગયો.

૧૧૪ મનુષ્યના જ ભવ ઉપરાઉપરી કેટલા થઈ શકે?....આઠ.

૧૧૫ ચિંતામણિ સમાન શું છે?...એકેન્દ્રિયમાંથી છૂટીને ત્રસપણું પામવું તે.

૧૧૬ મનુષ્યપણાની દુર્લભતા જાણીને શું કરવું?
વીતરાગવિજ્ઞાન વડે મોક્ષને સાધવાનો ઉદ્યમ કરવો.

૧૧૭ મનુષ્યપણાની કિંમત કેટલી?
મનુષ્યપણામાં જો આત્માને સાધે તો જ તેની કિંમત છે, જો વિષયકષાયોમાં જ ગુમાવે તો તેની કિંમત કાંઈ નથી.

૧૧૮ એકેન્દ્રિય જીવોને કેવી ચેતના છે?....અજ્ઞાનચેતના.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૧૯ જ્ઞાનચેતના કેવી છે?....જ્ઞાનચેતના આનંદરૂપ છે, ને મોક્ષનું કારણ છે.

૧૨૦ જ્ઞાનચેતનાનું બીજું નામ શું?....વીતરાગવિજ્ઞાન.

૧૨૧ જીવનો મિત્ર કોણ? શત્રુ કોણ?
જ્ઞાનભાવથી જીવ જ પોતે પોતાનો મિત્ર છે, ને અજ્ઞાનભાવથી પોતે પોતાનો શત્રુ છે.

૧૨૨ જીવ સુખી-દુઃખી કેમ થાય છે?
પોતાના સવળા ભાવથી સુખી; અવળા ભાવથી દુઃખી.

૧૨૩ જીવના સંસારપરિભ્રમણની કથા શા માટે સંભળાવે છે?....તેનાથી છૂટવા માટે.

૧૨૪ અસંજ્ઞી જીવો કેવા છે?....વિચારશક્તિ વગરના છે, નરકથી વધુ દુઃખી છે.

૧૨૫ સિંહાદિક તિર્યંચોને ધર્મપ્રાપ્તિ થઈ શકે?....હા.

૧૨૬ ચારગતિનાં દુઃખો કોણ ભોગવે છે?....અજ્ઞાની.

૧૨૭ જ્ઞાની શું કરે છે?
જ્ઞાની તો સુખના પંથે ચડયા છે; વીતરાગવિજ્ઞાન વડે મોક્ષને સાધી રહ્યા છે.

૧૨૮ દેહનું છેદન-ભેદન થતાં કયો જીવ દુઃખી થાય છે?....જેને દેહ પ્રત્યે મોહ હોય તે.

૧૨૯ દુઃખ શેનું છે—છેદન-ભેદનનું કે મોહનું?....મોહનું.

૧૩૦ પ્રતિકૂળ સંયોગ તે દુઃખ—એ વ્યાખ્યા બરાબર છે?
ના; મોહ તે દુઃખ છે. જેને મોહ નથી તેને દુઃખ નથી.

૧૩૧ આત્મા શેનાથી સુખી છે?
આત્મા પોતાના સ્વભાવથી જ સુખી છે; સુખ કોઈ સંયોગને લીધે નથી; બાહ્યવિષયોમાં સુખ નથી.

૧૩૨ પોતામાં સુખ હોવા છતાં જીવ દુઃખ કેમ વેદી રહ્યો છે?
પોતાના સુખસ્વભાવને ભૂલ્યો છે તેથી.

૧૩૩ નરકના જીવોને આત્મજ્ઞાન થાય?....હા, ત્યાં પણ કોઈ જીવો આત્મજ્ઞાન પામે છે.

૧૩૪ નરકમાં કોઈ જીવ સુખી હોય?
હા, ત્યાં પણ સમ્યગ્દર્શનવડે કોઈ જીવ સુખનો સ્વાદ ચાખી લ્યે છે.

૧૩૫ જીવ જાગે તો કેટલા વખતમાં કેવળજ્ઞાન લ્યે?....અંતર્મુહૂર્તમાં.

૧૩૬ અનંત કાળનું અજ્ઞાન ટાળવા કેટલો વખત લાગે?
નિજશક્તિને સંભાળતાં ક્ષણમાત્રમાં અજ્ઞાન ટળી જાય.

૧૩૭ દેડકાંને ચીરીને ભણતર ભણે-તે કેવું?
તે અનાર્યભણતર; આર્યમાણસમાં એવી ક્રૂરતા ન હોય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૩૮ ચારગતિનાં દુઃખથી ડરે–તો શું કરવું ?
તો સર્વે પરભાવો છોડીને શુદ્ધાત્માનું ચિન્તન કરવું.

૧૩૯ અજ્ઞાન અને દુઃખમય જીવન જીવને શોભે છે ?....ના

૧૪૦ ધર્મ વગર કદી સુખ થાય ?....ના.

૧૪૧ જીવની દુઃખકથા કેવી છે ?....એ સાંભળતાંય વૈરાગ્ય આવી જાય એવી.

૧૪૨ સુકુમાર ક્યારે વૈરાગ્ય પામ્યા ?
મુનિરાજના શ્રીમુખથી સ્વર્ગ-નરકનું વર્ણન સાંભળીને.

૧૪૩ જીવે પૂર્વે અનંત દુઃખ સહન કર્યાં તે યાદ કેમ નથી આવતાં ?
જ્ઞાનમાં તે પ્રકારની વિશુદ્ધિ નથી તેથી.

૧૪૪ જીવે નવો અવતાર ન કરવો હોય તો શું કરવું ?
મોક્ષસુખ સાધી લેવું,–જેથી ફરી અવતાર ન રહે.

૧૪૫ દેહ છૂટતાં મરણની બીક કોને છે ?...અજ્ઞાનીને.

૧૪૬ તે વખતે જ્ઞાનીને શું છે ?....'આનંદની લહેર.'

૧૪૭ જીવને દુઃખ ગમતું નથી છતાં તે કેમ દુઃખી છે ?
દુઃખના કારણને સેવે છે–તેથી.

૧૪૮ જીવને સુખ ગમે છે–છતાં તે કેમ સુખ નથી પામતો ?
સુખના કારણને સેવતો નથી–તેથી.

૧૪૯ પોતામાં આનંદનો સમુદ્ર ભર્યો છે છતાં જીવને કેમ આનંદ નથી ?
પોતાની સામે જોતો નથી, બહાર જુએ છે, તેથી.

૧૫૦ નરકમાં ઊપજતાવેંત જીવ કેવું દુઃખ પામે છે ?
જાણે દુઃખના દરિયામાં પડ્યો હોય–તેવું.

૧૫૧ નરકની જમીનનો સ્પર્શ કેવો છે ?....હજારો વીંછીના ડંખ જેવો.

૧૫૨ નરકમાં દુર્ગંધ કેવી છે ?....જેનાથી કેટલાય ગાઉના માણસો મરી જાય–એવી.

૧૫૩ નરકમાં વીંછી વગેરે હોય છે ?....ના; ત્યાં વિકલેન્દ્રિય જીવો હોતા નથી.

૧૫૪ ચારગતિનાં દુઃખોનું વર્ણન શા માટે કર્યું છે ?
મિથ્યાત્વાદિને લીધે આવા દુઃખો છે–એમ જાણીને તેનું સેવન છોડ; ને સુખનું કારણ સમ્યક્ત્વાદિ છે–તેનું સેવન કર.

૧૫૫ અત્યાર સુધીનો અનંતકાળ જીવે શેમાં ગાળ્યો ?
સંસારની ચારગતિનાં દુઃખ ભોગવવામાં.

૧૫૬ સ્વર્ગ અને નરક શું છે ?
જીવોને પુણ્ય અને પાપનાં ફળ ભોગવવાનાં તે સ્થાનો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૫૭ તીવ્ર હિંસા, માંસભક્ષણ વગેરે મહાપાપ કરનારા જીવો ક્યાં જાય છે ?...નરકમાં

૧૫૮ નરકમાં જીવ કેટલું દુઃખ પામે છે ?
પૂર્વે જેટલી પાપરૂપી કિંમત ભરી હોય તેટલું.

૧૫૯ નરકમાં જનાર જીવ ત્યાં કેટલો વખત દુઃખ ભોગવે ?
ઓછામાં ઓછા દશ હજાર વર્ષથી માંડીને અસંખ્ય વર્ષો સુધી.

૧૬૦ સિદ્ધપદના સુખમાં જીવ કેટલો કાળ રહે ?
સંસાર કરતાં અનંતગુણા કાળસુધી-સાદિ અનંત સદાય.

૧૬૧ ચારગતિનાં દુઃખ કોને ભોગવવા પડે છે ?....જે આત્માનું જ્ઞાન ન કરે તેને.

૧૬૨ નરકની અનંતી વેદના છતાં જીવ કેમ મરી ન ગયો ?
જીવનું જીવત્વ કે અસ્તિત્વ કદી હણાય નહિ; અરે ! નરકની વેદના વચ્ચે પણ અસંખ્ય જીવો અંતરમાં ઊતરીને સમ્યગ્દર્શન પામી ગયા છે.

૧૬૩ દુઃખમય સંસારમાં ક્યાંય ન ગમે તો શું કરવું ?
'હે જીવ ! તને ક્યાંય ન ગમે તો આત્મામાં ગમાડ.'

૧૬૪ નરકનું આયુ કોને બંધાય ?
મિથ્યાદૃષ્ટિને જ બંધાય; સમ્યગ્દૃષ્ટિને ન બંધાય. વીતરાગી દેવ-ગુરુ-ધર્મની નિંદા કરનારા, ને તીવ્ર પાપો કરનારા જીવો નરકમાં જાય છે.

૧૬૫ કોઈક સમ્યગ્દૃષ્ટિ પણ નરકમાં તો જાય છે ?
તેણે પૂર્વે મિથ્યાત્વદશામાં નરક આયુ બાંધ્યું હતું-તેથી.

૧૬૬ નરકના જીવને ક્યારેય સાતા થાય ?
હા; મધ્યલોકમાં તીર્થંકરનો જન્મ વગેરે પ્રસંગે નરકના જીવોનેય સાતા થાય છે, ને તે પ્રસંગે કોઈ કોઈ જીવો તો સમ્યક્ત્વ પણ પામી લ્યે છે.

૧૬૭ ઠંડીથી આગ લાગે ?
હા; હિમની જેમ શાંત-અકષાય ભાવવડે કર્મોમાં આગ લાગી જાય છે.

૧૬૮ ક્યા ભાવથી કર્મોનો નાશ થાય ?....વીતરાગભાવથી.

૧૬૯ નારકીમાં સ્ત્રીવેદ કે પુરુષવેદ હોય ?....ના; ત્યાં બધા નપુંસક હોય છે.

૧૭૦ દેવલોકમાં ક્યા વેદ હોય ?
ત્યાં સ્ત્રી કે પુરુષવેદ જ હોય, નપુંસકવેદ ન હોય.

૧૭૧ નરકમાં ખાવા-પીવાનું મળે ?
ના; ત્યાં કદી પાણીનું ટીપું કે અનાજનો દાણો મળતો નથી.

૧૭૨ છતાં એવી નરકમાંય સમ્યગ્દર્શન થાય ?
હા ભાઈ; ત્યાં પણ આત્મા છે ને ? એટલે સમ્યગ્દર્શન પામીને દુઃખના દરિયાની વચ્ચે પણ શાંતિનું મધુરું ઝરણું પ્રાપ્ત કરી લ્યે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૭૩ જીવને દુઃખના દરિયામાંથી ઉગારનાર કોણ છે?
એકમાત્ર વીતરાગીધર્મ; બીજું કોઈ નહિ.

૧૭૪ નરકના બે ભવ વચ્ચે આંતરું ઓછામાં ઓછું કેટલું?
અંતર્મુહૂર્ત; નરકમાંથી નીકળેલો કોઈ જીવ માત્ર અંતર્મુહૂર્તમાં તીવ્ર પાપ કરીને ફરી પાછો નરકમાં જાય.

૧૭૫ નરકના જીવો કેટલી ઇન્દ્રિયવાળા છે?....તે જીવો પંચેન્દ્રિય-સંજ્ઞી છે.

૧૭૬ નારકીને ખંડખંડ થઈ જાય તેવું શરીર કેમ મળ્યું?
અખંડ આત્માની એકતાને પાપથી ખંડખંડ કરી નાંખી છે તેથી.

૧૭૭ જીવને કેટલું સુખ? કેટલું દુઃખ?
જેટલી સ્વભાવપરિણતિ તેટલું સુખ; જેટલો વિભાવ તેટલું દુઃખ.

૧૭૮ આહાર–પાણી વગર આત્મા જીવી શકે?....હા.

૧૭૯ જીવને પરવસ્તુ વગર ચાલી શકે?
હા; પરવસ્તુ વગર જ જીવ પોતાની અસ્તિથી જીવી રહ્યો છે.

૧૮૦ નરકમાં જીવને કોણે દુઃખી કર્યો?
કોઈ બીજાએ દુઃખી નથી કર્યો; પોતાના મોહથી જ દુઃખી છે.

૧૮૧ નરકના જીવને શુભભાવ થઈ શકે?....હા; અને આત્મજ્ઞાન પણ થઈ શકે.

૧૮૨ નરકમાંથી નીકળીને જીવ ક્યાં જાય?
કાં તો મનુષ્ય થાય; કાં તિર્યંચમાં જાય.

૧૮૩ જીવે ચારગતિમાં સૌથી ઓછા ભવ શેના કર્યા?...મનુષ્યના.

૧૮૪ જીવ બહારથી પોતાની મોટાઈ કેમ માને છે?
તે પોતાના સ્વભાવની મહાનતાને નથી જાણતો તેથી.

૧૮૫ જીવની મોટાઈ શેનાથી છે?...જ્ઞાનસ્વભાવ વડે જીવની અધિકતા ને મહાનતા છે.

૧૮૬ જીવને શું નથી શોભતું?....અજ્ઞાન અને દુઃખનું વેદન જીવને નથી શોભતું.

૧૮૭ અત્યારે ભરતક્ષેત્રમાં આત્મજ્ઞાની જીવો અવતરે ખરા?
ના; પણ અવતર્યા પછી આત્મજ્ઞાન પામી શકે.

૧૮૮ મનુષ્યભવની સાર્થકતા ક્યારે?
આત્મસ્વરૂપ ઓળખીને વીતરાગવિજ્ઞાન પ્રગટ કરે ત્યારે.

૧૮૯ મોંઘું મનુષ્યપણું તે અપૂર્વ છે?
ના; સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે અપૂર્વ છે.

૧૯૦ મનુષ્યને બુદ્ધિ મળી–તે શેમાં વાપરવી?
આત્માના હિતનો વિચાર કરવામાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૯૧ જીવ નકામો કાળ શેમાં ગુમાવે છે?
પાર વગરની પારકી ચિંતામાં વ્યર્થ કાળ ગુમાવે છે.

૧૯૨ કોને સુખરસની ગટાગટી છે?....સમ્યગ્દષ્ટિ જીવોને.

૧૯૩ મિથ્યાદષ્ટિ જીવ સ્વર્ગમાં જાય તો સુખી થાય?
ના; તે દેવલોકમાં પણ દુઃખી જ છે.

૧૯૪ સ્વર્ગમાં પણ જીવ કેમ સુખી ન થયો?....આત્મજ્ઞાન ન હોવાથી.

૧૯૫ ચંદ્ર-સૂર્ય દેખાય છે તે શું છે?
તે જ્યોતિષી દેવોનાં વિમાનો છે, દેવો તેમાં રહે છે.

૧૯૬ કેવા જીવો ચંદ્રલોકમાં ઊપજે?....ત્યાં અજ્ઞાની ઊપજે, જ્ઞાની નહીં.

૧૯૭ દેવોને શેનું દુઃખ?....વિષયોની અભિલાષાનું.

૧૯૮ સ્વર્ગમાં કોઈ સુખી હોય?.. હા; ત્યાં જે દેવો સમ્યગ્દષ્ટિ છે તેઓ સુખી છે.

૧૯૯ સંતોનો આ ઉપદેશ જાણીને શું કરવું?
મિથ્યાત્વાદિનું સેવન તુરત જ છોડવું ને સમ્યક્ત્વાદિને પરમસુખનું કારણ જાણીને તેની આરાધનામાં આત્માને જોડવો.

૨૦૦ એમ કરવાથી શું મંગળફળ આવે?....વીતરાગવિજ્ઞાન પ્રગટીને મોક્ષ થાય.

तीनभुवनमें सार वीतरागविज्ञानता ।
शिवस्वरूप शिवकार नमुं त्रियोग सम्हारिके ॥

* જે સંસારરૂપી વન રક્ષકો રહિત છે તેમાં પોતાના ઉદયકાળ આદિરૂપ પરાક્રમથી સંયુક્ત એવા કર્મરૂપી વાઘ દ્વારા ગ્રહાયેલ આ મનુષ્યરૂપી પશુ 'આ પ્રિયા મારી છે, આ પુત્ર મારા છે, આ દ્રવ્ય મારું છે અને આ ઘર પણ મારું છે'—આમ 'મારું મારું' કહેતો મરણ પામી જાય છે.

( શ્રી પદ્મનંદિ-પંચવિંશતિ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## * जिया तुम चालो अपने देश *

जिया तुम चालो अपने देश, शिवपुर थारो शुभथान ॥
लख चौरासी में बहु भटके, लह्यो न सुखको लेश ॥ जिया० ॥
मिथ्या रूप धरे बहुतेरे, भटके बहुत विदेश ॥
विषयादिक अनेक दुख पाये, भुगते बहुत कलेश ॥ जिया० ॥
भयो तिर्यंच नारकी नर सुर, करि करि नाना भेष ॥
'दौलतराम' तोड़ जगनाता, सुनो सुगुरु उपदेश ॥ जिया० ॥

---

## * हम तो कबहूँ न निज घर आये *

हम तो कबहूँ न निज घर आये ॥ टेक ॥
पर घर फिरत बहुत दिन बीते, नाम अनेक धराये ॥ हम० ॥
पर पद-निज पद मान मगन ह्वै, परपरिणति लिपटाये ॥
शुद्ध बुद्ध सुखकन्द मनोहर, चेतन भाव न भाये ॥ हम० ॥
नर पशु देव नरक निज जान्यो, परजय बुद्धि लहाये ॥
अमल अखण्ड अतुल अविनाशी, आतमगुन नहिं गाये ॥ हम० ॥
यह बहुभूल भई हमरी, फिर कहाकाज पछिताये ॥
'दौल' तजो अजहूँ विषयनको, सतगुरुवचन सुहाये ॥ हम० ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વીતરાગ વિજ્ઞાન

## [ ભાગ–૨ ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિને છોડવાનો ઉપદેશ

( ગાથા-૧ )

વીતરાગવિજ્ઞાનને ભૂલીને સંસારની ચાર ગતિમાં જીવ દુઃખી થઈ રહ્યો છે; તે દુઃખનું કારણ શું છે-તે કહે છે—

( પદ્ધરી છંદ )

**ऐसे मिथ्यादृग-ज्ञान-चर्ण वश भ्रमत भरत दुःख जन्म मर्ण ।**
**तातैं इनको तजिये सुजान सुन तिन संक्षेप कहूं बखान ॥ १ ॥**

છેદન-ભેદન કે ઠંડી-ગરમી વગેરે સંયોગથી ચાર ગતિનાં દુઃખોનું વર્ણન કર્યું પણ તેમાં દુઃખનું ખરું કારણ બાહ્યસંયોગ નથી, મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન-મિથ્યાઆચરણ એ જ દુઃખનું ખરું કારણ છે, -એમ જાણીને તેને છોડવા જોઈએ. એ વાત અહીં બતાવે છે. મિથ્યાત્વ તે આત્માને મહાદુઃખ દેનાર શત્રુ છે, અને તે મિથ્યાત્વાદિ શત્રુ સામે આત્માના સ્વભાવનું રક્ષણ કરવા માટે વીતરાગ વિજ્ઞાન તે મજબૂત ઢાળ ( ઢાલ ) છે.

નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી ચારે ગતિના અવતારમાં જે દુઃખ ભોગવ્યાં તે મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે જ ભોગવ્યાં છે. વળી એમ નથી કે એકલા નરકમાં જ દુઃખ ભોગવ્યાં છે, -સ્વર્ગના અનંત અવતાર કર્યા તેમાંય દુઃખ જ ભોગવ્યું છે. જ્યાં જ્યાં સમ્યગ્દર્શનાદિ છે ત્યાં જ સુખ છે; અને જ્યાં જ્યાં મિથ્યાત્વાદિ છે ત્યાં દુઃખ જ છે; -પછી નરક હો કે સ્વર્ગ હો. તિર્યંચમાં કે નરકમાં, સ્વર્ગમાં કે મનુષ્યમાં, -બધે ઠેકાણે દુઃખનું કારણ તો જીવના મિથ્યાત્વાદિ ભાવ જ છે. એ મિથ્યાત્વાદિ ભાવોને વશ થઈને જીવ ચાર-ગતિમાં રખડે છે ને મહાદુઃખો વેદે છે. તેનાં દુઃખો સર્વજ્ઞે જોયા તે-અનુસાર થોડુંક વર્ણન અહીં કર્યું. બાકી અનંતદુઃખોનું વર્ણન બે-ચાર શ્લોકમાં તો કેટલુંક કહેવાય ?

નિગોદમાં પણ જીવ પોતાના મિથ્યાત્વવશ રહ્યો છે, કોઈ બીજાના કારણે નહીં. [ **भावकलंक सुपउरा णिगोदवासं ण मुंचंति** ભાવકલંકની અત્યંત પ્રચુરતાને લીધે તે જીવો નિગોદવાસને છોડતા નથી. ગોમ્મટસાર—જીવકાંડ ગાથા ૧૯૭ ] જીવને પોતાનો મિથ્યાત્વભાવ જ દુઃખરૂપ છે; કર્મ તો જડ છે, તે તો માત્ર નિમિત્ત છે, જીવથી તે ભિન્ન છે. ભાઈ, તારા ઊંધા ભાવ અનુસાર કર્મ બંધાયું છે એટલે રખડવાનું ખરું કારણ તારો ઊંધો ભાવ જ છે; તે ઊંધો ભાવ છોડ તો તારું ભ્રમણ મટે. સમ્યગ્દર્શન વગર જીવનું પરિભ્રમણ કદી ટળે નહિ. ભાઈ, મિથ્યાત્વને લીધે આ રીતે જન્મ-મરણનાં ઘણા દુઃખો તેં ભોગવ્યા, માટે હવે તો તે મિથ્યાત્વાદિને છોડ....છોડ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવે દયાદિના શુભભાવવડે સ્વર્ગનાય ભવ અનંતવાર કર્યા, ને હિંસાદિનાં તીવ્ર પાપ કરીને નરકમાં અનંતવાર ગયો. પણ શુભ–અશુભ બંને રાગથી પાર પોતાનું સ્વરૂપ છે તે જાણ્યું નહિ. દેહમાં કે રાગમાં એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વ છે, તેનું સ્વરૂપ જાણીને તે છોડવું જોઈએ. ભવ-દુઃખનું કારણ શું ? –કે મિથ્યાત્વાદિ ભાવ; એ મિથ્યાત્વાદિનું સ્વરૂપ સંક્ષેપથી આ અધ્યાયમાં કહેશે. –શા માટે ? કે તેને છોડવા માટે.

સંયોગબુદ્ધિથી અજ્ઞાની દુઃખી થઈ રહ્યો છે. સંયોગ અનુકૂળ હોય તો ઠીક ને પ્રતિકૂળ હોય તો અઠીક—એવી મિથ્યાબુદ્ધિ દુઃખનું મૂળ છે. નરકાદિના દુઃખના વર્ણનમાં નિમિત્તથી સંયોગની વાત કરી છે પણ ખરેખર પ્રતિકૂળ સંયોગ તે દુઃખ નથી; જીવનો મોહરૂપ આકુળ ભાવ તે જ દુઃખ છે.

નિગોદથી નવમી ગ્રૈવેયક સુધી મિથ્યાદ્રષ્ટિપણે જીવે અનંત અવતાર કર્યા, તેમાં સામાન્યપણે મનુષ્યના સૌથી થોડા ભવ કર્યા, –જોકે અનંત તો ખરા પણ બીજી ગતિ કરતાં થોડા; તેનાથી અસંખ્યગુણા નરકના ભવ કર્યા; તેનાથી અસંખ્યગુણા દેવના ભવ કર્યા, ને તેનાથી અનંતગુણા અવતાર તિર્યંચગતિમાં કર્યા; આ જીવ સિદ્ધપદ પૂર્વે કદી નથી પામ્યો. સંસારનો અનંતકાળ તો એકેન્દ્રિયપણાના મહા દુઃખોમાં ગાળ્યો. ત્યાં તો કોઈ જાતની વિવેકબુદ્ધિ જ ન હતી; તે જડ નો'તો થઈ ગયો એટલું જ, બાકી તેની ચેતના અતિશય હીણી થઈ ગઈ હતી. જીવને અત્યારે તો ચેતવાનો અવસર આવ્યો છે; માટે ઘોર દુઃખના કારણરૂપ એવા મિથ્યાત્વાદિને બરાબર ઓળખીને સર્વથા છોડવા. મિથ્યાત્વને મિથ્યાત્વપણે જે ઓળખે પણ નહિ તે તેને ક્યાંથી છોડે ? માટે કહે છે કે **इनको तजिये सुजान** તે મિથ્યાત્વાદિ દુશ્મનને બરાબર જાણીને તેનો ત્યાગ કરો. ખૂણે–ખાંચરે ક્યાંય મિથ્યાત્વનો અંશ પણ ન રહી જાય–એમ તેને છોડવા. તે માટે અહીં તેના સ્વરૂપનું વર્ણન કરે છે. સંતો–આચાર્યોએ શાસ્ત્રોમાં તો તેનું ઘણું વર્ણન કર્યું છે, પણ અહીં તે–અનુસાર ટૂંકમાં કહેશું. તે જાણીને મુમુક્ષુએ તે મિથ્યાત્વાદિ ભાવોને છોડવા.

ભાઈ, તારા દુઃખની કથા તો એટલી મોટી છે કે કેવળીભગવાન જ તે પૂરી જાણે છે. કથનમાં તો થોડુંક જ આવે છે. મિથ્યાત્વાદિ કેવા ભાવો તેં સેવ્યા, ને તેનાથી તું કેવું દુઃખ પામ્યો ? તે સાંભળ ! સાંભળીને હવે તેને છોડ. કોઈ બીજાએ તને નથી રખડાવ્યો પણ તારા મિથ્યાત્વભાવથી જ તું રખડ્યો અને દુઃખી થયો છો. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ તે દુઃખનાં કારણ છે. રાગ અશુભ હો કે શુભ, બંનેમાં દુઃખ છે. શુભથી સ્વર્ગ મળે–છતાં તે પણ દુઃખ છે. શુભરાગથી સ્વર્ગ મળે પણ કાંઈ શુભરાગથી આત્મા ન મળે; કે આત્માના સમ્યગ્દર્શનાદિ કોઈ ગુણો શુભરાગથી ન મળે. રાગ તે દોષ છે, તેના વડે ગુણની પ્રાપ્તિ કેમ થાય ? મિથ્યાત્વ અને રાગ તે પોતે દુઃખ છે, તેનું ફળ દુઃખ છે; તો તે મોક્ષસુખનું કારણ કેમ થાય ?—ન જ થાય; પણ અજ્ઞાની તેને સુખનું કારણ સમજે છે. વીતરાગ–વિજ્ઞાન તે સુખ; ને રાગ-દ્વેષ-અજ્ઞાન તે દુઃખ.–આમ જાણીને હે જીવ ! દુઃખનાં કારણોથી તું પાછો વળ; ને સુખ માટે વીતરાગ–વિજ્ઞાન પ્રગટ કર.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'હું જ્ઞાન છું' એ ભૂલીને, હું રાગ છું ને હું શરીર છું-એવી મિથ્યાબુદ્ધિ તે સંસારનું મૂળ છે. એવા મિથ્યાત્વ સહિતનું જાણપણું તે મિથ્યાજ્ઞાન છે, અને મિથ્યાત્વ સહિતનું આચરણ તે મિથ્યાચારિત્ર છે. શરીર અજીવ છે; પુણ્ય-પાપ-મિથ્યાત્વ તે આસ્રવ છે. તે અજીવ તથા આસ્રવને પોતાના માનવા કે હિતકર માનવા તે વિપરીત શ્રદ્ધા છે. હું જ્ઞાન છું-એમ જીવતત્ત્વને ભૂલ્યો, ને હું દેહ છું—એમ અજીવને જીવ માન્યો-તો તે મિથ્યાદર્શન છે. એ જ પ્રમાણે રાગાદિ આસ્રવોને જીવસ્વભાવ માન્યા કે તેને સંવર-નિર્જરાનું કારણ માન્યું-તો તે પણ મિથ્યાદર્શન છે. મિથ્યાદૃષ્ટિ સાતે તત્ત્વોમાં કેવી ભૂલ કરે છે તે આગળ બતાવશે.

જીવ, અજીવ વગેરે સાતે તત્ત્વો ભિન્નભિન્ન સ્વરૂપવાળા છે. જીવ જ્ઞાનસ્વરૂપ છે. શરીરાદિ અજીવ છે. તે અજીવનાં કામ જીવનાં નથી. અજીવ એવા શરીરાદિમાં જીવનું કામ માને તો તેણે જીવ અને અજીવને જુદા જાણ્યાં નથી; ભિન્ન તત્ત્વોને એક માનવા તે મિથ્યાત્વ છે.

હિંસાદિ પાપભાવો કે દયાદિ શુભભાવો તે બંને શુદ્ધ જીવનું સ્વરૂપ નથી પણ આસ્રવો છે, ને બંધનાં એટલે કે દુઃખનાં કારણો છે; છતાં તે તત્ત્વોને જ્ઞાન સાથે એકમેક માનવા અથવા તેમાંથી કોઈને સુખનું કારણ માનવું તે મિથ્યાત્વ છે. જેમ જ્ઞાન અને અજીવ ભિન્ન છે તેમ જ્ઞાન અને આસ્રવ પણ ભિન્ન છે. જ્ઞાનમય જીવ, અને રાગાદિ આસ્રવ-એ બંને ભિન્ન છે, તેમને ભિન્ન તરીકે ઓળખવા જોઈએ. એ પ્રમાણે તત્ત્વોને ઓળખીને તે સંબંધી વિપરીત માન્યતા છોડવી જોઈએ; કેમકે વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વ તે મહા દુઃખનું કારણ છે, અને તેને મહાન પાપ ગણવામાં આવ્યું છે.

વાણીની-શરીરની ક્રિયા જીવની નથી પણ અજીવની છે. આઠ કર્મો અજીવ છે; તે કર્મો જીવને દુઃખી કરે એમ નથી, પણ પોતાના ઊંધા ભાવથી જીવને દુઃખ છે. જડમાં કયાં સુખ કે દુઃખ છે? જીવના સુખ-દુઃખનું કારણ તો જીવમાં પોતામાં છે. વર્ણ-ગંધવાળા રૂપી-જડ-અચેતન પરમાણુ, તેમાં શું સુખ કે દુઃખ છે?—ના; આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે, તે પોતે પોતાને ભૂલીને વિપરીત ભાવ વડે દુઃખી થાય છે, ને પોતાના સ્વભાવનું ભાન કરીને એકાગ્ર થતાં સુખી થાય છે; એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે સંવર છે, તે સુખનાં કારણ છે. પોતાના દુઃખ કે સુખ પરિણામનો કર્તા જીવ પોતે જ છે, બીજું કોઈ નહીં.

ભાઈ, તું તો જીવ છો; ઘર પૈસા શરીર અજીવ છે; તે અજીવને પોતાનું માનવું તે મિથ્યાત્વ છે-અજ્ઞાન છે, ને તે ચારગતિનાં મહા દુઃખોનું કારણ છે—એમ જાણીને તેને છોડ. જડનો સંયોગ તે કાંઈ તને સુખનું કે દુઃખનું કારણ નથી, તે તો પરચીજ છે, જુદી છે. દુઃખ પોતામાં ને તેનું કારણ પરમાં કેમ હોય? દુઃખ પોતામાં છે તો તેનું કારણ પણ પોતામાં છે પણ પોતાની ભૂલ ન જોતાં અજ્ઞાની બહારમાં બીજાને દુઃખનું કારણ માને છે, તેથી તેના ઉપર તે દ્વેષ કરે છે પણ દુઃખ મટાડવાનો સાચો ઉપાય કરતો નથી. જો પોતાના મિથ્યાત્વાદિ ઊંધા ભાવને દુઃખનું કારણ સમજે તો સમ્યગ્દર્શનાદિ સવળા ભાવવડે તે ટાળવાનો ઉદ્યમ કરે.

શરીર તે જ હું છું-એટલે શરીરની પ્રતિકૂળતામાં મને દુઃખ ને તેની અનુકૂળતામાં મને સુખ-એવી અજ્ઞાનીની બુદ્ધિ છે, તે અજીવને જીવ માનવારૂપ મિથ્યાત્વ છે. શરીર નીરોગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય તો સુખ ને શરીરમાં રોગ હોય તો દુઃખ-એમ કાંઈ નથી; શરીર કાંઈ જીવને નડતું નથી કે મદદ કરતું નથી. સાતમી નરકની પ્રતિકૂળતા વચ્ચે પણ જીવો સમ્યક્દર્શન પામે છે, તેમાં તેને ક્યાં પ્રતિકૂળતા નડે છે? તો પછી મિથ્યાદષ્ટિને શું નડે છે?—કે દેહબુદ્ધિનો તેનો ઊંધો ભાવ જ તેને નડે છે. બહારના સાધનની બુદ્ધિ છે તે જ તેને અંતર્મુખ થવા દેતી નથી. અંદરમાં હું જ્ઞાનસ્વરૂપ છું એમ લક્ષ કરે તો પ્રતિકૂળતા વખતેય સમ્યગ્દર્શનાદિ થઈ શકે છે. અને બહારની બધી અનુકૂળતા હોવા છતાં જો પોતે અંતર્ લક્ષ ન કરે તો સમ્યગ્દર્શન થતું નથી. પોતામાં પુરુષાર્થ ન હોય ત્યાં સંયોગો શું કરે? ભાઈ, દેહાદિ સંયોગોથી ભિન્ન જીવતત્ત્વ તું છો, પણ મિથ્યાત્વાદિ વશ પોતાનું રૂપ ભૂલીને તું ભવમાં ભમ્યો ને જન્મમરણનાં ઘણાં દુઃખ તેં સહ્યાં. હવે એ દુઃખ મટાડવા માટે તું સંયોગ સામે જોવાનું છોડીને તારા સ્વભાવ સામે જો તું ચેતનરૂપ છો.

જુઓ, સાદી ભાષામાં કેવી સરસ વાત સમજાવી છે! કેવી મજાની હિતની વાત છે! આ સમજીને મોક્ષાર્થીએ દુઃખનાં કારણરૂપ એવા મિથ્યાત્વાદિને છોડવા જોઈએ, ને સુખનાં કારણરૂપ એવા સમ્યક્ત્વાદિને સેવવા જોઈએ. સુખ-દુઃખ બીજાને લીધે નથી પણ મારા ભાવથી જ મને સુખ-દુઃખ છે—એમ જાણીને સમ્યક્ત્વાદિ ભાવો આદરવા ને મિથ્યાત્વાદિ ભાવો છોડવા—એમ ઉપદેશ છે.

હવે જીવાદિ તત્ત્વોનું સાચું સ્વરૂપ શું છે, અને તેની ઓળખાણમાં જીવ કેવી ભૂલો કરે છે-તે બતાવે છે. -શા માટે? इनको तजिये सुजान-તેને બરાબર જાણીને છોડવા માટે. અહીં તેનું વર્ણન સંક્ષેપથી કરશું, સમયસાર જેવા મોટા શાસ્ત્રોમાં તો તેનું ખૂબ વર્ણન આવે છે, પણ આ નાનું શાસ્ત્ર હોવાથી સંક્ષેપમાં થોડું થોડું વર્ણન કરીશું.

* જ્ઞેયરૂપ પરદ્રવ્યનો દોષ ન દેખો—ન જાણો કે પરજ્ઞેયની સન્નિધિ (નિકટતા) નિમિત્તમાત્ર દેખી કરીને મારું દ્રવ્ય આણે મેલું કર્યું; આવી રીતે આ જીવ પોતે જૂઠો ભ્રમ કરે છે. પણ તે પરજ્ઞેયને તું કદી પણ સ્પર્શ્યો જ નથી. છતાં તું તેનો દોષ દેખે છે તે તારી આ હરામજાદગી (દુષ્ટતા, બદમાશી) છે. આવી રીતે એક તું જ જૂઠો છો, તેનો કાંઈ દોષ નથી તે સદા સાચું છે.

(શ્રી આત્માવલોકન)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ

[ ગાથા–૨ ]

**जीवादि प्रयोजनभूत तत्त्व, सरधैं तिनमांहि विपर्ययत्व ।**
**चेतनको है उपयोग रूप, विनमूरति चिन्मूरति अनूप ॥ २ ॥**

હું કોણ છું? અને મારું સાચું સ્વરૂપ શું છે? એની સાચી ઓળખાણ જીવે કદી કરી નથી. અનાદિથી પોતાના સાચા સ્વરૂપને ભૂલીને જીવે પોતાને પુણ્ય–પાપરૂપ અને શરીર રૂપ જ માન્યો છે.–આ અગૃહીત મિથ્યાત્વ છે. અગૃહીત એટલે કોઈના ઉપદેશ વગર અનાદિથી ચાલી આવતી ભૂલ, તેને નૈસર્ગિક–મિથ્યાદર્શન પણ કહેવાય છે. આવી જીવસ્વભાવની અનાદિની ભૂલ ઉપરાંત કુગુરુઓના ઉપદેશ વડે વીતરાગદેવાદિથી વિપરીત એવા કુદેવાદિની માન્યતા ગ્રહણ કરે છે તે ગૃહીતમિથ્યાત્વ છે. તેનું વર્ણન પછી ( ગાથા ૯ મી થી ) કરશે. ગૃહીતમિથ્યાત્વ તો જીવે કોઈકવાર ટાળ્યું છે પણ અગૃહીતમિથ્યાત્વ તેણે પૂર્વે કદી ટાળ્યું નથી. ત્યાગી થયો ને શુભભાવ કરીને સ્વર્ગે ગયો ત્યારે પણ તે શુભરાગમાં ધર્મ માનીને તેના જ અનુભવમાં અટકી ગયો, તેનાથી જુદા ચેતનરૂપ આત્માનો અનુભવ ન કર્યો તેથી અગૃહીત મિથ્યાત્વ ટળ્યું નહિ. કુદેવાદિના સેવનરૂપ ગૃહીત મિથ્યાત્વ તો છોડ્યું, સાચા દેવ–ગુરુને તો માન્યા, કેમકે તે વગર નવમી ગ્રૈવેયક સુધી જાય નહિ; એ રીતે ગૃહીતમિથ્યાત્વ છોડવા છતાં ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્માની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન પ્રગટ ન કર્યું તેથી તેનું મિથ્યાત્વ ન છૂટ્યું ને સંસારભ્રમણ ન મટ્યું; તેથી અહીં જીવાદિનું યથાર્થ સ્વરૂપ જાણીને મિથ્યાત્વ સર્વથા છોડવાનો ઉપદેશ આપે છે.

આત્મા કેવો છે? સર્વજ્ઞ ભગવાને આત્મા જ્ઞાન–આનંદરૂપ જોયો છે, દેહથી ભિન્ન જોયો છે. આવા આત્માને જાણીને દેહ સાથેની એકતાબુદ્ધિ છોડ. આત્માના સ્વભાવમાં દુઃખ નથી, આત્મા તો જ્ઞાન–આનંદ ને શાંતિથી ભરેલો છે. દેહ તો રૂપી છે, આત્મા અરૂપી છે. ‘વિનમૂરતિ’ એટલે રૂપી–પણા વગરનો, અને ‘ચિન્મૂરતિ’ એટલે ચૈતન્યસ્વરૂપ,–આવો આત્મા છે.

કર્મ અને શરીર અજીવ છે, પુણ્ય–પાપ તે આસ્રવ છે; તેને પોતાના માનવા કે તેવા સ્વરૂપે જીવ માનવો–એ તો ભગવાનના ઉપદેશથી વિપરીત માન્યતા છે એટલે કે મિથ્યા શ્રદ્ધા છે. અનંતા સર્વજ્ઞ કેવળીભગવંતો થયા, સીમંધરનાથ વગેરે તીર્થંકર ભગવંતો વિદેહક્ષેત્રમાં ( મનુષ્યલોકમાં ) સર્વજ્ઞપણે અત્યારે બિરાજી રહ્યા છે, ત્યાં લાખો કેવળીભગવંતો પણ બિરાજે છે; તે બધા ભગવંતોએ ઉપયોગરૂપ આત્મા જોયો છે, જડરૂપ કે રાગરૂપ નથી જોયો,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગરૂપ આત્મા ભગવાને જોયો છે ને તેવો જ ઉપદેશ્યો છે. આવા આત્માને દેહથી ભિન્ન જાણીને વિપરીત માન્યતા છોડો.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ—આ સાત તત્ત્વો પ્રયોજનભૂત છે એટલે કે તેમનું જ્ઞાન કરવું તે પ્રયોજનભૂત છે. કાંઈ અજીવ કે આસ્રવ-બંધ પ્રયોજનભૂત નથી પણ તેને છોડવા માટે તેની ઓળખાણ કરવી તે પ્રયોજનભૂત છે. ઓળખ્યા વગર તેને છોડશે કેવી રીતે? ઘરમાં કોઈ દુશ્મન પ્રવેશી ગયો હોય, તેને ઓળખે નહિ ને મિત્ર તરીકે માને-તો તે તેને ક્યાંથી છોડશે? તેમ રાગાદિ આસ્રવો કે જે શત્રુ જેવા છે, તેને જે મિત્ર માને (-તેનાથી ધર્મ માને) તે તેને ક્યાંથી છોડશે? માટે બધા તત્ત્વોનું જેમ છે તેમ બરાબર જાણે તો જ તેની સાચી શ્રદ્ધા થાય. ને ભૂલ મટે; ભૂલ મટે એટલે દુઃખ મટે. દુઃખથી છૂટીને સુખી થવું હોય તેણે આ જીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ ઓળખવું. શુદ્ધદ્રષ્ટિથી તેમાં શુદ્ધજીવ જ ઉપાદેય છે. અજીવ તો ભિન્ન છે; આસ્રવ ને બંધ તે દુઃખનાં કારણો છે; સંવર-નિર્જરા તે સુખનાં કારણો છે; ને મોક્ષ પૂર્ણ સુખરૂપ છે.

જીવ કેવો છે? ચેતન છે. ચેતનનું એટલે કે જીવનું રૂપ તો ઉપયોગ છે. જીવ ચેતનરૂપ સુખથી ભરેલો છે; અજીવમાં જ્ઞાન કે સુખ-દુઃખ નથી. જીવ જ જ્ઞાનવડે સ્વ-પરને જાણે છે ને પોતાના સુખને વેદે છે. જગતમાં જેને બીજા કોઈની ઉપમા લાગુ પડતી નથી એવું અનુપમ જીવતત્ત્વ ઉપયોગરૂપ છે. આવા નિજતત્ત્વને ઓળખ્યા વગર જીવ દુઃખ પામ્યો; તેને ઓળખે ત્યારે મિથ્યાત્વ મટે ને દુઃખ છૂટે. 'હું ઉપયોગસ્વરૂપ જીવ છું' એવા અનુભવ વગર દેહબુદ્ધિ મટે નહીં, ને સુખ થાય નહીં.

પહેલી ઢાળની ૧૪મી ગાથામાં કહ્યું હતું કે '**कैसे रूप लखै अपनो**'—તેમાં અપનો રૂપ એટલે આત્માનું સ્વરૂપ શું, તે અહીં કહ્યું કે-ઉપયોગ તે આત્માનું સ્વરૂપ છે—'**चेतनको है उपयोग रूप विनमूरति चिन्मूरति अनूप.**'

સમયસારમાં કુંદકુંદસ્વામીએ કહ્યું છે કે—

'હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન-દર્શનમય ખરે.'

'સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ છે.'

સમયસાર-નાટકમાં પં. બનારસીદાસજી કહે છે કે—

'**चेतनरूप अनूप अमूरत सिद्धसमान सदा पद मेरो.**'

આત્મસિદ્ધિમાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે—

'શુદ્ધ-બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ.'

—આમ સર્વજ્ઞભગવાને જોયેલું જીવનું યથાર્થસ્વરૂપ સંતોએ જાતે અનુભવીને શાસ્ત્રોમાં બતાવ્યું છે; તે પ્રમાણે બરાબર ઓળખવું જોઈએ.

નવ તત્ત્વોમાં ચેતનરૂપ જીવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચેતના વગરનાં પુદ્‌ગલ વગેરે પાંચ દ્રવ્યો અજીવ;

મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવો-જેના વડે કર્મો આવે ને બંધાય તે આસ્રવ તથા બંધ;

સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધ આત્માનું ભાન અને તેમાં લીનતા વડે શુદ્ધતા થતાં નવાં કર્મો અટકે ને જૂનાં ખરે તે સંવર-નિર્જરા;

અને સંપૂર્ણ સુખરૂપ, તથા કર્મના સર્વથા અભાવરૂપ મોક્ષ છે.

—આવા તત્ત્વોને ઓળખે ત્યારે મિથ્યાત્વ ટળે છે. તેથી પોતાના હિત માટે સાત તત્ત્વોનું જ્ઞાન ઉપયોગી છે, જરૂરનું છે. તત્ત્વને જાણે નહિ ને ધર્મ કરવા માંગે તો થાય નહિ. માટે તે તત્ત્વોને જાણીને તે સંબંધમાં વિપરીતતા ટાળવી જોઈએ.

સર્વજ્ઞદેવે જીવ સદા ઉપયોગ-લક્ષણરૂપ જોયો છે. આત્માનું સ્વરૂપ તો ઉપયોગ છે. આવો ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્મા પોતાના જ્ઞાનમાં ભાસ્યા વગર જીવ ક્યાંકને ક્યાંક તત્ત્વની ભૂલ કર્યા વગર રહે નહિ. ને ભૂલ હોય ત્યાં દુઃખ હોય. મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર દુઃખરૂપ છે ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે સુખરૂપ છે.

જીવ પોતે કેવો છે તે જાણ્યા વગર પોતામાં ઠરશે કેવી રીતે?

અજીવને અજીવ જાણ્યા વગર તેનાથી જુદો કેવી રીતે પડશે?

દુઃખનું કારણ શું છે તેને જાણ્યા વગર તેને કેવી રીતે છોડશે?

અને મોક્ષ પૂર્ણ સુખરૂપ છે તેને જાણ્યા વગર તે તરફનો પ્રયત્ન કેવી રીતે કરશે?

આ રીતે સુખ અને તેનો ઉપાય, તથા દુઃખ અને તેનાં કારણો-તેનું જ્ઞાન કરવા માટે સાત તત્ત્વો જાણવા જરૂરી છે. જો અજીવને જીવ માની લ્યે તો ત્યાંથી ઉપયોગને પાછો કેમ વાળે? શુભ-અશુભ બંને આસ્રવો હોવા છતાં તેને સંવર માની લ્યે તો તેને છોડે ક્યાંથી? દેહની ક્રિયા પોતાની માને તો તેનાથી (અજીવથી) ભિન્નતા કઈ રીતે અનુભવે? સમ્યગ્દર્શન-પૂર્વકની શુદ્ધતા તે ખરો સંવર છે, તેને બદલે દેહની ક્રિયાને સંવર માને કે રાગને સંવર માને તો તેનાથી જુદો પોતાને કેમ અનુભવે? —આ રીતે તત્ત્વના જ્ઞાન વગર મિથ્યાત્વ ટળે નહિ. ભગવાન! તારું સ્વરૂપ ભગવાને કેવું કહ્યું છે તેના ભાન વગર તારી ભૂલ ભાંગશે નહિ ને તારું ભ્રમણ મટશે નહિ. આત્માના જ્ઞાન વગર શુભભાવ કરીને સ્વર્ગે ગયો ત્યારે પણ અગૃહીતમિથ્યાત્વ ભેગું લઈને ગયો, એટલે ત્યાં પણ દુઃખી જ થયો. આત્માના ભાન વગર ક્યાંય સુખનો સ્વાદ આવે નહિ.

ચેતનનું રૂપ તો ઉપયોગ એટલે જાણવું-દેખવું તે છે. શરીર તો અજીવ-જડ-રૂપી છે, તે કાંઈ જાણતું નથી, ઉપયોગલક્ષણવડે આત્મા દેહથી ભિન્ન જણાય છે. અમૂર્ત આત્મા બધાનો જાણનાર છે. જાણનારને પુણ્ય-પાપરૂપ માનવો કે દેહરૂપ માનવો તે મિથ્યાત્વ છે. તેણે જીવને ઉપયોગરૂપ ન માન્યો પણ અજીવરૂપ ને આસ્રવરૂપ માન્યો, એટલે તત્ત્વની વિપરીત શ્રદ્ધા થઈ. જીવે સાચા તત્ત્વોને કદી ઓળખ્યા નથી, તેમાં ભેળસેળ કરીને ગોટા વાળ્યા છે. જાણનાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તત્ત્વ જડની પણ ક્રિયા કરે એમ કેમ બને? ઉપયોગની ક્રિયા જડરૂપ કેમ હોય? ન જ હોય. ચેતનમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શરૂપ મૂર્તપણું નથી, તે તો ઉપયોગરૂપ અમૂર્ત છે; એની ઓળખાણ વડે જ સમ્યગ્દર્શન થાય છે ને મિથ્યાત્વ ટળે છે. માટે સંતોએ કરુણા કરીને તેનો ઉપદેશ દીધો છે.

હે ભાઈ, ભગવાને બધા આત્માને સદા ઉપયોગસ્વરૂપ જોયા છે, તે અજીવ કેમ હોય? કે શરીરરૂપ કેમ હોય? આત્મા ઉપયોગરૂપ છોડીને જડરૂપ કદી થતો નથી. આ પ્રમાણે સર્વજ્ઞભગવાને જોયેલો ઉપયોગરૂપ જીવને જાણે તો બધા ખુલાસા થઈ જાય ને તત્ત્વોની વિપરીતતા મટી જાય. ઉપયોગરૂપ આત્મા **અજીવ** નથી એટલે અજીવની ક્રિયા તે કરતો નથી.

**પ્રશ્ન:**—અજીવમાં તો શક્તિ ન હોય, એટલે આત્મા તેને હલાવે-ચલાવે ત્યારે તે હાલે-ચાલે?

**ઉત્તર:**—એમ નથી; અજીવમાં પણ તેની અનંત શક્તિઓ છે ને તેની ક્રિયાઓ તે સ્વયં પોતાની શક્તિથી કરે છે. એકેક જડ રજકણમાં તેના અનંતા જડ-ગુણો છે, ને તેની શક્તિથી તેનામાં રૂપાંતર હલનચલન વગેરે થાય છે. માટે જીવ અને અજીવની ભિન્નતા જાણવી. તે બન્નેને ભિન્ન ઓળખતાં તત્ત્વની ભૂલ ટળે છે ને યથાર્થ શ્રદ્ધા થાય છે.

જગતમાં ભિન્ન ભિન્ન અનંતા જીવ છે; જીવ કરતાં અનંતગુણા પુદ્‌ગલો છે; અસંખ્ય કાળાણુ દ્રવ્યો છે; ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ એ પ્રત્યેક દ્રવ્યો છે. આ છ પ્રકારનાં દ્રવ્યોમાં જીવ સિવાયના પાંચે અજીવ છે; ને પુદ્‌ગલ સિવાયના પાંચે અમૂર્ત છે. જગતમાં આ છએ પ્રકારનાં દ્રવ્યો સર્વજ્ઞદેવે સ્વતંત્ર જોયા છે; તેને સ્વતંત્ર ન માનતાં પરાધીન માનવા તે તત્ત્વશ્રદ્ધામાં વિપરીતતા છે. છ દ્રવ્યોરૂપ જે વિશ્વ, તેનો કોઈ કર્તા-હર્તા કે ધર્તા નથી. (ધર્તા = ધારણ કરનાર)

છએ દ્રવ્યોમાં એકલો આત્મા જ ઉપયોગરૂપ છે, તેથી આત્મા જ અનુપમ છે. અહા! જે સર્વજ્ઞસ્વભાવી મહાન પદાર્થ છે તેને કોની ઉપમા દેવી? અનાદિથી આત્મામાં સર્વજ્ઞસ્વભાવ છે-જે બીજા શેમાંય નથી. શરીરમાં નથી, રાગમાં નથી, એવો ઉપયોગ તે જીવનું લક્ષણ છે. અલૌકિક વસ્તુ આત્મા છે, તેના સ્વભાવને બીજા કોઈ બાહ્ય પદાર્થની ઉપમા આપી શકાતી નથી; પોતાના અનુભવ વડે તેને જાણી શકાય છે. આવા આત્માને સ્વાનુભવથી જાણે ત્યારે જ સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન વગર સમ્યગ્જ્ઞાન કે સમ્યક્‌ચારિત્ર હોતાં નથી. સમ્યગ્દર્શન વગરની શુભક્રિયાઓ તે એકડા વગરના મીંડાંની માફક ધર્મમાં કિંમત વગરની છે. જેમ આંખ વગરનો માણસ શોભે નહિ, તેમ જીવની આંખ તો ઉપયોગરૂપ જ્ઞાન-દર્શન છે, પુણ્ય-પાપ તે કાંઈ જીવની આંખ નથી, આ બહારની આંખ તો જડ છે. ઉપયોગસ્વરૂપ નિજ આત્માને જાણવા-દેખવારૂપ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનચક્ષુ જેને ખુલ્યાં નથી તેની શુભક્રિયાઓ પણ ધર્મમાં શોભતી નથી, અર્થાત્ તે ધર્મનું કારણ થતી નથી પણ સંસારનું જ કારણ થાય છે. પોતે પોતાને ન દેખે-ન જાણે એને ધર્મ કેવો? સમ્યક્‌ત્વરૂપી ધર્મની આંખ જ તેને ઊઘડી નથી.

શુદ્ધાત્મદૃષ્ટિપૂર્વક સાત તત્ત્વોને જાણવા જોઈએ; અજીવને જાણતાં એમ જાણવું કે તેમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું નથી, મારાથી તે ભિન્ન છે; એ જ રીતે રાગને જાણતાં તેનાથી ચૈતન્યની ભિન્નતા જાણવી.—આમ જાણે ત્યારે તત્ત્વોને જાણ્યા કહેવાય. પણ શરીરને કે રાગને આત્માનું સ્વરૂપ માને તો તેણે તત્ત્વોને જાણ્યા નથી. જીવ અને અજીવ એ બે મૂળ તત્ત્વો છે, ને બાકીનાં તત્ત્વો તે તેની અશુદ્ધ કે શુદ્ધ પર્યાયો છે. આ સાત તત્ત્વોને ઓળખે તો તેમાં અજીવથી પોતાની ભિન્નતા જાણીને, પોતાને ઉપયોગસ્વરૂપ જાણે, એટલે અજીવ સાથે એકતાબુદ્ધિ છોડીને શુદ્ધ-જીવસ્વભાવનો આશ્રય કરતાં મિથ્યાત્વાદિ આસ્રવ-બંધ ટળે છે ને સમ્યક્ત્વાદિરૂપ સંવર-નિર્જરા-મોક્ષદશા પ્રગટે છે. માટે સાત તત્ત્વોને જાણવા ખાસ જરૂરના છે. અરે, અત્યારે તો લોકોમાં સાત તત્ત્વોનું જ્ઞાન ભુલાઈ ગયું છે. અનાદિથી જીવે સાત તત્ત્વોને સરખા જાણ્યા નથી. આ તો વીતરાગ વાણીમાં મૂળ મુદ્દાની વાત છે. સાત તત્ત્વોમાં હું ઉપયોગસ્વરૂપ જીવ છું—એમ ઓળખવું,-જેથી મિથ્યાત્વ ટળે ને સમ્યક્ત્વ થાય.

હું કોણ છું ને મારું ખરૂં સ્વરૂપ શું છે તેનો જીવે સાચો વિચાર પણ કદી કર્યો નથી. ચાર ગતિનાં ઘોર દુઃખોથી જેને છૂટવું હોય તેણે અંદર વિચાર કરીને ઉપયોગસ્વરૂપ આત્મા હું છું એમ ઓળખવું જોઈએ. શાસ્ત્રકારોએ કરુણા કરીને તે સ્વરૂપ સમજાવ્યું છે.

* પરકૃત નિંદા અપમાન અને તિરસ્કાર દર્શાવનારા વચનો નહીં સહન થવાથી તે નહીં સાંભળવા એવા તારા કાન સાંભળવાની શક્તિથી રહિત થયા, તારી આ નિંદ્ય પરવશ દશા પ્રત્યક્ષ જોવા તારા નેત્ર અસમર્થ અર્થાત્ અંધ દશાને પામ્યા, તને અત્યંત પ્રિય એવું તારું શરીર પણ જાણે સન્મુખ આવી રહેલાં કાળના ભયથી થર થર કાંપે છે—એમ જરાથી કેવળ જીર્ણ થઈ રહેલાં અને અગ્નિથી બળી રહેલાં ઘર સમાન આ મનુષ્યશરીરમાં હે જીવ! તું શું નિશ્ચળ થઈ બેઠો છે?

( શ્રી આત્માનુશાસન )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અજીવથી જીવની ભિન્નતા; અને તે સંબંધમાં જીવની ભૂલ

( ગાથા-૩ )

**पुद्‌गल-नभ-धर्म-अधर्म-काल, इनतैं न्यारी है जीव चाल ।**
**ताकों न जान विपरीत मान करि करै देहमें निज पिछान ॥ ३ ॥**

ઉપયોગસ્વરૂપ જીવ છે; તે સિવાયનાં પુદ્‌ગલ, આકાશ, ધર્મ, અધર્મ ને કાળ—એ પાંચ અજીવ છે. જીવની ચાલ તે અજીવથી ન્યારી છે. અજીવ દ્રવ્યોથી જીવદ્રવ્ય જુદું, જીવનાં ગુણો જુદા ને જીવની પરિણતિ જુદી, એમ સર્વ પ્રકારે અજીવથી ભિન્નતા છે. પાંચ અજીવ દ્રવ્યમાં ક્યાંય ઉપયોગ નથી, આત્મા જ ઉપયોગરૂપ છે. જેમ સાકર મીઠી છે તેમ જીવ ઉપયોગમય છે; એની ચાલ, એની દશા બધાથી ન્યારી છે, તેનો સ્વભાવ ન્યારો છે. એને ન ઓળખતાં, દેહને જીવ તરીકે અજ્ઞાની માને છે તે મિથ્યાત્વ છે. ઉપયોગમાં નિજ પિછાણ કરવાને બદલે દેહમાં (દેહ તે હું-એમ) નિજ પિછાણ કરી, પોતાને ઉપયોગરૂપ ન માનતાં દેહરૂપ માન્યો; હું બાળક, હું યુવાન, હું કાળો, હું ધોળો, હું ખાઉં, હું બોલું-એમ દેહને જ જીવ માન્યો, પણ તેનાથી તદ્દન જુદી પોતાની ઉપયોગચાલને જીવે જાણી નહિ. શરીરની ચાલ તો જડરૂપ છે, ને જીવની ચાલ તો ચેતનરૂપ છે. ચેતનરૂપ ચાલ એટલે કે ચેતનરૂપ ક્રિયા જગતના બીજા કોઈ પદાર્થમાં નથી. ચાલ એટલે સ્વભાવ, પરિણતિ, ક્રિયા. જીવ અને અજીવ બંનેની ચાલ, બંનેના સ્વભાવ, બંનેની ક્રિયા તદ્દન ન્યારી છે. આવા ભેદજ્ઞાનરૂપ વીતરાગવિજ્ઞાન વગર મિથ્યાત્વને વશ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. —એ જીવની ભૂલ છે.

જીવ પોતાની ભૂલ ન જોતાં કર્મને માથે ઢોળે છે. પણ ભાઈ, એ જડ કર્મને તો કાંઈ ખબર પણ નથી કે 'અમે જડ છીએ ને જીવને દુઃખ દઈએ!' એ કર્મનેય જાણનારો તો આ જીવ, તે ભૂલથી એમ માની બેઠો કે આ કર્મ મને હેરાન કરે.-એ તો, જેમ પત્થરના પૂતળાને કે ઝાડને બાથ ભીડીને કોઈ મૂરખો એમ રાડું પાડે કે અરે! આણે મને પકડ્યો,-એના જેવું છે. શરીરને જાણતાં 'આ શરીર જ હું' એમ અજ્ઞાની માને છે. ભાઈ, તું ચેતન, ને એ જડ!-એનો મેળ ક્યાંથી થયો? બંને જુદાં જ છે. અરે! પોતાના ભાવમાં મિથ્યાત્વ શું છે-એનીયે જીવને ઓળખાણ નથી. બસ, અરિહંતનું નામ લીધું ને કુદેવને ન માન્યા માટે મિથ્યાત્વ છૂટી ગયું,-એમ નથી. અરિહંતનું નામ લ્યે છે પણ અરિહંતદેવે કહેલાં તત્ત્વોને તો જાણતો નથી. અર્હન્તદેવે કહેલી જીવ-અજીવની ભિન્નતાના ભાન વગર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મિથ્યાત્વ મટે નહિ ને ખરેખર અર્હંન્તદેવને માન્યા કહેવાય નહિ. અર્હંન્તદેવને ઓળખે ને મિથ્યાત્વ ન ટળે એમ બને નહિ.

[ વીર સં. ૨૪૯૨ માહ સુદ ૨ રવિ તા. ૨૩–૧–૬૬ ]

મિથ્યાત્વ એટલે તત્ત્વની ઊંધી માન્યતા, તે દુઃખરૂપ છે, ને સંસારભ્રમણનું કારણ છે, તેથી તે છોડવા માટે તેની ઓળખાણ કરાવે છે. મિથ્યાદૃષ્ટિને શરીરમાં જ 'અહં' થઈ ગયું છે, પણ એનાથી ભિન્ન પોતાની ચૈતન્યજાતને તે દેખતો નથી. જીવ અને અજીવના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું ભિન્ન છે,–એમ જ્ઞાન કરે તો મિથ્યાત્વ મટે ને ચાર ગતિના ભવ-ભ્રમણનાં દુઃખ છૂટે.

ઉપયોગસ્વરૂપ ચિન્મૂર્તિ જીવ. એ સિવાયનાં પાંચ દ્રવ્યો અજીવ છે—

**પુદ્ગલ** :–શરીર, ભાષા એ બધી પુદ્ગલની રચના છે; તે મૂર્ત છે, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ તેનો સ્વભાવ છે.

**ધર્માસ્તિકાય** નામનું એક અરૂપી જડ દ્રવ્ય આખા લોકમાં ફેલાઈને રહેલું છે; માછલાંને પાણીની માફક આ દ્રવ્ય જીવ-પુદ્ગલોના ગમનમાં નિમિત્ત છે.

**અધર્માસ્તિકાય** નામનું એક અરૂપી જડ દ્રવ્ય આખા લોકમાં ફેલાઈને રહેલું છે; પથિકને ઝાડની છાયાની માફક આ દ્રવ્ય જીવ-પુદ્ગલોને સ્થિર થવામાં નિમિત્ત છે.

**નભ એટલે આકાશ** નામનું એક અરૂપી જડ દ્રવ્ય સર્વ-વ્યાપી છે,–જે સર્વે પદાર્થોને રહેવામાં નિમિત્ત છે. આંખવડે ઉપર જે આકાશ દેખાય છે તે કાંઈ આકાશદ્રવ્ય નથી, તે તો પુદ્ગલ–સ્કંધોની રચના છે. અરૂપી આકાશ આંખથી દેખાય નહિ. તે આકાશ તો ઉપર-નીચે બધી દિશામાં સર્વત્ર છે.

**કાળ** નામના અસંખ્ય અરૂપી જડ દ્રવ્યો લોકમાં સર્વત્ર રહેલાં છે; કુંભારના ચાકડાને ખીલીની માફક પદાર્થોના પરિણમનમાં તે નિમિત્ત છે.

જીવ સિવાયનાં આ પાંચે દ્રવ્યો અચેતન છે, તેમનામાં ઉપયોગ નથી; ઉપયોગ વડે જીવની અધિકતા છે, જીવની ચાલ તે બધાથી જુદી છે. જીવમાં જ જાણવાનો સ્વભાવ છે, બીજા કોઈમાં નથી.

અહો, જીવ અને અજીવની કેટલી સ્પષ્ટ ભિન્નતા છે! પણ જીવ તેને જાણતો નથી ને વિપરીત માને છે. શરીર કે ભાષા તે હું નહિ, હું તો જ્ઞાન છું; શરીર હું નહિ પણ શરીરનો જાણનાર હું છું;–આમ જાણવાના સ્વભાવરૂપે પોતાને ઓળખતાં મિથ્યાત્વ મટે છે.

જીવાદિ તત્ત્વોના સ્વરૂપને વિપરીત માનીને મિથ્યાત્વના સેવનથી જીવ દુઃખને ઉત્પન્ન કરે છે; દેહમાં આત્મબુદ્ધિ કરી કરીને દુઃખી થાય છે. જેમ અરીસામાં દેખાતા પ્રતિબિંબને જ કોઈ મૂર્ખ પોતાનું રૂપ માને ને તે પ્રતિબિંબનો નાશ થતાં પોતાનો પણ નાશ માનીને દુઃખી થાય, તેમ અજ્ઞાની આ દેહને પોતાનું સ્વરૂપ માને છે. હું મનુષ્ય, હું પુરુષ એમ માનીને શરીરની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચેષ્ટાઓને પણ પોતાની માને છે, તે જીવસંબંધી મોટી ભૂલ છે; જાણનાર સ્વભાવ આત્મા છે તેની ચાલ જડ દેહથી જુદી છે, તેને જુદા ન જાણતાં એકબીજામાં ભેળસેળ કરીને એકમેક માને છે, જડ કર્મને બાંધનારો આત્મા, જડ શરીરને ચલાવનારો આત્મા, ઇન્દ્રિયોવાળો આત્મા, —એમ જડથી આત્માને ઓળખે છે-તે ઓળખાણ સાચી નથી. જીવને ઉપયોગસ્વરૂપે ઓળખવો તે જ સાચી ઓળખાણ છે. ને એવી ઓળખાણ કરે ત્યારે જ અરિહંત-સિદ્ધ વગેરેની સાચી ઓળખાણ થાય છે.

કોણ શરીરને ચલાવે ? ને કોણ બોલે ?–એ તો બધી જડની ચાલ છે; આત્માની ચાલ તો જાણવાની છે.

તનતા મનતા વચનતા જડતા જડસંમેલ,
ગુરુતા લઘુતા ગમનતા યે અજીવકે ખેલ.

એ અજીવથી જુદો જીવનો વિલાસ કેવો છે? તો કહે છે કે–

સમતા રમતા ઊર્ધ્વતા જ્ઞાયકતા સુખભાસ,
વેદકતા ચૈતન્યતા યે સબ જીવ વિલાસ.

હે ભાઈ, જો આ અજીવથી જુદા તારા આત્માનો વિલાસ ! જીવ ઉપયોગમય છે– સુખમય છે તેની પીછાણ કરતો નથી અને જડ દેહમાં જ પોતાની પીછાણ કરે છે અર્થાત્ દેહ તે હું જ છું–એવી મિથ્યાબુદ્ધિ કરીને તેને સાચવવાની ચેષ્ટા કરે છે. પણ મૂર્ખ ! એ શરીરમાં તો જડનો અધિકાર છે, તારો નહિ. તારો અધિકાર તારા ઉપયોગમાં છે, તે ઉપયોગીની સંભાળ કર. તારું અસ્તિત્વ ઉપયોગમાં છે, દેહમાં નહીં. દેહ નહિ હોય તોપણ તેના વગર તું જીવી શકીશ, પણ ઉપયોગ વગર એક ક્ષણ પણ તું જીવી નહિ શકે. ઉપયોગ વગર જીવનું જીવન કે અસ્તિત્વ હોઈ શકે નહીં. ઉપયોગસ્વભાવમાં પોતાનું અસ્તિત્વ હોવા છતાં જડમાં પોતાનું અસ્તિત્વ માને છે ને પોતાના ઉપયોગ-જીવનને ભૂલી જાય છે, તે મહાન ભૂલને લીધે જીવ નિરંતર મહા દુઃખને ભોગવે છે. હવે તે ભૂલ મટાડીને દુઃખથી છૂટવા માટે આ ઉપદેશ છે. આ ભેદજ્ઞાન ફરી ફરીને ઘૂંટવા જેવું છે.

ભાઈ ! જીવ અને પુદ્ગલ બંનેની ચાલ જુદી છે; આત્મા પોતાની ઉપયોગ ચાલ છોડીને પુદ્ગલની ચાલમાં જાય નહિ....પુદ્ગલમાં પરિણમે નહિ. જીવ અને અજીવ બંનેની પરિણતિ પોતપોતામાં ભિન્ન ભિન્ન છે; પોતાની પરિણતિનો પ્રવાહ છોડીને કોઈ બીજાની પરિણતિમાં જતું નથી.

હું દેહથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છું–એમ ઓળખ્યા વગર દેહબુદ્ધિ મટે નહિ. ભલે સીધી રીતે દેહ તે આત્મા એમ ન કહે, દેહ ને આત્મા જુદા છે–એમ શાસ્ત્રથી સાંભળીને કહે, પણ—હું દેહને સાચવું, મારા અસ્તિત્વને લીધે દેહ ટકે, કે દેહની ક્રિયા મને ધર્મમાં મદદ કરે–એવી જેની માન્યતા છે તેને દેહમાં એકત્વબુદ્ધિ પડી જ છે; દેહમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ તે આત્માનું અસ્તિત્વ માની રહ્યો છે—'**करे देहमां निज पिछान.**' દેહથી ભિન્ન પોતાનું અસ્તિત્વ તેને ભાસતું નથી.

હું ઇન્દ્રિયોથી જ્ઞાન કરું છું–એમ માનનારે જડ-ઇન્દ્રિયોને જ આત્મા માન્યો છે, ઇન્દ્રિયોથી ભિન્ન ઉપયોગસ્વરૂપ આત્મા તેણે જાણ્યો નથી. જ્ઞાનને અને ઇન્દ્રિયોને કાંઈ સંબંધ નથી, એક ચેતન, બીજું જડ; બંનેની ચાલ ન્યારી છે. ઇન્દ્રિયોથી જ્ઞાન માનનારે પોતાનું અસ્તિત્વ ઇન્દ્રિયોમાં માન્યું છે. જ્યાંસુધી દેહમાં એકત્વબુદ્ધિ રહે ને તેનાથી ભિન્નતા ન જાણે ત્યાંસુધી સામાયિક વગેરે કોઈ ધર્મ હોતો નથી. જ્યાં મિથ્યાત્વ છે ત્યાં સામાયિક–પ્રતિક્રમણ કેવા ? શરીરને બેસાડવાની ક્રિયા મેં કરી અથવા શરીર એક કલાક બેઠું માટે મને ધર્મ થયો –એમ માને તેણે આત્માને શરીરથી જુદો નથી માન્યો, તેણે 'કાયોત્સર્ગ' નથી કર્યો પણ 'કાયાની પક્કડ' કરી છે–મમતા કરી છે. ભાઈ, દેહનાં કામ તારાં નથી, અજ્ઞાનીએ પણ દેહનાં કામ કદી નથી કર્યાં, માત્ર મિથ્યા માન્યું છે, ને તે મિથ્યાત્વ જ ઘોર દુઃખનું મૂળ છે. મિથ્યાત્વ મોટું પાપ છે, તે પાપનો ત્યાગ કર્યા વગર બીજો કોઈ ત્યાગ હોતો નથી. મિથ્યાત્વ છૂટયા વગર અવ્રત કે કષાય છૂટે નહિ. આ રીતે જેને દેહમાં આત્મબુદ્ધિ છે ને જાણનાર–દેખનાર સ્વભાવને જાણતો નથી તે જીવ મિથ્યાત્વને લીધે '**भ्रमत भरत दुःख जन्ममर्ण**' જન્મ-મરણનાં ઘણાં દુઃખો ભોગવે છે; તે મિથ્યાત્વના ત્યાગ વગર દુઃખ મટે નહિ ને સુખ થાય નહિ. આ રીતે મિથ્યાત્વને મહાદુઃખદાયક જાણીને છોડવું જોઈએ.

卐

* આ મારું અનિષ્ટ અથવા ઇષ્ટ ચિંતન કરે છે, એ બુદ્ધિ-વિચાર નિરર્થક છે. (કેમ કે) બીજાની ચિંતાથી બીજો પીડિત કે પાલિત થતો નથી.

(શ્રી યોગસાર પ્રાભૃત)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# જીવ–અજીવ સંબંધમાં વિશેષ ભૂલો

( ગાથા–૪ )

**मैं सुखी-दुःखी मैं रंक-राव मेरे धन-गृह-गौधन प्रभाव ।**
**मेरे सुत तिय मैं सबल दीन बेरूप सुभग मूरख प्रवीन ॥ ४ ॥**

હું ચિન્મૂર્તિ ઉપયોગસ્વરૂપ છું–એ ભૂલીને અજ્ઞાની જીવ શરીરને પોતાનું માને છે, એટલે શરીર સંબંધી સ્ત્રી-પુત્રાદિ પદાર્થોને પણ પોતાનાં માને છે; શરીરની અવસ્થાથી હું બળવાન કે હું દીન એમ માને છે; ધન-ગૃહ-ગાય-ભેંસ-રેડિયો-મોટર એ બધા મારાં જ છે, શરીર સારૂં હોય ત્યાં હું સુખી, શરીર રોગી હોય ત્યાં હું દુઃખી–એમ માને છે; 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' અથવા 'પહેલું સુખ તે જાતે નર્યા'–એ બધી લોકોની કહેવત છે.–પણ ભાઈ! 'જાત' એટલે શું? શું તું જડ–શરીરની જાતનો છો? ના; તું તો ચૈતન્યજાત છો. તારી ચૈતન્યજાત પોતે સુખસ્વરૂપ છે. પણ મિથ્યાત્વને લીધે પોતાની ચૈતન્યજાતને ભૂલીને, દેહની જાત પોતાની માનીને દુઃખ ઊભું કર્યું છે, તે મિથ્યાત્વનો નાશ કરતાં આત્મા સ્વયં પોતે આનંદસ્વરૂપ છે; પોતામાં જ સુખ છે, કાંઈ દેહમાં સુખ નથી. મિથ્યાત્વાદિના અભાવથી આત્મામાં રાગ વગરનો જે સહજ આનંદ અનુભવાય તે સુખ છે, બાકી દેહ-સ્ત્રી પુત્ર-ધન-બંગલો-મોટર એમાં ક્યાંય સુખ માનવું તે તો મિથ્યા કલ્પના છે. આત્મા પરવસ્તુને તો વેદતો નથી પણ તે તરફનો રાગ કરીને તે રાગના વેદનથી અજ્ઞાની પોતાને સુખી માને છે, ને પરને હું ભોગવું છું–એમ માને છે; પણ સુખ બહારમાં નથી, પરભાવમાં નથી. સંયોગ અને પરભાવ વગરના આત્માને દૃષ્ટિમાં લેતાં જે સુખ થયું તે સાચું સુખ છે.

રેડિયો ને મોટર, મકાન ને તિજોરી એ તો બધા જડ છે. તેમાં સુખ કેવું?–એમાંથી સુખ લેવા જતાં તો તારા આત્માનું ખરૂં સુખ ભુલાઈ જાય છે. અરે. તું જીવ હોવા છતાં તેં જીવની ચાલ જાણી નથી, જીવનું જીવન જાણ્યું નથી ને મૂઢપણે અજીવમાં પોતાનું અસ્તિત્વ માન્યું છે;–કેમકે જેમાં પોતાનું સુખ માને તેમાં પોતાનું અસ્તિત્વ માને છે.

અજ્ઞાનીએ બહારમાં પોતાપણું માન્યું એટલે તે બહારની અનુકૂળતાથી પોતાને સુખી માને છે ને પ્રતિકૂળતાથી દુઃખી માને છે. અનુકૂળતામાં જે સુખ માને તે પ્રતિકૂળતામાં દુઃખ માન્યા વગર રહે નહિ એટલે સાચો સમભાવ તેને રહે નહિ. દેહમાં રોગ આવે ત્યાં તો જાણે કે 'અરે, હું દુઃખી થઈ ગયો, મારા જેવું કોઈ દુઃખી નથી હો!'–એમ અજ્ઞાની દુઃખી થાય છે. જોકે દેહની અનુકૂળતા વખતેય તે મોહબુદ્ધિથી દુઃખી જ છે, પણ દેહબુદ્ધિ આડે એ દુઃખ એને દેખાતું નથી. આત્માનું સુખ લક્ષમાં લ્યે તો એ દુઃખની ખબર પડે ને!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ દુર્ગંધી વીષ્ટાનો કીડો તે વીષ્ટામાં સુખ માને છે તેમ મોહનો કીડો (મિથ્યાદૃષ્ટિ) મોહમાં સુખ માને છે, રાગમાં સુખ માને છે.

બીજા નીરોગી ને હું રોગી, બીજા ધનવાન ને હું નિર્ધન, બીજાને બાયડી-છોકરાં ને મારે કાંઈ નહિ, બીજા રૂપાળા ને હું કદરૂપો, બીજાને મોટી મોટી પદવી ને મારે સાધારણ નોકરી,—એમ સંયોગમાં જ પોતાનું અસ્તિત્વ દેખતો અજ્ઞાની દુઃખી થાય છે. અરે ભગવાન! એ બધુંય સરખું હોય તોપણ એમાં કયાં સુખ છે? તેમાં કયાં તારું અસ્તિત્વ છે? તું તો ઉત્કૃષ્ટ ચૈતન્યરૂપનો ધારક છો; તારી સર્વજ્ઞપદની વિભૂતિ જગતમાં ઉત્કૃષ્ટ છે; અરે, તું દેહમાં કયાં મૂર્છાણો? વિજ્ઞાનઘન આનંદમૂર્તિ આત્મા તું મૃતક કલેવર જેવા શરીરમાં કેમ મોહિત થયો? શરીરની અવસ્થાથી તું પોતાને સુખી દુઃખી માને છે તે મહાન અસત્ય છે. હું પૈસા-વાળો અથવા હું ગરીબ—એ પણ બાહ્યબુદ્ધિ છે. શરીર પણ તારું નથી તો ધન-પુત્રાદિ તારાં કયાંથી થયા?—એ તો ક્ષેત્રથી પણ તારાથી દૂર પડયા છે, તો તારાં કયાંથી થઈ ગયા! ભાઈ, તું પૈસાવાળો કે ગરીબ નથી, તું તો ચૈતન્યલક્ષ્મીનો ખજાનો છો, આનંદનો ભંડાર છો; જેની પ્રીતિના બળે છ ખંડની વિભૂતિનો મોહ ક્ષણમાં છૂટી જાય—એવી ચૈતન્ય સંપત્તિનો ભંડાર તું છો. માટે દીનતા છોડ ને તારી ચૈતન્યલક્ષ્મીને સંભાળ.

બહારનું કરવાની હો-હા કરીને લોકો મિથ્યાત્વને સેવે છે, પણ સ્વતત્ત્વને સંભાળતા નથી. જડના સંયોગથી હું રાજા કે હું રંક—એ બંને માન્યતા મિથ્યા છે. પૈસા તો પુદ્ગલની રચનાથી બન્યા છે, તે કાંઈ જીવની રચનાથી બન્યા નથી. જીવની રચના તો જ્ઞાનમય હોય, જડ ન હોય. અસંગી ચૈતન્યને ભૂલીને પરસંગને પોતાના માનતાં જીવ દુઃખી થાય છે. કોઈ જીવ 'રૂપિયા મારા' એવા તીવ્ર મોહવશ મરીને તે રૂપિયાના ડાબલામાં જ અવતરે છે. જાણે કે રૂપિયા તે જ જીવ હોય એમ તેની પાછળ જીવન ગુમાવે છે.—પણ ભાઈ! તારું જીવન રૂપિયા વગરનું ચૈતન્યમય છે; રૂપિયા વગરનો આનંદ તારામાં છે. તું કહે છે—બંગલો મારો, ઘર મારું, પણ એ તો માટીનાં છે. તારું ઘર તો ચૈતન્યમય છે; ચૈતન્યઘરમાં તારું રહેઠાણ છે, જડ ઈંટના ઢગલામાં તારું રહેઠાણ નથી. ચૈતન્યમય નિજઘરને ભૂલીને પરઘરમાં—પથ્થરના બંગલામાં કે ઝૂંપડામાં જીવ પોતાપણાની બુદ્ધિ કરે છે ને મોહથી રખડે છે. સન્તો તેને અસંખ્યપ્રદેશી આનંદનું ધામ એવું નિજઘર બતાવે છે. ભાઈ, તું નિજઘરમાં કદી ન આવ્યો ને બહાર ચાર ગતિરૂપ પરઘરમાં રખડયો, હવે તો નિજઘરમાં આવ.

હમ તો કબહૂં ન નિજઘર આયે...
પરપદ નિજપદ માન મગન હ્વૈ પર પરિણતિ લિપટાયે,
શુદ્ધબુદ્ધ સુખકંદ મનોહર ચેતનભાવ ન ભાયે....હમ તો૦

અરે, પથ્થરનું મકાન કે શરીર તે તો જડની રચના છે, એ જડભુવનમાં આત્માનું ખરૂં રહેઠાણ નથી. આત્માનું ખરૂં રહેઠાણ તો જ્ઞાન અને સુખનું ધામ છે, એવા આત્મભુવનમાં હે જીવ! તું આવ.

અગાઉના શ્રીમંત લોકો ઘણા ગાય-ભેંસ રાખતા ને તેને ધન ગણાતું; ગાય-ભેંસને બદલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અત્યારે તો ઘરે ઘરે રેડિયા ને મોટર થઈ ગયા છે. પણ એ ગાય-ભેંસ કે મોટર-રેડિયા કાંઈ જીવનું નથી. જીવ મફતનો એની પાછળ જીંદગી ગુમાવે છે; ભાઈ! એ કોઈ તને શરણ થવાના નથી. રાજપદ ને પ્રધાનપદ પણ અનંતવાર મળ્યાં, પણ એ કાંઈ તારાં પદ નથી, તે તો અપદ છે, તારું પદ તો ચૈતન્યમય છે. ધન-શરીરાદિ તારાં હોય તો તે તારી સાથે જ રહેવા જોઈએ ને પરભવમાંય સાથે આવવા જોઈએ. મરણ ટાણે તો એ બધા અહીં પડ્યા રહેશે, તેની ખાતર તેં ગમે તેટલા પાપ બાંધ્યાં પણ તારી સાથે એક ડગલું પણ તે આવવાનાં નથી.

મરવાનું ટાણું થતાં જીવ શરીરને કહે છે કે-હે શરીર! હે મારા ભાઈબંધ! આખી જીંદગી આપણે સાથે રહ્યા માટે હવે તું મારી સાથે ચાલ!

શરીર કહે છે-હું નહીં આવું.

જીવ કહે છે કે-અરે, પણ મેં તારા ખાતર જીવન વીતાવ્યું ને ઘણાં પાપ કરી કરીને તને પોષ્યું. માટે થોડેક સુધી તો મારી સાથે આવ!

શરીર કહે છે કે-એક ડગલુંય નહીં આવું. તું તારા રસ્તે ને હું મારા રસ્તે; તું તારા ભાવોનું ફળ ભોગવવા અન્ય ગતિમાં એકલો જા; ને હું ભસ્મ થઈને માટીમાં મળી જઈશ. —આપણી બંનેની ચાલ જુદી છે. તેં ભ્રમથી મારી સાથે એકતા માની તે તારી ભૂલ હતી.

-જ્યાં જીવનભર એકક્ષેત્રે રહેનાર શરીરની પણ આ સ્થિતિ છે ત્યાં પ્રત્યક્ષ જુદા એવા પુત્ર-પુત્રાદિની કે ધન-બંગલાની શી વાત! તે તો જીવતાં પણ જીવને છોડીને ચાલ્યા જતાં નજરે દેખાય છે. છતાં મફતનો મોહ કરીને જીવ દુઃખી થાય છે. મારી પુત્રી, મારો પુત્ર, મારી માતા, મારી બેન, મારો ભાઈ. —એમ મમતા કરે છે, પણ તારું તો જ્ઞાન છે, તે જ્ઞાનને અનુભવમાં લે; એ તારાથી કદી જુદું નહિ પડે. માતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-બેન વગેરે તો જુદાં જ છે, તે જો આત્માનાં હોય તો જુદાં કેમ પડે? ને તેના વગર આત્મા કેમ ટકી શકે? આત્મા તો તે બધાથી જુદો જ્ઞાનાનંદ-સ્વરૂપ છે. જ્ઞાન તેનાથી કદી જુદું નથી પડતું, આવા જ્ઞાનસ્વરૂપે પોતાને અનુભવે ત્યારે આત્માને જાણ્યો કહેવાય, ને ત્યારે પરથી જુદો માન્યો કહેવાય. પરને પોતાનું માને અને વળી આત્માને જ્ઞાનરૂપ જાણે-એમ બે વિરુદ્ધ વાત સાથે બની શકે નહીં.

શરીર હૃષ્ટ-પુષ્ટ હોય, ધાર્યો ખોરાક લેવાતો હોય-ત્યાં જાણે કે હું બળવાન! અરે મૂર્ખ, દેહનાં અભિમાન શા? તને આત્મામાં મોટો મિથ્યાત્વ રોગ લાગુ પડ્યો છે. અમૂર્ત આત્મા તે શું જડ-આહારને ખાતો હશે? આત્મા તો દેહ અને ખોરાક બંનેથી જુદો છે. અઢાર વર્ષનો એક છોકરો બંને હાથમાં એકેક માણસને પકડીને ઊંચા કરતો, તે જ્યારે મરવા પડ્યો ત્યારે બોલવાનીયે શક્તિ ન રહી ને બીજા બે જણે તેને ઉપાડ્યો. બાપુ! દેહનું બળ ક્યાં આત્માનું છે? ને દેહ નબળો પડતાં આત્મા ક્યાં નબળો પડે છે? હિન્દુસ્તાનનો એક મોટો પહેલવાન, -કે જે દોડતી મોટરને પકડીને થંભાવી દેતો ને છાતી ઉપર હાથી ઊભો રાખતો, તેનામાં મરવા ટાણે આંખ ઉપરની માંખી ઉડાડવાની તેવડ નહોતી. -એ બળ ક્યાં આત્માનું હતું? આત્મા તો અંદર બેઠો છે ને ઘણીયે ઇચ્છા કરે છે; પણ શરીરમાં તેનું શું ચાલે? ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દેહનું તે બળ પણ તારું ન હતું ને નિર્બળતા પણ તારી નથી. શરીર જ તું નથી, તું તો જ્ઞાન છો, જ્ઞાન જ તારું રૂપ છે.

વળી સુંદર રૂપાળું શરીર હોય કે કદરૂપું હોય તે બંનેથી આત્મા જુદો છે. ખરેખર સુંદર તો આત્માનું ચેતનરૂપ છે. પણ અજ્ઞાની નિજરૂપને ન નીહાળતાં, સુંદર શરીર વડે શોભા માને છે ને કુરૂપ શરીર મળતાં પોતાને હીણો માને છે. ભાઈ, કદરૂપું શરીર કાંઈ કેવળજ્ઞાન લેવામાં નડતું નથી, ને સુંદર રૂપવાળું શરીર કાંઈ કેવળજ્ઞાન લેવામાં મદદ કરતું નથી. સુંદર શરીરવાળા ઘણા જીવો પાપ કરીને નરકે પણ ગયા છે, ને કુરૂપ શરીરવાળા ઘણા જીવો આત્મભાન કરીને મોક્ષે પણ ગયા છે. જોકે તીર્થંકરાદિ ઉત્તમ પુરુષોને તો દેહ પણ લોકોત્તર હોય છે, છતાંય તે આત્માથી જુદો જ છે, તે દેહ કાંઈ આત્માની વસ્તુ નથી. દેહથી ભિન્ન આત્માની ઓળખાણ કરે તેણે ભગવાનને ઓળખ્યા કહેવાય. દેહ કાંઈ ભગવાન નથી. ભગવાન તો અંદર ચૈતન્યમૂર્તિ કેવળજ્ઞાનસહિત બિરાજે છે તે છે. દરેક આત્મા આવો ચેતનરૂપ છે, શરીર સુરૂપ કે કુરૂપ–તે જડના રૂપપણે આત્મા કદી થયો નથી. 'જડ તે જડ ત્રણકાળમાં, ને ચેતન ચેતનરૂપ.'–જડ અને ચેતન કદી પણ એક થતાં નથી; શરીર અને આત્મા સદાય જુદા જ છે.– આવા આત્મામાં દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય ને અપૂર્વ શાંતિ પરિણામ પ્રગટે. આવા આત્માની ધર્મદૃષ્ટિ વગર મિથ્યાત્વ મટે નહિ એટલે દુઃખ મટે નહિ ને શાંતિ થાય નહીં.

ભાઈ, ધોળી ધૂડ ( પાવડર ) કે રંગ ચોપડીને તું શરીરને સારૂં દેખાડવા મથે છે, પણ એ શરીરની શોભા વડે કાંઈ તારી શોભા નથી; તારી શોભા તો તારા ગુણો વડે છે, સમ્યગ્દર્શનાદિ અપૂર્વ રત્નો વડે જ આત્મા શોભે છે. શરીર તો જડ, એટલે ચેતન વગરનું મડદું–એને શણગારવાથી શું આત્મા શોભતો હશે ? ના, ભાઈ! સમ્યગ્દર્શનરૂપી મુગટ વડે ને ચારિત્રરૂપી હાર વડે તારા આત્માને શોભાવ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે આત્મા શોભી ઊઠે છે. ચેતન–ભગવાનની શોભા જડ શરીર વડે નથી. માટે તું દેહદૃષ્ટિ છોડીને આત્માને ઓળખ, એવો અહીં ઉપદેશ છે.

અજ્ઞાની દેહાદિ સંયોગમાં પોતાપણું માને છે તે ભૂલ છે–એ વાત બતાવી; હવે અંદર પોતાની પર્યાયમાં જ્ઞાનના જરાક ઉઘાડ જેટલો જ પોતાને અનુભવે છે–તે પણ ભૂલ છે, એ વાત સમજાવે છે. પર્યાયમાં ઉઘાડની કાંઈક મંદતા હોય ત્યાં જાણે કે હું મૂરખ છું, મને કાંઈ આવડતું નથી;–પણ બાપુ ! તું તો કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાતવાળો છો. પર્યાયના થોડાક ઉઘાડ જેટલો જ કાંઈ તારો આત્મા નથી; અનંત કેવળજ્ઞાન–ખજાના તારામાં ભર્યા છે, એને શ્રદ્ધામાં લે. પર્યાયમાં જ્ઞાન ઓછું હોય ત્યાં તે પર્યાય જેટલો જ આત્મા સમજીને પોતાને મૂર્ખ માની લીધો, પણ આત્મા કેવળજ્ઞાનસ્વભાવી છે–એને ભૂલી ગયો. ભાઈ, સર્વજ્ઞપદ ક્યાંથી પ્રગટ્યું ?–આત્મામાંથી; તો એવો સર્વજ્ઞસ્વભાવી તારો આત્મા છે, તેને લક્ષમાં લે તો પર્યાયમાં મિથ્યાત્વરૂપ મૂર્ખતા રહેશે નહિ, તારું જ્ઞાન ખીલીને કેવળજ્ઞાન પ્રગટી જશે. અહા, ચૈતન્યની અપાર તાકાત !—તેમાં મૂર્ખતા કેવી ?

વળી એ જ રીતે, પર્યાયમાં કંઈક ઉઘાડ કે આવડત દેખાય–ત્યાં અજ્ઞાની એમ સમજે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે હું પ્રવીણ છું, મને બધું આવડે છે!–આમ પર્યાયબુદ્ધિથી અભિમાન કરે છે; પણ બાપુ! તું કેવળજ્ઞાનસ્વભાવની મહાનતાને ભૂલ્યો એટલે જરાક જેટલા ઉઘાડમાં તને ઘણું લાગે છે. અરે, કેવળજ્ઞાનની અપાર તાકાત પાસે તારા ઉઘાડની શી કિંમત છે! સર્વજ્ઞસ્વભાવી આત્માને પ્રતીતમાં લે તો અલ્પ ઉઘાડનું અભિમાન તારું ઊડી જશે એટલે કે પર્યાયબુદ્ધિ છૂટી જશે. બાકી 'સબમેં લગતી' એમ બહારનાં જાણપણાની તારી હોશિયારી આત્માના હિતમાં કાંઈ કામ નહીં આવે. જ્ઞાનને અંતર્મુખ કરીને આત્માને જાણ, તે જ ખરી હોશિયારી છે. આત્માની જાગૃતી જેમાં નથી તે તો બેહોશી છે,–તેને હોશિયારી કોણ કહે? જેણે દરિયો નથી દેખ્યો તે જ દેડકાની માફક ખાબોચિયાને મહાન સમજે છે, પણ દરિયા પાસે ખાબોચિયાની શી ગણતરી? તેમ અગાધ ચૈતન્યદરિયો જેણે નથી દેખ્યો તે જ અલ્પ ઉઘાડના અભિમાનમાં અટકે છે, પણ સર્વજ્ઞસ્વભાવથી ભરેલા અગાધ દરિયા પાસે એના ઉઘાડની તો ખાબોચિયા જેટલીયે કિંમત નથી.

–આ રીતે શરીરથી માંડીને જ્ઞાનના ઉઘાડ સુધીમાં જેને એકત્વબુદ્ધિ છે તે બધાયને જીવતત્ત્વની ઓળખાણમાં ભૂલ છે, જીવતત્ત્વના ખરા સ્વરૂપની તેને ખબર નથી. આવી ભૂલને લીધે જીવ અનાદિથી ચાર ગતિમાં અનંત પ્રકારનાં દુઃખ ભોગવી રહ્યો છે.–જેનું વર્ણન સાંભળતાંય ત્રાસ થાય–તેવા દુઃખોનું થોડુંક વર્ણન પહેલી ઢાળમાં કર્યું. ભાઈ! આવા દુઃખોથી છૂટવા માટે, તારી ભૂલનું સ્વરૂપ સમજી વીતરાગવિજ્ઞાન વડે તેને ટાળવાનો ઉપાય કર—એમ શ્રી ગુરુની શિખામણ છે.

આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે; તેમાં અતિરેક કરીને જે પરને પોતાનું માને છે (એટલે કે અજીવને પણ જીવ માને છે) તેની માન્યતા વિપરીત છે—ઊંધી છે. જ્ઞાન જેની ચાલ, જ્ઞાન જેનું રૂપ, જ્ઞાન જેનો ભાવ, જ્ઞાન જેની સંપદા–એવા આત્મામાં કાંઈ પણ પરને પોતાનું માનવું તે અતિરેક છે, મિથ્યાત્વ છે; પરદ્રવ્યના ભાવને તે પોતામાં ભેળવે છે. જ્યાં આવું મિથ્યાત્વ હોય ત્યાં કોઈ જાતનો ધર્મ એટલે કે સુખ હોય નહિ. આત્મા જ્ઞાનાનંદ છે–એની ખબર વિના ધર્મ કેવો? ને સુખ કેવું? શરીરાદિ સંયોગવડે ધર્મ થાય–એ માન્યતા ભૂલ-ભરેલી છે. સંયોગમાં આત્મા નથી, સંયોગ વડે આત્માને દુઃખ-સુખ નથી; માટે સંયોગથી જુદા જીવની શ્રદ્ધા કરવી. આ પ્રમાણે જીવ–અજીવનું યથાર્થ સ્વરૂપ ઓળખીને તેનું ભેદજ્ઞાન કરતાં મિથ્યાત્વ ટળે છે ને જીવનું અપૂર્વ હિત પ્રગટે છે.

અરે, જૈનપરંપરામાં જન્મીને પણ જીવ-અજીવની જુદાઈને ન જાણે તો જીવને શો લાભ? જીવ–અજીવની ભિન્નતાના ભાન વગર સાચું જૈનપણું થાય નહિ, એટલે દુઃખ મટે નહિ ને સુખ થાય નહિ. ભલે બહારમાં ત્યાગી–સાધુ થાય પણ અંદરમાં જો એમ માને કે આ દેહની ને ભાષાની ક્રિયાઓ મારી છે,–તો તે મિથ્યાદૃષ્ટિ જ છે, ભગવાન તેને જૈન નથી કહેતા; સાધુપણાની તો વાત જ શી! ભાઈ, જે દેહની ક્રિયા છે તે તો જડની ક્રિયા છે, તેનો કર્તા તું કઈ રીતે થયો? જો તું જડનો કર્તા થા તો–તો તું જડ થઈ જા,–કેમકે જડનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્તા જડ હોય. હજી રાગાદિને તો વ્યવહારથી આત્માની ક્રિયા કહેવાય, કેમકે તે આત્માની પર્યાય છે; પણ ભાષા વગેરે તો વ્યવહારે પણ આત્માની પર્યાય નથી, તે તો જડની પર્યાય છે, તેનો કર્તા વ્યવહારે પણ આત્મા નથી. જડની પર્યાયનો કર્તા જે પોતાને માને છે તેને જડથી ભિન્ન આત્માની ખબર નથી.

જેમ પરદ્રવ્ય આત્માનું નથી, પર દ્રવ્યનાં કામ આત્માનાં નથી, તેમ પરદ્રવ્ય આત્માનું ભલું-બૂરું પણ કરતાં નથી; કેમકે પદાર્થોમાં તો કાંઈ ઇષ્ટ-અનિષ્ટપણું નથી. પદાર્થો જ જો ઇષ્ટ કે અનિષ્ટ હોય તો, જે પદાર્થ ઇષ્ટ હોય તે બધાયને ઇષ્ટરૂપ જ થાય, અને જે અનિષ્ટ હોય તે બધાયને અનિષ્ટરૂપ જ લાગે; -પણ એમ તો થતું નથી. જીવ પોતે જ કલ્પના કરીને કોઈ પદાર્થને ઇષ્ટ ને કોઈને અનિષ્ટ માને છે; પણ તે કલ્પના ખોટી છે.

ઉપયોગસ્વરૂપ જીવવસ્તુનો જેને અનુભવ નથી તે અનેક પ્રકારે ક્યાંક ને ક્યાંક મિથ્યા અભિપ્રાય કરે છે; કાં બહારના સંયોગને, કાં શરીરની ક્રિયાને, ભાષાને, કે છેવટ રાગને આત્માનું સ્વરૂપ માને છે, પણ શુદ્ધ ઉપયોગરૂપ પોતાને જાણતો નથી. શુદ્ધ જીવસ્વભાવમાં રાગનુંય કાર્ય નથી ત્યાં જડનું કાર્ય તેનામાં ક્યાંથી હોય? આત્માનું સ્વરૂપ જે નથી તેને આત્માનું સ્વરૂપ માનવું તે સ્વતત્ત્વની મોટી ભૂલ છે; -'**अपनेको आप भूलके हैरान हो गया**' -પોતે પોતાનું સ્વરૂપ ભૂલીને મહા દુઃખી થાય છે. માટે આચાર્યદેવ કહે છે કે ભૂલને તું છોડ, અને શુદ્ધ જીવતત્ત્વનું સાચું સ્વરૂપ ઓળખીને સમ્યગ્દર્શન પ્રગટ કર.

આ ગાથામાં જીવ સંબંધી ભૂલ બતાવી; હવે અજીવ તેમજ આસ્રવ વગેરે તત્ત્વો સંબંધમાં જીવ કેવી ભૂલ કરે છે તે બતાવશે.

* પરમાર્થકે સાધે બિના મૂર્ખજન અપને જીવનકો નષ્ટ કર દેતે હૈં. જૈસે પતંગ ઉડાનેવાલા કેવલ સમય નષ્ટ કરતા હૈ, કમાઈ કુછ ભી નહીં કરતા.

(શ્રી બુધજન-સતસઈ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અજીવ અને આસ્રવ સંબંધમાં ભૂલ

( ગાથા-૫ )

**तन उपजत अपनी उपज जान, तन नशत आपको नाश मान ।**
**रागादि प्रगट ये दुःखदैन तिनहीको सेवत गिनत चैन ॥ ५ ॥**

આ ગાથામાં જીવની બે ભૂલ બતાવી છે-એક તો દેહમાં એકતાબુદ્ધિ, ને બીજી રાગમાં એકતાબુદ્ધિ; પોતે ચૈતન્યસ્વરૂપ આત્મા નિત્ય છે, તેને જન્મ કે મરણ નથી,-એને ન ઓળખતાં અજ્ઞાની જીવ શરીરની ઉત્પત્તિમાં પોતાની જ ઉત્પત્તિ માને છે ને શરીરનો નાશ થતાં પોતાનો જ નાશ માને છે; એ રીતે દેહને જ પોતાનું માને છે.

બીજું, આત્મા તો શાંત-નિરાકુળ જ્ઞાનસ્વરૂપ છે, ને રાગાદિ ભાવો તો પ્રગટપણે દુઃખદાયક છે, આકુળતારૂપ છે, છતાં જીવ તેને સુખરૂપ માનીને તેનું સેવન કરે છે.-આ રીતે અજીવથી ને આસ્રવોથી જીવ પોતાને ભિન્ન જાણતો નથી-એ તેની ભૂલ છે.

દેહને આત્મા માન્યો, તેણે પોતાને અજીવ માન્યો. શરીરને અને આત્માને ભેળસેળ કરીને એકમેક માને છે, એવી જીવ-અજીવની ભૂલ અનાદિથી જીવ કરી રહ્યો છે; જીવ અને અજીવ બંને અત્યંત ભિન્ન હોવા છતાં તેમને ભિન્ન જાણતો નથી. દેહ તો સંયોગી વસ્તુ છે. તેનો વિયોગ પણ થશે; ભાઈ! આ દેહના સંયોગ પહેલાં તારું અસ્તિત્વ હતું ને દેહના વિયોગ પછી પણ તારું અસ્તિત્વ રહેશે;-આમ તારા ત્રિકાળી અસ્તિત્વનો વિચાર કર તો ક્ષણિક દેહમાં તને આત્મબુદ્ધિ નહિ રહે. જન્મ-મરણ તો દેહના સંયોગ-વિયોગની અપેક્ષાએ છે, જીવ પોતે તો ઉપયોગ-સ્વરૂપે નિત્ય છે, તે કાંઈ જન્મતો-મરતો નથી. તું નિત્ય, દેહ ક્ષણભંગુર; તું ચેતનસત્તા, દેહ જડ;-એ બંનેને એકતા કેવી? અત્યંત જુદા છે, બંને વચ્ચે અત્યંત અભાવ છે. જીવ અને શરીર જુદા થતા પ્રત્યક્ષ દેખાય છે છતાં જીવ પોતામાં તેની જુદાઈનું ભાન કરતો નથી.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહે છે કે-મિથ્યાત્વને લીધે જીવ અન્યથા પ્રતીતિરૂપ અતત્ત્વશ્રદ્ધાન કરે છે, વસ્તુસ્થિતિ જેમ છે તેમ માનતો નથી, પણ જેમ નથી તેમ માને છે. અમૂર્તિક પ્રદેશોનો પૂંજ પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક અનાદિનિધનરૂપ આત્મા પોતે છે, તથા મૂર્તિક પુદ્‌ગલ દ્રવ્યોનો પિંડ, પ્રસિદ્ધ જ્ઞાનાદિથી રહિત, નવીન જ જેનો સંયોગ થયો છે એવા શરીરાદિ પુદ્‌ગલ કે જે પોતાથી અન્ય છે,-એ બંનેના સંયોગરૂપ અનેક પ્રકારની મનુષ્ય-તિર્યંચાદિક પર્યાયો હોય છે, તે પર્યાયોમાં મૂઢ જીવ અહંબુદ્ધિ ધારી રહ્યો છે, સ્વ-પરનો ભેદ જાણતો નથી. જે પર્યાય પામ્યો હોય તેને જ પોતાપણે માને છે, તથા એ પર્યાયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જે જ્ઞાનાદિક ગુણો છે તે તો પોતાના સ્વભાવ છે, ને રાગાદિક ભાવો તે ઉપાધિરૂપ પરભાવો છે, અને વર્ણાદિક છે તે પોતાના ભાવો નથી પણ પુદ્ગલના ગુણો છે. પણ જીવ અજ્ઞાનથી તે સર્વને નિજસ્વરૂપ માને છે; સ્વભાવ-પરભાવનો કે જીવ–અજીવનો વિવેક કરતો નથી. આવો મિથ્યાત્વભાવ જીવને અનાદિનો ચાલ્યો આવે છે. તેમાં કોઈવાર તીવ્રતા ને કોઈવાર મંદતા થાય છે, પણ આત્માનું જ્ઞાન કર્યા વગર તેનો અભાવ થતો નથી, ને જીવનું દુઃખ મટતું નથી.

જેવું પદાર્થોનું સ્વરૂપ છે તેવું જ શ્રદ્ધાન કરે તો જ દુઃખ મટે. જેમ કોઈ મોહમુગ્ધ બનીને મડદાને જીવતું માને અથવા તેને જીવાડવા ઇચ્છે તો તેથી તે દુઃખી જ થાય. પણ તે મડદાને મડદું જાણવું અને તે જીવાડ્યું જીવવાનું નથી–એમ માનવું તે જ તે દુઃખ દૂર થવાનો ઉપાય છે. તેમ મિથ્યાદૃષ્ટિ બની પદાર્થોને અન્યથા માની અન્યથા પરિણમાવવા ઇચ્છે તો પોતે દુઃખી જ થાય, પણ તેને યથાર્થ (–પરને પરરૂપે) જાણવા, ને તે મારા પરિણમાવ્યા અન્યરૂપે પરિણમવાના નથી–એમ માનવું તે જ એ દુઃખ દૂર થવાનો ઉપાય છે. ભ્રમણાને લીધે થયેલું દુઃખ ભ્રમણા મટવાથી જ દૂર થાય છે. આ રીતે સમ્યક્શ્રદ્ધા એ જ દુઃખ મટવાનો સાચો ઉપાય છે.

જીવ-અજીવની સમ્યક્શ્રદ્ધા થતાં શરીરમાં અહંબુદ્ધિ મટે ને અનાદિ અનંત ચૈતન્યદ્રવ્યમાં જ અહંબુદ્ધિ થાય એટલે તેને મરણનો ભય રહે નહિ; ને સમ્યગ્દર્શનપૂર્વક રાગ-દ્વેષ ટાળીને સિદ્ધપદ થતાં જન્મ-મરણાદિ સર્વે દુઃખોનો અભાવ થઈ જાય છે.

અજ્ઞાનીને દેહ જ ભાસે છે, દેહ જ હું–એવી બુદ્ધિ છે, એટલે તેને એમ લાગે છે કે ખોરાક વગર હું જીવી જ ન શકું! પણ અરે ભાઈ! તું તો આત્મા છો, કાંઈ શરીર તું નથી. જૈનબાળપોથીના પહેલા જ પાઠમાં શીખવ્યું છે કે 'હું જીવ છું' ને શરીર અજીવ છે. આત્મા તો ખોરાક ખાધા વગર જ જીવે છે. જો ખાય તો મરી જાય; કેમકે જડ ખોરાકને આત્મા ખાય તો આત્મા જડ થઈ જાય, એટલે મરી જાય. જો જડ ખોરાકનો પોતામાં પ્રવેશ કરાવે તો ચેતનપણે આત્માનું અસ્તિત્વ જ ન રહે. જડ ખોરાક વગર જ તેનાથી ભિન્ન અસ્તિત્વપણે આત્મા જીવે છે.

જુઓ તો ખરા, દૃષ્ટિનો ફેર! અજ્ઞાની કહે છે કે આત્મા ખોરાક વગર ન જીવી શકે; જ્ઞાની કહે છે કે આત્મા ખોરાક ખાય તો મરી જાય! ભાઈ, તું તો ચેતન, તારે તારું ચૈતન્યજીવન જીવવા માટે જડ ખોરાકની ઓશીયાળ ક્યાં છે? શરીર પણ જ્યાં તારામાં નથી ત્યાં ખોરાક કેવો? અમૂર્ત આત્મામાં મૂર્ત પદાર્થ પ્રવેશી શકે નહિ.

આત્મા જ્ઞાન-આનંદસ્વરૂપ છે, તે ત્રિકાળ છે, અસંયોગી છે, છતાં શરીરના સંયોગ–વિયોગથી આત્માના ઉત્પત્તિ-વિનાશ થવાનું અજ્ઞાની માને છે. શરીર છૂટવા ટાણે પોતાનો જ જાણે નાશ થઈ જતો હોય–એમ તેને લાગે છે. પણ ભાઈ, દેહરૂપી ગૂફામાં અંદર ઊંડો-ઊંડો (એટલે કે દેહથી જુદો) આત્મા છે–એને લક્ષમાં લેને! તો તને તારી નિત્યતા દેખાશે....તારું અમરપણું તને દેખાશે ને મરણનો ભય મટી જશે.–કેમકે મરણ આત્માનું છે જ નહીં. મરણનો જાણનાર પોતે કદી મરતો નથી. દેહ આવ્યો ને દેહ ગયો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



–એ બંને દશાને જીવે જાણી, પણ જાણનાર પોતે કાંઈ નવો આવ્યો નથી ને પોતે પોતાથી બહાર કદી ગયો નથી, જાણનાર તો સદા જાણનારસ્વરૂપ જ છે; દેહ આવે ને જાય તેને જાણે પણ પોતે દેહરૂપ થાય નહિ.

અજ્ઞાની કહે છે કે દેહથી જુદો આત્મા અમને દેખાતો નથી !—

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. (૪૫)

અથવા દેહ જ આતમા, અથવા ઇન્દ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહિ જુદું એંધાણ. (૪૬)

ત્યારે શ્રીગુરુ કહે છે કે ભાઈ! તને દેહબુદ્ધિને લીધે જ એમ લાગે છેઃ—

ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહસમાન,
પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન (૪૯)

ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહીં, કહિયે કેવું જ્ઞાન? (૫૫)

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ,
એકપણું પામે નહિ, ત્રણેકાળ દ્વય ભાવ. (૫૭)

આમ અનેક પ્રકારે દેહ અને આત્માની ભિન્નતા છે, તેમને એકપણું કદી પણ નથી. ઘણા ઘણા પ્રકારે લક્ષણો અને યુક્તિ વડે આત્મા અને દેહનું ભિન્નપણું જ્ઞાનીઓએ સ્પષ્ટ સમજાવ્યું છે.

ભાઈ, દેહ તું નથી, દેહ તો તારાથી વિપરીત તત્ત્વ છે. તું જીવ, ને દેહ અજીવ; તું ચેતન ને એ જડ; તું શાશ્વત ને દેહ ક્ષણિક; તું અરૂપી ઇન્દ્રિયાતીત ને દેહ તો રૂપી–ઇન્દ્રિયગમ્ય.–આવી સ્પષ્ટ ભિન્નતા છે. જ્ઞાની પોતાને દેહથી સ્પષ્ટ ભિન્ન અનુભવે છે. આત્માને આત્માનો વિયોગ કદી હોય નહીં; શરીરનો વિયોગ થાય કેમકે તે તો અત્યારે પણ જુદું જ છે. શરીરના વિયોગે કાંઈ આત્માનો વિયોગ થતો નથી. સિદ્ધભગવંતો સદાકાળ શરીર વગર જ જીવી રહ્યા છે, તેમ દરેક જીવ શરીર વગર જ પોતાના ચૈતન્યભાવથી જીવ રહ્યો છે.

કોઈ મોટો બાદશાહ તીવ્ર પાપો કરીને મરે, તેનું શરીર તો અહીં હજી મખમલની પથારીમાં પડ્યું હોય ને આત્મા તો પહોંચી ગયો હોય નરકમાં! પોતાના કરેલા પાપોની ઘોર વેદના ત્યાં વેદતો હોય! આ શરીર ક્યાં એનું હતું? જો શરીર એનું હોય તો તો નરકમાં પડેલો તે જીવ સુખી હોવો જોઈએ કેમકે શરીર તો મખમલના ગાદલામાં પડ્યું છે. અરે, શરીર ભલે મખમલમાં પડ્યું પણ તે આત્મા તો નરકની ઘોર યાતના વેઠે છે. કોઈ ધર્માત્મા સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી હોય, સોળહજાર દેવો એની સેવા કરતા હોય, પણ તે જાણે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે ચક્રવતીપણાની આ ઋદ્ધિ અમારી નહિ, તે ઋદ્ધિમાં ક્યાંય અમે નથી; અમારી ચૈતન્યઋદ્ધિ અનંત ગુણસમ્પન્ન છે, તેમાં અમે છીએ. આંખ-કાન વગેરે અવયવો તે આત્મા નથી, આત્માને તો પોતાના જ્ઞાન-દર્શનાદિ અનંત અવયવો છે,-કે જે આત્માથી કદી છૂટા ન પડે. આવા નિજસ્વરૂપને જાણ્યા વિના અજ્ઞાની દેહરૂપે જ પોતાને અનુભવે છે, સ્વપ્નમાં પણ જાણે શરીર તે જ હું-એમ ઘૂંટાઈ ગયું છે; ચેતનભગવાન પોતાને જડ માનીને આખી ભીંત ભૂલ્યો છે. જેમ એક વાંદરો જે ઝાડ ઉપર બેઠેલો તે ઝાડને તેણે પોતાનું માની લીધું, જ્યાં પવન આવે ને ઝાડનાં પાંદડાં ખરે ત્યાં તે વાંદરો દુઃખી થાય કે અરે, મારાં પાન ખરી જાય છે! તેમ મોહી જીવ અજ્ઞાનથી દેહાદિક સંયોગને પોતાનાં માને છે ને સંયોગ દૂર થતાં દુઃખી થાય છે કે મારું આ બધું ચાલ્યું જાય છે!-પણ ભાઈ, એ તારું હતું જ ક્યાં? તું મફતનો પોતાનું માનીને દુઃખી થાય છે. એ ખોટી માન્યતા છોડ તો જ તારું દુઃખ મટે.

હવે અજ્ઞાનથી જેમ પોતાને દેહરૂપ માને છે તેમ રાગાદિ ભાવો પ્રગટપણે દુઃખદાયક હોવા છતાં અજ્ઞાનથી જીવ તેને સુખરૂપ માનીને સેવે છે; આસ્રવો જીવના સ્વભાવથી ભિન્ન હોવા છતાં તેને પોતાનું સ્વરૂપ માનીને સેવે છે. શુભરાગથી મને કાંઈ લાભ થશે,-તે મોક્ષનું કારણ થશે-એમ જે માને છે તેણે આસ્રવતત્ત્વને આસ્રવરૂપ ન જાણતાં સંવર નિર્જરારૂપ માન્યું; આસ્રવો દુઃખરૂપ હોવા છતાં તેને હિતરૂપ માન્યા; તે અધર્મ હોવા છતાં તેને ધર્મનું સાધન માન્યું; તે બંધભાવ હોવા છતાં તેને મોક્ષનું સાધન માન્યું; તે વિપદા હોવા છતાં તેનાથી આત્મસંપદા પ્રાપ્ત થશે-એમ માન્યું.—આ રીતે અજ્ઞાનીને તત્ત્વમાં ભૂલ છે. દુઃખ દેનારા ભાવને સુખ દેનારા માનીને જે સેવે તે દુઃખથી ક્યારે છૂટે? અશુભરાગ ને શુભરાગ બંનેમાં દુઃખ છે.

**પ્રશ્ન :**—શુભથી સ્વર્ગ તો મળે છે?

**ઉત્તર :**—અરે ભાઈ, સ્વર્ગ મળે તેમાં આત્માને શું? એ સ્વર્ગની સામગ્રીમાં જેને સુખ ભાસે છે ને એ સામગ્રી વિનાનું અતીન્દ્રિય આત્મસુખ જેને નથી ભાસતું તે મિથ્યાદૃષ્ટિ છે. પ્રવચનસારમાં કુંદકુંદસ્વામી કહે છે કે-પુણ્યના ફળથી તૃષ્ણા વડે દુઃખી જીવો, મૃગતૃષ્ણામાંથી જળની માફક વિષયોમાંથી સુખને ઇચ્છે છે....પુણ્યશાળીઓ પણ પાપશાળીઓની માફક, વિષયોને ઇચ્છતા થકા ક્લેશ પામે છે. પુણ્ય પણ પાપની જેમ દુઃખનું સાધન છે. શુભ ને અશુભ (પુણ્ય ને પાપ) બંને અનાત્મભાવ છે, બંને શુદ્ધોપયોગથી વિપરીત છે. આ રીતે પુણ્ય અને પાપ બંનેમાં સમાનપણું જે નથી માનતો, ને પુણ્યફળમાં સુખ માનીને તેનો મોહ કરે છે તે જીવ મિથ્યાદૃષ્ટિપણે સંસારમાં જ રખડતો થકો દુઃખને જ અનુભવે છે.

શાંત-આનંદસ્વરૂપ આત્મા, તેનાથી વિરુદ્ધ પુણ્ય-પાપના ભાવો આકુળતારૂપ છે. શુભરાગને ચેતનરૂપ-હિતરૂપ માનીને સેવે છે તેમાં વીતરાગી આત્માનો અનાદર થાય છે. અમૃતસ્વરૂપ આત્માના વેદનમાં પરમ શાંતિ છે, રાગના વેદનમાં જરાય શાંતિ નથી, તેમાં તો આકુળતા જ છે, પ્રગટપણે તે દુઃખ દેનાર છે; પણ અજ્ઞાનીને તેમાં મજા લાગે છે, કેમકે આત્માની સાચી શાંતિ તો તેણે જોઈ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રમતગમતમાં આનંદ માને છે પણ એ તો આકુળતા છે, તને ભ્રમથી તેમાં સુખ લાગે છે. અશુભમાં તો દુઃખ છે ને શુભમાંય દુઃખ છે; શુભ-અશુભ બંનેથી પાર ચૈતન્યભાવ તે જ સુખ છે ને તે જ મોક્ષમાર્ગ છે. રાગાદિ ભાવો તો જ્ઞાન વગરના છે, જ્ઞાનથી તો તે વિપરીત છે; જ્ઞાનીને તેમાં ચેન નથી, તેમાં સુખબુદ્ધિ નથી; અજ્ઞાની તે રાગમાં જ ચેન માનીને તેમાં અટકી ગયો, એટલે તેનાથી જુદું પોતાનું સ્વરૂપ તે ક્યાંથી દેખે? દેહમાં ને રાગમાં જ પોતાપણું માનીને જે સલવાઈ ગયો તે તેમનાથી ભિન્ન અંદર પોતાના ચૈતન્યને નીહાળવા-ઢંઢોળવા-અવલોકવા ક્યારે નવરો થાય?–'**कैसे रूप लखे अपनो**?'–નિજરૂપ તો દેહ ને રાગ બંનેથી પાર છે.–એવા નિજરૂપને દેહબુદ્ધિવાળો કે રાગબુદ્ધિવાળો જીવ ક્યાંથી દેખે?

જેમ પાપ તે મોક્ષનું કારણ નથી તેમ પુણ્ય પણ મોક્ષનું કારણ નથી, બંધનું જ કારણ છે, છતાં અજ્ઞાની તેને મોક્ષનું કારણ જાણીને હોંશથી સેવે છે. અરે, ધન–પુત્ર વગેરેની મમતાના પાપમાં જીવ સુખ માને છે, તેમાં રાગ કરીને મજા માને છે, પણ બાપુ! એ તો આકુળતાની ભઠ્ઠી છે, એમાં ક્યાં તારી શાંતિ છે? શાંતિ ને આનંદ તો તારા આત્મામાંથી આવે છે. બહારની અનુકૂળતા તે કાંઈ સુખ નથી. બહાર તરફની રાગવૃત્તિ તેમાં પણ સુખ નથી. જુઓ, અહીં એમ નથી કહ્યું કે એકલો અશુભ જ રાગ દુઃખદાયક છે, પરંતુ **रागादिक दुःखदैन** શુભ ને અશુભ બધાય રાગાદિકભાવો દુઃખ દેનારા છે; પણ અજ્ઞાની પુણ્યની મીઠાસમાં ચૈતન્યની સાચી મીઠાસને (અતીન્દ્રિય સુખને) ભૂલી જાય છે. સર્વજ્ઞભગવાને સાત તત્ત્વોમાં પુણ્ય–પાપ બંનેને આસ્રવતત્ત્વ તરીકે વર્ણવ્યા છે, તેને સંવર તરીકે નથી વર્ણવ્યા, માટે હે જીવ! તું તારા શુદ્ધ આત્માને તે આસ્રવોથી જુદો જાણ, તો તારી તત્ત્વની ભૂલ મટે.

હું જ્ઞાન છું–એમ જ્ઞાનનું સેવન અનુભવ તે સુખરૂપ છે; જ્ઞાનથી વિરુદ્ધ એવા રાગાદિ ભાવોનું સેવન તે દુઃખરૂપ છે. પાપનાં ફળ ભોગવતાં જીવોને દુઃખ લાગે છે પણ પુણ્યના ફળના ભોગવટામાં પણ આકુળતા ને દુઃખ જ છે, પુણ્યના ફળમાં કાંઈ અનાકુળ સુખ નથી; અનાકુળ સુખ તો આત્માના અનુભવમાં જ છે. "**आतमको हित है सुख, सो आकुलता बिन कहिये**' એમ ત્રીજી ઢાળમાં કહેશે, ને તે સુખના ઉપાય તરીકે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું વર્ણન કરશે. '**शिवमग लाग्यो चहिये**' એમ કહેશે, પણ પુણ્ય તે સુખ છે ને પુણ્ય પાછળ લાગ્યો રહિયે –એમ નહીં કહે. જુઓ તો ખરા, નાનું શાસ્ત્ર હોવા છતાં કેટલી સ્પષ્ટ વાત સમજાવી છે! વીતરાગીવિજ્ઞાન કેવું સરસ સમજાવ્યું છે!

ભાઈ, રાગમાં સુખ માનીને રોકાણો તેમાં તારા આખા ચૈતન્યસ્વભાવને તું ભૂલ્યો.

**પ્રશ્ન :**—શું વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્ર તરફનો રાગ તે પણ બંધનું કારણ?

**ઉત્તર :**—હા; ભાઈ! તું વિચાર કર કે તારે જ્યારે કેવળજ્ઞાન અને મોક્ષ પામવા હશે ત્યારે તું તે રાગને રાખીને મોક્ષ પામીશ કે છોડીને? એને છોડ્યા વગર કેવળજ્ઞાન થાય નહિ; તો અત્યારથી જ તેને છોડવા જેવા નહિ માન, ને હિતરૂપ માનીશ તો તેને તું કઈ રીતે છોડી શકીશ? રાગ તો બંધનું જ કારણ હોય ને!–પછી તેનું નિમિત્ત ગમે તે હો,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



–તેથી કાંઈ તે બંધનું કારણ મટીને મોક્ષનું કારણ ન થઈ જાય. –એવો શુભરાગ થાય તે જુદી વાત છે, પણ તેને મોક્ષનું કારણ માનીને સેવતાં રાગ ભેગું મિથ્યાત્વ થઈ જાય છે, તે મોટો દોષ છે. જેણે રાગને મોક્ષનું કારણ માન્યું તેણે આસ્રવને આસ્રવરૂપે ન ઓળખ્યો, આસ્રવ વગરનો વીતરાગી ચૈતન્યસ્વભાવ તેને પણ તેણે ન ઓળખ્યો, રાગ વગરનું મોક્ષનું કારણ (–સંવર-નિર્જરા) તેને પણ તેણે ન ઓળખ્યું; —આમ બધા તત્ત્વોમાં તેની ભૂલ થઈ.

રાગમાં ઉપયોગનું જોડાણ તે બંધન અને દુઃખ છે. સ્વ-વિષયમાં (આત્મામાં) ઉપયોગનું જોડાણ તે મુક્તિ અને સુખ છે. ‘જીવ રક્ત બાંધે કર્મને; વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે’ –એટલે શુભ કે અશુભ એવા બંને કર્મોથી પોતાના ઉપયોગને ભિન્ન જાણીને તે કર્મોથી જે વિરક્ત થાય છે તે જ જીવ મુક્ત થાય છે. શુભ કે અશુભ કોઈ પણ કર્મ સાથે ઉપયોગની એકતા કરીને જે રક્ત થાય છે તે જીવ કર્મોથી બંધાય છે ને સંસારમાં રખડે છે.

મૂઢ જીવને રૂપિયાના ઢગલામાં સુખ ભાસે છે. –પણ ભાઈ, એ તો જડનો ઢગલો છે; ને તેના તરફનો તારો ભાવ તે પાપનો ઢગલો છે; –તેમાં સુખ ક્યાં આવ્યું ? એ જ રીતે શુભમાં પણ સુખ નથી. ઉપયોગને અંતરમાં જોડીને રાગ-દ્વેષ રહિત થા તો તને સુખ થાય. રાગાદિ ભાવો તે તારા સ્વભાવની ચીજ નથી, ને તે તો તને દુઃખ દેનારા છે—એમ સમજીને તેનું સેવન છોડ, તે રાગથી ભિન્ન તારા ચૈતન્યસ્વરૂપનું સેવન કર, –જેથી તારું દુઃખ ટળે ને તને સુખ થાય; –એમ સંતોનો હિતોપદેશ છે.

વિવેક રહિત અજ્ઞાની જીવ પોતે પૂર્વજન્મમાં કરેલાં કર્મોની ઉપર તો ક્રોધ કરતો નથી, પરંતુ તે કર્મોની નિર્જરા કરાવવાવાળા પુરુષની ઉપર ક્રોધ કરે છે. અર્થાત્ વૈદ્ય સમાન પોતાની ચિકિત્સા કરનારની ઉપર ક્રોધ કરે છે પણ આ પદ્ધતિ કોઈ પ્રકારે યોગ્ય નથી, કારણ કે પોતાના કર્મોની નિર્જરા કરાવે તે તો વૈદ્યની જેમ પોતાનો ઉપકારી છે, તેનો તો ઉપકાર જ માનવો જોઈએ. તેની ઉપર ક્રોધ કરવો ઘણી મોટી ભૂલ છે તથા કૃતઘ્નતા છે.

(શ્રી જ્ઞાનાર્ણવ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# બંધ અને સંવરની ઓળખાણમાં ભૂલ

મિથ્યાત્વને લીધે તત્ત્વની વિપરીત શ્રદ્ધા કરીને દુઃખ ભોગવતો જીવ ચાર ગતિમાં ભ્રમણ કરી રહ્યો છે; તત્ત્વની શ્રદ્ધામાં તેની શું ભૂલ છે અને સાચું તત્ત્વસ્વરૂપ શું છે-તે બતાવીને તેની ભૂલ છોડાવે છે. જીવ, અજીવ અને આસ્રવતત્ત્વ સંબંધમાં જીવની શું ભૂલ છે તે બતાવ્યું; હવે બંધ અને સંવરતત્ત્વ સંબંધમાં શું ભૂલ છે-તે બતાવે છેઃ—

( ગાથા-૬ )

**शुभ अशुभ बंधके फलमँझार, रति-अरति करै निजपद विसार ।**
**आतमहितहेतु विराग-ज्ञान, ते लखैं आपकुं कष्टदान ॥ ६ ॥**

પોતાનું જે ચેતનરૂપ નિજપદ છે તેને ભૂલીને અજ્ઞાની જીવ શુભ તે સારું ને અશુભ તે ખરાબ-એમ માને છે; અને તે શુભ-અશુભ બંધના ફળમાં રાગ-દ્વેષ કરે છે; પોતાનું સ્વરૂપ શુભ-અશુભ બંને બંધન વગરનું છે તેને તે ઓળખતો નથી, ને બંધભાવને પોતાનું સ્વરૂપ માને છે—આ બંધતત્ત્વની ભૂલ છે.

વળી આત્માના હિતનાં કારણ એવાં જે વીતરાગતા અને સમ્યગ્જ્ઞાન, તેને તે કષ્ટદાયક માને છે. સમ્યગ્જ્ઞાનની સાથે સમ્યગ્દર્શન પણ હોય જ; એટલે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને રાગ વગરનું ચારિત્ર-આવા સંવરભાવ આત્માને પરમ સુખ દેનાર છે, પણ અજ્ઞાનીને તેમાં કષ્ટ લાગે છે, એટલે સંવરતત્ત્વને પણ ઓળખતો નથી.

ચેતનરૂપ નિજપદને ભૂલેલો અજ્ઞાની શું કરે છે? તેની વાત છે. આત્મા પોતે ચૈતન્ય-નિધાન આનંદનો સમુદ્ર છે, તેની સામે જોતાં સમભાવી આનંદ ઝરે છે, તેને ભૂલીને અજ્ઞાની પુણ્ય-પાપને સેવી રહ્યો છે. શુભ અને અશુભ બંને ભાવો બંધનાં જ કારણ છે, છતાં અજ્ઞાની શુભને બંધરૂપ નથી જાણતો ને તેને મોક્ષનું કારણ માનીને સેવે છે. સમ્યગ્દર્શન કે જે પરમ આનંદરૂપ અને મોક્ષનું કારણ છે તેની કિંમત તેને નથી ભાસતી ને શુભરાગની મહત્તા ભાસે છે, તેથી તે રાગના ફળમાં જ રચ્યોપચ્યો રહે છે; વીતરાગીજ્ઞાનના અનુભવમાં જે આનંદ છે તેની તેને ખબર નથી.

શુભના ફળમાં મને સુખ, ને અશુભના ફળમાં મને દુઃખ, અનુકૂળતા આવતાં હું સુખી થઈ ગયો ને પ્રતિકૂળતા આવતાં હું દુઃખી થઈ ગયો-એમ અજ્ઞાની શુભ-અશુભમાં તફાવત દેખે છે, પણ તે તો બંને દુઃખરૂપ ને બંધનરૂપ છે, પોતાનું સાચું સ્વરૂપ એ બંનેથી પાર છે-તેને તે ઓળખતો નથી. ચેતનભાવ ને બંધભાવ બંનેની જાત જ જુદી છે. જ્ઞાનવૈરાગ્ય-રૂપ અબંધભાવ તે જ સુખ છે, જેટલા બંધભાવ તે બધાય દુઃખ જ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંવરધર્મ કહો કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કહો કે **विराग–ज्ञान** વીતરાગ-વિજ્ઞાન કહો, તે અબંધભાવ છે, તે આત્માને મહા આનંદરૂપ છે, હિતરૂપ છે; તેને બદલે અજ્ઞાની દેહના કષ્ટને ચારિત્ર માને છે. ભાઈ, ચારિત્રમાં કષ્ટ નથી, એ તો મહા આનંદરૂપ જગત્પૂજ્ય પદ છે. ચારિત્ર કાંઈ દેહની દશામાં નથી, ચારિત્ર કાંઈ રાગમાં નથી, ચારિત્ર તે તો ચેતનમાં રમણતા છે, તેમાં દુઃખ કેવું ?

અરે, અજ્ઞાનીને બધા તત્ત્વોમાં ભૂલ છે. બંધનમાં સુખ માને, સંવરમાં દુઃખ માને, અજીવને જીવનું માને, જીવને દેહરૂપ માને–એમ અત્યંત વિપરીતતા છે; ને આ વિપરીતબુદ્ધિ મહા દુઃખરૂપ છે. તેનાથી છૂટવા માટે આ ઉપદેશ છે.

ભગવાને આઠે કર્મનાં ફળને વિષવૃક્ષનાં ફળ કહ્યાં છે; તેમાં એકેય શુભને બાકી નથી રાખ્યું. ચૈતન્યરૂપ આત્મા અમૃતની વેલડી છે, તેના અનુભવમાં આનંદનાં ફળ આવે છે, ને તેનાથી વિરુદ્ધ શુભ–અશુભ બધા ભાવોનું ફળ વિષરૂપ છે. જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે, તેને આત્માની રુચિ નથી. પ્રભો ! તું મુક્તસ્વરૂપ આત્મા, બંધન વગરનો, –અને તું બંધનનો પ્રેમ કરીને તેમાં રોકાણો–એ તો દુઃખ છે. બંધનમાં અમુક બંધન સારૂં ને અમુક બંધન ખરાબ–એવા બે ભેદ નથી, એકકેય બંધન સારૂં નથી; બંધન વગરની મુક્તિ તે જ સારી છે, તેમાં જ સુખ છે.

**પ્રશ્ન :**—શુભના ફળમાં તો ધર્મના નિમિત્તની સામગ્રી મળે, માટે તે સારૂં કેમ ન કહેવાય ?

**ઉત્તર :**—ધર્મની દુર્લભતા બતાવવી હોય ત્યાં નિમિત્તથી એમ કહેવાય, પણ ખરેખર તે શુભ નિમિત્તો પણ આત્માથી જુદાં છે, આત્માથી બહાર છે; તે સંયોગ સામે જોયા કરે તો આત્માને ધર્મનો લાભ ન થાય; સંયોગથી ભિન્ન નિજ સ્વરૂપને નીહાળે ત્યારે જ સુખ થાય ને ધર્મ થાય. શુભ પણ મારા જ્ઞાનથી ભિન્ન છે–એમ જાણ્યા વગર અંતર્મુખ થશે ક્યાંથી ? અરે, જે પોતાનો સ્વભાવ નહિ, જે પોતાના મોક્ષને રોકનાર, એવા શુભરાગમાં ઉત્સાહ શો ? ધર્મીને ચૈતન્યના અનુભવનો ઉત્સાહ છે, રાગનો કે પુણ્યનો ઉત્સાહ નથી. કોઈ કહે 'તમને ઊંચા પુણ્ય બંધાયા.' તો જ્ઞાની કહે છે કે અરે, અમે ચૈતન્ય, તેમાં વળી બંધન શા ! બંધન વડે અમારી શોભા નથી પણ શરમ છે. બંધનભાવમાં અમે નથી, તેમાં અમને હોંશ નથી, વીતરાગી જ્ઞાનરૂપ અબંધભાવમાં અમે છીએ, તેમાં અમારો ઉત્સાહ ને પ્રેમ છે.

ભાઈ, તારું હિત ચાહતો હો તો એકવાર તું આવી ઓળખાણ કર. બીજું બધું ભૂલી જા ને તારા નિજ સ્વરૂપને ઓળખ. શુભ–પુણ્ય સારૂં ને અશુભ–પાપ ખરાબ, એટલે તેના ફળરૂપ અનુકૂળ સામગ્રીમાં સુખ ને પ્રતિકૂળ સામગ્રીમાં દુઃખ–એવી માન્યતાને લીધે બધે ઠેકાણે રાગ-દ્વેષ કરી કરીને અજ્ઞાની દુઃખી જ થાય છે; વીતરાગી–જ્ઞાનની શાંતિ તેને ક્યાંય **મળતી નથી,** કેમકે બંધ વગરના **જ્ઞાનમય** નિજપદને તે સેવતો નથી, –ઓળખતો પણ નથી. તે ઓળખાણ માટે આ ઉપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુકૂળ સંયોગમાં જે સુખ માને, તે તેના કારણરૂપ શુભરાગમાં પણ સુખ માને, એટલે રાગ વગરના ચૈતન્યસુખને તે ક્યાંથી અનુભવે? સંયોગથી અને રાગથી ભિન્ન નિજપદને ભૂલ્યો તે મોટી ભૂલ છે. સંયોગમાં ને રાગમાં તને સુખ લાગે છે પણ તેમાં સુખ છે જ નહીં. અરે ભાઈ! સુખ તો રાગમાં હોય કે વીતરાગતામાં? વીતરાગતામાં તારું સુખ છે તેને તેં કદી જાણ્યું નહિ. રાગને અને પુણ્યબંધને સારો માન્યો તેમાં મોક્ષની શ્રદ્ધા ન રહી. જેને રાગની રુચિ છે તેને મોક્ષની શ્રદ્ધા જ નથી. મોક્ષ તો જ્ઞાનમય છે, કાંઈ રાગમય નથી. જ્ઞાનસ્વભાવની જેને શ્રદ્ધા નથી તેને મોક્ષની કે સાતે તત્ત્વની શ્રદ્ધામાં ભૂલ છે. પોતાનું હિત શેમાં છે એની એને ખબર નથી, ને પોતાને દુઃખરૂપ બંધભાવો કેવા છે તેની પણ એને ખબર નથી. અહિતરૂપ એવા બંધભાવને (શુભરાગને) તે હિતરૂપ માનીને સેવે છે, અને પરમહિતરૂપ એવા વીતરાગી શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રને તે કષ્ટરૂપ સમજીને તેનાથી દૂર ભાગે છે. અરે, જીવો દુઃખને ચાહતા નથી પણ દુઃખનાં કારણરૂપ મિથ્યાભાવોને દિનરાત સેવે છે; જીવો સુખને ચાહે છે પણ તેના કારણરૂપ વીતરાગ-વિજ્ઞાનને ક્ષણ પણ સેવતા નથી. જો જીવાદિ નવતત્ત્વોનું સ્વરૂપ બરાબર ઓળખે તો પોતાને હિતરૂપ કોણ છે ને પોતાને અહિતરૂપ કોણ છે તે જાણે, અને અહિતકર ભાવોનું સેવન છોડીને હિતરૂપ એવા વીતરાગ-વિજ્ઞાનને સેવે. ભાઈ, ચારગતિમાં જે અનંત દુઃખો તેં ભોગવ્યાં તેનાથી છૂટવું હોય ને મોક્ષસુખ અનુભવવું હોય તો મિથ્યાશ્રદ્ધા છોડીને વીતરાગ-વિજ્ઞાનનું સેવન કર. અહા, દુઃખથી છૂટવાનું કોને ન ગમે? દુઃખથી છૂટવા માટેનો આ અવસર છે, તેમાં હે જીવ! તું પ્રમાદી ન થઈશ.

મોહમાં ઊંઘતા જીવોને જગાડીને સંતો તેનું નિજપદ દેખાડે છે. રાગ તે તારું નિજપદ નથી, તારું નિજપદ તો ચૈતન્યમય છે. આવા નિજપદને વિસરીને પુણ્યમાં પ્રીતિ તું ન કર. શુભરાગની પ્રીતિથી તો સંસાર મળે છે, તો જેની પ્રીતિથી સંસાર મળે તેને સારું કેમ કહેવાય? જે જીવ પુણ્યને ઇચ્છે છે તેને તો પરમાર્થથી બાહ્ય કહ્યો છે—

પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,<br>
અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે, હેતુ જે સંસારનો. (૧૫૪)

**પ્રશ્ન**:—ધર્મીને પુણ્ય ન હોય?

**ઉત્તર**:—પુણ્ય હો ભલે, પણ ધર્મી તો સર્વ પ્રસંગમાં પોતાને જ્ઞાતાદૃષ્ટાસ્વરૂપે જાણે છે, તે ક્ષણ માત્ર પણ નિજપદને વિસારતા નથી; પુણ્ય પુણ્યમાં, ને નિજપદ નિજપદમાં, એમ બંનેની ભિન્નતા છે. ગમે તેવા પ્રસંગે પણ ધર્મી જાણે છે કે હું તો જ્ઞાન-દર્શનમય છું, તે જ મારું નિજપદ છે. નિજપદને સંભાળતો ચૈતન્ય જાગ્યો ત્યાં બહારના કોઈ સંયોગ તેને ક્યાં નડે છે? ચૈતન્યનું જે ભાન થયું તે શુભ કે અશુભ વખતેય ખસતું નથી, નિજપદને ભૂલીને પર પદ પોતાનું ભાસતું નથી.

શુભ–અશુભથી રહિત, પુણ્ય–પાપથી રહિત, પોતાના ચૈતન્યપદનું ભાન તો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને પણ હોય છે, પણ ગૃહસ્થને તેમાં વિશેષ લીનતા થતી નથી. મુનિઓને ચૈતન્યના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભાન ઉપરાંત ઘણી લીનતા હોય છે, એ તો ઘણા આનંદમાં ઝુલતા હોય છે,—પંચમહાવ્રત, નગ્નતા વગેરે ૨૮ મૂળગુણના પાલનમાં તેમને કષ્ટ નથી પણ વીતરાગભાવથી તેઓ મહા સુખી છે, ચક્રવર્તી રાજા કે ઇન્દ્ર કરતાં પણ મુનિવરો ઘણા જ સુખી છે....જ્ઞાન વૈરાગ્યની ઉગ્રતાને લીધે ઘણો સંવર છે ને ઘણું સુખ છે; પણ અજ્ઞાની, બહારની સગવડને જોનારો એમ માને છે કે મુનિઓ કષ્ટ સહન કરે છે, ચારિત્રદશામાં કષ્ટ છે. જુઓ, મહા આનંદરૂપ મુનિદશા—ને અજ્ઞાનીને કષ્ટરૂપ લાગે છે. નિજઘરનો આનંદ એણે કદી દેખ્યો નથી, એણે તો શરીરને અને રાગને જ દેખ્યા છે. દેહથી ને રાગથી પાર પોતાનું નિજપદ છે, તે નિજપદનો નિર્ધાર જીવે કદી કર્યો નથી.

'**आतमहित हेतु विरागज्ञान**' એમ કહ્યું છે; રાગને આત્માના હિતનો હેતુ નથી કહ્યો. **विराग-ज्ञान** એટલે રાગના અભાવરૂપ જ્ઞાન, તે મોક્ષમાર્ગ છે, તેમાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ત્રણેય **विराग** છે-રાગ વગરના છે. સ્વરૂપમાં સ્થિરતા થતાં રાગનો અભાવ થાય તેને ભગવાને વૈરાગ્ય કહ્યો છે; તેમાં તો સિદ્ધ ભગવાન જેવો અતીન્દ્રિય આનંદ છે, એમાં દુઃખ કે કષ્ટ કેવું ? જેમાં દુઃખ કે કષ્ટ લાગે તે આર્ત્તધ્યાન છે, તે ધર્મ નથી. ધર્મમાં કષ્ટ ન હોય પણ આનંદ હોય. જેને દુઃખ દેખાય છે ને આનંદ નથી દેખાતો તેને પોતામાં ધર્મ થયો જ નથી, વીતરાગવિજ્ઞાન પ્રગટ્યું જ નથી. ધર્મને જે દુઃખરૂપ કે કષ્ટદાયક માને છે તેને ધર્મની અરુચિ છે, તે તો રાગને સુખરૂપ માનીને તેને રુચિથી સેવે છે.-આવા ઊંધા ભાવને લીધે જ જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે.

અરે, વીતરાગતામાં તે દુઃખ હોય ? દુઃખ તો રાગમાં છે. વીતરાગતા તો આત્માનો સ્વભાવ છે, તેમાં તો પરમ સુખ છે. અહા, જ્ઞાન-વૈરાગ્યના બળથી જે પોતાના નિજઘરમાં ઠર્યા તેના અતીન્દ્રિય આનંદની શી વાત !-રાગ વડે તે આનંદ કલ્પનામાં ન આવી શકે.-જેવું સિદ્ધનું સુખ એવું જ આ સુખ....એમાં કષ્ટ કેવું ને કંટાળો કેવો !-ભલેને શરીરને સિંહ-વાઘ ખાતા હોય ! આવો આનંદ જેમાં ભર્યો છે તે સંવરતત્ત્વ છે. એને ઓળખે ને પોતામાં પ્રગટ કરે તો જ દુઃખ મટે ને ધર્મ થાય. આવા તત્ત્વના જ્ઞાન વગર સાચો ત્યાગ કે વૈરાગ્ય હોય નહિ. રાગાદિ બંધભાવને જે સારો માને તેને વિરાગજ્ઞાન હોતું નથી, ને વિરાગજ્ઞાન ( વીતરાગવિજ્ઞાન ) વગર આત્માનું હિત થાય નહિ. માટે હે જીવ ! તું તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ ઓળખીને વીતરાગ-વિજ્ઞાન પ્રગટ કર.

卐

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# નિર્જરા અને મોક્ષતત્ત્વમાં અજ્ઞાનીની ભૂલ તથા મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ

( ગાથા-૭ )

**रोके न चाह निजशक्ति खोय, शिवरूप निराकुलता न जोय ।**
**याही प्रतीतिजुत कछुक ज्ञान, सो दुःखदायक अज्ञान जान ॥ ७ ॥**

આત્માનો સ્વભાવ નિરાકુળ આનંદથી ભરેલો અને ઇચ્છાના અભાવરૂપ છે; પણ એવા નિજસ્વભાવની શક્તિને અજ્ઞાની ખોઈ બેઠો છે-ભૂલી ગયો છે, તેથી તે ઇચ્છાને રોકતો નથી, એટલે કે ઇચ્છાના નિરોધરૂપ તપ-કે જેમાં આત્માના આનંદનો અનુભવ છે અને જે નિર્જરાનું કારણ છે તેને અજ્ઞાની ઓળખતો નથી; તે તો એમ માને છે કે અનાજ ન ખાધું માટે તપ થઈ ગયો ને નિર્જરા થઈ ગઈ;-પણ એવું તપનું કે નિર્જરાનું સ્વરૂપ નથી. અંતરના ધ્યાનવડે ચૈતન્યનું પ્રતપન થાય એટલે કે વિશેષ શુદ્ધતા થાય તે તપ અને નિર્જરા છે. અને નિરાકુળતારૂપ મોક્ષતત્ત્વ છે.-આવા નિર્જરા અને મોક્ષતત્ત્વને અજ્ઞાની ઓળખતો નથી ને વિપરીત માને છે.

એ રીતે ( ગાથા ૨ થી ૭ માં કહ્યું તે પ્રમાણે ) સાતે તત્ત્વોમાં અજ્ઞાનીને વિપરીત પ્રતીતિ છે; આવી ઊંધી શ્રદ્ધાસહિતનું જે કાંઈ જાણપણું છે તે બધુંય અજ્ઞાન છે અને દુઃખદાયક છે, -એમ જાણીને તે છોડવા યોગ્ય છે.

પહેલી ઢાળમાં ચારગતિનાં જે મહા દુઃખો વર્ણવ્યા તેનું કારણ મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર છે, તેમાંથી તત્ત્વોની ઊંધી શ્રદ્ધા અને ઊંધા જ્ઞાનરૂપ મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું, અને હવે મિથ્યાચારિત્રનું સ્વરૂપ આઠમી ગાથામાં કહેશે.-શા માટે ? કે તેને ઓળખીને છોડવા માટે.

ભાઈ, તારી નિજશક્તિ અપાર છે, તે ઇચ્છા વડે રોકાઈ છે; સ્વરૂપમાં ઠરતાં ઇચ્છા અટકે છે ને નિજશક્તિ ખીલે છે એનું નામ નિર્જરા છે ને તે મોક્ષનું કારણ છે. સંપૂર્ણ નિરાકુળ થતાં પૂર્ણ સુખરૂપ મોક્ષદશા પ્રગટે છે. 'હું જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું, પરમાં મારું સુખ નથી, શુભાશુભ ઇચ્છાઓ મારું સ્વરૂપ નથી,- એવી ઓળખાણ વગર ઇચ્છાઓ કદી રોકાય નહિ ને આનંદ કદી પ્રગટે નહિ. ઇચ્છા વગરનો આત્માનો સુખસ્વભાવ તેના અનુભવથી જ સંવર-નિર્જરા-મોક્ષ થાય છે. અજ્ઞાની શુભરાગ વડે કે દેહની ક્રિયાવડે સંવર-નિર્જરા-મોક્ષ થવાનું માને છે, તે ભૂલ છે.

મોક્ષના કારણરૂપ નિર્જરા સમ્યગ્દષ્ટિને જ થાય છે; બાકી અકામ-નિર્જરા તો અજ્ઞાનીનેય થાય છે, તેની આ વાત નથી. જ્ઞાન અને ઇચ્છા ભિન્ન છે, ઇચ્છા તે આત્મશાંતિથી વિરુદ્ધ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેમાં આકુળતા છે. જેણે શુભરાગને મોક્ષનું સાધન માન્યું તેણે આકુળતાથી મોક્ષ માન્યો, નિરાકુળતારૂપ મોક્ષની તેને ખબર નથી. મોક્ષ તો સંપૂર્ણ નિરાકુળ છે; નિરાકુળતાનું કારણ પણ નિરાકુળભાવ જ હોય; કાંઈ આકુળતા તે નિરાકુળતાનું કારણ ન હોય. શુભ ઇચ્છા તે પણ આકુળતા છે, તેને મોક્ષનું કારણ માનતાં કારણ-કાર્યમાં વિપરીતતા થાય છે. આવી વિપરીત શ્રદ્ધા ને વિપરીત જ્ઞાન જીવને દુઃખનાં કારણ થાય છે; માટે તે છોડવા જોઈએ.

જીવ ઇચ્છા કરે અને પાછો તેમાં સુખ માને, તો તે ઇચ્છાને છોડીને શાંતસ્વભાવને ક્યારે અનુભવે ? ઇચ્છા તો દુઃખ છે-'ક્યા ઇચ્છત ? ખોવત સબૈ, હૈ ઇચ્છા દુઃખમૂલ.' અરે જીવ ! તું તારા ચૈતન્ય-વૈભવને ભૂલ્યો ત્યારે તને પરમાંથી સુખ લેવાની ઇચ્છા થઈ. પણ ભાઈ, પરમાંથી સુખની ઇચ્છા કરતાં તારા સુખનો આખો ભંડાર ખોવાઈ જાય છે, ભૂલાઈ જાય છે, ને આત્મા દુઃખી થાય છે. પરમાં સુખ જ નથી, ચૈતન્યમાં જ સુખ છે-આમ સમજીને નિજસ્વરૂપમાં ઠરવું ને પરની ઇચ્છા રોકવી તે જ શાંતિ છે, તે જ નિર્જરા અને મોક્ષમાર્ગ છે.

જીવ-અજીવ વગેરે તત્ત્વને અજ્ઞાની ઓળખતો નથી, જાણે રૂપિયા વગર હું મરી જઈશ, શરીર વગર હું મરી જઈશ-એમ તે માને છે. અરે, પણ તું તો ચૈતન્યથી જીવનાર છો ને ! સંયોગથી ને શરીરથી તો તું જુદો છો, ને તે તરફની ઇચ્છા વગર પણ તું જીવનાર છો. પર વગર હું જીવી નહીં શકું-એવી મિથ્યાબુદ્ધિથી તું ભાવમરણનાં દુઃખ ભોગવી રહ્યો છે. આવી ભૂલ જીવ અનાદિથી કરી રહ્યો છે ને તેના ફળનું દુઃખ પણ અનાદિથી તે ભોગવી રહ્યો છે. ભૂલ ટાળીને સુખી થવા માટેનો આ ઉપદેશ છે.

પોતાના સ્વરૂપની સમ્યક્‌શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન વગર, શુભરાગરૂપ વ્યવહારક્રિયાઓ અને વ્યવહારનાં જાણપણાં જીવે અનંતવાર કર્યા પણ તે બધા મિથ્યા છે; મિથ્યાત્વપૂર્વક જીવ જે કાંઈ ભાવ કરે તે દુઃખદાયક જ છે. શ્રી બુદ્ધજનપંડિત રચિત એક બીજી છહઢાળા છે, તેમાં પણ કહે છે—

સમ્યક્ સહજ સ્વભાવ આપકા અનુભવ કરના,
યા વિન જપ-તપ વ્યર્થ કષ્ટકે માંહીં પડના;
કોટિ બાતકી બાત અરે ! **बुधजन** ઉર ધરના,
મનવચતન શુચિ હોય ગ્રહો જિનવૃષકા શરના.

કરોડો વાતોનો સાર એ છે કે આત્માના સહજ સ્વભાવનો અનુભવ કરવો; એના વગરનું બધું વ્યર્થ છે.

જુઓ, સમયસાર વગેરે મહાન શાસ્ત્રોમાં તો આ વાત છે જ; પણ અગાઉના પંડિતોએ રચેલા આ છ ઢાળા જેવા પુસ્તકોમાં પણ એ જ વાત કરી છે. તે પંડિતોનું કથન પણ આચાર્યો-અનુસાર જ છે, તેમાં વીતરાગવિજ્ઞાનનું જ પોષણ છે. ચૈતન્યનું વીતરાગ-વિજ્ઞાન તે સુખરૂપ છે, ને એવા વીતરાગ-વિજ્ઞાનરૂપ ધર્મ સાધી સાધીને અનાદિ કાળથી જીવો મુક્ત થતા આવે છે. વીતરાગ-વિજ્ઞાનવંત જીવો જગતમાં સદાકાળ હોય જ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માને આનંદ જોઈએ છે ને? તો તે આનંદ ક્યાંય બહારમાં નથી, આત્મામાં જ આનંદ છે. માટે જ્ઞાની કહે છે કે 'હે જીવ! તું આત્મામાં ગમાડ........આત્મામાં સદા પ્રીતિવંત થા.' આત્માના જ્ઞાન વગરનું બધું દુઃખદાયક જ છે. સાત તત્ત્વોની બરાબર ઓળખાણ કરતાં તેમાં આત્માની ઓળખાણ આવી જાય છે.

(૧) જીવ સદા ઉપયોગલક્ષણરૂપ છે—'जीवो उवओगलक्खणो णिच्चं' તે શરીરાદિ અજીવથી જુદું તત્ત્વ છે.

(૨) પુદ્ગલ વગેરે અજીવ તત્ત્વો છે, તેમનામાં જ્ઞાન નથી. આ જીવ અને અજીવ બંનેનાં કામ જુદાં, પોતપોતામાં છે.

(૩) મિથ્યાત્વાદિ ભાવો છે તે આસ્રવ છે; પુણ્ય-પાપ બંને પણ આસ્રવમાં સમાય છે. તે આસ્રવભાવો જીવને દુઃખદાયક છે.

(૪) સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવ વડે કર્મનો સંવર થાય છે. તે સમ્યગ્દર્શનાદિ ભાવો જીવને સુખરૂપ છે, મોક્ષનાં કારણ છે.

(૫) મિથ્યાત્વાદિ ભાવો તે બંધનાં કારણ છે; શુભરાગ તે પણ બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

(૬) સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતાથી કર્મોની નિર્જરા થાય છે.

(૭) આત્માની પૂર્ણ શુદ્ધતા થતાં આકુળતાનો સર્વથા અભાવ થવો ને કર્મોથી આત્માનું છૂટી જવું તે મોક્ષતત્ત્વ છે. તે પૂર્ણ સુખરૂપ છે.

આ પ્રમાણે સાત તત્ત્વોને ઓળખીને તેમાંથી સમ્યગ્દર્શનાદિ સુખનાં કારણોને ગ્રહણ કરવાં ને દુઃખનાં કારણરૂપ મિથ્યાત્વાદિને છોડવાં, તે માટે આ ઉપદેશ છે. આવું યથાર્થ તત્ત્વશ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે, ને સમ્યગ્દર્શન તે મોક્ષનું મૂળ છે.

અજ્ઞાની જીવ બહારની અનુકૂળતાથી પોતાને સુખી માને છે. પણ સમ્યગ્દર્શન વગર તે દુઃખી જ છે. કીડી સાકર ખાતી હોય તે વખતે દુઃખી છે, માણસ કેરીનો રસ-રોટલી ને પતરવેલિયાં ખાતો હોય તે વખતેય દુઃખી છે, સ્વર્ગના મિથ્યાદૃષ્ટિ દેવો અમૃતનો સ્વાદ લેતા હોય તે વખતે પણ દુઃખને જ વેદી રહ્યા છે; પણ તે જીવો ભ્રમથી પોતાને સુખી માને છે. અરે ભાઈ, એ તો અશુભ ઇચ્છા છે, પાપ છે, આકુળતા છે, તેમાં દુઃખનું જ વેદન છે. મોઢામાં કેરીનો રસ પડયો હોય તે વખતે દુઃખનો જ સ્વાદ આવે છે; કેરીનો નહીં. એ તો અશુભની વાત થઈ, પણ શુભ-પરિણામ હોય, શુકલ લેશ્યા હોય; તે વખતેય અજ્ઞાની જીવો દુઃખી જ છે. જ્યાં સુખ ભર્યું છે તે વસ્તુની તો તેને ખબર નથી. મોક્ષમાં આકુળતા વગરનું સુખ છે, ત્યાં કોઈ વિષયોની ઇચ્છા નથી.

'મોક્ષમાં રસ-રોટલી વગેરે તો નથી!' પણ શેનાં હોય? ત્યાં કયાં આકુળતા છે? જ્યાં ખાવાની ઇચ્છા જ નથી ત્યાં ખોરાકનું શું કામ છે? જ્યાં આત્મામાંથી જ સુખ અનુભવાય છે ત્યાં બાહ્ય વિષયોનું શું કામ છે? જ્યાં આત્મામા સહજ સુખમાં જ લીનતા છે ત્યાં બાહ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પદાર્થોની ઇચ્છા કેમ હોય? સુખ તો આત્મામાંથી આવે છે, કાંઈ બાહ્ય વસ્તુમાંથી નથી આવતું. બાહ્ય પદાર્થને ભોગવવા કોણ ઇચ્છે?—કે જે ઇચ્છાથી દુ:ખી હોય તે. જે સ્વયં સુખી હોય તે બીજા પદાર્થને કેમ ઇચ્છે? જે નીરોગ હોય તે દવાને કેમ ઇચ્છે? મુક્ત જીવોને જગતના બધા પદાર્થોનું જ્ઞાન છે પણ કોઈની ઇચ્છા નથી, ઇચ્છા નથી માટે દુ:ખ નથી, પોતાના ચૈતન્યસુખના વેદનમાં જ તેઓ લીન છે.—આવી મોક્ષદશાને ઓળખે તો આત્માના સ્વભાવનું જ્ઞાન થઈ જાય, રાગમાંથી ને વિષયોમાંથી સુખબુદ્ધિ ઊડી જાય ને તેનાથી ભિન્નતાનું ભાન થાય.—આનું નામ વીતરાગવિજ્ઞાન.

જેને આવું વીતરાગવિજ્ઞાન નથી, વિષયોમાં ને રાગમાં જેને સુખ લાગે છે, તેને ખરેખર મોક્ષ જોઈતો જ નથી, મોક્ષને તે ઓળખતો જ નથી, તે તો મૂઢતાથી રાગને-વિષયોને જ ઇચ્છે છે, અહો! મોક્ષ એ તો પરમ આનંદ છે, જગતના કોઈ પદાર્થની જેને અપેક્ષા નથી, એકલા આત્મામાંથી પ્રગટેલો પૂર્ણ આનંદ છે. જ્ઞાની તેની ભાવના ભાવે છે કે—

સાદિઅનંત અનંત સમાધિ સુખમાં<br>
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો...<br>
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

અજ્ઞાનીને તો આવા મોક્ષની ખબર પણ નથી, એટલે અજ્ઞાનથી તે મોક્ષને બદલે રાગની ભાવના ભાવે છે. (અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે, હેતુ જે સંસારનો.) મોક્ષમાં રાગ વગરની પૂર્ણ શાન્તિ છે; અહીં પણ રાગનો જેટલો અભાવ થયો તેટલી જ શાંતિ છે, કાંઈ બાહ્ય પદાર્થોના ભોગવટામાંથી શાંતિ નથી આવતી; બાહ્ય પદાર્થો જડ અને પર છે, તેની ઇચ્છા તે દુ:ખ છે; 'સુખ'માં કોઈની ઇચ્છા હોતી નથી, સુખ તો આત્માનો સ્વભાવ છે. આવું પૂર્ણ સુખ તે મોક્ષ છે.

મોક્ષમાં સિદ્ધભગવાન શું કરે? તે સદાકાળ પોતાના આનંદને ભોગવે. તે પરનું કાંઈ જ ન કરે? ના; તો, અજ્ઞાની કહે છે કે 'અમારું કાંઈ ન કરે એવા સિદ્ધભગવાન અમારે શું કામના?—એવા સિદ્ધ અમારે જોઈતા નથી;' એટલે કે મોક્ષ જ એને જોઈતો નથી, એને તો પરની કર્તૃત્વબુદ્ધિના મિથ્યાત્વમાં રખડવું છે. અરે ભાઈ! અહીં તું પણ શું કરે છે? પરનું તો તું પણ કરી શકતો નથી, તું માત્ર તારામાં રાગ અને અજ્ઞાન કરીને દુ:ખ ભોગવે છે; તે સંસાર છે; ને સિદ્ધભગવંતો વીતરાગ-વિજ્ઞાનવડે પરમ સુખ ભોગવે છે, તેઓ નિજાનંદને ભોગવે છે ને આકુળતા જરાય કરતા નથી, તે મોક્ષ છે. સિદ્ધભગવંતોને સ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા થાય છે તેથી પૂર્ણ સુખ છે. સાધકને પણ જેટલી સ્વરૂપમાં સ્થિરતા તેટલું સુખ છે. અજ્ઞાનીને તો સ્વરૂપની ખબર જ નથી એટલે રાગાદિ પરભાવમાં સ્થિરતાવડે તે દુ:ખી છે; મોક્ષસુખ કેવું હોય તેને તે ઓળખતો પણ નથી.

* * *

આત્મા પોતે આનંદસ્વરૂપ, કેવળજ્ઞાન-શક્તિવાળો છે, સ્વસન્મુખ થઈને તે શક્તિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ કરવી જોઈએ તેને બદલે અજ્ઞાની રાગ પ્રગટ કરીને તેનાથી લાભ માને છે. આત્મશક્તિની પ્રતીતરૂપ સમ્યગ્દર્શન વગર સંવર-નિર્જરા કે મોક્ષ થાય નહીં. ઇચ્છાથી જુદા ચૈતન્યસ્વરૂપને જાણ્યા વગર ઇચ્છાને રોકશે કોણ? નિજસ્વરૂપમાં સ્થિર થતાં એવો આનંદ અને શુદ્ધતા પ્રગટે કે બીજી ઇચ્છા જ ન રહે, ત્યારે ઇચ્છાના નિરોધરૂપ તપ અને નિર્જરા થાય છે.

હું કોણ છું એનું જેને ભાન નથી તે ઠરશે શેમાં? હજી તો જેને એવી બુદ્ધિ છે કે દુનિયામાં જીવોનું કલ્યાણ કરવા ખાતર મારે રાગ કરવો, બીજાનું કલ્યાણ થતું હોય તો મારે ભલે ભવ કરવા પડે!–આ બુદ્ધિ મિથ્યાદૃષ્ટિની છે. તેણે રાગને લાભરૂપ માન્યો છે ને રાગરહિત સ્વરૂપને જાણ્યું નથી. અરે મૂઢ! શું તારા રાગ કરવાથી બીજાનું કલ્યાણ થઈ જવાનું છે? બીજાનું તો કલ્યાણ તે કરશે તો થશે કે તું કરી દેવાનો છો? હજી તો તારા કલ્યાણની પણ તને ખબર નથી. 'બીજાને તારે તે તરે' આવી પરાશ્રયની વાત લોકોને સારી લાગે પણ તે સાચી નથી. તેમજ 'તરે તે તારે' એમ પણ નથી. લોકોને પરાશ્રયબુદ્ધિ હોવાથી જાણે બીજા કોઈ જ્ઞાની કે ભગવાન તારી દેશે! એમ માને છે. જીવ પોતે પોતામાં આત્માની ઓળખાણ કરીને, વીતરાગવિજ્ઞાન વડે રાગનો અભાવ કરીને તરે છે; ને સામા જીવો પણ જ્યારે તે પ્રમાણે કરશે ત્યારે તરશે, તેમાં આ જીવ કાંઈ કરતો નથી. પરને તારવાની ઇચ્છા આત્માનું સ્વરૂપ નથી, ઉપદેશની વાણી આત્માની નથી, તે ઇચ્છાથી કે વાણીથી આત્માને લાભ નથી, જ્ઞાનસ્વરૂપી આત્મા તે બંનેથી ભિન્ન છે. તેના વેદનમાં ઇચ્છાનો અભાવ છે. આ પ્રમાણે જેણે ઇચ્છાને અને જ્ઞાનને ભિન્ન જાણ્યા છે તેને જ ઇચ્છાના નિરોધરૂપ તપ થાય છે ને તેને જ નિર્જરા થાય છે. શરીરને કષ્ટ દેવાથી નિર્જરા થશે એમ માને તેને નિજશક્તિના વિકાસરૂપ નિર્જરાની ખબર નથી, એને તો દેહબુદ્ધિ છે એટલે મિથ્યાત્વનો મોટો આસ્રવ છે. નિર્જરામાં તો આત્માની શક્તિનો વિકાસ છે, શુદ્ધતાની વૃદ્ધિ છે, આનંદ છે, કષ્ટ નથી, એવી નિર્જરા તે જ મોક્ષનું કારણ છે.

અજ્ઞાની દેહમાં ને રાગમાં એકત્વબુદ્ધિપૂર્વક જે તપ કરે છે તે ખરેખર તપ નથી, ને મોક્ષના કારણરૂપ નિર્જરા તેમાં થતી નથી, એનું તપ તો બાળ-તપ છે એટલે કે મિથ્યા તપ છે; તેમાં અકામ નિર્જરા છે પણ તે કાંઈ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શન-પૂર્વકનું સમ્યક્ તપ છે, તેનાથી સકામ-નિર્જરા થાય છે. નિર્જરાના આવા સ્વરૂપને અજ્ઞાની જાણતો નથી, ને બીજી રીતે માનીને સંસારમાં રખડે છે. વીતરાગ-વિજ્ઞાન વગર તે રખડવાનું મટે નહિ.

ભાષા કે ઇચ્છા તે બંને જીવનો ધર્મ નથી. સામા જીવો સમજે કે વિરોધ કરે તેમાં આ જીવને કાંઈ લાભ કે નુકશાન નથી. બીજાને સમજાવવાનો વિકલ્પ તે પોતાને બંધનું કારણ છે—પછી ભલે તીર્થંકરપ્રકૃતિનું કર્મ બંધાય, તે પણ છે તો બંધન જ ને? ને જે બંધન છે તે ધર્મ કેમ હોય?–તે મોક્ષનું કારણ કેમ હોય? તીર્થંકરપ્રકૃતિ જોકે ધર્મીને જ બંધાય છે, પણ તે ધર્મથી નથી બંધાતી, ધર્મ સાથે જે રાગ બાકી રહ્યો તેનાથી બંધાય છે. ધર્મીને તે રાગનો, તે પ્રકૃતિનો કે તેના ફળનો આદર નથી, તેનાથી તે પોતાને લાભ માનતા નથી,

વી. ૧૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેનાથી ભિન્નસ્વરૂપે પોતાને અનુભવે છે. જેટલી સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગતા થઈ તેટલો જ લાભ છે ને તેટલો જ ધર્મ છે. આત્મહિતના ઉપાયરૂપ આવા વીતરાગવિજ્ઞાનને અજ્ઞાની ઓળખતો નથી. તેને તો તે કષ્ટદાયક માને છે ને રાગાદિને સુખદાયક માને છે. આવી વિપરીત માન્યતાપૂર્વક તેનાં વ્રત-તપ વગેરે પણ વિપરીત જ હોય છે-એ વાત હવેની ગાથામાં કહેશે. તત્ત્વની સમજણમાં આવી અનાદિની ભૂલ છે તે છોડવા માટે શ્રીગુરુની શિખામણ છે.

ભાઈ, તારા આત્માના ભાન વગર તું બહુ દુઃખી થયો. આત્માના ભાન વગર પરસન્મુખનો વેગ અટકે નહિ, ઇચ્છા તૂટે નહિ ને દુઃખ મટે નહિ. જેણે આત્માને દેહથી ભિન્ન જાણ્યો છે તે દેહમાં રોગાદિ વખતે પણ આત્મસ્વરૂપની સાવધાની ચૂકતા નથી. લાખ પ્રતિકૂળતા હોય તોય મને શું ?–તે કાંઈ મારામાં નથી. પરદ્રવ્ય છેદાવ કે ભેદાવ, આવો કે જાઓ, તેથી મને શું ? હું તો જ્ઞાન છું; જ્ઞાનમાં ઇચ્છા પણ નથી ને સંયોગ પણ નથી. જેને આવા નિજરૂપનું ભાન નથી તે કદાચિત્ ભગવાનનું નામ લેતાં લેતાં મરે તોપણ તે દેહમાં ને રાગમાં જ મૂર્છાયેલા છે, એનાથી ભિન્ન નિજસ્વરૂપની જાગૃતિ તેને નથી. તેને મોક્ષમાર્ગની કે મોક્ષની ખબર નથી.

કોઈ એમ માને કે દેહ અને આત્મા એક છે, કોઈ એમ માને કે રાગ ને આત્મા એક છે, અને કોઈ એમ માને કે મોક્ષમાં એક આત્મા બીજા આત્મામાં ભળી જાય,–તો એ બધાય સ્વ–પરની એકત્વબુદ્ધિવાળા સરખા જ છે. જેમ અહીં દરેક આત્મા જુદો પોતપોતાના ભાવમાં છે, તેમ મોક્ષદશામાં પણ દરેક મુક્તજીવ જુદા પોતપોતાના સ્વરૂપમાં જ રહેલ છે.... દરેકનું સ્વતંત્ર અસ્તિત્વ છે.

વળી, કોઈ એક ઇશ્વર છે ને તેમાં આ જીવ ભળી જાય છે–એમ પણ નથી. મોક્ષમાં અનંત આત્માઓ ભિન્ન રહીને, દરેક આત્મા પોતપોતાની નિજશક્તિનો પરમ-ઈશ્વર છે; આત્મા પોતે પોતાનો ઈશ્વર છે. આત્માની જ્ઞાનાદિ અનંત શક્તિઓ પૂર્ણ પ્રગટ થાય તેનું નામ જ ઈશ્વરપણું છે ને તેથી જ ઈશ્વરને અનંત શક્તિવાળા કહેવાય છે.

વળી કોઈ દુર્મતિ એમ માને છે કે જ્ઞાનનો અભાવ થઈ જવો તેનું નામ મોક્ષ; –પણ એવું મોક્ષનું સ્વરૂપ નથી. મોક્ષદશા તો પૂર્ણ જ્ઞાન–આનંદથી ભરપૂર છે. જ્ઞાનની પૂર્ણતા તે મોક્ષ છે.–તેને બદલે જ્ઞાનની શૂન્યતાને મોક્ષ માને છે–એ તો ઘણી વિપરીતતા છે. મોક્ષ થતાં જો જ્ઞાનની શૂન્યતા થઈ જાય તો તો આત્મા જડ થઈ ગયો!–એવા મોક્ષને કોણ ઇચ્છે ? પોતાનો અભાવ કોણ ઇચ્છે ? મોક્ષ માટે રાગાદિ પર ભાવોથી છૂટવાનું છે, કાંઈ જ્ઞાનાદિ નિજગુણોથી છૂટવાનું નથી. પણ અજ્ઞાનીઓની ભ્રમણાનો પાર નથી. પોતે કોણ ને પોતાના ગુણ કેવા–એની એને ખબર નથી. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ.' મોક્ષનું સ્વરૂપ સમજવામાં જેની ભૂલ હોય તેને મોક્ષના ઉપાયમાં પણ ભૂલ હોય જ.

જીવોને સાત તત્ત્વમાં ભૂલ અનાદિની છે, એટલે કુગુરુઓના ઉપદેશ વગર પણ અનાદિથી તેને મિથ્યાશ્રદ્ધા ને મિથ્યાજ્ઞાન વર્તે છે. ઉપયોગસ્વરૂપ આત્મા હું છું, ને મારી ચાલ પાંચ અજીવદ્રવ્યોથી જુદા પ્રકારની છે–એમ પોતાના ભિન્ન સ્વરૂપને સમજે તો અનાદિની ભૂલ મટે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જીવ પોતે ઉપયોગસ્વરૂપ છે-તેને તે જાણતો નથી.
* દેહાદિ અજીવ પોતાથી જુદું હોવા છતાં તેને પોતાનું માને છે.
* રાગાદિ આસ્રવો દુઃખદાયી હોવા છતાં તેને સુખરૂપ માનીને સેવે છે.
* પુણ્ય-પાપ બંને બંધનરૂપ હોવા છતાં પુણ્યબંધનને સારું માને છે.
* સંવરના કારણરૂપ જે જ્ઞાન-વૈરાગ્ય, તે તેને કષ્ટદાયક લાગે છે.
* ઇચ્છાના નિરોધવડે નિજશક્તિને પ્રગટ કરવારૂપ નિર્જરાને તે જાણતો નથી.
* પરમ નિરાકુળ આનંદસ્વરૂપ મોક્ષદશાને તે ઓળખતો નથી.

—આમ સાતે તત્ત્વોમાં અજ્ઞાનીને ભૂલ હોય છે. કોઈવાર શાસ્ત્રથી સાત તત્ત્વોને જાણે અને શાસ્ત્રઅનુસાર કહે, પણ અંદર પોતાના શુદ્ધસ્વરૂપના વેદન વગર તેને તત્ત્વમાં સૂક્ષ્મ ભૂલ રહી જાય છે. અંતરમાં પોતાના શુદ્ધસ્વરૂપનો અનુભવ કરે ત્યારે જ તત્ત્વની સાચી શ્રદ્ધા ને સાચું જ્ઞાન હોય છે; ને પછી જ ચારિત્ર હોય છે તેના વડે મોક્ષ પમાય છે.

અહા, મોક્ષદશા તો સર્વથા આનંદરૂપ છે,-જેમાં આકુળતાનો સર્વથા અભાવ છે; એકલો જીવ પોતાની શુદ્ધતા સહિત સદાકાળ બિરાજે છે, જેને રાગ-દ્વેષ નથી, શરીર નથી, ઇચ્છા નથી, ઇન્દ્રિયો વગર પરિપૂર્ણ જ્ઞાન છે, ને પદાર્થો વગર પરિપૂર્ણ સુખ છે. ઇન્દ્રિયો વગરનું પૂર્ણજ્ઞાન કેવું હોય તેની કલ્પના પણ અજ્ઞાનીને નથી આવતી, કેમકે તે તો ઇન્દ્રિયજ્ઞાનને જ અનુભવનારો છે, તેથી મોક્ષમાં અતીન્દ્રિય જ્ઞાનનું જે અસ્તિત્વ છે તે તેને ભાસતું નથી, એટલે મોક્ષમાં તેને જ્ઞાનનો અભાવ લાગે છે! અહા, અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય સુખનું કોઈ અપાર માહાત્મ્ય છે, તેનું સ્વરૂપ ઓળખે તો અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો અંશ પોતામાં પણ પ્રગટી જાય. ઇન્દ્રિયજ્ઞાન વડે એનું સ્વરૂપ સમજાય તેમ નથી. જે એકલા રાગમાં ને ઇન્દ્રિયજ્ઞાનમાં જ મગ્ન છે તે તો કાંઈ રાગાદિને સાધન બનાવીને તેનાથી મોક્ષ સાધવા મથે છે, પણ મોક્ષના સાચા ઉપાયની તેને ખબર નથી.

આ પ્રમાણે તત્ત્વની ભૂલ તે મિથ્યાત્વ છે; તે મિથ્યાત્વસહિતનું જે કાંઈ જાણપણું કે શાસ્ત્રભણતર વગેરે છે તે બધું અજ્ઞાન છે-મિથ્યાજ્ઞાન છે; અને આવા મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન સહિતનું જે કાંઈ શુભાશુભઆચરણ છે તે બધુંય મિથ્યાચારિત્ર છે. આવા મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર તે જીવને મહાન દુઃખ દેનાર છે. માટે હે ભાઈ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે તેનો અભાવ કર. તારા સાચા સ્વભાવની શ્રદ્ધા તેં કદી કરી નથી, તેનું જ્ઞાન કર્યું નથી ને તેમાં સ્થિરતા કરી નથી; મિથ્યાત્વાદિ ઊંધા ભાવોને સેવીને દુઃખ જ ભોગવ્યું છે. હવે તેનાથી છૂટવા માટે સંતોના આ ઉપદેશને તું અંગીકાર કર.

મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનને લીધે જીવને તત્ત્વોના સ્વરૂપમાં કેવા કેવા પ્રકારની ભૂલો હોય છે તે સમજાવ્યું, જેથી પોતાની ભૂલ સમજીને તે ભૂલને તે ટાળે અને સાચા શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરીને મોક્ષમાર્ગમાં લાગે. હવે મિથ્યાચારિત્ર શું છે તે પણ ટૂંકમાં સમજાવીને તે છોડવાનો ઉપદેશ આપે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# 卐 મિથ્યાચારિત્રનું સ્વરૂપ 卐

જીવને દુઃખદાયક એવા મિથ્યાશ્રદ્ધા તથા મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ કહ્યું, હવે મિથ્યાચારિત્રનું સ્વરૂપ કહે છે—

( ગાથા-૮ )

**इन जुत विषयनिमें जो प्रवृत्त ताको जानो मिथ्याचरित ।**
**यों मिथ्यात्वादि निसर्ग जेह, अब जे गृहीत सुनिये सु तेह ॥ ८ ॥**

જેને તત્ત્વમાં ભૂલ છે, શ્રદ્ધા અને જ્ઞાન મિથ્યા છે, તેને નિજસ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ સાચું ચારિત્ર તો હોતું નથી; તે તો મિથ્યાત્વ સહિત બાહ્ય વિષયોમાં જ પ્રવર્તે છે; તેને મિથ્યા-ચારિત્ર જાણો. આ મિથ્યાત્વાદિ નૈસર્ગિક છે એટલે કે કુગુરુ વગેરેના નિમિત્ત વગર જીવ નિજસ્વરૂપને ભૂલીને આવી ભૂલ કરી રહ્યો છે; તેને અગૃહીત કહે છે. કુગુરુ વગેરેના નિમિત્તે જે વિશેષ મિથ્યાત્વાદિ ભાવો જીવ ગ્રહણ કરે છે તેને ગૃહીત કહેવાય છે. તેનું વર્ણન હવે પછી કરશે.

શુભાશુભ બંનેથી પાર ચૈતન્યસ્વભાવ છે તેમાં ચરવું તે સાચું ચારિત્ર છે, તે વીતરાગ-ભાવરૂપ છે, આવા સમ્યક્‌શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર જીવે પૂર્વે કદી સેવ્યા નથી. અજ્ઞાનીપણે મંદ કષાય કર્યા, શુક્લ લેશ્યા પણ કરી; પણ શુક્લ લેશ્યા એ કાંઈ ધર્મ નથી. શુક્લ ધ્યાન જુદી ચીજ છે ને શુક્લ લેશ્યા જુદી ચીજ છે. અજ્ઞાનીને શુક્લ ધ્યાન નથી હોતું પણ શુક્લ લેશ્યા કોઈને હોય છે. કોઈને શુક્લ-લેશ્યા હોય છતાં અજ્ઞાની હોય, કોઈને કૃષ્ણ લેશ્યા હોય છતાં જ્ઞાની હોય; માટે લેશ્યા ઉપરથી કોઈનું જ્ઞાની–અજ્ઞાનીપણું નક્કી થતું નથી.

હે જીવ! સંસારનાં સર્વ દુઃખોનું કારણ આ મિથ્યાત્વાદિ જ છે, બીજું કોઈ દુઃખ દેનાર નથી, આમ જાણીને તેનો ત્યાગ કરવો જોઈએ;–કઈ રીતે? કે સાચા તત્ત્વજ્ઞાનવડે તે મિથ્યાત્વાદિ છૂટે છે. સાચા તત્ત્વજ્ઞાન વગર ઇન્દ્રિય વિષયોની ઇચ્છા કદી છૂટે નહિ. ભલે શુભરાગ ને શુભવિષયો હો, પણ તે ઇન્દ્રિયવિષયો જ છે, તેમાં મગ્ન થનાર જીવ અતીન્દ્રિય સ્વવિષયને ભૂલી જાય છે. ઇન્દ્રિયવિષયો અનુકૂળ મળતાં જાણે હું સુખી થઈ ગયો, ને શુભરાગ થતાં જાણે કે હું સુખી થઈ ગયો,–પણ ભાઈ, એ તો મિથ્યાચારિત્ર છે, તેમાં સુખ કેવું? એમાં તો દુઃખ છે. આ પ્રમાણે આ અગૃહીત મિથ્યાશ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રને દુઃખનાં કારણ સમજીને તેને છોડ.

હવે તે ઉપરાંત, કુગુરુ–કુદેવ–કુધર્મના સેવનથી થયેલ જે ગૃહીત મિથ્યાત્વાદિ, તેનું સ્વરૂપ બતાવીને તે છોડવાનો ઉપદેશ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ગૃહીત મિથ્યાદર્શનનું સ્વરૂપ; અને મિથ્યાત્વપોષક કુગુરુ–કુદેવ કુધર્મનું સેવન છોડવાનો ઉપદેશ

( ગાથા ૯ થી ૧૨ )

जो कुगुरु-कुदेव–कुधर्म सेव, पोषै चिर दर्शनमोह एव ।
अंतर रागादिक धरैं जेह, बाहर धन-अम्बरतैं सनेह ॥ ९ ॥
धारैं कुलिंग लहि महत भाव, ते कुगुरु जन्मजल उपलनाव ।
जो रागद्वेष मलकरि मलीन वनिता-गदादिजुत चिह्न चीन ॥ १० ॥
ते हैं कुदेव तिनकी जु सेव शठ, करत न तिन भवभ्रमण छेव ।
रागादि भावहिंसा समेत, दर्वित त्रस थावर मरण खेत ॥ ११ ॥
जे क्रिया तिन्हैं जानहुँ कुधर्म, तिन सरधै जीव लहै अशर्म ।
याकूं गृहीत मिथ्यात्व जान, अब सुन गृहीत जो है अज्ञान ॥ १२ ॥

આ ચાર ગાથામાં કુગુરુ–કુદેવ–કુધર્મનું સ્વરૂપ બતાવીને, તેના સેવનથી જીવનું અહિત થાય છે માટે તેનું સેવન છોડવાનો ઉપદેશ છે. હે જીવ! આવા દુઃખદાયી મિથ્યા ભાવોને છોડીને તું આત્મહિતના પંથમાં લાગ

(૧) કુગુરુ વગેરેનું સેવન તે તો અનાદિના દર્શન-મોહને પુષ્ટ કરે છે. કુગુરુ કેવા છે? કે અંતરમાં તો જેને મિથ્યાત્વ અને રાગાદિક છે, અને બહારમાં ધન–વસ્ત્ર વગેરેનો સ્નેહ રાખે છે; તથા શુદ્ધ દિગંબરદશા સિવાયના બીજા ખોટા વેષને ધારણ કરીને પોતાનો મહંત-ભાવ પોષે છે. તે કુગુરુઓ જન્મજળથી ભરપૂર એવા આ સંસારસમુદ્રમાં પથ્થરની નૌકા જેવા છે;—જેમ પથ્થરની નૌકા પોતે ડુબે છે ને તેમાં બેસનાર પણ ડુબે છે; તેમ કુગુરુઓ પોતે ભવસમુદ્રમાં ડુબે છે, ને તેનું સેવન કરનાર પણ ભવસમુદ્રમાં ડુબે છે.

(૨) કુદેવ કેવા છે?—જેઓ રાગ-દ્વેષરૂપી મેલવડે મલિન છે અને સ્ત્રી–ગદા વગેરે ચિહ્નો વડે ઓળખાય છે તે કુદેવ છે; એવા કુદેવની જે મૂર્ખ જીવ સેવા કરે છે તેને ભવભ્રમણ છેદાતું નથી. સાચા સર્વજ્ઞ–વીતરાગ જિનદેવ તે સુદેવ છે, તેમનાથી વિરુદ્ધ સરાગીપણામાં કે વસ્ત્રાદિ પરિગ્રહ સહિતપણામાં દેવપણું માનવું તે દેવની વિપરીત શ્રદ્ધા છે એટલે કુદેવસેવન છે, ને તે ભવભ્રમણનું કારણ છે —માટે તેનું સેવન છોડવું જોઈએ.

(૩) કુધર્મ એટલે શું?—જે રાગાદિ ભાવહિંસાથી સહિત છે તેમ જ ત્રસ–સ્થાવરનાં મરણરૂપ દ્રવ્ય હિંસાનું સ્થાન છે–એવી જે ક્રિયાઓ તેને કુધર્મ જાણો, એવા કુધર્મની શ્રદ્ધા કરવાથી જીવ દુઃખ પામે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પ્રમાણે કુગુરુ-કુદેવ-કુધર્મના સેવનરૂપ ગૃહીત મિથ્યાત્વને જાણીને તેનો ત્યાગ કરો; ને સાચા દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ ઓળખીને, યથાર્થ તત્ત્વશ્રદ્ધા કરીને સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરો; તે પરમ કલ્યાણનું મૂળ છે.

કોઈ જીવ કુદેવાદિનું સેવન છોડીને સાચા દેવાદિકની પૂજા-ભક્તિ કરે, પ્રાણ જાય તોપણ કુદેવ-કુગુરુને માને નહિ, પણ એટલેથી જ શુભરાગમાં અટકી જાય ને દેવ-ગુરુએ કહેલાં તત્ત્વોની ખરી ઓળખાણ કરે નહિ, સ્વસન્મુખ થઈને શુદ્ધાત્માની શ્રદ્ધા કરે નહિ તો તેને સમ્યગ્દર્શન થતું નથી; ભલે ગૃહીત મિથ્યાત્વ છૂટયું પણ હજી અગૃહીત મિથ્યાત્વ છૂટયું નથી. ગૃહીત મિથ્યાત્વ છોડીને ઊંચા સ્વર્ગમાં અનંતવાર જીવ ગયો, કેમકે ગૃહીત મિથ્યાત્વ સહિત જીવ ઊંચા સ્વર્ગમાં જઈ શકતો નથી; એવા ઊંચા પુણ્ય તેને હોતા નથી. આવું ગૃહીતમિથ્યાત્વ છોડવા છતાં અંદરમાં ઊંડે ઊંડે રાગને પોતાનું સ્વરૂપ માનીને જીવ તેના વેદનમાં અટકી ગયો, રાગથી પાર શુદ્ધસ્વરૂપનું વેદન ન કર્યું એટલે અનાદિનું અગૃહીત મિથ્યાત્વ ન છૂટયું, તેથી તે જીવ સંસારમાં જ રખડયો.

અહા, જૈનધર્મનું ગુરુપદ એ તો મહાન પવિત્ર પરમેષ્ઠીપદ છે; જેને અંતરમાં મિથ્યાત્વ કે રાગ-દ્વેષનો પરિગ્રહ નથી ને બહારમાં વસ્ત્ર-ધન વગેરેનો પરિગ્રહ નથી; શુદ્ધ રત્નત્રયમાં વર્તતા થકા આત્માના આનંદને અનુભવે છે ને મોક્ષને સાધે છે. આવા પવિત્ર ગુરુપદને જે ઓળખતા નથી, જેને અંદરમાં મિથ્યાત્વ તથા રાગાદિ પરિગ્રહ છે, ને બહારમાં ધન-મકાન-સ્ત્રી-વસ્ત્રાદિ પરિગ્રહ છે, તે બહારના પરિગ્રહની બુદ્ધિ એમ સૂચવે છે કે અંદર તે પ્રકારનો મોહ છૂટયો નથી, પરમ નિસ્પૃહ દિગંબર દશા સિવાયના અનેક પ્રકારના કુલિંગ સહિત વર્તે છે ને પોતાને મહાન ગુરુ સમજે છે-તે કુગુરુ છે; મિથ્યાત્વને લીધે તે તો પથ્થરની નૌકાની જેમ સંસારસમુદ્રમાં ડુબે છે; અને જે જીવ વીતરાગી ગુરુઓનું સ્વરૂપ ઓળખતો નથી ને આવા કુગુરુઓને સાચા માનીને સેવે છે તે પણ સંસારસમુદ્રમાં ડુબે છે. બીજા કુગુરુએ કાંઈ એને નથી ડુબાડયો પણ એના પોતાના ભાવમાં એણે મિથ્યાત્વને પોષ્યું તેથી તે ડુબે છે. જેમ પથ્થરની નૌકા તો નૌકામાં રહી, પણ તું એમાં શા માટે બેઠો? બેસનારે વિચાર કરવો'તો ને કે આ નૌકા પથ્થરની છે કે લાકડાની તેમ કુગુરુનો ઊંધો ભાવ તેની પાસે રહ્યો, પણ તેં શા માટે એને સારો માન્યો? ભાઈ! તારે વિચાર કરીને વિવેક કરવો હતો કે કોના સેવનથી તને લાભ છે! જે પોતે વીતરાગ છે ને વીતરાગતાનો જ ઉપદેશ આપે છે-તેના સેવનથી હિત છે; કે જે રાગી છે ને રાગનો ઉપદેશ આપે છે તેના સેવનથી હિત છે? તારા હિતને માટે સાચું-ખોટું બંનેને ઓળખીને તેનો વિવેક કર....ને કુગુરુનું સેવન છોડ.

પં. શ્રી ટોડરમલ્લજી કહે છે કે: અહો! દેવ-ગુરુ-ધર્મ તો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે, એના આધારે તો ધર્મ છે, તેમાં શિથિલતા રાખે તો અન્ય ધર્મ કેવી રીતે થાય? ઘણું શું કહેવું, સર્વથા પ્રકારે એ કુદેવ-કુગુરુ-કુધર્મના ત્યાગી થવું યોગ્ય છે. કારણ કે કુદેવાદિનો ત્યાગ ન કરવાથી મિથ્યાત્વભાવ ઘણો પુષ્ટ થાય છે. અને આ કાળમાં અહીં તેની પ્રવૃત્તિ વિશેષ જોવામાં આવે છે માટે અહીં તેના નિષેધરૂપ નિરૂપણ કર્યું છે. તેને જાણી મિથ્યાત્વભાવ છોડી પોતાનું કલ્યાણ કરો. દેવ-ગુરુ-ધર્મના નિર્ણયમાં શિથિલ થવું યોગ્ય નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગ શાસનમાં દેવ-ગુરુ-ધર્મ એ વીતરાગતાના જ પોષક છે; રાગથી ધર્મ મનાવે કે દેહની ક્રિયાને આત્માની મનાવે એવા કોઈ દેવ-ગુરુ-ધર્મ વીતરાગશાસનમાં નથી એટલે તે કુદેવ-કુગુરુ-કુધર્મ છે. એવાને માનતાં તીવ્ર મિથ્યાત્વભાવને લીધે જીવનું ઘણું અહિત થાય છે. રાગથી ધર્મ મનાવે, વસ્ત્રાદિ પરિગ્રહસહિત સાધુપણું મનાવે, ને સાથે મહાવીર ભગવાનનું નામ લઈને વાતો કરે, પણ મહાવીર કોણ હતા એની એને ખબર નથી, મહાવીરના માર્ગને તે જાણતા નથી. વીરનો માર્ગ તો વીતરાગતાનો માર્ગ છે; રાગથી પાર આત્મસ્વભાવની વીરતા-વીતરાગતા પ્રગટ કરે તે વીરમાર્ગના ઉપાસક છે. રાગથી ધર્મ માનનાર તો રાગને સેવે છે, તે વીરના વીતરાગમાર્ગને નથી સેવતો. અહા વીરનો વીતરાગમાર્ગ! તે કુગુરુઓએ અન્યથા મનાવી દીધો. રાગની રુચિવાળા જીવો ખરેખર વીતરાગ-મહાવીરના ભક્ત નથી પણ તેના વિરાધક છે. રાગની રુચિવાળા જીવની પરિણતિ રાગને નમે છે, વીતરાગભગવાનને નહિ; ભલે '**णमो अरिहंताणं**' એમ બોલતો હોય તે વખતે પણ તેની પરિણતિ રાગને નમે છે, અરિહંતને નથી નમતી. અરિહંતને નમે એટલે કે વીતરાગી શુદ્ધસ્વરૂપને નમે તેની પરિણતિમાં તો સમ્યક્દર્શનાદિ વીતરાગભાવ પ્રગટે. એકલા રાગમાં ઊભો રહીને વીતરાગને નમસ્કાર થતા નથી; રાગથી જુદો પડીને વીતરાગને નમસ્કાર થાય છે. તેથી શ્રી સમંતભદ્રસ્વામી મહાવીર ભગવાનની સ્તુતિમાં કહે છે કે હે નાથ! સમ્યગ્દૃષ્ટિનું ચિત્ત જ આપને ખરેખર પૂજે છે. મિથ્યાબુદ્ધિવાળા અજ્ઞાનીનું ચિત્ત આપને નહિ પૂજી શકે; કેમકે રાગથી ભિન્ન આપના સ્વરૂપને તે ઓળખતો પણ નથી. જેમ પોપટ 'રામ' બોલે પણ રામના સ્વરૂપની તેને ખબર નથી, તેમ અજ્ઞાની રાગથી લાભ માનનાર કદાચ 'મહાવીર'નું નામ બોલે પણ મહાવીરના સ્વરૂપની તેને ખબર નથી. મહાવીર એવા ન હતા કે રાગથી ધર્મ માને.—અને તું કહે છે કે રાગથી ધર્મ થાય,—તો તેં મહાવીરને માન્યા કે રાગને માન્યો? મહાવીરને માનનાર રાગથી ધર્મ ન માને; ને રાગથી ધર્મ માનનારો મહાવીરને ઓળખી ન શકે. રાગરહિત ચિદાનંદસ્વભાવ હું છું એમ પોતામાં અંતર્દૃષ્ટિ જેણે કરી એટલે પરમાર્થે વીતરાગસ્વરૂપમાં જે નમ્યો તેણે જ મહાવીરને ખરા નમસ્કાર કર્યા છે. કુંદકુંદસ્વામીએ સમયસારની ૩૧મી ગાથામાં એ વાત અલૌકિક રીતે સમજાવી છે. અહા, વીતરાગી સંતોની કથની જ જગતથી જુદી છે.

જૈનધર્મમાં ગુરુપદ એટલે કે મુનિદશા વસ્ત્રાદિ રહિત જ હોય છે-એ ત્રણેકાળનો નિયમ છે. વસ્ત્રાદિ પરિગ્રહ સહિત એવા ગૃહસ્થોને આત્માનું ભાન હોઈ શકે, સમ્યગ્દર્શન હોઈ શકે, પંચમ ગુણસ્થાનરૂપ શ્રાવકપણું પણ હોઈ શકે, પણ મુનિપણું-સાધુપણું તેને હોતું નથી. જૈન સાધુઓને તો અંદર ત્રણ કષાયના અભાવથી એટલી વીતરાગતા વધી ગઈ છે કે શરીર પ્રત્યે એવી નિર્મોહિતા થઈ ગઈ છે—એટલે વસ્ત્રાદિવડે દેહના રક્ષણની વૃત્તિ છૂટી ગઈ છે. મુનિપદ એ તો પરમેષ્ઠી પદ, એની વીતરાગતાની શી વાત!

આવા વીતરાગ ગુરુઓને છોડીને અજ્ઞાની-કુગુરુઓને સેવતાં તીવ્ર મિથ્યાત્વનું મહા પાપ લાગે છે. માટે જેને પાપનો ભય હોય, ભવનો ભય હોય, તેઓ પાપપોષક એવા કુગુરુની શ્રદ્ધા છોડે-એમ કરુણાપૂર્વક સંતોનો ઉપદેશ છે. કુગુરુની સેવામાં શ્રેણીકરાજાએ વીતરાગ ગુરુની વિરાધના કરી તેથી નરકનું આયુષ્ય બાંધ્યું. ને પછી જ્યારે સાચા ગુરુને ઓળખીને તેનું સેવન કર્યું ત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મજ્ઞાન પામ્યા. માટે હે ભાઈ, સાચા ગુરુનું સ્વરૂપ ઓળખીને કુગુરુની માન્યતાને તું છોડ...જેથી તારું હિત થશે.

ગૃહીત મિથ્યાત્વની દશામાં શ્રેણીકરાજાએ મુનિરાજ ઉપર ઉપસર્ગ કર્યો ને નરકનું આયુષ્ય બાંધ્યું. ઉપસર્ગ દૂર થતાં સુધી એ મુનિરાજ તો એમને એમ સમતાથી બેસી રહ્યા, ને શ્રેણીકને પણ ધર્મવૃદ્ધિ કહી. જૈન મુનિરાજની આવી વીતરાગતા દેખીને શ્રેણીકને જૈનધર્મની શ્રદ્ધા થઈ, તેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, ને વ્રત કે ત્યાગ ન હોવા છતાં તીર્થંકરપ્રકૃતિ બાંધી. આ રીતે મિથ્યાત્વના ત્યાગથી જીવનું હિત થાય છે. બાહ્યપરિગ્રહ છોડવા છતાં અંદરનું-મિથ્યાત્વ ન છોડયું તેથી જીવનું હિત ન થયું. એક શુભ વિકલ્પથી પણ આત્માને ધર્મનો લાભ માનવો તે મિથ્યાત્વ છે, તે જ મોટો પરિગ્રહ છે, ને તે જ પાપનું મૂળ છે. મિથ્યાદૃષ્ટિ જીવે બહારથી ત્યાગી થવા છતાં અંતરમાં નિષ્પરિગ્રહી ( રાગ વગરનો ) એવો ભગવાન આત્મસ્વભાવને તેને અનુભવમાં ન લીધો ને રાગની પક્કડ ન છોડી, તેથી તે મોક્ષમાર્ગમાં ન આવ્યો પણ સંસારમાર્ગમાં જ રહ્યો. પ્રવચનસાર ગાથા ૨૩૬ ( ટીકા )માં આચાર્યદેવ કહે છે કે-જેને તત્ત્વાર્થશ્રદ્ધાન-લક્ષણવાળી દૃષ્ટિ નથી એટલે કે સમ્યગ્દર્શન નથી એવા જીવો સ્વ-પરના વિભાગના અભાવને લીધે કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય કરે છે, તે જીવોને વિષયોની અભિલાષા છૂટી નથી, તેથી તેઓ છજીવનિકાયના ઘાતી છે, તેથી મોક્ષમાર્ગના કારણરૂપ સંયમ તેને હોતો નથી. કાયા અને કષાયો (-અશુભ કે શુભ) તેનાથી ભિન્ન પોતાના ઉપયોગસ્વરૂપ આત્માને અનુભવમાં લીધા વગર મોક્ષમાર્ગ હોતો નથી; ને એવા મોક્ષમાર્ગ વગર ગુરુપદ હોતું નથી. ગુરુ તો પોતાના વીતરાગસ્વરૂપને સાધવામાં લીન છે. તેમને અંતરમાં પરિગ્રહ છૂટી ગયા છે તેથી નિમિત્તરૂપ બાહ્ય પરિગ્રહ પણ છૂટી ગયો છે. અંદરમાં રાગનો કણિયો કે બહારમાં વસ્ત્રનો તાણો ગ્રહણ કરવાની વૃત્તિ મુનિઓને કદી હોતી નથી. ગુરુનું સ્વરૂપ આનાથી વિરુદ્ધ માનવું કે વસ્ત્રાદિ પરિગ્રહ સહિતને ગુરુ માનીને પૂજવા તે કુગુરુસેવન છે. ગુરુપદ એટલે મુનિદશા તો જિનલિંગી હોય છે.

**પ્રશ્ન :**—કોઈ કુગુરુ આવે તો શું કરવું ?

**ઉત્તર :**—તો જાણવું કે આ સાચા ગુરુ નથી; એ પોતે પણ મિથ્યાભાવથી દુઃખી છે ને એને સેવનારા જીવો પણ મિથ્યાભાવની પુષ્ટિથી દુઃખી જ છે,-એમ સમજીને પોતે એનું સેવન છોડવું. આ કાંઈ કોઈનું અપમાન કરવાની કે દ્વેષ કરવાની વાત નથી પણ પોતાના આત્માને મિથ્યા દોષોથી બચાવવા માટેની વાત છે. સાચી વાતમાં પણ કોઈને દુઃખ લાગે તો એના ભાવ એની પાસે રહ્યા,-તેમાં આને શું ? અહીં તો સમ્યક્ ભાવવડે પોતે પોતાનું હિત કરી લેવાની વાત છે.

ધરમમાં શરમ ન હોય, અર્થાત્ શરમથી કે લોકલાજથી પણ કુગુરુઓનું સેવન ધર્મી જીવ કરે નહિ. પોતાનું હિત ચાહનાર જિજ્ઞાસુ જીવને દુનિયાની સ્પૃહા હોય નહિ, દુનિયા શું બોલશે-એ જોવા રોકાય નહિ. દુનિયાથી ડરીને અસત્ દેવ-ગુરુ-ધર્મને તે સેવે નહિ; પ્રાણ જાય તોય સાચા દેવ-ગુરુ-ધર્મથી વિરુદ્ધ બીજાને તે માને નહીં. અંદરમાં વીતરાગતા ગોઠી છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે બહારમાં પણ વીતરાગતાના જ પોષક દેવ-ગુરુ-ધર્મને માને છે; અંદરમાં શુદ્ધ ચૈતન્ય-સ્વભાવ સિવાય રાગના એક કણિયાને પણ તે ધર્મ ન માને, ને બહારમાં રાગના પોષક કુદેવ-કુગુરુ-કુધર્મને માને નહિ. આ રીતે વીતરાગમાર્ગી જીવો નીડર અને નિઃશંકપણે આત્મહિતને સાધે છે. અમુક કુગુરુને ઘણા માણસો માને છે ને હું નહિ માનું તો દુનિયા મને શું કહેશે ?–કે સમાજમાં હું એકલો પડી જઈશ !—એવો ભય ધર્મીને હોતો નથી. માત્ર શસ્ત્રધારી કે વસ્ત્રધારી જ કુગુરુ હોય—એમ કાંઈ નથી, વસ્ત્ર-શસ્ત્ર રહિત નગ્ન-દિગંબર થઈને પણ જેઓ વીતરાગમાર્ગથી સ્પષ્ટપણે વિરુદ્ધ પ્રરૂપણા કરે તેઓ પણ કુગુરુ છે, તેને પણ ધર્મી જીવ માને નહીં. ભાઈ, આ તો તારા હિત માટેની વાત છે.

**પ્રશ્નઃ**—પણ કુગુરુ સાથે જૂનો પરિચય હોય તેનું શું ?

**ઉત્તરઃ**—પૂર્વના પરિચિત હોય તેથી કાંઈ કુગુરુને ન સેવાય. જેમ કોઈ બાળપણનો ગોઠિયો હોય ને ઝેર ખાતો હોય તેથી તે ગોઠિયા સાથે પોતે કાંઈ ઝેર ન ખવાય. (ઉલટું તેને નિષેધ કરાય કે ભાઈ, તું ઝેર ખા મા.) તું ઝેર ખાય છે તો હું પણ તારી સાથે ઝેર ખાઉં–એમ ન હોય. એવું ગોઠિયાપણું તો છોડી દેવાનું હોય. તેમ મિથ્યાત્વરૂપી ઝેરવાળા ઊંધા માર્ગને માનનારા ને ઉપદેશનારા કુગુરુઓનો વિનય કે સેવા કરવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે, ને ભાવમરણથી આત્મા દુઃખી થાય છે; માટે તે છોડવા યોગ્ય છે; ને વીતરાગી દેવ-ગુરુ-ધર્મના સત્સંગવડે સાચા શ્રદ્ધા-જ્ઞાન કરવા યોગ્ય છે.

❀                    ❀                    ❀

જેમ કુગુરુ અને સાચા ગુરુનું સ્વરૂપ બતાવીને કુગુરુનું સેવન છોડાવ્યું, તેમ કુદેવ અને સાચા દેવનું સ્વરૂપ ઓળખીને કુદેવનું સેવન પણ છોડવાયોગ્ય છે; કેમકે કુદેવનું સેવન પણ મિથ્યાત્વની પુષ્ટિ કરનાર છે.

મૂર્ખ અજ્ઞાની જીવો રાગ–દ્વેષનાં કાર્યો સહિત કે ગદા–ચક્ર બાણ વગેરે હિંસક ચિહ્નો સહિત મનુષ્યને ભગવાન માનીને સેવે છે, તે કુદેવસેવન છે. રાક્ષસોને હણવા ને ભક્તોને મદદ કરવી–એવાં કાર્યો વીતરાગ ભગવાન કરે નહિ, ભગવાન ને કોઈ પ્રત્યે રાગ–દ્વેષ હોય નહીં. વીતરાગ થયા પહેલાં રાજા–મહારાજા જેવી સરાગદશામાં એવા ભાવો સંભવે પણ ત્યારે તે કાંઈ દેવ તરીકે પૂજ્ય નથી. જ્યારે તે સરાગભાવ છોડી, મુનિ થઈ, વીતરાગ સર્વજ્ઞ થયા ત્યારે તે દેવ થયા; ને એવા સર્વજ્ઞ વીતરાગ દેવ જ પૂજનીય છે. વીતરાગને વીતરાગસ્વરૂપે ન ઓળખતાં કોઈ સારાગ માને તો તેની માન્યતામાં કુદેવનું સેવન થાય છે, પણ તેથી કાંઈ વીતરાગ ભગવાન સરાગી થઈ જતા નથી. સર્વજ્ઞ વીતરાગ દેવની ઓળખાણ કરનારને પોતાના સાચા ભાવનો લાભ છે, ને તેમનું સ્વરૂપ વિપરીત માનનારને પોતાના ઊંધા ભાવનું નુકશાન છે. ભગવાન પોતે તો પોતાના વીતરાગસ્વરૂપમાં રમી રહ્યા છે. જેમકે ભગવાન રામચંદ્રજી, હનુમાનજી એ કાંઈ કુદેવ નથી, એ તો સર્વજ્ઞ-વીતરાગ થઈને મોક્ષ પામ્યા છે, ને તેવા સ્વરૂપે તેમને ઓળખીને પૂજવા તે તો બરાબર છે; પણ એ સર્વજ્ઞ-વીતરાગ હોવા છતાં કોઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેમને રાગી-દ્વેષી કે શસ્ત્રધારી-સ્વરૂપે માને તો તે સાચા દેવનું સ્વરૂપ જાણતા નથી ને પોતાની માન્યતામાં કુદેવને પૂજે છે. એ જ પ્રમાણે અરિહંતદેવ સર્વજ્ઞ-વીતરાગ પરમાત્મા છે છતાં તેમને વસ્ત્રાદિ સહિત માનીને કોઈ પૂજે તો તેથી અરિહંતભગવાન કાંઈ દોષિત નથી થઈ જતા, પણ તેમનું સ્વરૂપ વિપરીત માનનારને મિથ્યાત્વ થાય છે, તેની માન્યતામાં કુદેવ-સેવન થાય છે. અહા, ભગવાનનું સ્વરૂપ પણ જે વિપરીત માને તે આત્માના શુદ્ધ સ્વરૂપને ક્યાંથી જાણે? રાગી-દ્વેષી જીવ પોતે પોતાના ભવનો અંત કરી શકતા નથી, તો તેમની ઉપાસનાથી બીજા જીવો ક્યાંથી તરે? રાગી-અજ્ઞાનીને ભજતાં તો રાગનું પોષણ થાય. 'દેવ' એટલે ઇષ્ટ પદને પામેલા ભગવાન; ઇષ્ટ પદ તો વીતરાગતા અને સર્વજ્ઞતા છે, કેમકે જીવોને સુખ ઇષ્ટ છે ને પૂર્ણસુખ તો વીતરાગતા ને સર્વજ્ઞતામાં જ હોય; માટે સર્વજ્ઞ-વીતરાગ સિવાય બીજા કોઈ ઇષ્ટદેવ નથી. અહા, સર્વજ્ઞ-વીતરાગ દેવ, જેમણે દિવ્યધ્વનિમાં પણ ઇચ્છા વગર સર્વજ્ઞસ્વભાવ અને વીતરાગી મોક્ષમાર્ગ બતાવ્યો,—એમના સિવાય રાગી-દ્વેષી કે કુભેષ-ધારીને જે પૂજે છે તે તો મોટો મૂર્ખ છે, મિથ્યાત્વની પુષ્ટિથી અનંતકાળ તે ભવભ્રમણમાં રખડશે ને દુઃખી થશે. માટે દુઃખનો જેને ડર હોય ને સુખને જે ચાહતા હોય તેઓ કુદેવનું સેવન છોડીને, સર્વજ્ઞ વીતરાગ દેવને ઓળખો.

કુંદકુંદપ્રભુ પ્રવચનસારમાં કહે છે કે—અરિહંતદેવના દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જીવ ઓળખે છે તે પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપને પણ ઓળખે છે ને તેને મોહનો ક્ષય થઈ ને સમ્યગ્દર્શન થાય છે. અહો, અરિહંત ભગવાનના આત્માનું દ્રવ્ય શુદ્ધ ચેતનમય, તેમના ગુણો પણ શુદ્ધ ચૈતન્યરૂપ અને તેમની પર્યાય પણ શુદ્ધ ચેતનારૂપ, એમાં ક્યાંક રાગ નથી; જેવો તે આત્માનો શુદ્ધસ્વભાવ છે તેવો જ પરમાર્થે આ આત્મા શુદ્ધસ્વભાવી છે,—એમ ઓળખાણ કરવાથી રાગાદિ પરભાવો સાથેની એકત્વબુદ્ધિ છૂટીને પરિણતિ અંતર્‌સ્વભાવમાં વળે છે, શુદ્ધસ્વભાવ સાથે પર્યાયની એકતા થતાં મોહનો અભાવ થઈ જાય છે એટલે કે સમ્યગ્દર્શન થાય છે. તે જીવે અરિહંતદેવને પરમાર્થ સ્વરૂપે ઓળખ્યા, અને સાચા ભાવપૂર્વકનું **णमो अरिहंताणं** તેણે કર્યું.

અરિહંતને ઓળખ્યા વગર તેમનું નામ લ્યે તેમાં ખરેખર તો નામનિક્ષેપ પણ સાચો નથી; કેમકે નિક્ષેપ તે નયપૂર્વક હોય છે ને નય તે સમ્યક્ શ્રુતજ્ઞાનપૂર્વક જ હોય છે; અજ્ઞાનમાં નય કે નિક્ષેપ સાચા હોતાં નથી. સર્વજ્ઞની મૂર્તિમાં પણ સર્વજ્ઞની સ્થાપનાનો નિક્ષેપ છે, એટલે તે પણ રાગ-દ્વેષનાં ચિહ્ન વગરની જ હોય—'**जिन प्रतिमा जिनसारखी**' જેને જોતાં સર્વજ્ઞ-વીતરાગનું સ્વરૂપ લક્ષમાં આવે એવી મૂર્તિ જૈનશાસનમાં માન્ય છે, ને તેમાં ખરો સ્થાપનાનિક્ષેપ સંભવે છે. આખી દુનિયાને જાણનારા, પણ કરનારા નહિ કોઈનું, એવા સર્વજ્ઞ-વીતરાગદેવ અને તેમની પ્રતિમા પૂજ્ય છે; એનાથી વિરુદ્ધ કોઈ પૂજ્ય નથી.—આટલી ઓળખાણ કરે ત્યારે ગૃહીત મિથ્યાત્વ ટળે, ને આત્માની ઓળખાણ કરે ત્યારે અગૃહીત મિથ્યાત્વ ટળે ને ત્યારે સમ્યગ્દર્શન થાય.

**પ્રશ્ન** :—પ્રતિમા અજીવની બનેલી છે, તો તેને તમે જીવ માનો છો?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તર :**—પ્રતિમામાં ભગવાનની સ્થાપના છે, ને ત્યાં ભાવનિક્ષેપે ભગવાન કેવા હોય તેનો **ધર્મીને** ખ્યાલ છે, એટલે તે ભગવાનનું સ્મરણ કરીને, અને પ્રતિમાજીમાં તેની સ્થાપના કરીને ભક્તિ-વિનય-વંદન-પૂજા કરે છે; તે યોગ્ય છે. તેમાં જોકે શુભરાગ છે પણ તે કાંઈ મિથ્યાત્વ નથી, કેમકે તેમાં કાંઈ દેવનું સ્વરૂપ નથી મનાતું. જેને ભાવનિક્ષેપ ભગવાનની ખબર નથી તેઓ સ્થાપના નિક્ષેપનો પણ નિષેધ કરે છે, તેમણે ભગવાનને ઓળખ્યા નથી. અહા ! ધર્મીના અંતરમાં તો સર્વજ્ઞ પરમાત્મા રમે છે, એના શ્રદ્ધા-જ્ઞાનમાં પરમાત્મા બિરાજે છે, એટલે એના ભક્તિ વગેરેના ભાવો પણ અલૌકિક હોય છે....સ્થાપના નિક્ષેપ પણ તેમને જ સાચો હોય છે. જેમ પિતાના પ્રેમવાળો માણસ તેમના ચિત્રમાં સ્થાપના કરીને કહે છે કે 'આ મારા પિતા છે',—ત્યાં તેને સાચા પિતાની અને સ્થાપનારૂપ પિતાની, બંનેની ખબર છે, તેમ સર્વજ્ઞપદ જેને પ્રિય છે એવા સાધક જીવો, પોતાના પરમ પ્રિય ધર્મપિતા એવા સર્વજ્ઞદેવને ઓળખીને પ્રતિમાજી વગેરેમાં પણ તેમની સ્થાપના કરીને બહુમાન કરે છે કે 'આ મારા ભગવાન, આ મારા ધર્મપિતા, અમે આ જિનવરના પુત્ર.'–આ પ્રમાણે ઇષ્ટદેવ પ્રત્યે ધર્મીને પરમ બહુમાન જાગે છે.

દેવગતિના જીવોને પણ 'દેવ' કહેવાય છે, પણ એ દેવો કાંઈ વીતરાગ નથી. જગતમાં અરિહંતદેવ અને સિદ્ધદેવ એ જ સાચા વીતરાગદેવ છે. એ જ ઇષ્ટ પરમેશ્વર અને પરમાત્મા છે. અરે, મૂર્ખ જીવો પરમાત્માને ભૂલીને પીપળા વગેરે ઝાડને તથા સર્પ વાંદરા વગેરે પશુને પણ દેવ માનીને પૂજે છે, બીજા અનેક પ્રકારનાં રાગી-દ્વેષી કુદેવોને દેવ માનીને પૂજે છે; અરે ! સાચા વીતરાગી દેવોમાં પણ રાગ-દ્વેષનાં કાર્યો હોવાનું માનીને તેમનું સ્વરૂપ વિકૃત કરી નાંખે છે,–એ બધાયને દેવમૂઢતા છે; એમાં ઘણો અવિવેક અને મિથ્યાત્વની તીવ્રતા છે. દેવ-ગુરુનું સાચું સ્વરૂપ વ્યવહારે ઓળખે, તેમણે કહેલા વીતરાગધર્મની શ્રદ્ધા કરે, અને પછી તેવો અનુભવ કરવા સુધી હજી પોતે ન પહોંચી શક્યો હોય,-તેને મિથ્યાત્વની મંદતા કહેવાય; પણ સમજણમાં જ જેને વિપરીતતા છે ને દેવ-ગુરુનું સાચું સ્વરૂપ પણ જે જાણતો નથી-માનતો નથી, વિપરીત માનીને કુદેવ-કુગુરુ કુધર્મને સેવે છે તેને તો મિથ્યાત્વની તીવ્રતા છે. તેને સમજાવે છે,–અત્યંત કરુણાબુદ્ધિથી સમજાવે છે, કે ભાઈ, તારું હિત ચાહતો હો તો ભગવાન અરિહંતદેવ સિવાય બીજા કોઈ દેવને માનવાનું છોડી દે; હિતનો સાચો માર્ગ દેખાડનારા ભગવાન અરિહંત જ છે. આવા વીતરાગ ભગવાનને છોડીને મોહી જીવોને કોણ ભજે ?–જે તીવ્ર મોહી હોય તે ભજે ! પણ જે વિવેકી પોતાનું હિત ચાહતો હોય તે તો કોઈ કુદેવને ભજે નહિ. ભાઈ, મોહી જીવો તો તારા જેવા છે. એને ભજવાથી તો તારો મોહ જ પુષ્ટ થશે....ને તું સંસારમાં દુખીશ. અરે ! તું જે પરમ સુખરૂપ ઇષ્ટપદને ઇચ્છે છે તે ઇષ્ટપદને પામેલા જીવ કેવા હોય તેને તો ઓળખ. તારા ઇષ્ટદેવને તો ઓળખ. જે પોતાના ઇષ્ટદેવને જ ન ઓળખે એની મૂર્ખતાની શી વાત !

આ પ્રમાણે કુદેવ અને સાચા દેવનું સ્વરૂપ ઓળખાવીને કુદેવનું સેવન છોડવાનો ઉપદેશ આપ્યો. કુગુરુ અને કુદેવની માફક કુધર્મનું સેવન પણ છોડાવવા માટે તેનું સ્વરૂપ ઓળખાવે છે.

* * *

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગાદિક ભાવહિંસા અને ત્રસ-સ્થાવરના ઘાતરૂપ દ્રવ્યહિંસા, એવી હિંસાથી ભરેલી મિથ્યાક્રિયાઓ તે કુધર્મ છે. એવા કુધર્મનું સેવન તે તીવ્ર મિથ્યાત્વ છે. જૈનધર્મ તો વીતરાગતા-પોષક છે, વીતરાગભાવ તે જ ધર્મ છે. જે યજ્ઞ વગેરેમાં પંચેન્દ્રિય પશુને હોમી દે ને તેમાં ધર્મ મનાવે, પોતાના શરીરનું માંસ બીજાને ખવડાવે તેને દાનધર્મ માને, નદી-સમુદ્ર વગેરેમાં સ્નાન કરવાથી ધર્મ માને–એ બધું કુધર્મનું સેવન છે, તેમાં હિંસાનું પોષણ છે. જો ત્રસ જીવોને હણવાથી પણ ધર્મ થશે તો નરકમાં કોણ જશે? ત્રસહિંસાના તીવ્ર પાપનું ફળ તો નરક જ છે, એમાં ધર્મ કેવો? હજી તો શુભરાગને ધર્મ મનાવે તેનેય સાચા ધર્મની ખબર નથી, તો પછી પાપની તો શી વાત? શુભરાગથી સ્વર્ગ મળે છે, મોક્ષ નહીં; મોક્ષ તો વીતરાગભાવે જ મળે છે, એટલે વીતરાગભાવ જ ધર્મ છે; ને વીતરાગભાવ શુદ્ધાત્માના અનુભવથી જ થાય છે, માટે શુદ્ધાત્માનો અનુભવ તે ધર્મ છે.

વીતરાગી દેવ-ગુરુની પૂજા વગેરેમાં શુભભાવ છે; તેમાં જોકે અલ્પ હિંસા છે પણ એક તો તે હિંસાનો અભિપ્રાય નથી, બીજું તે સ્થાવરહિંસા નિવારી શકાતી નથી, અને ત્રીજું તે હિંસાને ધર્મ માનતા નથી. તેમાં અલ્પ હિંસા છે પણ ઘણો શુભભાવ છે (**सावद्य लेशो, बहु पुण्यराशि**) તેથી અશુભથી બચવા માટે પૂજન-ભક્તિના શુભભાવ યોગ્ય જ છે. તેમાં હિંસાનો કે રાગ-દ્વેષના પોષણનો અભિપ્રાય નથી પણ વીતરાગતાનું જ બહુમાન અને અનુમોદન છે; તે ક્રિયા અહિંસાના અનુબંધવાળી છે. સ્થાવરહિંસા જેમાં ટળી ન શકે પણ ત્રસહિંસાથી ને અશુભપરિણામથી બચે એવી શુભક્રિયાઓ પૂજા આહારદાન વગેરે ગૃહસ્થભૂમિકામાં હોય છે. પછી મુનિદશામાં શુદ્ધોપયોગ થતાં તે શુભરાગ પણ છૂટી જાય છે. ગૃહસ્થ પણ પોતાના પરિણામના વિવેક વગર ગમે તેવા હિંસાકાર્યમાં પ્રવર્તે–તેની આ વાત નથી. રાત્રે ગમે તેવા આરંભ સમારંભ, કે જેમાં ત્રસ જીવોનો કચ્ચરઘાણ નજરે દેખાતો હોય એવા કાર્યો તો ગૃહસ્થનેય ન શોભે. રાત્રે ભોજન કે પૂજનાદિ કર્યો ન કરે. બધા પ્રકારનો વિવેક જોઈએ. ભાઈ, સર્વજ્ઞના માર્ગમાં તો જેમ પોતાના કષાયો ઘટે ને વીતરાગતા થાય તેમ વિવેકથી પ્રવર્તવાનું છે. પોતાના પરિણામ જોતાં શીખવું જોઈએ, ને જેમ પોતાને વીતરાગવિજ્ઞાનનો લાભ થાય તેમ વર્તવું જોઈએ. જેમાં ધર્મના નામે ત્રસહિંસા થતી હોય કે કોઈ પણ રીતે હિંસાને ધર્મ મનાવતા હોય એવા કુમાર્ગોને દૂરથી જ છોડવા જેવા છે. એ કુમાર્ગો તો વિષય-કષાયના પોષક છે, તેના સેવનમાં જીવનું ઘણું અહિત છે. ભાઈ, તું સાચો માર્ગ તો જાણ–કે જેના સેવનથી તારું હિત થાય.

દેવ-ગુરુ-ધર્મની ઓળખાણમાં જેની ભૂલ છે ને વિપરીતને સેવે છે તેને ગૃહીતમિથ્યાત્વ છે; અને તે ગૃહીતમિથ્યાત્વ ટાળીને સાચા દેવ-ગુરુને પૂજે છતાં જીવાદિ તત્ત્વોના યથાર્થ નિર્ણયમાં જેને ભૂલ છે તેને પણ હજી અગૃહીતમિથ્યાત્વ છે. સાચા દેવ ગુરુ-ધર્મને ઓળખીને અને તેમણે કહેલા જીવાદિ તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ ઓળખીને શ્રદ્ધા કરતાં, ગૃહીત અને અગૃહીત બંને મિથ્યાત્વ ટળીને અપૂર્વ સમ્યગ્દર્શન થાય છે; તે મહાન કલ્યાણનું મૂળ છે.

આ પ્રમાણે ચાર ગાથા (૯ થી ૧૨)માં કુગુરુ-કુદેવ-કુધર્મના સેવનરૂપ ગૃહીતમિથ્યાદર્શનનું સ્વરૂપ ઓળખાવીને તે છોડવાનો ઉપદેશ આપ્યો; હવે ગૃહીત મિથ્યાદર્શન સાથેના ગૃહીત મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ ઓળખાવીને તે ટાળવાનો ઉપદેશ ૧૩ મી ગાથામાં આપશે. —૦—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ગૃહીત મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ અને તે છોડવાનો ઉપદેશ

( ગાથા-૧૩ )

एकान्तवाद-दूषित समस्त, विषयादिक पोषक अप्रशस्त ।
कपिलादिरचित श्रुतको अभ्यास, सो है कुबोध बहु देन त्रास ॥ १३ ॥

આત્માને દુઃખનું જે કારણ છે તે છોડવા માટેની આ વાત ચાલે છે. દુઃખનું કારણ બીજું કોઈ નથી પણ જીવનો પોતાનો ઊંધો ભાવ જ દુઃખનું કારણ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય-સ્વરૂપ વસ્તુ અનેકાન્તરૂપ છે. તેને નહિ જાણનારા અજ્ઞાનીઓ દ્વારા રચાયેલ જે શાસ્ત્રો છે તે સમસ્ત એકાન્તવાદથી દૂષિત છે, અને વિષય-કષાયનાં પોષક છે, તથા અપ્રશસ્ત છે એટલે કે સારાં નથી પણ જીવનું અહિત કરનારાં છે, એટલે તે કુશાસ્ત્રો છે; અને તેનો અભ્યાસ, તેની માન્યતા, તેને સાચાં સમજીને તેનું વાંચવું-સાંભળવું એ બધું કુજ્ઞાન છે, તે ગૃહીતમિથ્યાજ્ઞાન છે, અને તે ઘણો જ ત્રાસ દેનારું છે. માટે તેનું સેવન છોડવું જોઈએ.

વીતરાગ સર્વજ્ઞ અર્હન્તદેવે બતાવેલું જે અનેકાન્તમય વસ્તુસ્વરૂપ, તેનાથી વિપરીત કહેનાર શાસ્ત્રો દુનિયામાં ગમે તેવા પ્રસિદ્ધ હોય ને ગમે તેના રચેલાં હોય તોપણ તે કુશાસ્ત્ર છે. નિગોદથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીમાં તો જીવને શાસ્ત્ર વાંચવાનું જ ક્યાં હતું! એટલો ક્ષયોપશમ જ ન હતો. હવે તને ક્ષયોપશમ થયો ને વાંચવા જેટલી બુદ્ધિ મળી, તેમાં જો કુશાસ્ત્રો અને વિષય-કષાયના પોષક શાસ્ત્રોમાં જ બુદ્ધિનો દુરુપયોગ કર્યો તો તારી બુદ્ધિ દુર્બુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. માટે ભાઈ! વીતરાગદેવે કહેલા યથાર્થતત્ત્વને સમજવામાં તારી બુદ્ધિ જોડ.

સર્વજ્ઞ ભગવાન અતીન્દ્રિય-પ્રત્યક્ષ-સંપૂર્ણ જ્ઞાન વડે જગતને સાક્ષાત્ જાણનારા છે, તેઓ કહે છે કે જગતમાં અનંતા ભિન્ન-ભિન્ન જીવો છે; દરેક જીવ જ્ઞાનસ્વરૂપ છે, તે પોતાના અનંત ધર્મો સહિત છે. જીવ ને અજીવ બધા પદાર્થોમાં પોતાપોતાના સ્વાધીન અનંત ગુણ-પર્યાયો છે; તેનો કોઈ કર્તા નથી. સ્વ-પરને જાણે એવો જીવનો સ્વભાવ છે; જાણવું તેમાં રાગ નથી; એટલે આત્મા વીતરાગવિજ્ઞાનનો ઘન છે. આવો જ્ઞાનસ્વભાવી આખો આત્મા છે તે જ હું છું-એમ પોતાને જાણે ત્યારે અનાદિનું અજ્ઞાન ટળે.

જ્ઞાનનું કામ જાણવાનું છે; રાગ-વિકલ્પ કરવા તે કામ જ્ઞાનનું નથી. નિર્વિકલ્પ થઈને આવો જ્ઞાનસ્વભાવ અનુભવમાં લીધો ત્યાં રાગાદિનું કર્તૃત્વ છૂટી જાય છે, ને વીતરાગી આનંદનો અનુભવ થાય છે.-આવા અનુભવ સહિત આત્માને જાણે ત્યારે આત્માને ઓળખ્યો કહેવાય, ને ત્યારે અગૃહીત મિથ્યાત્વ ટળે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અરે, અજ્ઞાનીના બનાવેલા, નાસ્તિકપણાના પોષક કુશાસ્ત્રોને જે સેવે, ઈશ્વરકર્તૃત્વ વગેરે પરાધીનતા બતાવનારા શાસ્ત્રોને જે સેવે, યુદ્ધ વગેરેના શાસ્ત્રોને જે સેવે–એને તો કુજ્ઞાનનું સેવન છે, તેમજ જૈનના નામે રચાયેલા શાસ્ત્રોમાં પણ જેમાં વીતરાગી દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ વિપરીત બતાવ્યું હોય, જેમાં દેવને ખોરાક બતાવ્યો હોય, ગુરુને વસ્ત્ર બતાવ્યા હોય ને સમ્યગ્દર્શન વગર એકલા રાગથી ભવનો છેદ થવાનું કહ્યું હોય—તે શાસ્ત્રોને પણ શંકા વગર કુશાસ્ત્ર સમજવા. આવા કુશાસ્ત્રોના સેવનમાં ગૃહીત મિથ્યાજ્ઞાન છે, ને તે મહા ભવદુઃખ દેનાર છે. માટે એવા કુશાસ્ત્રોનું સેવન છોડવું જોઈએ, ને જેમાં દેવ-ગુરુ-ધર્મનું ને આત્માના હિતનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું હોય એવા વીતરાગી શાસ્ત્રોવડે સત્યસ્વરૂપ સમજીને સમ્યગ્જ્ઞાન કરવું જોઈએ, તે પરમહિતનું કારણ છે;—'જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારણ' એમ આગળ ચોથી ઢાળમાં કહેશે.

❀ ❀ ❀

વીતરાગી શાસ્ત્રો નિજસ્વરૂપનો એવો નિર્ણય કરાવે છે કે હું જ્ઞાન છું, જ્ઞાન જ મારું સ્વરૂપ છે, જ્ઞાન જ મારી ક્રિયા છે. રાગ–દ્વેષને જ્ઞાન ન કહેવાય. જેમ સૂર્યના કિરણમાં અંધકાર નથી તેમ જ્ઞાનસૂર્યનાં કિરણોમાં રાગ-દ્વેષ નથી. જેમ કેવળજ્ઞાનમાં રાગ નથી તેમ મતિ-શ્રુતજ્ઞાનમાં પણ રાગ નથી, જ્ઞાન તો જ્ઞાન જ છે, જ્ઞાન તે રાગ નથી. રાગને જાણવા વખતેય જ્ઞાન તો જ્ઞાન છે, ને રાગ તે રાગ છે; બંને જુદા છે, એક થઈ ગયા નથી.–અહા, આવું ભેદજ્ઞાન તે જ સાચું જ્ઞાન છે. 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન.'

મતિશ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાન બંનેની જાત સરખી છે. મતિશ્રુતજ્ઞાનની તાકાત ભલે અલ્પ, તે અલ્પકાળ રહે ને અલ્પ જાણે, ને કેવળજ્ઞાનની તાકાત અનંત–અપાર, તે અનંત કાળ રહે ને બધું જાણે,–છતાં બંને જ્ઞાન જાણનારસ્વરૂપી જ છે. અધૂરા ને પૂરા તરીકે ભેદ ભલે હો, પણ સ્વરૂપમાં ભેદ નથી, બંને રાગથી જુદા સ્વરૂપવાળા જ છે. એક જ્ઞાન રાગવાળું ને બીજું જ્ઞાન રાગ વગરનું–એમ કાંઈ બે જુદી જાતના જ્ઞાન નથી. બધાય જ્ઞાન રાગ વગરના જ છે. મતિજ્ઞાન હો કે કેવળજ્ઞાન હો–એકકેયમાં રાગ ઘૂસી ગયો નથી, રાગથી તે ભિન્ન જ છે. ભાઈ ! આવા તારા જ્ઞાનને એકવાર નિર્ણયમાં તો લે. આવું જ્ઞાનસ્વરૂપ જે દેખાડે તે શાસ્ત્રો સાચાં; ને જેણે આવું જ્ઞાનસ્વરૂપ નિર્ણયમાં લીધું તેનું શાસ્ત્રભણતર સાચું. સત્શાસ્ત્રોનું રહસ્ય આ છે કે પરથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વભાવને અનુભવમાં લેવો. જ્ઞાનસ્વરૂપના અનુભવમાં બધા શાસ્ત્રોનો નીચોડ સમાઈ ગયો, ને જ્ઞાનચેતના જાગી ગઈ. આવી જ્ઞાનચેતના વડે જ અનાદિનું અજ્ઞાન ટળે છે. આનાથી વિપરીત માનનારને સુશાસ્ત્રોનું રહસ્ય પરિણમ્યું નથી.

જિનશાસ્ત્રો તો વીતરાગવિજ્ઞાનના જ પોષક છે; પણ જેના અભિપ્રાયમાં જ મિથ્યાત્વ હોય તેને શાસ્ત્ર શું કરે ? વીતરાગી શાસ્ત્ર ભણવા છતાં પણ જે કુમતિ ન છોડે તેને મિથ્યાત્વ મટે નહિ; જોકે ખરેખર તે શાસ્ત્ર ભણ્યો નથી, શાસ્ત્રનો ખરો વાચ્યભાવ તેણે જાણ્યો નથી. શાસ્ત્રો પરથી ભિન્ન, ને પોતાના ગુણ–પર્યાયોથી એકત્વરૂપ એવો જ્ઞાનસ્વભાવ બતાવે છે. શાસ્ત્રનો સાર એવો છે કે પરભાવથી જુદા જ્ઞાનસ્વભાવરૂપે પરિણમવું. એ જ ધર્મ ને એ જ મોક્ષમાર્ગ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં વચ્ચે રસ્તામાં જે વ્યવહાર-રાગાદિ હોય તે જાણવાયોગ્ય છે, આદરવાયોગ્ય નથી; આદરવા-યોગ્ય-અનુભવવા યોગ્ય તો પરમ જ્ઞાયકભાવ છે; તેમાં જે ઠર્યો તેને વ્યવહાર રહેતો નથી. અહો, જિનાગમ આવા સર્વોત્કૃષ્ટ પરમ ભાવનો અનુભવ કરાવે છે.—'રચના જિનઉપદેશકી સર્વોત્કૃષ્ટ તીનો કાલ.' કોઈ પણ વીતરાગીશાસ્ત્ર આત્મામાં સન્મુખતા કરાવે છે, ભૂતાર્થસ્વભાવનો અનુભવ કરાવે છે.

દરેક વસ્તુ અસ્તિ નાસ્તિ, નિત્ય-અનિત્ય, એક-અનેક એવા અનંત સ્વભાવો સહિત છે, તેને અનેકાન્ત કહેવાય છે. એવી વસ્તુને સર્વથા ક્ષણિક માનવી અથવા સર્વથા અપરિણામી માનવી તે મિથ્યા મત છે. વસ્તુના સર્વાંગને એટલે કે તેના સર્વ ધર્મોને ન માનતાં એક જ અંગને એકાન્ત પકડતાં વસ્તુ સિદ્ધ થતી નથી.—છ અંધમનુષ્યો જેમ હાથીના પૂછડું, સૂંઢ, કાન વગેરે એકેક અંગને પકડીને તેને જ હાથી માની બેઠા, તેમ અજ્ઞાનીઓ એક સાથે અનંત ધર્મોવાળી વસ્તુને ન જાણતાં નિત્ય કે અનિત્ય એવા એક જ ધર્મરૂપ માને છે પણ નિત્યતા વગર વસ્તુ ટકે નહિ ને અનિત્યતા વગર તેમાં પરિણમન રૂપ કાર્ય થાય નહિ; એ રીતે અનેકાન્ત વડે જ વસ્તુની સિદ્ધિ છે; અનેકાન્તમાં તો ઘણું રહસ્ય છે. વસ્તુના અનેક ધર્મોને તે સાથે ને સાથે રાખીને યથાર્થ વસ્તુસ્વરૂપ પ્રસિદ્ધ કરે છે.–આવું સ્વરૂપ પ્રસિદ્ધ કરે તે શાસ્ત્રો સાચાં.

જે શાસ્ત્રો વિષય-કષાયના પોષક હોય, યુદ્ધ-હિંસા વગેરેની અનુમોદના કરતા હોય, જીવને પરાધીન કહેતા હોય કે રાગથી ને ઇન્દ્રિયજ્ઞાનથી ધર્મ મનાવતા હોય, તો તે પણ કુશાસ્ત્ર છે, તેની માન્યતાથી કુજ્ઞાન પોષાય છે. સ્વ-વિષયરૂપ આખો અતીન્દ્રિય વીતરાગસ્વરૂપ આત્મા, તેનું સ્વરૂપ તે કુશાસ્ત્રો બતાવી શકતા નથી. તેથી એવા કુશાસ્ત્રો અપ્રશસ્ત છે—બૂરા છે, સત્ય સિદ્ધાંત વિરુદ્ધ છે, ને જીવનું ઘણું અહિત કરનાર છે, માટે તેનું સેવન છોડવું જોઈએ.

અહો, સમ્યગ્જ્ઞાનના મહિમાની જગતને ખબર નથી, ને મોટા ભાગના લોકો અજ્ઞાનપૂર્વક ધર્મના નામે રાગને જ ચારિત્ર સમજીને મિથ્યાચારિત્ર સેવી રહ્યા છે. પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વગર સાચું ચારિત્ર કદી હોતું નથી. અને સમ્યગ્જ્ઞાન વગરની ક્રિયાઓ જીવને હિતકર થતી નથી. હજી તો સાચા શાસ્ત્રો કયા ને ખોટા શાસ્ત્રો કયા-તેની જેને ખબર નથી, અને સાચા શાસ્ત્રોના પણ અર્થ સમજતાં જેને આવડતું નથી, ને પોતાની કલ્પનાથી વિપરીત અર્થો કરીને અજ્ઞાનને પોષે છે, તેણે પણ ગૃહીત અજ્ઞાન છોડયું નથી. ભાઈ, અજ્ઞાન મહા દુઃખકર છે, એમ જાણીને હવે તો તેનું સેવન છોડ. આવો અવસર વારંવાર નહિ આવો.

અહો. આ તો સમ્યગ્જ્ઞાન સહિત વીતરાગતાનો માર્ગ છે....તે જ પરમહિતકર છે. મંગલમય-મંગલકરણ વીતરાગવિજ્ઞાન' વીતરાગવિજ્ઞાન વગર જીવનું બીજી કોઈ રીતે હિત થતું નથી; અરિહંત વગેરે ઇષ્ટપદની પ્રાપ્તિ વીતરાગવિજ્ઞાન વડે જ થાય છે. અને એવા વીતરાગ-વિજ્ઞાનનો ઉપદેશ સર્વજ્ઞ દેવે કહેલા અને જ્ઞાની-સન્તોએ રચેલા શાસ્ત્રોમાં જ યથાર્થ છે. અજ્ઞાની-કુમતિઓએ રચેલા કુશાસ્ત્રોમાં વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ હોતો નથી, તે તો રાગ-દ્વેષ-અજ્ઞાનનાં પોષક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગુણ–ગુણી ( જ્ઞાન અને આત્મા ) સર્વથા જુદા નથી છતાં જુદાં માને, જેમકે જ્ઞાન આત્માથી ઉત્પન્ન થતું હોવા છતાં બાહ્ય પદાર્થો વડે જ્ઞાનની ઉત્પત્તિ માને તો તે જીવ ગુણ-ગુણીને સર્વથા જુદા માને છે, આવી ઊંધી માન્યતાના પોષક શાસ્ત્રો તે પણ કુશાસ્ત્રો છે. આત્મા જ જ્ઞાનસ્વરૂપ છે, તેનું જ્ઞાન બહારથી નથી આવતું.

આ જગત કોઈએ બનાવેલું નથી, જગતના જડ ચેતન બધા પદાર્થો અકૃત્રિમ સ્વયંસિદ્ધ છે; તેમ જ દરેક વસ્તુના ગુણો પણ સ્વયંસિદ્ધ છે, કોઈ સંયોગો વડે તે ગુણોની ઉત્પત્તિ થઈ નથી. 'બધું અદ્વૈત–બ્રહ્મ છે ને બીજું કાંઈ સત્ છે જ નહિ, અથવા ઇશ્વર આ જગતના કર્તા–હર્તા છે'–એમ નર્થી, છતાં એમ માનવું તે ગૃહીત મિથ્યાજ્ઞાન છે. અને એવું કહેનારા શાસ્ત્રો તે કુશાસ્ત્રો અજ્ઞાનપોષક છે.

સર્વજ્ઞ–અરિહંતદેવ ખોરાક ખાય, નિર્ગ્રંથમુનિ વસ્ત્રો પહેરે, ભગવાનનેય રોગ થાય ને દવા કરે,—આમ દેવ-ગુરુ-સંબંધી અત્યંત વિપરીત પ્રરૂપણા જેમાં હોય તે પણ ગૃહીત મિથ્યાજ્ઞાનના જ પોષક કુશાસ્ત્રો છે–એમ સમજવું; ને પોતાના હિત માટે તેનું સેવન છોડવું.

એકલી પરજીવની દયાનો ભાવ કે આહારદાનનો ભાવ તે શુભરાગ છે, છતાં તેનાથી મોક્ષ થવાનું કહેવું તે વિપરીત કથન છે. વીતરાગી જૈનસિદ્ધાંતમાં રાગને તો બંધનું જ કારણ કહ્યું છે, શુભરાગ પણ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો વીતરાગી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર જ છે. રાગ વિનાનો અબંધસ્વભાવી ભગવાન આત્મા, તેના આશ્રયે જ ભવનો અભાવ થાય છે. રાગના આશ્રયે કદી પણ ભવનો અભાવ ન થાય; સાચા મુનિને આહારદાન દેવાના ફળમાં ભોગભૂમિ કહી છે પણ મોક્ષ નથી કહ્યો. શ્રેયાંસકુમાર વગેરેને તો આહારદાન વખતે અંદર આત્માના સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન હતા, તે જ મોક્ષનું કારણ થયા છે, આહારદાનનો રાગ કાંઈ મોક્ષનું કારણ નથી થયો. અહા, વીતરાગશાસ્ત્રોએ તો વીતરાગમાર્ગ જ પ્રકાશ્યો છે. તેમાં ઉપચારકથન આવે ત્યાં તેનો આશય સમજીને અર્થ કરવો જોઈએ. વ્યવહાર પરાશ્રિત છે તેથી ત્યાજ્ય છે, નિશ્ચય સ્વાશ્રિત છે તેથી તે આદરણીય છે. વીતરાગી શાસ્ત્રોના કથનમાં ક્યાંય પરસ્પર વિરુદ્ધતા હોતી નથી. શાસ્ત્ર વાંચીને કોઈ પણ પ્રકારે રાગનો કે પરાશ્રયનો પોષક આશય કાઢે તો તે શાસ્ત્રના અર્થને સમજ્યો નથી. શાસ્ત્રો તો પરાશ્રય અને રાગ છોડાવનારાં છે, પોષનારાં નથી.

કોઈ અજ્ઞાની, ભલે સીધી રીતે કુશાસ્ત્રને ન માને પણ સાચા શાસ્ત્રના બહાને પણ કુશાસ્ત્રોના જેવી જ મિથ્યા માન્યતાઓને પોષે તો તેને પણ ગૃહીત અજ્ઞાન છૂટયું નથી. જેમ સત્તાસ્વરૂપમાં કહે છે કે સર્વજ્ઞ અરિહંતદેવ અને બીજા કુદેવ–તેમના વચ્ચે તફાવત ઓળખ્યા વગર, અરિહંતદેવને માને ને બીજાને ન માને તોપણ તેને ગૃહીત મિથ્યાત્વ છૂટયું કહેતાં નથી; દેવનું સાચું સ્વરૂપ ઓળખ્યા વગર ગૃહીત મિથ્યાત્વ છૂટે નહિ; એ જ પ્રમાણે સાચા ગુરુ અને સાચા શાસ્ત્ર બાબતમાં પણ સમજવું.

પરમ સત્ય વીતરાગ માર્ગના પ્રકાશક સર્વજ્ઞ પરમાત્મા અત્યારે વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજે છે. એક બે નહિ પણ લાખો સર્વજ્ઞભગવંતો ત્યાં બિરાજે છે. ત્યાં બહારમાં ગૃહીત મિથ્યાત્વની પ્રવૃત્તિ હોતી નથી, અન્યમતના મંદિરો હોતાં નથી; અંદર જીવોના અભિપ્રાયમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિપરીતતા હોય તે જુદી વાત છે, પણ બહારમાં જૈનમાર્ગથી વિરુદ્ધ માર્ગ ચાલે નહિ. અહીં તો સર્વજ્ઞના વિરહ, મુનિઓનો દુકાળ, વિરાધક જીવો ઘણા ને આરાધક જીવો કોઈક વિરલા, તેમાંય અત્યારે ધર્મના નામે કેટલીયે વિપરીતતા ચાલી રહી છે.... પાણીમાં આગ લાગે તેમ જૈનધર્મના નામે દેવ-ગુરુ-શાસ્ત્રમાં પણ ઘણી વિપરીતતા લોકોમાં ચાલે છે; તેમાંથી યથાર્થ માર્ગ શું છે તે સમજીને મુમુક્ષુ જીવે તેનું સેવન કરવું જોઈએ. ને વિપરીતતાનું સેવન છોડવું જોઈએ.-પોતાનું હિત ચાહતા હોય તેઓ આમ કરો. પોતાના સાચા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે જ પોતાને લાભ છે.

દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપમાં જેને ભૂલ હોય, અથવા બંધ-મોક્ષના કારણમાં જેની ભૂલ હોય, તેને મૂળભૂત ભૂલ છે; સર્વજ્ઞદશા, મુનિદશા વગેરે ઉત્કૃષ્ટદશા પ્રગટતાં કેવી શુદ્ધતા થાય, કેવા આસ્રવ-બંધ ટળી જાય, ને તેના નિમિત્તરૂપ બાહ્યદશા કેવી હોય તેની જેને ઓળખાણ નથી ને વિપરીત મનાવે છે તેને ગૃહીત મિથ્યાત્વ છે. કેવળજ્ઞાન થતાં શરીર પણ દિવ્ય થઈ જાય, ને ત્યાં એવી અસાતાનો ઉદય ન હોય કે ભૂખ લાગે ને રોગ થાય ને ખાવું પડે! મુનિદશાની પવિત્રભૂમિકામાં એવો તીવ્ર કષાય ન હોય કે બે વાર ખાવું પડે કે લુગડાં પહેરવા પડે. ધર્મના જિજ્ઞાસુએ દરેક ભૂમિકાનું યથાર્થ સ્વરૂપ શાસ્ત્ર અનુસાર સમજવું જોઈએ. કેમકે હિતના કારણરૂપ આવા મૂળભૂત તત્ત્વોમાં જેને ભૂલ હોય તે પોતાનું હિત સાધી શકે નહીં.

કેવળીદશામાં આહાર માનતાં, કે મુનિદશામાં વસ્ત્ર માનતાં નવે તત્ત્વોમાં ભૂલ થાય છે. કેમકે તે પવિત્ર દશામાં આવા આસ્રવ-બંધ ન હોવા છતાં માન્યા. તે દશામાં જે સંવર-નિર્જરા છે તેને જાણ્યા નહિ; મોક્ષ થવા માટે કેટલી હદના સંવર-નિર્જરા હોય ને કેટલા આસ્રવ-બંધ છૂટી જાય-તે ન જાણતાં તેનાથી ઓછામાં મોક્ષ મનાવી દીધો, એટલે તેમાં પણ ભૂલ થઈ. જીવને અજીવની સાથે સંબંધની હદ કેટલી છે, ને જીવની શુદ્ધ પર્યાયમાં કષાયનો અભાવ થતાં અજીવ સાથેનો કેટલો સંબંધ છૂટી જાય-તે ન જાણ્યું એટલે જીવ-અજીવના જ્ઞાનમાં પણ ભૂલ થઈ. જેમકે વીતરાગજીવને અજીવ સાથે એવો સંબંધ ન હોય કે વસ્ત્ર અથવા ખોરાક હોય. -આ પ્રમાણે જેને કોઈ મૂળ તત્ત્વમાં વિપરીત માન્યતા છે તેને બધા તત્ત્વોમાં ભૂલ આવી જાય છે. માટે વીતરાગદેવે કહેલા સમયસારાદિ સત્ય શાસ્ત્ર અનુસાર યથાર્થ તત્ત્વોનો નિર્ણય કરીને અજ્ઞાન ટાળવું જોઈએ.

આ પ્રમાણે ગૃહીત મિથ્યાદર્શન ને ગૃહીત મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ બતાવીને તે ટાળવાનો ઉપદેશ આપ્યો. હવે ગૃહીત-મિથ્યાચારિત્ર શું છે તે કહે છે ને તે છોડાવાનો ઉપદેશ આપે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ગૃહીત મિથ્યાચારિત્રનું સ્વરૂપ અને તે છોડવાનો ઉપદેશ

( ગાથા–૧૪ )

**जो ख्याति लाभ-पूजादि चाह धरि करन विविधविध देहदाह ।**
**आतम-अनात्मके ज्ञानहीन जे जे करनी तन करन छीन ॥ १४ ॥**

જેમાં આત્મા–અનાત્માનું ભેદજ્ઞાન નથી, જેમાં ખ્યાતિ લાભ-પૂજાવું વગેરેની ચાહના છે, જે વિવિધ પ્રકારના દેહદાહરૂપ છે—શરીરને કષ્ટ અને પીડા આપવારૂપ અથવા ક્ષીણ કરવારૂપ છે—એવી અજ્ઞાનીની ક્રિયાઓ તે બધું મિથ્યાચારિત્ર છે,—એમ ઓળખીને તે છોડો, અને આત્મહિતના પંથમાં લાગો.

આ અન્યમતની જે મિથ્યા ક્રિયાઓ છે તેની વાત છે. અજ્ઞાનીપણે દ્રવ્યલિંગી થઈ ને પંચમહાવ્રતાદિ શુભક્રિયાઓ કરી તે અગૃહીત મિથ્યાચારિત્રમાં ગઈ. અહીં ગૃહીતની વાત ચાલે છે. જેને સાચા દેવ-ગુરુની ખબર નથી ને કુધર્મોને સેવે છે તેની ક્રિયાઓમાં ખ્યાતિની–પ્રસિદ્ધિની ભાવના પડી જ હોય; કેમકે અંદર ચૈતન્યની પ્રસિદ્ધિ તો થઈ નથી એટલે કોઈ ને કોઈ પ્રકારે બહારમાં પ્રસિદ્ધિ ઇચ્છે છે. ધર્મી તો જાણે છે કે અમારું કામ અમારા અંતરમાં થઈ જ રહ્યું છે, ત્યાં જગતમાં પ્રસિદ્ધિનું શું કામ છે? જગત જાણે કે ન જાણે તેની સાથે અંતરના અનુભવનો સંબંધ ક્યાં છે? એ જ રીતે અજ્ઞાનીને અંતરમાં કષાયોને ક્ષીણ કરવાની તો ખબર નથી એટલે બહારમાં દેહની ક્ષીણતાને કે દેહના કષ્ટને તે ચારિત્ર સમજે છે. દેહની ક્રિયા તો અજીવ છે ને ચારિત્ર તો જીવની ક્રિયા છે,–આમ જીવ–અજીવની ભિન્નતાનું જેને ભાન નથી તેને સાચું ચારિત્ર કદી હોતું નથી–ભલે દેહને સૂકવી નાંખે પણ એને ધર્મનો કિંચિત્ લાભ થતો નથી. અજ્ઞાની કુદેવાદિને માનતો થકો ભલે રાગની જરાક મંદતા કરીને શુભભાવ કરે, તેમાં દેહની કૃશતા થાય પણ કષાયની કૃશતા નથી થતી, કષાયોની તો મિથ્યાત્વને લીધે પુષ્ટિ થાય છે. કષાયોથી ભિન્ન શાંતસ્વરૂપ આત્માને જાણ્યા વગર કષાયો ક્ષીણ થાય નહિ.—એના તપ તે કુતપ છે, એની ક્રિયાઓ તે ગૃહીત મિથ્યાચારિત્ર છે.—આમ જાણીને પોતામાં એવો ભાવ હોય તો તે છોડવો–એમ ઉપદેશ છે.

ભેદજ્ઞાન વગર ચારિત્ર હોતું નથી. સ્વ-પરનું ભેદજ્ઞાન કરીને તેની ઉગ્ર ભાવના વડે સ્વમાં ઠરતાં ચારિત્ર થાય છે. નિયમસાર ગાથા ૮૨ માં કહે છે–જીવ અને કર્મની ભિન્નતા જાણીને, તેના ભેદના અભ્યાસ વડે જીવને મધ્યસ્થતા થાય છે અને તેથી તેને ચારિત્ર થાય છે. ગાથા ૧૦૬ માં પણ કહે કે જીવ સદાય જીવ અને કર્મના ભેદનો (જુદાઈનો) અભ્યાસ કરે છે તે જ પચ્ચખ્ખાણ ધારવામાં સમર્થ થાય છે. આ રીતે ભેદજ્ઞાનનો અભ્યાસ તે જ ચારિત્રનું મૂળ છે.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, અને અનાત્મા એટલે શરીર તથા રાગાદિ; તેમની ભિન્નતાને જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઓળખતો નથી તેને આત્માની તો પ્રસિદ્ધિની ખબર નથી ને લૌકિક પ્રસિદ્ધિ ખાતર તપ વગેરે કરે છે, દેહને ક્ષીણ કરી નાંખું તો કલ્યાણ થશે-એમ દેહ સાથે એકત્વબુદ્ધિથી માને છે ને તેથી દેહને પીડા ઉપજાવવા જે તે પ્રકારની મિથ્યાક્રિયાઓ કરે છે પણ કષાયો કેમ અટકે તે તો જાણતો નથી, તેની બધી ક્રિયાઓ અજ્ઞાન ભરેલી છે, તે આત્માને લાભ કરનારી નથી, તે ક્રિયાને તો 'મોક્ષની કાતરણી' કહી છે; એની ક્રિયાઓમાં આત્માની શાંતિ નથી પણ દેહનો દાહ છે, અંદર કષાયનો દાહ છે ને બાહ્યમાં દેહનો દાહ છે. ચૈતન્યની શાંતિના અનુભવ વગર કષાયની બળતરા કેમ મટે? જેને અકષાયી શાંતિનું વેદન નથી તેને અંદર કષાયની બળતરા પડી જ છે.

જેમાં આત્માની વીતરાગતા પુષ્ટ થાય, આનંદ વધે ને કષાયો ક્ષીણ થાય તેને ચારિત્ર કહે છે; આ ચારિત્ર આત્માની દશામાં રહે છે, દેહની ક્રિયામાં આત્માનું ચારિત્ર નથી રહેતું. જોકે મુનિપણારૂપ ચારિત્રદશા વખતે દિગંબર જ શરીર હોય પણ ચારિત્ર કાંઈ તે શરીરમાં નથી રહેતું, ચારિત્ર તો આત્મામાં જ રહે છે. આત્મસ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. પણ દેહથી ભિન્ન આત્મા શું છે-તેની જેને ખબર નથી, દેહની ક્રિયા કઈ ને આત્માની ક્રિયા કઈ તેનું જેને ભાન નથી, એને ચારિત્ર કેવું? કદાચ તે શુભરાગ કરે પણ તે કાંઈ ધર્મ નથી, તે ચારિત્ર નથી. ધર્મ અને ચારિત્ર તે તો ચૈતન્યની શ્રદ્ધા કરીને તેમાં ઠરવું તે છે. તેના વગર ગમે તેટલા કાયક્લેશ કરે તોપણ આત્માની પુષ્ટિ તેમાં નથી; દેહની ક્ષીણતા તે મારી ક્રિયા છે એવી મિથ્યા જડબુદ્ધિથી તો આત્માના ગુણની દશા ક્ષીણ થાય છે-કષાય તો ક્ષીણ થતા નથી. દેહની ક્ષીણતાથી એને શું લાભ?

શુદ્ધ આત્માનું ઉગ્રપણે પ્રકાશવું તે તપ છે. શુભરાગનો વિકલ્પ પણ જેનાથી બાહ્ય, અનાત્મા છે એવા આત્મસ્વરૂપના ભાન વિના તપ કેવો? તપમાં તો અંદરના શાંત અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. અતીન્દ્રિય આનંદમાં લીનતા આડે આહારાદિની વૃત્તિ જ ન ઊઠે તે ઉપવાસ તપ છે. આવી શુદ્ધતાના અનુભવ વગર એકલા રાગરૂપ બાહ્યતપ કરીને અજ્ઞાની નવમી ગ્રૈવેયક સુધી ગયો; તે વખતે ગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો તો તેને ત્યાગ હતો, કેમકે તેના ત્યાગ વગર ગ્રૈવેયકમાં જાય નહીં. વસ્ત્રસહિત જે ચારિત્રદશા માને તેને તો ગૃહીત-મિથ્યાચારિત્ર છે, તે તો ગ્રૈવેયકમાં જાય નહિ; અનેક પ્રકારના ગૃહીત મિથ્યાત્વાદિને છોડીને દિગંબર સાધુ થઈ, પંચમહાવ્રત પાળી નવમી ગ્રૈવેયક ગયો પણ આત્માના અનુભવ વગર જીવનો સંસાર મટ્યો નહીં, ને મોક્ષ થયો નહીં; કેમકે તેણે અગૃહીત મિથ્યાત્વાદિ છોડ્યા નહીં અને શુભરાગના વેદનને ચારિત્ર માનીને તેના જ વેદનમાં તે અટકી ગયો, રાગથી ભિન્ન આત્માનું વેદન તેણે ન કર્યું.

સમ્યગ્જ્ઞાન સહિતની વીતરાગતામાં જ સાચું 'જ્ઞાનતપ' (ચૈતન્ય-પ્રતપન) છે; તે સિવાય દેહબુદ્ધિથી જે કાંઈ કરે તે બધા 'બાલતપ' (અજ્ઞાન તપ) છે, તેનાથી ધર્મનો કાંઈ લાભ નથી, પણ તેને ધર્મ માનતાં મિથ્યાત્વરૂપ મોટું નુકશાન થાય છે. અહા, ચારિત્રદશા તો જગત્ પૂજ્ય, મહાન આનંદરૂપ છે, તેમાં ક્લેશ કેવો? મોક્ષમાર્ગનું ચારિત્ર કોને કહેવું તેની ઘણાને ખબર નથી; અત્યારે તો એવા ચારિત્રવંત સાધુને દેખવા પણ દુર્લભ છે. ચારિત્ર તે તો ઉત્તમ સંવર ને નિર્જરા છે; ચારિત્રવંત મુનિ તે સિદ્ધપ્રભુના પાડોશી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, ચારિત્ર તેનો વીતરાગભાવ છે, પુણ્ય-પાપ આસ્રવ છે, દેહની ક્રિયાઓ જડ છે-આમ તત્ત્વોની ભિન્નતાના ભાન વગર સાચું ચારિત્ર હોતું નથી. સમ્યગ્દર્શન વગરની બધી પ્રવૃત્તિ તે મિથ્યાચારિત્ર છે. ચારિત્ર તે તો વીતરાગભાવરૂપ ધર્મ છે. ચારિત્રના આનંદ પાસે પુણ્યને પણ ધર્મી જીવ હેયરૂપ જાણે છે. જે સીધી રીતે વિષયોની ભાવના સહિત તપાદિ કરે તેને તો પાપનું પોષણ છે, પણ શુભભાવથી કરે તોપણ કહે છે કે જો આત્માની ખબર નથી તો કયાંક ઊંડે માનાદિની વૃત્તિ પડી જ છે. જે ગ્રૈવેયકમાં જાય છે તેના માનેલા દેવ-ગુરુ તો સાચા છે, ને તેનેય મનમાં માયાચાર નથી, કે કોઈને દેખાડવા કરતો નથી, પણ ભેદજ્ઞાન વગર ઊંડે (સૂક્ષ્મ અભિપ્રાયમાં) રાગની મીઠાસ પડી છે, સૂક્ષ્મ રાગના વેદનમાં ધર્મબુદ્ધિ છે એટલે રાગથી જુદો પડીને સ્વભાવને અનુભવતો નથી. અને રાગને જે ધર્મ માને તે રાગના ફળની ઇચ્છા કેમ છોડે? ન જ છોડે.—માટે કુંદકુંદ સ્વામી કહે છે કે તે અજ્ઞાની જીવો ભોગહેતુ ધર્મને (પુણ્યને) સેવે છે, પણ મોક્ષહેતુ ધર્મને (સમ્યગ્દર્શનાદિને) જાણતા નથી.-એવા જીવો પણ સંસારમાં જ રખડે છે; તો પછી જેઓ મિથ્યાત્વપોષક કુદેવ-કુગુરુ-કુધર્મનું સેવન કરે છે તેઓ તો ગૃહીત મિથ્યા-શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી સંસારમાં ઘણો ત્રાસ પામે છે-ઘણું દુઃખ પામે છે. માટે હે જીવ! એવા મિથ્યાભાવોને તું છોડ.

જેને સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન નથી તેને, આત્મા કેમ પ્રસિદ્ધ થાય તેની તો ખબર નથી એટલે કયાંક બહારમાં પ્રસિદ્ધિની (જશ—આદરસત્કાર વગેરેની) ભાવના પડી છે. ધર્મીને તો સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદના સ્વાદસહિત ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો છે;—ને તે જ ખરી પ્રસિદ્ધિ છે—જેને 'આત્મપ્રસિદ્ધિ' કહેવાય છે. જગતમાં પ્રસિદ્ધિ થાય તોય તેમાં આત્માને શું લાભ? ભાઈ, અંદર તારામાં પોતામાં તો તેં તારા આત્માની પ્રસિદ્ધિ કરી નથી, પછી બહારમાં પ્રસિદ્ધિ થાય તોય તેમાં તને શું લાભ? અને જો સ્વાનુભૂતિ વડે આત્મા પોતે પોતામાં પ્રસિદ્ધ થયો તોપછી જગતમાં બીજા પાસેથી પ્રસિદ્ધિ મેળવવાનું શું કામ છે? [એકવાર પૂ. ગુરુદેવને એમ થયું કે 'અત્યારે લોકોમાં સાધારણ પૂર્વભવના સ્મરણવાળાની પણ ખૂબ પ્રસિદ્ધિ થાય છે—તો પૂ. ચંપાબેનને તો ચાર ભવનું વિશુદ્ધ જાતિસ્મરણજ્ઞાન છે, તે વાત પ્રસિદ્ધ થાય....' જ્યારે પૂ. બેનશ્રીને તે વાત કરી ત્યારે તેમના મુખથી સહજપણે માત્ર એક વાકયના ઉદ્ગાર નીકળ્યા કે 'જગતમાં પ્રસિદ્ધિનું શું કામ છે?' ગુરુદેવ જ્યારે તે વખતની ગંભીર ચેષ્ટાના વર્ણન સહિત એ પ્રસંગ કહે છે ત્યારે જગપ્રસિદ્ધિથી દૂર એવા સંતો પ્રત્યે ભક્તોનું હૃદય ભક્તિથી નમી પડે છે. કોઈ સુયોગે એ પ્રસંગે આ લેખકની પણ ગુરુચરણોમાં ઉપસ્થિતિ હતી, ને એ પ્રસંગના સાક્ષાત્ દર્શનથી જ્ઞાનીની અનુભૂતિનો મહિમા તાદૃશરૂપ થતો હતો.] ખરેખર, અંદરની સ્વાનુભૂતિમાં ભગવાન આત્મા પોતે પ્રસિદ્ધ થયો છે ત્યાં બાહ્યપ્રસિદ્ધિનું શું કામ છે! અહીં તો કહે છે કે જેને આત્માની પ્રસિદ્ધિ થઈ નથી,—જેનો આત્મા મોહથી ઢંકાયેલો છે, તે જે મિથ્યા આચરણ કરે છે તે બધું ગૃહીત મિથ્યા-ચારિત્ર છે; તેને દુઃખનું કારણ જાણીને હે જીવ! તું છોડ....ને આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવડે પ્રસિદ્ધ કર.—એ વાત હવેની છેલ્લી ગાથામાં કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# હે જીવ ! મિથ્યાત્વાદિને છોડીને હવે આત્મહિતમાં લાગ

ઘણા કાળ સુધી મિથ્યાભાવોને લીધે તું સંસારમાં દુઃખી થયો, પણ હે ભાઈ ! હવે તે દુઃખથી છૂટવા માટે આત્મહિતનો માર્ગ સંતોએ તને બતાવ્યો, માટે મિથ્યાભાવોને રોમેરોમથી છોડી દે અને હિતપંથમાં આત્માને જોડ-એમ કહે છે—

( ગાથા-૧૫ )

**ते सब मिथ्याचारित्र त्याग, अब आतमके हित पंथ लाग ।**
**जगजाल-भ्रमणको देहु त्याग, अब दौलत निज आतम सुपाग ॥**

જીવને ચાર ગતિના સર્વ દુઃખોનું કારણ જે મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર તે બતાવીને શ્રીગુરુ કહે છે કે હે જીવ ! આવા દુઃખદાયક મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને તું છોડ, અને સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરીને આત્મહિતના પંથમાં લાગ. અનાદિથી મિથ્યાત્વાદિ ભાવોને સેવીને દુઃખી થયો, હવે તો આત્માના હિતનો ઉપાય કર !-'अब आतमके हितपंथ लाग.' આ જગતની જાળમાં ભટકવાનું છોડી દે અને ચૈતન્ય દોલતથી ભરપૂર એવા નિજાત્મામાં લીન થા. કવિ પોતાને સંબોધીને કહે છે કે હે **दौलत** ! તું પોતાના આત્માને આરાધવામાં લીન થા, ને સંસારની જંજાળને છોડ.

અહા, જીવોને હિતપંથમાં જોડવા માટે સંતો કેવી કરુણાથી ઉપદેશ આપે છે ! મિથ્યાત્વાદિ ભાવો તે જ જગતની જાળ છે, તેમાં અટવાયેલો જીવ ચાર ગતિમાં રખડે છે ને દુઃખી થાય છે. તેને દુઃખથી છોડાવવા ને સુખ પ્રાપ્ત કરાવવા માટે આ વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ શ્રીગુરુ આપે છે.

'तातैं दुःखहारी सुखकार, कहैं सीख गुरु करुणाधार'
'ताहि सुनो भवि मन थिर आन, जो चाहो अपनो कल्यान ।'

ભાઈ ! તારા કલ્યાણને માટે તું આ ઉપદેશ અંગીકાર કર. આત્મહિતના અભિલાષી મુમુક્ષુ જીવો ગૃહીત-અગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને છોડીને અને શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંગીકાર કરીને આત્મ-કલ્યાણના માર્ગમાં લાગો; પરાશ્રયભાવરૂપ આ સંસારમાં ભટકવાનું છોડો, મિથ્યાત્વાદિ ભાવોનું સેવન છોડો. સાવધાન થઈને આત્માને રત્નત્રયધર્મની આરાધનામાં જોડો.

શ્રી કુંદકુંદસ્વામી નિયમસારમાં કહે છે કે—

મિથ્યાત્વ-આદિક ભાવ રે ! ચિરકાળ ભાવ્યા છે જીવે;
સમ્યક્ત્વ-આદિક ભાવને ભાવ્યા નથી પૂર્વે જીવે. (૯૦)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે જીવ! હવે એવા મિથ્યાત્વાદિ દુ:ખદાયી ભાવોને છોડ, ને આત્માના કલ્યાણના માર્ગમાં લાગી જા. અરે, હું તો દેહથી ને રાગથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ છું—એમ શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ કરીને આત્મહિતમાં લાગી જા. ભાઈ! આવું મનુષ્યપણું પામીને તેં આત્માને મેળવ્યો કે નહીં? તારા આત્માનો ઉદય તેં કર્યો કે નહીં?-કે પારકી ચિન્તામાં જ જીવન વીતાવ્યું? અરે, અત્યાર સુધી આત્માને ભૂલીને મિથ્યાભાવોના સેવન વડે પોતે પોતાનું અહિત કર્યું; અને તેમાંય કુદેવ-કુગુરુ-કુધર્મના સેવનથી તો આત્માનું ઘણું જ અહિત થયું ને દુ:ખ ભોગવ્યું. માટે હવે હે જીવ! તું સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખીને સમ્યક્ત્વાદિ ભાવો પ્રગટ કર.-એમ કરવાથી તારું પરમ હિત થશે.

અરે, ઘણા જીવો તો એવા છે કે ભગવાને કહેલા વીતરાગ વિજ્ઞાનને તો ઓળખતા નથી, અને મૂઢતાને લીધે એમ સમજે છે કે અમે કંઈક તત્ત્વજ્ઞાન કરીએ છીએ,-પણ ઊલટું કુગુરુઓના નિમિત્તથી વિપરીત વિચારમાં જ શક્તિ ગુમાવીને મિથ્યાત્વને પુષ્ટ કરે છે. એવા જીવોને તો સમ્યક્દર્શન વગેરેની પ્રાપ્તિનો અવકાશ જ નથી.

હવે કદાચિત થોડીક વિવેકબુદ્ધિ પ્રગટ કરે ને કુદેવ-કુગુરુ-કુધર્મ પાસેથી છૂટીને સાચા વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પાસે આવે, તો ત્યાં પણ તે દેવ-ગુરુ શુદ્ધાત્માના અનુભવનો જે નિશ્ચય ઉપદેશ આપે છે તેને તો તે ઓળખતો નથી, ને માત્ર વ્યવહારશ્રદ્ધા કરીને, ખરેખર અતત્ત્વ-શ્રદ્ધાળુ જ રહે છે; જોકે તેને મિથ્યાત્વાદિની મંદતા થઈ છે તે અપેક્ષાએ દુ:ખ પણ મંદ છે, પણ સમ્યગ્દર્શન વડે આત્માના આનંદનો અનુભવ થયા વગર દુ:ખ કદી મટે નહિ; મંદ-તીવ્ર થયા કરે પણ તેનો અભાવ ન થાય; માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સિવાય જીવ બીજા જે ઉપાય કરે તે બધા જૂઠા છે. સાચો ઉપાય શું છે?-કે વીતરાગ-વિજ્ઞાન, એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

અરે, જીવને પોતાને પ્રત્યક્ષ જે દુ:ખ વેદાઈ રહ્યું છે તે પોતાનું દુ:ખ પણ જેને ન ભાસે, તો બીજા તેને કઈ રીતે બતાવશે? પોતાના પરિણામ જોવા જેટલી ધીરજ ને વિશુદ્ધતા હોવી જોઈએ. ભાઈ, જરાક ધીરો થઈને અંતરમાં વિચાર કે શાસ્ત્રો જે દુ:ખોનું વર્ણન કરે છે એવું દુ:ખ તારામાં વેદાય છે કે નહિ? તારાં દુ:ખને અને દુ:ખનાં કારણોને જાણ; અને તેનાથી છૂટવા આ મનુષ્યજીવનને ધર્મસાધનમાં લગાવ, તો તને મોક્ષસુખ મળશે. મોક્ષસુખ મનુષ્યપણામાં જ સાધી શકાય છે; પણ જો મોક્ષસાધનને બદલે વિષયોમાં જ મનુષ્યપણું ગુમાવી દઈશ તો તું પસ્તાઈશ.

અરે, શ્રીગુરુ વારંવાર સમજાવે છે પણ જીવ સમ્યક્ પરિણમન કરતો નથી. અંદર ઊંડો વિચાર જ કરતો નથી. ભાઈ, નિજહિત કેમ થાય તેની તું વિચારણા કર. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પં. ટોડરમલ્લજી કહે છે કે-'ભલું થવાયોગ્ય હોવાથી જીવને એવો વિચાર આવે છે કે હું કોણ છું? ક્યાંથી આવી અહીં જન્મ ધર્યો છે? મરીને ક્યાં જઈશ? મારું સ્વરૂપ શું છે? આ ચારિત્ર કેવું બની રહ્યું છે? મને જે આ ભાવો થાય છે તેનું ફળ શું આવશે? તથા આ જીવ દુ:ખી થઈ રહ્યો છે તો એ દુ:ખ દૂર થવાનો ઉપાય શું છે? આટલી વાતનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્ણય કરીને જેથી પોતાનું હિત થાય તે જ કરવું.'–આમ વિચારપૂર્વક તે જીવ ઉદ્યમવંત થાય છે. અતિ પ્રીતિપૂર્વક શ્રવણ કરીને ગુરુએ કહેલા વસ્તુસ્વરૂપને પોતાના અંતરમાં વારંવાર વિચારે છે; અને સત્ય સ્વરૂપનો નિશ્ચય કરીને તેમાં ઉદ્યમી થાય છે...ને આ રીતે વીતરાગ-વિજ્ઞાન વડે પોતાનું કલ્યાણ સાધે છે.

જિજ્ઞાસુ જીવોના કલ્યાણ માટે વીતરાગવિજ્ઞાનનો આ ઉપદેશ છે. તેમાં દુઃખનાં કારણરૂપ મિથ્યાત્વાદિનું સ્વરૂપ ઓળખાવીને તેનો નિષેધ કર્યો છે; તેમાં પ્રયોજન એ છે કે તે મિથ્યાત્વના પ્રકારોને ઓળખીને પોતામાં કોઈ એવો દોષ હોય તો તે દૂર કરી સમ્યક્ શ્રદ્ધા પ્રગટ કરવી; પણ કોઈ અન્યના એવા દોષ જોઈ કષાય ન કરવો; કારણ કે પોતાનું ભલું-બૂરું તો પોતાના પરિણામોથી જ થાય છે. પોતાના હિત માટે, સર્વ પ્રકારના મિથ્યાભાવ છોડીને સમ્યગ્દ્રષ્ટિ થવું યોગ્ય છે. મિથ્યાત્વ તે સંસારનું મૂળ કારણ છે; રાગ-દ્વેષ શુભાશુભ પરિણામ તે પણ દુઃખ છે, તે પણ સંસારનું કારણ છે. આવા મિથ્યાત્વ અને રાગ-દ્વેષ દુઃખરૂપ જાણીને, હે જીવો! હવે તો તેનું સેવન છોડો; ને આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં લીનતાનો ઉદ્યમ કરો.

હે ચૈતન્ય-દોલતવાળા દૌલતરામ! હે આતમરામ! તું તારા અનંતગુણનિધાનની દોલતને સંભાળ. આ સોનાચાંદીની દોલત જડ, એ તો તારાથી જુદી છે; તારો આત્મા કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ દોલતથી ભરપૂર છે; તેને ઓળખીને તારા નિજનિધાનને સંભાળ.–આ રીતે ગ્રંથકાર કવિ દૌલતરામજી પોતે પોતાને પણ સંબોધે છે ને બીજાને પણ તેવો ઉપદેશ આપે છે. ભાઈ, તારામાં તો કેવળજ્ઞાન ને સિદ્ધપદ પ્રગટવાની તાકાત છે, પણ પોતાને ભૂલીને તું ભવમાં ભટક્યો. માટે હવે તો બીજી બધી પંચાત છોડીને, જગતની જંજાળ છોડીને તું આત્મહિતના ઉદ્યમમાં લાગ...રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને પ્રગટ કર. એ માર્ગનું વર્ણન હવેની ઢાળમાં કરશે.

અહા, વીતરાગી સંતો કરુણાપૂર્વક કહે છે કે હે ભાઈ! '**अब आतमके हितपन्थ लाग.**' બાપુ તારો ઘણો કાળ દુઃખમાં ચાલ્યો ગયો, હવે તો સાવધાન થઈને આત્માનું હિત કર. હિત કરવાનો આ અવસર છે. આ ઉત્તમ અવસરને ચુકીશ ના. રાગ દુઃખદાયક હોવા છતાં તેને સુખદાયક માનીને સેવ્યો, ને સમ્યગ્દર્શનપૂર્વકનો વીતરાગી ચારિત્રધર્મ આનંદદાયક હોવા છતાં તેને દુઃખદાયક માન્યો,—એ પ્રમાણે બંધ-મોક્ષના કારણોમાં ભૂલ કરી એટલે તત્ત્વશ્રદ્ધામાં વિપરીતતા થઈ. એ તત્ત્વની ભૂલરૂપ મિથ્યાત્વ છોડીને, યથાર્થ તત્ત્વ ઓળખીને સમ્યગ્દર્શન પ્રગટ કરીને અંતરમાં મોક્ષમાર્ગ પ્રગટ કરવો; તે માટે હે આત્મા! તું સાવધાન થા.

સાચા જૈન વીતરાગમાર્ગ સિવાય બીજા માર્ગને માનવો તે તો ગૃહીતમિથ્યાત્વ છે,—તેમાં તીવ્ર ઊંધાઈ છે; ને જૈનમાર્ગમાં આવીને પણ, જો પોતે અંતરમાં સર્વજ્ઞદેવે કહેલા નવતત્ત્વોનો નિર્ણય કરીને આત્માનો અનુભવ ન કરે તો અનાદિનું મિથ્યાત્વ ટળતું નથી. તેથી આ અધિકારમાં સાત તત્ત્વોની શ્રદ્ધામાં જીવની ભૂલ બતાવીને તે છોડવાનો ઉપદેશ દીધો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદદાયક છે ને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર મહા દુઃખદાયક છે; માટે એ બંનેને બરાબર ઓળખીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ગ્રહણ કરો, ને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને છોડો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનીઓ કરુણાથી ઉપદેશ કરે છે કે હે ભાઈ ! હે ભવ્ય ! અહીં સંસારમાં જે દુઃખો બતાવ્યાં, તથા તેના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવો બતાવ્યાં, તેનો અનુભવ તને થાય છે કે નહીં ? તું જે ઉપાયો અત્યાર સુધી કરતો હતો તેનું જૂઠાપણું દર્શાવ્યું તે તેમજ છે કે નહિ ? તથા સમ્યક્દર્શનાદિ વડે સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થતાં પરમ સુખ થાય–એ વાત બરાબર છે કે નહીં ?–આ બધું તું વિચારી જો. અને ઉપર કહ્યા પ્રમાણે જ તને પ્રતીતિ આવતી હોય તો સંસારથી છૂટીને સિદ્ધપદ પામવાના અમે જે ઉપાય કહીએ છીએ તે કર ! વિલંબ ન કર. એ ઉપાય કરવાથી તારું કલ્યાણ જ થશે.

* * *

મિથ્યાત્વાદિ સેવતાં થયું જીવને દુઃખ;<br>
તે છોડી સમ્યક્ ભજો થાયે સાચું સુખ.<br>
એવું સમ્યક્ સેવીએ જગતમાં જે સાર,<br>
વીતરાગવિજ્ઞાનથી થઈએ ભવથી પાર.

આ રીતે પં. શ્રી દૌલતરામજી રચિત છ-ઢાળામાં દુઃખનાં કારણરૂપ મિથ્યાશ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રનું વર્ણન કરીને તે છોડવાનો ઉપદેશ દેનાર બીજા અધ્યાય પર પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો પૂર્ણ થયા.

હવે આપ વાંચશો–વીતરાગવિજ્ઞાન–પ્રશ્નોત્તરી

* જો ક્રોધાગ્નિ વડે મન કલુષિત થઈ જાય તો, નિરંજનતત્ત્વની આવી ભાવનારૂપ નિર્મળ જળ વડે આત્માનો અભિષેક કરવો;—કે જ્યાં જ્યાં જોઉં ત્યાં કંઈ પણ મારું નથી; હું કોઈનો નથી ને કોઈ મારું નથી. ( આવી તત્ત્વભાવના વડે ક્રોધ શાંત થઈ જાય છે. )

( શ્રી પાહુડ દોહા )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ॥ વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તરી ॥

વીતરાગવિજ્ઞાનના પહેલા પુસ્તકમાં છહઢાળાના પ્રથમ અધ્યાયના પ્રવચનોમાંથી દોહન કરીને ૨૦૦ પ્રશ્નો અને તેના ઉત્તર આપવામાં આવ્યા હતા; ટૂંકી ભાષામાં ને સુગમ શૈલીમાં આ પ્રશ્ન-ઉત્તર સર્વે જિજ્ઞાસુઓને ગમ્યા છે ને છહઢાળાનો અભ્યાસ કરવામાં વિશેષ ઉપયોગી થયા છે. તે જ પ્રમાણે આ બીજા ભાગમાં પણ બીજા અધ્યાયના દોહનરૂપ ૨૪૦ જેટલા ઉપરાંત પ્રશ્ન-ઉત્તર આપવામાં આવ્યા છે.

૨૦૧ જીવને ઇષ્ટ શું છે?....દુઃખથી છૂટવું ને સુખી થવું તે.

૨૦૨. જીવને દુઃખનું કારણ શું છે?
મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર તે દુઃખનું કારણ છે.

૨૦૩. સંસારની કઈ ગતિમાં દુઃખ છે?...સંસારની ચારેય ગતિમાં દુઃખ છે.

૨૦૪. નરકમાં છેદન-ભેદન, ઠંડી-ગરમીનું દુઃખ છે-એ ખરું?
ના, એ સંયોગની વાત છે; ખરું દુઃખ જીવના મિથ્યાત્વાદિ ભાવોનું છે.

૨૦૫. આ જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ કઈ છે?....વીતરાગ-વિજ્ઞાન.

૨૦૬. વીતરાગવિજ્ઞાન ન હોય તો શું થાય?....તો જીવ દુઃખી થાય.

૨૦૭. જીવને દુઃખ દેનાર મોટો શત્રુ કોણ?....મિથ્યાત્વ તે મહાદુઃખ દેનાર શત્રુ છે.

૨૦૮. તેનાથી બચવા માટે ઢાલ કઈ?
વીતરાગવિજ્ઞાન તે મિથ્યાત્વશત્રુથી બચવા માટેની મજબૂત ઢાળ છે.

૨૦૯. દુઃખથી બચવા શું કરવું?...તેના કારણરૂપ મિથ્યાત્વાદિને ઓળખીને તેનું સેવન છોડવું.

૨૧૦. નિગોદથી નવમી ગ્રૈવેયક સુધી અજ્ઞાનીએ શું કર્યું?
ચારે ગતિના અવતારમાં દુઃખ ભોગવ્યાં.

૨૧૧. નરકમાં તો જીવ દુઃખી થયો, પણ સ્વર્ગમાં?
—ત્યાં પણ અજ્ઞાનથી તે દુઃખી જ થયો.

૨૧૨. સુખ ક્યાં છે?...જ્યાં જ્યાં સમ્યક્ત્વાદિ છે ત્યાં જ સુખ છે.

૨૧૩. દુઃખ ક્યાં છે?...જ્યાં જ્યાં મિથ્યાત્વાદિ છે ત્યાં જ દુઃખ જ છે.

૨૧૪. નરકમાં દુઃખનું કારણ શું છે?
ત્યાં પણ જીવના મિથ્યાત્વાદિ ભાવો જ દુઃખનું કારણ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૧૫. સ્વર્ગમાં દુઃખનું કારણ શું છે?
ત્યાં પણ જીવના મિથ્યાત્વાદિ ભાવો જ દુઃખનું કારણ છે.

૨૧૬. નિગોદમાં જીવ કેમ રહે છે?....એના ભાવકલંકની અત્યંત પ્રચુરતાને લીધે.

૨૧૭. જડ કર્મો જીવને દુઃખ આપે છે?
ના; એ તો દુઃખમાં માત્ર નિમિત્ત છે; ખરું દુઃખ જીવના પોતાના ઊંધા ભાવનું છે. કર્મ તો જડ છે, જીવથી ભિન્ન છે. ભિન્ન વસ્તુ સુખ-દુઃખ આપે નહીં.

૨૧૮. કર્મ કઈ રીતે બંધાયું?....જીવના ઊંધા ભાવ અનુસાર.

૨૧૯. કર્મ અને સંસારભ્રમણ કેમ છૂટે?
જીવ પોતાનો ઊંધો ભાવ છોડીને સમ્યક્ત્વાદિ કરે તો કર્મ છૂટે ને સંસારભ્રમણ મટે.

૨૨૦. આચાર્યભગવાન અને સંતો શેનો ઉપદેશ દે છે?
તેઓ વારંવાર કહે છે કે રે જીવ! મિથ્યાત્વને વશ તેં ઘણાં ઘણાં દુઃખો ભોગવ્યા, માટે હવે તો તે મિથ્યાત્વાદિને છોડ....છોડ!

૨૨૧. સંસારમાં રખડતા જીવે કોઈવાર દયા પાળી હશે?
હા, દયાના શુભભાવ તેણે અનંતવાર કર્યા.

૨૨૨. દયા કરવાથી શું થયું?
પુણ્યને લીધે તે સ્વર્ગમાં ગયો, પરંતુ ત્યાં પણ અજ્ઞાનથી તે દુઃખી જ થયો.

૨૨૩. સંસારમાં રખડતા જીવે શું ન કર્યું?
શુભ-અશુભ બંનેથી પાર પોતાનું સ્વરૂપ ન જાણ્યું.

૨૨૪. મિથ્યાત્વ એટલે શું?
આત્માને ભૂલીને, દેહમાં ને રાગમાં એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે.

૨૨૫. આવા મિથ્યાત્વનું સ્વરૂપ સમજીને શું કરવું?
તેને છોડવું ને સમ્યક્ત્વ કરવું.

૨૨૬. સંયોગ દુઃખનું કારણ છે કે સંયોગીબુદ્ધિ?
સંયોગીબુદ્ધિ દુઃખનું કારણ છે, સંયોગ નહિ.

૨૨૭. જીવે ચાર ગતિમાં સૌથી ઓછા ભવ શેમાં કર્યા?....મનુષ્યગતિમાં.

૨૨૮. મનુષ્યગતિમાં કેટલા ભવ કર્યા?....અનંત

૨૨૯. આ જીવ કદી દેવપદ પામ્યો હશે?...હા, અનંતવાર સ્વર્ગનો દેવ થયો.

૨૩૦. આ જીવ પૂર્વે કદી શું નથી પામ્યો?....સિદ્ધપદ.

૨૩૧. સંસારનો ઝાઝો કાળ જીવે શેમાં ગાળ્યો?....એકેન્દ્રિયપણાના મહા દુઃખોમાં.

૨૩૨. એકેન્દ્રિયપણામાં મહા દુઃખ કેમ હતું?
મોહની તીવ્રતા ને ચેતનાની અત્યંત હીનતાને લીધે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૩૩. હવે આ ઉત્તમ મનુષ્ય-અવસરમાં શું કરવું?
મિથ્યા ભાવોને છોડીને સમ્યક્ત્વને ભજો.

૨૩૪. રાગ—અશુભ હો કે શુભ, તે બંને કેવા છે?
બંનેમાં દુઃખ છે; ને બંને સંસારનું કારણ છે.

૨૩૫. શુભરાગથી શું મળે?-ને શું ન મળે?
શુભરાગથી સ્વર્ગ મળે, પણ આત્મા ન મળે.

૨૩૬. શુભરાગથી સમ્યગ્દર્શનાદિ કોઈ ગુણ મળે?
-ના; રાગ તે દોષ છે, તેનાથી ગુણ ન મળે.

૨૩૭. શુભરાગ તે ગુણ છે કે દોષ?.......દોષ.

૨૩૮. શુભરાગ તે મોક્ષસુખનું કારણ થાય?
ના; રાગ પોતે જ દુઃખ છે, તે સુખનું કારણ ન થાય.

૨૩૯. અજ્ઞાની શુભરાગને કેવો સમજે છે?
અજ્ઞાનથી તે તેને સુખનું ને મોક્ષનું કારણ સમજે છે.

૨૪૦. સુખ શું?-દુઃખ શું?....વીતરાગવિજ્ઞાન તે સુખ; રાગ-દ્વેષ અજ્ઞાન તે દુઃખ.

૨૪૧. આ જાણીને શું કરવું?....દુઃખનાં કારણોથી દૂર થા; સુખનાં કારણને સેવ.

૨૪૨. સંસારનું મૂળ શું છે?
હું જ્ઞાન છું-એ ભૂલીને, હું રાગ ને હું શરીર એવી મિથ્યાબુદ્ધિ તે સંસારનું મૂળ છે.

૨૪૩. મિથ્યાત્વ સહિતનાં જ્ઞાન ને ચારિત્ર કેવાં છે?....તે મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર છે.

૨૪૪. આસ્રવ શું છે?....મિથ્યાત્વાદિ ભાવો તે આસ્રવ છે.

૨૪૫. તે આસ્રવો કેવાં છે?....તે જ્ઞાનથી વિરુદ્ધ સ્વભાવવાળાં છે.

૨૪૬. જીવ કેવો છે? શરીર કેવું છે?....જીવ જ્ઞાનસ્વરૂપ છે; શરીર જડ છે.

૨૪૭. શરીરાદિ અજીવનું કામ જીવનું માને તો?
તો તેણે જીવ અને અજીવને જુદા જાણ્યા નથી.

૨૪૮. શુભભાવને ધર્મ માને તો?....તો તેણે જ્ઞાનને અને આસ્રવને જુદા જાણ્યા નથી.

૨૪૯. વાણી તે કોની ક્રિયા છે?....તે અજીવની ક્રિયા છે, જીવની નહીં.

૨૫૦. જીવને કર્મો દુઃખી કરે છે? કે તે ઊંધાભાવથી દુઃખી છે?
જીવ પોતાના ઊંધા ભાવથી દુઃખી છે.

૨૫૧. સુખ-દુઃખ કોનામાં છે?....જીવમાં છે; જડમાં સુખ-દુઃખ નથી.

૨૫૨. સુખ-દુઃખનું કારણ શેમાં છે?....સુખ-દુઃખનું કારણ જીવમાં છે, જડમાં નથી.

૨૫૩. આત્મા કેવો છે?....આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૨૫૪. સંવર શેનાથી થાય છે?....સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવડે સંવર થાય છે.

૨૫૫. જીવ સુખી–દુઃખી કઈ રીતે થાય છે?
પોતાના સ્વભાવને ભૂલીને વિપરીત ભાવવડે તે દુઃખી થાય છે, ને સ્વભાવનું ભાન કરીને એકાગ્ર થતાં સુખી થાય છે.

૨૫૬. બીજાને સુખ–દુઃખનું કારણ માને તો શું થાય?
તો બીજા ઉપરના રાગ-દ્વેષ કદી છૂટે નહિ ને દુઃખ મટે નહિ.

૨૫૭. શરીરની પ્રતિકૂળતા જીવને નડે છે?
ના; સાતમી નરકની પ્રતિકૂળતા વચ્ચે પણ જીવો સમ્યગ્દર્શન પામે છે.

૨૫૮. તો મિથ્યાદૃષ્ટિને શું નડે છે?
દેહબુદ્ધિનો તેનો ઊંધો ભાવ જ તેને અંતર્મુખ થવા દેતો નથી.

૨૫૯. પ્રતિકૂળતા વચ્ચે સમ્યગ્દર્શન થાય?
હા; અંદરમાં હું જ્ઞાનસ્વરૂપ છું એમ લક્ષ કરે તો પ્રતિકૂળતા વખતે ય સમ્યગ્દર્શનાદિ થઈ શકે છે.

૨૬૦. બહારની અનુકૂળતા સમ્યગ્દર્શન પામવામાં મદદ કરે?
ના; બહારની બધી અનુકૂળતા હોવા છતાં જો પોતે અંતર્લક્ષ ન કરે તો સમ્યગ્દર્શન થતું નથી.

૨૬૧. આ સિદ્ધાંત સમજીને શું કરવું?....સંયોગ સામે જોવાનું છોડીને સ્વભાવ સામે જોવું.

૨૬૨. અગૃહીત મિથ્યાત્વ એટલે શું?
આત્માના સાચા સ્વરૂપને ભૂલીને વિપરીત માન્યું તે.

૨૬૩. ગૃહીતમિથ્યાત્વ એટલે શું?....કુદેવ–કુગુરુ–કુધર્મનું સેવન કરવું તે.

૨૬૪. જીવે કયું મિથ્યાત્વ પૂર્વે છોડયું છે?
ગૃહીતમિથ્યાત્વ છોડયું પણ અગૃહીત ન છોડયું.

૨૬૫. અગૃહીત મિથ્યાત્વ કેમ ન છૂટયું?....ચેતનસ્વરૂપ આત્માનો અનુભવ ન કર્યો તેથી.

૨૬૬. જીવનું સંસારભ્રમણ કેમ ન મટયું?
મિથ્યાત્વ ન છોડયું ને સમ્યક્ત્વ ન કર્યું તેથી.

૨૬૭. સર્વજ્ઞ ભગવાને કેવો આત્મા જોયો છે?
ભગવાને દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મા જોયો છે. (વિનમૂરતિ ચિન્મૂરતિ, અર્થાત્ મૂર્તપણા વગરનો ચૈતન્યમૂર્તિ આત્મા છે.)

૨૬૮. મનુષ્યલોકમાં અત્યારે કોઈ સર્વજ્ઞભગવાન છે?
હા; સીમંધરાદિ લાખો સર્વજ્ઞભગવંતો વિચરે છે.

૨૬૯. કયા તત્ત્વો જાણવા પ્રયોજનભૂત છે?
જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ-આ સાતતત્ત્વોનું જ્ઞાન પ્રયોજનભૂત છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૭૦. સાત તત્ત્વોમાંથી શત્રુ કોણ? મિત્ર કોણ?
આસ્રવ ને બંધ શત્રુ જેવા છે; સંવર-નિર્જરા-મોક્ષ મિત્ર જેવા છે.

૨૭૧. સાત તત્ત્વોમાં શુદ્ધદૃષ્ટિથી કોણ ઉપાદેય છે?
શુદ્ધદૃષ્ટિથી શુદ્ધ જીવ જ ઉપાદેય છે.

૨૭૨. સાત તત્ત્વોમાં સુખ-દુઃખનાં કારણ કોણ છે?
આસ્રવ ને બંધ દુઃખનાં કારણ છે; સંવર-નિર્જરા સુખનાં કારણ છે.

૨૭૩. ધર્માત્માએ કેવો અનુભવ કરવો?....'હું ઉપયોગસ્વરૂપ જીવ છું' એવો.

૨૭૪. દેહબુદ્ધિ ક્યારે છૂટે?....ઉપયોગસ્વરૂપ આત્માનો અનુભવ કરે ત્યારે.

૨૭૫. દેહની ક્રિયા તે સંવર છે?....ના; સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતા તે સંવર છે.

૨૭૬. સુખનો સ્વાદ ક્યારે આવે? મોક્ષમાર્ગ ક્યારે થાય?
પરથી ભિન્નતા જાણીને સ્વમાં ઠરે ત્યારે.

૨૭૭. જાણનાર-તત્ત્વ તે જડની ક્રિયા કરે?....ના; જો જડની ક્રિયા કરે તો તે જડ થઈ જાય.

૨૭૮. આત્મા શરીરરૂપ છે?....ના; આત્મા સદા ઉપયોગસ્વરૂપ છે.

૨૭૯. અજીવની ક્રિયા કઈ રીતે થાય છે?
અજીવમાંય અનંત શક્તિ છે, તેનાથી તેની ક્રિયા થાય છે.

૨૮૦. જગતમાં ચેતન દ્રવ્ય કયા? ને અચેતન કયા?
એક જીવ ચેતન; બાકીનાં પાંચ અચેતન.

૨૮૧. જગતમાં મૂર્ત દ્રવ્યો કયા? અમૂર્ત કયા?
એક પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત; બાકીનાં પાંચ અમૂર્ત.

૨૮૨. આત્મા કેવો છે?
આત્મા સર્વજ્ઞસ્વભાવી મહાન પદાર્થ છે; તેનામાં જ આનંદ છે; બીજા કોઈ પદાર્થમાં જ્ઞાન-આનંદ નથી, તેથી આત્મા અનુપમ છે.

૨૮૩. આવા આત્માને કઈ રીતે જાણી શકાય છે?....પોતાના અનુભવ વડે જાણી શકાય છે.

૨૮૪. જીવની આંખ કઈ?....ઉપયોગ તે જીવની આંખ છે.

૨૮૫. શુભક્રિયાઓ ધર્મનું કારણ થાય છે?....ના.

૨૮૬. શુદ્ધજીવસ્વભાવનો અનુભવ કરતાં શું થાય છે?
આસ્રવ-બંધ ટળે છે, ને સંવર-નિર્જરા-મોક્ષ પ્રગટે છે.

૨૮૭. વીતરાગીવાણીનો મૂળ મુદ્દો શું છે?
જીવ-અજીવનું ભેદજ્ઞાન કરીને વીતરાગ થવું તે. (વીતરાગવિજ્ઞાન.)

૨૮૮. જીવે શેનો વિચાર નથી કર્યો?....પોતાના સ્વરૂપનો સાચો વિચાર કદી નથી કર્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૮૯. જીવની ચાલ કેવી છે? અજીવની ચાલ કેવી છે?
જીવની ચાલ ચેતનરૂપ છે; અજીવની ચાલ જડરૂપ છે.

૨૯૦. અરિહંતનું નામ લેવાથી મિથ્યાત્વ છૂટી જાય?
ના; તેમનું સ્વરૂપ ઓળખે તો મિથ્યાત્વ છૂટે.

૨૯૧. અજ્ઞાની જીવ શેમાં અહંપણું કરે છે?...શરીરમાં ને રાગમાં

૨૯૨. જીવે અહંપણું શેમાં કરવું જોઈએ?
પોતાના ઉપયોગસ્વરૂપમાં. (અહંપણું = એકત્વબુદ્ધિ).

૨૯૩. અરિહંત-સિદ્ધ વગેરેની સાચી ઓળખાણ કયારે થાય?
ઉપયોગસ્વરૂપ આત્માને ઓળખે ત્યારે.

૨૯૪. દેહ વગર ને ખોરાક વગર આત્મા જીવી શકે?
હા; આત્મા સદા ઉપયોગ વડે જીવે છે.

૨૯૫. આત્મા શેના વગર જીવી ન શકે?....ઉપયોગ વગર એક ક્ષણ પણ જીવી ન શકે.

૨૯૬. શરીર વગરનો કે રાગ વગરનો જીવ હોઈ શકે?....હા.

૨૯૭. ઉપયોગ વગરનો જીવ હોઈ શકે?....ના.

૨૯૮. ફરી ફરીને ઘૂંટવા જેવું શું છે?....ભેદવિજ્ઞાન.

૨૯૯. સાચા સામાયિક ને પ્રતિક્રમણાદિ ધર્મ કયારે હોય?
મિથ્યાત્વને છોડીને સમ્યક્ત્વ કરે ત્યાર પછી.

૩૦૦. આત્માને શરીરથી જુદો જાણ્યા વગર સામાયિક-પ્રતિક્રમણ હોય?....ના.

૩૦૧. પહેલું સુખ કયું?....પહેલું સુખ સમ્યગ્દર્શનનું.

૩૦૨. જીવનું સાચું જીવન કયું છે?....વીતરાગવિજ્ઞાનવડે સુખને અનુભવવું તે.

૩૦૩. જગતમાં ઉત્કૃષ્ટ વિભૂતિ કઈ?
આત્માના સર્વજ્ઞપદની વિભૂતિ જગતમાં ઉત્કૃષ્ટ છે.

૩૦૪. છ ખંડની વિભૂતિનો મોહ ક્ષણમાં કેમ છૂટે?....ચૈતન્યસ્વભાવની પ્રીતિ કરે તો.

૩૦૫. જીવનું નિજઘર કયું? ને પરઘર કયું?
ચૈતન્યમય આનંદધામ તે નિજઘર; રાગ અને શરીર તે પરઘર.

૩૦૬. કઈ બે વાત એક સાથે ન બની શકે?
આત્માને જ્ઞાનરૂપ ઓળખે અને વળી પરને પોતાનું માને-એ બે વિરુદ્ધ વાત એક સાથે બની શકે નહીં.

૩૦૭. આત્માની શોભા શેનાથી છે?
સમ્યક્ત્વરૂપી મુગટ અને ચારિત્રરૂપી હાર વડે આત્મા શોભે છે; શરીરને શણગારવાથી આત્મા શોભતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩૦૮. હોશિયારી શેમાં છે?....આત્માનો અનુભવ કરવો તેમાં.

૩૦૯. બેહોશી કઈ છે?....આત્માનું ભાન ભૂલીને પરનું અભિમાન કરે છે તે.

૩૧૦. જૈનપરંપરામાં જન્મ્યો તેનો ખરો લાભ ક્યારે?
જીવ-અજીવનું ભેદજ્ઞાન કરીને સાચો જૈન બને ત્યારે.

૩૧૧. ભગવાન કોને જૈન નથી કહેતા?....જીવ અજીવની ભિન્નતાનું જેને ભાનથી તેને.

૩૧૨. આત્મા જડનો કર્તા થાય તો શું થાય?...તો આત્મા જડ થઈ જાય.

૩૧૩. જડનો કર્તા કોણ હોય?........જે જડ હોય તે.

૩૧૪. અજ્ઞાન દશામાં શું હતું?...**अपनेको आप भूलके हैरान हो गया!**

૩૧૫. સાચું જ્ઞાન થતાં શું થયું?....**अपनेको आप जानके आनंदी हो गया!**

૩૧૬. જીવ અને શરીર વચ્ચે શું છે?....અત્યંત અભાવ.

૩૧૭. આસ્રવને ઓળખવામાં અજ્ઞાની શું ભૂલ કરે છે?
રાગાદિક દુઃખ દેનારા હોવા છતાં તેને સુખરૂપ સમજીને સેવે છે.

૩૧૮. મરણનો ભય ક્યારે મટે?....અવિનાશી ચૈતન્યદ્રવ્યને જ પોતાનું સમજે ત્યારે.

૩૧૯. સૌથી પહેલાં શું શીખવું?...'હું જીવ છું.' શરીર હું નથી.-એમ શીખવું.

૩૨૦. ખોરાક વગર આત્મા જીવે?
હા; જો ખાય તો મરી જાય; કેમકે જડ ખોરાકને આત્મા ખાય તો આત્મા જડ થઈ જાય, એટલે મરી જાય.

૩૨૧. તો આત્મા શેનાથી જીવે છે?....આત્મા પોતાના ચેતનભાવથી જ સદા જીવે છે.

૩૨૨. દેહ આવે ને જાય ત્યાં આત્મા શું કરે?
દેહ આવે ને જાય તેને આત્મા જાણે, પણ પોતે દેહરૂપ થાય નહિ.

૩૨૩. દેહથી જુદો આત્મા કેમ દેખાતો નથી?...દેહબુદ્ધિ ઘૂંટાઈ ગઈ છે તેથી.

૩૨૪. દેહથી જુદો આત્મા ક્યારે દેખાય?....બંનેના ભિન્ન ભિન્ન લક્ષણને ઓળખે ત્યારે.

૩૨૫. આત્મા અને શરીર-એ બંને કદી એક થાય?
ના; એકપણું પામે નહીં, ત્રણેકાળ દ્વયભાવ.

૩૨૬. અત્યારે આત્મા ને શરીર જુદા કે ભેગા?....જુદા, આત્મા ચેતન ને શરીર જડ.

૩૨૭. ધર્મીની ઋદ્ધિ કેવી છે?....
ધર્મી જાણે છે કે આ બહારની ઋદ્ધિ અમારી નહિ, અનંત ગુણસમ્પન્ન ચૈતન્યઋદ્ધિ તે જ અમારી ઋદ્ધિ છે.

૩૨૮. આત્માને અવયવો હોય?...હા; આત્માને જ્ઞાન-દર્શન-સુખ વગેરે અનંત અવયવો છે.

૩૨૯. શુભ ને અશુભ બંને ભાવો કેવા છે?....બંને અનાત્મભાવ છે, બંનેમાં દુઃખ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩૩૦. પુણ્યફળમાં જે સુખ માને તેને શું થાય છે?
તે મોહની પુષ્ટિથી સંસારમાં રખડે છે ને દુઃખી થાય છે.

૩૩૧. શુભરાગથી સ્વર્ગ તો મળે છે–છતાં તેમાં દુઃખ?
હા; સ્વર્ગ મળવાથી કાંઈ આત્માને સુખ નથી મળી જતું. સ્વર્ગના પદાર્થો ભોગવવા તે પણ આકુળતા ને દુઃખ જ છે.

૩૩૨. તો સુખ શેમાં છે?
શુભ–અશુભ બંનેથી પાર ચૈતન્યભાવનું વેદન તે જ સુખ છે.

૩૩૩. આત્માનું નિજરૂપ કેવું છે?
નિજરૂપ તો દેહ અને રાગ બંનેથી પાર, ચેતનરૂપ છે.

૩૩૪. રાગાદિ ભાવો કેવા છે?...તે જ્ઞાન વગરના છે; આત્માનું નિજરૂપ તે નથી.

૩૩૫. પાપ તો મોક્ષનું કારણ નથી,–પણ પુણ્ય?
પુણ્ય પણ મોક્ષનું કારણ નથી, બંધનું જ કારણ છે.

૩૩૬. રાગમાં મજા છે?....ના; રાગ તો આકુળતાની ભઠ્ઠી છે, તેમાં શાંતિ નથી.

૩૩૭. ચૈતન્યના આનંદની સાચી મીઠાસને અજ્ઞાની કેમ ભૂલી જાય છે?
કેમકે તેને પુણ્યમાં મીઠાસ લાગે છે તેથી.

૩૩૮. મુમુક્ષુ જીવે શેમાં લાગ્યા રહેવું?
'વીતરાગવિજ્ઞાનમાં લાગ્યા રહેવું', પુણ્ય–પાપમાં નહીં.

૩૩૯. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો રાગ કેવો છે?
તે પુણ્યબંધનું કારણ છે, મોક્ષનું નહિ.

૩૪૦. રાગ રાખીને કેવળજ્ઞાન કે મોક્ષ પમાય?
ના; રાગને સર્વથા છોડીને જ કેવળજ્ઞાનાદિ પમાય.

૩૪૧. શું અત્યારથી જ રાગને છોડવા જેવો માનવો?
હા; અત્યારે છોડવા જેવો નહીં માને તો છોડશે ક્યાંથી?

૩૪૨. શુભરાગને મોક્ષનું કારણ માનવાથી શું થાય?
મોક્ષ તો ન થાય પણ મિથ્યાત્વ થાય.

૩૪૩. શું ધર્મીને શુભરાગ ન થાય?....થાય; પણ તેને તે મોક્ષનું કારણ ન માને.

૩૪૪. બંધન શું? મુક્તિ શું?
ઉપયોગનું રાગમાં જોડાણ તે બંધન; ઉપયોગનું શુદ્ધ આત્મામાં જોડાણ તે મુક્તિ.

૩૪૫. રાગ–દ્વેષ રહિત કઈ રીતે થવાય?....ઉપયોગને અંતરમાં શુદ્ધાત્મામાં એકાગ્ર કરવાથી.

૩૪૬. સંતો કેવો હિતોપદેશ આપે છે?
રાગનું સેવન છોડ ને તારા ચૈતન્યસ્વરૂપનું સેવન કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩૪૭. અજ્ઞાની મોટી ભૂલ શું કરે છે?
આત્માને હિતનાં કારણ એવા જ્ઞાન-વૈરાગ્યને તે દુઃખદાયક માને છે.

૩૪૮. અજ્ઞાની બીજી ભૂલ શું કરે છે?
શુભરાગ દુઃખદાયક હોવા છતાં તેને તે સારો માનીને સેવે છે.

૩૪૯. મોક્ષભાવ કયા? ને બંધભાવ કયા?
જ્ઞાન-વૈરાગ્ય તે મોક્ષભાવ; અજ્ઞાન ને શુભ-અશુભ તે બંધભાવ.

૩૫૦. ચારિત્રમાં કષ્ટ છે?....ના; ચારિત્રમાં મહાન આનંદ છે; તે જગત્પૂજ્ય છે.

૩૫૧. ચારિત્ર શેમાં છે?....ચારિત્ર રાગમાં કે દેહમાં નથી; ચેતનમાં રમણતા તે ચારિત્ર છે.

૩૫૨. આઠે કર્મો વિષવૃક્ષ છે-તો અમૃતવૃક્ષ કયું?
આત્મા અમૃતનું ઝાડ છે, તેના અનુભવમાં આનંદ છે.

૩૫૩. જેને પુણ્યની રુચિ છે તેને શેની રુચિ છે?
તેને જડની રુચિ છે, તેને આત્માની રુચિ નથી.

૩૫૪. પુણ્યના ફળમાં તો ધર્મનાં નિમિત્ત મળે છે?
ભલે મળે; પણ તે નિમિત્તો આત્માથી જુદા છે; તેની સામે જોવાથી કાંઈ આત્માને ધર્મનો લાભ નથી થતો.

૩૫૫. ધર્મીને શેનો ઉત્સાહ છે?....ધર્મીને ચૈતન્યના અનુભવનો ઉત્સાહ છે, રાગનો નહિ.

૩૫૬. પુણ્ય બંધાય તેમાં આત્માની શોભા છે?....જી ના; ચૈતન્યને બંધન એ તો શરમ છે.

૩૫૭. સુખ રાગમાં હોય કે વીતરાગતામાં?....વીતરાગતામાં જ સુખ છે, રાગમાં સુખ નથી.

૩૫૮. મોક્ષની શ્રદ્ધા ક્યારે થાય?
જ્ઞાનસ્વભાવને ઓળખે ત્યારે; કેમકે મોક્ષ તો જ્ઞાનમય છે.

૩૫૯. જીવો દુઃખને ચાહતા નથી છતાં દુઃખી કેમ છે?
કેમકે દુઃખનાં કારણરૂપ મિથ્યાભાવોને દિનરાત સેવે છે.

૩૬૦. જીવો સુખને ચાહે છે છતાં સુખી કેમ નથી થતા?
કેમકે સુખનાં કારણરૂપ વીતરાગવિજ્ઞાનને ક્ષણ પણ સેવતા નથી.

૩૬૧. દુઃખથી છૂટવા ને સુખી થવા શું કરવું?
વીતરાગવિજ્ઞાનનું સેવન કર ને મિથ્યાભાવોને છોડ.

૩૬૨. શુભરાગની પ્રીતિથી શું મળે?....સંસાર.

૩૬૩. ચૈતન્યપદની પ્રીતિથી શું મળે?....મોક્ષ.

૩૬૪. ધર્મી પોતાને સદાય કેવો જાણે છે?
'હું શુદ્ધ જ્ઞાન-દર્શનમય છું' એમ ધર્મી જાણે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩૬૫. ગૃહસ્થને આત્માની ઓળખાણ થાય ?....હા.

૩૬૬. મુનિઓ કેવા છે ?....ચૈતન્યમાં લીન મુનિઓ વીતરાગભાવથી મહાન સુખી છે.

૩૬૭. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે કેવા છે ?...એ ત્રણેય રાગ વગરનાં છે, વીતરાગ છે.

૩૬૮. અનુભવનો અતીન્દ્રિય આનંદ કેવો છે ?
રાગવડે જે કલ્પનામાં આવી ન શકે—એવો.

૩૬૯. નિરાકુળ સુખરૂપ મોક્ષનું કારણ કેવું હોય ?
તેનું કારણ પણ નિરાકુળ (રાગ વગરનું) જ હોય. રાગ તે આકુળતા છે તેને મોક્ષનું કારણ માનતાં કારણકાર્યમાં વિપરીતતા થાય છે.

૩૭૦. શુભરાગરૂપ વ્યવહારક્રિયાઓ જીવે પૂર્વે કદી કરી હશે ?
હા, અનંતવાર—પણ સમ્યગ્દર્શન વિના ધર્મ ન થયો.

૩૭૧. અનાદિથી જીવો કઈ રીતે મુક્ત થાય છે ?....વીતરાગવિજ્ઞાનરૂપ ધર્મને સાધી સાધીને.

૩૭૨. આનંદ થવા માટે 'જ્ઞાની' શું કહે છે ?
'હે જીવ ! તું આત્મામાં ગમાડ !'—તેમાં આનંદ છે.

૩૭૩. કીડી સાકર ખાતી હોય તે વખતે સુખી છે કે દુઃખી ?....દુઃખી.

૩૭૪. અજ્ઞાની દેવો સ્વર્ગમાં અમૃતનો સ્વાદ લેતા હોય તે વખતે સુખી છે કે દુઃખી ?
દુઃખી.

૩૭૫. જીવ સુખી ક્યારે ?....સ્વભાવની નિરાકુળતાનો સ્વાદ લ્યે ત્યારે.

૩૭૬. સિદ્ધભગવંતોને બાહ્ય વિષયો વગર જ સુખ કેમ છે ?
કેમકે સુખ આત્મામાંથી અનુભવાય છે, વિષયોમાંથી નહીં.

૩૭૭. બાહ્ય પદાર્થોને ભોગવવા કોણ ઇચ્છે ?...જે ઇચ્છાથી દુઃખી હોય તે.

૩૭૮. મોક્ષમાં સિદ્ધભગવાન શું કરે ?....પોતાના આનંદને ભોગવે; પરનું કાંઈ ન કરે.

૩૭૯. સંસારી જીવો શું કરે છે ?....અજ્ઞાન અને રાગ-દ્વેષ કરીને દુઃખને ભોગવે છે.

૩૮૦. ધર્મથી તીર્થંકરપ્રકૃતિ બંધાય ?....ના; ધર્મીને તે રાગથી બંધાય, ધર્મથી નહીં.

૩૮૧. જીવને લાભ કેટલો ?....સમ્યગ્દર્શનપૂર્વક જેટલી વીતરાગતા થઈ તેટલો.

૩૮૨. મુક્તજીવો એકબીજામાં ભળી જાય છે ?
ના; દરેક જીવ જુદો પોતપોતાના સ્વરૂપમાં જ રહે છે.

૩૮૩. ઈશ્વર એટલે કોણ ? ઈશ્વર કેટલા ?
જે આત્માને પૂર્ણ શક્તિ પ્રગટી તે ઈશ્વર; ઈશ્વર અનંતા છે.

૩૮૪. આ આત્મા ઈશ્વર થઈ શકે ?...હા; 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.'

૩૮૫. મોક્ષના અતીન્દ્રિયસુખને ઓળખતાં શું થાય ?
પોતામાં પણ તેવા અતીન્દ્રિયસુખનો સ્વાદ આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩૮૬. ઇન્દ્રિયજ્ઞાન વડે મોક્ષસુખને ઓળખી શકાય ?...ના.

૩૮૭. શુભરાગને મોક્ષનું સાધન બનાવવા માંગે તો ?
–તો તેને મોક્ષની, કે મોક્ષના સાચા ઉપાયની ખબર નથી.

૩૮૮. જીવે પૂર્વે કદી શેનું સેવન નથી કર્યું ?....સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું.

૩૮૯. શુક્લલેશ્યા ને શુક્લધ્યાન એમાં શું ફેર ?
શુક્લલેશ્યા અજ્ઞાનીનેય હોય; શુક્લધ્યાન મુનિને જ હોય.

૩૯૦. શુક્લ કે કૃષ્ણ લેશ્યા પરથી જ્ઞાની–અજ્ઞાનીનું માપ થઈ શકે ?
ના; લેશ્યા શુક્લ છતાં અજ્ઞાની પણ હોય; લેશ્યા કૃષ્ણ છતાં જ્ઞાની પણ હોય.

૩૯૧. કુદેવ–કુગુરુ–કુધર્મના સેવનથી શું થાય ?
જીવનું ઘણું જ અહિત થાય; મિથ્યાત્વ પુષ્ટ થાય.

૩૯૨. કુગુરુ કોના જેવા છે ?
પથ્થરની નૌકા જેવા; પોતે ડુબે ને એનો આશ્રય લેનાર પણ ડુબે.

૩૯૩. કલ્યાણનું મૂળ શું છે ?....સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખીને તેનું સેવન કરવું તે.

૩૯૪. જૈનધર્મનું ગુરુપદ કેવું છે ?
અહા, એ તો મહાન પવિત્ર પરમેષ્ઠીપદ છે, નિર્ગ્રંથ છે.

૩૯૫. તે ગુરુ શું કરે છે ?....શુદ્ધ રત્નત્રયથી આત્માના આનંદને અનુભવે છે.

૩૯૬. શું કુગુરુઓ જીવને ડુબાડે છે ?....ના; પોતાના મિથ્યાભાવથી જ જીવ ડુબે છે.

૩૯૭. રાગથી ધર્મ મનાવે તે મહાવીરના માર્ગમાં છે ?
ના; મહાવીરનો માર્ગ તો વીતરાગ છે.

૩૯૮. વીતરાગ અરિહંતદેવને ખરા નમસ્કાર ક્યારે થાય ?
રાગનો રસ છોડીને વીતરાગભાવને આદરે ત્યારે.

૩૯૯. અરિહંત પરમાત્માની સાચી સ્તુતિ કોણ કરી શકે ?....સમ્યગ્દષ્ટિ.

૪૦૦. મિથ્યાદષ્ટિ જીવ અરિહંતની સાચી સ્તુતિ કેમ નહિ કરી શકે ?
કેમકે અરિહંતના સાચા સ્વરૂપને તે ઓળખતો નથી.

૪૦૧. અરિહંતનું સાચું સ્વરૂપ ક્યારે ઓળખાય ?
રાગથી જુદો પડી, પોતાના શુદ્ધસ્વરૂપ તરફ વળે ત્યારે.

૪૦૨. મહાવીર ભગવાન રાગથી ધર્મ માનતા હતા ?....ના.

૪૦૩. તો જે રાગને ધર્મ માને તે મહાવીરને માને છે ?....ના.

૪૦૪. તો મહાવીરને કોણ માને છે ?....વીર થઈને વીતરાગમાર્ગને જે સાધે તે.

૪૦૫. જૈનસાધુઓ વસ્ત્ર પહેરે ?....ના.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪૦૬. વસ્ત્રવાળા સાધુ માનીએ તો શું વાંધો ?
તો ગૃહીતમિથ્યાત્વ અને કુગુરુસેવનનો દોષ લાગે.

૪૦૭. શ્રેણીકરાજાએ નરકનું આયુષ્ય કેમ બાંધ્યું ?
મિથ્યાદૃષ્ટિપણે નિર્ગ્રંથ મુનિ પર ઉપસર્ગ કર્યો તેથી.

૪૦૮. શ્રેણીકરાજાએ તીર્થંકરનામકર્મ ક્યારે બાંધ્યું ?
સમ્યગ્દૃષ્ટિપણે જ્યારે વીર પ્રભુના ચરણોમાં દર્શનશુદ્ધિ વગેરે ભાવના ભાવી ત્યારે.

૪૦૯. કુગુરુ આવે તો શું કરવું ?....તો જાણવું કે આ સાચા ગુરુ નથી.

૪૧૦. પણ સામાને દુ:ખ લાગે તો ?
એના ભાવ એની પાસે રહ્યા, એમાં તારે શું ? તું સમ્યક્ ભાવવડે તારું હિત કરી લે.

૪૧૧. દિગંબર મનુષ્ય પણ કુગુરુ હોય ?
હા, જૈનધર્મથી વિરુદ્ધ પ્રરૂપણા કરે તો તે પણ કુગુરુ.

૪૧૨. આવી વાત શા માટે કરો છો ?....સત્ય સમજીને જીવ પોતાનું હિત કરે તે માટે.

૪૧૩. ભગવાન ભક્તોને તારે ને રાક્ષસોને હણે–એ ખરું ?
ના; એવા રાગ–દ્વેષનાં કાર્ય ભગવાન કરે નહીં.

૪૧૪. રામચંદ્રજી અને હનુમાનજી તેઓ ભગવાન હતા ?
હા; તેઓ સર્વજ્ઞ વીતરાગ થઈને મોક્ષ પામ્યા છે.

૪૧૫. રામ અને હનુમાનને પૂજી શકાય ?....હા, તેમને વીતરાગસ્વરૂપે ઓળખીને પૂજાય.

૪૧૬. અરિહંત ભગવાનને કોઈ દોષવાળા માને તો ?
તો કાંઈ ભગવાન દોષિત થઈ જતા નથી, પણ તે જીવને મિથ્યાત્વ થાય છે.

૪૧૭. દેવ એટલે કોણ ?....દેવ એટલે સર્વજ્ઞ–વીતરાગ પદને પામેલા ભગવાન.

૪૧૮. પૂર્ણ સુખ ક્યાં હોય ?....પૂર્ણ સુખ તો વીતરાગતા ને સર્વજ્ઞતામાં જ હોય.

૪૧૯. સર્વજ્ઞ–વીતરાગદેવે શું બતાવ્યું ?
આત્માનો સર્વજ્ઞસ્વભાવ અને વીતરાગી મોક્ષમાર્ગ બતાવ્યો.

૪૨૦. ભવનાં દુ:ખથી જેઓ ડરતા હોય તેણે શું કરવું ?
કુમાર્ગ છોડીને સર્વજ્ઞદેવના વીતરાગમાર્ગને સેવવો.

૪૨૧. જિનપ્રતિમા કેવી કીધી છે ?....'જિનપ્રતિમા જિનસારખી, ભાખી આગમમાંય.'

૪૨૨. આખા જગતને જાણે પણ કરે નહિ કોઈનું–એ કોણ ?....સર્વજ્ઞદેવ.

૪૨૩. સર્વજ્ઞ-વીતરાગદેવને છોડીને મોહી જીવોને કોણ ભજે ?....જે તીવ્ર મોહી હોય તે.

૪૨૪. સર્વજ્ઞદેવે કહેલી વસ્તુ કેવી છે ?...અનેકાંતરૂપ; દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ છે.

૪૨૫. સાચું જ્ઞાન કયું છે ?
જ્ઞાન અને રાગની ભિન્નતાનું જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪૨૬. મતિશ્રુતજ્ઞાન કે કેવળજ્ઞાન બંનેની જાત કેવી છે?
બંનેની જાત સરખી છે; બંને રાગ વગરનાં છે.

૪૨૭. શાસ્ત્રોનું ભણતર સાચું ક્યારે?....પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે ત્યારે.

૪૨૮. જ્ઞાનચેતના ક્યારે જાગે?....જ્ઞાનસ્વરૂપનો અનુભવ કરે ત્યારે.

૪૨૯. જૈન શાસ્ત્રોનો સાર શું?....જ્ઞાનનો અનુભવ અર્થાત્ વીતરાગવિજ્ઞાન.

૪૩૦. મોક્ષમાર્ગમાં વચ્ચે વ્યવહાર આવે-તે કેવો છે?
તે જાણવાયોગ્ય છે, આદરવાયોગ્ય નથી.

૪૩૧. આદરવાયોગ્ય શું છે?....પરમ જ્ઞાયકભાવ.

૪૩૨. આહારદાનથી મોક્ષ મળે?....ના; તેનું ફળ પુણ્ય છે, મોક્ષ નહીં.

૪૩૩. મોક્ષ શેનાથી મળે?....શુદ્ધ રત્નત્રયથી.

૪૩૪. ઓળખ્યા વગર અરિહંતદેવને માને તો?
ઓળખ્યા વગર મિથ્યાત્વ ન છૂટે ને સાચું હિત ન થાય.

૪૩૫. ધર્મીજીવ પોતાની પ્રસિદ્ધિ શેમાં કરે છે?
પોતાની નિર્મળપર્યાયમાં; તે બહારની પ્રસિદ્ધિને ચાહતા નથી.

૪૩૬. ચારિત્રવંત મુનિરાજ કેવા છે?....તે સિદ્ધપ્રભુના પાડોશી છે.

૪૩૭. મુમુક્ષુ જીવ શું કરે છે?....અનુભવ માટે નિજસ્વરૂપને અંતરમાં વારંવાર વિચારે છે.

૪૩૮. અત્યારે શેનો અવસર છે?...આત્માનું હિત કરવાનો આ ઉત્તમ અવસર છે.

૪૩૯. જીવને પરમ સુખ ક્યારે થાય?....સિદ્ધપદને પ્રગટ કરે ત્યારે.

૪૪૦. બીજી ઢાળના અંતમાં શું ભલામણ કરી છે?
'अब आतमके हितपन्थ लाग।'
હે જીવ! હવે તું આત્મહિતના પંથમાં લાગ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# વીતરાગ વિજ્ઞાન

## [ ભાગ–૩ ]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# આત્માના હિતરૂપ મોક્ષમાર્ગનું વર્ણન
## હે જીવ! તું મોક્ષમાર્ગમાં લાગ

વીતરાગવિજ્ઞાન મંગલરૂપ છે, અને ત્રણલોકના જીવોને તે જ સારભૂત છે, તેના વડે જ પંચપરમેષ્ઠીપદ પમાય છે. આવા વીતરાગવિજ્ઞાનને મંગલરૂપે નમસ્કાર કરીને પં. દૌલતરામજીએ આ છહઢાળા શરૂ કરી છે. પ્રથમ ઢાળમાં ચારગતિના કેવાં કેવાં દુઃખો જીવે ભોગવ્યાં તે બતાવ્યું; તે દુઃખોનું કારણ મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને મિથ્યાઆચરણ છે, માટે તેને ઓળખીને તે મિથ્યાત્વાદિને શીઘ્ર છોડી દે અને આત્મહિતનાં પંથમાં લાગ.—એમ બીજી ઢાળમાં કહ્યું. હવે તે આત્મહિતનો પંથ શું છે તે સમજાવે છે. આત્મહિતનો પંથ કહો કે મોક્ષનો માર્ગ કહો તેનું વર્ણન આ ત્રીજી ઢાળમાં કરે છે, તેમાં પણ સમ્યગ્દર્શનનું વર્ણન મુખ્ય છે.

પહેલાં મોક્ષમાર્ગ બતાવીને તેની આરાધના કરવાનું કહે છે—

( ગાથા-૧ ઢાળ : જોગીરાસા )

**आतमको हित है सुख, सो सुख आकुलता-विन कहिये;**
**आकुलता शिवमांहि न तातैं, शिवमग लाग्यो चाहिये।**
**सम्यग्दर्शन-ज्ञान-चरण शिव-मग सो द्विविध विचारो;**
**जो सत्यारथ-रूप सो निश्चय, कारण सो व्यवहारो ॥**

જુઓ. હવે આ મોક્ષમાર્ગનું વર્ણન શરૂ થાય છે. ટૂંકામાં પણ ઘણી વાત સમજાવી દીધી છે. જીવને સુખી થવા માટે આ પ્રયોજનભૂત વાત છે.

આત્માનું હિત શું છે?-કે સુખ થાય તે. તે સુખ કેવું?—કે આકુળતા વગરનું; એટલે નિરાકુળતા તે જ સુખ છે. મોક્ષદશામાં આકુળતાનો અભાવ છે એટલે તે જ આત્માને હિતરૂપ છે, માટે જીવે તે મોક્ષના માર્ગમાં લાગવું જોઈએ.

મોક્ષનો માર્ગ શું છે? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો માર્ગ છે; તે માર્ગને બે પ્રકારથી વિચારો એટલે કે જાણો. તેમાં જે સત્યાર્થરૂપ છે તે તો નિશ્ચય મોક્ષમાર્ગ છે. અને તેમાં જે કારણરૂપ કે નિમિત્તરૂપ છે તેને વ્યવહાર જાણો. જુઓ, આમાં બે પ્રકારનો મોક્ષમાર્ગ વિચારવાનું કહ્યું પણ તેમાં સત્યાર્થરૂપ તો એક નિશ્ચયને જ કહ્યો, એટલે કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ સાચો મોક્ષમાર્ગ છે, અને વ્યવહાર તે તો ઉપચાર છે, તે સાચો મોક્ષમાર્ગ નથી.

મોક્ષના બે માર્ગ નથી, મોક્ષનો માર્ગ એક જ છે. એ બાબતમાં પં. શ્રી ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં ઘણો સરસ ખુલાસો કર્યો છે. તેઓ કહે છે કે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શુદ્ધ આત્માનો અનુભવ તે સાચો મોક્ષમાર્ગ છે.

* વ્રત-તપાદિ કાંઈ મોક્ષમાર્ગ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહીએ છીએ, તેથી તેને વ્યવહાર કહ્યો.

* એ પ્રમાણે ભૂતાર્થ-અભૂતાર્થ મોક્ષમાર્ગપણા વડે તેને નિશ્ચય-વ્યવહાર કહ્યા છે, -એમ જ માનવું; એટલે કે ભૂતાર્થ મોક્ષમાર્ગને તો નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો, ને અભૂતાર્થને વ્યવહાર કહ્યો-એમ જાણવું; પણ એ બંનેય સાચા મોક્ષમાર્ગ છે અને બંને ઉપાદેય છે-એમ માનવું તે તો મિથ્યાબુદ્ધિ જ છે. તો શું કરવું ? -તેનો ખુલાસો કરતાં પંડિતજી જૈન સિદ્ધાન્તનું રહસ્ય સમજાવે છે કે 'નિશ્ચયનયવડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું, તથા વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું.' નિશ્ચયનયવડે શુદ્ધજ્ઞાનઘન સ્વભાવના મહિમામાં લીન થવું તે મોક્ષનું કારણ છે.

અહીં મોક્ષમાર્ગને બે પ્રકારથી વિચારવાનું કહ્યું તેમાં પણ આ નિયમ સમજવો કે સાચો મોક્ષમાર્ગ એક જ છે. તેથી અહીં પહેલી જ ગાથામાં પં. દૌલતરામજીએ કહ્યું કે **'जो सत्यारथरूप सो निश्चय'** નિશ્ચયમોક્ષમાર્ગ તે જ સાચો મોક્ષમાર્ગ છે. પં. શ્રી ટોડરમલજીએ પણ એમ જ કહ્યું છે કે-'મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી. પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ તરીકે નિરૂપણ કર્યો છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે અથવા સહકારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે, અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય, તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. આ પ્રમાણે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકાર જાણવા; પણ એક નિશ્ચય-મોક્ષમાર્ગ છે તથા એક વ્યવહાર-મોક્ષમાર્ગ છે એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે.' નિરૂપણ બે પ્રકારથી છે પણ માર્ગ તો એક જ છે. નિશ્ચય મોક્ષમાર્ગ એક જ સાચો મોક્ષમાર્ગ છે. શ્રી કુંદકુંદસ્વામીએ સમયસારમાં ઠેરઠેર એ વાત સ્પષ્ટ સમજાવી છે, કે ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ જીવ સમ્યગ્દષ્ટિ થાય છે; નિશ્ચયનયના આશ્રયે મુનિવરો મોક્ષને સાધે છે. અહો, સમયસારમાં તો આચાર્યદેવે મોક્ષનો માર્ગ ખુલ્લો મૂક્યો છે. હજારો શાસ્ત્રોનો ભંડાર સમયસારમાં ભર્યો છે.

વીતરાગી દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, નવતત્ત્વસંબંધી બરાબર જાણપણું અને વ્રત-સમિતિરૂપ ચારિત્ર—એવો જે વ્યવહાર તેને નિશ્ચયનું કારણ કહ્યું, પણ એનો અર્થ એમ ન સમજવો કે નિશ્ચયના ભાન વગર એકલો વ્યવહાર કરતાં કરતાં તે નિશ્ચય-મોક્ષમાર્ગનું કારણ થઈ જશે. નિશ્ચય વગરના વ્યવહારને તો કારણ તરીકેનો ઉપચાર પણ નથી આવતો. કાર્ય વગર કારણ કોનું ? નિશ્ચયપૂર્વકનો જે વ્યવહાર છે તેને ઉપચારથી કારણ કહેવાય છે. અને શુદ્ધ આત્માના આશ્રયે થયેલા જે સમ્યક્રુચિ-જ્ઞાન અને લીનતા તે સાચો મોક્ષમાર્ગ છે. આવા મોક્ષમાર્ગને જાણીને હે જીવ ! તેની આરાધનામાં તારા આત્માને જોડ. આત્મા-આશ્રિત જે રત્નત્રય તેના જ વડે મોક્ષ પમાય છે, તેમાં જ નિરાકુળ સુખ છે અને તે જ આત્માનું કલ્યાણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः** તેનું આ વર્ણન છે. મોક્ષ એટલે શું, અને તે મોક્ષનો ઉપાય શું? એ બંને વાત એક શ્લોકમાં બતાવી દીધી છે. આત્માનું હિત શું?–કે મોક્ષ. સર્વાર્થસિદ્ધિમાં પહેલા સૂત્રના ઉપોદ્ઘાતમાં તેનું સરસ વર્ણન કર્યું છે.

જેને પોતાના હિતની ભાવના જાગી છે એવો કોઈ નિકટભવ્ય મુમુક્ષુ જીવ, રમણીય વનમાં ગયો અને ત્યાં બિરાજમાન નિર્ગ્રંથ મુનિરાજને વિનયપૂર્વક મોક્ષનો માર્ગ પૂછ્યો.

મુનિ કેવા છે? જે આત્માના ધ્યાનમાં બેઠા છે ને બોલ્યા વગર વીતરાગમુદ્રા વડે જ જાણે કે મોક્ષમાર્ગ દેખાડી રહ્યા છે;—એવા મુનિરાજ પાસે જઈને શિષ્ય વિનયથી પૂછે છે– પ્રભો! આત્માનું હિત શું છે?

શ્રીગુરુ પ્રસન્નતાથી તેને સમજાવે છે કે હે વત્સ! આત્માનું હિત મોક્ષ છે.

ત્યારે શિષ્ય ફરીને પૂછે છે કે પ્રભો! તે મોક્ષનો ઉપાય શું છે?

તેના ઉત્તરમાં પહેલું સૂત્ર કહ્યું છે કે—'**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।**'

અહીં પણ ત્રીજી ઢાળના પહેલા શ્લોકમાં એ જ વાત કરી કે—

આતમકો હિત હૈ સુખ, સો સુખ આકુલતા–બિન કહિયે;
આકુલતા શિવમાંહિ ન તાતેં શિવમગ લાગ્યો ચહિયે.

સુખ એટલે આત્માનો નિરાકુળ સ્વભાવ; આત્માનું પૂર્ણ અતીન્દ્રિય સુખ તેનું નામ મોક્ષ, અને તે જ આત્માનું હિત. લોકો જે બહારનું સુખ કહે છે તે કાંઈ સુખ નથી, વિષયો તરફનું વલણ તે તો આકુળતા છે, દુઃખ છે. પાપના રાગમાં તો આકુળતા છે ને પુણ્ય તરફના વલણમાં પણ આકુળતા જ છે, એટલે દુઃખ જ છે, તેમાં સુખ નથી. પાપ કે પુણ્ય બંને પ્રકારની આકુળતા વગરનો જે સહજ જ્ઞાન–આનંદમય આત્મસ્વભાવ, તેમાં એકાગ્ર થતાં જે શાંત–નિરાકુળ–ચેતનરસનો અનુભવ થાય તે સુખ છે. આવા સુખની પૂર્ણ પ્રાપ્તિ તેનું નામ મોક્ષ. તેને ઓળખીને તેના માર્ગમાં જીવે લાગવું જોઈએ.

તે મોક્ષનો માર્ગ શું છે?–તો કહે છે કે—

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચરણ શિવ–મગ સો દ્વિવિધ વિચારો;
જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વવહારો.

પુણ્ય અને પાપ એ બંનેમાં આકુળતા હોવાથી તેને મોક્ષમાર્ગમાંથી કાઢી નાંખ્યા. સંપૂર્ણ નિરાકુળતારૂપ સુખના અનુભવસ્વરૂપ જે મોક્ષ, તેની પ્રાપ્તિનો માર્ગ પણ નિરાકુળ-ભાવરૂપ જ હોય. સાચો મોક્ષમાર્ગ નિરાકુળ એટલે રાગ વગરનો જ છે. તેની સાથેના રાગ-સહિત શ્રદ્ધા–જ્ઞાન–આચરણને મોક્ષમાર્ગનું કારણ કહેવું તે વ્યવહાર છે. જે વ્યવહાર રત્નત્રય છે તે કાંઈ સત્યાર્થ મોક્ષમાર્ગ નથી, નિયમરૂપ મોક્ષમાર્ગ તે નથી. રાગથી પાર આત્માના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વભાવમાં ઘૂસી જઈને જે સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચરિત્ર થયા તે નિશ્ચય-મોક્ષમાર્ગ છે, તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે, મોક્ષને માટે તે નિયમથી કરવા જેવું કાર્ય છે; માટે કહ્યું કે શિવમગ લાગ્યો ચહિયે. શુભરાગમાં લાગ્યો રહેવાનું ન કહ્યું પણ આત્માના સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય-મોક્ષમાર્ગમાં લાગવાનું કહ્યું. તેમાં જ આત્માનું હિત અને સુખ છે.

સુખ તો આત્મસ્વભાવ છે, રાગ કાંઈ આત્મસ્વભાવ નથી, તો તે રાગ આત્માના સુખનું કારણ થઈ શકે નહીં. સુખ જેનો સ્વભાવ છે તેને જાણતાં-અનુભવતાં જ સુખ થાય છે. જીવ સુખ ચાહે છે પણ પોતાના સુખસ્વભાવને ભૂલીને તે રાગમાં ને સંયોગમાં સુખને શોધે છે. ભાઈ! સુખ તો રાગમાં હોય કે વીતરાગમાં? વીતરાગતા તે જ સુખ છે, તેને જીવે કદી જાણ્યું નથી. જેણે રાગમાં અને પુણ્યમાં સુખ માન્યું તેને મોક્ષની શ્રદ્ધા નથી તેથી કહ્યું કે સુખ તો આકુળતા વગરનું છે અને એવા સુખને માટે શિવમાર્ગમાં લાગ્યા રહેવું. આત્માના આવા અતીન્દ્રિય સુખને ધર્મી જીવો જ જાણે છે; અને સ્વ-પરના ભેદજ્ઞાન-પૂર્વક વીતરાગવિજ્ઞાન વડે જ તે સુખ અનુભવાય છે.

પહેલી ઢાળમાં ચારગતિનાં દુઃખ બતાવ્યા; બીજી ઢાળમાં તે દુઃખનું કારણ બતાવીને મિથ્યાત્વાદિને છોડવાનું અને આત્મહિતના પંથમાં લાગવાનું કહ્યું; હવે તે હિતનો ઉપાય આ ત્રીજી ઢાળમાં બતાવે છે. પૂર્વાચાર્યોના કથનનો સાર લઈને પંડિતજીએ આ છહઢાળારૂપી ગાગરમાં સાગર ભર્યો છે; સંસ્કૃત-વ્યાકરણ વગેરે ન આવડતું હોય તોપણ જિજ્ઞાસુ જીવ સમજી શકે એવી રીતે સહેલી હિંદી ભાષામાં પ્રયોજનભૂત વર્ણન કર્યું છે.

આત્માનું કલ્યાણ કહો, હિત કહો કે સાચું સુખ કહો,-તે એક જ છે. જે ભાવથી અતીન્દ્રિય સુખ થાય તે જ આત્મહિત છે; એ સિવાય બીજે ક્યાંય, શરીરમાં ધનમાં કે આબરૂ વગેરેમાં સુખ નથી, એના લક્ષે તો આકુળતા છે પણ અજ્ઞાની તેમાં સુખ માને છે. પુણ્ય બાંધવાના ભાવમાં આકુળતા છે અને તે પુણ્યનું ફળ ભોગવવામાં પણ આકુળતા છે; સુખ તેમાં ક્યાંય નથી. બાહ્ય વિષયો વગરનો આત્મા સ્વયં સુખસ્વરૂપ છે. આવા ચૈતન્યસ્વરૂપ આત્માના અનુભવમાં જે વીતરાગી નિરાકુળતા છે તે જ સાચું સુખ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગવિજ્ઞાન વગર આવું સુખ કોઈને થાય નહીં. ધર્મી જીવ ઇન્દ્રપદના વૈભવમાંય રાજી નથી, ચૈતન્યના આનંદમાં જ તે રાજી છે.

સુખ એટલે નિરાકુળતા; અતીન્દ્રિય આનંદનો મોટો ઢગલો આત્મા છે. સુખ પોતાના અંતરમાં છે પણ તેને ભૂલીને બહારમાં સુખ માનીને જીવ હેરાન થઈ રહ્યો છે. અરે જીવો! બહારનું સુખ લેવા જતાં અંતરમાં આત્માનું જે સાચું સુખ છે તે ભુલાઈ જાય છે (-સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે) એ વાત લક્ષમાં તો લ્યો. મારું સુખ મારા આત્મામાં છે એમ લક્ષમાં લ્યે તો બાહ્ય વિષયોમાંથી (અશુભમાંથી કે શુભમાંથી) સુખ લેવાની બુદ્ધિ ન રહે, એટલે પરિણતિ અંતરમાં વળીને આત્મસન્મુખ થાય ને અતીન્દ્રિય સુખ અનુભવમાં આવે. આવું સુખ તે નિર્દોષ સુખ છે એટલે તે જ સાચું સુખ છે. બહારમાં સુખ દેખાય છે તે તો અજ્ઞાનીની માત્ર કલ્પના જ છે, મૃગજળ જેવી તે કલ્પના મિથ્યા છે. જેમ હરણિયા મૃગજળને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાણી માનીને પીવા દોડે છે...ઘણું દોડે છે પણ તેને પાણી મળતું નથી.—ક્યાંથી મળે? ત્યાં પાણી હોય તો મળે ને? ત્યાં પાણી તો નથી પણ ધગધગતી રેતી છે.—

—અરે હરણિયા! આટલું-આટલું દોડવા છતાં પાણીની ઠંડી હવા પણ તને ન આવી, તો તું વિચાર તો કર કે તને મૃગજળ દેખાય છે તે ખરેખર પાણી નથી પણ કલ્પના જ છે દૃષ્ટિભ્રમ જ છે. પણ ઝાંઝવાંના જળ તરફના વેગે ચડેલા હરણિયાંને એટલો વિચાર કરવાનો અવકાશ ક્યાં છે? તેમ ઝાંઝવા જેવા વિષયો તરફના વેગે ચડેલા પ્રાણીને એટલો વિચાર પણ નથી આવતો કે અરે, અનાદિકાળથી અશુભ ને શુભ વિષયો પાછળ દોડવા છતાં મને જરાય સુખ કાં ન મળ્યું? સુખની ઠંડી હવા પણ કાં ન આવી?-ક્યાંથી આવે? એમાં સુખ હોય તો આવે ને? એ વિષયો તરફના વેગમાં તો ધગધગતી રેતી જેવી આકુળતા જ છે; તેમાં સુખ ભાસે છે તે તો અજ્ઞાનીનો દૃષ્ટિભ્રમ જ છે.

બહારની અનુકૂળતા તે સુખ, ને પ્રતિકૂળતા તે દુઃખ-એમ પરમાં સુખ-દુઃખ નથી. ધનવાન સુખી ને નિર્ધન દુઃખી એમ પણ નથી; નિરોગતામાં સુખ ને રોગમાં દુઃખ એમ પણ નથી; બહારની દરિદ્રતામાં કાંઈ દુઃખ નથી ને લાખો-કરોડો રૂપિયાનો ઢગલો હોય-એમાં કાંઈ સુખ નથી. પણ એ બંને તરફના વલણમાં આકુળતાથી જીવ દુઃખી છે. અરે, ચૈતન્યપ્રભુ આત્મા જ એક એવો છે કે જેમાં જોવાથી સુખ મળે. આત્મા જ સુખનો ભંડાર છે પણ એની એને પોતાને ખબર નથી. સુખ તે તો આત્માનો પોતાનો વૈભવ છે, તે કાંઈ જડ-વૈભવમાં નથી.

ભાઈ, તારે સુખી થવું છે ને?....હા. તો સુખ કેવું હોય અને તે કેમ મળે તે ઓળખવું જોઈએ. આત્માનો જે સહજ સ્વભાવ છે તેમાં વચ્ચે રાગની ડખલ ઊભી ન કર તો આત્મા પોતે જ નિરાકુળ સુખરૂપે અનુભવમાં આવે છે. સુખસ્વભાવ તે આત્મા જ છે. નિરાકુળતા તે સુખ છે, અને તે આત્માની મુક્તદશા છે; માટે સુખના અર્થીએ મોક્ષના મારગમાં લાગવું જોઈએ. મોક્ષનો માર્ગ એટલે રાગ વગરના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર; મોક્ષ નિરાકુળ છે ને તેનો માર્ગ પણ નિરાકુળ છે; રાગ તો આકુળતા છે-દુઃખ છે.

ભગવંત સિદ્ધો ને અર્હંતો બહારનાં કોઈ પણ સાધન વગર સ્વયમેવ અનંત અતીન્દ્રિય આનંદને અનુભવે છે. વિદેહક્ષેત્રમાં અત્યારે પણ સીમંધર ભગવાન અને બીજા લાખો અરિહંત-ભગવંતો એવા અનંત આનંદમાં બિરાજમાન છે, સિદ્ધભગવંતો અનંતા છે તેઓ લોકના શિખરે બિરાજે છે. આવા જ અતીન્દ્રિય સુખથી ભરેલો દરેક આત્મા છે. તેને ઓળખીને તેના જ આશ્રયે મોક્ષસુખને સાધવાના ઉપાયમાં લાગવું જોઈએ. શ્રી જિનદેવે કહેલા વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—કે જે આત્મશુદ્ધિરૂપ છે, તે સાચો મોક્ષમાર્ગ છે. વીતરાગી રત્નત્રય કહો કે નિશ્ચય રત્નત્રય કહો, તે મોક્ષને માટે નિયમથી કર્તવ્ય છે, તેથી તેને 'નિયમ' કહેવાય છે; તેમાં રાગનો અભાવ બતાવવા 'સાર' વિશેષણ જોડીને તેને 'નિયમસાર' કહેવાય છે. તે પરમસુખનો માર્ગ છે.

હવે કહે છે કે આવો મોક્ષનો માર્ગ છે તે બે પ્રકારે વિચારવો—એક સત્યાર્થરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે ખરેખરો મોક્ષમાર્ગ છે, તે તો નિશ્ચયથી મોક્ષમાર્ગ છે; અને તેનું જે કારણ છે,–ખરું કારણ નહિ પણ ઉપચાર કારણ છે–તે વ્યવહાર છે. નિમિત્તકારણ કે જે ખરેખર મોક્ષમાર્ગ નથી છતાં ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે; તે સત્યાર્થ નથી પણ અસત્યાર્થ છે—અભૂતાર્થ છે. સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ કહેવો તે સત્યાર્થ છે, તે નિશ્ચય છે.

અહીં સત્યાર્થને જ નિશ્ચય કહ્યો તેના ઉપર જોર છે. નિશ્ચયને સત્યાર્થ કહ્યો એટલે વ્યવહાર તે અસત્યાર્થ છે–એમ પણ તેમાં આવી જ ગયું. નિર્વિકલ્પ શુદ્ધ આત્માના આશ્રયે જે રત્નત્રયરૂપ શુદ્ધ પરિણતિ થઈ તે મોક્ષમાર્ગ છે, તે સાચો મોક્ષમાર્ગ છે–એમ વિચારવું એટલે કે જ્ઞાન કરવું. અંશે શુદ્ધતા તે પૂર્ણ શુદ્ધતાનું કારણ છે; તેમાં તો કારણ અને કાર્યની એક જાત છે તેથી તે નિશ્ચયથી કારણ છે, પણ તેની સાથે જે અશુદ્ધતા છે (શુભરાગ છે) તે કાંઈ શુદ્ધતાનું સાચું કારણ નથી; પણ શુદ્ધતાની સાથે ભૂમિકા અનુસાર દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વનું જ્ઞાન કે પંચમહાવ્રત વગેરે સંબંધી વિકલ્પો હોય છે તેથી તેને પણ મોક્ષમાર્ગનું 'સહકારી' જાણીને (–એટલે કે તે પોતે મોક્ષમાર્ગ નથી પણ મોક્ષમાર્ગમાં સાથે રહેનાર છે–એમ સહકારી જાણીને) ઉપચારથી તેને પણ મોક્ષમાર્ગ કહેવાય છે, પણ કાંઈ સત્યાર્થ મોક્ષમાર્ગ તે નથી; એટલે તેને વ્યવહાર કહ્યો, ગૌણ કહ્યો ને અસત્યાર્થ કહ્યો, તે અશુદ્ધ છે, પરાશ્રિત છે. અને શુદ્ધ આત્માના આશ્રયે રાગ વગરના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે તે નિશ્ચય છે, મુખ્ય છે, સત્યાર્થ છે, શુદ્ધ છે અને સ્વાશ્રિત છે. આ રીતે, 'દુવિધ' માર્ગ કહ્યો તેમાં એક જ સત્યાર્થ છે–'**जो सत्यारथरूप सो निश्चय**' એક નિશ્ચય મોક્ષમાર્ગ તે જ સાચો છે.–આ રીતે મોક્ષમાર્ગનું સ્વરૂપ વિચારે તો તે વિચાર સાચો છે. પણ વ્યવહારને જ ખરો મોક્ષમાર્ગ સમજીને તેમાં રોકાઈ જાય, ને નિશ્ચય મોક્ષમાર્ગને ઓળખે નહીં તો તેને મોક્ષમાર્ગનો વિચાર પણ સાચો નથી; તે તો બંધના માર્ગને જ મોક્ષમાર્ગ માનીને સેવી રહ્યો છે.

નિશ્ચય મોક્ષમાર્ગ તે એક જ સાચો મોક્ષમાર્ગ છે. નિશ્ચય એટલે એકલા શુદ્ધ આત્મામાં રુચિ–જ્ઞાન–એકાગ્રતા તે યથાર્થ વાસ્તવિક શુદ્ધ ઉપાદાનથી પ્રગટેલો સત્ય મોક્ષમાર્ગ છે, તે નિયમથી મોક્ષમાર્ગ છે, તેના સેવનથી મોક્ષ જરૂર થાય જ–એવો નિયમ છે. અને તેના કારણરૂપ (એટલે કે નિમિત્તકારણરૂપ) તે વ્યવહાર છે. આ બંને પ્રકારને બરાબર જાણવા જોઈએ. બંનેને 'જાણવા' જોઈએ, પણ બંનેને જાણીને આદરવાયોગ્ય તો એક નિશ્ચય–સત્યાર્થ માર્ગ જ છે,–એમ જાણે ત્યારે જ બંનેનું સાચું જ્ઞાન છે.

સ્વભાવના આશ્રયે શુદ્ધરત્નત્રયવડે મોક્ષને સાધનારા સાધકને તે–તે ભૂમિકામાં વ્યવહાર કેવો હોય છે, દેવ–ગુરુ–શાસ્ત્રની તથા નવતત્ત્વ વગેરેની ઓળખાણ કેવી હોય છે તે બરાબર ઓળખવું જોઈએ; તેમાં વિપરીત માનીને જે ગોટા વાળે તેણે સાચા મોક્ષમાર્ગને જાણ્યો નથી. પરથી વિભક્ત, અને સ્વભાવથી એકત્વ એવા શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટેલી જે રત્નત્રયરૂપ, નિર્મળપર્યાય તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તેની સાથે જે વ્યવહાર રત્નત્રય છે તે પોતે ખરેખર માર્ગ નથી પણ નિમિત્ત તરીકે તેને મોક્ષમાર્ગનું નામ મળે છે, તે વ્યવહાર છે, તે અસત્યાર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે—એમ જાણવું. તે વખતની શુદ્ધતાને મોક્ષમાર્ગ જાણવો તે અનુપચાર છે (સત્ય છે), અને તે વખતના શુભરાગને મોક્ષમાર્ગ કહેવો તે ઉપચાર છે (અસત્ય છે). મોક્ષમાર્ગી જીવને ભૂમિકા પ્રમાણે બંને પ્રકાર હોય છે, તે બતાવવા 'દ્વિવિધ' કહેલ છે; તેમાં મોક્ષનું સાચું કારણ એક જ છે, બે નથી. સાધકને નિશ્ચય સમ્યક્ત્વ સાથેનો વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા વગેરેનો શુભ વિકલ્પ, તે બંધનું કારણ હોવા છતાં આરોપથી તેને પણ મોક્ષમાર્ગ કહેવાય છે; કેમકે મોક્ષમાર્ગના નિમિત્તનું જ્ઞાન કરાવવા તેને વ્યવહાર કહ્યો

વ્યવહાર તે કારણ,–પણ કોનું ? કે નિશ્ચય મોક્ષમાર્ગનું; એટલે કે ત્યાં સાચો મોક્ષમાર્ગ વર્તે છે તેનું કારણ ઉપચારથી છે; પણ જ્યાં સાચો મોક્ષમાર્ગ છે જ નહીં ત્યાં તો કારણ કોનું કહેવું ? નિશ્ચયનું તો લક્ષ ન હોય ને એકલા વ્યવહારનું સેવન કરતાં કરતાં તેનાથી મોક્ષમાર્ગ પ્રગટી જાય એમ બનતું નથી. માટે મોક્ષાર્થી જીવોએ સાચા મોક્ષમાર્ગને બરાબર ઓળખીને તેનો ઉદ્યમ કરવો જોઈએ.

આત્માનો પૂર્ણ આનંદ તે મોક્ષ; તેની પ્રાપ્તિનો ઉપાય તે મોક્ષમાર્ગ; મોક્ષનો માર્ગ, મોક્ષનો ઉપાય, મોક્ષનું કારણ, મોક્ષનો ઉદ્યમ, મોક્ષની ક્રિયા, કે મોક્ષની આરાધના તે બધું એક જ છે; તેમ જ ધર્મ છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-લીનતારૂપ અંતર્મુખ શુદ્ધભાવ વડે તે સધાય છે. અને શુભભાવો તે તો બહિર્મુખ વૃત્તિઓ છે, તેના વડે મોક્ષ સધાતો નથી. નિશ્ચય મોક્ષમાર્ગ સ્વાશ્રિત ભાવથી વીતરાગ પ્રગટે છે; અને તે નિશ્ચયસહિતના વ્યવહારને ઉપચારકારણ કહેવાય છે. નિશ્ચય તે મુખ્ય છે, તે સત્ય છે; વ્યવહાર તે આરોપ છે, ગૌણ છે. પરિણતિ અંતરમાં ઝૂકે ને જ્ઞાયકસ્વભાવમાં ઊતરીને લીન થાય તેમાં અતીન્દ્રિયસુખનું વેદન છે, તે સાચો-પરમાર્થ-નિશ્ચય મોક્ષમાર્ગ છે, અને તે જ શુદ્ધમાર્ગ છે. આવા માર્ગને સેવીને તીર્થંકરાદિ મહાપુરુષો મોક્ષસુખને પામ્યા છે; અને મુમુક્ષુઓને પણ એ જ માર્ગ દેખાડયો છે.

મિથ્યાદૃષ્ટિને નિશ્ચય કે વ્યવહાર એકકેય નય સાચો હોતો નથી, કેમકે નય તો સાચા જ્ઞાનનો પ્રકાર છે. શુદ્ધ આત્માના જ્ઞાન વગર પ્રમાણજ્ઞાન થાય નહીં એટલે ભાવશ્રુત થાય નહીં; ને ભાવશ્રુતપ્રમાણ વગર નિશ્ચય કે વ્યવહાર નય હોય નહીં. આત્માનો સ્વાનુભવ થતાં મતિ-શ્રુત બંને જ્ઞાન એક સાથે સમ્યક્ પરિણમે છે, તેમાંથી શ્રુતજ્ઞાનમાં અનંત પ્રકારના નયો પડે છે. નય તે સાચા શ્રુતજ્ઞાનનો પ્રકાર છે. પણ જ્ઞાન જ જેનું ખોટું હોય તેને નય કેવા ? એટલે મિથ્યાદૃષ્ટિ જેને વ્યવહાર તરીકે સેવે છે તે તો ખરેખર મોક્ષમાર્ગનો વ્યવહાર પણ નથી. નિશ્ચય વગરનો વ્યવહાર તો મિથ્યા છે. શુદ્ધ આત્મા જેવો છે તેવો જાણીને પ્રતીતમાં લીધો ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું, ચારિત્રનો અંશ પણ તેની સાથે ખુલ્યો, એટલે મોક્ષમાર્ગ શરૂ થયો. તે જીવને સાચા નિશ્ચય-વ્યવહાર હોય છે. પહેલાં એકલો વ્યવહાર હોય ને તે કરતાં કરતાં નિશ્ચય પ્રગટે એમ નથી. ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્માના અવલંબને જે શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટયા તે શુદ્ધ મોક્ષમાર્ગ છે, અને તેની સાથે જે રાગાદિ છે તે અશુદ્ધ છે, તેને મોક્ષમાર્ગનું કારણ કહેવું તે ઉપચાર છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યધાતુ, તેણે અનંત આનંદને પોતામાં ધારણ કર્યો છે, તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યસમુદ્રમાં ડુબકી લગાવતાં મોક્ષના આનંદનો અનુભવ થાય છે. આવા આનંદનો અનુભવ થાય ત્યારે જ મોક્ષમાર્ગ પ્રગટ્યો કહેવાય. આત્મા તો રત્નોનો મોટો પહાડ છે; એને ખોદતાં (એટલે કે અનુભવમાં લેતાં) તેમાંથી મહાન રત્નો જ નીકળે છે. અનંતા આનંદમય રત્નો તેમાં ભર્યાં છે.

❀ જગતનાં જડ રત્નોની તો ધર્મમાં કાંઈ કિંમત નથી.

❀ હવે આત્મામાં મોક્ષનાં કારણરૂપ ત્રણ રત્નો-સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર.

❀ તેનું ફળ કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય–તે મહારત્ન.

❀ અનંતી કેવળજ્ઞાનપર્યાયરૂપે પરિણમવાની જેની તાકાત–એવો જ્ઞાનગુણ તે મહા–મહારત્ન.

❀ અને અનંત ગુણરત્નોથી ભરેલો ચૈતન્યસમુદ્ર તે તો મહા–મહા–મહારત્ન.

ભાઈ, આવા રત્નોનો જ આખો પહાડ તું છો....તારા મતિ-શ્રુતજ્ઞાનને અંતરમાં વાળીને આ ચૈતન્યરત્નના પહાડને તું દેખ. પોતે આનંદનો મોટો ડુંગર, પણ દૃષ્ટિના દોષને લીધે જીવ તેને દેખતો નથી. જેમ સામે જ મોટો રત્નનો પહાડ હોય પણ જેની આંખ આડે તરણું છે તે માણસ પહાડને દેખતો નથી, તેમ જીવ પોતે અનંતા ગુણ–રત્નોનો મોટો પહાડ છે, પણ રાગમાં એકત્વભાવનારૂપ જે તરણું એટલે કે મિથ્યાત્વનો તુચ્છભાવ, તેની આડશને લીધે અજ્ઞાની જીવ પોતાના ચૈતન્યસ્વભાવરૂપ મોટા પહાડને દેખી શકતો નથી. સંતો વીતરાગ વિજ્ઞાનના ઉપદેશવડે તેનો ભ્રમ છોડાવી તેનું સાચું સ્વરૂપ દેખાડે છે કે જેનો મહિમા મેરુપર્વતથી પણ મોટો છે. અરિહંતોએ કેવળજ્ઞાન પ્રગટ કર્યું તે ક્યાંથી આવ્યું ?—શું બહારથી આવ્યું ? ના; અંદર આત્મામાં હતું તે જ પ્રગટ્યું છે. તેમ દરેક આત્મા અરિહંત ભગવાન જેવા જ સામર્થ્યવાળો છે. —આચાર્યદેવ કહે છે કે આવા તારા આત્માને તું ઓળખ.

જે જાણતો અર્હંતને ગુણ–દ્રવ્ય ને પર્યયવડે,
તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે.

કેવળજ્ઞાની અરિહંત ભગવાન, જેમનાં દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણે શુદ્ધ ચેતનમય છે અને જેમાં રાગનો સર્વથા અભાવ છે, તેમને ઓળખતાં રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ પોતાનો આત્મા અનુભવમાં આવે છે એટલે સમ્યગ્દર્શન થાય છે. પોતાના આત્માના શુદ્ધસ્વભાવનો નિર્ણય, કે અરિહંતના શુદ્ધ આત્માનો નિર્ણય, એ બંને ભેગાં જ થાય છે. રાગથી ભિન્ન એવી જ્ઞાનપર્યાયે અંતરમાં વળીને જ્યારે આત્માનો અનુભવ કર્યો ત્યારે સાથે અરિહંતના અને સિદ્ધના શુદ્ધ આત્માનો નિર્ણય પણ સાચો થયો. ત્યાર પહેલાં અરિહંતના શુદ્ધ આત્માનો નિર્ણય કરવાનું લક્ષ હતું તેને ઉપચારથી સમ્યગ્દર્શનનું કારણ કહેવાય છે. જ્યારે પરલક્ષથી ખસીને અંતરમાં વળ્યો ત્યારે આત્મસ્વરૂપનો સમ્યક્ નિશ્ચય થયો અને ત્યારે ભૂતનૈગમનયે પૂર્વના રાગમિશ્રિત નિર્ણયને તેનું કારણ કહ્યું. નિશ્ચય વગર વ્યવહાર કોનો ? નિશ્ચયના લક્ષ વગર એકલી પરસન્મુખતાથી તો અનંતવાર અરિહંતદેવ તરફના વિકલ્પો કર્યા, ધારણા કરી, તે કેમ સમ્યગ્દર્શનનું કારણ ન થયું ?–કેમકે નિશ્ચયનું લક્ષ ન હતું; નિશ્ચય વગરનું તે બધું ખરેખર વ્યવહારાભાસ છે, સાચો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરિહંતનો નિર્ણય તેમાં નથી. એટલે અજ્ઞાનીના શુભરાગમાં મોક્ષમાર્ગનો વ્યવહાર લાગુ પડતો નથી; મોક્ષમાર્ગ તેને શરૂ જ થયો નથી. રાગવડે મોક્ષમાર્ગ શરૂ થાય નહીં. રાગથી આઘો ખસીને જ્ઞાનવડે અંતરના સ્વભાવમાં ઘૂસી જાય ત્યારે શુદ્ધ આત્માના અપૂર્વ અનુભવસહિત મોક્ષમાર્ગ શરૂ થાય છે.

આવો મોક્ષમાર્ગ જેને પ્રગટ્યો છે તેના નિશ્ચય ને વ્યવહાર કેવા હોય તેની આ વાત છે. મોક્ષમાર્ગ જેને થયો છે તેને બે વાત લાગુ પડે છે—જે રત્નત્રયની શુદ્ધતા છે તે યથાર્થ મોક્ષમાર્ગ છે; અને જે શુભરાગ ભૂમિકા અનુસાર છે તે ઉપચારથી મોક્ષમાર્ગ છે. સાચો મોક્ષ-માર્ગ હોય ત્યાં બીજામાં ઉપચાર લાગુ પડે છે. શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટેલા શુદ્ધભાવરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ તે જ સાચો મોક્ષમાર્ગ છે, બીજો કોઈ સાચો મોક્ષમાર્ગ નથી. વીતરાગમાં આવી વસ્તુસ્થિતિ છે; આ સિવાય બીજી રીતે મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી.

અહો, ચૈતન્યભગવાન આત્મા! જેને લક્ષમાં લેતાં જ આત્મામાં આનંદ સહિત ભાવશ્રુતના અંકુરા ફૂટે છે. ભાવશ્રુત તે કેવળજ્ઞાનનો અંકુરો છે; જ્ઞાનનો તે અંકુર કોઈ રાગના વિકલ્પમાંથી નથી આવતો. રાગમાંથી જ્ઞાનનો અંકુર કદી ઊગે નહીં; ચૈતન્યરત્નાકર ઉલ્લસીને તેમાંથી શ્રુતનો અંકુર આવે છે. તેની સાથેની શુદ્ધદૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે, અને જેટલી રાગરહિત સ્થિરતા થઈ તે સમ્યક્ચારિત્ર છે;—આવો મોક્ષમાર્ગ છે. મોક્ષનો માર્ગ એટલે આનંદનો માર્ગ આતમરામ નિજપદમાં રમે તે આનંદનો માર્ગ છે; પરપદમાં રમે તે મોક્ષમાર્ગ નથી, તેમાં આનંદ નથી. રાગાદિકભાવ તે પરપદ છે, તેમાં રમે એટલે કે તેમાં સુખ માને તેને મોક્ષમાર્ગ થતો નથી, મોક્ષનો માર્ગ તો સ્વપદમાં સમાય છે.—

કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા...
નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે.

કાયા અને આત્માની ભિન્નતાને જાણીને નિજસ્વરૂપમાં જેઓ સમાયા-લીન થયા એવા નિર્ગ્રંથ-મુનિવરોનો માર્ગ તે જ ભવના અંતનો ઉપાય છે, તેનાથી જ મોક્ષ પમાય છે.

મોક્ષના માર્ગમાં ભાવશ્રુતજ્ઞાન હોય છે, તે પણ આનંદના સ્વાદથી ભરેલું છે ને સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ છે. જેમ કેવળજ્ઞાન પ્રમાણ છે તેમ શ્રુતજ્ઞાન પણ પ્રમાણ છે; પરોક્ષ હોવા છતાં તે પ્રમાણ છે, ને સ્વસંવેદનમાં તો તે પ્રત્યક્ષ પણ છે. પોતાના આત્માના અનુભવને સાધકજીવ સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ-પ્રમાણથી જાણે છે; તેમાં તેને કોઈ સન્દેહ નથી. પરોક્ષરૂપ પ્રમાણજ્ઞાન પણ સંદેહ વગરનું હોય છે. કેવળજ્ઞાન જેવી જ જાતનું, સ્વસંવેદન-પ્રત્યક્ષરૂપ ભાવશ્રુતજ્ઞાન હોય ત્યારે જ મોક્ષમાર્ગ થાય, અને તે જીવને જ સાચા નિશ્ચય-વ્યવહાર નયો હોય.

સમ્યક્ચારિત્ર તે મુખ્ય મોક્ષમાર્ગ છે.

ચારિત્ર એટલે સ્થિરતા;-શેમાં? નિજસ્વરૂપમાં

નિજસ્વરૂપ શું છે તેના જ્ઞાન વગર સ્થિરતા નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સંસારના કારણરૂપ એવા શુભાશુભ રાગથી નિવૃત્ત થઈને પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં પ્રવર્તવું તે સમ્યક્ચારિત્ર છે. જ્ઞાનપૂર્વક જ આવું ચારિત્ર હોય છે, અજ્ઞાનીને હોતું નથી.—એમ બતાવતા તેને 'સમ્યક્' કહેલ છે.

આત્મા જ્ઞાનધાતુની વીતરાગી ખાણ છે, રાગ તેનાથી જુદી વસ્તુ છે. રાગાદિ વિકલ્પો તે તો અચિદ્ધાતુ છે. અરે! આ અચિદ્ધાતુનો આભાસ તો જુઓ! અજ્ઞાનીને ભ્રમ થાય છે કે આ વિકલ્પ તે આત્મા છે. પણ ભાઈ! એ વિકલ્પમાં કાંઈ ચેતના નથી, સ્વ-પરને જાણવાની જાગૃતિ તેનામાં નથી. જાગતી ચેતનાવાળો શુદ્ધ ચૈતન્યભગવાન તું છો—કે જેમાં વિકલ્પ કદી પ્રવેશી શકતો નથી.—આવા આત્માને ઓળખીને અનુભવમાં લે પછી જ તેમાં ઠરવારૂપ સમ્યક્ચારિત્ર થશે. સ્વવસ્તુના શ્રદ્ધા-જ્ઞાન વગર લીનતા શેમાં થાય? ચોથા ગુણસ્થાને ચૈતન્યના શ્રદ્ધા-જ્ઞાન એક સાથે પ્રગટે છે, સ્વરૂપાચરણદશા પણ ત્યાં પ્રગટે છે, મુનિદશારૂપ ચારિત્ર છઠ્ઠા-સાતમા ગુણસ્થાને હોય છે. આ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતનું ચારિત્ર તે મોક્ષમાર્ગ છે તેની શરૂઆત ચોથા ગુણસ્થાનથી છે.

ધર્મીજીવને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને એકસાથે થાય છે. સમ્યગ્દર્શન સાથેનું જે ભાવશ્રુત-પ્રમાણજ્ઞાન તેમાં જ સાચા નયો હોય છે. મોક્ષમાર્ગનો ઉદ્યમ કરનાર જીવને નવતત્ત્વના નિર્ણયનો વિચાર, સાચા દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપનો વિચાર એવા શુભભાવો હોય છે, અને ભૂતનૈગમનયથી તેને પણ મોક્ષમાર્ગનું કારણ કહેવાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિતની ભૂમિકામાં પણ એવા શુભભાવો હોય છે, પણ એનાથી વિરુદ્ધ (એટલે કે કુદેવાદિને માનવારૂપ, કે જગતને કોઈએ બનાવ્યું એવા વિપરીત તત્ત્વની માન્યતારૂપ) ભાવ તે ભૂમિકામાં હોતા નથી,—આવું જ્ઞાન કરાવવા તે ભૂમિકાના શુભભાવોને વ્યવહારકારણ કહેવામાં આવે છે. ત્યાં એકલો શુભરાગ નથી, સાથે શુદ્ધતાના ભાન સહિત તેનું અંશે પરિણમન પ્રગટ્યું છે.—આવી નિશ્ચય-વ્યવહારની સંધિ મોક્ષમાર્ગમાં છે. આમાં નિશ્ચય વગરના વ્યવહારની તો વાત જ નથી, અને નિશ્ચય સહિતનો જે વ્યવહાર છે તે પણ ખરૂં મોક્ષનું કારણ નથી, ઉપચારથી જ તે કારણ છે. ખરૂં મોક્ષનું કારણ તો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે કે જે આત્માના જ અનુભવરૂપ છે.

મોક્ષમાર્ગમાં પહેલાં સમ્યગ્દર્શન ને પછી સમ્યગ્જ્ઞાન એમ નથી, તેમ જ પહેલાં સમ્યગ્જ્ઞાન ને પછી સમ્યગ્દર્શન એમ પણ નથી; શુદ્ધઆત્માના અવલંબને બંને એક સાથે જ થાય છે, પણ દીપક અને પ્રકાશની માફક તેમનામાં કારણકાર્યપણું કહેવામાં આવે છે; સમ્યગ્દર્શનને કારણ અને સમ્યગ્જ્ઞાનને કાર્ય કહેવાય છે,—પણ તેમનામાં પહેલાં-પછીપણું નથી, બંને સાથે જ છે. સ્વજ્ઞેયને પકડવાના જ્ઞાનની સાથે તેની નિર્વિકલ્પપ્રતીત વર્તે જ છે. જેની પ્રતીત કરે છે તેનું સાચું જ્ઞાન પણ સાથે છે જ. જાણ્યા વગરની શ્રદ્ધાને તો ગદ્ધાભાઈના શીંગડા જેવી અસત્ય કહેવામાં આવી છે.

સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનમાં જ નિશ્ચય ને વ્યવહાર એવા બે નયો હોય છે, સમ્યગ્દૃષ્ટિના તે બંને નયો સાચાં છે. અજ્ઞાનીને એકકેય નય સાચો નથી. ધર્મીના બે નયોમાં જે નિશ્ચયનય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે તો સત્ય વસ્તુ સ્વરૂપ બતાવે છે ને વ્યવહાર તો નિમિત્ત વગેરેનું જ્ઞાન કરાવે છે. શ્રુતજ્ઞાનમાં અનંત નયો સમાય છે, પણ સાધક જીવ અનંત નયના ભેદ પાડીને જાણી શકે નહીં. પ્રયોજન સાધવા માટે ટૂંકામાં બે નય—એક સ્વાશ્રિત સ્વરૂપને જાણનાર નિશ્ચયનય; અને બીજો પરાશ્રિતભાવને જાણનારો વ્યવહારનય; તેમાં નિશ્ચયનય અનુસાર જે વસ્તુસ્વરૂપ છે તેના શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ વડે મોક્ષમાર્ગ સધાય છે, કેમકે તે સત્યાર્થ છે.

'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો....' એવી દશા થાય ત્યારે ભાવશ્રુત-પ્રમાણજ્ઞાન થાય, અને તે નિશ્ચય-વ્યવહાર બંનેને યથાર્થ જાણે. જ્યાં સુધી શુદ્ધાત્માના અનુભવરૂપ ભાવશ્રુત પ્રગટયું નથી, ને રાગમાં તથા દેહમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યારુચિ છે ત્યાં સુધી જીવનું જ્ઞાન મોક્ષનું સાધક થતું નથી; પરભાવોથી ખસીને સ્વદ્રવ્ય તરફ વળે ત્યારે જ તે મોક્ષનું સાધક થાય છે. એના સિવાય ગમે તેટલું જાણપણું કે શુભ આચરણ હોય તે બધું બહિર્મુખ છે. અંતર્મુખ ચૈતન્યસત્તા દૃષ્ટિમાં આવ્યા વગર મોક્ષનો મારગ ખુલે નહીં. અને જ્યાં માર્ગ જ ખુલ્યો નથી ત્યાં 'આ નિશ્ચય મોક્ષમાર્ગ ને આ વ્યવહાર મોક્ષમાર્ગ' એવા વિચારને અવકાશ જ ક્યાં છે? 'માર્ગ' હોય તો તેમાં નિશ્ચય-વ્યવહાર લાગુ પડે ને? અહા! અંતરના સાચા માર્ગને ભૂલીને જગત બહારમાં રાગાદિને માર્ગ માની બેઠું છે. પણ બાપુ! અનંતકાળથી એવા ભાવો તો કર્યા છતાં કેમ તારા હાથમાં કાંઈ ન આવ્યું? 'વહ સાધન વાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પડયો.'—માટે સમજ કે એ માર્ગ સાચો નહીં; સાચો માર્ગ એનાથી કાંઈક જુદો જ છે. તે માર્ગ એટલે કે વીતરાગવિજ્ઞાન અહીં સંતો સમજાવે છે.

દૃષ્ટિ જ જેની બંધ છે, જ્ઞાનચક્ષુ જ જેના ઉઘડયા નથી તેને નય કેવા? જે એકલા વ્યવહારને દેખે છે તેને તો રાગમાં એકત્વબુદ્ધિ થઈ છે, રાગ જ તેને સર્વસ્વ થઈ ગયું છે; જો રાગને જ તે સર્વસ્વ ન માનતો હોય તો, રાગથી જુદું બીજું સ્વરૂપ શું છે તેનું તેને લક્ષ હોવું જોઈએ, એટલે કે નિશ્ચયનું લક્ષ હોવું જોઈએ. અને નિશ્ચયનું લક્ષ હોય તો વ્યવહારના આશ્રયે કલ્યાણ માને નહીં. નિશ્ચયના લક્ષ વગર મોક્ષમાર્ગ કેવો? એકાંત વ્યવહારનો આશ્રય તે તો સંસાર છે—મિથ્યાત્વ છે. બહિર્મુખદૃષ્ટિમાં અજ્ઞાનીના જે શુભવિકલ્પો તે વ્યવહાર નથી, તે તો વ્યવહારાભાસ છે. અહીં તો મોક્ષમાર્ગને સાધનારા સાધકને નિશ્ચય સાથે જે વ્યવહાર છે તેની વાત છે. કેવળજ્ઞાન પહેલાં સાધકદશામાં જે વ્યવહાર છે તેને ન સમજે તો તે નિશ્ચયાભાસી છે. મુનિને આત્માના રત્નત્રયની શુદ્ધતા કેવી હોય અને તેની સાથે તે ભૂમિકામાં પંચમહાવ્રતાદિ કેવાં હોય તે બંને પ્રકારને ઓળખવા જોઈએ; તેમાં વિપરીતતા માને તો મુનિની સાચી ઓળખાણ થાય નહીં. એ જ રીતે સમ્યગ્દર્શનની ભૂમિકામાં પણ નિશ્ચય ને વ્યવહાર બંને કેવા હોય તે બરાબર ઓળખવું જોઈએ. જે ભૂમિકામાં નિશ્ચય-વ્યવહારના જેવા જેવા પ્રકારો હોય તેવા બરાબર સમજવા જોઈએ. ભાઈ, આ તો બધા તારા આત્માનાં જ પડખાં છે, તેને તું સમજ. સમજણ જ આત્મા છે. સમજણ એટલે જ્ઞાન; કેવળજ્ઞાન પણ સમજણનો પિંડલો છે; તેમાં ક્યાંય રાગ નથી. જ્ઞાનની જાત અપેક્ષાએ કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંને એક જાતનાં છે. જેમ રૂનું ધોકળું હોય તેમાં બધે રૂ જ ભર્યું હોય, તેમ આત્મા

વી. ૨૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાનનું મોટું ગોકળું છે, જ્ઞાન જ તેમાં ભર્યું છે. અરે. જ્ઞાનનો જ પિંડલો પોતે, અને તે એમ કહે કે મારું સ્વરૂપ મને ન સમજાય—એ તે કેવી વાત? મીઠા પાણીના દરિયામાં રહેલું માછલું કહે કે હું તરસ્યું છું—એના જેવી એ વાત છે. ભાઈ! રાગની પક્કડ છોડીને તારી દૃષ્ટિમાં શુદ્ધ આત્માને પકડ, તો તને આત્મશુદ્ધિરૂપ સમ્યગ્દર્શન થાય, તેની સાથે જ સમ્યગ્જ્ઞાન થાય; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં સ્વરૂપમાં નિશ્ચલ રહેવારૂપ ચારિત્ર થાય; આ રીતે મોક્ષમાર્ગ થાય; તે જ સુખ છે, તે જ જીવનું હિત છે, તે જ ધર્મ છે.

આત્મા પોતે જ સુખસ્વરૂપ છે તેથી આત્મામાં ઉપયોગને જોડતાં સુખનો અનુભવ થાય છે. આત્માનું સુખ ક્યાંય બહારમાં નથી એટલે બહારના આશ્રયે સુખ થતું નથી. જ્યાં સુખ હોય તેમાં ઉપયોગ જોડતાં સુખ થાય છે; એટલે કે નિશ્ચયના આશ્રયે સુખ થાય છે, ને પરના વ્યવહારના-રાગના આશ્રયે સુખ થતું નથી. માટે નિશ્ચયનો આશ્રય કરો ને વ્યવહારનો આશ્રય છોડો.

શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૭ વર્ષની વય પહેલાં આ વાત નીચેના શબ્દોમાં સરસ રીતે લખી છે—

સ્વદ્રવ્ય, અન્યદ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ,
સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.
પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.

—આમાં પહેલાં સાત બોલમાં સ્વદ્રવ્યનો આશ્રય કરવાનું બતાવ્યું છે, ને પછીના ત્રણ બોલમાં પરદ્રવ્યનો આશ્રય છોડવાનું કહ્યું છે. –એ રીતે દશ બોલ દ્વારા તો જૈન સિદ્ધાંતનું રહસ્ય સમજાવી દીધું છે. ટૂંકા શબ્દોમાં ને સાદી ભાષામાં બહુ સરસ વાત કરી છે.

ચૈતન્યવસ્તુ રાગાદિ આસ્રવ વગરની છે ને અજીવ કર્મથી જુદી છે,—આવી પોતાની ચૈતન્યવસ્તુને અનુભવમાં લઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે નિશ્ચય સાથેના રાગમાં આરોપ કરીને તેને વ્યવહાર કહી શકાય. પણ રાગથી ભિન્ન સ્વતત્ત્વને જે ન જાણે ને રાગમાં એકતા માને તેને તો વ્યવહાર ક્યાં રહ્યો? તેને તો રાગ તે જ નિશ્ચય થઈ ગયો એટલે મિથ્યાત્વ થઈ ગયું. તેથી પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહે છે કે—અજ્ઞાનીને સમજાવવા માટે મુનીશ્વરો

અભૂતાર્થ એવા વ્યવહારનો પણ ઉપદેશ કરે છે;—પરંતુ ત્યાં જે જીવ એકલા વ્યવહારને જ પરમાર્થરૂપ જાણી લ્યે છે તે જીવ સાચા ઉપદેશને સમજતો નથી એટલે કે તેને દેશના ફળીભૂત થતી નથી. ભાઈ, તેને પરમાર્થસ્વરૂપ બતાવવા માટે વ્યવહાર કહ્યો હતો, કાંઈ વ્યવહારમાં જ અટકવા માટે નહીં.

સર્વજ્ઞદેવે કહેલા સ્વતત્ત્વને ઓળખવું, શ્રદ્ધામાં ને અનુભવમાં લેવું તે નિશ્ચયમાર્ગ છે. તેની સાથે નવતત્ત્વનું જ્ઞાન, સાચા દેવ-ગુરુની ઓળખાણ વગેરે હોય છે તે વ્યવહારમાર્ગ છે. પોતાના સર્વજ્ઞસ્વભાવની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન, અને બીજા સર્વજ્ઞ પરમાત્માની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. ધર્મીને આવા નિશ્ચય-વ્યવહારની સંધિ હોય છે. નિજસ્વરૂપમાં વીતરાગી લીનતા તે નિશ્ચયચારિત્ર છે, તે સ્વદ્રવ્યાશ્રિત છે, અને પંચમહાવ્રતાદિ શુભરાગ તે વ્યવહાર-ચારિત્ર છે; તે પરદ્રવ્યાશ્રિત છે. સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધતા તે મોક્ષનું કારણ છે, પરદ્રવ્યાશ્રિત રાગાદિભાવો તે બંધનું કારણ છે.

જેવા અરિહંત ભગવાન છે તેવો હું છું-એમ નક્કી કરનારને અરિહંત ભગવાન તરફનો જે વિકલ્પ હતો તેનાથી ખસીને પોતાના જ્ઞાનસ્વભાવની અનુભૂતિ કરી ત્યારે ખરેખર સમ્યગ્દર્શન થયું; અને તેમાં નિમિત્તરૂપ અરિહંતની શ્રદ્ધાના ભાવને પણ સમ્યગ્દર્શન કહ્યું-તે વ્યવહાર છે, એટલે ખરેખર તે સમ્યગ્દર્શન નથી પણ સાચા સમ્યગ્દર્શનનો તેમાં આરોપ કરીને તેને પણ સમ્યગ્દર્શન કહ્યું છે. જે સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ નથી કરતો તેને તો નિશ્ચય કે વ્યવહાર કાંઈ હોતું નથી. સમ્યક્ત્વ સન્મુખ થયેલો જીવ અરિહંતદેવ તરફના લક્ષ વખતેય તે વિકલ્પમાં અટકવા માંગતો ન હતો પણ અંતરમાં નિજસ્વરૂપનો નિર્ણય કરીને અંતર્મુખ થવા માંગતો હતો, -આવા લક્ષને કારણે અરિહંતની શ્રદ્ધાને પણ સમ્યગ્દર્શન કહી દીધું. પણ અંતર્-સ્વભાવ તરફ જે ઢળે નહીં તેને વ્યવહાર લાગુ પડતો નથી.

આ છહઢાળા તો જૈનધર્મનું તત્ત્વજ્ઞાન કરાવવા માટેનું પાઠ્યપુસ્તક છે, મોટાને તેમજ બધા બાળકોને પણ તે ભણાવવા જેવું છે; સહેલું ને બધાને સમજાય તેવું છે, અને પ્રયોજનભૂત એવા વીતરાગવિજ્ઞાનનું સ્વરૂપ આમાં સમજાવ્યું છે. અહો, વીતરાગવિજ્ઞાનનું આવું ભણતર તો ઘરેઘરે ભણાવવું જોઈએ; બાકી લૌકિક ભણતરમાં તો કાંઈ હિત નથી. આ તો સર્વજ્ઞભગવાને ભણાવેલું વીતરાગી ભણતર છે, તે અપૂર્વ હિતકારી છે.

જેમને જ્ઞાનાદિ ગુણો પૂરા ખીલી ગયા છે ને રાગાદિ દોષનો સર્વથા અભાવ થયો છે એવા સર્વજ્ઞ-વીતરાગ તે સાચા દેવ છે, ભેદજ્ઞાનવડે એવી દશાને સાધી રહેલા શુદ્ધોપયોગી સંત તે સાચા ગુરુ છે, અને આવા દેવ-ગુરુએ કહેલાં તત્ત્વો તે શાસ્ત્ર છે;—સમ્યગ્દર્શનની ભૂમિકામાં આવા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની જ શ્રદ્ધા હોય, તે વ્યવહાર છે; તેનાથી વિરુદ્ધ દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા વ્યવહારમાં પણ હોતી નથી. દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ જે ખોટું માને છે તેને તો નિશ્ચય કે વ્યવહાર એક્કેય સાચું નથી. સમ્યગ્દર્શનના સહચરપણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના જ વિકલ્પ હોય, વિરુદ્ધ ન હોય એટલે કુદેવાદિની માન્યતાના વિકલ્પ ત્યાં હોય નહીં.—મોક્ષમાર્ગમાં નિશ્ચય-વ્યવહારની આવી સ્થિતિ છે; પણ તેમાં મોક્ષમાર્ગ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધાત્માના આશ્રયે થયેલું સમ્યગ્દર્શન જ છે, તેની સાથેનો વિકલ્પ તે કાંઈ મોક્ષમાર્ગ નથી. ભાઈ ! તારા ભાવમાં મોક્ષમાર્ગનું સાચું કારણ શું છે તેને તો તું ઓળખ.

એક તો, સમ્યગ્દર્શનની તૈયારીવાળા જીવને સમ્યગ્દર્શન થવા પહેલાં નિશ્ચયના લક્ષપૂર્વક જે વિકલ્પ હતો તેને સમ્યગ્દર્શનનું કારણ કહ્યું તે વ્યવહાર છે; અને બીજા પ્રકારમાં, સમ્યગ્દર્શનની સાથે સહચારીપણે રહેલા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફની શ્રદ્ધાના વિકલ્પને પણ સમ્યગ્દર્શન કહ્યું તે વ્યવહાર છે; એ બંનેમાં વિકલ્પથી પાર શુદ્ધાત્માની દૃષ્ટિ તે જ સાચું સમ્યગ્દર્શન છે, તે નિશ્ચય છે, તે સત્ય છે, તે મોક્ષનું સાચું કારણ છે.

વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રો તો આત્માનો સર્વજ્ઞસ્વભાવ સિદ્ધ કરે છે; સર્વજ્ઞતા અને વીતરાગતા તે જ તેનું તાત્પર્ય છે; અને તે તાત્પર્ય નિજસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન-આચરણવડે જ સિદ્ધ થાય છે, પરસન્મુખતા વડે ( એટલે કે વ્યવહાર વડે ) તે સધાતું નથી. એટલે વ્યવહારના આશ્રયથી મોક્ષમાર્ગ મનાવે તે જીવો વીતરાગશાસનમાં નથી, સાચો મોક્ષમાર્ગ તેમણે જાણ્યો નથી. એવા કુદેવ-કુગુરુ-કુમાર્ગની શ્રદ્ધાનો વિકલ્પ તે સમ્યગ્દર્શનનું કારણ તો નથી, પરંતુ સમ્યગ્દર્શનના સહકારીપણે પણ તે હોતો નથી. તે તો સમ્યગ્દર્શનથી વિરુદ્ધ છે. સમ્યગ્દર્શનના સહકારીપણે હોય એવા સાચા દેવ-ગુરુની શ્રદ્ધાના વિકલ્પો પણ મોક્ષનું સત્ય કારણ નથી. સત્ય કારણ તો ભૂતાર્થસ્વભાવના આશ્રયે થયેલી શુદ્ધ આત્માની શ્રદ્ધા જ છે; તેને જ 'સત્યાર્થ' કહેલ છે. નિશ્ચય કહો કે સત્યાર્થ કહો; તે મુખ્ય છે; અને બીજો વ્યવહાર છે તે ગૌણ છે, તે સત્યાર્થ નથી પણ આરોપ છે-ઉપચાર છે.

આત્મા જેમ સર્વજ્ઞસ્વભાવ છે તેમ તે અતીન્દ્રિય આનંદસ્વભાવ છે. આત્મા પોતે જ આનંદરૂપ છે, રાગમાં તેનો આનંદ નથી, એટલે રાગના આશ્રયે સુખ કે આનંદ થાય નહીં. તેમ જ આ આત્માનો આનંદસ્વભાવ કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે બીજા પાસે નથી, એટલે બીજાના આશ્રયે તે પ્રગટતો નથી. પોતાનો આનંદ જ્યાં ભર્યો હોય તેમાં એકતાથી આનંદનો અનુભવ થાય. પોતાનો આનંદ પોતામાં જ ભર્યો છે, આનંદરૂપ પોતે જ છે, ને પોતામાં નજર કરતાં તે અનુભવાય છે. જેમ જ્ઞાનસ્વભાવ આત્મામાં છે તેથી આત્માના આશ્રયે સર્વજ્ઞતા થાય છે, તેમાં બીજા કોઈનો આશ્રય નથી; રાગ કે દેહના આશ્રયે સર્વજ્ઞપણું થતું નથી; કેમકે તેમાં તે નથી. તેમ અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા છે, તેના આનંદમાં બીજા કોઈનો આશ્રય નથી; રાગ કે દેહના આશ્રયે આનંદ થતો નથી કેમકે તેમાં આનંદ નથી. જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ છે તેના જ આશ્રયે તે પ્રગટે છે; પણ જેના સ્વભાવમાં જ્ઞાન ને આનંદ નથી તેના આશ્રયે તે પ્રગટે નહીં.

મોક્ષ એટલે પૂર્ણ આનંદ; તેના કારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે પણ અતીન્દ્રિય આનંદના જ અંશો છે. આત્માના આશ્રયે તે પ્રગટે છે. આનંદની જાતના તે અંશો જ પૂર્ણ આનંદનું કારણ થાય છે. રાગ તે કાંઈ આનંદનો અંશ નથી એટલે તે આનંદનું કારણ પણ થતો નથી.-તો તેને મોક્ષમાર્ગ કોણ માને ? જેનામાં અંશે પણ આનંદ નથી પણ ઊલટી આકુળતા છે એવા રાગભાવો પૂર્ણ આનંદરૂપ મોક્ષનું કારણ કેમ થાય ? નિશ્ચય સમ્યગ્દર્શન-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાન-ચારિત્ર—એ ત્રણે આનંદરૂપ છે, રાગ વગરનાં છે અને આત્માને જ આધીન છે, તે જ પૂર્ણ આનંદરૂપ મોક્ષનું કારણ છે. સુખરૂપ પર્યાય પૂર્ણ સુખને સાધે છે, પણ દુઃખ-રૂપ પર્યાય સુખને સાધી શકે નહીં. શુભરાગ વડે વીતરાગમાર્ગ સધાય નહીં. રાગના અભાવરૂપ અંશે વીતરાગતા વડે જ વીતરાગમાર્ગ સધાય છે. પુણ્ય-પાપના રાગમાં આનંદ ક્યાં છે—કે તેના આશ્રયે તે પ્રગટે? આનંદ કહો કે મોક્ષમાર્ગ કહો; તે આનંદનો કોઈ અંશ રાગમાં નથી, ને આનંદમાં રાગમાં રાગ નથી, એટલે તેઓ એકબીજાનું કારણ પણ નથી. આ રીતે રાગ તે મોક્ષમાર્ગ નથી એટલે વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નથી. રાગ વગરનો જે શુદ્ધ-સ્વભાવ તેના જ આશ્રયે મોક્ષમાર્ગ છે.–આ જૈનધર્મનો સિદ્ધાંત છે.

જૈનસિદ્ધાન્તનું તથ્ય એ છે કે, આત્મા પોતે જ્ઞાન-આનંદથી ભરપૂર ભગવાન છે-તે અનુભવમાં આવે. આવા અનુભવને જ જૈનશાસન કહ્યું છે. જ્ઞાન-આનંદસ્વરૂપમાં દૃષ્ટિ કરીને એકાગ્ર થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે, ને પૂર્ણ લીન થતાં મોક્ષદશા થાય છે. અંશ અને અંશી એક જાતના હોય છે; અંશીનો અંશ તેવી જાતનો હોય છે; સાચા કારણ-કાર્ય એક જાતનાં જ હોય છે; અંશ પોતાની જાતના અંશીના જ આશ્રયે પ્રગટે, પણ વિજાતના આશ્રયે ન પ્રગટે. સાચા જ્ઞાનનો અંશ જ્ઞાનના જ આશ્રયે પ્રગટે. રાગના આશ્રયે ન પ્રગટે. રાગના સેવન વડે તો રાગનું જ કાર્ય પ્રગટે, પણ જ્ઞાન ન પ્રગટે. અંશીની સાથે એકતા કરીને પ્રગટેલો અંશ તે જ સાચો અંશ છે. (પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ સાચી શરૂઆત છે.) પૂર્ણતાનું લક્ષ કહો કે સમ્યગ્દર્શન કહો, તેનાથી જ મોક્ષમાર્ગની શરૂઆત છે. આત્મા આખો આનંદસ્વભાવ છે, તેના અનુભવથી જ આનંદ પ્રગટે છે. રાગના આશ્રયે આનંદનો અનુભવ કદી ન થાય, કેમકે આનંદ તે કાંઈ રાગનો અંશ નથી. એ જ રીતે જ્ઞાન અને શ્રદ્ધા પણ રાગના આશ્રયે થતા નથી, કેમકે તે જ્ઞાનાદિ કાંઈ રાગના અંશ નથી. રાગના આશ્રયે તો રાગ પ્રગટે, કાંઈ મોક્ષમાર્ગ ન પ્રગટે.

જુઓ, આ સત્યાર્થ મોક્ષમાર્ગ! સાચો મોક્ષમાર્ગ રાગ વગરનો છે. આત્માના જ્ઞાન ને આનંદ તે રાગ વગરના છે. જ્ઞાન ને આનંદ તે આત્માના મુખ્ય ગુણો છે. 'ચિદાનંદાય નમઃ' વગેરે મંત્રો આત્માના સ્વભાવને સૂચવે છે, તેમાં શ્રદ્ધા-વીર્ય વગેરે અનંત ગુણો સમાઈ જાય છે. જે ગુણથી જુઓ તે ગુણસ્વરૂપ આખો આત્મા દેખાય છે. આનંદની મુખ્યતાથી જુઓ તો આખો આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનની મુખ્યતાથી જુઓ તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે; એ જ રીતે શ્રદ્ધા વગેરે અનંત ગુણસ્વરૂપ આખો આત્મા છે; તેના લક્ષથી સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ પ્રગટે છે. આત્માના લક્ષે રાગ પ્રગટતો નથી, તેનો તો અભાવ થઈ જાય છે. રાગ તે આત્મગુણ નથી એટલે રાગના આશ્રયે આત્માના કોઈ ગુણ (સમ્યગ્દર્શનાદિ) પ્રગટતા નથી. બધાય ગુણોની નિર્મળ પર્યાય આત્માના જ આશ્રયે પરિણમે છે; પોતાના જ્ઞાનાદિ ગુણ-પર્યાયોને ધારણ કરનાર વસ્તુ આત્મા જ છે. જેનામાં જે ગુણ જ નથી તેના આશ્રયે તે ગુણનું કાર્ય પ્રગટે નહીં; જેમાં ગુણ હોય તેના જ આશ્રયે તેનું કાર્ય પ્રગટે. જેનામાં જ્ઞાન હોય તેના આશ્રયે કેવળજ્ઞાન થાય, જેનામાં આનંદ હોય તેના આશ્રયે આનંદ થાય. જેનામાં જ્ઞાન કે આનંદ છે જ નહીં તેના આશ્રયે તે ક્યાંથી પ્રગટે? માટે હે જીવ! પરનો આશ્રય છોડ ને સ્વદ્રવ્યની સામે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈને તેનો જ આશ્રય કર....આ કામ ત્વરાથી કર એટલે કે શીઘ્ર કર. આત્માના હિતના આ કાર્યમાં તું વિલંબ ન કર.

અરે જીવ ! તારી અવસ્થામાં તને અનંતકાળથી દુઃખનો અનુભવ છે તે કેમ છૂટે ? અને અનાકુળતારૂપ સાચું આત્મસુખ કેમ અનુભવમાં આવે ?–તેની રીત વીતરાગીસંતો તને બતાવે છે, તે તારા હિતને માટે લક્ષમાં લે, વિચારમાં લે. બહારના બીજા તો વિચાર ઘણા કરે છે, તો આ તારા હિતની વાત પણ જરાક વિચારમાં લે. બીજા સંસારના વિચાર કરીને દુઃખી થઈ રહ્યો છે, પણ ભાઈ ! એકવાર આત્માના સુખને તો વિચારમાં લે. જે દુઃખ છે તે કાંઈ આખો આત્મા નથી, પણ તેની પાછળ આનંદનો આખો સમુદ્ર ભરેલો છે; તે સમુદ્રને દેખ, તો પર્યાયમાં પણ તે આનંદના તરંગ ઉલ્લસે ને દુઃખ ન રહે. આનંદની વિકૃતિ તે દુઃખ છે. લાકડામાં દુઃખ નથી, કેમકે તેનામાં આનંદસ્વભાવ નથી. આનંદસ્વભાવ જ્યાં ન હોય ત્યાં તેની વિકૃતિરૂપ દુઃખ પણ ન હોય. દુઃખ તે તો વિકૃત ક્ષણિક કૃત્રિમ ભાવ છે, તે જ વખતે આનંદસ્વભાવ સહજ–અકૃત્રિમ શાશ્વત છે. આનંદસ્વભાવને ભૂલીને અજ્ઞાનથી દુઃખ ઊભું કર્યું છે; આનંદસ્વભાવને અનુભવમાં લેતાં દુઃખ મટી જાય છે. દુઃખ સંયોગમાં નથી ને સ્વભાવમાં પણ નથી, તે તો ક્ષણિક વિકૃતિ છે;—કોની વિકૃતિ ? આત્માની અંદર જે આનંદસ્વભાવ ભર્યો છે તેની વિકૃતિ તે દુઃખ છે. આનંદસ્વભાવના અનુભવ વડે તે વિકૃતદશા ટળીને આનંદદશા પ્રગટે છે. અરે, દુઃખ શું છે-એનું પણ જીવને ભાન નથી. દુઃખને ખરેખર ઓળખે તો આખો આનંદસ્વભાવ સિદ્ધ થઈ જાય; આનંદસ્વભાવને જાણે ત્યારે દુઃખનું સ્વરૂપ ખ્યાલમાં આવે.

હવે દુઃખની જેમ કષાયની વાત લઈએ કષાય તે પણ દુઃખ જ છે. અંદર શાંતરસથી ભરેલો અકષાય–સ્વરૂપ આત્મા છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ અકષાયભાવની ઉત્પત્તિ થાય છે, તે મોક્ષમાર્ગ છે. તે અકષાયભાવનો આધાર કાંઈ રાગાદિ વિકલ્પો નથી. રાગ–દ્વેષ પોતે કષાય છે, તે અકષાયભાવનું કારણ થતા નથી; અને શાંત અકષાયસ્વભાવની સન્મુખતાથી કષાયની ઉત્પત્તિ થતી નથી. કષાય ક્ષણિક વિકૃતભાવ છે, અકષાયસ્વભાવ ત્રિકાળ છે; તે બંનેને જાણે તો અકષાય–ચૈતન્યસ્વભાવનો અનુભવ કરીને કષાયનો અભાવ કરે.—એ મોક્ષમાર્ગ છે. ક્ષણિક કષાયને કાંઈ ત્રિકાળી સ્વભાવનો આધાર નથી, ત્રિકાળી સ્વભાવમાં તો કષાય છે જ નહીં; આવા સ્વભાવને લક્ષમાં લેતાં કષાય ભાવો છૂટી જાય છે.

એ જ રીતે શ્રદ્ધાસ્વભાવી આત્મા છે, તેની સન્મુખતાથી સમ્યગ્દર્શન છે. મિથ્યાત્વ તો એકક્ષણ પૂરતી વિકૃતિ છે, તેને કાંઈ સ્વભાવનો આધાર નથી જે શ્રદ્ધાસ્વભાવ ત્રિકાળ છે તેનો સ્વીકાર કરતાં મિથ્યાત્વ રહેતું નથી સમ્યક્ત્વ પ્રગટ કરવા માટે આવા આત્મસ્વભાવનો જ આધાર છે, રાગાદિ વિકલ્પોના આધારે સમ્યગ્દર્શન થતું નથી.

એ જ રીતે સમ્યક્પુરુષાર્થરૂપ વીર્ય, તે આત્માનો સ્વભાવ છે; તેના આશ્રયે રત્નત્રયના પુરુષાર્થરૂપ વીર્યબળ પ્રગટે છે; વિકલ્પમાં એવું બળ નથી કે રત્નત્રયને પ્રગટ કરે. બલવંત–વીર્યવાન આત્મા છે કે જે સ્વબળ વડે રત્નત્રય પ્રગટ કરે છે. બળ નામની એક ઔષધિ આવે છે તેમ આત્મામાં વીર્યબળરૂપ એવું ઔષધ છે કે જે સર્વ કષાયરોગનો નાશ કરીને અવિકારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રત્નત્રયનું અને કેવળજ્ઞાનાદિ-ચતુષ્ટયનું અનંત બળ આપે છે; રાગમાં એવું બળ નથી કે રત્નત્રય આપે. અનંત ગુણરૂપ જે આત્મસ્વભાવ છે તેના જ આશ્રયે મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે. આવો સાચો મોક્ષમાર્ગ વિચારીને તેનું સ્વરૂપ નક્કી કરવું જોઈએ.

નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ એક જ મોક્ષમાર્ગ છે; બે મોક્ષમાર્ગ નથી. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ—એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે-એમ પં. ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગ-પ્રકાશકમાં કહ્યું છે. નિશ્ચય મોક્ષમાર્ગ સિવાય બીજા કોઈને મોક્ષમાર્ગ કહેવો તે ખરેખર મોક્ષમાર્ગ નથી. પણ માત્ર ઉપચાર છે—એમ જાણવું. શુદ્ધ આત્મતત્ત્વને જાણીને, શ્રદ્ધા કરીને તેના અનુભવવડે જ મોક્ષ પમાય છે, બીજો માર્ગ નથી....નથી.

પ્રવચનસારમાં કહે છે કે—અતીતકાળમાં ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકર ભગવંતોએ આ એક જ પ્રકારથી કર્માંશોનો ક્ષય પોતે અનુભવ્યો, કેમકે બીજા પ્રકારનો અભાવ હોવાથી તેમાં દ્વૈત સંભવતું નથી. એ રીતે શુદ્ધાત્માના અનુભવ વડે પોતે કર્મનો ક્ષય કરીને તે સર્વે તીર્થંકર ભગવંતોએ પરમ આપ્તપણાને લીધે ત્રણેકાળના મુમુક્ષુઓને પણ એ જ પ્રકારનો ઉપદેશ કર્યો અને પછી તેઓ મોક્ષને પામ્યા. માટે નિર્વાણનો અન્ય માર્ગ નથી એમ નક્કી થાય છે. આ રીતે એક જ પ્રકારના સમ્યક્ માર્ગનો નિર્ણય કરીને આચાર્યદેવ કહે છે કે અહો ! આવો મોક્ષમાર્ગ ઉપદેશનારા ભગવંતોને નમસ્કાર હો.

અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત્ત થયા, નમું તેમને.
શ્રમણો-જિનો-તીર્થંકરો એ રીત સેવી માર્ગને,
સિદ્ધિ વર્યા, નમું તેમને, નિર્વાણના તે માર્ગને.

શુદ્ધઆત્મઅનુભૂતિરૂપ જે નિશ્ચય રત્નત્રય તે સિવાય બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી-નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે સ્વરૂપ એક મોક્ષમાર્ગ છે, પણ જુદા જુદા ત્રણ મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન હોય ત્યાં સમ્યગ્જ્ઞાન સાથે હોય જ છે, અને ત્યાં અનંતાનુબંધી કષાયના અભાવરૂપ ચારિત્રનો અંશ પણ હોય છે. આ રીતે શુદ્ધ રત્નત્રયરૂપ એક જ મોક્ષમાર્ગ છે. પછી તે રત્નત્રયની શુદ્ધિમાં તારતમ્યપણે ભલે અનેક પ્રકાર હોય, પણ તેમાં જાત એક જ છે; જેટલી રત્નત્રયની શુદ્ધતા છે તેટલો જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

**પ્રશ્ન :**—ઘણે ઠેકાણે નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે મોક્ષમાર્ગ કહ્યા છે અને તમે તો મોક્ષમાર્ગ એક જ કહો છો, તો તેમાં વિરોધ નથી ?

**ઉત્તર :**—ના; સાચો મોક્ષમાર્ગ એક જ છે, અને બીજો કોઈ ખરેખર મોક્ષમાર્ગ નથી —એમ નિર્ણય કરીને સાચા મોક્ષમાર્ગને જ મોક્ષમાર્ગરૂપે ગ્રહણ કરવો, તે જ અવિરુદ્ધપણું છે. પણ, નિશ્ચયમોક્ષમાર્ગ તે પણ માર્ગ છે, અને વ્યવહારમોક્ષમાર્ગ તે પણ માર્ગ છે-એમ બંનેને સાચાં માનીને અંગીકાર કરતાં તો વિરોધ આવે છે. એક નિશ્ચયમોક્ષમાર્ગ તે સાચો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માર્ગ છે અને બીજો માર્ગ કહેવો તે તો માત્ર ઉપચાર છે, તે સાચો માર્ગ નથી,—એમ ઓળખતાં જ સાચા મોક્ષમાર્ગનું જ્ઞાન થાય છે, અને તેમાં જ બંને નયોના સાચા અર્થનો સ્વીકાર થાય છે.

આત્માના શુદ્ધસ્વભાવની અનુભૂતિસ્વરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના જે શુદ્ધ વીતરાગ પરિણામ છે તે તો સાચો મોક્ષમાર્ગ છે એટલે નિશ્ચયથી ખરેખર તે મોક્ષમાર્ગ છે; અને ત્યાં, જે સાચો મોક્ષમાર્ગ તો નથી પણ મોક્ષમાર્ગની સાથે નિમિત્તપણે વર્તે છે તેને પણ મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે. '**कारण सो ववहारो**'—વ્યવહારને નિશ્ચયમોક્ષમાર્ગનું કારણ કહ્યું તે પણ ઉપચાર છે એટલે નિમિત્તરૂપ છે—એમ સમજવું. જેમ ઉપાદાન વગરનું નિમિત્ત તે ખરેખર નિમિત્ત નથી, તેમ નિશ્ચયની અપેક્ષા વગરનો વ્યવહાર તે ખરેખર વ્યવહાર નથી. નિશ્ચય વગર એકલો વ્યવહાર હોતો નથી, એટલે પહેલાં એકલો વ્યવહાર હોય ને તેનાથી નિશ્ચય પમાય—એ વાત સાચી નથી. 'બંને સાથ રહેલ'—એટલે નિશ્ચય અને વ્યવહાર બંને સાથે રહેલા હોવા છતાં તેમાં સત્ય મોક્ષમાર્ગ તો એક જ છે, બે નથી.

સાચા મોક્ષમાર્ગના નિર્ણય માટે આ વાત પ્રયોજનભૂત હોવાથી વારંવાર ઘૂંટાય છે. સાધકને એક પર્યાયમાં નિશ્ચય–વ્યવહાર બંને સાથે વર્તે છે, તેમાં નિશ્ચય રત્નત્રય તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે, અને તેને અનુકૂળપણે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રના જે શુભ વિકલ્પો વર્તે છે તેમાં મોક્ષમાર્ગનો વ્યવહાર કરવો તે ઉપચાર છે, તે સત્યાર્થ નથી. એક જ સત્ય મોક્ષમાર્ગ, ને બીજો સત્ય નહિ પણ ઉપચાર,—એમ મોક્ષમાર્ગનું સ્વરૂપ વિચારવું. નિશ્ચય અને વ્યવહાર બંને ભેગાં થઈને એક મોક્ષમાર્ગ છે–એમ નથી. નિશ્ચય તે એક જ મોક્ષમાર્ગ છે.

❀ શુદ્ધઆત્માની શ્રદ્ધા તે એક જ સમ્યગ્દર્શન છે;

❀ શુદ્ધઆત્માનું જ્ઞાન તે એક જ સમ્યગ્જ્ઞાન છે;

❀ શુદ્ધઆત્મામાં લીનતા તે એક જ સમ્યક્ચારિત્ર છે.

❀ આવા શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ એક જ મોક્ષમાર્ગ છે.

❀ વ્યવહારના વિકલ્પોનો તેમાં અભાવ છે.

નિશ્ચયની ભૂમિકામાં તેને યોગ્ય જ વ્યવહાર હોય છે, તેનો સ્વીકાર છે, પણ તેને સત્ય મોક્ષમાર્ગ તરીકે જ્ઞાની સ્વીકારતા નથી.

**પ્રશ્નઃ**—જે વ્યવહાર રત્નત્રય છે તે ખરેખર મોક્ષમાર્ગ નથી, તો ઉપચારથી તેને મોક્ષમાર્ગ કેમ કહ્યો?

**ઉત્તરઃ**—કેમકે નિશ્ચય સાથે તે ભૂમિકામાં તેવો જ વ્યવહાર નિમિત્તપણે હોય છે, વિપરીત નથી હોતો,—એમ તે ભૂમિકાનું જ્ઞાન કરાવવા તેમાં મોક્ષમાર્ગનો ઉપચાર છે. જેમ બિલાડીમાં વાઘનો ઉપચાર તે એમ સૂચવે છે કે બિલાડી પોતે ખરેખરો વાઘ નથી, ખરો વાઘ એનાથી બીજો છે; તેમ વ્યવહારમાં મોક્ષમાર્ગનો ઉપચાર તે એમ સૂચવે છે કે વ્યવહાર પોતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખરેખરો મોક્ષમાર્ગ નથી, ખરો મોક્ષમાર્ગ એનાથી બીજો છે. 'જ્ઞાન તે આત્મા' એટલા ગુણગુણીભેદના વિકલ્પરૂપ વ્યવહાર પણ મોક્ષનું સાધન થઈ શકતો નથી, ત્યાં બીજા સ્થૂળ રાગની શી વાત?

* મોક્ષમાર્ગ બે નથી, એક જ છે; તેમ—
* મોક્ષમાર્ગમાં જે સમ્યગ્દર્શન છે તે બે નથી, એક જ છે;
* મોક્ષમાર્ગમાં જે સમ્યગ્જ્ઞાન છે તે બે નથી, એક જ છે;
* મોક્ષમાર્ગમાં જે સમ્યક્ચારિત્ર છે તે બે નથી, એક જ છે.

પછી ભલે તે સમ્યગ્દર્શનના ત્રણ ભેદ પડે, સમ્યગ્જ્ઞાનના પાંચ ભેદ પડે ને સમ્યક્-ચારિત્રના પાંચ ભેદ પડે, પણ તે બધાયમાં સ્વદ્રવ્યાશ્રયનો પ્રકાર એક જ છે; તે દર્શન-જ્ઞાન-ચારિત્રનો કોઈ પણ પ્રકાર પરદ્રવ્યને આશ્રિત નથી, કે તેમાં કયાંય રાગ નથી.

ભગવાન આત્મા મહાન પદાર્થ, તેમાં અંતર્મુખ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે; એનાથી જુદો કોઈ બીજો મોક્ષમાર્ગ કહેવો તે તો વાણીનો વિલાસ છે,-તેનું વાચ્ય નિમિત્ત અને રાગ છે; પણ મોક્ષમાર્ગનું તે ખરૂં-સત્ય સ્વરૂપ નથી. સત્ય મોક્ષમાર્ગ શુદ્ધ આત્માની અનુભૂતિમાં જ સમાય છે, તે નિર્વિકલ્પ છે, કોઈ વિકલ્પ તેમાં નથી. આવો મોક્ષમાર્ગ ચોથા ગુણસ્થાનથી શરૂ થઈ જાય છે. સમન્તભદ્રસ્વામીએ '**गृहस्थो मोक्षमार्गस्थ:**' એમ કહીને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને પણ મોક્ષમાર્ગમાં ગણ્યો છે. એટલે કોઈ એમ કહે કે ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને એકલો વ્યવહારમોક્ષમાર્ગ છે ને પછી સાતમા ગુણસ્થાનથી એકલો નિશ્ચયમોક્ષમાર્ગ છે,—તો એ વાત બરાબર નથી. ચોથા ગુણસ્થાનથી જ બંને સાથે છે. તેમાં જેટલા અંશે શુદ્ધતા છે તે સાચો મોક્ષમાર્ગ છે, અને જેટલા રાગાદિ છે તે મોક્ષમાર્ગ નથી. આમ બધા પડખેથી ઓળખીને સત્ય મોક્ષમાર્ગને અંગીકાર કરવો જોઈએ.

અહો! આવો સરસ-સુંદર સ્વાધીન મોક્ષમાર્ગ, તે જ મહાન સુખનું કારણ છે—એમ જાણીને બહુમાનપૂર્વક તેનું સેવન કરો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# 卐 નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા 卐

નિરાકુળ સુખરૂપ મોક્ષ તે આત્માનું હિત છે, અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો માર્ગ છે; જીવે પોતાના હિતને માટે આવા મોક્ષમાર્ગમાં લાગવું જોઈએ-એમ પહેલી ગાથામાં કહ્યું; હવે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે શું ? તેની વ્યાખ્યા બીજી કડીમાં કહે છે—

( ગાથા-૨ )

परद्रव्यनतैं भिन्न आपमें रुचि सम्यक्त्व भला है;
आपरूपको जानपनो सो सम्यक्ज्ञान कला है ।
आपरूपमें लीन रहे थिर सम्यक्चारित सोई;
अब व्यवहार मोक्षमग सुनिये, हेतु नियतको होई ।।२।।

જુઓ, આત્માના હિત માટે સત્યાર્થ મોક્ષમાર્ગનું આ વર્ણન છે. તેમાં પ્રથમ જે નિશ્ચય સમ્યગ્દર્શન છે તે પરથી ભિન્ન પોતાના શુદ્ધઆત્માની રુચિરૂપ છે; આત્માની રુચિરૂપ આવું સમ્યગ્દર્શન તે ભલું છે, શ્રેષ્ઠ છે. આત્માના યથાર્થ સ્વરૂપનું જાણપણું તે સમ્યગ્જ્ઞાનરૂપ વીતરાગીકળા છે; આત્મસ્વરૂપને જાણનારું જ્ઞાન મોક્ષનું કારણ થાય છે અને તે પોતે નિરાકુળ આનંદરૂપ છે. આ રીતે પોતાના આત્માની રુચિ અને જ્ઞાન કરીને પછી તેમાં લીન થઈને સ્થિર રહેવું તે સમ્યક્ચારિત્ર છે. જુઓ, આમાં રાગ ક્યાંય ન આવ્યો. મોક્ષમાર્ગનાં આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય રાગ વગરનાં છે. —આવા મોક્ષમાર્ગને ઓળખીને તેના ઉદ્યમમાં નિત્ય લાગ્યા રહેવું જોઈએ. આ રીતે નિશ્ચયમોક્ષમાર્ગ કહ્યો. અને હવે વ્યવહાર-મોક્ષમાર્ગ —કે જે નિશ્ચયમોક્ષમાર્ગના નિમિત્તરૂપ હેતુ છે તેનું કથન આગળના શ્લોકોમાં કરીશું.

પરદ્રવ્યોથી ભિન્ન, પરદ્રવ્ય તરફના વલણવાળા રાગાદિ ભાવોથી પણ ભિન્ન, અને પોતાના સ્વભાવોથી અભિન્ન – એવા આત્માની શ્રદ્ધા – રુચિ તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં ઘરવખરી વચ્ચે રહ્યો હોય, ધંધા-વેપારમાં હોય કે રાજ-પાટ વચ્ચે હોય, શુભાશુભભાવ તે પ્રકારના થતા હોય, છતાં અંતરની દૃષ્ટિથી પોતાના આત્માને તે બધાયથી જુદો શુદ્ધ ચૈતન્યભાવપણે જ દેખે છે. તે પરદ્રવ્યમાં નથી રહ્યો, તેનો સંબંધ હોવા છતાં તે સંયોગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મા હું છું-એમ તે સ્વદ્રવ્યને શ્રદ્ધે છે; આ સમ્યક્ત્વ ભલું છે-હિતરૂપ છે-કલ્યાણરૂપ છે. નિશ્ચય સમ્યગ્દર્શનને ભલું કહ્યું છે, તે જ સત્યાર્થ છે, તે જ યથાર્થ મોક્ષમાર્ગ છે. 'પરદ્રવ્યનતેં ભિન્ન આપમેં રુચિ સમ્યક્ત્વ ભલા હૈ'-એમ કહ્યું એટલે નિશ્ચયસમ્યગ્દર્શનનો વિષય એકલું સ્વતત્ત્વ છે; પરથી ભિન્ન પોતાના સ્વતત્ત્વને લક્ષમાં લેતાં રાગથી પણ જુદો અનુભવ થાય છે. આવા અનુભવપૂર્વક આત્માની શ્રદ્ધા તે સાચું સમ્યગ્દર્શન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે; આમાં એકલા સ્વતત્ત્વની દૃષ્ટિ છે. સ્વલક્ષ કરતાં જ પરદ્રવ્યો અને પરભાવોની સાથે એકતાબુદ્ધિ છૂટી જાય છે. આ રીતે સ્વમાં એકત્વબુદ્ધિરૂપ આત્મરુચિ તે સમ્યગ્દર્શન છે.

'आपमें रुचि'–આપ એટલે પોતાનો આત્મા, તેનું સ્વરૂપ ઓળખીને, નિર્વિકલ્પ સ્વસંવેદન સહિત તેની શ્રદ્ધા કરવી જોઈએ. બાહ્યદૃષ્ટિથી સંયોગમાં ને રાગમાં 'આ હું' એમ મિથ્યા માન્યું હતું, તે માન્યતા છોડીને અંતરમાં 'આ હું' એમ નિજસ્વભાવની પ્રતીત કરતાં સમ્યક્ત્વ થયું, પોતાનો આત્મા જેવો છે તેવો ઓળખાણમાં આવી ગયો. એકલા શુદ્ધ સ્વભાવમાં જ રુચિનો પ્રવેશ થયો, ત્યાં કોઈ વિકલ્પમાં રુચિ ન રહી, એટલે તેના અવલંબને ધર્મનો કાંઈ પણ લાભ થશે–એવી બુદ્ધિ ન રહી. પરથી જુદો ને વિકલ્પથી જુદો થઈને શુદ્ધાત્મારૂપે જ પરિણમ્યો; આવું સમ્યક્‌પરિણમન તે ભલું છે, તે શુદ્ધ છે, તે નિશ્ચયમોક્ષમાર્ગનું અંગ છે. મોક્ષને સાધવાની તે કળા છે. 'રુચિ સમ્યક્ત્વ ભલા હૈ....ને સમ્યગ્જ્ઞાન કલા હૈ' આત્માની રુચિ ને આત્માનું જ્ઞાન તે મોક્ષને સાધવાની ઉત્તમ કળા છે. પરનું જાણપણું કે શાસ્ત્ર તરફનું જાણપણું–તે નહિ, પણ આપરૂપ એટલે આત્માનું સ્વરૂપ, તેને પરથી ભિન્ન જાણવું તે સાચી જ્ઞાનકળા છે. જીવ બહારની બીજી અનેક કળા શીખ્યો પણ આત્મજ્ઞાનની કળા તેણે પૂર્વે કદી જાણી નથી. જ્ઞાન આત્મસ્વભાવની સન્મુખ થયું ત્યારે સમ્યગ્જ્ઞાનની કળા ખીલી, આત્મજ્ઞાન થયું ને મોક્ષમાર્ગ ઊઘડ્યો. આત્મજ્ઞાન પાસે નવતત્ત્વ વગેરેનું વ્યવહારુ જાણપણું ગૌણ થઈ ગયું. 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું',–તેને જ્ઞાનની કળા ખીલી, હવે આગળ વધીને કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થશે. કેવળજ્ઞાન પ્રગટ કરવા માટેની આ સમ્યગ્જ્ઞાનકળા છે તે કેવળજ્ઞાન સાથે આનંદની કેલી કરે છે, આનંદની ક્રીડા કરતી કરતી તે કેવળજ્ઞાનને સાધે છે. અહા! ચોથાગુણસ્થાને ગૃહસ્થનું સમ્યગ્જ્ઞાન તે પણ કેવળજ્ઞાનની જાતનું જ છે. પૂર્ણ ચંદ્રનો અંશ પણ ચંદ્રની જાતનો જ હોય, તે કાંઈ ઠીકરું ન હોય; તેમ સમ્યક્‌મતિશ્રુતજ્ઞાન તે કેવળજ્ઞાનની જાતના જ છે, તે કાંઈ રાગની જાતના ઠીકરા જેવા નથી. અહા, શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન થતાં કેવળજ્ઞાનની એક કળા ખીલી. આવી ભેદજ્ઞાનકળા તે મોક્ષને સાધનારી છે.

**परद्रव्यनतें भिन्न आपमें रुचि सम्यक्त्व भला है।**
**आपरूपको जाणपनो सो सम्यग्ज्ञान कला है।**

હે જીવ! મોક્ષસુખને માટે તું આવા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્‌ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં ઉદ્યમી થા. પોતાના આત્માની સન્મુખ થઈને આત્માની રુચિ તે સમ્યગ્દર્શન છે, આત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે; અને સમ્યક્‌ચારિત્ર કેવું છે? કે–

**आपरूपमें लीन रहे थिर सम्यक्‌चारित सोई।**

પરથી ભિન્ન પોતાનું જે સ્વરૂપ રુચિમાં અને જ્ઞાનમાં લીધું તે નિજસ્વરૂપમાં સ્થિરતા-લીનતારૂપ વીતરાગભાવ તે સમ્યક્‌ચારિત્ર છે. જુઓ, નિજસ્વરૂપમાં લીનતાને ભગવાને ચારિત્ર અને મોક્ષમાર્ગ કહેલ છે, શુભરાગને ચારિત્ર કે મોક્ષમાર્ગ કહ્યો નથી. શુભાશુભક્રિયાઓ તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મના આસ્રવનો હેતુ છે; કર્મના આસ્રવના હેતુરૂપ તે ક્રિયાથી નિવૃત્તિ, અને શુદ્ધ-જ્ઞાનસ્વરૂપમાં પ્રવૃત્તિ, તે મોક્ષમાર્ગનું ચારિત્ર છે; આવા સમ્યક્ચારિત્રમાં સદા લાગવાનું કહ્યું છે. અરે, સાચું ચારિત્ર શું છે-તેની પણ ઘણા જીવોને ખબર નથી. સાચા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ અહીં ટૂંકમાં ઓળખાવ્યું છે. મોક્ષમાર્ગરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય ભાવો આત્મામાં સમાય છે, કોઈ રાગમાં કે શરીરની ક્રિયામાં તે નથી.

સહજ એક જ્ઞાયકભાવ—કે જે શુભાશુભ રાગાદિ પરભાવોરૂપે કદી થયો નથી એવો શુદ્ધ આત્મા, તેની અંતરંગ અનુભૂતિમાં 'આ હું' એવી નિર્વિકલ્પ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. આત્મા આવો છે એમ તેને બરાબર જાણીને તેનું શ્રદ્ધાન થાય છે. સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન અને સમ્યક્અનુભૂતિ ત્રણે એક સાથે થાય છે. જે વસ્તુને જાણી જ ન હોય તેની શ્રદ્ધા કેવી રીતે કરે? વસ્તુને જાણ્યા વગરની શ્રદ્ધા એ તો સસલાનાં શીંગડાની શ્રદ્ધા કરવા જેવી મિથ્યાશ્રદ્ધા છે. શ્રદ્ધા કોની? –કે જે વસ્તુ સત્ હોય તેની. સત્ એવો જે જ્ઞાયકસ્વભાવ, તેને દૃષ્ટિમાં અને જ્ઞાનમાં લીધો ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું; તેની સાથે આનંદનો અનુભવ પણ છે. આવા આનંદસ્વરૂપ આત્માનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે, તે શુદ્ધજ્ઞાનની કળા છે, તે મોક્ષને સાધનારી વીતરાગ-વિદ્યા છે. મોક્ષની પ્રાપ્તિ માટેનું આ 'બીજ-જ્ઞાન' છે. જ્ઞાનની બીજ ઊગી તે વધીને પૂનમ થશે. બહારના અપ્રયોજનભૂત પદાર્થોનું જાણપણું કરે એમાં કાંઈ આત્માનું હિત નથી, તે બાહ્ય-જ્ઞાન વડે કાંઈ મોક્ષ સધાતો નથી. અરે, એકલા પરલક્ષે શાસ્ત્રનું જાણપણું તે પણ મોક્ષને સાધી શકતું નથી. જે જ્ઞાન આત્માના મોક્ષનું સાધન ન થાય, જે આનંદનો અનુભવ ન આપે તેને જ્ઞાન કોણ કહે? શુદ્ધ આત્મા તરફ વળેલું જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે, તે જ મોક્ષને સાધનારું છે ને તે જ આનંદનું દાતાર છે. અંતરમાં શુદ્ધાત્માના આવા જ્ઞાનસહિત શાસ્ત્ર વગેરેનું જ્ઞાન હોય તેને વ્યવહારે મોક્ષનું કારણ કહેવાય. શુદ્ધાત્માની સમ્યક્શ્રદ્ધા સહિત નવતત્ત્વની પ્રતીતિને વ્યવહારસમ્યગ્દર્શન કહેવાય. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો શુદ્ધાત્માની સ્વસત્તાને જ અવલંબનારા છે, તેમાં પરનું અવલંબન જરાય નથી. –આવો સ્વાધીન આત્માશ્રિત નિશ્ચયમોક્ષમાર્ગ છે.

પરથી જુદું આત્માનું વાસ્તવિકસ્વરૂપ શું છે તેના શ્રદ્ધા-જ્ઞાન કર્યા પછી જ તેમાં લીનતા થઈ શકે; નિજસ્વરૂપમાં લીનતા વડે જેટલી વીતરાગી શુદ્ધતા થઈ તેટલું સમ્યક્ચારિત્ર છે. વ્રત સંબંધી શુભ વિકલ્પો તે ચારિત્ર નથી, તે તો ચારિત્રદશામાં સાથે નિમિત્તરૂપ છે. વીતરાગતા જ ચારિત્ર છે, રાગ તે ચારિત્ર નથી. રાગ વગરનાં રત્નત્રય જ મોક્ષનું કારણ છે, રાગ તો આસ્રવનું જ કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

અહા! આવો ચોકખો વીતરાગી માર્ગ! તેને ભૂલીને અજ્ઞાની લોકોએ રાગમાં મોક્ષમાર્ગ માની લીધો. રાગને મોક્ષમાર્ગ માનવો તે તો, કાચના કટકામાં મોટો મહા કિંમતી ચૈતન્યહીરો માંગવા જેવું છે. રાગવડે મોક્ષ થવાનું જે માને છે તેણે તો રાગ જેટલી જ મોક્ષની કિંમત કરી છે, વીતરાગી આનંદરૂપ મોક્ષની તેને ખબર નથી. બાપુ! પૂર્ણ આનંદથી ભરેલું મોક્ષપદ તે એવું નથી કે તેને રાગમાં મળી જાય. વીતરાગી આનંદરૂપ મોક્ષ માટેની કિંમત પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ અલૌકિક છે. અખંડ ચૈતન્યસ્વભાવને સ્વીકારીને તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવ વડે જ મોક્ષ સધાય છે, એનાથી જુદું બીજું કોઈ સાધન નથી.

અહા, જ્ઞાનાનંદના અનંત કિરણોથી ચમકતો ચૈતન્યહીરલો....તે તો વીતરાગતાનો પૂંજ છે; તેમાં લીનતારૂપ વીતરાગતા તે જ ચારિત્ર છે. આવા ચારિત્રને ભગવાને પરમધર્મ કહ્યો છે. એને બદલે જે પરમાં ને રાગાદિ વ્યવહારભાવોમાં લીન થઈને તેને ચારિત્રધર્મ સમજી લ્યે તે તો મિથ્યાદૃષ્ટિ છે, તેને તો વ્યવહારચારિત્ર પણ હોતું નથી. (લીન ભયો વ્યવહારમેં મુક્તિ કહાંસે હોય ?)

પહેલાં ચારિત્ર ને પછી સમ્યગ્દર્શન–એમ જે માને છે તેને તો સમ્યગ્દર્શનની કે ચારિત્રની એકેયની ખબર નથી. ભાઈ! શ્રદ્ધા વગર ચારિત્ર કેવું ? આત્માને જાણ્યા વગર તું લીન શેમાં થઈશ ? ચારિત્રનું મૂળકારણ તો સમ્યગ્દર્શન અને જ્ઞાન છે; તેને બદલે શુભરાગને જ તેં ચારિત્ર માની લીધું, અને પાછો તે શુભરાગરૂપ ચારિત્રને તેં સમ્યગ્દર્શનનું કારણ માન્યું,-એટલે તારે તો આખો મોક્ષમાર્ગ રાગરૂપ જ થયો, એમાં વીતરાગતા કે શુદ્ધાત્માનો આશ્રય કરવાનું તો ક્યાંય આવ્યું નહીં. સ્વદ્રવ્યના આશ્રયરૂપ વીતરાગતા વગર મોક્ષમાર્ગ કેવો ? શુદ્ધાત્માના જ આશ્રયે સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

સમયસાર ગાથા ૨૭૬–૨૭૭ માં કહે છે કે–શુદ્ધઆત્મા તે જ્ઞાન છે કારણ કે તે જ્ઞાનનો આશ્રય છે, શુદ્ધઆત્મા તે દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે, અને શુદ્ધઆત્મા તે ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે.–આ પ્રમાણે નિશ્ચય છે. શુદ્ધઆત્માના જ આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એટલે અભેદપણે તે ત્રણેને શુદ્ધઆત્મા જ કહી દીધો.

શાસ્ત્રોનું જ્ઞાન, નવપદાર્થોની શ્રદ્ધા અને પંચમહાવ્રતના શુભભાવરૂપ ચારિત્ર તે વ્યવહાર છે; કેમકે તે હોવા છતાં–જો શુદ્ધાત્માનો આશ્રય ન હોય તો–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી હોતાં.

–માટે પરાશ્રિત એવો વ્યવહાર તે મોક્ષમાર્ગમાં નિષેધ્ય છે, અને સ્વાશ્રિત એવો જે નિશ્ચય તે જ મોક્ષમાર્ગમાં ઉપાદેય છે,–એ સિદ્ધાંત છે.

પંડિતજીએ સમયસાર વગેરે શાસ્ત્રો અનુસાર આ છહઢાળાની રચના કરી છે; સંસ્કૃત અને વ્યાકરણ ભણ્યા વગર પણ સમજાય એવું સાદું આ પુસ્તક છે; ટૂંકામાં ઘણી વાત તેમાં સમજાવી છે. મોટા અને નાના બધાયને અભ્યાસ કરવા જેવું આ પુસ્તક છે. આ બીજી ગાથામાં નિશ્ચય રત્નત્રયનું કથન કર્યું. અને હવે ત્રીજી ગાથાથી વ્યવહાર સમ્યગ્દર્શનનું તથા તેના વિષયરૂપ જીવ–અજીવાદિ સાત તત્ત્વોનું વર્ણન કરશે.

જુઓ, પહેલાં નિશ્ચયમોક્ષમાર્ગ બતાવીને પછી કહ્યું કે હવે વ્યવહાર સાંભળો. જ્યાં નિશ્ચય હોય ત્યાં વ્યવહાર કેવો હોય છે તેનું જ્ઞાન કરાવે છે. જેને નિશ્ચયની ખબર નથી તેને વ્યવહાર કેવો ? વ્યવહારને નિયતનો હેતુ કહ્યો,–પણ તે કયો વ્યવહાર ? કે જે નિશ્ચયની સાથે હોય તે. જ્યાં નિશ્ચય હોય ત્યાં આવો વ્યવહાર હોય તેને વ્યવહારે હેતુ કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નિશ્ચય ન હોય ને એકલો વ્યવહાર હોય તો તેને હેતુ કહેવામાં આવતો નથી. એટલે વ્યવહારને હેતુપણું કહ્યું તે ધર્માસ્તિકાયવત્ જાણવું. જેમ ધર્માસ્તિકાય ગતિમાં હેતુ છે – પણ કોને? કે જે સ્વયંગતિ કરે તેને; તેમ વ્યવહાર તે નિશ્ચયનો હેતુ છે – પણ કોને? કે સ્વાશ્રયે જે નિશ્ચયધર્મ પ્રગટ કરે તેને. જેણે પંચમહાવ્રતાદિ વ્યવહારનું તો પાલન કર્યું, પણ સ્વાશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શનાદિ પ્રગટ ન કર્યું. તેને તો તે વ્યવહાર હેતુ પણ ન થયો (–જેમ સ્વયં ગતિ ન કરનારને ધર્માસ્તિકાય હેતુ પણ થતો નથી તેમ).

જો એકલો વ્યવહાર તે ખરેખર નિશ્ચયનો હેતુ થતો હોય તો–

'મુનિવ્રતધાર અનંતવાર ગ્રૈવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.'

– પંચમહાવ્રતાદિ વ્યવહાર અનંતવાર કરવા છતાં તે જીવને તે નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો હેતુ કેમ ન થયો? ઉપાદાન વગર નિમિત્ત શું કરે? ઉપાદાન-નિમિત્તના દોહરામાં પણ પં. ભગવતીદાસજી કહે છે કે–

ઉપાદાન નિજબલ જહાં તહાં નિમિત્ત પર હોય,
ભેદજ્ઞાન પરમાણ વિધિ વિરલા બૂઝે કોય.

જ્યાં ઉપાદાન પોતાના સામર્થ્યવડે કાર્ય કરે છે ત્યાં બીજા સંયોગ નિમિત્તરૂપે હોય છે; તેમ જ્યાં સ્વદ્રવ્યના આશ્રયરૂપ ઉપાદાનના બળથી નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે ત્યાં નિમિત્તરૂપે તેને યોગ્ય વ્યવહાર હોય છે.

આત્મા પરદ્રવ્યોથી સદા જુદો છે; પોતાના આવા આત્માનો અટલ વિશ્વાસ તે સમ્યગ્દર્શન છે. અટલ એટલે જે કદી ટળે નહિ, આત્માથી કદી જુદો પડે નહીં, સિદ્ધદશામાંય આત્મા સાથે સદાય રહે–તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. વ્યવહાર-સમ્યગ્દર્શન તો વિકલ્પરૂપ છે, પરને આશ્રિત છે, તે કાંઈ સિદ્ધદશામાં રહેતું નથી, તે આત્મારૂપ નથી પણ વિકલ્પરૂપ છે એટલે વીતરાગદશા થતાં તે વિકલ્પ છૂટી જાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન તો આત્મારૂપ છે, તે સિદ્ધમાંય સદાકાળ રહે છે. એ જ રીતે નિશ્ચય સમ્યગ્જ્ઞાનને તથા નિશ્ચય સમ્યક્ચારિત્રને પણ આત્મારૂપ જાણવા; વિકલ્પથી તે ભિન્ન છે. વિકલ્પરૂપ વ્યવહારભાવોથી આત્મા ભિન્ન હોવા છતાં તેની સાથે આત્માને એકમેક માનવો તે અજ્ઞાની જીવોનો મિથ્યા પ્રતિભાસ છે અને તેનું ફળ સંસાર છે. સર્વે પરભાવોથી ભિન્ન આત્માને દેખવો–જાણવો–અનુભવવો તે મોક્ષનો માર્ગ છે. ભવ્ય જીવોએ આવા મોક્ષમાર્ગને સદા સેવવો જોઈએ. શુભરાગના કાળેય ધર્મી તે રાગને મોક્ષમાર્ગ તરીકે નથી સેવતા, પણ તે વખતે સ્વભાવના આશ્રયે રત્નત્રયની જેટલી શુદ્ધિ થઈ છે તેને જ મોક્ષમાર્ગ તરીકે સેવે છે.

આ રીતે સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે; સાચા એટલે નિશ્ચય; 'જો સત્યારથરૂપ સો નિશ્ચય.' –અને તે નિશ્ચયને અનુકૂળ ભૂમિકા મુજબ વ્યવહાર હોય છે. તેમાંથી નિશ્ચય સમ્યગ્દર્શનની સાથેનો વ્યવહાર કેવો હોય તેનું વર્ણન હવેની ગાથામાં કહેશે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# 卐 વ્યવહાર સમ્યગ્દર્શનનું વર્ણન 卐

પોતાના શુદ્ધઆત્માની શ્રદ્ધારૂપ નિશ્ચય સમ્યગ્દર્શન જ્યાં પ્રગટ્યું હોય ત્યાં વ્યવહાર સમ્યગ્દર્શન કેવું હોય? તે કહે છે—

[ ગાથા–૩ ]

जीव अजीव तत्त्व अरु आस्रव बंध रु संवर जानों ।
निर्जर मोक्ष कहे जिन तिनको ज्योंका त्यों सरधानों ।।
है सोई समकित व्यवहारी, अब इन रूप बखानों ।
तिनको सुन सामान्य-विशेषैं दिढ प्रतीत उर आनों ।।३।।

જિનવર ભગવાને જીવ અજીવ આસ્રવ બંધ સંવર નિર્જરા ને મોક્ષ એ સાત તત્ત્વો જે પ્રમાણે કહ્યાં છે તે પ્રમાણે શ્રદ્ધા કરવી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. સામાન્યથી તેમજ વિશેષથી તે સાત તત્ત્વનું સ્વરૂપ હવે કહેશું, તે સાંભળીને અંતરમાં તેની દ્રઢ પ્રતીતિ કરો.

બીજી ઢાળમાં, મિથ્યાદ્રષ્ટિજીવ સાત તત્ત્વોની શ્રદ્ધા બાબતમાં કેવી ભૂલો કરે છે તે બતાવ્યું હતું, ને તે ટાળવાનો ઉપદેશ આપ્યો હતો; અહીં આ ત્રીજી ઢાળમાં, સમ્યગ્દર્શન થતાં સાત તત્ત્વની શ્રદ્ધા કેવી થઈ તે બતાવે છે. અરિહંતપરમાત્મા સિવાય બીજા કોઈ મતમાં સાત તત્ત્વનું યથાર્થ સ્વરૂપ હોય નહીં, એટલે સમ્યગ્દ્રષ્ટિજીવ અરિહંત ભગવાનના વીતરાગી માર્ગ સિવાય અન્ય કોઈ કુમાર્ગની શ્રદ્ધા સ્વપ્નેય કરે નહીં. એ વાત તો કુદેવનું સેવન છોડવાના ઉપદેશમાં આવી ગઈ. અહીં તો આત્માનું ભાન કરીને જે જીવ સમ્યગ્દ્રષ્ટિ થયો તેને વ્યવહારમાં પણ તત્ત્વોની શ્રદ્ધા કેવી હોય છે–તેનું વર્ણન છે.

નવતત્ત્વની શ્રદ્ધા ત્યારે જ સાચી થઈ કે જ્યારે પરદ્રવ્યથી ભિન્ન અને રાગાદિ આસ્રવોથી ભિન્ન પોતાના શુદ્ધાત્માની રુચિ કરીને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કર્યું; ત્યારે જ ભૂતાર્થથી નવતત્ત્વોને જાણ્યા કહેવાય. આવા સમ્યગ્દર્શન વડે ધર્મની શરૂઆત થાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે શુદ્ધપરિણતિ છે, તે સંવર–નિર્જરા છે, અને વ્યવહાર સમ્યગ્દર્શનાદિમાં શુભરાગ છે, તે આસ્રવ છે. અંતર–અનુભવ સહિત જ્ઞાયક આત્માની પ્રતીતરૂપ જે શુદ્ધ પરિણતિ થઈ તે તો સિદ્ધદશામાંય રહે છે; તેની શરૂઆત ચોથા ગુણસ્થાને થઈ જાય છે. આવા સમ્યગ્દર્શનની સાથે નવતત્ત્વની વિપરીતતા હોઈ શકે નહીં. તે પુણ્ય-આસ્રવને સંવર–નિર્જરા કે મોક્ષનું કારણ ન માને; તે અજીવતત્ત્વના ભાવોને જીવનાં ન માને. બધા તત્ત્વોને જેમ હોય તેમ જાણે.

જીવ અજીવ આસ્રવ બંધ સંવર નિર્જરા ને મોક્ષ એ સાત તત્ત્વો સર્વજ્ઞ ભગવાને જોયા છે અને જિનવાણીમાં તેનો ઉપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### * જીવતત્ત્વ *

જગતમાં જીવો અનંત છે. સ્વભાવથી બધા જીવો ભિન્નભિન્ન એકસરખાં છે. પણ અવસ્થા અપેક્ષાએ જીવોના ત્રણ પ્રકાર પડે છે–બહિરાત્મા અંતરાત્મા અને પરમાત્મા. બહારમાં શરીરને જ આત્મા માનનારા જીવો બહિરાત્મા છે, એવા જીવો અનંતા છે. અંતરમાં દેહથી ભિન્ન આત્માને જાણનારા જીવો તે અંતરાત્મા છે, તેના અનેક પ્રકાર છે; આવા અંતરાત્મા જીવો અસંખ્યાતા છે. સર્વજ્ઞ પરમપદને પામેલા જીવો તે પરમાત્મા છે;—તેના બે પ્રકાર–અરિહંત અને સિદ્ધ; સિદ્ધપરમાત્મા અનંતા છે, અરિહંતપરમાત્મા લાખો બિરાજે છે. આવા ભેદ સહિત જીવતત્ત્વ તે વ્યવહારસમ્યગ્દર્શનનો વિષય છે. નિશ્ચયસમ્યગ્દર્શનમાં પોતાના શુદ્ધ-જીવની નિર્વિકલ્પ પ્રતીત છે, તેમાં કોઈ ભેદો નથી. ભેદને જાણતી વખતે પણ સમકિતીજીવ એકલા ભેદમાં જ નથી રોકાતા, અભેદ શુદ્ધઆત્માને લક્ષમાં રાખીને ભેદને જાણે છે. કેવળજ્ઞાન વગેરે પર્યાયો થવાનું સામર્થ્ય શુદ્ધઆત્મામાં ભરેલું છે, તેથી શુદ્ધઆત્માની પ્રતીતમાં એ બધું સમાઈ જાય છે. શુદ્ધઆત્માની પ્રતીતમાં પરમાત્માની પ્રતીત પણ સમાઈ ગઈ. આત્માના શુદ્ધ સ્વભાવને અનુભવમાં લીધો ત્યાં અરિહંતભગવાન અને સિદ્ધભગવાનને ઓળખી લીધા.

### * अजीव तत्त्व *

અજીવના મુખ્ય પાંચ પ્રકાર–પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. તેમાં પુદ્‌ગલપરમાણુઓ અનંતા છે; આ શરીર વગેરે જે કોઈ પદાર્થો ઇંદ્રિયગમ્ય છે તે બધાય અજીવ પુદ્‌ગલની રચના છે, તે જીવની રચના નથી. બીજા ચાર અજીવતત્ત્વો સૂક્ષ્મ–અરૂપી છે. આ જીવતત્ત્વ અને અજીવતત્ત્વને ભિન્નભિન્ન જાણવા; અજીવના કોઈ પ્રકારોને જીવમાં ન ભેળવવા, ને જીવના કોઈ પ્રકારને અજીવમાં ન ભેળવવો. જ્ઞાન તે જીવનો ગુણ છે, તે ઇંદ્રિયોનો ગુણ નથી, જડઇંદ્રિયો વડે જ્ઞાન થતું નથી. આટલું તો વ્યવહારશ્રદ્ધામાં આવી જાય છે. આમાં પણ જેને વિપરીતતા હોય તેને તો વ્યવહાર તત્ત્વશ્રદ્ધા પણ સાચી નથી. જીવ–અજીવ વગેરે તત્ત્વો ભિન્નભિન્ન જેમ છે તેમ જાણ્યા વગર વીતરાગવિજ્ઞાન થાય નહીં ને મોક્ષમાર્ગ હાથમાં આવે નહીં. અરે, એકલા વ્યવહાર તત્ત્વના પ્રકારોને જાણે તોપણ મોક્ષમાર્ગ હાથમાં આવતો નથી. શુદ્ધનય વડે અંતરમાં પોતાના અખંડ ચેતનારૂપ શુદ્ધઆત્માને સ્વવિષય બનાવ્યા વગર, પરવિષયોનું જ્ઞાન સાચું થાય નહીં એટલે કે સાચો વ્યવહાર હોય નહીં. સ્વના જ્ઞાન વગરના પરના જ્ઞાનને વ્યવહાર પણ કહેતા નથી. મોક્ષમાર્ગમાં નિશ્ચયસહિતના વ્યવહારની આ વાત છે, એટલે સ્વનું સાચું જ્ઞાન ભેગું રાખીને પરના જ્ઞાનની વાત છે. સ્વને જાણ્યા વગર એકલા પરને જાણવા જાય તો તે પરમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ થઈ જાય છે, કેમકે પોતાનું પરથી ભિન્ન અસ્તિત્વ છે તે તો જ્ઞાનમાં કે પ્રતીતમાં આવ્યું નથી.

### * આસ્રવ તથા બંધ તત્ત્વ *

મિથ્યાત્વાદિ ભાવો વડે કર્મનો આસ્રવ તથા બંધ થાય છે; પાપ અને પુણ્ય તે પણ આસ્રવ તથા બંધમાં સમાય છે. પુણ્ય-પાપ વગેરે આસ્રવ છે તેને આસ્રવરૂપે જાણવા, પણ તેને સંવરમાં ન ભેળવવા, તે આસ્રવતત્ત્વની શ્રદ્ધા છે. આસ્રવનો કોઈ પ્રકાર જીવને હિતરૂપ નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે તે મોક્ષનું કારણ નથી એમ જાણવું જોઈએ. જો કોઈ પ્રકારના આસ્રવને હિતરૂપ માને તો તે જીવને આસ્રવતત્ત્વની શ્રદ્ધા સાચી નથી. અશુભ કે શુભ એ બંને પ્રકારના બંધન છોડવા જેવા છે. તેમાંથી એકેય સારાં નથી. શુભરાગ પણ જીવને બંધનું જ સાધન છે, તે કાંઈ મોક્ષનું સાધન નથી. નવતત્ત્વની સાચી ઓળખાણ કરે તેને પુણ્યની મીઠાશ રહે નહીં; પુણ્યને પણ તે છોડવા જેવું સમજે.

## ✻ સંવર તત્ત્વ ✻

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવ વડે કર્મોનો સંવર થાય છે. આત્માની શુદ્ધતા થતાં અશુદ્ધતા અને કર્મો અટકી જાય છે. કઈ ભૂમિકામાં કેટલા અંશે સંવર હોય, ત્યાં કેવા નિમિત્ત હોય ને કેવા નિમિત્ત છૂટી જાય તે ઓળખવું જોઈએ; તેમાં વિપરીતતા ન હોવી જોઈએ જેમ મુનિદશામાં વીતરાગભાવથી એટલો બધો સંવર થઈ ગયો છે કે ત્યાં વસ્ત્રના પરિગ્રહની વૃત્તિ જેટલો આસ્રવભાવ હોતો નથી, ને નિમિત્તરૂપે વસ્ત્રગ્રહણાદિ હોતું નથી. આનાથી જે વિપરીત માને તેને મુનિના સંવરની ખબર નથી, સંવરદશાવાળા મુનિને તેણે ઓળખ્યા નથી. એ જ રીતે સમ્યગ્દર્શન થાય ત્યાં માંસાહારાદિ જેવી પાપવૃત્તિ હોય જ નહીં એટલે તેવો પાપાસ્રવ પણ ત્યાં હોય જ નહીં. -એવી સંવરદશા ત્યાં હોય છે.

## ✻ નિર્જરા તત્ત્વ ✻

ધર્મીનો ઉપયોગ જેમ જેમ સ્વરૂપમાં એકાગ્ર થતો જાય તેમ તેમ શુદ્ધતા વધતી જાય છે, અને તેટલી અશુદ્ધતા તથા કર્મો ખરી જાય છે, તેનું નામ નિર્જરા છે. જીવની શુદ્ધતા વડે નિર્જરા થાય છે. કાંઈ દેહની ક્રિયા વડે નિર્જરા થતી નથી. શરીર સુકાય ને દુઃખ લાગે તે કાંઈ નિર્જરાનું કારણ નથી એટલે કે તે ધર્મ નથી. ચૈતન્યની શુદ્ધતારૂપ તપ છે તેના વડે સાચી નિર્જરા થાય છે અને તે ધર્મ છે. કર્મોની સ્થિતિ પાકીને જે સવિપાક નિર્જરા થાય છે તે તો બધા જીવોને થાય છે, તેની સાથે ધર્મનો સંબંધ નથી, તે નિર્જરા મોક્ષનું કારણ નથી.

## ✻ મોક્ષ તત્ત્વ ✻

જ્યાં સંપૂર્ણ નિરાકુળ સુખ ને જ્ઞાન છે, અને જેમાં કર્મનો-રાગનો કે દુઃખનો સર્વથા અભાવ છે એવી મોક્ષદશા છે. મોક્ષ શું છે, અને તેનો ઉપાય શું છે તે ઓળખવું જોઈએ. રાગના સર્વથા અભાવરૂપ જે મોક્ષ, તેનો ઉપાય પણ રાગ વગરનો જ છે. મોક્ષના ઉપાયરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય રાગ વગરના છે. રાગ તે મોક્ષનો ઉપાય નથી. રાગને જે મોક્ષનું સાધન માને છે તેને મોક્ષતત્ત્વની ખબર નથી. મોક્ષનાં કારણ અને બંધનાં કારણ ભિન્નભિન્ન છે, તેમને ભિન્નપણે જાણવા જોઈએ. જે બંધનું કારણ થાય તે મોક્ષનું કારણ ન થાય, ને જે મોક્ષનું કારણ થાય તે બંધનું કારણ ન થાય. -આમ સાત તત્ત્વોની ઓળખાણમાં તો બધાય ખુલાસા આવી જાય છે. સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખથી જે સાતતત્ત્વનું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વરૂપ આવ્યું છે તેના જ્ઞાનમાં આખા વિશ્વનાં તત્ત્વોનું જ્ઞાન આવી જાય છે. જીવ શું, અજીવ શું, કયા ભાવથી જીવને સુખ થાય, કયા ભાવથી જીવને દુઃખ થાય, તેના જ્ઞાનવગર જીવને ધર્મ કે સુખનો ઉપાય થઈ શકે નહીં. મોક્ષદશારૂપે પરિણમેલા આત્મા તે દેવ, સંવર-નિર્જરા-રૂપે પરિણમેલા આત્મા તે ગુરુ,-એમ સાચા દેવ-ગુરુની ઓળખાણ પણ નવતત્ત્વના જ્ઞાનમાં આવી જાય છે. અને નવતત્ત્વના વિકલ્પોથી પાર થઈ ને જ્ઞાનઅનુભૂતિવડે શુદ્ધ આત્માને પ્રતીતમાં લેવો તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. અહો, આ તો હજી વીતરાગ-જૈનધર્મનો એકડો છે,—ધર્મની પહેલી મૂમિકા જે સમ્યગ્દર્શન તેની આ વાત છે.

વીતરાગ જૈનમાર્ગ સિવાય અન્યમતમાં તો સાચાં તત્ત્વો હોતાં નથી, કેમકે તેમાં તો સર્વજ્ઞતા જ નથી. જિનમતમાં સર્વજ્ઞભગવાનને અતીન્દ્રિયજ્ઞાનવડે જાણીને નવતત્ત્વો જે પ્રમાણે કહ્યાં છે તે પ્રમાણે બરાબર ઓળખીને શ્રદ્ધા કરવી તે સમ્યક્દર્શન વ્યવહારથી છે, તેમાં ભેદ અને વિકલ્પ છે તેથી તેને વ્યવહાર કહ્યો; અને તે જ વખતે સાથે પોતાના શુદ્ધ આત્માની રાગરહિત નિર્વિકલ્પ પ્રતીત વર્તે છે તે સમ્યગ્દર્શન નિશ્ચયથી છે. આ નિશ્ચય સમ્યગ્દર્શન તે મોક્ષનું સાચું કારણ છે.

જુઓ ભાઈ! પોતાના આત્માના સાચા સ્વરૂપનો નિર્ણય કરવા માટે, સર્વજ્ઞ ભગવાને કહેલા આવા તત્ત્વોનું શ્રવણ કરવું જોઈએ, અંતરમાં તેનો વિચાર-વિવેક અને ઓળખાણ કરીને દૃઢ નિર્ણય કરવો જોઈએ; તત્ત્વમાં ક્યાંય જરાય વિપરીતતા ન રહે એવો ચારેકોરથી ચોકખો નિર્ણય કરવો જોઈએ. સર્વજ્ઞ વીતરાગદેવ અરિહંત પરમાત્માએ જે ધર્મ કહ્યો અને જીવનું જેવું સ્વરૂપ કહ્યું તેની ઓળખાણ વગર બીજી રીતે ધર્મ માની લ્યે તેમાં કાંઈ ધર્મ થાય નહીં; એ તો શુભ-અશુભમાં ફરી-ફરીને ત્યાં ને ત્યાં જ રહે છે, ક્યાં?-કે સંસારમાં જ. સમ્યગ્દર્શન વગર રાગમાં કે દેહની ક્રિયામાં સામાયિક વગેરે ધર્મ માની લ્યે તેને તો જીવ-અજીવની ભિન્નતાનું પણ ભાન નથી. રાગથી ભિન્ન આત્માનું જેને ભાન નથી તેને રાગના અભાવરૂપ સામાયિક કેવી?

**પ્રશ્ન:**—ગોળ તો જ્યારે ખાય ત્યારે ગળ્યો જ લાગે, અંધારામાં પણ તે ગળ્યો જ લાગે; તેમ સામાયિકથી તો ધર્મ જ થાય, ભલે સામાયિક કરનાર અજ્ઞાની હોય!

**ઉત્તર:**—ભાઈ, ગોળ ગળ્યો લાગે એ વાત સાચી, પણ ગોળ હોવો જોઈએ ને? ગોળને બદલે છાણાંના કટકાને ગોળ માનીને ખાય તો? તેમ સામાયિકથી ધર્મ થાય એ વાત સાચી, પણ સામાયિક હોવી જોઈએ ને? સામાયિકને બદલે રાગ-દ્વેષ-અજ્ઞાન ભાવોને સામાયિક માની લ્યે એને કાંઈ ધર્મ ન થાય, એને તો અજ્ઞાનની પુષ્ટિ થાય. સામાયિકના નામે રાગને સેવે એને કાંઈ ધર્મ ન થાય. રાગ વગરનો સમભાવી-જ્ઞાનસ્વરૂપી આત્મા કેવો છે તેની જેને ઓળખાણ હોય ને એવા આત્માના ધ્યાનમાં એકાગ્રતાના ઉદ્યમ વડે રાગ-દ્વેષના વિષમ ભાવો ઉત્પન્ન જ ન થાય ને વીતરાગી સમભાવ રહે, તેનું નામ સામાયિક ધર્મ છે ને તે મોક્ષનું કારણ છે. આવી સામાયિકને ઓળખે પણ નહિ, રાગથી ભિન્ન આત્માને જાણે પણ નહિ એવા અજ્ઞાનીને કદી સામાયિક હોતી નથી. જેમ કોઈ છાણું ખાય અને માને કે હું ગોળ ખાઉં છું–

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તે મૂરખમાં ગણાય, તેમ અજ્ઞાની શુભરાગ કરે છે અને માને છે કે હું સામાયિકધર્મ કરું છું.-આવા અજ્ઞાનને લીધે જીવ સંસારમાં ચારગતિના દુઃખ ભોગવી રહ્યો છે, તેનાથી કેમ છૂટાય-તેની આ વાત છે. સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગસ્વરૂપમાં ઠરવું તેને ભગવાને સામાયિક કહી છે, ને તેને મોક્ષમાર્ગ કહ્યો છે; બે ઘડીની સામાયિક મોક્ષ આપે એવો તેનો મહિમા છે.-પણ સમ્યગ્દર્શન વગર સામાયિક કેવી? ને મોક્ષમાર્ગ કેવો?

**પ્રશ્ન :**—જીવ અનંતવાર નવમી ગ્રૈવેયકમાં ગયો ત્યારે તેણે નવતત્ત્વની શ્રદ્ધા તો કરી હતી, છતાં તે સંસારમાં કેમ રખડ્યો?

**ઉત્તર :**—કેમકે તેણે અંતર્મુખ થઈને શુદ્ધ આત્માની અનુભૂતિ કે શ્રદ્ધા ન કરી, ને એકલા નવતત્ત્વના ભેદના વિકલ્પમાં જ અટક્યો, એટલે નિશ્ચયના લક્ષ વગરના એકલા વ્યવહારના પક્ષથી નવતત્ત્વને શાસ્ત્રઅનુસાર માન્યા ને તેના વિકલ્પને જ સમ્યગ્દર્શન માનીને તેમાં અટકી ગયો, તેથી તે સંસારમાં જ રખડ્યો. અહીં તેની વાત નથી. અહીં તો મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનસહિત તત્ત્વોની શ્રદ્ધા કેવી હોય છે તેની વાત છે; નિશ્ચયપૂર્વકના વ્યવહારની વાત છે. એકલી વ્યવહારશ્રદ્ધા તો અજ્ઞાનીએ કરી, પણ નિશ્ચયસહિતનો વ્યવહાર અજ્ઞાનીને હોતો નથી.

જો કે આ વ્યવહાર-તત્ત્વશ્રદ્ધા તે પોતે સમ્યગ્દર્શન નથી, પણ તેની સાથે શુદ્ધ આત્માની જે નિશ્ચયશ્રદ્ધા છે તે સાચું સમ્યગ્દર્શન છે, અને ત્યાં સાથેના વ્યવહારને સમ્યગ્દર્શનનો ઉપચાર આવે છે. જો સાચું હોય તો બીજામાં તેનો ઉપચાર થાય, પણ સાચા વગર ઉપચાર કેવો?-એને તો ઉપચાર તે જ સત્ય થઈ ગયું! આ વ્યવહાર સમ્યગ્દર્શન તે કાંઈ શ્રદ્ધા-ગુણની પર્યાય નથી, તે તો વિકલ્પસહિત જ્ઞાનની દશા છે. નિશ્ચયસમ્યગ્દર્શન તે શ્રદ્ધાગુણની સમ્યક્પર્યાય છે, તે વિકલ્પ વગરની છે. શ્રદ્ધામાં વિકલ્પ હોય નહીં, એ તો નિર્વિકલ્પ છે.

મોક્ષશાસ્ત્રના પહેલા જ સૂત્રમાં મોક્ષમાર્ગ તરીકે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યાં છે, એ ત્રણે નિશ્ચય છે. તત્ત્વાર્થ-શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું તે તત્ત્વશ્રદ્ધાનમાં ભૂતાર્થદૃષ્ટિથી પોતાના શુદ્ધ આત્માની શ્રદ્ધા ભેગી જ વર્તે છે, તેથી તે નિશ્ચયસમ્યગ્દર્શન છે, ને તે જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર તત્ત્વના ભેદનું લક્ષ ને વિકલ્પ તે કાંઈ મોક્ષમાર્ગ નથી; પણ નિશ્ચય સાથેના વ્યવહારસમ્યગ્દર્શનમાં તે તત્ત્વોનું જાણપણું હોય છે તેનું આ વર્ણન છે. તેમાંથી જીવતત્ત્વનું અને તેના ભેદોનું વર્ણન હવેની ત્રણ ગાથામાં કરે છે. ॥ ૩ ॥

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ✻ જીવતત્ત્વ અને તેના ભેદોનું વર્ણન ✻

વ્યવહાર સમ્યગ્દર્શનમાં જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવાનું કહ્યું તે તત્ત્વોનું હવે વર્ણન કરે છે. તેમાં પ્રથમ જીવતત્ત્વનું વર્ણન ત્રણ શ્લોકમાં કરે છે—

[ ગાથા : ૪–૫–૬ ]

बहिरातम अंतरआतम परमातम जीव त्रिधा है,
देह जीवको एक गिनें बहिरातम तत्त्वमुधा है ।
उत्तम-मध्यम–जघन त्रिविधके अन्तर-आतमज्ञानी,
द्विविध संगबिन शुद्धउपयोगी मुनि उत्तम निजध्यानी ॥ ४ ॥

मध्यम अंतर–आतम हैं जे देशव्रती अनगारी,
जघन कहे अविरत समदृष्टि, तीनों शिवमगचारी ।
सकल-निकल परमातम द्वैविध, तिनमें घाति निवारी,
श्री अरिहन्त सकलपरमातम, लोकालोक निहारी ॥ ५ ॥

ज्ञानशरीरी त्रिविध कर्ममल वर्जित सिद्ध महन्ता,
ते हैं निकल–अमल–परमातम भोगैं शर्म अनंता ।
बहिरातमता हेय जानि–तजि अंतरआतम हूजै,
परमातमको ध्याय निरंतर जो नित आनंद पूजै ॥ ६ ॥

નિશ્ચયસમ્યગ્દર્શનમાં તો એક જ્ઞાયકભાવરૂપ અખંડ જીવ કે જે શુભાશુભભાવરૂપે પણ પરિણમતો નથી એવા શુદ્ધ જીવની અભેદ શ્રદ્ધા છે, તેમાં ભેદ પડતા નથી. અહીં વ્યવહાર-સમ્યગ્દર્શનના વિષયરૂપ સાત તત્ત્વોનું કથન છે તેથી તેમાં જીવની અવસ્થાના પ્રકારો બતાવ્યા છે. નિશ્ચયથી બધા જીવો જ્ઞાનસ્વભાવી એકસરખા છે; અવસ્થા અપેક્ષાએ જીવોના ત્રણ પ્રકાર છે—(૧) બહિરાત્મા; (૨) અંતરાત્મા; (૩) પરમાત્મા. આ ત્રણ તો જીવની પર્યાયો છે; ને દ્રવ્યસ્વભાવથી બધા જીવો પરમાત્મસ્વરૂપ પરિપૂર્ણ છે, તે સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં પર્યાયમાંથી બહિરાત્મપણું ટળીને જીવ પોતે અંતરાત્મા અને પરમાત્મા થાય છે. પરમાત્મા થયેલા કોઈ જીવ ફરીને બહિરાત્મા ન થાય, પણ બહિરાત્મા જીવ સમ્યક્ત્વાદિ દ્વારા પરમાત્મા થઈ શકે છે. અહો, એકેક જીવમાં પરમાત્મા થવાની સ્વતંત્ર તાકાત, એ વાત જૈનશાસન જ બતાવે છે.

જગતમાં ભિન્નભિન્ન અનંતા જીવો છે; દરેક જીવનું લક્ષણ જ્ઞાનચેતના છે. અવસ્થામાં તે જીવો ત્રણ પ્રકારરૂપે પરિણમે છે, તેનું સ્વરૂપ આ ત્રણ શ્લોકમાં બતાવ્યું છે:

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## * બહિરાત્માનું સ્વરૂપ *

પોતાનું અંતરંગ જ્ઞાનસ્વરૂપ ભૂલીને બહારમાં શરીર અને જીવને એક માનીને જે વર્તે છે તે મિથ્યાદ્રષ્ટિ બહિરાત્મા છે; તે તત્ત્વમાં મૂઢ છે. એવા બહિરાત્મા જીવો અનંતા છે; જગતના જીવોનો મોટો ભાગ મિથ્યાદ્રષ્ટિ-બહિરાત્મા છે. પણ બહિરાત્મપણું તે જીવનું ખરૂં સ્વરૂપ નથી, એટલે તેને છોડીને જીવ પોતે અંતરાત્મા તથા પરમાત્મા થઈ શકે છે.

## * અંતરાત્માનું સ્વરૂપ *

દેહથી ભિન્ન અંતરમાં આત્મસ્વરૂપને જે જાણે છે તે અંતરાત્મા છે. નરકમાં પણ જે સમ્યગ્દ્રષ્ટિ છે તે અંતરાત્મા છે. દેડકું, હાથી, વાંદરો, સિંહ વગેરે તિર્યંચોમાં પણ જે જીવો દેહથી ભિન્ન આત્માને અંતરમાં અનુભવે છે તેઓ અંતરાત્મા છે. એવા અંતરાત્મા અસંખ્યાતા છે. ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના જીવો અંતરાત્મા છે. તેમાં જેઓ દ્વિવિધ પરિગ્રહથી રહિત છે-અંતરમાં મિથ્યાત્વાદિ મોહથી રહિત છે ને બહારમાં વસ્ત્રાદિથી રહિત છે, અને શુદ્ધોપયોગ વડે નિજસ્વરૂપના ધ્યાનમાં એકાગ્ર છે એવા મુનિવરો તે ઉત્તમ અંતરાત્મા છે, એટલે કે સાતમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના જીવો ઉત્તમ અંતરાત્મા છે; અંતરમાં આત્માના અનુભવ સહિત જેઓ દેશવ્રતી-શ્રાવક છે કે મહાવ્રતી-મુનિ છે તેઓ મધ્યમ-અંતરાત્મા છે, એટલે કે પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવો મધ્યમ-અંતરાત્મા છે; અને અવિરત-સમ્યગ્દ્રષ્ટિ એટલે જેને વ્રતાદિક ન હોવા છતાં પણ અંતરમાં દેહથી ભિન્ન શુદ્ધ આત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શન થયું છે તે જીવો જઘન્ય-અંતરાત્મા છે. આ રીતે ઉત્તમ-મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારના અંતરાત્મા જાણવા. ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના આ બધાય અંતરાત્મા જીવો આત્માને જાણનારા છે ને મોક્ષમાર્ગમાં ચાલનારા છે. બાર અંગને જાણનારા ગણધરભગવાન, અને એક નાનું સમ્યગ્દ્રષ્ટિ દેડકું-એ બંને અંતરાત્મા છે, બંને 'શિવમગચારી' છે—મોક્ષમાર્ગી છે. જુઓ, ચોથા ગુણસ્થાનવર્તી અવિરત-સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થને પણ મોક્ષમાર્ગી કહ્યા છે. સમન્તભદ્રસ્વામીએ પણ કહ્યું છે કે-'**गृहस्थो मोक्षमार्गस्थ निर्मोहो**' ( રત્નકરંડશ્રાવકાચાર )

## * પરમાત્માનું સ્વરૂપ *

શુદ્ધાત્માના ધ્યાનરૂપ શુદ્ધોપયોગવડે ઘાતીકર્મોને દૂર કરીને, કેવળજ્ઞાનરૂપ પરમપદ જેમણે પ્રગટ કર્યું છે તેઓ પરમાત્મા છે, તેઓ લોકાલોકને પ્રત્યક્ષ જાણનારા છે. તે પરમાત્માના બે પ્રકાર છે : અરિહંત પરમાત્મા, અને સિદ્ધ પરમાત્મા. અરિહંત પરમાત્મા શરીરસહિત હોવાથી તેમને સ-કલ પરમાત્મા કહેવાય છે; એવા લાખો અરિહંત ભગવંતો વિદેહક્ષેત્રમાં અત્યારે વિચરી રહ્યા છે, અને સદાય થયા કરે છે. સિદ્ધપરમાત્માને શરીર હોતું નથી તેથી તેમને નિ-કલ પરમાત્મા કહેવાય છે, તેઓ જ્ઞાનશરીરી છે, તેઓ આઠે કર્મથી રહિત છે. તેરમા અને ચૌદમા ગુણસ્થાને બિરાજમાન જીવો અરિહંત પરમાત્મા છે; અને ગુણસ્થાનથી પાર, દેહાતીત સિદ્ધ ભગવંતો છે. સિદ્ધ-પરમાત્મા એટલે ચાર ગતિથી મુક્ત જીવ, તેઓ અનંતા છે. અરિહંત અને સિદ્ધપરમાત્મા આત્માના અનંત સુખને અનુભવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



–આમ ત્રણ પ્રકારમાંથી બહિરાત્મપણાને હેયરૂપ જાણીને છોડવું; અંતરમાં દેહથી ભિન્ન શુદ્ધ પરમસ્વરૂપને ઓળખીને અંતરાત્મા થવું અને નિરંતર તેના જ ધ્યાનવડે પરમાત્મા થઈને નિત્ય અનંત આનંદનો અનુભવ કરવો. દરેક જીવમાં આવા પરમાત્મા થવાની તાકાત છે.

કોઈ કહે કે અમે ગામડામાં રહીએ, ધંધા–વેપાર–મજુરીમાં જીવન વીતાવીએ, ને આ પરમાત્મા થવાની આવડી મોટી વાત આપ સમજાવો છો!

તો કહે છે કે–હા, ભાઈ! તું ગામડામાં નથી રહ્યો, તું તો તારા અનંતગુણના મોટા વૈભવમાં રહ્યો છો. દુઃખથી છૂટવા માટે આત્માની દરકાર કરીને જે સમજવા માંગે તે દરેકને સમજાય તેવી આ વાત છે. તારા સ્વરૂપમાં જે છે તે જ તને બતાવીએ છીએ, એનાથી વિશેષ કાંઈ નથી કહેતા. બાપુ! જીવનમાં આ વાત લક્ષમાં લેવા જેવી છે, બાકી તો બધું થોથાં છે, તેમાં આત્માનું કાંઈ હિત નથી. પૈસા કમાવા ખાતર મજુરીમાં જીવન વીતાવે છે પણ એ કરોડો રૂપિયામાં કે બંગલા-મોટરમાં ક્યાંય સુખનો છાંટોય નથી, અરે! સ્વર્ગમાંય સુખ નથી ત્યાં મનુષ્યલોકના વૈભવની શી વાત? સુખ તો આત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં જ છે. બાકી બહારનાં કોઈ પણ પદાર્થના લક્ષે તો આકુળતા ને દુઃખ જ છે.

ભાઈ! વિચાર તો કર કે— રૂપિયા, મકાન, મોટર વગેરે પદાર્થો તો જીવતત્ત્વ છે?–કે અજીવ? એ તો અજીવ છે. તો શું અજીવમાં કદી સુખ હોય? ના; એનામાં સુખ કદી છે જ નહિ, તો તે તને ક્યાંથી સુખ આપે? માટે અજીવમાં–પરમાં સુખબુદ્ધિ છોડ.

હવે તે અજીવ તરફના વલણનો તારો ભાવ, (–પછી તે અશુભ હો કે શુભ) તેમાં પણ આકુળતા ને દુઃખ જ છે, તેમાં કાંઈ ચૈતન્યના આનંદનું વેદન તો નથી. –માટે તે પરલક્ષી શુભાશુભભાવોમાંય સુખબુદ્ધિ છોડી દે.

સુખથી ભરેલો તારો આત્મસ્વભાવ, તેમાં ઉપયોગ જોડતાં જ સ્વલક્ષે પરમ આનંદ અનુભવાય છે.

જુઓ, સાત તત્ત્વને જાણવામાં આ વાત આવી જાય છે.—

જ્ઞાન ને આનંદ જેમાં છે તે જીવતત્ત્વ;

તેની સન્મુખતાથી આનંદ અનુભવાય–તેમાં સંવર–નિર્જરા–મોક્ષ આવ્યા.

જ્ઞાન ને સુખ જેમાં નથી તે અજીવતત્ત્વ;

તેની સન્મુખતાથી આકુળતા અનુભવાય છે–તેમાં પુણ્ય–પાપ–આસ્રવ ને બંધ આવી ગયા.

આ રીતે તત્ત્વોનું પૃથક્કકરણ કરીને સમજે તો મોક્ષમાર્ગનો સાચો નિર્ણય થયા વગર રહે નહીં. ગાગરમાં સાગરની જેમ આ છહઢાળાના નાના પુસ્તકમાં ઘણા શાસ્ત્રોનો સાર ભરી દીધો છે; પંડિતજીએ પૂર્વાચાર્યોના ઉપદેશ અનુસાર કથન કર્યું છે.

સાત તત્ત્વોમાંથી જીવતત્ત્વ કેવું છે તેની આ વાત ચાલે છે. વિદેહક્ષેત્રોમાં દેહસહિત અરિહંતભગવંતો સદાય બિરાજે છે, અહીં ભરતક્ષેત્રમાં પણ અઢીહજાર વર્ષ પહેલાં અરિહંત ભગવાત સાક્ષાત્ વિચરતા હતા, તે ભગવંતોએ જીવાદિ તત્ત્વનું જેવું સ્વરૂપ કહ્યું તેવું જ્ઞાની-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંતોએ ઝીલ્યું, જાતે અનુભવ્યું અને શાસ્ત્રમાં કહ્યું; તે જ અહીં કહેવાય છે. સંસ્કૃતભાષામાં સિદ્ધાન્તસૂત્રોની પહેલવહેલી રચના કરનારા શ્રી ઉમાસ્વામી આચાર્ય વીતરાગતામાં ઝૂલતા પરમ દિગંબર સન્ત હતા ને કુંદકુંદાચાર્યદેવના તેઓ શિષ્ય હતા, તેમણે રચેલું તત્ત્વાર્થસૂત્ર એ જૈનસિદ્ધાન્તની ગીતા જેવું છે, તેના ઉપર પૂજ્યપાદસ્વામી, અકલંકસ્વામી ને વિદ્યાનંદીસ્વામી જેવા મહાન આચાર્યોએ 'સર્વાર્થસિદ્ધિ' 'રાજવાર્તિક' તથા 'શ્લોકવાર્તિક' જેવી મોટી-મોટી ટીકાઓ રચી છે; તે તત્ત્વાર્થસૂત્રમાં મોક્ષમાર્ગ, સાત તત્ત્વો વગેરે ઘણા વિષયોનું વર્ણન કર્યું છે. પહેલા જ સૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે, તેમાં નિશ્ચય સમ્યગ્દર્શનાદિની વાત છે. જો કે ત્યાં સાત તત્ત્વોની વાત લીધી છે, પણ તે સાત તત્ત્વોને જાણીને તેમાંથી શુદ્ધનયના વિષયરૂપ શુદ્ધાત્માને લક્ષમાં લઈને, તેની સન્મુખ થઈને નિર્વિકલ્પ પ્રતીત કરે એવા નિશ્ચયસમ્યગ્દર્શન સહિતની તે વાત છે. જેમ સમયસારમાં ૧૩ મી ગાથામાં આચાર્યદેવે કહ્યું કે 'જીવાદિ નવતત્ત્વોને ભૂતાર્થથી જાણવા તે સમ્યગ્દર્શન છે' ત્યાં ભૂતાર્થદૃષ્ટિ કરતાં જ તેમાં શુદ્ધ આત્માની પ્રતીત આવી, ને નવતત્ત્વના વિકલ્પ છૂટી ગયા. શુદ્ધદૃષ્ટિમાં નવ ભેદ નથી, તેમાં તો એકલો શુદ્ધાત્મ ભગવાન જ આનંદસહિત પ્રકાશમાન છે; ને આવા આત્માની દૃષ્ટિપૂર્વક નવતત્ત્વની પ્રતીતનું આ વર્ણન છે. એકલા નવતત્ત્વ ગોખ્યા કરે ને તેના વિકલ્પને અનુભવ્યા કરે પણ જો શુદ્ધઆત્માને દૃષ્ટિમાં ન લ્યે તો તેને સમ્યગ્દર્શન થતું નથી, તે તો બહિરાત્મા જ રહે છે. અહીં તો અંતરાત્મા થયેલો જીવ, વિકલ્પોથી છૂટો પડીને નવતત્ત્વને જેમ છે તેમ જાણે છે તેની વાત છે, ને તેને વ્યવહારસમ્યગ્દર્શન કહેવાય છે. અંતરમાં શુદ્ધાત્મામાં જ સ્વામીત્વબુદ્ધિ વર્તે છે તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. જ્યાં જે અપેક્ષા હોય તે સમજવી જોઈએ. નિશ્ચયશ્રદ્ધાના વિષયમાં નવ ભેદ ન આવે, તેમાં તો એકલા નિજરૂપની જ શ્રદ્ધા છે. જેમ રાજાની સાથેના બીજા માણસોને દેખીને તેમને પણ 'આ રાજા આવ્યો' એમ ઉપચારથી કહેવાય છે; ખરેખરો રાજા તો તે નથી, જુદો છે તેમ શુદ્ધઆત્માની દૃષ્ટિરૂપ નિશ્ચય સમ્યક્ત્વ તે તો મોક્ષમાર્ગમાં રાજા સમાન છે, પણ તેની સાથે નવતત્ત્વની પ્રતીતને દેખીને તેને પણ 'આ સમ્યગ્દર્શન છે' એમ ઉપચારથી કહેવાય છે, ખરેખરું સમ્યગ્દર્શન તો તે નથી, જુદું છે. પણ તેની સાથે નવતત્ત્વની શ્રદ્ધા વગેરેના જે વિકલ્પો હોય છે તે વ્યવહારમાં બતાવ્યા તેવા જ હોય છે. એનાથી વિરુદ્ધ હોતા નથી. વ્યવહારમાં પણ સર્વજ્ઞભગવાને જે તત્ત્વો બતાવ્યા છે તેનાથી વિરુદ્ધ માન્યતા ધર્મીને હોય નહીં. અહો, આ તો નિશ્ચય-વ્યવહારની સંધિવાળો અલૌકિક જિનમાર્ગ છે,—વીતરાગભગવંતો જે માર્ગે ચાલ્યા તે માર્ગે જવાની આ વાત છે. એની શરૂઆત વીતરાગદૃષ્ટિ વડે થાય છે, રાગ વડે તેની શરૂઆત થતી નથી.

જેણે પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને ઝીલ્યો છે, અનુભૂતિવડે અંતરમાં પોતાના પરમાત્મસ્વરૂપને અનુભવ્યું છે તે અંતરાત્મા મોક્ષમાર્ગમાં ચાલનારા છે; તે પોતાની પર્યાયને પણ જાણે છે. પહેલાં અજ્ઞાનદશામાં બહિરાત્મપણું હતું, ત્યારે હું એકાંત દુઃખી હતો; તે દશા ટળીને હવે અંતરાત્મપણું થયું છે ને આત્માનું સાચું સુખ અંશે અનુભવમાં આવ્યું છે; હવે શુદ્ધ આત્માના જ ધ્યાન વડે પૂર્ણ સુખરૂપ પરમાત્મ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દશા અલ્પકાળમાં થશે. આ રીતે બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા એવા ત્રણ ભેદથી જીવને ઓળખવો તે વ્યવહારશ્રદ્ધા છે. અહીં ટૂંકામાં પ્રયોજનરૂપ આ ત્રણ પ્રકાર લીધા, બાકી તો ચૌદ ગુણસ્થાનના અનેક પ્રકારો છે, એકેન્દ્રિયાદિ માર્ગણા અપેક્ષાએ અનેક પ્રકારો છે, એમ અનેક પ્રકારના પર્યાયભેદોથી જીવને ઓળખવાનો વ્યવહાર છે, પરમાર્થમાં તો પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી અભેદ એકાકાર શુદ્ધ જીવ છે, તેમાં કોઈ ભેદ પડતા નથી. અહીં જીવના અંતરાત્મા વગેરે મુખ્ય ત્રણ ભેદ કહ્યા, અસંખ્ય પ્રકાર કહેવા જાય તો પાર ન આવે, ને આ ત્રણ ભેદનું સ્વરૂપ બરાબર ઓળખતાં અંદર હેય–ઉપાદેયનો વિવેક થઈને ભેદજ્ઞાનરૂપ પ્રયોજન સિદ્ધ થઈ જાય છે; તે ત્રણ ભેદને જાણનાર જીવ બહિરાત્મપણું છોડીને અંતરાત્મા થઈને પરમાત્માને ધ્યાવે છે.

દેહથી ભિન્ન ચેતનારૂપ પોતાનું અસ્તિત્વ છે તેને ન દેખતાં, દેહ તે જ હું છું–એમ દેહને જ પોતાનો માનીને, અથવા દેહાશ્રિત રાગાદિ ભાવોરૂપે જ પોતાને અનુભવીને તે બાહ્યભાવોમાં જ જે વર્તે છે તે બહિરાત્મા છે; પોતે કોણ ને પર કોણ ? એનો પણ તેને વિવેક નથી એટલે તે તત્ત્વમાં મૂઢપણે વર્તે છે. રાગાદિભાવો કાંઈ અંતર્સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલા નથી એટલે તે જીવના અંતરંગભાવ નથી, તે બાહ્યવસ્તુના આશ્રયે થયેલા બહિર્ભાવ છે. જીવનો અંતર્સ્વભાવ જ્ઞાન-આનંદમય શુદ્ધ છે, તેના આશ્રયે થયેલા સમ્યક્દર્શનાદિ ભાવો તે અંતરંગભાવ છે; તેને જે અનુભવે છે તે અંતરાત્મા છે અને બહિર્ભાવોને જ જે અનુભવે છે તે બહિરાત્મા છે. પરમાં–બહારમાં આત્મપણું માને તે બહિરાત્મા; અંતરમાં પરથી ભિન્ન આત્માને દેખે તે અંતરાત્મા; પૂર્ણ પદને પામેલા તે પરમાત્મા.

જે બહિરાત્મા છે, તે પણ જ્ઞાનસ્વરૂપી આત્મા જ છે પણ અજ્ઞાનથી તે બહિરાત્મભાવરૂપે પરિણમેલો છે; સમ્યગ્દૃષ્ટિએ આત્મા જેવો છે તેવો જાણીને બહિરાત્મપણું છોડયું છે, ને પરમાત્મપણાને તે સાધે છે.

જે દેહાદિની ક્રિયાને આત્માની માનનારા બહિરાત્મા છે, જેને દેહથી ભિન્ન આત્માની ખબર નથી, એવા બહિરાત્મા જીવોને સમ્યગ્દર્શન હોતું નથી, તેમ જ શ્રાવકપણું કે સાધુપણું પણ તેને હોતું નથી. શરીરની દશાથી આત્માને ધર્મ–અધર્મ થવાનું જે માનતા હોય તે બધા બહિરાત્મા છે–એમ નિઃશંક જાણવું. જુઓ, બીજા જીવોની પણ આવી ઓળખાણ થઈ શકે છે. પરમાત્મા કેવા હોય ? અંતરાત્મા કેવા હોય ? બહિરાત્મા કેવા હોય ? તેનું સ્વરૂપ ઓળખી શકાય છે. તે ઓળખીને શું કરવું ? કે બહિરાત્મપણું છોડવું; અંતરાત્મા થઈને પરમાત્મસ્વરૂપે આત્માને ધ્યાવવો.

શરીર તો જડ અજીવ છે, તેમાં કાંઈ જીવનો ધર્મ ગરી ગયો નથી. જીવની પર્યાય અજીવમાં જાય નહીં. બહિરાત્મપણું એ પણ જીવની પર્યાયમાં છે, તે કાંઈ શરીરમાં નથી. અજ્ઞાનથી તે માને ભલે કે હું શરીરમાં છું, પણ તે માન્યતા પણ તેણે પોતાની જ પર્યાયમાં કરી છે. અરે, શરીરથી આત્માની ભિન્નતાને જે ન જાણે તેને તો શાસ્ત્રકારોએ તત્ત્વમૂઢ કહ્યો છે; ભલે B. A. M. A. વગેરે ઘણાં લૌકિક ભણતર તે ભણ્યો હોય તોપણ જીવ–અજીવના ભેદજ્ઞાનરૂપ વીતરાગી આત્મવિદ્યામાં તો તે મૂઢ છે; તેનું લૌકિક ભણતર આત્માના હિત માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ જ કામનું નથી. આત્માના હિત માટે તો આ જીવ-અજીવનું ભેદજ્ઞાન કરાવનારી વીતરાગ-વિદ્યા ભણવા જેવી છે.

હવે વીતરાગવિદ્યાને જાણનારા અંતરાત્મા કેવા છે? સમયસારમાં તો કહે છે કે પોતાની જ્ઞાનચેતના સિવાય બીજા કોઈ ભાવને જરાપણ પોતાના માનતા નથી, પોતાને જ્ઞાનચેતનાપણે જ સદાય દેખે છે—અનુભવે છે, તે જ્ઞાની અંતરાત્મા છે, અને જીવ પોતે ભેદજ્ઞાન કરીને જ્યારે અંતરાત્મા થાય ત્યારે જ તે આવા અંતરાત્માને ખરેખર ઓળખી શકે છે. પોતે પોતાના આત્માનું સ્વસંવેદન કર્યા વગર એકલા અનુમાન વડે બીજા જ્ઞાનીધર્માત્માને પણ ઓળખી શકાતા નથી. એટલે આત્મા-અનાત્માનું ભેદજ્ઞાન કરીને જીવે પોતે અંતરાત્મા થવાની આ વાત છે. આત્માના સ્વરૂપને યથાર્થ જાણે તે અંતરાત્મા છે. આત્માનું સ્વરૂપ રાગથી ને દેહથી ભિન્ન છે. રાગ અને દેહનો નાશ થવા છતાં આત્મા તો પોતાના ચેતનસ્વભાવે સદા જીવંત છે, તેના કોઈ ધર્મનો નાશ થતો નથી. પોતાના આવા આત્માને અનુભવનારા અંતરાત્મા એ તો પરમાત્માના પાડોશી છે; બહિરાત્મપણું છોડીને એણે પરમાત્મા સાથે સંધિ જોડી છે. બહિરાત્મપણું છોડી, અંતરાત્મા થઈ પરમાત્મસ્વરૂપને ધ્યાવતાં જીવ પરમાત્મા થાય છે, તેથી પૂજ્યપાદસ્વામી સમાધિશતકમાં કહે છે કે—

ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમભાવ;
થઈ તું અંતર્આતમા, ધ્યા પરમાત્મસ્વભાવ.

અંતરાત્માને કોઈને રાગ તો હોય છે. (—બધાને નથી હોતો કેમકે બારમા ગુણસ્થાને પણ અંતરાત્મા છે, તે તો વીતરાગ છે,) એ રીતે નીચલી દશામાં રાગ હોવા છતાં અંતરાત્મા તેનાથી ભિન્ન પોતાના ચેતનસ્વરૂપને જાણનારા છે, રાગને મોક્ષમાર્ગ માનતા નથી. તેમાં સાતથી બાર ગુણસ્થાન સુધીના ઉત્તમ અંતરાત્માઓ તો શુદ્ધોપયોગવડે પોતાના નિર્વિકલ્પ આનંદને જ અનુભવી રહ્યા છે, પરમાત્મદશા તેમને ઘણી નજીક વર્તે છે. શુદ્ધોપયોગી થઈને અંતરમાં ચૈતન્યગોળાને સાક્ષાત્ અનુભવી રહ્યા છે. બીજા અંતરાત્માઓને પણ આવા આત્માનું ભાન તો છે, ને નિર્વિકલ્પધ્યાન ક્યારેક થાય છે.

અરે, અંતરાત્માની ઓળખાણ પણ ઘણી સૂક્ષ્મ છે; એને ઓળખે તો જીવ-અજીવનું ભેદજ્ઞાન થઈ જાય એવું છે.

❀ દેહાદિ બાહ્યને આત્મા માને તે બહિરાત્મા.

❀ પરથી ભિન્ન અંતરમાં આત્મસ્વરૂપને જાણે તે અંતરાત્મા.

❀ ઉત્કૃષ્ટ-પરમ જ્ઞાનઆનંદદશાને પામેલા તે પરમાત્મા.

આત્માની આવી ત્રણદશાને ઓળખીને, બહિરાત્મપણું છોડવું, અને અંતરાત્મા થઈને પરમાત્મપદને સાધવું. પરમાત્માની ઓળખાણ અંતરાત્માને જ થાય છે, બહિરાત્મા તેને ઓળખી શકતો નથી. બહિરાત્મા તો શરીરને જ દેખે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરીર અને હું જુદા છીએ–એમ શરીરથી ભિન્નતા પણ જેને નથી ભાસતી તે રાગથી ભિન્ન થવારૂપ વીતરાગી મોક્ષમાર્ગમાં ક્યાંથી આવશે? અંતરમાં રાગથી પણ ચેતનભાવ જુદો છે એવું ભાન કર્યા વગર મોક્ષમાર્ગ થાય નહીં.

મોક્ષમાર્ગમાં વર્તતા મુનિઓમાં પણ શુદ્ધોપયોગી મુનિઓને ઉત્તમ અંતરાત્મા કહ્યા ને શુભોપયોગી મુનિઓને મધ્યમ અંતરાત્મા કહ્યા; અંતરમાં આત્માનું જ્ઞાન તો બંનેને છે; પણ જે નિર્વિકલ્પ અનુભવમાં લીન છે તેને ઉત્તમ કહ્યા; શુભરાગવાળાને ઉત્તમ ન કહ્યા. જો કે તેઓ પણ છે તો પંચપરમેષ્ઠીમાં, તેથી ઉત્તમ છે; '**साहु लोगुत्तमा**'માં તેઓ પણ આવી જાય છે; પણ શુદ્ધોપયોગીની અપેક્ષાએ તેમને મધ્યમ કહ્યા. તોપછી શુદ્ધાત્માનું જેને ભાન પણ નથી એવા અજ્ઞાનીના શુભની શી વાત? શુભભાવ વખતે પણ તે તો બહિરાત્મા છે. ને ભેદજ્ઞાનની જીવ અશુભભાવ વખતે પણ અંતરાત્મા છે. પરમાત્માને તો શુભ–અશુભભાવો હોતા જ નથી; અંતરાત્માની ચેતના પણ તે–તે વખતના શુભ–અશુભભાવોથી જુદી અલિપ્ત જ વર્તે છે.

અજ્ઞાની ગમે તેટલા શુભભાવ કરે, એકલા વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રનું પાલન કરે તોપણ તેનું સ્થાન જઘન્ય–અંતરાત્માથી પણ હલકું છે, એટલે કે તે તો બહિરાત્મા છે. જઘન્ય અંતરાત્માનું સ્થાન તો મોક્ષમાર્ગમાં છે, પણ બહિરાત્માનું સ્થાન મોક્ષમાર્ગમાં નથી. નિર્વિકલ્પ અનુભૂતિસહિત શુદ્ધઆત્માની અંતર્દૃષ્ટિ વગર સમ્યગ્દર્શન થાય નહિ ને સમ્યગ્દર્શન વિના અંતરાત્માપણું હોય નહીં. જઘન્ય એટલે નાનામાં નાનો અંતરાત્મા પણ અંતરમાં નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન સહિત જ હોય છે. શ્રદ્ધા–અપેક્ષાએ તેનું જઘન્યપણું નથી, જ્ઞાન અને ચારિત્ર અપેક્ષાએ જઘન્યપણું છે.

જુઓ, અંતરાત્મા ઉત્તમ હો મધ્યમ હો કે જઘન્ય હો, તે ત્રણે પ્રકારના અંતરાત્માઓ મોક્ષમાર્ગી છે. (**तीनों शिवमगचारी**) ચોથા ગુણસ્થાનવાળા જઘન્ય અંતરાત્મા પણ મોક્ષમાર્ગી છે, શિવમગચારી છે. ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના બધાય અંતરાત્માઓ મોક્ષમાર્ગમાં ચાલનારા છે. નિશ્ચય સમ્યગ્દર્શન થયું તેના પ્રતાપે મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો છે. જેને નિશ્ચય સમ્યગ્દર્શન નથી એવા જીવો વ્રતાદિ કરે ને દ્રવ્યલિંગ ધારે તોપણ અંતરાત્માના વર્ગમાં નથી આવતા, તે તો બહિરાત્મા જ છે. વ્રતરહિત પરંતુ સમ્યક્ત્વસહિત એવા જીવો તો મોક્ષમાર્ગી છે, પણ સમ્યક્ત્વરહિત ને વ્રત–સહિત એવા જીવો મોક્ષમાર્ગમાં નથી. ભલે કોઈ પંચમહાવ્રત પાળતો હોય, દ્રવ્યલિંગી સાધુ હોય, તોપણ જે મિથ્યાદૃષ્ટિ છે તેને ચારિત્રના લેશનો પણ સદ્ભાવ નથી કહ્યો; અને અવ્રતી હોવા છતાં સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને ચારિત્રમોહની ચાર પ્રકૃતિ (અનંતાનુબંધી ક્રોધાદિ)નો તો અભાવ થયો છે, તેટલા અંશે તેનો ચારિત્રગુણ ખીલ્યો છે. અહા, સમ્યગ્દૃષ્ટિ જીવોની અંતરની દશા કોઈ અનેરી છે. આ છહઢાળાના રચનાર પં. દૌલતરામજી ભજનમાં સમ્યગ્દૃષ્ટિની અદ્ભુત દશાનું વર્ણન કરતાં કહે છે કે—

ચિન્મૂરત દૃગધારિકી મોહે રીતિ લગત હૈ અટાપટી...
બાહિર નારકિ–કૃત દુઃખ ભોગે, અન્તર સુખરસ ગટાગટી।
રમત અનેક સુરનિ સંગ પૈ તિસ પરિણતિતેં નિત હટાહટી ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાન વિરાગ શક્તિતેં વિધિફલ ભોગત પૈ વિધિ ઘટાઘટી ।
સદન નિવાસી તદાપિ ઉદાસી, તાતેં આસ્રવ છટાછટી ॥

જે ભવહેતુ અબુધકે તે તસ કરત બન્ધ કી ઝટાઝટી ।
નારક પશુ ત્રિય ષંડ વિકલત્રય, પ્રકૃતિનકી કટાકટી ॥

સંયમ ધરિ ન સકે પૈ સંયમ ધારન કી ઉર ચટાચટી ।
તાસ સુયશ ગુન કી 'દૌલત' કે લગી રહૈ નિત રટારટી ॥

અહો, ચૈતન્યમૂર્તિ આત્માની દૃષ્ટિના ધારક સમ્યગ્દૃષ્ટિ જીવોની દશા કોઈ અટપટી આશ્ચર્યકારક લાગે છે. કોઈ જીવ નરકમાં સમ્યગ્દૃષ્ટિ હોય, બહારમાં તો તેને નારકીઓ દ્વારા ઘોર દુઃખ થતું હોય પણ અંતરમાં તે જ વખતે ભિન્ન ચેતનામાં તેને આત્માના સુખરસની ગટાગટી ચાલે છે; જેમ શેરડીનો રસ ગટક-ગટક પીએ તેમ અંદર ચેતનામાં સુખરસની ગટાગટી ચાલે છે.-એવી સમ્યગ્દૃષ્ટિની પરિણતિ અટપટી છે. કોઈ જીવ સ્વર્ગમાં સમ્યગ્દૃષ્ટિ હોય, ત્યાં બહારમાં તો અનેક દેવીઓ સાથે તે ક્રીડા કરતો હોય, તે પ્રકારનો રાગ પણ હોય, છતાં તે પરિણતિથી તેને સદા હટાહટી છે, એટલે કે ધર્મીની ચેતના તો તેનાથી જુદી ને જુદી જ રહે છે.-એવી ધર્મીની વિચિત્ર પરિણતિ છે.

અનેક પ્રકારનાં કર્મફળ ભોગવવા છતાં, જ્ઞાન-વૈરાગ્યશક્તિના બળે તેને કર્મ સદાય ઘટ્યા જ કરે છે; સદન નિવાસી એટલે કે ગૃહવાસી હોવા છતાં અંતરમાં તેનાથી ઉદાસીનતા છે તેથી આસ્રવની તેને છટાછટી છે,-આસ્રવો છૂટતા જ જાય છે. અજ્ઞાનીને જે ક્રિયાઓ ભવનો હેતુ થાય છે તે જ ક્રિયાઓ અંતરની ચૈતન્યદૃષ્ટિને લીધે સમ્યગ્દૃષ્ટિને બંધની ઝટાઝટી કરે છે-અર્થાત્ તેને નિર્જરા જ થાય છે.

નરકગતિ, તિર્યંચગતિ, સ્ત્રીપર્યાય, નપુંસકપર્યાય, વિકલત્રય વગેરે ૪૧ પ્રકૃતિની તો સમ્યગ્દૃષ્ટિને નિરંતર કટાકટી થઈ ગઈ છે અર્થાત્ તે ૪૧ પ્રકૃતિ તો તેને બંધાતી જ નથી.

તે અવિરત સમ્યગ્દૃષ્ટિ જો કે સંયમ ધારણ કરી શકતા નથી તોપણ તેમના અંતરમાં તો સંયમ ધારણ કરવાની ચટપટી વર્તે છે....નિરંતર સંયમભાવના વર્તે છે.

અહો ! સમ્યગ્દૃષ્ટિના આવા પ્રશંસનીય ગુણોનો ખજાનો, તેનું દૌલતરામજીને સદાય રટણ રહ્યા કરે છે.

વાહ ! ચૈતન્યમૂર્તિ આત્માની દૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ-અંતરાત્મા જીવોની દશા કોઈ અદ્‌ભુત-અચિંત્ય-આશ્ચર્યકારી છે; તેની ઓળખાણ કરતાં જીવને પોતાના આત્મસ્વરૂપનો કોઈ અચિંત્યમહિમા લક્ષમાં આવે છે. તે અંતરાત્મા ઉત્કૃષ્ટ હો, મધ્યમ હો કે નાનામાં નાના જઘન્ય હો, પણ શુદ્ધાત્માની પ્રતીતરૂપ સમ્યગ્દર્શન બધાને સરખું છે; પ્રતીતમાં ફેર નથી, બધાય અંતરાત્માઓ ભૂતાર્થદૃષ્ટિવંત છે, શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિના ધારક છે. રાગ હોવા છતાં રાગથી પાર એમની જ્ઞાનચેતના છે તેને કોઈ વિરલા જ ઓળખે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવલિંગી મુનિઓમાં પણ જે નિર્વિકલ્પ ધ્યાનમાં લીન છે એવા શુદ્ધોપયોગીને તો ઉત્તમ અંતરાત્મામાં ગણ્યા, અને શુભોપયોગી મુનિને મધ્યમ અંતરાત્મામાં ગણ્યા. અરે, મહાવ્રતાદિની કોઈ શુભવૃત્તિ આવી તે પણ ઉત્તમ અંતરાત્મામાં પાલવતી નથી, તો બીજા રાગની શી વાત! પ્રવચનસારમાં પણ કહ્યું છે કે મોક્ષમાર્ગમાં શુદ્ધોપયોગી મુનિઓ મુખ્ય છે અગ્રેસર છે, ને શુભોપયોગી મુનિઓને તો તેમની પાછળ–પાછળ સ્વીકારવામાં આવ્યા છે. છે તો તેઓ બંને મોક્ષમાર્ગી, પરમેષ્ઠી ભગવાન; તેમાં શુભવાળા મુનિ પણ ભાવલિંગી છે,–તેની વાત છે. જેને સમ્યગ્દર્શનાદિ નથી તેમને તો મોક્ષમાર્ગમાં સ્વીકાર્યા જ નથી, તેઓ તો બંધમાર્ગે ચાલનારા બહિરાત્મા છે.

બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા—આ ત્રણ પ્રકારમાં જગતના બધા જીવો આવી જાય છે. જીવતત્ત્વની શ્રદ્ધામાં તેની ઓળખાણ સમાઈ જાય છે. જે પોતે શુદ્ધોપયોગમાં લીન છે તેને તો બીજા જીવોનો વિચાર તે વખતે નથી; તેમ જ ત્રણ ભેદ ઉપર લક્ષ નથી; પણ જે સવિકલ્પદશામાં છે તે, વ્યવહારજીવની શ્રદ્ધામાં આવા ત્રિવિધ આત્માનું સ્વરૂપ વિચારે છે. આવો યથાર્થ વિચાર કરનારો અંતરાત્મા છે. બહિરાત્માને કે પરમાત્માને આવો વિચાર નથી, કેમકે બહિરાત્મા તો તેનું સાચું સ્વરૂપ જાણતો નથી, ને પરમાત્માને કોઈ વિકલ્પ નથી. આ તો સાધકને નિશ્ચયસહિત વ્યવહાર કેવો હોય તેની વાત છે.

પરમાર્થદૃષ્ટિમાં એટલે કે શુદ્ધનયમાં તો એક અખંડ જ્ઞાયકભાવરૂપે જ આત્માનો અનુભવ છે, ત્રણ પ્રકારની પર્યાયના ભેદ તેમાં નથી આવતા. શુદ્ધદૃષ્ટિ વડે અંતરાત્મા થયેલ જીવ વ્યવહારમાં જીવની પર્યાયના પ્રકારોને પણ જેમ છે તેમ જાણે છે. પોતે અંતરાત્મા થઈને ત્રણ ભેદોને જાણે છે; પણ પોતે બહિરાત્મા રહીને ત્રણ પ્રકારના આત્માનું સાચું જ્ઞાન થઈ શકે નહિ.

છઠ્ઠા ગુણસ્થાનવાળા ભાવલિંગી મોક્ષમાર્ગી મુનિ એમ જાણે છે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો પણ મોક્ષમાર્ગી છે; જેમ હું મોક્ષમાર્ગી છું તેમ તે પણ મોક્ષમાર્ગી છે. —ભલે થોડો (જઘન્ય) પણ છે તો મોક્ષના માર્ગમાં. શ્રી કુંદકુંદસ્વામીએ મોક્ષપ્રાભૃતમાં તેને ધન્ય કહ્યો છે. અહા, છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિ ચોથાવાળા ગૃહસ્થને મોક્ષમાર્ગમાં સ્વીકારે છે: '**ये तीनों शिवमगचारी**' ત્રણે પ્રકારના અંતરાત્મા મોક્ષમાર્ગમાં કેલિ કરનારા છે.—

'**केलि करे शिवमारगमें, जगमांहि जिनेश्वरके लघुनंदन।**'

આ રીતે અંતરાત્માની વાત કરી; હવે પરમાત્મા કેવા છે? તે કહે છે: પરમાત્માના બે પ્રકાર—એક સિદ્ધપરમાત્મા; બીજા અરિહન્તપરમાત્મા. સિદ્ધ ભગવાન તો અશરીરી, ચૈતન્ય-બિંબપણે સિદ્ધાલયમાં અનંતા બિરાજે છે, તેમને શરીર ન હોવાથી 'નિકલ પરમાત્મા' કહેવાય છે. અને અરિહંતભગવાન અઢીદ્વીપ સંબંધી મનુષ્યલોકમાં તેરમા–ચૌદમા ગુણસ્થાને શરીર સહિત વિચરે છે, તેમને 'સકલ પરમાત્મા' કહેવાય છે. [કલ = શરીર; તેનાથી સહિત તે સકલ; તેનાથી રહિત તે નિકલ.] કેવળજ્ઞાનાદિ ગુણો તે બંને પરમાત્માને સરખા છે. પરમાત્માની શી વાત! એમને ઓળખતાં તો આત્માનું સાચું સ્વરૂપ ઓળખાઈ જાય છે.

પરમાત્મપદને સાધનારા મુનિવરોની દશા પણ અદ્ભુત હોય છે....જાણે નાનકડા ભગવાન!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મુનિની સૌમ્યમુદ્રામાં તો વીતરાગતાની ઝલક વર્તે છે....ઉપશમરસમાં એમનો આત્મા ઝૂલી રહ્યો છે. છઠ્ઠા ગુણસ્થાન વખતે તેમને મધ્યમ-અંતરાત્મા કહ્યા, પણ જ્યારે તેઓ મુનિ થયા ત્યારે પ્રથમ તેમને શુદ્ધોપયોગમાં સાતમું ગુણસ્થાન પ્રગટ્યું હતું એટલે કે ઉત્તમ અંતરાત્માપણું થયું હતું. પછી શુભ ઉપયોગમાં આવતાં તેમને મધ્યમ કહ્યા. પરંતુ શુભરાગને જે મોક્ષમાર્ગ માને છે એટલે રાગાદિ વિભાવોને જ નિજસ્વભાવ માને છે, એવા સમ્યગ્દર્શન વગરના જીવો તો બંધમાર્ગમાં જ છે, મોક્ષના માર્ગને તેઓ જાણતા નથી.

સમ્યગ્દષ્ટિએ સર્વજ્ઞ પરમાત્માને શ્રદ્ધામાં લીધા છે. સર્વજ્ઞતાને પામેલા જીવો જગતમાં છે, અને મારો આત્મા પણ એવી તાકાતવાળો છે-એમ ધર્મી જાણે છે. પરમ એટલે ઉત્કૃષ્ટ પર્યાયરૂપે પરિણમેલા આત્મા તે પરમાત્મા છે. એવા પરમાત્મા અત્યારે આ ભરતક્ષેત્રમાં થતા નથી, પણ વિદેહક્ષેત્રમાં સીમંધરભગવાન વગેરે લાખો જીવો એવા પરમાત્માપણે અત્યારે પણ સાક્ષાત્ વિચરે છે. અહીં રહીને પણ એવા સર્વજ્ઞપરમાત્માની ઓળખાણ થઈ શકે છે. સર્વજ્ઞપદની જેને શ્રદ્ધા નથી તે તો બહિરાત્મા છે ને ગૃહીતમિથ્યાદષ્ટિ છે.

" **जो जो देखी वीतरागने सो सो होसी वीरा रे** " એમ નક્કી કરવામાં પણ સર્વજ્ઞપદનો સ્વીકાર આવી જાય છે. સર્વજ્ઞની ઓળખાણ વગર કોઈ એવી વાત કરે તો તે સાચી નથી.

અહા, જેને આત્માનું સંપૂર્ણ જ્ઞાન છે, સંપૂર્ણ સુખ છે, અને રાગનો સંપૂર્ણ અભાવ છે-એવી ઉત્કૃષ્ટ પર્યાયવાળા સર્વજ્ઞભગવાન છે—એનો સ્વીકાર સમ્યગ્દષ્ટિ જ કરે છે; બાહ્યદષ્ટિવાળા જીવને (રાગદષ્ટિવાળા જીવને) પરમાત્મા કેવા હોય તેની ખબર નથી. સર્વજ્ઞનો સ્વીકાર એ તો અપૂર્વ તત્ત્વજ્ઞાન છે, તે તો ધર્મનો મૂળ પાયો છે. સર્વજ્ઞતા કહો કે આત્માનો જ્ઞાનસ્વભાવ કહો, તેની ઓળખાણ વગર ધર્મની શરૂઆત થતી નથી.

સાતતત્ત્વમાંથી એક જીવ તત્ત્વને બરાબર જાણતાં તેની પર્યાયના આ બધા પ્રકારો તેમાં સમાઈ જાય છે. 'સર્વજ્ઞ' એટલે એક સમયમાં બધાને અતીન્દ્રિયજ્ઞાનવડે પ્રત્યક્ષ જાણનારા, અને છતાં જેને રાગ-દ્વેષ નથી, કોઈ સંકલ્પ-વિકલ્પ નથી, જાણવામાં થાક નથી, નિરાકુળ આનંદ છે. અહા, આવું પરમાત્મપણું—તે આત્માની જ એક દશા છે.

શરીર હોય છતાં આવું સર્વજ્ઞપણું હોય ?

હા; શરીર શરીરમાં છે, ભગવાનને કાંઈ એનું મમત્વ નથી. જેમ શરીરનો સંયોગ હોવા છતાં શરીરથી ભિન્ન આત્માનો અનુભવ થાય છે, તેમ સર્વજ્ઞતા પણ થઈ શકે છે. જગતમાં આવા સર્વજ્ઞપરમાત્મા છે અને મારા આત્મામાં પણ એવું સામર્થ્ય છે-એમ સમ્યગ્દષ્ટિ બરાબર (સ્વાનુભવપૂર્વક) જાણે છે. જેને સર્વજ્ઞના અસ્તિત્વનો વિશ્વાસ ન હોય તેને આત્માના જ્ઞાનસ્વભાવનો જ વિશ્વાસ નથી.

નિશ્ચય સમ્યગ્દર્શનમાં તો ધર્મી જીવ નિર્વિકલ્પપણે શુદ્ધ આત્મતત્ત્વમાં જ 'અહં'પણાની પ્રતીત કરે છે; અને તે સમ્યગ્દર્શન સાથેની જ્ઞાનપર્યાયમાં એટલી તાકાત છે કે આવા સર્વજ્ઞપરમાત્માને પણ તે નિર્ણયમાં લઈ લ્યે છે. અંતરમાં પોતાનો શુદ્ધ આત્મા તો નિર્ણયમાં લીધો છે, ને તેની ઉત્કૃષ્ટ પર્યાયરૂપે પરિણમેલા પરમાત્મા કેવા હોય તે પણ નિર્ણયમાં આવી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયું છે. શુદ્ધદ્રવ્યની શ્રદ્ધા કરે તે તાકાતની તો શી વાત! પણ તેની સાથે રાગથી જુદું પડેલું જે જ્ઞાન છે તે જ્ઞાનના વ્યવહારમાં પણ એટલી તાકાત ઊઘડી ગઈ છે કે પરમાત્માને તે જાણી લ્યે છે; બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા ત્રણેને તે જાણી લ્યે છે. દ્રવ્યરૂપ શુદ્ધ આત્મા, ને તેની પર્યાયરૂપ ત્રિવિધ આત્મા, તેનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ જેમ છે તેમ જાણે છે. સમસ્ત લોકાલોકને અને ત્રણ કાળને એક સમયમાં જ્ઞાનનું જ્ઞેય બનાવે એવી મહાન અચિંત્ય તાકાત કેવળજ્ઞાનમાં છે; અહીં આખું જ્ઞાન છે તો સામે આખું જ્ઞેય એક સાથે નિમિત્ત છે. બસ, જ્ઞાનમાં સર્વ જ્ઞેયો સ્થિર થઈ ગયા, જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થઈ ગયું, ક્યાંય કર્તૃત્વબુદ્ધિ કે ફેરફારની બુદ્ધિ કે રાગ-દ્વેષવૃત્તિ ન રહી.–આવી દશાવાળા સર્વજ્ઞને સમ્યગ્દષ્ટિ જાણે છે, એટલી તો તેની વ્યવહારશ્રદ્ધાની તાકાત છે; પરમાર્થશ્રદ્ધા નિર્વિકલ્પ છે તે તો પોતાના આત્માને જ પરમેશ્વરપણે અનુભવમાં લ્યે છે;—તેની તાકાતની તો શી વાત! આવી શ્રદ્ધા થાય ત્યારે જીવમાં મોક્ષનો માર્ગ ઊઘડે.

જુઓ, સાચી શ્રદ્ધા કરવા માટે જીવતત્ત્વનું આ વર્ણન ચાલે છે. નિશ્ચયથી તો જ્ઞાયકતત્ત્વ એક અખંડ શુદ્ધ છે તે જીવ છે, વ્યવહારમાં તેના ત્રણ પ્રકાર છે. શાસ્ત્રસ્વાધ્યાયમાં આવા તત્ત્વોનું ઘોલન કરતાં કરતાં, એટલે કે જ્ઞાનને એકાગ્ર કરતાં કરતાં જ્ઞાનમાં વિશેષ સ્પષ્ટતા થતી જાય છે. તેથી વીતરાગમાર્ગમાં કહેલા તત્ત્વોનું વારંવાર મનન કરવા જેવું છે.

સિદ્ધપરમાત્મા—જેમને શરીર નથી, મન નથી, ઇંદ્રિયો નથી, રાગ નથી, છતાં કેવળજ્ઞાન છે. આવા સિદ્ધપરમાત્માને ઓળખતાં એમ નક્કી થાય છે કે આત્માનું જ્ઞાન શરીર-મન-ઇંદ્રિયો કે રાગને આધીન નથી. સિદ્ધપરમાત્મા તો જ્ઞાનશરીરી છે; જ્ઞાન જ આત્માનું અંગ છે કે જે કદી આત્માથી જુદું પડતું નથી. તેથી કહ્યું કે—

જ્ઞાનશરીરી ત્રિવિધ-કર્મમલવર્જિત સિદ્ધમહન્તા,
તે હૈં નિકલ-અમલ-પરમાતમ ભોગેં શર્મ અનંતા.

જ્ઞાનશરીરી ચૈતન્યમય સિદ્ધભગવંતો સદાકાળ અનંત આત્મિકસુખને ભોગવે છે. એવા સિદ્ધને લક્ષમાં લઈને સાધક કહે છે કે—

'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધસમાન સદા પદ મેરો.'

—આમ પોતાના આત્મતત્ત્વની પ્રતીત સહિત પરમાત્માને જાણે છે. એકલા પરલક્ષથી જાણે તે સાચું જ્ઞાન નથી.

આ જગતમાં સૌથી શ્રેષ્ઠ સિદ્ધભગવંતો છે; આત્માના અનંત આનંદને તેઓ ભોગવે છે, આખા વિશ્વને જાણે છે; ઔદારિકાદિ પુદ્ગલ શરીરો તેમને નથી તેથી તેઓ દેહાતીત, અશરીરી છે, પણ પોતાના જ્ઞાનાદિ ગુણોમાં તન્મય હોવાથી તેઓ જ્ઞાનશરીરી છે. જ્ઞાન જ આત્માનું જીવન છે; આત્મા શરીરના સંયોગ વગર, આયુકર્મ વગર, પોતાના જ્ઞાનથી જ શાશ્વત જીવનારો છે. આવું જીવન જીવનારા સિદ્ધભગવંતો મહંત છે, ભવનો અંત કરીને તેઓ મહંત થાય છે ને અનંત સુખને ભોગવે છે. મહાન આત્માને જાણનારા સમ્યગ્દષ્ટિજીવોને પણ મહંત-મહાત્મા કહેવાય છે, પણ આ સિદ્ધભગવાન તો જગતમાં સૌથી મોટા મહંત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ રીતે ગાથા ૪-૫-૬માં ત્રિવિધ આત્માનું સ્વરૂપ બતાવીને કહે છે કે—

બહિરાતમતા હેય જાનિ તજી અંતરઆતમ હૂજે,
પરમાતમકો ધ્યાય નિરંતર જો નિત આનંદ પૂજે.

આત્માના ત્રણ પ્રકારને જાણીને બહિરાત્મપણું તો છોડવું. સમ્યગ્દષ્ટિએ તો બહિરાત્મપણું છોડયું જ છે, પણ બીજા જે જિજ્ઞાસુ જીવો છે તેઓએ પણ આ ઉપદેશ દ્વારા આત્માનું સ્વરૂપ જાણીને બહિરાત્મપણું છોડવું ને અંતરાત્મા થઈને પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરવું-કે જે સદા આનંદકારી છે.

જે દેહને આત્મા માને, ઇંદ્રિયવિષયોમાં સુખ માને, પુણ્યરાગને ધર્મ માને, કે બાહ્ય વસ્તુ વડે પોતાનું કાંઈ કાર્ય થવાનું માને-તે બધા બહિરાત્મા છે, એમ ઓળખીને તે પ્રકારની વિપરીત માન્યતાઓ છોડવી, તેમ જ એવી વિપરીત માન્યતાના પોષક જીવોનો સંગ છોડવો. દેહથી અને પરભાવોથી ભિન્ન, શુદ્ધ જ્ઞાનમય સ્વતત્ત્વને ઓળખીને પોતે અંતરાત્મા થવું, તેમ જ એવા બીજા સાધર્મી-અંતરાત્માઓને આદરણીય જાણવા. અંતરાત્મા શું કરે છે? કે પરમાત્માને ધ્યાવે છે. સમ્યગ્દષ્ટિએ અંતરમાં પોતાના શુદ્ધાત્માને નિશ્ચયથી ધ્યેય બનાવ્યો છે, ને વ્યવહારમાં અરિહંત તથા સિદ્ધ પરમાત્માને ધ્યાવે છે-આદરે છે. વિકલ્પને-રાગને તે ધ્યાવતા નથી પણ સર્વજ્ઞતારૂપ ને પૂર્ણ આનંદરૂપ એવા પરમાત્માને જ ધ્યાવે છે. નિશ્ચયમાં પોતાનો પરમસ્વભાવ ધ્યેય છે ને વ્યવહારમાં અરિહંત-સિદ્ધ પરમાત્મા ધ્યેય છે. અનંત આનંદને પામેલા પરમાત્માના ધ્યાન વડે તે પોતાના સ્વભાવમાં એકાગ્રતાનો ઉગ્ર પ્રયત્ન કરે છે ને વિકલ્પ તોડીને અનંત આનંદને અનુભવે છે. આ રીતે શુદ્ધ આત્માના ધ્યાન વડે અનંત આનંદ (કાળથી પણ અનંત, ને ભાવથી પણ અનંત) પ્રાપ્ત થાય છે. શુદ્ધ આત્માના ધ્યાન સિવાય આનંદ જગતમાં બીજે કયાંય નથી. પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા વડે જ પરમાત્માનું ખરૂં ધ્યાન થાય છે, એ વાત સમયસારની ૩૧મી ગાથામાં સમજાવી છે. આ રીતે શુદ્ધજીવતત્ત્વને ઓળખીને તેની શ્રદ્ધા વડે અંતરાત્મા થવું ને પછી તેના જ ધ્યાન વડે પરમાત્મા થવું તે જીવતત્ત્વની ઓળખાણનું ફળ છે.

આ રીતે સાત તત્ત્વોમાંથી જીવતત્ત્વની વાત કરી; હવે અજીવતત્ત્વના પ્રકારો કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# 卐 અજીવતત્ત્વનું વર્ણન 卐

મોક્ષસુખનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે; તેમાં સમ્યગ્દર્શનની સાથે સાતતત્ત્વોની ઓળખાણ કેવી હોય છે તેની વાત ચાલે છે; તેમાં જીવતત્ત્વના ત્રણ પ્રકાર બતાવીને એમ કહ્યું કે બહિરાત્મપણું દુઃખદાયક હોવાથી તેને છોડવું; ને શુદ્ધાત્માના જ્ઞાનવડે અંતરાત્મા થઈને પૂર્ણ આનંદરૂપ પરમાત્મદશાની પ્રાપ્તિનો ઉદ્યમ કરવો. એ રીતે જીવતત્ત્વના પ્રકારો બતાવીને હવે અજીવતત્ત્વના પ્રકારોનું વર્ણન કરે છે—

(ગાથા ૭ તથા ૮નો પૂર્વાર્ધ)

**चेतनता-बिन सो अजीव है, पंच भेद ताके हैं;**
**पुद्‌गल पंचवरन–रस गंध–दो फरस वसु जाके हैं;**
**जिय पुद्‌गलको चलन सहाइ धर्मद्रव्य अनरूपी,**
**तिष्ठत होय अधर्म सहाइ जिन बिनमूर्ति निरूपी ॥ ७ ॥**

**सकल द्रव्यको वास जासमें सो आकाश पिछानो;**
**नियत वर्तना, निशि-दिन सो व्यवहारकाल परिमानो ।**

ચેતનવંત તત્ત્વ તો જીવ છે; ને ચેતનતા વગરનાં તત્ત્વ તે અજીવ છે. અજીવના પાંચ ભેદ છે—

પુદ્‌ગલ : તે રૂપી દ્રવ્ય છે એટલે વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળું છે. છ દ્રવ્યોમાં એક પુદ્‌ગલ જ રૂપી છે-મૂર્ત છે. લીલો-પીળો-લાલ-સફેદ અને કાળો એ પાંચ રંગ, સુગંધ અને દુર્ગંધ, ખાટો-મીઠો-તીખો-કડવો અને તૂરો એ પાંચ રસ, તથા હલકો-ભારે લૂખો-ચીકણો સુંવાળો-કર્કશ, શીત-ઉષ્ણ એ પ્રમાણે આઠ સ્પર્શ, -એ બધી પુદ્‌ગલની રચના છે, પુદ્‌ગલની પર્યાય છે. શબ્દ તે પણ અજીવ પુદ્‌ગલોની અવસ્થા છે, તે કાંઈ જીવનું કાર્ય નથી. આ બધા અજીવ-પુદ્‌ગલના પ્રકારો છે એટલે અચેતન છે, જીવથી તે ભિન્ન છે-એમ જાણવું.

ધર્મદ્રવ્ય તથા અધર્મદ્રવ્ય નામનાં બે અજીવદ્રવ્યો સર્વજ્ઞદેવે જોયા છે, તે અતિ સૂક્ષ્મ છે ને આખા લોકમાં રહેલાં છે. એક જીવના પ્રદેશ જેટલા અસંખ્ય પ્રદેશો તે દરેકને છે. જીવ અને પુદ્‌ગલો જ્યારે ગતિ કરે ત્યારે તેમને સહાયક-નિમિત્ત ધર્મદ્રવ્ય છે, અને ગતિ કરનારાં જીવ-પુદ્‌ગલો જ્યારે સ્થિર થાય ત્યારે તેમને સહાયક નિમિત્ત અધર્મદ્રવ્ય છે; આ બંને દ્રવ્યો અરૂપી છે, અને અચેતન છે

આકાશદ્રવ્ય : ઉપર જે વાદળ દેખાય છે તે તો પુદ્‌ગલની રચના છે, તે કાંઈ આકાશ-દ્રવ્ય નથી. આકાશદ્રવ્ય તો અરૂપી છે, ને સર્વવ્યાપી છે, ઉપર નીચે ચારે બાજુ સર્વત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આકાશ છે. આકાશ એટલે ક્ષેત્ર-જગ્યા. જીવ-અજીવ બધાય દ્રવ્યોનો આકાશમાં વાસ છે. આકાશ એટલું મોટું (અનંત) છે કે તેના એક નાનકડા (અનંતમા ભાગના) ભાગમાં બાકીનાં બધા જીવ-અજીવ તત્ત્વો રહેલાં છે. અનંત આકાશનો ક્યાંય પાર નથી, છતાં જ્ઞાન તો તેને પણ આખે આખું જાણી લ્યે છે....જ્ઞાનનું સામર્થ્ય તો કોઈ અચિંત્ય મહાન છે. ધર્મીજીવ આવા આકાશદ્રવ્યની અને તેને જાણનારા જ્ઞાનની શ્રદ્ધા કરે છે.

**કાળદ્રવ્યઃ**—તે પણ અજીવ છે; તેમાં સમયસમયની વર્તનારૂપ જે અરૂપી કાળ-અણુઓ છે તે નિશ્ચયકાળ છે, તે અસંખ્યાત છે; અને મિનિટ-કલાક-દિવસ-માસ-વર્ષ-સાગરોપમ વગેરે જે માપ છે તે વ્યવહારકાળ છે. પદાર્થના પરિણમન-સ્વભાવમાં તે નિમિત્ત છે. આ કાળદ્રવ્ય પણ અરૂપી અને અજીવ છે.

આ રીતે અજીવતત્ત્વના પાંચ પ્રકાર કહ્યા; ધર્મી જીવ આવા તત્ત્વની શ્રદ્ધા કરે છે.

એક જીવ ને પાંચ અજીવ, કુલ છ જાતનાં દ્રવ્યો થયા;
તેમાં એક ચેતન, ને પાંચ અચેતન.
એક મૂર્ત-રૂપી ને પાંચ અમૂર્ત-અરૂપી;
એક સર્વવ્યાપી, ને પાંચ અસર્વવ્યાપી.

ચેતનાવાળો જીવ અને ચેતના વગરનાં અજીવ,-આમ ટૂંકી વ્યાખ્યા કરીને જીવ-અજીવની ભિન્નતા સમજાવી છે.

**પ્રશ્ન :**—અજીવતત્ત્વ ચેતના વગરનું છે, એટલે તેનામાં ભલે જ્ઞાન નથી પણ તે જાણવામાં જીવને સહાયક તો થાય છે ને?

**ઉત્તર :**—ના; જીવનો જ્ઞાનસ્વભાવ બીજાની (ઇંદ્રિય વગેરેની) સહાય વગરનો છે. ઇંદ્રિય વગેરેનું નિમિત્તપણું તો પરાધીન એવા ઇંદ્રિયજ્ઞાનમાં છે, અને ત્યાં પણ જ્ઞાન તો જીવથી પોતાથી થાય છે, કાંઈ ઇંદ્રિયોથી નથી થતું; અને કેવળજ્ઞાન વગેરેમાં તો ઇન્દ્રિયાદિ નિમિત્ત પણ નથી. જ્ઞાનનો આધાર આત્મા છે, જ્ઞાનનો આધાર જડ ઇન્દ્રિયો નથી.

કેવળજ્ઞાનમાં જ્ઞેયપણે આખું જગત નિમિત્ત છે; પણ તેમાંથી કાંઈ આવતું નથી. આત્માનું જ્ઞાન કોઈ અચેતન વસ્તુમાં નથી, ને જ્ઞાનમાં કોઈ અચેતન વસ્તુ નથી; આમ જ્ઞાનને પરથી અત્યંત ભિન્ન અનુભવવું. સાતતત્ત્વનું જ્ઞાન કરતાં જડ-ચેતનની આવી ભિન્નતાનું જ્ઞાન પણ થઈ જાય છે.

અહા, મારું જ્ઞાન તો મારામાં છે, કાંઈ અજીવમાં મારું જ્ઞાન નથી. અજીવ પાસેથી કાંઈ મારું જ્ઞાન નથી આવતું. એમ સમજી જ્ઞાનને પોતાના આત્માની સન્મુખ કરતાં અપૂર્વ આનંદ અનુભવાય છે.

અહીં ધર્મ-અધર્મ વગેરે સૂક્ષ્મ દ્રવ્યોની ઓળખાણ ગતિ-સ્થિતિ વગેરેમાં નિમિત્ત થવારૂપે આપી. ધર્માસ્તિકાય પોતે સ્થિર દ્રવ્ય છે, તે કાંઈ કોઈ પદાર્થને ગતિ કરાવતું નથી,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ-સ્વયં ગતિ કરનારા દ્રવ્યોને તે નિમિત્ત છે. તેમ જગતના કાર્યોમાં જે-જે નિમિત્ત કહેવામાં આવે છે તે બધાય નિમિત્તો પણ ધર્માસ્તિકાયની જેમ અકર્તા જ છે. એક પદાર્થ પોતાના સ્વભાવથી જ સ્વકાર્યરૂપે પરિણમે અને તે વખતે બીજો પદાર્થ નિમિત્ત હોય, તેથી કાંઈ કોઈની પરાધીનતા નથી થઈ જતી. જેમ કેવળજ્ઞાન વખતે સામે જ્ઞેયપણે જગત નિમિત્ત છે તેથી કાંઈ કેવળજ્ઞાન જ્ઞેયોને આધીન નથી થઈ જતું, તે તો સ્વાધીન છે; તેમ બધા પદાર્થોનું પરિણમન સ્વાધીન છે. ચાલીને થાકેલા માણસને કાંઈ ઝાડ એમ નથી કહેતું કે તું અહીં બેસ! પાણી કાંઈ માછલાને એમ નથી કહેતું કે તું ચાલ! પદાર્થો કાંઈ જ્ઞાનને એમ નથી કહેતા કે તું મને જાણ! પદાર્થો સ્વાધીનપણે જ પોતપોતાની ગતિસ્થિતિ કે જ્ઞાનાદિ પરિણતિરૂપે પરિણમી રહ્યા છે. અજ્ઞાનમાંથી જ્ઞાનરૂપે પરિણમનાર શિષ્યને જ્ઞાની ગુરુ નિમિત્ત છે, પણ તે ગુરુ કાંઈ આની જ્ઞાનપરિણતિના કર્તા નથી. અહા, સર્વજ્ઞમાર્ગનું વીતરાગવિજ્ઞાન અલૌકિક છે. પદાર્થનું સ્વાધીન-સ્વરૂપ તે બતાવે છે. આવા સ્વાધીન તત્ત્વનો ઉપદેશ તે જ ઇષ્ટ ઉપદેશ છે; આવા ઉપદેશ વડે જ ભેદજ્ઞાન અને વીતરાગતા થતાં જીવનું હિત થાય છે.

વસ્તુનું પોતાનું શું સ્વરૂપ છે-તે લક્ષમાં લઈને સમજવાની શરૂઆત કરવી જોઈએ; કેમ કે સ્વના જ્ઞાનપૂર્વક પરનું સાચું જ્ઞાન થાય છે. જેમકે જગતમાં ધર્માસ્તિ-અધર્માસ્તિ બંને એક સાથે સર્વત્ર વિદ્યમાન છે, તેમાંથી ક્યારે કોને નિમિત્ત કહેવું તેનો નિર્ણય તો પદાર્થના કાર્ય ઉપરથી થશે. પદાર્થ ગમન કરે તેમાં ધર્માસ્તિને નિમિત્ત કહ્યું, અધર્માસ્તિને ન કહ્યું. આ રીતે જે પદાર્થમાં કામ થાય છે તે પદાર્થના ધર્મને દેખવો જોઈએ, સંયોગ તરફથી ન જોવું જોઈએ. વસ્તુસ્વભાવના જ્ઞાન સહિત સંયોગનું જ્ઞાન કરવું તે બરાબર છે. ભગવાને બધા દ્રવ્યોના ધર્મો સ્વાધીન પોતપોતાથી જ દેખ્યા છે, તે પ્રમાણે તેમનું સ્વરૂપ ઓળખીને સાચી તત્ત્વશ્રદ્ધા કરવી જોઈએ.

તત્ત્વશ્રદ્ધા માટે જીવ—અજીવની અત્યંત ભિન્નતાનું જ્ઞાન કરવું જરૂરી છે. જાણવાની શક્તિ જીવમાં જ છે. આ શરીર, લાકડું, જીભ, મોટર, ઘડીયાળ વગેરે પદાર્થો દેખાય છે તે બધાય અજીવ છે, તેમનામાં જાણવાની શક્તિ નથી, તે હાલે-ચાલે-બોલે ભલે છતાં તે અજીવ છે હાલે-ચાલે માટે જીવ-એવી કાંઈ જીવની વ્યાખ્યા નથી. જેનામાં ચેતના હોય તે જીવ, જે જાણે તે જીવ; અને જેનામાં ચેતના ન હોય તે અજીવ;—એ પ્રમાણે જીવ-અજીવની સાચી વ્યાખ્યા છે.

ઘડીયાળ ચાલે છે તો શું તે જીવ છે? ના, તે અજીવ છે. રેડિયો બોલે છે તો શું તે જીવ છે? ના, તે અજીવ છે. તેને કાંઈ ખબર નથી કે હું ઘડીયાળ છું કે હું રેડિયો છું. એને જાણનાર તો જીવ છે. સોએક વર્ષ પહેલાં જ્યારે આગગાડી શરૂ થઈ ત્યારે તેને દોડતી દેખીને કેટલાક અભણ લોકો તેને જીવ અથવા રાક્ષસ માનતા, કોઈ તેને નાળિયેર ચડાવીને પૂજતા;—જુઓ ભ્રમણા! ધર્મના નામે ઘણા અજ્ઞાનીઓ પણ એવી જ ભ્રમણા સેવે છે કે શરીર હાલે-ચાલે તે બધું જીવનું કાર્ય છે, જીવ શરીરને ચલાવે છે.—જીવ-અજીવના ભિન્ન ભિન્ન લક્ષણને જો બરાબર ઓળખે તો એ બધી ભ્રમણા મટી જાય, ને તત્ત્વનું સાચું જ્ઞાન થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વજ્ઞદેવે કહેલાં અતીન્દ્રિય તત્ત્વોને અંતરાત્મા શ્રદ્ધે છે, એનાથી વિપરીત શ્રદ્ધા તેને હોતી નથી. જગતમાં એક અદ્વૈત બ્રહ્મ જ સત્ છે ને બીજું અજીવાદિ કાંઈ સત્ છે જ નહિ, અથવા કોઈ ઈશ્વર આ જગતના કર્તા-હર્તા છે,—એવા પ્રકારની વિપરીત માન્યતા સમ્યગ્દષ્ટિને વ્યવહારમાં પણ હોતી નથી; વ્યવહારમાં પણ સર્વજ્ઞદેવે કહેલાં તત્ત્વોની જ શ્રદ્ધા હોય છે. તેનું આ વર્ણન ચાલે છે, તેમાં જીવનાં ત્રણ પ્રકાર અને અજીવનાં પાંચ પ્રકારનું વર્ણન કર્યું. જીવ અને અજીવ પછી ત્રીજું આસ્રવતત્ત્વ છે, તથા ચોથું બંધતત્ત્વ છે, તેમનું વર્ણન હવે કરે છે.

જો દુર્જન મનુષ્ય મારા દોષો જાહેર કરીને સુખી થતો હોય તો થાવ, જો ધનનો અભિલાષી મનુષ્ય મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો શત્રુ મારું જીવન ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો બીજા કોઈ મારું સ્થાન લઈને સુખી થતાં હોય તો થાવ અને જે મધ્યસ્થ છે—રાગદ્વેષ રહિત છે—તે એવા જ મધ્યસ્થ બની રહે. અહીં, આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો; મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાવ, એમ હું ઊંચા સ્વરે કહું છું.

—શ્રી પદ્મનંદિ-પંચવિંશતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# 卐 આસ્રવ તથા બંધ તત્ત્વને છોડવાનો ઉપદેશ 卐

પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ આત્માની રુચિ–અનુભૂતિ વડે જેણે સમ્યગ્દર્શન કર્યું છે તે જીવ સર્વજ્ઞ ભગવાને કહેલાં જીવાદિ સાત તત્ત્વોની પણ કેવી શ્રદ્ધા કરે છે તેનું આ વર્ણન ચાલે છે. ગાથા ૪–૫–૬ માં જીવતત્ત્વના ત્રણ પ્રકારનું (બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માનું) વર્ણન કર્યું; ગાથા ૭ માં તથા આઠમીના પૂર્વાર્ધમાં અજીવતત્ત્વના પાંચ ભેદ (પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ)નું વર્ણન કર્યું. હવે આઠમી ગાથાના ઉત્તરાર્દ્ધમાં તથા નવમી ગાથાના પૂર્વાર્દ્ધમાં આસ્રવ અને બંધ તત્ત્વનું સ્વરૂપ બતાવીને તેમને છોડવાનું કહે છે—

[ ગાથા ૮ ઉત્તરાર્દ્ધ તથા ગાથા ૯ પૂર્વાર્દ્ધ ]

**यों अजीव अब आस्रव सुनिये, मन–वच–काय त्रियोगा;**
**मिथ्या अविरत अरु कषाय परमाद सहित उपयोगा ॥ ८ ॥**
**ये ही आतमको दुःखकारण, तातें इनको तजिये;**
**जीवप्रदेश बंधे विधिसों सो बंधन कबहु न सजिये ।**

જીવ અને અજીવતત્ત્વનું વર્ણન કર્યું; હવે આસ્રવ તથા બંધતત્ત્વનું વર્ણન કરે છે તે સાંભળો. મન–વચન–કાયાના યોગ તેમ જ મિથ્યાત્વ–અવ્રત–પ્રમાદ અને કષાયસહિત મલિન ઉપયોગ–તે કર્મના આસ્રવનું કારણ છે; તે આસ્રવભાવો આત્માને દુઃખનાં કારણ છે, માટે છોડવા જેવા છે. પાપ હો કે પુણ્ય, તે બંનેને આસ્રવમાં સમાડીને, છોડવા જેવા કહ્યા છે, પાપઆસ્રવ છોડવા જેવા ને પુણ્યઆસ્રવ આદરવા જેવા—એમ નથી કહ્યું. એ જ રીતે બંધતત્ત્વમાં પણ પાપબંધ ને પુણ્યબંધ બંનેને છોડવાયોગ્ય સમજી લેવા. મિથ્યાત્વાદિ ભાવોને કારણે આત્મપ્રદેશોમાં કર્મોનું બંધન થાય તે બંધતત્ત્વ છે, તે જીવને દુઃખનું કારણ છે, માટે તે મિથ્યાત્વાદિ બંધભાવો ક્યારેય કરવા જેવા નથી.

ભાઈ, તને દુઃખનું કારણ તારા મિથ્યાત્વ તથા ક્રોધાદિ ભાવો જ છે, માટે આસ્રવ-બંધના કારણરૂપ તે ભાવો છોડવા જેવા છે. જે કોઈ ભાવથી જીવને જરાપણ આસ્રવ કે બંધ થાય તે ભાવ સારો નથી, હિતરૂપ નથી, કરવા જેવો નથી, પણ છોડવા જેવો છે—એમ સમ્યગ્દૃષ્ટિ જીવ જાણે છે. એનાથી વિપરીત જે માને તેને આસ્રવ–બંધતત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ છે, એટલે બધા તત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ છે.

હે ભાઈ, તારા હિત માટે પ્રયોજનભૂત તત્ત્વોને તો તું જાણ. જીવ અને અજીવ બંને ભિન્ન તત્ત્વો, તેમાં જેનાં જે ગુણ–પર્યાયો હોય તેનાં જ તે માનવા જોઈએ, એકબીજામાં ભેળવવા ન જોઈએ. તેમ જ જીવના જ્ઞાનાદિ સ્વભાવભાવો અને રાગાદિ વિભાવભાવો તેમને પણ ભિન્નભિન્ન ઓળખીને તત્ત્વોની સાચી શ્રદ્ધા કરવી જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્નઃ**—સમ્યગ્દર્શન તો તિર્યંચને પણ હોય છે, તો શું દેડકાં વગેરે તિર્યંચને પણ આ બધી ખબર હોય?

**ઉત્તરઃ**—હા; શબ્દો ભલે તેને ન આવડે, પણ તેના જ્ઞાનમાં સાતે તત્ત્વોનું ભાવભાસન આવી જાય છે. પદાર્થોનું જ્ઞાન કાંઈ શબ્દની અપેક્ષા રાખતું નથી. સમ્યગ્દષ્ટિ દેડકું કે સિંહ વગેરે પણ આવી જ તત્ત્વશ્રદ્ધા કરે છે, આનાથી વિપરીત માન્યતા તેને હોતી નથી; અંદરના ભાવમાં તેને આત્માનો આનંદ ગોઠે છે ને રાગાદિ આસ્રવો ગમતા નથી. શુભરાગનું વેદન થાય ત્યાં તે એમ નથી માનતા કે આ મને આનંદનું વેદન છે. શુભરાગના વેદનમાં પણ તેને દુઃખ લાગે છે; એટલે આસ્રવો દુઃખદાયક છે—હેય છે એવી શ્રદ્ધા તેના ભાવમાં આવી જ ગઈ; ને આનંદ એટલે કે સંવર-નિર્જરાનો ભાવ ઉપાદેય છે એવી શ્રદ્ધા પણ આવી ગઈ. અંતરમાં આત્મા આનંદસ્વરૂપ છે—એવું જે વેદન થાય છે તેને જ તેઓ 'આત્મા' સમજે છે; અને તેનાથી વિરુદ્ધભાવો તે આત્મા નથી—એ વાત પણ તેમાં આવી જ જાય છે. શુભ કે અશુભ વૃત્તિ ઊઠે તે તેને દુઃખરૂપ લાગે છે તેથી તેને તે છોડવા માંગે છે, એટલે આસ્રવ તથા બંધને છોડવા માંગે છે; ને આનંદના વેદનરૂપ સંવર-નિર્જરાને વધારવા માંગે છે, એટલે સંવર-નિર્જરા-મોક્ષને ઉપાદેય માને છે. આ રીતે તેના વેદનના ભાવમાં સાતે તત્ત્વોની અવિપરીત શ્રદ્ધા આવી જાય છે. તે સમ્યગ્દષ્ટિ દેડકું કાંઈ એમ નથી માનતું કે શરીર તે હું છું, અથવા ઈશ્વરે મને બનાવ્યો છે, અથવા રાગ તે સુખરૂપ છે. તે તો શરીરથી ભિન્ન, રાગથી ભિન્ન, શાશ્વત જ્ઞાન-સ્વરૂપે જ પોતાને અનુભવે છે, ને તેવો જ શ્રદ્ધે છે.

આ રીતે પોતાના હિત માટે પ્રયોજનભૂત તત્ત્વોને સમ્યગ્દષ્ટિ બરાબર જાણે છે. મૂળવસ્તુ જીવ અને અજીવ, તેમની ભિન્નતા, તથા જીવને સુખ-દુઃખના કારણરૂપ પર્યાયો, તેનું જ્ઞાન કરવું તે પ્રયોજનરૂપ છે, અને સાતતત્ત્વમાં તે બધું જ્ઞાન આવી જાય છે. ઘડો તે અજીવની પર્યાય છે અને તે મારું કાર્ય નથી-એમ ધર્મી જાણે છે. પણ તે ઘડો ક્યાં બન્યો? ક્યારે બન્યો? તેની માટી ક્યાંથી આવી? તેને બનવામાં કયો કુંભાર નિમિત્ત હતો?—એ બધું જાણવું અપ્રયોજનરૂપ છે, તેની સાથે જીવના હિત-અહિતનો સંબંધ નથી. તે જાણે તો કાંઈ તેનાથી જીવનું હિત થઈ જતું નથી, અને તે ન જાણે તેથી કાંઈ જીવનું હિત અટકી જતું નથી. પણ ચેતનલક્ષણરૂપ જીવ શું? તેની અંતરાત્મા વગેરે દશાઓ કેવી હોય? તેનું જ્ઞાન (શબ્દજ્ઞાન નહિ પણ ભાવભાસનરૂપ જ્ઞાન) ધર્મીને જરૂર હોય છે. હું ચેતન છું; મારા ચેતનનો એક અંશ પણ અજીવમાં નથી, ને અજીવનો એક અંશ પણ ચેતનમાં નથી. ચેતનના બધા ગુણો ચેતનમાં છે, જડના બધા ગુણો જડમાં છે, બંનેની અત્યંત ભિન્નતા છે. જીવ-અજીવના ગુણો જુદા, જીવ-અજીવની પર્યાયો જુદી; એમ દરેક દ્રવ્ય પોતપોતાના ગુણ-પર્યાયોનું ધારક છે, કોઈનો અંશ કોઈમાં ભળતો નથી. સર્વજ્ઞના માર્ગ અનુસાર તેને બરાબર ઓળખવા જોઈએ.

ચેતના લક્ષણરૂપ જીવ; તેની પર્યાયના ત્રણ પ્રકારઃ બહિરાત્મા, અંતરાત્મા, ને પરમાત્મા; તેમાં—

બહિરાત્મામાં આસ્રવ તથા બંધતત્ત્વ આવી ગયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરાત્મામાં સંવર તથા નિર્જરાતત્ત્વ આવી ગયા.

પરમાત્મામાં મોક્ષતત્ત્વ આવી ગયું.

આસ્રવ અને બંધમાં મિથ્યાત્વ તે મુખ્ય છે, તે ઉપરાંત અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ તે પણ આસ્રવ તથા બંધ છે. બહારમાં શરીરની ક્રિયા તે તો અજીવતત્ત્વની દશા છે, તેમાં કાંઈ જીવના આસ્રવ-બંધ કે સંવર-નિર્જરા રહેતા નથી. જીવના ઉપયોગ અને યોગની અશુદ્ધ પ્રવૃત્તિ તે આસ્રવ છે, તે બંધ છે; ને શુદ્ધોપયોગપ્રવૃત્તિ તે સંવર-નિર્જરા છે; પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે. ભાઈ, તારી અવસ્થારૂપ આવા તત્ત્વોને તું જાણ; અને તેમાં નિમિત્તરૂપ પુદ્‌ગલ-કર્મની અવસ્થાને તારાથી ભિન્ન અજીવ તરીકે જાણ. તે તત્ત્વોને જાણીને તેમાંથી પોતાના હિતરૂપ તત્ત્વને તું ગ્રહણ કર; અને દુઃખરૂપ તત્ત્વોને છોડ.

જુઓ, આવા તત્ત્વોનો નિર્ણય થઈ શકે એવી જ્ઞાનશક્તિ મહાભાગ્યથી અત્યારે મળી છે, તેથી તેનો નિર્ણય કરવાનું કહે છે. હિતનો અભિલાષી જીવ તેવો નિર્ણય જરૂર કરે છે. આવા ઉત્તમ સુયોગમાં પણ જેઓ તત્ત્વનિર્ણયમાં બુદ્ધિને ન જોડે અને કુમાર્ગના સેવનમાં અવસર ગુમાવી દે-એમના દુર્ભાગ્યની શી વાત! મોંઘો મનુષ્યભવ તત્ત્વનિર્ણય વગર તેઓ હારી જશે.

અહીં તો કહ્યું કે અનંતા દ્રવ્યો જેમાં રહેલાં છે એવા આકાશને પણ તમે પીછાણો. અહા! જ્ઞાનની કેટલી વિશાળતા! અનંતાનંત જીવો, તેના કરતાં અનંતાનંતગુણા પુદ્‌ગલો, અને ધર્માસ્તિ વગેરે સૂક્ષ્મ અરૂપી દ્રવ્યો,—એ બધાય દ્રવ્યો પણ જેના અનંતમા ભાગમાં સમાઈ જાય—એવું મોટું અનંત સર્વવ્યાપી આકાશ, તે આકાશને પણ જે પોતાના અનંતમા ભાગની શક્તિવડે જાણી લ્યે એવું મહાન જ્ઞાનસામર્થ્ય, તેનો ધારક જીવ પોતે છે. અનંત આકાશનો નિર્ણય કરવા જતાં પોતાના આવા મહાન જ્ઞાનસ્વભાવનો પણ નિર્ણય થઈ જાય છે. આવડા મોટા આકાશની, અને તેનાથી પણ મહાન જ્ઞાનસામર્થ્યની વાત સર્વજ્ઞદેવના જૈનશાસન સિવાય બીજે ક્યાંય હોય નહિ. અને સર્વજ્ઞના ભક્ત સમ્યગ્દૃષ્ટિ સિવાય આવા તત્ત્વનો સાચો નિર્ણય બીજો કોઈ કરી શકે નહિ.

અહો, આત્માના હિત માટે જૈનધર્મના આવા તત્ત્વનો અભ્યાસ કરવો જોઈએ. વિદ્યાર્થીઓ પણ રખડે કે રમે તેના કરતાં તેમને આવા વીતરાગી ભણતર શિખવવા જોઈએ, જેથી તેમનું જીવન સુખી થાય. આપણા ભગવાને જોયેલા અને કહેલા છ દ્રવ્યો કેવા છે તથા તે દરેકના મુખ્યલક્ષણ (ખાસગુણ) શું છે? કયા ભાવોથી જીવ સુખી થાય છે ને કયા ભાવોથી તે દુઃખી થાય છે? તે ઓળખવું જોઈએ.

પોતે પોતાને જાણે અને બધા પદાર્થોને પણ જાણે એવી તાકાત જીવમાં જ છે, બીજા કોઈમાં નથી.

પોતે પોતામાં રહે અને બધા પદાર્થોને પણ રહેવામાં નિમિત્ત થાય-એવી તાકાત (એવો સ્વભાવ) આકાશદ્રવ્યમાં જ છે, બીજા કોઈમાં નથી. (પદાર્થ રહે છે તો સ્વક્ષેત્રમાં, આકાશક્ષેત્ર તેને નિમિત્ત છે.

પોતે સ્વયં પરિણમે અને બધા પદાર્થોને પણ પરિણમન થવામાં નિમિત્ત થાય એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ કાળદ્રવ્યમાં જ છે, બીજા કોઈમાં નથી. (પદાર્થ પરિણમે છે તો સ્વપર્યાયથી, કાળ તેને નિમિત્ત છે.)

—એ પ્રમાણે સર્વજ્ઞદેવની વાણીઅનુસાર જગતના પદાર્થોનું જ્ઞાન કરવાની છદ્મસ્થ જીવની તાકાત છે. સર્વજ્ઞમાર્ગથી વિરુદ્ધ કોઈ વાતને સમ્યગ્દષ્ટિ માનતા નથી. સર્વજ્ઞ-વીતરાગ થયેલા આત્મા તે પરમેશ્વર છે; તે પરમેશ્વર જગતના કર્તા નથી. સ્વયંસિદ્ધ એવા આ જગતના કર્તા કોઈ ઈશ્વર નથી. ઈશ્વર જેમ જગતકર્તા નથી તેમ નિમિત્તરૂપ વસ્તુ તે બીજી વસ્તુની કર્તા નથી. જગતની જીવ અને અજીવ બધી સ્વતંત્ર વસ્તુઓ છે તે સૌ પોતપોતાની પર્યાયને કરે છે; ઈશ્વર તેના માત્ર સાક્ષી જ્ઞાતા છે, ને દરેક જીવ પણ એવા સાક્ષીસ્વભાવી છે.—આમ ધર્મી જાણે છે.

જગતના પદાર્થો સ્વયં સત્ છે, સર્વજ્ઞે તેને સત્ જાણ્યું છે ને વાણીમાં પણ તેમ કહ્યું છે; એ રીતે સત્ વસ્તુ. તેનું જ્ઞાન અને તેનું કથન એ ત્રણેનો મેળ છે; તેને ઓળખતાં સાચી શ્રદ્ધા થાય છે. જીવને સર્વજ્ઞનું ખરું સ્વરૂપ ત્યારે જ ઓળખાય છે કે જ્યારે તે તેમના જેવા પોતાના આત્માની સ્વસન્મુખ થઈને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે. જ્ઞાનસ્વભાવી આત્માને અનુભવ્યા વગર કોઈ એમ કહે કે મેં સર્વજ્ઞને ઓળખ્યા,—તો તે યથાર્થ નથી; કેમ કે આત્માની ઓળખાણપૂર્વક જ સર્વજ્ઞની ઓળખાણ થાય છે. જ્ઞાનની શક્તિ એટલી મહાન છે કે ત્રણકાળની પર્યાય સહિત સમસ્ત પદાર્થોને એક સાથે જ્ઞાનનું નિમિત્ત બનાવે છે, કોઈ જ્ઞેય બાકી રહેતું નથી. જો જાણવામાં કોઈ જ્ઞેય બાકી રહી જાય તો જ્ઞાન અધૂરું રહી જાય,— તેને સર્વજ્ઞ કોણ કહે?

જેનાથી જીવને દુઃખ થાય છે એવા આસ્રવ તથા બંધને કદી ભલા ન જાણો, તેને છોડીને સમ્યગ્દર્શનાદિમાં વર્તો, એવો ઉપદેશ છે. જીવના અસંખ્ય પ્રદેશો ચંચળ બને એટલે કે યોગનું કંપન થાય, ત્યારે મન-વચન કે કાયા જે નિમિત્ત હોય તેવા પ્રકારનો યોગ કહેવાય છે, અને તેનાથી કર્મો આવે છે તથા મિથ્યાત્વ-કષાયાદિ મલિન ભાવો વડે તે કર્મમાં સ્થિતિ-અનુભાગરૂપ બંધન થાય છે. સમ્યગ્દષ્ટિજીવને મિથ્યાત્વજનિત આસ્રવ-બંધ નથી પણ હજી અવ્રતાદિ છે તેટલા આસ્રવ-બંધ છે, પણ તેને તે દુઃખરૂપ જાણીને, સ્વભાવથી વિપરીત જાણીને, હેય સમજે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ આસ્રવ અને બંધ વગરનો છે, તેને જ તે ઉપાદેય સમજે છે.

આ રીતે સાતતત્ત્વમાં આસ્રવ અને બંધ દુઃખદાયક હોવાથી તેને છોડવા જેવા કહ્યા; હવે તેની સામે સંવર અને નિર્જરાતત્ત્વ સુખદાયક હોવાથી આદરવા જેવા છે-એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# 卐 સંવર તથા નિર્જરાતત્ત્વનું વર્ણન 卐

**शम–दमतें जो कर्म न आवें सो संवर आदरिये ।**
**तपबलतें विधिझरन निर्जरा ताहि सदा आचरिये ॥ ९ ॥**

શુદ્ધ ઉપયોગ અને વીતરાગતારૂપી આત્માનું જે વહાણ, તેમાં મિથ્યાત્વ–રાગાદિ છીદ્રો વડે કર્મરૂપી પાણી આવે છે તે આસ્રવ છે; સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધતા ને વીતરાગતા થતાં તે છીદ્ર બંધ થઈ જાય છે એટલે કર્મનું આવવું અટકી જાય છે, તે સંવર છે; અને જેમ નૌકામાં ભરાયેલું પાણી બહાર ઉલેચી નાંખે તેમ તપ દ્વારા વિશેષ શુદ્ધિ થતાં આત્માંથી કર્મો ઝરી જાય છે, તે નિર્જરા છે. આવા સંવર–નિર્જરા તે જીવને સુખનું કારણ છે, માટે તેનું સદા આચરણ કરવું.

પહેલાં સંવર શું અને નિર્જરા શું તે બરાબર ઓળખવું જોઈએ. સંવર–નિર્જરા કાંઈ શરીરની અવસ્થા વડે નથી થતા; જીવના ઉપયોગની શુદ્ધતા અને તેની વૃદ્ધિ, તેના વડે જ જીવને સંવર–નિર્જરા થાય છે. તપના બળથી નિર્જરા થવાનું કહ્યું તે પણ ચૈતન્યની ઉગ્ર શુદ્ધતારૂપ તપ છે, અને તે સદાય આચરવા જેવી છે. દેહથી ભિન્ન ચૈતન્યને તો જાણે નહિ, ને દેહને સૂકવીને નિર્જરા કરવા માંગે, તેને સાચી નિર્જરા હોતી નથી; નિર્જરાતત્ત્વને તે ઓળખતો પણ નથી.

**પ્રશ્ન :**—એકલું શુદ્ધ આત્મતત્ત્વ માને ને આ બધું ન માને તો ?

**ઉત્તર :**—ભાઈ, શુદ્ધ આત્માને જે ખરેખર જાણે તેના જ્ઞાનમાં આ બધા તત્ત્વોનો સ્વીકાર પણ આવી જ જાય છે. શુદ્ધ આત્મા હું છું–એમ જાણ્યું ત્યાં, તેનાથી વિરુદ્ધ એવા રાગાદિ અશુદ્ધભાવો હું નથી—એમ પણ જાણ્યું, એટલે તે રાગાદિને (આસ્રવ–બંધને) હેય જાણ્યા; (ભલે તેને ‘આસ્રવ’ વગેરે શબ્દો ન આવડતા હોય પણ તેના નિષેધનો ભાવ તો જ્ઞાનમાં વર્તે જ છે.) તથા શુદ્ધ આત્માને ઓળખતાં તેના અનુભવમાં જે વીતરાગી આનંદ આવ્યો તેને તે સારો—ઉપાદેય જાણે છે, અને તે જ સંવર–નિર્જરા છે, એટલે સંવર–નિર્જરા –મોક્ષનું જ્ઞાન પણ તેમાં આવી ગયું;—ભલે નામ ન આવડતા હોય.

જીવને સુખ–દુઃખનું કારણ પોતાનો ભાવ છે, સમ્યક્ત્વાદિ વીતરાગભાવ તે સુખ છે, મિથ્યાત્વાદિ ભાવો તે દુઃખ છે. લીલીછમ વનસ્પતિ પવનમાં લહેરાતી હોય તે વખતે પણ તે એકેંદ્રિય જીવો અનંત દુઃખ વેદી રહ્યા છે. માથે હજારમણની શિલા પડી હોય, શરીર છુંદાઈ ગયું હોય, છતાં શરીરની એવી પ્રતિકૂળતા વખતે પણ જીવ સમાધાન કરીને અંદર શાંત–અનાકુળ પરિણામ રાખી શકે છે,–કેમ કે શરીરથી જીવ જુદો છે. લોકો તો બહારથી જુએ કે શરીર છેદાયું–ભેદાયું માટે તે જીવ ઘણો દુઃખી:–પણ એ જ સંયોગ હોવા છતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાંત પરિણામવાળો જીવ દુઃખી થતો નથી. અંદર જેટલા મિથ્યાત્વાદિ કષાયભાવો છે તેટલું જ જીવને દુઃખ છે, ને સમ્યક્ત્વાદિ નિરાકુળભાવ તે જ સુખ છે. આત્માનો આનંદસ્વભાવ છે તેને ઓળખીને અનુભવ કરે તો જ જીવને સાચું સુખ ને આનંદ થાય છે; તેને જ આસ્રવ-બંધ ટળે છે ને સંવર-નિર્જરા થાય છે. કર્મ આવવાના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવોને જ્યાં સુધી જીવ ન છોડે, તેના કોઈપણ અંશને (શુભરાગને પણ) ભલો જાણે, ત્યાં સુધી જીવને સંવર-નિર્જરા થાય નહીં.

પૈસા આવે કે જાય તેને કારણે જીવને સુખ-દુઃખ નથી.
છોકરો જન્મે કે મરે તેને કારણે જીવને સુખ-દુઃખ નથી.
શરીર નીરોગ હો કે રોગી, તેને કારણે જીવને સુખ-દુઃખ નથી.

અરે જીવ! તારો આનંદસ્વભાવ છે તેનું ભાન કરતાં તું સુખી છો, ને તેને ભૂલ્યે તું દુઃખી છો. અરે ભાઈ! તું દુઃખી તારી ભૂલથી, ને વાંક કાઢ બીજાનો,-તો તારું દુઃખ ને તારી ભૂલ ક્યાંથી છૂટશે? તારી ભૂલ, તેમ જ ભૂલ વગરનો જ્ઞાનસ્વભાવ, તે બંનેનો સ્વીકાર કરતાં જ સ્વભાવના આશ્રયે ભૂલ ટળીને નિર્દોષતા થશે, એટલે સુખ થશે.

અનાદિથી અજ્ઞાનીને દેહબુદ્ધિનો ને પરાશ્રયનો એવો રંગ ચઢ્યો છે કે પોતાના સમ્યક્ત્વાદિ ગુણને માટે પણ તે પરનો આશ્રય માને છે ને પોતાના દોષ પણ બીજાને માથે ઓઢાડવાની તેને ટેવ છે. હે ભાઈ, પરવસ્તુ કાંઈ તારા ગુણ-દોષનું કે સુખ-દુઃખનું કારણ નથી. તારા પરિણામમાં તારા સ્વભાવની અનુકૂળતા તે જ સુખ, ને સ્વભાવથી પ્રતિકૂળતા તે જ દુઃખ; દેહની અનુકૂળતા-પ્રતિકૂળતામાં તારું કાંઈ સુખ-દુઃખ નથી. વાંઝીયાપણું-વિધવાપણું -ક્ષયરોગ-છેદન-ભેદન-મોટર ફાટે-વિમાન તૂટે-બોંબ પડે એમાં ક્યાંય જીવનું દુઃખ નથી; એ તો ભિન્ન વસ્તુ છે. ભિન્ન વસ્તુ-કે જેનું તારામાં અસ્તિત્વ જ નથી તે તને દુઃખ કેમ આપે? પોતે પોતાના સ્વભાવને ભૂલીને, સંયોગ સામે જોઈ જોઈને જે મોહ-રાગ-દ્વેષ કરે છે તેનું જ પોતાને દુઃખ છે. ને પોતાનો આનંદસ્વભાવ છે તેની સામે જોતાં સુખ થાય છે. આ રીતે તારા દુઃખ-સુખનાં કારણો તારામાં છે, બીજામાં નથી. તેને ઓળખીને તેમાંથી દુઃખનાં કારણરૂપ આસ્રવ-બંધને છોડવા, અને સુખનાં કારણરૂપ સંવર-નિર્જરાને આદરવા.

આનંદસ્વભાવનું અસ્તિત્વ તારામાં ત્રિકાળ છે; તારા આ અસ્તિત્વને ભૂલીને તેં પોતે પર્યાયમાં ક્ષણિક દુઃખ ઊભું કર્યું છે. તારા અસંખ્યપ્રદેશી ચૈતન્યધામમાં અનંતગુણો ને તેની પર્યાયો—એટલું તારું અસ્તિત્વ! તારામાં આનંદના અસ્તિત્વને દેખ તો તારી પર્યાયમાં આનંદ થાય. અંતર્મુખ થઈને પોતાના આનંદના અસ્તિત્વને કારણ બનાવતાં આનંદના અનુભવ-રૂપ કાર્ય થાય છે. આત્માનો જ્ઞાનસ્વભાવ તે આનંદનું જ કારણ છે, તે દુઃખનું કારણ નથી; રાગાદિ આસ્રવભાવો દુઃખરૂપ જ છે, તે કદી સુખનાં કારણ થતાં નથી; આ રીતે જ્ઞાનને અને રાગને તદ્દન ભિન્નપણું છે. શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સર્વ જીવનિબદ્ધ અધ્રુવ શરણહીન અનિત્ય છે;
એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે.

(સમયસાર ગાથા–૭૪)

જીવ–અજીવના ભેદજ્ઞાનવડે, એટલે કે સાત તત્ત્વના યથાર્થ જ્ઞાનવડે જીવ આસ્રવોથી પાછો વળે છે ને જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતારૂપ સંવરદશાને ધારણ કરે છે. તેથી વીતરાગ ભેદજ્ઞાન વારંવાર ઘૂંટવા જેવું છે.

* આત્માને સુખરૂપ કે દુઃખરૂપ કોણ થાય ?
* –કે આત્મામાં જે હોય તે;
* આત્મામાં જે હોય જ નહિ તે સુખ–દુઃખનું કારણ ન થાય;
* જેમકે સસલાનું શીંગડું છે જ નહિ તો તે કોઈને લાગતું નથી;
* તેમ આત્મામાં કર્મ છે જ નહિ તો તે આત્મામાં કાંઈ કરતા નથી.
* આત્મામાં આનંદસ્વભાવનું અસ્તિત્વ છે, તેના અવલંબને સુખની ઉત્પત્તિ છે.
* સ્વભાવને ભૂલીને આત્મા રાગાદિરૂપ પરિણમે તેમાં આકુળતારૂપ દુઃખ છે.
* જીવના સુખને કે દુઃખને બહારના પદાર્થો કારણભૂત નથી.
* એક જ બાહ્યપદાર્થમાં એક માણસ સુખની કલ્પના કરે છે,—બીજો દુઃખની;–માટે સુખ–દુઃખની કલ્પનાનું પણ કારણ પરદ્રવ્ય ન ઠર્યું.

—આમ જાણે તે જીવ પરદ્રવ્યમાં સુખ–દુઃખની બુદ્ધિ તથા રાગ–દ્વેષ છોડીને, પોતાના ભાવમાં જે રીતે સુખ થાય ને દુઃખ મટે તેવો ઉપાય કરે, એટલે કે સંવર–નિર્જરાનો ઉપાય કરે ને આસ્રવ–બંધને છોડે.

નવતત્ત્વને ઓળખવામાં આ બધું આવી જાય છે. કેટલાક લોકો નવ તત્ત્વનાં નામ ગોખે છે (જો કે ઘણાયને તો નામ પણ નથી આવડતા) પણ તેના સ્વરૂપની ઓળખાણ કરવી જોઈએ.

પાપનો કે પુણ્યનો આસ્રવ જેનાથી થાય તે પોતે દુઃખ છે અને દુઃખનું જ કારણ છે. અજ્ઞાની પુણ્યાસ્રવને ધર્મનું કારણ માને છે, પણ અહીં તો કહે છે કે તે દુઃખનું જ કારણ છે. કોઈ સમજે કે આસ્રવમાં અત્યારે ભલે દુઃખ હોય પણ ભવિષ્યમાં તે સુખનું કારણ થશે, –તો કહે છે કે ના; આસ્રવો (એટલે મિથ્યાત્વ અને પુણ્ય–પાપના બધા ભાવો) તે અત્યારે પણ દુઃખ છે ને ભવિષ્યમાં પણ તેની સાથેનો સંબંધ દુઃખનું જ કારણ છે. જે પોતે દુઃખ-સ્વરૂપ જ છે તે સુખનું કારણ ક્યાંથી થાય ? સુખનું કારણ તો સુખથી ભરેલો એવો પોતાનો સ્વભાવ જ છે,—તેના સેવનથી વર્તમાનમાં સુખ છે ને તેનું ફળ પણ સુખ જ છે, તે કદી દુઃખનું કારણ થતો નથી. આવું તત્ત્વજ્ઞાન કરવું તે જ સુખી થવાનો ઉપાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ, તું પરપદાર્થોને તો તારાથી ભિન્ન જાણીને તેની મમતા છોડ. પર તરફના તારા ભાવોને પણ દુઃખરૂપ જાણીને તેનું પણ સેવન છોડ. એ રીતે પરથી ભિન્ન અને પરભાવોથી પણ ભિન્ન એવા તારા નિજરૂપને નીહાળ. એને નીહાળતાં જ તને પરમ સુખ થશે. આમાં સાતે તત્ત્વનો સાર આવી ગયો.

પરદ્રવ્ય જીવને દુઃખ નથી આપતું; જો પરદ્રવ્ય જીવને દુઃખ કરતું હોય તો તે દુઃખથી છૂટવાનું પણ જીવને આધીન ન રહ્યું; પરદ્રવ્ય છોડે ત્યારે જીવ દુઃખથી છૂટે!–પણ એમ નથી. દુઃખનું કારણ મિથ્યાત્વાદિ ભાવ જીવમાં છે અને જીવ તેને છોડતાં દુઃખ છૂટી જાય છે, એટલે દુઃખથી છૂટવું તે પોતાના હાથની વાત છે. પોતાનું સુખ પોતામાં છે તેને સ્વાધીનપણે પોતે વેદી શકે છે. જેમ જીવને દુઃખનું કારણ પરવસ્તુ નથી તેમ સુખનું કારણ પણ પરવસ્તુ નથી. અરે, સંસારના કલ્પેલા સુખનું કારણ પણ પરવસ્તુ નથી, ત્યાં પણ જીવની પોતાની કલ્પના જ સુખ–દુઃખનું કારણ છે. જેમ કોઈ અજ્ઞાનીએ પૈસામાં કે સ્ત્રી વગેરેમાં સુખ માન્યું, અથવા શરીરના રોગાદિમાં દુઃખ માન્યું,–તો તે માન્યતાનું કારણ કાંઈ તે પૈસા કે રોગ વગેરે નથી; પૈસા પડ્યા હોવા છતાં તેમાં સુખની માન્યતાને જીવ છેદી શકે છે; એ જ રીતે શરીરમાં રોગાદિ હોવા છતાં તેમાં દુઃખની માન્યતાને જીવ છેદી શકે છે.

બહારના પદાર્થો તેમના અસ્તિત્વમાં છે, તે કાંઈ જીવમાં નથી. સુખ કે દુઃખનું અસ્તિત્વ જીવમાં છે, પરમાં નથી.

પ્રતિકૂળ સંયોગ હોય ને દુઃખ થાય તોપણ તે દુઃખનું અસ્તિત્વ જીવમાં છે, સંયોગમાં નથી. જીવ પોતાના આનંદ–સ્વભાવને ભૂલીને પરવસ્તુમાં સુખ કલ્પીને તેના ગાઢ પ્રેમમાં અટકી ગયો છે. જ્યાં સુધી પરમાં સુખ માને ત્યાં સુધી તેનો ઉપયોગ પરમાંથી પાછો હઠે નહિ ને સ્વમાં ઉપયોગ વળે નહિ, એટલે તેને સંવર–નિર્જરા થાય નહિ, આસ્રવ ને બંધ જ થાય.

અહીં તો કહે છે કે જીવને કોઈ પણ પ્રકારનો આસ્રવ કે બંધ થાય તેને સારો ન માનવો; બંધના કારણરૂપ મિથ્યાત્વને કે શુભ–અશુભભાવોને ન સેવવા; પણ મોક્ષના કારણરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વીતરાગભાવને નિરંતર સેવવા; તેનું સેવન તે ભાવસંવર ને ભાવનિર્જરા છે. અશુભને છોડવો ને શુભરાગને આદરવો એમ અજ્ઞાની માને છે; જ્ઞાની તો અશુભ કે શુભ બંનેથી જુદી જાતના એવા શુદ્ધચેતનભાવને જ આદરે છે; શુભ–અશુભ બંનેને જ્ઞાનથી ભિન્ન જાણીને છોડે છે.

જુઓ તો ખરા, સાત તત્ત્વના નિર્ણયમાં કેટલું સમાઈ જાય છે?

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રવડે કષાયનો અભાવ થતાં વીતરાગી શાંત પરિણામ પ્રગટ્યા તે 'શમ' છે. અને આત્માના અતીન્દ્રિય સ્વભાવની અનુભૂતિના બળે ઇંદ્રિય તરફનો ભાવ છૂટી જવો તેનું નામ 'ઇંદ્રિયદમન' છે. એકલા ઉપવાસાદિ વડે ઇંદ્રિયોને સુકવી નાંખવાની વાત નથી. તે ઇંદ્રિયો તો જડ છે; તે ઇન્દ્રિયો તરફનો ભાવ છોડીને અતીન્દ્રિયજ્ઞાનવડે આત્માના આનંદનો અનુભવ કરવો તે ઇન્દ્રિયજય છે. આવા શમ અને ઇન્દ્રિયદમન ભેદજ્ઞાનસહિતના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધભાવ વડે થાય છે, અને તેનાથી જ સંવર-નિર્જરા થાય છે. ઇન્દ્રિયોને જે પોતાની માને, ઇન્દ્રિયોને જે જ્ઞાનનું સાધન માને તે તેનું અવલંબન કેમ છોડે? તે તો ઇન્દ્રિયોમાં જ પોતાના જ્ઞાનને જોડયા કરે, એટલે તેને તો ઇન્દ્રિયદમન કયાંથી થાય? શમ-દમ-તપ કે સંવર-નિર્જરા તે સ્વદ્રવ્યના જ અવલંબને થાય છે, પરના અવલંબને થતા નથી. અરે, સ્વદ્રવ્યને મૂકીને ધર્મ કેમ થાય? પરસન્મુખ રહીને નિમિત્ત ફર્યું તેથી શું? કે રાગનો પ્રકાર (તીવ્ર-મંદ) ફર્યો તેથી શું? જ્યારે સ્વસન્મુખ થઈને રાગરહિત શુદ્ધપરિણતિ થાય ત્યારે જ ધર્મ અને સંવર-નિર્જરા થાય છે.

ભગવાન આદિનાથે કે ભગવાન મહાવીરે મુનિદશામાં જે તપ કર્યો તેમાં તો ચૈતન્યની ઉગ્ર શુદ્ધતા તપતી હતી; બાહ્ય દૃષ્ટિવાળા જીવોએ તે શુદ્ધતાને તો દેખી નહિ ને બહારમાં ખોરાકનો સંયોગ ન થયો તેને જ તપ માની લીધો.—પણ તપનું એવું સ્વરૂપ નથી. તપ તે તો ચૈતન્યની દશા છે, તે કાંઈ શરીરમાં રહેતો નથી. સંવર-નિર્જરાનું ખરું સ્વરૂપ ઓળખે તો આવા તપનું સાચું સ્વરૂપ ઓળખાય. તે માટે સમ્યગ્દૃષ્ટિને સાત તત્ત્વની ઓળખાણ કેવી હોય તેનું આ વર્ણન ચાલે છે. તેમાં છ તત્ત્વનું વર્ણન કર્યું; હવે સાતમું મોક્ષતત્ત્વ કહેશે. ૯

કોઈને ફાંસીનો ઓર્ડર થયો હોય અને ફાંસી આપવાની રૂમમાં લઈ જાય અને પછી કેવો ધ્રુજવા માંડે! તેમ સંસારનાં દુઃખથી જેને ત્રાસ ત્રાસ થઈ ગયો હોય એને માટે આ (તત્ત્વની) વાત છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# મોક્ષતત્ત્વનું વર્ણન; તથા સમ્યક્ત્વના નિમિત્તરૂપ દેવ-ગુરુ-ધર્મનું વર્ણન

જીવાદિ સાતતત્ત્વને ઓળખીને પોતાની શ્રદ્ધા ચોકખી કરવા માટે આ વર્ણન ચાલે છે. તેમાં છ તત્ત્વોની વાત કરી, હવે સાતમું મોક્ષતત્ત્વ કેવું છે તે કહે છે; તથા સમ્યગ્દર્શનના નિમિત્તકારણરૂપ દેવ-ગુરુ-ધર્મ કેવા છે તે પણ બતાવે છે.—

( ગાથા-૧૦ )

**सकलकर्मतैं रहित अवस्था सो शिव थिर सुखकारी;**
**इहविध जो सरधा तत्त्वनकी सो समकित व्यवहारी।**
**देव जिनेन्द्र, गुरु परिग्रहबिन, धर्म दयाजुत सारो;**
**ये हु मान समकितको कारण, अष्ट-अंग जुत धारो ॥ १० ॥**

સ્થિર સુખમય એટલે ધ્રુવ શાશ્વત સુખથી ભરપૂર, અને સકળ કર્મથી રહિત એવી જીવની અવસ્થા તે મોક્ષ છે, તે જ શિવપદ છે, શિવ એટલે કલ્યાણ, સુખ. આ રીતે જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા ને મોક્ષ એવા સાત તત્ત્વની શ્રદ્ધા સમ્યગ્દષ્ટિને હોય છે, તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય છે. અને સાતતત્ત્વોમાંથી અભૂતાર્થભાવોને છોડીને, જીવના એક ભૂતાર્થ શુદ્ધસ્વભાવની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. આવા સમ્યગ્દર્શનને હે ભવ્ય જીવો! તમે ધારણ કરો.

આ સમ્યગ્દર્શનમાં નિમિત્ત કોણ છે?-તો કહે છે કે વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્રદેવ, શુદ્ધોપયોગવડે સ્વરૂપને સાધનારા નિષ્પરિગ્રહી ગુરુ અને સારભૂત એવો દયામય ધર્મ,—આવા દેવ-ગુરુ-ધર્મને જ સમ્યગ્દર્શનનું નિમિત્તકારણ જાણવું. એનાથી વિપરીત હોય તેને સમ્યગ્દષ્ટિ કદી માને નહીં.

—આવા સાતતત્ત્વોને તથા સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખીને હે જીવો! તમે નિઃશંકતાદિ આઠ અંગસહિત તેને ધારણ કરો. (તે નિઃશંકતાદિ આઠગુણનું વર્ણન ગાથા ૧૨ તથા ૧૩ માં કરશે.)

જીવ ત્રિકાળ છે, ને મોક્ષ તેની એક પૂર્ણ શુદ્ધ અવસ્થા છે, પર્યાય છે.

❀ ટકે તે ગુણ.

❀ પલટે તે પર્યાય.

❀ અનંત ગુણ-પર્યાયસહિત દ્રવ્ય.

❀ દ્રવ્ય-ગુણ સદા હોય છે, મોક્ષદશા નવી થાય છે.

—સમ્યગ્દષ્ટિના અભિપ્રાયમાં આ બધો સ્વીકાર આવી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અરિહંત અને સિદ્ધપરમાત્મા તે દેવ છે; આચાર્ય-ઉપાધ્યાય-સાધુ તે નિર્ગ્રંથ ગુરુ છે; અને દયામય એવો સારભૂત ધર્મ છે. અહીં વ્યવહારસમ્યક્ત્વનું વર્ણન છે એટલે દયામય ધર્મની વાત કરી છે; સારભૂત દયા એટલે સાચી દયા જૈનધર્મમાં જ હોય છે, બીજામાં હોતી નથી; કેમકે બટેટા વગેરેમાં અનંતજીવો છે, ઇંડાં વગેરેમાં પંચેન્દ્રિયજીવ છે,-એવું જીવનું અસ્તિત્વ જ જે ન જાણે તેને સાચી દયા ક્યાંથી હોય? જે દયાની વાત તો કરે પણ પાછા કંદમૂળ વગેરે ખાવાનું કહે, રાત્રે ખાવાનું કહે-તો તેના મતમાં જીવદયા ક્યાં રહી? માટે જીવદયાનું સાચું સ્વરૂપ જૈનધર્મમાં જ છે. વળી નિશ્ચયથી જેટલી રાગની ઉત્પત્તિ છે તેટલી જીવના ચૈતન્યભાવની હિંસા છે, ને રાગ ન થવો તે અહિંસા છે,—હિંસા-અહિંસાનું આવું સૂક્ષ્મસ્વરૂપ ભગવાન અરિહંતદેવના મત સિવાય બીજે ક્યાં છે?-આ રીતે દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ ઓળખે છે, ને વિપરીત માનતા નથી.

આવા વીતરાગી દેવ-ગુરુ-ધર્મ જ સમ્યક્ત્વમાં નિમિત્ત હોય છે. જૈનગુરુ એટલે કે જૈનસાધુ સદા નિર્ગ્રંથ હોય છે; તેમને બહારમાં વસ્ત્રાદિ પરિગ્રહની બુદ્ધિ નથી ને અંતરમાં મિથ્યાત્વાદિ ભાવો નથી. એનાથી બીજું સ્વરૂપ માને તેને તો વ્યવહારમાં પણ ભૂલ છે, સમ્યગ્દર્શનના સાચા નિમિત્તની પણ તેને ખબર નથી.

આત્મામાં અતીન્દ્રિય જ્ઞાન-આનંદ ભરેલો છે, દેહ તો જડ ધૂળ છે ને રાગાદિમાં તો દુઃખ છે;-આવી ભિન્નતાના ભાન વડે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરીને શુદ્ધતા પ્રગટ કરવી તે મોક્ષમાર્ગ છે, ને પૂર્ણ શુદ્ધતા-પૂર્ણ જ્ઞાન-પૂર્ણ આનંદ પ્રગટે તે મોક્ષ છે. મોક્ષ તે જ આત્માનું પરમ હિત છે, ને તેનો ઉપાય વીતરાગ-વિજ્ઞાન છે,-તે જ સાચી વિદ્યા છે. સાચી વિદ્યા મોક્ષને આપે છે. આવી મોક્ષની વિદ્યા અનંતકાળમાં જીવ પૂર્વે કદી ભણ્યો નથી; બહારનાં બીજાં ભણતર ભણ્યો ને ભૂલ્યો, પણ ચૈતન્યવિદ્યાનું ભણતર કદી ન ભણ્યો. સંસારની કેળવણીથી જુદી જાતની આ મોક્ષની કેળવણી છે; જીવ-અજીવના ભિન્ન-ભિન્ન સ્વરૂપને બતાવનારી આ વીતરાગીવિદ્યા છે; આ જ સાચું વિજ્ઞાન છે, બાકી તો બધાં અજ્ઞાન છે.

જગતના જીવો દેહને જ આત્મા માનીને જેટલા ભણતર ભણે છે તે બધાય કુજ્ઞાન છે, તેમાં આત્માનું હિત જરાય નથી. આ દેહ તો જડ છે, તે કાંઈ આત્મા નથી. આત્મા કાયમ રહે છે ને શરીર તો છૂટું પડીને રાખ થઈ જાય છે; જો તે આત્માનું હોય તો આત્માથી કદી છૂટું પડે નહિ;-જેમ જ્ઞાન આત્માનું છે તો તે આત્માથી કદી છૂટું પડતું નથી; શરીર છૂટું પડે છે માટે તે સદાય છૂટું જ છે. તેમ જ 'કર્મ' તે પણ શરીરની જ જાત છે, તે કાંઈ આત્માની જાત નથી, આત્માથી તે ભિન્ન છે.

અહો, ભગવાને બતાવેલા વીતરાગવિજ્ઞાનવડે જ જડચેતનનું આવું પૃથક્કરણ થાય છે.

જડથી ભિન્ન આત્માને જાણીને પછી અંદર જે પુણ્ય-પાપના ભાવો થાય છે તેનાથી પણ આત્માને ભિન્ન જાણવો. પુણ્ય-પાપ રાગ-દ્વેષ તે વિકૃતિ છે, દુઃખ છે, તે ખરો આત્મા નથી. ખરો આત્મા ચેતનારૂપ ને આનંદરૂપ છે. આવા આત્માને ઓળખતાં જે અંશે શુદ્ધતા પ્રગટે તે સંવર નિર્જરારૂપ મોક્ષમાર્ગ છે, અને પૂર્ણ શુદ્ધતા પ્રગટે તે મોક્ષ છે. અતીન્દ્રિય પૂર્ણ-સુખના અનુભવરૂપ આવી મોક્ષદશા આદરણીય છે, તે જ સાધ્ય છે. મુમુક્ષુજીવને આવા મોક્ષપદ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિવાય બીજું કાંઈ સાધ્ય નથી; મોક્ષદશા સિવાય બીજા કોઈ સંયોગમાં કે રાગમાં તેને ચેન પડતું નથી, સ્વપ્નેય તેમાં સુખ લાગતું નથી.

* જીવનો સ્વભાવ અજીવથી જુદો છે ને સ્વયં સુખરૂપ છે.
* સંયોગો જીવને સુખરૂપ નથી, દુઃખરૂપ પણ નથી.
* રાગાદિ આસ્રવો દુઃખરૂપ જ છે, તેમાં જરાય સુખ નથી.
* આત્માના સમ્યગ્દર્શનાદિ સુખરૂપ છે, તેમાં દુઃખ નથી.
* આસ્રવો દુઃખનાં કારણ છે માટે તેને તજીયે.
* સંવર-નિર્જરા સુખનાં કારણ છે માટે તેને ભજીયે.

અરે, પોતાને સુખ-દુઃખનાં કારણ કોણ છે તેની પણ જીવને ખબર નથી. સચ્ચિદાનંદ-સ્વરૂપ આત્માની ખબર કરીને (શ્રદ્ધા-જ્ઞાન કરીને), તેનાથી વિપરીત એવા પુણ્ય-પાપ-રાગ-દ્વેષાદિ અશુદ્ધ ભાવોને દુઃખરૂપ જાણીને છોડવા જોઈએ, અને શુદ્ધ આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સંવરને સુખરૂપ સમજીને આદરવા જોઈએ.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે; આનંદ બહારમાં નથી; સાચા આનંદના વેદનમાં બહારની વસ્તુ નિમિત્ત પણ નથી, એ તો વિષયાતીત છે, આત્મામાંથી જ તેની ઉત્પત્તિ છે, એટલે તે 'સ્વયંભૂ' છે. મોક્ષરૂપ આવો મહા આનંદ તે જીવનો સ્વભાવ છે. આવા આનંદરૂપ જે મોક્ષદશા છે તે સમ્યક્ત્વાદિ આઠ મહા ગુણો સહિત છે, ને મોહાદિ આઠ કર્મોનો તેમાં અભાવ છે. આવી મોક્ષદશા-સિદ્ધદશા-પરમપદ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવડે જ પ્રગટે છે, બીજા કોઈ સાધનથી પ્રગટતી નથી. આ મોક્ષદશા અવિનાશી, સ્થિર સુખમય છે. પ્રગટ્યા પછી તે સદા એવી ને એવી રહે છે. સાધકભાવરૂપ મોક્ષમાર્ગનો કાળ તો મર્યાદિત છે (અસંખ્ય સમય જ છે) પણ તેના સાધ્યરૂપ મોક્ષદશા તો અમર્યાદિત (સાદિ-અનંત) છે, તેને કાળની કોઈ મર્યાદા નથી; અનંતકાળે પણ તેમાં વચ્ચે દુઃખ નહિ આવે; આત્મા સદાકાળ સુખમાં જ સ્થિર રહેશે. અહો, આવા મોક્ષપદને ઓળખીને તેની ભાવના કરવા જેવી છે.

પહેલાં તો આવા તત્ત્વોની સાચી શ્રદ્ધા કરવી જોઈએ, ને તેમાં કોણ આદરણીય છે તે ઓળખવું જોઈએ. હજી તો જે બંધને આદરણીય માને તે મોક્ષનો ઉપાય ક્યાંથી કરે? પર ભાવોથી ભિન્ન ચૈતન્યને અનુભવીને તેની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. આત્મા આનંદનો સાગર, તેની પોતાની સન્મુખ થતાં આનંદના વેદનસહિત વીતરાગી શ્રદ્ધા થાય છે. ચોથા ગુણસ્થાને પણ જે સમ્યગ્દર્શન છે તે તો રાગ વગરનું જ છે; તે ભૂમિકામાં રાગ હો ભલે, પણ સમ્યગ્દર્શન પોતે તો રાગ વગરનું જ છે; અને તે મોક્ષનું કારણ છે. તેની સાથેનો રાગ તો બંધનું કારણ છે.

પહેલાં બરાબર ઘૂંટીઘૂંટીને તત્ત્વનો દૃઢ નિર્ણય કરવો જોઈએ. નિશ્ચય-વ્યવહારને એક-બીજામાં ભેળવ્યા વગર બંનેનું સ્વરૂપ જેમ છે તેમ જાણવું જોઈએ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તે વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છે; નિશ્ચયસમ્યગ્દર્શનના વિષયમાં પર વસ્તુ ન આવે, તે તો અચિંત્ય શક્તિથી પરિપૂર્ણ પોતાના આત્માને જ શ્રદ્ધે છે. પરથી ભિન્ન ને પોતાના ગુણ-પર્યાયોથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભિન્ન એવો મારો શુદ્ધ આત્મા જ મારે આદરણીય છે એમ ધર્મી જાણે છે. દેવ–ગુરુ વગેરેની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું, પણ તેથી તે પરના આશ્રયથી આત્માને ધર્મનો લાભ થાય એમ ન સમજવું. પણ શુદ્ધ આત્માના સમ્યગ્દર્શનની સાથે યોગ્ય ભૂમિકામાં તેવો જ વ્યવહાર હોય છે, વિરુદ્ધ હોતો નથી–એમ જાણવું. આ વ્યવહારસમ્યગ્દર્શન તે કાંઈ શ્રદ્ધાગુણની પર્યાય નથી. નિર્વિકલ્પ પ્રતીતરૂપ જે નિશ્ચય સમ્યગ્દર્શન છે તે જ શ્રદ્ધાગુણની પર્યાય છે એટલે તે જ સાચું સમ્યગ્દર્શન છે. ભગવાન આત્મા ચૈતન્યપિંડ આનંદરસ છે તે જ સમ્યગ્દર્શન છે; અભેદપણે શુદ્ધ આત્મા જ સમ્યક્દર્શન છે—એમ સમયસારમાં કહ્યું છે. આવા સમ્યગ્દર્શનને પોતાના હિત માટે આઠ અંગસહિત ધારણ કરવું. નિશ્ચય સમ્યગ્દર્શન સાથે વ્યવહાર સમ્યગ્દર્શનમાં આઠ અંગના વિકલ્પો હોય છે. (સમ્યગ્દૃષ્ટિના નિશ્ચય આઠ અંગનું સ્વરૂપ સમયસારના નિર્જરા-અધિકારમાં કહ્યું છે.) વ્યવહાર સમ્યક્દર્શન એકલું (નિશ્ચય વગરનું) હોતું નથી; હજી કે નિશ્ચય સમ્યગ્દર્શન એકલું હોય. જેમ સિદ્ધને અને કેવળી ભગવંતોને એકલું નિશ્ચય સમ્યગ્દર્શન છે; પરંતુ તેની જેમ પહેલા ગુણસ્થાને કાંઈ એકલું વ્યવહાર સમ્યગ્દર્શન હોવાનું લાગુ પડતું નથી; કેમકે સાચા સમ્યગ્દર્શન વગર મિથ્યાદૃષ્ટિના એકલા શુભરાગને વ્યવહારસમ્યગ્દર્શન કહેતા નથી. વ્યવહાર તો નિશ્ચયસાપેક્ષ હોય તો જ સાચો કહેવાય.

અહા, ચૈતન્યમાં અનંત સ્વભાવો ભર્યા છે, તેનો મહિમા અદ્ભુત છે. તેની સન્મુખ થઈને રાગરહિત નિર્વિકલ્પ પ્રતીત કરતાં અતીન્દ્રિય આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તેમાં અનંત ગુણોના નિર્મળભાવો સમાય છે; તે મોક્ષમાર્ગ છે; તેની સાથેનો રાગ —કે જે સાચો મોક્ષમાર્ગ નથી તેને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે. તે બિલાડીને સિંહ કહેવા સમાન છે; એટલે, આ સાચો સિંહ નથી, આનાથી જુદો બીજો સાચો સિંહ છે–તે લક્ષમાં રાખીને બિલાડીમાં સિંહનો ઉપચાર છે. પણ સાચા સિંહને જે લક્ષમાં લેતો નથી ને બિલાડીને જ ખરો સિંહ માની લ્યે છે તેને માટે તો તે ઉપચાર પણ સાચો નથી; નિશ્ચય કે વ્યવહાર એકેયની તેને ખબર નથી, તે તો દેશનાને સમજ્યો જ નથી. મુખ્ય વગર ઉપચાર શેનો? નિશ્ચય વિનાનો વ્યવહાર કોનો? જ્યાં સાચો મોક્ષમાર્ગ લક્ષમાં હોય ત્યાં જ રાગાદિ બીજામાં મોક્ષમાર્ગનો ઉપચાર આવે છે; તેમાં પણ સાચો મોક્ષમાર્ગ તો એક જ છે, તેને બરાબર ઓળખીને તેનું સેવન કરવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સમ્યક્ત્વના ગુણ-દોષને જાણીને તેના ગ્રહણ-ત્યાગનો ઉપદેશ

નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે સાત તત્ત્વની શ્રદ્ધા, સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, અને આઠ અંગનું પાલન વગેરે વ્યવહાર કેવો હોય તે બતાવ્યું, અને તેને ધારણ કરવાનું કહ્યું; હવે પચ્ચીસ દોષ બતાવીને તેનો ત્યાગ કરવાનું કહે છે—

( ગાથા-૧૧ )

वसु मद टारी निवारी त्रिशठता षट् अनायतन त्यागो ।
शंकादिक वसु दोष विना संवेगादिक चित्त पागो ॥
अष्ट अंग अरु दोष पचीसों तिन संक्षेपे कहिये ।
विन जानेतें दोष-गुणनको कैसे तजिये-ग्रहिये ? ॥ ११ ॥

આ વ્યવહાર સમ્યગ્દર્શનમાં પણ દોષ રહિત હોવાની વાત છે. જાતિમદ વગેરે ૮ મદ, દેવમૂઢતા વગેરે ૩ મૂઢતા, કુદેવાદિ ૬ અનાયતન, અને શંકાદિક ૮ દોષ—એ પ્રમાણે કુલ ૨૫ દોષ છે તેને ઓળખીને ટાળવા જોઈએ, અને સંવેગ વગેરેમાં ચિત્તને જોડવું જોઈએ. આ રીતે નિઃશંકતા વગેરે આઠ અંગને પાળવાનું અને શંકા વગેરે પચીસ દોષને ટાળવાનું કહ્યું. પરંતુ ગુણ અને દોષનું સ્વરૂપ જાણ્યા વગર ગુણનું ગ્રહણ ને દોષનો ત્યાગ ક્યાંથી થાય ? તેથી હવેની ગાથામાં ગુણ-દોષ બંનેનું સ્વરૂપ ઓળખાવે છે, તે જાણીને ગુણનું ગ્રહણ કરવું ને દોષનો ત્યાગ કરવો. સમ્યગ્દર્શનને માટે કયા ભાવો દોષરૂપ છે તેને ઓળખે તો તેનો ત્યાગ કરે; અને સમ્યગ્દર્શનને માટે કયા ભાવો ગુણરૂપ છે તેને ઓળખે તો તેનું સેવન કરે. દોષને ઓળખે જ નહિ તો કઈ રીતે છોડે ? અને ગુણને ઓળખે જ નહિ તો કઈ રીતે ગ્રહણ કરે ? માટે ગુણનું ગ્રહણ અને દોષનો ત્યાગ કરવા માટે તે બંનેનું સ્વરૂપ જાણવું જોઈએ. દોષને દોષરૂપે જાણવા તે કાંઈ દોષનું કારણ નથી. દોષને જાણતાં ત્યાં જ અટકી જાય ને ગુણસ્વભાવને ગ્રહણ ન કરે તો તેને દોષ ન ટળે ને ગુણ ન પ્રગટે. પણ દોષ અને ગુણ બંનેને જાણીને જ્યાં ગુણસ્વભાવ તરફ વળ્યો ત્યાં દોષ રહેતા નથી. ગુણ અને દોષ બંનેનું ખરું સ્વરૂપ જે ઓળખે તે જરૂર ગુણ તરફ ઝુકે, ને દોષથી પાછો વળે. આ રીતે ગુણ-દોષને જાણીને ગુણનું ગ્રહણ કરવા માટે અને દોષનો ત્યાગ કરવા માટે હવે સંક્ષેપથી તેનું સ્વરૂપ કહે છે.

તે ઉપરાંત પ્રશમ-સંવેગ-આસ્તિક્ય ને અનુકંપામાં પણ સમ્યગ્દૃષ્ટિ પોતાના ચિત્તને જોડે છે, એટલે કે સમ્યગ્દૃષ્ટિના પરિણામમાં તે પ્રકારની વિશુદ્ધિ હોય છે. તેને અનંતાનુબંધી કષાય તો સર્વથા છૂટી ગયો છે ને બીજા કષાયો પણ મંદ થઈ ગયા છે, તેથી તેને પ્રશાંતભાવ, સંસારથી વિરક્તભાવ ને મોક્ષમાર્ગ પ્રત્યેનો ઉત્સાહ, સર્વજ્ઞદેવ અને તેમણે કહેલાં તત્ત્વોમાં દૃઢ વિશ્વાસરૂપ આસ્તિક્યતા, તથા સંસારનાં દુઃખી જીવો ( પોતે તેમ જ પર ) તે દુઃખથી છૂટે ને મોક્ષસુખ પામે એવા વિચારરૂપ અનુકંપા,—આવા પરિણામ સહેજે હોય છે; તેથી ઉપદેશમાં એમ કહ્યું કે તે સંવેગાદિકમાં ચિત્તને જોડો.

હવે ગુણ-દોષના કથનમાં પ્રથમ સમ્યક્ત્વનાં આઠ ગુણ કહે છે, ને પછી પચ્ચીસ દોષ કહેશે.



❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ✻ સમ્યગ્દૃષ્ટિનાં નિઃશંકતાદિ આઠ ગુણ ✻

આઠ અંગ સહિત સમ્યક્ત્વ ધારણ કરવાનું કહ્યું તે આઠ અંગ એટલે કે આઠ ગુણ કયા કયા છે તે કહે છે—

[ ગાથા ૧૨ તથા ૧૩ ( પૂર્વાર્ધ ) ]

जिनवचमें शंका न धार वृष भव–सुख–वांछा भाने ।
मुनितन मलिन न देख घिनावे तत्त्व–कुतत्त्व पिछाने ॥
निजगुण अरु पर औगुण ढांके वा निजधर्म बढावे ।
कामादिक कर वृषतें चिगते निज-परको सु दिढावे ॥ १२ ॥
धर्मीसों गौ–वच्छ–प्रीतिसम कर जिनधर्म दिपावे ।
इन गुणतें विपरीत दोष वसु तिनको सतत खिपावे ॥

પરદ્રવ્યોથી ભિન્ન પોતાના શુદ્ધ એકત્વસ્વરૂપની રુચિ–પ્રતીત–શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, તેનો અદ્‌ભુત મહિમા છે. એવા સમ્યગ્દર્શનની સાથે શંકાદિ આઠ દોષોના અભાવરૂપ નિઃશંકતા વગેરે આઠ ગુણ હોય છે, તેનું આ વર્ણન છે—

૧. જિનવચનમાં શંકા ન કરવી.

૨. ધર્મના ફળમાં સંસારસુખની વાંછા ન કરવી.

૩. મુનિનું મલિન શરીર વગેરે દેખીને ધર્મપ્રત્યે ઘૃણા ન કરવી.

૪. તત્ત્વ અને કુતત્ત્વ, વીતરાગદેવ અને કુદેવ, વગેરેના સ્વરૂપની ઓળખાણ કરવી, તેમાં મૂઢતા ન રાખવી.

૫. પોતાના ગુણને તથા અન્ય સાધર્મીના અવગુણને ઢાંકે, અને વીતરાગભાવરૂપ આત્મ-ધર્મની વૃદ્ધિ કરે, તેનું નામ ઉપગૂહન અથવા ઉપબૃંહણ અંગ છે.

૬. કામવાસના વગેરે કારણે પોતાનો કે પરનો આત્મા ધર્મથી ડગી જવાનો કે શિથિલ થવાનો પ્રસંગ હોય તો વૈરાગ્યભાવના વડે કે ધર્મના મહિમા વડે ધર્મમાં સ્થિર કરે, દૃઢ કરે, તે સ્થિતિકરણ છે.

૭. પોતાના સાધર્મીજનો પ્રત્યે ગૌવત્સ સમાન સહજ પ્રેમ રાખવો તે વાત્સલ્ય છે.

૮. પોતાની શક્તિવડે જૈનધર્મની શોભા વધારવી, તેનો મહિમા પ્રસિદ્ધ કરીને તેને દીપાવવો, તે પ્રભાવના છે.

આવા નિઃશંકતા વગેરે આઠ ગુણો વડે સમ્યગ્દૃષ્ટિ જીવ હંમેશાં શંકા વગેરે આઠ દોષોને દૂર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે. નિશ્ચય સમ્યક્દર્શનમાં તો પરથી ભિન્ન પોતાના શુદ્ધ આત્માની નિઃશંક શ્રદ્ધા છે, ને એનાથી ભિન્ન સમસ્ત પરભાવોની કે સંસારની વાંછાનો અભાવ છે;—તેની સાથેના વ્યવહાર આઠ અંગનું આ વર્ણન છે. સમ્યક્ત્વના નિઃશંકતા આદિ આઠ ગુણ અને શંકાદિક પચીસ દોષને જાણીને ગુણોનું ગ્રહણ અને દોષોનો ત્યાગ કરવા માટે આ વર્ણન છે. (આ દોઢ ગાથામાં આઠ ગુણ કહ્યા છે; ને પછી દોઢ ગાથામાં પચીસ દોષ કહેશે.)

## * ૧. નિઃશંકતા-અંગનું વર્ણન *

સર્વજ્ઞ જિનદેવે જેવા કહ્યા તેવા જ જીવાદિ તત્ત્વો છે, તેમાં ધર્મીને શંકા હોતી નથી. સર્વજ્ઞના સ્વરૂપનો નિર્ણય તો કર્યો છે, એટલે ઓળખાણપૂર્વકની નિઃશંકતાની આ વાત છે. ઓળખ્યા વગર માની લેવાની આ વાત નથી. જીવ શું, અજીવ શું, વગેરે તત્ત્વો તો અરિહંતદેવે કહ્યા તે પ્રમાણે પોતે સમજીને તેની નિઃશંક શ્રદ્ધા કરે; અને કોઈ સૂક્ષ્મ તત્ત્વ ન સમજાય તે વિશેષ સમજવા માટે જિજ્ઞાસાથી પ્રશ્નરૂપ શંકા કરે, તેથી કાંઈ જિનવચનમાં સંદેહ નથી. સર્વજ્ઞકથિત જૈનશાસ્ત્રોમાં કહ્યું છે તે સાચું હશે કે અત્યારના વિજ્ઞાનીઓ કહે છે તે સાચું હશે!—એવો સંદેહ ધર્મીને રહેતો નથી. અહા, જેને સર્વજ્ઞસ્વભાવ પ્રતીતમાં આવ્યો, પરમ અતીન્દ્રિયવસ્તુ પ્રતીતમાં આવી તેને સર્વજ્ઞના કહેલાં તત્ત્વો—છ દ્રવ્યો, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરે (ભલે તે બધા પોતાને પ્રત્યક્ષ ન થાય છતાં) તેમાં શંકા ન હોય. નિશ્ચયમાં પોતાના જ્ઞાનસ્વભાવરૂપ આત્માની પરમ નિઃશંકતા છે, ને વ્યવહારમાં દેવ-ગુરુ-ધર્મમાં નિઃશંકતા છે. જૈનધર્મ એક જ સાચો હશે કે જગતમાં બીજા ધર્મો કહેવાય છે તે પણ સાચાં હશે!—એવી જેને શંકા છે તેને તો સ્થૂળ મિથ્યાત્વ છે, તેને વ્યવહાર-ધર્મની નિઃશંકતા પણ નથી. વીતરાગી જૈનધર્મ સિવાય બીજા કોઈ માર્ગની માન્યતા તો ધર્મીને રૂંવાડેય ન હોય.

જેમ માતાના ખોળામાં બાળક નિઃશંક છે કે આ માતા મારું હિત કરશે; તેને શંકા નથી કે કોઈ મારશે તો માતા મને બચાવશે કે નહીં? તેમ જિનવાણી-માતાની ગોદમાં ધર્મી નિઃશંક હોય છે કે આ જિનવાણી મને સત્યસ્વરૂપ બતાવીને મારું હિત કરનારી છે, સંસારથી તે મારી રક્ષા કરશે. આવી જિનવાણીમાં તેને સંદેહ પડતો નથી. પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા, તેમણે કેવળજ્ઞાનમાં વીતરાગભાવે આખા વિશ્વને સાક્ષાત્ જોયું, તે પરમાત્માને ઓળખીને તેમાં નિઃશંક થવું, ને તેમણે કહેલા માર્ગમાં તથા તેમણે કહેલા તત્ત્વોમાં નિઃશંક થવું, તે નિઃશંકતા ગુણ છે.

રત્નકરંડશ્રાવકાચારમાં સમન્તભદ્રસ્વામીએ આ સમ્યક્ત્વના આઠ અંગના પાલનમાં પ્રસિદ્ધ આઠ જીવોનું ઉદાહરણ આપ્યું છે; તેમાં નિઃશંકિતઅંગમાં અંજનચોરનું દૃષ્ટાંત આપ્યું છે. (આ આઠ અંગની આઠ કથાઓ 'સમ્યક્ત્વકથા' નામના પુસ્તકમાં, અથવા તો સમ્યગ્દર્શન ભાગ ચોથામાં આપ વાંચી શકશો.) સમજાવવા માટે એકેક અંગનું જુદું જુદું દૃષ્ટાંત આપ્યું છે, બાકી તો સમ્યગ્દૃષ્ટિને એક સાથે આઠે અંગનું પાલન હોય છે. પ્રસંગ અનુસાર તેમાંથી કોઈ અંગને મુખ્ય કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ✻ ૨. નિઃકાંક્ષા-અંગનું વર્ણન ✻

ધર્મીજીવો ધર્મ દ્વારા ભવસુખની વાંછા કરતા નથી; એટલે પુણ્યને કે પુણ્યના ફળને તે ચાહતા નથી; ધર્મથી મને સ્વર્ગાદિ સુખ મળો એવી વાંછા તે ભવસુખની વાંછા છે, તેવી વાંછા અજ્ઞાનીને હોય છે. જ્ઞાનીએ તો પોતાના આત્માને જ સુખસ્વરૂપે અનુભવ્યો છે એટલે હવે બીજે ક્યાંય સુખબુદ્ધિ તને રહી નથી; તેથી તે નિષ્કાંક્ષ છે. સમ્યગ્દષ્ટિએ નિઃકાંક્ષગુણવડે ભવસુખની વાંછાને નષ્ટ કરી છે, 'ભવસુખ' એમ અજ્ઞાનીની ભાષાથી કહ્યું છે; ખરેખર ભવમાં સુખ છે જ નહિ, પણ અજ્ઞાની દેવાદિના ભવમાં સુખ માને છે, ઇન્દ્રિયવિષયોમાં સુખ માને છે,—આત્માના સુખની તો તેને ખબર નથી. અરે, સમ્યગ્દષ્ટિ તો આત્માના સુખને અનુભવનાર, મોક્ષનો સાધક! તે સંસાર-ભોગોને કેમ ઇચ્છે? જેના વેદનથી અનાદિકાળથી દુઃખી થયો તેને જ્ઞાની કેમ ઇચ્છે? ભવ-તન-ભોગ એ તો તેને અનાદિકાળની એઠ જેવા લાગે છે, અનંતવાર જીવ તેને ભોગવી ચૂક્યો પણ સુખનો છાંટોય તેમાંથી ન મળ્યો.

ધર્મનું પ્રયોજન શું? ધર્મનું પ્રયોજન, ધર્મનું ફળ તો આત્મસુખની પ્રાપ્તિ થાય-તે છે; ધર્મનું ફળ કાંઈ બહારમાં નથી આવતું. જેણે આત્માના સુખનો સ્વાદ જાણ્યો નથી તેને ઊંડે ઊંડે સંસાર-ભોગની ચાહના પડી છે, તથા તેના કારણરૂપ પુણ્યની ને શુભરાગની રુચિ પડી છે, તેને સાચું નિઃકાંક્ષપણું હોતું નથી. ભલે રાજ-પાટ-ઘર-કુટુંબ છોડીને ત્યાગી થયો હોય પણ જ્યાં સુધી રાગથી ભિન્ન ચૈતન્યરસ ચાખ્યો (અનુભવ્યો) નથી ત્યાં સુધી તેને સંસારભોગની વાંછા પડી જ છે. અને સમ્યગ્દષ્ટિજીવ રાજ-પાટ-ઘર-કુટુંબાદિ સંયોગમાં વર્તતો હોય, તે પ્રકારનો રાગ પણ વર્તતો હોય, (ખરેખર તેમાં ક્યાંય તે નથી વર્તતો, તે તો પોતાની ચેતનામાં જ તન્મય વર્તે છે, પણ સંયોગ અપેક્ષાએ રાજપાટમાં ને રાગમાં વર્તે છે એમ કહ્યું છે—) છતાં અંતરમાં તે બધાયથી પાર પોતાના ચૈતન્યરસનો આનંદ ચાખ્યો છે તેથી તેને તેમાં ક્યાંય સ્વપ્નેય સુખબુદ્ધિ નથી; એટલે રાગ હોવા છતાં શ્રદ્ધાના બળે તેને નિઃકાંક્ષપણું જ વર્તે છે. ધર્મીની આ કોઈ અલૌકિક દશા છે, જે અજ્ઞાનીને ઓળખાતી નથી; ને ઓળખે તો અજ્ઞાન રહેતું નથી.

લોકો કહે છે કે આપણે ધર્મ કરશું તો પૈસા વગેરે મળશે ને સુખી થશું.—એને તો ધર્મની ખબર નથી ને સુખનીયે ખબર નથી. એ તો શુભરાગને-પુણ્યને ધર્મ માને છે, ને તેના ફળમાં પૈસા વગેરે મળે તેમાં સુખ માને છે; એનાથી ભિન્ન આત્માના અસ્તિત્વની તો તેને ખબર જ નથી. અરે ભાઈ! ધર્મના ફળમાં કાંઈ પૈસા ન મળે. પૈસા વગેરે મળવા તે કાંઈ ધર્મનું પ્રયોજન નથી; ધર્મનું પ્રયોજન તો આત્માનું સુખ મળે તે છે; અને તે સુખમાં કાંઈ પૈસા વગેરેની જરૂર પડતી નથી. એ તો સંયોગ વગરનું સ્વાભાવિક સુખ આત્મામાંથી જ ઉત્પન્ન થાય છે. આવા સુખને જે જાણે તેને સંસારમાં બીજા કોઈની પણ વાંછા રહે નહીં, ક્યાંય સુખબુદ્ધિ થાય નહીં.

ધર્મીને ધર્મની સાથેના રાગને લીધે પુણ્ય બંધાય ને તે પુણ્યના ફળમાં બહારનો વૈભવ મળે, પણ ધર્મીને તેની વાંછા નથી, તેનાથી તો તે પોતાના આત્માને અત્યંત ભિન્ન જાણે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મના ફળમાં પુત્ર મળે, પૈસા મળે-એવી વાંછા ધર્મીને નથી. ધર્મી જીવ દેવ-ગુરુ પાસેથી લૌકિક હેતુની આશા રાખે નહિ. શુભરાગ હોય ને વેપાર-લગ્ન-વાસ્તુ વગેરે પ્રસંગે ભગવાનને યાદ કરે તે જુદી વાત છે, તેમાં કાંઈ ભવસુખની વાંછા ધર્મીને નથી. જે સર્વજ્ઞનો ભક્ત થયો તેને સંસારની વાંછા હોય નહિ. રાગનો એક કણિયો પણ મારા જ્ઞાનમાં નથી-એમ જાણનાર જ્ઞાની તે રાગના ફળને કેમ વાંછે? મોક્ષરૂપ જે પરમસુખ તે સિવાય બીજી કોઈ આશાથી તે ધર્મ સેવે નહિ. ધર્મનું ફળ તો વીતરાગી સુખ છે, બાહ્યવૈભવ કે ઇન્દ્રાદિ પદ તે કંઈ ધર્મનું ફળ નથી, તે તો રાગનું-વિકારનું ફળ છે. તે પુણ્યરૂપ ધર્મને અજ્ઞાની ઇચ્છે છે તેથી તે ભોગહેતુધર્મને સેવે છે—એમ કહ્યું છે; રાગ વગરના શુદ્ધ આત્માના અનુભવરૂપ મોક્ષહેતુધર્મની તેને ખબર નથી.

અંતરના અનુભવમાં પોતાના ચૈતન્ય-પરમદેવને સેવનાર ધર્મી જાણે છે કે મારો આ ચૈતન્ય-ચિંતામણિ આત્મા જ મને પરમ સુખ દેનાર છે, એના સિવાય હું બીજા કોને વાંછું? અરે, સ્વર્ગનો દેવ આવે તોય મારે એની પાસેથી શું લેવું છે? અજ્ઞાનીને તો સ્વર્ગનો દેવ આવવાની વાત સાંભળે ત્યાં ચમત્કાર લાગે છે ને તેના મહિમા આડે ધર્મને ભૂલી જાય છે. કેમકે એને પોતાને સ્વર્ગાદિના ભોગની વાંછા છે. અરે, મૂર્ખ લોકો તો ભોગની વાંછાથી સર્પ-વાંદરા-ગાય વગેરે તિર્યંચ પ્રાણીઓને પણ દેવ-દેવીરૂપી પૂજે છે. જુઓને, જૈન નામ ધરાવનારા પણ ઘણા લોકો ભોગની વાંછાથી-પુત્રાદિની વાંછાથી અનેક દેવ-દેવલાંને પૂજે છે. મૂરખને તે કાંઈ વિવેક હોય? ભગવાનનો સાચો ભક્ત પ્રાણ જાય તોપણ ખોટા દેવ-દેવલાંને પૂજે નહીં, માને નહીં. કોઈ કહે-માંગળિક સાંભળશું તો પૈસા મળશે,-પણ ભાઈ! જૈનોનું માંગળિક એવું ન હોય; જૈનોનું માંગળિક તો મોક્ષ આપે એવું હોય. માંગળિકના ફળમાં પૈસા મળવાની આશા ધર્મી રાખે નહીં. એ રીતે ધર્મી નિષ્કાંક્ષ ભાવથી ધર્મને સેવે છે.

પ્રશ્ન :—વેપાર વગેરેમાં પૈસા મળે એવી વાંછા તો ધર્મીને પણ હોય છે, તો તેને નિષ્કાંક્ષપણું ક્યાં રહ્યું?

ઉત્તર :—તેને હજી તે પ્રકારનો અશુભરાગ છે; પણ આ રાગથી કે પૈસામાંથી મને સુખ મળશે-એવી મિથ્યાબુદ્ધિરૂપ વાંછા તેને નથી. રાગ અને સંયોગ બંનેથી પાર મારી ચેતના છે, તેમાં જ મારું સુખ છે, એમ જાણનાર ધર્મી તે ચેતનાના ફળમાં બાહ્ય સામગ્રી વાંછતો નથી, તેથી તે નિષ્કાંક્ષ છે. તે ધર્માત્મા ઇન્દ્રપદ કે ચક્રવર્તીપદના વૈભવને ભોગવતો દેખાય છતાં તેને વિષય-ભોગોનો રંચમાત્ર આદર નથી. અરે, અમે અતીન્દ્રિય આનંદના પિંડલા, જગતમાં ક્યાંય અમારો આનંદ છે જ ક્યાં? તેથી તો કહ્યું છે કે—

चक्रवर्तीकी संपदा, इन्द्रसरीखे भोग ।
काकबीठ सम गिनत है सम्यग्दृष्टि–लोग ॥

(ઇન્દોર હુકમીચંદજી શેઠના જિનમંદિરમાં પણ આ દોહરો છે.)

વિષયો તરફના વિકલ્પને ધર્મીજીવ દુઃખ અને જેલ સમાન ગણે છે, એમાં સુખબુદ્ધિ નથી એટલે તેની વાંછા નથી. ઉત્તમ વસ્તુ ખાતા-પીતા દેખાય, સ્ત્રી-પુત્રાદિ વચ્ચે દેખાય, તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને ધર્મી તેમાં સુખ માનતા હશે ?—ના, એમ બિલકુલ નથી. આનંદસ્વરૂપ મારો આત્મા જ છે, પરમાં સુખ જરાય નથી—એવા નિઃશંક ભાનમાં વર્તતા ધર્માત્મા દેવલોકના સુખનેય વાંછતા નથી.—એમાં સુખ છે જ નહીં પછી વાંછા શેની ? ચૈતન્યના અતીન્દ્રિય આનંદની પાસે સ્વર્ગના વૈભવની શી ગણતરી ? ઇન્દ્રના વૈભવમાં તે સુખની ગંધ પણ નથી. ( સમ્યગ્દષ્ટિ-ઇન્દ્રને આત્માનું સુખ હોય છે તે જુદી વાત છે, પણ બહારના વૈભવમાં તો તેની ગંધ પણ નથી, ને તે ઇન્દ્ર પોતે તેમાં સુખ માનતા નથી. )

અજ્ઞાની બહારમાં ભલે વિષયોનો ત્યાગી હોય છતાં અભિપ્રાયમાં તેને વિષયોની વાંછા છે, કેમકે રાગમાં સુખબુદ્ધિ છે. જેણે ચૈતન્યનું ઇન્દ્રિયાતીત સુખ નથી દેખ્યું તેને ઊંડે ઊંડે રાગમાં ને વિષયોમાં સુખબુદ્ધિ પડી જ છે; જો તેમાં તેને મીઠાશ ન હોય તો તેનાથી પાછો વળીને ચૈતન્યસુખમાં કેમ ન આવે ? એણે ચૈતન્યસુખ દેખ્યું નથી ને ઇન્દ્રિયવિષયોમાં સુખબુદ્ધિ છે તેથી તેને સાચું નિઃકાંક્ષપણું હોતું નથી. ભલે સીધી રીતે તે વિષયોની અભિલાષા ન કરે પણ અંદર અભિપ્રાયમાં તો વિષયોની આકાંક્ષા પડી જ છે.

અને, સમ્યગ્દષ્ટિ તો સિદ્ધનો પુત્ર થઈ ગયો; તે તો અખંડ એક જ્ઞાયકસ્વભાવની અનુભૂતિ કરીને જિતેન્દ્રિય થઈ ગયો. આત્મા સિવાય જગતમાં ક્યાંય તેને સુખબુદ્ધિ નથી પાંચ ઇન્દ્રિય-સંબંધી વિષયોની વૃત્તિ આવે તેથી તેમાં તે સુખ માનતા હશે-એમ બિલકુલ નથી; અંદરના અનાકુળ આનંદની જ ભાવના છે. અહા, ધર્મીની ચેતનાના ખેલ તો ધર્મી જ જાણે છે. અજ્ઞાની ઉપરટપકે જોઈ ને ધર્મીનું સાચું માપ કાઢી શકે તેમ નથી. ધર્મીનાં અંતર-હૃદય બહારથી દેખાય તેવા નથી. ધર્મી જાણે છે કે મારો ધર્મ તો મારામાં છે, તેનું ફળ કાંઈ બહારમાં ન આવે. બહારનાં પુણ્યફળ તે તો કમોદના ઉપરનાં ફોતરાં જેવાં છે, લોકો તો તેને જ દેખે છે, અંદરના ખરા વીતરાગી કસને લોકો દેખતા નથી. ધર્મના બદલામાં લૌકિક ફળને ધર્મી ઇચ્છતા નથી, દુનિયાને દેખાડવા માટે તે ધર્મ કરતા નથી. ધર્મીનો ધર્મ તો પોતાના આત્મામાં જ સમાય છે ને તેનું ફળ પણ આત્મામાં જ આવે છે.

કોઈ દેવ આવીને સેવા કરે તો ધર્મી તેનાથી લલચાય નહિ, ને કોઈ દેવ આવીને ત્રાસ આપે, પૈસા વગેરે ઉપાડી જાય, તો તેનાથી ડરીને ધર્મી પોતાનો ધર્મ છોડે નહિ. ધર્મબુદ્ધિથી એવા કોઈ દેવને તે માનતા નથી. હું ધર્મ કરું તેથી સ્વર્ગનો કોઈ દેવ પ્રસન્ન થઈને મને લાભ કરી દેશે—એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી. સર્વજ્ઞ-વીતરાગ અરિહંતદેવ સિવાય બીજા કુદેવો પાસે તે કદી માથું ઝુકાવતા નથી. હું વીતરાગતાનો સાધક, તો વીતરાગ સિવાય બીજાને દેવ માનું નહીં. ચૈતન્યના વીતરાગસ્વભાવ સિવાય પુણ્યની પણ જ્યાં વાંછા નથી ( ધર્મી ન ઇચ્છે પુણ્યને.... ) ત્યાં બહારના પાપભોગોની શી વાત ? જુઓ તો ખરા. આ તો બધું સમ્યગ્દર્શન સાથેના વ્યવહારમાં આવી જાય છે. સમ્યગ્દર્શનની નિશ્ચય અનુભૂતિની તો શી વાત !

અરે, લોકો તો બહારના સાધારણ ચમત્કારમાં મોહી પડે છે. પણ એવો ચમત્કાર તો હલકો અભવ્ય દેવ પણ બતાવી શકે તેમાં આત્માનું હિત શું છે ? ધર્મી તો જાણે છે કે સર્વજ્ઞતા ને વીતરાગતા તે જ મારા ભગવાનનો ખરો ચમત્કાર છે; એ સિવાય બહારના બીજા કોઈ ચમત્કાર માટે તે ભગવાનને માને નહિ. બહારના સંયોગનું આવવું-જવું તો પુણ્ય-પાપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુસાર બન્યા કરે છે, ધર્મની સાથે એને શું સંબંધ છે? ધર્મી જીવ એવી બહારની આકાંક્ષા કરતા નથી. જ્યાં રાગથી ભિન્ન આત્માના આનંદને પોતામાં દેખ્યો ત્યાં ભવસુખની વાંછા ક્યાંથી રહે? ભવ કહેતાં સંસારની ચારે ગતિ આવી ગઈ, સ્વર્ગ પણ તેમાં આવી ગયું, એટલે દેવગતિના સુખનેય ધર્મી વાંછે નહીં. આવું સમ્યગ્દષ્ટિનું નિઃકાંક્ષા અંગ છે. આ રીતે સમ્યગ્દષ્ટિના આઠ ગુણમાંથી બીજો ગુણ કહ્યો. આ નિઃકાંક્ષા અંગના પાલનમાં સતી અનંતમતીનું ઉદાહરણ પ્રસિદ્ધ છે; તે 'સમ્યક્ત્વકથા' વગેરેમાંથી જાણી લેવું.)

## * ૩. નિર્વિચિકિત્સા-અંગનું વર્ણન *

જેણે આત્મા અને શરીરને ભિન્ન જાણ્યા છે એવા સમ્યગ્દષ્ટિ જીવ, શરીરમાં અશુચી દેખીને આત્માના ધર્મ પ્રત્યે ગ્લાનિ કરતા નથી; એટલે કોઈ મુનિ વગેરે ધર્માત્માનું શરીર મલિન કે રોગવાળું દેખીને તેમના પ્રત્યે ઘૃણા-દુર્ગંછા થતી નથી, પણ શરીર મેલું હોવા છતાં અંદરમાં આત્મા તો ચૈતન્યધર્મોથી શોભી રહ્યો છે-તેનું તેને બહુમાન આવે છે. આવા મેલા-કોઢિયા શરીરવાળાને તે કાંઈ ધર્મ હોય!-એમ ધર્મ પ્રત્યે દુર્ગંછાનો ભાવ થતો નથી, એવું સમ્યગ્દષ્ટિનું નિર્વિચિકિત્સા-અંગ છે.

સર્વજ્ઞના દેહમાં તો અશુચી હોતી જ નથી, તેમ જ તેમને રોગાદિ પણ હોતાં નથી. પણ સાધક ધર્માત્મા-મુનિ વગેરેને તો દેહમાં મલિનતા કે રોગાદિ પણ હોય, કોઈવાર શરીરમાં કોઢ થાય, શરીર ગંધાઈ જાય; તો તેને દેખીને ધર્મી વિચારે છે કે અહો, આ આત્મા તો અંદર સમ્યગ્દર્શનાદિ અપૂર્વ રત્નોથી શોભી રહ્યો છે, દેહ પ્રત્યે એમને કાંઈ મમત્વબુદ્ધિ નથી, રોગાદિ તો દેહમાં થાય છે, ને દેહ તો સ્વભાવથી જ અશુચી છે; આમ દેહ અને આત્માના ભિન્ન ભિન્ન ધર્મો વિચારીને ધર્મી જીવ દેહની મલિનતા વગેરે દેખીને પણ ધર્માત્મા પ્રત્યે ગ્લાનિ કરતો નથી. પોતાના શરીરમાં પણ રોગાદિ મલિનતા થાય તો તેથી પોતાના ધર્મોથી તે ડગતો નથી કે ધર્મમાં શંકા કરતો નથી. મુનિઓ તો દેહ પ્રત્યે અત્યંત ઉદાસ છે, સ્નાનાદિ તેઓ કરતા નથી, દેહની શોભાનું કે દેહના શણગારનું તેમને લક્ષ નથી, તેઓ તો સ્વાનુભવરૂપી સ્નાનવડે આત્માને શોભાવનારા છે; રત્નત્રય તેમનો શણગાર છે; અહો, આવા મુનિઓને દેખતાં રત્નત્રયધર્મના બહુમાનથી તેમના ચરણોમાં શિર નમી પડે છે.

અરે, દેહ તો સ્વભાવથી જ અશુચીનું ધામ અને ક્ષણભંગુર છે; અને ધર્માત્મા તો રત્નત્રયવડે સહજ પવિત્ર છે. શરીરમાં સુગંધ કે દુર્ગંધ એ તો જડનો ધર્મ છે. એવું કાંઈ નથી કે ધર્મીનું શરીર કાળું-કૂબડું ન જ હોય. કોઈનું શરીર કાળું-કૂબડું પણ હોય, અવાજ પણ ચોકખો ન નીકળતો હોય,-તેથી શું? અંદર તો દેહથી ભિન્ન જ્ઞાનશરીરીપણે ધર્માત્મા પોતાને અનુભવે છે. સમંતભદ્રસ્વામી રત્નકરંડ-શ્રાવકાચારની ૨૮મી ગાથામાં કહે છે કે—

सम्यग्दर्शनसम्पन्नम् अपि मातङ्गदेहजम् ।
देवा देवं विदुर्भस्मगूढाङ्गारान्तरौजसम् ॥ २८ ॥

ચાંડાલના શરીરમાં રહેલો સમ્યગ્દષ્ટિ આત્મા દેવસમાન શોભે છે,-રાખથી ઢંકાયેલ અગ્નિની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ચીનગારી માફક દેહરૂપી રાખની અંદર સમ્યક્ત્વરૂપ ચૈતન્ય–ચીનગારીથી તે આત્મા શોભે છે, તે પ્રશંસનીય છે. આ રીતે આત્માના સમ્યક્ત્વધર્મને ઓળખનાર જીવ શરીરાદિની અશુચી દેખીને પણ ધર્માત્મા પ્રત્યે ઘૃણા-તિરસ્કાર કરતો નથી, પણ તેના પવિત્ર ધર્મ પ્રત્યે પ્રેમ અને આદર કરે છે, તેને નિર્વિચિકિત્સા–અંગ છે. (આ નિર્વિચિકિત્સા–અંગ માટે ઉદાયન રાજાનું દૃષ્ટાંત શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે; તે 'સમ્યક્ત્વ–કથા' વગેરેમાં જોઈ લેવું.)

કોઈ ધર્મીને પુણ્ય ઓછા હોય–તેથી શું? પુણ્ય તો ઉદયભાવનું ફળ છે, તેનાથી કાંઈ આત્માની શોભા નથી; આત્મા તો સમ્યક્ત્વાદિથી જ શોભે છે. ધર્મમાં તો ગુણથી જ શોભા છે, કાંઈ પુણ્યથી શોભા નથી. એક તિર્યંચ–કૂતરું પણ જો સમ્યગ્દષ્ટિ હોય તો શોભે છે, ને મિથ્યાદષ્ટિ મોટો દેવ હોય તોપણ શોભતો નથી. કોઈ ધર્મી ઓછા પુણ્યોદયને કારણે નિર્ધન–કદરૂપ હોય, ને પોતે ધનવાન–રૂપવાન હોય તો તે કારણે ધર્મી બીજા સાધર્મીથી પોતાની અધિકતા માનતા નથી ને સામાનો તિરસ્કાર કરતા નથી; પણ તેના ગુણની પ્રીતિપૂર્વક આદર કરે છે કે વાહ! દેહાદિની આવી પ્રતિકૂળતા છતાં તે પોતાના ધર્મને સાધી રહ્યો છે. પુણ્યના તો અનેક પ્રકાર છે, તેમાં હીનાધિકતા હોય તેથી શું? અંદર ધર્મ ચીજ જુદી છે. આ રીતે દેહ અને આત્માના ધર્મોનું ભિન્નભિન્નપણું જાણે તેને દેહાદિની હીનતા દેખીને પણ ધર્માત્માના ગુણો પ્રત્યે અણગમાનો ભાવ થતો નથી પણ ગુણનો પ્રેમ આવે છે. આવું સમ્યક્ત્વનું ત્રીજું અંગ છે.

## * ૪. અમૂઢદષ્ટિ–અંગનું વર્ણન *

આત્માના હિતનો સત્યમાર્ગ જેણે જાણ્યો છે એવો ધર્મી જીવ સાચા–ખોટાની પરીક્ષામાં જરાય મુંઝાતો નથી, સાચા દેવ–ગુરુ–ધર્મ અને ખોટા દેવ–ગુરુ–ધર્મ એને બરાબર ઓળખીને તે ખોટા માર્ગની પ્રશંસા પણ છોડે છે. અંતરમાં તો ખોટા માર્ગને દુઃખદાયક જાણીને છોડયો જ છે, ને મનથી–વચનથી કે કાયાથી પણ તે કુમાર્ગની પ્રશંસા કે અનુમોદના કરતો નથી. કુમાર્ગને ઘણા લોકો સેવતા હોય, મોટા રાજા–મહારાજા સેવતા હોય તોપણ ધર્મી મુંઝાય નહીં કે એમાં કાંઈક સાચું હશે!—આવું અમૂઢદષ્ટિપણું એટલે કે મૂઢતારહિતપણું ધર્મીને હોય છે.

વીતરાગ–સર્વજ્ઞ અરિહંત અને સિદ્ધભગવાન સિવાય બીજા કોઈ દેવને તે માને નહીં.

રત્નત્રયધારી નિર્ગ્રંથ મુનિરાજ સિવાય બીજા કોઈ કુગુરુને તે માને નહીં.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે વીતરાગધર્મ, તે સિવાય બીજા કોઈ ધર્મને તે મોક્ષનું કારણ માને નહિ, ને તેને સેવે નહીં.

આ રીતે દેવ–ગુરુ–ધર્મ સંબંધી મૂઢતા ધર્મીને હોતી નથી. કુદેવ–કુગુરુ–કુધર્મને માનનારા જીવો સમાજમાં કરોડો મૂઢલોકો વડે પૂજાતા હોય, અરે! એની પાસે દેવ આવતો હોય તોપણ ધર્મીને માર્ગની શંકા પડતી નથી, કે તત્ત્વમાં તે મુંઝાતો નથી. નિશ્ચય જે પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ તેમાં તો મુંઝાતો નથી, ને વ્યવહારમાં એટલે કે દેવ–ગુરુ–શાસ્ત્ર–તત્ત્વ વગેરેના નિર્ણયમાં પણ તે મુંઝાતો નથી. સુખનો માર્ગ એવો વીતરાગજૈનમાર્ગ, અને દુઃખનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માર્ગ એવા કુમાર્ગો, તેમની અત્યંત ભિન્નતા ઓળખીને કુમાર્ગનું સેવન-પ્રશંસા-અનુમોદના સર્વ પ્રકારે છોડે છે.

કુમાર્ગને માનનારા જીવો ઘણા હોય ને સાચા માર્ગને જાણનારા જીવો તો થોડા જ હોય, —પણ તેથી ધર્મી મુંઝાય નહીં કે કયો માર્ગ સાચો હશે! અરે, હું એકલો હોઉં તોપણ મારા હિતનો જે માર્ગ મેં જાણ્યો છે તે જ પરમ સત્ય છે, ને એવો હિતમાર્ગ બતાવનારા વીતરાગી દેવ-ગુરુ જ સત્ય છે; સ્વાનુભવથી મારું આત્મતત્ત્વ મેં જાણી લીધું છે, તેનાથી વિરુદ્ધ જે કોઈ માન્યતા હોય તે બધી ખોટી છે; આમ નિઃશંકપણે ધર્મીએ કુમાર્ગની માન્યતાને અસંખ્ય પ્રદેશેથી વોસરાવી દીધી છે. તે શુદ્ધ દૃષ્ટિવંત જીવ કોઈ ભયથી, આશાથી, સ્નેહથી કે લોભથી કુદેવાદિને પ્રણામ-વિનય કરતો નથી.

અરે જીવ! તને આવું મનુષ્યપણું મળ્યું, આવા સત્ય જૈનધર્મનો યોગ મળ્યો, તો હવે આ અવસરમાં તારી **વિવેકબુદ્ધિથી** સાચા-ખોટાની **પરીક્ષા** કરીને નિર્ણય કર; **આત્માને** પરમ હિતકાર એવા સર્વજ્ઞભગવાનના માર્ગનું સ્વરૂપ સમજીને તેનું સેવન કર, ને કુમાર્ગના સેવનરૂપ મૂઢતાને છોડ. અરિહંત ભગવાનનો માર્ગ જેણે જાણ્યો તે જીવ જગતમાં ક્યાંય મુંઝાય નહીં. ભગવાનના માર્ગને નિઃશંકપણે સેવતો થકો તે મોક્ષને સાધે. આવું સમ્યગ્દૃષ્ટિનું અમૂઢદૃષ્ટિત્વ-અંગ છે. (આ અમૂઢદૃષ્ટિઅંગના પાલનમાં રેવતી રાણીનું ઉદાહરણ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, તે 'સમ્યક્ત્વ-કથા' વગેરે પુસ્તકમાંથી જોઈ લેવું.) આ રીતે સમ્યક્ત્વના ચોથા અંગનું વર્ણન કર્યું.

## * ૫. ઉપગૂહન (ઉપબૃંહણ) અંગનું વર્ણન *

પોતાના ગુણોની પ્રશંસા ન કરે ને બીજાની નિંદા ન કરે, સાધર્મીમાં કોઈ દોષ લાગી ગયો હોય તો તેને ઢાંકે ને તે દોષ દૂર કરવા પ્રયત્ન કરે, તથા ગુણની વૃદ્ધિ થાય—ધર્મની વૃદ્ધિ થાય એવા ઉપાય કરે,—આવો ભાવ તે સમ્યગ્દૃષ્ટિનું ઉપગૂહન અથવા ઉપબૃંહણ અંગ છે.

ધર્માત્માને એવી માર્દવભાવના એટલે કે નિર્માનતા હોય છે કે પોતાના ગુણ જગતમાં પ્રસિદ્ધ થાય ને પૂજાય એવી ભાવના તેને હોતી નથી, તથા કોઈ સાધર્મીના દોષ પ્રસિદ્ધ કરીને તેને હલકો પાડવાની ભાવના હોતી નથી; પણ ધર્મ કેમ વધે, ગુણની શુદ્ધિ કેમ વધે તેની ભાવના હોય છે. કોઈ અજ્ઞાની કે અશક્ત જનો દ્વારા પવિત્ર રત્નત્રયમાર્ગની નિંદાનો પ્રસંગ ઊભો થાય તો ધર્મી તેને દૂર કરે છે, ધર્મની નિંદા થવા દેતા નથી. દોષને દૂર કરવો ને વીતરાગ ગુણોની વૃદ્ધિ કરવી તે સમ્યક્ત્વનું અંગ છે. એટલે સમ્યગ્દૃષ્ટિને એવો ભાવ સહેજે હોય છે. જેમ માતાને પોતાનો પુત્ર વહાલો છે એટલે તે તેની નિંદા સહન કરી શકતી નથી, તેથી તેના દોષ છુપાવીને ગુણ પ્રગટે તેમ ઇચ્છે છે, તેમ ધર્મીને પોતાનો રત્નત્રયધર્મ વહાલો છે, તેથી રત્નત્રયમાર્ગની નિંદાને તે સહી શકતો નથી, એટલે ધર્મની નિંદા દૂર થાય ને ધર્મનો મહિમા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રસિદ્ધ થાય—એવો ઉપાય તે કરે છે. દોષને ઢાંકવા–દૂર કરવા, અને ગુણને વધારવા–એ બંને વાત આ પાંચમા અંગમાં આવી જાય છે, તેથી તેને ઉપગૂહન અથવા ઉપબૃંહણ કહેવાય છે.

ધર્માત્મા નિજગુણને ઢાંકે એટલે કે બહારમાં પ્રસિદ્ધિની કામના ન કરે; મારા આત્મામાં મારું કામ થઈ રહ્યું છે તે બીજાને દેખાડવાનું શું કામ છે? બીજા લોકો મારા ગુણને જાણે તો ઠીક—એવું કાંઈ ધર્મીને નથી. ધર્મી પોતાના આત્મામાં તો પોતાના ગુણની પ્રસિદ્ધિ (પ્રગટ અનુભૂતિ) બરાબર કરે, પોતાના સમ્યક્ત્વાદિ ગુણોને પોતે નિઃશંક જાણે, પણ બહારમાં બીજા પાસે તે ગુણોની પ્રસિદ્ધિ વડે માન–મોટાઈ મેળવવાની બુદ્ધિ ધર્મીને હોતી નથી; તેમજ બીજા ધર્માત્માઓના દોષને પ્રસિદ્ધ કરીને તેની નિંદા કરવાનો કે તેને હલકો પાડવાનો ભાવ ધર્મીને હોતો નથી; પણ તેના સમ્યક્ત્વાદિ ગુણોને મુખ્ય કરીને તેની પ્રશંસા કરે છે; આ રીતે ગુણની પ્રીતિ વડે પોતામાં ગુણને વધારતો જાય છે, ને અવગુણને ઢાંકે છે તથા પ્રયત્ન વડે તેને દૂર કરે છે.

ધર્મીને પોતાને ગુણ ગમે છે ને દોષ ગમતા નથી. બીજા કોઈ ધર્માત્મામાં હીનશક્તિવશ કોઈ દોષ થઈ ગયો હોય તો તે બહાર પાડીને તિરસ્કાર ન કરે, પણ યુક્તિથી તેને સુધારે. પણ આનો અર્થ એવો નથી કે મિથ્યાદૃષ્ટિ ગમે તેવા વિપરીત કુમાર્ગનું પ્રતિપાદન કરે તોપણ તેની ભૂલ પ્રસિદ્ધ ન કરે. મિથ્યામતોમાં તત્ત્વની કેવી વિપરીતતા છે, મિથ્યાદૃષ્ટિ જીવ કેવી–કેવી ભૂલ કરે છે તે તો બરાબર બતાવે, અને સાચું તત્ત્વ કેવું છે તે સમજાવે.—જો એમ ન કરે એટલે કે કુમાર્ગનું ખંડન કરીને સત્ય માર્ગનું સ્થાપન ન કરે તો જીવો હિતનો માર્ગ ક્યાંથી જાણે? માટે સાચા ખોટાની ઓળખાણ કરાવવી તેમાં કાંઈ કોઈની નિંદાનો ભાવ નથી. જીવોના હિત માટે સત્યમાર્ગની પ્રસિદ્ધિનો અને અસત્યના નિષેધનો ભાવ તો ધર્મીને આવે છે. ધર્મની નિંદા થતી હોય, દેવ–ગુરુની નિંદા થતી હોય—એવા પ્રસંગે ધર્માત્માથી રહી શકાય નહીં, પોતાની શક્તિથી તેને તે દૂર કરે છે.

બધા ધર્મી જીવોના ઉદયભાવ એકસરખા હોતાં નથી; શ્રદ્ધા બધાની સરખી હોય પણ ઉદયભાવ તો અનેક પ્રકારનાં હોય છે. કોઈની પ્રકૃતિમાં ફેર હોય, ક્રોધ–માનાદિ દોષ (ભૂમિકા અનુસાર) થઈ જતા હોય, ત્યાં તેની મુખ્યતા કરીને શાસનની નિંદા ન થવા દે; અરે, એ તો ધર્માત્મા છે, જિનેશ્વરદેવના ભક્ત છે, આત્માના અનુભવી છે, સમ્યગ્દૃષ્ટિ છે,–એમ ગુણને મુખ્ય કરીને, પરિણામમાં ક્યાંક જરાક ફેર પડી ગયો હોય તે દોષને ગૌણ કરી નાંખે છે. ધર્મની કે ધર્માત્માની નિંદા થવા દેતા નથી. અહા, આ તો પરમ પવિત્ર જૈનમાર્ગ....એકલી વીતરાગતાનો માર્ગ. કોઈ અજ્ઞાની જનો તેની નિંદા કરે તેથી કાંઈ તે મલિન થઈ જતો નથી. આવા માર્ગની શ્રદ્ધામાં સમ્યગ્દૃષ્ટિજીવ અત્યંત નિષ્કંપ વર્તે છે; તલવારની તીખી ધાર જેવી તેની શ્રદ્ધા મિથ્યાત્વની કુયુક્તિઓને હણી નાંખે છે, કોઈ પણ કુયુક્તિઓ વડે તેની શ્રદ્ધા ચલાયમાન થતી નથી.—આવા માર્ગને જાણીને જે ધર્મી થયો છે એવા જીવને કોઈ દોષ થઈ જાય તો તેના ઉપગૂહનની આ વાત છે. જ્યાં ગુણ અને દોષ બંને હોય તેમાં ગુણની મુખ્યતા કરીને દોષને ગૌણ કરવો–તે ઉપગૂહન છે. પણ જ્યાં સાચો માર્ગ હોય જ નહીં અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યામાર્ગને જ ધર્મ મનાવી રહ્યા હોય તેને તો જગતના હિત માટે પ્રસિદ્ધ કરીને બતાવે કે આ માર્ગ ખોટો છે, દુઃખદાયક છે, માટે તેનું સેવન છોડો, અને પરમ સત્ય વીતરાગ જૈનમાર્ગને સેવો. પોતામાં પણ રત્નત્રયધર્મની શુદ્ધિ જેમ વધે તેમ કરે. દુનિયા સાથે મારે કામ નથી, મારે તો આત્મામાં શુદ્ધતા વધે ને વીતરાગતા થાય—તે જ પ્રયોજન છે,—આવી ભાવનાપૂર્વક ધર્મી પોતામાં ધર્મની વૃદ્ધિ કરે છે; તેને ઉપબૃંહણગુણ કહેવાય છે.

ધર્મી જાણે છે કે મારા ગુણ મારામાં છે, મારી અનુભૂતિમાં મારો આત્મા પ્રસિદ્ધ થયો છે—તે હું જાણું છું, દુનિયાને દેખાડવાનું શું કામ છે? શું દુનિયા માને તેથી કાંઈ મારા ગુણની શુદ્ધિ વધે છે?—ને દુનિયા ન દેખે તેથી કાંઈ મારા ગુણની શુદ્ધિ અટકી જાય છે? —ના. મારા ગુણ તો મારામાં છે.—આમ ધર્મી પોતાના ગુણનો ઢંઢેરો જગત પાસે નથી પીટતા. મને ગુણ પ્રગટ્યા તે બીજા જાણે ને પ્રસિદ્ધ થાય તો ઠીક–એવી તેને ભાવના નથી. કોઈ ધર્માત્માના ગુણોની જગતમાં સહેજે પ્રસિદ્ધિ થાય–તે જુદી વાત છે, પણ ધર્મીને તો પોતામાં જ સમાવાની ભાવના છે; 'દુનિયામાં' બહાર પડવાનું શું કામ છે?' દુનિયા સ્વીકારે તો જ મારા ગુણ સાચા એવું કાંઈ નથી; ને દુનિયા ન સ્વીકારે તેથી કાંઈ મારા ગુણને નુકસાન થઈ જતું નથી. મારા ગુણ કાંઈ મેં દુનિયા પાસેથી નથી લીધા, મારા આત્મામાંથી જ ગુણ પ્રગટ કર્યા છે, એટલે મારા ગુણમાં દુનિયાની અપેક્ષા મને નથી. આમ ધર્મી જગતથી ઉદાસ નિજગુણમાં નિઃશંક વર્તે છે.

કોઈ ને વિશેષ જાતિસ્મરણાદિ જ્ઞાન થાય, જ્ઞાનની શુદ્ધિ સાથે લબ્ધિઓ પણ પ્રગટે, ઘણા મુનિઓને વિશેષ લબ્ધિઓ પ્રગટે, અવધિ–મનઃપર્યયજ્ઞાન પણ થાય, છતાં જગતને તેની ખબર પણ ન પડે, એ તો પોતે પોતામાં આત્માની સાધનામાં મશગૂલ વર્તતા હોય. પોતાની પર્યાયમાં પોતાના ગુણોની પ્રસિદ્ધિ થઈ ત્યાં આત્મા પોતે પોતાથી જ સંતુષ્ટ ને તૃપ્ત છે; પોતાના ગુણના શાંતરસને પોતે વેદી જ રહ્યો છે, ત્યાં બીજાને બતાવવાનું શું કામ છે? ને બીજા જીવો પણ તેવી અંતર્દૃષ્ટિ વગર ગુણને ક્યાંથી ઓળખશે? આ રીતે ધર્મી પોતાના ગુણોને પોતામાં ગુપ્ત રાખે છે; ને બીજા સાધર્મીના દોષને પણ ગોપવીને તે દોષ દૂર કરવાનો ઉપાય કરે છે. ભાઈ, કોઈના અવગુણ પ્રસિદ્ધ થાય તેથી તને શું લાભ છે? અને એનાં અવગુણ પ્રસિદ્ધ ન થાય તેથી તને શું નુકસાન છે? 'ભેંસના શિંગડાં ભેંસને ભારે,' 'જે કરશે તે ભોગવશે'—તેમ સામાના ગુણ–દોષનું ફળ એને છે, એમાં તારે શું? માટે સમાજમાં જે રીતે ધર્મની નિંદા ન થાય ને પ્રભાવના થાય, તથા પોતાના ગુણોમાં વૃદ્ધિ થાય—તે રીતે ધર્મી પ્રવર્તે છે.

—આ બધું તો સમ્યગ્દર્શનના વ્યવહારમાં આવી જાય છે. નિશ્ચયમાં તો પોતાના શુદ્ધ આત્માની પ્રતીત ધર્મીને સદાય વર્તે છે. કોઈ પણ રીતે, પોતામાં તેમ જ પરમાં ગુણની વૃદ્ધિ થાય ને દોષ ટળે,—એટલે કે આત્માનું હિત થાય ને ધર્મની શોભા વધે–તેમ ધર્મી વર્તે છે. કોઈ સાધર્મીથી કોઈ દોષ થઈ ગયો હોય ને ખ્યાલમાં આવી જાય તો તેનો ફંફેરો ન કરે, તિરસ્કાર ન કરે, પણ ગુપ્તપણે બોલાવીને પ્રેમથી સમજાવે કે—જો ભાઈ! આપણો જૈનધર્મ તો મહાન પવિત્ર છે, મહા ભાગ્યે આવો ધર્મ મળ્યો છે, તેમાં તારાથી આવો દોષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ ગયો પણ તું મુંઝાઈશ નહીં, તારા આત્માના શ્રદ્ધા જ્ઞાનમાં દૃઢ રહેજે. જિનમાર્ગ મહા પવિત્ર છે, અત્યંત ભક્તિથી તેની આરાધના વડે તારા દોષને છેદી નાંખજે.—આમ પ્રેમથી તેને ધર્મનો ઉત્સાહ જગાડીને તેના દોષ દૂર કરાવે છે. દોષને છુપાવવામાં કાંઈ તેના દોષને ઉત્તેજન આપવાનો હેતુ નથી પણ તિરસ્કારથી તે જીવ નિરૂત્સાહિત થઈ ન જાય ને બહારમાં ધર્મની નિંદા ન થાય—તે હેતુ છે; તથા ગુણની પ્રીતિવડે શુદ્ધતાની વૃદ્ધિનો હેતુ છે. આવું ઉપગૂહન તથા ઉપબૃંહણ–અંગ છે. આ અંગના પાલન માટે જિનેન્દ્રભક્ત એક શેઠની કથા પ્રસિદ્ધ છે, તે 'સમ્યક્ત્વ-કથા' વગેરેમાંથી જોઈ લેવી. આ રીતે સમ્યક્ત્વના પાંચમા ગુણનું વર્ણન કર્યું.

## * ૬. સ્થિતિકરણ–અંગનું વર્ણન *

કોઈ કષાયવશ, રોગાદિની તીવ્ર વેદનાવશ, કુસંગથી, લોભથી કે અનેકવિધ પ્રતિકૂળતાના પ્રસંગમાં ધર્મી જીવ શ્રદ્ધાથી કે ચારિત્રથી ડગતો હોય કે શિથિલ થતો હોય તો પ્રેમપૂર્વક વૈરાગ્ય–ઉપદેશથી કે બીજા અનેક ઉપાયથી ધર્મમાં તેને સ્થિર કરવો, પોતાના આત્માને પણ ધર્મમાં દૃઢ કરવો ને બીજા સાધર્મીને પણ ધર્મમાં દૃઢ કરવો–તે સ્થિતિકરણ છે. શરીરમાં કોઈ તીવ્ર રોગ આવે, વેપારમાં અચાનક મોટી ખોટ જાય, સ્ત્રી-પુત્રાદિનું મૃત્યુ થયું હોય, વિષયોથી મન ચલિત થતું હોય, કોઈ વિશેષ માન–અપમાનનો પ્રસંગ બન્યો હોય, ત્યાં પોતાના પરિણામને શિથિલ થતા દેખે તો ધર્માત્મા તરત જ્ઞાન–વૈરાગ્યની ભાવના વડે પોતાના આત્માને ધર્મમાં દૃઢ કરે કે અરે આત્મા! આ તને શું થયું? આવો મહા પવિત્ર રત્નત્રયધર્મ પામીને આવી કાયરતા તને શોભતી નથી. તું કાયર ન થા; અંતરમાં શુદ્ધ આત્મસ્વરૂપ દેખ્યું છે તેની ફરી ફરીને ભાવના કર. સંસારના દુર્ધ્યાન વડે તો અનંતવાર નરકાદિનાં તીવ્ર દુઃખો તેં ભોગવ્યાં, માટે હવે દુર્ધ્યાન છોડ ને ચૈતન્યની ભાવના ભાવ.—આમ અનેક પ્રકારના ચિંતનથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર કરે; તથા બીજા સાધર્મીજનોને પણ પોતાના જ સમજીને સર્વ પ્રકારની સહાયથી ધર્મમાં સ્થિર કરે.—એવો ભાવ ધર્માત્માને હોય છે. કોઈને ઉપદેશ વડે ઉત્સાહિત કરે, કોઈને ધનથી પણ મદદ કરે, કોઈને શરીરથી સેવા કરે, કોઈને ધૈર્ય આપે, કોઈને અધ્યાત્મની મહાન ચર્ચા સંભળાવે—એમ સર્વપ્રકારે તનથી-મનથી-ધનથી–જ્ઞાનથી ધર્માત્માની મૂંઝવણ મટાડીને તેને ધર્મમાં દૃઢ કરે. અરે, અનંતકાળે આવો મનુષ્યભવ ને આવો જૈનધર્મ મળ્યો, તેને ચૂકી જશો તો ફરી અનંતકાળે આવો અવસર મળવો કઠણ છે. અત્યારે જરાક પ્રતિકૂળતાના દુઃખથી ડરી જઈને જો ધર્મની આરાધના ચૂકી જશો તો સંસારમાં નરકાદિના અનંત દુઃખ ભોગવવા પડશે. નરકાદિના દુઃખ પાસે તો આ પ્રતિકૂળતા કાંઈ જ હિસાબમાં નથી. માટે કાયર થઈને આર્ત્તપરિણામ ન કરો, વીર થઈને ધર્મધ્યાનમાં દૃઢ રહો. આર્ત્તધ્યાનથી તો ઊલટું વધુ દુઃખ થશે. સંસારમાં તો પ્રતિકૂળતા હોય જ, માટે ધૈર્યપૂર્વક ધર્મધ્યાનમાં દૃઢ રહો. તમે તો મુમુક્ષુ છો, ધર્મના જાણનાર છો, જ્ઞાનવાન છો, તો આ પ્રસંગે દીન થવું શોભતું નથી, વીરતાપૂર્વક આત્માને સમ્યક્ત્વાદિની ભાવનામાં દૃઢપણે જોડો...પૂર્વે અનેક મહાપુરુષો પાંડવો સીતાજી વગેરે થયા તેમને યાદ કરીને આત્માને ધર્મની આરાધનામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્સાહિત કરો.—આમ પોતાના તેમ જ પરના આત્માને સંબોધન કરીને ધર્મમાં સ્થિર કરે છે, તે સમ્યગ્દૃષ્ટિનું સ્થિતિકરણ અંગ છે. પ્રતિકૂળતા આવે ત્યાં મુંઝાઈ ન જાય, તેમ જ બીજા સાધર્મીને મુંઝાવા ન દ્યે. અરે, મરણ આવે કે ગમે તેટલી પ્રતિકૂળતા આવે પણ હું મારા ધર્મથી ડગું નહીં, મારા આત્માની આરાધનાને છોડું નહીં-એમ ધર્મી નિઃશંકપણે દૃઢપરિણામથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર રાખે છે. કોઈ ભય બતાવે, લાલચ બતાવે, તોપણ ધર્મથી ડગતા નથી. મોક્ષનો સાધક થયો તેના આત્મપરિણામમાં આવી દૃઢતા હોય છે.

સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વાદિ નિશ્ચયધર્મમાં જેટલી સ્થિરતા છે તેટલો ધર્મ છે, તે વીતરાગભાવ છે; અને બીજા સાધર્મીને ધર્મમાં સ્થિર કરવાનો જે ભાવ છે તે શુભરાગ છે, તે કાંઈ ધર્મ નથી, પણ ધર્મીને ધર્મપ્રેમનો તેવો ભાવ આવે છે. શ્રેણીકરાજાના પુત્ર વારિષેણમુનિએ પોતાના મિત્રનું મુનિપણામાં સ્થિતિકરણ કર્યું હતું—તેની કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે, તે 'સમ્યક્ત્વ-કથા'માં આપ વાંચી શકશો. આ રીતે સ્થિતિકરણ નામના છઠ્ઠા અંગનું વર્ણન કર્યું.

## ✻ ૭. વાત્સલ્ય-અંગનું વર્ણન ✻

જેમ ગાયને પોતાના વાછરડા ઉપર, કોઈ જાતની આશા વગર નિરપેક્ષ પ્રેમ આવે છે તેમ ધર્મીને બીજા સાધર્મીજનો પ્રત્યે સહેજે પ્રેમ આવે છે, તેમને પોતાનાં જ ગણીને તેમના ઉપર વાત્સલ્ય આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રધારક જીવોનો સમૂહ તે ધર્માત્માનો પોતાનો સમૂહ છે,—તેમને જ તે પોતાના સાચા સ્વજન માને છે. તેમની પ્રાપ્તિ થતાં જાણે કોઈ મહાન નિધાન મળ્યું હોય—એવી અત્યંત પ્રીતિ ઊપજે છે; તેમનો આદર, તેમના ગુણની સ્તુતિ, આહાર-પાન, સેવા વગેરેમાં આનંદ માનવો તે વાત્સલ્યઅંગ છે. કપટથી કોઈને દેખાડવા માટે નથી કરતો, કે કોઈ બદલાની આશાથી નથી કરતો, પણ ધર્મની પ્રીતિને લીધે ધર્મીને એવો પ્રેમભાવ સહેજે આવી જાય છે. જે વીતરાગધર્મને હું સાધું છું તે જ ધર્મને આ સાધી રહ્યા છે, તેથી તે મારા સાધર્મી છે; મારા સાધર્મીને કોઈ દુઃખ ન હો, એને ધર્મમાં કાંઈ વિઘ્ન ન હો;—આ પ્રમાણે સાધર્મી પ્રત્યે વાત્સલ્ય હોય છે. આમાં રાગ તો છે, પણ તે રાગની દિશા સંસાર તરફથી પલટીને ધર્મ તરફ વાળી દીધી છે. સંસારમાં સ્ત્રી-પુત્ર-પૈસા વગેરેનો રાગ તે તો પાપબંધનું કારણ છે, ને સાધર્મી પ્રત્યેના ધર્માનુરાગમાં તો ધર્મની ભાવના પોષાય છે. અંતરંગમાં તો ધર્મીને પોતાના શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ આત્મામાં પરમ પ્રીતિ છે; તેને જ તે પોતાનું સ્વરૂપ જાણે છે; એ પરમાર્થ વાત્સલ્ય છે. ને વ્યવહારમાં રત્નત્રયના ધારક બીજા સાધર્મી જીવોને પોતાના સમજીને તેમના પર પરમ પ્રીતિરૂપ વાત્સલ્ય આવે છે. ધર્માત્મા ઉપર દુઃખ આવે તે ધર્મી જોઈ ન શકે. દરેક પ્રકારે તેને સહાય કરીને તેનું દુઃખ મટાડવાનો ઉપાય કરે.

સમ્યગ્દૃષ્ટિને કોઈપણ જીવ પ્રત્યે વેરભાવ નથી, તો પછી ધર્મી પ્રત્યે તો ઈર્ષા શેની હોય? બીજો જીવ પોતાના કરતાં વધી જાય ત્યાં દ્વેષ ન થાય પણ અનુમોદના અને પ્રેમ આવે. સાધર્મીને અંદરોઅંદર પ્રેમ હોય,—કેવો પ્રેમ? કે માતાને પુત્ર ઉપર પ્રેમ હોય તેવો નિર્દોષ પ્રેમ, ગાયને વાછડી ઉપર પ્રેમ હોય તેવો નિસ્પૃહ પ્રેમ ધર્મીને સાધર્મી પ્રત્યે હોય. અત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એના દુઃખમાં હું મદદ કરીશ, તો ક્યારેક તે બદલો આપશે, ને ખરા વખતે તે મને કામમાં આવશે,—એવી બદલાની આશા ન રાખે, પણ ધર્મના સહજ પ્રેમથી નિસ્પૃહભાવે ધર્મીપ્રત્યે વાત્સલ્ય રાખે. વાછડું કાંઈ મોટું થઈને ગાયની સેવા કરવાનું નથી છતાં ગાયને તેના ઉપર હૈયામાંથી પ્રેમ ઊભરાય છે,—એવું નિસ્પૃહ-વાત્સલ્ય ધર્મીને બીજા ધર્માત્મા પ્રત્યે હોય છે.

જેમ માતા પોતાના પુત્રનું દુઃખ દેખી શકતી નથી; હરણી પોતાનાં બચ્ચાંના પ્રેમની ખાતર તેની રક્ષા કરવા સિંહની સામે થાય છે. સાચી માતાના પ્રેમની એક વાત આવે છે કે એક બાળક માટે બે સ્ત્રીને ઝગડો થયો. ન્યાયાધીશે (સત્યની પરીક્ષા ખાતર) બાળકના બે કટકા કરીને બંનેને એકેક વહેંચી દેવા હુકમ કર્યો. તે સાંભળતાં જ સાચી માતાની તો રાડ ફાટી ગઈ; પુત્રને બચાવવા તેણે કહ્યું—ભલે આખેઆખો પુત્ર એને આપી દો, મારે એના કટકા નથી કરવા. દૃષ્ટાંતમાંથી એટલું લેવાનું છે કે સાચી માતા પુત્રનું દુઃખ જોઈ શકતી નથી, તેને કુદરતી વાત્સલ્ય ઊભરાય છે. પ્રદ્યુમ્નકુમાર ૧૬ વર્ષે ઘરે આવ્યો ત્યારે રુકમણીમાતાના હૈયામાં વાત્યલ્યની ધારા ઊભરાણી. તેમ ખરા પ્રસંગે સાધર્મીનો પ્રેમ છાનો ન રહે. સમ્યગ્દષ્ટિને સમ્યગ્દષ્ટિ પ્રત્યે અંતરનો પ્રેમ હોય; એને દેખતાં, એની વાત સાંભળતાં પ્રેમ આવે. ધર્મનો પ્રેમ હોય તેને ધર્મી પ્રત્યે પ્રેમ હોય જ; કેમકે ધર્મ અને ધર્મી કાંઈ જુદા નથી. [ **–न धर्मो धार्मिकैः विना ।** ]

આ તો સમ્યગ્દર્શન સહિતના આઠ અંગની વાત છે; પરંતુ તે પહેલાં પણ ધર્મના જિજ્ઞાસુને ધર્મ પ્રત્યેનું વાત્સલ્ય, ધર્માત્માનું બહુમાન વગેરે ભાવો હોય છે. મોક્ષનું ખરું કારણ તો અંદરમાં પરદ્રવ્યથી ભિન્ન પોતાના આત્માની રુચિ ને જ્ઞાન કરવું તે છે. સમ્યગ્દર્શન વગરના શુભભાવથી મોક્ષમાર્ગ થતો નથી. સમ્યગ્દર્શન પછી પણ જે રાગ છે તે કાંઈ મોક્ષમાર્ગ નથી, મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવ જ છે. જ્યાં રાગની ભૂમિકા છે ત્યાં આવા વાત્સલ્યાદિ ભાવો જરૂર આવે છે. (આ વાત્સલ્યઅંગના પાલનમાં ૭૦૦ મુનિવરોની રક્ષા કરનાર વિષ્ણુ-મુનિરાજની કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે, તે 'સમ્યક્ત્વ-કથા' વગેરેમાં જોઈ લેવી.) આ રીતે સાતમા વાત્સલ્યઅંગનું વર્ણન પૂરું થયું.

## * ૮. પ્રભાવના-અંગનું વર્ણન *

જિનમાર્ગદ્વારા પોતાના જ્ઞાનાનંદસ્વભાવી આત્માને જાણીને તેની 'પ્ર-ભાવના' ઉત્કૃષ્ટભાવના તો ધર્મી કરે જ છે, ને વ્યવહારમાં પણ આવા જિનમાર્ગનો મહિમા જગતમાં કેમ પ્રસિદ્ધ થાય ને જગતના જીવો આવો ધર્મ કેમ પામે—એવો પ્રભાવનાનો ભાવ ધર્મીને હોય છે. તે પોતાની સર્વ શક્તિથી, જ્ઞાન-વિદ્યા-વૈભવ-તન-મન-ધન-દાન-શીલ-તપ વગેરેથી ધર્મપ્રભાવના કરે છે. કોઈ વિશેષ શાસ્ત્ર દ્વારા, તીર્થ દ્વારા, ઉત્તમ જિનાલય દ્વારા તથા અનેક મહોત્સવ દ્વારા પણ પ્રભાવના કરે છે; અત્યારે તો જીવોને સાચું તત્ત્વજ્ઞાન મળે—તેવી પ્રભાવનાની ખાસ જરૂર છે. કુંદકુંદાચાર્યદેવે સમયસાર વગેરે અધ્યાત્મશાસ્ત્રોની રચના દ્વારા જિનશાસનની મહાન પ્રભાવના કરી છે, ને લાખો જીવો ઉપર ઉપકાર કર્યો છે. સમંતભદ્રસ્વામી, અકલંકસ્વામી વગેરેએ પણ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે. ધર્મ ઉપર સંકટ આવે ત્યાં ધર્મી જીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છાન્યો ન રહે, જેમ શૂરવીર યોદ્ધો યુદ્ધમાં છાનો ન રહે, તેમ ધર્માત્મા ધર્મપ્રસંગે છાનો ન રહે; ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય એવા કાર્યોમાં તે ઉત્સાહથી પોતાની મેળે જ વર્તે. દેવ-ગુરુ-શાસ્ત્રના કાર્યોમાં, તીર્થોના કાર્યમાં કે સાધર્મીજનોના કાર્યમાં પોતાની શક્તિ અનુસાર હોંશથી પ્રવર્તે. આવો શુભરાગ હોય છે, છતાં તેની મર્યાદા પણ જાણે છે કે આ રાગ છે તે કાંઈ મને મોક્ષનું સાધન નથી. રાગ વડે મને કે બીજાને લાભ નથી. એટલે તેને રાગની ભાવના નથી પણ વીતરાગમાર્ગની પ્રભાવના અને પુષ્ટિની જ ભાવના છે. અહા, આવો સુંદર વીતરાગમાર્ગ! ને આવા માર્ગને સાધનારા આ મારા સાધર્મી ભાઈ! આમ પોતાના સાધર્મી ભાઈ-બેન પ્રત્યે ઉમળકો આવે છે. તે સાધર્મીનો અપવાદ થવા ન દે. વાહ, જુઓ તો ખરા! અંતર્દૃષ્ટિપૂર્વક વીતરાગમાર્ગમાં વ્યવહારનો પણ કેટલો વિવેક છે! આવો વ્યવહાર પણ અંદરમાં યથાર્થ માર્ગનું ભાન કરે તેને જ સમજાય તેમ છે. સમ્યક્ત્વના આ આઠે અંગ દ્વારા ધર્મીજીવ પોતામાં વીતરાગમાર્ગની પુષ્ટિ કરે છે, તેની અનુમોદના કરે છે, તેનો મહિમા વધારે છે, ને સર્વ પ્રકારે તેની પ્રભાવના કરે છે. પ્રભાવના-અંગ માટે વજ્રમુનિનું ઉદાહરણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. આ રીતે સમ્યક્ત્વના આઠ અંગ કહ્યા. આવા આઠ ગુણો સહિત શુદ્ધ સમ્યક્ત્વને આરાધવું, અને તેનાથી વિરુદ્ધ જે શંકાદિ આઠ દોષો તેનો ત્યાગ કરવો.

સમ્યગ્દૃષ્ટિને જ માર્ગની સાચી પ્રભાવના હોય છે. જેણે ધર્મનું સાચું સ્વરૂપ જાણ્યું હોય તે જ તેની પ્રભાવના કરી શકે; ધર્મને જે ઓળખતો જ નથી તે પ્રભાવના શેની કરશે? અહો, જિનમાર્ગ કોઈ અદ્ભુત અલૌકિક છે; ઇન્દ્રો-ચક્રવર્તીઓ ને ગણધરો પણ જેને ભક્તિથી આદરે છે—એ વીતરાગમાર્ગની શી વાત! આવો માર્ગ, અને તેને આદરનારા સાધર્મીઓનો યોગ મળવો બહુ દુર્લભ છે. આવા માર્ગને પામીને પોતાનું હિત કરી લેવા જેવું છે. જેટલો રાગભાવ છે તેને ધર્મી પોતાના સ્વાત્મકાર્યથી ભિન્ન જાણે છે, ને નિશ્ચય સમ્યક્ત્વાદિ વીતરાગભાવને જ સ્વધર્મ જાણીને આદરે છે. ધર્મનું આવું સ્વરૂપ સમજીને તેની પ્રભાવના કરે છે. જેઓ એકલા વ્યવહારના શુભ વિકલ્પોને જ ધર્મ માની લ્યે છે, ને રાગ વગરના નિશ્ચયધર્મને સમજતા નથી તેઓને તો પોતામાં પણ જરાય ધર્મ નથી, એટલે સાચી ધર્મ-પ્રભાવના પણ તેમને હોતી નથી. પોતામાં ધર્મ હોય તો તેની પ્રભાવના કરે ને? અહીં તો અંતરમાં પોતાના શુદ્ધાત્માનો અનુભવ કરીને નિશ્ચયધર્મ સહિતના વ્યવહારની વાત છે. અરે, વીતરાગના સત્યમાર્ગને ભૂલીને અજ્ઞાનથી કુમાર્ગના સેવનવડે જીવો પોતાનું અહિત કરી રહ્યા છે, તેઓ જ્ઞાનવડે સાચો માર્ગ પામે અને પોતાનું હિત કરે-એવી ભાવનાથી ધર્મીજીવ જ્ઞાનના પ્રચારવડે સત્યધર્મની પ્રભાવના કરે છે; સત્યમાર્ગ પોતે જાણ્યો છે તેની પ્રભાવના કરે છે.

ધર્મીને આવા આઠ અંગરૂપ વ્યવહાર હોય છે, છતાં તે વ્યવહારના અવલંબને કાંઈ શુદ્ધિની વૃદ્ધિ કે મોક્ષનો માર્ગ નથી, મોક્ષનો માર્ગ તો અંતરમાં જે શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર વર્તે છે તે જ છે; તે જ મુખ્ય છે, ને બીજાને મોક્ષમાર્ગ કહેવો તે તો ઉપચાર છે.-આ રીતે નિશ્ચય-વ્યવહાર બંને એકસાથે છે, આગળ-પાછળ નથી.

આત્મા પરદ્રવ્યોથી ભિન્ન, શાંત-વીતરાગ-ચિદાનંદ સ્વભાવરૂપ છે, તેને ઓળખીને તેમાં 'આ જ હું છું' એવો ભાવ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. શરીર-મન-વાણી ને રાગ-દ્વેષથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાર થઈને, ભેદવિકલ્પોથી પણ પાર થઈને, અંતરમાં પોતાના શુદ્ધ એકત્વસ્વરૂપમાં સ્વસન્મુખ દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે, તે મોક્ષમહેલનું પહેલું પગથિયું છે, ત્યાંથી જ મોક્ષમાર્ગરૂપ ધર્મની શરૂઆત થાય છે. જન્મ-મરણના નાશના ઉપાયમાં પહેલું જ સમ્યગ્દર્શન છે; એના વગરનું બધુંય જાણપણું ને બધી ક્રિયાઓ નિરર્થક છે. કોઈ પુણ્યથી-શુભરાગથી આવું સમ્યગ્દર્શન થતું નથી; અંતરમાં શુદ્ધતત્ત્વ છે તેને જ્ઞાનમાં અનુભવમાં લઈને નિઃશંક શ્રદ્ધા કરતાં સમ્યક્દર્શન થાય છે. આવા નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે સાચા દેવ-ગુરુ-ધર્મની ઓળખાણ, નવતત્ત્વની ઓળખાણ, તથા નિઃશંકતાદિ આઠ ગુણ-વગેરે વ્યવહાર કેવો હોય છે તે બતાવ્યું. આ જાણીને મુમુક્ષુ જીવોએ આઠ અંગ સહિત શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરવું, ને શંકાદિક દોષોને છોડવા. ૧૨-૧૩

ઈસ સંસારમેં અનાદિકાલસે ફિરતે હુએ જીવોંને સમસ્ત જીવોંકે સાથ પિતા, પુત્ર, ભ્રાતા, માતા, સ્ત્રી, આદિ સંબંધ અનેકવાર પાયે હૈ. ઐસા કોઈ ભી જીવ વા સંબંધ બાકી નહીં રહા, જો ઇસ જીવને ન પાયા હો. (શ્રી જ્ઞાનાર્ણવ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સમ્યગ્દૃષ્ટિનું પચ્ચીસ દોષથી રહિતપણું

પરદ્રવ્યોથી ભિન્ન પોતાના શુદ્ધઆત્માની પ્રતીતિ કરીને જેને સમ્યગ્દર્શન થયું છે, જે મોક્ષમાર્ગી થયો છે એવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માનું આ વર્ણન છે. તે સમ્યગ્દૃષ્ટિને નિઃશંકતાદિ આઠ અંગ હોય છે ને તેનાથી વિરુદ્ધ એવા શંકાદિ આઠ દોષ હોતાં નથી એનું વર્ણન કર્યું; તે ઉપરાંત આઠ મદ વગેરે દોષ પણ તેને હોતાં નથી—એનું કથન કરે છે:—

[ ગાથા ૧૩ (ઉત્તરાર્દ્ધ) તથા ૧૪ ]

पिता भूप वा मातुल नृप जो होय न तो मद ठानै ।
मद न रूपको मद न ज्ञानको धन–बलको मद भानै ॥ १३ ॥
तपको मद न मद जु प्रभुताको करै न सो निज जाने ।
मद धारे तो यही दोष वसु समकितको मल ठाने ॥
कुगुरु–कुदेव–कुवृष–सेवककी नहिं प्रशंस उचरे है ।
जिन-मुनि-जिनश्रुत विन कुगुरादिक तिन्हें न नमन करे है ॥ १४ ॥

સમ્યક્ત્વના કુલ પચ્ચીસ દોષ છે; સમ્યગ્દૃષ્ટિને તે પચ્ચીસ દોષ હોતાં નથી તેનું આ વર્ણન છે.

(૧–૮) શંકા વગેરે આઠ દોષ :–પહેલાં નિઃશંકતા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ ગુણ કહ્યા હતા, તેનાથી વિરુદ્ધ તે આઠ દોષ છે; તે આ પ્રમાણે–શંકા, કાંક્ષા, દુગંછા, મૂઢતા, અનુપગૂહન, અસ્થિતિકરણ, અવાત્સલ્ય અને અપ્રભાવના.

(૧) સમ્યગ્દૃષ્ટિજીવ જિનમાર્ગમાં કદી સંદેહ કરતો નથી;

(૨) ધર્મના ફળમાં સંસાર–ભોગને વાંછતો નથી;

(૩) શરીરાદિ ગમે તેવા હોય તોપણ ધર્માત્માના ગુણો પ્રત્યે કદી ઘૃણા કરતો નથી;

(૪) સાચા દેવ–ગુરુ–ધર્મ કેવા છે? સત્યમાર્ગ શું ને કુમાર્ગ શું તેનો વિવેક કરવામાં કદી મુંઝાતો નથી; બરાબર પરીક્ષા કરીને સત્યમાર્ગને જ આદરે છે, કુમાર્ગોને છોડે છે;

(૫) પોતાના ગુણોની પ્રસિદ્ધિ ચાહતો નથી ને બીજા ધર્માત્માના દોષ દેખીને તેની નિંદા કરતો નથી, પણ દોષ ઢાંકીને યુક્તિથી તે દૂર કરે છે ને ધર્મની વૃદ્ધિ કરે છે;

(૬) પોતે કે બીજા સાધર્મી ધર્મમાર્ગથી ડગે તેવું કદી કરતો નથી, પણ સ્વ–પરને ધર્મમાર્ગમાં દૃઢ કરે છે;



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(૭) ધર્મનો કે ધર્માત્માનો અપવાદ થાય તેવું કરતો નથી, પણ વાત્સલ્ય વડે પ્રશંસા–આદર કરે છે; અને–

(૮) લોકમાં જૈનધર્મ નિંદાય એવું કદી કરતો નથી પણ તેની પ્રભાવના થાય ને તેનો મહિમા પ્રસિદ્ધ થાય તેવું કરે છે.

આ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ જીવ શંકાદિ આઠ દોષ રહિત અને નિઃશંકતાદિ આઠ ગુણ સહિત સમ્યક્ત્વને આરાધે છે. તે ઉપરાંત તેને આઠ મદ હોતા નથી.

(૯–૧૬) આઠ મદ :–કુળમદ, જાતિમદ, રૂપમદ અર્થાત્ શરીરમદ, વિદ્યામદ અર્થાત્ જ્ઞાનમદ, ધનમદ અર્થાત્ ઋદ્ધિમદ, બળમદ, તપમદ અને અધિકારમદ એટલે કે પૂજાનો મદ. આવા આઠ પ્રકારના મદરૂપ આઠ દોષ સમ્યગ્દૃષ્ટિને હોતાં નથી.

(૧૭–૨૨) છ અનાયતન :–કુદેવ તથા તેને સેવનારા, કુગુરુ તથા તેને સેવનારા, કુધર્મ તથા તેને સેવનારા,—આ છએ ધર્મને માટે અસ્થાન છે, તેથી તે અનાયતન છે, તેનામાં ધર્મ હોતો નથી; તેનું સેવન તો ધર્મીજીવને હોય જ નહિ, અને તેની પ્રશંસા પણ મનથી, વચનથી કે કાયાથી ધર્મીજીવ કરે નહિ. આ રીતે છ અનાયતનની પ્રશંસારૂપ છ દોષ સમ્યગ્દૃષ્ટિને હોતાં નથી.

(૨૩–૨૫) ત્રણ મૂઢતા :–મૂઢલોકમાં દેવના નામે, ગુરુના નામે અને શાસ્ત્રના નામે અનેક વિપરીતતાઓ ચાલતી હોય છે, પણ ધર્મીજીવ દેવ–ગુરુ–શાસ્ત્ર સંબંધી કોઈ મૂઢતાને સેવતો નથી; વીતરાગમાર્ગના જિનેશ્વરદેવ, રત્નત્રયધારક જિનમુનિ ગુરુ, અને તેમના કહેલાં વીતરાગતાપોષક જિનશાસ્ત્રો, તેને જ માને છે, તેનો જ આદર–સત્કાર, નમસ્કાર કરે છે. એ સિવાય બીજા કોઈ કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રને સ્વપ્નેય માનતો નથી, તેને નમન વગેરે કરતો નથી. આ રીતે ત્રણ મૂઢતારૂપ ત્રણદોષ સમ્યગ્દૃષ્ટિને હોતાં નથી.

શંકાદિક આઠદોષ, આઠમદ, છ અનાયતન તથા ત્રણ મૂઢતા—આ પ્રમાણે પચ્ચીસ દોષને છોડીને, નિઃશંકતાદિ આઠગુણ સહિત સમ્યગ્દર્શનને હે જીવો તમે ભક્તિપૂર્વક ધારણ કરો; તે મોક્ષનું મૂળ છે.

સમ્યગ્દૃષ્ટિને પોતાના અચિંત્ય ચૈતન્યવૈભવ પાસે જગતમાં બીજા કોઈની મહત્તા ભાસતી નથી, તેથી તેને ક્યાંય મદ હોતો નથી; એ રીતે તેને આઠમદનો અભાવ હોય છે, તેનું અહીં વર્ણન કરે છે—

## * ૧–૨. કુળમદ તથા જાતિમદ *

પિતાના પક્ષને કુળ, અને માતાના પક્ષને જાતિ કહેવાય છે; પણ માતા-પિતા એ તો જડ શરીરનો સંબંધ છે, તેની મોટાઈનાં અભિમાન શા? હું તો શરીરથી જુદો ચૈતન્યમૂર્તિ છું; માતા–પિતાને કારણે કાંઈ મારી મોટાઈ નથી. માતા કોઈ મોટા ઘરની હોય કે પિતા કોઈ મોટા રાજા–મહારાજા હોય તેને કારણે ધર્મી પોતાની મોટાઈ માનતા નથી, એટલે તેને જાતિમદ કે કુળમદ હોતો નથી. અરે, અમારી જાતિ તો ચૈતન્યજાતિ છે, દેહની જાતિ અમારી છે જ નહીં, પછી તેનો મદ કેવો? હું જ્ઞાનસ્વરૂપ છું; જ્ઞાનસ્વરૂપ મારા આત્માને કોઈએ

ઉપજાવ્યો નથી, પછી મારે જાતિ-કુળ કેવા? ચૈતન્ય મારી જાતિ, અને જ્ઞાન-દર્શનસ્વભાવ જ મારું કુળ છે. આ રીતે ધર્મીને પિતા કે પુત્રાદિ કોઈ મહાન હોય તો તેનું અભિમાન થતું નથી; તેમ જ પિતા વગેરે દરિદ્ર હોય તો તેથી હીનતા પણ થતી નથી. એ બધા સંયોગથી અત્યંત ભિન્ન ચૈતન્યસ્વરૂપે જ પોતાને દેખ્યો છે. અરે, મારા ચૈતન્યની અધિકતાથી બીજું કોણ અધિક છે-કે જેનો હું મદ કરું? મારા ચૈતન્યના તેજ પાસે ચક્રવર્તીપદ પણ ઝાંખું લાગે છે, તેમાં મારી મોટાઈ નથી. ચક્રવર્તીપદ તો રાગનું ફળ છે. કયાં અનંતગુણમય ચૈતન્યપદ, અને કયાં વિકારનું ફળ! જેણે પરમેશ્વરની જાતિરૂપે પોતાને દેખ્યો તેને હવે કઈ ખામી રહી કે બહારમાં દેહની જાતિ વગેરેમાં પોતાપણું માને? ચૈતન્યજાતિ પાસે જડ-દેહની જાતિનાં અભિમાન કેવા? દેહ હું છું જ નહીં, હું તો ચૈતન્ય જ છું—આવા સમ્યક્ ભાનમાં ધર્મીને શરીરાદિસંબંધી મદ હોતા નથી. મિથ્યાત્વરૂપ દોષ તો ધર્મીને હોય જ નહિ. અને સમ્યક્ત્વના અતિચારરૂપ દોષને પણ તે દૂર કરે છે, તેનો આ ઉપદેશ છે. નિશ્ચય સમ્યગ્દર્શન સાથે આવો ચોક્ખો વ્યવહાર હોય છે, તેમાં સહેજ પણ અતિચાર લાગે તો તે દોષ છે—એમ સમજીને તેનો ત્યાગ કરવો જોઈએ. ધર્મનાં સ્થાન તો વીતરાગી અરિહંતદેવ, નિર્ગ્રંથ મુનિગુરુ અને વીતરાગી શાસ્ત્ર છે, તેમાં ધર્મીજીવ શંકા કરે નહિ અને તેનાથી વિરુદ્ધ હોય તેને કોઈ પ્રકારે આદરે નહીં. પ્રાણ જાય કે ગમે તેટલી પ્રતિકૂળતા આવે તોપણ વીતરાગી દેવ-ગુરુની શ્રદ્ધા છોડે નહિ, એટલે તેને સમ્યક્ત્વમાં શંકાદિક દોષ હોતાં નથી.

સંસારમાં ભ્રમણ કરતો જીવ શુભાશુભકર્મવશ ઊંચકુળમાં તેમ જ નીચકુળમાં અનંતવાર અવતરી ચુક્યો છે, એ તો ક્ષણિક સંયોગ છે. શાશ્વત આત્માને આ અવતારનાં અભિમાન શા? અવતાર ધારણ કરવો તે તો શરમ છે. ઊચ્ચકુળ પામ્યાનું ફળ તો એ છે કે રત્નત્રયનાં ઉત્તમ આચરણવડે આત્માને મોક્ષમાર્ગમાં જોડવો, ને મિથ્યાત્વાદિ પાપનાં અધમ આચરણને છોડવા. બાકી ઉત્તમકુળમાં અવતરીને પણ જો અભક્ષ્યભક્ષણ વગેરે નિંદ્ય કાર્ય કરે તો તે નરકમાં જ જાય; ઊંચું કુળ કાંઈ નરકમાં જતાં રોકે નહીં. —આમ વિચારી ધર્મીજીવ કુળ કે જાતિના મદને છોડે છે.

❀ એક વૈરાગીબાળક માતા પાસે દીક્ષાની રજા માંગે છે.

❀ ત્યારે માતા કહે છે—બેટા! તને દીક્ષાની રજા તો આપું, પણ એક શરતે!

❀ પુત્ર કહે છે—કહો માતા, કઈ શરત?

❀ માતા કહે છે—દીક્ષા લીધા પછી એવી આત્મસાધના કર કે ફરીને બીજી માતા ન કરવી પડે; એટલે હું તારી છેલ્લી જ માતા હોઉં!—આ શરતે હું તને દીક્ષાની રજા આપું છું.

❀ પુત્ર કહે છે—ધન્ય માતા! અપ્રતિહત સાધના કરીને હું કેવળજ્ઞાન પ્રગટ કરીશ, ને ફરીને આ સંસારમાં અવતાર નહીં લઉં; ફરીને બીજી માતા નહીં કરું.

જુઓ, સંસારમાં માતાના પેટે અવતાર ધારણ કરવો એ તો કલંક છે; એનાં મદ શા? ચૈતન્યમૂર્તિ અશરીરી ભગવાનને માતા-પિતાના સંબંધથી ઓળખાવવો પડે તે તો શરમ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેણે અશરીરી ચૈતન્યતત્ત્વ અનુભવમાં લીધું તેને માતા-પિતા સંબંધી મોટાઈનો મદ હોતો નથી. આ રીતે ધર્મીને જાતિમદ તથા કુળમદનો અભાવ છે.

### ❋ ૩. રૂપમદ ❋

શરીરના રૂપનો ગર્વ સમ્યગ્દષ્ટિને હોતો નથી. આત્માનું રૂપ તો જ્ઞાન છે; ધર્મીજીવ શરીરથી ભિન્ન પોતાના જ્ઞાનરૂપને દેખે છે. આ ચામડાના શરીરનું રૂપ તે અમારું રૂપ નથી, એ તો ક્ષણમાં નાશ પામી જાય કે સડી જાય તેવું છે, એનો ગર્વ કોણ કરે? આ રીતે ધર્મીને સુંદર રૂપનો ગર્વ નથી; તેમ જ કોઈ ગુણવાનનું શરીર કુરૂપ-કાળું કૂબડું હોય તો તેના પ્રત્યે તિરસ્કાર પણ નથી. સુંદર રૂપવાળો પણ જો પાપ કરે તો દુર્ગતિમાં જ જાય. માટે શરીરના રૂપથી કાંઈ આત્માની શોભા નથી. સમ્યગ્દર્શન પ્રગટ્યું છે તે જ આત્માનું સાચું મહાન શ્રેષ્ઠ આભૂષણ છે, તેનાથી આત્મા ત્રણલોકમાં શોભે છે.

શરીરથી પોતાના આત્માને ભિન્ન જાણ્યો છે એટલે શરીર રૂપાળું હોય તો-તેના વડે પોતાની અધિકતા ભાસતી નથી, ને શરીર કદરૂપું હોય તો હીનતા પણ થતી નથી. એ રૂપ તો જડનું છે, તે રૂપ મારું છે જ નહીં, પછી તેના અભિમાન શા? મારું તો ચૈતન્ય રૂપ છે, ચૈતન્યના રૂપથી ઊંચું જગતમાં કોઈ નથી. વીતરાગી ચૈતન્ય-રૂપ વડે મારી શોભા છે. શુભરાગ પણ મારા રૂપથી કદરૂપ છે, ને શરીરનું રૂપ તો પુદ્‌ગલની રચના છે. આવા ભાનમાં ધર્મીને રૂપનો મદ હોતો નથી.

### ❋ ૪. વિદ્યામદ અર્થાત્ જ્ઞાનમદ ❋

કોઈ વિદ્યા આવડે કે શાસ્ત્રનું જાણપણું હોય તેનો ઘમંડ ધર્મીને હોય નહીં. અહા, ક્યાં પરમ અતીન્દ્રિય કેવળજ્ઞાન! ને ક્યાં આ અલ્પજ્ઞાન? કેવળજ્ઞાનના અચિંત્ય સામર્થ્ય પાસે તો આ જ્ઞાન અનંતમા ભાગનું છે. ચૈતન્યવિદ્યાનો આખો દરિયો જેણે દેખ્યો તેને ખાબોચિયા જેવા જાણપણાનો મહિમા કે મદ થતો નથી. આ તો જે જ્ઞાની છે, જેને વિશેષ જ્ઞાનાદિ વિદ્યા ખીલી છે અને છતાં તેનો મદ નથી-તેની વાત છે. જે અજ્ઞાની છે, અને વિશેષ જ્ઞાનાદિ ન હોવા છતાં શાસ્ત્રાદિના થોડાક જાણપણામાં ઘણો મદ કરે છે તેને તો આત્માના અપાર જ્ઞાનસામર્થ્યની ખબર જ નથી, તે તો જરાક જાણપણામાં અટકી જાય છે. બાપુ! તારા એવા ઇન્દ્રિયજ્ઞાનની મોક્ષમાર્ગમાં કાંઈ કિંમત નથી. એ ઇન્દ્રિયજ્ઞાન તો ક્ષણિક વિનાશી છે. ૧૪ પૂર્વનું સમ્યગ્જ્ઞાન તે પણ આત્માની કેવળજ્ઞાનવિદ્યા પાસે તો અનંતમા ભાગનું છે, તો તારા બાહ્ય ભણતરની શી ગણતરી? ૧૪ પૂર્વમાં તો અગાધ જ્ઞાન છે, તે ભાવલિંગી મુનિને જ થાય છે. ધર્મીને શાસ્ત્ર-ભણતર વગેરે હોય પણ તેની તેને મુખ્યતા નથી, તેને તો જ્ઞાનચેતના વડે અંતરમાં પોતાના આત્માને અનુભવવો તેની જ મુખ્યતા છે. ચૈતન્યસ્વભાવને જ્ઞાનચેતનામાં લીધા વગરનું બધું ભણતર તો થોથાં જેવું છે. ધર્મીને કદાચ બીજું જાણપણું ઓછું હોય પણ અંદર ચેતના વડે ભગવાન આત્માને જાણી લીધો—તેમાં બધુંય આવી ગયું.

જરાક જાણપણું થાય ત્યાં તો, અમને બધું આવડે છે ને બીજાને નથી આવડતું—એવી ઘમંડબુદ્ધિથી અજ્ઞાની બીજા ધર્માત્માનો પણ અનાદર કરી નાંખે છે. કેવળજ્ઞાનવિદ્યાનો સ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા કેવો છે એની એને ખબર નથી એટલે તે ઇન્દ્રિયજ્ઞાનમાં રાચી રહ્યો છે. કેવળજ્ઞાન-સ્વભાવને જાણે તો ઇન્દ્રિયજ્ઞાનનું અભિમાન થાય નહીં. ઇન્દ્રિયજ્ઞાન તો પરાધીનજ્ઞાન, તેની હોંશ શી?

અહો, વીતરાગી શ્રુતનું જ્ઞાન તો વીતરાગતાનું કારણ છે, તે માનાદિ કષાયનું કારણ કેમ થાય? માટે જૈનધર્મના આવા દુર્લભ જ્ઞાનને પામીને આત્માને માનાદિ કષાયભાવોથી છોડાવવો, ને જ્ઞાનના પરમ વિનયપૂર્વક સંસારના અભાવનો ઉદ્યમ કરવો.—એ રીતે જે પોતાના જ્ઞાનને મોક્ષમાર્ગમાં જોડે છે તે ધર્મીને જ્ઞાનમદ કે વિદ્યામદ હોતો નથી.

અરે, મારો ચૈતન્યભગવાન મેં મારામાં દેખ્યો, તેની પૂર્ણ પરમાત્મદશા પાસે બીજા કોનાં અભિમાન કરું? ક્યાં સર્વજ્ઞદશા! ક્યાં મુનિઓની વીતરાગી ચારિત્રદશા! ને ક્યાં મારી અલ્પદશા! સ્વભાવથી પૂરો પરમાત્મા હોવા છતાં જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામું ત્યાં સુધી હું નાનો જ છું;—આમ દૃષ્ટિમાં પ્રભુતા, ને પર્યાયમાં પામરતા–બંનેનો ધર્મીને વિવેક છે.

## * ૫. ધનમદ અથવા ઋદ્ધિનો મદ *

અંદરમાં પોતાનો ચૈતન્યવૈભવ જેણે દેખ્યો છે એવા ધર્માત્મા બહારના વૈભવને પોતાનો માનતા જ નથી પછી તેનો મદ કેવો? દરિયા જેવો પૂર્ણાનંદ પોતામાં ઊછળે છે એનું ભાન થયું ત્યાં બીજે બધેથી મદ ઊડી ગયો. માતા–પિતા–ધન–શરીર–પુત્ર–રાજપદ–પ્રધાનપદ એ તો બધા કર્મકૃત છે, એનાં અભિમાન શા? જે રાગ અને પુણ્યથી પોતાના ચૈતન્યમૂર્તિ આત્માને જુદો અનુભવ્યો છે તે રાગનાં ને પુણ્યફળનાં અભિમાન શા? એ તો બધી કર્મસામગ્રી છે, તેમાં કાંઈ મારો ધર્મ નથી. જેને ધર્મનું ભાન થયું તેને કર્મસામગ્રીમાં અહંપણું કેમ રહે? કર્મસામગ્રી વડે (એટલે કે પુણ્યનાં ફળવડે) જેને પોતાની મોટાઈ ભાસે છે તેણે કર્મથી ભિન્ન પોતાનો ચૈતન્યવૈભવ દીઠો નથી. ધર્મી જાણે છે કે એ વૈભવ અમારો નથી, એ તો ઉપાધિ છે; અમારા આત્માનો વૈભવ તો કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયથી ભરપૂર અક્ષય–અખંડ–અવિનાશી છે. માતા–પિતા મહાન હોય કે બહારમાં પુણ્યવૈભવના ઢગલા હોય તેમાં મને શું?—એ તો બધી કર્મની સામગ્રી, તે અમારી જાત નહીં. અમે તો સિદ્ધભગવંતોની જાતના, અને તીર્થંકરોના કુળના છીએ, તેમના કેડાયતી છીએ, તેમના માર્ગે ચાલનારા છીએ. સિદ્ધ અને તીર્થંકરભગવંતો જેવા જ આત્માના વૈભવના અમે સ્વામી છીએ. અમારો આત્મા ચૈતન્યદેવ, તે જ અમારી મહત્તા છે; આ ચૈતન્યદેવ સ્વયં મહિમાવંત, જગતમાં સૌથી મહાન છે; એના સિવાય જગતના કોઈ પદાર્થ વડે અમને અમારી મહત્તા ભાસતી નથી. ચૈતન્યનું ઐશ્વર્ય જેણે દેખ્યું નથી તે કોઈ ને કોઈ પરના બહાને મીઠાશ લ્યે છે. જેમ લીંબોળીનો ઢગલો ભેગો કરીને એમ માને કે મારે કેટલો બધો વૈભવ!—એ તો બાળક છે, રાજા એમ ન કરે. તેમ બહારમાં પુણ્યનાં ઠાઠ તે તો લીંબોળી જેવા કડવા વિકારનાં ફળ છે, બાળકબુદ્ધિ જેવો અજ્ઞાની તેને પોતાનો વૈભવ માને છે; પણ રાજા જેવો સમ્યગ્દૃષ્ટિ–જેણે પોતાના સાચા ચૈતન્યનિધાનને પોતામાં દેખ્યા છે–તે કદી પુણ્યફળવડે પોતાની મહત્તા સમજતો નથી, એને તો તે ધૂળના ઢગલા જેવા પુદ્‌ગલપિંડ સમજે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભરત ચક્રવર્તીને છ ખંડનો રાજવૈભવ હતો છતાં તે જાણતા હતા કે અમારા ચૈતન્યના અખંડ વૈભવ સિવાય બીજું કાંઈ એક રજકણ માત્ર પણ અમારું નથી, તેના સ્વામી અમે નથી. અમે છ ખંડના સ્વામી નથી પણ અખંડ આત્માની અનુભૂતિના સ્વામી છીએ. એમ ચૈતન્યની અનુભૂતિમાં તે બહારના વૈભવને અડવા પણ દેતા ન હતા. અતીન્દ્રિયજ્ઞાનવડે આત્મસંપદાના અચિંત્ય વૈભવનું સ્વસંવેદન જેણે કર્યું તેને જડનાં કે વિકારનાં ફળનાં અભિમાન ક્યાંથી રહે? આમ ધર્મીને ધનમદ થતો નથી, તેમ જ બીજા કોઈ ધર્માત્મા-ગુણવાન જીવ અશુભકર્મના ઉદયવશ દરિદ્ર હોય તો તેના પ્રત્યે તેને અવજ્ઞા કે તિરસ્કારબુદ્ધિ થતી નથી. અરે, આત્માના ચૈતન્યનિધાન પાસે જગતના વૈભવને તૂચ્છ-સડેલા તરણાં જેવા સમજીને, ક્ષણમાં તેને છોડીને, ચૈતન્યના કેવળજ્ઞાનનિધાનને સાધવા માટે અનેક મુમુક્ષુજીવો મુનિ થઈને વનમાં ચાલ્યા ગયા. અજ્ઞાનીઓ એ ધન વગેરે જડસામગ્રી પાસે પોતાના સુખની ભીખ માંગે છે, જ્ઞાની તો તેને છોડીને પોતાના ચૈતન્યસુખને સાધે છે. અજ્ઞાનીને પુણ્યકર્મના ઉદયથી કંઈક ધન વગેરે સામગ્રી મળે ત્યાં તો અભિમાન થઈ જાય કે અમે કેવા મોટા થઈ ગયા? અરે બાપુ! તારા એ અભિમાનને ઓગાળી નાંખ, ને તારા ચૈતન્યનિધાનને દેખ. આત્માની ચૈતન્યસંપદા પાસે તારી આ જડવિભૂતિની શું કિંમત છે? અગાધ ચૈતન્યનિધાનને દેખતાં આખા જગતનાં અભિમાન ઓગળી જાય છે, તેમાં ક્યાંય મહત્તા ભાસતી નથી.

જુઓ તો ખરા, સંતોએ આત્માના વૈભવને કેવો મલાવ્યો છે! એવો વૈભવ અંદરમાં છે જ, તે બતાવ્યો છે. આવા વૈભવવાળા પોતાના આત્માને જ્યાં અનુભવ્યો ત્યાં ધર્મીને બહારના ધન વગેરે વૈભવનો મદ રહેતો નથી.

## * ૬. બળમદ *

દેહ જ હું નથી, ત્યાં તેના બળનું અભિમાન કેવું? મારો આત્મા અનંત ચૈતન્યબળનો ધારક છે, તેનું ભાન તો થયું છે, ને તેની આરાધનામાં ધ્યાનવડે એવો એકાગ્ર થાઉં કે ગમે તેવા ઉપસર્ગ-પરિષહ વચ્ચે પણ ચલાયમાન ન થાઉં, આવી વીતરાગી ક્ષમાદશા પ્રગટ કરું તે આત્માનું સાચું બળ છે. શરીરનું બળ કાંઈ આત્માને સાધવામાં કામ નથી આવતું.

જોકે તીર્થંકરોને શરીરનું બળ પણ બીજા કરતાં ઉત્કૃષ્ટ હોય છે, પણ અંદર ચૈતન્યશક્તિના ભાનમાં તે દેહથી પોતાને ભિન્ન જાણે છે. બાહુબલી અને ભરત બંને ભાઈ પરસ્પર લડયા, છતાં તે વખતેય એમાંથી કોઈને દેહનો મદ નથી, બંનેના અંતરમાં ભેદજ્ઞાનનું કાર્ય ભજી રહ્યું છે, લડવાની ક્રિયા થઈ માટે અંદર દેહ સાથે એકત્વબુદ્ધિ હશે-એમ જરાપણ નથી. સહેજ અભિમાન આવ્યું પણ અંદરની ચૈતન્યપરિણતિ તે અભિમાનથી જુદી જ કામ કરી રહી છે; તેને જ્ઞાની જ ઓળખે છે.

ક્ષાયિકસમ્યગ્દષ્ટિ ભરતચક્રવર્તી, તેના બળમાં જ્યારે અમુક સૈનિકોએ શંકા કરી, ત્યારે બળ બતાવવાનો વિકલ્પ ઊઠતાં ભરતરાજે પોતાની ટચલી આંગળી વાંકી કરી નાંખી, ને સૈનિકોને કહ્યું કે મારી આંગળી વાંકી થઈ ગઈ છે તે ખેંચીને સીધી કરી આપો. સૈનિકો ઘણું મથ્યા પણ આંગળી સીધી કરી ન શકયા. અંતે એક સાંકળ ટચલી આંગળી સાથે બાંધીને છન્નું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરોડ પાયદળના સૈનિકોએ તે ખેંચી; ચક્રવર્તીએ ટચલી આંગળીનો જરાક આંચકો માર્યો ત્યાં તો બધા સૈનિકો જમીન પર ગબડી પડયા.–આવું તો એના શરીરનું બળ હતું; ને આ પ્રકારનો વિકલ્પ પણ આવ્યો; છતાં તે શરીર અને તે વિકલ્પ બંનેથી પાર એવી અનંત ચૈતન્યશક્તિથી સંપન્ન જ તે પોતાને દેખે છે. આવી ચૈતન્યદ્રષ્ટિમાં એને શરીરનો મદ જરાય નથી.

એવો જ પ્રસંગ નેમિનાથ તીર્થંકર અને શ્રીકૃષ્ણ વચ્ચે બન્યો હતો. યાદવોની રાજસભામાં એકવાર શરીરબળની ચર્ચા ચાલી. નેમકુમાર અને કૃષ્ણ બંને પિતરાઈ ભાઈ હતા. શ્રીકૃષ્ણ મોટા, નેમકુમાર નાના; પણ નાનો તોય સિંહ! નાના તોય તીર્થંકર! તેઓ પણ સભામાં ગંભીરપણે બેઠા હતા. સભામાં કોઈએ શ્રીકૃષ્ણના બળનાં વખાણ કર્યા, તો કોઈએ નેમકુમારનાં વખાણ કર્યાં, કોનું બળ વધે તેની પરીક્ષા કરવાનું નક્કી થયું. ત્યારે નેમકુમાર ટચલી આંગળી લંબાવીને શ્રીકૃષ્ણને કહે છે કે તમારામાં બળ હોય તો આ આંગળી વાંકી કરી આપો! શ્રીકૃષ્ણ તે આંગળીએ ટીંગાઈ ગયા તોપણ આંગળી વાંકી ન કરી શકયા.–આવું અચિંત્ય શરીરબળ, છતાં તે વખતેય આત્માને તેનાથી સર્વથા જુદો જ જાણતા હતા; સમ્યક્ત્વમાં આઠે મદનો અભાવ હતો. અસ્થિરતાનો વિકલ્પ આવ્યો પણ તેમાં સમ્યક્ત્વસંબંધી કોઈ દોષ ન હતો. આવા સમ્યક્ત્વને ઓળખીને તેની આરાધના કરવાનો ઉપદેશ છે.

ધર્માત્માને કુદરતે પુણ્યના ઠાઠ આવે, પણ તે જાણે છે કે આ પુણ્યના ઠાઠમાં અમે નથી; અમારા ચૈતન્યના ઠાઠ એનાથી જુદા જ છે. અમારું સામર્થ્ય અમારી અંદર સમાય છે, અમારા ચૈતન્યનું બળ કાંઈ દેહમાં નથી. આવા ભાનમાં ધર્મીને શરીરના બળનો મદ નથી.

## * ૭. તપમદ *

પોતે કોઈ ઉપવાસ સ્વાધ્યાયાદિ તપ કરતો હોય ને બીજા ધર્માત્માને ઉપવાસાદિની વિશેષતા ન હોય ત્યાં ધર્મીજીવ પોતાને અધિક ને બીજાને હલકો માનીને તપમદ કરતો નથી. અહા, ખરા તપસ્વી તો તે શુદ્ધોપયોગી મુનિભગવંતો છે કે જેઓ ચૈતન્યના ઉગ્ર પ્રતપનવડે વીતરાગભાવ પ્રગટાવીને કર્મોને ભસ્મ કરી નાંખે છે; હું તો હજી પ્રમાદમાં પડયો છું. શરીરની નિર્બળતાથી કોઈ ઉપવાસાદિ તપ ન કરી શકે પણ જ્ઞાન–ધ્યાનની ઉગ્રતા વડે આત્માની શુદ્ધતા વધારતા હોય તો તે ધન્ય છે. આ પ્રમાણે સમ્યગ્દ્રષ્ટિને તપનો મદ થતો નથી. મદ તે તો કષાય છે, ને તપ તે તો કષાયના નાશને માટે છે.

## * ૮. ઐશ્વર્યમદ *

ઐશ્વર્યનો મદ એટલે પૂજ્યપણાનો મદ અથવા અધિકારનો મદ, તે ધર્માત્માને હોતો નથી. અમે તો સર્વજ્ઞના પુત્ર છીએ; અમારું પદ તો સર્વજ્ઞપદ છે, બીજા કોઈ અમારાં પદ નથી. કેવળજ્ઞાનવડે જ અમારી મોટાઈ છે, એ સિવાય બહારનાં રાજપદ કે પ્રધાનપદવડે અમારા આત્માની મોટાઈ નથી. —આમ જાણનાર ધર્મીને બહારની મોટાઈનો મદ હોતો નથી. પુણ્ય-યોગે બહારની મોટાઈને ઠાઠમાઠ હોય પણ તેને કારણે પોતાના આત્માની મોટાઈ ધર્મી માનતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?' એ તો બધા સંસારના ઠાઠ છે, તેમાં કાંઈ આત્માની શોભા નથી. મારો આત્મા પોતે સિદ્ધ પરમેશ્વર છે,—એનાથી મોટું બીજું કયું ઐશ્વર્ય કે મોટાઈ છે કે જેનો હું મદ કરું? અરે, રાગ અને રાગનાં ફળ એ તો બધા અપદ છે—અપદ છે. લોકો બહારની પદવી માટે ઝાંવા નાંખે છે, પણ ધર્મી જાણે છે કે એ કાંઈ મારા ચૈતન્યનું ફળ નથી, વિકારનું ફળ છે, તેની હોંશ શી? ચૈતન્યના પદ પાસે ચક્રવર્તીપદ પણ તદ્દન તુચ્છ છે. આવું ચૈતન્યપદ જેણે પોતામાં પ્રાપ્ત કર્યું (જાણ્યું ને અનુભવ્યું) તે બીજા કયા પદનાં અભિમાન કરે? અહા, ત્રણ લોકમાં સૌથી ઊંચું એવું અમારું ચૈતન્યપદ અમે અમારા અંતરમાં દેખ્યું છે, અંતરમાં આનંદની અપૂર્વ વીણા વાગી છે, અતીન્દ્રિયસુખના તરંગથી ચૈતન્યદરિયો ઊછળ્યો છે; આવો આનંદસ્વરૂપ હું પોતે છું. આનંદથી ઊંચું જગતમાં બીજું શું છે? આવી આત્મઅનુભૂતિને લીધે ધર્માત્માને જગતનાં ઐશ્વર્યનો મોહ ઊડી ગયો છે, તેથી તેને ક્યાંય ઐશ્વર્યનો મદ થતો નથી. મોટો અધિકાર હોય, લાખો-કરોડો લોકો પૂજતા હોય, આખા દેશમાં હુકમ ચાલતો હોય,—પણ તેને લીધે આત્માની જરાય મોટાઈ ધર્મી માનતા નથી. મારી મોટાઈ તો મારા સ્વભાવથી જ છે; બીજા મને મોટાઈ શું આપશે? બીજા પાસેથી મોટાઈ લેવી પડે એવો પરાધીન હું નથી. આ રીતે ધર્મીને મોટાઈનો મદ હોતો નથી. તેમ જ બીજા જીવો અશુભકર્મના ઉદયથી દરિદ્ર હોય તેની અવજ્ઞા પણ કરતા નથી. બહારનું ઐશ્વર્ય હોવું કે ન હોવું તે તો કર્મકૃત છે, એનું સ્વામીત્વ ધર્મીને નથી. મિથ્યાદૃષ્ટિ મોટો રાજા હોય ને સમ્યગ્દૃષ્ટિ તેની નોકરી કરતો હોય—એ તો બધા શુભાશુભ કર્મના ચાળાં છે, તેથી ધર્મી પોતાને હીન નથી માનતો. પોતાના અક્ષય જ્ઞાનાદિ અનંત ઐશ્વર્યને તે પોતામાં દેખે છે. આ રીતે ધર્મીને મદ કે હીનતાનો અભાવ છે.

ધર્માત્માને સમ્યક્ત્વપૂર્વક આવા આઠ મદનો અભાવ થયો છે. સ્વદ્રવ્ય ને પરદ્રવ્યની અત્યંત ભિન્નતા જેણે જાણી છે તેને પરચીજ વડે પોતાની મોટાઈ ભાસતી નથી. માતા-પિતા-શરીર-રૂપ-ધન વગેરે જે ચીજ મારી છે જ નહિ તેના વડે મારી અધિકતા કેમ હોય? મારી અધિકતા તો મારા સમ્યક્ત્વાદિ સ્વભાવ વડે છે. સુંદર શરીરને બહારની મોટાઈ એ તો અનંતવાર મળ્યું, તેમાં જેને પોતાની શોભા લાગે છે તેને ચૈતન્યપદથી શોભતા એવા પોતાના આત્માનું ભાન નથી. દેહ-જાતિ-રૂપ-માતા-પિતા-ધન-વૈભવ-મોટી પદવી એ તો બધા પરદ્રવ્ય છે, તે બધાથી પોતાના આત્માને સર્વથા જુદો અનુભવ્યો પછી ધર્મીને તે પદાર્થોવડે પોતાની મોટાઈ કેમ ભાસે? માટે તેને આઠ મદ હોતાં નથી. મોટાઈનો કોઈ વિકલ્પ આવી જાય તો તેને પણ મલિનતા જાણીને તે ભાવ છોડવો ને દોષ રહિત શુદ્ધ સમ્યક્ત્વની આરાધના કરવી-એમ ઉપદેશ છે.

આ રીતે આઠ શંકાદિક દોષ તથા આઠ મદ સમ્યગ્દૃષ્ટિને હોત નથી; તે ઉપરાંત છ અનાયતન અને ત્રણ મૂઢતાનું સેવન પણ તેને હોતું નથી. અરિહંતપરમાત્માએ જીવનું જે સ્વરૂપ બતાવ્યું તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે વીતરાગમાર્ગ બતાવ્યો, તેનાથી વિરુદ્ધ કહેનારા ને વિરુદ્ધ માનનારા એવા કુદેવ-કુગુરુ-કુધર્મને ધર્મીજીવ સર્વપ્રકારે છોડે છે, કોઈ પ્રકારે તેની અનુમોદના કરતા નથી, તેમ જ એવા કુદેવ-કુગુરુ-કુધર્મને સેવનારા મિથ્યાદૃષ્ટિજીવોનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંગ પણ તે છોડે છે, ધર્મબુદ્ધિથી એવા જીવોનો સંગ તે કરતા નથી. વળી દેવસંબંધી અનેક મૂઢતા, ગુરુસંબંધી અનેક મૂઢતા તથા ધર્મસંબંધી અનેક મૂઢતા લોકોમાં ચાલે છે, પણ ધર્મી તેને સ્વપ્નેય માને નહીં.

જે ધર્મનું સ્થાન નથી, જેની પાસે ધર્મનો સાચો ઉપદેશ નથી, સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ જેમાં નથી, અનેક પ્રકારે જે વિષય-કષાયના રાગ-દ્વેષના પોષક છે, જેમાં હિંસા-અહિંસાનો પણ વિવેક નથી એવા કુદેવ-કુગુરુ-કુધર્મ તે ધર્મનાં અનાયતન છે. તેના સેવનથી આત્માનું જરાપણ હિત થતું નથી, તેના સેવનથી તો સમ્યક્ત્વાદિનો ઘાત થાય છે ને આત્માનું અત્યંત બૂરું થાય છે. એવા કુદેવાદિનું સેવન સમ્યગ્દૃષ્ટિને તો હોય જ નહિ, પણ જૈન નામ ધરાવનાર જિજ્ઞાસુને પણ એવા કુદેવાદિનું સેવન હોય નહીં. વીતરાગી જૈનમાર્ગના દેવ-ગુરુ-ધર્મ, અને તેને સેવનારા સાધર્મી-ધર્માત્મા સિવાય બીજાનું સેવન અહિતનું કારણ જાણીને અત્યંત છોડવા જેવું છે.

સમ્યગ્દૃષ્ટિ, મહાન અલૌકિક આત્માના અંતર્સ્વભાવનું જેને ભાન થયું છે, તેને નિશ્ચય-સમ્યક્ત્વની સાથે વ્યવહાર પણ પચ્ચીસ દોષરહિત હોય છે. આજીવિકા છૂટી જાય, ધન લૂંટાઈ જાય, દેશ છોડવો પડે કે પ્રાણ જાય, તોપણ સમ્યગ્દૃષ્ટિ જીવ કોઈ પ્રકારે ભયથી-આશાથી-સ્નેહથી કુધર્મનું કે કુદેવાદિનું આરાધન કરે નહીં. વીતરાગી દેવ-ગુરુ-ધર્મનો ભક્ત હિંસક દેવ-દેવલાંને નમે નહીં. અહા, અરિહંતદેવનો ઉપાસક એ તો ચૈતન્યના વીતરાગમાર્ગે ચાલનારો, તે બીજા કુમાર્ગને કેમ આદરે? તે કુમાર્ગની કે તેના સેવકોની પ્રશંસા કરે નહિ, અનુમોદના કરે નહિ. અમુક કુધર્મ ખૂબ ફેલાયેલો છે માટે સારો છે, તેના ભક્તો સારા છે, તેના શાસ્ત્રો-મંદિરો સારા છે-એવી પ્રશંસા ધર્મી ન કરે. કુધર્મના સેવક કોઈ મોટા મંદિર વગેરે બંધાવે, કરોડો-અબજો રૂપિયા ખર્ચીને યજ્ઞાદિક મોટા ઉત્સવ કરે ત્યાં ધર્મી તેની પ્રશંસા પણ ન કરે કે તમે બહુ સારું કર્યું. અરે, વીતરાગમાર્ગથી વિરુદ્ધ એવા કુમાર્ગ, જે જગતના જીવોનું અહિત કરનાર, તેનાં કાર્યની પ્રશંસા શી? જેમાં મિથ્યાત્વનું પોષણ તે ક્રિયાને સારી કોણ કહે? આ રીતે ધર્મીજીવ કુદેવ-કુગુરુ-કુધર્મને પોતે સેવે નહિ, ને બીજા સેવે તેની પ્રશંસાદિક ન કરે; પણ બને તો તેને ઉપદેશ આપીને સાચો માર્ગ બતાવે ને કુમાર્ગથી છોડાવે. ધર્મી ગૃહસ્થ રાજાને કે માતા-પિતા વગેરે વડીલને નમે તે તો લોકવ્યવહાર છે, તેની સાથે કાંઈ ધર્મનો સંબંધ નથી; પણ ધર્મનાં વ્યવહારમાં તે કુદેવ-કુગુરુને કદી નમે નહીં. આ તો જેને સમ્યગ્દર્શનરૂપી મહારત્ન લેવું છે, ધર્મનો સાચો માલ લેવો છે તેને માટે વાત છે; તથા જેણે સમ્યગ્દર્શનરૂપી રત્ન પ્રાપ્ત કર્યું છે તેને તે સાચવવાની વાત છે. સમ્યક્ત્વમાં જરાય અતિચાર ન લાગે, ને શુદ્ધતા થાય-તે માટે પચ્ચીસ દોષરહિત અને આઠગુણસહિત સમ્યક્ત્વની આરાધના કરવી; તેના વડે જીવનું પરમહિત થાય છે.

બાપુ! આ તો તારા પોતાના હિતને માટે સાચા-ખોટાનો વિવેક કરવાની વાત છે. સાચું શું ને ખોટું શું એની જેને ખબર જ નથી તે શું લેશે? ને શું છોડશે? પોતાનું હિત તે કઈ રીતે કરશે? પરીક્ષા વડે સાચા-ખોટાને ઓળખીને નિર્ભયપણે સત્યનો સ્વીકાર કરવો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈએ, ને અસત્યનું સેવન છોડવું જોઈએ. જગત સાથે મેળ રાખવા કે જગતને સારું લગાડવા કાંઈ ધર્મને ન છોડાય. પોતાની શ્રદ્ધા સાચી કરવા માટેની આ વાત છે.

વીતરાગી દેવ–ગુરુ–ધર્મનો આદર ને તેનાથી વિરુદ્ધ કુદેવ–કુગુરુ–કુધર્મનો ત્યાગ,— આટલું તો સમ્યક્ત્વની પાત્રતારૂપ પ્રાથમિક ભૂમિકામાં પણ હોવું જોઈએ. 'ત્યાગ–વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન' એમ કહ્યું તેમાં કુદેવાદિનો ત્યાગ તો પહેલાં જ સમજી લેવો. બીજા તો અનેક પ્રકારનાં ત્યાગ કર્યા કરે પણ કુદેવ–કુગુરુના સેવનનો ત્યાગ ન કરે તો તેનું જરાય હિત ન થાય. અને રાગને જ્યાં ધર્મ માન્યો ત્યાં વૈરાગ્ય ક્યાં રહ્યો? અરે, દેહથી ભિન્ન મારું અખંડ ચૈતન્યતત્ત્વ શું છે અને તેનો અનુભવ કેવો છે? તેનું સાચું સ્વરૂપ બતાવનારા વીતરાગ સર્વજ્ઞદેવ, રત્નત્રયવંત ગુરુ અને રાગ વગરનો ધર્મ તથા શાસ્ત્રો, તેને જે ઓળખે તે જીવ તેનાથી વિરુદ્ધ બીજા કોઈને માને નહિ, નમે નહીં, પ્રશંસે નહીં.

એક તરફથી કુંદકુંદાચાર્ય જેવા વીતરાગી સંતનો પોતે ભક્ત કહેવડાવે અને બીજી તરફ એમનાથી વિરુદ્ધ કહેનારાનો પણ આદર અને શ્રદ્ધા કરે, તો એને સત્યનો વિવેક ક્યાં રહ્યો? બાપુ! વીતરાગમાર્ગના ને વીતરાગી સંતોના વિરોધી એવા કુગુરુના સેવનમાં તો મિથ્યાત્વની પુષ્ટિ તથા તીવ્ર કષાયને લીધે આત્માનું ઘણું બૂરું થાય છે, તેથી તેનો નિષેધ કરીએ છીએ; તેમાં કાંઈ કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષબુદ્ધિ નથી પણ જીવોનાં હિતની જ બુદ્ધિ છે; તથા પોતાની શ્રદ્ધા ચોક્ખી રહે ને તેમાં દોષ ન લાગે તે માટે આ વાત છે. સત્યમાર્ગથી વિરુદ્ધનો વિકલ્પ ધર્મી કદી આવવા ન દે. મિથ્યાત્વ–સંબંધી દોષોથી બચવા અને સમ્યક્ત્વની શુદ્ધિ જાળવવા નિઃશંકતાદિ આઠ અંગ આદરણીય છે.

આ રીતે સમ્યક્ત્વસંબંધી ગુણ–દોષને ઓળખીને, પોતાના હિતને માટે નિઃશંકતાદિ આઠ ગુણસહિત, તથા શંકાદિક પચ્ચીસ દોષરહિત, શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરો–એમ ઉપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સમ્યક્ત્વધારક જીવની દશા અને તેનો મહિમા

આઠ ગુણસહિત અને પચ્ચીસ દોષરહિત એવા સમ્યક્ત્વને ધારણ કરવાનું કહ્યું; હવે એવા સમ્યક્ત્વધારક જીવ કેવા હોય તે બતાવીને તેનો મહિમા કરે છે—

[ ગાથા-૧૫ ]

**दोषरहित गुणसहित सुधी जे सम्यक्दर्श सजे हैं ।**
**चरितमोहवश लेश न संजम पै सुरनाथ जजे हैं ॥**
**गृही, पै गृहमें न रचैं, ज्यों जलतें भिन्न कमल है ।**
**नगरनारीको प्यार यथा कादोंमें हेम अमल है ॥ १५ ॥**

અહો, સમ્યગ્દર્શન એટલે શું ? લોકોને તેની કિંમત નથી; તેને જરાય સંયમ ન હોય તોપણ તે પ્રશંસનીય છે, દેવો પણ તેનો મહિમા કરે છે. જેણે દોષરહિત અને ગુણ સહિત સમ્યગ્દર્શન ધારણ કર્યું છે,—સમ્યગ્દર્શન વડે આત્માને શણગાર્યો છે, તે ઉત્તમબુદ્ધિવાન ભલે ગૃહવાસમાં રહેલ હોય છતાં ગૃહમાં તે જરાય રત નથી; જેમ જળમાં રહેલું કમળ જળથી જુદું છે; જેમ નગરનારીનો પ્રેમ તે સાચો પ્રેમ નથી અને જેમ કાદવમાં રહેલું સોનું કટાતું નથી, તેમ ગૃહવાસમાં રહેલા સમ્યગ્દષ્ટિનું અલિપ્તપણું જાણવું. જુઓ, ત્રણ તો દૃષ્ટાંત આપીને સમ્યગ્દષ્ટિનો મહિમા સમજાવ્યો.

સમ્યગ્દષ્ટિને 'સુધી' કહ્યા છે. સુ-ધી એટલે સમ્યક્ છે જેની બુદ્ધિ એવા સાચી બુદ્ધિવંત; ચૈતન્યને સાધવા માટે સાચી બુદ્ધિવાળા સમ્યગ્દષ્ટિ તે સુધી છે; બાકી બધા કુબુદ્ધિ છે. સુબુદ્ધિ સમ્યગ્દષ્ટિ વિષયોથી પાર આત્માને અનુભવનારા, તેને ભલે સંયમદશા જરાય ન હોય, હજી વિષયાસક્તિ હોય, ગૃહવાસમાં હોય, છતાં સુરનાથ ઇન્દ્રાદિ દેવો પણ તેને પ્રશંસે છે. —આવો સમ્યગ્દર્શનનો મહિમા છે.

આત્મામાં જેણે બુદ્ધિ જોડી તે જ સાચા બુદ્ધિમાન છે; બીજું જાણપણું તેને ભલે ઓછું હોય. તે સમ્યગ્દષ્ટિ જીવો આઠ ગુણના આભૂષણોથી શોભે છે. મુનિદશાની ભાવના હોવા છતાં હજી ચારિત્રમોહ વર્તે છે તેથી સંયમ લઈ શકતા નથી. કર્મને કારણે નહિ પણ પોતે ચારિત્રમોહને વશ વર્તે છે તે કારણે, એટલે પોતાના તેટલા દોષને કારણે તે હજી આરંભ-પરિગ્રહમાં રહ્યા છે, વિષય-વ્યાપાર છોડીને હજી મુનિ થયા નથી, સંયમ કે વ્રત લેશમાત્ર નથી, વેપાર-ધંધા-સ્ત્રી વગેરે હોય છે, છતાં તે સમ્યગ્દષ્ટિ તેમાં રાચતો નથી, તેનું સમ્યગ્દર્શન બગડતું નથી, તે તો જળકમલવત્ પોતાને જુદો ને જુદો અનુભવે છે; અંદર ચૈતન્યનું વિષયાતીત સુખ ચાખ્યું છે, એટલે વિષયોમાં સુખ માનીને લેપાતા નથી. વ્રતાદિનો અભાવ હોવા છતાં તેમાં સમ્યગ્દર્શનનો દોષ નથી, સમ્યગ્દર્શન તો તેનું ત્રણલોકમાં પ્રશંસનીય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શનના પ્રતાપે અનંતાનુબંધી કષાયનો અભાવ થતાં સ્વરૂપાચરણ તો વર્તે છે, પણ શ્રાવકનું કે મુનિનું ચારિત્ર નથી તેથી તે અસંયમી છે, અસંયમી હોવા છતાં તે પ્રશંસનીય છે; અસંયમ કાંઈ પ્રશંસનીય નથી પણ સમ્યગ્દર્શન પ્રશંસનીય છે; તે સમ્યગ્દર્શનના પ્રતાપે મોક્ષને સાધી રહ્યા છે.

અને જેને ચૈતન્યનું ભાન નથી ને રાગની રુચિમાં વર્તે છે તેને તો મિથ્યાત્વસહિત અનંતાનુબંધી કષાયો વર્તે છે, તેને વિષયોની રુચિ છૂટી નથી, કેમકે જેને રાગનો પ્રેમ છે તેને વિષયોનો પ્રેમ પણ પડ્યો જ છે; તે શુભરાગથી વ્રતાદિ પાળે તોપણ તેને પ્રશંસનીય નથી કહેતા, કેમકે તે મોક્ષના માર્ગમાં આવ્યો નથી. તેથી સમન્તભદ્ર મહારાજે કહ્યું છે કે—દર્શનમોહરહિત એવા નિર્મોહી સમ્યગ્દષ્ટિ–ગૃહસ્થ તો મોક્ષમાર્ગમાં સ્થિત છે, પણ જે મોહવાન છે એવા મિથ્યાદષ્ટિ અણગાર (દ્રવ્યલિંગી સાધુ) મોક્ષમાર્ગમાં નથી; માટે મોહી મુનિ કરતાં નિર્મોહી ગૃહસ્થ શ્રેય છે-ભલો છે–ઉત્તમ છે. અહો, આવા સમ્યગ્દર્શન સમાન શ્રેયકર ત્રણ કાળમાં ને ત્રણલોકમાં બીજું કોઈ નથી.

મિથ્યાદષ્ટિ સૂકી રોટલી ખાતો હોય કે ઉપવાસ કરતો હોય છતાં તેને રાગમાં ને વિષયોમાં સુખબુદ્ધિ છે; અને સમકિતી રસ–પૂરી મિષ્ટાન્ન જમતો હોય છતાં તેને તેનો રસ નથી, ચૈતન્યસુખ પાસે વિષયોમાંથી સુખબુદ્ધિ છૂટી ગઈ છે, એટલે તે વિષયોમાં રત નથી. જોકે ચારિત્રદોષથી વિષયાસક્તિ છે પણ સમ્યક્ત્વનો દોષ નથી.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને બાહ્ય વિષયો હોય છે તો પછી અમને શો વાંધો ?

ઉત્તર :—ભાઈ, એ તારો સ્વચ્છંદ છે. સમ્યગ્દષ્ટિને જોતાં તને આવડતું નથી; આત્માના સુખની તને ખબર નથી ને રાગમાં તારી બુદ્ધિ પડી છે એટલે તું રાગને અને વિષયોને જ દેખે છે, પણ સમ્યગ્દષ્ટિને રાગાતીત–વિષયાતીત અતીન્દ્રિય જ્ઞાનચેતના વર્તી રહી છે તેને તો તું દેખતો નથી. એ ચેતના વિષયોને કે રાગને અડતી જ નથી, જુદી ને જુદી જ રહે છે; ને એવી ચેતનાને લીધે જ તે સમ્યગ્દષ્ટિ પ્રશંસનીય છે. જ્યારે તારામાં તો જ્ઞાનચેતના છે જ નહીં, રાગમાં જ તું તો એકાકાર છો. છતાં 'અમને શો વાંધો !' એમ કહે છે તે તારો સ્વચ્છંદ છે.

એક જ ઘરમાં બે પુત્રો હોય, બંને સરખા ભોગોપભોગ ભોગવતા હોય, પણ તે વખતે એકને અનંતો બંધ થાય છે, બીજાને અલ્પ ! તેનું કારણ ? અંદરની દૃષ્ટિના ફેરે મોટો ફેર પડે છે.

અરે, સમ્યગ્દષ્ટિ તો પરમાત્માનો પુત્ર થઈ ગયો, પરમાત્માના ખોળે બેઠો, હવે તેને કેવળજ્ઞાન લેવાની તૈયારી છે; મોક્ષમહેલની સીડી ઉપર ચડવાનું તેણે શરૂ કરી દીધું છે. (**मोक्षमहलकी परथम सीढी**....એમ ૧૭ મા પદમાં કહેશે.)

અહો, આવા પવિત્ર સમ્યગ્દર્શનને બહુમાનથી ધારણ કરો. જરાપણ કાળ નકામો ગુમાવ્યા વિના, પ્રમાદ છોડીને, અંતરમાં શુદ્ધાત્માનો અનુભવ કરીને સમ્યગ્દર્શનને ધારણ કરો.

સમ્યગ્દષ્ટિને જરાપણ સંયમ કે વ્રત ન હોવા છતાં દૃષ્ટિ અપેક્ષાએ તો તે આખા લોકાલોકથી ઉદાસ થઈ ગયો છે. દેવો તેનો આદર કરે છે કે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાહ ! ધન્ય તમારો અવતાર, ને ધન્ય તમારી આરાધના !
ભવનો કર્યો અભાવ, એવો ધન્ય તમારો અવતાર !
સમ્યગ્દર્શનવડે તમારો માનવજન્મ તમે સફળ કર્યો !
તમે જિનેશ્વરના પુત્ર થયા, તમે મોક્ષના સાધક થયા.

ઇન્દ્ર પોતે સમ્યગ્દષ્ટિ છે, અવધિજ્ઞાની છે, સમ્યક્ત્વનો મહિમા પોતે અંદર અનુભવ્યો છે એટલે અસંયમી મનુષ્યના કે તિર્યંચના પણ સમ્યગ્દર્શનની તે પ્રશંસા કરે છે. ભલે વસ્ત્ર હોય, પરિગ્રહ હોય, તેથી કાંઈ સમ્યગ્દર્શનની કિંમત ઘટી ન જાય. ચીંથરે વીંટેલું રત્ન હોય તેની કિંમત કાંઈ ઘટી ન જાય, તેમ ગૃહસ્થનું સમ્યગ્દર્શનરૂપી રત્ન અસંયમરૂપી મેલા ચીંથરે વીંટેલું હોય તેથી કાંઈ તેની કિંમત ઘટી ન જાય. સમ્યગ્દર્શનને લીધે તે ગૃહસ્થ પણ મોક્ષનો પંથી છે.

સમ્યગ્દષ્ટિ આત્માના આનંદમાં રહેનાર છે; જ્યાં આત્માના આનંદનો સ્વાદ ચાખ્યો ત્યાં જગતના વિષયોનો પ્રેમ તેને ઊડી ગયો છે. એની દશા કોઈ પરમ ગંભીર છે, તે બહારથી ઓળખાય તેવી નથી. એકલો ચિદાનંદસ્વભાવ અનુભવીને જેણે ભવનો અભાવ કર્યો છે તે સમ્યગ્દર્શનનો અચિંત્ય મહિમા છે; અનાદિના દુઃખનો નાશ કરીને અપૂર્વ મોક્ષસુખને તે દેનાર છે; અનંતકાળમાં જે નહોતું કર્યું તે તેણે કર્યું. આવા સમ્યગ્દર્શનનું સ્વરૂપ ને તેનો મહિમા તો ગંભીર છે; કાંઈ દેવો દ્વારા પૂજાને લીધે તેનો મહિમા નથી, તેનો મહિમા તો અંદર પોતાના આત્માની અનુભૂતિથી છે. એ અનુભૂતિનો મહિમા તો વચનાતીત છે.

જેને રાગમાં એકત્વ છે એવા મિથ્યાદૃષ્ટિ-મહાવ્રતી કરતાં તો રાગથી ભિન્ન ચૈતન્યને અનુભવનાર સમ્યગ્દષ્ટિ અવ્રતી પણ પૂજ્ય છે-મહિમાવંત છે-પ્રશંસનીય છે. અહો ! તમે આત્માનાં કામ કર્યાં, આત્માની અનુભૂતિવડે તમે ભગવાનના માર્ગમાં આવ્યા;—એમ ઇન્દ્રને પણ પોતાના સાધર્મી તરીકે તેના પ્રત્યે પ્રેમ આવે છે. આવા મનુષ્યદેહમાં પંચમકાળની પ્રતિકૂળતા વચ્ચે પણ તમે આત્માને સાધ્યો....તમને ધન્ય છે—એમ 'સુરનાથ જજે હૈં' એટલે કે સમ્યક્ત્વનું બહુમાન કરે છે, અનુમોદન કરે છે, પ્રશંસા કરે છે. શ્રી કુંદકુંદસ્વામી જેવા વીતરાગી સંત પણ અષ્ટપ્રાભૃતમાં કહે છે કે—

તે ધન્ય છે, કૃતકૃત્ય છે, શૂર-વીર ને પંડિત છે,
સમ્યક્ત્વ-સિદ્ધિકર અહો ! સ્વપ્નેય નહિ દુષિત છે.

સમ્યગ્દષ્ટિ ચાંડાળદેહમાં રહેલો હોય તોપણ દેવ જેવો છે એમ સમંતભદ્રસ્વામી રત્નકરંડશ્રાવકાચારમાં કહે છે—

सम्यग्दर्शनसंपन्नम् अपि मातंगदेहजम् ।
देवा देवं विदुर्भस्मगूढांगारान्तरौजसम् ॥ २८ ॥

ચાંડાળશરીરમાં ઊપજ્યો હોય તોપણ જે જીવ સમ્યક્દર્શનસંપન્ન છે તેને ગણધરદેવ 'દેવ' કહે છે; ભસ્મથી ઢંકાયેલા તેજસ્વી અંગારની જેમ તે જીવ સમ્યક્ત્વવડે શોભે છે. સમ્યગ્દષ્ટિ તિર્યંચપર્યાયમાં હોય કે સ્ત્રીપર્યાયમાં હોય તોપણ સમ્યક્ત્વના પ્રતાપે તે શોભે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તિર્યંચપર્યાય ને સ્ત્રી-પર્યાય લોકમાં સામાન્યપણે નિંદનીય છે, પણ જો સમ્યગ્દર્શન સહિત હોય તો તે પ્રશંસનીય છે. ભગવતીઆરાધનામાં પણ સમ્યગ્દષ્ટિ સ્ત્રીની ઘણી પ્રશંસા કરી છે. ( જુઓ ગાથા–૯૯૪ થી ૯૯૯ )

ગૃહસ્થ સમ્યગ્દષ્ટિ સ્ત્રી હોય, પુત્રાદિસહિત હોય તોપણ તે ગૃહમાં રાચતા નથી, એની રુચિ આત્મામાં છે, જરાય રુચિ બીજામાં નથી. પોતાથી જેને ભિન્ન જાણ્યા તેનો પ્રેમ રહ્યો નથી. સ્વાનુભવવડે સ્વ–પરની વહેંચણી કરી નાંખી છે કે જ્ઞાનાનંદસ્વરૂપ જ હું, ને શુદ્ધાત્માના વિકલ્પથી માંડીને આખી દુનિયા તે પર;–આવી દૃષ્ટિનો અપાર મહિમા છે, તેનું અપાર સામર્થ્ય છે; તેમાં અનંત કેવળજ્ઞાનના પૂંજ આત્માનો જ આદર છે. અહા, એની અંદરની પરિણમન-ધારામાં એણે આનંદમય સ્વઘર જોયું છે, તે પોતાના આનંદઘરમાં જ રહેવા ઇચ્છે છે; રાગને પરઘર માને છે, તેમાં જવા ઇચ્છતો નથી. ચૈતન્યધામ કે જ્યાં મન ચોંટ્યું છે ત્યાંથી ખસતું નથી, ને જ્યાંથી જુદું પડ્યું છે ત્યાં જવા માંગતું નથી.

આઠવર્ષની દીકરી હોય, સમ્યગ્દર્શન પામે, ને તેના માતા–પિતાને ખબર પડે તો તે પણ કહે કે વાહ દીકરી ! તારા અવતારને ધન્ય છે ! તેં આત્માનાં કામ કરીને જીવન સફળ કર્યું. આત્મામાં સમકિતદીવડો પ્રગટાવીને તેં મોક્ષનો પંથ લીધો. ઉંમર ભલે નાની હોય, પણ આત્માને સાધે તેની બલિહારી છે. દેવો પણ તેનાં વખાણ કરે છે.

સમ્યગ્દષ્ટિ પરભાવોથી ને સંયોગોથી અલિપ્ત છે; બહારમાં ભલે ત્યાગ ન હોય, અસંયમી જ હોય, ઘરમાં સ્ત્રી આદિ સહિત રહ્યો હોય, છતાં અંતરની દૃષ્ટિમાં તે કેવો અલિપ્ત છે ? તે વાત અહીં ત્રણ દૃષ્ટાંતથી સમજાવી છે—

(૧) જળમાં રહેલા કમળની જેમ તે અલિપ્ત છે. સમયસારની ૧૪મી ગાથામાં પણ આત્માનો અલિપ્ત સ્વભાવ બતાવવા આ દૃષ્ટાંત આપ્યું છે. જેમ કમળ પાણીની વચ્ચે રહેલું દેખાય છે પણ તેનો સ્વભાવ જુઓ તો તે પાણીને અડયું જ નથી; તેમ ધર્માત્મા સંયોગ અને રાગરૂપી કાદવ વચ્ચે રહેલા દેખાય પણ એના જ્ઞાનભાવને જુઓ તો તે પરભાવોથી તદ્દન અલિપ્ત છે. જ્ઞાન તો રાગથી જુદું જ છે, તે જ્ઞાન પરભાવોથી લેપાતું નથી. આત્માનું જ્ઞાન પરથી ભિન્ન છે; જેને જુદા જાણ્યા તેમાં અહંપણું કેમ થાય ? અને જેનો પોતાના સ્વપણે અનુભવ કર્યો એવી ચૈતન્યસત્તાનું અસ્તિત્વ કદી છૂટતું નથી, તેની દૃષ્ટિ, તેની શ્રદ્ધા કદી છૂટતી નથી, આ રીતે ચૈતન્યસત્તા ઉપર જેની દૃષ્ટિ છે તેની ચેતના પરભાવથી કદી લેપાતી નથી, તે પરભાવરૂપે કદી પોતાને અનુભવતા નથી. નિરંતર તેને ભાન છે કે મારા જ્ઞાનનો એક અંશ પણ અન્યરૂપે થયો નથી, જ્ઞાન પરભાવના અંશને પણ સ્પર્શતું નથી, છૂટું ને છૂટું અલિપ્ત જ રહે છે. આ રીતે સમ્યગ્દષ્ટિ ગૃહવાસમાં રહ્યો હોય તોપણ જળકમળવત અલિપ્ત જ છે.

(૨) જેમ સોનું કીચડની વચ્ચે હોય તોપણ તેને કીચડનો કાટ લાગતો નથી; સોનાનો સ્વભાવ જ કાટ વગરનો છે; તેમ અસંયમરૂપી કીચડની વચ્ચે રહ્યા છતાં ધર્માત્માનું સમ્યગ્દર્શન સોના જેવું શુદ્ધ છે, તે કટાતું નથી. ચૈતન્યબિંબ આત્મા દૃષ્ટિમાં આવ્યો તે દૃષ્ટિની શુદ્ધતાનું એવું જોર છે કે પરભાવને તે અડવા દેતી નથી. રાગાદિ હોવા છતાં શ્રદ્ધા–જ્ઞાન તો સો ટચના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સોના જેવા શુદ્ધ વર્તે છે. તે જ્ઞાન અને વિકલ્પને અત્યંત જુદા જ રાખે છે. વિકલ્પનો જ્ઞાનમાં પ્રવેશ નથી, જ્ઞાન વિકલ્પરૂપ થતું નથી. આવા જ્ઞાનવંત સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા પ્રશંસનીય છે.

સમ્યગ્દૃષ્ટિ હાલે છતાં સ્થિર, ને બોલે છતાં મૌન–એમ કહ્યું છે, કેમકે શરીર અને વચનથી અત્યંત ભિન્ન પોતાનું સ્વરૂપ જાણ્યું છે તેમાં જ તે વર્તે છે; અંદરમાં દૃષ્ટિ અને જ્ઞાન તો નિજભાવમાં સ્થિર બેઠા છે. તે કાંઈ વિકલ્પમાં કે વાણીમાં જતા નથી. તેથી જ્ઞાની તો સ્થિર જ છે. અહો, જ્ઞાનીની આવી અંતર્દશાને વિરલા જ ઓળખે છે. બાહ્યદૃષ્ટિથી જોનારા જીવો જ્ઞાનીને ઓળખી શકતા નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાળ,<br>અંતરથી અળગો રહે જેમ ધાવ ખેલાવે બાળ.

ધાવમાતા પુત્રની જેમ જ વહાલથી બાળકને રમાડે–વહાલ કરે–સંભાળ કરે, 'મારો પુત્ર' એમ કહીને બોલાવે, છતાં અંદર તેને ભાન છે કે આ પુત્રને જન્મ દેનારી માતા હું નથી; તેમ ધર્માત્મા શરીરાદિની ચેષ્ટા કરતા દેખાય, ભાષામાં પણ બોલાય કે આ મારું ઘર વગેરે, પણ અંતરની દૃષ્ટિમાં ભાન છે કે હું તો ચૈતન્ય છું, મારા ચૈતન્યભાવ સિવાય બીજી કોઈ વસ્તુ જરાપણ મારી નથી; મારી ચેતના પરભાવની જનેતા નથી.—આવું ભેદજ્ઞાન એકક્ષણ પણ છૂટતું નથી, ને પરભાવ સાથે કે સંયોગ સાથે જરાય એકતા થતી નથી.

(૩) ત્રીજું દૃષ્ટાંત છે નગરનારીના પ્યારનું. જેમ વેશ્યાનો પર પુરુષ પ્રત્યેનો પ્રેમ તે સાચો પ્રેમ નથી, તેને તો લક્ષ્મીનો પ્રેમ છે; તેમ જેણે પોતાના ચૈતન્યતત્ત્વને પરથી અત્યંત ભિન્ન અનુભવ્યું છે એવા ચૈતન્યદૃષ્ટિવંત ધર્માત્માને, પરવસ્તુ પોતાની માનીને તેનો પ્રેમ થતો નથી, તેનો સાચો પ્રેમ તો પોતાની ચૈતન્યલક્ષ્મીમાં જ છે. આ દૃષ્ટાંતથી ધર્મીને પરપ્રત્યેના પ્રેમનો અભાવ બતાવ્યો છે. પોતાના ચૈતન્ય સિવાય જગતમાં ક્યાંય પરપ્રત્યે તેને આત્મબુદ્ધિથી રાગ થતો નથી, માટે તે અલિપ્ત છે.

આમ ત્રણ દૃષ્ટાંતવડે સમ્યગ્દૃષ્ટિ–ધર્માત્માનું અલિપ્તપણું જાણવું. આત્મા સિવાય બીજે ક્યાંય તેનું મન ઠરતું નથી, આત્મા સિવાય બીજી કોઈ વસ્તુ તેને ગમતી નથી, તેને સાચો પ્રેમ ને એકતા આત્મામાં જ છે. પર ઉપર રાગ દેખાય છે પણ તેમાં ક્યાંય–પરમાં કે રાગમાં અંશમાત્ર સુખબુદ્ધિ નથી. રાગ અને સ્વભાવ વચ્ચે તેને મોટી તિરાડ પડી ગઈ છે, અત્યંત ભેદ પડી ગયો છે. તે કદી એકતા થાય નહીં. રાગ અને જ્ઞાનને તે જુદા ને જુદા જ અનુભવે છે. આવી જ્ઞાનદશાવંત સમ્યગ્દૃષ્ટિનો મહિમા અપાર છે. જેમ નાળિયેરમાં અંદર ટોપરાનો ગોટો કાચલીથી જુદો જ છે તેમ ધર્માત્માના અંતરમાં ચૈતન્યગોટો રાગાદિ પરભાવોથી છૂટો ને છૂટો જ છે; તે રાગાદિરૂપ થતો નથી, સંયોગને પોતાના દેખતો નથી, તેનાથી પોતાને જુદો જ દેખે છે.

ભરતચક્રવર્તી હોય કે નાનું દેડકું હોય,–બધાય સમ્યગ્દૃષ્ટિની આવી દશા હોય છે. તેમણે આકાશ જેવો અલિપ્ત પોતાનો આત્મસ્વભાવ જાણ્યો છે તેથી પરભાવોના પ્રેમમાં તે લેપાતા નથી. ગૃહસ્થપણું છે–પણ તે તો હાથમાં પકડાઈ ગયેલા ઝેરી સર્પ જેવું છે. જેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હાથમાં પકડેલો સર્પ ફેંકી દેવા માટે છે, પોષવા માટે નથી, તેમ ધર્મીને અસંયમના જે રાગાદિ છે તેને તે સર્પ જેવા સમજીને છોડવા માંગે છે, તે રાગને પોતાનો સમજીને પોષવા માટે નથી. પોતાના ચૈતન્યસ્વભાવની અનુભૂતિથી ભિન્ન જાણીને અભિપ્રાયમાં તો તે સમસ્ત પરભાવોને છોડી જ દીધા છે કે આ ભાવો હું નથી. સ્વાનુભવવડે સ્વ–પરનો વિવેક થયો છે એટલે સ્વતત્ત્વમાં જ પ્રીતિ છે ને પરની પ્રીતિ છૂટી ગઈ છે.

વિષય–કષાયો તો પાપ છે, ધર્મી પણ તેને પાપ જ સમજે છે, પણ તે વખતે ધર્મીના અંતરમાં જે સમ્યગ્દર્શન છે તે શુદ્ધ છે, તે પ્રશંસનીય છે, તે મોક્ષનું કારણ છે. તે સમ્યગ્દર્શનનો ભાવ વિષય–કષાયોથી અલિપ્ત છે. એકસાથે જુદી જુદી બે ધારા ચાલી રહી છે; એક સમ્યક્ત્વાદિ શુદ્ધ ભાવની ધારા, ને બીજી રાગધારા. તેમાં ધર્મીને શુદ્ધભાવની ધારામાં તન્મયપણું છે, ને તેના જ વડે ધર્મીની સાચી ઓળખાણ થાય છે. અજ્ઞાની એકલી રાગધારાને દેખે છે તેથી ધર્મીને તે ઓળખી શકતો નથી.

અહા, વીતરાગી જૈનમાર્ગ! એનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન, તે પણ અલૌકિક છે. જૈનમાર્ગ સિવાય બીજે તો સમ્યગ્દર્શન હોતું નથી; બીજા માર્ગની માન્યતા તે તો ગૃહીત મિથ્યાત્વ છે. ધર્મીને એવા કુમાર્ગનો આદર હોય નહીં. તેણે તો ચૈતન્યના અનંતગુણના રસથી ભરપૂર અતીન્દ્રિય આનંદના અનુભવસહિત આત્માની પ્રતીતિ કરી છે, તેની સાથે નિઃશંકતા વગેરે આઠગુણ હોય છે. તેને તીવ્ર અન્યાયનાં કર્તવ્ય હોય નહીં, માંસ–ઈંડાં વગેરે અભક્ષ્ય ખોરાક હોય નહીં, મહા પાપનાં કારણરૂપ એવા સપ્ત વ્યસન (–શિકારી, ચોરી, જુગાર, પરસ્ત્રીસેવન વગેરે) તેને હોય નહીં, અરે જિજ્ઞાસુ સજ્જનને પણ એવાં પાપકાર્ય ન હોય તો સમ્યગ્દષ્ટિને તો કેમ હોય? ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને ભલે સંયમદશા નથી છતાં તેને અલૌકિક જ્ઞાન–વૈરાગ્યદશા હોય છે, સ્વરૂપમાં આચરણરૂપ સ્વરૂપાચરણદશા છે, મિથ્યાત્વ કે અનંતાનુબંધી ક્રોધાદિ તેને થતા જ નથી. અતીન્દ્રિય આનંદ તે ધર્મીના જ્ઞાનમાં વર્તે છે તેથી બીજે ક્યાંય તેને સંતોષ કે આનંદ થતો નથી. વિષયોની ગૃદ્ધી નથી પણ તેનો ખેદ છે. ધર્મને નામે તે કદી સ્વચ્છંદ પોષે નહીં. અસંયમ છે પણ કાંઈ સ્વચ્છંદ નથી. અરે, આત્માના આનંદનો સાધક તો જગતથી ઉદાસ થયો–તેને હવે સ્વચ્છંદ કેવા? પર્યાયે–પર્યાયે એનું જ્ઞાન રાગથી જુદું રહીને મોક્ષને સાધી રહ્યું છે, અને એમાં જ સાચો વૈરાગ્ય છે. જ્યાં રાગનું કર્તવ્ય જ ઊડી ગયું ત્યાં તેનું જોર તૂટી ગયું છે, એટલે અસંયમદશા હોવા છતાં કષાયો મર્યાદામાં આવી ગયા છે, તેનાં શ્રદ્ધા–જ્ઞાન મલિન થતા નથી આવું સમ્યગ્દર્શન જે જીવ પામ્યો તે ઇંદ્ર વડે પણ પ્રશંસનીય છે. અહો, આવા કપરાકાળે પણ અંતરમાં ઊતરીને જે આત્મદર્શન પામ્યો તે ધન્ય છે. તે તો આત્માના અતીન્દ્રિય આનંદના દરબારમાં જઈને બેઠો, પંચપરમેષ્ઠીની નાતમાં ભળ્યો. શાસ્ત્રોએ જે ચૈતન્યવસ્તુનો અનંતો મહિમા ગાયો છે તે ચૈતન્યવસ્તુ તેણે પોતામાં પ્રાપ્ત કરી લીધી, પોતામાં તેનો અનુભવ કરી લીધો. તે સુકૃતી છે— જગતનું ઉત્કૃષ્ટ કાર્ય તેણે કરી લીધું છે, તેથી તે ધન્ય છે...ધન્ય....છે ધન્ય છે! ॥ ૧૫ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સમ્યગ્દર્શનનું શ્રેષ્ઠપણું અને સમ્યગ્દષ્ટિને દુર્ગતિગમનનો અભાવ

સમ્યગ્દષ્ટિજીવ અસંયમી-ગૃહસ્થ હોય તોપણ પ્રશંસનીય છે-એમ કહ્યું. હજી તેનો વિશેષ મહિમા કરતાં કહે છે કે ત્રણકાળ ને ત્રણલોકમાં સમ્યગ્દર્શન જીવને સુખકારી છે, તે જ ધર્મનું મૂળ છે; અને સમ્યગ્દષ્ટિજીવ હલકીગતિનાં સ્થાનોમાં તો ઊપજતો જ નથી.—

[ ગાથા-૧૬ ]

**प्रथम नरक विन षट् भू, ज्योतिष-वान-भवन, षंड नारी,**
**थावर विकलत्रय पशुमें नहि उपजत सम्यक्धारी;**
**तीनलोक तिहुंकालमाहिं नहीं दरशनसो सुखकारी,**
**सकलधरमको मूल यही इस बिन करनी दुःखकारी ॥ १६ ॥**

અહો, જીવને સમ્યગ્દર્શન સમાન સુખકારી ત્રણકાળ ત્રણલોકમાં બીજું કોઈ નથી; શ્રાવકના કે મુનિના બધા ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે; સમ્યગ્દર્શન વગરની શુભાશુભ બધી કરણી જીવને દુઃખકારી છે.

સમ્યગ્દર્શન-ધારક જીવ પહેલી નરક સિવાયની છ નરકમાં, જ્યોતિષ-વ્યંતર-ભવનવાસી દેવોમાં, નપુંસકમાં, સ્ત્રી-પર્યાયમાં, સ્થાવરમાં, વિકલત્રયમાં કે કર્મભૂમિના પશુમાં કદી ઉપજતો નથી. સમ્યગ્દષ્ટિ ઉત્તમ દેવ કે ઉત્તમ મનુષ્યમાં જ અવતરે છે; પણ જો સમ્યગ્દર્શન પહેલાં અજ્ઞાનદશામાં કોઈને આયુષ્ય બંધાઈ ગયું હોય તો તેવો જીવ પહેલી નરકમાં કે ભોગભૂમિના તિર્યંચ અગર મનુષ્યમાં અવતરે છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તો ચારે ગતિના જીવોને થઈ શકે છે-દેવ કે મનુષ્ય, તિર્યંચ કે નરક ચારે ગતિમાં પાત્ર જીવ સમ્યગ્દર્શન પામી શકે છે. નરકમાંય અસંખ્યાતા સમ્યગ્દષ્ટિ જીવો છે. સમ્યગ્દર્શન સહિત મરીને ક્યાં ઉપજે? ને ક્યાં ન ઉપજે? તે અહીં બતાવ્યું છે.—

❀ દેવલોકમાંથી અવતરીને સમ્યગ્દષ્ટિ જીવ ઉત્તમ મનુષ્યમાં જ આવે, બીજે ન જાય.

❀ નરકમાંથી મરીને સમ્યગ્દષ્ટિ જીવ ઉત્તમ મનુષ્યમાં જ આવે, બીજે ન જાય.

❀ તિર્યંચમાંથી મરીને સમ્યગ્દષ્ટિ જીવ વૈમાનિક સ્વર્ગમાં જ જાય, બીજે ન જાય.

❀ હવે સમ્યગ્દષ્ટિ-મનુષ્યમાં બે વાત છે :

સામાન્યપણે તો સમ્યગ્દષ્ટિ મનુષ્ય મરીને સ્વર્ગમાં જ જાય.

પણ જેને સમ્યગ્દર્શન પહેલાં મિથ્યાત્વદશામાં આયુષ્ય બંધાઈ ગયું હોય ને પછી સમ્યગ્દર્શન પામ્યો હોય તે જીવ સમ્યક્ત્વસહિત મરીને, જો નરકનું આયુષ્ય બંધાયું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય તો પહેલી નરકમાં, અને તિર્યંચનું કે મનુષ્યનું આયુષ્ય બંધાયું હોય તો ભોગ-ભૂમિના તિર્યંચ કે મનુષ્યમાં ઊપજે છે.—વળી આમાં એટલી વિશેષતા છે કે આવા જીવો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જ હોય છે.

—જેમકે શ્રેણીકરાજા; તેમણે પહેલાં અજ્ઞાનદશામાં જૈન મુનિરાજ ઉપર ઉપસર્ગ કરીને સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું; પણ પછી જૈનધર્મ પામ્યા ને મહાવીર પ્રભુના ચરણ સમીપે ક્ષાયિકસમ્યગ્દર્શન પામ્યા, ત્યાં નરકની સ્થિતિ ઘટીને અસંખ્યાત વર્ષોમાંથી ૮૪૦૦૦ વર્ષની જ રહી, ને સાતમીને બદલે પહેલી નરકે ગયા. જે ગતિનું આયુષ્ય બંધાઈ ગયું હોય તે ફરે નહિ. ૮૪૦૦૦ વર્ષની સ્થિતિ પૂરી થતાં ત્યાંથી નીકળીને તે જીવ ત્રણલોકના નાથ તીર્થંકર પરમાત્મા થશે.—એ સમ્યક્ત્વનો પ્રતાપ છે. યોગસારમાં કહે છે કે—

સમ્યગ્દષ્ટિ જીવને દુર્ગતિ ગમન ન થાય;
કદી જાય તો દોષ નહીં, પૂર્વકર્મ ક્ષય થાય.

સમ્યગ્દષ્ટિ જીવને સમ્યક્ત્વ પછી દુર્ગતિગમન થતું નથી; પૂર્વે બાંધેલા આયુને કારણે કદાચ નરકમાં જાય તોપણ ત્યાં સમ્યગ્દર્શનનો તો કાંઈ દોષ નથી; એ તો પૂર્વે અજ્ઞાનદશામાં બાંધેલાં કર્મનું ફળ છે, અને તે કર્મને પણ તે નિર્જરાવી નાંખે છે.

જુઓ, આમાં કેટલી વાત આવી ગઈ? પ્રથમ તો સંસારમાં ચારગતિનાં સ્થાનો છે. આત્માનું જ્ઞાન થતાંવેંત જીવનો મોક્ષ જ થઈ જાય ને તે સંસારમાં રહે જ નહીં—એમ નથી. સમ્યગ્દર્શન પછી પણ કોઈને અમુક ભવ હોય છે. તે સમ્યગ્દષ્ટિને અસંયમ ને અશુભ ભાવ હોવા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે તેના પરિણામ એટલા ઉજ્જવળ છે કે ઉત્તમ દેવ કે ઉત્તમ મનુષ્યમાં જ તે ઊપજે છે; હલકા દેવમાં તે ઊપજતા નથી, કે દેવી થતા નથી. સમ્યગ્દષ્ટિ મરીને ઈંદ્રાણી પણ ન થાય. સ્ત્રીપર્યાયમાં મિથ્યાદષ્ટિ જ ઊપજે. ઊપજ્યા પછી ભલે સમ્યગ્દર્શન પામે. હલકા દેવો, દેવીઓ, છ નારકો, નપુંસક—એ બધામાં ઊપજેલા જીવો સમ્યગ્દર્શન પામી શકે છે, પણ ત્યાં ઊપજે ત્યારે તો મિથ્યાદષ્ટિ જ હોય. મલ્લિતીર્થંકરને જે લોકો સ્ત્રી કહે છે તેને સિદ્ધાંતની ખબર નથી; તીર્થંકરનો આત્મા તો પૂર્વભવમાંથી સમ્યગ્દર્શન સાથે લઈને અવતરે, તે સ્ત્રીપર્યાયમાં કેમ ઊપજે? સ્ત્રીપર્યાયમાં તો મિથ્યાદષ્ટિ ઊપજે.

સમ્યગ્દષ્ટિ દેવ હોય તે મનુષ્યમાં અવતરે; પણ સમ્યગ્દષ્ટિ મનુષ્ય મરીને કર્મભૂમિનો મનુષ્ય ન થાય; પૂર્વે આયુષ્ય બંધાઈ ગયું હોય ને મનુષ્ય થાય તો તે ભોગભૂમિમાં જ મનુષ્ય થાય, પણ વિદેહક્ષેત્ર વગેરે કર્મભૂમિમાં ન જાય. ઘણા લોકો સમજ્યા વગર કહે છે કે અમુક ધર્માત્મા અહીંથી મરીને વિદેહક્ષેત્રમાં ઊપજ્યા.—પણ એ ભૂલ છે. જે મનુષ્ય મરીને વિદેહમાં ઊપજે તે તો મિથ્યાદષ્ટિ જ હોય. કુંદકુંદાચાર્યદેવ વગેરે અહીંથી વિદેહમાં ગયા હતા તે સાચું-પણ તે તો દેહસહિત ગયા હતા; સમાધિમરણ કરીને તો તેઓ સ્વર્ગમાં ગયા છે.

અજ્ઞાનદશામાં નરકનું આયુ બંધાઈ જાય ને પછી જે જીવ સમ્યગ્દર્શન પામે તે પહેલી નરકથી નીચે ન જાય. નીચેની છ નરકમાં સમ્યગ્દષ્ટિ જીવો ઊપજતા નથી; ત્યાં ગયા પછી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો સાતેય નરકના જીવો સમ્યગ્દર્શન પામી શકે છે. સાતેય નરકમાં અસંખ્યાતા સમ્યગ્દષ્ટિ જીવો છે.

સમ્યગ્દર્શન પછી તો નરક કે તિર્યંચનું આયુષ્ય બંધાતું જ નથી. ભલે અવ્રતી હોય તોપણ ૪૧ કર્મપ્રકૃતિનું બંધન સમ્યગ્દષ્ટિને કદી થતું નથી, તે આ પ્રમાણે : મિથ્યાત્વ, હૂંડક વગેરે પાંચ સંસ્થાન, વજ્રર્ષભનારાચ સિવાયનાં પાંચ સંહનન, નપુંસકવેદ-સ્ત્રીવેદ, એકેન્દ્રિયથી ચતુરેન્દ્રિય, સ્થાવર, આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, નરકગતિ-નરકાનુપૂર્વીનરકાયુ, તિર્યંચગતિ-તિર્યંચઅનુપૂર્વી-તિર્યંચાયુ, અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, સ્ત્યાનગૃદ્ધિ-નિદ્રાનિદ્રા-પ્રચલાપ્રચલા એ ત્રણ દર્શનાવરણ, અપ્રશસ્ત વિહાયોગતિ, નીચગોત્ર, દુર્ભગ, દુસ્વર તથા અનાદેય. આ પ્રકૃતિ મિથ્યાત્વઅવસ્થામાં બંધાઈ ગઈ હોય તોપણ સમ્યક્ત્વના પ્રભાવથી નષ્ટ થઈ જાય છે.—પણ આયુબંધ કર્યો હોય તે સર્વથા છૂટતો નથી; છતાં સમ્યક્ત્વનો એવો પ્રભાવ છે કે સાતમી નરકનું આયુ બંધાયું હોય તો તેના સ્થિતિ-રસ એકદમ ઘટીને પહેલી નરકને યોગ્ય થઈ જાય છે; તિર્યંચનું કે મનુષ્યનું હલકુ આયુ બંધાયું હોય તો સમ્યક્ત્વના પ્રભાવે ઉત્તમ ભોગભૂમિમાં જ મનુષ્ય કે તિર્યંચ થાય; વ્યંતર વગેરે હલકા દેવનું આયુ બંધાયું હોય તો તેને બદલે સમ્યક્ત્વના પ્રતાપે કલ્પવાસી દેવોમાં જ જાય. વળી સમ્યગ્દષ્ટિ નીચકુળમાં કે દરિદ્રતામાં ન ઊપજે, તદ્દન અલ્પ આયુનો ધારક ન હોય, વિકૃત અંગવાળો કે લૂલો-મૂંગો-બહેરો-આંધળો પણ તે ન ઊપજે.-જોકે આ તો બધુ બહારનું પુણ્યફળ છે; સમ્યગ્દર્શનની અનુભૂતિ તો તે બધાયથી અત્યંત જુદી જ છે. દેવાદિના ઉત્તમ શરીરથી પણ સમ્યગ્દષ્ટિ પોતાને અત્યંત જુદો જ અનુભવે છે. પણ સમ્યક્ત્વ સાથેના પુણ્યનો આવો મેળ હોય છે-એમ બતાવવું છે. બાકી તો સમ્યગ્દષ્ટિ પોતાને રાગથી પણ જુદો અનુભવે છે ત્યાં આ પુણ્યની ને સંયોગની શી વાત ?

દેવોમાં તો નપુંસક હોતા જ નથી; મનુષ્ય કે તિર્યંચમાં નપુસંક હોય તેમાં સમ્યગ્દષ્ટિ ઊપજતા નથી. જે સમ્યગ્દષ્ટિ પહેલી નરકમાં ઊપજે તેને નપુંસકપણું હોય તે જુદી વાત છે—કેમકે નરકમાં તો બધાને એક નપુંસકવેદ જ હોય છે, ત્યાં સ્ત્રીવેદ કે પુરુષવેદ હોતો જ નથી. કયો જીવ ક્યાં ઊપજે, ક્યાં ન ઊપજે, તેનું વિસ્તારથી વર્ણન ષટ્ખંડાગમ વગેરે સિદ્ધાંતસૂત્રોમાં છે.

જુઓ, ચારગતિ છે, તેને યોગ્ય જીવનાં ભાવો છે, જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં પુનર્જન્મ પોતાના ભાવ અનુસાર થાય છે, કોઈ ઈશ્વર તેને કર્મનું ફળ આપતા નથી, એ બધાની આસ્તિકતા હોવી જોઈએ. ચારગતિ, પુનર્જન્મ, કર્મફળ વગેરેને ન માને તેને તો ગૃહીતમિથ્યાત્વ છે, તેને તો આ એકેય વાત ક્યાંથી સમજાય ? 'બસ, વિકલ્પ તોડો' એમ કહે ને અંદર તત્ત્વનિર્ણયનું તો ઠેકાણું ન હોય, —એ તો વેદાંત જેવો મિથ્યાદષ્ટિ છે. અરે, લોકો ભગવાન મહાવીરને ઇસુ બુદ્ધ કે ગાંધી સાથે સરખાવે છે તેમને તો જૈનધર્મની ગંધ પણ નથી, એમની શ્રદ્ધા તો જૈનધર્મથી તદ્દન વિપરીત છે. સર્વજ્ઞનો જૈનમાર્ગ તો કોઈ અદ્ભુત, અલૌકિક, જગતથી જુદી જાતનો છે; બીજા કોઈ માર્ગ સાથે તેની સરખામણી થાય તેવી નથી. આ તો ભગવાનનો માર્ગ છે, ને ભગવાન થવાનો માર્ગ છે. એકેક આત્મા સર્વજ્ઞ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવી પરમાત્મા છે. તેનું ભાન થવા છતાં જેને હજી રાગ સર્વથા નથી છેદાયો એવા જીવને ફરી અવતાર થાય છે પણ તે ઉત્તમગતિમાં જ જાય છે. સમ્યગ્દર્શન થયા પછી ઉત્તમ દેવ ને ઉત્તમ મનુષ્ય સિવાયનો બધો સંસાર તો છેદાઈ ગયો. સમ્યગ્દષ્ટિ જ્યાં ઊપજે ત્યાં ઓજસ્વી–પરાક્રમી, તેજસ્વી–પ્રતાપવંત, વિદ્યાવંત, વીર્યવંત, ઉજ્જ્વલ યશસ્વી, વૃદ્ધિવંત, વિજયવંત, મહાન કુળવંત, ચતુર્વિધ પુરુષાર્થના સ્વામીપણે ઊપજે છે અને માનવતિલક થાય છે એટલે કે સમસ્ત મનુષ્યોમાં તિલકની જેમ શોભે છે, સમસ્ત લોકો તેનો આદર કરે છે. ચક્રવર્તીપદ તીર્થંકરપદ વગેરે પણ સમ્યગ્દષ્ટિ જ પામે છે. ને એવા ઉત્તમ પદ પામીને તે રત્નત્રયની પૂર્ણતા કરીને મોક્ષને પામે છે. સમ્યગ્દર્શનનો આવો મહાન પ્રતાપ છે.

સમ્યગ્દષ્ટિ અસંયમી હોય, વિષય–કષાયના ભાવો થતા હોય, છતાં પણ તેને અશુભ વખતે આયુ ન બંધાય, શુભ વખતે જ બંધાય કેમકે ઉત્તમ આયુ જ બંધાય છે; પરિણામની મર્યાદા જ એવી છે. ઉત્તમ દેવ કે મનુષ્યમાં જાય ત્યાં પણ સમ્યગ્દષ્ટિ જીવ અંતર્દષ્ટિમાં પોતાના શુદ્ધઆત્મા સિવાય બીજે બધેથી અલિપ્ત જ રહે છે; દેવલોકના વૈભવ વચ્ચે પણ તે આત્માને ભૂલતા નથી.

દેહ–મન–વાણી, કર્મ પુણ્ય–પાપ, રાગ–દ્વેષ, સ્ત્રી, વેપાર વગેરે હોવા છતાં, તેની સામે એક આખું ચિદાનંદતત્ત્વ પણ વિદ્યમાન છે; તે દેહાદિ બધાયથી પાર ચિદાનંદતત્ત્વ જ હું છું—એવું ધર્મીને ભાન છે; બહારમાં બધું હોવા છતાં મારા તત્ત્વમાં તે કંઈ નથી, મારું તત્ત્વ તે રૂપ થયું નથી, બધાયથી ન્યારું ને ન્યારું જ છે. આવી શુદ્ધદષ્ટિ રાખીને વ્યવહારને પણ જેમ છે તેમ જાણે છે. રાગાદિ અને ગૃહવાસ છે તેને કાંઈ સારા નથી માનતો, તેને તો કાદવ જેવા જાણે છે. અરે, મારા શુદ્ધ તત્ત્વમાંથી બાહ્યવિષયોમાં વૃત્તિ જાય તે કાદવ જેવી છે; સર્વજ્ઞસ્વભાવી મારા આત્માને આ કાદવથી શોભા નથી. સમ્યગ્દર્શન થઈ ગયું છે માટે હવે ગમે તે વૃત્તિ આવે તો શો વાંધો? એમ તે ધર્મી નથી કહેતો, પણ જેટલી વિષય-કષાયની વૃત્તિઓ છે તેને પોતાનો દોષ સમજે છે. જેમ રોગીને રોગનો કે ઔષધનો પ્રેમ નથી, તેને તો તે મટાડવા ચાહે છે, તેમ ધર્મીને અસંયમનો કે વિષયોનો પ્રેમ નથી, તેને તો તે છોડવા ચાહે છે. આ રીતે દોષને દોષ જાણે છે ને દોષ વગરના શુદ્ધતત્ત્વને પણ જાણે છે, એટલે રાગાદિભાવ થવા છતાં ધર્મી જીવ અંતરથી ન્યારો છે, અતીન્દ્રિય આનંદમય ચૈતન્યસ્વભાવમાં રાગને પ્રવેશવા દેતો નથી. જેમ સારો માણસ જેલમાં રહેવું પડે તેને સારી માનતો નથી, તેમ ધર્માત્માને રાગ–દ્વેષ, પુણ્ય–પાપ જેલ જેવા લાગે છે; પરભાવમાં, ગૃહવાસરૂપી અસંયમની જેલમાં ધર્મીજીવ આનંદ માનતો નથી, પણ તેનાથી છૂટવા માંગે છે. સમ્યગ્દર્શન થતાં મુક્તિના સ્વાદનો નમૂનો તો ચાખી લીધો છે, તેથી રાગના રસમાં તેને ક્યાંય ચેન પડતું નથી.

સદનનિવાસી તદપિ ઉદાસી તાતેં આસ્રવ ઝટાઝટી,
સંયમ ધર ન શકે પૈ સંયમ ધારનકી ઉર ચટાચટી.

સમ્યગ્દષ્ટિની આવી અલૌકિકદશા છે. શાસ્ત્રોએ પેટ ભરીભરીને સમ્યગ્દર્શનનો મહિમા ગાયો છે. સમ્યગ્દર્શનમાં આખા આત્માનો સ્વીકાર છે. સમ્યગ્દર્શન સર્વોત્તમ સુખનું કારણ છે, તે જ ધર્મનું મૂળ છે. સમંતભદ્રમહારાજ કહે છે કે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રણકાળ ને ત્રણલોકમાં સમ્યક્ત્વસમ નહીં શ્રેય છે,
મિથ્યાત્વસમ અશ્રેય કો નહીં જગતમાં આ જીવને.

( રત્નકરંડશ્રાવકાચાર : ૩૪ )

મોક્ષસુખનું મૂળ કારણ સમ્યગ્દર્શન છે, સમ્યગ્દર્શન વગરનું જે કાંઈ જાણપણું કે જે કાંઈ આચરણ તે બધુંય દુઃખનું જ કારણ છે. અજ્ઞાની વ્રતાદિ કરે તોપણ મિથ્યાત્વનું પાપ તો તેને પડયું જ છે. સમ્યગ્દર્શન વગર જીવ જે કાંઈ કરે તેમાં સુખનો છાંટોય નથી, તેમાં તો દુઃખ જ છે. અને સમ્યગ્દર્શન થતાંવેંત જીવને પોતાના સ્વભાવના અપૂર્વ સુખનો અનુભવ થાય છે. નરકમાં પણ સમ્યગ્દષ્ટિ એવા સુખને અનુભવી લ્યે છે—જ્યારે સ્વર્ગના મિથ્યાદષ્ટિદેવને તે સુખની ગંધ પણ નથી.

અજ્ઞાની કહે છે કે સમ્યગ્દર્શન વગર પણ વ્યવહાર કરીએ તે ધર્મનું કારણ થશે. અહીં તો કહે છે કે સમ્યગ્દર્શન વગરની બધી કરણી દુઃખની જ દેનારી છે. આત્માના આનંદરૂપ સુખનું દાતાર તો સમ્યગ્દર્શન જ છે. દેવલોકના વૈભવમાં સુખ નથી પણ સમ્યગ્દર્શનમાં સુખ છે. દેવલોકમાં સમ્યગ્દષ્ટિ હોય તે સમ્યગ્દર્શનને લીધે સુખી છે, પણ કાંઈ દેવલોકના વૈભવને લીધે તે સુખી નથી, વૈભવ તરફ લક્ષ જાય તેટલું તો દુઃખ છે, આકુળતા છે.

સમ્યગ્દર્શન વગરનો જીવ શુભરાગના પરિણામને ધર્મ માની લ્યે છે; રાગ અને જ્ઞાન વચ્ચેના ભેદની તેને ખબર નથી. 'રાગ' અને 'જ્ઞાન' તેઓ અનેક હોવા છતાં અજ્ઞાનથી તે અનેકને એકપણે અનુભવે છે. ભાઈ, તારું ચૈતન્યતત્ત્વ રાગથી જુદું છે તેને જુદું જાણ. ચૈતન્યનું અસ્તિત્વ રાગરૂપે કે દેહરૂપે નથી. આવી ચૈતન્યની કિંમત અજ્ઞાનીને દેખાતી નથી, એને તો શુભરાગની ને દેહની ક્રિયાની કિંમત લાગે છે, પણ એ તો બધું થોથાં છે, બાપુ! એમાં ક્યાંય તારો ધર્મ નથી.

સમ્યગ્દર્શન થયું ત્યાં ભવ વગરનો પોતાનો આત્મા પ્રતીતમાં આવ્યો; ચૈતન્યતત્ત્વ રાગ-વગરનું આનંદમય અનુભવમાં આવ્યું; ત્યાં હવે ભવના ભાવનો આદર નથી, એકાદ બે ભવ હોય પણ તેને હેય જાણે છે, ને સાથે સમ્યગ્દર્શન વર્તે છે. સમ્યગ્દર્શન સિવાયનું બીજું કાંઈ સુખદાયક નથી. બીજું એટલે કે સમ્યગ્દર્શન વગરનું બીજું એમ સમજવું, બાકી સમ્યગ્દર્શન-સહિતનું સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર તો સુખદાયક છે જ. ચારિત્રદશામાં તો ઘણું વિશેષ આત્મસુખ છે, પણ તેનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર તો ચારિત્રદશા હોતી નથી. સમ્યગ્દર્શન વગર જે કાંઈ જ્ઞાન કે આચરણ છે તે મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે, તેમાં સુખનો કે ધર્મનો અંશ પણ નથી. સર્વ દુઃખનું મૂળ મિથ્યાત્વ; અને સર્વસુખનું મૂળ સમ્યક્ત્વ.

પ્રશ્ન :—મિથ્યાદષ્ટિ જીવો નરકમાં જ જાય—એ ખરું?

ઉત્તર :—ના; મિથ્યાદષ્ટિ જીવ પોતાનાં પુણ્ય–પાપ અનુસાર ચારે ગતિમાં જાય છે, સ્વર્ગમાં પણ તે જાય છે; પણ સ્વર્ગમાંય કાંઈ તેને સુખ નથી. તે ભલે પોતાને અજ્ઞાનથી સુખી માને, પણ સુખ ક્યાં છે ને કેવું છે તેની તેને ખબર પણ નથી. મિથ્યાદષ્ટિ જીવો પાપવડે નરકમાં જાય કે પુણ્યવડે સ્વર્ગમાં જાય, એ બધોય સંસાર જ છે, ક્યાંય તે સુખી નથી. સુખી તો સમકિતી છે કે જેણે ચારગતિથી પાર એવા ચૈતન્યતત્ત્વને જોયું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દુનિયા તો પૈસા વગેરે સંયોગ ઉપરથી સુખનું માપ કાઢે છે, આત્મસુખને તો તે જાણતી જ નથી. દુનિયા એમ નથી પૂછતી કે તમને કેટલું આત્મસુખ છે? પણ તમારી પાસે પૈસાની મૂડી કેટલી છે, તમારી આવક કેટલી છે—એમ જુએ છે. —વધુ પૈસાથી જાણે વધુ સુખ હોય! ને પૈસા વગર જાણે સુખ હોય જ નહીં! એવી અજ્ઞાનીની ભ્રમણા છે. દુનિયા તો બહારથી દેખનારી છે.

અરે, વિકલ્પ ઊઠે તે પણ જ્યાં દુઃખ છે, તેમાંય સુખ નથી ત્યાં બીજાની શી વાત? સમ્યગ્દર્શન વગરનું કોઈ સુખદાયક નથી. કોઈ સંયોગ એવો નથી કે જે સુખ આપે. સમ્યગ્દર્શન જ બધા ધર્મનું મૂળ છે. 'બધા ધર્મો' એટલે કાંઈ જૈન અને બીજા બધા—એમ નહિ, પણ આત્માનો જ્ઞાનધર્મ, ચારિત્રધર્મ, શ્રાવકધર્મ, મુનિધર્મ, સુખધર્મ, ક્ષમાદિ દશધર્મ —એમ વીતરાગી શુદ્ધભાવરૂપ બધા ધર્મોનું મૂળ સમ્યગ્દર્શન છે; કેમકે 'ધર્મી' એવો પોતાનો શુદ્ધઆત્મા લક્ષમાં-પ્રતીતમાં-અનુભવમાં લીધા વગર તેના ધર્મો (એટલે શુદ્ધપર્યાયો) પ્રગટે નહીં. સમ્યગ્દર્શનવડે શુદ્ધઆત્માને ધ્યેય બનાવીને એકાગ્ર થતાં શ્રાવકધર્મ, મુનિધર્મ, ઉત્તમક્ષમાદિધર્મ, શુદ્ધોપયોગધર્મ, ધ્યાનરૂપધર્મ, સુખધર્મ, સ્વાનુભવરૂપધર્મ, નિર્મોહભાવરૂપ ધર્મ,—એમ બધા વીતરાગીધર્મો ખીલે છે. માટે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર જીવ જે કાંઈ કરે તે ધર્મ નથી પણ દુઃખ છે.

સમ્યગ્દર્શન વગર ધ્યાન કોનું કરશે? જેમાં એકાગ્ર થઈને ધ્યાન કરવાનું છે તે વસ્તુ તો પ્રતીતમાં આવી નથી. એ જ રીતે સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર; પણ જે સ્વરૂપમાં ચારવાનું છે તે સ્વરૂપને ઓળખ્યા વગર ચારિત્ર કેવું? વીતરાગતા કરવા માંગે, પણ રાગથી ભિન્ન ચૈતન્યના અનુભવ વગર વીતરાગતા કરશે કઈ રીતે? રાગમાં જ ઊભો રહીને કદી વીતરાગતા થઈ શકે નહીં. આ રીતે સમ્યગ્દર્શન અને સ્વાનુભવ વગર જીવને કોઈ પ્રકારનો ધર્મ કે મોક્ષમાર્ગ થાય નહીં. જેમ મૂળ વગર ઝાડ થતું નથી, તેમ સમ્યગ્દર્શન વગર ધર્મ થતો નથી. ભાન વગર ધર્મ માની લ્યે તેમાં તો મૂઢતા પોષાય છે. એવા જીવોની શુભક્રિયાઓ પણ કષ્ટરૂપ જ છે. પોતે પોતાને જ જ્યાં જાણ્યો નથી, અરે! જાણવાની દરકાર પણ નથી, ત્યાં ધર્મ કેવો? ને સુખ કેવું?

એકેક આત્મા પોતે પરમાત્મા થઈ શકે છે, તેને જાણે નહિ, ને બીજા પરમાત્માએ આ આત્માને બનાવ્યો એમ માને, અથવા તો આ આત્મા બીજા કોઈ પરમાત્માનો એક અંશ છે એમ માને, (એટલે કે આ આત્મા પોતે આખો સ્વતંત્ર પરમાત્મા છે એમ ન માને) તે બધા મિથ્યાદૃષ્ટિ છે, તેમણે નથી આત્માનું સ્વરૂપ જાણ્યું, કે નથી પરમાત્માને ઓળખ્યા. એવા જીવોને સમ્યગ્દર્શન હોતું નથી, ને સમ્યગ્દર્શન વગર ધર્મ હોતો નથી.

તેથી મુમુક્ષુજીવે પોતાના સુખને માટે દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ બરાબર ઓળખી, સર્વ પ્રકારની મૂઢતા છોડી, વીતરાગ જૈનમાર્ગમાં કહેલાં તત્ત્વોનો સાચો નિર્ણય કરવો, અને પરથી ભિન્ન પોતાના ચિદાનંદસ્વભાવરૂપ આત્મતત્ત્વની રુચિ-પ્રતીતિ-સ્વાનુભૂતિ કરીને શુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કરવું, એમ ઉપદેશ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# મોક્ષમહેલનું પહેલું પગથિયું–સમ્યગ્દર્શન

## દર્શન ધારો ભવ્ય પવિત્રા....કાલવૃથા મત ખોવો

સમ્યગ્દર્શનનો ઘણો મહિમા બતાવીને હવે આ ત્રીજી ઢાળની છેલ્લી ગાથામાં તેની અત્યંત પ્રેરણા આપતાં કહે છે કે અરે જીવ! તું કાળ નકામો ગુમાવ્યા વગર આ પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કર.—

( ગાથા–૧૭ )

मोक्षमहलकी परथम सीढी, या विन ज्ञान चरित्ता–
सम्यक्ता न लहे, सो दर्शन धारो भव्य पवित्रा ॥
दौल ! समझ सुन चेत सयाने काल वृथा मत खोवे ।
यह नरभव फिर मिलन कठिन है जो सम्यक् नहीं होवे ॥

અહા, જુઓ આ સમ્યગ્દર્શનનું સ્વરૂપ! હે ભવ્ય! આવા સમ્યગ્દર્શનને ઓળખીને અત્યંત મહિમાપૂર્વક તું તેને શીઘ્ર ધારણ કર....જરાપણ કાળ નકામો ગુમાવ્યા વગર તું ચેતી જા અને આવા સમ્યગ્દર્શનને ધારણ કર. કેમકે આ સમ્યગ્દર્શન જ મોક્ષનું પ્રથમ પગથિયું છે; જ્ઞાન કે ચારિત્ર કાંઈ આ સમ્યગ્દર્શન વગર સાચું હોતું નથી. સમ્યગ્દર્શન વગરનાં બધાં જાણપણા ને બધાં આચરણ તે મિથ્યાજ્ઞાન ને મિથ્યાઆચરણ છે. માટે હે દૌલતરામ! તું સમજ, આ ઉપદેશ સાંભળીને ચેત, સાવધાન થા. ને નકામો કાળ ગુમાવ્યા વગર સમ્યગ્દર્શનનો સાચો ઉદ્યમ કર. જો સમ્યક્ત્વ વગર જીવન ગુમાવ્યું તો ફરીને આવો નરભવ ને આવા જૈનધર્મનો ઉત્તમયોગ મળવો કઠણ છે. અવસર ગુમાવી દઈશ તો તારા પસ્તાવાનો પાર નહીં રહે. માટે, કવિ પોતે પોતાને સંબોધીને કહે છે તેમ જ બીજા ભવ્ય જીવોને પણ કહે છે કે હે ચૈતન્ય-દૌલતવાળા આતમરામ! હે ભવ્ય જીવ! તું અત્યંત સાવધાન થઈને ચેતી જા ને અત્યંત ઉદ્યમપૂર્વક શીઘ્ર આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કર.

મોક્ષમહેલમાં ચઢવા માટે રત્નત્રયરૂપ જે સીડી છે તેનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે; તેના વગર ઉપરનાં પગથિયાં (શ્રાવકપણું મુનિપણું વગેરે) હોય નહિ. સીડીનું એક પગથિયું પણ જેનાથી નથી ચડાતું તે આખી સીડી ચડીને મોક્ષમાં ક્યાંથી પહોંચશે? સમ્યગ્દર્શન વગરની બધી ક્રિયાઓ એટલે કે શુભભાવો તે કાંઈ ધર્મનું પગથિયું નથી, તે તો સંસારમાં ઉતરવાનો રસ્તો છે. રાગને જેણે રસ્તો માન્યો તે તો સંસારના રસ્તે છે. રાગના રસ્તે કાંઈ મોક્ષમાં ન જવાય. મોક્ષનો રસ્તો તો સ્વાનુભવસહિત સમ્યગ્દર્શન છે. આત્માની પૂર્ણ શુદ્ધ વીતરાગદશા તે મોક્ષરૂપી આનંદમહેલ; અંશે શુદ્ધતારૂપ સમ્યગ્દર્શન તે મોક્ષમહેલનું પહેલું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પગથિયું. અંશે શુદ્ધતા વગર પૂર્ણ શુદ્ધતાના માર્ગે ક્યાંથી જવાશે? અશુદ્ધતાના માર્ગે ચાલતાં કાંઈ મોક્ષનગર ન આવે.

મોક્ષ શું છે?—મોક્ષ તે કાંઈ ત્રિકાળી દ્રવ્ય કે ગુણ નથી, પણ તે જીવના જ્ઞાનાદિ ગુણોની પૂર્ણ શુદ્ધ અવસ્થારૂપ કાર્ય છે; તેનું પહેલું કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનું લક્ષ્ય પૂર્ણ શુદ્ધ આત્મા છે, તે પૂર્ણતાના ધ્યેયે પૂર્ણ તરફની ધારા ઊપડે છે; વચ્ચે રાગાદિ હોય, વ્રતાદિ શુભભાવ હોય પણ સમ્યગ્દૃષ્ટિ તેને આસ્રવ જાણે છે, તે કાંઈ મોક્ષની સીડી નથી. સમ્યક્તા કહો કે શુદ્ધતા કહો, જ્ઞાન-ચારિત્ર વગેરેની શુદ્ધિનું મૂળ સમ્યગ્દર્શન છે. શુભરાગ તે કાંઈ ધર્મનું પગથિયું નથી. રાગનું ફળ સમ્યગ્દર્શન નથી, ને સમ્યગ્દર્શનનું ફળ શુભરાગ નથી; બંને ચીજો જ જુદી છે.

આત્મા શાંત-વીતરાગસ્વભાવ છે; તે પુણ્યવડે, રાગવડે, વ્યવહારવડે પ્રાપ્ત થતો નથી એટલે કે અનુભવમાં આવતો નથી; પણ સીધો પોતે પોતાના ચેતનભાવવડે અનુભવમાં આવે છે, આવો અનુભવ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય ને ત્યારે મોક્ષમાર્ગ ઊઘડે. અનંત જન્મ-મરણના નાશના ઉપાયમાં ને મોક્ષના પરમ આનંદની પ્રાપ્તિમાં સમ્યગ્દર્શન જ પહેલું પગથિયું છે. તેના વગર જ્ઞાનનું જાણપણું કે શુભરાગની ક્રિયાઓ તે બધું નિરર્થક છે, ધર્મનું ફળ તેના વડે જરાય આવતું નથી માટે તે નિરર્થક છે. નવતત્ત્વોની એકલી વ્યવહારશ્રદ્ધા, વ્યવહારુ જાણપણું કે પંચમહાવ્રતાદિ શુભઆચાર, તે કોઈ રાગ આત્માના સમ્યગ્દર્શન માટે જરાય કારણરૂપ નથી; વિકલ્પની મદદવડે નિર્વિકલ્પતા કદી પમાતી નથી. સમ્યક્ત્વાદિની ભૂમિકામાં તેને યોગ્ય વ્યવહાર હોય છે એટલી તેની મર્યાદા છે, પણ તે વ્યવહાર છે માટે તેને લઈને નિશ્ચય છે-એમ નથી. વ્યવહારના જેટલા વિકલ્પો છે તે બધાય આકુળતા અને દુઃખ છે, આત્માના નિશ્ચય-રત્નત્રય જ સુખરૂપ અનાકુળ છે. જ્ઞાનીનેય વિકલ્પ તે દુઃખ છે, વિકલ્પવડે કાંઈ આત્માનું કાર્ય થતું નથી; તે વખતે જ તેનાથી ભિન્ન એવા નિશ્ચય-શ્રદ્ધા-જ્ઞાનાદિ પોતાના આત્માના અવલંબને તેને વર્તે છે અને તે જ મોક્ષમાર્ગ છે. આવા નિરપેક્ષ નિશ્ચય સહિત જે વ્યવહાર હોય તે વ્યવહાર વ્યવહાર તરીકે સાચો છે.

સમ્યગ્દર્શન વગર જ્ઞાન કે ચારિત્રમાં સાચાપણું આવતું નથી, એટલે જૂઠાપણું રહે છે. સમ્યગ્દર્શન વગર બધુંય ખોટું?—હા, મોક્ષને માટે તો બધુંય નિરર્થક, ધર્મને માટે બધું નકામું; શાસ્ત્રજ્ઞાનની વાત કરીને ગમે તેટલું લોકરંજન કરે, ધારાવાહી ભાષણમાં ન્યાયોની ઝપટ બોલાવે, કે વ્રતાદિ આચરણરૂપ ક્રિયાઓવડે લોકમાં વાહ-વાહ થાય, પણ સમ્યગ્દર્શન વગર તેનું જ્ઞાન ને આચરણ બધુંય મિથ્યા છે, તેમાં જરાય આત્માનું હિત નથી; તેમાં માત્ર લોકરંજન છે, આત્મરંજન નથી, આત્માનું સુખ નથી.

વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે બધાય સમ્યગ્દર્શન વગર કેવાં છે?—તો કહે છે કે તે **सम्यक्ता न लहे** એટલે કે સાચાં નથી પણ ખોટાં છે, તેના વડે મોક્ષમાર્ગ જરાય સધાતો નથી. સમ્યગ્દર્શનપૂર્વક જ સાચાં જ્ઞાન-ચારિત્ર હોય છે ને મોક્ષમાર્ગ સધાય છે; માટે તે ધર્મનું મૂળ છે.

અહો, આવા પવિત્ર સમ્યગ્દર્શનને હે ભવ્યજીવો! તમે ધારણ કરો, બહુમાનથી તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આરાધના કરો. હે સુજ્ઞ-સમજદાર આત્મા! તું સમજ, તું ચેતી જા, તું સાવધાન થા, અને પ્રમાદ વગર શીઘ્ર સમ્યગ્દર્શન પ્રગટ કર. સમ્યગ્દર્શનનો આ ઉત્તમ અવસર છે, ફરીફરી આવો અવસર મળવો દુર્લભ છે. માટે આવો ઉત્તમ ઉપદેશ સાંભળીને, એક ક્ષણ પણ ગુમાવ્યા વગર અત્યારે જ અંતરમાં પોતાના શુદ્ધ આત્માની અખંડ અનુભૂતિસહિત શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શનના દીવડા પ્રગટાવ. હે ભવ્ય! હે સુખના અભિલાષી મુમુક્ષુ! સુખ માટે તું આવા ઉત્તમ કાર્યને શીઘ્ર કર.

'રે આત્મ તારો, આત્મ તારો! શીઘ્ર એને ઓળખો.'

'**तीन भुवनमें जीव अनन्त सुख चाहैं, दुःखतैं भयवन्त**' સુખ કહો કે મોક્ષ કહો, તે સર્વે જીવોને વહાલું છે, અને સમ્યગ્દર્શન તે મોક્ષમહેલની પ્રથમ સીડી છે.—

( મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા ) આત્માના સર્વે ગુણોની પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ.

( સર્વગુણાંશ તે સમ્યક્ત્વ ) આત્માના સર્વે ગુણોની અંશે શુદ્ધતા તે મોક્ષમાર્ગ.

આત્મામાં જ્ઞાનાનંદસ્વભાવ જેવો ત્રિકાળ છે તેવો પર્યાયમાં પ્રગટે તેનું નામ મોક્ષ, અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેનું કારણ તે મોક્ષમાર્ગ; તેમાં પણ મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન એટલે શું? તે બીજી ગાથામાં કહ્યું હતું કે—

'પરદ્રવ્યનતેં ભિન્ન આપમેં રુચિ સમ્યક્ત્વ ભલા હૈ.'

પરદ્રવ્યથી ભિન્ન આત્માની રુચિ તે સમ્યગ્દર્શન છે. મોક્ષાર્થીએ પહેલાં આવું સમ્યગ્દર્શન જરૂર પ્રગટ કરવું જોઈએ. જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા હું છું; શરીરાદિ અજીવ હું નથી, રાગાદિ આસ્રવ પણ હું નથી;—આ રીતે દેહાદિથી તથા રાગાદિથી ભિન્ન પોતાના આત્માની અનુભૂતિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. ને સમ્યગ્દર્શન થયું ત્યારે શાસ્ત્રભણતર કે સંયમ ન હોય તોપણ મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે—'અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને ક્ષણમાત્રમાં જાત્યંતર કરીને જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.'

આવા સમ્યગ્દર્શનનું સાચું સ્વરૂપ જીવ અનંતકાળમાં સમજ્યો નથી ને વિકારને જ આત્મા માનીને તેના જ અનુભવમાં રોકાઈ ગયો છે. બહુ તો પાપ છોડીને શુભરાગમાં આવ્યો, પરંતુ શુભરાગ પણ અભૂતાર્થધર્મ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી, ને તેના અનુભવથી કાંઈ સમ્યગ્દર્શન થતું નથી. '**भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी**' છે. બધા તત્ત્વોનો સાચો નિર્ણય સમ્યગ્દર્શનમાં સમાય છે. ચૈતન્યપ્રકાશી જ્ઞાયકસૂર્ય આત્મા છે, તેના કિરણોમાં રાગાદિ અંધારાં નથી; શુભાશુભ રાગ તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આવા રાગરહિત જ્ઞાનસ્વભાવને જાણીને તેની પ્રતીત અને અનુભૂતિ કરવી તે અપૂર્વ સમ્યગ્દર્શન છે, તે સર્વનો સાર છે.

પરમાત્મપ્રકાશમાં કહે છે કે અનંતકાળથી સંસારમાં રખડતો જીવ બે વસ્તુ પામ્યો નથી—એક તો જિનવરસ્વામી, અને બીજું સમ્યક્ત્વ; બહારમાં તો જિનવરસ્વામી મળ્યા પણ પોતે તેનું ખરું સ્વરૂપ ન ઓળખ્યું, માટે તેને જિનવરસ્વામી મળ્યા નથી—એમ કહ્યું.

ચી. ૩૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જિનવરનું સ્વરૂપ ઓળખતાં સમ્યગ્દર્શન થાય જ. સમ્યગ્દર્શન વગરના જ્ઞાન-ચારિત્રને ભગવાનના માર્ગની એટલે કે સચ્ચાઈની છાપ મળતી નથી. સમ્યગ્દર્શન વડે શુદ્ધ આત્માને શ્રદ્ધામાં લીધો ત્યારે જ્ઞાન સાચું થયું, ને આવા શ્રદ્ધા-જ્ઞાનવડે અનુભવમાં લીધેલા પોતાના શુદ્ધાત્મામાં લીન થતાં ચારિત્ર પણ સાચું થયું. માટે કહ્યું કે મોક્ષમહલકી પરથમ સીડી... સમ્યક્ ધારો ભવ્ય પવિત્રા. ધર્મનું પહેલું પગથિયું પુણ્ય નથી પણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર પુણ્ય પણ અનંતવાર જીવ કરી ચુકયો પણ તે સંસારનું જ કારણ થયું, ધર્મનું કારણ જરાપણ ન થયું. ધર્મ અને મોક્ષનું કારણ સમ્યગ્દર્શન જ છે. સમ્યગ્દર્શન કરી કરીને અનંતા જીવો મોક્ષમાં પધાર્યા છે. સમ્યગ્દર્શન વગર કોઈ જીવ મોક્ષને પામ્યો નથી.

આત્મા શું છે તેને જાણ્યા વગર જે રાગને જ આત્મા માને છે તેને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન વગર જ્ઞાન નથી ને ચારિત્ર પણ નથી. સમ્યગ્દર્શન સહિત જ જ્ઞાન ને ચારિત્ર શોભે છે. માટે હે ભવ્ય! આવા પવિત્ર સમ્યક્ત્વને એટલે નિશ્ચય સમ્યક્ત્વને તું શીઘ્ર ધારણ કર; કાળ ગુમાવ્યા વગર આવું સમ્યક્ત્વ પ્રગટ કર. આત્મબોધ વગર શુભરાગથી તો માત્ર પુણ્ય-બંધન છે; તેમાં મોક્ષમાર્ગ નથી; અને સમ્યગ્દર્શન પછી પણ કાંઈ રાગ તે મોક્ષમાર્ગ નથી. રાગ વગરના જે રત્નત્રય તે જ મોક્ષમાર્ગ છે; જેટલો રાગ છે તેટલું તો બંધન છે. વ્યવહાર-સમ્યગ્દર્શન તે રાગ છે, વિકલ્પ છે, તે પવિત્ર નથી, નિશ્ચય સમ્યગ્દર્શન તે પવિત્ર છે, વીતરાગ છે, નિર્વિકલ્પ છે. વિકલ્પથી જુદો પડીને ચેતનાવડે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માના અનુભવપૂર્વક પ્રતીત કરવી તે સાચું સમ્યક્ત્વ છે. તે મોક્ષનું સોપાન છે. માટે શુદ્ધાત્માને અનુભવમાં લઈને આવા સમ્યક્ત્વને ધારણ કરવાનો ઉપદેશ છે.

હે જીવો? આવો સરસ સમ્યક્ત્વનો મહિમા સાંભળીને હવે તમે જાગો; જાગીને ચેતો! સાવધાન થાઓ! ને આવા પવિત્ર સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજીને પોતાના પુરુષાર્થ વડે તેને ધારણ કરો. તેમાં પ્રમાદ ન કરો. આ દુર્લભ અવસરમાં સમ્યગ્દર્શન જ પ્રથમ કર્તવ્ય છે. ફરીફરી આવો અવસર મળવો મુશ્કેલ છે. સમ્યગ્દર્શન ન કર્યું તો આ દીર્ઘસંસારમાં જીવનો ક્યાંય પત્તો ખાય તેમ નથી. માટે હે શાણા સમજુ જીવો! તમે ઉદ્યમવડે શીઘ્ર સમ્યગ્દર્શનને ધારણ કરો. સાવધાન થઈને તમારી સ્વપર્યાયને સંભાળો! તેને અંતર્મુખ કરીને સમ્યગ્દર્શનરૂપ કરો. તમારી પર્યાયના કર્તા તમે છો; ભગવાન તમારી પર્યાયના દેખનાર છે પણ કાંઈ કરનાર નથી; કર્તા તો તમે જ છો. માટે તમે પોતે આત્માના ઉદ્યમવડે શીઘ્ર સમ્યગ્દર્શનપર્યાયરૂપ પરિણમો.

પોતાનો આત્મા શું છે તેને જાણ્યા વગર અનંતવાર જીવ સ્વર્ગમાં ગયો પણ ત્યાં જરાય સુખ ન પામ્યો, સંસારમાં જ રખડયો. સુખનું કારણ તો આત્મજ્ઞાન છે. અજ્ઞાનીને કરોડો જન્મના તપથી જે કર્મો ખપે છે તે જ્ઞાનીને આત્મજ્ઞાનવડે એકક્ષણમાં ખપી જાય છે. તેથી કહ્યું કે જ્ઞાન-સમાન ન આન જગતમેં સુખકો કારણ.' ત્રણલોકમાં સમ્યગ્દર્શન સમાન સુખકારી બીજું કોઈ નથી. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન વગર જીવને સુખનો છાંટોય અનુભવમાં ન આવે. એટલે કે ધર્મ ન થાય. માટે હે સમજદાર દૌલતરામ! પોતે પોતાને સંબોધીને કહે છે કે હે દૌલતરામ આત્મા! તમે આ સાંભળીને સમજીને ચેતો, ને શીઘ્ર સમ્યગ્દર્શન ધારણ કરીને આત્મહિત કરો. દૌલતરામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ છહઢાળાના કર્તા છે; અથવા દૌલતરામ એટલે અંદર ચૈતન્યની દોલતવાળો આતમરામ તે દૌલતરામ છે. ચૈતન્યની સંપદારૂપ અનંત દોલતવાળા એવા હે દૌલત-રામ! હે આતમ-રામ! તમે તો સમજદાર છો ને! આ તમારા હિતના ટાણાં આવ્યા છે. તમે કાંઈ મૂર્ખ નથી. તમે તો સમજદાર જ્ઞાનના ભંડાર છો; માટે ચેતીને સમજો. ને સમ્યગ્દર્શનને ધારણ કરો. આ સમ્યક્ત્વની પ્રાપ્તિનો અવસર છે, તેને વૃથા ન ગુમાવો.

જે સમજદાર છે, જે આત્માને ભવદુઃખથી છોડાવવા માટે ને મોક્ષસુખના અનુભવ માટે સમ્યક્ત્વનો પિપાસુ છે, એવા ભવ્ય જીવને સંબોધીને સમ્યગ્દર્શનની પ્રેરણા આપે છે. પ્રભુ! આ તારા હિતનાં ટાણાં છે. તું કાંઈ મૂઢ નથી પણ સમજુ છો, શાણો છો, હિત-અહિતનો વિવેક કરનાર છો, જડ-ચેતનનો વિવેક કરનાર છો, માટે તું શ્રીગુરુનો આ ઉત્તમ ઉપદેશ સાંભળીને હવે તરત સમ્યગ્દર્શન ધારણ કર. આટલે સુધી આવીને હવે વિલંબ ન કર. દેહાદિથી ભિન્ન આત્માનો અનુભવ કર, તેનો ઊંડો ઉદ્યમ કર.

**समझ ! सुन ! चेत ! शयाने !** હે શાણા જીવ! તું સાંભળ, સમજ ને સાવધાન થા. ચેતીને વિલંબ વગર સમ્યક્ત્વને ધારણ કર. એકલું સાંભળીને ન અટક, પણ તે સમજી સાવધાન થા. મોહનો અભાવ કરીને સાવધાન થા ને તારી જ્ઞાનચેતના વડે તારા શુદ્ધ આત્માને ચેત....તેનો અનુભવ કર. સર્વજ્ઞ પરમાત્મામાં જે છે તે બધુંય તારા આત્મામાં પણ છે—એમ જાણી, પ્રતીત કરી, સ્વાનુભવ કર. મૃગની માફક બહારમાં ન ઢૂંઢ, અંદરમાં છે તેને અનુભવમાં લે.

જુઓ તો ખરા, પંડિત દૌલતરામજી ગૃહસ્થ-પંડિત હતા, તેમણે પણ કેવી સરસ રચના કરી છે! સંસારમાં રૂલતાં રૂલતાં અનંતકાળે માંડમાંડ આ મનુષ્યઅવતાર મળ્યો, તેમાંય આવો જૈનધર્મ ને સત્સંગ મળ્યો, સમ્યગ્દર્શનનો આવો ઉત્તમ ઉપદેશ મળ્યો, તો હવે કોણ એવો મૂર્ખ હોય કે આવો અવસર નકામો ગુમાવે? ભાઈ! કાળ ગુમાવ્યા વગર અંતરમાં ઉદ્યમ વડે તું નિર્મળ સમ્યગ્દર્શનને ધારણ કર. ચાર ગતિનાં દુઃખ તેં ઘણાં સહ્યાં, હવે એ દુઃખથી છૂટવા આત્માની આ વાત સાંભળ. સમ્યગ્દર્શનની આવી ઉત્તમ વાત સાંભળીને હવે તું જાગૃત થા ને તરત સમ્યગ્દર્શન પ્રગટ કર. આ તારો સમજવાનો કાળ છે, સમ્યગ્દર્શનનો અવસર છે, માટે અત્યારે જ સમ્યગ્દર્શન ધારણ કર! જુઓ કેવું સંબોધન કર્યું છે! ભોગભૂમિમાં ઋષભદેવના જીવને સમ્યગ્દર્શન માટે ઉપદેશ આપીને મુનિરાજે પણ એમ કહ્યું હતું કે આર્ય! હમણાં અત્યારે જ તું આ સમ્યક્ત્વને ગ્રહણ કર, તને સમ્યક્ત્વની પ્રાપ્તિનો આ કાળ છે: **तत् गृहाण अद्य सम्यक्त्वं तत्लाभे काल एष ते।** અને ખરેખર તે જીવે તત્ક્ષણે જ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું એ રીતે અહીં પણ કહે છે કે હે ભવ્ય! વિલંબ વગર હમણાં જ તું સમ્યક્ત્વને ધારણ કર! અને સુપાત્ર જીવ જરૂર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

હે જીવ! જેટલો ચૈતન્યભાવ છે તેટલો જ તું છો. અજીવથી તારો આત્મા ભિન્ન છે, રાગાદિ મમતાથી પણ આત્માનો સ્વભાવ ભિન છે; આવા આત્માના ભાન વગર અનંતકાળ વ્યર્થ ગુમાવ્યો, પણ હવે આ ઉપદેશ સાંભળ્યા પછી તું એક ક્ષણ પણ ન ગુમાવીશ. તરત અંદરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શનનો ઉદ્યમ કરજે. એકેક ક્ષણ અત્યંત કિંમતી છે. ઊંચા મણિરત્ન કરતાંય મનુષ્ય-પણું મોંઘું છે અને તેમાંય આ સમ્યગ્દર્શનરત્નની પ્રાપ્તિ મહા દુર્લભ છે. અનંતવાર મનુષ્ય થયો ને સ્વર્ગમાંય ગયો પણ સમ્યગ્દર્શન ન પામ્યો. આમ જાણીને હવે તું નકામો કાળ ગુમાવ્યા વગર સમ્યગ્દર્શન પ્રગટ કર, તું ઉદ્યમ કર. ત્યાં તારી કાળલબ્ધિ પણ આવી જ ગયેલી છે. પુરુષાર્થથી કાળલબ્ધિ જુદી નથી. માટે હે ભાઈ! આ અવસરમાં આત્માને સમજીને તેની શ્રદ્ધા કર ! બીજા નકામા કાર્યોમાં સમય ન ગુમાવ.

પરનાં કામ તારાં નથી ને પરચીજ તારા કામની નથી. આનંદકંદ આત્મા જ તારો છે. તેને જ કામમાં લે, શ્રદ્ધા-જ્ઞાનમાં લે. પરચીજ કે પુણ્ય–પાપ તારા હિતના કામમાં નહીં આવે; તારો જ્ઞાનાનંદ સ્વભાવ શ્રદ્ધામાં લે, તે જ તને મોક્ષને માટે કામમાં આવશે. સમયસારમાં આત્માને ભગવાન કહીને બોલાવ્યો છે. જેમ માતા પારણું ઝુલાવે ને હાલરડું ગાય કે ' મારો દીકરો ડાહ્યો...' તેમ જિનવાણી માતા કહે છે કે હે જીવ! તું ભગવાન છો... તું ડાહ્યો એટલે શાણો સમજદાર છો. માટે હવે મોહ છોડીને તું જાગ ચેત.... ને તારા આત્મસ્વભાવને દેખ. આત્માના સ્વભાવનું સમ્યગ્દર્શન તે મોક્ષનું દાતા છે. સમ્યગ્દર્શન થયું એટલે મોક્ષ જરૂર થવાનો. તારા ગુણનાં ગાણાં ગાઈને સંતો તને જગાડે છે... ને સમ્યગ્દર્શન પમાડે છે.

આત્મા અખંડ જ્ઞાનદર્શનસ્વરૂપ છે તે પવિત્ર છે; પુણ્ય-પાપ તો મેલાં છે, સ્વ-પરને જાણવાની તાકાત તેનામાં નથી, ને ભગવાન આત્મા તો પોતે પોતાને તેમજ પરને પણ જાણે એવો ચેતકસ્વભાવી છે.—આવા આત્માની સન્મુખ થઈને તેની શ્રદ્ધા અને અનુભવ કરતાં જે સમ્યગ્દર્શન થયું તેનો મહાન પ્રતાપ છે. સમ્યગ્દર્શન વગરનું બધું તો એકડા વગરના મીંડાં જેવું છે, ધર્મમાં તેની કાંઈ કિંમત નથી. સમ્યગ્દષ્ટિને અંદર ચૈતન્યના શાંતરસનું વેદન છે. અહા, એ શાંતિના અનુભવની શી વાત ? શ્રેણીકરાજા અત્યારે નરકમાં રહ્યા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે ત્યાંના દુઃખથી ભિન્ન એવા ચૈતન્યસુખનું વેદન પણ તેમને વર્તી રહ્યું છે. પહેલાં મિથ્યાત્વ-દશામાં મહાપાપથી તેમણે સાતમી નરકનું અસંખ્ય વર્ષોનું આયુ બાંધી લીધું, પણ પછી મહાવીરપ્રભુના સમવસરણમાં તેઓ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા ને સાતમી નરકનું આયુ તોડીને પહેલી નરકનું અને તે પણ માત્ર ૮૪૦૦૦ વર્ષનું કરી નાંખ્યું. તેઓ રાજગૃહીના રાજા ગૃહસ્થાશ્રમમાં અવ્રતી હતા છતાં ક્ષાયિક સમ્યગ્દર્શન પામ્યા; નરકગતિ ન ફરી પણ તેની સ્થિતિ તોડીને અસંખ્યાતમા ભાગની કરી નાંખી. નરકની ઘોર યાતનાઓ વચ્ચે પણ તેનાથી અલિપ્ત એવી સમ્યગ્દર્શન-પરિણતિનું સુખ તે આત્મા વેદી રહ્યો છે. ' બાહર નારકીકૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટા ગટી. ' આ રીતે સમ્યગ્દર્શન સહિત જીવ નરકમાં પણ સુખી છે; ને સમ્યગ્દર્શન વગર તો સ્વર્ગમાં પણ જીવ દુઃખી છે, તેથી પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે–સમ્યગ્દર્શન સહિત તો નરકવાસ પણ ભલો છે ને સમ્યગ્દર્શન વગરનો દેવલોકમાં વાસ પણ ઇષ્ટ નથી, એટલે કે જીવને સર્વત્ર સમ્યગ્દર્શન જ ઇષ્ટ છે, ભલું છે, સુખકર છે; એના વિના ક્યાંય જીવને સુખ નથી. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આત્મરસનું વેદન છે; દેવોના અમૃતમાં પણ તે આત્મરસનું સુખ નથી. મનુષ્ય-જીવનની સફળતા સમ્યગ્દર્શનથી જ છે; સ્વર્ગ કરતાંય સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે. ત્રણલોકમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે. જ્ઞાન અને ચારિત્ર પણ સમ્યગ્દર્શન સહિત હોય ત્યારે જ શ્રેષ્ઠતાને પામે છે.

નરકમાં પણ શ્રેણીકને ભિન્ન આત્માનું ભાન છે ને સમ્યક્ત્વના પ્રતાપે નિર્જરા થયા કરે છે; તથા ત્યા પણ નિરંતર તેમને તીર્થંકરપ્રકૃતિ બંધાયા કરે છે. નરકમાંથી નિકળીને તેઓ ભરતક્ષેત્રમાં હવેની ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે. તેમના ગર્ભાગમન પહેલાં છ મહિને અહીં ઇંદ્ર–ઇંદ્રાણી તેમના માતા–પિતાની સેવા કરવા આવશે ને રત્નવૃષ્ટિ કરશે; તે તો હજી નરકમાં હશે. પછી માતાના પેટમાં આવશે ત્યારે પણ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન સહિત હશે. તેમ જ અવધિજ્ઞાન પણ હશે. હું દેહ નહીં; નારકી હું નહીં; દુઃખ હું નહીં; આ દેહના છેદન–ભેદનથી મારો આત્મા છેદાતો–ભેદાતો નથી. હું તો ચૈતન્યસુખનો અખંડ પિંડ શાશ્વત છું—આવી આત્મશ્રદ્ધા નરકમાંય તેને સદાય વર્તે છે, ને તે મોક્ષમહેલની સીડી છે. નરકમાં હોવા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે તે આત્મા મોક્ષના માર્ગમાં જ પરિણમી રહ્યો છે. અહો, સમ્યગ્દર્શનને કોઈ અચિંત્ય અદ્‌ભુત મહિમા છે. આવા સમ્યગ્દર્શનને ઓળખીને હે જીવો! તમે પોતામાં તેની આરાધના કરો.

રે જીવ! દુનિયાની વાત છોડ. દુનિયા દુનિયામાં રહી; તું તારું આત્મભાન કરીને તારા હિતને સાધી લે. સમ્યગ્દર્શન શું છે તેની દુનિયાને ખબર નથી; સમ્યગ્દર્શન બીજાને ઇંદ્રિય-જ્ઞાનથી દેખાય તેવું નથી. અહા, સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મામાં મોક્ષનો સિક્કો લાગી ગયો, ને પરમ સુખનું નિધાન ખુલી ગયું. એનો તો જે અનુભવ કરે એને ખરી ખબર પડે. હાથમાં આવેલ ચિંતામણિને કોઈ મૂર્ખ દરિયામાં ફેંકી દે તો ફરી તે હાથમાં આવવો જેમ મુશ્કેલ છે, તેમ ચિંતામણિ જેવો આ મનુષ્યઅવતાર જો સમ્યગ્દર્શન વગર ગુમાવી દીધો તો ભવના દરિયામાં ફરીને તેની પ્રાપ્તિ થવી બહુ કઠણ છે; માટે આ દુર્લભ અવસરમાં બીજી બધી પંચાત છોડીને સમ્યગ્દર્શન કરી લેવા જેવું છે. આ અવસર ચૂકવા જેવું નથી.

આવું સમ્યગ્દર્શન જેનું મૂળ છે—એવો વીતરાગીધર્મ '**दंसणमूलो धम्मो**'—જિનવરદેવે ઉપદેશ્યો છે. અઢી હજાર વર્ષ પહેલાં મહાવીરતીર્થંકર આ ભરતક્ષેત્રમાં એવો જ ઉપદેશ દેતા હતા ને તે સાંભળીને અનેક જીવો સમ્યક્ત્વ પામતા હતા; અત્યારે સીમંધરાદિ તીર્થંકર ભગવંતો વિદેહક્ષેત્રમાં એવો જ ઉપદેશ આપે છે, ને તે ઝીલીને કેટલાય જીવો સમ્યગ્દર્શન પામે છે, અત્યારે અહીં પણ આવું સમ્યગ્દર્શન પામી શકાય છે. દરેક આત્માર્થી જીવે આવું ઉત્તમ કલ્યાણકારી સમ્યગ્દર્શન અવશ્ય કરવું જોઈએ. માટે હે વિવેકી આત્મા! તું આ અવસરમાં સમ્યગ્દર્શનનું આવું માહાત્મ્ય સાંભળીને સાવધાન થા ને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર... અનુભવી જ્ઞાની પાસેથી સમજીને સમ્યગ્દર્શન પ્રગટ કર. તે આ મનુષ્યજીવનનું અમૂલ્ય કાર્ય છે. તેના વગર જીવનને વ્યર્થ ન ગુમાવ.

શરીર ને આત્મા ભિન્ન છે, રાગ ને આત્મા ભિન્ન છે; શરીર અને રાગ વગરનું તારું ચૈતન્યતત્ત્વ અખંડ એવું ને એવું તારામાં છે. આ સાંભળીને રાજી થઈને તું સમ્યગ્દર્શનનો ઉદ્યમ કર. ચૈતન્યમય તારા સ્વતત્ત્વને પરથી ભિન્ન દેખીને પ્રસન્નતા વડે અનુભવમાં લે, ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષમાર્ગમાં આવી જા. લાખ–કરોડ રૂપિયા દેતાંય જેની એક ક્ષણ મળવી મુશ્કેલ છે એવું આ મનુષ્યજીવન વૃથા ન ગુમાવ. મનુષ્યપણાની શોભા સમ્યગ્દર્શનથી છે માટે આ જન્મમાં સમ્યગ્દર્શન પ્રગટ કરી લે, જેથી આત્મામાં મોક્ષમાર્ગ શરૂ થઈ જાય. અમૂલ્ય જીવનમાં તેનાથી પણ અમૂલ્ય એવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર. કરોડો રૂપિયા કે કુટુંબ તે કોઈ શરણ નથી, પુણ્ય પણ શરણ નથી, સમ્યગ્દર્શન જ શરણ છે; તે સમ્યગ્દર્શન વડે જ જીવનની સફળતા ને જીવની શોભા છે. આવો સારો યોગ પુનઃ નથી મળતો, માટે તેમાં સમ્યગ્દર્શન જરૂર પ્રગટ કરો.

અંતમાં ફરીને કહીએ છીએ કે હે જીવ! આત્માને સમજીને શ્રદ્ધા કરવાનો અવસર આવ્યો છે તેને વધાવી લેજે. ભાઈ, આત્માનું સ્વરૂપ સમજીને હિત કરવા જેટલો ઉઘાડ તને થયો છે, તો તે ઉઘાડને પરમાં (સંસારનાં કાર્યોમાં) વ્યર્થ ન ગુમાવ. તેને આત્મામાં લગાવ. ઉપયોગને અંતર્મુખ કરીને વીતરાગવિજ્ઞાન પ્રગટ કર. તારી બુદ્ધિને આત્મામાં જોડીને સમ્યગ્દર્શન પ્રગટ કર. તું પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છો. બીજું તને શું કહીએ? ચેત! ચેત! ચેત!

卐 જય હો સમ્યગ્દર્શનધર્મનો 卐

હે વિષયના લાલચુ! તું અવિચાર પૂર્વક અસિ, મસિ, કૃષિ અને વાણિજ્યાદિ ઉદ્યમ કરી આ લોકમાં ધન પ્રાપ્ત કરવા અર્થે વારંવાર ક્લેષ કર્યા કરે છે. તેવો જ પ્રયત્ન અગર તું એકવાર સમ્યક્ પ્રકારે પરલોકને અર્થે કરે તો આ જન્મ–મરણનું અનાદિ ભયંકર દુઃખ ફરી ફરી ના પામે. ભાઈ! આ કથન ઉપર વિશ્વાસ લાવી તું ધનાદિ વિનાશી સંપદા પ્રાપ્ત કરવાનું ભયંકર દુઃખ છોડી એકવાર વાસ્તવ્ય ધર્મસાધન સાધ્ય કરવાનો પ્રયત્ન કર! (શ્રી આત્માનુશાસન)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ફ્ર વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તરી ફ્ર

[ ત્રીજી ઢાળ ]

[ અહીં આ ત્રીજી ઢાળ ઉપરનાં પ્રવચનોમાંથી ૩૫૪ પ્રશ્ન-ઉત્તર આપવામાં આવ્યા છે. ટૂંકી ભાષા અને સરળ શૈલીના આ પ્રશ્નોત્તર સૌને ગમ્યાં છે, અને છઢાળાના વિશેષ અભ્યાસમાં ઉપયોગી થયા છે. ]

❀ પ્રશ્નઃ— બીજી ઢાળના અંતમાં શું ભલામણ કરી છે?

❀ ઉત્તરઃ— ‘હે જીવ! હવે તું આત્મહિતના પંથમાં લાગ.’

૪૪૧. જીવના હિતનો પંથ શું છે? —સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર.

૪૪૨. જીવને દુઃખનું કારણ શું છે? —મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર.

૪૪૩. સુખ કોને કહેવાય? —જેમાં આકુળતા ન હોય તેને.

૪૪૪. એવું સુખ ક્યાં હોય? —જીવની મોક્ષદશામાં પૂરું સુખ હોય.

૪૪૫. સુખી થવા માટે જીવે શું કરવું જોઈએ? —જીવે મોક્ષના માર્ગમાં લાગવું જોઈએ.

૪૪૬. સત્યાર્થરૂપ મોક્ષમાર્ગ ક્યો છે? —નિશ્ચયમોક્ષમાર્ગ તે જ સત્યાર્થરૂપ છે.

૪૪૭. વ્યવહારમોક્ષમાર્ગ કેવો છે? —તે કારણરૂપ એટલે નિમિત્તરૂપ છે, સત્યાર્થરૂપ નથી.

૪૪૮. મોક્ષના સત્યાર્થ માર્ગ કેટલા છે? —સાચો મોક્ષમાર્ગ એક જ છે, બે નથી.

૪૪૯. નિશ્ચય અને વ્યવહાર બંનેને સાચા મોક્ષમાર્ગ માને તો?
—તો પં. ટોડરમલજીએ તેને મિથ્યાબુદ્ધિ કહેલ છે.

૪૫૦. જૈનસિદ્ધાંતનું ખરૂં રહસ્ય કઈ રીતે સમજાય?
—નિશ્ચયનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ એમ જ માની તેની શ્રદ્ધા કરવી; અને વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની (ખરેખર એમ નથી એમ સમજી) તેની શ્રદ્ધા છોડવી. આ રીતે જૈનસિદ્ધાંતનું ખરૂં રહસ્ય સમજાય છે.

૪૫૧. કોના આશ્રયે જીવ સમ્યગ્દષ્ટિ થાય છે?
—ભૂતાર્થસ્વભાવના આશ્રયે જીવ સમ્યગ્દષ્ટિ થાય છે.

૪૫૨. મુનિવરો કઈ રીતે મોક્ષને સાધે છે? —નિશ્ચયનયના આશ્રયે મુનિવરો મોક્ષને સાધે છે.

૪૫૩. હજારો શાસ્ત્રોનો ભંડાર શેમાં ભર્યો છે?....સમયસારમાં.

૪૫૪. નિશ્ચય વગરના એકલા વ્યવહારને કારણ કહેવાય?
—ના; તે ઉપચારથી પણ કારણ નથી.

૪૫૫. આવો મોક્ષમાર્ગ જાણીને શું કરવું? —તેની આરાધનામાં આત્માને જોડવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪૫૬. મુનિવરોએ આત્મહિતનો ઉપાય શું કહ્યો છે?
—'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ'

૪૫૭. પુણ્ય તરફના વલણમાં સુખ છે કે દુઃખ? —તેમાં પણ આકુળતા છે એટલે દુઃખ છે.

૪૫૮. તો સુખ શેમાં છે? —આત્માના શાંત-નિરાકુળ-ચેતનરસના અનુભવમાં સુખ છે.

૪૫૯. મોક્ષમાર્ગમાંથી કોને કાઢી નાંખ્યા?
પાપ અને પુણ્ય બંનેને મોક્ષમાર્ગમાંથી કાઢી નાંખ્યા.

૪૬૦. પૂર્ણ સુખરૂપ મોક્ષનો માર્ગ કેવો હોય?
તે માર્ગ પણ રાગ વગરનો નિરાકુળ જ હોય.

૪૬૧. રાગસહિત વ્યવહારરત્નત્રય કેવા છે? —તે સત્યાર્થ મોક્ષમાર્ગ નથી.

૪૬૨. સત્યાર્થ મોક્ષમાર્ગ કેવો છે? —રાગ વગરના નિશ્ચય રત્નત્રયરૂપ.

૪૬૩. મોક્ષને માટે નિયમથી કરવા જેવું કાર્ય શું છે?
—રાગ વગરનાં શુદ્ધરત્નત્રય તે નિયમથી કર્તવ્ય છે.

૪૬૪. સુખ માટે જીવે શેમાં લાગવું જોઈએ?
—નિશ્ચય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં નિરંતર લાગ્યા રહેવું.

૪૬૫. સુખ શું છે? —આત્માનો સ્વભાવ.

૪૬૬. રાગ શું છે? —તે કાંઈ આત્માનો સ્વભાવ નથી.

૪૬૭. કોને જાણતાં સુખ થાય છે? —સુખસ્વભાવી આત્માને જાણતાં સુખ થાય છે.

૪૬૮. સુખ રાગમાં હોય? કે વીતરાગતામાં?
—વીતરાગતામાં જ સુખ છે; રાગમાં સુખ નથી.

૪૬૯. રાગમાં અને પુણ્યમાં સુખ માને તો?
—તો તેને રાગ અને પુણ્ય વગરના મોક્ષની શ્રદ્ધા નથી.

૪૭૦. આત્માના અતીન્દ્રિય સુખને કોણ જાણે છે? —ધર્મી જ તે સુખને જાણે છે.

૪૭૧. તે સુખ કેમ અનુભવાય? —વીતરાગવિજ્ઞાનવડે જ તે સુખ અનુભવાય છે.

૪૭૨. પુણ્ય બાંધવાના ભાવમાં શું છે? —આકુળતા અને દુઃખ.

૪૭૩. પુણ્યફળના ભોગવટામાં શું છે? —આકુળતા અને દુઃખ.

૪૭૪. સુખ ક્યાં છે? —આત્મા સ્વયં સુખસ્વરૂપ છે, તેની સન્મુખતા તે સુખ છે.

૪૭૫. શેના વગર સુખ ન થાય? —વીતરાગ-વિજ્ઞાન વગર કોઈને સુખ ન થાય.

૪૭૬. ધર્મી જીવ શેમાં રાજી છે?
ધર્મી જીવ ઇન્દ્રપદના વૈભવમાંય રાજી નથી, ચૈતન્યના આનંદમાં જ તે રાજી છે.

૪૭૭. જીવ હેરાન કેમ થઈ રહ્યો છે? —આત્મામાં સુખ છે-તેને ભૂલ્યો છે તેથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪૭૮. બાહ્ય વિષયોમાંથી સુખ કેમ નથી મળતું ?
ત્યાં સુખ છે જ નહિ-પછી ક્યાંથી મળે ?

૪૭૯. ધનવાન સુખી, દરિદ્ર દુઃખી-એ સાચું ? —ના, નિર્મોહી સુખી ને મોહી દુઃખી.

૪૮૦. જડ વૈભવમાં સુખ છે ? —ના; સુખ તે તો આત્માનો વૈભવ છે.

૪૮૧. ભગવાન સિદ્ધો અને અરિહંતો શું કરે છે ?
બાહ્યસાધન વગર જ આત્માના આનંદને અનુભવે છે.

૪૮૨. મોક્ષના અર્થીએ શું કરવું જોઈએ ? —મોક્ષના માર્ગે ચાલવું જોઈએ.

૪૮૩. મોક્ષનો માર્ગ શું છે ? —વીતરાગ રત્નત્રય સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર.

૪૮૪. તે મોક્ષના માર્ગમાં રાગ આવે ?
ના; રાગ તો બંધમાર્ગ છે, તે મોક્ષમાર્ગ નથી.

૪૮૫. સાચો-સત્યાર્થ મોક્ષમાર્ગ ક્યો છે ?
જે નિશ્ચયમોક્ષમાર્ગ છે તે જ સત્યાર્થ-સાચો છે.

૪૮૬. વ્યવહારમોક્ષમાર્ગ કેવો છે ? —તે ઉપચારથી નિશ્ચયનું કારણ છે,

૪૮૭. તેને ઉપચારથી કારણ કેમ કહ્યું ? —તે મોક્ષમાર્ગનો સહકારી છે તેથી; (તે પોતે ખરો મોક્ષમાર્ગ નથી પણ મોક્ષમાર્ગમાં સાથે રહેલ છે.)

૪૮૮. સાચું કારણ કેવું હોય ? —સાચાં કારણ-કાર્ય એક જાતનાં હોય; એટલે શુદ્ધતાનું કારણ શુદ્ધતા જ હોય, શુદ્ધતાનું કારણ રાગ ન હોય.

૪૮૯. સાચો મોક્ષમાર્ગ કેવો છે ? —શુદ્ધ સ્વદ્રવ્યને આશ્રિત છે.

૪૯૦. ઉપચાર મોક્ષમાર્ગ કેવો છે ? —પરદ્રવ્યને આશ્રિત છે.

૪૯૧. સાચો મોક્ષમાર્ગ જાણીને શું કરવું ? —તેમાં લાગ્યા રહેવું. (शिवमग लाग्यो चहिए)

૪૯૨. નિશ્ચય-વ્યવહાર બંનેને ક્યારે જાણ્યા કહેવાય ? —નિશ્ચયને એકને આદરે ત્યારે.

૪૯૩. નિશ્ચય માર્ગ કેવો છે ? —તે પોતાના શુદ્ધ ઉપાદાનથી પ્રગટેલો છે.

૪૯૪. વ્યવહાર માર્ગ કેવો છે ?....તે પરાશ્રયે થયેલો છે.

૪૯૫. સાચા મોક્ષમાર્ગ કેટલા છે ?....એક જ છે.

૪૯૬. મોક્ષમાર્ગનાં બીજાં નામો ક્યા છે ? —આનંદમાર્ગ, મોક્ષની ક્રિયા, આરાધના, ધર્મ, મોક્ષનો પુરુષાર્થ, શુદ્ધપરિણતિ, મોક્ષનું સાધન, અંતર્મુખભાવ, વીતરાગતા, વીતરાગ-વિજ્ઞાન, તીર્થંકરોનો માર્ગ વગેરે.

૪૯૭. નય શું છે ?........તે સાચા જ્ઞાનનો પ્રકાર છે.

૪૯૮. અજ્ઞાનીને એકેય નય હોય ?........ના.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪૯૯. સાચા નય કોને હોય? આત્માના સ્વાનુભવથી સમ્યગ્જ્ઞાન કરે તેને.

૫૦૦. નિશ્ચય વગરનો વ્યવહાર કેવો છે?......મિથ્યા છે.

૫૦૧. સમ્યગ્દર્શન સાથે શું થાય છે? —જ્ઞાન-ચારિત્ર-આનંદ વગેરે અનંતગુણનો અંશ ખૂલે છે.

૫૦૨. કયા સમુદ્રમાં ડુબકી લગાવતાં આનંદ થાય?
ચૈતન્યસમુદ્રમાં ડુબકી લગાવતાં આનંદ થાય.

૫૦૩. ચૈતન્યનો પહાડ ખોદતાં તેમાંથી શું નીકળશે?
સમ્યગ્દર્શનાદિ અનંત આનંદમય રત્નો નીકળશે.

૫૦૪. ત્રણ કિંમતી રત્નો કયા?......સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

૫૦૫. અનંતા રત્નોની ખાણ કોણ છે? —ચૈતન્યપ્રભુ આત્મા પોતે.

૫૦૬. મેરૂથી પણ મોટો ચૈતન્યરત્નનો પહાડ અજ્ઞાનીને કેમ દેખાતો નથી?
તેની દૃષ્ટિ આડે મિથ્યાત્વનું તરણું પડયું છે—તેથી.

૫૦૭. અરિહંતના આત્માને ખરેખર ઓળખે તો શું થાય?
પોતાના આત્માનું સાચું સ્વરૂપ ઓળખાય, એટલે દર્શનમોહનો નાશ થઈ ને સમ્યગ્દર્શન પ્રગટે.

૫૦૮. અરિહંત પ્રભુના દ્રવ્ય-ગુણ-પર્યાય કેવાં છે? —એ ત્રણે ચેતનમય છે.

૫૦૯. તેમાં કયાંય જરાય રાગ છે?........ના.

૫૧૦. એમ ઓળખતાં શું થાય? —પોતામાં ચેતન અને રાગની જુદાઈનો અનુભવ થાય.

૫૧૧. પોતાના શુદ્ધ આત્માની ઓળખાણ, અને અરિહંતદેવની ઓળખાણ—તેમાં પહેલું કોણ?
—બંને સાથે થાય છે.

૫૧૨. તે ઓળખાણ ક્યારે થઈ? —જ્ઞાનપર્યાય અંતરમાં વળી ત્યારે.

૫૧૩. રાગવડે મોક્ષમાર્ગ શરૂ થાય? —ના; આત્માના અનુભવવડે જ મોક્ષમાર્ગ શરૂ થાય.

૫૧૪. ચૈતન્યપ્રભુને લક્ષમાં લેતાં શું થયું?
આત્મામાં આનંદસહિત કેવળજ્ઞાનના અંકુરા ફૂટયા.

૫૧૫. શુભરાગમાંથી જ્ઞાનનો અંકુર આવે? —ના.

૫૧૬. આનંદનો માર્ગ કયો છે? —આતમરામ નિજપદમાં રમે તે આનંદનો માર્ગ છે.

૫૧૭. રાગાદિભાવો કેવા છે? —તે પરપદ છે, દુઃખનો માર્ગ છે.

૫૧૮. મોક્ષનો માર્ગ શેમાં સમાય છે? —સ્વપદમાં, એટલે નિજસ્વરૂપમાં સમાય છે.

૫૧૯. સાધકનું સ્વસંવેદનરૂપ ભાવશ્રુતજ્ઞાન કેવું છે?
તે કેવળજ્ઞાનની જ જાતનું છે, અતીન્દ્રિય છે.

૫૨૦. સમ્યક્ચારિત્ર કેવું છે?
શુભાશુભરાગથી નિવૃત્તિરૂપ અને શુદ્ધ ચૈતન્યમાં પ્રવૃત્તિરૂપ સમ્યક્ચારિત્ર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫૨૧. શુભાશુભરાગ કેવા છે? —સંસારનાં કારણ છે.

૫૨૨. સમ્યક્ચારિત્ર કેવું છે? —મોક્ષનું કારણ છે; રાગ વગરનું છે.

૫૨૩. વિકલ્પમાં ચેતના છે? —ના.

૫૨૪. ચેતનામાં વિકલ્પ છે? —ના; બંનેનું સ્વરૂપ જુદું છે.

૫૨૫. આત્મામાં લીનતારૂપ સમ્યક્ચારિત્ર ક્યારે થાય?
આત્માને ઓળખીને અનુભવ કરે ત્યાર પછી જ.

૫૨૬. ચોથાગુણસ્થાને શ્રદ્ધા-જ્ઞાન સાથે ચારિત્ર હોય? —હા, સ્વરૂપાચરણરૂપ ચારિત્ર હોય.

૫૨૭. મુનિદશાનું ચારિત્ર ક્યારે હોય? —છઠ્ઠા-સાતમા ગુણસ્થાને.

૫૨૮. મોક્ષમાર્ગની શરૂઆત ક્યારે થાય? —ચોથાગુણસ્થાનથી.

૫૨૯. આત્માને જાણ્યા વગર તેની શ્રદ્ધા થઈ શકે? —ના; બંને સાથે જ થાય છે.

૫૩૦. જ્ઞાનીના જ્ઞાનમાં કેટલા નયો છે? —અનંત.

૫૩૧. જ્ઞાન મોક્ષનું સાધન ક્યારે થાય? —અંતરમાં વળીને આત્માને અનુભવે ત્યારે.

૫૩૨. મોક્ષમાર્ગના નિશ્ચય ને વ્યવહાર ક્યાં લાગુ પડે?
જ્યાં સાચો માર્ગ પ્રગટ્યો હોય ત્યાં.

૫૩૩. અનંતકાળથી રાગ કરવાં છતાં સુખ કેમ ન મળ્યું?
કેમકે સુખનું સાધન રાગ નથી.

૫૩૪. તો સુખનું સાધન શું છે? —વીતરાગ-વિજ્ઞાન જ સુખનું સાધન છે.

૫૩૫. રાગથી લાભ નથી માનતો એમ ક્યારે કહેવાય?
રાગથી જુદી ચેતનવસ્તુનું લક્ષ કરે ત્યારે.

૫૩૬. કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન, બંનેની જાતમાં કંઈ ફેર છે?
ના; બંને એક જ જાતનાં છે.

૫૩૭. શેમાં ઉપયોગ જોડતાં સુખ થાય?
સુખસ્વરૂપી આત્મામાં ઉપયોગ જોડતાં સુખ થાય.

૫૩૮. ત્વરાથી શું કરવું? —'સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.'

૫૩૯. રાગમાં અંશે પણ આનંદ છે? —ના; તેમાં તો દુઃખ જ છે.

૫૪૦. રાગ દુઃખ છે, દુઃખ વડે સુખ સધાય? —ના; સુખનું સાધન પણ સુખરૂપ જ હોય.

૫૪૧. અરિહંતને ઓળખીને જીવ શું કરવા માંગે છે?
અરિહંત જેવા પોતાના જ્ઞાનસ્વભાવ તરફ ઢળવા માંગે છે.

૫૪૨. સમ્યગ્દર્શનના સહચર તરીકે કોણ હોઈ શકે?
સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની જ માન્યતા હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫૪૩. વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્રો શું સિદ્ધ કરે છે?
તેઓ આત્માના સર્વજ્ઞસ્વભાવને સિદ્ધ કરે છે.

૫૪૪. આ છહઢાળા કેવી છે?
ઘરે ઘરે બાળકોને ભણાવવા જેવી છે. અહો! આવા વીતરાગી–વિજ્ઞાનનો ઘર ઘર પ્રચાર કરવા જેવો છે.

૫૪૫. જૈનસિદ્ધાંતનું તથ્ય શું છે? —જ્ઞાન–આનંદસ્વરૂપ આત્મા અનુભવમાં લેવો તે.

૫૪૬. જ્ઞાન-શ્રદ્ધા વગેરે કોઈ રાગના આશ્રયે છે?—ના; કેમકે તેઓ રાગના અંશ નથી.

૫૪૭. આત્માના આશ્રયે શું પ્રગટે? —રાગ ન પ્રગટે, પણ રાગ વગરનાં ગુણો પ્રગટે.

૫૪૮. દુઃખ વખતે આત્મામાં બીજું કાંઈ છે?
હા; આનંદનો આખો સમુદ્ર ભરેલો છે.

૫૪૯. અનંતા તીર્થંકરોએ મોક્ષમાર્ગ કઈ રીતે સાધ્યો?
સ્વસન્મુખ થઈને શુદ્ધાત્માના આશ્રયે.

૫૫૦. ત્રણેકાળના મુમુક્ષુઓને તીર્થંકરોએ શું ઉપદેશ કર્યો?
'અંતર્મુખ થઈને શુદ્ધાત્માની અનુભૂતિ કરો.'

૫૫૧. મોક્ષમાર્ગ કેટલો છે? —રત્નત્રયની જેટલી શુદ્ધતા હોય તેટલો.

૫૫૨. મોક્ષમાર્ગનો કોઈ અંશ શુભરાગને કે શરીરને આશ્રયે છે?
ના; આખોય મોક્ષમાર્ગ આત્માના જ આશ્રયે છે.

૫૫૩. તે મોક્ષમાર્ગ કેવો છે? —સરસ....સુંદર અને સ્વાધીન છે.

૫૫૪. સરસ અને સુંદર કેમ છે? —કેમકે રાગ વગરનો છે; રાગમાં સુંદરતા નથી.

૫૫૫. નિશ્ચય સમ્યગ્દર્શન શું છે? —પરથી ભિન્ન આત્માની રુચિ તે સમ્યક્ત્વ છે.

૫૫૬. તે સમ્યક્ત્વ કેવું છે? —ભલું છે, ઉત્તમ છે, સારું છે, હિતકર છે, સત્ય છે.

૫૫૭. સમ્યગ્જ્ઞાન શું છે? —આત્મસ્વરૂપનું જાણપણું તે સાચી જ્ઞાનકળા છે.

૫૫૮. સમ્યક્ચારિત્ર શું છે? —આત્મસ્વરૂપમાં લીનતા તે સમ્યક્ ચારિત્ર છે.

૫૫૯. સુખી થવા જીવે શું કરવું? —આવા મોક્ષમાર્ગના ઉદ્યમમાં લાગ્યા રહેવું.

૫૬૦. સૌથી શ્રેષ્ઠ કળા કઈ? —આત્મસ્વરૂપને જાણવારૂપ જ્ઞાનકળા સૌથી શ્રેષ્ઠ છે.

૫૬૧. તે જ્ઞાનકળા કેવી છે? —આનંદની ક્રીડા કરતી–કરતી કેવળજ્ઞાનને સાધે છે.

૫૬૨. ચોથાગુણસ્થાને અવ્રતી ગૃહસ્થનું સમ્યગ્જ્ઞાન કેવું છે? —અહો! તે જ્ઞાન પણ કેવળજ્ઞાનની જાતનું જ છે. તે જ્ઞાન રાગની જાતનું નથી, રાગથી તો જુદું છે.

૫૬૩. ભગવાને શુભરાગને મોક્ષમાર્ગ કહ્યો છે? —ના; તેને તો ભગવાને બંધમાર્ગ કહ્યો છે.

૫૬૪. મોક્ષના કારણરૂપ ચારિત્ર કેવું છે?
તે શુભ-અશુભક્રિયાથી નિવૃત્તિરૂપ છે, ને શુદ્ધચૈતન્યસ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫૬૫. શરીરની ક્રિયામાં કે રાગમાં ચારિત્ર છે?........ના.

૫૬૬. સાચું શ્રદ્ધાન ક્યારે થાય છે? —જ્યારે આત્મસ્વરૂપને બરાબર જાણે ત્યારે.

૫૬૭. સાચું જ્ઞાન કયું? —જે મોક્ષને સાધે....ને આનંદ આપે.

૫૬૮. રાગને મોક્ષમાર્ગ માનવો-તે વાત કેવી છે?
તે કાચના કટકાને કિંમતી હીરો માનવા જેવું છે.

૫૬૯. મોક્ષપદ કેવું છે? —મહા કિંમતી છે; તે રાગમાં મળી જાય તેવું નથી.

૫૭૦. પહેલાં ચારિત્ર લઈ લ્યો, પછી સમ્યક્ત્વ થશે-એમ માનનાર જીવ કેવો છે?
તેને મોક્ષમાર્ગની ખબર નથી; તે સમ્યક્ત્વને કે ચારિત્રને ઓળખતો નથી.

૫૭૧. અજ્ઞાની જે રાગને મોક્ષમાર્ગ માને છે તે કેવો છે?
તે ખરેખર મોક્ષમાર્ગ નથી, તે તો સંસારમાર્ગ જ છે.

૫૭૨. સાચો મોક્ષમાર્ગ કેવો છે? —તે શુદ્ધાત્માના જ આશ્રયે છે; રાગ વગરનો છે.

૫૭૩. વ્યવહાર કારણો છે તે કેવાં છે? —'ધર્માસ્તિકાયવત્' છે.

૫૭૪. અનંતવાર સ્વર્ગમાં જવા છતાં જીવ સુખ કેમ ન પામ્યો?
કેમકે તેણે આત્મજ્ઞાન ન કર્યું.

૫૭૫. નિશ્ચય સમ્યક્ત્વ કેવું છે? —તે સિદ્ધદશામાંય સદાય રહે છે.

૫૭૬. વ્યવહાર સમ્યક્ત્વ કેવું છે? —રાગ છૂટતાં તે છૂટી જાય છે.

૫૭૭. આત્માનો સ્વભાવ રાગાદિથી સંયુક્ત છે?
ના; તે રાગાદિથી રહિત હોવા છતાં તેને રાગાદિથી સંયુક્ત માનવો તે અજ્ઞાનીઓનો મિથ્યાપ્રતિભાસ છે.

૫૭૮. ધર્મીને રાગ વખતે મોક્ષમાર્ગ છે? —હા; પણ રાગને કાંઈ તે મોક્ષમાર્ગ નથી માનતા.

૫૭૯. સાતતત્ત્વો કયા છે? —જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ.

૫૮૦. આ સાત તત્ત્વનું સાચું સ્વરૂપ કયાં હોય? —જૈનમાર્ગમાં જ હોય; બીજામાં ન હોય.

૫૮૧. સમ્યગ્દષ્ટિજીવ જૈનમાર્ગ સિવાય બીજાને માને? —ના; સ્વપ્નેય ન માને.

૫૮૨. સાત તત્ત્વની શ્રદ્ધા કયારે સાચી થાય? —શુદ્ધનયવડે તેમાંથી શુદ્ધાત્માને તારવી લ્યે ત્યારે.

૫૮૩. જીવતત્ત્વ કોને કહેવાય? —જે સદાય ઉપયોગસ્વરૂપ છે તે જીવ છે.

૫૮૪. જીવતત્ત્વ જગતમાં કેટલા છે?........અનંત.

૫૮૫. તે જીવોના કેટલા ભેદ પડે છે? —ત્રણ; બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા.

૫૮૬. બહિરાત્મા કેટલા છે?.......અનંત.

૫૮૭. અંતરાત્મા કેટલા છે? .......અસંખ્યાત.

૫૮૮. પરમાત્મા કેટલા છે? ........અનંત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫૮૯. બહિરાત્મા કોણ છે?...બહારમાં શરીરને આત્મા માનનારા બહિરાત્મા છે.

૫૯૦. અંતરાત્મા કોણ છે?....અંતરમાં દેહથી ભિન્ન આત્માને જાણનારા અંતરાત્મા છે.

૫૯૧. પરમાત્મા કોણ છે?....પરમ એવા સર્વજ્ઞપદને પામેલા આત્મા તે પરમાત્મા છે.

૫૯૨. પરમાત્માના કેટલા પ્રકાર? (૧) શરીરવાળા અરિહંત; (૨) શરીર વગરના સિદ્ધ.

૫૯૩. અરિહંત પરમાત્મા કેટલા છે?....લાખો.

૫૯૪. સિદ્ધ પરમાત્મા કેટલા છે?....અનંત.

૫૯૫. અજીવ તત્ત્વના કેટલા ભેદ છે?....પાંચ : પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ.

૫૯૬. તેમાં રૂપી કેટલાં?......એક પુદ્ગલ.

૫૯૭. આ શરીર, ઇન્દ્રિયો વગેરે શું છે? —તે બધી પુદ્ગલની રચના છે, જીવની નહીં.

૫૯૮. જીવ-અજીવ વગેરે તત્ત્વોને ક્યારે જાણ્યા કહેવાય?

તેમને એકબીજામાં ભેળવે નહિ ત્યારે.

૫૯૯. આત્માને જાણ્યા વગર પરને જાણી શકાય?....ના; તેને તો પરમાં આત્મબુદ્ધિ થઈ જાય.

૬૦૦. પુણ્યતત્ત્વનો સમાવેશ શેમાં થાય છે? —આસ્રવમાં અને બંધમાં; ધર્મમાં નહીં.

૬૦૧. શુભઆસ્રવો કેવા છે? —તે પણ સંસારનું જ કારણ છે તેથી છોડવા જેવા છે.

૬૦૨. સંવરતત્ત્વ કેવું છે? —તે સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવરૂપ છે.

૬૦૩. સાચી નિર્જરા કઈ રીતે થાય છે? —ઉપયોગની શુદ્ધતા વધવાથી.

૬૦૪. મોક્ષ એટલે શું? —જીવની સંપૂર્ણ જ્ઞાન અને સુખદશા તે મોક્ષ છે.

૬૦૫. તે મોક્ષદશા કેવી છે?.......રાગ વગરની છે.

૬૦૬. તે મોક્ષનો ઉપાય કેવો?...તે પણ રાગ વગરનો છે.

૬૦૭. શુભરાગને મોક્ષનું કારણ માને તો? ....તેને મોક્ષની કે મોક્ષના ઉપાયની ખબર નથી.

૬૦૮. મોક્ષનાં અને બંધનાં કારણ કેવાં છે?

ભિન્ન ભિન્ન છે; મોક્ષનું કારણ વીતરાગ છે, બંધનું કારણ રાગ છે.

૬૦૯. જે મોક્ષનું કારણ હોય તે બંધનું કારણ થાય?...ના.

૬૧૦. જે બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ થાય?....ના.

૬૧૧. સાતતત્ત્વની ઓળખાણ તે શું છે?....તે વીતરાગ જૈનધર્મનો એકડો છે.

૬૧૨. સાતતત્ત્વ જાણીને શું કરવું?....આત્માના શુદ્ધસ્વભાવની અનુભૂતિ, પ્રતીત કરવી.

૬૧૩. સામાયિક-ક્યારે થાય?...સમભાવી-જ્ઞાનસ્વભાવી આત્માને જાણે ત્યારે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૬૧૪. તે સામાયિકનું ફળ શું ?...મોક્ષ.

૬૧૫. બહિરાત્મા જીવ પરમાત્મા થઈ શકે ?....હા, તે આત્માને ઓળખીને પરમાત્મા થઈ શકે છે.

૬૧૬. એકેક જીવમાં પરમાત્મા થવાની તાકાત કોણ બતાવે છે ?
એ વાત જૈનશાસન જ બતાવે છે

૬૧૭. નરકમાં પણ અંતરાત્મા હોય ?
હા; ત્યાં પણ જે અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ છે તે અંતરાત્મા છે.

૬૧૮. અંતરાત્માના ગુણસ્થાન કયા કયા ?....ચારથી બાર.

૬૧૯. ઉત્તમ અંતરાત્મા કોણ ?....સાતથી બાર ગુણસ્થાનવર્તી શુદ્ધોપયોગી મુનિ.

૬૨૦. મધ્યમ અંતરાત્મા કોણ ?....દેશવ્રતી-શ્રાવક ને મહાવ્રતી-મુનિ.

૬૨૧. સૌથી નાના અંતરાત્મા કોણ ?....સમ્યગ્દૃષ્ટિ-અવ્રતી ગૃહસ્થ.

૬૨૨. એ ત્રણે પ્રકારના અંતરાત્મા કેવા છે ?....**ये तीनों शिवमगचारी**-તે ત્રણે મોક્ષમાર્ગી છે.

૬૨૩. શું ગૃહસ્થ પણ મોક્ષમાર્ગમાં સ્થિત છે ?
હા; **गृहस्थो मोक्षमार्गस्थ निर्मोहो** ( રત્નકરંડશ્રાવકાચાર. )

૬૨૪. મનુષ્યલોકમાં કેટલા અરિહંતભગવંતો વિચરે છે ?
લાખો અરિહંત પરમાત્મા અત્યારે પણ મનુષ્યલોકમાં વિચરે છે.

૬૨૫. અરિહંતભગવાનને કયું ગુણસ્થાન હોય ?....તેરમું અને ચૌદમું.

૬૨૬. ગામડિયાને આત્માની આવડી મોટી વાત સમજાય ?
ભાઈ, તું ગામડિયો નથી, તું અનંતગુણવંત ભગવાન છો.

૬૨૭. જ્ઞાનીઓ શું બતાવે છે ?....જે સ્વરૂપ છે તે જ બતાવે છે; વિશેષ કંઈ નથી કહેતા.

૬૨૮. આ વાત કેવી છે ?....પોતાના હિત માટે જરૂર સમજવા જેવી છે.

૬૨૯. કરોડો રૂપિયામાં કે બંગલા-મોટરમાં કેટલું સુખ છે ?
એમાં કયાંય સુખનો છાંટોય નથી.

૬૩૦. તો સુખ કયાં છે ?....સુખ તો આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ છે.

૬૩૧. શરીર-રૂપિયા-મકાન વગેરે જીવ છે કે અજીવ ?....તે બધા અજીવ છે.

૬૩૨. અજીવમાં સુખ હોય ?....કદી ન હોય.

૬૩૩. પરલક્ષી શુભાશુભભાવોમાં સુખ છે ?....ના.

૬૩૪. સંવર-નિર્જરારૂપ સુખમાં કોની સન્મુખતા છે ?....તેમાં આત્માની સન્મુખતા છે.

૬૩૫. આસ્રવ-બંધરૂપ દુઃખમાં કોની સન્મુખતા છે ?....તેમાં પરસન્મુખતા છે.

૬૩૬. મનુષ્યક્ષેત્રમાં અત્યારે અરિહંતો છે ?
હા, વિદેહમાં સીમંધરસ્વામી વગેરે લાખો અરિહંતો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૬૩૭. આ ભરતક્ષેત્રમાં કોઈ અરિહંત હતા ?
હા; અઢીહજાર વર્ષ પહેલાં મહાવીરપ્રભુ વિચરતા હતા.

૬૩૮. સંસ્કૃતભાષામાં પહેલવહેલા સિદ્ધાંતસૂત્ર કોણે રચ્યાં ?
શ્રી ઉમાસ્વામીએ મોક્ષશાસ્ત્ર સંસ્કૃતમાં રચ્યું; તેઓ કુંદકુંદાચાર્યદેવના શિષ્ય હતા.

૬૩૯. તે મોક્ષશાસ્ત્ર ઉપર કોણે-કોણે ટીકા રચી છે ?
પૂજ્યપાદસ્વામીએ સર્વાર્થસિદ્ધિ, અકલંકદેવે તત્ત્વાર્થ-રાજવાર્તિક, અને વિદ્યાનંદીસ્વામીએ તત્ત્વાર્થશ્લોકવાર્તિક,-એ ત્રણ મહાન ટીકાઓ રચી છે.

૬૪૦. તે મોક્ષશાસ્ત્રનું પહેલું જ સૂત્ર શું છે ?....' **सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।**'

૬૪૧. સમયસારની ૧૧મી ગાથામાં સમ્યગ્દર્શન કોને કહ્યું છે ?
ભૂતાર્થસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન કહ્યું છે.

૬૪૨. નવતત્ત્વને જાણે, પણ શુદ્ધાત્માને ન ઓળખે તો ?
—તો તેને સમ્યગ્દર્શન ન થાય; ને તેનું નવતત્ત્વનું જ્ઞાન પણ સાચું ન કહેવાય.

૬૪૩. વીતરાગ ભગવંતો કયા માર્ગે મોક્ષમાં ચાલ્યા ?
અંતર્મુખી શુદ્ધ રત્નત્રયના માર્ગે તેઓ મોક્ષમાં ગયા.

૬૪૪. જીવને બહિરાત્મદશામાં શું હતું ?....બહિરાત્મદશામાં તે એકાંત દુઃખી હતો.

૬૪૫. હવે અંતરાત્મા થતાં શું થયું ?....આત્માનું સાચું સુખ અનુભવમાં આવ્યું.

૬૪૬. રાગાદિ ભાવો કેવા છે ?....તેઓ અંતર્સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલા નથી.

૬૪૭. અંતર્સ્વભાવના આશ્રયે શું ઉત્પન્ન થાય ?
વીતરાગી જ્ઞાન-આનંદરૂપ શુદ્ધ ભાવો પ્રગટે.

૬૪૮. આપણે પરમાત્માને ઓળખી શકીએ ?
હા; અંતરાત્મા થઈ ને પરમાત્માને ઓળખી શકાય છે.

૬૪૯. જડ-શરીરમાં જીવનો કોઈ ધર્મ હોય ?....ના.

૬૫૦. બી. એ. એમ. એ. ભણે, પણ આત્માને ન ઓળખે તો ?
—તો વીતરાગી આત્મવિદ્યામાં તે મૂરખ છે.

૬૫૧. આત્માના હિત માટે કેવી વિદ્યા શીખવી ?
— જીવ-અજીવના ભેદજ્ઞાનરૂપ વીતરાગ-વિદ્યા શીખવી.

૬૫૨. અંતરાત્માનું લક્ષણ શું ?....જ્ઞાનચેતનાની અનુભૂતિ.

૬૫૩. જ્ઞાનચેતનાવંત અંતરાત્માને ખરેખર કોણ ઓળખી શકે ?....જે પોતે અંતરાત્મા થાય તે.

૬૫૪. એકલા અનુમાનવડે જ્ઞાનીને ઓળખી શકાય ?....ના.

૬૫૫. રાગ અને શરીરનો નાશ થાય તો આત્મા જીવે ?
હા; આત્મા પોતાના ચેતનસ્વભાવે સદા જીવંત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૬૫૬. આત્માને અનુભવનારા અંતરાત્મા કેવા છે?....તેઓ પરમાત્માના પાડોશી છે.

૬૫૭. અંતરાત્માને રાગ હોય?...કોઈને હોય છે; બધાયને નથી હોતો.

૬૫૮. રાગ હોવા છતાં અંતરાત્મા શું કરે છે?
પોતાની ચેતનાને રાગથી જુદી અનુભવે છે.

૬૫૯. અંતરાત્માની ઓળખાણ કરતાં શું થાય?....જીવ-અજીવનું સાચું ભેદજ્ઞાન થઈ જાય.

૬૬૦. શરીરથી, રાગથી લાભ માને તો શું થાય?
તો તે રાગથી ને શરીરથી છૂટી શકે નહિ, ને વીતરાગી મોક્ષમાર્ગમાં આવી શકે નહિ; એટલે સંસારમાં જ રહે.

૬૬૧. સમ્યગ્દૃષ્ટિને અશુભભાવ હોય ત્યારે?....ત્યારે પણ તે અંતરાત્મા છે.

૬૬૨. મિથ્યાદૃષ્ટિ શુભભાવ કરતો હોય ત્યારે?....ત્યારે પણ તે બહિરાત્મા છે.

૬૬૩. રાગ વખતે અંતરાત્માની ચેતના કેવી છે?
ત્યારે પણ તેની ચેતના રાગથી અલિપ્ત જ છે.

૬૬૪. વ્યવહારરત્નત્રયવાળો અજ્ઞાની કેવો છે?
અવ્રતી-જઘન્ય-અંતરાત્માથી પણ તે હલકો છે; તેનું સ્થાન મોક્ષમાર્ગમાં નથી.

૬૬૫. સમ્યગ્દૃષ્ટિની પરિણતિ કેવી છે?....કોઈ અદ્‌ભુત-આશ્ચર્યકારી છે; જ્ઞાન-વૈરાગ્યસંપન્ન છે.

૬૬૬. અવિરત-સમ્યગ્દૃષ્ટિને કેટલી કર્મપ્રકૃતિ નથી બંધાતી?
તેને કુલ ૪૩ કર્મપ્રકૃતિ તો બંધાતી જ નથી. ( ૪૧ + ૨ )

૬૬૭. અવિરત સમ્યગ્દૃષ્ટિને સંયમ છે?
ના; સંયમ નથી, પણ સંયમની ભાવના નિરંતર વર્તે છે.

૬૬૮. નાનામાં નાના સમ્યગ્દૃષ્ટિની આત્મશ્રદ્ધા કેવી છે?...સિદ્ધ ભગવાન જેવી.

૬૬૯. કુંદકુંદદેવે મોક્ષપ્રાભૃતમાં સમ્યગ્દૃષ્ટિને કેવો કહ્યો છે?
'તે ધન્ય છે, કૃતકૃત્ય છે, શૂરવીર છે, પંડિત છે.'

૬૭૦. સર્વજ્ઞ-પરમાત્માની જેને શ્રદ્ધા નથી તે જીવ કેવો છે?
તે જીવ બહિરાત્મા છે, ગૃહીત-મિથ્યાદૃષ્ટિ છે.

૬૭૧. સર્વજ્ઞનો ખરો સ્વીકાર કોણ કરે છે?
જ્ઞાનદૃષ્ટિવંત સમ્યગ્દૃષ્ટિ જ સર્વજ્ઞનો ખરો સ્વીકાર કરે છે.

૬૭૨. સર્વજ્ઞના સ્વીકારમાં શું શું આવે છે?
અહા! સર્વજ્ઞના સ્વીકારમાં તો જ્ઞાનસ્વભાવનો સ્વીકાર છે; તે ધર્મનો મૂળ પાયો છે, તેમાં તો અપૂર્વ તત્ત્વજ્ઞાન છે; રાગ ને જ્ઞાનની ભિન્નતાનો અનુભવ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૬૭૩. સર્વજ્ઞતા કેવી છે?

અહો! એની શી વાત! એ તો અતીન્દ્રિય જ્ઞાનરૂપ છે. મહા આનંદરૂપ છે, રાગ-દ્વેષ વગરની છે, વિકલ્પાતીત એનો મહિમા છે.

૬૭૪. શરીર હોવા છતાં સર્વજ્ઞપણું હોઈ શકે?...હા.

૬૭૫. સિદ્ધભગવંતો કેવા છે?

જગતમાં સૌથી શ્રેષ્ઠ છે, અનંતા છે, ભવનો અંત કરનારા મહંત છે, અનંત સુખવંત છે, દેહરહિત છે, જ્ઞાનશરીરી છે.

૬૭૬. અનંતા જીવ-પુદ્ગલો ક્યાં રહેલાં છે?...આકાશના અનંતમા ભાગરૂપ લોકમાં.

૬૭૭. અનંત-આકાશને પણ જ્ઞાન પૂરું જાણે?...હા; જ્ઞાનનું સામર્થ્ય તેથી પણ અનંત છે.

૬૭૮. આત્માના જ્ઞાનમાં ઇંદ્રિયો નિમિત્ત તો છે ને?

ના; સ્વાધીન એવા અતીન્દ્રિયજ્ઞાનમાં ઇંદ્રિયો નિમિત્ત પણ નથી; ઇન્દ્રિયોનું નિમિત્તપણું તો પરાધીન એવા ઇન્દ્રિયજ્ઞાનમાં છે-પણ તે જ્ઞાનને તો હેય કહ્યું છે. અતીન્દ્રિયજ્ઞાન જ આનંદનું કારણ હોવાથી ઉપાદેય છે.

૬૭૯. કેવળજ્ઞાનને કોઈ નિમિત્ત છે?...હા, જ્ઞેયપણે આખું જગત તેને નિમિત્ત છે.

૬૮૦. સત્ય સમજવાની શરૂઆત કઈ રીતે કરવી?....વસ્તુનું પોતાનું સ્વરૂપ લક્ષમાં લઈને.

૬૮૧. હાલે-ચાલે-બોલે તે જીવ—એ સાચું?

ના; જે જાણે તે જીવ. જેનામાં જ્ઞાન ન હોય તે અજીવ.

૬૮૨. આસ્રવ-બંધનું કારણ શું છે?...જીવનો અશુદ્ધ ઉપયોગ.

૬૮૩. પુણ્ય-પાપનાં આસ્રવો તથા બંધ કેવા છે?

જીવને દુઃખનાં કારણ છે, તેથી છોડવા જેવાં છે.

૬૮૪. દેડકું-સમ્યગ્દષ્ટિ હોય તેને તત્ત્વશ્રદ્ધા હોય?

હા; જિનમાર્ગ અનુસાર તેને બરાબર તત્ત્વશ્રદ્ધા હોય છે.

૬૮૫. તત્ત્વોને જાણીને શું કરવું?

હિતરૂપ તત્ત્વોને ગ્રહણ કરવા, ને દુઃખરૂપ તત્ત્વોને છોડવા.

૬૮૬. દુર્ભાગી કોણ?....અવસર પામીને પણ જે આત્માને ન ઓળખે તે.

૬૮૭. વિદ્યાર્થીઓએ શું કરવું જોઈએ?

તેમણે પણ આવું વીતરાગી ભણતર ભણવું જોઈએ.

૬૮૮. પરમેશ્વર કેવા છે?....તેઓ જગતને જાણનારા છે, પણ જગતના કર્તા નથી.

૬૮૯. જગતના પદાર્થો કેવા છે?....સ્વયં સત્ છે. બીજો કોઈ તેનો કર્તા નથી.

૬૯૦. આત્માના અનુભવ વગર સર્વજ્ઞને ઓળખી શકાય?....ના.

૬૯૧. શરીર છેદાય-ભેદાય ત્યારે જીવ શાંતિ રાખી શકે?....હા; કેમકે જીવ શરીરથી જુદો છે.

૬૯૨. જીવની ભૂલ ક્યારે છૂટે ?....પોતાની ભૂલને, તેમ જ પોતાના ગુણને જાણે ત્યારે.

૬૯૩. જીવને સુખ-દુઃખનું કારણ કોણ ?
પોતાના ગુણ-દોષ; બીજું કોઈ નહીં, કર્મ પણ નહીં.

૬૯૪. આત્માનો સ્વભાવ દુઃખનું કારણ થાય ?....ના; આત્માનો સ્વભાવ સુખનું જ કારણ છે.

૬૯૫. રાગ કે પુણ્ય કદી સુખનું કારણ થાય ?
ના; રાગ અને પુણ્ય તો સદાય દુઃખનું જ કારણ છે.

૬૯૬. આમ જાણનાર જીવ શું કરે છે ?....પુણ્ય-પાપથી જુદો પડીને આત્મા તરફ વળે છે.

૬૯૭. પુણ્યથી ભવિષ્યમાં સુખ મળશે એ સાચું ?....ના.

૬૯૮. અજ્ઞાનીઓ કોને આદરે છે ?....પુણ્યને.

૬૯૯. જ્ઞાની કોને આદરે છે ?....પુણ્ય-પાપ વગરની જ્ઞાનચેતનાને.

૭૦૦. આત્માને એકકોર મૂકીને ધર્મ થઈ શકે ?
કદી ન થાય; આત્માને ઓળખીને જ ધર્મ થાય.

૭૦૧. સમ્યગ્દર્શનનાં નિમિત્ત કોણ છે ?
સાચાં દેવ-ગુરુ-ધર્મ જ સમ્યક્ત્વનાં નિમિત્ત છે.

૭૦૨. ગુણ શું ? પર્યાય શું ? દ્રવ્ય શું ?
ટકે તે ગુણ; પલટે તે પર્યાય; ગુણ-પર્યાયવંત દ્રવ્ય.

૭૦૩. વીતરાગી દેવ કોણ ?....અરિહંત અને સિદ્ધ.

૭૦૪. નિર્ગ્રંથ ગુરુ કોણ ?....આચાર્ય-ઉપાધ્યાય-સાધુ.

૭૦૫. સાચો ધર્મ કયો ?....સમ્યક્ત્વાદિ વીતરાગભાવ.

૭૦૬. ઈંડાંમાં જીવ છે ?....હા; તે પંચેન્દ્રિય જીવ છે; તેનો આહાર તે માંસાહાર જ છે.

૭૦૭. વીતરાગમાર્ગમાં અહિંસા કોને કહે છે ?...રાગાદિ ભાવોથી રહિત શુદ્ધભાવ તે અહિંસા છે.

૭૦૮. હિંસા કોને કહે છે ?....જેટલા રાગાદિ ભાવો છે તેટલી ચૈતન્યની હિંસા છે.

૭૦૯. હિંસા-અહિંસાનું આવું સ્વરૂપ ક્યાં છે ?....સર્વજ્ઞદેવના મતમાં જ છે; બીજે ક્યાંય નથી.

૭૧૦. આવા અહિંસા ધર્મને કોણ ઓળખે છે ?....સમ્યગ્દૃષ્ટિ જ ઓળખે છે.

૭૧૧. જૈનસાધુ કેવા હોય છે ?....સદા નિર્ગ્રંથ હોય છે; તેમને વસ્ત્ર હોતાં નથી.

૭૧૨. એનાથી વિરુદ્ધ સાધુપણું માને તો ?
—તો તેને સમ્યક્ત્વનાં સાચા નિમિત્તની ખબર નથી.

૭૧૩. જીવ કઈ વિદ્યા પૂર્વે કદી નથી ભણ્યો ?
વીતરાગ-વિજ્ઞાનરૂપ સાચી ચૈતન્યવિદ્યા કદી નથી ભણ્યો.

૭૧૪. જ્ઞાન આત્માથી કદી જુદું કેમ નથી પડતું ?....કેમકે જ્ઞાન તે આત્માનું સ્વરૂપ જ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭૧૫. કર્મ અને શરીર કેવાં છે? ....આત્માથી જુદી જાતનાં છે, તે આત્માનું સ્વરૂપ નથી.

૭૧૬. પુણ્ય–પાપવાળો આત્મા તે ખરો આત્મા છે?
....ના; ખરો આત્મા ચેતનારૂપ ને આનંદરૂપ છે.

૭૧૭. મુમુક્ષુજીવને શું સાધ્ય છે? ....મુમુક્ષુજીવને મોક્ષપદ સિવાય બીજું કાંઈ સાધ્ય નથી.

૭૧૮. સાચો આનંદ (મોક્ષનો આનંદ) કેવો છે? ....'સ્વયંભૂ' છે, આત્મા જ તે–રૂપ થયો છે.

૭૧૯. સાધકદશાનો સમય કેટલો? ....અસંખ્ય સમય.

૭૨૦. સાધ્યરૂપ મોક્ષદશાનો કાળ કેટલો? ....અનંત.

૭૨૧. સિદ્ધદશા–મોક્ષદશા કેવી છે?
....મહા આનંદરૂપ, સમ્યક્ત્વાદિ સર્વગુણસહિત, આઠ કર્મ રહિત.

૭૨૨. ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન છે તે રાગવાળું છે?
....ના; ત્યાં રાગ હોવા છતાં સમ્યગ્દર્શન તો રાગ વગરનું જ છે.

૭૨૩. સમ્યક્ત્વ સાથેનો રાગ કેવો છે? ....તે બંધનું જ કારણ છે; સમ્યક્ત્વ તે મોક્ષનું કારણ છે.

૭૨૪. કોઈને એકલું વ્યવહાર સમ્યગ્દર્શન હોય? ...ના; નિશ્ચયપૂર્વક જ સાચો વ્યવહાર હોય.

૭૨૫. કોઈને એકલું નિશ્ચય સમ્યક્ત્વ હોય? ....હા, સિદ્ધભગવંતો વગેરેને એકલું નિશ્ચય સમ્યક્ત્વ છે.

૭૨૬. ચૈતન્યતત્ત્વ કેવું છે? ....અહા! એનો અદ્ભુત મહિમા છે, એમાં અનંત સ્વભાવો છે.

૭૨૭. સમ્યગ્દર્શન કેમ પ્રગટે છે? ....આનંદના અપૂર્વ વેદનસહિત સમ્યગ્દર્શન પ્રગટે છે.

૭૨૮. સમ્યગ્દર્શનની સાથે ધર્મીને શું હોય છે? ....નિઃશંકતાદિ આઠગુણ હોય છે.

૭૨૯. જેણે ચૈતન્યસુખ ચાખ્યું નથી તેને શું હોય છે?
...તેને ઊંડેઊંડે રાગની–પુણ્યની–ભોગની ચાહના હોય છે.

૭૩૦. સમ્યગ્દષ્ટિ-જીવ ક્યાં વર્તે છે? ....ચેતનામાં જ તન્મય વર્તે છે, રાગમાં વર્તતો નથી.

૭૩૧. ધર્મ કરશું તો પૈસા મળશે–એ સાચું?
....ના; એને ધર્મની ખબર નથી, તે તો રાગને ધર્મ સમજે છે.

૭૩૨. ધર્મથી શું મળે? ....ધર્મથી આત્માનું વીતરાગીસુખ મળે.

૭૩૩. પુણ્યરૂપ ધર્મ કેવો છે? ....તે સંસાર–ભોગનો હેતુ છે, તે મોક્ષનો હેતુ નથી.

૭૩૪. તે પુણ્યને કોણ ઇચ્છે છે? ....અજ્ઞાની.

૭૩૫. ધર્મી કોને વાંછે છે? ....તે પોતાના ચૈતન્ય-ચિંતામણિ સિવાય કોઈને વાંછતો નથી.

૭૩૬. સ્વર્ગનો દેવ આવે તો? ....તે કાંઈ ચમત્કાર નથી; ખરો ચમત્કાર તો ચૈતન્ય દેવનો છે.

૭૩૭. વીતરાગતાનો સાધક ધર્મી કોને નમે?
....વીતરાગી દેવ સિવાય બીજા કોઈ દેવને તે નમે નહિ.

૭૩૮. અરિહંતના શરીરમાં રોગ કે અશુચિ હોય? ...ના.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭૩૯. સાધકના શરીરમાં રોગાદિ હોય? ....હા; પણ અંદર આત્મા સમ્યક્ત્વાદિથી શોભી રહ્યો છે.

૭૪૦. મુનિઓનો શણગાર શું? ....રત્નત્રય તેમનો શણગાર છે.

૭૪૧. એવા મુનિઓને દેખતાં આપણને શું થાય છે?
....અહો, બહુમાનથી તેમના ચરણોમાં શિર નમી પડે છે.

૭૪૨. ધર્મમાં મોટો કોણ? ...જેના ગુણ વધારે તે મોટો; ધર્મમાં પુણ્યવડે મોટાઈ નથી.

૭૪૩. ધર્મી એકલો હોય તો? ....તોપણ તે મુંઝાય નહીં; સત્યમાર્ગમાં તે નિઃશંક છે.

૭૪૪. જેમ માતાને પુત્ર વહાલો છે, તેમ ધર્મીને શું વહાલું છે?
...ધર્મીને વહાલા છે સાધર્મી; ધર્મીને વહાલા છે રત્નત્રય.

૭૪૫. ધર્મની સાચી પ્રભાવના કોણ કરી શકે? ...જેણે પોતે ધર્મની આરાધના કરી હોય તે.

૭૪૬. ધર્મીને ચક્રવર્તીપદનોય મદ કેમ નથી?
કેમકે ચૈતન્ય-તેજ પાસે ચક્રવર્તીપદ ઝાંખું લાગે છે.

૭૪૭. મનુષ્યનો ઉત્તમ અવતાર પામીને શું કરવું?
...ચૈતન્યની આરાધનાવડે ભવના અંતનો ઉપાય કરવો.

૭૪૮. પુત્રને દીક્ષા માટે માતાએ કઈ શરતે રજા આપી?
....એવી શરતે કે, ફરીને બીજી માતા ન કરવી.

૭૪૯. શરીરના સુંદર રૂપનો મદ ધર્મીને કેમ નથી?
....કેમકે સૌથી સુંદર એવું ચૈતન્યરૂપ તેણે દેખ્યું છે.

૭૫૦. કદરૂપો-કાળો-કુબડો મનુષ્ય ધર્મ કરી શકે? ...હા.

૭૫૧. શરીરના સુંદર રૂપથી આત્માની શોભા છે? ....ના.

૭૫૨. આત્મા શેનાથી શોભે છે? ....સમ્યગ્દર્શનરૂપ આભૂષણથી.

૭૫૩. સૌથી ઊંચામાં ઊંચું ભણતર કયું? ...જે જ્ઞાનવડે આત્માની અનુભૂતિ થાય તે.

૭૫૪. સાચા શ્રુતજ્ઞાનનું ફળ શું? ...આનંદ અને વીતરાગતા.

૭૫૫. બાહ્યભણતરની કે ઇંદ્રિયજ્ઞાનની મહત્તા કોને લાગે?
આત્માના કેવળજ્ઞાનસ્વભાવને જે નથી જાણતો તેને.

૭૫૬. ધર્મીને બહારના ઠાઠ-વૈભવનો મદ કેમ નથી?
કેમકે સૌથી શ્રેષ્ઠ એવો ચૈતન્યવૈભવ તેણે દેખ્યો છે.

૭૫૭. ધર્મીનાં જાતિ અને કુળ કયા છે?
અમે સિદ્ધભગવંતોની જાતના, તીર્થંકરોના કુળના છીએ.

૭૫૮. ભરત અને બાહુબલી લડયા ત્યારે શું થયું?
તે વખતેય બંનેની જ્ઞાનચેતના રાગથી જુદી જ હતી.

૭૫૯. શુભરાગને ધર્મ માને તેને ત્યાગ-વૈરાગ હોય? ....ના.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭૬૦. સમ્યગ્દષ્ટિ અવ્રતી હોય તોપણ પ્રશંસનીય છે?
હા; અવ્રતી હોય છતાં તેનું સમ્યક્ત્વ પ્રશંસનીય છે.

૭૬૧. સંત-જ્ઞાનીઓ વારંવાર શું કહે છે?
'જરાપણ કાળ ગુમાવ્યા વગર સમ્યક્ત્વને ધારણ કરો.

૭૬૨. સમ્યગ્દર્શન તો ગમે તે ધર્મમાં થાય ને?
ના; જૈનમાર્ગ સિવાય બીજે સમ્યગ્દર્શન હોતું નથી.

૭૬૩. સમ્યગ્દર્શન થતાં જીવને શું થયું?....તે પંચપરમેષ્ઠીની નાતમાં ભળ્યો.

૭૬૪. સમ્યગ્દર્શન વગરની શુભ કરણી પણ કેવી છે?....તે પણ જીવને દુઃખકારી છે.

૭૬૫. શું નરકમાં સમ્યગ્દષ્ટિ હોય?....હા, અસંખ્યાત છે.

૭૬૬. કોઈ સમ્યગ્દષ્ટિ-મનુષ્ય મરીને વિદેહમાં ઊપજે?....ના.

૭૬૭. જૈનમાર્ગ કેવો છે?...એ ભગવાન થવાનો માર્ગ છે.

૭૬૮. ત્રણકાળ ને ત્રણલોકમાં જીવને શ્રેય શું છે?
સમ્યક્ત્વ સમાન બીજું કોઈ શ્રેય નથી.

૭૬૯. જીવને જગતમાં અહિતકારી શું છે?
મિથ્યાત્વ સમાન અહિતકારી બીજું કોઈ નથી.

૭૭૦. મિથ્યાદષ્ટિ જીવ સ્વર્ગમાં જાય તો?
—તે પણ સંસાર જ છે; તે ક્યાંય સુખી નથી.

૭૭૧. સુખી કોણ છે?...સુખી તો સમકિતી છે કે જેણે ચૈતન્યતત્ત્વને જોયું છે.

૭૭૨. સમ્યક્ત્વ વગરની બધી કરણી કેવી છે?....દુઃખની જ દેનારી છે.

૭૭૩. દુનિયા શું જુએ છે?
દુનિયા તો બહારના ઠાઠમાઠને દેખે છે, ચૈતન્યને નથી દેખતી.

૭૭૪. ચૈતન્યના જેટલા ધર્મો છે તે બધાનું મૂળ શું છે?
સર્વે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે—'दंसणमूलो धम्मो'.

૭૭૫. જીવે શીઘ્ર શું કરવા જેવું છે?
હે જીવ! તું સમ્યક્ત્વને શીઘ્ર ધારણ કર...નકામો કાળ ન ગૂમાવ.

૭૭૬. જ્ઞાન ને ચારિત્ર તે સમ્યક્ત્વ વગર કેવાં છે?
તે સમ્યક્પણું પામતાં નથી, એટલે કે મિથ્યા છે.

૭૭૭. રાગનાં રસ્તે મોક્ષમાં જવાય?....ના.

૭૭૮. મોક્ષનો રસ્તો શું છે?....સમ્યક્ત્વસહિત સ્વાનુભૂતિ.

૭૭૯. સમ્યક્ત્વને અને શુભરાગને કાંઈ સંબંધ છે?...ના; બંને ભાવો તદ્દન જુદા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭૮૦. સમ્યક્ત્વ થતાં શું થયું?
પહેલાં જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે હવે મોક્ષહેતુ થયું.

૭૮૧. સંસારમાં ભમતો જીવ કઈ બે વસ્તુ પૂર્વે નથી પામ્યો?
એક તો જિનવરસ્વામી, અને બીજું સમ્યક્ત્વ.

૭૮૨. ભગવાન પાસે તો જીવ અનંતવાર ગયો છે ને?
હા,–પણ તેણે ભગવાનને ઓળખ્યા નહીં.

૭૮૩. ભગવાનને ઓળખે તો શું થાય?....આત્મા ઓળખાય ને સમ્યગ્દર્શન થાય જ.

૭૮૪. અનંતા જીવ મોક્ષ પામ્યા–તે બધાં શું કરીને મોક્ષ પામ્યા?
સમ્યગ્દર્શન કરીકરીને અનંતા જીવો મોક્ષ પામ્યા છે.

૭૮૫. સમ્યગ્દર્શન વગર કોઈ મોક્ષ પામ્યું છે?....ના.

૭૮૬. સમ્યક્ત્વનો સરસ મહિમા સાંભળીને શું કરવું?
હે જીવો! તમે જાગો....સાવધાન થાઓ....ને સ્વાનુભવ કરો.

૭૮૭. ઋષભદેવના જીવને સમ્યક્ત્વ પમાડવા મુનિઓએ શું કહ્યું?
'હે આર્ય! આ સમ્યક્ત્વની પ્રાપ્તિનો અવસર છે, માટે તું હમણાં જ સમ્યક્ત્વને ગ્રહણ કર.

૭૮૮. તે સાંભળીને ઋષભદેવના જીવે શું કર્યું?
મુનિઓની હાજરીમાં તે જ વખતે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું.

૭૮૯. આ ઉદાહરણ ઉપરથી અમારે શું કરવું?
સમ્યક્ત્વને ગ્રહણ કરો....' કાલ વૃથા મત ખોવો.'

૭૯૦. દેવોના અમૃત કરતાંય ઊંચો રસ કયો છે?
સમ્યગ્દષ્ટિનો અતીન્દ્રિય આત્મરસ અમૃતથી પણ ઊંચો છે.

૭૯૧. સમ્યગ્દર્શન થતાં શું થયું?
અહા, સમ્યગ્દર્શન થતાં આત્મામાં મોક્ષનો સિક્કો લાગી ગયો.

૭૯૨. આ કાળે સમ્યગ્દર્શન પામી શકાય?...હા, અનેક પામ્યા છે.

૭૯૩. આ ત્રીજા અધ્યાયમાં શેનો ઉપદેશ છે?
મોક્ષના મૂળરૂપ સમ્યગ્દર્શનની આરાધનાનો.

૭૯૪. આ ઉપદેશ સાંભળીને શું કરવું?
'હે જીવ! તું આજે જ સમ્યક્ત્વને ધારણ કર!'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# વીતરાગ વિજ્ઞાન

[ ભાગ–૪ ]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# □ વીતરાગ–વિજ્ઞાન–પ્રવચન □

[ છઢાળા ચોથી ઢાળ ]

## સમ્યગ્જ્ઞાનનો મહિમા અને તેની આરાધનાનો ઉપદેશ

મંગલાચરણમાં ત્રણ જગતમાં શ્રેષ્ઠ એવા વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કરીને, આ છઢાળાની પહેલી ઢાળમાં ચારગતિમાં જીવે કેવાકેવા દુઃખો અજ્ઞાનથી સહન કર્યાં તે બતાવ્યું; તે દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિનું સ્વરૂપ બતાવીને તેને છોડવાનો અને હિતના પંથમાં લાગવાનો ઉપદેશ બીજી ઢાળમાં આપ્યો; ત્યારપછી ત્રીજી ઢાળમાં સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવીને, તેનો ઘણો મહિમા સમજાવીને શીઘ્ર તેની આરાધના કરવાનું કહ્યું. આ ચોથી ઢાળમાં સમ્યગ્દર્શન–સહિત સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ બતાવીને તેની આરાધના કરવાનું કહે છે.—

( ગાથા-૧ )

**सम्यक् श्रद्धा धारि पुनि सेवो सम्यक्ज्ञान ।**
**स्व–पर अर्थ बहु धर्मजुत जो प्रगटावन भान ॥ १ ॥**

ત્રીજી ઢાળમાં કહ્યું તે પ્રમાણે અત્યંત મહિમાપૂર્વક સમ્યગ્દર્શનને શીઘ્ર ધારણ કરીને, હે ભવ્યજીવો! સમ્યગ્જ્ઞાનને પણ તમે સેવો, તેની આરાધના કરો. કેવું છે સમ્યગ્જ્ઞાન? —કે જે અનંત ધર્મવાળા સ્વ અને પર પદાર્થોને પ્રકાશવા માટે સૂર્યસમાન છે. સમ્યગ્જ્ઞાનસૂર્ય વડે સ્વ–પર બધા પદાર્થોનું સાચું સ્વરૂપ જણાય છે. સમ્યક્ત્વની સાથે આવા સમ્યગ્જ્ઞાનને પણ હે ભવ્ય જીવો! તમે આરાધો.

સમ્યગ્દર્શનની સાથે જ સમ્યગ્જ્ઞાન થાય છે, તેમને સમયભેદ નથી; છતાં સમ્યગ્જ્ઞાનની વિશેષ આરાધના બતાવવા માટે જ્ઞાનની જુદી વાત લીધી છે. સમ્યગ્દર્શન થતાં તરત જ કેવળજ્ઞાન થઈ જતું નથી માટે જ્ઞાનની જુદી આરાધના બતાવી છે. ક્ષાયિકસમ્યગ્દર્શન થતાં દર્શનની આરાધના પૂરી થઈ પણ હજી જ્ઞાનની આરાધના પૂરી નથી થઈ, તેથી તેને પણ જુદું આરાધવાનું કહ્યું. ચોથા–પાંચમા–છઠ્ઠા કે સાતમા ગુણસ્થાને ક્ષાયિકસમ્યગ્દર્શન થયા પછી તેમાં શુદ્ધતા વધવાપણું નથી, પણ સમ્યગ્જ્ઞાન તો ગુણસ્થાનઅનુસાર વધતું જાય છે, ગુણસ્થાનઅનુસાર સ્વતત્ત્વને પકડવાની જ્ઞાનની શક્તિ વધતી જાય છે તેથી સમ્યગ્દર્શન પછી સમ્યગ્જ્ઞાન–આરાધના બતાવી છે. કાંઈ એકેક ગુણના લક્ષે જુદી–જુદી આરાધના નથી થતી, પણ આત્મસ્વભાવની સન્મુખ થઈને તેની આરાધના કરતાં તેમાં સર્વે ગુણની આરાધના આવી જાય છે. ગુણભેદ હોવાથી શુદ્ધિના પ્રકારોમાં વિશેષતા પડે છે તેથી દર્શન–જ્ઞાન–ચારિત્રનું જુદુંજુદું વર્ણન કર્યું છે. કુંદકુંદસ્વામીના શિષ્ય શ્રી ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રમાં પણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ બતાવીને તે ત્રણેનું જુદુંજુદું વર્ણન કર્યું છે.

સમ્યગ્જ્ઞાન તે સૂર્ય છે. આત્માના સમ્યગ્દર્શનપૂર્વકનું જ્ઞાન તે સ્વ-પરપ્રકાશક સૂર્ય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન વગર તો અંધારું છે. સમ્યગ્દર્શન વગરના જ્ઞાનને જ્ઞાન કહેતા નથી કેમકે તે સ્વ–પરના સાચા સ્વરૂપને પ્રકાશતું નથી ને મોક્ષને સાધતું નથી. સ્વ–પર સમસ્ત પદાર્થોના સ્વરૂપને પ્રકાશવા માટે એટલે કે જાણવા માટે સમ્યગ્જ્ઞાન સૂર્યસમાન છે. સ્વ ને પર, ચેતન ને જડ બધા પદાર્થો પોતપોતાના અનેક ધર્મો સહિત છે. જેટલા સિદ્ધ ભગવાનમાં છે તેટલા ધર્મો દરેક આત્મામાં છે, તેને સમ્યગ્જ્ઞાન જાણે છે. સુખને માટે હે ભવ્ય જીવો! તમે આવા સમ્યગ્જ્ઞાનને સેવો.

સમ્યગ્દર્શનમાં અભેદ આત્મા છે; જ્ઞાન તો અનંતગુણોને જાણે છે; સ્વ–પર, ભેદ–અભેદ, શુદ્ધતા–અશુદ્ધતા બધાને જાણવાની સમ્યગ્જ્ઞાનની તાકાત છે. હું આત્મા છું, મારામાં જ્ઞાન–આનંદ છે, મારી પરિણતિમાં અમુક શુદ્ધતા થઈ છે, અમુક રાગાદિ બાકી છે,—એ બધા પ્રકારો સમ્યગ્જ્ઞાનમાં જણાય છે. નવતત્ત્વને પણ સમ્યગ્જ્ઞાન જ જાણે છે, સમ્યગ્દર્શનમાં નવ ભેદ નથી, તેમાં તો અભેદરૂપ એક પરમાર્થ આત્માનો જ સ્વીકાર છે, તે અભેદમાં દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ પણ તે પાડતું નથી. આવા સમ્યગ્દર્શન સાથેનું સમ્યગ્જ્ઞાન સ્વ–પરને યથાર્થ જાણે છે, ને વીતરાગતાને સાધે છે. તેથી આવું વીતરાગવિજ્ઞાન સેવવા યોગ્ય છે.

સર્વજ્ઞપરમાત્માએ આત્મામાં અનંતગુણો જોયા છે. જેની ગણતરીનું કોઈ માપ નથી એવા અનંત ગુણો એકેક આત્મામાં છે; તેનું પ્રકાશક સમ્યગ્દર્શનસહિતનું સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનની અનુભૂતિમાં અનંતેઅનંત ગુણોનો સ્વાદ એકરસપણે સમાઈ ગયો છે. આવા અનંતગુણને યથાર્થપણે સર્વજ્ઞદેવના શાસન સિવાય બીજું કોઈ કહી શકે નહિ, જાણી શકે નહિ. અને અનંતગુણના સ્વીકાર વગર સાચો આત્મા પ્રતીતમાં આવે નહિ. અનંતગુણ–પર્યાયથી એકરૂપ આત્મામાં ભેદ વગરની નિર્વિકલ્પ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

દુનિયામાં વીતરાગ સર્વજ્ઞ જિનદેવ સિવાય બીજા કોઈના માર્ગમાં સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર હોતાં નથી, એટલે કે મોક્ષમાર્ગ હોતો નથી. સ્વ–પર પદાર્થને તેના અનેક ધર્મ સહિત ઓળખાવનારું સમ્યગ્જ્ઞાન છે. પદાર્થમાં અનેકઅનંત ધર્મો છે તેથી તે અનેકાન્તસ્વરૂપ છે, અને તેને જાણનારું સમ્યગ્જ્ઞાન તે પણ અનેકાન્તની મૂર્તિ છે—કેમકે જ્ઞાન સાથે અભેદ-પણે શાંતિ–શ્રદ્ધા વગેરે અનંત ધર્મો રહેલાં છે.–આવી અનેકાંતમય મૂર્તિ સદાય પ્રકાશરૂપ રહો–એમ સમયસારના મંગલાચરણમાં બીજા કળશમાં કહ્યું છે.

અનંત ગુણ–પર્યાયો તે જ પદાર્થના ધર્મો છે. દરેક પદાર્થમાં પોતપોતાના અનંત ધર્મો છે. આ ચૈતન્યપદાર્થ પણ પોતાના અનંત ગુણ–પર્યાયો સહિત છે, તેનામાં કેવળજ્ઞાન અને સિદ્ધપદનું સામર્થ્ય છે. જડમાં જડના ગુણ–પર્યાય છે, ચેતનમાં ચેતનના ગુણ–પર્યાય છે. આવા સ્વ–પર તત્ત્વોને ભિન્ન–ભિન્ન જાણવાની આત્માના જ્ઞાનની તાકાત છે. એવું જ્ઞાન તે મોક્ષનું કારણ છે તેથી તે સેવવાયોગ્ય છે. જુઓ, શુભરાગને કે પુણ્યને સેવવાયોગ્ય ન કહ્યું, પણ રાગથી પાર એવું વીતરાગીવિજ્ઞાન સેવવાયોગ્ય છે–એમ કહ્યું.

'જ્ઞાન' કહેતાં શાસ્ત્રના શબ્દોની વાત નથી, પણ આત્માનો જ્ઞાનસ્વભાવ છે તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સન્મુખ થઈને જે જ્ઞાન પ્રગટયું તે સમ્યગ્જ્ઞાન છે, તે સ્વ-પરને જાણનાર છે. સમ્યગ્જ્ઞાન તેને કહેવાય કે સ્વ-પરને તેના ધર્મોસહિત જાણે. અસ્તિત્વ આદિ તથા ચેતનતા આદિ ગુણોસહિત આત્મવસ્તુ છે, પરમાણુ વર્ણાદિ સહિત છે; દરેક પદાર્થ અને તેના ધર્મો પોતાથી જ છે, બીજાથી નથી. એક વસ્તુના ધર્મો બીજી વસ્તુમાં જતા નથી, કે બીજી વસ્તુને લીધે તે ધર્મો હોતાં નથી. અહો, આવા અનેકાન્તમય વસ્તુસ્વભાવને સૂર્યની જેમ જ્ઞાન પ્રકાશે છે. સમ્યગ્દર્શન-પૂર્વક આવા સમ્યગ્જ્ઞાનને દ્રઢ કરવું જોઈએ; સ્વસન્મુખ અભ્યાસવડે ભેદજ્ઞાનને ભાવતાં-ભાવતાં કેવળજ્ઞાન થાય ત્યાંસુધી સમ્યગ્જ્ઞાનને સેવવું.—

ભાવયેત્ ભેદવિજ્ઞાનં ઇદં અચ્છિન્નધારયા ।
તાવત્ યાવત્ પરાત્ ચ્યુત્વા જ્ઞાનં જ્ઞાને પ્રતિષ્ઠતે ॥

—જ્ઞાન પરથી ખસીને જ્ઞાનમાં જ ઠરી જાય ત્યાંસુધી અછિન્નધારાએ આ ભેદજ્ઞાનને ભાવવું. -આ રીતે સમ્યગ્જ્ઞાનની આરાધનાનો ઉપદેશ છે. ॥ ૧ ॥

卐

ભાઈ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે! મા-બાપ ભાઈ-બહેન સગા-સંબંધી આદિ અનેક કુટુંબીઓ મરીને કયાં ગયા હશે? એની કાંઈ ખબર છે? અરે! મારે મારા આત્માનું હિત કરી લેવું છે-એમ એને અંદરથી લાગવું જોઈએ. આહાહા! સગા સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું ફરી ગયું. શરીરના અનંતા રજકણો કયારે કયાં કેમ થશે એની છે ખબર? માટે જે જાગતો રહેશે તે બચશે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સમ્યગ્જ્ઞાનની આરાધનાનો ઉપદેશ

( ગાથા–૨ )

सम्यक् साथे ज्ञान होय पै भिन्न अराधौ ।
लक्षण श्रद्धा जान दुहूमें भेद अबाधौ ।
सम्यक् कारण जान ज्ञान कारज है सोई ।
युगपत होते हू प्रकाश दीपकतें होई ॥ २ ॥

સમ્યગ્દર્શનની સાથે જ સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, એકસાથે જ બંને પ્રગટે છે, તેમાં સમયભેદ નથી, તોપણ તે બંનેની ભિન્ન–ભિન્ન આરાધના કહેવામાં આવી છે. કેમકે લક્ષણભેદે બંનેમાં ભેદ છે, તેમાં કાંઈ બાધા નથી. સમ્યગ્દર્શનનું લક્ષણ તો શુદ્ધાત્માની શ્રદ્ધા છે, અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ સ્વ–પરને પ્રકાશવારૂપ જ્ઞાન છે. તેમાં સમ્યક્શ્રદ્ધા તે કારણ છે અને સમ્યગ્જ્ઞાન તે કાર્ય છે; બંને સાથે હોવા છતાં દીપક અને પ્રકાશની માફક તેમનામાં કારણ–કાર્યપણું કહેવામાં આવે છે. સમ્યક્શ્રદ્ધા અને જ્ઞાન બંને આરાધના એકસાથે જ શરૂ થાય છે પણ પૂર્ણતા એક સાથે થતી નથી. ક્ષાયિક સમ્યક્ત્વ થતાં શ્રદ્ધા-આરાધના તો પૂરી થઈ ગઈ, પણ જ્ઞાનની આરાધના તો કેવળજ્ઞાન થાય ત્યારે પૂરી થાય છે; માટે જ્ઞાનની આરાધના જુદી બતાવી છે. સમ્યગ્દર્શનની જેમ સમ્યગ્જ્ઞાનનો પણ ઘણો મહિમા છે, તે આ ચોથી ઢાળમાં બતાવશે.

સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાનને દૃઢ કરવું. સમ્યગ્દર્શનની સાથે જ સમ્યગ્જ્ઞાન તો થઈ ગયું પણ ભિન્ન આત્માની ભાવના વડે તે જ્ઞાનની વૃદ્ધિ કરવી. જેમ સૂર્ય પોતાને તેમ જ પરને પ્રકાશે છે, તેમ સમ્યગ્જ્ઞાનરૂપી ચૈતન્યસૂર્ય પોતાના આત્મસ્વરૂપને તેમ જ પરને પ્રકાશે એવો તેનો સ્વભાવ છે. રાગમાં કાંઈ સ્વને કે પરને જાણવાની શક્તિ નથી. 'હું રાગ છું' એમ કાંઈ રાગને ખબર નથી પણ રાગથી જુદું એવું જ્ઞાન જ જાણે છે કે 'આ રાગ છે અને હું જ્ઞાન છું.' આ રીતે રાગનો અને જ્ઞાનનો સ્વભાવ જુદો છે. ખરેખર રાગમાં તો ચેતનપણું જ નથી; જ્ઞાનના અચિંત્ય સામર્થ્ય પાસે રાગ તો કાંઈ છે જ નહીં. નિજભાવમાં અભેદ થઈને, અને પરભાવથી ભિન્ન રહીને જ્ઞાન સ્વ–પરને સ્વભાવ–વિભાવને બધાયને જેમ છે તેમ જાણે છે. રાગ પણ જ્ઞાનથી પર તત્ત્વ છે, રાગ તે કાંઈ સ્વતત્ત્વ નથી. આવું ભેદજ્ઞાન કરવાની તાકાત જ્ઞાનમાં જ છે. તે જ્ઞાન વીતરાગ–વિજ્ઞાન છે, તે જગતમાં સારરૂપ છે, મંગળ-રૂપ છે અને મોક્ષનું કારણ છે.

મુમુક્ષુજીવે પ્રથમ તો સાચા તત્ત્વજ્ઞાન વડે સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ. જ્ઞાન કે ચારિત્ર સમ્યગ્દર્શન વગર સાચાં હોતાં નથી. મિથ્યાત્વસહિત જે કાંઈ જાણપણું હોય કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભઆચરણ હોય તે બધું મિથ્યા જ છે, તેનાથી જીવને અંશમાત્ર સુખ મળતું નથી. મોક્ષનું પ્રથમ પગલું સમ્યગ્દર્શન છે, તેને હે ભવ્ય જીવો! તમે શીઘ્ર ધારણ કરો.—એ વાત ત્રીજી ઢાળમાં કરી; હવે સમ્યગ્દર્શન સાથે સમ્યગ્જ્ઞાનની આરાધનાનો ઉપદેશ આ ચોથી ઢાળમાં છે.

અરે, આ સંસારનાં દુઃખોથી છૂટીને જેને મોક્ષ જોઈતો હોય-તેને માટે આ વાત છે. જીવ સંસારદુઃખ તો અનાદિથી ભોગવી જ રહ્યો છે; પુણ્ય ને પાપ, સ્વર્ગ ને નરક એ તો અનાદિથી કરી જ રહ્યો છે, એ કાંઈ નવી વાત નથી; તેનાથી પાર આત્માનો અનુભવ કેમ થાય, સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કેમ થાય? તેની આ વાત છે, તે જ અપૂર્વ છે, અને તે જ સુખી થવાનો ઉપાય છે. ભાઈ, સંસારની ચારગતિની રખડપટીથી તું થાક્યો હો ને હવે તેનાથી છૂટીને મોક્ષસુખને ચાહતો હો-તો આ ઉપાય કર.

અહો! સમ્યગ્દર્શન અપૂર્વ ચીજ છે; તે જ સર્વે કલ્યાણનું મૂળ છે, તેના વગર કિંચિત્ કલ્યાણ થતું નથી. એક ક્ષણ પણ નિર્વિકલ્પ ચિદાનંદ આત્માનો અનુભવ કરે તો અપૂર્વ કલ્યાણ થાય. તેની પ્રાપ્તિ પોતાથી થાય છે, બીજા પાસેથી થતી નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે હે જીવ! તારે માટે અમે પરદ્રવ્ય છીએ; અમારી સન્મુખતાથી તને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ નહિ થાય, પણ તારા પોતાના સ્વરૂપના લક્ષે જ તને સમ્યગ્દર્શનાદિ થશે. માટે રાગની ને પરાશ્રયની બુદ્ધિ છોડ. પર લક્ષ છોડીને પોતામાં પુણ્ય-પાપથી પણ પાર એવા શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની રુચિ કર. બાહ્ય પદાર્થો તો ક્યાંય રહ્યા, પોતામાં રહેલા ગુણના ભેદનો વિકલ્પ પણ જેમાં નથી-એવું સમ્યગ્દર્શન છે તે અપૂર્વ ચીજ છે. તેના વગર પૂર્વે બીજું બધું જીવે કર્યું, પણ પોતાના સ્વરૂપનું સાચું શ્રવણ-રુચિ-આદર ને અનુભવ કદી ન કર્યો; માટે હવે જાગીને તું આત્માની ઓળખાણ કર-એમ સંતોનો ઉપદેશ છે. પોતાનું પરમાત્મસ્વરૂપ અનંત શાંતરસથી ભરેલું છે, તેમાં ગુણ-ગુણી ભેદને પણ છોડીને અંતર્મુખ સમ્યગ્દર્શનનું આરાધન કરવું, તેની વાત કરી; હવે તે સમ્યગ્દર્શનપૂર્વક જ્ઞાનની આરાધનાની વાત ચાલે છે. ગુણભેદનો વિકલ્પ સમ્યગ્દર્શનમાં કે સમ્યગ્જ્ઞાનમાં કામ કરતો નથી; સમ્યગ્દર્શન ને જ્ઞાન બંને વિકલ્પોથી તો જુદા છે. અંતરમાં રાગથી જુદો પડીને ચૈતન્યસ્વભાવની અનુભૂતિપૂર્વક સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે. ધર્મની શરૂઆતમાં જ આવા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોય છે, અને અનંતાનુબંધીના અભાવથી પ્રગટેલો સમ્યક્ચારિત્રનો અંશ પણ હોય છે, તેને સ્વરૂપાચરણ કહેવાય છે. ચોથા ગુણસ્થાનથી જીવને આવી ધર્મની શરૂઆત થઈ ગઈ અને તે મોક્ષના માર્ગમાં ચાલવા માંડ્યો.

પહેલાં સમ્યગ્દર્શન ને પછી સમ્યગ્જ્ઞાન-એવો સમયભેદ નથી, બંને સાથે જ છે. જ્યાં આત્માની સમ્યક્ શ્રદ્ધારૂપ દીવો થયો ત્યાં તેની સાથે જ સમ્યગ્જ્ઞાન-પ્રકાશ પ્રગટે છે. સમ્યગ્દર્શન હોય ત્યાં સાથે મુનિદશા હોય જ—એવો નિયમ નથી, મુનિદશા તો હોય કે ન પણ હોય, પરંતુ સમ્યગ્જ્ઞાન તો સાથે હોય જ—એવો નિયમ છે. દર્શન સમ્યક્ થાય ને જ્ઞાન મિથ્યા રહે એમ ન બને. જ્ઞાન ભલે ઓછું હોય પણ તે સમ્યક્ હોય છે. આમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન ને જ્ઞાન બંને સાથે હોવા છતાં તે બંનેમાં લક્ષણભેદ વગેરેથી અંતર પણ છે, એમ જાણીને જ્ઞાનનું પણ આરાધન કરો. સમ્યગ્જ્ઞાન છે તે સમ્યગ્દર્શનની સાથે જ શરૂ થાય છે, પણ સમ્યગ્દર્શનની સાથે જ તે પૂરું થઈ જતું નથી, માટે તેનું જુદું આરાધન કરવું.

બંને સાથે હોવા છતાં તેમાં સમ્યગ્દર્શન કારણ છે, ને સમ્યગ્જ્ઞાન કાર્ય છે-એમ તેમાં કારણ-કાર્યનો વ્યવહાર કરવામાં આવે છે. નિજાનંદસ્વરૂપનો અનુભવ ને પ્રતીત થઈ ત્યાં જ્ઞાન પણ સમ્યક્ થયું. જુઓ, સમ્યગ્દર્શનનું કાર્ય સમ્યગ્જ્ઞાન કહ્યું; આમ તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન બંને આત્માનાં કાર્ય, પણ તેમાં સમ્યગ્દર્શનની પ્રધાનતા બતાવવા તેને કારણ કહ્યું. આ કારણ-કાર્યમાં પહેલાં કારણ ને પછી કાર્ય-એમ નથી, બંને સાથે જ છે.

આત્મા પોતે શું ચીજ છે તેને તો જાણી નહિ, અને તેના વગર ભક્તિ-વ્રત-દાન-પૂજા વગેરે કર્યાં, તેનાથી પુણ્ય બાંધીને સ્વર્ગમાં ગયો ને પાછો ચારગતિમાં રખડ્યો. સમ્યગ્દર્શન વગર આત્માનો લાભ ન થયો ને ભવનો આરો ન આવ્યો. આ તો જેનાથી ભવનો આરો આવે ને મોક્ષનું સુખ મળે એવા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની વાત છે. આત્મદર્શન ને આત્મજ્ઞાન વગર ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય સુખ મળે નહીં; ભલે પુણ્ય કરીને સ્વર્ગે જાય તોપણ ત્યાંય લેશમાત્ર સુખ નથી. જીવે પુણ્ય-પાપ કર્યાં તે તો અનાદિની ચાલ છે, તે કાંઈ નવું નથી. આત્માના જ્ઞાનવડે મિથ્યાત્વનો અભાવ થાય તે અપૂર્વ મોક્ષમાર્ગની ચાલ છે. જુઓ, સમ્યગ્જ્ઞાનને સમ્યગ્દર્શનનું કાર્ય કહ્યું પણ તેને શુભરાગનું કાર્ય ન કહ્યું. રાગ કરતાં-કરતાં સમ્યગ્જ્ઞાન થઈ જશે એમ નથી, કેમકે સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન તે કાંઈ રાગનું કાર્ય નથી.

સમ્યગ્દર્શનનું લક્ષણ ' શ્રદ્ધા; ' સમ્યગ્જ્ઞાનનું લક્ષણ ' જાણવું. '

સમ્યગ્દર્શન તે કારણ; સમ્યગ્જ્ઞાન તે કાર્ય.

—એમ બે પ્રકારે લક્ષણથી જુદાપણું બતાવ્યું તેમાં કાંઈ બાધા નથી. જેમ દીવો અને પ્રકાશ બંને એકસાથે થાય છે છતાં ત્યાં દીપકના કારણે અજવાળું થયું-એમ કહેવાય છે, તેમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એકસાથે થતા હોવા છતાં તેમનામાં કારણ-કાર્યપણું કહી શકાય છે. જુઓ, બંને પર્યાયો એકસાથે હોવા છતાં તેમાં કારણ-કાર્યપણું કહ્યું; શ્રદ્ધાને મુખ્ય બતાવવા તેને કારણ કહ્યું ને જ્ઞાનને કાર્ય કહ્યું. આ કારણ-કાર્ય બંને શુદ્ધ છે, તેમાં વચ્ચે ક્યાંય રાગ ન આવ્યો. રાગ કે દેહાદિની ક્રિયામાં તો સમ્યગ્જ્ઞાનના કારણનો ઉપચાર પણ આવતો નથી.

* પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય-એમ પણ કહેવાય,-જેમકે મોક્ષમાર્ગ તે કારણ ને મોક્ષ તે કાર્ય.
* અનેક વર્તમાન પર્યાયોમાં એક કારણ ને બીજું કાર્ય—એમ પણ કહેવાય,-જેમકે સમ્યગ્જ્ઞાન તે કારણ ને સુખ કાર્ય.
* દ્રવ્ય કારણ ને પર્યાય કાર્ય-એમ પણ કહેવાય,-જેમકે સમ્યગ્દર્શનનું કારણ શુદ્ધ ભૂતાર્થ આત્મા.

—એમ અનેકપ્રકારે વિવક્ષાથી કારણ-કાર્યના ભેદ પડે છે, તેને જેમ છે તેમ જાણવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈએ. કારણ-કાર્યને એકાંત અભેદ માનવા, કે એકાંત જુદા આગળ-પાછળ માનવા-તે સાચું નથી. અજ્ઞાની સાચા કારણ-કાર્યને જાણતો નથી ને બીજા વિપરીત કારણને માને છે, અથવા તો એકના કારણ-કાર્યને બીજામાં ભેળસેળ કરીને માને છે, તેને જ્ઞાનમાં કારણ-કાર્યનો વિપર્યાસ છે એટલે કે મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાનમાં ત્રણ દોષ કહ્યા છે—કારણવિપરીતતા, સ્વરૂપવિપરીતતા અને ભેદાભેદવિપરીતતા.

* આત્મા છે એમ માને પણ તેની પર્યાયનું કારણ પરદ્રવ્ય છે એમ માને, અથવા આત્મા બીજાના કાર્યનું કારણ છે-એમ માને, અથવા આત્માની મોક્ષદશાનું કારણ રાગ છે એમ માને, તો તેને કારણવિપરીતતા છે, સાચું જ્ઞાન નથી.

* આત્મા છે એમ તો કહે પણ ઈશ્વરે તેને બનાવ્યો છે એમ માને, અથવા પૃથ્વી વગેરે પંચભૂતના સંયોગથી આત્મા બન્યો છે એમ માને, અથવા સર્વવ્યાપક બ્રહ્મ માને, જુદું સ્વતંત્ર અસ્તિત્વ ન માને, તો તેને સ્વરૂપ-વિપરીતતા છે, એટલે સાચું જ્ઞાન નથી.

* ગુણ અને ગુણીનો સર્વથા ભેદ માને, કે સર્વથા અભેદ માને તો તેને ભેદાભેદવિપરીતતા છે. અથવા બીજા બ્રહ્મ સાથે આ આત્માને અભેદ માનવો, કે જ્ઞાનને આત્માથી જુદું માનવું તે પણ વિપરીતતા છે, તેને વસ્તુનું સાચું જ્ઞાન નથી.

આ પ્રમાણે અજ્ઞાની જે કાંઈ જાણે છે તેમાં તેને કોઈ ને કોઈ પ્રકારે વિપરીતતા હોવાથી તેનું બધુંય જાણપણું મિથ્યાજ્ઞાન જ છે, મોક્ષને સાધવા માટે તે કાર્યકારી થતું નથી.

જ્ઞાનમાં મિથ્યાશ્રદ્ધાને કારણે જ મિથ્યાપણું છે કે જ્ઞાનમાં પોતામાં કાંઈ દોષ છે? એવા પ્રશ્નના ઉત્તરમાં પં. ટોડરમલજી કહે છે કે, અજ્ઞાનીના જ્ઞાનમાં પણ ભૂલ છે; કેમકે જ્ઞાનમાં જાણપણું હોવા છતાં તે જ્ઞાન પોતાના સ્વપ્રયોજનને સાધતું નથી, સ્વજ્ઞેયને જાણવા તરફ વળતું નથી—એ તેનો દોષ છે. અજ્ઞાની અપ્રયોજનભૂત પદાર્થોને જાણવામાં તો જ્ઞાનને પ્રવર્તાવે છે પણ જેનાથી પોતાનું પ્રયોજન સિદ્ધ થાય છે એવા આત્માનું જ્ઞાન તથા સ્વ-પરનું ભેદજ્ઞાન તો તે કરતો નથી, માટે તેને જ્ઞાનમાં પણ ભૂલ છે. મોક્ષના હેતુભૂત સ્વ-તત્ત્વને જાણવારૂપ પ્રયોજનને સાધતું ન હોવાથી તે જ્ઞાન મિથ્યા છે. ભગવાનના માર્ગ-અનુસાર જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ બરાબર ઓળખતાં અજ્ઞાન ટળે છે ને સાચું જ્ઞાન થાય છે; સાચું જ્ઞાન તે પરમ અમૃત છે, અમૃત એવા મોક્ષસુખનું તે કારણ છે. માટે હે ભવ્ય જીવો! તમે આવા સમ્યગ્જ્ઞાનનું સેવન કરો.

સમ્યગ્દર્શન સાથેનું જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ જેવો છે તેવો સ્વસંવેદનપૂર્વક અતીન્દ્રિયજ્ઞાનથી જાણે છે. સમ્યગ્દર્શન સાથેના સમ્યગ્જ્ઞાનમાં અંશે અતીન્દ્રિયપણું થયું છે. આવું સમ્યગ્જ્ઞાન તે મોક્ષમાર્ગનું બીજું રત્ન છે. શુદ્ધઆત્મા સન્મુખ ઉપયોગ વળતાં આ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન બંને રત્નો એકસાથે પ્રગટે છે; અને તે જ વખતે અનંતાનુબંધી કષાયોના અભાવથી સ્વરૂપાચરણ પણ થાય છે.—આવો મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન થતાં ચોથા ગુણસ્થાને શરૂ થાય છે. સિદ્ધપ્રભુના આનંદનો નમૂનો ચાખતું સમ્યગ્દર્શન પ્રગટ્યું ત્યાં એકસાથે અનંત ગુણમાં નિર્મળ કાર્ય થવા માંડ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રદ્ધાગુણની શુદ્ધપર્યાય તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન તે કાંઈ ત્રિકાળી ગુણ નથી, શ્રદ્ધાગુણ ત્રિકાળ છે તેની સમ્યક્પર્યાય થઈ તે સમ્યગ્દર્શન છે, ને તેમાં મિથ્યાત્વસંબંધી દોષનો અભાવ હોવાથી તે સમ્યગ્દર્શનને 'ગુણ' કહેવાય છે. મિથ્યાત્વ તે મલિનતા ને દોષ છે, તેની સાથે સમ્યગ્દર્શન તે પવિત્ર ગુણ છે, તેમાં શુદ્ધતા છે—નિર્મળતા છે તેથી તેને ગુણ કહ્યો. તેમાં અભેદ આત્માની નિર્વિકલ્પ પ્રતીત છે, તે મોક્ષપુરીમાં પ્રવેશવાનો દરવાજો છે.

સમ્યગ્જ્ઞાન તે જ્ઞાનગુણની પર્યાય છે. ચોથાગુણસ્થાને આત્માનું અનુભવજ્ઞાન થયું ત્યારથી સમ્યગ્જ્ઞાન શરૂ થયું, પણ તે એકસાથે પૂરું ન થાય; કેવળજ્ઞાન થાય ત્યારે પૂરું થાય. સમ્યગ્જ્ઞાન સ્વ-પરને, ભેદ-અભેદને, શુદ્ધ-અશુદ્ધને, બધાયને જેમ છે તેમ જાણીને પોતાના આત્માને પરભાવોથી ભિન્ન સાધે છે.

હું શુદ્ધ પરિપૂર્ણ અભેદ એક ભૂતાર્થ આનંદમય ચૈતન્ય તત્ત્વ છું-એવા સ્વસંવેદન-પૂર્વક સમ્યગ્દૃષ્ટિજીવ આત્માની માન્યતા કરે છે. સમ્યગ્દર્શનમાં પોતાના આવા આત્માનો સ્વીકાર છે. સમ્યગ્દર્શન-પર્યાયમાં સ્વસન્મુખતા છે, સમ્યગ્દર્શનમાં પરસન્મુખતા નથી. શું પર સામે જોયે સમ્યગ્દર્શન થાય છે?-ના; કોઈ પરની સન્મુખતાથી (-દેવ-ગુરુની સન્મુખતાથી પણ) સમ્યગ્દર્શન થતું નથી. પોતાના ભૂતાર્થ આત્માની સન્મુખતાથી જ સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શનપર્યાય શ્રદ્ધાગુણની છે ને શ્રદ્ધાગુણ આત્માનો છે, તો આત્માની સન્મુખ થયા વગર સમ્યગ્દર્શનપર્યાય ક્યાંથી થશે? શ્રદ્ધાગુણ ને તેની સમ્યગ્દર્શનપર્યાય તે તો આત્માનું નિજસ્વરૂપ છે, તે નિજસ્વરૂપની સન્મુખ થતાં તે પોતે શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાયરૂપે પરિણમે છે. આ જીવનો શ્રદ્ધાગુણ કાંઈ બીજા કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે નથી કે તેમાંથી સમ્યગ્દર્શનપર્યાય આવે! શ્રદ્ધાગુણ જ્યાં હોય ત્યાંથી તેની સમ્યગ્દર્શનપર્યાય આવે. શ્રદ્ધાગુણ આત્મવસ્તુનો છે તેની અખંડ પ્રતીત વડે સમ્યક્ત્વરૂપ શુદ્ધપર્યાય પ્રગટે છે. સમ્યક્ત્વની જેમ બધા ગુણોની શુદ્ધપર્યાયો પણ સ્વાશ્રયે પ્રગટે છે એમ સમજી લેવું.

શું આત્માનો કોઈ ગુણ રાગમાં છે? —ના;
—તો રાગની સન્મુખતાથી કોઈ ગુણ પ્રગટે નહિ.

શું આત્માનો કોઈ ગુણ નિમિત્તમાં છે? —ના;
—તો નિમિત્તની સન્મુખતાથી કોઈ ગુણ પ્રગટે નહિ.

આ આત્માનો કોઈ ગુણ દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે છે? —ના;
—તો તેમની સન્મુખતાથી કોઈ ગુણ પ્રગટે નહિ.

ભગવાન આત્માના સર્વે ગુણો પોતામાં જ છે, બીજે ક્યાંય નથી; માટે આત્માની પોતાની સામે જોયે જ સર્વે ગુણો પ્રગટે છે, પર સામે જોયે કોઈ ગુણ પ્રગટતો નથી. ત્રિકાળી ગુણસ્વભાવ પોતામાં છે તેની સન્મુખ થતાં જ સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, આનંદ પણ થયો, ને અનંત ગુણની નિર્મળતાના વેદન સહિત મોક્ષમાર્ગ ખૂલી ગયો... પોતાનું આનંદમય સ્વઘર જીવે દેખી લીધું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હે ભાઈ! આ તારા નિજઘરની વાત છે. તારા સ્વઘરની વાત તું હોંશથી સાંભળ. અનાદિથી રાગાદિ પરઘરને જ પોતાનું માન્યું હતું; અહીં સર્વજ્ઞ પરમાત્મા અને સંતો તને તારું સ્વઘર બતાવે છે, તેને જોતાં જ આનંદસહિત સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે, ને અંતરમાં મોક્ષના દરવાજા ખુલી જાય છે. સમ્યગ્દર્શન તો ધર્મનો મૂળ એકડો છે, તેને ભૂલીને જીવ જે કાંઈ કરે તેનાથી જન્મ-મરણના આરા નહિ આવે. માટે, જે અનંતકાળમાં પૂર્વે નથી કરેલ અને જે પ્રગટ કરતાં જ જન્મ-મરણનો અંત આવીને મોક્ષ તરફનું પરિણમન શરૂ થઈ જાય છે-એવું સમ્યગ્દર્શન શીઘ્ર આરાધવા યોગ્ય છે; તે સમ્યગ્દર્શન સહિત સમ્યગ્જ્ઞાનની વિશેષ આરાધનાનું આ વર્ણન ચાલે છે.

સમવસરણની વચ્ચે ગણધરો અને સો ઇંદ્રોની ઉપસ્થિતિમાં સર્વજ્ઞ-વીતરાગી ભગવાનની દિવ્યવાણી છૂટતી હતી, ગણધર ભગવંતો તે ઝીલતા હતા; તે ઝીલીને ગણધરોએ તેમ જ કુંદકુંદાચાર્ય વગેરે વીતરાગી સંતોએ જે સમયસારાદિ પરમાગમો રચ્યા, તેની જ પરંપરા જૈનમાર્ગમાં ચાલી રહી છે; તેને અનુસરીને જ પં. દૌલતરામજીએ આ છહઢાળાની રચના કરી છે. તેમાં કહે છે કે હે જીવ! તારા સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ વગેરેની ખાણ જડમાં નથી, રાગમાં નથી, વિકલ્પમાં નથી, તારા આત્માનો શ્રદ્ધાગુણ જ તારા સમ્યગ્દર્શનની ખાણ છે, તારો જ્ઞાનગુણ જ તારા જ્ઞાનની ખાણ છે, તારો આનંદગુણ જ મહા આનંદની ખાણ છે; અનંતગુણની ખાણ તારા આત્મામાં છે. આવા આત્માની સન્મુખ થતાં આત્માના શ્રદ્ધા વગેરે અનંતગુણોનું સમ્યક્ પરિણમન થયું તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન વગેરે છે. જ્યાં જે વસ્તુની ખાણ ભરી હોય તેમાંથી તે નીકળે; કુવામાં પાણી હોય તો બહાર આવે; તેમ સમ્યગ્દર્શનની ખાણ ક્યાં છે? સમ્યગ્દર્શનની ખાણ આત્મા છે. અનંતગુણની ખાણ આત્મા છે. સમ્યગ્દર્શન વગેરેની પ્રાપ્તિ માટે પોતાના આત્મા સિવાય બીજે ક્યાંય જવું પડે તેમ નથી. સમ્યગ્દર્શનની ધ્રુવ ખાણ એવો આત્મસ્વભાવ તેનો સ્વીકાર કરતાં જ સમ્યગ્દર્શન થાય છે, બીજો કોઈ ઉપાય છે જ નહિ. સમ્યગ્જ્ઞાન વગેરેની પણ આ જ રીત છે. શુદ્ધાત્માની સન્મુખતામાં વચ્ચે બીજા કોઈનું કે રાગાદિનું આલંબન છે જ નહીં. આખોય મોક્ષમાર્ગ એકલા આત્માના જ આશ્રયે છે.

જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તેમાં કેવળજ્ઞાન ભર્યું છે; રાગની ભેળસેળ વગરનું એકલું શુદ્ધ જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે. આવા આત્માને જાણતાં આનંદરસથી ભરેલું સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. સમ્યગ્દર્શન સાથે આવું સમ્યગ્જ્ઞાન સહાય હોય છે. ભગવાન આત્માના શ્રદ્ધાગુણની સમ્યગ્દર્શન-પર્યાય જ્ઞાન-આનંદ ને શાંતિના અપૂર્વ વેદનસહિત પ્રગટે છે. જીવાદિ સાત તત્ત્વો અને તેમાં પરથી ભિન્ન પોતાનો શુદ્ધ આત્મા તેને સમ્યગ્દૃષ્ટિ જાણે છે ને તેની શ્રદ્ધા કરે છે. સામાન્ય અને વિશેષ બંનેની વિપરીતતા રહિત પ્રતીત સમ્યગ્દૃષ્ટિને છે. એકલું સામાન્ય માને, વિશેષને ન માને, અથવા એકલું વિશેષ માને, સામાન્યને ન માને, તો તત્ત્વશ્રદ્ધા સાચી થતી નથી. વસ્તુ પોતે સામાન્ય-વિશેષસ્વરૂપ છે, તેને વિપરીતતા વગર જેમ છે જાણીને શ્રદ્ધા કરવી જોઈએ. ધર્મીને શ્રદ્ધા-જ્ઞાનમાં વિપરીતતા નથી કે સંશયાદિ દોષ નથી. અમારા આત્માને અમે જાણ્યો કે નહીં, અમને સમ્યગ્દર્શન હશે કે નહીં, અમને અનુભવ થયો તે સાચો હશે કે નહીં!

વી. ૩૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



–આવો સંશય ધર્માત્માને હોતો નથી. જ્યાં એવો સંશય હોય ત્યાં તો અજ્ઞાન છે. ધર્મી તો પોતાની દશાને નિઃશંક જાણે છે કે અપૂર્વ આનંદના વેદનસહિત અમને સમ્યગ્દર્શન થયું છે, આત્માની સ્વાનુભૂતિ થઈ છે, સર્વજ્ઞદેવે જેવો આત્મા જાણ્યો તેવો જ અમારો આત્મા અમે અનુભવસહિત જાણ્યો છે; તેમાં હવે કોઈ શંકા નથી. આવા શ્રદ્ધા–જ્ઞાનવડે મોક્ષમાર્ગની આરાધના થાય છે. આત્માના શ્રદ્ધા–જ્ઞાન વગર કોઈ જીવ ભલે દ્રવ્યલિંગી સાધુ થાય પણ અંદર તેને સંશયાદિ દોષ રહ્યા કરે છે. જ્યાં સમ્યગ્જ્ઞાન ત્યાં આત્માનો સંશય નહીં, અને જ્યાં આત્માનો સંશય ત્યાં સમ્યગ્જ્ઞાન નહીં. 'જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ.' જ્ઞાની જીવો આત્મસ્વરૂપમાં નિઃશંકિત હોય છે અને તેથી મરણાદિના ભયરહિત નિર્ભય હોય છે.

સમ્યગ્દર્શન થવામાં આત્મા કારણ છે. જે સમ્યગ્દર્શનમાં આખો આત્મા જ પ્રતીતમાં આવ્યો તેની સાથેના સમ્યગ્જ્ઞાનમાં સંશય કેમ રહે? મારો ચૈતન્યસ્વરૂપ આત્મા મોહ અને રાગથી રહિત છે એટલે ભવના કારણથી રહિત છે;–આવા આત્માને જે શ્રદ્ધાએ અનુભવસહિત સ્વીકાર્યો તે શ્રદ્ધા સાથેનું જ્ઞાન પણ નિઃશંક થઈ ગયું છે કે મારા આત્મામાં ભવ નથી, ભવનું કારણ મારા સ્વભાવમાં નથી. ભવના કારણરૂપ એવા વિભાવથી જુદો, અમારો ભવરહિત મુક્તસ્વભાવ અમે અનુભવ્યો ત્યાં હવે ભવ કેવા? હવે અનંતભવ બાકી હશે એવી શંકા ધર્મીને થતી જ નથી; એને તો અલ્પકાળમાં મોક્ષ થવાની ખાતરી આત્મામાંથી આવી ગઈ છે, મોક્ષ તરફનું પરિણમન ચાલી જ રહ્યું છે. આવી દશાનું નામ સમ્યગ્જ્ઞાન છે, ને તે મોક્ષનું સાધન છે.

સમ્યગ્જ્ઞાનસૂર્યના કિરણોમાં રાગ નથી. સમ્યગ્જ્ઞાનમાં સ્વ–પરનો યથાર્થ નિર્ણય હોય છે.

જ્ઞાન ને આનંદ તે સ્વ;<br>
શરીર ને રાગાદિ તે પર.

જ્ઞાનમય તત્ત્વ હું છું; જ્ઞાન સાથે તે ભૂમિકાને યોગ્ય રાગ છે, કર્મ છે, શરીર છે,–બસ! એટલો સ્વીકાર છે, પણ જ્ઞાનથી તો તે જુદા જ છે. વળી, જ્ઞાનની સાથે અનંતભવ હોય એવો રાગ નથી, અનંતભવ થાય એવું કર્મ નથી; અલ્પ રાગ અને અલ્પકર્મ છે, તે પણ હું નથી, તેનું અસ્તિત્વ મારા જ્ઞાનમાં નથી; મારું અસ્તિત્વ રાગ અને કર્મ વગરનું શુદ્ધ ચૈતન્યમય છે. આ પ્રમાણે ધર્મીજીવ સ્વ–પરના ભિન્ન ભિન્ન અસ્તિત્વને જાણે છે.

સમ્યગ્દર્શનમાં આત્માના ભૂતાર્થસ્વભાવની પ્રતીત છે; તેની સાથેનું સમ્યગ્જ્ઞાન સ્વ–પર, દ્રવ્ય–પર્યાય, શુદ્ધતા–વિકાર બધાને ભેદ–સહિત જાણે છે. વસ્તુનું સાચું સ્વરૂપ જાણ્યા વગર શ્રદ્ધા કોની? જ્ઞાન વગરની શ્રદ્ધા સાચી નહિ, ને શ્રદ્ધા વગરનું જ્ઞાન સાચું નહિ; સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન બન્ને સાથે જ છે.

હું અખંડ શુદ્ધ ચૈતન્ય છું, મારી પર્યાયમાં આટલી નિર્મળતા થઈ છે ને અલ્પ મલિનતા છે, તથા કર્મનો સંબંધ પણ અલ્પ છે; કેવો?—કે એકાદ ભવ થાય એવો.—પણ જેનાથી અનંત ભવ થાય એવા કોઈ મિથ્યાત્વાદિ મલિનભાવ કે કર્મનો સંબંધ મારી પર્યાયમાં નથી. અસ્થિરતાના જે અત્યંત અલ્પ રાગાદિ છે તેની સ્વભાવદૃષ્ટિમાં કાંઈ ગણતરી નથી. સ્વભાવમાં, કે તેમાં એકાગ્ર થયેલી પર્યાયમાં તો ભવ નથી, વિકાર નથી; પરાશ્રયમાં જે અલ્પ રાગાદિ ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એકાદ ભવ હોય—તે પણ જ્ઞાનથી તો ભિન્ન છે. જ્ઞાન તે સ્વ છે, ને જે અલ્પ રાગાદિ છે તે જ્ઞાનથી ભિન્ન પર છે. અનંત સંસારનું કારણ થાય એવા તો કોઈ રાગાદિભાવ ધર્મીને હોતા જ નથી. જ્ઞાનથી જુદા પડેલા રાગમાં એવી તાકાત નથી કે જીવને ઘણા ભવ કરાવે. —આનું નામ અનંતાનુબંધીનો અભાવ છે. ધર્મીને મહાન ચૈતન્યતત્ત્વના સમ્યગ્જ્ઞાન પાસે રાગાદિ તો અત્યંત હીન થઈ ગયા છે. આમ છતાં, જે અલ્પ રાગ છે તેને પણ ધર્મીજીવ બંધનું જ કારણ સમજે છે, તેને કાંઈ મોક્ષનું કારણ માનતા નથી. હવે સમ્યગ્જ્ઞાન સાથે બંધનું કારણ તો એટલું અલ્પ રહ્યું છે કે કદાચ એકાદ ભવ થાય. ભવિષ્યમાં જોરદાર કર્મ આવી જશે ને ભવમાં રખડાવશે તો !—એવો સંદેહ પણ ધર્મીને થતો નથી; કેમકે જ્ઞાનમાંથી તો જ્ઞાન આવે, જ્ઞાનમાંથી કાંઈ સંસાર ન આવે. હું તો જ્ઞાન છું, જ્ઞાનમાં સંસાર છે જ ક્યાં ? જ્ઞાનના બળે આ અલ્પ રાગાદિ પણ એકાદ ભવમાં છૂટી જશે, ને મોક્ષદશા પ્રગટી જશે. જેને આમાં સંદેહ છે તેને પોતાના સમ્યગ્જ્ઞાનની જ શ્રદ્ધા નથી અર્થાત્ તેને સમ્યગ્જ્ઞાન થયું જ નથી.

અહા, સમ્યગ્જ્ઞાન કોને કહેવાય ? તેના અચિંત્ય મહિમાની લોકોને ખબર નથી. જેમ સમ્યક્શ્રદ્ધામાં શુદ્ધાત્મા સિવાય બીજાનો સ્વીકાર નથી તેમ તેની સાથે જે સમ્યગ્જ્ઞાન છે તે પણ એવી તાકાતવાળું છે કે પોતાના સ્વભાવમાંથી પરભાવને તે જુદા કરી નાંખે છે, એટલે તે સમ્યગ્જ્ઞાનની સાથે અનંતભવ કરાવે એવો રાગ રહી શકતો નથી, તેમ જ નિમિત્ત તરીકે અજીવમાં પણ એવા કોઈ કર્મનો સંબંધ ત્યાં નથી રહેતો કે જે અનંતભવનું કારણ થાય. –આમ બધા તત્ત્વોનો મેળ હોય છે. અહીં ઉપાદાનમાં તો અનંતભવ નથી ને નિમિત્તમાં પણ એવું કર્મ કે વિકાર નથી. જે અલ્પ કર્મ ને અલ્પ વિકાર છે તેનો પણ સમ્યગ્જ્ઞાનમાં તો અભાવ જ છે. વિકારના કોઈ અંશને જ્ઞાન પોતાની સાથે એકપણે સ્વીકારતું નથી. સમ્યગ્જ્ઞાનની ધારા તો રાગથી અત્યંત જુદી જ જાતની વર્તે છે. આત્મામાં આવી અપૂર્વ જ્ઞાનદશા થાય તે પોતાને અંદર દેખાય, પોતાની જ્ઞાનધારા પોતાના સ્પષ્ટ વેદનમાં આવે.

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની સાથે ભવના અભાવરૂપ ભાવ પ્રગટ્યો છે, મોક્ષ તરફની ધારા પ્રગટી છે, પછી હવે ત્યાં અનંત ભવની શંકા કેમ રહે ? ત્યાં હવે જે રાગ રહ્યો તે એટલો અલ્પ છે કે અલ્પકાળમાં તેનોય અભાવ થઈ જશે. તે રાગને જ્ઞાનથી તો જુદો જાણ્યો જ છે પછી હવે તેનું જોર ક્યાંથી રહે ? જ્ઞાનનું જ જોર છે, ને તે જ્ઞાનસામર્થ્યના બળે રાગનો નાશ જ થતો જાય છે. જ્ઞાન તો વિકાર રહિત જ છે; તે જ્ઞાન વિકારનું નાશક છે, રક્ષક નથી. અરે, આવું જ્ઞાન જાગતાં અંદરમાં જે શાંતિ વેદાય તેની શી વાત ! આત્માની શ્રદ્ધા ને આત્માનું જ્ઞાન એ કાંઈ સામાન્ય વસ્તુ નથી, એ તો કોઈ અલૌકિક ભાવ છે, તે એક ક્ષણમાં અનંત સંસારદુઃખોને કટ કરીને અપૂર્વ મોક્ષસુખનો સ્વાદ ચખાડે છે; સંસારચક્રને બંધ કરીને મોક્ષચક્ર ચાલુ કરે છે. માટે હે ભવ્ય જીવો ! સમ્યગ્દર્શનસહિત સમ્યગ્જ્ઞાનને તમે આરાધો.

સાચું જ્ઞાન થાય ત્યાં આત્મામાં સંદેહ રહે નહિ. લોકમાં પણ જે વસ્તુને જાણે છે તેને સંદેહરહિત જાણે છે, તો આત્માને જાણવામાં સંદેહ કેમ ચાલે ? સોનું હીરા વગેરેને નિઃસંદેહ ખાતરીથી જાણીને પછી લ્યે છે, 'ગમે તે હશે !' એમ સંદેહ રાખીને એમ ને એમ લઈ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લેતો નથી; તો પછી આ તો ચૈતન્ય હીરો, અપૂર્વ મોક્ષમાર્ગ, તેની સંદેહરહિત પરીક્ષા કરીને સ્વીકાર કરે ત્યારે જ સમ્યગ્જ્ઞાન થાય છે; તેમાં સંદેહવાળું જ્ઞાન ચાલી શકે નહિ. આ રીતે આત્માની નિઃસંદેહતાવાળા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને ભિન્ન ભિન્ન લક્ષણોવડે ઓળખીને પોતાના હિતને માટે તેમની આરાધના કરવી.

સાચું જ્ઞાન તે જગતમાં સાર છે. સમ્યગ્જ્ઞાન વગર રાગની મંદતાથી પુણ્ય બંધાય, તેનાથી સ્વર્ગ મળે પણ જન્મ-મરણનો અંત ન આવે. જન્મ-મરણના દુઃખનો અંત સમ્યગ્જ્ઞાનથી જ આવે છે.

પરદ્રવ્યનતેં ભિન્ન આપમેં રુચિ સમ્યક્ત્વ ભલા હૈ;
આપ રૂપકો જાનપનો સો સમ્યગ્જ્ઞાન કલા હૈ.

પરદ્રવ્યોથી ભિન્ન, જેમાં અનંત જ્ઞાન-આનંદ ભર્યા છે—એવા પોતાના આત્માને ઓળખીને તેના અનુભવપૂર્વક જે રુચિ અને જ્ઞાન થયા તે સમ્યક્દર્શન અને જ્ઞાન છે, તે ભલા છે, ઉત્તમ છે, અને મોક્ષને સાધવા માટેની કળા છે. ભાઈ, સંસારની બીજી બધી કળા તું ભણ્યો પણ મોક્ષ માટેની આ વીતરાગી કળા તેં કદી ન જાણી. અનંતકાળમાં નહીં કરેલી એવી આ જ્ઞાનકળા અપૂર્વ ચીજ છે; તે જન્મ-મરણનાં દુઃખોને મટાડનારું પરમ અમૃત છે, તે જ પરમ સુખનું કારણ છે. સમ્યગ્દર્શન પછી પણ અચ્છિન્નધારાથી ભેદજ્ઞાનની ભાવના કરવી; ઠેઠ કેવળજ્ઞાન થતાં સુધી સમ્યગ્જ્ઞાનની આરાધનાનો ઉપદેશ છે.

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન બંને નિર્મળપર્યાયો છે,—એક પર્યાય શ્રદ્ધાગુણની છે ને બીજી જ્ઞાનગુણની છે; તે બંને નિર્મળપર્યાયો વચ્ચે વ્યવહારથી કારણ-કાર્યપણું કહ્યું. જો કે જ્ઞાનપર્યાય જ્ઞાનગુણના આધારે છે પણ સહચરઅપેક્ષાએ શ્રદ્ધાપર્યાયને તેનું કારણ કહ્યું; રાગાદિ અશુદ્ધતાને કારણ ન કહ્યું. એ જ રીતે અતીન્દ્રિયજ્ઞાન તે અતીન્દ્રિયસુખનું સાધન-ઇત્યાદિ પણ વ્યવહાર છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-આનંદ વગેરે બધી પર્યાયોનું મૂળ ઉપાદાન તો આત્મદ્રવ્ય છે, તેના અનંતગુણોની પર્યાય એકસાથે પરિણમે છે; તેમાંથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ બતાવવા માટે આ વર્ણન છે. તે સમ્યગ્દર્શન ને જ્ઞાનપર્યાય પરમાંથી કે રાગમાંથી નથી આવતી, પરવસ્તુ કે રાગ તેનું કારણ નથી. પોતાની નિર્મળપર્યાયોમાં પરસ્પર કારણ-કાર્યપણું વ્યવહારથી કહ્યું; નિશ્ચયથી તે-તે પર્યાયરૂપે પરિણમેલો આત્મા જ અભેદપણે તેનું કારણ છે; કારણ-કાર્ય જુદા નથી, તેમાં સમયભેદ નથી. ભગવાન આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન-આનંદાદિ નિજગુણોની અનંતશક્તિ ભરી છે, તે જ પોતપોતાના નિર્મળભાવરૂપે પરિણમે છે, તેમાં બહારનું કોઈ કારણ નથી. આત્માના અનંતગુણોમાં પરસ્પર કારણ-કાર્યપણું કહેવાય છે. જેમકે અહીં સમ્યગ્દર્શનને સમ્યગ્જ્ઞાનનું કારણ કહ્યું, પ્રવચનસારમાં અતીન્દ્રિયજ્ઞાનને અતીન્દ્રિયસુખનું કારણ કહ્યું, સમયસારમાં (અજ્ઞાની નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે-એમ કહીને) સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનને ચારિત્રનાં કારણ કહ્યા. આ પ્રમાણે આત્માની પોતાની પર્યાયોમાં અનેક પ્રકારે કારણ-કાર્યપણું કહેવાય છે. પણ રાગાદિ અશુદ્ધતા સાથે કે શરીરની ક્રિયા સાથે સમ્યગ્દર્શનાદિને કારણ-કાર્યપણું નથી. જુઓ, ત્યાં (સમયસારમાં) સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનને નિશ્ચય ચારિત્રનું કારણ કહ્યું, પણ સમ્યગ્દર્શન વગરના વ્યવહાર વ્રત-તપ-શીલાદિને ચારિત્રનું કારણ ન કહ્યું. પંચમહાવ્રત-સમિતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વગેરે વ્યવહાર-ચારિત્ર કરવા છતાં સમ્યગ્દર્શન વગરના મિથ્યાદૃષ્ટિ જીવને ચારિત્રહીન કહ્યો છે, કેમકે ચારિત્રના મૂળકારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાનનો જ તેને અભાવ છે. સમ્યક્દર્શન-જ્ઞાનપૂર્વક જ સમ્યક્ચારિત્ર હોય છે માટે તે સમ્યગ્દર્શન-જ્ઞાનને ચારિત્રનું મૂળ કારણ કહ્યું. તેમ જ સમ્યગ્જ્ઞાનનું કારણ સમ્યગ્દર્શન કહ્યું. સમ્યગ્દર્શન વગર ગમે તેટલું શાસ્ત્રજ્ઞાન હોય તોપણ તે સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી. જે જ્ઞાનમાં પોતાનો આત્મા ન આવ્યો, તેને સમ્યક્ કોણ કહે? જે જ્ઞાન પોતે પોતાને જ ન જાણે તેને જ્ઞાન કોણ કહે? જે જ્ઞાન આત્માને ન સાધે, જે મોક્ષનું સાધન ન થાય તે સમ્યગ્જ્ઞાન નથી, તે તો મિથ્યાજ્ઞાન છે. સમ્યગ્દર્શન સાથેનું જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે. માટે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને બરાબર ઓળખીને તેની આરાધના કરવી.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વગર જીવે સંસારમાં અનંત ભવ કર્યા ને અનંત દુઃખ ભોગવ્યાં; રાજા થયો, ભીખારી પણ થયો, સ્વર્ગમાં ગયો, નરકમાંય ગયો, પણ ક્યાંય સુખ ન મળ્યું. કોટિ જન્મોમાં તપ તપ્યો (શાંતિમાં ઠર્યો નહિ પણ તપ્યો) પણ આત્મજ્ઞાન વગર દુઃખી જ રહ્યો. અહીં તો હવે તત્ત્વના જ્ઞાનવડે આત્માના સ્વરૂપનો સાચો નિર્ણય અને અનુભવ કરીને સમ્યગ્દર્શન થયું, તેની સાથેના સમ્યગ્જ્ઞાનની વાત છે. આવું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ગૃહસ્થને પણ થાય છે. તે ધર્મી જાણે છે કે અમારી ચીજ તો અંતરમાં જ્ઞાન ને આનંદથી ભરેલી છે; આ બહારની ચીજમાં અમે નથી, ને અમારામાં બહારની ચીજ નથી.—આવું ભેદજ્ઞાન તે વીતરાગીવિજ્ઞાન છે, તે મોક્ષનું કારણ છે, તે ત્રણલોકમાં સારભૂત છે. આત્માના જ્ઞાનસમાન જગતમાં બીજું કોઈ સુખનું કારણ નથી. આ ઢાળમાં જ આગળ ચોથા શ્લોકમાં કહેશે કે—

જ્ઞાનસમાન ન આન જગતમેં સુખકા કારન,
યહ પરમામૃત જન્મ-જરા-મૃત રોગ નિવારન.

દુનિયામાં પૈસા-મકાન-મોટર વગેરેમાં ક્યાંય સુખ છે જ નહીં. અરે, સ્વર્ગના વૈભવમાંય સુખ નથી ત્યાં બીજાની શી વાત? સુખ તો બસ, સમ્યગ્જ્ઞાનવડે આત્માનો અનુભવ થાય-તેમાં જ છે; તે જ સુખ સાચું છે, બાકી બધી અજ્ઞાનીની કલ્પના છે.

અહીં બહારનાં ભણતરરૂપ જ્ઞાનની વાત નથી, પણ પોતાના આત્માના અનુભવમાંથી પ્રગટેલા અંતર્જ્ઞાનની વાત છે. શુદ્ધ આનંદસ્વરૂપ ચૈતન્યમૂર્તિ હું છું-એવું દેહાદિથી ભિન્ન આત્માનું જ્ઞાન થતાં પરમ અતીન્દ્રિય શાંતિરૂપ જે સુખ અનુભવાય છે, એના જેવું સુખ જગતમાં બીજે ક્યાંય નથી. પુણ્યને સુખનું કારણ ન કહ્યું. રાગને કે બાહ્યસામગ્રીને સુખનું કારણ ન કહ્યું, શુભરાગ પુણ્ય અને સામગ્રી એ બધાથી પાર એવા ચિદાનંદ આત્માનું જે સાચું જ્ઞાન તેને જ સુખનું કારણ કહ્યું; કેમકે તે જ્ઞાન પોતે આનંદરૂપ થઈને પ્રગટે છે, આત્માના સુખનો સ્વાદ લેતું તે જ્ઞાન પ્રગટે છે.

હે ભાઈ, બહારના થોથા જાણપણામાં તારી બુદ્ધિને રોકે છે તેને બદલે અંતરમાં આત્માનો પ્રેમ લાવીને, આત્માનું સ્વરૂપ કેવું અદ્‌ભુત છે તે જાણવામાં તારી બુદ્ધિને જોડ, તો તારું પરમ હિત થશે. આત્માને જાણતાં તને પરમ સુખનો અનુભવ થશે. આત્મા કેવો છે તેનો વિચાર અભ્યાસ ને મનન કર્યા વગર જો જીવન પૂરું થઈ ગયું તો તું સુખ ક્યાંથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામીશ ? માટે સમ્યગ્દર્શનસહિત સમ્યગ્જ્ઞાનની આરાધના કર. સમ્યગ્દર્શન પછી પણ જ્ઞાનની વિશેષ આરાધનાનો ઉપદેશ છે.

અરે, સાચા જ્ઞાન વગર, અજ્ઞાનભાવમાં તો સુખ ક્યાંથી હોય ? અજ્ઞાનથી તો સંસારની ચારગતિમાં અનંત દુઃખ જીવ ભોગવી રહ્યો છે; તેનાથી છૂટવા ને સુખી થવા માટે આ ઉપદેશ છે. કેમકે ચારગતિમાં અનંતા જીવો છે તેઓ બધાય દુઃખથી છૂટીને સુખી થવા ચાહે છે, તેથી જેના વડે દુઃખ મટે ને સાચું સુખ થાય એવા વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ શ્રી ગુરુઓએ કરુણાપૂર્વક દીધો છે. હે ભાઈ ! તારા આત્માને ઓળખીને આવું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કરવાથી જ તને સુખ થશે ને તારું દુઃખ મટશે. માટે સમ્યગ્દર્શનને તથા સમ્યગ્જ્ઞાનને ઓળખીને તેની આરાધના કરો. સમ્યગ્દર્શન જ્ઞાન પછી મુનિદશારૂપ ચારિત્રની આરાધનાનો પણ ઉપદેશ કરશે. ત્રીજી ઢાળમાં સમ્યગ્દર્શનનું વર્ણન કરીને તેનો મહિમા બતાવ્યો; આ ચોથી ઢાળમાં સમ્યગ્જ્ઞાનનું વર્ણન કરીને તેનો મહિમા બતાવે છે; ને પછી છઠ્ઠી ઢાળમાં સમ્યક્‌ચારિત્રનું વર્ણન કરીને તેનો મહિમા બતાવશે. આ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગવિજ્ઞાન તે જીવને સુખનું કારણ છે, તેની આરાધનાનો આ ઉપદેશ છે. ॥ ૨ ॥

સંસારમેં સર્વત્ર ઉત્પન્ન હુએ જીવોંકો ઉનકે દ્વારા પૂર્વભવમેં કિયા ગયા પુણ્ય-પાપ હી સુખ અથવા દુઃખ દેતા હૈ, ઉસે રોકના શક્ય નહીં હૈ. પ્રાણીયોંકો ઉનકા ભાગ્ય દ્વીપમેં, સમુદ્રમેં, પર્વતકે શિખર પર, દિશાઓંકે અંતમેં ઔર કૂપમેં ભી ગિરે રત્નકો મિલા દેતા હૈ ઇસ સંસારમેં પુણ્યશાલી જીવોંકી વિપદા ભી સંપદા બન જાતી હૈ ઔર પાપકર્મકે ઉદયસે સંપદા ભી વિપદા બન જાતી હૈ.

—શ્રી સુભાષિતરત્નસંદોહ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સમ્યગ્જ્ઞાનના પ્રકારોનું વર્ણન

સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાનની આરાધના કરવાનું કહ્યું; હવે તે સમ્યગ્જ્ઞાન કેટલા છે તથા તેમાં પ્રત્યક્ષ-પરોક્ષપણું કયા પ્રકારે છે? તે કહે છે—

( ગાથા ૩ તથા ૪ )

**तास भेद दो हैं परोक्ष-प्रत्यक्ष, तिन मांहीं,**
**मति-श्रुत दोय परोक्ष अक्ष-मनतें उपजाहीं ।**
**अवधिज्ञान-मनपर्जय दो हैं देशप्रत्यक्षा,**
**द्रव्य-क्षेत्र परिमाण लिये जाने जीव स्वच्छा ॥ ३ ॥**
**सकल द्रव्यके गुण अनन्त परजाय अनन्ता,**
**जानै एके काल प्रगट केवलि भगवन्ता ।**

સમ્યગ્દર્શન સહિતનું જે સમ્યગ્જ્ઞાન છે તેના બે ભેદ છે—એક પરોક્ષ અને બીજું પ્રત્યક્ષ.

* મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બંને ઇંદ્રિયો તથા મન દ્વારા ઉપજે છે તેથી તે પરોક્ષ છે.

* અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન એ બંને એકદેશ પ્રત્યક્ષ છે, તેના વડે જીવ મર્યાદિત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને, ઇંદ્રિય-મનના અવલંબન વિના પ્રત્યક્ષ-સ્પષ્ટ જાણે છે.

* કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રત્યક્ષ છે; કેવળીભગવંત સમસ્ત દ્રવ્યના અનંતગુણોને તેમ જ અનંતપર્યાયોને એકસાથે પ્રત્યક્ષ જાણે છે. જાણવામાં એને કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદા નથી. અહો, આ કેવળજ્ઞાનનો અદ્ભુત અચિંત્ય મહિમા છે. એની ઓળખાણ કરતાં પણ જીવને જ્ઞાનસ્વભાવની પ્રતીતિસહિત, અતીન્દ્રિયસુખના વેદનથી ભરેલું સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. પ્રવચનસારમાં આચાર્યદેવે તેનો ઘણો મહિમા વર્ણવ્યો છે. અરે, કેવળજ્ઞાનના તો મહિમાની શી વાત!— ચોથા ગુણસ્થાનનું જે સમ્યગ્જ્ઞાન મતિ-શ્રુતરૂપ છે તેનો પણ અપૂર્વ મહિમા છે, તે પરમ આનંદમય અમૃત છે, તે મોક્ષને સાધનારું છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને સમ્યગ્દર્શન સાથે વર્તતા સમ્યગ્જ્ઞાનની આ વાત છે. પરને જાણનારા મતિ-શ્રુતજ્ઞાનમાં ઇંદ્રિય-મનનું અવલંબન છે, પણ તે મતિ શ્રુતજ્ઞાન જ્યારે આત્માની સન્મુખ થઈને નિર્વિકલ્પ સ્વસંવેદન કરે છે ત્યારે તેમાં મન કે ઇંદ્રિયનું આલંબન રહેતું નથી, તેટલા અંશે સ્વસંવેદનમાં તે પણ પ્રત્યક્ષ છે. તત્ત્વાર્થસૂત્ર વગેરેમાં જ્યાં મતિ-શ્રુતજ્ઞાનને સામાન્યપણે પરોક્ષ કહ્યા છે તેમાં એટલું વિશેષ સમજવું કે નિર્વિકલ્પ અનુભવદશા વખતના મતિ-શ્રુતજ્ઞાનની તે વાત નથી, કેમકે નિર્વિકલ્પ અનુભવદશામાં તો તે જ્ઞાનો સ્વસંવેદનપ્રત્યક્ષ છે, અતીન્દ્રિય છે, મન-ઇન્દ્રિયના અવલંબન વગરના છે. આવું અતીન્દ્રિય આત્મજ્ઞાન ગૃહસ્થને પણ થાય છે. પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાનમાં સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પસ્વસંવેદનનો કાળ કયારેક જ હોય છે તેથી તેની વાત મુખ્ય ન કરતાં સામાન્ય વર્ણનમાં મતિ–શ્રુતજ્ઞાનને પરોક્ષ કહેવામાં આવ્યા છે.

જ્ઞાતા–જ્ઞાન–જ્ઞેયના ભેદના વિકલ્પરહિત થઈને જ્યારે આત્મા પોતે પોતાના સ્વરૂપને જ અનુભવે છે–જાણે છે ત્યારે તેને પ્રત્યક્ષ–અતીન્દ્રિય જ્ઞાન છે; સમ્યગ્દર્શન થતી વખતે જ્ઞાનમાં આવું અતીન્દ્રિયપણું થયું ત્યારે તે સમ્યક્ થયું; તે જ્ઞાન અતીન્દ્રિય આનંદના વેદનસહિત છે. એ સિવાયના કાળમાં મતિ–શ્રુતજ્ઞાન પરોક્ષ છે. જેમાં ઇંદ્રિયોનું નિમિત્ત હોય તે જ્ઞાનથી તો ઇંદ્રિયના વિષયભૂત રૂપી પદાર્થો જ જણાય, પણ કાંઈ અરૂપી આત્મા તેનાથી ન જણાય. ભગવાન ચૈતન્યસૂર્ય પોતે પોતાને પ્રકાશે તેમાં જડ-ઇંદ્રિયનું નિમિત્ત કેવું ? અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ આત્મવસ્તુ છે તે પ્રત્યક્ષ જ્ઞાતા છે; તે પોતે ઇંદ્રિયજ્ઞાનવડે જાણતો નથી, તેમ જ ઇંદ્રિયજ્ઞાનવડે તે જાણવામાં આવે તેવો નથી, મનના અવલંબને પણ તે જણાય તેવો નથી. મનના અવલંબને તો સ્થૂળ પરવસ્તુ પરોક્ષ જણાય છે.

આંખદ્વારા શરીરાદિનું રૂપ દેખાય, પણ આંખદ્વારા કાંઈ આત્મા ન દેખાય. જ્ઞાન રાગાદિથી છૂટું પડી, અંતર્મુખ થઈને જ્યારે પોતે પોતાને પકડે છે ત્યારે શાંતિનું વેદન થાય છે; તે અતીન્દ્રિય શાંતિના વેદનકાળમાં સમ્યગ્દષ્ટિ–ગૃહસ્થને ચોથા ગુણસ્થાને પણ જ્ઞાન અતીન્દ્રિય છે તેથી પ્રત્યક્ષ છે; સ્વ તરફ ઝુકેલું જ્ઞાન એકલા આત્મસાપેક્ષ હોવાથી પ્રત્યક્ષ છે, તેમાં બીજા કોઈનું અવલંબન નથી. આવા અતીન્દ્રિયજ્ઞાનવડે જ મોક્ષમાર્ગ શરૂ થાય છે.

પ્રશ્નઃ—આપ કહો છો કે આત્માને દેખો. હવે આંખથી તો આત્મા દેખાય નહીં, ને આંખ મીંચીએ તો અંદર અંધારું–અંધારું લાગે;—તો આત્માને જોવો કઈ રીતે ?

ઉત્તરઃ—ભાઈ, ઇંદ્રિયજ્ઞાનવડે આત્મા ન દેખાય, અતીન્દ્રિયજ્ઞાનવડે જ આત્મા દેખાય. આંખ મીંચી ત્યારે પણ 'આ અંધારું છે, ને અંધારું છે તે હું નથી'—એમ કોણે જાણ્યું ? આત્માએ કે બીજા કોઈએ ? અંધારાને જાણનારો પોતે કાંઈ આંધળો નથી, એ તો જાગૃત ચૈતન્યસત્તા છે, ને તે જ આત્મા છે. પહેલાં ચૈતન્યવસ્તુ કેવી છે તે બરાબર લક્ષગત કરવી જોઈએ; પછી તેનો અત્યંત રસ અને અત્યંત મહિમા આવતાં, પરિણામ તેમાં એકાગ્ર થઈને, અનુભવમાં તેનો સાક્ષાત્કાર થાય છે. 'આ અંધારું છે' એમ અંધારાને દેખ્યું કોણે ? અંધારું પોતે પોતાને નથી દેખતું, પણ ચૈતન્યસત્તા દેખે છે કે આ અંધારું છે, ને હું તેને જાણનાર છું. અંધારાને જાણનારો 'હું અંધારું છું' એમ નથી જાણતો પણ 'આ અંધારું છે' એમ જાણે છે, એટલે કે અંધારાને જાણનારો અંધારાથી જુદો છે. બસ ! આ જાણનાર તત્ત્વ તે જ આત્મા છે, અને અંતર્મુખ મતિ–શ્રુતજ્ઞાનવડે આવા જ્ઞાનસ્વરૂપ આત્માને જાણી શકાય છે. બાકી આંખ વગેરેથી આત્મા જણાય નહીં. ભાઈ, જે ચૈતન્યસત્તામાં આ બધું જણાય છે તે તું જ છો; તેને અંદર વિચારમાં લે. અનાદિથી પોતે પોતાની ચૈતન્ય-સત્તાનો વિચાર કર્યો નથી. જાણનારો પોતે 'હું જાણનાર છું' એમ પોતાના અસ્તિત્વને જ ન માને–એ આશ્ચર્ય છે.

હે જીવ ! જ્ઞાન તે તારું સ્વ છે, અંધારૂં પર છે. અંધકાર અને પ્રકાશ એ બન્ને પર્યાયો પુદ્‌ગલની છે, તેને જાણનારું અરૂપી જ્ઞાન આત્માનું છે. આવા આત્માના નિર્ણય માટે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંદર ઉદ્યમ કરવો જોઈએ. બહારમાં પાંચ-પચાસ હજાર રૂપિયા મેળવવા માટે કેટલા પ્રેમથી મહેનત કરે છે? ઘરબાર છોડીને, ખાવાપીવાની મુશ્કેલી વેઠીને પણ પૈસા કમાવા પરદેશ જાય છે ને દિનરાત મજૂરી કરે છે. તો આ સાદિઅનંત મહાન સુખ દેનારી પોતાની અદ્ભુત જ્ઞાનલક્ષ્મી કેવી છે! તેને પ્રાપ્ત કરવા, તેનો અનુભવ કરવા, અંતરમાં કેટલા પ્રેમથી ઉદ્યમ કરવો જોઈએ? બાપુ! તારી સાચી લક્ષ્મી તો આ સમ્યગ્જ્ઞાન છે કે જે પરમ સુખ દેનાર છે; બાકી પૈસા વગેરે તો ધૂળ–રજકણ છે, તે કાંઈ તારી લક્ષ્મી નથી ને તેમાંથી તને કદી સુખ મળવાનું નથી.

જ્ઞાનનો સ્વભાવ પ્રત્યક્ષ એટલે એકલા આત્માથી જાણવાનો છે; જાણવામાં પરનું અવલંબન લ્યે એવો તેનો સ્વભાવ નથી. આંખથી નજરે દેખાય તે પ્રત્યક્ષ—એ વ્યાખ્યા સાચી નથી. આંખ વગર એકલા આત્માથી સીધું જે જ્ઞાન થાય તે પ્રત્યક્ષ છે, ને આંખ વગેરે પરની અપેક્ષા સહિત જે જ્ઞાન થાય તે તો પરોક્ષ છે. પ્રત્યક્ષજ્ઞાનમાં પરનું આલંબન હોતું નથી. અરે, જાણવાનો સ્વભાવ પોતાનો, તેમાં વળી પરના આલંબનની પરાધીનતા કેવી? પરાલંબી પરોક્ષ-જ્ઞાનવડે આત્મા જણાય નહિ. ઇંદ્રિયાતીત અને રાગથી પાર એવા સ્વાધીન અતીન્દ્રિય જ્ઞાનવડે આત્મા જણાય છે. સ્વાધીન કહો, અતીન્દ્રિય કહો કે પ્રત્યક્ષ કહો, તે જ્ઞાન સ્પષ્ટ છે, તેનો આરંભ ચોથા ગુણસ્થાનથી થઈ જાય છે. ચોથા ગુણસ્થાને સ્વાનુભૂતિમાં સમ્યક્મતિશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ હોય છે, તેમાં ઇન્દ્રિય કે મન નિમિત્ત નથી. આવું સ્વાનુભવ-પ્રત્યક્ષ અતીન્દ્રિયજ્ઞાન આઠ વર્ષની બાલિકાને પણ થાય છે. તે સમ્યગ્દ્રષ્ટિ બાલિકાને અંતરમાં ધ્યાનકાળે પોતાના જ્ઞાન–આનંદમય આત્માનું વેદન, રાગ અને ઇન્દ્રિયોની અપેક્ષા વગરનું છે; તે વખતના સમ્યગ્જ્ઞાનને અધ્યાત્મશૈલીમાં પ્રત્યક્ષ કહેવાય છે. તે ધ્યાનમાં હોય ત્યારે સ્વાનુભવમાં પોતે પોતાના આત્માને તન્મય થઈને જાણે છે, ત્યારે બહારમાં બીજા બધાનું લક્ષ છૂટી જાય છે. આ રીતે જ્ઞાન પોતે પોતામાં એકાગ્ર થઈને અતીન્દ્રિયપણે આત્માને અનુભવે છે ત્યારે આત્મામાં અતીન્દ્રિય આનંદરસની ધારા ઉલ્લસે છે. સિંહ વગેરે પશુઓમાં પણ જે જીવ સમ્યગ્દ્રષ્ટિ હોય તે જીવને આવું પ્રત્યક્ષજ્ઞાન પ્રગટ્યું હોય છે. તીર્થંકર પરમાત્માના સમવસરણમાં નાગ ને વાઘ હાથી ને હરણ સિંહ ને સસલાં વગેરે પશુઓ પણ આવે છે ને તેમાંથી ઘણા જીવો આવા આત્માનું સ્વરૂપ ઓળખીને પ્રત્યક્ષ–અતીન્દ્રિયજ્ઞાનવડે તેનો અનુભવ કરે છે. મહાવીર ભગવાનના આત્માએ સિંહપર્યાયમાં આવો અનુભવ કર્યો હતો, ને પાર્શ્વનાથ ભગવાનના આત્માએ હાથીની પર્યાયમાં આવો અનુભવ કર્યો હતો. તે સિંહને તથા હાથીને પણ આવું પ્રત્યક્ષ–અતીન્દ્રિયજ્ઞાન હતું. અત્યારે પણ આ મધ્યલોકમાં અસંખ્ય પશુઓ આવા આત્મજ્ઞાન સહિત વર્તે છે; મનુષ્યો પણ કરોડો–અબજો છે.

અહા, સમ્યગ્જ્ઞાનની તાકાત તો જુઓ! ભાઈ, આવા જ્ઞાનસ્વરૂપ આત્મા તું પોતે છો. આ દેહ કે રાગ તે તું નથી; અંદર આનંદમય જ્ઞાનસ્વરૂપ આત્મા છે–તે તું છો. આવા આત્માનું જ્ઞાન કરવાનો આ અવસર છે. લંકાના મહારાજા રાવણનો મુખ્ય હાથી 'ત્રિલોકમંડન,' જેને રામચંદ્રજી પોતાની સાથે અયોધ્યા લાવ્યા હતા, તે હાથીને પણ આવું આત્મજ્ઞાન થયું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતું, તેમ જ પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન પણ થયું હતું.—એ પણ આત્મા છે ને! એનામાંય જ્ઞાનશક્તિ ભરેલી છે; તે પોતે સ્વસંવેદનવડે પ્રત્યક્ષ અનુભવમાં લઈ ને તેણે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું.

આ સમ્યગ્જ્ઞાનનું પ્રકરણ ચાલે છે. સમ્યક્ મતિશ્રુતજ્ઞાન સ્વસંવેદનકાળે પ્રત્યક્ષ છે, ને બાકીના કાળમાં પરોક્ષ છે. અવધિ અને મનઃપર્યયજ્ઞાન એકદેશપ્રત્યક્ષ છે, તેઓ ઇન્દ્રિય કે મનના નિમિત્ત વગર, અમુક મર્યાદિત ક્ષેત્રમાં રહેલા અમુક જ પદાર્થોને, તેના અમુક જ કાળને અને અમુક ભાવોને જ જાણે છે એટલે કે અધૂરા છે; જેટલું જાણે છે તેટલું તો પ્રત્યક્ષ જાણે છે, પણ અધૂરું જાણે છે તેથી તેને દેશપ્રત્યક્ષ કહેવાય છે. શ્રુતજ્ઞાનમાં તો બધા પદાર્થોને પરોક્ષ જાણવાની તાકાત છે—એમ કહ્યું છે. શ્રુતજ્ઞાનમાં ઘણી તાકાત છે, ને કેવળજ્ઞાન તો અદ્ભુત અચિંત્ય મહિમાવાળું સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન છે.

સમ્યક્ મતિશ્રુતજ્ઞાન બધાય સમ્યગ્દૃષ્ટિ–સાધકજીવોને હોય છે; અવધિજ્ઞાન કોઈ કોઈ જીવોને હોય છે. તેમાં દેશઅવધિ ચારેગતિમાં હોય છે; નરકમાં ને દેવમાં તો બધા સમ્યગ્દૃષ્ટિને હોય છે, ને તિર્યંચમાં તથા મનુષ્યમાં કોઈ કોઈ જીવોને હોય છે. વિશેષ અવધિજ્ઞાન (પરમ-અવધિ અને સર્વઅવધિ) તો કોઈ ખાસ મુનિવરોને જ હોય છે; કુઅવધિરૂપ વિભંગજ્ઞાન તો દેવ–નારકીમાં બધા જીવોને હોય છે; ઘણા તિર્યંચો તેમ જ મનુષ્યોને પણ વિભંગજ્ઞાન હોય છે, ને તેના વડે અનેક દ્વીપસમુદ્ર વગેરેને જાણી શકે છે; પણ મોક્ષમાર્ગમાં તેની કાંઈ કિંમત નથી; તે કાંઈ વીતરાગવિજ્ઞાન નથી, તે તો અજ્ઞાન છે. સામાન્ય બળદ વગેરે અજ્ઞાની પ્રાણી પણ જ્ઞાનના કંઈક ઉઘાડવડે સામાના મનની વાત જાણી લ્યે ત્યાં અજ્ઞાનીઓને આશ્ચર્ય ઊપજે છે, પણ અતીન્દ્રિય કેવળજ્ઞાનના અદ્ભુત અચિંત્ય સામર્થ્યની તેને ખબર નથી; અરે! સમ્યગ્દૃષ્ટિના સ્વસંવેદનમાં અતીન્દ્રિય મતિ–શ્રુતજ્ઞાનની કોઈ અપાર તાકાત છે તેની પણ તેને ખબર નથી. જ્ઞાન તો કોને કહેવાય?—જે રાગથી પાર થઈ ને આનંદરસમાં તરબોળ થયું છે એવું જ્ઞાન તે જ જ્ઞાન છે, તે વીતરાગવિજ્ઞાન છે ને તે મોક્ષનું કારણ છે. મનઃપર્યયજ્ઞાન પણ કોઈ વિશિષ્ટ ઋદ્ધિધારી મુનિઓને જ હોય છે, ને તેમાંય વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન તો ચરમશરીરી મુનિવરોને જ હોય છે. કેવળજ્ઞાનરૂપ મહા પ્રત્યક્ષ જ્ઞાન સર્વે અરિહંત અને સિદ્ધ ભગવંતોને હોય છે.—આ રીતે પાંચ પ્રકારનું સમ્યગ્જ્ઞાન જાણીને તેની આરાધના કરો.

કેવળજ્ઞાન પ્રગટ કરીને જેઓ પરમાત્મા થયા તેઓ, પહેલાં અનાદિથી તો બહિરાત્મા હતા; તેમણે પહેલાં તો સમ્યગ્દર્શન કર્યું, તેની સાથે મતિ–શ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન થયું; એટલે બહિરાત્મપણું છોડીને તેઓ અંતરાત્મા થયા. પછી શુદ્ધોપયોગવડે સ્વરૂપમાં લીન થઈને ચારિત્રરૂપ મુનિદશા સાધી. તેમાં કોઈને અવધિ–મનઃપર્યયજ્ઞાન પ્રગટે છે ને કોઈને નથી પણ પ્રગટતા;—તેની સાથે મોક્ષમાર્ગનો સંબંધ નથી. પછી શુદ્ધોપયોગવડે સ્વરૂપમાં પૂર્ણ લીન થતાં વીતરાગતા અને કેવળજ્ઞાન થયું એટલે કે તેઓ અરિહંત–પરમાત્મા થયા. તે પરમાત્મા દિવ્યશક્તિવાળા કેવળજ્ઞાનવડે ત્રણલોક–ત્રણકાળને એકસાથે પ્રત્યક્ષ જાણે છે. 'નમો અરિહંતાણં' કહેતાં આવા કેવળજ્ઞાનની પ્રતીત સાથે આવવી જોઈએ, તો જ અરિહંતદેવને સાચા નમસ્કાર થાય. પંચપરમેષ્ઠીમાં અરિહંત ભગવાન તથા સિદ્ધભગવાન કેવળજ્ઞાની છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સીમંધરનાથ વગેરે લાખો અરિહંતભગવંતો અત્યારે પણ આ મનુષ્યલોકમાં વિચરી રહ્યા છે. આવા કેવળજ્ઞાનની પ્રતીત, આત્માના જ્ઞાનસ્વભાવની પ્રતીતપૂર્વક થાય છે. એવું કેવળજ્ઞાન કેમ થાય? કે સર્વજ્ઞસ્વભાવી આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક તેનો અનુભવ કરતાં-કરતાં કેવળજ્ઞાન થાય છે, બીજા કોઈ ઉપાયથી કેવળજ્ઞાન થતું નથી. પહેલાં સમ્યગ્જ્ઞાન પણ શુભરાગથી નથી થતું પણ રાગ વગરના આત્માના અનુભવથી જ થાય છે; ને પછી કેવળજ્ઞાન પણ રાગરહિત આત્માના અનુભવમાં એકાગ્રતારૂપ શુદ્ધોપયોગવડે જ થાય છે. આમ ઓળખે તો જ કેવળજ્ઞાનને ઓળખ્યું કહેવાય. રાગવડે જ્ઞાન થવાનું માને તેણે કેવળજ્ઞાનને કે એકેય જ્ઞાનને ઓળખ્યું નથી; તેણે તો જ્ઞાન અને રાગની ભેળસેળ કરીને કેવળજ્ઞાનને પણ રાગવાળું માન્યું; કેમકે રાગને કારણ માન્યું તો તેનું કાર્ય પણ રાગવાળું જ હોય, -પણ જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા જાણીને જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવો તે જ કેવળજ્ઞાનનું કારણ છે—એમ ધર્મી જીવો જાણે છે, ને તેઓ જ્ઞાન સાથે રાગની જરાપણ ભેળસેળ કરતા નથી; વીતરાગ-વિજ્ઞાનવડે તેઓ કેવળજ્ઞાનને અને મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

ચૈતન્યની અગાધ તાકાતવાળું, અને સર્વથા રાગ વગરનું એવું કેવળજ્ઞાન છે, તે કેવળજ્ઞાનનો સ્વીકાર રાગવડે થઈ શકતો નથી પણ જ્ઞાનસ્વભાવની સન્મુખતાથી જ થાય છે. જ્ઞાનસ્વભાવની સન્મુખ થતાં રાગથી જુદો પડયો એટલે પોતામાં ભેદજ્ઞાન થઈને સમ્યગ્જ્ઞાન થયું, ત્યાં સર્વજ્ઞની પણ સાચી ઓળખાણ થઈ. તે જ્ઞાન સાથે રાગ વગરનું વીતરાગીસુખ પણ ભેગું જ છે. સમ્યક્મતિશ્રુતજ્ઞાન તે રાગથી ભિન્ન કેવળજ્ઞાનની જાતના જ છે, તેઓ કેવળ-જ્ઞાન સાથે કેલિ કરનારા છે.

—આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ ઓળખીને તેનું સેવન કરો; કેમકે જગતમાં સમ્યગ્જ્ઞાન સમાન બીજું કોઈ જીવને સુખનું કારણ નથી; સમ્યગ્જ્ઞાન જ જન્મ-મરણનાં દુઃખોને મટાડનારું ને મોક્ષસુખ દેનારું પરમ અમૃત છે. એ વાત હવેના શ્લોકમાં કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ✻ સમ્યગ્જ્ઞાનનો મહિમા ✻

## તે જ્ઞાનનું મહાન ફળ; તેના વગરનું બધું નિષ્ફળ

અહો, જીવને પરમસુખનું કારણ સમ્યગ્જ્ઞાન છે, તેનો મહિમા બતાવે છે; તથા તેનું ઉત્તમ ફળ બતાવીને તેની આરાધનાનો ઉત્સાહ જગાડે છે :—

( ગાથા ૪–૫ )

ज्ञान समान न आन जगतमें सुखको कारन ।
इहि परमामृत जन्म–जरा–मृति रोग निवारन ॥ ४ ॥
कोटिजन्म तप तपैं ज्ञान बिन कर्म झरैं जे ।
ज्ञानीके छिनमें त्रिगुप्तितैं सहज टरैं ते ॥
मुनिव्रत धार अनंतबार ग्रीवक उपजायौ ।
पै निज आतमज्ञान विना सुख लेश न पायौ ॥ ५ ॥

અહો, જગતમાં જીવને સમ્યગ્જ્ઞાન સમાન સુખનું કારણ બીજું કોઈ નથી; પુણ્ય કે પાપના ભાવ સુખનું કારણ નથી, બહારનો કોઈ વૈભવ સુખનું કારણ નથી; અંતરમાં ચૈતન્યનું જ્ઞાનપરિણમન જ જીવને સર્વત્ર સુખનું કારણ છે. જન્મ–જરા–મરણના રોગને નિવારવા માટે આ સમ્યગ્જ્ઞાન પરમ અમૃત છે. સમ્યગ્જ્ઞાનરૂપી અમૃતવડે જન્મ–મરણનો નાશ કરીને જીવ અમરપદને પામે છે.

સમ્યગ્જ્ઞાન વગર કરોડો જન્મો તપ તપવાથી અજ્ઞાનીને જે કર્મો ઝરે છે તે કર્મો જ્ઞાનીને ત્રિગુપ્તિવડે એક ક્ષણમાં સહેજે ટળી જાય છે; સમ્યગ્જ્ઞાનના પ્રતાપે જ્ઞાનીને મન–વચન–કાયાથી ભિન્ન ચૈતન્યપરિણતિ સદાય વર્તે છે ને તેથી તેને સહેજે નિર્જરા થયા જ કરે છે,—એવી નિર્જરા અજ્ઞાનીને ઘણા તપ વડે પણ થતી નથી. અજ્ઞાની જીવ અનંતવાર મુનિવ્રત ધારણ કરીને નવમી ગ્રૈવેયક સુધી ઊપજ્યો, પરંતુ પોતાના આત્મજ્ઞાન વગર તે લેશમાત્ર સુખ ન પામ્યો. જુઓ તો ખરા ! અજ્ઞાનીના પંચમહાવ્રત પણ જરાય સુખનું કારણ ન થયા.–ક્યાંથી થાય ? એ તો શુભરાગ છે. રાગ તે કાંઈ સુખનું કારણ હોય ? રાગના ફળમાં તો બહારનો સંયોગ મળે ને અંદર આકુળતા થાય, પણ કાંઈ ચૈતન્યની શાંતિ રાગથી ન મળે; એ તો ચૈતન્યના જ્ઞાનથી જ મળે.

અંતરમાં રાગથી પાર આત્માના શુદ્ધ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું તે સમ્યગ્જ્ઞાન છે; ત્યાં બહારનું વિશેષ જાણપણું હો કે ન હો, શાસ્ત્રજ્ઞાન ઓછું હો કે વધારે, તેની સાથે સંબંધ નથી; આત્માને જાણનારું સમ્યગ્જ્ઞાન પોતે જ સુખનું કારણ છે. આત્માના અતીન્દ્રિયસુખના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવ સહિત જ સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું છે, ને તે પોતે જ પરમ સુખથી ભરેલું છે. આત્મામાં જ્ઞાનના પરિણમન સાથે સુખનું પરિણમન પણ ભેગું જ છે. સમ્યગ્જ્ઞાનની અંદર તો ચૈતન્યના અનંત ભાવો ભર્યા છે. અહા, સમ્યગ્જ્ઞાનની કિંમતની જગતને ખબર નથી. સમ્યગ્જ્ઞાન જેવું સુખકારી ત્રણકાળ ત્રણલોકમાં બીજું કોઈ નથી. પહેલાં સમ્યગ્દર્શનના પ્રકરણમાં કહ્યું હતું કે—

'**तीनलोक तिहुंकाल माहिं नहीं दर्शनसो सुखकारी**' અહીં સમ્યગ્જ્ઞાન માટે કહે છે કે—

'**ज्ञानसमान न आन जगतमें सुखको कारन**' જુઓ તો ખરા, સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનો પરમ મહિમા! તેને પરમ હિતરૂપ જાણીને હે ભવ્ય જીવો! તેની આરાધના કરો.

આત્માના સમ્યગ્જ્ઞાનમાં સર્વ સમાધાન ને પરમ સુખ છે; સંસારનાં બધા ઝેર ઉતારી નાંખનારું તે ઉત્કૃષ્ટ અમૃત છે. સુખ માટે બીજું કાંઈ શોધ મા! અંતર્મુખ થઈને તારા આત્માનું સમ્યગ્જ્ઞાન કર. આનંદની ઉત્પત્તિ તારા સમ્યગ્જ્ઞાનમાં છે; કુટુંબમાં-પૈસામાં-શરીરમાં ક્યાંય આનંદ મળે તેમ નથી. આત્માના સમ્યગ્જ્ઞાન વગર દેવલોકના દેવો પણ દુઃખી છે, ત્યાં બીજાની શી વાત? શુભરાગ, પુણ્ય અને તેનું ફળ એ બધુંય આત્માના જ્ઞાનથી જુદું છે; તે રાગમાં, પુણ્યમાં કે પુણ્યફળમાં ક્યાંય જે સુખ માને તેને સાચા જ્ઞાનની કે સાચા સુખની ખબર નથી, જ્ઞાનના ને સુખના બહાને તે અજ્ઞાનને તથા દુઃખને જ સેવે છે. બાપુ! સુખ અને જ્ઞાન તો તારો સ્વભાવ છે, તેને ઓળખ, તો જ સમ્યગ્જ્ઞાન અને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય. અતીન્દ્રિયજ્ઞાનમાં જે સુખ છે તેવું સુખ ઈન્દ્રપદમાં નથી, ચક્રવર્તીપદમાંય નથી, કે જગતમાં બીજે ક્યાંય નથી, એટલે કે જ્ઞાન સિવાય બીજે ક્યાંય સુખ છે જ નહીં. સમ્યગ્જ્ઞાનમાં વધારે સુખ, ને બીજે થોડુંક સુખ—એમ નથી; સમ્યગ્જ્ઞાનમાં સુખ છે, ને બીજે ક્યાંય નથી. એ અપેક્ષાએ કેવળી ભગવંતોને એકાંતસુખી કહ્યા છે.

અહો, સમ્યગ્જ્ઞાન તો પરમ અમૃત છે. 'અમૃત' એટલે મરણ વગરનું એવું મોક્ષપદ, તે સમ્યગ્જ્ઞાન વડે પમાય છે, માટે સમ્યગ્જ્ઞાન તે પરમ અમૃત છે; તે જન્મ-જરા-મરણના રોગને મટાડીને મોક્ષરૂપી અમરપદ દેનાર છે. બહારનું ભણતર કે દુનિયાદારીનું ડહાપણ જેમાં કામ આવતું નથી, આત્મામાંથી જ જે આવે છે-એવું આ સમ્યગ્જ્ઞાન પરમ અમૃત છે. આત્માનો સ્વભાવ અનાકુળ આનંદસ્વરૂપ અમૃત છે, તેમાં તન્મય થઈને તેને જાણનારું જ્ઞાન પણ આનંદરૂપ થયું છે તેથી તે પણ પરમ અમૃત છે. અને એવા સ્વરૂપને દેખાડનારી વાણીને પણ ઉપચારથી અમૃત કહેવાય છે—'વચનામૃત વીતરાગનાં...પરમ શાંતરસમૂળ.' આવી વીતરાગવાણી દ્વારા થતું આત્માનું સમ્યગ્જ્ઞાન, જીવના ભવરોગને મટાડનાર અમોઘ ઔષધ છે. શરીરમાં ભલે વૃદ્ધાવસ્થા હો કે બાળક અવસ્થા હો, નરકમાં હો કે સ્વર્ગમાં હો, રોગાદિ હો કે નીરોગતા હો, પણ આવું સમ્યગ્જ્ઞાન સર્વત્ર પરમ શાંતિ દેનાર છે.

આત્માનું જ્ઞાન છે તે આનંદસહિત છે; જેમાં આનંદ નહીં તે જ્ઞાન નહીં. જે દુઃખનું કારણ થાય તેને જ્ઞાન કોણ કહે?—એ તો અજ્ઞાન છે. જ્ઞાન તો ત્રણકાળ-ત્રણલોકમાં અપૂર્વ સુખનું જ કારણ થાય છે, તે પરમ અમૃત છે. આવું જ્ઞાન જ જન્મ-મરણથી છૂટીને મુક્તિસુખ પામવાનો ઉપાય છે; જ્ઞાન સિવાય બીજો ઉપાય નથી. જે જીવો પૂર્વે સિદ્ધ થયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, અત્યારે થાય છે ને ભવિષ્યમાં થશે તે બધાય જીવો ભેદજ્ઞાન વડે જ સિદ્ધ થયા છે, થાય છે ને થશે, એમ જાણો.—

સિદ્ધો થયા જે જીવ તે સૌ જાણજે ભેદજ્ઞાનથી;
બંધ્યા અરે જે જીવ તે સૌ ભેદજ્ઞાન-અભાવથી.

—આમ જાણીને હે જીવ! તું અતૂટ ધારાએ ભેદજ્ઞાનને ભાવ; રાગાદિથી ભિન્ન શુદ્ધ આત્માને જાણીને તેને જ નિરંતર ભાવ. ભેદજ્ઞાની જીવ સદાય આત્માના આનંદમાં કેલિ કરે છે. આત્માના આનંદમાં કેલિ કરતો-કરતો તે મુક્તિમાં જાય છે.

અહો, હું તો પરમ આનંદસ્વરૂપ છું, જગતથી જુદો ને મારાથી પરિપૂર્ણ છું, સિદ્ધભગવાન જેવું મારું ચૈતન્યપદ છે,-એમ જે જ્ઞાને આત્માની કિંમત કરી તે જ્ઞાનમાં અપૂર્વ જ્ઞાનકળા ઊઘડી; તેના વડે હવે તે શિવમાર્ગને સાધે છે ને શરીરમાં વાસ છૂટીને તે સિદ્ધપદને પામે છે. ભેદજ્ઞાનકળાવડે ધર્મી જીવ એમ અનુભવે છે કે 'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધસમાન સદા પદ મેરો.' પોતાના જ વેદનથી તે નિઃશંક જાણે છે કે 'જ્ઞાનકલા ઉપજી અબ મોહે....' મને જ્ઞાનકળા ઊપજી છે ને તેના પ્રસાદે હું મોક્ષમાર્ગને સાધી રહ્યો છું, અલ્પકાળમાં આ ભવથી છૂટીને હવે હું સિદ્ધપદને પામીશ.

—આવા આત્મજ્ઞાનનો અપાર મહિમા ને અપાર કિંમત ભાસવી જોઈએ. અરે, અનંત ચૈતન્યગુણોમાં વસનારો હું, આ માટીના ઘરમાં મમતા કરીને વસવું એ તે મને કેમ શોભે? દેહ હું નથી, હું તો દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા છું—એવું સમ્યગ્જ્ઞાન થતાં હવે જ્ઞાનકળા જાગી છે, તે જ્ઞાનકળાના પ્રસાદથી હવે આ માટીના ઘટમાંથી છૂટી જઈશું ને અશરીરી થઈ ને સિદ્ધાલયમાં રહેશું, ફરીને કદી આ શરીરમાં કે સંસારમાં આવશું નહીં. જુઓ, આ સમ્યગ્જ્ઞાનનો પ્રસાદ! આવા જ્ઞાનના પ્રસાદથી મુક્તિ પમાય છે. સમ્યગ્જ્ઞાનના પ્રતાપે હવે આ હાડ-માંસના માળખામાં રહેવાનું બંધ થઈ જશે, ને આનંદમય મોક્ષમહેલમાં સદા રહેશું. આ રીતે સમ્યગ્જ્ઞાનના અમૃત વડે જન્મ-મરણનો રોગ મટે છે ને પરમસુખ થાય છે. જગતમાં જીવને જ્ઞાનસમાન સુખનું કારણ બીજું કોઈ નથી.—આમ સમ્યગ્જ્ઞાનનો મહિમા જાણીને તેની આરાધના કરો.

સમ્યગ્દર્શન સાથે જ સમ્યગ્જ્ઞાન થાય છે; ને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ સાચું ચારિત્ર થાય છે. તેમાં સમ્યગ્દર્શન તો પરથી ભિન્ન શુદ્ધ આત્માની શ્રદ્ધારૂપ છે; અને પરથી ભિન્ન નિજસ્વરૂપનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાનકળા છે. જ્યારે આત્માને શરીરાદિથી ભિન્ન તથા રાગાદિ પરભાવોથી ભિન્ન નિજસ્વરૂપે અનુભવમાં લીધો ત્યારે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન એકસાથે પ્રગટ થયા. દેહથી ભિન્ન આત્મા જેણે ન જાણ્યો, ને દેહમાં જ પોતાપણું માનીને રોકાઈ ગયો તેને આત્માનું સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન થતું નથી. શરીરથી જુદો આત્મ ન જાણ્યો તો તે શરીરરહિત એવું સિદ્ધપદ ક્યાંથી પામશે? તે ગમે તેટલાં વ્રત-તપ કરે તોપણ મોક્ષને પામતો નથી. તે અજ્ઞાનીને સમ્યગ્જ્ઞાન વગર કરોડો જન્મોમાં તપ કરવાથી જેટલાં કર્મો ખરે છે, તેટલાં કર્મો (-તેનાથી પણ વધુ કર્મો) જ્ઞાનીને શુદ્ધજ્ઞાનના બળે એક ક્ષણમાં ટળી જાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. તેણે રાગાદિ બંધભાવોથી પોતાના આત્માને જુદો જાણ્યો છે, અને તે મોક્ષમાર્ગી થયો છે; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના પ્રભાવે તેને અનંતા કર્મોની નિર્જરા થયા જ કરે છે.

સમ્યગ્જ્ઞાન જ આત્માને સુખનું કારણ છે. સમ્યગ્જ્ઞાન કહેતાં તેની સાથેનું ચારિત્ર પણ સુખનું કારણ છે—એમ સમજી લેવું; ને જ્ઞાન વગરનું કોઈ પણ આચરણ જીવને સુખનું કારણ થતું નથી-એમ જાણવું. તે સમ્યગ્જ્ઞાનમાં મતિ-શ્રુત વગેરે પાંચ પ્રકાર છે; તેમાંથી અવધિ-મનઃપર્યય તો હોય કે ન હોય; ખરું કામ તો સ્વસન્મુખ મતિ-શ્રુતજ્ઞાનવડે થાય છે. પરલક્ષ છોડીને, શુભવિકલ્પથી પણ છૂટું પડીને, જ્ઞાનસ્વરૂપ આત્માને પોતાને સ્વજ્ઞેય બનાવીને જાણે, તે સમ્યક્ મતિ-શ્રુત છે, તે અતીન્દ્રિય આનંદસહિત છે, સ્વાનુભવમાં પ્રત્યક્ષ છે, ને તે મોક્ષના સાધક છે. હે ભાઈ! જ્ઞાનના અંતરઅભ્યાસવડે તું આવા આત્માને અનુભવમાં લે. ( **आपो लख लीजे** ) ભગવાને કહેલા તત્ત્વોનો અંતરમાં અભ્યાસ કરીને, સંદેહરહિત થઈને પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને જાણ! કેમકે ફરીફરી ચિંતામણિસમાન આવો અમૂલ્ય અવસર મળવો મોંઘો છે, -એમ હવેની ગાથામાં કહેશે.

જ્ઞાનસ્વરૂપ પોતાના આત્માના ચૈતન્યસ્વાદને રાગથી તદ્દન જુદો જાણવો તે જ સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનનો ઉપાય છે. આવા જ્ઞાન સિવાય બીજું કોઈ સુખનું કારણ નથી. સુખ શરીરમાં તો નથી, શુભરાગમાં પણ નથી, ને તેનાથી પુણ્ય બાંધીને તેનું જે ફળ મળે તેમાં પણ સુખ નથી. ભાઈ, એ બહારની વસ્તુ તારી નથી. તે તારામાં ઘૂસી ગઈ નથી. તે તારાથી પર હોવા છતાં તું તેમાં મમતા કરીને આકુળતા કરે છે તે દુઃખ છે. તારો આત્મા તો મમતાથી પણ જુદો જ્ઞાનસ્વરૂપ છે,-એવા જ્ઞાનસ્વરૂપ આત્મામાં વળીને આત્માનું જ્ઞાન કર. ભાઈ! તેં તારી સંભાળ ન કરી, પોતાને ભૂલીને અજ્ઞાનથી રાગમાં ને શરીરમાં ધર્મ માનીને અનંતવાર તેં વ્રત-તપ કર્યાં, મોટામોટા શાસ્ત્રો પણ ભણ્યો, પણ પોતાનો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યભગવાન આત્મા અંદર રાગથી પાર કેવો છે—તેને જાણ્યો નહીં તેથી તું જરાય સુખ ન પામ્યો, વ્રતાદિનો શુભરાગ કરીને પણ તું દુઃખી જ રહ્યો. માટે તે રાગથી જુદો બીજો કોઈ સુખનો ઉપાય શોધ. તે ઉપાય સમ્યગ્જ્ઞાન છે. શુભરાગ તે કાંઈ અમૃત નથી, તેમાં સુખ નથી; અમૃત અને સુખ તો આત્માનું જ્ઞાન કરવું તે છે. તેથી કહ્યું કે—

જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારન,
યહી પરમામૃત જન્મ-જરા-મૃત રોગ નિવારન.

અંતરમાં રાગથી પાર આત્માનું જ્ઞાન કરવું તે જ અતીન્દ્રિય આનંદ દેનારું અમૃત છે. ચોથા ગુણસ્થાને જ્યાં આવું સમ્યગ્જ્ઞાન થયું ત્યાં કેવળજ્ઞાનની પ્રતીત પણ ભેગી આવી ગઈ, કેમકે પૂર્ણ જ્ઞાનસ્વભાવના સ્વીકારપૂર્વક સમ્યગ્જ્ઞાન થયું છે. અહો! અચિંત્ય સામર્થ્યવાળા કેવળજ્ઞાનની પ્રતીત તો રાગ અને જ્ઞાનના ભેદજ્ઞાનવડે જ થાય છે. જ્ઞાનસ્વભાવમાં પ્રતીત ઘૂસી ગઈ ત્યારે કેવળજ્ઞાનનો સાચો સ્વીકાર થયો; તેની પરિણતિ રાગથી છૂટી પડીને જ્ઞાનસ્વભાવમાં તન્મય થઈ; તેમાં હવે રાગનું કે પરનું કર્તૃત્વ રહ્યું નહીં. રાગ વગરના કેવળજ્ઞાનની પ્રતીત કરે અને રાગાદિનું કર્તૃત્વ પણ રહે—એમ બને નહીં. કેવળજ્ઞાનની પ્રતીત કરનાર જ્ઞાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો અનંતી ધીરજ ને વીતરાગતા થઈ ગઈ, તે જ્ઞાનમાં કોઈ પરભાવનું કર્તૃત્વ ન રહ્યું. સર્વે પરભાવોથી છૂટો હું તો જ્ઞાન છું–એવા ભેદજ્ઞાનવડે જ્ઞાની જીવ વીર થયો, તે પોતે તો હવે જ્ઞાતા થઈને સમ્યક્ જ્ઞાનરૂપે જ પરિણમે છે, રાગને આધીન થતો નથી, રાગથી તેનું જ્ઞાન દબાતું નથી, છૂટું જ રહે છે. આવા જ્ઞાનસિવાય જગતમાં સુખ નથી. અરે, જે જ્ઞાને મહાન અતીન્દ્રિય કેવળજ્ઞાનને પ્રતીતમાં લીધું તે જ્ઞાન પણ કેટલી અદ્ભુત તાકાતવાળું છે! તેમાં કેટલી શાંતિ! કેવળજ્ઞાનને પ્રતીતમાં લઈને આવી અપૂર્વ જ્ઞાનદશા પ્રગટે ત્યારે તો 'નમો અરિહંતાણં' સાચું કર્યું કહેવાય; તે જીવ ખરો જૈન થઈને જિનના માર્ગે ચાલ્યો.

કેવળજ્ઞાન તે પૂરું જ્ઞાન છે, મતિ–શ્રુતજ્ઞાન તે જ્ઞાનનો અવયવ છે,–ભલે અધૂરું પણ છે તો જ્ઞાનની જ જાત, એટલે તે પણ કેવળજ્ઞાનની જાતનું જ છે. એક જ પિતાના બે પુત્રોની જેમ કેવળજ્ઞાન અને મતિજ્ઞાન બંને જ્ઞાનની જ જાત છે, એક જ્ઞાનનું જ પરિણમન છે. જેમ કેવળજ્ઞાનમાં રાગનું કર્તૃત્વ નથી, તેમ સમ્યગ્દષ્ટિના મતિ–શ્રુતજ્ઞાનમાં પણ જ્ઞાનથી ભિન્ન રાગાદિનું કર્તૃત્વ નથી; જ્ઞાનસ્વભાવમાં જ તન્મય પરિણમતું તેનું જ્ઞાન પણ કેવળ-જ્ઞાનની જેમ જ રાગનું ને પરનું જ્ઞાતા છે, તેનાથી જુદું રહીને તેને જાણે છે. આવું મતિ–શ્રુતજ્ઞાન અતીન્દ્રિય સુખને સાથે લેતું પ્રગટે છે; ને પછી તે વધતાં–વધતાં કેવળજ્ઞાનમાં પૂર્ણ સુખ પ્રગટે છે, તે સૌથી મહાન સર્વોત્કૃષ્ટ સુખ છે. અહો, એ જ્ઞાન અને એ સુખના મહિમાની શી વાત? કેવળજ્ઞાનમાં એવું અચિંત્ય સામર્થ્ય છે કે અનંત એવા આકાશને પણ તે અનંત તરીકે જાણી લ્યે છે; એક સાથે ત્રણકાળ ત્રણલોકને જાણે છતાં ક્યાંય વિકલ્પ કરતું નથી, પોતાના વીતરાગી ચૈતન્યરસમાં જ લીન રહે છે. જ્ઞાનના આવા સ્વાદનો નિર્ણય સમ્યગ્દષ્ટિને જ થાય છે. દરેક જીવમાં આવો જ્ઞાનસ્વભાવ છે તેની પ્રતીતિ કરીને, હે જીવો! તેનું સેવન કરો.

મતિ–શ્રુતજ્ઞાની સમ્યગ્દષ્ટિ જાણે છે કે અમે પણ સર્વજ્ઞપદને સાધનારા સર્વજ્ઞદેવના પુત્ર છીએ. ગણધરો–મુનિવરો તે મોટા પુત્રો છે, ને અમે અવિરત–સમકિતી નાના પુત્ર છીએ, નાના પણ સર્વજ્ઞના પુત્ર છીએ, એટલે રાગથી જુદા પડ્યા છીએ; જ્ઞાન અને રાગની ભિન્નતાના ભેદજ્ઞાન વડે રાગ સાથેનું સગપણ તોડીને સર્વજ્ઞપદ સાથે સગપણ બાંધ્યું છે–તેથી અમારું ચિત્ત પરમ શાંત થયું છે. ને ગણધરાદિની જેમ અમે પણ પ્રભુના મોક્ષમાર્ગમાં આનંદથી ચાલી રહ્યા છીએ.

ગૌતમગણધરને **सर्वज्ञपुत्र** કહ્યા છે. પં. બનારસીદાસજીએ પણ સમ્યગ્દષ્ટિને '**जिनेश्वरके लघुनंदन**' કહ્યા છે. મુનિઓ તે બડા પુત્ર છે ને સમ્યગ્દષ્ટિ–ચોથાગુણસ્થાની તે છોટા પુત્ર છે,–ભલે નાના....પણ છે સર્વજ્ઞના પુત્ર, સર્વજ્ઞની જાતના. જેમ નાનું પણ સિંહનું બચ્ચું–તે મોટા હાથીનેય ભગાડે, તેમ સમ્યગ્દષ્ટિ ભલે નાનો પણ સર્વજ્ઞનો પુત્ર, તેનું જ્ઞાન ભલે થોડું પણ સર્વજ્ઞની જાતનું સમ્યગ્જ્ઞાન, તે સર્વે મોહરૂપી હાથીને ભગાડી મુકે ને મોક્ષને સાધે–એવી તાકાતવાળું છે; રાગાદિ વિકલ્પોને પોતાના જ્ઞાનથી તે ભિન્ન જાણે છે. જડની ક્રિયા હું નહિ, રાગ હું નહિ, હું તો જ્ઞાન છું; પર પાસેથી મારી પરિણતિ લેવી નથી ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરની પરિણતિને હું કરતો નથી. મારા જ્ઞાનને અને રાગને જ્ઞાતા-જ્ઞેયપણું છે પણ કર્તા-કર્મપણું નથી, એકપણું નથી, જુદાપણું છે;—આવા ભેદજ્ઞાનથી જે જ્ઞાની થયા તેણે પોતાના ચૈતન્યના અમૃતનો સ્વાદ ચાખ્યો, ત્યાં હવે ઝેર જેવા વિષયોનો રસ તેને રહે નહીં. જેમ પં. બનારસીદાસજી પહેલાં અજ્ઞાનદશામાં વિષયવિલાસી હતા, પણ જ્યાં અંતરમાં આત્માનું ભાન થયું, સત્ય સ્વરૂપ સમજાયું અને આત્માના જ્ઞાનનું વીતરાગીસુખ ચાખ્યું ત્યાં વિષયોથી વિરક્ત થઈ ગયા; પછી તેઓ કહે છે કે —

જ્ઞાનકલા ઊપજી અબ મોહિ, કહું ગુણ-નાટક આતમ કેરો,
જાસુ પ્રસાદ સધે શિવમારગ, વેગી મિટે ઘટવાસ બસેરો.

આત્મા સિદ્ધ સમાન હોવા છતાં અજ્ઞાનથી મોહદશામાં અનંતકાળ વીત્યો, પણ હવે અમને સમ્યગ્જ્ઞાનકળા પ્રગટી છે તેથી અમે આત્માના આનંદનો અનુભવ કરતા-કરતા શિવ-માર્ગમાં જઈ રહ્યા છીએ. જુઓ, આ સમ્યગ્દૃષ્ટિની નિઃશંકતા! જેને સમ્યગ્દર્શન થયું તે તો સર્વજ્ઞ-પરમાત્માનો વારસદાર થયો, તે જગતમાં પ્રશંસનીય છે. સમ્યગ્જ્ઞાન,-પછી તે કેવળજ્ઞાન હો કે મતિશ્રુતજ્ઞાન હો, તે આત્માના સુખનું દાતાર છે. સમ્યગ્જ્ઞાન સાથે હંમેશાં ચૈતન્યનું અતીન્દ્રિયસુખ હોય છે; તેના જેવું સુખ જગતમાં બીજું કોઈ નથી. જેણે આવું સમ્યગ્જ્ઞાન કર્યું તેને જન્મ-મરણના નાશનો ઉપાય હાથ લાગ્યો છે. સમ્યગ્જ્ઞાન વગરના જીવો ગમે તેવી શુભક્રિયાઓ કરે તોપણ જન્મ-મરણનો નાશ કરી શકતા નથી. માટે હે જીવો! જન્મ-મરણનો નાશ કરવા તમે સમ્યગ્જ્ઞાનનું સેવન કરો.

અરે, સમ્યગ્જ્ઞાન વગરના સ્વર્ગના દેવો પણ દુઃખી જ છે, ચૈતન્યના સુખનો છાંટોય ત્યાં નથી. જેને આત્મજ્ઞાન નથી તે જીવ ત્યાગી થઈને તપ તપે ને સ્વર્ગમાં જાય તોપણ લેશમાત્ર સુખ ન પામે. તપમાં પણ તે 'તપે' છે, ચૈતન્યની શાંતિમાં ઠરતો નથી પણ પરભાવમાં તપે છે-બળે છે; ચૈતન્યના પ્રતપનરૂપ સાચા તપમાં તો પરમ શાંતિનું વેદન હોય છે; અતીન્દ્રિય શાંતિના બરફમાં આત્મા એવો ઠરે કે બહારનું લક્ષ પણ ન રહે, એ સાચો તપ છે. તેનું તો જેને ભાન નથી, એવા અજ્ઞાની જીવને અજ્ઞાનસહિતની વ્રત-તપ વગેરે શુભક્રિયાઓમાં જે કર્મ ખપે છે તે કર્મ જ્ઞાનીને તો સહજ માત્રમાં ખપી જાય છે. ત્રિગુપ્તિ એટલે મન-વચન-કાયાથી ભિન્ન એવી જ્ઞાનપરિણતિ, તેને લીધે જ્ઞાનીને કર્મોની નિર્જરા થયા જ કરે છે-એમ જાણવું. કર્મ વગરની મારી ચૈતન્યવસ્તુ છે, તેનો જેને ખ્યાલ પણ નથી તેને કર્મોની વાસ્તવિક નિર્જરા થતી નથી. નવા બંધપૂર્વકની નિર્જરાને સાચી નિર્જરા કહેવાય નહિ; સંવરપૂર્વકની નિર્જરા તે જ સાચી નિર્જરા છે, તે જ્ઞાનીને જ હોય છે

મનુષ્ય થઈને જૈનકુળમાં જન્મ્યો હોય, એક કરોડ પૂર્વનું આયુષ્ય હોય (૭૦૫૬૦૦૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ આટલા વર્ષનું આયુ હોય), ને આઠ વર્ષની વયે આત્માના જ્ઞાન વગર મુનિદીક્ષા લઈને આખી જિંદગી સુધી દ્રવ્યમુનિપણે પંચમહાવ્રત ચોખ્ખા પાળે, તપ કરે, છ-છ મહિના ઉપવાસ કર્યા કરે,-એ પ્રમાણે શુભરાગની ક્રિયાઓ બરાબર કરે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( અને તે પણ માત્ર એકવાર નહિ પણ સંસારમાં ભમતાં-ભમતાં કરોડો ભવમાં એ પ્રમાણે કરે ) અને તેનાથી તેને જે કંઈક કર્મો ખરે ( -મિથ્યાત્વાદિ નવા કર્મોના બંધનસહિત જૂનાં કર્મો ખરે ) તેના કરતાં જ્ઞાનીને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને લીધે એક ઉશ્વાસમાત્રમાં અનંતગુણા કર્મો ખરી જાય છે, ને મિથ્યાત્વાદિ નવા કર્મો તો તેને બંધાતા જ નથી. અજ્ઞાની મહાવ્રતી હોય છતાં તેને મિથ્યાત્વકર્મ તો બંધાયા જ કરે છે; ત્યારે જ્ઞાની અવ્રતી હોય છતાં તેને મિથ્યાત્વાદિ કર્મો તો બંધાતા જ નથી, અને અજ્ઞાની કરતાં તે જ્ઞાનીને વધુ કર્મો ખરી જાય છે.

જ્ઞાનીને સમસ્ત રાગથી જુદી પડેલી જ્ઞાનચેતના અંતરમાં વળી ત્યાં અનંતા કર્મો ખરી જાય છે. અરે, જ્ઞાનચેતનાના અપાર મહિમાની જગતને ખબર નથી. જ્ઞાનચેતના અનાદિના સંસારને એક ક્ષણમાં કટ કરી નાંખે છે ને અલ્પકાળમાં અનંતકાળના મોક્ષસુખને આપે છે. અજ્ઞાનભાવથી જીવ કરોડો-કરોડો વર્ષ શુભક્રિયામાં મથે તોપણ તેને ભવકટી થાય નહિ, ને આત્માના સાચા સુખનો અંશ પણ પ્રગટે નહિ. અજ્ઞાની જીવ આ પ્રમાણે અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો તોપણ, શાસ્ત્ર કહે છે કે આત્મજ્ઞાન વગર તે લેશમાત્ર સુખ ન પામ્યો. એટલે મહાવ્રતાદિ શુભક્રિયા કરીને પણ અજ્ઞાનને લીધે તે એકલું દુઃખ જ પામ્યો, તેને કાંઈ ધર્મ ન થયો. અરે, અજ્ઞાનમાં તો સુખ કે ધર્મ કયાંથી હોય? જેને શુદ્ધસ્વભાવનો અનુભવ છે એવા જ્ઞાનીને વિકલ્પથી પાર થઈને જ્ઞાનસ્વરૂપમાં એક ક્ષણ પણ જ્ઞાન એકાગ્ર થાય ત્યાં અનંતા કર્મો છૂટી જાય છે, ને તે જ્ઞાનમાં ચૈતન્યના અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે. નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગરૂપ થઈને જ્ઞાન જ્યારે અતીન્દ્રિય આનંદના સ્વાનુભવમાં ઠર્યું ત્યારની તો શી વાત! તે સિવાયના કાળમાં પણ જ્ઞાનીને સુગમતાથી ઘણાં કર્મો ઝર્યા જ કરે છે. અજ્ઞાનીને કષ્ટ સહેવા છતાં મોક્ષના કારણરૂપ નિર્જરા થતી નથી ને જ્ઞાનીને કષ્ટ વગર સહજપણે કર્મો છૂટી જાય છે. અરે, મોક્ષના સાધનરૂપ નિર્જરામાં તે કાંઈ કષ્ટનું વેદન હોય કે આનંદનું વેદન હોય? તપમાં કષ્ટ નથી, આનંદ છે. કષ્ટ લાગે તેમાં તો આર્ત્તધ્યાન છે. ધર્મધ્યાનમાં તો આનંદ હોય, શાંતિ હોય. આવી શાંતિના વેદન વડે જ્ઞાનીને ક્ષણમાં અનંતા કર્મો નષ્ટ થઈ જાય છે.

અરે, જ્ઞાનની કિંમતની જગતને ખબર નથી. રાગથી જુદું પરિણમેલું સમ્યગ્જ્ઞાન અચિંત્ય તાકાતવાળું છે, પરમ શાંતિવાળું છે. ભગવાન! તું જાગ. તારા જ્ઞાનની જાગૃતદશા કર. એના વગરના શુભરાગથી તને કાંઈ લાભ થવાનો નથી. જ્યાં સમ્યગ્દર્શન નથી, જ્યાં આત્માનો આનંદ નથી, એવા અજ્ઞાનસહિત મહાવ્રત જીવોએ અનંતવાર ધારણ કર્યા ને નવમી ગ્રૈવેયક સુધી ગયો,—ત્યાં જઈને કેટલું સુખ પામ્યો? -જરા પણ ન પામ્યો. રાગના ફળમાં સુખ કયાંથી મળે? સુખ તો ચેતનવસ્તુમાં છે. ચેતનવસ્તુના શ્રદ્ધા-જ્ઞાન વગર તેનું સુખ કયાંથી મળે? બાપુ! ચૈતન્યનો અનુભવ રાગથી પાર છે, ચૈતન્યનું સુખ રાગથી પાર છે, ચૈતન્યનો ધર્મ રાગથી પાર છે. અજ્ઞાનીએ મહાવ્રત કર્યાં, દાન-પૂજાદિ કર્યાં, પણ તે તો વિકલ્પ છે, રાગ છે, તે કાંઇ ચેતનના સ્વભાવની જાત નથી, ભિન્ન જાત છે એટલે કે કજાત છે. જુઓ, સંતો સત્ય વસ્તુને જાહેર કરે છે કે હે ભાઈ! પુણ્યના રાગથીયે પાર એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માના જ્ઞાન વગર તેં મહાવ્રત અનંતવાર કરવા છતાં સુખનો છાંટોય તને ન મળ્યો;—કેમકે રાગથી પાર જ્ઞાનને તેં જરાય ન સેવ્યું. દુઃખના કારણરૂપ રાગને જ તેં સેવ્યો પણ સુખના કારણરૂપ જ્ઞાનને તેં ન સેવ્યું. જ્ઞાનસ્વરૂપ આત્મા,-જેમાં રાગની ક્રિયા જ નથી, તેને તેં જાણ્યો નહીં, ને રાગના સેવનમાં હિત માનીને સંતોષાઈ ગયો, તેથી તારો અનંતકાળ સુખ વગર વીતી ગયો. પણ હવે આવો અવસર પામીને તું ચેત...ચેત! તારા આત્મામાં વળીને આત્માનું જ્ઞાન કર. એવા જ્ઞાનથી તને અપૂર્વ સુખનો અનુભવ થશે.

જ્યાં રાગ-વિકલ્પનું કર્તૃત્વ છે ત્યાં સંસાર છે. દેહની ક્રિયાનો કે વિકલ્પનો કર્તા હું નહીં, વિકલ્પથી પાર સમ્યગ્જ્ઞાનજ્યોત આનંદસ્વરૂપ હું છું-એવી વસ્તુના અનુભવ અને શ્રદ્ધા-જ્ઞાન વગર કાંઈ હાથ આવે તેમ નથી. આત્મજ્ઞાન વગરનો જીવ વ્રતાદિ કરીને સ્વર્ગમાં ગયો પણ તેને જન્મ-મરણમાં પરિભ્રમણ તો ઊભું જ રહ્યું, જન્મ-મરણનો અંત ન આવ્યો, કે સુખનો છાંટોય ન મળ્યો. ને સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની-ધર્માત્મા અવ્રતી ગૃહસ્થ હોય, તેને કુટુંબ-પરિવાર હોય, રાગ હોય, ત્યાગી ન હોય, છતાં અંતરમાં રાગથી પાર ચૈતન્યતત્ત્વ હું છું—એવા જ્ઞાન અને અનુભવના બળે તે કર્મને તોડતો જાય છે; તે ભેદજ્ઞાનના બળે અલ્પકાળમાં ચારિત્રદશા પ્રગટ કરી, મુનિ થઈ, રાગને સર્વથા તોડીને મુક્તિ પામશે. જુઓ તો ખરા, આ સમ્યગ્જ્ઞાનનો મહિમા! જ્ઞાન તો મહાન અમૃત છે; તેના જેવું સુખ જગતના કોઈ વિષયોમાં નથી, શુભરાગમાંય નથી. આવું જ્ઞાન જ જન્મ-મરણના રોગનો નાશ કરવા માટે પરમ ઔષધ છે.

દેવલોકમાં ૧૬ સ્વર્ગથી ઉપર નવ ગ્રૈવેયકનાં દેવ-સ્થાનો છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ પણ સાધુ થઈને અનંતવાર ગયો; જો કે નવ ગ્રૈવેયકમાં કાંઈ બધા જીવો મિથ્યાદૃષ્ટિ નથી, ત્યાં સમ્યગ્દૃષ્ટિ ઘણા છે ને મિથ્યાદૃષ્ટિ તો થોડા છે. મહાવ્રત વગરનો જીવ ત્યાં જાય નહિ. આવા દેવલોકમાં અજ્ઞાની જીવ દ્રવ્યસાધુ થઈને મહાવ્રત પાળીને ગયો, પણ અંદર રાગથી ને પુણ્યથી જુદો પોતાનો આત્મા કેવો છે તે જાણ્યું નહિ. ૧૧ અંગ ૯ પૂર્વ સુધીનું શાસ્ત્રજ્ઞાન કર્યું પણ આત્મજ્ઞાન ન કર્યું, તેથી તે જરાય સુખ ન પામ્યો. દેવલોકમાં અસંખ્યવર્ષ રહ્યો પણ સુખ જરાય ન પામ્યો. હા, કોઈ જીવ ત્યાં આત્મજ્ઞાન પ્રગટ કરે ને સુખ પામે-તે જુદી વાત છે. પણ એ તો આત્મજ્ઞાનને લીધે સુખ પામ્યો છે, કાંઈ શુભરાગને લીધે નહીં. આત્મા પોતે સુખ છે તેમાં પરિણામ ન જોડે તો શાસ્ત્રનું જાણપણું કે વ્રતાદિ શુભરાગ શું કરે? ભાઈ, સુખસમુદ્ર એવા તારા આત્મામાં ઉપયોગને જોડતાં તને અપૂર્વ શાંતિ વેદાય,-એવા જ્ઞાનને આત્મજ્ઞાન કહેવાય છે, ને તે જ સુખનું કારણ છે.

મહાવ્રત પાળીને ગ્રૈવેયકમાં જવા છતાં જીવ લેશ પણ સુખ ન પામ્યો,—તે કાંઈ એકલા અભવ્યની વાત નથી, અભવ્યની જેમ ભવ્યજીવો પણ અજ્ઞાનીપણે દ્રવ્યસાધુ થઈ મહાવ્રત પાળી અનંતવાર ગ્રૈવેયકમાં ગયા છે, પણ આત્મજ્ઞાન વગર લેશમાત્ર સુખ પામ્યા નથી. શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે કે—

યમ-નિયમ-સંયમ આપ કિયો,
પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો;

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો.
સબ શાસ્ત્રનકે નય ધારી હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ ક્યોં ન વિચારત હૈ મનસેં,
કછું ઔર રહા ઉન સાધનસેં.

હે ભાઈ, શુભરાગની જે વાત અનંતવાર કરવા છતાં તારા હાથમાં જરાય સુખ ન આવ્યું, તારા ભવનો છેડો ન આવ્યો, તો તું વિચાર કર કે એનાથી પાર બીજું કંઈક સાધન બાકી રહી ગયું છે.–તે સાધન એટલે આત્મજ્ઞાન; તે અહીં બતાવે છે.

આગમમાં ભગવાને પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. કારણ કે જે પરમાર્થજ્ઞાનથી રહિત છે એવા અજ્ઞાનીના વ્રત–તપને 'બાળવ્રત ને બાળતપ' કહ્યાં છે એટલે કે તે મોક્ષનું કારણ નથી એમ કહ્યું છે. અજ્ઞાનીનાં મહાવ્રતને તો 'બાલવ્રત' કહ્યાં છે; એવાં બાલવ્રત એટલે અજ્ઞાનવ્રત તે મોક્ષનું કારણ કેમ થાય?

કોઈ કહે : અજ્ઞાનીનાં વ્રત મોક્ષનું કારણ ન થાય–એ તો ઠીક પણ જ્ઞાનીનાં વ્રત તો મોક્ષનું કારણ થાય ને?

તેનો ઉત્તર :–ના; જ્ઞાનીને જે મોક્ષનું કારણ છે, તે તો તેનું જ્ઞાનપરિણમન મોક્ષનું કારણ છે, તેનેય કાંઈ વ્રતાદિનો શુભરાગ મોક્ષનું કારણ થતો નથી. રાગ તો બંધનું જ કારણ છે; રાગ વખતે તે રાગથી જુદું પરિણમતું જે શુદ્ધજ્ઞાન (એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર) તે જ મોક્ષનું કારણ છે એમ જાણવું. આ બાબતમાં કુંદકુંદસ્વામી કહે છે કે—

વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,
પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહિ કરે.

અંતરમાં જેને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી એટલે જે અજ્ઞાનરૂપ જ વર્તે છે, એવો જીવ વ્રત–તપ વગેરે શુભકર્મ કરવા છતાં મોક્ષને પામતો નથી, માટે શુભકર્મ તે મોક્ષનું કારણ નથી. અને શુદ્ધાત્માના અનુભવથી જ્ઞાનરૂપ થયેલા જ્ઞાની, વ્રતાદિ શુભકર્મ ન હોવા છતાં જ્ઞાનપરિણમન વડે મોક્ષને પામે છે, માટે જ્ઞાન જ મોક્ષનું કારણ છે. જ્ઞાનપરિણમનમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે સમાઈ જાય છે, પણ તેમાં વ્રતાદિનો શુભરાગ સમાતો નથી, તે તો જ્ઞાનથી જુદો છે. આવા જ્ઞાનમય મોક્ષકારણને જેઓ નથી જાણતા તેઓ અજ્ઞાનથી પુણ્યને મોક્ષનું કારણ માને છે, એટલે તેઓ રાગને જ સેવે છે પણ જ્ઞાનને નથી સેવતા. ભાઈ, રાગનું સેવન તો સંસારનું જ કારણ છે, તેને તું મોક્ષનું સાધન માને છે તે અજ્ઞાન છે. એવું સાધન તો તેં અનંતવાર કર્યું છતાં મોક્ષ કેમ ન પામ્યો? મોક્ષનું ખરું સાધન આત્માનું સમ્યગ્જ્ઞાન છે,–એમ સમજીને તે જ્ઞાનને સેવો. જ્ઞાનચેતનારૂપ ધર્મ તે જ ભૂતાર્થધર્મ છે, તે જ કર્મથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છૂટવાનું કારણ છે. શુભકર્મરૂપ કર્મચેતના તે તો કર્મબંધનનું ને સંસારભોગનું કારણ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી. અરે ભાઈ! મોક્ષના સાચા માર્ગને તો તું જાણ! તારા સુખના સાચા ઉપાયને તો ઓળખ.

શાસ્ત્રભણતર ભણવા છતાં ને પંચમહાવ્રતાદિ પાળવા છતાં અજ્ઞાની જીવ શુદ્ધાત્માના જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે, જ્ઞાનમાં ને શ્રદ્ધામાં તો તેને મીંડું છે તો ચારિત્રરૂપ ઝાડ શેમાંથી ઊગશે? ચારિત્રનું મૂળ તો શુદ્ધાત્માના જ્ઞાન-શ્રદ્ધા જ છે, તે તો અજ્ઞાનીને નથી. અરે, જ્યાં જ્ઞાનનો અનુભવ નથી ને રાગરૂપ પરિણામ જ વર્તે છે ત્યાં શાસ્ત્રભણતર કે વ્રત-મહાવ્રતથી પણ જીવને શું લાભ? તેમાં જ્ઞાનચેતનારૂપ આત્મા તો ન આવ્યો. અને આત્માના જ્ઞાન-શ્રદ્ધા-અનુભવ વગર સુખ ક્યાંથી હોય? ભાઈ, તું જ્ઞાનની કિંમત કરીને આત્માને જાણ; રાગથી જુદો પડી જ્ઞાનચેતનારૂપ થઈને આત્માનો સ્વાદ લે. રાગનો તો અનંતકાળથી તેં અનુભવ કર્યો પણ હવે રાગથી પાર ચૈતન્યનો તો સ્વાદ લે, એકવાર તો આ મધુર ચૈતન્યનો સ્વાદ ચાખી જો! તો તને વીતરાગવિજ્ઞાનરૂપ સાચું સુખ થશે....એવું કોઈ અપૂર્વ સુખ થશે કે રાગમાં તેં કદી અનુભવ્યું ન હોય. અંતરમાં રાગથી પાર ચૈતન્યસુખનો સ્વાદ કેવો છે તેના અનુભવનો વારંવાર અભ્યાસ કરવો જોઈએ; આત્માની ખરેખરી લગનથી એનો અભ્યાસ કરતાં અંદર જરૂર અનુભવ થાય છે...ને ભવઃદુખનો અંત આવે છે.

જે અજ્ઞાની ૧૧ અંગ ભણ્યો તેના પંચમહાવ્રત ચોકખા હતા, તેના માનેલા દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણે સાચા હતા; તેને કુદેવ-કુગુરુ-કુમાર્ગની માન્યતા સ્વપ્નેય ન હોય; જૈનમાર્ગ સિવાય બીજા માર્ગને તે સ્વપ્નેય ન માને; કુદેવાદિને માને તેને તો કાંઈ ૧૧ અંગનું જાણપણું હોય નહીં, જૈનમાર્ગના વ્યવહારમાં આવ્યો પણ અંદર આત્મા તરફ જ્ઞાનને વાળીને આત્માને ન જાણ્યો, તો તે અજ્ઞાની જ રહ્યો, પરમાર્થથી બહાર જ રહ્યો એટલે મોક્ષના માર્ગમાં ન આવ્યો. તે શાસ્ત્રોને ભણ્યો પણ તેણે નિજાત્માને ન જાણ્યો, તેથી તે જરાય સુખ ન પામ્યો; તેથી તેનું શાસ્ત્રભણતર પણ ખરેખર નિષ્ફળ ગયું. શાસ્ત્ર ભણવાનું ખરું ફળ તો એ હતું કે જ્ઞાનમય શુદ્ધઆત્માને જાણીને આનંદનું વેદન થાય.-એ ફળ તો તેને આવ્યું નહીં. અરે, પોતાની દૃષ્ટિ પોતે ન બદલાવે ત્યાં શાસ્ત્ર પણ શું કરે? અતીન્દ્રિય આનંદ આત્મામાં છે, તેની સન્મુખતા વગરનો જીવ સુખ જરાય ન પામ્યો એટલે એકલું દુઃખ જ પામ્યો. પંચમહાવ્રતાદિ પુણ્ય કરીને પણ શું દુઃખ જ પામ્યો?-હા, રાગમાં તો દુઃખ જ હોયને! રાગ ભલે શુભ હો પણ રાગથી કાંઈ સુખ તો ન જ મળે. રાગ તો દુઃખ જ છે. રાગથી પાર ચૈતન્યતત્ત્વ છે તે પોતે સુખનો સાગર છે, તેના જ્ઞાનથી સુખ મળે. જ્ઞાન કહેતાં સ્વસન્મુખ થઈને તેનો અનુભવ. શાસ્ત્રો ભણી-ભણીને પણ જો સ્વસન્મુખ ન થયો ને શુદ્ધાત્મા લક્ષગત ન કર્યો તો તે જીવ શું ભણ્યો? શાસ્ત્રો જે બતાવવા માંગે છે એવો જ્ઞાનમય આત્મા તો તેણે લક્ષમાં લીધો નહિ. અનંત સુખનું ધામ આત્મા પોતે, તેમાં ઊતરીને તે સુખનો એક અંશ પણ ચાખે ત્યાં તો સંસાર ખલાસ થઈ જાય. રાગથી જુદો પડીને જ્ઞાનચેતનારૂપ થાય ત્યારે જ ચૈતન્યસુખનો સ્વાદ આવે. અનંત સુખમય ચૈતન્યના અનુભવથી સુખનો અંશ જેણે ચાખ્યો તે પૂરું સુખ પ્રાપ્ત કરશે જ. આવું સુખ સમ્યગ્જ્ઞાન વડે જ થાય છે; ને એવું સુખ પ્રગટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરતાં પરિભ્રમણનું દુઃખ મટી જાય છે. એક ક્ષણ ચૈતન્યનું સુખ ચાખે ત્યાં અનંતકાળના સંસારનો થાક ઊતરી જાય. અહા, જે ચૈતન્યની સન્મુખ થતાં આવું અપૂર્વ અતીન્દ્રિય પરમ સુખ અનુભવાયું.—જે અલ્પ સુખ પણ આવું અલૌકિક સુખનો સાગર છે–એમ ધર્મી પોતાના આત્માના સ્વભાવને જાણે છે. અહા, આ અલૌકિક ચૈતન્યતત્ત્વ, પૂર્ણ સુખનો સમુદ્ર, તેના અલૌકિક મહિનાની શી વાત! આવા આત્માની સન્મુખ થઈને પોતે પોતાનું જ્ઞાન કરવું તે જ પરમ સુખ છે. એના વગર જીવ ગમે તેટલું કરે પણ તેને સુખ લેશમાત્ર થાય નહીં.

આત્મા શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છે; તેના જ્ઞાન વગર, રાગમાં ઊભો રહીને જીવે અનંતકાળથી અજ્ઞાનપૂર્વક જે કાંઈ આચરણ કર્યા તેમાં તે દુઃખી જ થયો. સંસારપરિભ્રમણના અનંત અવતારમાં મનુષ્યભવ તો ક્યારેક મળે, એવો મનુષ્યભવ પામીને પણ અજ્ઞાનથી જીવે તે ગુમાવી દીધો; જીવ અનંતવાર મનુષ્યપણું પામ્યો અને તેમાં અનેક ભવમાં દિગંબર મુનિ થઈને મહાવ્રત પાળ્યા; શાસ્ત્રભણતર કર્યાં, દેવ-ગુરુ-ધર્મની વ્યવહારશ્રદ્ધા કરી,–આટલું કરવા છતાં પણ તેને આનંદ કેમ ન આવ્યો? ને તેનું ભવભ્રમણ કેમ ન મટ્યું?–તો કહે છે કે તે બધા પરાશ્રિત ભાવોથી પાર ચૈતન્યતત્ત્વ આત્મા પોતે કોણ છે તે તેણે સ્વસન્મુખ થઈને કદી જાણ્યું નહીં, તેથી આત્મજ્ઞાન વગર તે જરાય સુખ ન પામ્યો, ને તેનું ભવભ્રમણનું દુઃખ ન મટ્યું. તે ઊંચા સ્વર્ગમાં ગયો પણ સ્વર્ગમાં જવાથી કાંઈ સુખ નથી મળી જતું. સુખ ન થયું એટલે કે ધર્મ ન થયો. ધર્મ થાય તેમાં તો આત્માના સુખનું વેદન થાય. જ્યાં સુખ નહીં ત્યાં ધર્મ નહીં અને આત્માના જ્ઞાન વગર સુખ નહીં. આત્માને જાણ્યો નહિ ને આત્માથી બહાર રહીને, પરભાવમાં–રાગમાં રહીને જીવે અનંતવાર મનુષ્યપણું ગુમાવ્યું. જો ચૈતન્યસ્વભાવની સન્મુખ થાય તો તો ક્ષણમાત્રમાં મહાન સુખ થાય ને કર્મો ટળીને સંસારનો કિનારો દેખાય. પુણ્યવડે કદી સંસારનો અંત ન આવે કે સુખનો અંશ ન મળે; સમ્યગ્જ્ઞાન વડે જ સંસારનો અંત આવે ને અપૂર્વ સુખ મળે માટે તમે સમ્યગ્જ્ઞાનને સેવો—એમ ઉપદેશ છે.

વિષય-કષાયરૂપ પાપના અશુભમાં ભવ ગુમાવે કે કુદેવ–કુગુરુના સેવનમાં જીવન ગુમાવે તેની તો વાત શી? પણ સાચા વીતરાગી દેવ-ગુરુને જ માને, બીજાને માને નહિ, વિષય–કષાયના પાપભાવ છોડીને શીલ–વ્રતના શુભભાવમાં લયલીન રહે, અને તેમાં જ સંતોષ માને કે આનાથી હવે મોક્ષ થઈ જશે,–પણ તે વ્રતાદિના શુભરાગથી પાર જ્ઞાન–ચેતનાનો અનુભવ ન કરે તો તેવો જીવ પણ જરાય સુખ નથી પામતો. તે સ્વર્ગમાં જાય છે,–પણ તેથી શું? સુખ તો રાગ વગરની ચૈતન્યપરિણતિમાં છે, કાંઈ સ્વર્ગના વૈભવમાં સુખ નથી.

આ કોની વાત છે?—તારી પોતાની! બાપુ! તું પોતે જ્ઞાનચેતનાસ્વરૂપ છો. જ્ઞાનચેતના પોતે પરમ સુખમાં તરબોળ છે. આવી જ્ઞાનચેતનાના અનુભવ વગર તું અનંતવાર શુભભાવ કરી ચુક્યો છો. શુભ સાથે અજ્ઞાન પડ્યું છે એટલે રાગમાં સર્વસ્વ માનીને રાગ વગરના આખા જ્ઞાનસ્વભાવનો તું અનાદર કરી રહ્યો છો. સમ્યગ્જ્ઞાન વગર રાગમાં તો સુખ ક્યાંથી હોય? શુભરાગમાં એવી તાકાત નથી કે અજ્ઞાનરૂપી અંધકારને કે દુઃખને દૂર કરે. જ્ઞાનચીજ રાગથી જુદી છે; તે જ્ઞાનચેતનાના પ્રકાશવડે જ અજ્ઞાનઅંધારા ટળે છે ને સુખ પ્રગટે છે. નિજાનંદી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનસ્વરૂપ આત્મા તરફ વળીને સમ્યગ્જ્ઞાનચેતના પ્રગટ કર્યા વગર સુખનો અંશ પણ પ્રાપ્ત ન થાય.

અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા પોતે છે; રાગમાં કાંઈ સુખ ભર્યું નથી. રાગમાંથી કે બહારથી સુખ લેવા માંગે તે તો, સુખની સત્તા આત્મામાં છે તેનો ઇન્કાર કરે છે. અરે, જ્યાં સુખ છે-જે પોતે સુખ છે-તેનો સ્વીકાર કર્યા વગર સુખ ક્યાંથી થાય?

શુભરાગમાં સુખ ભલે ન હોય, પણ દુઃખ તો નથી?

અરે ભાઈ! એમાં આકુળતારૂપ દુઃખ જ છે. જડમાં સુખ-દુઃખ કોઈ લાગણી નથી; ચૈતન્યતત્ત્વ પોતાના જ્ઞાનભાવ વડે સુખ વેદે છે, ને અજ્ઞાનભાવથી દુઃખ વેદે છે. ભેદજ્ઞાન તે સિદ્ધસુખનું કારણ; ને ભેદજ્ઞાનનો અભાવ એટલે કે અજ્ઞાન, તે સંસારદુઃખનું કારણ છે. જ્યાં ચૈતન્યના જ્ઞાનની શાંતિનું વેદન નથી, ત્યાં કષાય છે,-ભલે અશુભ હો કે શુભ હો-પણ જે કષાય છે તે તો દુઃખ જ છે. શુભકષાય તે કાંઈ શાંતિ તો ન જ કહેવાય. આત્માના જ્ઞાન વડે ક્ષણમાત્રમાં કરોડો ભવનાં કર્મો છૂટી જાય છે, ને સમ્યગ્જ્ઞાન વગર કરોડો વર્ષના તપ વડે પણ સુખનો છાંટોય મળતો નથી. જુઓ તો ખરા, જ્ઞાનનો અપાર મહિમા! અજ્ઞાની જીવને જ્ઞાનના મહિમાની ખબર નથી, એને રાગ દેખાય છે, પણ રાગથી પાર થઈને અંદર ચૈતન્યમાં ઊંડું ઊતરી ગયેલું જ્ઞાન તેને દેખાતું નથી. માટે કહે છે કે હે ભાઈ! મોક્ષનું કારણ તો સમ્યક્ શ્રદ્ધાજ્ઞાનસહિતનું ચારિત્ર છે. સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન વગરનું આચરણ તો થોથાં છે, તેમાં લેશ પણ સુખ નથી. આ રીતે સમ્યગ્જ્ઞાનનો મહિમા જાણીને, તેને પરમ અમૃતસમાન જાણીને તેનું સેવન કરો.

આ રત્નચિંતામણિ જેવી મનુષ્યપર્યાય પામીને તથા જિનવાણીનું શ્રવણ કરીને, હે જીવો! તમે દુર્લભ એવા સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ કરો, અને આત્માને ઓળખી લ્યો.—એમ હવેના શ્લોકમાં કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# " आपो लख लीजे "

## સમ્યગ્જ્ઞાનને સુખનું કારણ જાણીને તેની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવાનો ઉપદેશ

( ગાથા–૬ )

तातैं जिनवरकथित तत्त्व अभ्यास करीजे ।
संशय–विभ्रम–मोह त्याग आपो लख लीजे ॥
यह मानुषपर्याय सुकुल सुनिवो जिनवानी ।
इहविध गये न मिले सुमणि ज्यों उदधि समानी ॥ ६ ॥

એ રીતે સમ્યગ્જ્ઞાન જ સુખનું કારણ છે–એમ જાણીને, તે સમ્યગ્જ્ઞાન–અર્થે જિનેન્દ્રભગવાને કહેલાં તત્ત્વનો અભ્યાસ કરો, અને સંશય–વિભ્રમ–વિમોહ છોડીને આત્માનું સ્વરૂપ ઓળખી લ્યો. આવો મનુષ્યઅવતાર, ઉત્તમકુળ અને જિનવાણીના શ્રવણનો સુયોગ ફરીફરીને મળવો કઠણ છે. જો સમ્યગ્જ્ઞાન વગર આ અવસર ગુમાવી દીધો તો, જેમ દરિયામાં ડુબેલો ઉત્તમ મણિ ફરી પ્રાપ્ત થવો કઠણ છે તેમ આ ભવ-સમુદ્રમાં મનુષ્યઅવતાર અને જિનવાણીનું શ્રવણ ફરી મળવું બહુ દુર્લભ છે.

વીતરાગવિજ્ઞાન એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે, આ જીવને મિથ્યાત્વાદિ દુઃખદાયી ભાવોથી રક્ષા કરવા માટે ઢાળ સમાન છે, તેનું વર્ણન આ છહઢાળામાં છે. તેમાંથી આ ચોથી ઢાળમાં સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ માટેનો ઉપદેશ ચાલે છે. અરે જીવ ! આ ભયંકર ભવદુઃખોથી જો તું તારા આત્માને બચાવવા માંગતો હો તો આ સમ્યગ્જ્ઞાનનું સેવન કર. 'આપો લખ લીજે' એટલે કે આત્માનું સ્વરૂપ ઓળખીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કર. આત્માનું જ્ઞાન જ જીવને સાચા સુખનું કારણ છે, એના વગર બીજા કોઈ ઉપાયથી કિંચિત્ સુખ મળતું નથી. માટે હે જીવ ! તું જિનદેવે કહેલાં જીવાદિ તત્ત્વોનો બરાબર અભ્યાસ કરીને આત્માને ઓળખી લે.

જિનવર – અરિહંતદેવ – તીર્થંકરપરમાત્માનો પ્રવાહ અનાદિથી જગતમાં ચાલ્યા જ કરે છે. અનંતા તીર્થંકરો થયા, અત્યારે પણ મનુષ્યક્ષેત્રમાં સીમંધરાદિ વીસ તીર્થંકર-ભગવંતો તેમજ લાખો અરિહંત–કેવળીભગવંતો વિચરી રહ્યા છે; અહીં આ ભારતદેશમાં પણ અઢીહજારવર્ષ પહેલાં મહાવીરતીર્થંકર થયા. આવા જિનભગવંતોએ જીવાદિ જે તત્ત્વો જાણ્યા અને ઉપદેશ્યા, તે જ તત્ત્વોનો ઉપદેશ કુંદકુંદાચાર્ય વગેરે વીતરાગીસંતોની પરંપરાથી અત્યારે ચાલી રહ્યો છે. અરે જીવ ! આવો મનુષ્યઅવતાર, આવું જૈનકુળ અને આવો વીતરાગી જિનોપદેશ પામીને તું હવે તેને, દરિયામાં ફેંકેલા ચિંતામણિની જેમ વ્યર્થ ન ગુમાવીશ, પણ આત્માને ઓળખી લેજે. જેમ મહાભાગ્યથી ચિંતામણિ હાથમાં આવ્યો હોય તેના વડે પોતાનું કાર્ય સાધવાને બદલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ મૂરખ તે દરિયામાં ફેંકી દે...તેમ ઉત્તમ ચિંતામણિ જેવો આ મનુષ્ય-અવતાર પામીને તેવી મૂર્ખાઈ તું ન કરતો. ફરીફરીને આવો અવસર મળવો મોંઘો છે, માટે આ સુયોગમાં વીતરાગી જિનવાણી સાંભળી, ભગવાને કહેલાં તત્ત્વોનો સાચો અભ્યાસ કરજે ને આત્માને ઓળખી લેજે. આત્માને ઓળખીને સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરતાં જ તને ચૈતન્યનું અમૃતસુખ મળશે અને તારા ભવદુઃખનો અંત આવી જશે.

અરે, અત્યારે તો જૈનમાં જન્મેલા પણ ઘણા લોકો કુમાર્ગમાં ફસાઈ રહ્યા છે, જિનભગવાને કહેલા સતનો વ્યવહાર નિર્ણય પણ કરતા નથી; સત્ તત્ત્વ બહુ મોંઘું થઈ પડ્યું છે. આવું મોંઘું સત્ય તને મહાભાગ્યે મળ્યું, તો તું તારા આત્માનું હિત સાધી લેજે. પરની ચિંતા છોડીને, તારા પોતાના આત્માને ઓળખીને તારું પ્રયોજન સાધી લેજે. સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ માટે તારા હાથમાં ચિંતામણિ આવ્યો છે, તો તેને વિષય-કષાયના દરિયામાં ફેંકી ન દઈશ; ચિંતામણિ દ્વારા આત્માને ચિંતવીને તેને ઓળખી લેજે.

દરેક વસ્તુને પોતાના સ્વતંત્ર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય છે, કોઈના કોઈમાં ભળતા નથી.—એમ જુદેજુદા પદાર્થનું સ્વાધીન પરિપૂર્ણ સ્વરૂપ જિનવરદેવના માર્ગમાં જ છે, તેને તું જાણ; દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ વસ્તુ કેવી છે તેને તું ઓળખ; રાગાદિ અશુદ્ધતા, સમ્યક્ત્વાદિ શુદ્ધતા, અને શરીરાદિમાં જડતા,-તેમને એકબીજામાં ભેળવ્યા વગર જેમ છે તેમ ઓળખ, અને તેમાંથી આત્માનું ખરૂં સ્વરૂપ શું છે-તે જાણ. અજીવથી ભિન્ન અને રાગાદિથી પણ રહિત એવા શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને ઓળખ. આત્માને બરાબર ઓળખીને સંદેહ વગેરે દોષોથી રહિત સમ્યગ્જ્ઞાન પ્રગટ કર, તેથી તને પરમ સુખ થશે.

અનંતા જીવ-અજીવ પદાર્થો વડે સ્વયંસિદ્ધ એવું આ વિશ્વ, તેમાં દરેક પદાર્થ સ્વભાવથી જ પોતપોતાના ધર્મરૂપ છે. ભિન્ન-ભિન્ન અનંતા જીવો છે; દરેક જીવમાં પોતપોતાના અનંત ગુણો ને પર્યાયો છે; દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવતા સ્વરૂપ છે; સંસારીજીવ એક ગતિમાંથી બીજી ગતિમાં પુનર્ભવ ધારણ કરે છે, તે જ વીતરાગવિજ્ઞાન વડે જ્યારે મુક્ત થાય ત્યારે ભવરહિત એવા સિદ્ધપદમાં કાયમ રહે છે, પછી ફરી કદી તે સંસારમાં અવતરતો નથી, ક્યાંય રાગ-દ્વેષ કરતો નથી, કે જગતનો કર્તા-હર્તા બનતો નથી. આ રીતે જિનવરદેવના શાસનમાં કહેલું વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ, અને સર્વપ્રકારના સંદેહથી રહિત આત્મતત્ત્વને ઓળખવું જોઈએ.—તેમાં જ મનુષ્ય અવતારની સફળતા છે.

—આત્મામાં એક ગુણ હશે કે અનંતગુણ હશે? આત્મા સ્વતંત્ર હશે કે કોઈ ઇશ્વરે બનાવ્યો હશે? પરભવ હશે કે નહીં? આત્મા નિત્ય હશે કે આ દેહપૂરતો જ હશે? આ શરીર જેટલા નાનકડા ક્ષેત્રમાં અનંતગુણ કેમ રહ્યા હશે? એકેક ગુણમાં અનંતી તાકાત કેવી રીતે હશે? અનેકાંત કઈ રીતે હશે? આત્મા પર્યાયવાળો હશે કે પર્યાય વગરનો હશે? શુદ્ધોપયોગ જ મોક્ષનું કારણ હશે કે શુભરાગ પણ મોક્ષનું કારણ હશે?—ભગવાન જિનદેવે કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ યથાર્થતત્ત્વને જાણે તો જ્ઞાનમાં આવા પ્રકારનો કોઈ સંદેહ,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિપરીતતા કે અનધ્યવસાય રહે નહીં, એટલે કે સમ્યગ્જ્ઞાન થાય. સમ્યગ્જ્ઞાન થતાં ધર્મીજીવને આત્માના સ્વરૂપમાં કોઈ સંદેહ વગેરે રહેતા નથી, કેમકે સ્વસંવેદનથી પોતે સાક્ષાત અનુભવેલી વસ્તુ છે.

અહા, જગતની વચ્ચે નિરાલંબી લોક, તેના અસંખ્ય પ્રદેશમાં અનંતાનંત આત્માઓ, તેમાં પ્રત્યેક આત્મા જુદો–સ્વતંત્ર–સ્વાધીન, પોતાના અનંત ગુણ–પર્યાયો સહિત; –આવું અલૌકિક વસ્તુસ્વરૂપ ભગવાન સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય ન હોય. આત્મા કદી શરીરાદિરૂપ કે કર્મરૂપ થતો નથી. જડ સદા જડમાં, ચેતન સદા ચેતનમાં; બંનેના દ્રવ્ય–ક્ષેત્ર –કાળ–ભાવરૂપ ચતુષ્ટય ત્રણેકાળે જુદા છે. આમ સ્વ–પરવસ્તુની ભિન્નતાના નિર્ણય વગર જ્ઞાનની વિપરીતતા મટે નહીં, એટલે સમ્યગ્જ્ઞાન થાય નહીં ને જન્મ–મરણ મટે નહીં. આત્મામેં સંશય હોગા તો સમ્યગ્જ્ઞાન નહીં હોગા; અને આત્માકે સ્વરૂપકા યથાર્થ નિર્ણય હોગા તો સમ્યગ્જ્ઞાન હોગા–હોગા–હોગા. સમ્યગ્જ્ઞાન નહીં કરેગા તો મોક્ષ કભી નહીં હોગા; અને સમ્યગ્જ્ઞાન કરેગા તો મોક્ષ હોગા હી હોગા.–માટે 'आपो लख लीजे.'

ભગવાને કહેલાં નવ તત્ત્વોને કઈ રીતે ઓળખવા તેનું વર્ણન બીજી તેમજ ત્રીજી ઢાળમાં વિસ્તારથી આવી ગયું છે; તેના અભ્યાસવડે આત્માના સાચા સ્વરૂપને ઓળખી લેવું. જુઓ, ભગવાને કહેલાં તત્ત્વના અભ્યાસનું ફળ શું ?–કે 'आपो लख लीजिये' અંતર્મુખ થઈને આત્માનું સ્વરૂપ અનુભવમાં લેવું. તત્ત્વના અભ્યાસનું ફળ તો આત્માનો અનુભવ કરવો તે છે. ચૈતન્યમૂર્તિ હું, શરીરાદિ અજીવથી જુદો ને રાગાદિ આસ્રવોથી જુદો છું; મારું ચૈતન્યતત્ત્વ બીજા બધા તત્ત્વોથી જુદું છે, હું જ આનંદમૂર્તિ છું,–આ રીતે જ્ઞાનાદિ અનંત ગુણના ચૈતન્યપિંડમાં વળીને "આ હું છું" એમ અનુભવમાં લેતાં સમ્યગ્જ્ઞાન થાય છે. અહા, આવા આત્માના જ્ઞાનમાં અલૌકિક સુખ છે. માટે કહે છે કે 'આપો લખ લીજે.' આત્માના જ્ઞાન વગર જૈનતત્ત્વનું સાચું જ્ઞાન થાય નહીં. ભગવાને આત્માનું શુદ્ધસ્વરૂપ પરથી ભિન્ન ને રાગથી પાર ઉપયોગમય બતાવ્યું છે, તેની સન્મુખતા એ જ ધર્મનો મૂળ પાયો છે. ભાઈ! તારી મહાન ચીજ તારામાં પડી છે, તેમાં નજર કર, આત્માની સન્મુખતા વગર બાહ્યદૃષ્ટિથી જીવ ગમે તેટલું કરે તેનાથી સ્વર્ગ–નરકાદિ મળે, પણ આત્માનું સુખ ન મળે.

જીવાદિ નવે તત્ત્વોને બરાબર ઓળખવા, તેને માટે સત્સંગ, જિનવાણીનો અભ્યાસ કરવો. જિનવાણી શું કહે છે ?–તે એમ કહે છે કે હે જીવ ! તારા આત્માની સન્મુખ થા ! ભૂતાર્થરૂપ તારો જે શુદ્ધસ્વભાવ તેનો તું આશ્રય કર.—એ જ સાચું તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે. અજીવને પોતાથી ભિન્ન જાણે તો અજીવની શ્રદ્ધા કરી કહેવાય; પુણ્ય–પાપ–આસ્રવ–બંધને દુઃખરૂપ જાણીને તેનો આશ્રય છોડે તો પુણ્ય–પાપ–આસ્રવ–બંધતત્ત્વની શ્રદ્ધા કરી કહેવાય; શુદ્ધજીવ તરફ વળીને સંવર–નિર્જરા પ્રગટ કરે ત્યારે સંવર–નિર્જરા–મોક્ષની શ્રદ્ધા કરી કહેવાય. આ રીતે શુદ્ધાત્માની સન્મુખતા વડે જ નવ તત્ત્વની સાચી શ્રદ્ધા થાય છે. તત્ત્વાર્થશ્રદ્ધાનનું કાર્ય તો આ છે કે ભેદજ્ઞાનવડે શુદ્ધઆત્માનો આશ્રય કરીને પરનો–વિકારનો આશ્રય છોડવો. આનંદરસનો સમુદ્ર આત્મા આવડો મહાન છે–એમ જાણે ને તેમાં ઉપયોગ ન વળે એમ કેમ બને ? અહા, વીતરાગે કહેલો આત્મા, પોતાની જ વસ્તુ, તેને ન જાણે તો આ અનંતભવસમુદ્રમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ મનુષ્યભવ તો ક્યાં ડુબી જશે? અનંતકાળથી આત્મા એક ભવમાંથી બીજા ભવમાં જાય છે; આત્માને ઓળખીને મોક્ષ પામે ત્યારે જ ભવભ્રમણ અટકે; પછી મોક્ષમાં સિદ્ધભગવાનપણે અનંત-અનંત કાળ રહે. બાપુ! આવું આર્ય-મનુષ્યપણું, શ્રાવકનું ઉત્તમ કુળ, અને વીતરાગી જિનવાણીનું શ્રવણ તને મહાભાગ્યે મળ્યું છે; આવો સુયોગ તે તો ચિંતામણિ મળવા જેવું છે, તો તેને તું વ્યર્થ ગુમાવીશ નહીં.

૧૬ વર્ષની નાની વયમાં શ્રીમદ્રાજચંદ્રજી કહે છે કે-અરે જીવ!

બહુ પુણ્યકેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એકકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો! રાચી રહો?

બાપુ, અત્યારે અનંતકાળના દુઃખથી છૂટીને સુખની પ્રાપ્તિનો આ અવસર, તેમાં તું સુખના કારણરૂપ સમ્યગ્જ્ઞાન કરી લે. અહીં 'સુયોગ' તરીકે આત્મહિતમાં નિમિત્તરૂપ ત્રણ વાત લીધી; લાખો-કરોડો રૂપિયા મળે, બંગલા-મોટર મળે કે સુંદર શરીરાદિ મળે-તેને અહીં સુયોગ ન કહ્યો, પણ આર્ય-મનુષ્યપણું, શ્રાવકનું ઉત્તમ કુળ અને વીતરાગ-વાણીનું શ્રવણ મળ્યું તેને સુયોગ કહ્યો. આત્માની ઓળખાણમાં નિમિત્તરૂપ થાય એવા યોગને સુયોગ કહ્યો. તે માટે કાંઈ પૈસા કે શરીરની સુંદરતા વગેરેની જરૂર નથી. ભલે ગરીબ હોય, કદરૂપ હોય, પણ વીતરાગવાણી વડે જૈનધર્મના સંસ્કારથી આત્મહિત કરી શકે છે. જુઓને, અમેરિકા વગેરે દેશોમાં, ને અહીં ભારતમાં પણ ઘણા જીવો પાસે અત્યારે લાખો-કરોડો રૂપિયા દેખાય છે, પણ સાચા જૈનધર્મનું શ્રવણ-કે જેનાથી આત્માનું હિત થાય-તે મળવું બહુ દુર્લભ છે. તેવો અવસર તને મળ્યો, તો લાખો-કરોડો રૂપિયાના યોગ કરતાં પણ વધુ સુયોગ છે-એમ સમજ. આવો સુયોગ પામીને હવે તું સંસારની ઝંઝટમાં લોકોને રાજી કરવા રોકાઈશ મા. પણ શીઘ્ર આત્માને ઓળખીને તારું હિત કરી લેજે. અમેરિકા વગેરેમાં બહારનો વૈભવ ગમે તેટલો હોય (અરે, સ્વર્ગના વૈભવની તો શી વાત!)-પણ આત્માના જ્ઞાન વગર એમાં ક્યાંય સુખનો છાંટોય મળે તેમ નથી; અધ્યાત્મવિદ્યા કે જે ભારતનો ખરો વૈભવ છે, તે જ સુખનું કારણ છે. માટે તેનો અભ્યાસ કરીને આત્માને ઓળખો.

અહા, જે વાણી ગણધરદેવ આદરથી સાંભળે છે, જે વાણી સાંભળવા સ્વર્ગના ઇન્દ્રો આ મનુષ્યલોકમાં ઊતરે છે, ચક્રવર્તી પણ ભક્તિથી જ વાણી સાંભળે છે, તે આત્માનું અદ્ભુત સ્વરૂપ બતાવનારી જિનવાણી તને અત્યારે અહીં સાંભળવા મળે છે; આત્માનું અચિંત્યસ્વરૂપ બતાવનારી આવી વાણી સાંભળવા મળી તો તેને ચિંતવીને, વસ્તુસ્વરૂપ સમજીને ચૈતન્યરત્નનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કરી લે. આવો મહાન સુયોગ મળ્યો છે તે આત્મજ્ઞાન વડે સફળ કર. જો તત્ત્વદૃષ્ટિ ન કરી, ને જીવન અજ્ઞાનમાં તથા વિષયોમાં ગુમાવી દીધું તો, હાથમાં આવેલ મનુષ્યભવરૂપી ઉત્તમ રત્ન ખોઈને તું પસ્તાઈશ. બાપુ! ધન-કુટુંબ-શરીર-આબરૂ બધાની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દરકાર છોડીને જીવનમાં આત્માની દરકાર કર, આત્માનું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કેમ થાય તેના પ્રયત્નમાં લાગ.

જેમ એક લીલુંછમ ઝાડ હોય, તે બળીને રાખ થાય, તે રાખને કોઈ દરિયામાં ફેંકી દે, અથવા હવામાં ચારેકોર વેરવિખેર થઈ જાય; ફરીને પાછા તે બધા રજકણો ભેગા થાય ને ફરીને તેવું જ ઝાડ બને–એ અનંતકાળે મુશ્કેલ છે; તેમ સંસારમાં કલ્પવૃક્ષ જેવું મનુષ્યપણું પામીને જો આત્માની દરકાર ન કરી ને અજ્ઞાનથી વિષયોમાં જ તે ગુમાવી દીધું તો ભવસમુદ્રમાં આત્મા એવો ડુબી જશે કે ફરી અનંતકાળે આવું મનુષ્યપણું મળવું મુશ્કેલ છે. ત્રસપણાનો કાળ જ થોડો (બે હજાર સાગરોપમ માત્ર) છે–એમાં તો કીડી–મકોડા વગેરે અસંજ્ઞી અવતાર પણ આવી જાય, તેમાં મનુષ્યઅવતાર તો બહુ થોડા હોય. ત્રસના તે મર્યાદિત કાળમાં મનુષ્ય થઈને કાં તો આત્માને સાધીને મોક્ષ પામી જાય; અને નહિતર ત્રસ-પર્યાયનો કાળ પૂરો થતાં નિગોદાદિ એકેન્દ્રિય સ્થાવરપર્યાયમાં ચાલ્યો જાય. ત્યાંથી અનંતકાળે બહાર નીકળવું મુશ્કેલ છે. માટે હે જીવ! તું શીઘ્ર ચેત....ચેત!

અરે, મનુષ્ય થઈને પણ સાચી જિનવાણી સાંભળવા મળવી કેટલી મોંઘી છે! જિનવાણીના નામે પણ અત્યારે તો ઘણે ઠેકાણે વિપરીત ઉપદેશ ચાલી રહ્યો છે. પાણીમાં આગ લાગવા જેવું થયું છે;–શું થાય! આવા કાળે પણ, હે ભાઈ! તને આવી મીઠી અમૃત જેવી જિનવાણી મળી, વીતરાગી આત્મસ્વરૂપ બતાવનારી વાણી તને મળી, તો હવે આળસ છોડીને આત્માની ઓળખાણ કરીને આ ઉત્તમ યોગને તું સફળ કરી લે, મહાવીરપ્રભુના શાસનને પામવાનો સાચો લાભ લઈ લે.

અજ્ઞાનદશામાં જીવનો અનંતકાળ તો એકેન્દ્રિયપણામાં ગયો; તેમાંથી નીકળીને કીડી વગેરે ત્રસપર્યાય પામવી મોંઘી, તેમાં સંજ્ઞીપણું ને મનુષ્યપણું મળવું મોંઘું, તેમાં ભારત જેવો આર્યદેશ મળવો મોંઘો, તેમાં શ્રાવકનું કુળ ને જૈનધર્મ મળવો મોંઘો, અને તેમાં આત્માનું સ્વરૂપ સમજાવનારી જિનવાણીનું શ્રવણ, સમયસાર જેવા પરમ અધ્યાત્મશાસ્ત્રનું શ્રવણ મળવું તે મોંઘું છે; આવું દુર્લભ આ બધુંય તને અત્યારે મળ્યું છે, ને તને આત્મહિતની બુદ્ધિ પણ જાગી છે—તો હવે આવા અવસરમાં તું ચુકીશ નહિ, આત્માને ઓળખીને સમ્યગ્જ્ઞાન કરજે (આપો લખ લીજે)–જેથી તારા ભવના આરા આવશે ને તને પરમ સુખની પ્રાપ્તિ થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સુખી થવા કરોડો ઉપાયે પણ સમ્યગ્જ્ઞાન કરો. સુખને માટે ધન-વૈભવાદિ કાંઈ કામના નથી.

દુર્લભ મનુષ્યપણું અને જિનવાણીનું શ્રવણ પામીને આત્મજ્ઞાન કરવાનું કહ્યું. હવે કહે છે કે જીવને ધન-વૈભવ વગેરે સુખને માટે કાંઈ કામ આવતા નથી, એક સમ્યગ્જ્ઞાન જ સુખનું કારણ છે, ને તે પોતાનું સ્વરૂપ છે. માટે કરોડો ઉપાયવડે પણ સ્વ-પરનું ભેદજ્ઞાન કરીને અંતરમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો.—

[ ગાથા-૭ ]

**धन-समाज गज-बाज राज तो काज न आवे,**
**ज्ञान आपको रूप भये फिर अचल रहावे।**
**तास ज्ञानको कारन स्व-पर विवेक बखानो,**
**कोटि उपाय बनाय भव्य! ताको उर आनौ ॥ ७ ॥**

હે જીવ! તારા હિતને માટે ધન-સમાજ કુટુંબ-પરિવાર હાથી-ઘોડા મોટર-બંગલા કે રાજ્ય-પ્રધાનપદ વગેરે તો કાંઈ કામ આવતા નથી; તેમજ તે કાયમ રહેતા પણ નથી; તારા હિતનું કારણ તો સમ્યગ્જ્ઞાન છે; તે જ્ઞાન આત્માનું પોતાનું સ્વરૂપ છે, એટલે તે જ્ઞાન થયા પછી અચળ રહે છે. સ્વ-પરના વિવેકરૂપ ભેદજ્ઞાન તે આવા સમ્યગ્જ્ઞાનનું કારણ કહ્યું છે. શાસ્ત્રોએ આ ભેદજ્ઞાનને વખાણ્યું છે-પ્રશંસ્યું છે; માટે હે ભવ્યજીવો! તમે કરોડો ઉપાય વડે પણ આ ભેદજ્ઞાનને અંતરમાં પ્રગટ કરો. તેનાથી તમારું હિત અને મોક્ષ થશે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે શું ચીજ છે? તેને ઓળખવી જોઈએ. શરીર અજીવ છે, પુણ્ય-પાપ તો આસ્રવ છે, તેનાથી જુદા ચૈતન્યસ્વરૂપ આત્માને ઓળખવો. આત્મા આનંદકંદ જિનેન્દ્ર છે, તેને ઓળખવાથી જ મનુષ્યઅવતારની સફળતા છે, માટે કરોડો ઉપાય કરીને પણ, (ગમે તેવી પ્રતિકૂળતા આવે તે સહન કરીને પણ,) સ્વ-પરના ભેદજ્ઞાનવડે આત્માને ઓળખો. સમયસારમાં તો એમ કહ્યું છે કે તું મરીને પણ ચૈતન્યતત્ત્વને જાણવાનો કુતૂહલી થા અને શરીરાદિથી ભિન્ન આત્માને અનુભવમાં લે. 'મરીને પણ' એમ કહીને ઉત્કૃષ્ટ પ્રયત્નની વાત લીધી છે, એટલે કે મરણ જેટલી પ્રતિકૂળતા આવી પડે તોપણ તેને ગણકાર્યા વગર, ચૈતન્યતત્ત્વને ઓળખવાનો ઉત્કૃષ્ટ રસ જગાડ.

અરે, જો પોતે પોતાના આત્માને ન ઓળખ્યો તો કરોડો-અબજો રૂપિયા હોય કે સારા પુત્ર-પરિવાર હોય તેથી શું? સમાજમાં માન-આબરૂ હોય ને લોકો વખાણ કરે તેથી આત્માને શું લાભ? અરે, બીજી ચીજ તો કામ ન આવે, પણ પોતાનો શુભભાવ પણ આત્માના હિતમાં કામ નથી આવતો. હિતનું કારણ તો એક જ છે કે રાગથી પાર આત્માનું સાચું જ્ઞાન કરવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે જ્ઞાન કોઈ બહારના ઉપાયથી નથી આવતું પણ આત્માનું જ સ્વરૂપ છે; અને આત્મા સાથે સદા મોક્ષમાંય અવિચળપણે રહે છે. રાગ અને સંયોગ તો છૂટી જાય છે કેમકે તે આત્માનું સ્વરૂપ નથી. જ્ઞાન આત્માનું સ્વરૂપ છે, તે કદી છૂટતું નથી. સ્વ-પરના ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં આવું સમ્યગ્જ્ઞાન થાય છે. માટે હે ભાઈ! કરોડો ઉપાય કરીને પણ આવા જ્ઞાનને અંતરમાં પ્રગટ કરો. ભલે બહારમાં ચારેકોરની હજારો પ્રતિકૂળતા હો, ધન ન હોય, કુટુંબ ન હોય, શરીર સરખું ન હોય, સમાજમાં માન-આબરૂ ન હોય, તિરસ્કાર થતો હોય, તોપણ સાચા જ્ઞાન વડે આત્માનું હિત થઈ શકે છે. માટે ધન-સમાજ-આબરૂ વગેરે હોય કે ન હોય, તે બધાનું લક્ષ છોડીને, તે બધાથી ભિન્ન એવા તારા જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખવાનો સર્વ પ્રકારે ઉદ્યમ કર; કરોડો ઉપાય કરીને પણ આત્માને જાણ એટલે કે કરોડો પ્રતિકૂળતાની વચ્ચે પણ હિંમત ન હારતાં નિરંતર આત્માને જાણવાના પ્રયત્નમાં જ લાગ્યો રહે. બહારની કોઈ પ્રતિકૂળતા આત્માને જાણવામાં નડી શકતી નથી, તેમ જ બહારમાં ધન વગેરેની અનુકૂળતા આત્માને જાણવામાં મદદ પણ કરી શકતી નથી. બહારની પ્રતિકૂળતા કે અનુકૂળતા એ બંનેથી આત્મા જુદો છે. આવા જુદાપણાના અભ્યાસવડે સ્વ-પરનું ભેદજ્ઞાન કરતાં સમ્યગ્જ્ઞાન થાય છે; તે જ્ઞાન જ તને શરણરૂપ છે; બીજા ભવમાં કે મોક્ષમાં પણ તે તારી સાથે જ રહેશે, કેમકે તે આત્માના સ્વભાવની ચીજ છે.

ધન-શરીર-રાજ-કુટુંબ એ કાંઈ આત્માના સ્વભાવની ચીજ નથી, તે તો બહારની ચીજ છે. રાગ પણ જ્યાં આત્માના સ્વરૂપની ચીજ નથી ત્યાં બીજાની શી વાત? આત્માના સ્વરૂપની ચીજ તો સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન કહેતાં અનંતા ગુણો પણ સાથે સમજવા. ભાઈ, તારો ચેતનસ્વભાવ તને સુખનું કારણ છે. જડ લક્ષ્મીના ઢગલા કાંઈ તને સુખનું કારણ નથી; તેના લક્ષે તું મમતા કરીશ તો તે તને પાપનું નિમિત્ત થશે. કદાચિત્ દાનાદિમાં રાગની મંદતા કરીશ તો તે રાગ પણ કાંઈ આત્માને શરણ દેનાર નથી. ચૈતન્યસ્વરૂપ આત્મા હું તેનાથી જુદો છું એમ જાણીને આત્મામાં ઉપયોગ જોડતાં જે અપૂર્વ અતીન્દ્રિય આનંદ વેદાય છે, તે આનંદ આપવાની તાકાત જગતના કોઈ પદાર્થમાં નથી. ધનના ઢગલા આત્માને હિતનું કારણ થતા નથી, તેમ નિર્ધનતા તે કાંઈ આત્માના હિતમાં નડતી નથી. અરે, આ શરીર જ આત્માનું નથી ત્યાં બીજાની શી વાત? જ્ઞાની તો શરીરને એક વસ્ત્રસમાન પોતાથી જુદું જાણે છે; શરીરરૂપી વસ્ત્ર ફાટે-તૂટે-બદલે તેથી કાંઈ આત્મા ફાટતો-તૂટતો કે મરતો નથી. ચારેકોરની શરીરની પીડા વચ્ચે પણ જેમાં વિશ્રામ લેતાં પરમ શાંતિનું વેદન થાય એવો હું આત્મા છું. બહારમાં શરીર સળગતું હોય ને અંદર આત્મા તો આનંદસમુદ્રમાં પરમ શાંતિ વેદતો હોય.—કેમકે શરીર જુદું છે, આત્મા જુદો છે. જુઓને; આ શત્રુંજય ઉપર પાંડવો કેવા ધ્યાનમાં ઊભા છે! બહારમાં શરીર તો સળગે છે પણ તેઓ તો અંદર આત્માની શાંતિમાં ઠરી ગયા છે; તેમાં એવા મશગૂલ છે કે શરીર બાળનાર પ્રત્યે ક્રોધનો વિકલ્પ પણ થતો નથી; અરે! સાથેના બીજા ભાઈઓનું શું થાય છે તે જોવાની પણ વૃત્તિ ઊઠતી નથી; આત્માની પરમ શાંતિમાં લીન થઈ, કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામે છે. વાહ, જુઓ આત્માની તાકાત! એક જ કાળે શરીર બળે છે, આત્મા ઠરે છે,—એમ બંને તત્ત્વોની ક્રિયા તદ્દન જુદી છે. આમ ભેદજ્ઞાન કરીને આત્માનું સમ્યગ્જ્ઞાન કરવું જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવું સમ્યગ્જ્ઞાન તે જ સાચો વિવેક છે. દેહ અને આત્મા એક છે, અથવા શુભરાગ જીવને જ્ઞાનનું સાધન છે.-એવી બુદ્ધિ તે તો મોટો અવિવેક છે, તેમાં આત્માનું અહિત છે. ભલે બહારમાં બીજા અનેક ડહાપણ દેખાડતો હોય પણ જેને દેહથી ભિન્ન ને રાગથી ભિન્ન આત્માનું ભાન નથી તે જીવ પરમાર્થમાં અવિવેકી છે, તેને આત્માનું હિત થતું નથી. અને કોઈકને ભલે બહારનાં ડહાપણ કદાચિત્ ન આવડતા હોય, પણ અંતરમાં સ્વ-પરની ભિન્નતાના વિવેક વડે જેણે આત્માનું સમ્યગ્જ્ઞાન કર્યું છે તે મહાન વિવેકી છે. સમ્યગ્જ્ઞાન તે જ સાચો વિવેક છે, તેમાં જ આત્માનું હિત છે.

ભલે મોટા રાજપાટ હોય પણ જો આત્માની દરકાર ન કરે, માંસ ખાય, શિકાર કરે, તો એવા પાપી જીવો નરકે જાય;-ત્યાં રાજ-પાટ વૈભવ તેને શું કરે? હજારો દેવો જેની સેવા કરતા હતા-એવો સુભૌમચક્રવર્તી પણ આત્માને ભૂલીને વિષય-કષાયમાં તીવ્ર લીનતાને લીધે નરકમાં ગયો; ત્યાં તેને કોઈ સહાયરૂપ થયું નહીં, તો બીજાની શી વાત? આત્મા સિવાય બીજું બધું તો અશરણ છે-એમ જાણીને, તે રાજપાટને છોડીને અંતરમાં ચૈતન્યના શરણે અનેક જીવોએ આત્માનું હિત સાધ્યું છે. ભરતરાજ જેવા ચક્રવર્તી છ ખંડના રાજમાં ક્યાંય સુખ માનતા ન હતા, તેનાથી ભિન્ન આત્માના ચૈતન્યસુખને જાણતા હતા. તેથી રાજપાટ છોડીને આત્મામાં લીન થઈ મુક્તિ પામ્યા. આ રીતે જ્ઞાનીને બહારમાં રાજપાટ હોય; છતાં તેનાથી ભિન્ન આત્મા હું છું ને મારા આત્મામાં મારા અનંતગુણનું સામ્રાજ્ય છે,—એવું ભેદજ્ઞાન તેને વર્તે છે. રાજપાટને આત્માથી જુદા જાણીને જ્ઞાનીનું જ્ઞાન તેનાથી વિરક્ત જ વર્તે છે. રાજ અને રાગ બંનેથી જુદું પડેલું જ્ઞાન આત્માના સ્વભાવમાં એકત્વરૂપ થયું છે, તે અતીન્દ્રિય શાંતિ સહિત છે. અહા, આ સમ્યગ્જ્ઞાનનો મહિમા અપૂર્વ છે. તે જ સર્વત્ર સદાકાળ જીવને શરણરૂપ છે. બીજું કાંઈ જીવને આત્મહિત માટે કામ આવતું નથી. મરવા ટાણે હજારો નોકર-ચાકર ને સ્ત્રી-પુત્રાદિ સેવામાં હાજર હોય, સ્વર્ગમાં મોટા દેવ પાસે બીજા હજારો દેવો ખમા-ખમા કરીને સેવા કરતા હોય—પણ કોની સેવા? શરીરની સેવા કરે; અંદર આત્મા તો અજ્ઞાનને લીધે મિથ્યા ભાવોથી દુઃખી થઈ રહ્યો છે, તેને બીજા શું કરે? શું નોકર-ચાકર, સ્ત્રી-પુત્ર, ધનના ઢગલા કે દેવો-તે કોઈ તે આત્માને અજ્ઞાનના દુઃખથી છોડાવવા સમર્થ છે? -ના; માટે હે જીવ! તું વિચાર કે એ કોઈ ચીજ આત્માની શાંતિ માટે કામની નથી તો તે સિવાયની પોતાની ચીજ શું છે કે જે પોતાની શાંતિ માટે સદાય ગમે તે પ્રસંગે કામ આવે! -એવું તો સમ્યગ્જ્ઞાન છે, તે પોતે શાંતિસ્વરૂપ છે એટલે જ્યારે જોઈએ ત્યારે સદાય શાંતિ આપે છે, તે પોતાની જ ચીજ છે. હે ભાઈ! આવા સમ્યગ્જ્ઞાનને લક્ષમાં લઈને તેનો તું ઉદ્યમ કર, થોડોક ઉદ્યમ કરીને અટકી ન જઈશ, પણ કરોડો ઉપાય વડે પણ આનું સમ્યગ્જ્ઞાન કરજે.

અહો, મારું તો જ્ઞાન છે; જ્ઞાન તે હું છું, જ્ઞાન સિવાય બીજું કાંઈ મારું નથી. જ્ઞાન તેને કહેવાય કે જેમાં રાગનો અંશ પણ ન હોય. રાગના કોઈ અંશને જ્ઞાન પોતામાં ભેળવતું નથી. એકકોર જ્ઞાન તે આત્મા, બીજીકોર રાગ અને રાગનાં ફળ તે બધાય જ્ઞાનથી જુદા, આત્માથી જુદા,-એમ બે ભાગ પાડીને ભેદજ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાનનો ઉપાય છે.

શુભાશુભરાગ પુણ્ય-પાપ કે તેનાં ફળ—એ કોઈ પોતાનું આત્મરૂપ નથી, તેથી તે કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માના હિતમાં કામ આવતાં નથી; તે બધાથી પાર પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તે જ પોતાનું નિજરૂપ છે, તેમાં શુભાશુભ વિકલ્પો નથી. આવું નિજરૂપ જ્ઞાન તે જ આત્માને સર્વત્ર શાંતિ દેનારું છે. આવું સમ્યગ્જ્ઞાન થયું તે આત્માની પોતાની ચીજ છે, તે આત્માના સ્વભાવમાંથી થયેલું છે તેથી આત્મા સાથે તે અચલ રહે છે. તેની સાથે સમ્યક્ શ્રદ્ધા–શાંતિ–સુખ–વીતરાગતા વગેરે અનંત સ્વભાવો છે; પરંતુ રાગ કે પુણ્ય તે કાંઈ જ્ઞાનમાં સમાતા નથી; તે તો જ્ઞાનથી જુદા છે. પરભાવ છે, ને બીજી ક્ષણે આત્માથી છૂટા પડી જાય છે; આત્માની સાથે તે અચલ રહેનારાં નથી, કેમકે તે આત્માનું નિજરૂપ નથી.

અરે, ચૈતન્યચીજ અંદર અનંત ગુણસહિત છે તે જ મારું નિજરૂપ છે; મારા ચૈતન્યરૂપમાં શુભવિકલ્પનો એક અંશ પણ સમાય તેમ નથી; પુણ્ય પણ કાંઈ આત્માના હિતને માટે કામ આવતું નથી. –આ પ્રમાણે હે ભવ્યજીવ! તું શુભાશુભરાગથી પણ રહિત એવા ચૈતન્યમય નિજરૂપને ઓળખ. સ્વ-પરના વિવેકમાં રાગને પણ ચૈતન્યથી જુદો જાણવાનું આવ્યું. અહો, આવું સ્વ–પરનું ભેદજ્ઞાન પ્રશંસનીય છે. સર્વે સંતોએ ભેદજ્ઞાનની પ્રશંસા કરી છે. કેવું ભેદજ્ઞાન?—કે જે ઉપયોગમાં રાગના કોઈ અંશને ન ભેળવે; રાગથી સર્વથા જુદો થઈને ઉપયોગ અંતર્મુખ થઈ ને ઉપયોગમાં જ તન્મયપણે ઠરે,–એવું ભેદજ્ઞાન અત્યંત પ્રશંસનીય છે. આવું ભેદજ્ઞાન જીવને અપૂર્વ આનંદ પમાડતું પ્રગટે છે, ને તે પરમ હિતરૂપ મોક્ષનું કારણ છે. આવા ભેદજ્ઞાન વગર શુભરાગ કરે તોપણ તેમાં આત્માનું હિત જરાય નથી; ઊલટું એમાં સંતોષ માનીને મનુષ્યભવ હારી જવા જેવું છે.—

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું? તે તો કહો;
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો?
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અરેરે! એક ક્ષણ તમને હવો!

ભાઈ, લક્ષ્મી વગેરેની મમતા આડે જો તું આત્માનું હિત સાધવાનું ભૂલી જઈશ તો આવા મનુષ્યઅવતારને તું હારી જઈશ. એ લક્ષ્મી વગેરેના વધવામાં કાંઈ આત્માનું સુખ નથી; અરે, પુણ્યનું વધવાપણું એ પણ સંસાર જ છે, એમાં કાંઈ આત્માનું સુખ નથી. બાપુ! અત્યારે તો હવે સંસાર છેદાય ને આત્માનું સુખ મળે એવો ઉપાય કર. સમ્યગ્જ્ઞાનવડે આત્માને ઓળખવાનો શીઘ્ર ઉદ્યમ કર. આત્માને ભેદજ્ઞાનપર્યાયરૂપી જે સુપુત્ર છે તે જ આત્માનું કલ્યાણ કરનાર છે. બહારના સુપુત્ર કાંઈ આત્માને શરણરૂપ થતા નથી. સંયોગો તો ચલાયમાન છે, તે ચાલ્યા જશે; સવારનો સંયોગ સાંજે નહિ દેખાય; સવારમાં જેનો રાજ્યાભિષેક થતો જોયો હોય, સાંજે જ તેની ચિતા બળતી દેખાય! એ સંયોગ કાંઈ આત્માની ચીજ નથી. જ્ઞાન તે આત્માનું નિજસ્વરૂપ હોવાથી આત્મા સાથે અચલ રહે છે. શુભરાગ પણ ચલાયમાન છે, તે કાંઈ અચલ નથી–સ્થિર નથી–શરણ નથી–આત્માનું નિજરૂપ નથી. રાગથી ભિન્ન આત્માના ધ્યાનવડે પરિણમેલું જ્ઞાન તે અચલ છે; તે આત્માનું નિજરૂપ હોવાથી આ લોકમાં કે પરલોકમાં પણ એવું ને એવું ટકી રહેશે. આત્મા જ પોતે પોતાના સ્વભાવથી તેવા જ્ઞાનરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયો તે હવે કેમ છૂટે ? તે જ્ઞાન સદાય આત્મા સાથે અભેદ રહેતું થકું આત્માને પરમ સુખ આપે છે. માટે હે જીવ ! તું સમ્યગ્જ્ઞાન પ્રગટ કર. સર્વપ્રકારના ઉદ્યમવડે વારંવાર ભેદજ્ઞાનના અભ્યાસથી અંતર્મુખ થઈને તું જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કર.

અહો, આ ભેદજ્ઞાન નિરંતર ભાવવા જેવું છે કેમકે સિદ્ધિનું કારણ આ ભેદવિજ્ઞાન જ છે. જે કોઈ જીવો મોક્ષ પામે છે તેઓ ભેદજ્ઞાનવડે જ મોક્ષ પામે છે. મારો આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપથી જુદા જે કોઈ શુભાશુભ રાગ કે ધન-કુટુંબ વગેરે સંયોગ તે હું નથી,-આવા ભેદજ્ઞાન વડે આત્માને અનુભવીને જ બધાય જીવો સિદ્ધ થયા છે; અને આવા ભેદજ્ઞાન વગર કોઈ જીવો સિદ્ધિ પામતા નથી. આ રીતે ભેદજ્ઞાન તે જ મુક્તિનો ઉપાય છે. કહ્યું છે કે—

भेदज्ञान-संवर जिन पायो
ते चेतन शिवरूप गहायो ।
भेदज्ञान जिनके घट नांही
ते जड जीव बंधे जगमांही ॥

આવું ભેદજ્ઞાન છે તે આત્માથી અભિન્ન છે, ને તે મોક્ષનું કારણ છે, માટે મુમુક્ષુઓએ ભેદજ્ઞાનની ભાવના નિરંતર કર્તવ્ય છે. આત્માના જ્ઞાન વગરના બહારના જાણપણાને કાંઈ ભેદજ્ઞાન કહેતા નથી, તે તો અજ્ઞાન અથવા કુજ્ઞાન છે. અરે, પોતાના આત્માને પરથી જુદો ન પાડે એને તે સાચું જ્ઞાન કોણ કહે ? પરથી ભિન્ન પોતાના આત્માનું જ્ઞાન તે જ સાચું ભેદજ્ઞાન છે; નિજસ્વરૂપમાં એકતા કરીને રાગદિથી જુદું પડયું તે જ સુજ્ઞાન છે. આવા ભેદજ્ઞાનવંત સુજ્ઞાની જીવ તે જ મુક્તિનો પંથી છે. જેને આવું ભેદજ્ઞાન નથી, દેહમાં ને રાગમાં એકતાબુદ્ધિથી જેનું જ્ઞાન અજ્ઞાનરૂપ પરિણમી રહ્યું છે-એવો જીવ શુભ-અશુભકર્મોને બાંધીને સંસારમાં જ રખડે છે. માટે કહે છે કે ભાઈ ! હે આત્મહિતના અભિલાષી ! કરોડો ઉપાયે પણ તું આવું ભેદજ્ઞાન કર....તારા હિતનું આ ઉત્તમ કામ સૌથી પહેલાં કર.

આત્મામાં ઊતરીને જેણે સાચું ભેદજ્ઞાન પ્રગટ કર્યું, સ્વાનુભવથી જેણે આત્માનો નિર્ણય કર્યો, તેને સંયોગ ફરતાં તે નિર્ણય ફરે નહિ. સાચો નિર્ણય એવો ન હોય કે ધર્મસ્થાનમાં અથવા જ્ઞાની પાસે બેઠા હોય ત્યારે જ તે રહે ને બહાર જાય ત્યાં તે છૂટી જાય ! સાચો નિર્ણય તો એવો હોય કે આત્મા જ્યાં જાય ત્યાં સાથે જ રહે; કોઈ સંયોગમાં છૂટે નહીં, કેમકે તે નિર્ણય સંયોગના આધારે થયો નથી પણ આત્માના સ્વભાવમાંથી આવ્યો છે. જ્ઞાનીને જે ભેદજ્ઞાન થયું છે તે સદાય સર્વપ્રસંગે રહે છે; તેણે આત્માને આત્મારૂપ જાણ્યો તે કદી છૂટતો નથી, ને પરને પરરૂપ જાણ્યા તેમાં કદી આત્મભાવ થતો નથી.—

નિજરૂપને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે;
જાણે જુએ જે સર્વ-તે હું, એમ જ્ઞાની ચિંતવે.

અહા, આવું ભેદજ્ઞાન થયું તે તો આત્મારૂપ થઈ ગયું, તે હવે કેમ છૂટે ? તે તો

વી. ૩૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માનું નિજસ્વરૂપ છે. હે ભાઈ! તું પુણ્ય-પાપ વગરના આવા તારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં નજર તો કર! તને તારું અચલસ્વરૂપ કોઈ પરમ અદ્ભુત દેખાશે, ને તારા આત્મામાંથી તને મુક્તિસુખનો સ્વાદ આવશે.—આવા ભેદજ્ઞાનવાળો જીવ પ્રશંસનીય છે. ધનના ઢગલા ઘણા હોય કે શાસ્ત્રનું ભણતર ઘણું હોય તેથી કાંઈ જીવ પ્રશંસનીય નથી. પણ અંદર જેણે અતીન્દ્રિયજ્ઞાનવડે ચૈતન્યતત્ત્વની અનુભૂતિ કરી છે તે જીવ ત્રણ લોકમાં પ્રશંસનીય છે. શ્રી કુંદકુંદસ્વામી પણ તેની પ્રશંસા કરતાં કહે છે કે—

તે ધન્ય છે કૃતકૃત્ય છે શૂર વીર ને પંડિત છે,
સમ્યક્ત્વ સિદ્ધિકર અહો! સ્વપ્નેય નહિ દૂષિત છે.

આત્માના અનુભવરૂપ જે ભેદજ્ઞાન, તેનું સાધન પણ આત્માથી જુદું નથી; આત્માથી અભિન્ન એવું જ્ઞાન જ ચૈતન્યસ્વભાવમાં ઘૂસીને આત્માને પરભાવોથી છૂટો ગ્રહણ કરી લ્યે છે, ને પરમ સુખને અનુભવે છે. આત્મા ચૈતન્યવસ્તુ છે, અસંખ્યપ્રદેશનો પિંડ છે, જ્ઞાન-સુખ વગેરે અનંત સ્વભાવો તેમાં ભર્યા છે; જેમ ચંદનમાં સર્વત્ર સુગંધ છે તેમ ચૈતન્યમાં સર્વત્ર જ્ઞાન-આનંદ છે; તેમાં દેહ નથી, રાગ નથી. આવી પોતાના અનંત ભાવોથી ભરેલી એક ચૈતન્યવસ્તુ હું છું.- આમ સ્વસન્મુખ થઈને જે સમ્યગ્જ્ઞાન થયું તે અંદરના ચૈતન્યદરિયામાંથી ઊછળ્યું છે, ચૈતન્યના અનંતગુણના રસને સાથે લેતું તે પ્રગટ્યું છે; ભેદજ્ઞાન છે તે આનંદસહિત પ્રગટે છે. જેમ સાકરની મીઠાશ ખ્યાલમાં આવે છે, તેમ ચૈતન્યના આનંદની કોઈ અતીન્દ્રિય મીઠાશ છે તેનો સ્વાદ ભેદજ્ઞાનીને આવે છે. શુભ વિકલ્પમાં આકુળતા છે, તેના સ્વાદથી જુદો પરમ નિરાકુળ શાંતરસ આત્મામાં છે; તેને માટે આખા સંસારના બાહ્ય ભાવોનો રસ છૂટીને અંદર આત્માનો રસ આવવો જોઈએ, અત્યંત પ્રેમથી તેમાં પરિણામ લગાડવા જોઈએ. આત્મા અરૂપી હોવા છતાં સત્ વસ્તુ છે, તેનો સાક્ષાત્ સ્વાદ ધર્મીને સ્વાનુભવમાં આવે છે, અરૂપી છે તેથી કાંઈ અનુભવમાં ન આવે એવો નથી, જ્ઞાનવડે અનુભવમાં આવે તેવો છે. પણ તેને માટે અંતરમાં તેનો ખૂબ અભ્યાસ કરવો જોઈએ. 'કરોડો ઉપાયથી પણ સમ્યગ્જ્ઞાન કર' એમ કહ્યું, પરંતુ 'કરોડો ઉપાયથી તું શુભરાગ કર' એમ ન કહ્યું, કેમકે સુખનું કારણ કાંઈ રાગ નથી, સમ્યગ્જ્ઞાન જ સુખનું કારણ છે. માટે વિકલ્પથી જુદો પાડીને આત્માનો અભ્યાસ કરવો. સમ્યગ્દર્શન પછી પણ જે વ્રતાદિના વિકલ્પો આવે તેનાથી પણ જ્ઞાનની ભિન્નતાનો અભ્યાસ કરવો. ભાઈ, તારા હિત માટે તું દુનિયાની દરકાર છોડ ને સર્વ ઉપાયથી આત્માના જ્ઞાનનો ઉદ્યમ કર. ભલે કરોડો મુશ્કેલી બહારમાં આવે, નિંદા થાય, રોગ હો, નિર્ધનતા હો, છતાં તું અંતરમાં આત્માના અનુભવનો ઉદ્યમ કર. મરીને પણ (મરણ જેટલી પ્રતિકૂળતા આવી પડે તોપણ) તું આત્મામાં ઊતરીને સમ્યગ્દર્શન કર. તે અંતરની અપૂર્વ વીતરાગી ક્રિયા છે. ધર્મમાં આ મૂળ ચીજ છે, તેના વગર શુભની કાંઈ કિંમત નથી. જગતને શરીરની ને રાગની ક્રિયા દેખાય છે, પણ ધર્મીના અંતરમાં ચૈતન્યના શ્રદ્ધા-જ્ઞાનની વીતરાગી ક્રિયા છે તે તેને દેખાતી નથી; તેને ઓળખે તો તો ન્યાલ થઈ જાય. અહીં કરોડો ઉપાયથી જ્ઞાન કરવાનું કહ્યું તો કાંઈ જુદા જુદા કરોડ ઉપાય નથી, ઉપાય તો એક જ છે, પણ કરોડો પ્રકારની પ્રતિકૂળતા વચ્ચે પણ, આત્માને ઓળખીને તેનો અનુભવ કરવો, ભેદજ્ઞાન કરવું-તે જ એક કર્તવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેના અંતરમાં સાચી જ્ઞાનકળા જાગી તે જીવને સંસાર પ્રત્યે સહજ વૈરાગ્ય થઈ જાય છે; વિષય-કષાયોમાં તેને સ્વપ્નેય સુખ કે મીઠાશ લાગતી નથી. તે ભલે ગૃહસ્થાશ્રમમાં હોય, પુણ્ય–પાપના ભાવો થતા હોય, છતાં જ્ઞાનબળને લીધે આત્માને પુણ્યપાપથી ભિન્ન જ્ઞાનસ્વાદરૂપ અનુભવે છે; પરની સાથે કાંઈ સંબંધ નથી એમ તેની જ્ઞાનપરિણતિ પરથી ને રાગથી અત્યંત નિર્લેપ રહે છે. ભગવાન આત્માના આનંદ અમૃત પાસે વિષય–કષાયોને ઝેર જેવા સમજે છે. ભરતચક્રવર્તી, રાજા રામ વગેરે સમ્યગ્દૃષ્ટિ હતા, તેમને અંતરમાં આવી દશા હતી ઇંદ્ર જેનો મિત્ર, છન્નુહજાર જેને રાણીઓ, છખંડનું જેને રાજ્ય, તીર્થંકર જેના પિતા અને નવનિધાન જેના ઘરે, –છતાં તે ભરતચક્રવર્તી જાણતા હતા કે તેમાં અમારું કાંઈ જ નથી, અમારાથી તે બધાય ભિન્ન છે, તેમાં ક્યાંય અમે નથી; આવા ભેદજ્ઞાનની કળાવડે અંદરમાં ચૈતન્યના આનંદનો સ્વાદ લેતા હતા. આવું જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે, એકવાર પ્રગટ કર્યા પછી તે ભેદજ્ઞાનની ધારા આગળ વધીને અક્ષય કેવળજ્ઞાનને સાધે છે....ને પૂર્ણાનંદને પ્રાપ્ત કરે છે.

માટે કહે છે કે જગતમાં જે કોઈ જીવને આત્માનું સુખ જોઈતું હોય તે સર્વે જીવોએ અંતરમાં કરોડો ઉપાયથી સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને સમ્યગ્જ્ઞાન કરવું જોઈએ. કરોડો ઉપાયથી, એટલે કે અંતરના મહાન અપૂર્વ ઉદ્યમથી પરિણામને આત્મામાં જોડીને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કરવું. ત્રણેકાળે આવું સમ્યગ્જ્ઞાન તે જ મોક્ષનો ઉપાય છે; તેના વડે જ વિષયોની ઇચ્છારૂપ ભયંકર દાવાનળ બુઝાય છે ને પરમ આત્મશાંતિ પમાય છે–એ વાત હવેની ગાથામાં કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ત્રણે કાળે મોક્ષનો ઉપાય ભેદજ્ઞાન
# તેના વડે જ વિષયોનો દાહ બુઝાય છે

જીવને સમ્યગ્જ્ઞાન જ પરમ સુખનું કારણ છે, જન્મ-મરણનો રોગ મટાડનાર તે અમૃત છે; તેના વગર સંસારમાં બીજું કોઈ શરણરૂપ નથી; માટે કરોડો ઉપાય વડે પણ આવું સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો-એમ કહ્યું. હજી તે સમ્યગ્જ્ઞાનનો વિશેષ મહિમા સમજાવતાં કહે છે કે—

[ ગાથા-૮ ]

**जे पूरव शिव गये, जाहिं, अरु आगे जैहैं ।**
**सो सब महिमा ज्ञानतनी मुनिनाथ कहैं हैं ॥**
**विषयचाह दव-दाह जगतजन अरनि दझावे ।**
**तास उपाय न जान ज्ञानघनघान बुझावे ॥**

જે અનંતા જીવો પૂર્વે મોક્ષમાં ગયા છે, અત્યારે જાય છે અને ભવિષ્યમાં જશે-તે બધો સમ્યગ્જ્ઞાનનો જ મહિમા છે— એમ મુનિનાથ કહે છે. જેમ આગ અરણીના જંગલને બાળી નાંખે તેમ વિષયોની ચાહનારૂપી ભયંકર દાવાનળ સંસારી જીવોને બાળી રહ્યો છે, તેને આ જ્ઞાનરૂપી મેઘધારા જ બુઝાવીને શાંત કરે છે; જ્ઞાન સિવાય બીજો કોઈ તેનો ઉપાય નથી.

આત્માના સાચા જ્ઞાનવડે ચૈતન્યસુખનો અનુભવ જ્યાંસુધી ન થાય ત્યાંસુધી શુભ કે અશુભ પરવિષયોમાં સુખબુદ્ધિ રહ્યા જ કરે એટલે વિષયોની ચાહનાની બળતરામાં જીવ બળ્યા જ કરે, દુઃખી થયા જ કરે. પણ સ્વ-પરની ભિન્નતા જાણીને જ્યાં આત્માનું સમ્યગ્જ્ઞાન થયું ત્યાં ચૈતન્યસમુદ્રની અગાધશાંતિ પોતામાં દેખી, વિષયોથી પાર સુખ પોતામાં દેખ્યું; તે અપૂર્વ ચૈતન્યરસની ધારાવડે વિષયોની ચાહ છૂટી જાય છે; સમ્યગ્જ્ઞાન થતાં આત્મા સિવાય બીજા કોઈ વિષયોમાં સુખબુદ્ધિ રહેતી નથી.—

જ્ઞાનકલા જિસકે ઘટ જાગી,
તે જગમાંહી સહજ વૈરાગી;
જ્ઞાની મગન વિષયસુખ માંહી,
યહ વિપરીત, સંભવે નાંહી.

ત્રણેકાળે ભેદજ્ઞાન વડે ચૈતન્યસુખનો અનુભવ કરી કરીને જ જીવો મોક્ષમાં જાય છે. પરથી ભિન્ન ચૈતન્યતત્ત્વની લો લગાડીને જેણે સમ્યક્ જ્ઞાનજ્યોત પ્રગટ કરી તે જ જીવો મોક્ષસુખ પામ્યા, પામે છે ને પામશે. વિદેહક્ષેત્રમાં કે ભરતમાં, ચોથા કાળે કે પંચમકાળે, જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ જીવો મોક્ષ પામ્યા-પામે છે કે પામશે તેઓ જ્ઞાનના સેવનવડે જ મોક્ષ પામ્યા-પામે છે ને પામશે. મુનિનાથ શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે—

અધિક શું કહેવું અરે! સિદ્ધયા અને જે સિદ્ધશે;
વળી સિદ્ધતા સૌ નરવરો, મહિમા બધો સમ્યક્ત્વનો.

વળી અમૃતચંદ્રસ્વામી પણ કહે છે કે—

સિદ્ધો થયા જે જીવ તે સૌ ભેદજ્ઞાન પ્રભાવથી,
બંધ્યા અરે! જે જીવ તે સૌ ભેદજ્ઞાન-અભાવથી.

સમ્યગ્દર્શન કહો, ભેદજ્ઞાન કહો કે જ્ઞાનની આરાધના કહો, તે જ મોક્ષનો ઉપાય છે. મુનિઓના નાથ આમ કહે છે કે જ્ઞાનની આરાધના વડે જ મોક્ષ પમાય છે; આત્મા પોતાના જ્ઞાનની અનુભૂતિરૂપે પરિણમે તે જ મોક્ષનો હેતુ છે.—આમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય સમાઈ જાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય જ્ઞાનમય છે, રાગ વગરનાં છે, તેમાં રાગનો કોઈ અંશ સમાતો નથી. રાગથી ખસીને ચૈતન્યભાવમાં વસવું તે જ મોક્ષનો પંથ છે.

સંતની વાત ટૂંકી ને ટચ;
સ્વમાં વસ....પરથી ખસ.

આખોય મોક્ષમાર્ગ જ્ઞાનમય છે. જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું જ્ઞાન, ને જ્ઞાનનું જ આચરણ, એ રીતે જ્ઞાનની અનુભૂતિમાં મોક્ષમાર્ગ સમાય છે. જ્ઞાનના અનુભવથી જુદું કોઈ મોક્ષનું કારણ નથી.

અહો, જ્ઞાનનો મહિમા તો જુઓ! જ્ઞાન એટલે આખો આત્મા; તેને ઓળખતાં સમ્યગ્જ્ઞાન થયું ને મોક્ષમાર્ગ ખુલ્યો; મુનિઓએ તેને મોક્ષના માર્ગમાં સ્વીકાર્યો. મુનિઓના નાથ એવા અરિહંત ભગવંતોએ, તેમજ ગણધરદેવ વગેરે મોટામોટા મુનિવરોએ ભેદજ્ઞાનને જ મોક્ષનું કારણ જાણીને તેની પ્રશંસા કરી છે. આવા મોક્ષમાર્ગને ઓળખીને જે ભેદજ્ઞાન પ્રગટ કરે તેણે જ અરિહંતોની અને મુનિઓની આજ્ઞા સ્વીકારી છે. જે આનાથી વિરુદ્ધ બીજી રીતે મોક્ષમાર્ગ માને, શરીરની ક્રિયાને કે શુભરાગને મોક્ષનું કારણ માને, તેણે વીતરાગ મુનિઓની કે અરિહંતોની આજ્ઞા માની નથી. બાપુ! મોક્ષમાર્ગમાં અમે શુભરાગની પ્રશંસા નથી કરતા, અમે તો વીતરાગી જ્ઞાનની જ પ્રશંસા કરીએ છીએ. ચોથા ગુણસ્થાને જે સમ્યગ્જ્ઞાન છે તે પણ રાગથી ભિન્ન હોવાથી વીતરાગી જ છે.—આવા સમ્યગ્જ્ઞાનનો મહિમા તો જાણે નહિ ને બહારમાં શુભરાગનો મહિમા કરીને તેમાં એકાકાર રહે તેવા જીવોએ ભગવાન અરિહંતના માર્ગને જાણ્યો નથી, મુનિઓને તે ઓળખતો નથી, ને મુક્તિમાર્ગને પણ તે જાણતો નથી. ભાઈ! મુક્તિના મારગડા અંદર ચૈતન્યના સ્વભાવમાંથી આવે છે, રાગમાંથી નથી આવતા.

આત્માના સાચા જ્ઞાન વગર રાગની મીઠાશ છૂટે નહિ ને વિષયોની ચાહરૂપી આગ બુઝાય નહીં. જ્યાં ચૈતન્યની શાંતિરૂપ મેઘજળ નથી ત્યાં વિષયોમાં બળતા જીવોની આગ ક્યાંથી બુઝાય? બાપુ! આત્માને ભૂલીને તું સંસારમાં રાગની આગમાં બળી રહ્યો છે. (**राग आग दहै सदा, तातें समामृत सेवीए**) શુભ કે અશુભ રાગ તે આગ છે, તેમાં તું સદા બળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહ્યો છો, માટે જ્ઞાનરૂપી અમૃતનું સીંચન કરીને તેને શાંત કર. બીજા કોઈ ઉપાયે તે બુઝાય તેમ નથી. જ્ઞાન વડે અંતરમાં ઊતરીને ચૈતન્યની શાંતિના સમુદ્રમાં ડુબકી માર, તો બાહ્ય વિષયોની ચાહના મટી જશે ને તને પરમ શાંતિનું વેદન થશે. મહા શાંતિનો સાગર ચૈતન્ય-આત્મા છે, તેના શાંતરસના સીંચન વડે વિષયોની આગ બુઝાઈ જશે ને ચૈતન્યની પરમ શાંતિ તને અનુભવાશે. માટે તું સમ્યગ્જ્ઞાનની આરાધના કર.

અહીં આત્માના સમ્યગ્જ્ઞાનનો મહિમા બતાવીને તેની આરાધના કરવાનું કહે છે.—કોણ કહે છે? મુનિઓના નાથ કહે છે, એટલે કે જિનેન્દ્રદેવ અને ગણધરદેવ આ સમ્યગ્જ્ઞાનનો મહિમા કહે છે: હે ભવ્ય જીવો! ભેદજ્ઞાન વડે જ કલ્યાણ સધાય છે, માટે તમે કરોડો ઉપાય વડે પણ આત્માને જાણીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો.

છ માસ આઠ સમયમાં ૬૦૮ જીવો અનાદિકાળથી મોક્ષ જાય છે ને કાયમ એટલા જીવો મોક્ષ જશે.-તેઓ બધા શું કરીને મોક્ષ પામ્યા?-કે આત્માના જ્ઞાન વડે જ મોક્ષ પામ્યા; ને ભવિષ્યમાં પણ એ જ રીતે જીવો મોક્ષ પામશે. (-એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.)

સમ્યગ્જ્ઞાનનો કોઈ અપાર મહિમા છે-કે જે જીવને મોક્ષ પમાડે છે. રાગમાં એવી તાકાત નથી કે જીવને મોક્ષ પમાડે. અનંતવાર મુનિવ્રતનો શુભરાગ કર્યો પણ તેનાથી મુક્તિ તો ન મળી. મુક્તિનો ઉપાય શુભ-અશુભ બંનેથી રહિત, આત્માના અનુભવરૂપ જ્ઞાન જ છે. એ જ્ઞાનનો મહિમા અચિંત્ય છે. ચૈતન્યસ્વભાવનું અપાર સામર્થ્ય છે, વિભાવ તેનાથી વિપરીત છે, ને પરદ્રવ્ય તેનાથી પૃથક્ છે.—આમ વિવેક કરીને સ્વ-પરને જુદા જાણવા, તેમજ વિભાવોથી ચૈતન્યસ્વભાવની ભિન્નતા જાણવી, ને ચૈતન્યસ્વભાવના મહાન સામર્થ્યને જાણીને તેમાં સન્મુખ થવું; આવા ઉપાય વડે સમ્યગ્જ્ઞાન કરવાથી જ જીવને મોક્ષ થાય છે. મુનિનાથ કહે છે કે અરે ભૈયા! અનંતા સિદ્ધભગવંતો જે પંથે સિદ્ધિ પામ્યા તે ભગવંતોના પંથમાં તારે આવવું હોય તો તું ભેદજ્ઞાનનો અભ્યાસ કર; કેમકે બધાય ભગવંતો આવા ભેદજ્ઞાનવડે જ મોક્ષ પામ્યા છે. સીમંધરાદિ ભગવંતો પણ એવા જ ભેદજ્ઞાન વડે અત્યારે મોક્ષ પામે છે, ને તેવો જ માર્ગ ઉપદેશી રહ્યા છે.—

અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી નિવૃત્ત થયા, નમું તેમને.

બધાય તીર્થંકર ભગવંતોએ મોક્ષમાર્ગ આ એક જ પ્રકારે ઉપાસ્યો છે ને એક જ પ્રકાર ઉપદેશ્યો છે, કેમકે મોક્ષને માટે બીજા માર્ગનો અભાવ છે.

અરે, આત્માનો મહિમા જેના જ્ઞાનમાં ન આવે, ને રાગનો મહિમા આવે, તે જીવ વીતરાગી મોક્ષને કઈ રીતે સાધી શકે? આત્માના બેહદ ચૈતન્યસ્વભાવ પાસે રાગાદિ વિભાવોનો કોઈ મહિમા નથી, એ તો ચૈતન્યસ્વભાવથી વિપરીત છે; ચૈતન્યભાવમાં રાગભાવની તો નાસ્તિ છે. આવા સ્વભાવને સમજ્યા વગર સમ્યગ્જ્ઞાન થાય નહિ; સમ્યગ્જ્ઞાન વગર મોક્ષમાર્ગ થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નહીં ને વિષયકષાયરૂપ અગ્નિ બુઝાય નહીં. આ રીતે સમ્યગ્જ્ઞાન તે મોક્ષનું કારણ છે. સમ્યગ્જ્ઞાનને મોક્ષનું કારણ કહેતાં તેની સાથે સમ્યગ્દર્શન અને સમ્યક્ ચારિત્ર પણ સમજી લેવા.

અરે, સ્વયંભૂસમુદ્રમાં અસંખ્ય પશુઓ પણ આવા આત્માનો અનુભવ કરીને મોક્ષમાર્ગી થયેલા અત્યારે વિદ્યમાન છે. પુણ્ય-પાપથી પાર ચૈતન્યસ્વભાવી અમે છીએ. આ દેહ અમે નથી, એકલો શાંત ચૈતન્યરસ તે જ અમે છીએ—એવું સ્વભાવરસનું વેદન તે જીવોને વર્તે છે. હે ભવ્ય! આવો મનુષ્ય અવતાર પામીને તું પણ મોક્ષને માટે આત્માનું સમ્યગ્જ્ઞાન કર. આ તારાથી થઈ શકે એવું છે. પશુપર્યાયમાં જીવોએ જે કર્યું તે મનુષ્યપર્યાયમાં તારાથી કેમ ન થઈ શકે? આત્મા ક્યાં પશુ કે મનુષ્ય છે? આત્મા તો બધાય ચૈતન્યસ્વરૂપી, ભગવાન જેવા છે. ભગવાને જે કર્યું તે તારાથી પણ થઈ શકે તેવું છે.

હું જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું, રાગાદિ વિકાર તે ચૈતન્યથી ભિન્ન છે, શરીરાદિ જડ તદ્દન જુદા છે,–એવું જેને ભાન નથી, ને હું મનુષ્ય છું–ઇત્યાદિરૂપે પોતાને શરીરરૂપ–જડરૂપ માને છે, તો તે જડને મોક્ષમાર્ગની ખબર ક્યાંથી હોય? તે તો કર્મથી બંધાય છે. રાગ થાય તે વખતે તેનાથી ભિન્ન જે ચૈતન્યવસ્તુ છે તેને જ જ્ઞાની પોતાપણે અનુભવે છે; તેથી તેને જ રાગના અભાવરૂપ સંવર છે, ને તેને જ મોક્ષમાર્ગ છે.

અરે ભાઈ! પુણ્ય અને પાપ બંને ચૈતન્યથી ભિન્ન છે, માટે પુણ્ય-પાપના ફળમાં હરખો-વિલખો નહીં–એમ હવેની ગાથામાં કહેશે. પુણ્યના ફળ આવે ત્યાં હર્ષ કરીને ફુલાઈ ન જાઓ, ને પાપનું ફળ આવે ત્યાં વિષાદ કરીને મુરઝાઈ ન જાઓ; ચૈતન્યને તે પુણ્ય–પાપ બંનેથી ભિન્ન જાણીને સમભાવરૂપ રહો. મુનિવરો કહે છે કે પુણ્ય-પાપ તે કાંઈ મુક્તિનો ઉપાય નથી, પુણ્ય-પાપથી જુદું એવું સમ્યગ્જ્ઞાન જ મુક્તિનો ઉપાય છે. આવા સમ્યગ્જ્ઞાનને કરોડો ઉપાય કરીને પણ અંતરમાં પ્રગટ કરો.

સમ્યગ્જ્ઞાન સમાન મહિમાવંત ચીજ જગતમાં બીજી કોઈ નથી. 'જ્ઞાનસમાન ન આન જગતમેં સુખકો કારન.' જીવને જ્ઞાન જેવું સુખદાયક જગતમાં બીજું કાંઈ નથી. અરે, પરમસુખની પ્રાપ્તિ કરાવનારું અને દુઃખદાવાનળને બુઝાવનારું એવું તારું જ્ઞાન, તેનો પરમ મહિમા લાવીને, તું આત્મામાં એકાગ્રતા વડે તે જ્ઞાન પ્રગટ કર. જ્ઞાનને રાગમાં એકાગ્ર ન કર. અંતરમાં જ્ઞાન અને રાગની ભિન્નતાનું ભાવભાસન કરીને જ્ઞાનનો સ્વાદ લે. ભિન્નતાનું ભાવભાસન થયા વગર એટલે કે જ્ઞાનનો સ્વાદ આવ્યા વગર એકલું શાસ્ત્રપઠન વગેરે શું કામનું? હું ચૈતન્યતત્ત્વ છું, ને રાગથી મારું તત્ત્વ જુદી જાતનું છે — એવું અંતરનું વેદન કરે ત્યારે શાસ્ત્રના ભાવોનું સાચું ભાસન થાય, ને ત્યારે સમ્યગ્જ્ઞાન થાય. આવું સમ્યગ્જ્ઞાન થતાં આત્મામાં ચૈતન્યના શાંતરસની એવી મેઘવર્ષા થાય કે અનાદિના વિષય-કષાયની ભયંકર આગને ક્ષણમાત્રમાં ઠારી નાંખે. જ્ઞાન થતાં જ કષાયોથી આત્મા જુદો પડી ગયો ને ચૈતન્યના પરમ શાંતરસમાં મગ્ન થયો. પછી જે અલ્પ રાગાદિ રહ્યા તે તો જ્ઞાનથી જુદાપણે રહ્યા છે, એકપણે નથી રહ્યા. કષાયના કોઈ અંશને ધર્મીજીવ જ્ઞાનમાં ભેળવતા નથી. આવું અપૂર્વ જ્ઞાન તે પરમ મહિમાવંત છે —એમ મુનિનાથ ભગવાને કહ્યું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ ઠંડો બરફ, અને ઊનો અગ્નિ, એ બંનેનો સ્પર્શ જુદી જાતનો છે, તેમ શાંતરસરૂપ જ્ઞાન અને આકુળતારૂપ રાગ, એ બંનેનો સ્વાદ તદ્દન જુદી જાતનો છે, તે જ્ઞાનથી ઓળખાય છે. રાગથી ભિન્ન જ્ઞાનના અચિંત્યસુખનો સ્વાદ જેણે ચાખ્યો છે એવા ધર્મીજીવ જાણે છે કે—જ્ઞાનથી ભિન્ન એવા જે શુભાશુભ ઇંદ્રિયવિષયો (-સ્ત્રી આદિ અશુભ કે સમવસરણાદિ શુભ) તેમાં ક્યાંય મારા સુખનો છાંટોય નથી; તેમાં પરમાં સુખ માનવું તે મિથ્યાત્વ છે. જ્યાં સુખ ભર્યું છે એવા સ્વવિષયને ભૂલીને, પરવિષયોમાં સુખબુદ્ધિને લીધે મિથ્યાદૃષ્ટિ જીવ વિષયકષાયની ભયંકર આગમાં નિરંતર બળી રહ્યો છે.—દુઃખી થઈ રહ્યો છે. તારા આત્માને દુઃખમાં બળતો બચાવવા માટે હે જીવ! તું શીઘ્રપણે વિષયોથી ભિન્ન એવા તારા ચૈતન્ય-અમૃતના સમુદ્રને દેખ. એક વહાલો ભાઈ કે બહેન બળતી હોય કે ઘર સળગતું હોય તો તેને બચાવવા બીજા બધા કામ પડતા મુકીને કેવી તાલાવેલી કરે છે! તો અહીં વહાલામાં વહાલો એવો પોતાનો આત્મા ભયંકર ભવદુઃખના અગ્નિમાં બળી રહ્યો છે તેને બચાવવા હે જીવ! તું શીઘ્ર તાલાવેલી કર...ને સમ્યગ્જ્ઞાન કર. સમ્યગ્જ્ઞાન થતાં શાંતરસના વેદનવડે તારું જ્ઞાન વિષયોથી વિરક્ત થઈ જશે. બહારના વિષયોમાં, શરીર-ઇન્દ્રિયો વગેરેમાં ક્યાંય સ્વપ્નેય મારા આનંદની ગંધ પણ નથી; ને મારા આત્મામાં કોઈ અચિંત્ય અતીન્દ્રિય વિષયાતીત સુખ છે—આનંદનો અગાધ દરિયો મારામાં ભર્યો છે;—આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનવડે સ્વ-પરનો ભેદ જાણતાં આત્મા બધા વિષયોથી વિરક્ત થઈ જાય છે, ને આત્મામાં એકમાં જ સુખબુદ્ધિ થતાં તેમાં જ જ્ઞાન એકાગ્ર થાય છે;—પછી તે જ્ઞાનમાં અશાંતિ કેમ રહે? આ રીતે સમ્યગ્જ્ઞાન જ સંસારના ભયંકર દાવાનળથી બચવાનો એકમાત્ર ઉપાય છે. માટે આવું સમ્યગ્જ્ઞાન મુનિવરોએ પણ અત્યંત પ્રશંસ્યું છે....સુખને અર્થે તું તેનું સેવન કર.

જે જીવ શરીરના સ્પર્શમાં, મીઠા રસમાં, સુગંધમાં, રૂપમાં કે શબ્દ વગેરે કોઈપણ બાહ્યવિષયોમાં, રાગમાં, પુણ્યમાં કે પુણ્યના ફળમાં કયાંક જરાપણ સુખ માને છે તે જીવ પોતાને વિષયાગ્નિમાં બાળે છે. અરે, દુઃખની આગમાં ઝંપલાવીને તે અજ્ઞાની પોતાને સુખી માને છે! ઇચ્છા અને વિષયો વગરની મારી ચૈતન્યવસ્તુ, તે પોતે જ સુખસ્વરૂપ છે-એવું ભાન કરીને સમ્યગ્જ્ઞાનરૂપી મેઘધારા વડે ધર્મીજીવ વિષયચાહના ભયંકર અગ્નિને બુઝાવી નાંખે છે. અને આત્માના આવા સમ્યગ્જ્ઞાન વગરનો જીવ દ્રવ્યલિંગી સાધુ થઈ ને પણ, રાગની રુચિને લીધે વિષયની ઇચ્છાના અગ્નિમાં જ બળી રહ્યો છે; તેને બહારમાં ભલે વિષયોની સામગ્રી ન હોય—છતાં પણ તે જીવ વિષયોથી છૂટયો એમ જ્ઞાની કહેતા નથી, કેમકે વિષય સામગ્રીના કારણરૂપ એવો જે શુભરાગ તેના વેદનમાં તો તેને મીઠાસ પડી છે; તે શુભરાગના ફળમાં તો બાહ્યવિષયસામગ્રી જ મળશે, તેના ફળમાં કાંઈ ચૈતન્યસુખ નહીં મળે. આ રીતે અજ્ઞાનીને વિષયદાહ સળગે છે; ત્યારે જ્ઞાની ચોથાગુણસ્થાનવર્તી અવ્રતી ગૃહસ્થ હોય તોપણ સમ્યગ્જ્ઞાનની ધારા વડે તેણે વિષયચાહરૂપી દાવાનળને બુઝાવી દીધો છે. રાગમાં કે તેના ફળમાં કયાંય તેને મીઠાશ નથી; તેથી બાહ્યમાં રાજપાટની સામગ્રી વચ્ચે બેઠેલા હોય છતાં પણ અંતરમાં ખરેખર તે જીવનું જ્ઞાન વિષયોથી વિરક્ત જ વર્તે છે. અહા, જુઓ તો ખરા સમ્યગ્જ્ઞાનનો મહિમા! સમ્યગ્જ્ઞાન થતાં ચૈતન્યમાં શીતળ શાંતિના ફૂવારા ઊછળે છે, તે શાંતિની ધારા વિષય-કષાયના અગ્નિને બુઝાવી દે છે. સમ્યગ્જ્ઞાન વિના બીજા કોઈ ઉપાયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવને વિષય-કષાય મટે નહીં ને સુખ-શાંતિ થાય નહીં. માટે હે જીવ! તું શીઘ્ર સમ્યગ્જ્ઞાનનું સેવન કર—એમ સંતોનો ઉપદેશ છે.

અરે ભગવાન! તને સંસારના બીજા કામોનો તો અવસર મળે છે, ને આત્માના હિત માટે અવસર નથી મળતો! એમ જો તું કહેતો હો, તો તને આત્માના હિતની દરકાર જ નથી; તને જેવો પરનો રસ છે તેવો આત્માનો રસ નથી. જો ખરેખર તને આત્માનો રસ હોય તો બીજા હજાર કામ છોડીને પણ આત્માના જ્ઞાન માટે ઉદ્યમ કર. બીજા કામનો રસ છોડીને આત્માની ઓળખાણ માટે કરોડો ઉદ્યમ કરીને પણ તું સમ્યગ્જ્ઞાન કર. ભાઈ, અત્યારે તને ઉત્તમ યોગ મળ્યો છે. આવો સુયોગ મળવો ફરી કઠણ છે. માટે તું આ અવસરમાં 'આપો લખ લીજે' આત્માને જરૂર ઓળખી લેજે, તેમાં આળસ કરીશ મા. કેમકે—'યહ નરભવ ફિર મિલન કઠિન હૈ જો સમ્યક્ નહીં હોવે.'

આત્માના અજ્ઞાનથી ચારગતિમાં ભમતા જીવે સૌથી વધુ ભવ તો તિર્યંચ ગતિમાં કર્યાં છે; તે ઉપરાંત સ્વર્ગ–નરક–મનુષ્યના પણ અનંત અવતાર કર્યાં છે; તેમાંય મનુષ્ય કરતાં નરકના અવતાર અસંખ્યગણા કર્યાં છે, ને નરક કરતાંય સ્વર્ગના અવતાર અસંખ્યગુણા કર્યાં છે. સરેરાશ અસંખ્ય અવતાર સ્વર્ગના ને નરકના કરે ત્યારે મનુષ્યનો એક અવતાર મળે. આવી મનુષ્યઅવતારની દુર્લભતા છે. ને આવા દુર્લભ મનુષ્યઅવતારમાં પણ જૈનધર્મનો વીતરાગી ઉપદેશ સાંભળવા મળવો બહુ દુર્લભ છે. આવો મનુષ્યઅવતાર અને વીતરાગી જૈનધર્મનો આવો ઉપદેશ તને અત્યારે મહાભાગ્યે મળ્યો છે, તો હવે તું શીઘ્ર જાગ, ચેતીને સાવધાન થા, ને આત્માની ઓળખાણ વડે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને ભવદુઃખનો અંત કર.

જ્ઞાનીની ચેતનાપરિણતિ રાગાદિથી ને વિષયોથી સહજ વિરક્ત છે. ચૈતન્યસુખમાં જે પરિણતિ મગ્ન થઈ તે હવે રાગમાં કે બાહ્યવિષયોમાં મગ્ન કેમ થાય? અજ્ઞાનીને શુભરાગ હોય તે વખતે તે રાગથી જુદા ચૈતન્યસુખની તો તેને ખબર નથી એટલે રાગમાં જ તેનું જ્ઞાન લીન વર્તે છે. જ્ઞાનીને કદાચ અશુભભાવ હોય પણ જ્ઞાનમાં તેની પક્કડ નથી, તે વખતેય તેનું જ્ઞાન રાગથી તદ્દન જુદું જ વર્તે છે. રાગને તો તે ઉપસર્ગ જેવો માને છે, તેમાં કિંચિત્ સુખ માનતા નથી.—આમ જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિમાં મોટો ફેર છે. ઇચ્છા અને સંયોગ તો બંનેને દેખાય, પણ પક્કડ–પક્કડમેં ફેર હૈ: જેમ બિલાડી જે મોઢામાં ઉંદરને પકડે તે જ મોઢામાં પોતાના બચ્ચાંને પકડે,—પણ ઉંદરને તો મારવા માટે પકડે છે, ને બચ્ચાંને જીવાડવા માટે પકડે છે;—એમ પક્કડ–પક્કડમાં ફેર છે; તેમ સંયોગ–સંયોગમેં ફેર હૈ; સંયોગ જ્ઞાની-અજ્ઞાની બંનેને હોય, પણ જ્ઞાનીને તો તે પારકાપણે છે, પોતાપણે નથી, ને અજ્ઞાનીને તેમાં પોતાપણું છે. રાગ અજ્ઞાનીને તેમજ જ્ઞાનીનેય હોય, ત્યાં જ્ઞાની તે રાગને દુઃખદાયક માનીને તેનો નાશ કરવા માંગે છે, ને અજ્ઞાની તે રાગને સુખદાયક માનીને તેની રક્ષા કરવા માંગે છે.—આમ જ્ઞાની તથા અજ્ઞાનીને અંતરની દૃષ્ટિમાં મોટો ફેર છે.

પ્રશ્ન :—રાગમાં દુઃખ લાગે તો તેનાથી ભાગે કેમ નહીં?

વી. ૪૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :—અરે ભાઈ! એની ચેતના દુઃખથી ભાગેલી જ છે, એટલે છૂટી જ છે. એ કાંઈ રાગમાં લીન નથી. સંયોગ અને રાગ બંનેથી પાર ચૈતન્યને જ તે ચેતના વેદે છે —તેમાં જ તન્મય વર્તે છે. રાગાદિ પરભાવોને તો તે ઉપસર્ગ જેવા સમજીને તેનાથી દૂર (છૂટી જ) રહે છે. જ્ઞાનચેતના તો રાગથી જુદી ને જુદી જ છે. આવા જ્ઞાનનો અપાર મહિમા છે; તેના ભાન વગર બીજામાં આનંદ માનીને જીવો રખડે છે. માટે કહે છે કે હે ભાઈ! બીજી વાત છોડ, ને કરોડો ઉપાય કરીને પણ તું સમ્યગ્જ્ઞાન પ્રગટ કર.

સ્વ-પરની ભિન્નતા ઓળખીને તું સમ્યગ્જ્ઞાન કર, શાસ્ત્ર ભણીને પણ સમ્યગ્જ્ઞાન કર. આવું જ્ઞાન જેણે કર્યું તે જીવ સંવર પામ્યો એટલે સુખ પામ્યો, જન્મ-મરણના અંતનો માર્ગ તેને શરૂ થયો, દુઃખના દાવાનળથી છૂટીને ચૈતન્યની પરમ શાંતિમાં તે આવ્યો.

ભગવાન આત્મા તો શાંતિનો સાગર છે. જેમ બરફના ડુંગરાની વચ્ચે ઠંડક લાગે તેમ આત્મા અકષાયસ્વરૂપ શાંતિની શિલા છે, તેની અંદર પ્રવેશતાં શીતળ-શાંતિ વેદાય છે ને કષાયઅગ્નિ બુઝાય છે. સમ્યગ્જ્ઞાન વગર તો આખો સંસાર કષાયની ભઠ્ઠીમાં સળગી રહ્યો છે. શુભાશુભરાગમાં જ જિંદગી ગુજારે ને રાગ વગરનું જ્ઞાન ન કરે તો આત્માનું કલ્યાણ જરાય નથી. ભાઈ, દુનિયાને રાજી રાખવા તું તારું જીવન આપી દે છે પણ દુનિયા કાંઈ તારી સાથે નહીં આવે; રાગ કે પુણ્ય પણ તને અંદર શાંતિ નહીં આપે, ને તે કાંઈ કાયમ નહીં રહે. રાગ અને સંયોગ બધું ક્ષણમાં પલટી જશે, તે કાંઈ તારી સ્વકીય ચીજ નથી. સ્વકીય ચીજ તો જ્ઞાન છે. જ્ઞાન જ તારું સ્વકીય કાયમી સાથીદાર છે.

અરે, તારે તારું હિત સાધવાનો આ અવસર છે તો તેમાં વિકારથી જ્ઞાનને ભિન્ન કરવાનો અવસર શું તને નહિ મળે? જો વિકારથી જ્ઞાનને ભિન્ન કરવાનો પ્રયત્ન નહીં કર તો તને મોક્ષનો અવસર ક્યાંથી આવશે? સળગતા સુકા વનની જેમ રાગની ચાહમાં સળગતો આ સંસાર,–તેનાથી છૂટવા માટે તારા ચૈતન્યગગનમાંથી તું સમ્યગ્જ્ઞાનના શાંત ચૈતન્યજળની મેઘધારા વરસાવ.

આત્માના અનુભવથી અંતરમાં જ્યાં શાંત ચૈતન્યરસની ધારા પ્રગટી ત્યાં ધર્મી કહે છે કે-

અબ મેરે સમકિત–સાવન આયો...
અનુભવ–દામિની (વીજળી) દમકન લાગી,
સુરતિ ઘટા ઘન છાયો....
સાધકભાવ–અંકૂર ઊઠે બહુ, જિત–તિત હરષ છવાયો....
અબ મેરે સમકિત સાવન આયો.

—અમારા આત્મામાં સમ્યક્ત્વરૂપી શ્રાવણમાસ આવતાં હવે મોહની ગ્રીષ્મ ઋતુનો ઊકળાટ શમી ગયો છે ને શાંતરસની ઘનઘોર ધારા અસંખ્ય પ્રદેશમાં સર્વત્ર વરસી રહી છે; મોહની ધૂળ હવે ઊડતી નથી; સ્વાનુભવરૂપી વીજળી ઝબકવા લાગી છે, ને ધર્મના નવીન આનંદમય અંકૂરા ફૂટયા છે. આમ ધર્મીને સમ્યગ્જ્ઞાનની મેઘધારા વર્ષે છે ને પરમ આનંદ થાય છે. જેને પોતામાં આવી સમ્યગ્જ્ઞાનધારા વરસતી નથી એવો અજ્ઞાની મોહના ઊકળાટમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બળે છે, તેને તો દુષ્કાળ છે. જ્ઞાનની મેઘવૃષ્ટિ વગર એને શાંતિ ક્યાંથી થાય? માટે હે જીવ! તું સમ્યગ્જ્ઞાન કર.

આત્માને સમજાય અને જે સમજતાં શાંતિ થાય એવી આ વાત છે. એકકોર વીતરાગી શાંતરસનો દરિયો, બીજીકોર સંસારના રાગરૂપી દાવાનળ,-તે બંનેને ભિન્ન જાણનારું સમ્યગ્જ્ઞાન રાગના દાવાનળને બુઝાવી નાંખે છે, ને આત્માને શાંતિમાં ઠારે છે. જ્યાં આવું સમ્યગ્જ્ઞાન થયું જ્ઞાનીને રાગની મજા ઊડી ગઈ, હવે તેને જ્ઞાનની અતીન્દ્રિય શાંતિમાં જ મજા આવે છે. આવી શાંતિના વેદન વગર આત્માને કદી કષાયો શાંત પડે જ નહીં—ભલે ત્યાગી થાય, વ્રત પાળે કે શાસ્ત્રોનું રટણ કરે,-એ તો બધું પોપટિયું જ્ઞાન છે.

પોપટિયું જ્ઞાન એટલે શું?

એક હતો પોપટ. તેના માલિકે તેને બોલતા શીખડાવ્યું કે 'બિલ્લી આવે તો ઊડી જવું.... બિલ્લી આવે તો ઊડી જવું....' એક વાર ખરેખર બિલાડી આવી, ને પોપટને મોઢામાં પકડ્યો, તો પણ બિલાડીના મોઢામાં પડ્યો-પડ્યો પણ તે પોપટ ગોખે છે કે 'બિલ્લી આવે તો ઊડી જવું.... બિલ્લી આવે તો....' એ ગોખવું શું કામનું? એ ગોખણપટ્ટીથી કાંઈ પોતાની રક્ષા થતી નથી. તેમ અંદર ચૈતન્યતત્ત્વ શું છે તેના ભાન વગર "શાસ્ત્રમાં આમ કહ્યું છે, રાગને દુઃખદાયક કહ્યો છે" એમ પોપટની જેમ રટ્યા કરે કે અંદર તેવા વિકલ્પ કર્યા કરે, પણ ખરેખર વિકલ્પથી પાર થઈને અંતરના ચૈતન્યતત્ત્વમાં પરિણામ જોડે નહિ તો શાંતિ ક્યાંથી થાય? બિલાડીનાં મોઢાની જેમ તે મિથ્યાત્વના મોઢામાં જ ઊભો રહીને ગોખે છે કે 'વિકલ્પથી જુદા પડવું...જ્ઞાનરૂપ થવું.' પણ ખરેખર જુદો તો પડતો નથી, જ્ઞાનરૂપ થતો નથી, તો એકલા શાસ્ત્ર ગોખ્યે કાંઈ શાંતિનું વેદન થાય નહીં; અંદર તેવા ભાવરૂપ પરિણમન થવું જોઈએ. અને જેની ચેતના રાગથી જુદી પડી ગઈ છે ને સમ્યગ્જ્ઞાનરૂપ પરિણમન થયું છે તેણે 'રાગથી જુદો છું...' એમ ગોખવું ન પડે; જ્ઞાનને ટકાવવા માટે વિકલ્પ ન કરવા પડે. જેમ કોઈ પોપટને 'બિલાડી આવે તો ઊડી જવું' એમ બોલતાં ન આવડે,-પણ બિલાડીનો પ્રસંગ આવે ત્યાં પોતે દૂર ભાગી જાય તો તેની રક્ષા જ થાય છે; તેમ શાસ્ત્રભણતર ભલે ઝાઝું ન હોય, પણ રાગ અને જ્ઞાનની ભિન્નતા જાણીને જેની પરિણતિ ચૈતન્યભાવરૂપે પરિણમી ગઈ છે તેનું જ્ઞાન તો દરેક પ્રસંગે વિકલ્પથી જુદાપણે જ ચૈતન્યમાં વર્તે છે, એટલે જન્મ-મરણથી તેની રક્ષા થાય છે.

અહા, ભેદજ્ઞાન થતાં ધર્મી નિઃશંક થાય છે કે હવે અમે મોક્ષમાર્ગી થયા; હવે અમારે ભવભ્રમણનો છેડો આવી ગયો; જેવું પૂર્ણ સુખ સિદ્ધભગવંતોને છે તેવું થોડુંક સુખ અમને પણ વર્તે છે. અરે, રાગમાં અમારો ચૈતન્યધર્મ કેવો?-ને સુખ કેવું? રાગ તો આંધળો, ને ચૈતન્ય જાગતો,-બંને તદ્દન જુદા છે. શુભરાગમાં ધર્મ કે સુખ માનનારને ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન નથી, તે રાગની આગથી આત્માને જુદો પાડી શકતો નથી, તે વિષયોની દાહમાં જ બળે છે. જેમાં સુખ લાગે તેનાથી જુદો કેમ પડે? માટે કહે છે કે હે ભવ્ય! પહેલાં તો જ્ઞાનનું ને પરનું અત્યંત ભેદજ્ઞાન કરીને તું સમ્યગ્જ્ઞાન કર. પરને ખરેખર ભિન્ન જાણે તો તેમાં સુખબુદ્ધિ રહે જ નહિ. ચૈતન્યસુખને જાણે તો દુઃખદાયક એવા રાગને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુખનું કારણ માને જ નહીં. જ્ઞાનરૂપી ધોધમાર વર્ષા જીવના કષાયોને બુઝાવી નાંખે છે. જ્ઞાનમાં રાગની રુચિ રહેતી નથી, જ્ઞાનજળવડે વિષય-કષાયોની રુચિરૂપી આગ ઠરી જાય છે, ને ચૈતન્યની પરમ શાંતિનો પ્રવાહ વહે છે. અજ્ઞાનમાં કષાયઅગ્નિની જ્વાળા હતી, સમ્યગ્જ્ઞાનમાંથી ઉપશરસનો એવો ધોધમાર પ્રવાહ નીકળ્યો કે કષાયઅગ્નિ તો ઠરી ગયો. આવા સમ્યગ્જ્ઞાનનો પરમ મહિમા સર્વે સંતોએ ગાયો છે. માટે હે જીવો! પરમ ઉદ્યમવડે આવું સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો.

જ્ઞાનપરિણમનમાં મોક્ષમાર્ગ સમાય છે. સમયસારમાં કહ્યું છે કે જ્ઞાનનું સમ્યક્ત્વ તે મોક્ષના કારણરૂપ સ્વભાવવાળું છે, જ્ઞાનનું જ્ઞાન તે મોક્ષના કારણરૂપ સ્વભાવવાળું છે, જ્ઞાનનું ચારિત્ર તે પણ મોક્ષના કારણરૂપ સ્વભાવવાળું છે.—આ રીતે રાગથી ભિન્ન જ્ઞાનના પરિણમનમાં મોક્ષમાર્ગ સમાવી દીધો છે. જ્ઞાન તેને જ કહ્યું કે જે મોક્ષનું કારણ થાય. જે મોક્ષનો હેતુ ન થાય તેને જ્ઞાની જ્ઞાન કહેતા નથી; એ જ રીતે ચારિત્ર પણ તેને કહેવાય કે જે મોક્ષનો હેતુ થાય; જે મોક્ષનો હેતુ ન થાય તેને ( શુભરાગના આચરણને ) ખરેખર ચારિત્ર કહેવાય નહીં, કેમકે તે કાંઈ જ્ઞાનનું ચારિત્ર નથી, તે તો રાગનું ચારિત્ર છે. અહો, જેમાં મોક્ષમાર્ગ સમાય છે એવા જ્ઞાનને અજ્ઞાનીઓ ઓળખતા નથી, ને શુભરાગને મોક્ષમાર્ગ તરીકે સેવે છે, તેઓ અજ્ઞાનથી સંસારમાં જ રખડે છે.–ભલે સ્વર્ગમાં જાય પરંતુ ત્યાં પણ વિષયોની આગમાં જ તે સળગે છે; સ્વર્ગનાય વિષયોમાં કાંઈ સુખ નથી, તેમાં પણ દુઃખ જ છે. સુખ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં છે; તેમાં રાગ નથી, વિષયો નથી. સમ્યગ્દર્શન તે રાગનું નથી, જ્ઞાનનું જ છે; સમ્યગ્જ્ઞાન તે રાગનું નથી, જ્ઞાનનું જ છે; સમ્યક્ચારિત્ર તે રાગનું નથી, જ્ઞાનનું જ છે. જ્ઞાનપરિણમનમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે સમાય છે, તેમાં રાગ સમાતો નથી; અને રાગમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર રહેતા નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે રાગ વગરના છે. આવા જ્ઞાનભાવની શ્રદ્ધા વગર, તેના જ્ઞાન વગર તેના ચારિત્ર વગર મોક્ષમાર્ગ આવશે કયાંથી ? શું રાગમાંથી કે પુણ્યમાંથી મોક્ષમાર્ગ આવશે ? –ના. મોક્ષમાર્ગમાં એની તો કાંઈ જ કિંમત નથી. જે કર્તા થઈને રાગને કરે છે તે જ્ઞાનને કરતો નથી. ( –રાગથી જુદા જ્ઞાનપણે તે પરિણમતો નથી ), ને જે જ્ઞાતા થઈને જ્ઞાનને કરે છે તે રાગનો કર્તા થતો નથી, તેનાથી જુદો જ રહે છે. જ્ઞાનભાવમાં રાગભાવનું કર્તૃત્વ કેમ હોય ? ન જ હોય. તેથી કહ્યું છે કે—

કરૈ કરમ સોહી કરતારા;
**જો જાનૈ સો જાનનહારા.**
કરતા સો જાને નહીં કોઈ,
જાનૈ સો કરતા **નહીં** હોઈ.

એક જ્ઞાનધારા અને બીજી રાગધારા–તેમને પરસ્પર કર્તા-કર્મપણું હોઈ શકે નહીં; તેમ જ એક કર્તા તે બંને ભાવોને કરે–એમ બને નહીં. રાગથી જુદો પડીને જ્ઞાનપણે પરિણમ્યો તે જ્ઞાની જ્ઞાનને જ પોતાના કર્મપણે કરે છે પણ રાગકર્મને કરતો નથી, તેનાથી જુદો અકર્તા જ રહે છે; ને જે રાગનો કર્તા થઈ ને તેમાં તન્મય પરિણમે છે તે જીવ જ્ઞાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, તે અજ્ઞાની છે. જ્ઞાની રાગના કાળે રાગથી ભિન્ન ચૈતન્યપણે જ પોતાને જાણે છે, ને તે ચૈતન્યમાં તન્મય થઈ ને જ્ઞાનપણે જ પરિણમે છે, તેમાં રાગનુંય કર્તૃત્વ નથી તો દેહની ક્રિયા તો ક્યાંય દૂર જડમાં ગઈ. શરીર તો ધૂળનો ઢગલો છે, તેનો કર્તા ચેતનપ્રભુ કેમ હોય? ચેતનપ્રભુને રાગનુંય કર્તૃત્વ શોભતું નથી. તે તો રાગથી ભિન્ન પોતાના ચૈતન્યભાવમાં અતીન્દ્રિય શાંતિસહિત શોભે છે. આવું ભેદજ્ઞાન તે પ્રશંસનીય છે, તે વખાણવા જેવું છે. જેણે ભેદજ્ઞાન કર્યું તે ધન્ય છે, તે સુકૃતાર્થ છે, તે જ ખરો વિદ્વાન છે.

અરે, તારું સત્યસ્વરૂપ તો ઓળખ-ભાઈ! આવો અવસર પામીને જો તારા સત્યસ્વરૂપને તેં ન ઓળખ્યું તો તેં શું કર્યું? આત્માના જ્ઞાન વગર પશુના જીવનમાં ને તારા જીવનમાં શો ફેર? અને તિર્યંચગતિમાં પણ જે જીવ ભેદજ્ઞાન કરે છે તે જીવ પ્રશંસનીય છે,-તે દેવ જેવો છે. અરે, જેણે પોતાના ચૈતન્યરસની મીઠાશ ચાખી તેને રાગમાં કે પરમાં પોતાપણું માનવાનું ક્યાં રહ્યું? ને તેમાં ક્યાંય મીઠાશ ક્યાં રહી? ચૈતન્ય સિવાય બીજે ક્યાંય અતીન્દ્રિય આનંદની મીઠાશ છે જ નહીં. માટે ભેદજ્ઞાનવડે જ્ઞાની પોતાના ચૈતન્યના પરમ ઉપશમરસનો સ્વાદ ચાખીને આખા જગતથી ને રાગથી પણ ઉદાસીન વિરક્ત વર્તે છે. અહો, જે આવું ભેદજ્ઞાન કરે તેનો બેડો ભવથી પાર છે.

જો વ્યક્તિ મરણ કે સંનિકટ હોને પર ભી પુણ્યકા લાભ નહીં કરતા હૈ, વહ માનવજન્મ પાકરકે ભી અપના જન્મ બેકાર ખો દેતા હૈ યહ બડે ખેદકી બાત હૈ. (શ્રી સારસમુચ્ચય)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## 卐 લાખો વાતોમાં સારભૂત એક જ વાત 卐
## પુણ્ય-પાપથી ભિન્ન ચિદાનંદ આત્માને અંતરમાં ધ્યાવો અને જગતના બધા દંદ-ફંદ છોડો

સમ્યગ્જ્ઞાનની આરાધનાના ઉપદેશમાં છેલ્લે ખાસ ભલામણ કરતાં સારભૂત વાત કહે છે:—

[ ગાથા-૯ ]

**पुण्य–पाप फलमांहि हरखो–विलखो मत भाई,**
**यह पुद्गल–परजाय उपजे विनसे फिर थाई।**
**लाख बातकी बात यहै निश्चय उर लावो,**
**तोडि सकल जग दंद-फंद नित आतम ध्यावो ॥ ९ ॥**

જુઓ, સમ્યગ્જ્ઞાન કેવું છે? કે પુણ્ય-પાપથી જુદું છે. હે ભવ્યજીવો! તમે પુદ્ગલથી ભિન્ન અને પુણ્ય-પાપથી પણ ભિન્ન એવા ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો. આવા જ્ઞાનપૂર્વક હે ભાઈ! તમે પુણ્ય-પાપના ફળમાં હર્ષ- વિષાદ ન કરો. કેમકે તે તો પુદ્ગલની પર્યાય છે, તે ઉપજીને નાશ થાય છે, ને ફરીને પાછી પ્રગટ થાય છે. લાખો વાતોના સારરૂપ એવી આ એક વાત છે તેને નિશ્ચયથી અંતરમાં ધારણ કરો,—દુનિયાના બધા દંદ અને ફંદ તોડીને અંતરમાં પોતાના આત્માને સદાય ધ્યાવો.

આત્માને જાણનારું સમ્યગ્જ્ઞાન છે તે પરમઅમૃત છે; તે સમ્યગ્જ્ઞાન પુણ્ય–પાપથી જુદું છે. માટે કહે છે કે હે આત્માર્થી ભાઈ! તમે પુણ્યના ફળમાં હરખો નહીં ને પાપના ફળમાં વિલખો નહીં. પૂર્વે શુભાશુભભાવથી પુણ્ય–પાપરૂપ કર્મો બંધાયા, તેના ફળમાં જે પુદ્ગલસંયોગ મળ્યા, તે કાંઈ જીવના વર્તમાન પ્રયત્નનું ફળ નથી, તેમ જ તેમાં જીવને સુખ–દુઃખ નથી; જ્ઞાનથી તે જુદા છે, માટે તેમાં હર્ષ–વિષાદ ન કરો; પણ બંનેથી જુદા એવા જ્ઞાનનું સેવન કરીને પુણ્ય–પાપમાં સમભાવ રાખો. મિથ્યાદૃષ્ટિ પુણ્યફળમાં સુખ અને પાપફળમાં દુઃખ માને છે, એટલે તેમાં હર્ષ–શોક કરે છે. જ્ઞાનસ્વરૂપ આત્માની દૃષ્ટિ થઈ ત્યાં ધર્મી જીવ પુણ્ય–પાપ બંનેને જ્ઞાનથી જુદા જાણે છે. લાખો વાતોના સારભૂત આ એક જ વાત છે કે જગતના સકળ પુણ્ય–પાપના દ્વંદ્વ અને ફંદ તોડીને જ્ઞાનસ્વરૂપ આત્માને નિત્ય ધ્યાવો. આ વાત નિશ્ચય કરીને ચોક્કસપણે અંતરમાં ધારણ કરો.

પુણ્યફળ તો બળેલા અનાજના ઊકડિયા જેવા છે; જેમ બળેલી ખીચડી તો કાગડા–કૂતરા ખાય, માણસ ન ખાય, તેમ આત્માના ગુણ દાઝયા એટલે કે તેમાં વિકૃતિ થઈને રાગ થયો ત્યારે પુણ્ય બંધાયા; તે રાગ કે તેનાં ફળ એ કાંઈ ધર્મીનો ખોરાક નથી; ધર્મી તો રાગથી જુદી ચૈતન્યશાંતિને જ વેદે છે. અજ્ઞાની તે રાગમાં ને રાગના ફળમાં સુખ માનીને તેને વેદે છે. આત્મા પોતાની શાંતિમાંથી ખસીને જ્યારે બહાર નીકળ્યો ત્યારે શુભરાગરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કષાયભાવ થયો, તેનાથી પુણ્ય બંધાયા, ને તેના ફળમાં લક્ષ્મી વગેરે પુદ્ગલનો સંયોગ મળ્યો; આ રીતે ગુણની વિકૃતિનું જે ફળ તેમાં ધર્મી હોંશ કેમ કરે ?—તેમાં સુખ કેમ માને ? અરે, શાંતિ માટે મારે કોઈ બહારના સંયોગની જરૂર જ કયાં છે ? મારું જ્ઞાન પોતે પરમ શાંતિસ્વરૂપ છે, તેમાં રાગ કે રાગનાં ફળ નથી.—આ પ્રમાણે જાણીને હે જીવ ! તું તારા ગુણનો હર્ષ કર, પ્રમોદ કર; ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મામાં એકાગ્ર થઈ ને વીતરાગી શાંતિની પ્રસન્નતા પ્રગટ કર ! ચૈતન્યથી વિરુદ્ધ એવા રાગના ફળમાં પ્રસન્નતા કરવી તે તો મિથ્યાદ્રષ્ટિનો ભાવ છે. સમ્યગ્જ્ઞાન થયા પછી અલ્પ હર્ષ-શોક થાય તે કાંઈ પુણ્ય-પાપના ફળરૂપ સંયોગને ઇષ્ટ-અનિષ્ટ માનીને થતા નથી, તેમ જ જ્ઞાનને ભૂલીને તે હર્ષ-શોક થતા નથી. આવા સમ્યગ્જ્ઞાનપૂર્વક જેણે પુણ્ય-પાપમાં હર્ષ-શોકની બુદ્ધિ છોડીને સમભાવ પ્રગટ કર્યો છે તેને જ પછી શ્રાવકનાં વ્રત કે મુનિનાં મહાવ્રત હોય છે. તેથી તેનું વર્ણન સમ્યગ્જ્ઞાન પછી કરશે. સમ્યગ્જ્ઞાન વગર તો શ્રાવકપણું કે મુનિપણું હોતું નથી.

ધન-કીર્તિ-દુકાન-મકાન-હોદ્દો-નિરોગતા એ બધા સંયોગ કાંઈ જ્ઞાનનું કાર્ય નથી, તે તો કર્મનું કાર્ય છે; તેમાં હરખ ન કર. તારા જ્ઞાનની જાત તે નથી. તેમ જ રોગ-નિર્ધનતા અપજશ વગેરે પ્રતિકૂળતા આવે તે પાપકર્મનું કાર્ય છે, તે કાંઈ જ્ઞાનનું કાર્ય નથી; માટે તે પ્રતિકૂળ સંયોગમાં હતાશ ન થા, વિષાદ ન કર. પુણ્ય ને પાપ બંનેથી જુદું ચૈતન્યસ્વરૂપ પરમ નીરાકુળ છે તેને તું લક્ષમાં લે, ને તેને જ અંતરમાં ધ્યાવ. જ્ઞાનને જોતાં ને તેનો સ્વાદ ચાખતાં તને પુણ્ય-પાપ બંનેમાંથી રસ ઊડી જશે; આનંદસ્વરૂપના વેદનથી આત્મા પોતે સંતુષ્ટ થશે; તેમાં જ સાચી પ્રસન્નતા છે, ને ત્યાં પુણ્ય-પાપ બંનેમાં સમતા છે.

જીવે અનાદિથી પુણ્ય સારું—એમ માનીને તેમાં હર્ષ કર્યો, ને પાપ ખરાબ-એમ માનીને તેમાં ખેદ કર્યો,-પણ શાંતિ કયાંય ન મળી. જ્ઞાની તો બંનેથી પાર ચૈતન્યને જાણીને તેમાં એકાગ્રતાથી શાંતિને વેદે છે. હું મારી શાંતિને, મારા ધર્મને સાધી રહ્યો છું—પછી સંયોગમાં હર્ષ-શોક શો ?

ધર્મીનેય કોઈવાર પાપના ઉદયથી રોગાદિ પ્રતિકૂળતા હોય, આજીવિકાની મુશ્કેલી હોય, અપમાન થતું હોય, તેથી કાંઈ તેને ધર્મમાં શંકા પડતી નથી, કેમકે જ્ઞાન તો સંયોગથી જુદું જ છે. વળી અજ્ઞાનીને પુણ્યનો ઉદય દેખાય ને જ્ઞાનીને પાપનો ઉદય દેખાય, અજ્ઞાની રાજા હોય ને જ્ઞાની ગરીબ હોય-તેથી કાંઈ ધર્મી મુંઝાતા નથી કે હું ધર્મી, ને મારે કેમ આવો સંયોગ ? તે જાણે છે કે આ તો પુણ્ય-પાપના ખેલ છે, સંસારમાં પુણ્ય-પાપના ખેલ તો આવા જ હોય; મારું જ્ઞાન તો તેનાથી જુદું જ છે. સંકલ્પ-વિકલ્પની જાળ થાય તેને પણ તોડીને સ્વરૂપની શાંતિમાં વિશેષ એકાગ્ર કેમ થવાય, તેની જ ધર્મીને ભાવના છે. પુણ્ય-પાપના ઉદયથી સંયોગમાં અનુકૂળતાના ઢગલા હોય કે પ્રતિકૂળતાનો પાર ન હોય, તેને કારણે પોતાને જરાય સુખી-દુઃખી તે માનતા નથી. અમારું સુખ અમારા આત્મામાં છે, તે પુણ્ય-પાપ વગરનું છે; એ સુખને અમે અમારા સમ્યગ્જ્ઞાન વડે સાધી જ રહ્યા છીએ; તેથી પુણ્ય-પાપ બંનેના સંયોગ પ્રત્યે સમભાવ છે. પુણ્ય હો કે પાપ, તેને જ્ઞાનથી જુદા જાણ્યા છે. જરાક હર્ષ-ખેદ થાય તેને પણ જ્ઞાનથી જુદા જ જાણ્યા છે, એટલે સમ્યગ્જ્ઞાન પોતે તે હર્ષ-ખેદમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોડાઈ જતું નથી. આ રીતે જ્ઞાનને પુણ્ય–પાપથી જુદું જાણીને હે ભવ્યજીવો! તમે નિશ્ચયથી જ્ઞાનસ્વરૂપ આત્માને જ અંતરમાં નિરંતર ધ્યાવો; તે જ લાખો વાતોનો સાર છે. શાસ્ત્રો ભણીને, વૈરાગ્ય લઈને, નિવૃત્તિ લઈને, સત્સંગ કરીને,—એ બધું કરીને પણ આત્માને જાણવો તે જ સર્વ વાતનો સાર છે. બધું કરી કરીને પણ જો આત્માને ન જાણ્યો તો બધું અસાર છે—નકામું છે. જેણે આત્મા જાણ્યો તેણે સારભૂત બધું કરી લીધું.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક એમ વિચારે છે કે જો મારી શ્રદ્ધા–જ્ઞાન–શાંતિરૂપી આત્મસંપદા મારી પાસે છે તો મારે બહારની સંપદાનું શું કામ છે? અને જ્યાં એવી આત્મસંપદા ન હોય ત્યાં બાહ્યસંપદાના ઢગલા હોય તોપણ તેથી શું? રત્નકરંડ–શ્રાવકાચારમાં પણ એ વાત કરી છે—

**यदि पापनिरोधोन्य–संपदा किं प्रयोजनम् ।**
**अथ पापास्रवोस्त्यन्य–संपदा किं प्रयोजनम् ॥ २७ ॥**

જો મારે સમ્યક્ત્વાદિ વડે આસ્રવનો નિરોધ છે તો તેના ફળમાં કેવળજ્ઞાનાદિ અનંત ચૈતન્યસંપદા મને સહેજે મળશે, પછી બાહ્ય સંપદાનું શું કામ છે? અને બાહ્ય સંપદા ખાતર જો પાપકર્મનો આસ્રવ થતો હોય તો એવી બાહ્ય સંપદાને મારે શું કરવી છે? હું ભગવાન–આત્મા પોતે બેહદ ચૈતન્યસંપદાનો ભંડાર છું—એમ આત્માનાં સમ્યક્શ્રદ્ધા જ્ઞાનાદિ કર્યાં તે શ્રાવકનાં રત્નો છે. આવા અચિંત્ય રત્નનો પટારો મારી પાસે છે તો પછી બહારની જડલક્ષ્મીનું શું કામ છે? સમ્યક્ત્વાદિના પ્રતાપે મારા અંતરમાં સુખ–શાંતિરૂપ સમૃદ્ધિ વર્તે જ છે પછી મારે બીજા કોઈનું શું કામ છે? અને જેને અંતરમાં શાંતિ નથી, સમ્યગ્દર્શન–જ્ઞાનાદિ રત્નોની સંપદા જેના અંતરમાં નથી, તો બહારની સંપદાના ઢગલા તેને શું કરશે? સાચી સંપદા તો તે છે કે જેનાથી આત્માને શાંતિ મળે; એટલે આત્માના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–વીતરાગતા તે જ સાચી સંપદા છે. આવી સંપદાવાળા સુખીયા ધર્માત્મા બહારની અનુકૂળતા–પ્રતિકૂળતા બંનેને પોતાથી જુદી જાણે છે, એટલે તેને તેમાં હર્ષ–શોક થતો નથી, જ્ઞાન જુદું ને જુદું રહે છે. આવું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન અંતરમાં પ્રગટ કરવું તે બધાનો સાર છે.

મૂઢ લોકો બાહ્યલક્ષ્મીને જ સર્વસ્વ માને છે, તે લક્ષ્મી ખાતર અડધું જીવન વેડફી દે છે ને અનેકવિધ પાપ બાંધે છે, તેમાં સુખ તો કદી મળતું નથી. બાપુ! જ્ઞાનાદિ અનંત ચૈતન્યરૂપ તારી સાચી લક્ષ્મી તારા આત્મામાં ભરી જ છે, તેને દેખ! તારી ચૈતન્યસંપદામાં બહારની અનુકૂળતા કે પ્રતિકૂળતા કેવી? આવી ચૈતન્યસંપદાના ભાન વગર સાચી શાંતિ કે શ્રાવકપણું હોય નહીં. સમ્યગ્દૃષ્ટિની દશા પુણ્ય–પાપથી જુદી હોય છે. સમ્યગ્દર્શનના પ્રતાપે ત્રણલોકમાં શ્રેષ્ઠ સંપદારૂપ સિદ્ધપદ મળે છે, પછી બીજી કોઈ સંપદાનું શું પ્રયોજન છે? બાહ્યસંપદા એ ખરેખર સંપદા જ નથી.

અરે જીવ! પાપના ફળમાં તું દુઃખી ન થા, હતાશ ન થઈ જા. તે વખતે પ્રતિકૂળ સંયોગથી જ્ઞાન જુદું છે તેને ઓળખ. પાપનો ઉદય આવતાં ચારેકોરથી પ્રતિકૂળતા આવી પડે—સ્ત્રી-પુત્ર મરી જાય, ભયંકર રોગ–પીડા થાય, ધન ચાલ્યું જાય, ઘર બળી જાય, નાગ કરડે, મહા અપજશ–નિંદા થાય, અરે! નરકનો સંયોગ આવી પડે ( –શ્રેણીક વગેરે અસંખ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દૃષ્ટિ જીવો નરકમાં છે ),-એમ એકસાથે હજારો પ્રતિકૂળતા આવે તોપણ સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધાને છોડતો નથી. ભાઈ, એ સંયોગમાં ક્યાં આત્મા છે ? આત્મા તો જુદો છે, ને આત્માનો આનંદ આત્મામાં છે,-પછી સામગ્રીમાં હર્ષ-શોક શો ? તારી સહનશક્તિ ઓછી હોય તોપણ આવા શ્રદ્ધા-જ્ઞાન તો જરૂર રાખજે, તેનાથી પણ તને ચૈતન્યની અપૂર્વ શાંતિનું વેદન રહેશે.

વળી, જેમ પ્રતિકૂળતાથી જુદાપણું કહ્યું તેમ પુણ્યના ફળમાં ચારેકોરની અનુકૂળતા હોય— સ્ત્રી-પુત્રાદિ સારા હોય, નિરોગ શરીર હોય, ધનના ઢગલા હોય, બંગલા-મોટર હોય, ચારેકોર યશ ગવાતા હોય, અરે ! દેવલોકમાં ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધિની ઋદ્ધિ હોય,-તોપણ તેથી શું ? તે સંયોગમાં ક્યાં આત્મા છે ? આત્મા તો જુદો છે; આત્માનો આનંદ આત્મામાં છે—એમ ધર્મી જાણે છે ને તેના જ્ઞાનમાં તેનું જ વેદન વર્તે છે. પુણ્યફળને કારણે તે પોતાને સુખી માનતા નથી. જેમ કોઈ અરિહંતોને તીર્થંકર પ્રકૃતિના ઉદયથી સમવસરણાદિનો અદ્ભુત સંયોગ હોય છે, પણ તેને કારણે કાંઈ તે અરિહંત ભગવાન સુખી નથી, તેમનું સુખ તો આત્માના કેવળજ્ઞાનાદિ પરિણમનથી જ છે, એટલે તે 'સ્વયંભૂ' છે, તેમાં કોઈ બીજાની અપેક્ષા નથી; તેમ નીચલી દશામાં પણ સર્વત્ર સમજવું. સમ્યગ્દૃષ્ટિ પોતાના શુદ્ધ ચૈતન્યપરિણમનથી જ સુખી છે, પુણ્યથી કે બાહ્ય સંયોગથી નહીં.

ભાઈ, સંસારમાં પુણ્ય-પાપનાં ફળ એ તો ચલતી-ફિરતી છાયા જેવા છે. આજ મોટો ઝવેરી હોય ને કાલે ભીખારી થઈને પૈસા માંગતો હોય; આજે ભીખારી હોય ને કાલે મોટો રાજા થઈ જાય,—એ ક્યાં જ્ઞાનનું કામ છે ? ને એમાં ક્યાં કાંઈ નવું છે ? એ તો જડ-પુદ્ગલની રમત છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તેમાં નથી તો પુણ્ય કે નથી પાપ; પુણ્ય-પાપના કારણરૂપ રાગ પણ તેના જ્ઞાનસ્વભાવમાં નથી. આવા પોતાના સ્વરૂપને કરોડો ઉપાયે પણ ઓળખવું, અને જગતના ઝંઝટ છોડીને અંતરમાં તેને ધ્યાવવું—તે જ લાખો વાતોનો સાર છે. એના વગર બીજી લાખો વાતો ભલે કરે પણ એ 'વાતે વડા થાય તેમ નથી.' જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય કરીને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરતાં જન્મ-મરણના ફંદા છૂટી જાય છે, માટે તે જ સાર છે. આવા સમ્યગ્દર્શન-જ્ઞાન વગરની બીજી લાખો વાતો તે બધી અસાર છે, તેમાં કાંઈ સાર નથી, તેમાં આત્માનું જરાય હિત નથી.

* શુભ-અશુભભાવ ( તે ભાવકર્મ );

* પુણ્ય-પાપકર્મ ( તે દ્રવ્યકર્મ );

* તેના ફળરૂપ અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી ( તે નોકર્મ )

—તે ત્રણ પ્રકારમાં ક્યાંય આત્માની શાંતિ નથી, માટે તેમની રુચિ છોડ. તે બધાથી જુદું જ્ઞાનસ્વરૂપ છે તે મહા આનંદ ને શાંતિનું ધામ છે. અનંતકાળથી ન મળેલી એવી તારી અપૂર્વ આત્મશાંતિ તારે જોઈતી હોય, તારા મહાન ચૈતન્યનિધાન તારે જોવા હોય તો, પુણ્ય-પાપ, રાગ-દ્વેષ અને બાહ્યસામગ્રી એ બધાયથી જુદા એવા તારા ચૈતન્ય તરફના ઉલ્લાસથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વસન્મુખ થઈને, તેના શ્રદ્ધા–જ્ઞાન કર અને તેને જ ધ્યાવ. આ જ સર્વે શાસ્ત્રોનો સાર છે ને આ જ જન્મ–મરણના દુઃખથી છૂટવાનો ઉપાય છે.

જુઓ, આ જ મુમુક્ષુએ કરવા જેવું કર્તવ્ય છે.—ક્યારે ? કે સદાય; 'નિત આતમ ધ્યાવો.' આત્માને સદાય પુણ્ય–પાપથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે જ ભાવવો. પુણ્યના ફળથી હું સુખી ને પાપના ફળથી હું દુઃખી—એમ એકક્ષણ પણ ન ભાવવું; પણ બંનેથી ભિન્ન એવા પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને સદાય ભાવવો. તેની શ્રદ્ધા–જ્ઞાન કરીને પોતાના અંતરમાં તેનું જ ધ્યાન ધરવું.—આ ભગવાન જિનેન્દ્રદેવની આજ્ઞા છે, ને સંતોએ આવું કાર્ય કર્યું છે. સંતોના સર્વ ઉપદેશનો સાર આમા સમાય છે.

શરીરના હાથ–પગની ક્રિયાઓ જડની છે, તેને કરવાનો આત્માનો અધિકાર નથી; તેનાથી આત્માને અત્યંત જુદો જાણવો. રાગ-દ્વેષભાવો પોતામાં થાય છે પણ આત્માના ચૈતન્યસ્વરૂપની તે ચીજ નથી; માટે તે રાગ-દ્વેષની, પુણ્ય-પાપની ને તેના ફળની રુચિ છોડીને, તેનાથી ભિન્ન એવા પોતાના ચૈતન્યતત્ત્વની જ પ્રીતિ કરો; અંતરમાં તેનો જ મહિમા કરીને, ચિત્તને તેમાં એકાગ્ર કરો. એ જ પરમ શાંતિનો માર્ગ છે. બાકી પુણ્ય–પાપનાં ફળ તે તો જડ થોથાં છે–તેમાં ક્યાંય શાંતિ નથી. ચૈતન્યની શાંતિમાં ઘૂસી ગયો ત્યાં જગતનાં ફંદ કેવા ? ને પુણ્ય-પાપનાં દ્વંદ્વ કેવા ? અંતર્મુખ થઈને શાંતિના વેદનમાં ઊતરી ગયો ત્યાં પુણ્ય–પાપ, હર્ષ–શોક કે રાગ–દ્વેષનાં દંદ–ફંદ રહેતા નથી. હિતને માટે હે મુમુક્ષુ ! આવા આત્મસ્વરૂપને જાણીને નિરંતર તેને ભાવજે. પુણ્યમાં સુખ, કે જડની સામગ્રીમાં સુખ, કે તે જડની ક્રિયા મારી,–એમ એક ક્ષણમાત્ર પણ ચિંતવીશ મા. પુણ્ય–પાપ તે તો જગતના ફંદ છે, આત્મા તો આનંદકંદ છે; આનંદકંદમાં રાગ–દ્વેષના ફંદ નથી.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેને જાણો. પરચીજ આત્માના અધિકારની નથી, માટે પરની ચિંતા છોડીને સદાય પોતાના આત્માને પુણ્ય–પાપથી જુદો ધ્યાવો. પુણ્ય–પાપ કે સંયોગ કોઈ શાશ્વત નથી. આત્મા જ શાશ્વત તત્ત્વ છે, તેને દ્રષ્ટિમાં લેવું તે જ સમ્યગ્દ્રષ્ટિનું સત્ત્વ છે, તે જ સમ્યગ્દ્રષ્ટિનું કાર્ય છે. વચ્ચે પુણ્ય–પાપના ભાવ આવે તે કાંઈ સમ્યગ્દ્રષ્ટિનું કાર્ય નથી, તે કાંઈ ચૈતન્યનું સત્તત્ત્વ નથી, તે કાંઈ ચૈતન્ય સાથે શાશ્વત રહેનારા નથી.

સત્ય જ્ઞાનવંત જીવ પુણ્ય–પાપના ફળરૂપ બાહ્યપદાર્થમાં ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ કરતો નથી; ભિન્ન વસ્તુથી લાભ–નુકસાન શું ? ને તેમાં હર્ષ–શોક શો ? કીર્તિ હો કે ન હો, ધન હો કે ન હો, મકાન હો કે ન હો, શરીરમાં નીરોગતા હો કે રોગ હો,—એ બધાયથી નિરપેક્ષ રહીને, 'હું તો જ્ઞાનમાત્ર છું ને જ્ઞાન જ શાંતિસ્વરૂપ છે' એમ તારા આત્માને જ ધ્યાવજે, જગતના ફંદમાં કે પુણ્ય–પાપના દ્વંદમાં પડીશ નહીં. સંસારમાં પુણ્ય તને ઊંચે ચડાવશે ને પાપ તને નીચે પાડશે. માટે એવા પુણ્ય–પાપના ફંદામાં તું પડીશ નહીં. એ બધાય દંદ-ફંદ છોડીને સદાય તેનાથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ આત્માને ધ્યાવજે. એ જ લાખો વાતોમાં સાર વાત છે. હિતની રીત તો આ જ છે, બીજી કોઈ જગતજંજાળમાં હિત નથી. [સંસારના લાભ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે, ધન માટે, રોગ મટવા માટે દેવ-દેવીની માન્યતા કરે તે તો અજ્ઞાન છે. ધર્મીજીવ વીતરાગભગવાનનો ભક્ત, તે સંસારનાં ફળને વાંછે નહિ, આત્માના સ્વભાવ સિવાય બીજા કોઈની તેને ભાવના ન હોય. સમ્યગ્દૃષ્ટિ ગમે તેવી અનુકૂળ-પ્રતિકૂળતામાં પણ હર્ષ-શોકમાં એકાકાર થઈને જ્ઞાનને ભૂલે નહીં.

આમ કહે કે અમે જૈન, અમે વીતરાગદેવના ભક્ત; અને જરાક અનુકૂળતા આવે ત્યાં લલચાઈ જાય, ને હર્ષમાં એકાકાર થઈ જાય, તથા પ્રતિકૂળતા આવે ત્યાં અંદર મહા ખેદખિન્ન થઈ ને તે ખેદમાં એકાકાર થઈ જાય, હર્ષ-શોકથી જુદા જ્ઞાનને ભૂલી જાય; સંયોગ ફરતાં જાણે આત્મા જ ખોવાઈ ગયો! -એ કાંઈ વીતરાગના ભક્તને શોભે નહિ. જિનભગવાનનો ભક્ત ધર્મી તો ગમે તે સંયોગમાં, સંયોગથી ભિન્ન આત્માને ભૂલે નહીં, આત્માનું જ્ઞાન છોડીને તેને હર્ષ-શોક થાય નહિ; હર્ષ-શોકથી જ્ઞાન જુદું ને જુદું રહે એટલે શાંતિનું વેદન રહે. ઘણા કહે છે કે 'અરેરે! અમને ક્યાંય શાંતિ નથી!' -પણ બાપુ! તું પોતાને વીતરાગનો ભક્ત અને જિનેશ્વરનો પુત્ર કહેવડાવે અને તને શાંતિ કેમ નહીં? વિચાર તો ખરો! વીતરાગનો પુત્ર રાગમાં કે રાગના ફળમાં અટકે નહિ, એ તો બંનેનો જ્ઞાતા રહીને, પોતાના જ્ઞાનની અપૂર્વ શાંતિને અનુભવે. નરકની પ્રતિકૂળતા પાસે અહીંની પ્રતિકૂળતા શું હિસાબમાં છે? છતાં ત્યાંની ઘોર પ્રતિકૂળતા વચ્ચે પણ સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્માને તે પ્રતિકૂળ સંયોગથી જુદો જ્ઞાનસ્વરૂપ જાણે છે, ને તેની શાંતિનું વેદન ત્યાં પણ કરે છે. હર્ષ-શોકથી પાર આત્માના આનંદનો સ્વાદ તેણે ચાખ્યો છે. નરકના સંયોગ મને અનિષ્ટ ને સ્વર્ગના સંયોગ ઇષ્ટ એમ તે માનતો નથી; મારું જ્ઞાન બધા સંયોગથી જુદું છે, કોઈ બાહ્ય ચીજ મને ઇષ્ટ કે અનિષ્ટ નથી. પોતાનો મોહ અનિષ્ટ છે, જ્ઞાન જ ઇષ્ટ છે. જીવમાં તો જ્ઞાનની છાપ છે, કાંઈ સંયોગની છાપ જીવમાં નથી કે આ સંયોગ હોય તો જીવને ઠીક ને આ સંયોગ હોય તો અઠીક! જીવ તો જ્ઞાન છે, જ્ઞાનને તો બધું જ્ઞેય છે, જ્ઞાનને કોઈ સંયોગ ઠીક-અઠીક નથી. આમ ધર્મી પોતાને પરથી ભિન્ન જ્ઞાનપણે જ અનુભવે છે.

'સમય બદલાય છે જ્યારે....બધું પલટાય છે ત્યારે!'- જાણે સંયોગ પલટતાં આત્મા જ આખો પલટી ગયો! એમ અજ્ઞાની સંયોગને જ જોઈને હર્ષ-શોક કર્યા કરે છે. પણ ભાઈ! સંયોગમાં તું ક્યાં છો? સંયોગ પલટતાં તું ક્યાં પલટી ગયો છો? તું તો જ્ઞાનરૂપ જ રહ્યો છો. સંયોગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપને લક્ષમાં તો લે. તો તને સંયોગમાં હર્ષ-શોકની બુદ્ધિ છૂટી જશે, ને જ્ઞાનની ભાવનાથી અપૂર્વ શાંતિનું વેદન થતાં સંસારના જન્મ-મરણના ફંદા મટી જશે. માટે ભેદજ્ઞાન કરીને આવી જ્ઞાનભાવના નિરંતર કરવી તે જ જગતમાં સાર છે. જ્ઞાનની ભાવના ભાવવી ને પુણ્ય-પાપના ફળમાં હર્ષ-શોક કરવો નહીં. પરચીજની મમતા કરે ત્યારે જ તેને ભલી-બૂરી માને અને તેને હર્ષ-શોક થાય. પણ પર ચીજ મારામાં છે જ નહિ, હું તો જ્ઞાન છું-એમ પરથી ભિન્ન આત્માના સ્વભાવને ભાવે તો તેમાં હર્ષ-શોક થાય નહીં, જન્મ-મરણનું દ્વંદ્વ થાય નહિ, ને સંસારના ફંદથી છૂટીને આત્માની અપૂર્વ શાંતિ પ્રગટે.

સિદ્ધાંત એ છે કે આત્માનો જ્ઞાનસ્વભાવ જ ભલો છે-સુંદર છે, ને સમસ્ત પુણ્ય કે પાપ વિકાર તે બૂરો છે. એ સિવાય બીજી કોઈ ચીજ ભલી-બૂરી નથી. આમ જ્ઞાનને જ સુંદર ભલું માનીને, પરને ભલું-બૂરું ન માનવું ને તેમાં હર્ષ-શોક ન કરવા. જે પરને હિતરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે અહિતરૂપ માને તેણે આખા જગત પ્રત્યે રાગ-દ્વેષ કરવા જેવા માન્યા એટલે તેને અનંતાનુબંધી રાગ-દ્વેષ થયા. જ્યારે પરથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વભાવને જાણે અને તેને જ ભલો-સુંદર-સુખરૂપ માને ત્યારે તેમાં સ્વસન્મુખતા થાય, પરમાં રાગ-દ્વેષનો અભિપ્રાય છૂટીને સમભાવ પ્રગટે. માટે જ્ઞાનસ્વરૂપનો નિર્ણય કરીને તેની સન્મુખ થવું તે જ લાખો વાતોનો સાર છે, તે જ સુખી થવાનો માર્ગ છે.

પુણ્યના ફળમાં સામગ્રી મળી તે હિતકર, ને પાપના ફળમાં સામગ્રી મળી તે અહિતકર -એમ જ્ઞાની માનતા નથી; તે બંનેથી જુદો હું જ્ઞાનાનંદ-આત્મા છું તેનું જ્ઞાન કર્યું તે જ મને હિતકર છે, બીજું કોઈ હિતકર નથી. અજ્ઞાન અહિતકર હતું તેનો તો નાશ થયો છે. અજ્ઞાનીને પણ પરચીજ કાંઈ અહિતકર નથી, તેને તેનું અજ્ઞાન જ અહિતકર છે. બીજી ઢાળમાં કહ્યું હતું કે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રવશ જીવ જન્મ-મરણનાં દુઃખો ભોગવે છે માટે તેને તજો.

રાગાદિ તો પ્રગટપણે દુઃખ છે; રાગ—અશુભ હો કે શુભ હો—બંનેમાં દુઃખ જ છે; પણ અજ્ઞાની તેને સુખ માનીને સેવે છે, ને તેના ફળમાં સુખ માને છે.—

રાગાદિ પ્રગટ યે દુઃખદૈન, તિનહી કો સેવત ગિનત ચૈન.

અને

આતમહિત હેતુ વિરાગ-જ્ઞાન, તે લખૈ આપકું કષ્ટદાન.

જુઓ, આ અજ્ઞાનીનાં લખ્ખણ ! ભાઈ, રાગથી જુદું તારું જ્ઞાન જ તને સુખ દેનાર છે. પુણ્ય-પાપ તો આસ્રવ છે, તે તો સંસારનું કારણ છે, તેમાં સુખ કેમ હોય ? ભેદજ્ઞાન સમાન કોઈ સુખ નથી. ભેદજ્ઞાન સિવાય કોઈ મોક્ષનું કારણ નથી. માટે હે મોક્ષાર્થી જીવો ! સર્વ પ્રયત્નથી આવા આત્માનું જ્ઞાન કરીને તેને જ ધ્યાવો. સકળ જગતના દંદ-ફંદ છોડીને, અંતરમાં લાખ ઉપાયે પણ પોતાના આત્માને લક્ષમાં લ્યો, તેને જ ધ્યાવો; તે જ બધી વાતનો સાર છે; લાખો શાસ્ત્રોનો સાર તેમાં સમાય છે.

'સકળ જગત' કહેતાં, સંસારમાં પુણ્યનાં ફળ હો કે પાપનાં ફળ હો,-તે બધા તેમાં આવી ગયા; આત્માનું જ્ઞાન તે બધાથી જુદું છે. એટલે શ્રીમદ્‌રાજચંદ્રજી કહે છે કે-

સકળ જગત તે એઠવત અથવા સ્વપ્ન સમાન,
તે કહીયે જ્ઞાનીદશા બાકી વાચાજ્ઞાન.

સકળ જગતથી જુદા શુદ્ધ-બુદ્ધ-ચૈતન્યઘન સુખધામ એવા પોતાનો જ્યાં અનુભવ છે ત્યાં જ જ્ઞાનીદશા છે; એવા અનુભવ વગરનું તો બધું થોથા ( પોપટિયું જ્ઞાન ) છે. તે કાંઈ સાર નથી. સાર તો સમ્યગ્જ્ઞાન છે કે જે મરણ ટાણે પણ જીવને સમાધિ પમાડે છે.

મરણકાળ આવે, શરીર કાંઈ કાર્ય ન કરે, શ્વાસ પણ સરખો ન લેવાય, છતાં તે કાંઈ આત્માના ધ્યાનમાં નડતું નથી. આત્મા ઉપર જેની દૃષ્ટિ છે તે બાહ્યપ્રતિકૂળતા વખતે પણ અંદર સમ્યગ્જ્ઞાન અને શાંતિ રાખી શકે છે. શરીર ભલે અનુકૂળ ન રહો; શરીર ઠીક રહે તો જ આત્માનું ધ્યાન થાય-એમ નથી. નહિતર તો જ્ઞાન કરતાં શરીરની કિંમત વધી જાય. શરીર ભલે સરખું હોય કે ન હોય, ભલે સળગતું હોય, પણ જ્ઞાન સરખું હોય તો આત્માનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્યાન અને શાંતિ થઈ શકે છે ( પાંડવવત્; ગજસુકુમારવત્. ) શરીર ધ્યાનમાં નડતું નથી ને મદદ પણ કરતું નથી. કોઈ અજ્ઞાની હોય, પુણ્ય કરીને સ્વર્ગમાં જાય ત્યાં તે દેવને અસંખ્યવર્ષ સુધી સુંદર નીરોગી વૈક્રિયિક શરીર વગેરે સ્વર્ગના અનુકૂળ સંયોગો હોવા છતાં તે સમ્યગ્દર્શન નથી પામતો, તો ત્યાં પુણ્ય કે તેના ફળે તેનું શું હિત કર્યું? અને કોઈ જીવ પાપ કરીને નરકમાં ગયો, ત્યાં અસંખ્યવર્ષ નરકની ભયંકર પ્રતિકૂળતાના સંયોગ વચ્ચે પણ, તેનાથી ભિન્ન ચૈતન્યનું ભાન કરીને સમ્યગ્દર્શન પામી ગયો,–તો તેમાં પ્રતિકૂળ સંયોગો તેને ક્યાં નડયા? સંયોગો તો જુદા છે, તે ચૈતન્યને સ્પર્શતા નથી.

અરે, નરકમાં પ્રતિકૂળતાની શી વાત! જ્યાં શરીરમાં કરોડો ભયંકર રોગ છે, અસંખ્યવર્ષ સુધી ખાવાનો દાણો કે પીવાનું પાણી મળતું નથી, શરીરના તલ-તલ જેવડા કટકા થઈ જાય છે; જમદૂત ( હલકા કુતૂહલી દેવો ) નારકીને પકડીને બાંધે, ગાંસડાની જેમ લોઢાના કોથળામાં પૂરે, ઉપરથી મોઢું બંધ કરીને ઘણથી ટીપે, ને પછી તે કોથળાને અગ્નિના ભઠ્ઠામાં સકરીયાની જેમ સેકે, છતાં આવી પ્રતિકૂળતાની વચ્ચે પણ, તેમાં કોઈ જીવ સમ્યગ્દષ્ટિ–ધર્મી હોય તો તે જાણે છે કે અરે, મારા ચૈતન્યને આ સંયોગ સ્પર્શતા નથી; આ પ્રતિકૂળતાનો પ્રવેશ મારા ચૈતન્યભાવમાં નથી. હું તો તેનાથી છૂટો જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છું. વળી કોઈ જીવ તે વખતેય આવું ભાન પ્રગટ કરીને સમ્યગ્દર્શન પામી જાય છે. બહાર શરીર તો કોથળાની અંદર ભઠ્ઠામાં બળે છે, તે જ વખતે અંદર ચૈતન્યતત્ત્વ અતીન્દ્રિય શાંતિમાં ઠરે છે! જુઓ તો ખરા, ચૈતન્યતત્ત્વનો સ્વભાવ! તે પ્રતિકૂળસંયોગમાં આત્મા ભીડાઈ ગયો નથી, છૂટો ને છૂટો છે.

તે પ્રતિકૂળસંયોગ વખતે પણ, પૂર્વભવમાં કોઈ મુનિરાજ પાસેથી ચૈતન્યની વાત સાંભળી હોય તેના સંસ્કાર જાગી ઊઠે કે અરે, શું આવા સંયોગ અને દુઃખના વેદનમાં જ સદા રહેવાનું આત્માનું સ્વરૂપ હશે! કે અંદર કોઈ શાંતિની ચીજ હશે! અહા, મુનિઓ મને કહેતા હતા કે હે આત્મા! તું તો આનંદસ્વરૂપ છો.—એમ યાદ કરીને ફડાક અંદર ઊતરી જાય છે ને આત્માને અનુભવી, સમ્યગ્દર્શન પામી પરમ ચૈતન્યસુખનો સ્વાદ ચાખી લ્યે છે. ત્યાં નરકના સંયોગની વચ્ચે પડયો–પડયો પણ, ચૈતન્યના આનંદનું–શાંતરસનું વેદન કરે છે. સંયોગમાં તો શરીર પડયું છે, આત્મા તો તે વખતે અસંયોગી ચૈતન્યભાવમાં ઝૂલી રહ્યો છે ને કોઈ પરમ સુખ વેદી રહ્યો છે. અરે, એકવાર સંયોગથી ભિન્ન આવા આનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ તો કરો. અનંતા પરદ્રવ્યો ને પરભાવોથી ભિન્ન ટકી રહેવાની અપૂર્વ તાકાત તે દૃષ્ટિમાં ભરી છે; ત્રણલોક ખળભળી ઊઠે તોપણ તે પોતાના સ્વરૂપથી ચલિત થતી નથી. આવી દૃષ્ટિ વગર કદી સાચી શાંતિ થતી નથી. દૃષ્ટિ કરતાં ચૈતન્યની અપાર દોલત પ્રગટે છે.

બહારના પ્રતિકૂળ સંયોગ તો આત્માથી બહાર છે, તે કાંઈ આત્માની અંદર ગરી ગયા નથી. પૂર્વે કોઈ મુનિઓએ કે જ્ઞાનીઓએ આત્માનું સ્વરૂપ સંભળાવ્યું ત્યારે તેની દરકાર ન કરી ને પાપ કરીને અહીં નરકમાં પડયો....અરે, આવું દુઃખ!–પણ આત્માને આવા દુઃખનું વેદન સદાય રહે નહીં, અંદર કોઈ છૂટકારાનો ઉપાય જરૂર હશે....અંદર શાંતિનું સ્થાન કોઈ જરૂર હશે! એમ વિચારતાં આત્માનું સ્વરૂપ લક્ષમાં લઈ અંદર ઊતરીને તે નારકીનો જીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષણમાં સમ્યગ્દર્શન પામી જાય છે, ને સ્વર્ગના મિથ્યાદ્રષ્ટિ દેવને પણ જે સુખ નથી એવું અપૂર્વ સુંદર સુખ તે અનુભવી લ્યે છે. સંયોગ સંયોગમાં રહ્યો ને વેદન વેદનમાં રહ્યું; અંદર ચૈતન્યપરિણતિ તે સંયોગથી ને સંયોગ તરફના વેદનથી છૂટી પડીને, અસંયોગી આનંદમય તત્ત્વમાં ઘૂસી ગઈ છે,–એવી ધર્મીની દશા છે.

આત્મા પોતે આનંદ છે; પ્રતિકૂળ સંયોગ ભલે ઊભા, તે અરૂપી આત્માથી જુદા છે, તેમાં આત્મા ભીડાઈ ગયો નથી. આવા આત્માને લક્ષમાં લ્યે તો કેટલી શાંતિ થાય! સંયોગને કારણે કાંઈ અશાંતિ નથી—બાપુ! તું એનું લક્ષ છોડ; લાખ પ્રતિકૂળતા હોય તોપણ તેનાથી પાર આત્માને ધ્યાવ, તે જ લાખ વાતનો સાર છે ને તે જ શાંતિનો ઉપાય છે. શરીરાદિને સરખું રાખવાની જેટલી ચિંતા કરે છે તેટલી ચિંતા જો આત્માના હિત માટે કરે તો જરૂર હિત થાય. શરીરની ચિંતા તો નકામી છે, તેમાં તારું કાંઈ ચાલતું નથી. શરીર પ્રતિકૂળ ભલે હો પણ તેનાથી ભિન્ન આત્માની દ્રષ્ટિ અને તેની શાંતિનું વેદન તે જ વખતે થઈ શકે છે. શરીરની પ્રતિકૂળતા કાંઈ તેનાથી ભિન્નતાની દ્રષ્ટિ કરતાં રોકે છે?—ના; માટે 'તેમાં હરખો વિલખો નહીં, નિત આતમ ધ્યાવો.' ગમે તે સંયોગ હો, તે તો પરમાં છે, તે ક્યાં આત્મામાં છે? આત્મા પોતાના પરિણામમાં તે જ વખતે તેનાથી ભિન્ન અંતર્લક્ષ કરી શકે છે કે હું તો આનંદ છું, સિદ્ધ જેવો મારો સ્વભાવ છે, મારા ચૈતન્યવેદનમાં દુઃખનો અભાવ છે.—આમ સંયોગ વખતે સંયોગથી પાર આત્માનું વેદન કરે તો પ્રતિકૂળ સંયોગની વચ્ચે પણ અપૂર્વ શાંતિનું વેદન રહે છે. જુઓને, શત્રુંજય ઉપર ધ્યાનમાં ઊભેલા પાંડવોને બહારમાં શરીર બળતું હોવા છતાં તે પાંડવો અંદરની ચૈતન્યની શાંતિમાં કેવા મગ્ન થયા! —શાંતિમાં એવા મગ્ન થયા કે દેહનું તો લક્ષ પણ ન રહ્યું ને શાંતિમાં મગ્ન રહીને મોક્ષ પામ્યા.—ચૈતન્યમાં કેટલી અગાધ શાંતિ ભરી છે! તેનો આ નમૂનો. વળી ગજસુકુમાર, તેઓ શ્રીકૃષ્ણના નાનાભાઈ, અત્યંત કોમળ જેમનું શરીર છે, તે મુનિ થઈને ધ્યાનમાં ઊભા છે ત્યારે, માથું તો અગ્નિમાં ભડભડ સળગી રહ્યું છે પણ તેઓ તો અંદર ચૈતન્યની શાંતિના બરફમાં મગ્ન છે, ત્યાં અગ્નિનું કાંઈ જ દુઃખ નથી; એ અગ્નિની ઝાળ ચૈતન્યની શાંતિને અડી શકતી નથી. જુઓ તો ખરા, આ ચૈતન્યતત્ત્વ! બહારની પ્રતિકૂળતા ચૈતન્યતત્ત્વમાં કેવી? તેમ જ સમવસરણાદિ અનુકૂળ સંયોગ હો, તો તેથી પણ આત્માને શું? તેનું પણ લક્ષ છોડીને ત્યાં મુનિવરો આત્મધ્યાનમાં લીન થઈને કેવળજ્ઞાન પામે છે; અને ત્યાં પણ જે જીવોએ બાહ્ય લક્ષ છોડી પોતે પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની સંભાળ ન કરી તેઓ તીર્થંકરભગવાનની હાજરીમાં પણ મિથ્યાદ્રષ્ટિ જ રહ્યા. બહારની અનુકૂળ ચીજ આત્માને શું કરે? જ્ઞાનાનંદનો ખજાનો તો અંદરમાં પોતાના આત્મામાં છે તેને લક્ષમાં ન લ્યે તો સમવસરણમાં હો કે ગમે ત્યાં હો—પણ તે મિથ્યાદ્રષ્ટિ દુઃખી જ છે (–ભલે સમવસરણમાં બહારનું કાંઈ દુઃખ ન હોય પણ અંદર મિથ્યાભાવથી તે જીવ દુઃખી જ છે; સુખનું ધામ તેણે ક્યાં જોયું છે?) અને, જેણે જ્ઞાનાનંદસ્વરૂપ સુખના ધામ આત્મામાં દ્રષ્ટિ કરી તેણે, સાતમી નરકના લોઢાના ધગધગતા ગાંઠડાના સંયોગની વચ્ચે પણ સમ્યગ્દર્શન પામીને આત્માના અતીન્દ્રિયસુખને વેદી લીધું. ને જન્મ-મરણનો નાશ કરી નાખ્યો. ચૈતન્યતત્ત્વને સંયોગ સાથે શું સંબંધ છે? પરસંયોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે એકતાની કલ્પનાથી જીવ દુઃખી છે. તે સંયોગમાં સુખ-દુઃખ માનવું તે તો કલ્પના છે. ખરેખર જીવને સંયોગનું નહિ પણ પોતાની પરિણતિનું વેદન છે. 'સમ્યગ્દષ્ટિ નરકમાં પણ સુખી, ને મિથ્યાદષ્ટિ દેવલોકમાં પણ દુઃખી' એમ સંયોગથી કહેવાય છે, ખરેખર તો સમ્યગ્દષ્ટિ પોતાની નિર્મળપરિણતિમાં સુખી છે, ને મિથ્યાદષ્ટિ પોતાની મિથ્યાપરિણતિમાં દુઃખી છે; બહારનું સુખ-દુઃખ જીવને નથી. માટે હે ભાઈ! પુણ્ય-પાપના ફળમાં હર્ષ-શોક કે સુખ-દુઃખ ન માનતાં, તે બંનેથી પાર એવા ચિદાનંદતત્ત્વને લક્ષમાં લઈને સમભાવથી તેને ધ્યાવો.—તે જ સુખની રીત છે.

સર્વે જીવોને સુખની ચાહ છે. વીતરાગવિજ્ઞાન તે સુખનું કારણ છે, તેની આ વાત છે. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છે તેની સન્મુખતાવડે તેને જાણીને, તેમાં એકાગ્ર થતાં અપૂર્વ શાંતિ થાય છે, ત્યાં દુઃખના કારણરૂપ પુણ્ય-પાપની ઉત્પત્તિ થતી નથી, ને પૂર્વે બંધાયેલાં કર્મો પણ ખરી જાય છે, પૂર્વે જે શુભ-અશુભભાવો કરેલા, તેનાથી પુણ્ય-પાપ કર્મ બંધાયા ને તેના ફળરૂપે બહારમાં જે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ આવ્યા તેને પુદ્ગલપર્યાય જાણો, એટલે જ્ઞાનથી ભિન્ન જાણો, ને તેમાં હર્ષ-ખેદ ન કરો. અનેકવિધ પુદ્ગલપર્યાયો ઊપજે ને વળી નષ્ટ થઈ જાય, પુદ્ગલો ક્યારેક દેવપર્યાયના શરીરરૂપ બને, તે પર્યાય નષ્ટ થઈને વળી તે જ પુદ્ગલો નરકના શરીરરૂપ બને, એ બધી પુદ્ગલની લીલા છે; તે બધી પુદ્ગલપર્યાયોથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ હું છું—એમ જાણો; અને બીજા લાખ કામ છોડીને પણ આવા આત્માને અંતરમાં ધ્યાવો, તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરો. તે જ મોક્ષસુખનું કારણ છે.

પુણ્ય-પાપની ઉત્પત્તિ જ્ઞાનમાંથી નથી થતી, તેની ઉત્પત્તિ તો પરાશ્રિત વિકારમાંથી થાય છે, ને તેનું ફળ પણ પુદ્ગલસંયોગ છે; જીવથી તે ભિન્ન છે. શુભકર્મ પણ કોઈ એવું નથી કે જેના ફળમાં જીવને ધર્મ કે સુખ મળે; તે કર્મનું ફળ તો સંસાર જ છે. આમ ઓળખીને પુણ્ય-પાપના ફંદરહિત જ્ઞાનસ્વરૂપ આત્માને એકને જ સદાય ધ્યાવો. અહા, ધર્મીની દશામાં જ્ઞાન ને રાગ જુદા પડી ગયા છે. શુભરાગથી પુણ્ય, ને અશુભથી પાપ,—તેમાં ક્યાંય જ્ઞાન ન આવ્યું; જ્ઞાનચીજ એટલે કે ધર્મ તો તે બંનેથી જુદી ચીજ છે. આવા જ્ઞાનસ્વરૂપનો અનુભવ તે જ સારભૂત મોક્ષમાર્ગ છે. પુણ્ય કે પાપ તે કાંઈ સાર નથી, તે તો અસાર એવા સંસારનો માર્ગ છે. મોક્ષના માર્ગરૂપ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે ત્રણેય પુણ્ય-પાપ વગરનાં છે. પુણ્ય કાંઈ મોક્ષમાર્ગ નથી, તે તો કર્મબંધ છે, પુદ્ગલ છે, ને તેનું ફળ બહારમાં આવે છે. તે પુદ્ગલની અવસ્થા છે. તે સંયોગ કાંઈ જીવને સુખ કે દુઃખ આપતાં નથી. સંયોગ વખતે પણ તે જ્ઞાનથી જુદાપણે જ છે. હે ભવ્ય! આવું મનુષ્યપણું પામીને અને આવી જિનવાણી સાંભળીને કરોડો ઉપાયે પણ તું આત્માનું સમ્યગ્જ્ઞાન કર.

જુઓ, સમ્યગ્જ્ઞાન માટે વારંવાર કેટલી પ્રેરણા આપી છે! પહેલાં કહ્યું હતું કે—

* જગજાલ ભ્રમણકો દેહુ ત્યાગ, અબ દૌલત! નિજ આતમ સુપાગ (૨-૧૫)
* આપ રૂપકો જાનપનો સો સમ્યક્ જ્ઞાનકલા હૈ (૩-૨)
* દૌલ! સમજ સુન ચેત સયાને કાલ વૃથા મત ખોવે, યહ નરભવ ફિર મિલન કઠિન હૈ જો સમ્યક્ નહીં હોવે. (૩-૧૭)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જ્ઞાનસમાન ન આન જગતમેં સુખકો કારન. ( ૪–૪ )
* પૈ નિજ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો. ( ૪–૫ )
* સંશય વિભ્રમ મોહ ત્યાગ, આપો લખ લીજે. ( ૪–૬ )
* કોટિ ઉપાય બનાય ભવ્ય ! તાકો ઉર આનો. ( ૪–૭ )
* જો પૂરવ શિવ ગયે, જાહિં, અરુ આગે જૈહૈં; સો સબ મહિમા જ્ઞાનતની મુનિનાથ કહે હૈં. ( ૪–૮ )
* વિષયચાહ–દવદાહ જગતજન અરનિ દઝાવે, તાસ ઉપાય ન આન જ્ઞાનઘનઘાન બુઝાવે. ( ૪–૮ )
* લાખ બાતકી બાત યહૈ નિશ્ચૈ ઉર આનો, તોડી સકલ જગ દંદ-ફંદ નિત આતમ ધ્યાવો. ( ૪–૯ )
* યહ રાગ આગ દહે સદા તાતેં સમામૃત સેવીએ, ચિર ભજે વિષય–કષાય અબ તો ત્યાગ નિજપદ બેઇએ. ( ૬–૧૫ )
* અબ દૌલ ! હોઉ સુખી સ્વપદ રચિ દાવ મત ચૂકે યહૈ. ( ૬–૧૫ )

—આમ છઢાળામાં વારંવાર ભેદજ્ઞાનની પ્રેરણા આપી છે. અમૃતચંદ્રસ્વામી પણ ભેદજ્ઞાનનો ઘણો મહિમા બતાવીને સમયસારમાં કહે છે કે ભેદજ્ઞાનવડે જ સિદ્ધિ પમાય છે, માટે કેવળજ્ઞાન થતાં સુધી અછિન્નધારાએ આ ભેદજ્ઞાનને ભાવો.

હે ભવ્ય ! તું ભેદજ્ઞાનવડે અંતરમાં આત્માને કર્મથી જુદો જાણ. શુભાશુભરાગથી પણ તારા જ્ઞાનતત્ત્વને જુદું પાડી દે. પુણ્ય–પાપ તે આત્માની સન્મુખતાથી થતા નથી, તે તો પરલક્ષે શુભાશુભ ભાવથી થાય છે. આત્માની સન્મુખ થતાં તો સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ પ્રગટે છે, ને તે શુદ્ધભાવ તો કાંઈ પુણ્ય–પાપના કર્મો બંધાવાનું કારણ થતું નથી, તે તો કર્મ છૂટવાનું કારણ છે. આ રીતે—

* પુણ્ય–પાપકર્મોનું કારણ સ્વભાવથી વિરુદ્ધ એવા રાગ–દ્વેષ ભાવો છે.
* તે પુણ્ય–પાપ પોતે પુદ્ગલકર્મરૂપ છે, જીવરૂપ નથી;

અને

* તે પુણ્ય–પાપના ફળમાં બહારની સામગ્રી મળે છે, તે પણ આત્માથી જુદી છે.

—આમ શુભ–અશુભ, પુણ્ય–પાપ, ને તેના ફળરૂપ બાહ્ય સુખ–દુઃખ,—એ ત્રણેય દ્વંદ્વ આત્માના જ્ઞાનસ્વભાવથી ભિન્ન છે. જ્ઞાનસ્વભાવ તરફ વળીને એકાગ્ર થયેલો ભાવ તેનું કોઈનું કારણ થતો નથી; માટે આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરો, અને પુણ્ય–પાપના ફળમાં હર્ષ–શોક છોડો.—આ લાખ વાતની વાત છે, ને કરોડો ઉપાયે પણ આ કરવા જેવું છે, આ ઉપાયથી જ આત્મા જગતના દંદ–ફંદથી છૂટીને સારભૂત મોક્ષસુખ પામે છે.

* જેણે ધર્મ કરવો હોય ને સુખી થવું હોય તે મોક્ષાર્થીએ પહેલામાં પહેલાં શું કરવું ?
* તો કહે છે કે કરોડો ઉપાય કરીને પણ પહેલાં સ્વ–પરનું ભેદજ્ઞાન કરવું.

પુણ્યના ફળમાં ધનના ઢગલા કે સમાજમાં મોટાઈ મળે તેથી કાંઈ આત્માને લાભ થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જતો નથી. તે બધું મળવાથી કાંઈ આત્માનું કામ થઈ જતું નથી. આત્માના હિતને માટે કોઈ સંયોગ, કે તેના તરફનો ભાવ કાંઈ કામ આવતો નથી. હું આત્મા જ્ઞાનાનંદ છું—એમ પોતાની વસ્તુને ઓળખીને જો સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તો તેનાથી આત્માનું પરમ હિત છે, ને તે આત્માની વસ્તુ હોવાથી આત્મા સાથે અચળ રહે છે, તેનો વિયોગ થતો નથી. પુણ્યના ફળરૂપ સંયોગ તો છૂટી જાય છે.

અરે જીવ! તું વિવેક તો કર કે કઈ ચીજ મળવાથી તારું હિત છે? ધન-સ્ત્રી વગેરેનો સંયોગ કે ભગવાનનો ને ગુરુનો સંયોગ,—તે કોઈ પણ સંયોગ તને હિત આપે તેમ નથી. તું પોતે સંયોગથી ભિન્ન આત્માનું જ્ઞાન કર, તે જ્ઞાન જ તને હિતરૂપ છે. શ્રી દેવ-ગુરુ પણ તને એમ જ કરવાનું ફરમાવે છે, અને એમ કરવું તે જ શ્રી દેવ-ગુરુનો પરમાર્થ વિનય છે. હવે જેમ પુણ્યનો સંયોગ હિત આપતો નથી તેમ, પાપના ફળમાં અસાતા વગેરે પ્રતિકૂળતા હોય તો તે કાંઈ હિતમાં રોકતી નથી; તે વખતે પણ અંદર ભેદજ્ઞાન કરે તો જીવ પોતાનું હિત કરી શકે છે. સંયોગ શું કરે? નરકમાં પણ જીવ સમ્યગ્દર્શન પામે છે—ત્યાં સંયોગ એકકોર પડ્યા રહે છે ને તેનું લક્ષ છોડીને જીવ અંદર પોતામાં ઊતરી જાય છે, ત્યાં અપૂર્વ શાંતિ પ્રગટે છે. એ નરકમાં કેવી-કેવી પ્રતિકૂળતા વચ્ચે જીવ સમ્યગ્દર્શન પામે છે? તે વાત પહેલાં કહેવાઈ ગઈ છે.

સંયોગ સંયોગમાં રહ્યા, આત્મામાં તેનો પ્રવેશ નથી. સંયોગ વખતે જેમ આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કરી શકે છે, તેમ લક્ષ બદલીને સંયોગથી ભિન્ન આત્માના લક્ષે ભેદજ્ઞાન કરીને ધર્મધ્યાન પણ કરી શકે છે. કરોડો પ્રતિકૂળતા દુઃખનું કારણ નથી ને કરોડો અનુકૂળતા સુખનું કારણ નથી; છતાં તેને દુઃખ-સુખનું કારણ માનનાર જીવ મિથ્યાત્વના મહાન પાપને સેવતો થકો સંયોગબુદ્ધિથી અનંતા રાગ-દ્વેષ કરે છે ને અનંતા કર્મોથી બંધાય છે.

સંયોગથી જુદો આત્મા જાણીને આત્માની ભાવના કરનાર જીવને ભવિષ્યમાં એવા પ્રતિકૂળ સંયોગ પણ આવતા નથી. સંયોગની ભાવના કરનારો જીવ, સ્વભાવની ભાવના છોડી, સ્વભાવનો વિરાધક થઈ, એવા કર્મો બાંધશે કે ભવિષ્યમાં મહા પ્રતિકૂળ સંયોગ આવશે. માટે કહે છે કે હે ભાઈ! તું અત્યારે આવો સુયોગ પામીને લાખ પ્રતિકૂળતા વચ્ચે પણ, અને બહારનાં લાખ કામ છોડીને પણ, તારા આત્માને ઓળખીને તેને ધ્યાવ. આત્મા પુણ્ય-પાપના સંયોગથી જુદો, પોતે પરમ શાંત-નિરાકુળ જ્ઞાનસ્વરૂપ છે. આવા આત્માને લક્ષમાં લઈને તેમાં વળેલી પર્યાય સંયોગને સ્પર્શતી નથી, રાગ-દ્વેષ કરતી નથી; તેને હર્ષ-શોક કરાવે એવી કોઈ સંયોગમાં તાકાત નથી.

'પુણ્ય-પાપના ફળમાં હર્ષ-શોક ન કરવો.'—પણ તે ક્યારે બને? કે પુણ્ય-પાપથી પાર ચિદાનંદતત્ત્વ હું છું, ને સંયોગ મારાથી જુદા છે—તે મને સુખ-દુઃખનું કારણ નથી એવું ભેદજ્ઞાન કરે, ત્યારે જ હર્ષ-શોક કરવાનું મટે. બાકી એકલા સંયોગ સામે જોઈને 'હર્ષ-શોક ન કરવો' એમ બની શકે નહીં.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્નઃ-જ્ઞાનીનેય હર્ષ-શોક તો થતા દેખાય છે?

ઉત્તરઃ-તે જ્ઞાનમાં નથી થતા, જ્ઞાનથી ભિન્નપણે થાય છે. ધર્મી જાણે છે કે જેમ સંયોગ જુદા છે તેમ જે હર્ષ-શોક થાય છે તે પણ મારા જ્ઞાનથી જુદા છે; તે હર્ષ-શોક પરના કારણે માનતા નથી, ને જ્ઞાનમાં તેને લાવતા નથી; એટલે તેને તે ઘણા અલ્પ છે, ને તે પણ સમ્યગ્જ્ઞાન-ધારાથી તો જુદાપણે જ છે. અજ્ઞાની એક તો—પરસંયોગને કારણે રાગ-દ્વેષ થવાનું માને છે ( -પુત્રાદિ જન્મે ત્યાં હરખ થાય જ, ને પુત્રાદિ મરે ત્યાં શોક થાય જ—એમ પરને કારણે હર્ષ-શોક થવાનું તે માને છે ), તથા બીજું—તે હર્ષ-શોકાદિને જ્ઞાનથી ભિન્ન નથી જાણતો, પણ 'હર્ષ-શોક જ હું' એમ તે-રૂપે પોતાને અનુભવતો થકો તેને જ્ઞાન સાથે એકમેક માને છે; એટલે તેને જ્ઞાનને ભૂલીને મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ થાય છે, તે અનંત દુઃખનું કારણ છે. અને સમ્યગ્દૃષ્ટિને અલ્પ હર્ષ-શોક વખતે તેનાથી જુદી સમ્યગ્જ્ઞાનધારા વર્તે છે તે જ્ઞાનધારા અનંત સુખમય મોક્ષનું કારણ થાય છે.—આમ જ્ઞાની-અજ્ઞાની બંને વચ્ચે મોટો ફેર છે.

સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી હોય તે ચક્રવર્તીના વૈભવમાં ક્યાંય સ્વપ્નેય સુખ માનતા નથી, તેથી તેમાં રાગ કરવાનો તેનો અભિપ્રાય નથી; અજ્ઞાની પરસંયોગને સુખનું કારણ માને છે તેથી તેને તેના રાગનો અભિપ્રાય છૂટતો નથી, એટલે તે રાગને કેમ છોડે? જ્ઞાની-અજ્ઞાનીનું માપ અંદરના અભિપ્રાય અનુસાર છે, બહારના સંયોગ ઉપરથી તેનું માપ નથી. જ્યારે કૈલાસપર્વત પરથી ઋષભદેવ ભગવાન નિર્વાણ પામ્યા ત્યારે ભરતને જરાક ખેદ થયો, તે ખેદ ભગવાનના વિયોગને કારણે નથી થયો, તેમજ જ્ઞાનધારામાં પણ તે નથી થયો; જ્ઞાનધારા તે વખતેય તે ખેદથી જુદી જીવંત વર્તે છે. અને અજ્ઞાની તો પ્રતિકૂળ પ્રસંગને જ દુઃખનું કારણ સમજીને દ્વેષ કરે છે, તથા તે દ્વેષથી જુદી જ્ઞાનધારા તેને રહેતી નથી, દ્વેષમાં જ લીન થઈને તે અજ્ઞાનરૂપે પરિણમે છે. એક ને એક પ્રસંગમાં ખેદ બંનેને થયો—છતાં એક ને તે વખતે ખેદથી જુદી જ્ઞાનધારા વર્તી રહી છે ને તે જ્ઞાનધારા વડે તે મોક્ષને સાધી રહ્યા છે; બીજાને તે ખેદમાં ને સંયોગમાં એકત્વબુદ્ધિથી અજ્ઞાન વર્તી રહ્યું છે, તે સંસારનું જ કારણ છે. અરે, તે અજ્ઞાની કદાચ ખેદ ન કરે ને પુત્રમરણ વગેરે પ્રસંગે શાંતિ રાખે તોપણ, ભિન્ન ચૈતન્યના ભાન વિના તે દુઃખના જ માર્ગે છે, ભેદજ્ઞાન વગર સુખ ક્યાંથી મળે?

અહા, ભેદજ્ઞાન કોઈ અંતરની અપૂર્વ વસ્તુ છે!—તે ચૈતન્યતત્ત્વને કોઈ રાગ-દ્વેષમાં કે સંયોગમાં ભેળવતું નથી, છૂટું ને છૂટું રાખે છે. આવું ભેદજ્ઞાન પ્રગટ્યું તેની દશા જ પલટી ગઈ, તેના ભાવો સમ્યક્ થઈ ગયા. હવે રાગ-દ્વેષ રહ્યા તે અનંતમા ભાગના છે, જ્ઞાન તેનાથી છૂટું પડીને અનંતું મહાન થઈ ગયું છે; અનંતી તાકાતવાળી તે જ્ઞાનધારા પોતામાં રાગ-દ્વેષને અંશમાત્ર પ્રવેશવા દેતી નથી.

અહા, મારો પરમ આનંદ મારામાં છે, તે ક્યાંય બીજેથી લાવવાનો નથી—એમ જેણે પોતામાં પોતાનો આનંદ દેખ્યો, તે બહારના કોઈ સંયોગથી આનંદ માનતો નથી એટલે તેમાં તેને હર્ષ થતો નથી. અજ્ઞાની પોતાના આત્માના આનંદને દેખતો નથી ને સંયોગમાં આનંદ માને છે તેથી તેમાં હર્ષ કરે છે. તે જ રીતે કોઈ સંયોગને જ્ઞાની પ્રતિકૂળ માનતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી એટલે તેને દુઃખનું કારણ માનતા નથી ને તેથી તેને જ્ઞાનમાં ખેદ થતો નથી; અજ્ઞાની સંયોગને પ્રતિકૂળ અને દુઃખનું કારણ માને છે તેથી અજ્ઞાનીપણે તે ખેદ કરે છે, જ્ઞાનરૂપે રહી શકતો નથી.

એકકોર ચૈતન્યનું અસ્તિત્વ;
બીજીકોર સંયોગનું અસ્તિત્વ;

બંનેનું અસ્તિત્વ પોતપોતામાં જુદે જુદું છે;—એમ જે નથી જાણતો તે અજ્ઞાની તેમના અસ્તિત્વને એકબીજામાં ભેળસેળ કરે છે; પણ બધા સંયોગો ચૈતન્યથી તદ્દન ભિન્ન છે—એવી ભિન્નતાના ભાન વગર જીવને કદી સમભાવ થાય નહીં ને સુખ પ્રગટે નહીં. સંયોગથી પોતાની ભિન્નતા જાણે તો જ પોતે ચૈતન્યભાવરૂપે રહીને રાગ-દ્વેષ વગરનો સમભાવ રાખી શકે ને સુખી થઈ શકે. આ રીતે ભેદજ્ઞાન તે જ સુખનો ઉપાય છે. માટે હે ભવ્ય! તું બીજી લાખ વાતો છોડીને, જગતના દંદ-ફંદ છોડીને, તારા જ્ઞાનસ્વરૂપ આત્માને અંતરમાં ધ્યાવ આત્માનું જ્ઞાન-ધ્યાન કરતાં વીતરાગી સમભાવ થશે ને કર્મો સહેજે ટળી જશે. એના વગર મહાવ્રતાદિ કરવા છતાં કર્મોથી છૂટકારો થતો નથી ને કિંચિત્ સુખ મળતું નથી. માટે કહે છે કે—

લાખ બાતકી બાત યહૈ નિશ્ચય ઉર લાવો,
તોડ સકલ જગદંદ-ફંદ નિજ આતમ ધ્યાવો.

આત્માના સ્વભાવની મીઠી-મધુરી ભાવના વારંવાર ઘૂંટવા જેવી છે. જૈનધર્મના બધાં ઉપદેશનો સાર આ છે કે પોતાના આત્માને જતગના પદાર્થોથી ભિન્ન, તેમજ શુભાશુભભાવોથી પણ ભિન્ન, જ્ઞાન-આનંદસ્વરૂપે જાણીને, તેને જ ધ્યાવીને તેમાં એકાગ્ર થવું.—આમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જાય છે, તે જ મોક્ષનો માર્ગ છે; તે જ મુમુક્ષુનું કર્તવ્ય છે.

જેમ સમ્યગ્દર્શનના વર્ણનમાં નિઃશંકતા વગેરે આઠ અંગ કહ્યા ( -વીતરાગવિજ્ઞાન ભાગ ૩ ), તેમ સમ્યગ્જ્ઞાનની સાથે પણ જ્ઞાનાચારરૂપ આઠ અંગ હોય છે; તે આઠ અંગ સહિત સમ્યગ્જ્ઞાનને આરાધવું. જ્ઞાનના આઠ અંગ નીચે પ્રમાણે છે—

૧. યોગ્ય કાળ : જ્ઞાનસ્વાધ્યાય માટે જે યોગ્ય કાળ હોય તેનો વિચાર-વિવેક કરીને, સ્વાધ્યાય કરવી તે કાળ-આચાર છે.
૨. વિનય : ઉદ્ધતપણું છોડીને, શ્રીગુરુ પ્રત્યે તથા શાસ્ત્ર પ્રત્યે વિનયપૂર્વક જ્ઞાનની ઉપાસના કરવી તે વિનય-આચાર છે.
૩. ઉપધાન : ઉપવાસ-એકાસન વગેરે યોગ્ય અનુષ્ઠાન સહિત જ્ઞાનની ઉપાસના કરવી; અમુક તપની ધારણા સહિત જ્ઞાનને આરાધવું.
૪. બહુમાન : જ્ઞાનનો ખૂબ આદર, જ્ઞાનદાતા ગુરુનો પણ ખૂબ આદર-બહુમાન, અને જ્ઞાનના હેતુભૂત શાસ્ત્રાદિનું પણ બહુમાન કરવું,—એ રીતે બહુમાનપૂર્વક જ્ઞાનનું આરાધન થાય છે.
૫. અનિહ્નવ : જે દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે પોતે જ્ઞાન પામ્યો તેમના ઉપકારને પ્રસિદ્ધ કરે, તેમના નામાદિકને છુપાવે નહિ, એવો જ્ઞાનનો અનિહ્નવ આચાર છે.
૬-૭-૮. શબ્દશુદ્ધિ, અર્થશુદ્ધિ, અને શબ્દ-અર્થ બંનેની સંધિ, જેમ છે તેમ એ ત્રણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકારને બરાબર જાણીને જ્ઞાનની આરાધના કરવી તે જ્ઞાનના ત્રણ આચાર છે.

—આ રીતે આઠપ્રકારની આચારશુદ્ધિ વડે સમ્યગ્જ્ઞાનને આરાધવું.

આત્માના જ્ઞાન વિના જીવે અનંતકાળમાં પુણ્ય–પાપ જે કાંઈ કર્યું તે બધું ધર્મને માટે નિષ્ફળ ગયું, તેમાં સુખ જરાય ન મળ્યું, એકલું દુઃખ મળ્યું; માટે હે જીવ! તું હવે તો ચેત....ને તે પુણ્ય–પાપથી પાર જ્ઞાનસ્વરૂપ આત્માનો વિચાર કરીને તેની ઓળખાણ કર. પુણ્ય–પાપથી સંસાર મળશે, પુણ્ય–પાપથી આત્મા નહિ મળે; માટે તે સાર નથી. તેથી 'લાખ વાતની વાત'માં પુણ્ય કરો એમ ન કહ્યું પણ 'નિજ આતમ ધ્યાવો' એમ કહ્યું એટલે કે શુભાશુભરાગથી પાર આત્માનું જે શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ તેને નિશ્ચયથી અંતરમાં લાવીને તેનો અનુભવ કરો. આવો અનુભવ તે જ મોક્ષના પરમ સુખનું કારણ છે. હિત સ્વસન્મુખતાથી થાય છે; પરસન્મુખતાથી તો શુભ–અશુભ રાગ થાય છે, તેમાં હિત થતું નથી. માટે પરથી ભિન્નતા જાણ, ને પર તરફના શુભાશુભની પણ રુચિ છોડીને, અંતરના જ્ઞાનસ્વરૂપમાં ઘૂસીને તેનું જ ધ્યાન કર.—આ જ જૈનધર્મના બધા શાસ્ત્રોનો સાર છે; ભગવાને કહેલા ચારે અનુયોગનું રહસ્ય આ છે. આવા નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન વગર ચારિત્ર કદી સાચું હોતું નથી, એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન વગર બીજી લાખ વાત કરે તે બધી અસાર છે, મિથ્યા છે. લાખો વાતમાં સારભૂત વાત એક આ જ છે કે આત્માના શુદ્ધ સ્વરૂપને પુણ્ય–પાપથી પાર ઓળખવું, ને પુણ્ય–પાપના ફળમાં હર્ષ–શોક છોડવા. ફરીફરીને કહીએ છીએ કે હે જીવ! તું કાળ ગુમાવ્યા વગર આવા સમ્યગ્દર્શન–જ્ઞાનનો ઉદ્યમ કર. જો આત્મજ્ઞાન વગર અવસર ગુમાવી દઈશ તો પસ્તાવાનો પાર નહીં રહે.

* * *

પં. બુધજનરચિત એક છઢાળા છે તેના ઉપરથી પં. દૌલતરામજીએ આ છઢાળા બનાવી છે. આ છઢાળા બહુ પ્રચલિત છે; સુગમ રચના હોવા છતાં તેમાં ઘણું ભર્યું છે, શાસ્ત્રો અનુસાર ઘણાં તત્ત્વોનું વર્ણન તેમાં કર્યું છે. તેમાં કહે છે કે આત્માને જાણ્યા વગર શુક્લલેશ્યા (–શુક્લધ્યાન નહિ પણ શુક્લલેશ્યા) કરીને અનંતવાર જીવ નવમી ગ્રૈવેયક સુધી ગયો પણ જરાય સુખ ન પામ્યો. જોકે ગ્રૈવેયકમાં જનારા બધાય જીવો કાંઈ અજ્ઞાની નથી હોતાં, ઘણાં તો જ્ઞાની હોય છે; પણ અજ્ઞાનીને સંસારમાં સૌથી ઊંચું સ્થાન નવમી ગ્રૈવેયક સુધીનું હોય છે, તેનાથી ઊંચું સ્થાન સંસારમાં પણ તેને હોતું નથી. નવમી ગ્રૈવેયક જનાર જીવને બહારમાં દિગંબરપણું હોય, પંચમહાવ્રતનું બરાબર પાલન હોય, દેવ–ગુરુ–શાસ્ત્રની વ્યવહાર શ્રદ્ધા ચોખ્ખી હોય, શાસ્ત્રભણતર વ્યવહારે સાચું હોય, શુક્લલેશ્યા હોય;–એવો જીવ નવમી ગ્રૈવેયકે જઈ શકે. આવું કરી કરીને મિથ્યાદૃષ્ટિ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. (સમ્યગ્દૃષ્ટિને તો અનંતવાર નવમી ગ્રૈવેયકમાં જવાનું હોતું જ નથી, તેને તો એક–બે ભવમાં સંસારભ્રમણથી છૂટકારો થઈ જાય છે;) અજ્ઞાની સંસારમાં ભમતાં અનંતવાર નવમી ગ્રૈવેયક સુધી ગયો, શુક્લલેશ્યા કરવા છતાં તે લેશ પણ સુખ ન પામ્યો;–કેમ ન પામ્યો? કેમ કે સુખનું સાચું કારણ તેની પાસે ન હતું. પંચ મહાવ્રતનો શુભરાગ તે કાંઈ સુખનું કારણ નથી. તે શુભરાગમાં આત્મા ક્યાં આવ્યો? આત્માના શ્રદ્ધા–જ્ઞાન વગર સુખ કદી ન મળે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પંચમહાવ્રતનો રાગ તે કાંઈ સુખ નથી; તે રાગથી પાર આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે સુખ છે. પુણ્ય કે પાપ એ તો બંને વિભાવ છે, તેનું ફળ સંસાર છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે સ્વભાવ છે, તેના વડે જ ભવનો અંત આવે છે. શુક્લલેશ્યા જુદી ચીજ છે ને શુક્લધ્યાન જુદી ચીજ છે. શુક્લલેશ્યા તો અજ્ઞાનીને પણ હોઈ શકે છે, એનાથી કાંઈ ભવનો અંત નથી આવતો; પણ શુક્લધ્યાન તો આત્માના સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન ઉપરાંત ચારિત્રદશામાં ઝૂલતા મુનિવરોને જ હોય છે, તેના વડે ભવનો અંત આવે છે.

-માટે જૈનધર્મના ઉપદેશનો સાર એ છે કે શુભાશુભ-રાગથી પાર ચૈતન્યસ્વરૂપ આત્મા છે તેને ઓળખો. એ સિવાય શુભાશુભરાગનું ફળ તો સંસાર છે, તેમાં જરાય સુખ નથી. રાગ વગરના આત્મસ્વભાવનું પોતે સ્વસંવેદન કરે, એટલે જેવો સ્વભાવ છે તેવો અનુભવમાં લઈને શ્રદ્ધા-જ્ઞાન કરે ત્યારે મોક્ષમાર્ગ થાય, ત્યારે જ સુખ થાય ને દુઃખ મટે; એના વગર બીજા લાખ ઉપાયે પણ કિંચિત્ સુખ થાય નહિ ને દુઃખ મટે નહિ.

જ્ઞાનસ્વરૂપી, અબંધસ્વભાવી આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે તો અબંધભાવરૂપ છે એટલે કે મોક્ષસુખનાં કારણ છે. આવા નિશ્ચય રત્નત્રય તે મોક્ષને માટે નિયમથી કર્તવ્ય છે-એમ નિયમસારની ત્રીજી ગાથામાં કહ્યું છે—

જે નિયમથી કર્તવ્ય એવા રત્નત્રય તે 'નિયમ' છે;
વિપરીતના પરિહારઅર્થે 'સાર' પદ યોજેલ છે.

આ નિયમરૂપ રત્નત્રયમાં રાગ ન આવે, રાગનો તો તેમાં પરિહાર છે કેમકે રાગ તે નિશ્ચયરત્નત્રયથી વિપરીત છે. વ્યવહારરત્નત્રયમાં જે શુભરાગ છે તે કાંઈ નિયમ નથી, સારભૂત નથી, મોક્ષને માટે કર્તવ્ય નથી; મોક્ષને માટે ચોક્કસ કરવા યોગ્ય તો પોતાના આત્માના અનુભવરૂપ, પરથી અત્યંત નિરપેક્ષ અને રાગ વગરનાં એવા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે; તે જ સારભૂત છે. તેને જ સ્વાનુભૂતિ કહેવાય છે. ભગવાન આત્મા સ્વાનુભૂતિથી પ્રસિદ્ધ થાય છે એમ સમયસારના પહેલા મંગલશ્લોકમાં કહ્યું છે, તે સ્વાનુભૂતિમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાય છે, રાગ તેમાં સમાતો નથી. ભગવાન આત્માની પ્રસિદ્ધિ સ્વાનુભૂતિમાં થાય છે; રાગમાં આત્મા પ્રસિદ્ધ થતો નથી. અંતર્મુખ ઉપયોગરૂપ સ્વાનુભૂતિમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે, અનુભવમાં આવે છે. આવી અનુભૂતિ તે મંગળ છે, તે મોક્ષનું કારણ છે, તેથી સમયસારની શરૂઆતમાં જ તેને યાદ કરીને મંગળ કર્યું છે.

જેમ મેરુપર્વતની દક્ષિણદિશામાં આપણું આ ભરતક્ષેત્ર છે તેમ પૂર્વદિશામાં વિદેહક્ષેત્ર છે, ત્યાં સીમંધર તીર્થંકર વગેરે ભગવંતો વિચરી રહ્યા છે, ઇન્દ્રો અને ગણધરો તેમની વાણીમાં આત્માનું સ્વરૂપ સાંભળે છે ને પોતે તેવો અનુભવ કરે છે. એવા સીમંધર પરમાત્મા પાસે અહીંથી કુંદકુંદાચાર્યદેવ સાક્ષાત્ ગયા હતા. તેઓ આ ભરતક્ષેત્રના મહાન સ્વાનુભવી સંત હતા; તેમણે સમયસાર વગેરે પરમાગમ રચ્યાં છે, તેમાં અંતરના ચૈતન્યના અનુભવને સ્પર્શીને આત્માની અનુભૂતિનો અલૌકિક ઉપદેશ કર્યો છે, ચૈતન્યનો અપાર વૈભવ સમયસારમાં ખુલ્લો કરીને દેખાડયો છે. —એવા પૂર્વાચાર્યોને અનુસરીને પં. દોલતરામજીએ ( વિ. સં. ૧૮૯૧માં )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ છહઢાળા રચી છે. તેમાં કહે છે કે અહો જીવો! લાખ વાતની વાત આ છે કે તમે નિશ્ચયથી આત્માને પુણ્ય–પાપથી ભિન્ન જાણીને, અંતરમાં ધ્યાવો; પુણ્ય–પાપરૂપ સંસારના દંદ–ફંદ રહિત આત્માને ધ્યાવો. પુણ્ય–પાપથી પાર અનંત ચૈતન્યશક્તિથી પરિપૂર્ણ સ્વસંવેદ્ય આત્મા છે, તેને અંતર્મુખ થઈને વેદનમાં લ્યો. પુણ્ય–પાપવડે તે વેદનમાં આવે તેવો નથી; પોતાની જ ઉપયોગશક્તિવડે તે પોતે પોતાનું પ્રત્યક્ષ સ્વસંવેદન કરે છે, ને આવા સ્વસંવેદનમાં ભગવાન આત્મા પોતાના સાચા સ્વરૂપે પ્રસિદ્ધ થાય છે. માટે આ જ મુમુક્ષુએ ચોક્કસ કરવા જેવું કાર્ય છે. મુમુક્ષુઓ લાખ ઉપાયે પણ આ કર્તવ્ય કરો.

અરે! ખરું કરવાલાયક કામ આત્માની ઓળખાણ, જીવે તે કદી કર્યું ન હતું, ને રાગમાં તથા તેના ફળમાં જ સંતોષ માનીને રોકાઈ ગયો હતો. પણ હવે જ્યાં રાગથી પાર ચૈતન્યની સ્વાનુભૂતિમાં આત્મા પ્રગટ્યો ત્યાં ચૈતન્યનું પરમ સુખ વેદનમાં આવ્યું.–આવી આનંદમય સ્વાનુભૂતિ કેમ થાય?–કે રાગના આશ્રયે ન થાય. પરના લક્ષે ન થાય, પોતામાં અંદર ઊંડે...ઊંડે જ્યાં રાગનો પ્રવેશ નથી એવો ભૂતાર્થ ચૈતન્યસ્વભાવ, તેમાં ઘૂસીને આત્માની સ્વાનુભૂતિ થાય છે. અહીં સોનગઢ–જિનમંદિરમાં સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા થઈ તેની વર્ષગાંઠનો દિવસ (ફાગણ સુદ બીજ) આવતીકાલે છે, ને આજે અહીં આત્માની સ્વાનુભૂતિવડે ચૈતન્યપ્રભુને પોતામાં પધરાવવાની આ વાત છે. અંતરમાં આત્માની ઓળખાણ વગર ભગવાનને પણ સાચા ઓળખાય નહીં. પરથી ભિન્ન રાગથી પાર અપાર ગુણસંપન્ન આત્માની શ્રદ્ધા કરવી તે જ મોક્ષમહેલનું પહેલું પગથિયું છે. જેણે આવી શ્રદ્ધા કરી તેણે અનંત ભગવંતોને પોતાના અંતરમાં સ્થાપીને મોક્ષ તરફ મંગલ પ્રયાણ કર્યું. સમ્યગ્દર્શનમાં આત્માના સિદ્ધ જેવા અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે, તેના વગર જ્ઞાન–ચારિત્ર વગેરે કંઈ સાચું હોતું નથી. શાસ્ત્રનાં ભણતર કે શુભરાગનાં આચરણ એ બધાં સમ્યગ્દર્શન વગર નિરર્થક છે; સમ્યગ્દર્શન વગરનાં તે બધાં મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર છે, એટલે તે સંસારનાં જ કારણ થાય છે, મોક્ષનાં કારણ થતાં નથી. માટે કહે છે કે હે ભાઈ! તું આવા પવિત્ર સમ્યગ્દર્શનને તથા સમ્યગ્જ્ઞાનને ઉદ્યમથી ધારણ કર. આ અવસરમાં લાખ–કરોડ ઉપાય બનાવીને પણ, બીજી બધી બહારની વાત પડતી મૂકીને અને અંતરમાં પોતાના આત્માની દરકાર કરીને આવા શ્રદ્ધા–જ્ઞાન કર, તને અપૂર્વ આનંદ થશે. અધિક શું કહીએ? લાખો વાતોનો સાર એટલો જ છે કે હે સુજ્ઞપુરુષો! અનંતકાળ તો સમ્યગ્દર્શન વગર વીતી ગયો, પણ હવે આવા અવસરમાં સમ્યગ્દર્શન વગર જરાપણ કાળ ગુમાવશો નહિ. વીરપ્રભુના જિનશાસનમાં આવો અવસર પામીને હવે તો સમ્યગ્દર્શન પ્રગટ કરો. શીઘ્ર ચેતી જાઓ....દુનિયાને રાજી કરવા માટે કાળ ન ગુમાવો; પોતાનો આત્મા શું છે તે તરફ લક્ષ કરીને તેનું આરાધન કરો, તેનો સમ્યક્ અનુભવ કરો. સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિનો આ અવસર છે, તે ઉત્તમ રત્નવડે મોક્ષ પમાય છે. અનંતકાળ તો દુઃખમાં ગયો...'ગઈ સો ગઈ'...પણ હવે તો સમ્યગ્દર્શન કરીને આત્માના સુખનો અનુભવ કરો. અનંતા જીવો આવો અનુભવ કરી કરીને મોક્ષમાં ગયા છે, તમે પણ આત્માને ઓળખીને તે જ માર્ગે આવો.

શરીર અને કર્મ તો ક્યાંય રહ્યા, તે તો અજીવ છે, પરદ્રવ્ય છે, જીવથી જુદા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભાશુભરાગ પણ ચૈતન્યસ્વભાવથી પર છે, જુદા છે; અને જે અલ્પ વિકાસવાળી અધૂરી પર્યાય છે-તેટલો પણ આખો આત્મા નથી; પૂર્ણ સ્વભાવથી ભરેલો આત્મા છે તેમાંથી કેવળજ્ઞાનાદિ પ્રગટે તે જ તેનું પૂરું કાર્ય છે. માટે પરની-વિકારની અલ્પપર્યાયના ભેદની દૃષ્ટિ છોડીને, પૂર્ણસ્વભાવથી ભરેલો ભૂતાર્થ ભગવાન, તેની સન્મુખ થઈ ને તેના શ્રદ્ધા-જ્ઞાન કરવા તે સમ્યગ્દર્શન ને જ્ઞાન છે, તે આનંદરૂપ છે, તે મોક્ષમાર્ગ છે. પૂર્ણ-આનંદી-પ્રભુ ભગવાન આત્મા પોતે બિરાજી રહ્યો છે, તેને ભજતાં જ તે મોક્ષમાર્ગ અને મોક્ષ આપે છે. અનંતા જીવો પોતાના અંતરમાં તેને જ ભજી-ભજીને સમ્યગ્દર્શન પામ્યા છે, ને જેઓ પામશે તેઓ પણ તેની જ સન્મુખ થઈ ને પામશે.-સમ્યગ્દર્શન માટે આ ત્રણેકાળનો નિયમ છે, તે બધાય જીવોને લાગુ પડે છે. આ સિવાય બીજા કોઈ ઉપાયથી સમ્યગ્દર્શન પમાતું નથી, ને સમ્યગ્દર્શન વગર મોક્ષ નથી. માટે હે ભવ્યજીવો! તમે લાખ વાતે પણ શુદ્ધ આત્માના સ્વભાવની સન્મુખ થઈને તેના શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરો.

અહો, જુઓ તો ખરા! સંતો કેવા પ્રેમથી આત્માના હિતની પ્રેરણા આપે છે! અરે, આવા આત્માનો પ્રેમ લાવીને જીવે તેની વાત કદી સાંભળી નથી. સાંભળી ખરેખર ત્યારે કહેવાય કે પોતામાં તેવો ભાવ પ્રગટ કરીને અંદર અનુભવ કરે. ચૈતન્યની વાત સાંભળવા છતાં જે જીવ વિષય-કષાયના વેદનરૂપ ભાવમાં જ રોકાઈ રહે એટલે કે બંધભાવમાં જ રોકાઈ રહે ને અબંધરૂપ ચૈતન્યભાવ પ્રગટ ન કરે તેણે એકત્વ આત્માની વાત ખરેખર સાંભળી નથી, તેણે તો કામ-ભોગ-બંધની વિકથા જ સાંભળી છે, તેનો જ પ્રેમ કર્યો છે; અનાદિકાળથી જીવે તે જ કર્યું છે. પરથી જુદો થઈને ચૈતન્યના એકત્વમાં જે આવ્યો તેણે જ અપૂર્વ ભાવે એકત્વસ્વભાવની વાત યથાર્થ સાંભળી છે, ને તેણે જ અનુભવી-જ્ઞાનીની સાચી સેવા કરી છે. એ સિવાય માત્ર શુભભાવ કર્યા તેને સમ્યગ્જ્ઞાનીની સેવા પણ કહેતા નથી; એણે 'જ્ઞાન'ની સેવા નથી કરી, એણે તો રાગને જ સેવ્યો છે. માટે કહે છે કે પુણ્ય-પાપથી પાર ચૈતન્યતત્ત્વને ઓળખો,—એ જ બધાનો સાર છે.

સમ્યગ્દર્શનપર્યાયમાં નિમિત્તનો રાગનો કે ભેદનો આશ્રય નથી, તે તો એક અખંડ જ્ઞાયકતત્ત્વનો આશ્રય કરીને તેમાં એકતા કરે છે. સમ્યગ્દૃષ્ટિજીવ પોતાના શુદ્ધાત્માની પ્રતીતિ કદી છોડતો નથી, ને એક સમય પણ રાગાદિ અશુદ્ધ ભાવરૂપે પોતાને અનુભવતો નથી. આવું સમ્યગ્દર્શન ને ભેદજ્ઞાન તે જૈનધર્મનો સાર છે. આમાં જ વીતરાગતા થાય છે. વીતરાગતા તે શાસ્ત્રોનું તાત્પર્ય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ સર્વે પરથી અત્યંત જુદું છે-તેમાં વીતરાગતા ભરી છે; રાગનો અંશ પણ ચૈતન્યમાં નથી. આવા ચૈતન્યસ્વરૂપની અનુભૂતિ વગર અનંતવાર બધું કરી-કરીને શું પામ્યો?—એકલું દુઃખ પામ્યો, લેશ પણ સુખ ન પામ્યો. માટે હવે દુઃખથી પરિમુક્ત થઈ ને સુખી થવા અર્થે હે જીવો! તમે જગતના બધા દંદ-ફંદ છોડીને નિજ આત્માને ધ્યાવો....ક્યારે?-કે નિત્ય; એક ક્ષણ પણ આત્માને પુણ્ય-પાપવાળો ન ધ્યાવો. સદાય આત્માને પુણ્ય-પાપથી પાર ચૈતન્યસ્વરૂપે જ ધ્યાવો. -આ જ મુમુક્ષુનું કર્તવ્ય છે. 'શુભરાગ નિત્ય કરો' એમ ન કહ્યું પણ રાગ વગરના શુદ્ધઆત્માને 'નિત્ય ધ્યાવો' એમ કહ્યું. રાગરૂપે આત્માને એકક્ષણ પણ ન ધ્યાવો. ચૈતન્ય અને રાગ એક ભાસવા તે સંસારનું મૂળ છે; ચૈતન્ય અને રાગની ભિન્નતા ભાસવી તે મોક્ષનું મૂળ છે. પુણ્ય-પાપના ભાવ થાય તે વખતેય પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શુદ્ધઆત્માના શ્રદ્ધા-જ્ઞાન છૂટતા નથી; સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન તો પુણ્ય-પાપથી છૂટા જ છે. આત્માના ધ્યાન વડે આવા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને ધર્મી તેને નિત્ય ધ્યાવે છે. આ જ શ્રાવકોનું પ્રથમ કર્તવ્ય છે. શ્રાવકને-ધર્મી ગૃહસ્થને પણ શ્રદ્ધા-જ્ઞાનમાં ધ્યેયપણે નિરંતર પોતાનો આવો શુદ્ધ આત્મા ( પુણ્ય-પાપ વગરનો ) વર્તે છે. શુદ્ધ આત્માનું આવું ધર્મધ્યાન ગૃહસ્થને પણ હોય છે.

જગતના સકલ દંદ-ફંદને તોડવાનું કહ્યું, ને પુણ્ય-પાપના ફળમાં હર્ષ-શોક છોડવાનું કહ્યું; તો જગતના તે ફંદને કોણ છોડે ?-કે પુણ્ય-પાપથી પાર ચૈતન્યતત્ત્વ હું છું એમ જેણે અંતરમાં જાણ્યું હોય, તે જ પોતાના આત્માને ધ્યાવીને સંસારના ફંદાથી છૂટી જાય છે. જેને પુણ્યના ફળમાં મીઠાશ લાગે, શુભરાગમાં રસ લાગે, તે જીવ સંસારના ફંદને તોડી શકે નહિ.

ભગવાન ! તારા આત્મામાં જ સિદ્ધભગવાન બેઠા છે. કેવળજ્ઞાન તારા આત્મામાં બેઠું છે; તારે બીજા પાસેથી શું લેવું છે ? ચૈતન્યતત્ત્વનો આશ્રય કરતાં તું પોતે સાદિ-અનંતકાળ સુધી કેવળજ્ઞાન અને સિદ્ધદશારૂપે પરિણમ્યા કર-એવો જ તારો અચિંત્ય સ્વભાવ છે. હવે તારે રાગ પાસેથી કે બીજા કોઈ પાસેથી શું લેવાનું છે ? અનંત અતીન્દ્રિય આનંદ, અનંત કેવળજ્ઞાન, અનંત સમ્યક્ત્વ-એવું સામર્થ્ય તારા ગુણમાં જ છે,-આવા અનંત ગુણનો પિંડ તું મહાન ચૈતન્યવસ્તુ. તેમાં રાગનો અંશ પણ નથી. અંતર્મુખ થઈને આવી પરમ મહિમાવંત આત્મવસ્તુને શ્રદ્ધા-જ્ઞાનમાં લેવી તે ભવથી પાર થવાનો ઉપાય છે.

પુણ્ય-પાપને અવલંબનારું જ્ઞાન મોક્ષનું કારણ નથી, ચૈતન્યસ્વભાવરૂપ સ્વસત્તાને અવલંબનારું જ્ઞાન જ મોક્ષનું કારણ છે. પુણ્ય-પાપ તો સંસારનો ફંદ છે, તેને ચૈતન્યના ધ્યાન વડે તોડવાનો છે. ચૈતન્યસ્વરૂપ આત્માને જાણ્યો ત્યારે રાગાદિના ફંદથી જ્ઞાન છૂટયું કે 'આ પુણ્ય-પાપ હું નહીં.' સ્વપૂર્વક પરનું જ્ઞાન તે જ પ્રમાણ જ્ઞાન છે; આવા ભેદજ્ઞાન વડે સમ્યગ્જ્ઞાનનું આરાધન કરો. સમ્યગ્દર્શન સાથે આવું સમ્યગ્જ્ઞાન થાય છે; તેને સમ્યગ્દર્શન પછી પણ ઠેઠ કેવળજ્ઞાન સુધી આરાધો....પુણ્ય-પાપથી સદા જુદું ને જુદું જ્ઞાન આરાધો....તે મોક્ષમાર્ગ છે, તે જ બાર અંગનો સાર છે. આવા સમ્યગ્દર્શન ને જ્ઞાનપૂર્વક જ ચારિત્રઆરાધના હોય છે, તેથી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પછી હવે ચારિત્રનું વર્ણન કરશે. ( ૯ )

**न हि सम्यक् व्यपदेशं चारित्रं अज्ञानपूर्वकं लभते ।**
**ज्ञानान्तरम् उक्तं चारित्राराधनं तस्मात् ॥ ३८ ॥**

અજ્ઞાનપૂર્વકના ચારિત્રને સાચું ચારિત્ર કહેવાતું નથી; તેથી ચારિત્રની આરાધના સમ્યગ્જ્ઞાન પછી કહેવામાં આવી છે. ( પુરુષાર્થસિદ્ધિ ઉપાય )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સમ્યગ્જ્ઞાનપૂર્વક ચારિત્રનો ઉપદેશ

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે; તેમાં સમ્યક્ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ હોય છે, તેથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું વર્ણન કર્યા પછી હવે સમ્યક્ચારિત્રની આરાધનાનો ઉપદેશ કરે છે. તેમાં મુનિઓને સકલચારિત્ર હોય છે ને શ્રાવકોને દેશચારિત્ર હોય છે, તેમાંથી સકલચારિત્રનું વર્ણન છઠ્ઠી ઢાળમાં કરશે; અહીં શ્રાવકના દેશચારિત્રનું વર્ણન છેઃ—

[ શ્રાવકનાં ૧૨ વ્રતનું વર્ણન ગા. ૧૦ થી ૧૩ ]

सम्यक्ज्ञानी होय बहुरि दृढ चारित लीजै,
एकदेश अरु सकलदेश तसु भेद कहीजे ।
त्रसहिंसाको त्याग, वृथा थावर न संहारे,
परवधकार कठोर निंद्य नहिं वचन उचारै ॥ १० ॥

जल-मृतिका विन और नाहिं कछु ग्रहैं अदत्ता.
निज वनिता विन सकल नारिसों रहै विरत्ता ।
अपनी शक्ति विचार परिग्रह थोरो राखै,
दशदिश गमनप्रमान ठान तसु सीम न नाखे ॥ ११ ॥

ताहूंमें फिर ग्राम गलि गृह बाग बजारा,
गमनागमन प्रमाण ठान अन सकल निवारा ।
काहूकी धनहानि किसी जय-हार न चिंते,
देय न सो उपदेश होय अघ वनज कृषीतैं ॥ १२ ॥

कर प्रमाद जल भूमि वृक्ष पावक न विराधै,
असि धनु हल हिंसोपकरण नहि दे यश लाधै ।
राग-द्वेष-करतार, कथा कबहूं न सुनीजै,
ओर हु अनरथ दंड हेतु अघ तिन्हें न कीजै ॥ १३ ॥

શ્રાવકનાં કુલ બાર વ્રત હોય છે—પાંચ અણુવ્રત (અહિંસા, સત્ય, અદત્ત, બ્રહ્મચર્ય, પરિગ્રહપરિમાણ), ત્રણ ગુણવ્રત (દિગ્વ્રત, દેશાવકાશિકવ્રત, અનર્થદંડ-પરિત્યાગવ્રત) તથા ચાર શિક્ષાવ્રત (સામાયિક, પ્રૌષધ, ભોગોપભોગપરિમાણ અને અતિથિ-સંવિભાગરૂપ વૈયાવૃત્ય).



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ બાર વ્રતમાંથી પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રતનું વર્ણન આ ચાર શ્લોકમાં છે; પછીના શ્લોકમાં ચાર શિક્ષાવ્રત કહેશે.

આ વ્રત શ્રાવકને પાંચમા ગુણસ્થાને હોય છે, એટલે સમ્યગ્જ્ઞાનપૂર્વક જ હોય છે, જ્ઞાન વગરનાં વ્રત સાચાં હોતાં નથી. તેથી ખાસ કહ્યું કે 'સમ્યગ્જ્ઞાની હોય બહુરિ દૃઢ ચારિત્ર લીજે.' અહો, સમ્યગ્જ્ઞાન ઉપરાંત જ્યાં એવી વીતરાગતા થઈ છે કે અપ્રત્યાખ્યાનસંબંધી ક્રોધાદિ કોઈ કષાયો પણ થતાં નથી, ને બાકીનાં જે કષાયો છે તે પણ મંદ છે, મર્યાદામાં આવી ગયા છે; અંદરની વીતરાગી શાંતિ ઘણી વધી ગઈ છે.—આવી દશાવાળા શ્રાવકને પાંચમું ગુણસ્થાન હોય છે ને તેને અહિંસાદિ વ્રતો હોય છે, તેનું આ વર્ણન છે. અરે, શ્રાવકપણું તે કોને કહેવાય? સર્વાર્થસિદ્ધિના દેવો કરતાંય જેની શાંતિ વધી ગઈ છે. આવી દશા અંદર આત્માના અનુભવ વગર હોઈ શકે નહિ. માટે હે જીવો! પહેલાં આત્માનું સમ્યગ્જ્ઞાન કરીને પછી ચારિત્રદશાનું આરાધન કરો, મુનિપણું થઈ શકે તો મુનિપણું કરો, અને અત્યારે મુનિપણું ન થઈ શકે તો શ્રાવકના ચારિત્રનું આચરણ કરો,—દેશવ્રતનું પાલન કરો.

મોક્ષમાર્ગમાં એટલે કે અરિહંતભગવાનના માર્ગમાં જે ચારિત્ર છે તે સમ્યગ્જ્ઞાન સહિતનું જ છે; સમંતભદ્રસ્વામીએ રત્નકરંડશ્રાવકાચારની ૪૯મી ગાથામાં '**संज्ञस्य चारित्रम्**' એટલે કે સમ્યગ્જ્ઞાનનીનું ચારિત્ર–એમ કહીને સમ્યગ્જ્ઞાનપૂર્વકની જે હિંસાદિથી વિરતિ તેને ચારિત્ર કહ્યું છે; અજ્ઞાનીના વ્રતાદિ આચરણને ચારિત્ર કહેતાં નથી.

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં સમ્યક્ચારિત્રના પ્રકરણની શરૂઆતમાં જ અમૃતચંદ્રસ્વામી કહે છે કે—કેવા જીવને સમ્યક્ચારિત્ર હોય?—કે જેણે દર્શનમોહનો નાશ કર્યો છે, અને સમ્યગ્જ્ઞાનવડે તત્ત્વાર્થને જાણ્યા છે, તથા જે સદાય અકંપ દૃઢ ચિત્તવાળા છે તેવા જીવોને સમ્યક્ચારિત્ર હોય છે. અજ્ઞાનપૂર્વકના આચરણને સાચું ચારિત્ર કહેવાતું નથી, તેથી સમ્યગ્જ્ઞાન પછી ચારિત્રનું આરાધન કહ્યું છે. કષાયના અભાવરૂપ આચરણ—કે જે 'આત્મરૂપ' છે તે ચારિત્ર છે. શુભરાગ તે કાંઈ આત્માનું રૂપ નથી, રાગના અભાવરૂપ વીતરાગી ચારિત્ર છે તે જ આત્માનું રૂપ છે. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર એ ત્રણેયને 'આત્મરૂપ' કહીને તેમાંથી રાગાદિ પરભાવને બાદ કરી નાંખ્યા છે. આવા આત્મસ્વરૂપની ઓળખાણ પછી જ શ્રાવકનું કે મુનિનું ચારિત્ર હોય છે.

રાગાદિથી ભિન્ન પોતાનું જ્ઞાનસ્વરૂપ જેણે જાણ્યું છે–એવા જીવને પોતાના જ્ઞાયકભાવરૂપ સ્વભાવમાં ચર્યા (ચરવું–પરિણમવું) તે ચારિત્ર છે; તેમાં તો પરમ વીતરાગતાના પ્રભાવથી પરમ સામ્યભાવ હોય છે, અને તેની સાથે બાહ્યપ્રવૃત્તિ પણ હિંસાદિના ત્યાગરૂપ ઉજ્જવળ હોય છે. પાંચમા ગુણસ્થાને શ્રાવકને અનંતાનુબંધી તેમજ અપ્રત્યાખ્યાની ક્રોધ–માન–માયા–લોભ તો થતાં જ નથી,—એવી શુદ્ધિની ભૂમિકામાં સ્થૂળ હિંસાદિના પાપ પરિણામ થતાં જ નથી તેનું નામ અહિંસાવ્રત છે, ત્યાં જે રાગ–દ્વેષાદિ રહ્યા છે તે પણ મર્યાદામાં આવી ગયા છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પાંચમાગુણસ્થાનવર્તી શ્રાવકનાં (–ભલે તે તિર્યંચગતિમાં હોય તોપણ તેનાં) પરિણામ વધુ ઉજ્જવળ છે, અને સર્વાર્થસિદ્ધિ–દેવ કરતાં તે તિર્યંચ વધુ સુખી છે.

શ્રાવકના ચારિત્રમાં બારવ્રત હોય છે, તેના ત્રણ વિભાગ છે—પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને ચાર શિક્ષાવ્રત; તે ઉપરાંત તેને હંમેશા સંલ્લેખનાની એટલે કે સમાધિમરણની ભાવના હોય છે. અહિંસાદિ પાંચ અણુવ્રત અને દિગ્વ્રત વગેરે ત્રણ ગુણવ્રતનું વર્ણન આ ચાર ગાથામાં છે. દિગ્વ્રત, દેશાવકાશિકવ્રત અને અનર્થદંડત્યાગવ્રત-એ ત્રણ અહિંસાદિવ્રતની પુષ્ટિ કરનારાં છે-ગુણ કરનારાં છે-રક્ષા કરનારાં છે તેથી તેને 'ગુણવ્રત' કહેવાય છે. અને સામાયિક-પ્રૌષધોપવાસ ભોગોપભોગપરિમાણ અને અતિથિસંવિભાગરૂપ વૈયાવૃત્ય-એ ચાર વ્રત મુનિપણાના અભ્યાસરૂપ છે—મુનિદશાની શિક્ષા દેનારાં છે તેથી તેને 'શિક્ષાવ્રત' કહેવાય છે, તેનું વર્ણન હવેની ગાથામાં આવશે.

૧. અહિંસા-અણુવ્રત : આત્માના અનુભવ ઉપરાંત, અપ્રત્યાખ્યાન સંબંધી કષાયોનો પણ અભાવ થવાથી જેને આત્માની શાંતિ ઘણી વધી ગઈ છે એવા પંચમગુણસ્થાનવર્તી શ્રાવકને સંકલ્પપૂર્વકની ત્રસહિંસાના પરિણામ થતા જ નથી; જેમાં સીધી ત્રસહિંસા થતી હોય એવી પ્રવૃત્તિમાં તે પડે નહિ, ત્રસહિંસાવાળો ખોરાક તે ખાય નહિ. જોકે સામાન્ય ગૃહસ્થને કે સજ્જન આર્યમાણસને પણ ત્રસહિંસાના આવા પાપપરિણામો ન હોય, પરંતુ આ વ્રતી શ્રાવકને તો તેનો નિયમપૂર્વક ત્યાગ હોય છે. તેમ જ સ્થાવરજીવોની પણ પ્રયોજન વગર તે હિંસા કરતો નથી, સ્થાવરજીવોની હિંસાથી પણ બચી શકાય તેટલો સાવધાનીપૂર્વક બચે છે. વિરોધીની-હિંસા એટલે કે કોઈ દુષ્ટ જીવ દ્વારા કે શત્રુ દ્વારા ધર્મ ઉપર, રાષ્ટ્ર ઉપર કે સ્ત્રીપુત્રાદિ ઉપર આક્રમણ થાય તો તેવા પ્રસંગે સ્વરક્ષાઅર્થે કે ધર્મ વગેરેની રક્ષા અર્થે ન છૂટકે સામા જીવને હણવાનો પ્રસંગ આવી પડે,—એવી હિંસાનો ત્યાગ આ શ્રાવકને હોતો નથી. તેમાં પણ સામાની હિંસા કરવાનો તેનો અભિપ્રાય નથી. આવી હિંસાના પરિણામ વખતેય અનંતાનુબંધી કે અપ્રત્યાખ્યાન સંબંધી રાગ-દ્વેષ તેને થતાં જ નથી, એટલી બે કષાયના અભાવરૂપ વીતરાગી શુદ્ધતા તેને સદાય ટકી રહે છે; ને એટલી શુદ્ધતા રાખીને જે હિંસાદિના પરિણામ થાય છે તે ઘણા અલ્પ છે, સ્થૂળ હિંસાદિના પરિણામ તો તેને થતા જ નથી. —આવી દશાનું નામ અહિંસા-અણુવ્રત છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને ધર્મીજીવે આવા અહિંસાવ્રતનું પણ પાલન કરવા યોગ્ય છે.

શ્રાવકને 'વિરોધિની હિંસા' હોય છે, એનો અર્થ એમ નથી કે તે હિંસા કરવા જેવી છે. શ્રાવક તો તેને પણ છોડવા જેવી જ માને છે; પણ હજી તે કષાયના અભાવને યોગ્ય શુદ્ધિ પ્રગટી નથી તેથી તેવા પરિણામ આવી જાય છે.-એને પણ છોડીને સંપૂર્ણ અહિંસારૂપ મુનિદશા ક્યારે થાય તેની શ્રાવકને ભાવના છે.

૨. સત્ય-અણુવ્રત :—વસ્તુનું સ્વરૂપ જે પ્રમાણે સત્ છે તે પ્રમાણે બરાબર જાણે તેને જ સત્યવ્રત હોઈ શકે છે. આ આત્માને ઈશ્વરે બનાવ્યો, અથવા આત્મા સર્વથા ક્ષણિક છે—એવું અસત્ય માનનારને સત્યવ્રત હોતું નથી. સમ્યક્જ્ઞાનપૂર્વક જ સત્યવ્રત હોય છે. અનંતાનુબંધીના ચાર, ને પ્રત્યાખ્યાનના ચાર, એમ આઠ કષાયનો અભાવ થઈને જ્યાં ઘણી શાંતિ પ્રગટી છે, ત્યાં શ્રાવકને સ્થૂળ અસત્યના પરિણામ થતા નથી, તે સત્ય-અણુવ્રત છે. જેનાથી બીજાને દુઃખ થાય, પ્રાણનો ઘાત થાય-એવા વચન તે બોલે નહિ. એવું સત્ય પણ ન બોલે કે જેનાથી બીજાની હિંસા થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩. અચૌર્ય–અણુવ્રત :—સમ્યગ્દૃષ્ટિ–શ્રાવક જ્ઞાનાનંદસ્વરૂપ સ્વદ્રવ્ય સિવાય કોઈ પણ પરદ્રવ્યને તો પોતાનું માનતો જ નથી; તેમ જ દીધા વગરની પારકી વસ્તુના ગ્રહણના ભાવ તેને થતા નથી. રસ્તામાં પડેલી બીજાની વસ્તુને આ વ્રતધારી શ્રાવક ઊપાડે નહિ.

૪. બ્રહ્મચર્ય–અણુવ્રતઃ—બ્રહ્મસ્વરૂપ આત્માના સુખનો અનુભવ જેને વધી ગયો છે એવો શ્રાવક પોતાની પરણેલી સ્ત્રી સિવાય જગતની સમસ્ત સ્ત્રીઓથી વિરક્ત હોય છે. તેની સાથે અબ્રહ્મનો વિકલ્પ પણ તેને આવતો નથી; પોતાની સ્ત્રીમાં પણ તીવ્ર આસક્તિ નથી તેમ જ ભોગોમાં સુખ તો તે માનતો જ નથી;—આવું ચોથું અણુવ્રત છે. પાંચમાગુણસ્થાન પહેલાં પણ બ્રહ્મચર્યાદિનો રંગ અભ્યાસરૂપે હોય, પરંતુ વ્રતધારી શ્રાવકને તો તે નિયમરૂપ છે, મનથી–વચનથી–કાયાથી તેમાં દોષ લાગવા દેતો નથી. આ અણુવ્રતને 'સ્વદારા–સંતોષવ્રત' પણ કહેવાય છે.

૫. પરિગ્રહપરિમાણ–અણુવ્રતઃ—શ્રદ્ધા–જ્ઞાનમાં તો સમસ્ત પરદ્રવ્યથી પોતાના આત્માની ભિન્નતા જાણી છે. તે ઉપરાંત શુદ્ધતા વધતાં, રાગપરિણામના ત્યાગથી ધન–ધાન્ય–વસ્ત્ર–સોનું વગેરે વસ્તુઓના પરિગ્રહની મર્યાદા થઈ જાય છે તેનું નામ પરિગ્રહપરિમાણ નામનું પાંચમું વ્રત છે. આ વ્રતધારી શ્રાવક પોતાની ભૂમિકા તથા પોતાનું સામર્થ્ય વિચારીને જિંદગીભર અમુક પરિગ્રહની જ મર્યાદા કરે છે, તેનાથી વિશેષની વૃત્તિ જ તેમને થતી નથી, એટલે બીજા બધા પ્રત્યે અત્યંત નિસ્પૃહભાવ થઈ જાય છે.

—આ પ્રમાણે અહિંસાદિ પાંચઅણુવ્રત કહ્યાં; શ્રાવકને બે કષાયના અભાવરૂપ શુદ્ધતા થતાં આ પાંચે અણુવ્રતો એકસાથે હોય છે. આ વ્રતોને પુષ્ટ કરનારી, દરેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓનું વર્ણન મોક્ષશાસ્ત્રની ટીકાઓમાં વિસ્તારથી છે. ભગવાનના માર્ગમાં દરેક પ્રકારનાં સૂક્ષ્મ પરિણામોનું વર્ણન કર્યું છે, એવું વર્ણન બીજે ક્યાંય હોતું નથી. સર્વજ્ઞદેવે જ્યાં જ્યાં ત્રસજીવો કહ્યા છે, ઈંડા વગેરેમાં પંચેન્દ્રિય જીવો કહ્યા છે, અણગળ પાણીમાં ક્ષણેક્ષણે ત્રસજીવોની ઉત્પત્તિ કહી છે,—એ બધાને જાણે તો જ તે ત્રસજીવોની હિંસાથી બચી શકે. એટલે અહિંસા વગેરેનું સૂક્ષ્મ સ્વરૂપ અરિહંતદેવના માર્ગમાં જ છે; અરિહંતદેવના માર્ગની જેને ખબર નથી તેને અહિંસાદિનું સાચું પાલન થઈ શકતું નથી. માટે ખરેખર સમ્યગ્જ્ઞાનપૂર્વક જ સાચું ચારિત્ર હોય છે. જ્ઞાન વગરના વ્રતાદિને તો 'બાલવ્રત' કહેલ છે.

જીવોનું મરણ–જીવન તો તેના આયુકર્મને આધીન છે, પણ આ જીવને કષાયનો અભાવ હોવાથી તેવા હિંસાદિના આરંભ–પરિણામ હોતાં નથી. કોઈ આરંભમાં એક પણ ત્રસ જીવ મરતો દેખાય તો વ્રતધારી–શ્રાવક તેવો આરંભ કરે નહિ. કીડી માત્રને મારવાથી ઘણું ધન મળતું હોય, કે કોઈ પણ ત્રસ જીવને મારવાથી રોગાદિ આપદા દૂર થતી હોય–તોપણ, જીવનના લોભથી પણ, ધર્મીજીવ તેવી જીવહિંસાનો સંકલ્પ કરે નહિ, હું આને મારું એવો મનમાં વિકલ્પ પણ તેને ન આવે,–ત્યારે અહિંસાવ્રત કહેવાય. બીજો જીવ (વાછડું વગેરે) બહુ દુઃખથી પીડાતો હોય ત્યાં તેને દુઃખથી જલ્દી છોડાવવા ગોળીથી ઠાર કરી નાંખવાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિચાર તે પણ ત્રસહિંસા જ છે, એવા પરિણામ ધર્મીને હોય નહીં. માત્ર શરીર છૂટી જવાથી કાંઈ દુઃખથી છૂટી જવાતું નથી, કેમકે જીવ કાંઈ આ શરીર પૂરતો જ નથી; આ શરીર છોડીને બીજા ભવમાં તે પોતાના પુણ્ય-પાપ અનુસાર સુખ-દુઃખ ભોગવે છે. માટે એને મારવાનો વિચાર આર્યને હોય નહિ. એ જ પ્રમાણે સર્પાદિક હિંસક જીવો જીવતા રહેશે તો બીજા ઘણા જીવોને મારી નાંખશે,— માટે તે સર્પાદિકને હણી નાંખવા યોગ્ય છે—એવો વિચાર પણ તત્ત્વથી વિરુદ્ધ છે, ધર્મીને એવો વિચાર હોય નહિ. કોઈ સિંહાદિક હૂમલો કરે ત્યાં રક્ષા માટે તેનો પ્રતિકાર કરે તે જુદી વાત છે—જોકે તે પણ હિંસા તો છે, પણ કોઈ જીવને મારી નાંખવાની બુદ્ધિ ધર્મી-શ્રાવકને હોતી નથી. ત્રસજીવની હિંસાવડે ઉપજેલા ઔષધ વગેરેનો પ્રયોગ ધર્મીજીવ પ્રાણ જાય તોપણ કરે નહિ, ત્રસહિંસા કરવી પડે તેવી વિદ્યા (-ખરેખર કુવિદ્યા) તે ભણે નહિ. બહારના કેટલા પ્રકારનું વર્ણન કરીએ? અંદરમાં કષાયની ઉત્પત્તિ જ ન થાય તેનું નામ અહિંસા છે, ને જ્યાં કષાય નથી ત્યાં જીવહિંસાની પ્રવૃત્તિ પણ હોતી નથી. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં અમૃતચંદ્ર આચાર્યદેવ જિનાગમનો મહાન સિદ્ધાંત કહે છે કે—

**अप्रादुर्भावः खलु रागादिनां भवत्यहिंसा इति ।**
**तेषामेव उत्पत्तिः हिंसा इति जिनागमस्य संक्षेपः ॥ ४४ ॥**

આત્મામાં રાગાદિભાવોની ઉત્પત્તિ ન થવી એટલે કે વીતરાગભાવ, તે ખરેખર અહિંસા છે; અને રાગાદિભાવોની ઉત્પત્તિ થવી તે હિંસા છે.—જિનાગમનો આ ટૂંકો સાર છે.

રાગાદિનો જ્યાં અંશ નહીં, બસ! તે અહિંસા જાણવી;
રાગાદિની જે ઉત્પત્તિ તે જરૂર હિંસા જાણવી.
જિનવરકથિત આગમ તણો રે! આ જ ટૂંકો સાર છે,
પુરુષાર્થસિદ્ધયુપાયમાં અમૃતસૂરિનું વચન છે.

બહારમાં કદાચ બીજા જીવોની હિંસા ન થાય તોપણ જીવને જેટલા અંશે રાગ થયો તેટલી તો હિંસા જ છે, કેમકે રાગાદિ કષાયવડે તેણે પ્રથમ પોતાના આત્માને તો હણ્યો જ છે. અને રાગાદિની ઉત્પત્તિ ન થવી તે જ અહિંસા છે. જિનાગમમાં કહેલ આ અહિંસા તથા હિંસાનો મહા સિદ્ધાંત લક્ષમાં રાખીને બધા જિનાગમના અર્થ સમજવા જોઈએ. ભગવાનના આગમમાં રાગને હિંસા જ કીધી છે, પછી તે રાગ ગમે તે જાતનો હોય; જિનાગમમાં જે રાગને હિંસા કીધી, તે હિંસાવડે ધર્મ કેમ થાય?

ચૈતન્યમાં લીનતા થતાં એવો આનંદ થાય કે રાગની ઉત્પત્તિ જ ન થાય,-આવી ધર્મીજીવની અહિંસા છે, ને આવી વીતરાગી અહિંસા તે જ પરમ ધર્મ છે. પરમ ધર્મરૂપ આવી અહિંસા વીતરાગી-જિનમાર્ગમાં જ હોય છે. રાગમાં ધર્મ માનનારને અહિંસાધર્મ કદી હોતો નથી.

જૈનશાસનમાં જિનવરદેવે મોક્ષના કારણરૂપ અહિંસાધર્મનું સાચું સ્વરૂપ અલૌકિક રીતે સમજાવ્યું છે; તેનું સુંદર વર્ણન 'અહિંસા પરમો ધર્મઃ' નામની પુસ્તિકામાં છે; તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જિજ્ઞાસુઓને ખાસ ઉપયોગી હોવાથી અહીં આપવામાં આવે છે. (બ્ર. હરિલાલ જૈન દ્વારા લખાયેલું આ પુસ્તક, 'ભગવાન મહાવીર અઢીહજારવર્ષીય નિર્વાણ મહોત્સવ-સમિતિ' તરફથી પ્રગટ થયેલ છે.)—

## "અહિંસા પરમો ધર્મઃ"


### [ભગવાન મહાવીરનો ઇષ્ટ–ઉપદેશ]

અહિંસા ધર્મ આખા જગતને પ્રિય છે; પણ તેનું સાચું સ્વરૂપ સમજનારા તો જગતમાં કોઈ વિરલા જ છે. અને તે અહિંસાનું સાચું સ્વરૂપ સમજ્યા વગર તેનું પાલન થઈ શકે નહીં; માટે અહિંસા-પ્રેમીએ તેનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ. ભગવાન મહાવીરના શાસનમાં પરમ અહિંસા ધર્મનું સત્ય સ્વરૂપ સમજાવ્યું છે; તેનો અહીં વિચાર કરીએ.

### પ્રથમ તો અહિંસાધર્મ એટલે શું?

* મહાવીરપ્રભુના શાસનમાં પરમ અહિંસા-ધર્મ તેને કહ્યો છે કે જેના સેવનથી જરૂર મોક્ષ થાય, અને આત્માનો સ્વભાવ હણાય નહીં.

* તથા હિંસા તેને કહે છે કે જેનાથી આત્માનો સ્વભાવ હણાય અને સંસારમાં ભવ કરવો પડે. (પછી તે ભવ સુગતિનો હો કે દુર્ગતિનો હો.) આ રીતે અહિંસા તે મોક્ષનું કારણ છે, અને હિંસા તે સંસારનું કારણ છે.




* સંસારની ગતિના મુખ્ય બે પ્રકાર: સુગતિ ને દુર્ગતિ.
* હિંસાના પણ બે પ્રકાર–

 ૧. શુભભાવજનિત અર્થાત્ પ્રશસ્ત કષાયરૂપ હિંસા.
 ૨. અશુભભાવજનિત અર્થાત્ અપ્રશસ્તકષાયરૂપ હિંસા.

આ રીતે જીવના અકષાય કે સકષાય, (વીતરાગ કે રાગાદિ) પરિણામ સાથે અહિંસા કે હિંસાનો સંબંધ છે, પણ પરજીવના જીવન કે મરણની સાથે આ જીવની અહિંસા કે હિંસાનો સંબંધ નથી. એટલે પરજીવનું જીવન કે મરણ તેના આયુષ્ય અનુસાર થાઓ,—પણ જે જીવને અકષાય-વીતરાગભાવ છે તે જીવ અહિંસક છે, અને જે જીવને સકષાય-રાગાદિભાવ છે તે જીવ હિંસક છે. આ ભગવાન વીરનાથે જૈન શાસનમાં કહેલો અહિંસા અને હિંસાનો મહાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિદ્ધાન્ત છે. તેમાં જે રાગાદિ હિંસા છે તે અધર્મ છે, અને વીતરાગભાવરૂપ જે અહિંસા છે તે પરમધર્મ છે. આવા અહિંસા ધર્મનો ઉપદેશ તે સર્વે જીવોને માટે હિતકારી હોવાથી, તે જ 'ઇષ્ટ-ઉપદેશ' છે, તે જ ભગવાન મહાવીરનો ઉપદેશ છે.

વીતરાગભાવરૂપ અહિંસા તે ઇષ્ટ ફળવાળી છે, ને મોક્ષ તે ઇષ્ટ છે.

રાગાદિભાવરૂપ હિંસા તે અનિષ્ટ ફળવાળી છે, ને સંસાર તે અનિષ્ટ છે.

## હવે આવી અહિંસા તથા હિંસાનું સ્વરૂપ વધુ સ્પષ્ટ સમજવા માટે દૃષ્ટાંત લઈએ :–

એક જંગલમાં ૪૦ લૂટારાઓ રહેતા હતા; તેઓ ક્રૂર પરિણામી અને માંસાહારી હતા. જંગલમાં શિકારની શોધમાં તેઓ ફરતા હતા.

એવામાં એક ધર્માત્મા-સંત તે જંગલમાંથી પસાર થતા હતા; આત્માને જાણનારા ને વીતરાગભાવમાં મહાલનારા તે સંત, દુષ્ટ લૂટારાઓની નજરે પડયા, એટલે તેમને મારી નાંખવા અને તેમનું માંસ ખાવા તે લૂટારાઓ તેમની પાછળ પડયા.

ધર્માત્મા સંત-મુનિ તો ઉપસર્ગ સમજીને શાંતિથી ધ્યાનમાં બેસી ગયા. લૂટારાઓ તેમને પકડીને મારવાની તૈયારીમાં હતા....પણ—

એ જ વખતે ત્યાં એક રાજા આવી ચડયો; રાજા સજ્જન હતો ને બહાદૂર હતો. મુનિને અને લૂટારાઓને દેખીને તે તરત પરિસ્થિતિ સમજી ગયો. દુષ્ટ લૂટારાઓના પંજામાંથી મુનિની રક્ષા કરવા તેણે લૂટારાઓને ઘણા સમજાવ્યા કે આ નિર્દોષ ધર્માત્માને હેરાન ન કરો. પણ માંસના લોભી દુષ્ટ લૂટારાઓ કોઈ રીતે માન્યા નહિ, ને તેમણે તો મુનિને મારવાની તૈયારી કરી.

ત્યારે રાજાથી રહેવાયું નહિ; તેણે મુનિની રક્ષા કરવા લૂટારાઓનો સામનો કર્યો, ચાલીસ લૂટારાઓ પણ એકસાથે રાજા ઉપર તૂટી પડયા. પણ બહાદૂર રાજાએ તે બધા લૂટારાઓને મારીને મુનિની રક્ષા કરી. લૂટારાઓ ન મુનિને મારી શકયા, કે ન રાજાને મારી શકયા.

હવે આપણે અહીં બે વાત વિચારવાની છે—

૧. રાજાદ્વારા તો ચાલીસ લૂટારાઓ હણાયા.

૨. લૂટારાઓ વડે એક પણ માણસ હણાયો નહિ.

–તો હવે તે બેમાંથી વધારે હિંસક તમે કોને માનશો?

રાજાને વધુ હિંસક કહેશો? કે લૂટારાઓને?

ચોક્કસપણે તમે લૂટારાઓને જ વધુ હિંસક કહેશો; ને રાજાને હિંસક નહીં કહો, પણ તેના કાર્યની પ્રશંસા કરશો.

* ૪૦ માણસો માર્યા ગયા છતાં તે રાજાને ઓછી હિંસા કેમ ગણી?
* અને કોઈ માણસ ન મરવા છતાં તે લૂટારાઓને વધુ હિંસા કેમ ગણી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* મુનિરાજ તો બંને પ્રત્યે તટસ્થ, રાગ–દ્વેષ વગરના છે તેથી તેઓ વીતરાગી–અહિંસક છે.

વિચાર કરતાં ઉપરના પ્રશ્નોનો ખુલાસો નીચે મુજબ આવશે :

"વધુ જીવ મરે માટે વધુ હિંસા, ને ઓછા જીવ મરે ત્યાં ઓછી હિંસા"–એવો નિયમ નથી. જો એમ હોત તો રાજા જ વધારે હિંસક ઠરત, પણ એમ નથી. ત્યારે કેમ છે? વધુ કષાય ત્યાં વધુ હિંસા; ઓછો કષાય ત્યાં ઓછી હિંસા; ને અકષાયરૂપ વીતરાગભાવ ત્યાં અહિંસા–એમ સિદ્ધાંત છે.

* લૂટારાઓએ મુનિને મારવાના ભાવનો ઘણો કષાય કર્યો તેથી તેને વધુ હિંસા લાગી.

* રાજાએ ઓછો કષાય કર્યો માટે તેને ઓછી હિંસા લાગી. જોકે તેને મુનિને બચાવવાનો શુભભાવ હતો, પરંતુ તેણે જેટલો કષાય કર્યો તેટલી તો હિંસા જ થઈ, કેમકે કષાય પોતે જ હિંસા છે.

* જેમણે રાગ–દ્વેષ ન કર્યો એવા મુનિરાજ પરમ–અહિંસક રહ્યા; કેમકે વીતરાગભાવ તે જ અહિંસા છે; ને રાગાદિ તે હિંસા છે.

હિંસા–અહિંસાનો આ અબાધિત નિયમ મહાવીર પ્રભુએ જૈનસિદ્ધાંતમાં કેવી સુંદર રીતે સમજાવ્યો છે! તે જુઓ—

**अप्रादुर्भावः खलु रागादीनां भवति अहिंसेति ।**
**तेषामेवोत्पत्तिः हिंसेति जिनागमस्य संक्षेपः ॥ ४४ ॥**

રાગાદિનો જ્યાં અંશ નહીં, બસ! તે અહિંસા જાણવી;
રાગાદિની જે ઉત્પત્તિ તે જરૂર હિંસા જાણવી.
જિનવરકથિત આગમ તણો રે! આ જ ટૂંકો સાર છે,
પુરુષાર્થસિદ્ધિ–ઉપાયમાં અમૃતસૂરિનું વચન છે.

જીવમાં રાગાદિભાવોની ઉત્પત્તિ ન થવી તે ખરેખર અહિંસા છે; અને રાગાદિ ભાવોની ઉત્પત્તિ તે હિંસા છે; આ જિનાગમનો સાર છે.

* જ્યાં કષાયસહિતયોગથી દ્રવ્ય–ભાવરૂપ પ્રાણોનો ઘાત છે ત્યાં ચોક્કસ હિંસા છે.

* જે સત્પુરુષને યોગ્ય આચરણ છે અને રાગાદિ કષાયનો અભાવ છે તેને, માત્ર પ્રાણઘાત વડે કદી હિંસા થતી નથી.

* અને જ્યાં રાગાદિકષાયવશ પ્રમાદપ્રવૃત્તિ છે ત્યાં, જીવ મરો કે ન મરો તોપણ, ચોક્કસ હિંસા છે. કેમકે—

* સકષાયજીવ, કષાય વડે પ્રથમ પોતે પોતાના આત્માના ચૈતન્ય–પ્રાણને તો હણે જ છે,–પછી બીજા જીવોની હિંસા તો થાય કે ન થાય.

* પરવસ્તુના કારણે જીવને સૂક્ષ્મપણ હિંસા થતી નથી; પોતાના કષાયભાવથી જ હિંસા થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હિંસા-અહિંસા સંબંધી આ વસ્તુસ્વરૂપનો નિયમ છે, અને આ જૈનસિદ્ધાંતનું ટૂંકું રહસ્ય છે.

**अज्झवसिदेण बंधो सत्ते मारेउ मा व मारेउ ।**
**एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स ॥ २६२ ॥**

મારો ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,
—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી.

સમયસારની આ ગાથામાં શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે-પરજીવોનું જીવન કે મરણ તો તેમના કર્મના ઉદયઅનુસાર થાઓ કે ન થાઓ, પણ તેમને મારવાનો કે જીવાડવાનો જે અધ્યવસાય છે તે જ નિશ્ચયથી જીવને બંધનું કારણ થાય છે.

હિંસા-અહિંસાનું આવું સૂક્ષ્મસ્વરૂપ માત્ર જૈનશાસનમાં જ છે,-કેમકે જીવના સાચા ચૈતન્યપ્રાણ, અને રાગાદિનું ભિન્નપણું જૈનશાસનમાં જ બતાવ્યું છે; અન્ય મિથ્યામતી જીવો હિંસા-અહિંસાનું સાચું સ્વરૂપ ઓળખી શકતા નથી, કેમકે જીવના ચૈતન્યપ્રાણની અને રાગની ભિન્નતાને તેઓ જાણતા નથી.

આ મહત્ત્વનો વિષય વધુ સ્પષ્ટ સમજવા માટે આપણે
એક બીજો દાખલો પાંડવોનો લઈએ-

યુધિષ્ઠિર-ભીમ-અર્જુન તથા નકુલ-સહદેવ એ પાંચ પાંડવોએ જ્યારે દગ્ધ થયેલી શ્રીકૃષ્ણની દ્વારકાનગરીને દેખી ત્યારે સંસારની આવી ક્ષણભંગુરતા દેખીને તેમનું ચિત્ત ઉદાસ થયું અને નેમપ્રભુના સમવસરણમાં આવ્યા; પ્રભુના શ્રીમુખથી ધર્મોપદેશ સાંભળીને તેઓ સંસારથી વિરક્ત થયા અને મુનિદશા પ્રગટ કરીને આત્મધ્યાનપૂર્વક દેશોદેશ વિચરવા લાગ્યા, વિચરતા-વિચરતા તેઓ સોનગઢની નજીક આવેલા શત્રુંજયગિરિ-સિદ્ધક્ષેત્ર પર પધાર્યા; અનેક ભક્તજનોએ અત્યંત હર્ષપૂર્વક પાંડવ-મુનિભગવંતોના દર્શન કર્યા. પણ દુર્યોધનના ભાણેજના મનમાં પાંડવોને દેખીને એવો દુષ્ટ વિચાર આવ્યો કે આ પાંડવોએ મારા મામાનો નાશ કર્યો છે માટે અત્યારે હું તેનું વેર લઉં; કેમકે અત્યારે મુનિદશામાં તેઓ કાંઈ પ્રતિકાર નહીં કરે. —આવા દુષ્ટ વિચારપૂર્વક તેણે લોખંડના ધગધગતા દાગીના પાંડવોના શરીરમાં પહેરાવ્યા, ને એ રીતે તેમને જીવતા બાળી નાંખવાનો ઘોર ઉપસર્ગ કર્યો. માથા પર ધગધગતા લોઢાના મુગટ પહેરાવ્યા તેથી માથું સળગવા લાગ્યું; હાથ-પગના દાગીનાથી હાથ-પગ પણ સળગવા માંડયા. તે વખતે—

(૧) યુધિષ્ઠિર-ભીમ-અર્જુન તો ચિદાનંદતત્ત્વની શાંત અનુભૂતિમાં એવા લીન થઈ ગયા કે ઉપસર્ગ ઉપર લક્ષ પણ ન ગયું. અગ્નિના ભડકા વચ્ચે પણ ચૈતન્યના શાંતરસમાં તેઓ એવા ઠરી ગયા કે તે જ વખતે ક્ષપકશ્રેણી માંડી, સંપૂર્ણ વીતરાગ થઈ, કેવળજ્ઞાન પામ્યા, અને તત્ક્ષણ મોક્ષ પામ્યા. તેમને રાગની ઉત્પત્તિ થઈ જ નહિ; તેથી તેઓ પરમ અહિંસક રહ્યા; તેમનો ચૈતન્યભાવ જરાય હણાયો નહિ,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

( ૨ ) બીજી તરફ નકુલ અને સહદેવ એ બે ભાઈઓએ જો કે શાંતિથી ઉપસર્ગ સહન કર્યો, દુશ્મન ઉપર ક્રોધ ન કર્યો; પણ તેમને એટલી વૃત્તિ ઊઠી કે આ ઉપસર્ગમાં અમારા મોટા ભાઈઓનું શું થતું હશે ?—આ પ્રકારે સંજ્વલનરૂપ બંધુ–મોહ રહી ગયો એટલે એટલા રાગની ઉત્પત્તિ થઈ, ને તેઓ વીતરાગપણે રહી ન શકયા, કેવળજ્ઞાન ન પામ્યા; પણ એટલા વિકલ્પ પૂરતી ચૈતન્યભાવની સૂક્ષ્મ હિંસાને લીધે તેમને સંસારમાં સર્વાર્થસિદ્ધિનો ભવ થયો. ( મોક્ષ ન થયો પણ ભવ થયો. )

હા, તેમણે વિશેષ ઉદ્વેગ ન કર્યો તેમ જ પાંડવોને બચાવવાની ચેષ્ટા ન કરી, એટલી વીતરાગતા તેમને વર્તતી હતી, અને તે અહિંસા હતી.

( ૩ ) ત્રીજા કોઈ જીવો એવા હતા કે જેમણે આ ઉપસર્ગ દેખીને, ઉપસર્ગ કરનાર ઉપર તીવ્ર ક્રોધ કર્યો તથા પાંડવોને બળતા દેખીને ખૂબ ઉદ્વેગ કર્યો, ભક્તિથી તેમને બચાવવાની ચેષ્ટા કરી.

આ જીવોએ, કોઈ જીવને હણ્યો ન હોવા છતાં, જેટલા ક્રોધાદિ ભાવ કર્યા તેટલે અંશે ચૈતન્યભાવની હિંસા કરી. એટલે ઉપરના બે નંબરવાળા જીવો કરતાં આ જીવોને વધુ હિંસા છે. તેમના પરિણામ શુભ હોવા છતાં આપણે તેમને અહિંસક નહીં કહીએ, કેમકે અહિંસા તો આપણે વીતરાગભાવને જ સ્વીકારેલ છે. એટલે–

* જીવ બચાવવાના ઉદ્વેગ પરિણામવાળો જીવ પૂરો અહિંસક નથી.
* પણ સ્વરૂપમાં સ્થિર વીતરાગ–પરિણામવાળો જીવ જ પૂરો અહિંસક છે.

( ૪ ) ચોથો જીવ–કે જેને મુનિને મારી નાખવાના ક્રૂર પરિણામ હતા, તેની તો શી વાત ? તેને તો તીવ્ર હિંસા છે.

આ પ્રમાણે જીવના સરાગ કે વીતરાગ પરિણામ-અનુસાર હિંસા–અહિંસા છે; અને તેમાં પણ મિથ્યાત્વ તે સૌથી મોટી હિંસા છે.

જૈનસિદ્ધાંત અનુસાર–હિંસા–અહિંસાનું આવું સત્ય–સ્વરૂપ જે નથી જાણતો, તે વીતરાગભાવરૂપ અહિંસાધર્મને ઓળખતો નથી, અને રાગાદિ હિંસાભાવો–કે જેના વડે જીવના ચૈતન્યપ્રાણ હણાય છે-તે રાગને ( શુભરાગને ) તે અહિંસા–ધર્મ માને છે. આ રીતે હિંસાને જ તે અહિંસા માનતો હોવાથી તે જીવને મિથ્યાત્વ છે; ને મિથ્યાત્વ તે સૌથી મોટી હિંસાનું સેવન છે. જેણે હિંસાને જ અહિંસા માની લીધી ( રાગને જ વીતરાગતા માની લીધી )–એના જેવું મોટું પાપ બીજું કયું હોઈ શકે ?

### માટે જેણે સાચા અહિંસક થવું હોય તેણે–

* કોઈ પણ રાગને પરમધર્મરૂપ અહિંસા માનવી ન જોઈએ.
* જેટલો રાગ તેટલી હિંસા—એમ સમજીને તે હિંસા છોડવી જોઈએ.
* અને જેટલી વીતરાગતા તેટલી અહિંસા–એમ સમજીને તેને આદરવી જોઈએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવી વીતરાગી અહિંસા વડે જ ભવથી તરાય છે;

તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.
(પંચાસ્તિકાય-૧૭૨)

આવી વીતરાગી અહિંસા તે વીરોનો ધર્મ છે.

મહાવીરશાસનની વીતરાગી અહિંસાનો જય હો.

* * *

## 'અહિંસા પરમ ધર્મ છે'

### * તે સમજાવવા એક વધુ દૃષ્ટાંત *

૧. એક જંગલની રમણીય ગૂફામાં ભદ્રપરિણામી એક સુવર (ભૂંડ) રહેતું હતું.

૨. તે જંગલમાં એક વાઘ રહેતો હતો, તે ક્રૂરપરિણામી હતો.

૩. એક વીતરાગી મુનિરાજ વિચરતા-વિચરતા તે જંગલમાં આવ્યા; ને જે ગૂફામાં સુવર રહેતું હતું તે ગૂફામાં બિરાજમાન થઈને શુદ્ધોપયોગ વડે આત્મધ્યાન કરવા લાગ્યા.

મુનિરાજને ગૂફામાં દેખીને–

૧. ભદ્રપરિણામી ભૂંડને એવો શુભ વિચાર આવ્યો કે અહા, આ કોઈ વીતરાગી મહાત્મા મારી ગૂફામાં પધાર્યા છે, એમને દેખતાં જ કોઈ અપૂર્વ શાંતિ થાય છે. એમના પધારવાથી મારી ગૂફા ધન્ય થઈ....હું કઈ રીતે તેમની સેવા કરું! એવા શુભભાવપૂર્વક તે ભૂંડ ગૂફાના દરવાજે બેસીને મુનિરાજની રક્ષા કરતું હતું.

૨. તે જ વખતે ગૂફા પાસે આવેલા વાઘને એવો અશુભ ભાવ થયો કે હું આ મનુષ્યને મારીને ખાઈ જાઉં.

૩. તે જ વખતે શુદ્ધોપયોગમાં લીન તે મુનિરાજ, નથી તો ભૂંડ ઉપર રાગ કરતા, કે નથી વાઘ ઉપર દ્વેષ કરતા એ તો વીતરાગ છે.

મુનિરાજને ખાઈ જવા માટે વાઘ ગૂફા પાસે આવ્યો. ભૂંડને તેનો ખ્યાલ આવી ગયો એટલે તરત જ વચ્ચે આવીને તેણે વાઘને રોક્યો.

વાઘ એના પર તૂટી પડ્યો....વાઘ અને ભૂંડ બંને લડ્યા; ખૂબ લડ્યા. ક્રૂર વાઘની સામે પણ ભૂંડે બરાબર ટક્કર ઝીલી; તેના મનમાં એક જ ધૂન હતી કે પ્રાણ આપીને પણ હું મુનિને બચાવીશ. બંને ખૂબ લડે છે,–એક તો મુનિના રક્ષણ માટે લડે છે, ને બીજો મુનિના ભક્ષણ માટે લડે છે. લડતાં–લડતાં બંનેએ એક–બીજાને મારી નાંખ્યા....બંનેએ એકબીજાની હિંસા કરી. વાઘ તો મરીને દુર્ગતિ ગયો; સુવર મરીને સુગતિમાં ગયું; મુનિરાજ તો ધ્યાનમાં જ વીતરાગપણે બિરાજી રહ્યા ને કેવળજ્ઞાન પ્રગટાવીને મોક્ષગતિ પામ્યા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## હવે તેનું પૃથક્કરણ

આ દૃષ્ટાંતમાં ત્રણ પાત્રો છે :—

૧. વાઘનો જીવ :–જે મુનિરાજને મારવાના અપ્રશસ્ત દ્વેષ–કષાયમાં વર્તે છે.
૨. સુવરનો જીવ :–જે મુનિને બચાવવાના પ્રશસ્ત રાગ–કષાયમાં વર્તે છે.
૩. મુનિરાજ :–જેઓ અકષાય વીતરાગભાવમાં વર્તે છે.

હવે આમાં હિંસા–અહિંસા કયા પ્રકારે છે તે જોવા માટે, જ્યારે આપણે સુવર અને વાઘની સરખામણી કરશું ત્યારે વાઘ કરતાં સુવરના ભાવ સારા છે, એટલે વાઘ કરતાં તે સુવરની આપણે પ્રશંસા કરીશું.

મુનિની હિંસા ન થઈ તોપણ વાઘને પોતાના ક્રૂર પરિણામને લીધે હિંસાનું પાપ લાગી જ ગયું ને તે દુર્ગતિમાં ગયો. વાઘની હિંસા થઈ છતાં ભૂંડ પોતાના શુભ પરિણામને લીધે સુગતિમાં ગયું. એટલે બાહ્ય જીવોનું જીવન–મરણ તે હિંસા–અહિંસાનું કારણ નથી પણ જીવનો ભાવ જ હિંસા–અહિંસાનું કારણ છે. આ દૃષ્ટાંતમાં મુનિની હિંસા ભલે ન થઈ તોપણ તેને મારી નાખવાના વાઘના હિંસકભાવને તો કોઈપણ રીતે સારો નહિ જ કહેવાય. મુનિને મારવાની અપેક્ષાએ મુનિને બચાવવાનો રાગભાવ જરૂર પ્રશંસનીય છે.

—પણ—

હજી આપણી વાત અધૂરી છે; કેમકે હજી ત્રીજા પાત્રને ભેળવવાનું બાકી છે.

જ્યારે આપણે મુનિરાજને પણ સાથે રાખીને સરખામણી કરશું ત્યારે બેધડકપણે દેખાશે કે, વીતરાગભાવમાં બિરાજમાન મુનિરાજનું કાર્ય તે જ શ્રેષ્ઠ કાર્ય છે, તે જ અત્યંત પ્રશંસનીય છે, ને તે વીતરાગભાવની સરખામણીમાં ભૂંડનો પ્રશસ્તરાગ પણ પ્રશંસનીય નથી.

મુનિરાજનો વીતરાગભાવ જ પરમ અહિંસારૂપ હોવાથી તેને આપણે પ્રશંસનીય કહેશું, ને તેને જ મોક્ષનું કારણ કહેશું.

તે વીતરાગભાવની સામે ભૂંડનાં રાગભાવને આપણે 'પરમ' અહિંસા નહીં કહીએ, અપિતુ તેને પણ 'હિંસા'ની કક્ષામાં જ મૂકીશું. ભલે તે રાગને 'પ્રશસ્ત' વિશેષણ લગાડીએ તોપણ તેને હિંસા તો કહેવી જ પડશે, કેમકે જેટલો કષાય છે તેટલી હિંસા છે. પીત્તળને પ્રશસ્ત વિશેષણ લગાડીને 'પ્રશસ્ત–પીત્તળ' એમ કહીએ તેથી કાંઈ તે સુવર્ણની જાતમાં તો ન જ આવે; તેમ કોઈ રાગાદિ–હિંસાને પ્રશસ્ત વિશેષણ લગાડીએ તેથી કાંઈ તે 'અહિંસા' ન બની જાય.

એટલે શુભરાગવાળો તે ભૂંડનો જીવ પણ, આગળ વધીને જ્યારે રાગ વગરનો ચૈતન્યભાવ પ્રગટ કરશે ત્યારે જ તે વીતરાગભાવરૂપ અહિંસા–ધર્મમાં આવશે, ને તે પરમ અહિંસા ધર્મ વડે તે મોક્ષને સાધશે. આ રીતે "**अहिंसा परमो धर्मः**" છે.

મુનિના વીતરાગભાવને અને ભૂંડના રાગભાવને આપણે એકકક્ષામાં નહીં મૂકી શકીએ, કેમકે બંનેની જાત એકબીજાથી વિરુદ્ધ છે.

મુનિને મારવાના ભાવની અપેક્ષાએ બચાવવાનો ભાવ તે ઉત્તમ હોવા છતાં, બંનેની એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કક્ષા છે. (જેમ એક જ વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓમાં એક પહેલો નંબર હોય ને એક છેલ્લો નંબર હોય,-પણ બંનેની કક્ષા એક જ છે-તેમ.) વાઘ અને ભૂંડ બંનેમાં જેટલા રાગાદિ કષાયભાવો છે તેટલી હિંસા છે; ને જે હિંસા છે તે અહિંસા નથી એટલે ધર્મ નથી.

મુનિરાજનો વીતરાગભાવ તે અહિંસા છે, ને તે ધર્મ છે.

આવા વીતરાગ અહિંસા ધર્મનો જય હો.

❀

હવે, ભગવાન મહાવીરે કહેલા આવા 'પરમ અહિંસાધર્મ'ને જાણવા માટે, અને તેનું પાલન કરવા માટે. મુમુક્ષુ જીવે પ્રથમ તો ચૈતન્યઉપયોગ અને રાગ એ બંનેનું અત્યંત ભિન્નપણું જાણવું જોઈએ. ભિન્નપણું જાણે તો જ રાગ વગરના શુદ્ધઉપયોગરૂપ અહિંસાધર્મને સાધી શકે.

—એવું ભિન્નપણું કયા પ્રકારે જાણવું? એમ અંતરમાં જિજ્ઞાસા જાગે તો,—ભગવાન મહાવીરે અને તેમના શાસનમાં થયેલા સંતોએ તેવું ભિન્નપણું પોતાના આત્મામાં સાક્ષાત્ અનુભવીને આગમમાં પણ સ્પષ્ટ બતાવ્યું છે; તે અહીં કહીએ છીએ :—

**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं ।**
**कह सो पुग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं ॥ २४ ॥**

સર્વજ્ઞ-જ્ઞાનવિષે સદા ઉપયોગલક્ષણ જીવ છે;
તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે?

શરીરથી ને રાગાદિભાવોથી ભિન્ન, ચૈતન્યમય આત્મતત્ત્વને જે જાણતો નથી અને જીવને રાગાદિ-સંયુક્ત જ અનુભવે છે એવા અપ્રતિબુદ્ધ-જિજ્ઞાસુને, આચાર્યદેવ સર્વજ્ઞ-જ્ઞાનની સાક્ષીથી અને પોતાના સ્વાનુભવથી પ્રતિબોધે છે કે : હે ભાઈ! 'જે નિત્ય ઉપયોગસ્વરૂપ છે તે જીવ છે' એમ સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે, આગમમાં પણ ભગવાને સ્પષ્ટ એમ પ્રકાશ્યું છે, ને અનુભવમાં પણ જીવ સદા જ્ઞાનસ્વરૂપે જ અનુભવાય છે. પોતાનું ઉપયોગપણું છોડીને જીવ કદી પુદ્‌ગલરૂપ તો થઈ જતો નથી; જેમ અંધકારને અને પ્રકાશને એકપણું નથી પણ જુદાપણું જ છે, તેમ ચેતનપ્રકાશ વગરના એવા રાગાદિભાવોને અને ચેતનપ્રકાશરૂપ ઉપયોગને કદી એકપણું નથી પણ સદા જુદાપણું જ છે. આમ તારા ઉપયોગલક્ષણ વડે તારા જીવને તું સમસ્ત જડથી ને રાગથી જુદો જાણ, ને ઉપયોગસ્વરૂપે જ પોતાને અનુભવમાં લઈને હે જીવ! તું અત્યંત પ્રસન્ન થા....આનંદિત થા.

અરે, અત્યાર સુધી ઉપયોગસ્વરૂપને ભૂલીને, રાગાદિ રૂપે જ મેં મને માનીને મારી હિંસા કરી ને તેથી ચારગતિમાં હું દુઃખી થયો. પણ હવે સર્વજ્ઞમાર્ગી શ્રીગુરુઓના પ્રતાપે મારા સ્વતત્ત્વનું મને ભાન થયું કે અહો! હું તો સદા ઉપયોગસ્વરૂપ જ રહ્યો છું; મારું ઉપયોગસ્વરૂપ હણાયું નથી.-આમ ઉપયોગસ્વરૂપની અનુભૂતિ રાગાદિથી અત્યંત ભિન્ન હોવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પરમ અહિંસારૂપ છે, એટલે ઉપયોગસ્વરૂપનો અનુભવ (શુદ્ધઉપયોગ) તે જ પરમ અહિંસાધર્મ છે.

સર્વમાન્ય મોક્ષશાસ્ત્રમાં શ્રી ઉમાસ્વામી કહે છે કે:—

## 'ઉપયોગો લક્ષણમ્'

ઉપયોગ જેનું લક્ષણ છે તે જીવ છે. જીવને પોતાના ઉપયોગસ્વરૂપમાં સદા તન્મયપણું છે, રાગાદિમાં કે શરીરાદિમાં તેને તન્મયપણું નથી. તે ઉપયોગ કોઈથી રચાયેલો નથી, પોતાનું સત્પણું ટકાવવા તે કોઈ ઇન્દ્રિયોની કે રાગની અપેક્ષા રાખતો નથી; ઇન્દ્રિયો કે રાગ વગર તે સ્વયંસિદ્ધ જીવનું સ્વરૂપ છે.

卐 ઉપયોગ કહો કે ચેતના કહો—

તે ચેતનાનું રાગરહિત નિર્મળ પરિણમન, એટલે કે શુદ્ધચેતના તે અહિંસા છે, તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે. અને તે ચેતનામાં રાગાદિ અશુદ્ધપરિણમન તે હિંસા છે, તે સંસારનું કારણ છે.

卐 જીવના પાંચ ભાવમાં ઉતારીએ તો—

* ઉપયોગ તે પારિણામિકભાવ છે.
* ઉપયોગનું શુદ્ધ પરિણમન તે ક્ષાયિકાદિ ભાવરૂપ છે.
* રાગાદિ ભાવો તે ઔદયિક ભાવ છે.

આ રીતે ઉપયોગને અને રાગને ભાવથી ભિન્નતા છે.

卐 નવ તત્ત્વમાં લઈએ તો—

* ઉપયોગ તે જીવ અને સંવર–નિર્જરા–મોક્ષતત્ત્વમાં આવે છે.
* રાગાદિભાવો આસ્રવ અને બંધતત્ત્વમાં આવે છે.

આ રીતે ઉપયોગ અને રાગ એ બંને તત્ત્વો ભિન્ન છે.

卐 ન્યાય–યુક્તિથી જોઈએ તો–

* ઉપયોગ સાથે આત્માની સમવ્યાપ્તિ છે
* રાગાદિ સાથે આત્માની સમવ્યાપ્તિ નથી.

–માટે ન્યાયથી ઉપયોગ અને રાગની ભિન્નતા જ સિદ્ધ થાય છે; ઉપયોગની અને રાગની એકતા કોઈ રીતે સિદ્ધ થતી નથી.

卐 અનુભવથી જોતાં પણ—

* રાગાદિ વગરના ઉપયોગસ્વરૂપે જીવ અનુભવમાં આવે છે.
* પણ ઉપયોગ વગરનો જીવ કદી અનુભવમાં આવતો નથી.

—આ રીતે ધર્મીની અનુભૂતિમાં ઉપયોગ અને રાગની ભિન્નતા છે; રાગથી જુદો, ઉપયોગસ્વરૂપ આત્મા જ અનુભૂતિમાં પ્રકાશે છે.

**एगो मे सस्सदो अप्पा णाणदंसणलक्खणो ।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.

( -નિયમસાર; ભાવપ્રાભૃત; સમાધિતંત્ર )

હું એક શાશ્વત જ્ઞાન-દર્શનલક્ષણ આત્મા છું; ઉપયોગ સિવાય બીજા બધા સંયોગલક્ષણરૂપ ભાવો છે તે મારાથી બહાર છે; તે મારા સ્વભાવલક્ષણરૂપ નથી.-આવી ધર્માત્માની અનુભૂતિ છે.

રાગાદિ ભાવો જો આત્માનું સ્વલક્ષણ હોય તો, તે રાગાદિના નાશથી આત્મા પણ મરણ પામે. પણ રાગનો નાશ થવા છતાં સિદ્ધજીવો સાદિ-અનંતકાળ આનંદથી જીવે છે.-માટે રાગ તે આત્માનું લક્ષણ નથી. રાગને લક્ષણ માનતાં અવ્યાપ્તિ દોષ આવે છે.

ઉપયોગ જ આત્માનું લક્ષણ છે. તે આત્માથી કદી જુદું પડતું નથી. ઉપયોગના અભાવમાં આત્માનો અભાવ હોય છે; ને આત્મા સદાય ઉપયોગસ્વરૂપ હોય છે; આત્મા ઉપયોગલક્ષણ વગરનો કદી હોતો નથી.

ઉપયોગલક્ષણ જીવ છે ને એ જ સાચું જીવન છે;
એ જીવજો જીવડાવજો. પ્રભુ વીરનો સન્દેશ છે.
ચેતન-જીવન વીરપંથમાં, નહિ દેહજીવન સત્ય છે;
ચેતન રહે નિજભાવમાં બસ! એ જ સાચું જીવન છે.

ઉપયોગ તે જીવનું સર્વસ્વ છે. તે ઉપયોગની શુદ્ધ અવસ્થા હોય ત્યારે તેની સાથે શાંતિ-વીતરાગતા-આનંદ વગેરે સર્વ ગુણોથી આત્માનું જીવન શોભી ઊઠે છે; તેથી તે સાચું જીવન છે, અને તે જીવને ઇષ્ટ છે.

મોહ-રાગાદિ ભાવો ઉપયોગથી વિપરીત છે, તેમાં શાંતિનું જીવન નથી પણ ભાવમરણ છે; તેથી જીવને તે ઇષ્ટ નથી.

શુદ્ધોપયોગ તે સાચો અહિંસા ધર્મ છે; તેમાં રાગનો અભાવ છે. તે જ જીવને ઇષ્ટ છે, કેમકે તેમાં સ્વભાવનો ઘાત થતો નથી પણ આનંદમય સ્વભાવની ઉપલબ્ધિ થાય છે, તેથી તે જ જીવને ઇષ્ટ છે. આ રીતે વીતરાગભાવનો ઉપદેશ તે જ ભગવાન મહાવીરનો ઇષ્ટ ઉપદેશ છે.

હે ભવ્ય જીવો! ભગવાન મહાવીરના આવા ઇષ્ટ ઉપદેશને ઓળખીને તેની ઉપાસના કરો; તે જ ભગવાનના નિર્વાણનો સાચો મહોત્સવ છે, ને તે જ વીરપ્રભુ-પ્રત્યે સાચી અંજલિ છે. ]

જય મહાવીર

ઉપયોગ જીવનું જીવન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આ રીતે અહિંસાધર્મનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું. અહીં અહિંસાદિક વ્રતધારી શ્રાવકનું વર્ણન ચાલે છે.

જેણે સર્વ કષાયોથી અત્યંત જુદા એવા ઉપયોગસ્વભાવને જાણીને સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન કર્યું છે તેને પછી વીતરાગભાવની વૃદ્ધિ થતાં શ્રાવકપણું તથા મુનિપણું હોય છે; તેમાંથી શ્રાવકનાં અણુવ્રતોનું વર્ણન આ છહઢાળાની ચોથીઢાળમાં ( પદ ૧૦ થી ૧૩ માં ) ચાલી રહ્યું છે.

શુભ–અશુભ, પુણ્ય–પાપ, હર્ષ–શોક તે બધા સંસારના દ્વંદ છે; તે બધાયથી ભિન્ન ચેતનાસ્વરૂપ આત્મા છે. એવા આત્માને જાણવો–શ્રદ્ધવો—ધ્યાવવો તે જ શાસ્ત્રની લાખો વાતોનો સાર છે; માટે આવો નિશ્ચય કરીને અંતરમાં તમે સદા આત્માને ધ્યાવો–એમ કહ્યું. આ રીતે પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની આરાધના જેણે પ્રગટ કરી છે તેને મોક્ષમાર્ગમાં આગળ વધતાં શું થાય છે ! તેનું આ વર્ણન છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં જે આત્મસ્વરૂપ અનુભવમાં આવ્યું તે સ્વરૂપમાં એકાગ્ર થતાં આત્મશાંતિ વધે ને રાગાદિ કષાયભાવો છૂટે, તેના પ્રમાણમાં ચારિત્રદશા હોય છે. તે ચારિત્ર રાગરૂપ નથી પણ વીતરાગભાવરૂપ છે, તેમાં કષાય નથી પણ પરમ શાંતિ છે; તે સ્વર્ગના ભવનું કારણ નથી પણ મોક્ષનું કારણ છે. આવી ચારિત્રદશા સાથે જે રાગ બાકી રહી જાય તે કેવો મર્યાદિત હોય ! તેનું વર્ણન વ્રતના કથન દ્વારા કર્યું છે.

ચોથા ગુણસ્થાને અંશે વીતરાગભાવ થયો છે પણ વ્રતભૂમિકાને યોગ્ય વીતરાગભાવ હજી ત્યાં નથી હોતો તેથી તેને ‘ અવિરત ’ કહેવાય છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભના અભાવરૂપ ‘ સ્વરૂપાચરણ ’ તો છે, તથા તેટલી આત્મશાંતિ તો નિરંતર વર્તે છે; પણ હિંસાદિ પાપોના નિયમથી ત્યાગરૂપ ચારિત્ર શ્રાવકને તથા મુનિઓને હોય છે. તેમાં શ્રાવકને પાંચમાગુણસ્થાને જોકે એકદેશ ચારિત્ર હોય છે, છતાં સર્વાર્થસિદ્ધિના દેવો કરતાંય તે વધારે સુખી છે.–અહો, ચારિત્રદશા કેવી મહિમાવંત છે !

ચારિત્રમાં સમ્યક્પણું સમ્યગ્દર્શન–જ્ઞાન વગર આવે નહિ; આ અપેક્ષાએ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનને સમ્યક્ચારિત્રનાં કારણ કહ્યાં છે. સમ્યગ્દર્શન વગરનાં એકલા બાહ્ય ક્રિયાકાંડો કે શુભરાગરૂપ વ્રતો તે કાંઈ સાચું ચારિત્ર નથી, એટલે તે કાંઈ મોક્ષમાર્ગમાં કામ આવતું નથી; એવું રાગરૂપ ચારિત્ર તો અજ્ઞાનસહિત જીવે અનંતવાર કરી લીધું છે. આઠ કષાયના અભાવરૂપ એકદેશ વીતરાગીચારિત્ર ( દેશચારિત્ર ) સમ્યગ્દૃષ્ટિને જ હોય છે; ને પછી સકલ ચારિત્ર તો બાર કષાયના અભાવવાળા નિર્ગ્રંથ–દિગંબર મુનિઓને જ હોય છે. આવું ચારિત્ર તે મોક્ષનું કારણ છે; એનો મહિમા અપાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચારિત્ર વગર મોક્ષ થાય નહિ—એ વાત તદ્દન સાચી છે.-પણ તે ચારિત્ર કયું ? કે ઉપર કહ્યું તેવું વીતરાગી. ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતાથી જ વીતરાગભાવરૂપ ચારિત્ર થાય છે.—આવા ચારિત્રનું સ્વરૂપ ઓળખીને સમ્યગ્દર્શન-જ્ઞાન પછી પરિણામની શુદ્ધતાઅનુસાર દૃઢ ચારિત્ર ધારણ કરવું. વધારે શક્તિ ન હોય તો ઓછું ચારિત્ર લેવું પણ ચારિત્રમાં શિથિલાચાર ન રાખવો. દૃઢ પાલનપૂર્વક તેમાં આગળ ને આગળ વધાય તેમ કરવું.

ધર્મી-શ્રાવકને જો કે મુનિ જેવું ચારિત્ર નથી હોતું પરંતુ તેને ભાવના તો મુનિપણાની હોય છે. તેની ભાવના પૂર્વક તે હિંસાદિપાપોને નિયમપૂર્વક છોડીને અહિંસાદિક વ્રતોનું પાલન કરે છે. અને તે અહિંસા વગેરેની પુષ્ટિ માટે ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત પાળે છે.

દિગ્વ્રત, દેશવ્રત અને અનર્થદંડ-પરિત્યાગવ્રત—એ ત્રણ ગુણવ્રતો છે કેમકે તેઓ વ્રતના પાલનમાં ગુણ કરનારાં છે.

* દશે દિશા સંબંધમાં મર્યાદા નક્કી કરીને તેનાથી બહારના ક્ષેત્રમાં જીવનપર્યંત ન જવું તેમજ પત્ર-વ્યવહાર વગેરે દ્વારા પણ તેની સાથે વેપાર વગેરેનો સંબંધ ન રાખવો તેનું નામ દિગ્ (-દિશા) વ્રત છે.

* દિગ્વ્રતમાં જેટલી છૂટ હોય તેમાંથી પણ અમુક ક્ષેત્રમાં જવાનો અમુક સમય સુધી ત્યાગ કરવો તે દેશાવકાશ-વ્રત છે.

* વગર પ્રયોજને પાપની પ્રવૃત્તિઓ—જેવી કે લડાઈની વાતો, બીભત્સ ફિલ્મો જોવાનું, ભૂમિ ખોદવી, વગર મફતનું ધોધમાર પાણી ઢોળવું, ફૂલ-ઝાડ તોડવા, બીજા પ્રાણીઓને દુઃખ થાય તેવી રમત રમવી, કોઈ લડતા હોય તેને ઉત્તેજન આપવું; કે બીજાની નિંદામાં રસ લેવો -એવા પ્રકારની અનર્થરૂપ પાપપ્રવૃત્તિનો ત્યાગ તે અનર્થદંડ-પરિત્યાગવ્રત છે. (અનર્થદંડ વ્રત એમ ટૂંકામાં બોલાય છે, પણ પૂરું નામ 'અનર્થદંડ-પરિત્યાગ' છે. એ જ રીતે 'ચોવિયાર' ટૂંકામાં કહેવાય છે, ખરેખર ચૌવિધ-આહારનો ત્યાગ તે પ્રત્યાખ્યાન છે.-એમ દરેકના ભાવ સમજવા જરૂરી છે.)

ત્યારપછી, સામાયિક, પ્રૌષધઉપવાસ, ભોગોપભોગ-પરિમાણ અને અતિથિસંવિભાગ (-મુનિ વગેરેને આહારદાનની ભાવના)-એ ચાર શિક્ષાવ્રત છે, તેના અભ્યાસ વડે શ્રાવક મુનિપણાની ભાવના પુષ્ટ કરે છે. તેને દર્શનપડિમા અને વ્રતપડિમા ઉપરાંત આગળ વધતાં સામાયિકપડિમા, પ્રૌષધઉપવાસ, સચિત્તત્યાગ, રાત્રિભોજનત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ, ઉદ્દિષ્ટભોજનત્યાગ અને અનુમતિત્યાગ—એમ કુલ ૧૧ પડિમા હોય છે. જોકે આમાં રાત્રિભોજનત્યાગ વગેરે સદાચારો તો સામાન્ય ગૃહસ્થોનેય હોય છે પણ પડિમાવાળા શ્રાવકને તે બધું અતિચાર રહિત, પ્રતિજ્ઞાપૂર્વક હોય છે. શ્રાવકને વસ્ત્રધારણ હોય છે, પરંતુ મુનિ થાય પછી શરીર પર કોઈ પ્રકારનું વસ્ત્રધારણ રહેતું નથી, માટે જૈનમુનિને નિર્ગ્રંથ કહેવાય છે.

જિજ્ઞાસુએ એ વાત ધ્યાનમાં રાખવી કે વ્રતોનું પાલન સમ્યગ્દર્શન સહિત હોય તો જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાચું છે, અને તેમાં પણ જેટલી શુદ્ધતા ને વીતરાગભાવ છે તેટલું જ મોક્ષનું કારણ છે, જેટલો શુભરાગ છે તે પુણ્યકર્મના બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

અહા, ચૈતન્યસાધનામાં મશગુલ મુનિઓની તો શી વાત! તેઓ તો અતીન્દ્રિય આનંદમાં ઘણા મશગુલ છે, મહાવ્રતી છે; તેમને માત્ર પાણીમાં રેખા જેવો અતિ મંદ સંજ્વલન કષાય રહ્યો છે, ૧૨ કષાયના અભાવથી અતીન્દ્રિય શાંતિ ઘણી વધી ગઈ છે; તે મુનિદશાનું વર્ણન છઠ્ઠી ઢાળમાં કરશે. અહીં શ્રાવકનું વર્ણન છે. શ્રાવક મુનિથી જરાક નાનો છે, પરંતુ તેનેય ચૈતન્યની અતીન્દ્રિય શાંતિનું નિર્વિકલ્પ વેદન અવારનવાર થયા કરે છે. આવા વ્રતધારી પંચમગુણસ્થાની આત્મઅનુભવી અસંખ્યાત શ્રાવકો અઢીદ્વીપ બહાર છે, તે બધા તિર્યંચ (સિંહ–વાઘ–માછલા વગેરે) છે. જો કે ત્યાંના તિર્યંચ (પંચેન્દ્રિય સંજ્ઞી)માં અસંખ્યાતમા ભાગે સમ્યગ્દૃષ્ટિ જીવો છે–છતાં તે અસંખ્યાત છે, ને શ્રાવકો પણ અસંખ્યાત છે. મનુષ્યોનું ગમન અઢીદ્વીપ બહાર હોતું નથી, પણ તિર્યંચો તો અઢીદ્વીપ બહાર અસંખ્યાતા સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે. અસંખ્યાત મિથ્યાદૃષ્ટિ વચ્ચે એક સમ્યગ્દૃષ્ટિ, છતાં એવા સમ્યગ્દૃષ્ટિ ને વ્રતી-શ્રાવક અસંખ્યાતા છે. પંચમગુણસ્થાનવર્તી તિર્યંચને પણ શ્રાવક કહેવાય છે. મનુષ્ય કરતાં તિર્યંચમાં ઝાઝા શ્રાવકો છે. સંમૂર્છન સિવાયના ગર્ભજ મનુષ્યો તો સંખ્યાતા જ છે ને તેમાં પણ સમ્યગ્દૃષ્ટિઓ અને શ્રાવકો તો ઓછા હોય છે. આમ છતાં મનુષ્યમાં સમ્યગ્દૃષ્ટિ જીવોની સંખ્યા અબજોની હોવાનું શાસ્ત્રમાં કહ્યું છે. અઢીદ્વીપની બહાર જે અસંખ્ય દ્વીપ–સમુદ્રો છે તેમાં તો ભોગભૂમિની રચના છે, એટલે ત્યાં ઉપજેલા જીવોને વ્રત કે શ્રાવકપણું હોતું નથી; પણ છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં કર્મભૂમિ જેવી રચના છે, તેમાં રહેલાં તિર્યંચોને પંચમગુણસ્થાનનું શ્રાવકપણું થઈ શકે છે. તે વ્રતી–શ્રાવક તિર્યંચો સામાયિક પણ કરે છે, તેમને સામાયિક વ્રત હોય છે. કાંઈ અમુક શબ્દો બોલવા એનું જ નામ સામાયિક નથી, પરંતુ અંદરમાં અકષાયભાવ થતાં ચૈતન્યમાંથી સમતારસના ઝરણાં ઝરે છે–તેનું નામ સામાયિક છે. સમતાભાવરૂપ આત્મપરિણતિ થઈ ગઈ તે જ સામાયિક છે. વાહ, સમ્યગ્દર્શન પછી તિર્યંચને પણ સામાયિક હોય; દરિયામાં માછલાંને પણ સામાયિક હોય, સિંહને પણ સામાયિક હોય! જુઓને, રાજા રાવણનો હાથી–ત્રિલોકમંડન (જેને રામ અયોધ્યા લઈ આવ્યા હતા) તે પણ જાતિસ્મરણ અને સમ્યગ્દર્શનસહિત વ્રતધારી શ્રાવક થયો હતો. મહાવીરના આત્માને સિંહના ભાવમાં સમ્યગ્દર્શન થયું અને વ્રતધારી શ્રાવક થઈને તેણે સમાધિમરણ કર્યું.

પંચમગુણસ્થાની શ્રાવક ગૃહસ્થી પણ હોઈ શકે, તેને સ્ત્રી–પુત્રાદિ પણ હોય; કોઈ સ્ત્રી પણ શ્રાવિકા હોય, તે રસોઈ વગેરે પણ કરે, તેમાં આરંભજનિત અમુક હિંસા પણ થતી હોય. પરંતુ ત્રસ જીવને સંકલ્પથી મારવાના ભાવ તેને હોય નહિ. માંકડ કે ઉંદર વગેરેને પણ તે જાણીબૂઝીને મારે નહિ. અરે, સામાન્ય દયાળુ સજ્જનને પણ એવા ક્રૂર પરિણામ ન હોય; શ્રાવક તો અત્યંત કરુણાવંત દયાળુ હોય છે; કોઈને દુઃખ દેવાની વૃતિ એને હોતી નથી. એક કીડીને પણ મારી નાંખું કે દુઃખ દઉં એવી વૃત્તિ શ્રાવકને હોય નહિ. પાણી વગેરે સ્થાવર જીવોની હિંસા થાય–એવી પ્રવૃત્તિ પણ વગર પ્રયોજને શ્રાવક કરે નહિ. એ જ રીતે અસત્ય વગેરે પાપોથી પણ તેનું ચિત્ત પાછું હટી ગયું છે. ઘણો અકષાયી સમતાભાવ તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્તે છે. અહા, જૈનનું શ્રાવકપદ કેવું ઊંચું છે! તેની જગતને ખબર નથી; એના ચારિત્રના વીતરાગી ચમકાર કોઈ અનેરા હોય છે.

સમ્યગ્દર્શન થતાં પોતાના આત્માને સિદ્ધસમાન અનુભવ્યો, અને સર્વે જીવો પરમાર્થે સિદ્ધસમાન ભાસ્યા; ત્યાં અનંતાનુબંધી કષાયના અભાવરૂપ સમભાવ થઈ ગયો. તે ધર્માત્મા કોઈને પોતાનો વિરોધી કે દુશ્મન માનતો નથી, એટલે કોઈને મારી નાખવાની બુદ્ધિ તેને હોતી નથી. તે ઉપરાંત પાંચમું ગુણસ્થાન થતાં તો સમભાવ ઘણો વધી જાય છે ને કષાયો ઘણા છૂટી જાય છે. કોઈ જીવને મારવાની કે દુઃખ દેવાની વૃત્તિ તેને ન રહે; બીજા પ્રાણીનો વધ થાય કે તેને દુઃખ ઊપજે એવા કઠોર વચન પણ તે ન બોલે. ધર્મની નિંદાનાં વચન કે ઘાતકવચન તે અસત્ય છે, ધર્મીને તે શોભે નહિ. હાલતા ચાલતાં વગર પ્રયોજને જુઠું બોલે-એવું શ્રાવકને હોય નહિ. એ જ રીતે વ્રતી શ્રાવક પારકી વસ્તુને ચોરે નહિ, પરસ્ત્રીથી અત્યંત વિરક્ત રહે, ને સ્વસ્ત્રીમાં પણ મર્યાદા હોય. તથા દેશકાળ અનુસાર પરિગ્રહની મર્યાદા રાખે—જોકે સ્થૂળપણે હિંસાદિ પાપોનો ત્યાગ તો સાધારણ સજ્જનને પણ હોય, પરંતુ આ શ્રાવકને તો નિયમપૂર્વક તેનો ત્યાગ હોય છે; પ્રાણ જાય તોય તેમાં દોષ લાગવા ન દ્યે; એ રીતે તેને ગુણની શુદ્ધિ વધી ગઈ છે. જ્ઞાનમાં-સ્થિરતામાં-શાંતિમાં-વીતરાગતામાં તે સર્વાર્થસિદ્ધિના દેવ કરતાંય આગળ વધી ગયો છે; ચારિત્રના ચમકારથી તેનો આત્મા મોક્ષમાર્ગમાં શોભી રહ્યો છે.

જુઓ, આ જૈનની શ્રાવકદશા! હું શુદ્ધ આનંદ ચેતનાસ્વરૂપ છું-એવા અનુભવપૂર્વકના વીતરાગભાવની આ વાત છે.-જ્યાં અનંતાનુબંધી તેમજ અપ્રત્યાખ્યાનના ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કષાયો સર્વથા છૂટી ગયા છે ત્યાં હિંસાદિ પાપોનો સાચો ત્યાગ છે, ને તેને સાચાં વ્રત હોય છે. તેના વ્રતમાં રાગ વગરની અલૌકિક શાંતિ હોય છે. આવું પાંચમું ગુણસ્થાન નરકમાં કે સ્વર્ગમાં હોતું નથી; તિર્યંચને પાંચમા ગુણસ્થાન સુધીની દશા હોય છે, છઠ્ઠું નથી હોતું; મનુષ્યને બધા (૧૪) ગુણસ્થાનો હોય છે, તેથી તે ઉત્તમ છે.

સમ્યક્ત્વાદિ ગુણોવડે જીવની શોભા છે; સમ્યક્ત્વ ઉપરાંત ચારિત્રદશાથી જીવ વિશેષ શોભે છે. અહો જીવો! રાગમાં શોભા નથી, વીતરાગતામાં જ શોભા છે સમ્યગ્દર્શન સહિત જેટલી વીતરાગી-શુદ્ધતા થઈ તેટલા નિશ્ચય વ્રત છે, તેની સાથે અહિંસાદિ સંબંધી જે શુભરાગ રહ્યો તે વ્યવહારે વ્રત છે. વ્રતની ભૂમિકામાં વીતરાગી દેવ-ગુરુ-ધર્મની બરાબર ઓળખાણ હોય તથા તેમણે કહેલા આત્મસ્વરૂપના ભાન સહિત સમ્યગ્દર્શન હોય. એમાં જ જેની ભૂલ હોય, દેવ-ગુરુ-ધર્મ જ જેના ખોટા હોય તેને વ્રત કેવાં? ને ચારિત્ર કેવું? એટલે કહ્યું કે—પરદ્રવ્યથી ભિન્ન આત્મસ્વરૂપની રુચિ તે સમ્યક્ત્વ, અને પોતાના સ્વરૂપને જાણવું તે સમ્યગ્જ્ઞાનકળા, —તેને લાખ ઉપાયે પણ ધારણ કરો; અને પછી તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ઉપરાંત પરિણામની શુદ્ધતા અનુસાર દૃઢપણે ચારિત્રનું પાલન કરો. મુનિનું ચારિત્ર થઈ શકે તો તે ઉત્તમ ચારિત્ર પાળો, અને ઓછી શક્તિ હોય તો શ્રાવકને યોગ્ય એકદેશચારિત્રનું પાલન કરો. —જે ચારિત્ર લ્યો તેનું દૃઢપણે પાલન કરો, તેમાં શિથિલતા ન રાખો. પોતાના પરિણામની શુદ્ધતા વિચાર્યા વગર ચારિત્ર કે વ્રત લઈ લ્યે ને પછી તેમાં શિથિલતા રાખે—તે જૈનધર્મમાં શોભે નહિ. તારાથી મોટું ચારિત્ર ન પાળી શકાય તો નાનું ચારિત્ર પાળજે, પણ મોટું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નામ ધારણ કરીને શિથિલાચાર વડે તું ચારિત્રને લજવીશ નહીં, શુદ્ધતા સહિત ચારિત્રનું પાલન થાય તે તો ઘણું ઉત્તમ અને પૂજનીય છે, સમ્યગ્દૃષ્ટિ-ઇન્દ્ર પણ ચારિત્રવંતના ચરણે નમે છે. પણ જ્યાં આત્માનું જ્ઞાન જ નથી ત્યાં ચારિત્રદશા કેવી ? એવા અજ્ઞાનીના વ્રત-તપને તો બાલવ્રત ને બાલતપ કરીને મોક્ષમાર્ગમાં તેનો નિષેધ કર્યો છે. ( જુઓ, સમયસાર ગા. ૧૫૨ )

અણુવ્રતી-શ્રાવકને પંચમગુણસ્થાને સ્થૂળ હિંસાદિ પાપોનો તો સર્વથા ત્યાગ થઈ ગયો છે; અને જે સૂક્ષ્મ હિંસાદિ રહી ગયા છે તેને પણ તે પાપ સમજે છે, તેને કાંઈ તે કરવા જેવું નથી માનતો. તે પાપોનો તેને ખેદ છે ને સર્વસંગત્યાગી મુનિપદની ભાવના છે. તે અણુવ્રતી-શ્રાવક પ્રાણ જાય તોપણ પારકી વસ્તુને ચોરતો નથી; સંસાર સંબંધી સમસ્ત પરસ્ત્રી પ્રત્યે તેનું ચિત્ત સર્વથા વિરક્ત છે, તેને પરસ્ત્રીના સેવનનો વિકલ્પ પણ ન આવે; દેવાંગનાને દેખીને પણ તેનું ચિત્ત લલચાય નહિ.—એટલી નિર્વિકલ્પ શાંતિનો સ્વાદ તેને નિરંતર વર્તે છે.

તેણે પરિગ્રહની મમતા છોડીને તેની મર્યાદા કરી નાંખી છે. મર્યાદા બહારના કોઈ પરિગ્રહની વૃત્તિ જ તેને ઊઠતી નથી; અત્યારે તો જુઓને, ધનને ખાતર લોકો કેવી અનીતિ ને અન્યાય પ્રવૃત્તિ કરે છે ? ધર્મી શ્રાવકને એવું હોય નહિ; તે સોનાના ગંજ દેખે કે હીરાના ઢગલા દેખે-છતાં તે લેવાની વૃત્તિ પણ ન ઊઠે-એટલી નિષ્પરિગ્રહતા તેને થઈ ગઈ છે, એટલે બહારમાં તેવો ત્યાગ સહજ હોય છે. શ્રદ્ધા-જ્ઞાનમાં તો સર્વે સમ્યગ્દૃષ્ટિ જીવોએ સર્વે પરદ્રવ્યને પોતાથી સર્વથા ભિન્ન જાણ્યા છે, તેમાં એક રજકણમાત્રનું સ્વામિત્વ તેમને રહ્યું નથી; તે ઉપરાંત સ્થિરતાવડે બે કષાયોનો અભાવ થતાં પરિગ્રહની મમતા ઘણી છૂટી ગઈ છે; જે મર્યાદિત પરિગ્રહ છે તેની અલ્પમમતાને પણ પાપ સમજે છે, ને શક્તિ વધારીને તેનો પણ ત્યાગ કરવા માંગે છે.

એ રીતે શ્રાવક-શ્રાવિકા પોતાના અણુવ્રતોમાં દૃઢ રહે છે. જુઓને, સુદર્શન-શ્રાવક ઉપર કેવા-કેવા પ્રસંગ આવ્યા ! છતાં પોતાના શીલવ્રતથી તેઓ જરાપણ ન ડગ્યા, તે ન જ ડગ્યા. રાણીએ તેના ઉપર ભયંકર આળ નાંખીને મરણ જેવો ઉપસર્ગ કર્યો, અનેક પ્રકારે હાવભાવથી લલચાવ્યા, છતાં તેઓ શીલવ્રતમાં દૃઢ રહ્યા. એ જ રીતે સીતાજી-ચંદના વગેરે સતીઓએ પણ કેવા કેવા પ્રસંગે મહાન ધૈર્યપૂર્વક પોતાના શીલવ્રતમાં અડગતા રાખી છે ! એમના દાખલા જગતમાં પ્રસિદ્ધ છે. આવા મહાપુરુષોના ઉદાહરણ વડે ધર્મીજીવ પોતાના વ્રતોમાં દૃઢતા કરે છે. પ્રાણ જાય તો ભલે જાય, પણ ધર્મીજીવ પોતાનાં વ્રતને તોડે નહિ, ધર્મથી ડગે નહિ.

વાહ, જુઓ આ ધર્મી-શ્રાવકનાં વ્રતો ! આવાં વ્રત સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે. જેમાં રાગ-દ્વેષના એક કણનો પણ સ્વીકાર નથી એવા પોતાના પૂર્ણ ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને મિથ્યાત્વના મહા પાપને તો જેણે છોડયું છે, તે ઉપરાંત અસ્થિરતાના અલ્પ પાપોથી પણ છૂટવાની આ વાત છે. જેના અભિપ્રાયમાં રાગનો સ્વીકાર છે, રાગના કોઈપણ પ્રકારથી જે ચૈતન્યને લાભ માને છે તેને તો વીતરાગતા કેવી ?—ને વીતરાગતા વિના વ્રત કેવાં ? તેણે તો હજી રાગથી જુદા ચૈતન્યસ્વભાવને જાણ્યો જ નથી તો તે રાગને છોડશે ક્યાંથી ? ને ચૈતન્યમાં ઠરશે ક્યાંથી ?-માટે ભેદવિજ્ઞાન જ ચારિત્રનું મૂળ કારણ છે—એ વાત બરાબર સમજવી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યાં રાગના એક કણની પણ રુચિ છે ત્યાં વીતરાગી ચૈતન્યનો અનાદર છે, તેને ચારિત્રનો પણ અનાદર છે, એટલે મિથ્યાત્વ છે, અને તે ઘોર સંસારનું મૂળ છે. સમ્યગ્દૃષ્ટિ તો આત્માના મોક્ષસ્વભાવને પ્રતીતમાં લઈને, વિકારના કોઈપણ અંશને પોતાના સ્વભાવમાં સ્વીકારતો નથી; પછી શુદ્ધતા વધતાં રાગનો ત્યાગ થતો જાય છે, તે મોક્ષનું કારણ છે; ને જીવદયા વગેરે સંબંધી શુભરાગ રહે તેટલું પુણ્યકર્મના બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી; આ રીતે મોક્ષ અને બંધ બંનેના કારણને તે ધર્મીજીવ ભિન્ન ભિન્ન ઓળખે છે, તેમને એકબીજામાં ભેળવતો નથી.

અરે અત્યારે તત્ત્વજ્ઞાન જીવોને દુર્લભ થઈ ગયું છે; અને તત્ત્વજ્ઞાન વગર મિથ્યાત્વના મહા અનર્થમાં ડૂબેલા હોવા છતાં પોતાને વ્રતી-ચારિત્રી માનીને બીજા ધર્માત્માઓ પ્રત્યે તિરસ્કાર કરે છે, તે તો મહાન દોષમાં પડ્યા છે, જૈનધર્મની પદ્ધત્તિની તેને ખબર નથી. જૈનધર્મમાં તો એવી પદ્ધત્તિ છે કે પહેલાં તત્ત્વજ્ઞાન હોય ને પછી વ્રત હોય. સમ્યગ્દર્શન પહેલાં વ્રત-ચારિત્ર હોવાનું જે માને છે તે જૈનધર્મના ક્રમને જાણતો નથી.

અહા, રાગ વગરના બેહદ ચૈતન્યસ્વભાવનું સમ્યગ્દર્શન થતાં અનંતગુણનો ભંડાર ખુલ્યો, મોક્ષનાં કિરણ ખીલ્યાં, અતીન્દ્રિય સુખની કણિકા પ્રગટી; તેની ભૂમિકા ચોખ્ખી થઈ ગઈ; હવે તેમાં ચારિત્રનું ઝાડ ઊગશે ને મોક્ષફળ પાકશે. સમ્યગ્દર્શનરૂપી ભૂમિકા વગર ચારિત્રનું ઝાડ ક્યાંથી ઊગશે ?—માટે મોક્ષમાર્ગમાં પ્રથમ સમ્યક્ત્વનો ઉપદેશ પ્રધાન છે. સમ્યગ્દર્શન વડે જ હિતનો પંથ શરૂ થાય છે; એના વગર શુભરાગ ગમે તેવો કરે તોપણ હિતનો પંથ જરાય હાથ આવતો નથી.

અહો, ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી, તેના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયના બેહદ સામર્થ્યની શી વાત ! તેમાં રાગ ક્યાંય સમાય નહીં. આવા સુંદર પોતાના સ્વભાવને પોતામાં દેખ્યો ત્યાં દુનિયા સામે શું જોવું ?

* દુનિયાના લોકો સારો કહીને વખાણ કરે તેથી કાંઈ લાભ થઈ જાય તેમ નથી.
* અને દુનિયાના લોકો ખરાબ કહીને નિંદા કરે તેથી કાંઈ અંદર નુકસાન થઈ જતું નથી.
* પોતાના સ્વભાવની સાધનાથી પોતાને લાભ છે, ને પોતાના વિભાવથી પોતાને નુકસાન છે.
* સ્વભાવમાં કે વિભાવમાં દુનિયા સાથે કાંઈ સંબંધ નથી.

ભાઈ, તારા ભાવને દુનિયાના લોકો માને કે ન માને તેથી તારે શું ? તું રાગ-દ્વેષ-કષાયવડે તારા આત્માની હિંસા ન કર, ને વીતરાગી શાંતિનું વેદન કર-એ જ તારું પ્રયોજન છે. અહા, જ્યાં ચૈતન્યનો પ્રેમ જાગ્યો ત્યાં કષાયો સાથે કટ્ટી થઈ; પ્રશસ્ત કે અપ્રશસ્ત બધા રાગભાવો તે કષાયમાં આવી ગયા, તેનાથી ચૈતન્યભાવને ભિન્ન જાણીને તેનો જેણે પ્રેમ કર્યો તેણે મોક્ષની સાથે મિત્રતા કરી. પછી તે ધર્માત્માને જે રાગ રહે તે ઘણા જ મંદ રસવાળો હોય છે, એટલે તેને તીવ્ર હિંસા-જુઠું-ચોરી-અબ્રહ્મ કે પરિગ્રહનાં પાપ હોતાં નથી. અહા, ધર્મી-શ્રાવકનું જીવન તો કેવું હોય ! જિનેશ્વર ભગવંતનો દાસ, ને સંસારથી ઉદાસ; અંતરની ચૈતન્ય-લક્ષ્મીનો સ્વામી ને જગત પાસે અયાચક; જગત પાસેથી મારે કાંઈ જોઈતું નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારી સુખસમૃદ્ધિનો બધો વૈભવ મારામાં જ છે-આવી અનુભૂતિની જેને ખુમારી છે, તે શ્રાવક જગતની નિંદા-પ્રશંસા સાંભળીને અટકી જતો નથી; લોકોના ટોળાં વિરોધ કરે તેથી આ જીવને વિભાવ થઈ જતો નથી. કે લોકોના ટોળાં પ્રશંસા કરે તેથી કાંઈ આ જીવને ગુણ થઈ જતો નથી;-આમ જાણીને તે સમભાવી મધ્યસ્થપણે પોતાના હિતમાર્ગે ચાલ્યો જાય છે.

જેનો ભાવ મોહ અને કષાયમાં જ વર્તે છે, દુનિયાના લોકો તેની પ્રશંસા કરે તોપણ તેથી તેને જરાય લાભ નથી.

અને જેનો ભાવ મોહાદિ રહિત શુદ્ધ વીતરાગરૂપ થયો છે, દુનિયાના લોકો તેની નિંદા કરે તોપણ તેથી તેને જરાય નુકસાન નથી.

અહા, જુઓ તો ખરા આત્માની સ્વાધીનતા! પોતાના ભાવ ઉપર જ બધો આધાર છે. પોતાના ભાવમાં શુદ્ધતા તે જ શાંતિનો લાભ છે; ને પોતાના ભાવમાં અશુદ્ધતા તે જ નુકસાન છે. એ સિવાય લાભ-નુકસાન કરવાની જગતમાં બીજા કોઈની તાકાત નથી. જેટલી સ્વભાવની સેવા તેટલો લાભ, અને જેટલું વિભાવનું સેવન તેટલું નુકસાન. એટલે બીજા કોઈ લાભ-નુકસાનના કરનાર ન હોવાથી તેના ઉપર રાગ-દ્વેષ કરવાનું ન રહ્યું, પોતાના ભાવમાં જ શુદ્ધતા કરવાનું રહ્યું. ભાવોમાં શુદ્ધતા થતાં ધર્મીને હિંસાદિ ભાવો છૂટતા જાય છે, ને અહિંસાદિ વ્રતો પ્રગટે છે; તે અનુસાર તેને શ્રાવકદશા કે મુનિદશા હોય છે.

જુઓ, આ ભવનો અંત કરીને મોક્ષના મહા આનંદના મારગે ચાલનારા ધર્માત્માની દશા કેવી અદ્‌ભુત હોય છે! એની દશા જગતથી ન્યારી છે. રાગ વગરના એના જ્ઞાનમાં કોઈ અલૌકિક વિચિક્ષણતા હોય છે—તે જ્ઞાન પોતાના હિતને કયારેય ચુકતું નથી. તેને જેમજેમ શુદ્ધતા વધતી જાય છે તેમતેમ રાગ તૂટતો જાય છે. અલ્પ રાગ બાકી રહે ત્યાં વ્રત-મહાવ્રત હોય છે. તેમાં જે શુભરાગ છે તે ઉપચારથી વ્રત છે, તે પુણ્યાસ્રવનું કારણ છે, ને શુદ્ધતા તે પરમાર્થવ્રત છે, તે મોક્ષનું કારણ છે. આવા બંને ભાવો શ્રાવકને તેમ જ મુનિને એકસાથે વર્તતા હોય છે. વ્રત-મહાવ્રતમાં એકલો રાગ નથી પણ રાગ સાથે શુદ્ધતા વર્તે છે, વીતરાગી ચારિત્રના ચમકાર છે.

અરે, જ્યાં શુદ્ધતા તો જરાય નથી અને મિથ્યાત્વની મોટી અશુદ્ધતા પડી છે, તે શુભરાગ કરે તોય શું? ચૈતન્યની વિરાધના કરીને અને રાગનો આદર કરીને તે ભવમાં જ ભટકશે; ને જો રાગથી ભિન્ન આત્માને ઓળખ્યા વગર ત્રસની સ્થિતિનો મર્યાદિત કાળ પૂરો થઈ જશે તો પાછો અનંતકાળ સુધી એકેન્દ્રિય સ્થાવર પર્યાયમાં મહાન દારૂણ દુઃખોને ભોગવશે—કે જે દુઃખો સાતમી નરકની ઘોરાતિઘોર વેદના કરતાંય અનંતગણા આકરા છે.—એકકોર નિગોદનાં દુઃખો, ને તેની સામે સિદ્ધનાં સુખો; ચૈતન્યતત્ત્વની ઓળખાણ અને આરાધના કરતાં અનંતાનંતકાળનું સિદ્ધસુખ પમાય છે—કે જેનો નમૂનો સંસારમાં કયાંય નથી. હે ભાઈ! એવા સુખને સાધી લેવાનો આ અવસર આવ્યો છે. અને તે માટે શ્રીગુરુઓ તને આ હિતશિખામણ આપે છે. (–'कहे सीख गुरु करुणाधार')

ભાઈ, સત્ય સમજીને તું તારો લાભ લઈ લેજે, તારા આત્માને ભવદુઃખથી છોડાવજે ને મોક્ષસુખ પમાડજે. દુનિયાના અજ્ઞાની લોકો તો અસત્‌નાં પણ વખાણ કરે ને સત્‌ની પણ નિંદા કરે-તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શું ? તેથી કાંઈ સત્ય ફરી નહિ જાય. અરે, દુનિયાની તે દૃષ્ટિ કેટલી ? એનાં માપની શી કિંમત ? તારી સત્ય વસ્તુ કદાચ દુનિયાના લોકોના ખ્યાલમાં ન આવે ને સત્યની કિંમત તેને ન થાય તેથી કાંઈ અહીં તારા ગુણમાં નુકસાન થઈ જવાનું નથી. તારા ગુણોને દુનિયાના અભિનંદનની કોઈ જરૂર નથી. લોકોને સત્-અસત્‌ની ખબર જ કયાં છે ! -પછી એના પ્રમાણપત્રને શું કરવું છે ? ધર્મી તો પોતે પોતાથી જ નિઃશંક વર્તતો મોક્ષના માર્ગે એકલો ચાલ્યો જાય છે. —પંચપરમેષ્ઠીભગવંતોએ એને મોક્ષના મારગમાં સ્વીકાર્યો છે, પછી હવે દુનિયામાં બીજાનું શું કામ છે !

બહારમાં કર્મજનિત સંપદા થોડી હો કે ઘણી હો, લોકોમાં માન ઘણું હો કે થોડું હો, કોઈ વેર રાખે કે કોઈ મિત્રતા રાખે, એની સાથે આત્માના હિતનો કોઈ સંબંધ નથી. અરે, જ્યાં રાગ સાથેય ચૈતન્યને સંબંધ નથી ત્યાં બીજાની શી વાત ? આવા આત્માનું વીતરાગ-વિજ્ઞાન તે અપૂર્વ છે, તે જ **दुःखहारी सुखकार** છે. ( -**तातें दुःखहारी सुखकार, कहै सिख गुरु करुणाधार** । )

સમ્યગ્દૃષ્ટિ-શ્રાવકને પાંચવ્રત ઉપરાંત દિગ્વ્રત-દેશવ્રત-અનર્થદંડપરિત્યાગવ્રત એ ત્રણ વ્રતો હોય છે. તે વ્રતમાં ગુણ કરનારા હોવાથી તેને 'ગુણવ્રત' કહેવાય છે. ( આ ઉપરાંત મુનિપણાના અભ્યાસરૂપ ચાર શિક્ષાવ્રતો હોય છે, તે હવેના ૧૪ મા પદમાં કહેશે. )

ક્ષેત્રની મર્યાદા વડે તે શ્રાવક પોતાના પરિણામમાં આરંભ-સમારંભને રોકે છે; મર્યાદા બહારના ક્ષેત્રસંબંધી કોઈ આરંભ-પરિગ્રહનો વિચાર તે કરતો નથી એટલા સ્થિર પરિણામ તેને થયા છે. કોઈની ગૂઢ વાત બહાર પાડીને તેને દુઃખ થાય-એવી પ્રવૃત્તિ તે અનર્થદંડ છે; શ્રાવક તેવું ન કરે. સામાનો ભાવ એની પાસે રહ્યો, મારે શા માટે કોઈનું અનિષ્ટ ચિંતવવું ? લડાઈમાં કોઈ હારે-જીતે એવો હાર-જીતનો નિષ્પ્રયોજન કષાય ધર્મી-શ્રાવક ન કરે, કેમકે તે અનર્થકારી છે, પોતાને તેમાં કાંઈ પ્રયોજન નથી. અમુક જીવ પાપી છે માટે તેનું નખ્ખોદ નીકળી જાય તો સારું-એવા વિચાર શ્રાવકને હોય નહિ. તેમજ હિંસક લડાઈ, બીભત્સ સિનેમા, રેડિયો, ગંજીપત્તા, વિષયકષાયપોષક નોવેલ—એવામાં તે રસ લ્યે નહિ. એને તો પોતાના વીતરાગી ચૈતન્યરસનો રંગ લાગ્યો છે, ત્યાં બીજા અનર્થકારી પાપ કાર્યોનો રસ કેવો ?

જુઓ તો ખરા, આ પરિણામની મર્યાદા ! જે સમ્યગ્દૃષ્ટિ-વ્રતી થયો તેને ઉપરના રાગ-દ્વેષના વિચાર પણ ન આવે. મનમાં પાપના વિચાર ન કરે, વચનથી પાપ-પોષક ઉપદેશ ન આપે, તથા કાયાથી પણ તેવા પાપકાર્યોમાં ન પ્રવર્તે. આ રીતે અનર્થકારી કાર્યોનો તેને મન-વચન-કાયાથી ત્યાગ થઈ ગયો છે. અરે, એ તો વીતરાગમાર્ગનો પથિક ! એના નિર્દોષ જીવનની શી વાત !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રાવકનાં ચાર શિક્ષાવ્રતનું વર્ણન

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ઉપરાંત જે ચારિત્ર પાળવા તત્પર થયો છે એવા ધર્મી શ્રાવકના પાંચ અણુવ્રત તથા ત્રણ ગુણવ્રતનું કથન કર્યું, હવે ચાર શિક્ષાવ્રત કહે છે:–

घर उर समताभाव सदा सामायिक करिये,
परव चतुष्टयमाहिं पाप तज प्रौषध धरिये।
भोग और उपभोग नियम करि ममत निवारे,
मुनिको भोजन देय फेर निज कर अहारे ॥ १४ ॥

* સામાયિક: શ્રાવક રોજ સવાર–બપોર–સાંજ ચૈતન્યમાં પોતાનું ચિત્ત એકાગ્ર કરીને, રાગ–દ્વેષ રહિત સમતા ભાવ ધારણ કરીને સામાયિક કરે છે. સામાયિકના કાળે શ્રાવકને પણ સાધુ જેવો ગણ્યો છે.

* પ્રોષધ ઉપવાસ: દરમહિને બે આઠમ તથા બે ચૌદસ—એ પ્રમાણે પર્વતિથિમાં શક્તિમુજબ ઉપવાસ ધારણ કરે; ને આરંભ–સમારંભ છોડીને નિવૃત્તિથી આત્મચિંતન કરે.
* ભોગોપભોગપરિમાણ: ભોગથી વિરક્ત થઈને સર્વસંગ–પરિત્યાગી થવાની ભાવના હોવા છતાં, જ્યાં સુધી સાધુદશા નથી થતી ત્યાં સુધી ભોગ–ઉપભોગની મર્યાદા બાંધી લે છે; મર્યાદા કરતાં વધારે પરિગ્રહનું મમત્વ છોડી દે છે.

* અતિથિ સંવિભાગવ્રત: ભોજનના સમયે શ્રાવક હંમેશા મુનિને યાદ કરીને આહારદાનની ભાવના કરે; મુનિ પધારે તો તેમને આહાર કરાવીને પછી હું જમું! એમ સદાય તેને ભાવના હોય. મુનિરાજ ઉપરાંત સાધર્મી ધર્માત્મા–શ્રાવકોને પણ આદરપૂર્વક જમાડે.

વ્રતધારી શ્રાવકને આવા ભાવો સહેજે હોય છે, તેને શિક્ષાવ્રત કહેવાય છે; તે વ્રતો મુનિપણાના અભ્યાસની શિક્ષા આપે છે,

રાગ અને ચૈતન્યની ભિન્નતાનો જ્યાં અનુભવ હોય ત્યાં જ રાગ–દ્વેષ વગરના વીતરાગી સમભાવરૂપ સામાયિક હોય. જ્ઞાનચેતના કહો, કે સમભાવ કહો. શ્રાવક દરરોજ બેઘડી પોતાના પરિણામને ચૈતન્યમાં સ્થિર રાખવાનો પ્રયોગ કરે ને નિર્વિકલ્પ થઈને સ્વભાવમાં ઉપયોગ જોડે,–એવી સામાયિક છે. શ્રાવક ધ્યાન ધરીને સામાયિકમાં બેઠો હોય ત્યારે ઉપદ્રવ થાય તોપણ ડગે નહિ; સામાયિકના કાળે શ્રાવકને પણ વસ્ત્રથી ઢંકાયેલા મુનિ સમાન કહ્યો છે. આવી સામાયિક એ તો મોક્ષનું કારણ છે. અત્યારે તો ઘણા લોકો તેને ભૂલીને માત્ર બહારમાં સ્થિર બેસવું તેને સામાયિક માની રહ્યા છે.—એમાં શુભરાગ હોય તેનાથી પુણ્ય બંધાય, પણ તે કાંઈ મોક્ષનું કારણ ન થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રાવકને પાંચ અણુવ્રત–ત્રણ ગુણવ્રત–ચાર શિક્ષાવ્રત એ પ્રમાણે બારવ્રત હોય છે. બીજી 'વ્રતપડિમા'માં તેનું નિરતિચાર પાલન હોય છે. પહેલી પડિમા 'દર્શનપડિમા' છે તેમાં અષ્ટમૂળગુણોનું નિરતિચાર પાલન સમ્યક્ત્વસહિત હોય છે. ત્યારપછી પરિણામની શુદ્ધિ અનુસાર 'સામાયિક પડિમા'થી માંડીને 'એકલપડિમા' (–ઉદ્દિષ્ટ આહારત્યાગ પડિમા) હોય છે. તે ઉત્કૃષ્ટ શ્રાવકદશા છે; ત્યારપછી મુનિદશા હોય છે. આવી ૧૧ પડિમાના ક્રમપૂર્વક જ મુનિદશા હોય – એવો કોઈ નિયમ નથી; ક્ષુલ્લક–એલક વગેરે થયા વગર કોઈ સમ્યગ્દૃષ્ટિ સીધા પણ મુનિદશાનું ચારિત્ર પ્રગટ કરે છે. અહો, મુનિદશાની તો વાત પરમ અદ્ભુત છે! એ તો પરમેષ્ઠીપદ છે.—એ મુનિજીવનના મહા આનંદની શી વાત! —આ બધાના મૂળમાં ધર્મીને વીતરાગ સ્વભાવની દૃષ્ટિ નિરંતર કામ કરે છે. એના જોરે જ વીતરાગી ધર્મોનું ઝાડ ફૂલેફાલે છે.

જેને મિથ્યાત્વાદિ શલ્ય હોય તેને વ્રત ન હોય;— 'निःशल्यो व्रती' અરે, વ્રતમાં તો ઘણી વીતરાગતા છે, એમાં મિથ્યાત્વ કે માયા–નિદાન કેવા? પુણ્યફળની વાંછા તે કરતો નથી. જેમ અંદર લોઢાની ખીલીનું શલ્ય પડ્યું હોય તો ગૂમડું રૂઝાય નહિ, તેમ જેના અંતરમાં રાગની કે વિષયોની રુચિરૂપ મિથ્યાત્વાદિ શલ્ય પડ્યું છે તેને રાગ–દ્વેષનું ગૂમડું કદી રૂઝાતું નથી એટલે વીતરાગી સમભાવરૂપ સામાયિકાદિ વ્રત તેને હોતાં નથી. જ્ઞાનસ્વભાવની અનુભૂતિ વડે મિથ્યાત્વાદિ શલ્ય દૂર કરીને, સામાયિકાદિ થાય છે. અહો, હું તો જ્ઞાન! જ્ઞાનમાં વિષયો કેવા? ને નિંદા કે અપજશ પણ કેવો? અહા, પાંચમા ગુણસ્થાને ધર્માત્માને અપજશ અનાદેય કે દુર્ભગ પ્રકૃતિનો ઉદય જ નથી. જુઓ તો ખરા, વીતરાગપરિણામની તાકાત! જ્યાં આવી વીતરાગતા વર્તતી હોય ત્યાં અપજશાદિનો ઉદય શેમાં આવે? એ તો જશ–અપજશથી પાર પોતાના સમભાવમાં બિરાજે છે.

ધર્માત્માને મુનિવરો પ્રત્યે તેમ જ સાધર્મી–શ્રાવકો પ્રત્યે ઘણો જ પ્રેમ છે. ભોજન સમયે રોજ તેને યાદ કરે ને ભાવના ભાવે કે કોઈ મુનિરાજ પધારે, કોઈ ધર્માત્મા–શ્રાવક પધારે તો તેમને જમાડીને પછી હું જમું. અહા, રત્નત્રયના સાધક તે સંતો ધન્ય છે. એવા સંતને જમાડવાનો પ્રસંગ આવતાં ધર્મીને બહુ જ પ્રસન્નતા થાય...રત્નત્રય પ્રત્યે તેની ભક્તિ ઊછળી જાય છે.

આ રીતે શ્રાવકને ૧૨ વ્રત હોય છે તેમાં પરિણામની જેટલી શુદ્ધતા છે તેટલા નિશ્ચયવ્રત છે અને તેની સાથે શુભરાગ બાકી રહ્યો તેમાં વ્રતનો ઉપચાર છે, એમ નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ જાણવું. શુદ્ધતા તે મોક્ષનું કારણ છે, ને શુભરાગ તે સ્વર્ગનું કારણ છે; બંને ભાવોને ભિન્ન ઓળખવા; અને વ્રતોનું પાલન કરવું. ૧૪.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# વ્રતોનું નિરતિચાર પાલન અને સંલ્લેખના

એ રીતે બારવ્રતનું વર્ણન કરીને હવે છેલ્લા શ્લોકમાં નિરતિચારપણે તે વ્રતના પાલનનો, તથા અંત સમયે સંલ્લેખનાનો ઉપદેશ કરે છે :—

[ શ્લોક : ૧૫ ]

बारह व्रतके अतिचार पन पन न लगावे,
मरण समै संन्यास धारि, तसु दोष नशावे ।
यों श्रावकव्रत पाल स्वर्ग सोलम उपजावै,
तहँते चय नरजन्म पाय मुनि ह्वै शिव जावे ॥ २ ॥

એ પ્રમાણે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક બારવ્રતનું પાલન કરવું. મોક્ષશાસ્ત્રના સાતમા અધ્યાયમાં દરેક વ્રતના પાંચ-પાંચ અતિચાર બતાવ્યા છે, તે અતિચારોથી રહિત નિર્દોષ વ્રતનું જીવનભર પાલન કરવું, અને મરણ સમય આવે ત્યારે વિશેષપણે સંલ્લેખના કરીને કષાયોને પાતળા પાડવા.-આવા શ્રાવક ધર્મનું પાલન કરનાર જીવ સમાધિમરણ કરીને ઉત્કૃષ્ટપણે સોળમા દેવલોક સુધી ઊપજે છે; અને ત્યાંથી ચવીને ઉત્તમ મનુષ્ય થઈ, મુનિદશા અંગિકાર કરી વીતરાગ-કેવળજ્ઞાની થઈને શિવપદને પામે છે.

આનંદકંદ શુદ્ધ આત્મા, કાયા અને કષાયોથી ભિન્ન, તેનું જ્યાં ભાન થયું ત્યાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયા, ત્યાં વ્રત હોય કે ન હોય-તોપણ મોક્ષમાર્ગ તો શરૂ થઈ ગયો. પછી આત્મશુદ્ધિ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ કષાય છૂટતા જાય છે ત્યાં ગુણસ્થાનઅનુસાર વ્રત મહાવ્રત હોય છે. જ્યારે એમ નક્કી થઈ જાય કે હવે આ દેહની સ્થિતિ લાંબો વખત ટકવાની નથી, મરણનો સમય નજીક આવ્યો છે, ત્યારે શ્રાવક સંલ્લેખના કરે છે એટલે કે ચૈતન્યભાવનાની ઉગ્રતા વડે ક્રમેક્રમે તે કષાયોને તથા આહારાદિને છોડે છે, ને વીતરાગી સમભાવપૂર્વક આરાધકભાવસહિત સમાધિમરણ કરીને સ્વર્ગમાં જાય છે. સ્વર્ગના દિવ્ય વૈભવો વચ્ચે પણ સમ્યગ્દર્શનના બળે આત્માની આરાધના ચાલુ રાખીને તે ઉત્તમ મનુષ્ય થાય છે ને ત્યાં મુનિ થઈ ઉત્કૃષ્ટ આરાધના વડે કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષપદને પામે છે. મંગળમય વીતરાગ-વિજ્ઞાનનું આ ફળ છે, માટે હે ભવ્ય જીવો ! વીતરાગ-વિજ્ઞાનને સેવો.

સંસારભ્રમણમાં અજ્ઞાની જીવે ચૈતન્યની શાંતિનો સ્વાદ અનંતકાળમાં કદી ચાખ્યો નથી; તત્ત્વને જાણ્યા વગર એણે બહારના સંયોગને સુખ માન્યું છે. અરે ભાઈ ! પંચમગુણસ્થાની માછલું દેવલોકના ઇન્દ્ર કરતાંય વધુ સુખી છે.-તો તું વિચાર તો ખરો કે એ સુખ **શેનું હશે ? ક્યાંથી આવતું હશે એ સુખ !** એ સુખ ક્યાંયથી આવતું નથી, સ્વયમેય આત્મા સુખસ્વભાવી છે, તેનું તે પરિણમન છે. સુખરૂપે પરિણમેલા તે પંચમગુણસ્થાની જીવને એટલી મહાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાંતિ હોય છે કે ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે પણ તેને અનંતાનુબંધી કે અપ્રત્યાખ્યાની ક્રોધ માન-માયા-લોભ તો જરાય થતા જ નથી, બીજા જે કષાય છે તે પણ ઘણા મંદ પડી ગયા છે. રાગ વગરની ચૈતન્યચીજ તેને જાણીને તેમાં ઠરવાથી જ શાંતિ વધે છે ને કષાયો ટળીને વીતરાગતા થાય છે. એને જાણ્યા વગર બીજી કોઈ રીતે જીવ જરાપણ સુખ પામતો નથી. સમ્યગ્દર્શન વગર પંચમહાવ્રત પાળે તેને પણ આત્માનું સુખ અંશમાત્ર નથી; અને સમ્યગ્દૃષ્ટિ જીવ વ્રત વગર પણ આત્માના અપૂર્વ સુખની મોજ માણી રહ્યો છે.

સમ્યગ્દર્શન પછી પણ જે રાગ થાય છે તે તો બંધનું જ કારણ છે ને દુઃખ છે; પરંતુ તે જ વખતે રાગથી ભિન્ન વર્તતી તેની ચેતના અપૂર્વ સુખમાં લીન છે.-અહા, આવી ચેતનાવંતા ધર્માત્માને કોણ ઓળખશે ! કોઈ વિરલા ભેદજ્ઞાની જ તેને ઓળખે છે, ને પોતે એવી ચેતનારૂપ પરિણમીને મોક્ષમાર્ગને સાધે છે. બાપુ ! અજ્ઞાનમાં તો તારો અનંતકાળ ચાલ્યો ગયો, હવે તો આ ચિંતામણિ જેવો મનુષ્યઅવતાર અને જિનશાસનને પામીને તું તારા સાચા સ્વરૂપનું જ્ઞાન કર, તારા અપાર મહિમાને જાણ, જેથી તને અપૂર્વ અતીન્દ્રિય આનંદ થાય, ને તારો આત્મા આ ભવભ્રમણથી છૂટે.

સમ્યગ્દર્શન પછી પણ હિંસાદિ પાપોથી નિવૃત્ત થઈને વ્રતચારિત્રનો ઉપદેશ છે. સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને જેટલી શુદ્ધતા છે તેટલા સંવર-નિર્જરા છે, અને જેટલો રાગ છે તેટલા આસ્રવ-બંધ છે. સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને નિયમથી સ્વર્ગનું જ આયુષ્ય બંધાય છે, ને મરીને તે સ્વર્ગમાં જ જાય છે, બીજી કોઈ ગતિમાં જતો નથી. સ્વર્ગનો અવતાર તે રાગનું ફળ છે, શુદ્ધતાના ફળમાં અંદરની શાન્તિ મળે છે. શુદ્ધતાના ફળમાં સંસાર કે ભવ ન હોય, શુદ્ધતાનું ફળ તો મોક્ષ છે. શ્રાવકને રાગ બાકી રહી ગયો તેથી તેને સ્વર્ગનો અવતાર થયો. ત્યાંથી નીકળી તે મનુષ્ય થશે; ને મુનિ થઈને સંપૂર્ણ વીતરાગી ચારિત્ર પ્રગટ કરશે ત્યારે જ મોક્ષ પામશે. વીતરાગી ચારિત્ર વગર કોઈ જીવ મોક્ષ પામે નહિ. ને સમ્યગ્દર્શન-જ્ઞાન વગર કોઈને ચારિત્ર હોય નહિ; માટે પ્રથમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની આરાધના કરીને પછી સમ્યક્ચારિત્રની આરાધના કરવી,—એમ ઉપદેશ છે.

[ આ રીતે છહઢાળાની ચોથી ઢાળમાં સમ્યગ્જ્ઞાનનું તથા શ્રાવકનાં વ્રતોનું વર્ણન કર્યું. ]

મુનિ સકલવ્રતી બડભાગી, ભવ-ભોગનતેં વૈરાગી;
વૈરાગ્ય-ઉપાવન માઈ ચિંતે અનુપ્રેક્ષા ભાઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# વીતરાગ–વિજ્ઞાન–પ્રશ્નોત્તર

[ આ પહેલા છહઢાળાના ત્રણ અધ્યાયનાં પ્રવચનોમાંથી દોહન કરીને ૭૯૪ પ્રશ્ન–ઉત્તર આપવામાં આવ્યા છે, અહીં ચોથી ઢાળ ઉપરનાં પ્રવચનોમાંથી પ્રશ્ન–ઉત્તર આપવામાં આવ્યા છે. ટૂંકી ભાષા અને સરળ શૈલીમાં આ પ્રશ્ન–ઉત્તર સૌને ગમ્યા છે, અને છઢાળાના વિશેષ અભ્યાસમાં ઉપયોગી થયા છે. ]

૭૯૫. છઢાળાના મંગલાચરણમાં કોને નમસ્કાર કર્યા છે?....વીતરાગ–વિજ્ઞાનને.

૯૬. પહેલી ઢાળામાં શું કહ્યું?....જીવ ચારગતિમાં કેવાં દુઃખ ભોગવે છે તે બતાવ્યું.

૯૭. બીજી ઢાળમાં શું કહ્યું?...દુઃખનાં કારણરૂપ મિથ્યાત્વને છોડવાનો ઉપદેશ આપ્યો.

૯૮. ત્રીજી ઢાળમાં શું કહ્યું?...સમ્યક્ત્વનો મહિમા સમજાવીને તેની આરાધના કરવાનું કહ્યું.

૯૯. ચોથી ઢાળમાં શેનો ઉપદેશ છે?....સમ્યગ્જ્ઞાનની આરાધના તથા દેશવ્રતનો ઉપદેશ છે.

૮૦૦. સમ્યગ્જ્ઞાન કેવું છે?....સ્વ–પરને પ્રકાશવા માટે સૂર્યસમાન છે.

૧. સમ્યગ્જ્ઞાન ક્યારે થાય છે?....સમ્યગ્દર્શનની સાથે જ થાય છે.

૨. સમ્યક્ દર્શન–જ્ઞાન બંને સાથે થવા છતાં જ્ઞાનની જુદી આરાધના કરવાનું કેમ કહ્યું?
....કેમકે હજી કેવળજ્ઞાનને સાધવાનું બાકી છે – તેથી.

૩. દર્શનની આરાધના ક્યારે પૂરી થાય?....ક્ષાયિકસમ્યક્ત્વ થાય ત્યારે.

૪. જ્ઞાનની આરાધના ક્યારે પૂરી થાય?....કેવળજ્ઞાન થાય ત્યારે.

૫. ચોથા ગુણસ્થાને ક્ષાયિકસમ્યક્ત્વ થયા પછી ઉપરના ગુણસ્થાને તેની શુદ્ધતા વધે?
....ના; ક્ષાયિકભાવમાં વૃદ્ધિ કે હાનિ હોતી નથી.

૬. મોક્ષમાર્ગમાં સાચું જ્ઞાન કોને કહેવામાં આવે છે?
....જે સ્વ–પરને જાણે ને મોક્ષને સાધે તેને.

૭. સમ્યગ્દર્શન દ્રવ્ય–ગુણ–પર્યાયમાં ભેદ પાડે છે?
....ના; તે એક અભેદ આત્માને જ સ્વીકારે છે.

૮. દુનિયામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ક્યાં છે?
....એકમાત્ર સર્વજ્ઞ વીતરાગ જિનદેવના માર્ગમાં જ છે.

૯. જિનમાર્ગ સિવાય બીજા કોઈ માર્ગમાં મોક્ષમાર્ગ હોય છે?....ના

૧૦. જિનમાર્ગ એટલે શું?....અનેકાન્તમય વસ્તુસ્વભાવની ઉપાસના.

૧૧. અનેકાંતમય મૂર્તિ સદા પ્રકાશમાન રહો—એમ ક્યાં કહ્યું છે?....સમયસારના બીજા કળશમાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૮૧૨. પદાર્થના ધર્મ કયા છે?...વસ્તુનાં ગુણ-પર્યાયો તે જ તેનાં ધર્મો છે.

૧૩. આત્મવસ્તુમાં શેનું સામર્થ્ય છે?....કેવળજ્ઞાન અને સિદ્ધપદનું.

૧૪. મોક્ષને પામવા માટે કોનું સેવન કરવું?....સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું.

૧૫. શુભરાગને કે પુણ્યને સેવવાનું કાં ન કહ્યું?....કેમકે તે મોક્ષનું કારણ નથી.

૧૬. એક વસ્તુનો કોઈ ધર્મ બીજી વસ્તુને લીધે હોય ખરો?
....ના. વસ્તુના ધર્મો પરની અપેક્ષા રાખતા નથી.

૧૭. એક વસ્તુનો ધર્મ બીજી વસ્તુમાં જાય ખરો?
....ના; વસ્તુના ધર્મો વસ્તુમાં જ તન્મય રહે છે.

૧૮. ચારિત્ર વગર મોક્ષ હોય?....ના.

૧૯. સમ્યગ્દર્શન-જ્ઞાન વગર ચારિત્ર હોય?....ના.

૨૦. સમ્યગ્જ્ઞાન ક્યારે થાય?...સમ્યગ્દર્શનની સાથે જ.

૨૧. સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનની આરાધનામાં શું વિશેષતા છે?
....બંને આરાધના એકસાથે શરૂ થાય છે, પણ બંનેની પૂર્ણતા એકસાથે થતી નથી, ક્રમ પડે છે.

૨૨. રાગને કોણ જાણે છે?....રાગથી જુદું એવું જ્ઞાન જ રાગને જાણે છે.

૨૩. જ્ઞાન અને રાગ કેવા છે?
બંનેનો સ્વભાવ તદ્દન જુદો છે. રાગમાં ચેતકપણું નથી; જ્ઞાન તો સ્વ-પરનું ચેતક છે.

૨૪. રાગને જાણતાં જ્ઞાન તેમાં તન્મય થાય છે?
....ના; રાગને જાણનારું જ્ઞાન તેનાથી જુદું જ રહે છે.

૨૫. રાગ કેવો છે?....રાગ ખરેખર સ્વતત્ત્વ નથી, મંગળરૂપ નથી.

૨૬. વીતરાગ-વિજ્ઞાન કેવું છે?...તે સ્વતત્ત્વ છે, મંગળરૂપ છે, જગતમાં સારરૂપ છે.

૨૭. મિથ્યાત્વસહિતનું શુભઆચરણ હોય તો તે કેવું છે?
....તે મિથ્યાઆચરણ છે, સંસારનું કારણ છે.

૨૮. તે શુભરાગથી જીવને સુખ તો મળે ને?
.... ના; રાગથી કિંચિત્ પણ સુખ મળે નહિ, દુઃખ મળે.

૨૯. મોક્ષનું પહેલું પગથિયું કયું છે?....સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન.

૩૦. તેને ક્યારે ધારણ કરવા?....શીઘ્ર, અત્યારે હમણાં જ!

૩૧. જીવ અનાદિથી શું કરી રહ્યો છે?....અજ્ઞાનથી સંસારદુખ જ ભોગવી રહ્યો છે.

૩૨. તે કદી સ્વર્ગમાં ગયો હશે?....હા, અનંતવાર ગયો છે.

૩૩. સ્વર્ગમાંય તે સુખી કેમ ન થયો?....ત્યાં પણ તેણે સમ્યગ્દર્શન ન કર્યું તેથી.

૩૪. જીવને માટે અપૂર્વ શું છે?....સમ્યગ્દર્શનની પ્રાપ્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૮૩૫. સંસારની ચારગતિની રખડપટીથી થાકયો હોય તેણે શું કરવું ?
....સમ્યગ્દર્શન ને આત્મજ્ઞાન

૩૬. મોક્ષસુખને ચાહતો હોય તેણે શું કરવું ?....સમ્યગ્દર્શન ને આત્મજ્ઞાન.

૩૭. સમ્યગ્દર્શન ને જ્ઞાનની પ્રાપ્તિ કયાંથી થાય ?
...પોતામાંથી થાય છે, બીજા પાસેથી થતી નથી.

૩૮. દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે ?....' તું અમારી સામે ન જો; તારી સામે જો.

૩૯. સમ્યગ્દર્શનની સાથે શું હોય છે ?
....અનંતાનુબંધીના અભાવરૂપ ચારિત્રનો અંશ હોય છે.

૪૦. જીવને સમ્યગ્દર્શન થતાં શું થયું ? તે મોક્ષના માર્ગમાં ચાલવા માંડયો.

૪૧. સમ્યગ્દર્શન સાથે મુનિદશા હોય-એવો નિયમ છે ?
...ના; ભજનીય છે. હોય કે ન પણ હોય.

૪૨. મુનિદશામાં સમ્યગ્દર્શન હોય-એવો નિયમ છે ? હા; સમ્યગ્દર્શન વગર મુનિપદ હોય નહિ.

૪૩. અજ્ઞાની પુણ્ય કરીને સ્વર્ગે જાય તો તે સુખી છે ?
ના; તે પણ અનાદિની સંસારની ચાલ છે

૪૪. તો મોક્ષમાર્ગની ચાલ કઈ છે ?....સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગની ચાલ છે.

૪૫. અહીં સમ્યગ્જ્ઞાનને કોનું કાર્ય કહ્યું છે ?....સમ્યગ્જ્ઞાન તે સમ્યગ્દર્શનનું કાર્ય છે.

૪૬. સમ્યગ્જ્ઞાનને શુભરાગનું કાર્ય કેમ ન કહ્યું ?
....કેમકે રાગ વડે તે થતું નથી. રાગ તો સમ્યગ્જ્ઞાનથી વિરુદ્ધ જાત છે.

૪૭. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ શું છે ?
....આત્માનું સ્વરૂપ, જેમ છે તેમ શ્રદ્ધવું તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે, ને જેમ છે તેમ જાણવું તે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે.

૪૮. ધર્માત્માનું સ્વસંવેદન કેવું છે ?...અતીન્દ્રિય છે, આનંદરૂપ છે, મોક્ષનું કારણ છે.

૪૯. એવું સ્વસંવેદન કયા ગુણસ્થાને થાય ?....ચોથા ગુણસ્થાનથી તે શરૂ થઈ જાય છે.

૫૦. સ્વસંવેદન થતાં શું થાય છે ?....એકસાથે અનંતગુણમાં નિર્મળતા થવા માંડે છે.

૫૧. સમ્યગ્જ્ઞાન શું કરે છે ?....બધાને જાણીને, પરભાવોથી ભિન્ન આત્માને સાધે છે.

૫૨. કોને દેખવાથી સમ્યગ્દર્શન થાય ?
....આત્માના સાચા સ્વરૂપને દેખવાથી સમ્યગ્દર્શન થાય છે.

૫૩. સમ્યગ્દર્શન-પર્યાય કયાંથી થશે ?....આત્મા પોતે તે-રૂપે પરિણમશે.

૫૪. સમ્યગ્દર્શન કેવું છે ?....તે આત્માનું નિજસ્વરૂપ છે, જુદું નથી.

૫૫. સમ્યક્ત્વાદિ કોઈ ગુણ રાગમાં છે ?....-ના; એટલે રાગથી તે પ્રગટે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૮૫૬. સમ્યગ્દર્શન થતાં શું થયું ?...અનંતગુણમય પોતાનું સ્વઘર જીવે દેખી લીધું.

૫૭. આ વાત કેવી રીતે સાંભળવી ?....સ્વભાવની હોંશથી સાંભળવી.

૫૮. આ સમજતાં શું થાય છે ?....મોક્ષ તરફનું પરિણમન શરૂ થાય છે.

૫૯. સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદની ખાણ ક્યાં છે ?....જડમાં નથી, રાગમાં નથી, આત્મામાં છે.

૬૦. આત્માનું શુદ્ધસ્વરૂપ કેવું છે ?....રાગની ભેળસેળ વગરનું, શુદ્ધ જ્ઞાનમય છે.

૬૧. સમ્યગ્દૃષ્ટિ કેવી વસ્તુને જાણે છે ? ....સામાન્ય-વિશેષસ્વરૂપ જાણે છે.

૬૨. સમ્યગ્દૃષ્ટિને સન્દેહ હોય ?....આત્માના સ્વરૂપમાં કે અનુભવમાં સંદેહ ન હોય.

૬૩. સમ્યગ્જ્ઞાનની સાથે શું હોય છે ?...સમ્યક્દર્શન, અતીન્દ્રિયસુખ વગેરે હોય છે.

૬૪. સમ્યગ્જ્ઞાનીને શું નથી હોતું ?....તેને શંકાદિ દોષ કે મરણાદિ ભય હોતાં નથી.

૬૫. મારે અનંતભવ હશે-એવી શંકા કોને હોય ?....મિથ્યાદૃષ્ટિને હોય; સમ્યગ્દૃષ્ટિને ન હોય.

૬૬. જ્ઞાનની સાથે રાગ હોય ?....અલ્પ હોઈ શકે; અનંતભવ થાય એવો રાગ ન હોય.

૬૭. જ્ઞાનના અસ્તિત્વમાં રાગનું અસ્તિત્વ છે ?....ના; જ્ઞાન જ્ઞાનપણે છે, રાગપણે નથી.

૬૮. ધર્મીને જે અલ્પરાગ છે તે કેવો છે ?....તે પણ બંધનું જ કારણ છે, મોક્ષનું નહિ.

૬૯. જ્ઞાનમાંથી શું આવે ?....જ્ઞાનમાંથી મોક્ષ આવે; જ્ઞાનમાંથી સંસાર ન આવે.

૭૦. અપૂર્વ સમ્યગ્જ્ઞાન શું કરે છે ?...તે સંસારચક્રને બંધ કરીને મોક્ષચક્રને ચાલુ કરે છે.

૭૧. પુણ્ય કરે પણ આત્મજ્ઞાન ન કરે તો શું મળે ?
...એનાથી સ્વર્ગ મળે પણ જન્મ-મરણનો અંત ન આવે.

૭૨. મોક્ષને સાધવા માટેની કળા કઈ છે ?....સમ્યગ્જ્ઞાન તે મોક્ષને સાધવાની અપૂર્વ કળા છે.

૭૩. જન્મ-મરણના દુઃખને મટાડનારું અમૃત કયું છે ?
સમ્યગ્જ્ઞાન જન્મ-મરણ મટાડનાર પરમ અમૃત છે.

૭૪. વીતરાગી ભેદજ્ઞાન ક્યાંસુધી ભાવવું ?....કેવળજ્ઞાન થાય ત્યાંસુધી ભેદજ્ઞાનને ભાવવું.

૭૫. સમ્યક્દર્શન-જ્ઞાનને કારણ-કાર્યપણું કઈ રીતે છે ?
...સહચર અપેક્ષાએ કારણ-કાર્યપણું છે.

૭૬. રાગાદિને સમ્યગ્જ્ઞાનનું કારણ કેમ ન કહ્યું ?
...તે અશુદ્ધ છે; રાગના અભાવમાં પણ સમ્યગ્જ્ઞાન રહે છે, તેથી રાગ તેનું કારણ નથી.

૭૭. જેમ શ્રદ્ધા-જ્ઞાનને કારણ-કાર્યપણાનો વ્યવહાર છે, તેવો બીજો કયો દાખલો છે ?
....અતીન્દ્રિયજ્ઞાન તે અતીન્દ્રિયસુખનું કારણ છે.

૭૮. આ કારણ-કાર્યમાં સમયભેદ છે ?....ના

૭૯. સમ્યક્ચારિત્રનું મૂળ કારણ કોણ છે ?
સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનને ચારિત્રનું મૂળ કારણ કહ્યું છે, પણ રાગને ચારિત્રનું કારણ નથી કહ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૮૮૦. સમ્યગ્જ્ઞાન વગર જીવે શું કર્યું ?....કોટિ જન્મમાં તપ તપ્યો, પણ શાંતિ ન પામ્યો.

૮૧. સમ્યગ્જ્ઞાન કેવું છે ? ....તે વીતરાગ-વિજ્ઞાન છે; ત્રણલોકમાં સાર છે.

૮૨. જગતમાં સુખનું કારણ કોણ છે ?
....જ્ઞાન સિવાય બીજું કોઈ જગતમાં સુખનું કારણ નથી.

૮૩. પુણ્યને સુખનું કારણ કેમ ન કહ્યું ?....કેમકે તેના ફળમાં સંયોગ મળે છે, સુખ નહીં.

૮૪. બુદ્ધિને ક્યાં જોડવાથી હિત થાય ?....અદ્‌ભુત આત્મસ્વરૂપમાં બુદ્ધિને જોડવાથી હિત થાય.

૮૫. જેના વડે દુઃખ મટે ને સુખ મળે-તે શું છે ?
....વીતરાગ-વિજ્ઞાન વડે સુખ મળે ને દુઃખ ટળે.

૮૬. કેવળજ્ઞાન કેવું છે ?
....અદ્‌ભુત અચિંત્ય મહિમાથી ભરેલું છે ને મહાન અતીન્દ્રિયસુખ સહિત છે.

૮૭. કેવળજ્ઞાનને ઓળખતાં જીવને શું થાય છે ?
...અહા, કેવળજ્ઞાનને ઓળખતાં અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવની પ્રતીતિ સહિત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને અતીન્દ્રિયસુખનું વેદન થાય છે.

૮૮. ચોથાગુણસ્થાનનું સમ્યગ્જ્ઞાન કેવું છે ?
....તે પણ આનંદમય છે, તેનો પણ અપૂર્વ મહિમા છે.

૮૯. મતિ-શ્રુતજ્ઞાન પણ ક્યારે પ્રત્યક્ષ છે ?
આત્મસન્મુખ થઈને સ્વાનુભૂતિ વખતે તે પ્રત્યક્ષ છે.

૯૦. એવું પ્રત્યક્ષ, અતીન્દ્રિયજ્ઞાન ગૃહસ્થને થાય ?....હા; ધર્મી ગૃહસ્થને એવું જ્ઞાન થાય છે.

૯૧. સમ્યગ્દર્શન પ્રગટ થતી વખતે મતિ-શ્રુતજ્ઞાન કેવા છે ?
તે વખતે મતિ-શ્રુતજ્ઞાન સ્વસંવેદન-પ્રત્યક્ષ છે.

૯૨. આત્માને જાણવામાં ઇન્દ્રિયનું નિમિત્ત છે ? ...ના; કેમકે આત્મા અતીન્દ્રિય છે.

૯૩. આત્માને જાણવામાં રાગનું નિમિત્ત છે ?
...ના; રાગથી જુદું પડેલું જ્ઞાન જ આત્માને જાણે છે.

૯૪. મોક્ષમાર્ગની શરૂઆત કયા જ્ઞાનથી થાય છે ?
....અતીન્દ્રિય જ્ઞાનવડે જ મોક્ષમાર્ગ શરૂ થાય છે.

૯૫. આત્માને કઈ રીતે જોવો ?....આત્મા આંખથી ન દેખાય, ઇંદ્રિયાતીત જ્ઞાનથી દેખાય.

૯૬. અંધારામાં 'આત્મા છે' એમ કઈ રીતે જણાય ?
'આ અંધારું છે' એમ જે જાણે છે તે આત્મા જ છે.

૯૭. અંધકારને જાણનારો પોતે આંધળો છે કે દેખતો ?
અંધકારને જાણનાર પોતે આંધળો નથી, તે તો જાગૃત ચૈતન્યસત્તા છે.

૯૮. આત્માનો સાક્ષાત્કાર ક્યારે થાય ?....તેનો અત્યંત રસ અને અત્યંત મહિમા આવે ત્યારે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૮૯૯. પૈસામાંથી જીવને કદી સુખ મળવાનું છે?
....ના; એમાં સુખ છે જ નહિ પછી ક્યાંથી મળે?

૯૦૦. આંખથી નજરે દેખાય તે પ્રત્યક્ષજ્ઞાન છે-એ બરાબર?
....ના; આંખથી દેખાય તે પરોક્ષ; આંખ વગર દેખાય તે પ્રત્યક્ષ.

૧. અંતરમાં એકાગ્ર થઈને અનુભવ કરતાં શું થાય છે?
....અહા, અતીન્દ્રિય આનંદરસની ધારા ઉલ્લસે છે.

૨. સિંહને આત્માનો અનુભવ થાય?
....હા; સિંહ વાઘ હાથી વાનર સર્પ હરણ વગેરેને પણ થાય. મહાવીરના આત્માએ સિંહના ભવમાં આત્મઅનુભવ કર્યો હતો, ને પારસનાથના જીવે હાથીના ભવમાં કર્યો હતો.

૩. દુનિયામાં આત્મજ્ઞાનવાળા કેટલા માણસો હશે?
...સમ્યગ્દૃષ્ટિ-મનુષ્યોની સંખ્યા સાત અબજ જેટલી છે.

૪. હાથી વગેરેને પૂર્વભવનું જાતિસ્મરણ થાય?
....હા; આત્મજ્ઞાન થાય ને જાતિસ્મરણજ્ઞાન પણ થાય.

૫. એવું જ્ઞાન કયા હાથીને થયું હતું?
....ત્રિલોકમંડન હાથીને, તેમજ પારસનાથના જીવને થયું હતું.

૬. બધા સાધક જીવોને કયા જ્ઞાન હોય?
....સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન બધા સાધકજીવોને નિયમથી હોય છે.

૭. સામાના મનની વાત જાણી લ્યે તો?
—એ કાંઈ આશ્ચર્યની વાત નથી; એવું જાણપણું (વિભંગજ્ઞાન) અજ્ઞાનીને પણ હોય છે; મોક્ષમાર્ગમાં તેની કિંમત નથી.

૮. મોક્ષમાર્ગમાં શેની કિંમત છે?
...સ્વસંવેદનરૂપ વીતરાગ-વિજ્ઞાનનો પરમ મહિમા છે; તેના વડે મોક્ષમાર્ગ સધાય છે; તે આનંદરસમાં તરબોળ છે.

૯. કેવળજ્ઞાન કોને હોય છે?....સિદ્ધ તથા અરિહંત ભગવંતોને.

૧૦. કેવળજ્ઞાની ભગવંતો કેટલા છે?....અનંતાનંત છે.

૧૧. પરમઅવધિ, સર્વઅવધિ, વિપુલમતિ-મનઃપર્યય કોને હોય?
ચરમશરીરી મુનિવરોને જ હોય છે.

૧૨. પરમાત્મા થયા તેઓ પહેલાં કેવા હતા?...તેઓ પણ પહેલાં બહિરાત્મા હતા.

૧૩. પછી તેઓ કેવા થયા?....તેઓ જ અંતરાત્મા થઈને પરમાત્મા થયા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૯૧૪. અંતરાત્મપણું અને પરમાત્મપણું કેવી રીતે થયું ?
શુદ્ધોપયોગ વડે; વીતરાગ-વિજ્ઞાન વડે.

૧૫. 'નમો અરિહંતાણં' માં શું આવવું જોઈએ ?
...તેમાં સર્વજ્ઞસ્વભાવી આત્માની પ્રતીત આવવી જોઈએ.

૧૬. અત્યારે મનુષ્યલોકમાં કેટલા અરિહંતભગવંતો છે ?
....સીમંધરાદિ આઠ લાખ અરિહંતો વિચરે છે.

૧૭. કેવળજ્ઞાન શુભરાગ વડે થાય ?....ના; શરૂઆતનું સમ્યગ્જ્ઞાન પણ શુભરાગ વડે નથી થતું.

૧૮. રાગવડે જ્ઞાન થવાનું માને તો ?
....તો તેણે કેવળજ્ઞાનને ઓળખ્યું નથી, અરિહંતને ઓળખ્યા નથી; તેણે રાગ અને જ્ઞાનની ભેળસેળ કરી છે.

૧૯. રાગને કેવળજ્ઞાનનું કારણ માને તો ?
....તો કેવળજ્ઞાન પણ રાગવાળું ઠરે ! કેમકે કારણ અને કાર્ય એક જાતના હોય.

૨૦. કેવળજ્ઞાનનું કારણ કોણ છે ?....રાગ અને જ્ઞાનની ભિન્નતાનો અનુભવ કરવો તે.

૨૧. કેવળજ્ઞાનનો સ્વીકાર રાગવડે થઈ શકે ?....ના; જ્ઞાનસ્વભાવની સન્મુખતાથી જ થાય.

૨૨. સર્વજ્ઞની સાચી ઓળખાણ ક્યારે થઈ ?.. પોતામાં ભેદજ્ઞાન થઈને સમ્યગ્જ્ઞાન થયું ત્યારે.

૨૩. તે સમ્યગ્જ્ઞાનની સાથે શું છે ?...તેની સાથે રાગવગરનું વીતરાગી સુખ છે.

૨૪. ધર્માત્માના મતિ-શ્રુતજ્ઞાન કેવા છે ?....તે કેવળજ્ઞાનની જાતના છે; રાગથી જુદા છે.

૨૫. સમ્યગ્જ્ઞાન કેવું છે ?....કેવળજ્ઞાન સાથે કેલિ કરનારું, મોક્ષસુખ દેનારું પરમ-અમૃત છે.

૨૬. જીવન શેના માટે છે ?....સ્વહિત સાધવા માટે જ મુમુક્ષુનું જીવન છે.

૨૭. અજ્ઞાની સ્વર્ગમાં જવા છતાં સુખ કેમ ન પામ્યો ?
....કેમકે, સુખનું કારણ જ્ઞાન તેની પાસે ન હતું.

૨૮. તે જીવ, પંચમહાવ્રત તો પાળતો હતો ?
....પંચમહાવ્રતનો રાગ તે કાંઈ સુખનું કારણ નથી.

૨૯. સુખ માટે શું કરવું ?....સુખ માટે બીજું કાંઈ શોધ મા, સમ્યગ્જ્ઞાન કર.

૩૦. રાગમાં, પુણ્યમાં કે પુણ્યફળમાં સુખ માને તે કેવો છે ?
....તેને સાચા જ્ઞાનની કે સાચા સુખની ખબર નથી.

૩૧. જ્ઞાનમાં વધુ સુખ, ને વિષયોમાં થોડું સુખ-એમ છે ?
....ના; સમ્યગ્જ્ઞાનમાં સુખ છે, બીજે ક્યાંય સુખ નથી.

૩૨. સમ્યગ્જ્ઞાનને અમૃત કેમ કહ્યું ?....કેમકે અમર એવું મોક્ષપદ તેના વડે પમાય છે.

૩૩. તે સમ્યગ્જ્ઞાન ક્યાંથી આવે છે ?....આત્મામાંથી જ આવે છે; તે આત્માનો સ્વભાવ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૯૩૪. જિનવચન કેવાં છે?....અમૃતપદને દેખાડનારા હોવાથી તે પણ અમૃત છે.

૩૫. આત્માનું જ્ઞાન કેવું છે?...આનંદસહિત છે; જેમાં આનંદ નહિ તે જ્ઞાન નહીં.

૩૬. જીવો સિદ્ધ થયા, થાય છે ને થશે-તે કઈ રીતે?...ભેદજ્ઞાનથી.

૩૭. જે જીવો બંધાયા છે તેઓ?...ભેદજ્ઞાનના અભાવથી જ બંધાયા છે.

૩૮. આ જાણીને શું કરવું?....અચ્છિન્નધારાથી ભેદજ્ઞાનને નિરંતર ભાવવું.

૩૯. ભેદજ્ઞાની જીવ શું કરે છે?...આત્માના આનંદમાં કેલિ કરતો-કરતો મુક્તિમાં જાય છે.

૪૦. ધર્મીજીવ આત્મસાક્ષીથી શું જાણે છે?
....હવે મને જ્ઞાનકળા ઊપજી છે ને હું સિદ્ધપદને સાધી રહ્યો છું.

૪૧. આ જડ-માટીના ઘરમાં રહેવું આત્માને શોભે છે?
....ના; આત્મા તો અનંત ચૈતન્યગુણમાં વસનારો છે.

૪૨. સમ્યગ્જ્ઞાનના પ્રસાદથી જીવને શું થશે?
....તે અશરીરી થઈને સિદ્ધાલયમાં રહેશે; ફરીને કદી શરીરમાં કે સંસારમાં નહીં આવે.

૪૩. શરીરથી ભિન્ન આત્માને ન જાણે તો શું થાય?
....તે શરીરરહિત એવા સિદ્ધપદને પામી ન શકે. નવા નવા શરીર ધારણ કરીને સંસારમાં જ રખડે.

૪૪. સમ્યગ્જ્ઞાન વગરના તપથી જીવને સુખ મળે?
....ના; સમ્યગ્જ્ઞાન જ આત્માને સુખનું કારણ છે.

૪૫. ચિંતામણિ જેવો મનુષ્યઅવતાર પામીને શું કરવું?
....'आपो लख लीजे'-કોઈ પણ રીતે આત્માને જાણ.

૪૬. શુભરાગથીયે સુખ ન મળ્યું-તો શું કરવું?
....હે ભાઈ! તે રાગથી જુદો બીજો કોઈ સુખનો ઉપાય શોધ.

૪૭. તે ઉપાય કયો છે?....રાગથી જુદા ચૈતન્યસ્વરૂપ આત્માનું જ્ઞાન કરવું તે.

૪૮. કેવળજ્ઞાનની પ્રતીત કરનારને રાગનું કર્તૃત્વ રહે?
....ના. રાગથી જુદો પડીને જ કેવળજ્ઞાનની પ્રતીત થાય.

૪૯. ભેદજ્ઞાની જીવ કેવો છે?...તે વીર છે, રાગથી તેનું જ્ઞાન દબાતું નથી.

૫૦. સાધકના મતિ-શ્રુતજ્ઞાન કેવા છે?...તે કેવળજ્ઞાનના અવયવ છે, કેવળજ્ઞાનની જાત છે.

૫૧. સાધકના જ્ઞાનમાં ક્રોધનું કર્તૃત્વ છે?
....ના; કેવળજ્ઞાનની જેમ મતિ-શ્રુતમાં પણ ક્રોધનું કર્તૃત્વ નથી.

૫૨. અનંત આકાશનેય કેવળજ્ઞાન જાણી લ્યે?....હા; કેવળજ્ઞાનની સર્વોત્કૃષ્ટ ગંભીર તાકાત છે.

૫૩. ત્રણકાળ-ત્રણલોકને જાણવા છતાં રાગ-દ્વેષ કેમ નથી થતા?
....કેમકે જ્ઞાનનો સ્વભાવ રાગ-દ્વેષ કરવાનો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૯૫૪. જ્ઞાનના સ્વાદમાં કેવો રસ છે?

....જ્ઞાનના સ્વાદમાં વીતરાગી ચૈતન્યરસ છે, અતીન્દ્રિય આનંદ છે.

૫૫. એ સ્વાદને કોણ જાણી શકે?....જ્ઞાનના સ્વાદને સમ્યગ્દષ્ટિ જ જાણી શકે છે.

૫૬. કોણ સર્વજ્ઞદેવના પુત્ર છે?....ગણધર મોટાપુત્ર છે, અવિરત-સમ્યગ્દષ્ટિ નાના પુત્ર છે.

૫૭. સાધકનું જ્ઞાન કેવું છે?....ભલે નાનું પણ મોક્ષનું સાધક છે; મોહ વગરનું છે,

૫૮. સમ્યગ્દર્શન વગર જે તપ તપે તેને શું થાય?

....તે કષાયમાં 'તપે' છે, પણ ચૈતન્યની શાંતિમાં ઠરતો નથી.

૫૯. ધર્માત્માને તપમાં શું થાય છે?...તેને ચૈતન્યના પ્રતપનરૂપ પરમ શાંતિનું વેદન થાય છે.

૬૦. એક કરોડપૂર્વમાં કેટલા વર્ષ થાય?....૭૦૫૬૦૦૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ (૨૧ અંક)

૬૧. જ્ઞાનીને શેના બળે નિર્જરા થાય છે?....રાગ વગરની જ્ઞાનચેતનાના બળે નિર્જરા થાય છે.

૬૨. જ્ઞાનચેતના કેવી છે?....મોક્ષસુખ દેનારી છે; સંસારને કટ કરનારી છે.

૬૩. અજ્ઞાની મહાવ્રત કરીને શું પામ્યો?....સુખ જરાય ન પામ્યો, એકલું દુઃખ પામ્યો.

૬૪. તે સુખ કેમ ન પામ્યો?....કેમકે સુખના કારણરૂપ જ્ઞાનચેતના તેની પાસે ન હતી.

૬૫. તે દુઃખ કેમ પામ્યો?....-કેમકે રાગમાં એકત્વથી તે મિથ્યાત્વને સેવતો હતો.

૬૬. તપ અને નિર્જરામાં કષ્ટ છે? કે આનંદ?

...તપ અને નિર્જરા મહાન આનંદરૂપ છે, તેમાં કષ્ટ નથી.

૬૭. શુભરાગ છે તે ચેતનની જાત છે?....ના, તે ચેતનસ્વભાવની જાત નથી, કજાત છે.

૬૮. જૈન સંતો શું જાહેર કરે છે?....જૈન-સંતો સત્ય વસ્તુસ્વરૂપ જાહેર કરે છે.

૬૯. જ્યાં રાગનું કર્તૃત્વ છે ત્યાં શું છે?....ત્યાં સંસાર છે, દુઃખ છે.

૭૦. જ્યાં જ્ઞાનચેતના છે ત્યાં શું છે?....ત્યાં મોક્ષ છે, આનંદ છે.

૭૧. સુખ ક્યારે મળે?....જેમાં સુખસ્વભાવ છે તેમાં પરિણામ જોડે ત્યારે.

૭૨. જીવે શુભભાવ કેટલીવાર કર્યા હશે?....અનંતવાર શુભભાવ કર્યા.

૭૩. તે શુભભાવથી કેટલું સુખ મળ્યું?....જરાય સુખ ન મળ્યું; ભવનો છેડો ન આવ્યો.

૭૪. તો શુભરાગ વગર બીજું કયું સાધન બાકી રહ્યું?

...આત્મજ્ઞાન,-તે જ સુખનું ખરૂં સાધન છે.

૭૫. જ્ઞાનીને તો શુભરાગ મોક્ષનું કારણ છે ને?

...ના; તેનેય જ્ઞાન જ મોક્ષનું કારણ છે, રાગ નહિ.

૭૬. જ્ઞાનીને રાગ વખતે મોક્ષનું સાધન વર્તે છે?

....હા, રાગ વખતેય રાગથી જુદું જે શુદ્ધ જ્ઞાનપરિણમન છે તે મોક્ષનું કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૯૭૭. અજ્ઞાનીને શુભરાગ વખતે મોક્ષનું સાધન છે?
...ના; કેમકે તેને શુદ્ધાત્માનો અનુભવ નથી.

૭૮. શુદ્ધ જ્ઞાનપરિણમનમાં શું આવે છે?
...તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે.

૭૯. જેઓ મોક્ષમાર્ગને નથી જાણતા તેઓ શું માને છે?
તેઓ અજ્ઞાનથી પુણ્યને મોક્ષનુ કારણ માને છે.

૮૦. પુણ્ય તે મોક્ષનું કારણ કેમ નથી?....કેમકે તે બંધનું કારણ છે, તે જ્ઞાનથી વિપરીત છે.

૮૧. પુણ્ય (શુભરાગ) જીવને ક્યાં લઈ જાય છે?....સંસારમાં.

૮૨. મોક્ષમાં કોણ લઈ જાય છે?...શુદ્ધજ્ઞાનનું પરિણમન.

૮૩. ચારિત્રધર્મનું મૂળકારણ શું છે?....શુદ્ધાત્માનું જ્ઞાન અને શ્રદ્ધાન તે ચારિત્રનું મૂળ છે.

૮૪. ચૈતન્યરસ ચાખવા માટે શું કરવું જોઈએ?
....ખરેખરી લગનીથી વારંવાર તેનો અભ્યાસ કરવો જોઈએ.

૮૫. શાસ્ત્રભણતરનું ખરૂં ફળ શું છે?....જ્ઞાનમય શુદ્ધાત્માની અનુભૂતિ કરવી તે.

૮૬. શુભરાગ કરીને પણ અજ્ઞાની દુઃખ જ પામ્યો?
—હા; રાગમાં તો દુઃખ જ હોયને!—ભલે તે શુભ હો.

૮૭. તો સુખ કઈ રીતે મળે?....સ્વસન્મુખ જ્ઞાનભાવમાં સુખ છે.

૮૮. આત્માનું અતીન્દ્રિયસુખ કેવું છે?
....અહા, તેનો એક અંશ પણ ચાખે ત્યાં સંસાર ખલાસ થઈ જાય; એ ચૈતન્યસુખ ચાખતાં જ અનંતકાળના સંસારનો થાક એકક્ષણમાં ઊતરી જાય.

૮૯. તે સુખનો સ્વાદ ક્યારે આવે?....રાગથી જુદો પડી, જ્ઞાનચેતનારૂપ પરિણમે ત્યારે.

૯૦. જીવ મનુષ્યભવ કેટલીવાર પામ્યો હશે?....-અનંતવાર મનુષ્યભવ પામ્યો.

૯૧. અનંતવાર મનુષ્યભવ પામીને પણ સુખી કેમ ન થયો?
....કેમકે, મનુષ્ય થઈને પણ તેણે આત્માની ઓળખાણ ન કરી.

૯૨. જીવ કદી સ્વર્ગમાં ગયો?....અનંતવાર પુણ્ય કરીને સ્વર્ગમાં ગયો.

૯૩. અનંતવાર સ્વર્ગમાં જવા છતાં તે સુખી કેમ ન થયો?
...સ્વર્ગમાં જવાથી કાંઈ સુખ નથી મળતું; સુખ તો આત્મજ્ઞાનથી થાય છે.

૯૪. પુણ્યથી સુખ ભલે ન થાય પણ ધર્મ તો થાય ને?
....ના; સુખ કહો કે ધર્મ કહો; જ્યાં સુખ નહીં ત્યાં ધર્મ નહીં.

૯૫. શુભરાગ વડે અજ્ઞાન-અંધકાર ટળી શકે?
...ના; સમ્યગ્જ્ઞાનપ્રકાશ વડે જ અજ્ઞાન-અંધકાર ટળે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૯૯૬. શુભરાગમાં સુખ ભલે ન હોય, પણ દુઃખ તો નથીને?
....રાગ પોતે કષાય, આકુળતા ને દુઃખરૂપ જ છે.

૯૭. આત્માનું જીવન કેવું છે?....ઉપયોગ તે આત્માનું જીવન છે. 'जीवः उपयोगलक्षणः'

૯૮. મહાવીરપ્રભુનો સંદેશ શું છે?
...."ઉપયોગલક્ષણ જીવ છે ને એ જ સાચું જીવન છે;
એ જીવજો જીવડાવજો, પ્રભુવીરનો સન્દેશ છે."

૯૯૯. જીવને ચિંતામણી સમાન શું મળ્યું છે?
....મનુષ્યપર્યાય; જૈનધર્મ ને જિનવાણીનું શ્રવણ.

૧૦૦૦. તે ચિંતામણિને પામીને શું કરવું?....'आपो लख लीजे'–આત્માને ઓળખી લેવો.

૧૦૦૧. જિનવરદેવે કહેલા પદાર્થો કેવા છે?....દ્રવ્ય–ગુણ–પર્યાય સ્વરૂપ છે.

૨. પુનર્ભવ કોને હોય?...સંસારીજીવને પુનર્જન્મ હોય છે.

૩. પુનર્જન્મ કોને ન થાય?....મુક્ત જીવને (પરમાત્માને) પુનર્જન્મ હોતો નથી.

૪. તેમને પુનર્જન્મ કેમ નથી?....કેમકે તેમને મોહ નથી; ને મરણ પણ નથી.

૫. આત્મામાં એક ગુણ હશે કે અનંત?...આત્મામાં પોતાના જ્ઞાનાદિ અનંત ગુણો છે.

૬. આત્માને ઇશ્વરે બનાવ્યો–એ વાત ખરી?....ના; આત્મા નવો બનેલો નથી, સ્વયંસિદ્ધ છે.

૭. આત્મા પર્યાયવાળો છે કે પર્યાય વગરનો?....આત્મા પોતે દ્રવ્ય–ગુણ–પર્યાય સ્વરૂપ છે.

૮. જૈન તત્ત્વના અભ્યાસનું ફળ શું છે?....આત્માનો અનુભવ કરવો તે.

૯. જૈનતત્ત્વ શું બતાવે છે?....પરથી ભિન્ન પોતાનું ચૈતન્યતત્ત્વ પોતામાં દેખાડે છે.

૧૦. એને દેખતાં શું થાય છે?....અભૂતપૂર્વ શાંતિ થાય છે, ને મોક્ષમાર્ગ પ્રગટે છે.

૧૧. શુદ્ધજીવતત્ત્વ કેવું છે?....પરથી ભિન્ન, રાગથી ભિન્ન, શુદ્ધ ઉપયોગસ્વરૂપ જીવ છે.

૧૨. અજીવતત્ત્વની શ્રદ્ધા ક્યારે કરી કહેવાય?....અજીવને પોતાથી ભિન્ન જાણે ત્યારે.

૧૩. પુણ્ય–પાપ–આસ્રવ–બંધની શ્રદ્ધા ક્યારે કરી કહેવાય?
....તેને પરભાવરૂપ જાણીને જ્ઞાન તેનાથી છૂટું પડે ત્યારે.

૧૪. સંવર–નિર્જરા–મોક્ષતત્ત્વની શ્રદ્ધા ક્યારે કરી કહેવાય?
....શુદ્ધ જીવ તરફ વળીને તે સંવર–નિર્જરા પ્રગટ કરે ત્યારે.

૧૫. નવતત્ત્વની સાચી શ્રદ્ધા કઈ રીતે થાય છે?
....શુદ્ધાત્માની સન્મુખતાવડે સાચી તત્ત્વશ્રદ્ધા થાય છે.

૧૬. લાખો રૂપિયા, ને જિનવાણીનું શ્રવણ તેમાં સુયોગ કયો?
....જિનવાણીનું શ્રવણ તે સુયોગ છે, તે આત્મહિતમાં નિમિત્ત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૦૧૭. જિનવાણીનું શ્રવણ મળતાં શું સમજવું ?
....કરોડો રૂપિયા કરતાંય વધુ સુયોગ મળ્યો-એમ સમજવું.

૧૮. અમેરિકાના વૈભવમાં કેટલું સુખ હશે ?
....અમેરિકા તો શું-સ્વર્ગનાય વૈભવમાં સુખનો છાંટોય નથી.

૧૯. ભારતનો ખરો વૈભવ કયો છે ?....આત્મહિતની અધ્યાત્મવિદ્યા તે ભારતનો ખરો વૈભવ છે.

૨૦. જિનવાણી કેવી છે ?...અહા, ગણધર અને ઇન્દ્ર જેના શ્રોતા-તેની શી વાત ?

૨૧. તે જિનવાણી કેવી છે ?....મીઠી અમૃત જેવી છે, આત્માનું સ્વરૂપ બતાવનારી છે.

૨૨. મહાવીરપ્રભુનું શાસન પામવાનો ખરો લાભ શું ?
....આત્માને ઓળખીને ભવનો અંત કરી લેવો તે,

૨૩. હાલતું-ચાલતું તીર્થ કોને કહેવાય ?
....રત્નત્રયરૂપે પરિણમેલો જીવ તે હાલતું-ચાલતું તીર્થ છે.

૨૪. સુખને માટે તન-ધન-વૈભવ કાંઈ કામના છે ?....ના; સુખને માટે સમ્યગ્જ્ઞાન જ કામનું છે.

૨૫. શાસ્ત્રોએ તથા સંતોએ શેને વખાણ્યું છે ?
....સમ્યગ્જ્ઞાનરૂપ ભેદજ્ઞાનને વખાણ્યું છે-પ્રશંસ્યું છે.

૨૬. કરોડો ઉપાયે ( મરીને પણ ) આત્માને ઓળખવો—એટલે શું ?
....ચૈતન્યતત્ત્વનો સર્વોત્કૃષ્ટ રસ જગાડીને આત્માને ઓળખવો.

૨૭. સમ્યગ્જ્ઞાન કેવું છે ?....આત્માનું સ્વરૂપ છે, તેથી સદા અવિચળ રહેનારું છે.

૨૮. કરોડો પ્રતિકૂળતા વચ્ચે આત્મહિત થઈ શકે ?
....હા; આત્માની લગનીમાં બહારની પ્રતિકૂળતા નડતી નથી.

૨૯. અનુકૂળતા હોય તો આત્માને સાધવાનું સહેલું પડે ?
....ના; બહારની સામગ્રી આત્મહિતમાં મદદ કરતી નથી.

૩૦. જ્ઞાની શરીરને કેવું જાણે છે ?....વસ્ત્રની માફક તેને આત્માથી જુદું જાણે છે.

૩૧. શરીર બળે છતાં આત્મા શાંતિમાં ઠરે-એમ બને ?
....હા; કેમકે બંને તત્ત્વોની ક્રિયા તદ્દન જુદી છે.

૩૨. સાચો વિવેક કયો છે ?....સ્વ-પરનું ભેદજ્ઞાન કરવું તે.

૩૩. મહાન અવિવેક કયો છે ?....જ્ઞાન સાથે રાગની કે જડની ભેળસેળ કરવી તે.

૩૪. છખંડના રાજમાં ભરતચક્રવર્તી કેટલું સુખ માનતા હતા ?
....જરાય નહિ; તેઓ ચૈતન્યસુખને જાણતા હતા.

૩૫. જ્ઞાનીનું સામ્રાજ્ય કયું છે ?....પોતાના શુદ્ધ અનંત ગુણ-પર્યાય તે જ્ઞાનીનું સામ્રાજ્ય છે.

૩૬. જ્યારે જોઈએ ત્યારે શાંતિ આપે-એવું કોણ છે ?
....આત્માનું સમ્યગ્જ્ઞાન-સદાય શાંતિ આપે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૦૩૭. કેવું છે સમ્યગ્જ્ઞાન?
....આનંદરૂપ છે; ઉપયોગમાં રાગના કોઈ અંશને ભેળવતું નથી.

૩૮. પુણ્યની વૃદ્ધિ તે શું છે?
....તે પણ સંસાર છે. વીતરાગને પુણ્યકર્મ બંધાતા નથી.

૩૯. સાચું જ્ઞાન ને સુખ ક્યાંથી આવે છે?....અંદરનો ચૈતન્યદરિયો તે-રૂપે ઊછળે છે.

૪૦. અરૂપી આત્મા સ્વાનુભવમાં આવે?
....હા; અરૂપી હોવા છતાં જ્ઞાનના અનુભવમાં આવે છે.

૪૧. કરોડો ઉપાયથી પણ આત્મજ્ઞાન કરવાનું કહ્યું પણ શુભરાગ કરવાનું કેમ ન કહ્યું?
....કેમકે શુભરાગ કાંઈ સુખનું કારણ નથી. આત્મજ્ઞાન જ સુખનું કારણ છે.

૪૨. સમ્યગ્દર્શન ને જ્ઞાન-ચારિત્ર કેવાં છે?....આત્માના અંતરની અપૂર્વ વીતરાગીક્રિયા છે.

૪૩. તે વીતરાગીક્રિયા કેવી છે?....મોક્ષનું કારણ છે; જ્ઞાની જ તેને ઓળખે છે.

૪૪. આત્મહિતના કેટલા ઉપાય છે?....આત્માને ઓળખીને અનુભવ કરવો-તે એક જ ઉપાય છે.

૪૫. ગૃહસ્થ નિર્લેપ રહી શકે?..હા; ધર્માત્માનું જ્ઞાન રાગથી નિર્લેપ રહે છે.

૪૬. વિષયોની ચાહરૂપી આગમાં બળતો જીવ કેમ બચે?
....સમ્યગ્જ્ઞાનરૂપી મેઘધારા વડે તે આગ બુઝાય છે.

૪૭. રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ ક્યાં સમાય છે?...શુદ્ધજ્ઞાનની અનુભૂતિમાં મોક્ષમાર્ગ સમાય છે.

૪૮. 'શુદ્ધજ્ઞાન' એટલે શું?....શુદ્ધજ્ઞાન એટલે આખો આત્મા; તેમાં રાગ ન સમાય.

૪૯. જિનદેવની અને મુનિઓની આજ્ઞા કોણે સ્વીકારી?
....જે આત્માને ઓળખીને સ્વ-પરનું ભેદજ્ઞાન કરે તેણે.

૫૦. મુક્તિના મારગડા ક્યાંથી આવે છે?
....ચૈતન્યની અંદરથી આવે છે, રાગમાંથી નથી આવતા.

૫૧. અશુભ કે શુભ રાગ તે કેવો છે?...રાગ તે આગ છે; ચૈતન્યશાંતિને તે બાળે છે.

૫૨. આત્મા કેવો છે?...મહા શાંતિનો મોટો ચૈતન્યસાગર છે.

૫૩. છમાસ-આઠસમયમાં કેટલા જીવો મોક્ષ પામે?....છસો ને આઠ જીવો મોક્ષ પામે છે.

૫૪. તે બધા જીવો કઈ રીતે મોક્ષ પામે છે?
....આત્માને ઓળખીને તેના ધ્યાનવડે જ મોક્ષ પામે છે.

૫૫. ચૈતન્યસ્વભાવ· ક્રોધાદિ વિભાવ ને પરદ્રવ્ય કેવા છે?
....વિભાવો વિપરીત છે, પરદ્રવ્યો પૃથક્ છે, ને ચૈતન્યસ્વભાવ મહાન સામર્થ્યવાન છે.

૫૬. સિદ્ધભગવંતોના પંથમાં આવવું હોય તો શું કરવું?
... ભેદજ્ઞાનનો અભ્યાસ કરીને સ્વભાવ સન્મુખ થવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૦૫૭. કેટલા પશુઓ અત્યારે મોક્ષમાર્ગને સાધતા હશે ?
...અસંખ્ય પશુઓ આત્માને જાણીને મોક્ષમાર્ગ સાધી રહ્યા છે.

૫૮. બાહ્યવિષયોમાં કે રાગમાં સુખ માનનાર કેવો છે?
...તે પોતાના આત્માને અજ્ઞાનની આગમાં બાળે છે.

૫૯. શુભરાગથી શું થાય ?....બાહ્યવિષયો મળે પણ આત્માનું સુખ ન મળે.

૬૦. સમ્યગ્જ્ઞાનથી શું થાય ?....અહા, ચૈતન્યની શીતળ શાંતિના ફૂવારા ઊછળે !

૬૧. આત્મહિત માટે સમય નથી મળતો-એમ કહે તો ?
—તો તેને આત્માનો રસ નથી, આત્મા વહાલો નથી.

૬૨. જીવે સૌથી વધુ અવતાર કઈ ગતિમાં કર્યા ?....તિર્યંચગતિમાં.

૬૩. જીવે સ્વર્ગ અને નરકના અવતાર કેટલીવાર કર્યા ?....સામાન્યપણે અનંતવાર કર્યા.

૬૪. સામાન્યપણે જીવ મનુષ્ય અવતાર ક્યારે પામે ?
....અનંતવાર દેવ-નારકી થાય ત્યારે એકવાર મનુષ્ય થાય.

૬૫. આવું મોંઘું મનુષ્યપણું પામીને શું કરવું ?
...બીજા હજાર કામ પડતા મૂકીને આત્માને ઓળખવો.

૬૬. જ્ઞાની રાગથી દૂર કેમ નથી ભાગતા ?....તેમની ચેતના રાગથી ભાગેલી ( દૂર, છૂટી ) જ છે.

૬૭. સમ્યક્ત્વ થતા આત્મામાં કેવી મોસમ આવી ?
....શ્રાવણ માસ આવ્યો ને શાંતરસની વર્ષા થઈ....સ્વાનુભવની વીજળી ઝબકી ને ....આનંદના અંકૂરા ફૂટયા.

૬૮. શાસ્ત્રનો અભ્યાસ કરીને શું કરવું જોઈએ ?
...આત્મામાં તેવા ભાવરૂપ પરિણમન કરવું જોઈએ.

૬૯. રાગભાવ અને ચૈતન્યભાવમાં શું ફેર છે ?
....રાગ તો આંધળો, ને ચૈતન્ય દેખતો,—બંને તદ્દન જુદા છે.

૭૦. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કેવાં છે ?....તે મોક્ષના કારણરૂપ સ્વભાવવાળાં છે.

૭૧. શુભરાગ કેવો છે ?....તે સંસારનું કારણ છે, મોક્ષનું નહિ.

૭૨. શુભરાગમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રહે છે ?...ના.

૭૩ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં શુભરાગ રહે છે ?....ના.

૭૪. જ્ઞાનધારા ને રાગધારા એકસાથે હોય ?...હા.

૭૫. જ્ઞાનધારા તથા રાગધારાને કર્તા-કર્મપણું છે ?...ના.

૭૬. મનુષ્ય હોય ને ભેદજ્ઞાન ન કરે તો ?—તો તે શોભતો નથી, પશુ જેવો છે.

૭૭. તિર્યંચ હોય ને ભેદજ્ઞાન કરે તો ?....તો તે દેવ જેવો શોભે છે, તે પ્રશંસનીય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૧૦૭૮. આત્માર્થીએ આત્માને સાધવા કેવી રીતે રહેવું ?
....' પુણ્યફળમાં હરખો નહિ, ને પાપફળમાં વિલખો નહીં '
જ્ઞાનને પુણ્ય-પાપ બંનેથી જુદાપણે ભાવો.

૭૯. ધર્મીનો ખોરાક શું છે ?....ચૈતન્યશાંતિ તે ધર્મીનો ખોરાક છે, રાગ નહીં.

૮૦. લાખો વાતોમાં સારભૂત વાત કઈ ?....' જગતના દંદ-ફંદને છોડીને આત્માને ધ્યાવો.'

૮૧. મિથ્યાદ્રષ્ટિ શેમાં પ્રસન્ન થાય છે ?...અનુકૂળ સંયોગમાં ને રાગમાં.

૮૨. સમ્યગ્દ્રષ્ટિ શેમાં પ્રસન્ન થાય છે ?...વીતરાગી ચૈતન્યશાંતિના વેદનમાં.

૮૩. વ્રત કોને હોય ?...સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જેને વીતરાગતા વધે તેને.

૮૪. નિર્ધનતા-સધનતા, કે જશ-અપજશ તે કોનું કાય છે ?
....તે પૂર્વકર્મનું કાર્ય છે, જ્ઞાનનું નહીં.

૮૫. ધર્મીનેય બહારમાં પ્રતિકૂળતા હોઈ શકે ?....હા; પૂર્વ પાપના ઉદયે પ્રતિકૂળતા પણ હોય.

૮૬. પ્રતિકૂળતા વખતે ધર્મીને ધર્મમાં શંકા પડે ?
....ના; કેમકે જ્ઞાન તો તે સંયોગથી જુદું જ છે.

૮૭. ધર્માત્મા પાસે કઈ મહાન સંપદા છે ?
...સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિરૂપી મહાન આત્મસંપદા છે.

૮૮. ધર્મી-શ્રાવકના પટારામાં શું ભર્યું છે ?....સમ્યગ્દર્શન-જ્ઞાન વગેરે અમૂલ્ય રત્નો ભર્યા છે.

૮૯. મૂઢ જીવો અમૂલ્ય જીવન શેમાં વેડફી દે છે ?
....બાહ્યલક્ષ્મી કમાવામાં, ને વિષય-કષાયોમાં.

૯૦. સમ્યગ્દર્શનથી કેવી સંપદા મળે છે ?
....ત્રણ લોકમાં શ્રેષ્ઠ એવી સિદ્ધપદની સંપદા મળે છે.

૯૧. અરિહંતોનું સુખ સમવસરણાદિને લીધે છે ?
....ના; તે ' સ્વયંભૂ ' છે, આત્મા જ સ્વયં તે-રૂપ થાય છે.

૯૨. સમ્યગ્દ્રષ્ટિ જીવો કઈ રીતે સુખી છે ?
....પોતાના ચૈતન્યપરિણમનથી જ સુખી છે, પુણ્યથી નહિ.

૯૩. સંસારમાં પુણ્ય-પાપનાં ફળ કેવાં છે ?
....ચલતી-ફિરતી છાયા જેવા છે; એકસરખા રહેતાં નથી.

૯૪. જૈન એટલે વીતરાગદેવનો ભક્ત—તે કેવો હોય ?
... તે રાગમાં અટકે નહીં, ચૈતન્યની અપૂર્વ શાંતિને અનુભવે.

૯૫. આત્માને ઇષ્ટ-અનિષ્ટ કોણ છે ?
—જ્ઞાન ઇષ્ટ છે. મોહ અનિષ્ટ છે, પરચીજ ઇષ્ટ-અનિષ્ટ નથી.

૯૬. જીવમાં શેની ' છાપ ' છે ?
....જીવનમાં ' જ્ઞાન 'ની છાપ છે; સંયોગની છાપ જીવમાં નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૦૯૭. સિદ્ધાન્ત શું છે?....'શુદ્ધ જ્ઞાન જ હું છું; અન્ય ભાવો હું નથી.'

૯૮. એવા સિદ્ધાન્તનું સેવન કરવાથી શું થાય?
...સ્વસન્મુખતા થાય, એટલે શાંતિ થાય, મુક્તિ થાય.

૯૯. જે પરને હિતરૂપ કે અહિતરૂપ માને તેને શું થાય?
...તેને પર પ્રત્યે સદાય રાગ-દ્વેષ થયા જ કરે; એટલે શાંતિ કે મુક્તિ ન થાય.

૧૦૦. કોને ભજવું? કોને તજવું?...સમ્યક્ત્વ ભજો...મિથ્યાત્વ તજો.

૧. જીવને સુખ દેનાર કોણ છે?...રાગથી જુદું પોતાનું જ્ઞાન જ સુખ દેનાર છે.

૨. બધી વાતનો સાર શું છે?...આત્માને જાણીને તેને ધ્યાવો.

૩. જગતના દંડ-ફંદ છોડવા-તેમાં શું આવ્યું?...પુણ્ય ને પાપ બંને તેમાં આવી ગયા.

૪. શરીર સરખું હોય તો આત્મધ્યાન થાય ને?....ના; જ્ઞાન સરખું હોય તો આત્મધ્યાન થાય.

૫. 'પાંડવો બળે છે' ત્યારે શું થાય છે?....શરીર બળે છે, આત્મા તો શાંતિમાં ઠરે છે.

૬. પ્રતિકૂળસંયોગ વખતે જ્ઞાનીને શું છે?
....તેમાં આત્મા ભીડાઈ ગયો નથી, છૂટો ને છૂટો છે.

૭. આત્માને દુઃખનું વેદન સદાય રહે?....ના; અંદર એનાથી છુટકારાનો ઉપાય છે.

૮. સ્વર્ગ કરતાં નકરમાં સુખ હોય?
....હા, સ્વર્ગના મિથ્યાદૃષ્ટિ કરતાં નરકનો સમ્યગ્દૃષ્ટિ સુખી છે, કેમકે સુખ સંયોગમાં નથી, ચૈતન્યની શુદ્ધતામાં છે.

૯. શરીર અગ્નિની ઝાળમાં બળતું હોય ત્યારે?
....અગ્નિની એ ઝાળ ચૈતન્યની શાંતિને અડી શકતી નથી, માટે ચૈતન્યનું લક્ષ રાખનારને શાંતિ છે.

૧૦. તીર્થંકર ભગવાનનો સંયોગ હોય તો...?...-તોપણ અંતર્લક્ષ ન કરે તો મિથ્યાદૃષ્ટિ જ રહે.

૧૧. સુખ-દુઃખ ક્યાં છે?....જીવની જ્ઞાનપરિણતિમાં સુખ; મોહપરિણતિમાં દુઃખ.

૧૨. ધર્મીની પરિણતિ કેવી છે?....તેમાં જ્ઞાન ને રાગ જુદા પડી ગયા છે.

૧૩. પુણ્યકર્મનું ફળ શું છે?....સંસાર; તેનાથી કાંઈ મોક્ષમાર્ગ ન મળે.

૧૪. હર્ષ-શોક થવાનું ક્યારે મટે?....ચિદાનંદતત્ત્વની સન્મુખ થાય ત્યારે.

૧૫. જ્ઞાનીનેય હર્ષ શોક તો થાય છે?
...તે વખતેય હર્ષ-શોકથી જુદી જ્ઞાનધારા તેને વર્તે છે.

૧૬. જ્ઞાનધારા કેવી છે?....અનંત તાકાતવાળી છે; રાગને પોતામાં પ્રવેશવા દેતી નથી.

૧૭. જૈનધર્મના ઉપદેશનો સાર શું છે?....પરથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માને ધ્યાવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૧૧૮. સમ્યગ્જ્ઞાનના આઠ અંગ (આચાર) કયા છે?
...યોગ્યકાળ, વિનય, ઉપધાન, બહુમાન, અનિહ્નવ, શબ્દશુદ્ધિ, અર્થશુદ્ધિ અને તદુભયશુદ્ધિ.

૧૯. શુક્લલેશ્યા ને શુક્લધ્યાનમાં શું ફેર?
....શુક્લલેશ્યા અજ્ઞાનીનેય હોય; શુક્લધ્યાન તો મુનિને જ હોય.

૨૦. અજ્ઞાનીને માટે સૌથી ઊંચું સ્થાન કયું?....નવમી ગ્રૈવેયક (દેવલોક)

૨૧. ત્યાં તે કેટલું સુખ પામે છે?....જરાય સુખ નથી પામતો, કેમકે આત્માને નથી જાણતો.

૨૨. સમ્યગ્દષ્ટિ અનંતવાર નવમી ગ્રૈવેયકમાં જાય?
...ના; તે તો એક-બે ભવમાં મુક્તિ પામે છે.

૨૩. મિથ્યાદષ્ટિ દેવલોકમાંય કેમ દુઃખી થયો?....કેમકે સુખનું સાચું કારણ તેની પાસે ન હતું.

૨૪. તેણે પંચમહાવ્રત તો પાળ્યા હતા?....પંચમહાવ્રતનો રાગ તે કાંઈ સુખનું કારણ નથી.

૨૫. તો સુખનું કારણ કોણ છે?....આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

૨૬. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કેવાં છે?...અબંધસ્વભાવી છે, રાગ વગરનાં છે.

૨૭. પુણ્ય-પાપ કેવાં છે?....બંધસ્વભાવી છે.

૨૮. ભગવાન આત્મા કઈ રીતે પ્રસિદ્ધ થાય છે?....સ્વાનુભૂતિમાં પ્રગટે છે.

૨૯. તે સ્વાનુભૂતિમાં શું સમાય છે?
....સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે તેમાં સમાય છે; પણ રાગ તેમાં સમાતો નથી.

૩૦. આપણું ભરતક્ષેત્ર ક્યાં છે?....મેરુપર્વતની દક્ષિણ દિશામાં.

૩૧. વિદેહક્ષેત્ર ક્યાં છે?....મેરુપર્વતની પૂર્વ-પશ્ચિમ દિશામાં.

૩૨. ત્યાં કોણ બિરાજે છે?....સીમંધર પરમાત્મા વગેરે તીર્થંકરો બિરાજે છે.

૩૩. તેઓ શું દેખાડે છે?....ચૈતન્યની સ્વાનુભૂતિનો અપાર વૈભવ દેખાડે છે.

૩૪. સ્વાનુભૂતિ કઈ રીતે થાય?....પોતાની જ ઉપયોગશક્તિવડે થાય.

૩૫. અત્યારે શેનો અવસર છે?....સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિનો આ અવસર છે.

૩૬. કેટલા જીવોએ સમ્યગ્દર્શન કર્યું?....અનંતા જીવો સમ્યગ્દર્શન કરીને મોક્ષમાં ગયા.

૩૭. તેઓ સમ્યગ્દર્શન કઈ રીતે પામ્યા?....પોતાના પૂર્ણાનંદસ્વભાભને ભજી-ભજીને.

૩૮. શુદ્ધાત્માનું ખરૂં શ્રવણ ક્યારે કર્યું કહેવાય?
....તેની સન્મુખ થઈને તેવો ભાવ પ્રગટ કરે ત્યારે.

૩૯. જ્ઞાની-અનુભવીની સાચી સેવા કોણ કરી શકે?....જે તેમની અનુભૂતિને ઓળખે તે.

૪૦. તે અનુભૂતિ કઈ રીતે ઓળખાય?....જ્ઞાનના લક્ષે ઓળખાય; રાગ વડે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૧૪૧. જૈનધર્મનો સાર શું છે?....સમ્યગ્દર્શન-ભેદજ્ઞાન-વીતરાગતા તે સાર છે.

૪૨. ચારિત્ર આરાધના સાચી ક્યારે હોય?...સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક હોય; તેના વગર ન હોય.

૪૩. શ્રાવકને ચારિત્ર હોય?....હા, સમ્યગ્દષ્ટિ શ્રાવકને દેશચારિત્ર હોય.

૪૪. શ્રાવકને કેટલા કષાય છૂટી ગયા હોય?
....અનંતાનુબંધીના ચાર, તથા અપ્રત્યાખ્યાનના ચાર—એમ આઠ કષાય તેને છૂટી ગયા છે, ને સર્વાર્થસિદ્ધિના દેવ કરતાંય તેની શાંતિ વધી ગઈ છે.

૪૫. ગૃહસ્થદશામાં વધુમાં વધુ કયું ગુણસ્થાન હોય?
....પાંચમું હોય; તેનાથી ઉપર દિગંબર મુનિને જ હોય.

૪૬. મુનિપણું ન થઈ શકે તો શું કરવું?
....તેની ભાવનાપૂર્વક શ્રાવકનાં ચારિત્રનું આચરણ કરવું.

૪૭. અરિહંતદેવના માર્ગમાં કયું ચારિત્ર છે?
....'**संज्ञस्य चारित्रम्**'—તે સમ્યગ્જ્ઞાનીનું ચારિત્ર છે.

૪૮. તે ચારિત્ર કેવું છે?....'આત્મરૂપ છે'-રાગરૂપ નથી.

૪૯. ધર્મીશ્રાવકની પ્રવૃત્તિ કેવી હોય છે?
....સમ્યક્ત્વથી ને હિંસાદિના ત્યાગથી ઉજ્જ્વળ હોય છે.

૫૦. ઇંડું શું છે?...તે ત્રસ-પંચેદ્રિય જીવ છે; તેનો ખોરાક તે માંસાહાર જ છે.

૫૧. અહિંસાધર્મનું સાચું સ્વરૂપ ક્યાં છે?
....અરિહંતના માર્ગમાં જ અહિંસાનું સાચું સ્વરૂપ છે.

૫૨. અહિંસાનું ખરૂં પાલન કોણ કરી શકે?
....જેણે અરિહંતના વીતરાગમાર્ગને જાણ્યો હોય તે જ.

૫૩. દુઃખી જીવનો દુઃખથી છૂટકારો કરવા કોઈ તેને ગોળીથી ઠાર કરે તો?
....તો તે હિંસા જ છે; ને અહિંસાધર્મના સ્વરૂપની તેને ખબર નથી.

૫૪. સિંહ-સર્પ-વીંછી વગેરે પ્રાણીને મારવા તે શું છે?....તે પણ હિંસા જ છે.

૫૫. ધર્મીજીવ ત્રસહિંસાવાળી દવા લ્યે?
...ના; (એવી વિદ્યા પણ તે ભણે નહિ.) ભયંકર રોગ થયો હોય, માંસની એક કટકી કે ઇંડું ખાવાથી તે મટી જાય તેમ હોય-તોય ધર્મીજીવ (અરે જિજ્ઞાસુ જીવ પણ) પ્રાણ જાય તોપણ તે ખાય નહિ. મધ પણ સર્વથા અભક્ષ્ય છે.

૫૬. જૈનધર્મમાં અહિંસા એટલે શું?
....રાગાદિભાવો ન થવા તે; એટલે કે ચૈતન્યપ્રાણનો ઘાત ન થવારૂપ વીતરાગભાવ તે અહિંસા છે.

૫૭. હિંસા એટલે શું?.. રાગાદિભાવોની ઉત્પત્તિ તે હિંસા છે, તેનાથી ચૈતન્યપ્રાણ હણાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૧૫૮. અહિંસા–હિંસાનું આવું સુંદર સ્વરૂપ ક્યાં કહ્યું છે?....પુરુષાર્થસિદ્ધિઉપાય ગાથા ૪૪માં

૫૯. બહારમાં કોઈ જીવ ન મરે તો?....તોપણ જ્યાં રાગ છે ત્યાં હિંસા છે જ.

૬૦. અહિંસાનું સાચું સ્વરૂપ કોણ જાણે છે?....વિરલા જીવો જ અહિંસાનું સ્વરૂપ ઓળખે છે.

૬૧. પ્રશસ્તરાગ ને અપ્રશસ્તરાગ—એ બંને કેવા છે?....બંને કષાય છે, એટલે હિંસા છે.

૬૨. વીતરાગભાવરૂપ અહિંસાધર્મ કેવો છે?
....સર્વે જીવોને હિતકારી છે, ઇષ્ટ છે, શ્રેષ્ઠ છે, ને તે જ ભગવાન મહાવીરનો ઇષ્ટ ઉપદેશ છે.

૬૩. પરવસ્તુના કારણે જીવને હિંસા થાય છે?....ના; પોતાના કષાયભાવથી જ હિંસા થાય છે.

૬૪. હિંસામાં કોણ હણાય છે?...જીવના પોતાના ચૈતન્યપ્રાણ હણાય છે.

૬૫. બીજા જીવોનું મરણ કે જીવન આ જીવ કરી શકે છે?
....ના; તેનું જીવન–મરણ તેના આયુને આધીન છે.

૬૬. હિંસા–અહિંસાનું સાચું સ્વરૂપ કોણ જાણે?
....જે રાગાદિને અને ચૈતન્યપ્રાણને ભિન્ન જાણે તે.

૬૭. સૌથી મોટી હિંસા કઈ કહેવાય?
....રાગ અને ચૈતન્યને એક માનવારૂપ મિથ્યાત્વ તે સૌથી મોટી હિંસા છે, તે ચૈતન્યપ્રાણને હણી નાંખે છે.

૬૮. અહિંસાધર્મનો મૂળ પાયો કયો?
....રાગના કોઈ અંશને ચૈતન્યમાં ન ભેળવવો તે–ભેદજ્ઞાન.

૬૯. ભવસાગરને કોણ તરે છે?....જે સર્વ રાગને છોડીને વીતરાગ થાય છે તે.

૭૦. અહિંસા પરમધર્મ કોનો છે?
....વીરમુમુક્ષુઓનો; કાયર જીવો તે ધર્મ પાળી શકતા નથી.

૭૧. સર્વજ્ઞના જ્ઞાનમાં જીવ કેવો જણાયો છે?....સર્વજ્ઞદેવે જીવ સદા ઉપયોગલક્ષણ જોયો છે.

૭૨. ચેતનભાવ અને રાગાદિભાવ કેવા છે?
....પ્રકાશ અને અંધકારની જેમ જુદા છે, એક નથી.

૭૩. એવું જુદાપણું જાણતાં શું થાય છે?....જીવ પ્રસન્ન થાય છે, આનંદિત થાય છે.

૭૪. આવા સ્વતત્ત્વનું ભાન કોના પ્રતાપે થયું?....શ્રી સર્વજ્ઞમાર્ગી જૈનગુરુઓના પ્રતાપે.

૭૫. જીવને શેમાં તન્મયપણું છે?....જીવ પોતાના ઉપયોગસ્વરૂપમાં તન્મય છે.

૭૬. તે ઉપયોગ કેવો છે?....સ્વતઃસિદ્ધ સત્ છે; કોઈથી રચાયેલો નથી.

૭૭. તે ઉપયોગનું શુદ્ધપરિણમન કેવું છે?....તે અહિંસા છે, તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે.

૭૮. 'ઉપયોગ' તે કયો ભાવ?...ઉપયોગ તે પારિણામિક ભાવ છે.

૭૯. તે ઉપયોગનું શુદ્ધપરિણમન–તે કયો ભાવ?....તે ક્ષાયિકાદિ ભાવરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૧૮૦. રાગાદિભાવો તે કયો ભાવ ?....તે ઔદયિક ભાવ છે.

૮૧. ' ઉપયોગ 'માં કયા તત્ત્વો સમાય ?....જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ.

૮૨. રાગાદિભાવોમાં કયા તત્ત્વો આવે ?....આસ્રવ, બંધ, પુણ્ય ને પાપ.

૮૩. ઉપયોગ સાથે આત્માને કેવી વ્યાપ્તિ છે ?
....સમવ્યાપ્તિ છે; બેમાંથી એક હોય ત્યાં બીજો હોય જ.

૮૪. ઉપયોગ વગરનો જીવ કદી હોય ?....ના.

૮૫. રાગ વગરનો જીવ કદી હોય ?....હા.

૮૬. ધર્માત્માની અનુભૂતિમાં શું પ્રકાશે છે ?
....ઉપયોગસ્વરૂપ આત્મા જ અનુભૂતિમાં પ્રકાશે છે.

૮૭. રાગને આત્માનું સ્વલક્ષણ માનીએ તો શું થાય ?
....રાગનો નાશ થતાં આત્મા પણ મરી જાય.

૮૮. રાગ વગર જીવ જીવી શકે ?....હા, સિદ્ધભગવંતો રાગ વગર જ અનંતજીવન જીવે છે.

૮૯. રાગને જીવનું લક્ષણ માનતાં શું દોષ આવે ?
....અવ્યાપ્તિદોષ આવે; સિદ્ધો ને અરિહંતો અજીવ ઠરે !

૯૦. રાગને આત્માનું લક્ષણ માનનારને શું થાય ?
....તે રાગથી જુદો ન પડે, એટલે સંસારમાં જ રખડે.

૯૧. ' ઉપયોગ '–ચેતના વગર આત્મા જીવી શકે ?....ના; ઉપયોગ તે જ જીવનું જીવન છે.

૯૨. પ્રભુ મહાવીરનો સન્દેશ શું છે ?....ચેતન જીવન જીવો, ને બીજાને તે બતાવો.

૯૩. જીવનું સર્વસ્વ શું છે ?....' ઉપયોગ '

૯૪. ઉપયોગનું શુદ્ધ જીવન કેવું છે ?
....તે આનંદ શાંતિ ને વીતરાગતાથી શોભતું છે; તે જ ઇષ્ટ છે અને તે જ સાચું જીવન છે.

૯૫. વીરપ્રભુ પ્રત્યે સાચી અંજલિ કઈ છે ?
....ઉપયોગસ્વરૂપ ઓળખીને મોક્ષને સાધવો તે જ વીરપ્રભુ પ્રત્યે સાચી અંજલિ છે; તે જ નિર્વાણમહોત્સવ છે.

૯૬. શ્રાવકપણું તથા મુનિપણું ક્યારે આવે ?
....સમ્યગ્દર્શન પછી વીતરાગભાવમાં વૃદ્ધિ થાય ત્યારે.

૯૭. ચારિત્રદશા કેવી છે ?....પરમ શાંત છે; તેમાં કષાય નથી પણ વીતરાગભાવ છે.

૯૮. તે ચારિત્ર કોનું કારણ છે ?....તે સ્વર્ગના ભવનું કારણ નથી પણ મોક્ષનું કારણ છે.

૯૯. ચોથાગુણસ્થાને વીતરાગભાવ હોય ?...હા, અંશે હોય.

૧૨૦૦. ચોથાગુણસ્થાને પાપભાવો હોય ?....હા; અવ્રતજન્ય પાપભાવો હોય છે.

૧. પાંચમું ગુણસ્થાન કેવું છે ?....અહો, સર્વાર્થસિદ્ધિના દેવ કરતાંય તે વધુ સુખી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૨૦૨. અજ્ઞાનીજીવ મહાવ્રત પાળે તેને કેટલા કષાયનો અભાવ છે?
...તેને સોળેસોળ કષાયોનો સદ્‌ભાવ છે.

૩. મુનિને છઠ્ઠાગુણસ્થાને કેટલા કષાયનો અભાવ છે?....તેમને બાર કષાયો છૂટી ગયા છે.

૪. અવ્રતી સમ્યગ્દૃષ્ટિને કેટલા કષાય છૂટયા છે?
....અનંતાનુબંધીના ચારે કષાયો તેને છૂટયા છે.

૫. ચારિત્રવંત મુનિદશા કેવી છે?....તેનો મહિમા અપાર છે, તે પરમ પૂજ્ય છે.

૬. ગૃહસ્થને મુનિદશાનું ચારિત્ર હોય?....ના; પણ તેને તેની ભાવના હોય છે.

૭. ધર્મીશ્રાવક વગર-પ્રયોજને પાપવૃત્તિ કરે?...ના.

૮. શ્રાવકના વ્રત કેટલા?....પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ને ચાર શિક્ષાવ્રત.

૯. શ્રાવકની પડિમા કેટલી?....૧૧; તેમાંથી ભૂમિકા પ્રમાણે હોય છે.

૧૦. જૈનમુનિને નિર્ગ્રંથ કેમ કહ્યા છે?....તેમને ભાવરૂપ કે દ્રવ્યરૂપ ગ્રંથિ નથી તેથી.

૧૧. મુનિવરો કેટલા હોય છે?....કરોડો.

૧૨. પંચમગુણસ્થાની શ્રાવકો કેટલા છે?...અસંખ્ય.

૧૩. ચતુર્થગુણસ્થાની સમ્યગ્દૃષ્ટિ કેટલા?...અસંખ્ય.

૧૪. અરિહંત-જીવો કેટલા વિદ્યમાન?....લાખો.

૧૫. સિદ્ધજીવો કેટલા?...અનંત-અનંત.

૧૬. હાથી-સિંહ વગેરે તિર્યંચોને સામાયિક હોય?
....હા; પંચમગુણસ્થાની તિર્યંચોને સામાયિક હોય છે.

૧૭. તિર્યંચ સામાયિક કઈ રીતે કરે?....સમતાભાવરૂપ તેની આત્મપરિણતિ તે સામાયિક છે.

૧૮. મનુષ્યોને કેટલા ગુણસ્થાન હોય?....૧૪.

૧૯. તિર્યંચોને કેટલા ગુણસ્થાન હોય?....પાંચ.

૨૦. દેવોને તથા નારકીને કેટલા ગુણસ્થાન હોય?....ચાર.

૨૧. જીવની શોભા શેમાં છે?....વીતરાગમાં શોભા છે; રાગમાં શોભા નથી.

૨૨. જેના દેવ-ગુરુ-ધર્મ ખોટા હોય તેને વ્રત હોય?...ના.

૨૩. સમ્યગ્દર્શન પછી શું કરવું?....પરિણામની શક્તિ અનુસાર ચારિત્ર લેવું.

૨૪. અજ્ઞાનીનાં વ્રત-તપ તે મોક્ષમાર્ગ છે?...ના; તે બાલવ્રત ને બાલતપ મોક્ષમાર્ગમાં નથી.

૨૫. ધર્મી શ્રાવકના ધનને ખાતર અન્યાય-અનીતિ-ચોરી કરે?....ના.

૨૬. શીલવ્રતમાં અડગતા માટે ક્યા શ્રાવક પ્રસિદ્ધ છે?
....સુદર્શન-શેઠ—તેઓ મુનિ થઈને પટણાથી મોક્ષ પામ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૨૨૭. સમ્યગ્દર્શન વગર વ્રત-ચારિત્ર માને તો ?
....તો તેને જૈનધર્મના મોક્ષમાર્ગના ક્રમની ખબર નથી.

૨૮. સમ્યગ્દર્શન થતાં શું થયું ?
ચૈતન્યના અનંતગુણનો ભંડાર ખૂલ્યો; મોક્ષનાં કિરણ પ્રગટ્યા; અતીન્દ્રિયસુખનો સાગર ઊછળ્યો.

૨૯. સમ્યગ્દર્શન-ભૂમિકામાં શેનું ઝાડ ઊગશે ?....ચારિત્રનું, કેવળજ્ઞાનનું ને મોક્ષનું.

૩૦. સમ્યગ્દર્શન વગર શુભભાવવડે હિતનો પંથ હાથ આવે ?
....ના; હિતનો પંથ સમ્યગ્દર્શન વડે જ હાથમાં આવે.

૩૧. દુનિયાના લોકો ધર્મની નિંદા કરે તો ?—તો તેથી પોતાને કાંઈ નુકસાન થતું નથી.

૩૨. દુનિયાના લોકો વખાણ કરે તો ?–....તો તેથી પોતાને કોઈ લાભ થતો નથી.

૩૩. તો પોતાને કઈ રીતે લાભ છે ?....પોતાની વીતરાગી શાંતિથી જ પોતાને લાભ છે.

૩૪. સમ્યગ્દર્શન થતાં શું થયું ?...મોક્ષ સાથે મિત્રતા થઈ ને કષાયો સાથે કટ્ટી થઈ.

૩૫. ધર્મી કોનો દાસ ? ને શેનાથી ઉદાસ ?....જિનેશ્વર ભગવંતનો દાસ, ને જગતથી ઉદાસ.

૩૬. ધર્મીની દશા કેવી હોય છે ?—જગતથી ન્યારી, અલૌકિક વિચિક્ષણ હોય છે.

૩૭. પરમાર્થ વ્રત કયું છે ?—જેટલી શુદ્ધતા છે તે.

૩૮. વ્યવહારવ્રત કયું છે ?—શુદ્ધતા સાથેનો શુભરાગ.

૩૯. સિદ્ધસુખ કેવું છે ?—સ્વાનુભૂતિ સિવાય બીજે ક્યાંય એનો નમૂનો નથી.

૪૦. ધર્મીજીવને કોનું પ્રમાણપત્ર છે ?
—પંચપરમેષ્ઠી ભગવંતોએ તેને મોક્ષમાર્ગમાં સ્વીકાર્યો છે.

૪૧. સામાયિક વખતે શ્રાવક કેવો છે ?
—સામાયિકના કાળે શ્રાવકને પણ સાધુ જેવો ગણ્યો છે.

૪૨. ભોજનસમયે શ્રાવક કેવી ભાવના કરે ?
—મુનિ પધારે તો તેમને આહાર કરાવીને પછી હું જમું.

૪૩. ધર્મીશ્રાવક દરરોજ શું કરે ?—દરરોજ સામાયિકનો પ્રયોગ કરે.

૪૪. તે સાચી સામાયિક કેવી છે ?—તે વીતરાગભાવરૂપ છે ને મોક્ષનું કારણ છે.

૪૫. સામાયિક કેમ થાય ?—ચૈતન્યસ્વભાવમાં ઉપયોગને સ્થિર કરીને.

૪૬. ધર્મીશ્રાવક સમાધિમરણ કરીને ઉત્કૃષ્ટપણે ક્યાં જાય ?—સોળમા દેવલોકમાં.

૪૭. પછી શું કરે ?—મનુષ્ય થઈ, મુનિ થઈ, મોક્ષને સાધે.

—આ મંગળમય વીતરાગવિજ્ઞાનનું ફળ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વીતરાગ વિજ્ઞાન

[ ભાગ–૫ ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



#卐 વીતરાગ વિજ્ઞાન–પ્રવચન 卐

[ છઢાળા : પાંચમી ઢાળ ]

## બાર વૈરાગ્ય–અનુપ્રેક્ષા

પં. દૌલતરામજી-રચિત છઢાળા ઉપરનાં આ પ્રવચનો છે. પ્રથમ મંગલાચરણરૂપે ત્રણ જગતમાં શ્રેષ્ઠ એવા વીતરાગ-વિજ્ઞાનને નમસ્કાર કર્યા. પછી પહેલી ઢાળમાં, મિથ્યાત્વને લીધે જીવે ચારગતિમાં કેવા-કેવા દુઃખો સહન કર્યા તે બતાવ્યું; તે દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિનું સ્વરૂપ બતાવીને તે છોડવાનો અને આત્મહિતના પંથમાં લાગવાનો ઉપદેશ બીજી ઢાળમાં આપ્યો : 'अब आतमके हित पंथ लाग !' ત્યાર પછી ત્રીજી ઢાળમાં સમ્યક્ત્વનું સ્વરૂપ અને તેનો ઘણો મહિમા બતાવીને શીઘ્ર તેની આરાધના કરવાનું કહ્યું : 'चेत सयाने.... काल वृथा मत खोवे.' ચોથી ઢાળમાં સમ્યગ્દર્શન સહિત સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ બતાવીને તેની આરાધના કરવાનું કહ્યું; તથા શ્રાવકનાં બાર વ્રત બતાવ્યાં. હવે, એવા ધર્માત્મા-શ્રાવકવ્રતનું પાલન કરીને સ્વર્ગમાં જાય છે, ત્યાંથી મનુષ્ય થઈ મુનિ થાય છે અને વૈરાગ્યની બાર અનુપ્રેક્ષાઓ ચિન્તવે છે;—તેનું વર્ણન આ પાંચમી ઢાળમાં સાંભળો.—

[ છંદ : ૧–૨ ]

**मुनि सकलव्रती बड़भागी, भव–भोगनतें वैरागी ।**
**वैराग्य उपावन माइ चिंते अनुप्रेक्षा भाई ॥ १ ॥**
**इन चिन्तत सम सुख जागे जिम ज्वलन पवनके लागे ।**
**जब ही जीय आतम जाने तब ही जिय शिवसुख ठाने ॥ २ ॥**

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયા પછી શુદ્ધતા વધતાં શ્રાવકદશા થાય છે, તે શ્રાવકને અણુવ્રત કેવા હોય છે તેનું વર્ણન ચોથી ઢાળમાં કર્યું; પછી શુદ્ધતા વધતાં તેને મુનિદશા થાય છે; તેને સકલવ્રત એટલે કે મહાવ્રત હોય છે; તથા ભેદજ્ઞાનપૂર્વક બાર વૈરાગ્યભાવનાનું ચિંતન હોય છે. અનિત્યતા, અશરણતા વગેરેનું ચિંતન વૈરાગ્યને ઉત્પન્ન કરવા માટે માતા સમાન છે. કાર્તિકેયસ્વામીએ બાર અનુપ્રેક્ષાનું વર્ણન કરતાં તેને 'ભવિકજન-આનંદજનની' કહી છે; ખરેખર વસ્તુસ્વરૂપ અનુસાર બાર ભાવનાનું ચિંતન સંસારથી વૈરાગ્ય ઉપજાવે છે ને આત્માના આનંદને પ્રગટ કરે છે. અહા, જૈન મુનિઓની શી વાત ! તેઓ તો આત્માના મહા આનંદમાં ઝૂલતા જ હોય છે, અને આ વૈરાગ્યભાવનાઓના ચિન્તન વડે વીતરાગતા અને આનંદ વધારે છે. તેથી આ ભાવનાઓ આનંદની જનની છે. તીર્થંકર ભગવંતો પણ દીક્ષા વગેરે પ્રસંગે આ વૈરાગ્ય ભાવનાઓ ચિંતવે છે. અહો, મુનિ ભગવંતો મહા ભાગ્યવાન છે કે આત્માના આનંદમાં ઝૂલતા-ઝૂલતા મોક્ષને સાધી રહ્યા છે. તે મહા-ભાગ્યવાન મુનિવરોની ભાવનાનું આ વર્ણન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ કહે કે આ તો મુનિવરોની ભાવનાનું વર્ણન છે,—અમારે ગૃહસ્થ શ્રાવકોને શું ?

તો શ્રીગુરુ કહે છે કે હે ભાઈ! મુનિઓની પ્રધાનતા છે, પરંતુ મુનિઓની જેમ શ્રાવક–ગૃહસ્થોએ પણ આ ભાવના ભાવવા જેવી છે. ભેદજ્ઞાનપૂર્વક આવી ભાવનાથી વૈરાગ્ય વધારી મુનિ થયે જ છૂટકો છે. મુનિ થઈને સંપૂર્ણ વીતરાગી ચારિત્ર દશા પ્રગટ કરશે ત્યારે જ જીવ કેવળજ્ઞાન અને મોક્ષ પામશે. વીતરાગી ચારિત્ર વગર કોઈ જીવ મોક્ષ પામે નહિ, ને સમ્યગ્દર્શન–જ્ઞાન વગર કોઈને ચારિત્ર હોય નહિ; માટે પ્રથમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની આરાધના કરીને પછી સમ્યક્ચારિત્રની આરાધના કરવી–એમ જિનદેવનો ઉપદેશ છે.

આ બાર ભાવના વસ્તુસ્વરૂપના જ્ઞાનસહિત છે. વસ્તુસ્વરૂપના સમ્યગ્જ્ઞાન વગર વૈરાગ્ય ભાવનાનું સાચું ચિંતન હોતું નથી. વસ્તુસ્વરૂપના જ્ઞાનસહિત આ વૈરાગ્ય–ભાવનાઓનું ચિન્તન કરવાથી જીવના અંતરમાં એકદમ સમભાવરૂપ સુખ પ્રગટે છે; જેમ પવનનો ઝપાટો લાગવાથી અગ્નિ ભભૂકી ઊઠે છે તેમ સમ્યગ્જ્ઞાનરૂપી જ્યોતમાં આ વૈરાગ્યચિંતનરૂપી પવનનો ઝપાટો લાગતાં વીતરાગી ચારિત્રદશા એકદમ પ્રતાપવંત થાય છે—સુખની દશા વૃદ્ધિગત થાય છે ....એકદમ સમભાવ જાગે છે. આ રીતે આ બાર ભાવના ભવ્ય જીવોને આનંદ દેનારી છે, દરેક જીવે તે ભાવવા જેવી છે. જીવ જ્યારે આત્મજ્ઞાન કરીને આવી વૈરાગ્યભાવનાપૂર્વક નિજસ્વરૂપમાં ઠરે છે ત્યારે જ તે શિવસુખને અનુભવે છે ને મોક્ષને પામે છે.

અહો, મુનિઓની શી વાત ! તેઓ સકલવ્રતી ને મહાભાગ્યવાન છે એટલે કે મોક્ષનો મહાન પુરુષાર્થ કરી રહ્યા છે. દેવલોકના ઇંદ્રો કરતાંય તેઓ મહાન સુખી છે. ભવ–તન–ભોગથી વૈરાગી થઈ તેઓ આનંદ—આનંદ ને આનંદની દશામાં ઝૂલે છે; વારંવાર નિર્વિકલ્પદશામાં આવે છે, ને પાછા સવિકલ્પ થતાં બારભાવના ચિંતવે છે. નિર્વિકલ્પતા વખતે તો પોતાના સ્વરૂપની જ અનુભૂતિ હોય છે, ત્યાં બીજા વિચાર હોતાં નથી. જો કે શ્રાવકને અને અવ્રતી સમકિતીનેય આત્માનો અતીન્દ્રિય આનંદ તો છે પણ તે અલ્પ છે, મુનિને તે આનંદ ઘણો વધી ગયો છે; વિકલ્પની આકુળતામાં લાંબો કાળ તેઓ રહેતા નથી—ક્ષણે ક્ષણે ચૈતન્યગોળો વિકલ્પથી છૂટો પડી જાય છે. ચૈતન્યના આનંદમાં મશગુલ આવા મુનિઓને વિશેષ નિદ્રા કે પ્રમાદ હોતાં નથી, કોઈ વાર પાછલી રાત્રે ક્ષણભર જરાક નિદ્રા હોય છે; બાકી તો આખું જગત જ્યારે ઊંઘતું હોય ત્યારે પણ જાગૃતપણે તે મુનિવરો આત્મચિંતનમાં લાગે છે, કે બાર વૈરાગ્યભાવના ચિંતવે છે.

આ વૈરાગ્યભાવનાઓ પાછળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું જોર છે; એના વગર સાચી ભાવના કે સાચો વૈરાગ્ય હોતો નથી. આત્મા સદાય જ્ઞાન–આનંદસ્વરૂપ છે, તે સ્થિર છે, તેમાં દૃષ્ટિ લગાવીને સ્થિર રહેવું તે આત્મહિતનો માર્ગ છે; તેમાં સ્વભાવના લક્ષપૂર્વકની આ બાર ભાવનાઓનું ચિંતન વૈરાગ્ય અને આનંદને ઉત્પન્ન કરનાર છે. સમ્યગ્દર્શન થયા પછી મુનિ થવા માટે, તેમજ મુનિ થયા પછી ચિત્તની એકાગ્રતા માટે આ બાર ભાવના ભાવવી; તે વૈરાગ્યની માતા છે–આનંદની જનેતા છે—એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે; અને તેને અનુસરીને પં. દૌલતરામજીએ આ છહઢાળાની રચના કરી છે.

સમ્યગ્દર્શન ઉપરાંત અતીન્દ્રિય આનંદનો જેમાં ઘણો અનુભવ છે—એવી મુનિદશા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમ્યગ્દષ્ટિ કરતાં શ્રાવકને, અને શ્રાવક કરતાં સાધુને અતીન્દ્રિય આનંદના વેદનની પ્રચૂરતા છે. ઇન્દ્રપદમાં કે ચક્રવર્તી પદમાં જે આનંદ નથી તે આનંદ વનજંગલમાં વસનારા મુનિવરોને અંદર આત્મામાંથી આવે છે; તે મહાવ્રતી-રત્નત્રયધારક મુનિવરો બડ ભાગી છે-મહાન પુરુષાર્થી છે, ભવ-ભોગથી ઉદાસીન થઈને જેઓ મોક્ષના કિનારે પહોંચ્યા છે-તેમના મહા ભાગ્યની શી વાત!! તેમના મહા આનંદની શી વાત! આત્મા પોતે અતીન્દ્રિય આનંદની ભૂમિ—મહા આનંદનું ધામ, તેમાં લીન થયેલા મુનિઓને મહા આનંદના પાક પાકયા છે. એવા મુનિઓ વૈરાગ્યની દઢતા માટે કેવી ભાવના ભાવે છે તેનું આ વર્ણન છે.

જેને સમ્યગ્દર્શન જ નથી તેને તો ધર્મની પ્રાપ્તિ જ નથી; તોપછી તેને શ્રાવકપણું કે મુનિપણું કેવું ? જેમાંથી આનંદ આવે છે એવા આનંદધામ આત્માને જાણીને તેમાં જે એકાગ્ર થાય છે તેને શ્રાવક કે મુનિ કહેવાય છે. અહા, મુનિ તો ઇન્દ્રોથી પણ વંદ્ય છે, પંચ પરમેષ્ઠીમાં વિરાજે છે. **णमो लोए सव्व साहूणं** માં જે સાધુને નમસ્કાર થાય-તે સાધુ કેવા હશે ! વાહ, એ તો ઊંડી ડુબકી મારીને અતીન્દ્રિય આનંદના દરિયામાં ઘૂસી ગયા છે. તેમને અહીં **बड़ भागी**-મહા ભાગ્યવાન કહીને બહુમાન કર્યું છે. પૈસા મળ્યા કે પ્રધાનપદ મળ્યું તેને અહીં ભાગ્યવાન ન ગણ્યા, પણ જેને ધર્મનો વૈભવ પ્રગટયો તેને મહા ભાગ્યશાળી કહ્યા. જો કે, જેને સમ્યક્ત્વ થયું તે પણ પરમાર્થમાં મહા ભાગ્યવાન છે. સમ્યક્ત્વમાં પણ તેને અપૂર્વ-અચિંત્ય પુરુષાર્થ છે, પરંતુ મુનિઓને તો તેનાથી પણ ઘણો તીવ્ર પુરુષાર્થ છે, આનંદનું વેદન પણ તેમને ઘણું છે. અહા, આવા મુનિના ધર્મ-વૈભવની શી વાત ! તે મુનિઓ જ ખરેખરા મહાભાગી છે—પરમ સુખીયા છે.

આત્મા પોતે અતીન્દ્રિય છે; રાગ કે ઇન્દ્રિયો વડે જેનું ગ્રહણ ન થાય એવો અતીન્દ્રિય-ગ્રાહ્ય આત્મા, તેમાં રાગ કે ઇન્દ્રિયોનો પ્રવેશ નથી; અંતર્મુખી અતીન્દ્રિય જ્ઞાન વડે અનુભવાય એવો ભગવાન આત્મા છે; તેને જાણનારા સમ્યગ્દષ્ટિ-ધર્માત્મા જગતના પાંચ ઇન્દ્રિય સંબંધી કોઈ વિષયમાં સુખ માનતા નથી. આવું આત્મજ્ઞાન થવા છતાં ધર્મી-ગૃહસ્થને જરાક ( એટલે કે અનંતાનુબંધી સિવાયની ) આસક્તિ પણ રહે છે; અહીં તો તેનાથી પણ આગળ વધીને, વૈરાગ્યભાવનાની દઢતા વડે જેણે વિષયોની આસક્તિ પણ તોડી નાંખી છે—એવા મુનિઓની વૈરાગ્યભાવનાની વાત છે.—આ ભાવના સુખની સહેલી છે. અહા, આત્મા સિવાય આખા જગતથી ઉદાસ-ઉદાસ જેની પરિણતિ છે એવા મુનિઓ પણ વૈરાગ્યની વૃદ્ધિ અર્થે આ વસ્તુસ્વરૂપનું વારંવાર ચિન્તન કરે છે. આત્મસ્વરૂપની જેને ખબર નથી ને બાહ્ય વિષયોમાં-રાગમાં જે સુખ માને છે એવા અજ્ઞાનીને સાચો વૈરાગ્ય હોતો નથી. સમ્યગ્દષ્ટિએ પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો છે, તેને જ તે સુખરૂપ માને છે, તે બાહ્યવિષયોમાં કે રાગમાં કદી સુખ માનતા નથી; તે ઉપરાંત અહીં તો મુનિદશાના મહા વૈરાગ્યની ઊંચી વાત છે.

એ વીતરાગી સંત આત્માના મહાન પુરુષાર્થી છે. જે પુણ્ય-પાપને જ પોતાનું સ્વરૂપ માનીને રાગમાં જ રોકાઈ ગયા તેને વૈરાગ્ય કેવો ?-ને પુરુષાર્થ કેવો ? એવા અજ્ઞાનીને તો પુરુષાર્થ વગરના 'क्लीव' કહ્યા છે. જેણે પોતાની ચેતનાને પુણ્ય-પાપના સમસ્ત રાગથી અત્યંત જુદી કરી તેને જ ખરો વૈરાગ્ય છે ને તેને જ સાચો પુરુષાર્થ છે.-એવી વીતરાગી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચેતનાવંત મુનિવરો (પેટામાં સમ્યગ્દૃષ્ટિગૃહસ્થી પણ) મહા પુરુષાર્થી છે. તેઓ સદા ચૈતન્યના ચિંતનપૂર્વક વૈરાગ્યની બાર ભાવના ભાવે છે; તેમાં વસ્તુના સ્વરૂપનું યથાર્થ ચિન્તન છે, કોઈ કલ્પિત વિચાર નથી. વસ્તુસ્વરૂપના યથાર્થ ચિંતન વડે વીતરાગભાવ થાય છે, અને તે સંવરનું કારણ છે. માટે સૌએ આ વૈરાગ્યભાવનાઓ ભાવવા જેવી છે. મોટા મોટા આચાર્યોએ અનેક શાસ્ત્રોમાં આ બાર અનુપ્રેક્ષાનું વર્ણન કર્યું છે.

આ આત્મા પોતે આનંદસ્વરૂપ છે એવો અનુભવ થતાં પુણ્ય–પાપ–રાગ–દ્વેષ હું—એવી મિથ્યામાન્યતાનો છેદ થયો, એટલે અપરિમિત રાગ–દ્વેષનો છેદ થયો ને અનંત સંસારના કારણનો અભાવ થયો. જેને આવું સમ્યગ્દર્શન થયું તે હજી ગૃહસ્થ પણ હોય, અવ્રતી પણ હોય છતાં ધર્મી છે--મોક્ષમાર્ગી છે. (**गृहस्थो मोक्षमार्गस्थो निर्मोहो....**) પછી તે ધર્મી જીવને ચૈતન્યમાં વધારે એકાગ્રતા થતાં અવ્રત સંબંધી કષાયો પણ છૂટી જાય છે ને પંચમગુણસ્થાનને યોગ્ય શુદ્ધિ સહિત વ્રતાદિ પ્રગટે છે. તે શ્રાવક પણ બાર વૈરાગ્યભાવના ભાવે છે; પછી સ્વરૂપમાં વિશેષ એકાગ્રતા થતાં તેને બાહ્ય પરિગ્રહોની મમતા છૂટીને શુદ્ધોપયોગરૂપ મુનિદશા થાય છે; ત્યાં માત્ર સંજ્વલન સિવાયના બધા કષાયો છૂટી જાય છે એટલે સંસારથી ને વિષયોથી (ભવ–ભોગોથી) એકદમ ઉદાસીન પરિણામ થાય છે; તેમને ઘણી વીતરાગતા હોય છે. એવા મુનિવરોને ૧૨ કષાયના અભાવસહિત ૧૨ વૈરાગ્યભાવનાનું જે ઉત્તમ ચિંતન હોય છે તેનું આ વર્ણન છે. અહો, અંદર જેમને મોહ–આસક્તિ નથી, બહારમાં કોઈ પરિગ્રહ નથી, ભવ–તન–ભોગથી જેઓ વિરક્ત વર્તે છે અને ચૈતન્યના અતીન્દ્રિય આનંદની મોજમાં ઝૂલે છે–એવા બડભાગી મુનિવરોના ચરણોમાં ઇન્દ્ર અને ચક્રવર્તી પણ ભક્તિથી નમી જાય છે. એવા મુનિઓ પણ વૈરાગ્યની વૃદ્ધિ અર્થે બાર ભાવના ભાવે છે. ખરેખર વૈરાગ્ય જ અભય છે. સંસાર તો ભયથી જ ભરેલો છે, તેનાથી બચવા માટેની આ બાર વૈરાગ્યભાવના ભવ્ય જીવોને આનંદ દેનારી માતા છે—તેનાથી સમભાવરૂપ શાંતિ પ્રગટે છે.

કોઈ રાજકુમાર હોય, આત્માનું ભાન હોય, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો હોય ને અંતરમાં વૈરાગ્ય વધતાં દીક્ષા લેવા માટે માતા પાસે રજા માંગતા હોય :—

ક્ષણ લાખેણી જાય માતા! મારી ક્ષણ લાખેણી જાય...
સંસારમાં ક્યાંય ન સુહાય, માડી! મારી ક્ષણ લાખેણી જાય.

માટે હે માતા! રજા દે—કે હું મુનિ થઈને સ્વરૂપને સાધું ને કેવળજ્ઞાન પામી આ ભવસંસારથી છૂટું.—આમ સંસારથી ઉદાસ થઈને ચિત્તમાં બાર વૈરાગ્યભાવનાપૂર્વક મુનિ થાય ને શુદ્ધ સ્વરૂપના ધ્યાનમાં એકાગ્ર થાય—અંદર મહા આનંદના દરિયા ઊછળે.–વાહ, ધન્ય એ વૈરાગ્ય ને ધન્ય એ મુનિદશા! આવી વૈરાગ્ય ભાવના શ્રાવકોએ પણ ભાવવા જેવી છે. પરિષહ-ઉપસર્ગ વખતે પણ એના ચિંતન વડે વૈરાગ્યની વૃદ્ધિ થાય છે, માર્ગમાં દ્રઢતા થાય છે અને સમતા ભાવરૂપ સુખ ઊપજે છે. જ્યાં વૈરાગ્ય છે ત્યાં સુખનો સમુદ્ર ઉલ્લસે છે. ધર્મીએ પોતાના સ્વભાવસુખનો સ્વાદ ચાખ્યો છે ને રાગાદિ પરભાવોને દુઃખરૂપ જાણ્યા છે, એટલે તેની પરિણતિ રાગાદિ કષાયોથી વિરક્ત થઈ ગઈ છે; બાર ભાવના વડે સ્વરૂપનું ચિન્તન કરતાં તેને એકદમ વીતરાગી સમતારૂપ સુખની ધારા ઉલ્લસે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માના સ્વભાવને જે જીવ જાણે છે તે જ જીવ વૈરાગ્ય ભાવના વડે મોક્ષસુખને સાધે છે. અશુભ તેમ જ શુભ બધોય રાગ દુઃખરૂપ છે, સુખ તો મારા ચૈતન્યની ભાવનામાં છે. મારા ચૈતન્ય તત્ત્વ સિવાય બીજું કોઈ મારું નથી; સુખની ઉત્પત્તિ મારા ચૈતન્ય-અનુભવમાં જ છે.-આવી ભાવના વડે ધર્મી જીવના અંતરમાં શાંતરસની અમૃતધારા વહે છે. જેમ પવન વડે અગ્નિ ભભૂકી ઊઠે છે તેમ વૈરાગ્યભાવના વડે ચૈતન્યની શાંતિ ઉલ્લસી જાય છે. આ રીતે જ્ઞાનસહિતની વૈરાગ્યભાવનાઓ સુખની જનક છે.

આ બાર ભાવનાઓમાં ચૈતન્યની સન્મુખતા છે. અજ્ઞાનીને સાચી ભાવના હોતી નથી. પરથી ભિન્ન-આત્માને જે જાણતો નથી તે ભાવના કોની કરશે? વૈરાગ્યભાવના પણ આત્માના આધારે થાય છે. આત્માની સન્મુખતા વગર એકલા શુભ વિકલ્પ કર્યા કરે તેની કાંઈ કિંમત મોક્ષમાર્ગમાં નથી; તે બધું બંધમાર્ગમાં જ જાય છે.

'વૈરાગ્ય' એ નાસ્તિસૂચક છે; તેની સામે પોતાનો જ્ઞાનમય અસ્તિસ્વભાવ કેવો છે-તે જાણીને તેમાં એકાગ્ર થાય તો રાગની નાસ્તિરૂપ વૈરાગ્ય સાચો થાય. જ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણસ્વભાવોથી ભરપૂર આત્મવસ્તુમાં એકાગ્રતા વડે જ પર ભાવોથી વૈરાગ્ય થાય છે ને સુખ અનુભવાય છે; એની જ ઉગ્રતા થતાં થતાં કેવળજ્ઞાન અને મોક્ષસુખ પમાય છે. માટે મુમુક્ષુએ વારંવાર ભેદજ્ઞાનપૂર્વક વૈરાગ્યભાવના ભાવવા જેવી છે. સ્વભાવ તરફનો ઉલ્લાસ અને પરભાવોથી ઉદાસ-એ રીતે પોતામાં એકાગ્ર થતાં મહા વીતરાગસુખ પ્રગટે છે.

ભેદજ્ઞાન થતાં ચૈતન્યરસનો જે અપૂર્વ સ્વાદ ચાખ્યો તેની ધર્મીને લગની લાગી, ને એવી ખુમારી ચડી કે વારંવાર અંતરમાં એકાગ્ર થઈને તેની ભાવના કરે છે—ઉપયોગને ફરી ફરી ચૈતન્યના ચિન્તનમાં જોડે છે. અરે જીવ! તારી વસ્તુનું ચિંતન છોડીને તું પરની ચિંતામાં રોકાય તેમાં તો દુઃખ ને આકુળતા છે. બાર વૈરાગ્યભાવના વડે પરનો સંબંધ છોડીને ચૈતન્યમાં ઉપયોગ જોડતાં વીતરાગી સમતારૂપ મહાન સુખ થાય છે. માટે એ બાર ભાવના ભાવવા જેવી છે.

પ્રશ્ન:—તે બાર ભાવના કઈ કઈ છે?

૧. અધ્રુવ ૨. અશરણ ૩. સંસાર ૪. એકત્વ ૫. અન્યત્વ ૬. અશુચિત્વ ૭. આસ્રવ ૮. સંવર ૯. નિર્જરા ૧૦. લોક ૧૧. બોધિદુર્લભ અને ૧૨. ધર્મ.

—આ બાર ભાવનાનું હવે વર્ણન કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# [ ૧ ] અધ્રુવ–અનિત્ય ભાવના

जोबन–गृह–गो–धन–नारी, हय–गय–जन आज्ञाकारी ।
इन्द्रिय–भोग छिन थाइ सुरधनु चपला चपलाइ ॥ ३ ॥

આ શરીરનું જોબન, ઘર, ગાય, ધન, સ્ત્રી, ઘોડા, હાથી, આજ્ઞાકારી કુટુંબીજનો, સેવકો ને ઇંદ્રિય–ભોગો વગેરે બધાય, ઇંદ્રધનુષ—મેઘધનુષ જેવા અથવા વીજળીના ઝબકારાની ચપળતા જેવા, ક્ષણભંગુર અધ્રુવ છે, અનિત્ય છે.—એમ તેમની અધ્રુવતા ચિંતવીને તેમનો આશ્રય છોડવો ને ધ્રુવ એવા પોતાના જ્ઞાનસ્વભાવનો આશ્રય કરવો, તે અધ્રુવ ભાવનાનું તાત્પર્ય છે.

અરે, શરીરાદિ પરનાં કામ હું કરું, તેમાં મારું સુખ—એવી મિથ્યા માન્યતા જેને હોય, ને આત્માનું ભાન ન હોય, તેને તો સાચી વૈરાગ્યભાવના ક્યાંથી જાગે?–ને તે અંતરમાં એકાગ્ર ક્યાંથી થાય? શરીર તો અનિત્યસ્વભાવવાળું છે છતાં તેને હું રાખી દઉં–એમ માનનારને દેહમાં મૂર્છા છે, જડ–ચેતનનું ભેદજ્ઞાન તેને નથી એટલે દેહ પ્રત્યે સાચો વૈરાગ્ય તેને કદી હોતો નથી. અરે ભાઈ! પ્રભુ! એકવાર જડ–ચેતનનું જુદાપણું લક્ષમાં લઈને વિચાર તો કર. શરીરમાં રોગાદિ થાય કે નીરોગતા રહે, તેનો તું જાણનાર છો પણ તે કાંઈ તારામાં નથી કે તારે લીધે તેનું પરિણમન નથી. આ દેહ તો અનંતા અજીવ રજકણોના સંયોગથી થયેલો પિંડ, અને તું તો ચેતન–પ્રભુ; તે અજીવનો કર્તા તું ક્યાંથી હો? ને તારી સાથે તે ધ્રુવ કેમ રહે? તારી સાથે ધ્રુવ રહેનાર તો તારો ચૈતન્યસ્વભાવ છે.—

લક્ષ્મી શરીર સુખદુઃખ અથવા શત્રુ–મિત્ર જનો અરે!
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ–આત્મક જીવ છે.

–આવા સ્વભાવને જાણીને તેની ભાવના કરવી તે આનંદની જનની છે, તે વૈરાગ્યની માતા છે, તે સુખની સાહેલી છે.

શરીરની યુવાની ક્ષણિક છે. ભરયુવાનીમાં પણ ઘણા હાર્ટફેઈલ (હૃદયબંધ) થઈ ને મરી જતા દેખાય છે. શરીર–ઘર–ધન–નારી–હાથી–ઘોડા કે ઇંદ્રિય–વિષયોની અનુકૂળતા—એ બધુંય વીજળીના ઝબકાર જેવું ક્ષણભંગુર છે. અગાઉ હાથી–ઘોડા–રથ વગેરે વૈભવ હતો, અત્યારે મોટર–બંગલા–ટી.વી. વગેરે હોય છે, તે બધું શરીરની જેમ અધ્રુવ છે, તેમાં ક્યાંય સુખ નથી. સુખ તો આત્માના ધ્રુવસ્વભાવમાં ભર્યું છે. શરીરના પરમાણુ ભલે નિત્ય હોય; પણ તેનું બનેલું શરીર, અને તે શરીરનો જીવ સાથે સંબંધ,–તે કાંઈ કાયમ રહેનાર નથી; અને સંબંધ હોય ત્યારે પણ તેમાં કાંઈ સુખ નથી. અંતરના સ્વરૂપમાં જ સુખ છે, બહારમાં ક્યાંય સુખ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેહની ક્ષણભંગુરતા દેખીને વૈરાગ્ય થવા સંબંધમાં સનતકુમાર ચક્રવર્તીની વાત આવે છે: તેમના અદ્‌ભુત રૂપની પ્રશંસા સાંભળીને બે દેવો જોવા આવ્યા; સ્નાન કરી રહેલા તેમનું રૂપ દેખીને દેવો પણ આશ્ચર્ય પામ્યા: વાહ, કેવું સુંદર રૂપ!! ત્યારે સનતકુમાર બોલ્યા-હે સજ્જનો! અત્યારે તો મેં વસ્ત્રાલંકારો પહેર્યાં નથી, જ્યારે વસ્ત્રાલંકારોથી સુસજ્જ થઈ ઠાઠમાઠથી હું રાજદરબારમાં બેઠો હોઉં ત્યારે તમે જો....જો!-તે પ્રમાણે રાજદરબારમાં સિંહાસન પર બેઠેલા સનતકુમારને જ્યારે જોયો...ત્યારે દેવોએ ઉત્સાહ વગર માથું ધુણાવીને ખેદ બતાવ્યો.—કેમ? ક્ષણ પહેલાં તો રૂપ દેખીને આશ્ચર્યથી પ્રશંસા કરી હતી ને અત્યારે આ શું થયું? તેનો ખુલાસો કરતાં દેવોએ કહ્યું: હે રાજન્! તમારું શરીર ઔદારિક છે, ક્ષણમાં તેમાં રોગ લાગુ પડી જાય છે. ક્ષણ પહેલાં અમે તમારું શરીર જોયું ત્યારે તે જેવું સુંદર ને નીરોગી હતું તેવું અત્યારે નથી; અત્યારે તેમાં કોઈ મહારોગ અને સડો લાગી ગયો છે, તેથી પહેલાં જેવી તેની શોભા હવે રહી નથી. શરીરની આવી ક્ષણભંગુરતા દેખીને રાજા તરત વૈરાગ્ય પામી જાય છે ને ચક્રવર્તીનું રાજ્ય છોડીને મુનિદશા ધારણ કરે છે—

-પછી, મુનિદશામાં આત્માના આનંદમાં ઝૂલતા તે સનતમુનિરાજને શરીરમાં એકદમ કોઢ થઈ જાય છે. પોતાના થૂંકથી જ તે રોગ મટાડી દેવાની લબ્ધિ હોવા છતાં તેમને તેનું લક્ષ નથી. અરે, આત્મામાં આ રોગ કેવો? આત્મામાં ભવરોગ છે તેને તો રત્નત્રય-ઔષધિ વડે પોતે મટાડી રહ્યા છે. શરીર પ્રત્યે એકદમ ઉદાસીન છે. ત્યારે દેવ આવીને વૈદનું રૂપ ધારણ કરીને કહે છે કે: હે પ્રભો! આપ આજ્ઞા આપો તો ઉપચાર વડે શરીરનો આ કોઢ-રોગ મટાડી દઉં.

ત્યારે વૈરાગી મુનિરાજ કહે છે – હે ભાઈ! મારે તો આત્માનો ભવરોગ મટાડવો છે. આ શરીરનો રોગ તો મારું થૂંક લગાડું ત્યાં મટી જાય તેમ છે; પણ મારે તો વીતરાગ ભાવરૂપ ઔષધ વડે ભવરોગને મટાડવો છે.-એ સાંભળી દેવ શરમાઈ ગયો: સ્વામી! ભવરોગની દવા મારી પાસે નથી, ભવરોગ મટાડવા માટે તો આપ જ સાચા વૈદ છો. ધન્ય છે આપની વીતરાગતાને!

જુઓ, જેને દેખીને દેવો પણ આશ્ચર્ય પામે એવું તો જેના શરીરનું અદ્‌ભુત રૂપ! એને કોઢ થતાં વાર ન લાગી. પણ એ તો ભેદજ્ઞાન વડે દેહના રૂપથી ભિન્ન પોતાના ચૈતન્યના અતીન્દ્રિય – અદ્‌ભુતથી પણ અદ્‌ભુત સુંદર રૂપને જાણતા હતા....એટલે વૈરાગ્યથી અનિત્યભાવના ભાવી, દેહથી ઉદાસ રહીને સ્વરૂપમાં લીન થયા ને આત્મહિત સાધ્યું.

શ્રીમદ્ રાજચંદ્રજી આત્મજ્ઞાની-સંત હતા; તેઓ અનિત્યભાવનામાં લખે છે કે-

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ,
આયુષ તે તો જલના તરંગ,
પુરંદરી-ચાપ અનંગ રંગ,
શું રાચિયે જ્યાં ક્ષણનો પ્રસંગ!

જુઓ, ૧૬ વર્ષની નાની ઉંમરમાં તેમણે કેવી સરસ ભાવના ભાવી છે! તેમણે બાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવના લખી છે, તેમાં પ્રથમ અનિત્ય ભાવનામાં કહે છે કે: અરે, આ સંસારમાં લક્ષ્મી તો વીજળી જેવી છે, પ્રભુતા–મોટાઈ–પદવી તે તો પતંગના કાચા રંગ જેવી છે, આયુષ્ય તો પાણીના તરંગ જેવું ક્ષણે ક્ષણે તૂટી રહ્યું છે, ભોગ–વિષયોનો રંગરાગ તો ઇંદ્રધનુષ જેવો છેતરામણો છે—જોતજોતામાં તો વિલય પામી જાય છે. અરેરે, આવા ક્ષણભંગુર પ્રસંગોમાં શું રાચવું? જે સંયોગો ટકતા નથી ને જેમાંથી કદી સુખ આવતું નથી – એવા સંયોગોનો મોહ શું કરવો? દેહાદિનો સંયોગ છૂટી જાય તોપણ શાશ્વત ટકનારું પોતાનું ચૈતન્યતત્ત્વ, તેને ઓળખીને તેમાં એકાગ્રતાની ભાવના કરવા જેવું છે.

જેમ આકાશના વાદળામાં કાંઈ મહેલ બાંધીને તેમાં રહેવાય? ના; એ તો કાળી ઘનઘોર ઘટા ક્ષણમાં દેખાય ને બીજી ક્ષણે તો વીંખાઈ ને અદૃશ્ય થઈ જાય. એના આધારે મહેલ ન બંધાય. તેમ સંયોગોના વાદળાં ક્ષણમાં એકદમ ચડે ને બીજી ક્ષણે પાછા વીંખાઈ જાય; એના આધારે કાંઈ સુખના મહેલ ન ચણાય.

અનેક રાજાઓ આકાશમાં ખરતો તારો દેખીને, કે વાદળાને વીખરાઈ જતા દેખીને સંસારથી વિરક્ત થયા છે. ભગવાન હનુમાનજી આકાશમાં તારાને ખરતો દેખીને વૈરાગ્ય પામ્યા. ભગવાન ઋષભદેવ નીલાંજનાદેવીના દેહની ક્ષણભંગુરતા દેખીને વૈરાગ્ય પામ્યા. અરવિંદ નામના રાજા પણ વાદળા દેખીને વૈરાગ્ય પામ્યા હતા; તેની કથા આ પ્રમાણે આવે છે: જ્યારે દુષ્ટ કમઠે પોતાના ભાઈ મરુભૂતિને મારી નાંખ્યો, ત્યારે તે સાંભળીને રાજા અરવિંદ ઉદાસચિત્તે રાજમહેલની છત ઉપર બેઠો હતો, ને વૈરાગ્યના વિચાર કરતો હતો; એવામાં આકાશમાં સુંદર રંગ–બેરંગી વાદળાં ભેગા થઈને એક સુંદર જિનમંદિરનું દૃશ્ય બની ગયું. એની અદ્ભુત શોભા દેખીને રાજાને એવો વિચાર આવ્યો કે હું પણ મારા રાજ્યમાં આવું જ સુંદર મંદિર બંધાવીશ.–આમ વિચારી તે વાદળાના મંદિરનું ચિત્ર બનાવવાની તેણે તૈયારી કરી....પણ ત્યાં તો વાદળા વીખરાઈ ગયા ને તે અદ્ભુત મંદિરની રચના અદૃશ્ય થઈ ગઈ.

રાજા તો આ ઘટના દેખીને દિંગ થઈ ગયો....તેની ચેતના જાગી ગઈ...અરે, આવો અસ્થિર સંસાર! સંયોગો આવા ક્ષણભંગુર! વાદળાની જેમ જ આ રાજપાટ–મહેલ–રાણી–શરીર વગેરે બધા સંયોગો પણ અસાર અને વિનાશિક છે. અરે, આવા અસ્થિર ઇન્દ્રિયવિષયોમાં દિનરાત મચ્યા રહેવું–તે જીવને શોભતું નથી. આ શરીર ક્ષણભંગુર છે ને ભોગો તો દુઃખના જ દેનાર છે. જેણે પોતાનું હિત કરવું હોય તેણે આવા ભોગોના મોહમાં જીવન ગુમાવવું યોગ્ય નથી. જેમ આ વાદળા ક્ષણનાય વિલંબ વગર આ વીખરાઈ ગયા, તેમ હું પણ હવે ક્ષણનાય વિલંબ વગર આ સંસાર છોડીને મુનિ થઈશ ને આત્મધ્યાન વડે કર્મના વાદળાને વીખેરી નાંખીશ.—આ પ્રમાણે વૈરાગ્યભાવનાપૂર્વક તે અરવિંદરાજા રાજપાટ છોડીને વનમાં ચાલ્યા ગયા ને દિગંબર ગુરુ પાસે દીક્ષા લઈને મુનિ થયા. પારસનાથ ભગવાનનો જીવ, આ મુનિરાજના ઉપદેશથી જ હાથીના ભવમાં સમ્યગ્દર્શન પામ્યો હતો. (વિશેષ માટે જુઓ 'ચોવીસ તીર્થંકર'માં ભગવાન પારસનાથનું જીવન.)

એક માણસનું ખેતર ખૂબ પાક્યું હતું, ધાનના ઢગલા ખેતરમાં તૈયાર પડ્યા હતાં; આળસથી તેને એમ થયું કે બીજે દિવસે ઉપાડી લઈશ. ત્યાં એકાએક મોટું વાદળ આવ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને તેના જ ખેતર ઉપર ધોધમાર વરસ્યું; અનાજ બધું તણાઈ ગયું ને વાદળું પણ તરત જ વીંખાઈ ગયું. **શરીરની પણ આવી જ ક્ષણભંગુરતા છે. ભરયૌવન ફૂલ્યું-ફાલ્યું** હોય, ને આળસ કરે કે પછી આત્મહિત કરીશ; ત્યાં તો કાળનું વાદળ આવીને શરીરનાં રજકણોને ક્ષણમાં વીખેરી નાંખે;-એનો શો ભરોસો? ખેડૂતે તો ઘણા વિચાર કર્યા હશે કે આટલું બધું અનાજ પાક્યું છે તે વેચશું-ખાશું ને સુખી થાશું. પણ બીજી ક્ષણે તો બધું ફૂ થઈને ઊડી ગયું. સંયોગના શા ભરોસા! છોકરો જુવાન થાય ત્યાં વિચાર કરે કે હવે તે ધન કમાશે, એને પરણાવશું ને સુખી થશું. પણ ત્યાં તો આયુ પૂરું થતાં છોકરો ચાલ્યો જાય છે. થોડા વરસ પહેલાં બિહારમાં એક કરોડપતી માણસ—જેના ઘરે બંગલા-બાગબગીચા-મોટર વગેરેના વૈભવનો ઠાઠમાઠ, તેમજ સ્ત્રી-પુત્રાદિનો મોટો પરિવાર; તે એકવાર સાંજે ફરવા ગયેલો, કલાક-બે કલાક ફરીને જ્યાં પાછો આવે છે ત્યાં ઘર જ ન મળે! ચકળવકળ થઈને જુએ છે કે બધું ક્યાં ગયું? એ બંગલા-બાગબગીચા-પરિવાર બધુંય એક ક્ષણમાં ફૂ થઈ ગયું કાંઈ જ ન દેખાય—શું થયું?—કે ધરતીકંપથી બધુંય જમીનમાં ઊતરી ગયું—પોતે એકલો રહ્યો. એકલો હતો તે એકલો રહ્યો સંયોગો જુદા જ હતા તે જુદા પડ્યા.

પ્રશ્ન :—એ સંયોગો નાશ થઈ ગયા ત્યારની વાત તો બરાબર છે, પણ જ્યાંસુધી તે અમારી પાસે રહ્યા છે ત્યાંસુધી તો તેમાંથી સુખ લેવા દ્યો?

ઉત્તર :—અરે ભાઈ, એ સંયોગ વિદ્યમાન હોય ત્યારે પણ તેમાં તારું સુખ નથી. તું તારામાં ને સંયોગ સંયોગમાં; સંયોગમાં તું નહિ ને તારામાં સંયોગ નહીં.-પછી એમાંથી સુખ કેમ આવે? તારું સુખ તો તારામાં જ હોય, કે સંયોગમાં? શું તારા પોતામાં સુખસ્વભાવ નથી કે તારે સંયોગમાંથી સુખ લેવું છે? હે જીવ! તું ભ્રમા મા....સુખ અંતરમાં છે...તે બહાર શોધવાથી નહીં મળે.

ઉપર તો થોડા દાખલા આપ્યા છે; બાકી તો એવા ઘણાય પ્રસંગો રોજરોજ બનતા સાંભળીએ છીએ. બધા સંયોગો ક્ષણભંગુર છે; જીવ સાથે કોઈ સંયોગ કાયમ નથી રહેતો. સ્વભાવ કાયમ રહે, સંયોગ કાયમ ન રહે. ધર્મી જાણે છે કે-

મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ, મુજથી બાહ્ય છે.

પુણ્યના ફળરૂપ ઇન્દ્રપદની વિભૂતિનો સંયોગ પણ ક્ષણભંગુર છે ને આત્માથી જુદો છે. ભલે અસંખ્ય વર્ષ સુધી તેનો સંયોગ રહે તોપણ તેમાં ક્યાંય મારું સુખ નથી-એમ સમ્યગ્દૃષ્ટિ-ઇન્દ્ર જાણે છે; સંયોગ વગરનું અતીન્દ્રિય-ચૈતન્ય સુખ તેણે ચાખ્યું છે એટલે પુણ્યના ફળમાં પણ મૂર્છાઈ જતા નથી. અરે, રાગના ફળ તે કાંઈ શાશ્વત હોય?-ને એમાં તે કાંઈ આત્માનું સુખ હોય?– શાશ્વત ચૈતન્ય સ્વભાવમાંથી ઘડેલી સુખદશા શાશ્વત રહે નહિ. અરે, જ્યાં તીર્થંકરોનું શરીર કે સમવસરણ તે પણ શાશ્વત નથી—ત્યાં બીજાની શી વાત! માટે હે જીવ! વારંવાર આમ અધ્રુવતા વિચારી સંયોગથી ભિન્ન નિત્ય-ઉપયોગસ્વરૂપ એવા ધ્રુવ આત્માની દૃષ્ટિ કર—વારંવાર તેના ચિંતનમાં ઉપયોગને જોડ.

સમ્યગ્દૃષ્ટિજીવ નિયમથી જ્ઞાન-વૈરાગ્યસમ્પન્ન હોય જ છે. તે ઉપરાંત અનિત્ય વગેરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાર ભાવના વડે પદાર્થોના સ્વરૂપનું ચિંતન કરીને તે વૈરાગ્યની પુષ્ટિ કરે છે ને પરિણામમાં એકાગ્રતા વધારે છે. જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ આત્મા હું છું; પુણ્ય-પાપ ક્ષણિક, દુઃખરૂપ છે; ચૈતન્યજાત સાથે તે મેળવાળા નથી પણ ભિન્ન લક્ષણવાળા છે; તો પછી પ્રગટપણે મારાથી બહાર એવા શરીરાદિ અચેતન સંયોગો સાથે મારે શું લાગેવળગે? આવી ભિન્નતાનું જેને ભાન હોય તે જ સાચી વૈરાગ્યભાવના ભાવી શકે. ક્રોધાદિ આસ્રવ ભાવોને અધ્રુવ, દુઃખરૂપ, જીવથી ભિન્ન ચિંતવતાં તેનું ફળ શું આવ્યું ?—કે તેનાથી પાછો વળીને પોતાના ધ્રુવ જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થઈને સુખનો અનુભવ કરવો તે અધ્રુવભાવનાનું ફળ છે. એ પ્રમાણે બધી ભાવનાઓમાં યથાયોગ્ય સમજવું. સંવરભાવના કે ધર્મભાવનાનું ફળ એ છે કે પોતે તેવા સંવર-ધર્મરૂપે પરિણમવું. યુવાનીને ક્ષણિક કહી. તેમ શરીરનું બાળપણું કે વૃદ્ધપણું તે પણ ક્ષણિક છે; શરીરની તે બધી દશાઓથી આત્મા જુદો છે. ભગવાન સિદ્ધ જેમ અશરીરી-ચૈતન્યમૂર્તિ છે તેમ મારો આત્મા પણ અશરીરી ચૈતન્યમૂર્તિ છે. – હે ભાઈ ! આ રીતે તું પોતાના આત્માની સંભાળ કર. મોહથી શરીરની સંભાળમાં તો અનંતકાળ ગુમાવ્યો, છતાં બધી મિથ્યા-મહેનત નિષ્ફળ ગઈ, એક પણ શરીરને પોતાનું કરીને રાખી ન શકયો. જો પોતાના ચૈતન્યતત્ત્વની સંભાળનો ઉદ્યમ કરે તો તેના ફળમાં સાદિ અનંતકાળનું મોક્ષસુખ પ્રગટે. તે માટેની આ ભાવનાઓ છે.

માતાના ઉદરમાં આવેલ બાળક, હજી માતા તેને ગોદમાં લ્યે ત્યારપહેલાં તો અનિત્યતાએ તેને ગોદમાં લઈ લીધું છે; જન્મ્યા પહેલાં જ તેને અનિત્યતા લાગુ પડી ગઈ છે. જન્મ થતાં, તે છોકરો છે કે છોકરી – એમ માતા તેને હાથમાં લઈને જુએ ત્યારપહેલાં તો તેના આયુષ્યમાંથી અસંખ્ય સમય ઓછા થઈ ગયા છે, અથવા તેના આયુમાંથી નવમાસ તો ઓછા થઈ ગયા છે. ચિદાનંદસ્વરૂપ આત્માને આયુષ્ય લાગુ નથી પડતું, તે તો અનાદિ અનંત જીવતું-જાગતું તત્ત્વ છે. 'જાગતો જીવ ઊભો છે-તે કયાં જાય ?' તે કદી મરે નહિ; અંતરમાં જ્યારે નજર કરે ત્યારે પ્રાપ્ત થાય. અહા, મારા ચિદાનંદ આત્માનો મને કદી વિરહ નથી; તે જ મને શરણ છે, તે જ મારા માટે ધ્રુવ છે—તેમાં જ એકાગ્રતા વડે હું મોક્ષને સાધું છું—એમ ધર્મી જીવ જાણે છે.

આજે કોઈ મોટો રાજા હોય ને બીજે દિવસે ભીખારી થઈને ભટકતો હોય; સવારે રાજ્યાભિષેક થતો હોય ને સાંજે તેની જ ચિતા બળતી હોય; આજે ભીખારી હોય ને કાલે મોટો રાજા થઈ જાય; -એ તો બધા સંસારના પુણ્ય-પાપના ચાળા છે; તેમાં કયાંય ધર્મી જીવને પોતાપણું નથી. અરે, સંયોગથી કયાં આત્માની શોભા છે ? આત્મા સંયોગથી પાર વસ્તુ છે, તે કાંઈ સંયોગથી નથી જીવતો; જો તે સંયોગથી જીવતો હોય તો સંયોગ છૂટતાં આત્માનો નાશ થઈ જાય.-પણ તેમ થતું નથી. સિદ્ધ ભગવંતો સંયોગ વગર જ સાદિઅનંત સુખમય જીવન જીવે છે. હે ભાઈ! તારો આત્મા પણ આવો જ છે. આવા મહાન આત્માને યુવાન શરીરમાં-મકાનમાં-સ્ત્રીમાં-પૈસામાં કે પરિવાર વગેરેમાં કયાંય મોહ શોભતો નથી, દીનતા શોભતી નથી. બીજા સંયોગવડે પોતાની મહાનતા માનવી તે ખરેખર દીનતા છે, પરાશ્રય છે. આમ વસ્તુસ્વરૂપ વિચારી, બધા સંયોગો પ્રત્યે ઉદાસીન થઈ, પોતાના સ્વરૂપના અગાધ મહિમાના વારંવાર ચિંતનવડે વૈરાગ્યમાં વૃદ્ધિ કરીને પોતામાં એકાગ્ર થવા જેવું છે, —એમાં પરમ સુખ છે ને એ જ અનિત્યભાવનાનું સાચું ફળ છે. —✻—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ૨. અશરણ ભાવના

सुर असुर खगाधिप जेते, मृग ज्यों हरि, काल दले ते ।
मणि–मंत्र–तंत्र बहु होई, मरते न बचावे कोई ॥ ४ ॥

હરિ એટલે સિંહ: જેમ સિંહ મૃગલાને મારી નાંખે છે તેને કોઈ શરણ નથી, તેમ કાળ એટલે કે મૃત્યુરૂપી સિંહ સમસ્ત સંસારી જીવોને મારી નાંખે છે. ભલે દેવેન્દ્ર હોય, અસુરેન્દ્ર હોય ( ભવનવાસી વગેરેના ઇન્દ્રને અસુરેન્દ્ર કહેવાય છે ), વિદ્યાધરોનો રાજા હોય કે ચક્રવતી વગેરે જે કોઈ મહા પુરુષ હોય, તેને પણ કાળરૂપી સિંહ મારી નાંખે છે. તેને મરતાં કોઈ બચાવી શકતું નથી. જીવતાં કે મરતાં જીવને પોતાના ધર્મ સિવાય બીજું કોઈ શરણ નથી. જગતમાં અનેક મણિ-રત્નો ચિંતામણિ–ગરુડમણિ–પારસમણિ વગેરે છે, રક્ષા માટેના અનેક મંત્ર છે, તેમજ ઘણાય તંત્ર–વિધિવિધાન વગેરે ઉપાયો છે, – પરંતુ જીવને મરણથી બચાવવા તે કોઈ સમર્થ નથી, હા, જો રત્નત્રયના મંત્ર વડે મોક્ષને સાધે તો જીવ સિદ્ધપદને પામે ને તેને ફરીને જન્મ કે મરણ ન થાય. મરણથી બચવા માટે રત્નત્રયરૂપી વીતરાગીમંત્ર સિવાય બીજું કોઈ શરણ નથી; માટે હે જીવો ! તમે રત્નત્રયને આરાધો...એમ વીતરાગી સંતોનો ઉપદેશ છે.

અશરણભાવના ભાવતાં શ્રીમદ્ રાજચંદ્રજી માત્ર ૧૬ વર્ષની વયે લખે છે કે—

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ, આરાધ ! પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

સર્વજ્ઞનો ધર્મ એટલે શુદ્ધાત્માની સ્વાનુભૂતિ; આત્મસ્વભાવના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વીતરાગભાવ તે જ સર્વજ્ઞદેવે ઉપદેશેલો ધર્મ છે, તે જ મોક્ષમાર્ગ છે ને તે જ જીવને સાચા શરણરૂપ છે —આમ જાણીને હે જીવ ! તું તેના મહિમાપૂર્વક તેની આરાધના કર.... અત્યંત ભક્તિથી તેની ઉપાસના કર. સંસારમાં એકાંત અનાથ એવો તું, આવા વીતરાગી ધર્મની આરાધનાવડે સનાથ થઈશ....તને પરમ સુખ થશે. આ ભવમાં કે પરલોકમાં આ સર્વજ્ઞનો ધર્મ જ તને શરણરૂપ થશે, એ જ તારો હાથ ઝાલીને તને ભવસમુદ્રથી તારશે; એના સિવાય બીજું કોઈ તારો હાથ નહિ ઝાલે, તને શરણરૂપ નહીં થાય. જુઓ તો ખરા, નાની ઉમરમાં પણ શ્રીમદ્ રાજચંદ્રજીએ કેવી સરસ ભાવના લખી છે ! વસ્તુસ્વરૂપની આવી ભાવનાનું વારંવાર ચિંતન કરવા જેવું છે. મુનિવરો પણ આવી વૈરાગ્યભાવનાવડે પોતાના ચિત્તને એકાગ્ર કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાની લોકો ભગવાન–સર્વજ્ઞ–વીતરાગ દેવને ભૂલીને સંસારના અનેક પ્રકારનાં મિથ્યા દેવ–દેવીઓને માને છે ને તે મને કંઈક આપી દેશે એવી ભ્રમણા સેવે છે. તેને સમજાવે છે કે અરે મૂઢ! સ્વર્ગના દેવ–દેવી ને ઈંદ્ર પોતે પણ સંસારમાં અશરણ છે, તે તને શું શરણ આપશે? મોટા રાજા મહારાજાને પણ મૃત્યુકાળે કોઈ બચાવનાર નથી.

જુઓને, હમણાં ભારતના વડાપ્રધાન લાલબહાદુરજી શાસ્ત્રીનું કેવું થયું? ક્ષણમાં હાર્ટફેઈલ થઈ ગયું. મોટા–મોટા ડાક્તરો પણ બચાવી ન શક્યા. છેલ્લે એમ બોલેલા કે મને અંદર અસુખ થાય છે.–બસ, પાંચસાત મિનિટમાં તો ખલાસ! કાળરૂપી સિંહનો પંજો ફરી વળ્યો. આયુષ પૂરું થાય ત્યાં બીજો પાસે ઊભો હોય તોપણ શું કરે? કહે છે કે તે વખતે મોટા મોટા નવ ડાક્તરો ત્યાં હાજર હતા. ઇન્દ્ર કે જિનેન્દ્ર પણ તેને ફેરવી ન શકે ત્યાં ડાક્તરની તો શી વાત! જે ક્ષણે જે ક્ષેત્રે જે રીતે આયુષ પૂરું થવાનું તેને કોઈ રોકી શકે નહીં. [ આ પ્રવચનો ઈ.સ ૧૯૬૬ માર્ચ માસના છે: ૧૯૬૬ના જાન્યુઆરી માસમાં ભારતના લોકપ્રિય વડાપ્રધાન શ્રી લાલબહાદુરજી શાસ્ત્રી, ભારત–પાક. યુદ્ધના સમાધાન માટે રશિયા ગયેલા ત્યાં એકાએક તેમનો દેહાંત થઈ ગયો. ત્યાર પહેલાં ઈ.સ. ૧૯૬૪માં જ્યારે પૂ. ગુરુદેવની ૭૫ મી ‘હીરકજન્મજયંતી’ મુંબઈમાં ઉજવાણી ત્યારે ભવ્ય અભિનન્દનગ્રંથ (આ પુસ્તકના લેખક દ્વારા સંપાદિત), શાસ્ત્રીજીના હસ્તે ગુરુદેવને સમર્પણ કરવામાં આવ્યો હતો. ત્યાર પછી થોડા વખત બાદ તેઓ ભારતના યશસ્વી વડાપ્રધાન બન્યા; અને ઈ. સ. ૧૯૬૬માં તો તેમનો દેહાંત થઈ ગયો. અભિનંદન–ગ્રંથ સમર્પિત કરતી વખતે મુંબઈમાં પંદર હજાર શ્રોતાજનોના હર્ષોલ્લાસ વચ્ચે તેઓ બોલેલા કે: “....मुझे बडी प्रसन्नता हुई। मैं फिर एकबार स्वामीजीके प्रति अपना आदर, सम्मान और श्रद्धांजलि प्रगट करता हूं और यह निवेदन करता हूं कि, जो मार्ग—जो रास्ता अहिंसा और शान्तिका, चारित्रका नैतिकताका आप दिखाते हैं उस पर यदि हम चलेंगे तो उसमें हमारा भी भला होगा, समाजका भी होगा व देशका भी होगा”। ]

અશરણ–ભાવના ચાલે છે. જેમ સિંહના મોઢામાં પડેલા હરણને કોઈ શરણ નથી, તેમ કાળરૂપી સિંહના મોઢામાં પડેલા સંસારી જીવને મરણ થાય, સંયોગનો વિયોગ થાય, તેને કોઈ રોકી શકે નહિ. ભાઈ, સંયોગનો સ્વભાવ જ અશરણ છે, તે ક્યાંથી શરણ થાય? પોતાના ધ્રુવ–ચિદાનંદ સ્વભાવની તો ખબર ન હોય ત્યાં શરણ કોનું લ્યે? હે જીવ! અસંયોગી તારો ચિદાનંદ સ્વભાવ શાશ્વત છે, તેમાં પરિણતિને એકાગ્ર કર, તે જ મહા શરણ છે, તે સ્વયંરક્ષિત છે; તેને કોઈ મારી શકે નહિ, તેનો કદી વિયોગ થાય નહિ. બાકી બહારમાં તો બધુંય અશરણ છે: જગતમાં જેટલા મંત્ર–તંત્ર–ઔષધ છે તે બધાય પણ જીવના પુણ્ય હોય તો જ મળે છે ને ફળે છે; અને છતાં તે પણ કોઈ મરણથી તો જીવને બચાવી શકતા જ નથી. મરણથી બચવું હોય તો શરણ લે તારા સ્વભાવનું....સ્વભાવના શરણે મોક્ષદશા થતાં મરણ મટી જાય છે.

અરેરે, સંસારમાં અનંત જીવો અનાદિથી ક્ષણેક્ષણે અશરણપણે ભાવમરણમાં મરી રહ્યા છે ને દુઃખી થઈ રહ્યા છે. અનાદિથી પરમાં મારું....મારું કરીને જીવ પોતે મોહભાવથી મરી રહ્યા છે, ભાવમરણ કરી રહ્યો છે; પોતાનું જીવન જે વીતરાગીજ્ઞાન ને આનંદરૂપ હોવું જોઈએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેને હણી નાંખીને અજ્ઞાન અને રાગદ્વેષ વડે ભાવમરણ કરી રહ્યો છે. હે ભાઈ! જૈનધર્મ પામીને હવે તું અંદર વિચાર કર....વિચાર કર...કે તારું સાચું સ્વરૂપ શું છે? ને તને શરણભૂત કોણ છે? મરણ ટાણે ગમે તેવા ઇન્જેકશન કે ઑક્સીજન, હિરણ્યગર્ભ કે કસ્તૂરી, દાક્તર કે પરિવાર – એ કોઈ તને શરણ થનાર નથી. બાદશાહ સિકંદરની વાત આવે છે—મરવા ટાણે તેણે જોયું કે ધનના ઢગલા, વૈદો—હકીમો કે લશ્કરના મોટા યોદ્ધાઓ કોઈ તેને બચાવી શકતા નથી; તેથી તેણે ફરમાન કર્યું કે મર્યા પછી મારો જનાઝો વૈદો-હકીમોના ખભે ઉપડાવજો તથા માલ-મિલકત-લશ્કર એ બધાને તે જનાજાની આગળ-આગળ ચલાવજો-જેથી દુનિયાને ખ્યાલ આવે કે આ કોઈ પણ સિકંદર બાદશાહને મરતો બચાવી ન શકયા. આ તો સાધારણ વૈરાગ્ય માટે લૌકિક દૃષ્ટાંત છે; એને કાંઈ વસ્તુસ્વરૂપની ખબર ન હતી. અહીં તો સત્ય વસ્તુ-સ્વરૂપના ચિંતનપૂર્વક વૈરાગ્યભાવનાનું વર્ણન છે. 'આ બધું મારું....મારું' એમ મમતાભાવ-પૂર્વક અજ્ઞાની મરે છે. પણ 'આ કાંઈ પણ મારું નથી, હું તો એક જ્ઞાયક ભાવ છું ને તે જ મારું સ્વ છે' એવા ભેદજ્ઞાનપૂર્વકની સાચી વૈરાગ્યભાવના જ્ઞાનીને જ હોય છે. એવી ભાવના વડે સ્વરૂપમાં એકાગ્ર થતાં સંવર-નિર્જરા ને મોક્ષ થાય છે. આવી ભાવના વગર કરોડો રૂપિયા હોય તોય શું? જ્ઞાન આનંદમય પોતાની મહાન નિધિના ચિંતન વગર બીજું કોઈ જન્મ-મરણથી બચાવનાર નથી.

કેટલાક મૂર્ખ જીવો જપ-તપ-મંત્ર-દોરા વગેરે દ્વારા ધન મેળવવા ચાહે છે,-પણ તે બધું પુણ્ય અનુસાર બને છે. અને પૂર્વનાં પુણ્યથી લક્ષ્મી વગેરે આવે તોપણ તે કાંઈ જીવને શરણરૂપ નથી. પોતાના ચૈતન્યતત્ત્વના જ્ઞાનાદિ સિવાય બીજું બધુંય અશરણ છે,—અશરણ છે. સિંહના મુખમાં પડેલું હરણ તો કદાચ બચી પણ જાય, પણ કાળરૂપી સિંહના મુખમાં પડેલા જીવને મરણથી કોઈ બચાવી શકતું નથી. તેને તો ધર્મ જ એક શરણ છે. ભરયુવાનીમાં વહાલી સ્ત્રી મરતી હોય, ત્યાં ગમે તેટલો પ્રેમ હોય-મમતા હોય છતાં તેને બચાવી શકાતી નથી. મૂઢજીવ મમતા અને કર્તાબુદ્ધિ કરીને મફતનો દુઃખી થાય છે. અરે, આ સંસારમાં જ્યાં બધા જ મરણના મુખમાં પડેલા છે ત્યાં કોણ કોને શરણ આપે? શરણ લે તારા આત્માનું, ભાઈ! વૈરાગ્યભાવના વડે આત્મસન્મુખ થા. વૈરાગ્ય એ જ શરણ છે; વૈરાગ્યમાં કોઈ ભય નથી; વૈરાગ્ય અભય છે. વસ્તુસ્વરૂપ અનુસાર આ બાર વૈરાગ્યભાવના તે જીવને માતાની જેમ શરણ દેનાર છે. જેમ ભયભીત બાળક માતાનો છેડો પકડે છે તેમ સંસારથી ભયભીત મુનિજનો વૈરાગ્યની જનેતા એવી આ બાર ભાવનાનું અવલંબન લે છે. જીવને તે શરણ છે; મરણ ટાણે પણ તે જ શરણ છે. અરિહંત સિદ્ધ કે સાધુનું શરણ વ્યવહારથી છે, તેઓ કહે છે કે હે જીવ! તું તારા સ્વભાવ-ધર્મનું શરણ લે. કેવળી ભગવાને કહેલો ધર્મ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગ-વિજ્ઞાન તે જ સાચું શરણ છે, -તે પોતામાં જ છે. તેનું શરણ લીધા વગર બહારમાં કોઈ બીજાનું શરણ લેવા જાય-તો કયાંય શરણ મળે તેમ નથી. મૃત્યુ સમયે ભલે અરિહંત-સિદ્ધના જાપ જપે, સ્મરણ કરે, તેનાથી શુભભાવ થાય, પણ અંતરમાં આત્માના ભાન વગર ભવભ્રમણથી છૂટકારો ન થાય. અહીં તો હવે ભવભ્રમણથી છૂટકારો કેમ થાય-તે વાત છે. તારી મરવાની તૈયારી હશે ત્યારે સ્ત્રી-પુત્રાદિ સગા-વહાલા 'હાય-હાય'

કરીને ઊભા રહેશે પણ તે કોઈ તને શરણ દેશે નહિ; અને કદાચ તે વખતે સાધર્મીજનો ધર્મ સંભળાવતા હોય તોપણ તેઓ કાંઈ તને શરણ નહિ થાય. તારું શરણ તો તારામાં છે, તેને ઓળખજે ને તેનું શરણ લેજે. અરે જીવ! પરના શરણની બુદ્ધિ છોડ ને અંદર ચૈતન્યશરણ છે તેને દેખ.

જગતને મરણ તણી બીક છે પણ જ્ઞાનીને તો આનંદની લહેર છે. હું તો ચૈતન્યરૂપે શાશ્વત છું, મારે મરણ કેવું?—એમ પોતાના શાશ્વત સ્વભાવનું ભાન કરીને ધર્મીએ તેનું શરણ લીધું છે એટલે દેહ છૂટવાના પ્રસંગે પણ તેને તો અંતરમાં શાંતિનો મહોત્સવ છે.

જેમ કોઈ ઈશ્વર આ જગતના કર્તા-હર્તા નથી તેમ બીજો કોઈ જીવ આ જીવને મારનાર કે શરણ દેનાર નથી. આ આત્માને બીજાનું શરણ માનવું તે તો, ઈશ્વરને જગતના કર્તા માનવા જેવું અજ્ઞાન છે. સિદ્ધ ભગવંતો અને અરિહંત ભગવંતોનું સ્વરૂપ તો એમ બતાવે છે કે હે જીવ! તું તારા આત્માનું શરણ લે. અમે અમારા સ્વભાવનું શરણ લઈને તેના આશ્રયે મુક્ત થયા. તું પણ તારા સ્વભાવનું શરણ લઈશ—તેનો આશ્રય કરીશ ત્યારે તને સમ્યગ્દર્શન-જ્ઞાન થશે, અને ત્યારે તેં અરિહંતાદિનું શરણ લીધું એમ 'વ્યવહારથી' કહેવાશે. વ્યવહારથી એટલા માટે કહ્યું કે ખરેખર તેઓ આ આત્માને કાંઈ આપી દેતા નથી.

અહો, આત્મા એટલે ચૈતન્યસૂર્ય; આત્મા એટલે અતીન્દ્રિય આનંદનો ભંડાર; આત્મા એટલે અનંત શક્તિ-સમ્પન્ન ભગવાન....તે પોતે એવો મહાન છે કે કોઈ બીજાનું શરણ લેવાની એને જરૂર નથી. એના સ્વભાવમાં શું અધુરાશ છે કે એને બીજાનું શરણ લેવું પડે? હે ભાઈ! અનંત આત્મવૈભવ તારામાં ભર્યો છે, તેમાં નજર કર તો તું પોતે જ તારું શરણ છો. તારા વૈભવને ભૂલીને તારી નજર પુણ્ય-પાપમાં ને સંયોગમાં રાખીશ તો ત્યાં તને કોઈ શરણરૂપ થાય તેમ નથી. વારંવાર આવા સ્વરૂપનો વિચાર કર તો તને સાચો વૈરાગ્ય જાગશે.

પોતાના સ્વભાવના નિજવૈભવને જાણનારા જ્ઞાની નિર્ભય છે; અહીં કે પરલોકમાં મારું શું થશે! હું અશરણ થઈ જઈશ તો!—એવો ભય જ્ઞાનીને હોતો નથી. મારું શરણ તો મારામાં જ છે, દુનિયાનું મારે શું કામ છે? દેહ છૂટતાં આ જીવ બીજે જાય છે, ત્યાં પણ પોતાના ગુણ-પર્યાય સહિત તે જીવે છે, તે કાંઈ મરી જતો નથી. શરીર એક છૂટીને બીજું આવ્યું પણ આત્મા કાંઈ એક બદલીને બીજો નથી આવ્યો. જુઓને, આ પહેલાં પૂર્વભવમાં આ જીવ ક્યાં હતો તેનું ઘણા જીવોને સ્મરણ થાય છેને! પહેલાંના શરીરનો સંયોગ છૂટી ગયો પણ આત્મા પોતે અવિનાશીપણે રહ્યો; તે જાણે છે કે પહેલાં જે હું બીજા શરીરમાં હતો તે જ હું આ શરીરમાં આવ્યો છું.-માટે શરીર હું નથી, હું તો શરીરથી જુદો જીવ છું. શરીર મને શરણરૂપ નથી; એ જ રીતે રાગાદિ પરભાવો પણ મને શરણરૂપ નથી. દેહ અને રાગાદિ બધા અશરણ છે, તેનાથી ભિન્ન સદાય જ્ઞાનાનંદ સ્વરૂપ મારો આત્મા શાશ્વત છે, તે જ મને શરણ છે.—આવી અનુપ્રેક્ષાવડે ધર્મી જીવ વીતરાગતા વધારે છે.

[ આ રીતે, બીજી અશરણભાવના પૂરી થઈ. ]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# [ ૩ ] સંસાર – અનુપ્રેક્ષા

**चहुंगति दुःख जीव भरे है, परिवर्तन पंच करे है ।**
**सबविधि संसार असारा, यामें सुख नाहिं लगारा ॥ ५ ॥**

અજ્ઞાનથી સંસારમાં પરિભ્રમણ કરતો જીવ ચારે ગતિના દુઃખોને ભોગવતો થકો પાંચ પરિવર્તન પૂરા કરે છે; અજ્ઞાનમય આ સંસાર સર્વપ્રકારે અસાર છે, તેમાં જરાય સુખ નથી. સંસારનું આવું દુઃખમય સ્વરૂપ ચિંતવીને ધર્માત્મા–મુનિજનો પોતાના સુખસ્વભાવમાં પરિણામને વિશેષપણે એકાગ્ર કરે છે, તે સંસારભાવનાનું ફળ છે.

સંસારમાં નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવ એ ચાર ગતિ છે; તે ચારેય ગતિમાં ભ્રમણ કરતાં કેવા–કેવા દુઃખો જીવે સહન કર્યા – તેનું અતિકરુણ વર્ણન પહેલી ઢાળમાં આવી ગયું છે. તે ચારે ગતિનાં દુઃખોને યાદ કરીને મુનિજનો સંસારથી વૈરાગ્ય કરે છે.

જુઓ, ચારે ગતિમાં દુઃખ કહ્યું; દેવગતિમાં પણ દુઃખ છે, કેમકે ત્યાં જીવને જે મિથ્યાત્વાદિ પરભાવ છે તે જ દુઃખ છે. સુખ–દુઃખ કાંઈ બહારમાં નથી, જીવના ભાવ જ સુખ કે દુઃખ છે. સુખ આત્માનો સ્વભાવ છે; તે આત્મસ્વભાવમાં જ્યાં સન્મુખતા નથી ત્યાં સુખ કેવું ? દેવગતિના બાહ્ય વિષયોમાં કાંઈ સુખ નથી. એ જ રીતે મનુષ્યગતિમાં શેઠાઈ મળે–મોટાઈ મળે, માન ને ધન વગેરે મળે, તેમાં ક્યાંય સુખ નથી; તેના લક્ષે આકુળતા કરીને જીવ દુઃખી થાય છે. અંતરમાં આત્મામાંથી આનંદનું વેદન થાય તે સાચું સુખ છે, તે વિષયાતીત છે, કોઈ પણ બાહ્ય પદાર્થની તેમાં જરૂર નથી. આવું અતીન્દ્રિય-વિષયાતીત પરિપૂર્ણ ચૈતન્યસુખ ભગવાન સિદ્ધો તથા અરિહંતોને હોય છે; સાધકને અંશે તેવું સુખ હોય છે,–તે સુખ ભલે થોડું, પણ જાત તો સિદ્ધભગવાનના સુખ જેવી જ.

મિથ્યાત્વ સહિત શુભ–અશુભ કષાયચક્રથી જીવ પંચવિધ પરાવર્તન કરે છે ને દુઃખી થાય છે. પંચપરાવર્તનમાં તો દેવલોકનાય અનંત ભવ આવે, ને તે પ્રકારનો શુભરાગ પણ આવે. એકેક ભવ–પરિવર્તનની અંદર નરકગતિના અનંત ભવ થાય, ને તે નરકના ભવ કરતાંય અસંખ્યાતગુણા–અનંત દેવગતિના (નવમી ગ્રૈવેયક સુધીના) ભવ થાય; મનુષ્યગતિના ભવ સૌથી થોડા હોય છે-છતાં તે પણ અનંત હોય છે. સંસારની વ્યવહાર–રાશીમાં રખડતો જીવ ચારે ગતિમાં જે ભવભ્રમણ કરે છે તેની આ વાત છે;–બાકી તો નિશ્ચયરાશીમાં અનંતાનંત નિગોદ જીવો એવા છે કે જેમણે તે નિગોદના એકેન્દ્રિય સિવાય બીજા કોઈ ભવ સંસારમાં હજી સુધી ધારણ કર્યા નથી, ને કરશે પણ નહિ. અહીં તો નિગોદમાંથી બહાર નીકળીને ચારગતિમાં પરિભ્રમણ કરનારા જીવોની અપેક્ષાએ વાત છે. નિગોદમાંથી માંડમાંડ નીકળેલા તે જીવો પણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચારગતિમાં ઘણાં દુઃખો ભોગવે છે, તો નિગોદમાં જ રહેલા જીવના દુઃખની શી વાત? અરે, સિદ્ધ ભગવાનનું સુખ જેમ વચનાતીત છે તેમ નિગોદનું દુઃખ પણ વચનાતીત છે.

'**सब विधि संसार असारा**'....**सब विधि** એટલે ચારે ગતિમાં સર્વપ્રકારે સંસાર તો અસાર છે, '**यामें सुख नाहिं लगारा**' તેમાં સુખ જરાપણ નથી; તેની સામે, આત્મામાં જુઓ તો–આત્માનો સ્વભાવ સર્વપ્રકારે સારભૂત છે, તે અપાર સુખથી પરિપૂર્ણ છે ને તેમાં દુઃખ લગીરેય નથી.

'પાંચ પરિવર્તન, એટલે સંસારમાં મિથ્યાદ્રષ્ટિને યોગ્ય જે કોઈ દ્રવ્ય (કર્મ–નોકર્મ) –ક્ષેત્ર–કાળ–ભવ ને ભાવ છે તે બધાય અનુક્રમે દુઃખ જ ભોગવી–ભોગવીને અજ્ઞાની પૂરા કરે છે. સમ્યગ્દર્શન થયા પછી કોઈ જીવને એક પણ પરિવર્તન પૂરું થતું નથી. સંસારના પંચ-પરિવર્તનથી તે છૂટી ગયો.

મિથ્યાત્વને લીધે જીવ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના ભવોમાં રખડી–રખડીને દુઃખના વેદનપૂર્વક પાંચ પ્રકારના પરિવર્તન પૂરા કરે છે; એવી રીતે અનંતવાર પંચપરાવર્તન જીવ કરી ચુક્યો. –તેનાથી ક્યારે છૂટે? કે સમ્યગ્દર્શન કરે ત્યારે. પંચ–પરાવર્તનનું વર્ણન તો ઘણું લાંબુ છે; ટૂંકમાં આ પ્રમાણે—

### (૧) દ્રવ્ય–પરિવર્તન

મિથ્યાદ્રષ્ટિપણે ગ્રહવાયોગ્ય કર્મ–નોકર્મનાં સર્વે પુદ્ગલોને ગ્રહે ને છોડે ત્યારે એક દ્રવ્યપરિવર્તન પૂરું થાય. એવા પરિવર્તન જીવે અનંતવાર કર્યા.

### (૨) ક્ષેત્ર–પરિવર્તન

લોકની મધ્યના આઠ પ્રદેશે પોતાના આઠ રૂચક પ્રદેશો રાખીને જીવ ઊપજે, પછી એકેક પ્રદેશની વધારે અવગાહનાથી ફરીને ત્યાં ઊપજે, એવા ક્રમથી આખા લોકના સર્વક્ષેત્રે ઊપજે ને મરે, ત્યારે એક ક્ષેત્રપરિવર્તન પૂરું થાય. એવા એવા પરિવર્તન પણ જીવે અનંતવાર કર્યા.

### (૩) કાળ–પરિવર્તન

અવસર્પિણીકાળના પ્રથમ સમયમાં ઊપજે, પછી વચ્ચે અન્ય સમયોમાં ઊપજે તે ગણતરીમાં ન લેતાં ફરી અવસર્પિણીકાળના બીજા સમયમાં ઊપજે, પછી દીર્ઘકાળે ફરીને ત્રીજા સમયમાં ઊપજે—એમ કરી કરીને અવસર્પિણી તેમજ ઉત્સર્પિણીના બધા સમયો પૂરા કરે, ત્યારે એક કાળપરિવર્તન પૂરું થાય. એવા પરિવર્તન પણ જીવે અનંતવાર કર્યા.

### (૪) ભવ–પરિવર્તન

પહેલી નરકની જઘન્ય દશ હજાર વર્ષની સ્થિતિમાં ઊપજે, અને દશ હજાર વર્ષના જેટલા અસંખ્ય સમયો થાય એટલી વાર જઘન્યસ્થિતિએ ત્યાં ને ત્યાં ઊપજે; પછી દશ હજાર વર્ષ ઉપર એક સમયની વધુ સ્થિતિએ પાછો તે જ નરકમાં ઊપજે. એમ એકેક સમય વધારતો વધારતો સાતે નરકના બધા આયુષ્યની સ્થિતિ પૂરી કરે; એ જ પ્રમાણે પછી દેવગતિમાં જઘન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દશહજાર વર્ષથી શરૂ કરીને, એકેક સમય વધતાં એકત્રીસ સાગરોપમ સુધીની બધી આયુસ્થિતિ પૂરી કરે; પછી એ જ પ્રમાણે મનુષ્ય અને તિર્યંચગતિમાં જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ સુધીની બધી આયુસ્થિતિ પૂરી કરે. આ રીતે સમય-સમય વૃદ્ધિના ક્રમપૂર્વક ચારેગતિના નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના બધા ભવનું ચક્ર પૂરું કરે ત્યારે એક ભવપરિવર્તન પૂરું થાય. આવા ભવપરિવર્તન પણ જીવે અનંતવાર કર્યાં.

## ( ૫ ) ભાવ-પરિવર્તન

મિથ્યાદૃષ્ટિ જીવને થઈ શકે એવા જે કોઈ શુભ-અશુભ ભાવોનું કષાયચક્ર છે તે બધાય, ઉત્કૃષ્ટ વિશુદ્ધિથી માંડીને ઉત્કૃષ્ટ સંક્લેશ સુધીના ભાવોનું કષાયચક્ર અનુક્રમે પૂરું કરે ત્યારે એક ભાવપરિવર્તન પૂરું થાય. અહીં જે ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કહી તે મિથ્યાદૃષ્ટિને યોગ્ય શુભપરિણામ સમજવા. સમ્યગ્દર્શન પામનાર જીવને ત્રણ કરણ વગેરે પરિણામમાં જે વિશુદ્ધતા થાય છે તેવી વિશુદ્ધતા આ ભાવપરિવર્તનમાં ન આવે. જો એવી સમ્યક્ત્વને યોગ્ય વિશુદ્ધતા થાય તો-તો પછી ભાવપરિવર્તન તેને રહે નહિ, પંચપરાવર્તનથી તે અલ્પકાળમાં જ છૂટી જાય. મિથ્યાત્વમાં રહીને આવા ભાવપરિવર્તન પણ જીવે અનંતવાર કર્યાં.

મિથ્યાત્વને લીધે ચાર ગતિમાં રખડી-રખડીને જીવ પાંચ પરાવર્તન પૂરા કરે છે; નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક, ને ત્યાંથી ફરતો ફરતો પાછો નિગોદ—એમ ઉપર-નીચે ફજેતફાળકાની જેમ ભવચક્રમાં ઘૂમ્યા કરે છે. નવ ગ્રૈવેયકથી ઉપર મિથ્યાદૃષ્ટિ જીવો જતા નથી, એટલે પંચ-પરિવર્તનના ચક્રમાં તેનો સમાવેશ થતો નથી. નવ ગ્રૈવેયકથી ઉપર નવ અનુદિશ તથા પાંચ અનુત્તર વિમાનો છે તેમાં તો બધાય જીવો સમ્યગ્દૃષ્ટિ જ છે, તેમને તો અલ્પભવમાં જ મુક્તિ થાય છે, એટલે એકેય પરિવર્તન તેમને પૂરા થતા નથી, તેઓ તો સંસારના પંચપરાવર્તનમાંથી બહાર નીકળી ગયા છે ને આત્માની આરાધના કરતા કરતા મોક્ષને આનંદપૂર્વક સાધી રહ્યા છે.

અરે, સંસારમાં ભમતા જીવે સાતમી રૌ-રૌ નરકનાં અતિ ભયંકર દુઃખો ( અને એનાથીયે અનંતગુણા દુઃખો એકેન્દ્રિયાદિ પર્યાયમાં ) ભોગવ્યાં, ને સ્વર્ગનો દેવ થઈને ત્યાં પણ દુઃખ જ ભોગવ્યું; રોજ-રોજ લાખો જીવોની હિંસા કરવાના પાપ ભાવો પણ એણે કર્યા, ને શુભરાગથી અહિંસા વગેરે પુણ્યભાવો પણ કર્યા; -આ બધું કર્યું પણ શુભ-અશુભ કષાયચક્રમાંથી બહાર તે કદી ન નીકળ્યો, સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવમાં તે કદી ન આવ્યો, કષાય વગરના ચૈતન્યરસનો શાંતસ્વાદ તેણે કદી ન ચાખ્યો, તેથી તે સુખ ન પામ્યો, દુઃખ જ પામ્યો. અહો, સંતો તે દુઃખી જીવો ઉપર કરુણા કરીને તેને દુઃખથી છૂટવાનો ને આત્મસુખ પામવાનો સાચો ઉપાય બતાવે છે.

વૈરાગ્યની વૃદ્ધિ અર્થે ને ધ્યાનમાં એકાગ્રતા અર્થે મુનિજનો જે બારભાવના ચિંતવે છે તેમાંથી આ ત્રીજી સંસાર ભાવનાનું વર્ણન ચાલે છે. અજ્ઞાનથી સંસારમાં ભમતો જીવ અજ્ઞાનને યોગ્ય બધા શુભ-અશુભ ભાવો કરી ચુકયો, તે શુભ-અશુભના કષાયચક્રથી તો ભવચક્રમાં જ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભ્રમણ થયું, આત્માનું સુખ ક્યાંય ન મળ્યું, શાંતિ ન મળી. પરમ શાંતિ તો ધર્મચક્ર વડે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ થઈને પરમ વૈરાગ્યમાં ઝૂલી રહેલા સંતમુનિવરોને છે.—

નથી સુખી દેવતા દેવલોકે,
નથી સુખી શેઠ સેનાપતિ કે
નથી સુખી પૃથ્વીપતિ રાજ રાયા,
એકાંત સુખી સંત મુનિરાયા.

સુખ તો વીતરાગભાવમાં છે, શુભ કે અશુભ તે તો ઉદયભાવ છે, ને ઉદયભાવ તે જ સંસાર છે. ઉદયભાવ વિના સંસાર નહિ ને ચૈતન્યભાવ (જીવત્વભાવ) વગરનો કોઈ જીવ નહિ. ઉદયભાવ વગરનો જીવ હોઈ શકે, -સિદ્ધ-ભગવંતો ઉદયભાવ વગર જ જીવી રહ્યા છે; પણ પારિણામિક જીવત્વ સ્વભાવ વગરનો એટલે કે ઉપયોગ-લક્ષણ વગરનો કોઈ જીવ હોય નહિ. પાંચભાવમાંથી માત્ર ઉદયભાવ જ બંધનું ને સંસારનું કારણ છે; અને તેમાં પણ મોહજનિત ઉદયભાવો જ બંધનું કારણ છે.

જીવનો સંસાર ક્યાં છે?—જીવની અશુદ્ધ પર્યાયમાં જીવનો સંસાર છે; જીવનો સંસાર જીવથી બહાર નથી. સ્ત્રી-પુત્ર-ઘરબાર વગેરે સંયોગ તો પર ચીજ છે, તેમાં આ જીવનો સંસાર નથી; પણ તેમાં સુખબુદ્ધિનો ભાવ અથવા તે તરફની મમતારૂપ મોહભાવ-તે જ જીવનો સંસાર છે. તે રાગ-દ્વેષ-મોહભાવ આત્માનું ખરું સ્વરૂપ નથી. પહેલાં તે બાહ્યભાવોથી ભિન્ન આત્માના શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ભાન થતાં, મિથ્યાત્વાદિ મોહભાવ નષ્ટ થઈને, મોહરહિત સમ્યક્ત્વાદિ શુદ્ધભાવો પ્રગટે છે, તે મોક્ષમાર્ગ છે; તેની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે. જગતમાં મિથ્યાત્વસમાન અહિત કરનાર, અને સમ્યક્ત્વ સમાન જીવનું હિત કરનાર બીજું કોઈ નથી.

અરે, મિથ્યાત્વ જેમાં મુખ્ય છે એવા પરભાવરૂપ આ સંસાર તો સર્વપ્રકારે અસાર છે, તેમાં ક્યાંય જરાય સાર નથી; ને ચૈતન્યસ્વભાવની અનુભૂતિ સર્વપ્રકારે સારભૂત છે, તેનાથી ઊંચું બીજું કાંઈ નથી. સંયોગમાં કે પરભાવમાં ક્યાંય જરાય-લગીરેય સુખ નથી, અંદર આત્મા આનંદકંદ છે તેનું વેદન મહાન સુખથી ભરેલું છે. સુખથી ભરેલા નિજસ્વભાવને ભૂલીને જીવ પોતાની પર્યાયમાં દુઃખને ભરે છે ને સંસારમાં પંચપરાવર્તનના ચક્કરમાં ઘૂમ્યા કરે છે. પંચ પરાવર્તનમાં તો ચારે ગતિના કેટલા ભવ થઈ જાય! પુણ્ય-પાપવડે જીવ આવા અનંત પરાવર્તન કરી ચૂક્યો. ભવ-પરાવર્તનનું તે ચક્ર આત્માના સમ્યક્ ભાનવડે તૂટી જાય છે ને અપૂર્વ મોક્ષમાર્ગની ધારા પ્રગટે છે.

મિથ્યાત્વનું ફળ સંસાર; ને સમ્યક્ત્વનું ફળ મોક્ષ. પં. બનારસીદાસરચિત નાટક-સમયસારના મોક્ષઅધિકારના ભાવાર્થમાં લખ્યું છે:-"**प्रगट हो कि मिथ्यात्व ही आस्रव-बंध है, और मिथ्यात्वका अभाव अर्थात् सम्यक्त्व संवर-निर्जरा तथा मोक्ष है ॥**" સંસારનું મૂળ મિથ્યાત્વ, ને મોક્ષનું મૂળ સમ્યક્ત્વ. અરે, આવા મનુષ્યઅવતારમાં આત્માને સાધવા માટે વખત લેવા જેવું છે, ભાઈ! સંસારના પાપમાં ને શરીરની ચિંતામાં મફતનો કાળ ગુમાવવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જેવું નથી. શરીર વગેરેની અવસ્થા આત્માને આધીન નથી છતાં જીવ મોહ કરીને દુઃખી થાય છે. કદાચિત્ શરીર વગેરેની અવસ્થા જીવની ઇચ્છાને અનુકૂળ હોય તોપણ તેમાં કાંઈ આત્માનું સુખ લેશ પણ નથી. અરે, તું પોતે ચૈતન્યપ્રભુ, તારું સુખ તે કાંઈ જડમાં હોય ? શરીરથી જુદા ચૈતન્યની જાતને લક્ષમાં તો લે !-તો દેહ છૂટવા ટાણેય સમાધાન રહેશે. એના સિવાય સંસારમાં કોઈ તારું રક્ષક કે શરણ દેનાર નથી. -આમ સંસારનું સ્વરૂપ વારંવાર વિચારીને તેનાથી વિરક્ત થવું ને અંતર્મુખ ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થવું, તે સંસારઅનુપ્રેક્ષાનું તાત્પર્ય છે.

કોઈ એક પાગલ માણસ ભટકતો ભટકતો નદીકિનારે જઈને બેઠો. ત્યાં સામા કાંઠે રાજાએ આવીને પડાવ નાંખ્યો. હાથી-ઘોડા-રથ-મનુષ્યો વગેરેને પોતાની સમીપ આવેલા જોઈ તે ગાંડો માણસ વિચાર કરવા લાગ્યો કે આ મારા હાથી-ઘોડા આવ્યા, આ મારું લાવ-લશ્કર આવ્યું...એમ માનીને તે રાજી થવા લાગ્યો. થોડી વાર થઈ ને તે બધો રાજપરિવાર પોતાનો પડાવ ઉઠાવીને ત્યાંથી બીજે જવા લાગ્યો....ત્યારે તે ગાંડો માણસ રાડો પાડીને દુઃખી થવા લાગ્યો કે અરે, મારાં આ બધા કેમ ચાલ્યા જાય છે ! મને પૂછયા વગર આ બધા કયાં ચાલવા માંડયા ?—પણ અરે બાપુ ! એ કયાં તારા હતાં ? એ બધા તો એમનાં કારણે રોકાયા હતા ને એમનું કામ પૂરું થતાં જતા રહે છે. એ કાંઈ તને પૂછીને આવ્યા ન હતા કે તને પૂછીને જાય ! એ તારાં હતાં જ કયાં ? તું અહીં, એ સામા કાંઠે; પ્રગટપણે જુદા જ હતા. તું પોતાનાં માનીને નકામો દુઃખી થાય છે. તેમ મોહી જીવ સંસારમાં બીજા જીવ-પુદ્ગલોનો સંયોગ થાય ત્યાં તેને પોતાનાં માનીને હર્ષ કરે છે, ને તેમનો વિયોગ થતાં 'હાય હાય, મારું બધું ચાલ્યું ગયું' એમ ખેદ કરે છે. પણ અરે બાપુ ! એ તો કોઈ તારાં છે જ કયાં ? સ્પષ્ટપણે તે બધા તારાથી જુદાં છે. તારા કારણે તે આવ્યા નથી ને તારા રોકયા રોકાતા નથી. જગતના તે પદાર્થો તેમના પોતાના કારણે આવે-જાય છે. તેમાં તું મફતનો હરખ-શોક કરીને શા માટે દુઃખી થાય છે. તેમને તું તારાથી ભિન્ન જાણ, ને તારો ચિદાનંદ આત્મા તે બધાયથી જુદો તારામાં જ છે, તેનો તને કદી વિયોગ નથી-એમ ઓળખાણ કરીને તારા આત્માના સ્વઘરમાં રહે તો તારું દુઃખ મટે; સંયોગ વિયોગમાં તને સ્વલક્ષે સમાધાન રહે કે તેમાં મારું કાંઈ આવતું-જતું નથી; મારું તો બધુંય મારા જ્ઞાનસ્વભાવમાં જ છે. આવા અનુભવ વડે સ્વભાવમાં એકાગ્ર થતાં સંસારભ્રમણનું દુઃખ મટે ને મોક્ષસુખ પ્રગટે.

સંસારમાં ચારેગતિમાં દુઃખ છે-એમ તેનું સ્વરૂપ વિચારી તેના પ્રત્યે વૈરાગ્ય કરવો, ને ધ્રુવ-ચિદાનંદસ્વરૂપ મારો આત્મા જ મારે માટે ધ્રુવરૂપ-શરણરૂપ ને સારરૂપ છે—એમ ભાવના કરીને તેમાં એકાગ્ર થવું—તે આ બાર અનુપ્રેક્ષાનું ફળ છે.

વિભાવ તે સંસાર છે, અસાર છે, પરઘર છે; પોતાનો આનંદમય સ્વભાવ તે શરણ છે, સારરૂપ છે, નિજઘર છે, તેમાં સંસાર કે દુઃખ નથી.-ધર્મીએ આવા ચૈતન્યસ્વભાવરૂપ નિજઘર જોયું છે, તેમાં જ તેને ગોઠે છે, એ સિવાય બીજે કયાંય તેને ગોઠતું નથી. 'અરેરે, આ વિભાવરૂપ પરદેશમાં અમે કયાં આવી પડયા !-એમાં અમારું કોઈ નથી, એમાં અમને ગોઠતું નથી. અનંત ગુણથી ભરેલા સ્વભાવરૂપ અમારો સ્વદેશ તે અમારું સ્વઘર છે, તેમાં બધાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમારાં છે, તેમાં જ અમને ગોઠે છે.'–આમ ધર્મી જીવને સ્વભાવ અને વિભાવનું અત્યંત ભેદજ્ઞાન વર્તે છે; વિભાવમાં ક્યાંય તેને ચેન પડતું નથી....અંતરમાં જોયેલા પોતાના પરમ શાંત સ્વભાવની તે ભાવના ભાવે છે, વારંવાર ભાવના કરીને તેમાં એકાગ્ર થાય છે. શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા જેમાં અનંતગુણની પ્રભુતા ભરી છે તેમાં એકાગ્ર થતાં મહા આનંદનો દરિયો ઉલ્લસે છે, સર્વે ગુણોનો રસ તેમાં એક સાથે ઊછળે છે, તેમાં સંસાર નથી, વિભાવ નથી, દુઃખ નથી.

અહો, આત્માનો નિજવૈભવ, ચૈતન્યનિધાન, તે રાગથી ભિન્ન છે; તેની કિંમત કર્યા વગર, એટલે કે પોતાનું સ્વરૂપ સમજ્યા વગર જીવ ચારગતિમાં દુઃખી થઈ રહ્યો છે. (જે સ્વરૂપ સમજ્યા વિના....પામ્યો દુઃખ અનંત.) તે દુઃખ કોઈ બીજાના કારણે નથી, પોતાની જ ભૂલ, પોતાના જ સ્વરૂપનું અજ્ઞાન, તેને લીધે જ જીવ દુઃખી છે. અરેરે, જગતમાં અજ્ઞાનીઓને તો પુણ્ય–પાપ અને તેનાં ફળરૂપ ભોગ–સામગ્રી...એના સિવાય 'આત્મા' તો જાણે કાંઈ ચીજ જ લાગતી નથી, તેનું અસ્તિત્વ જ ભાસતું નથી, સાવ વિચારશૂન્ય થઈ ગયા છે. અરે ભાઈ! આત્મા એટલે તો સર્વજ્ઞ પરમાત્મા....આત્મા એટલે આનંદનો ભંડાર! જેના સ્વભાવમાં સિદ્ધભગવાન જેટલો અનંત ગુણભંડાર ભર્યો છે–એવો દરેક આત્મા છે. રાગ–દ્વેષ પુણ્ય-પાપ તેની ખાણમાં છે જ નહિ. જ્ઞાન–આનંદથી ભરેલો પૂર્ણ ચૈતન્યનિધાન પોતે જ છે. આમ પોતાના આત્માની સાચી કિંમત સમજે તો રાગની ને પરની કિંમત ઊડી જાય.

અરે, ચારગતિનાં કેટલાં દુઃખ! ને આત્માના સ્વભાવમાં કેટલું સુખ!! એનો સરખો વિચાર કરે તો સંસારથી વૈરાગ્ય થઈ જાય ને આત્માની સન્મુખ થઈને તેના સુખનો અનુભવ કરી લ્યે. ચારગતિનાં ઘોર અનંત દુઃખ, તેની સામે આત્માનો આનંદ પણ અચિંત્ય મહાન છે. તે અતીન્દ્રિય આનંદનો વિચાર કરે તોય પરિણતિ સંસારથી હટીને અંતર્મુખ થઈ જાય. હે ભાઈ! તારા પરમાનંદ–સ્વભાવી આત્માને ભૂલીને તું પરને આશ્ચર્યકારી માને છે, ને તેને અધિકતા આપીને તેના તરફ વિસ્મયથી દેખે છે. પણ ખરી વિસ્મયતા આશ્ચર્ય ને અધિકતા તારા ચૈતન્યમાં ભરી છે; ઉપયોગગુણને લીધે બધાયથી અધિક...બધાયથી જુદો એવો તારો ચૈતન્યસ્વરૂપ આત્મા અદ્‌ભુતથી પણ અદ્‌ભુત છે; એને દેખ, તો એની પાસે જગતનો કોઈ પદાર્થ તને આશ્ચર્યકારી કે અદ્‌ભુત નહીં લાગે. આટલા મધ્યમક્ષેત્રમાં અનંત ગુણો ને અનંતો આનંદ, આટલા નાના ક્ષેત્રમાં લોકાલોકનું જ્ઞાન સમાઈ જાય. એક ક્ષણમાં અંદરથી પરમાત્મપણું નીકળે;–જગતમાં આવું મહાન ચમત્કારિક ને આનંદકારક તારું ચૈતન્યતત્ત્વ જ છે. ચેતનાગુણને લીધે આત્મામાં એવી અધિકતા–વિશેષતા છે કે કોઈ રાગાદિ અન્ય ભાવો કે અચેતન પુદ્‌ગલો તેનામાં સમાતા નથી, પ્રવેશતા નથી, જુદા જ રહે છે, ચેતનાથી બહાર જ રહે છે. (–ઉપયોગગુણથી અધિક, તેથી જીવના નહીં ભાવકો.)

શુભ–અશુભ ભાવોમાં કે તેના ફળમાં કોઈ આશ્ચર્યપણું નથી; જીવે સંસારમાં અનંતવાર તે ભાવો કર્યા ને તેનાં ફળ ભોગવ્યાં, તેમાં ક્યાંય અદ્‌ભુતતા નથી, શાંતિ નથી, શરણ નથી. શુભરાગનું ફળ સ્વર્ગ–દેવલોક, તે દેવલોકના દિવ્ય વૈભવોમાં પણ કાંઈ વિસ્મયતા જ્ઞાનીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાગતી નથી. સ્વાનુભૂતિ-જ્ઞાનવડે મેં મારા ચૈતન્યનિધાનને ખોલ્યા તે જ આશ્ચર્યકારી ને અદ્‌ભુત છે. સમ્યગ્દર્શનમાં પણ જે અચિંત્ય અદ્‌ભુતતા છે તેને જ્ઞાની જ જાણે છે; તેની અદ્‌ભુતતાની ખબર અજ્ઞાનીને નથી. જ્ઞાનદૃષ્ટિ જ પરભાવરૂપ સંસારક્લેશને શાંત કરવાનો ઉપાય છે. સંસારનો જે ભયંકર દાવાનળ, તેનો જે અત્યંત દાહ, તેને શાંત કરવા સ્વાનુભૂતિનું અમૃતજળ જ સમર્થ છે. અંતર્દૃષ્ટિ વડે ચૈતન્યમાંથી શાંતિનો એક અંશ પણ નીકળે તો અનાદિની રાગ-દ્વેષની જ્વાળાને તે બુઝાવી દે છે, ને તે શાંતિને જગતનો કોઈ પ્રસંગ ડોલાવી શકતો નથી. આવી શાંતિનો આખો સમુદ્ર આત્મા છે; તે ધર્મીએ પોતામાં સમ્યગ્દર્શન વડે દેખ્યો છે; તેમાં જ મહાન સુખ છે. અજ્ઞાની બીજે બહારના વિષયોમાં જે સુખની કલ્પના કરે છે તેવું સુખનું સ્વરૂપ નથી. અરેરે, જીવો પોતાના સ્વાભાવિક સુખને ભૂલીને બાહ્યવિષયોમાં સુખ માની રહ્યા છે....તેમને સંબોધવા અત્યંત વૈરાગ્યથી શ્રીમદ્ રાજચંદ્રજી 'ભાવના-બોધ'માં (માત્ર ૧૬ વર્ષની વયે) લખે છે કે-

અનંતસુખ, નામદુઃખ, ત્યાં રહી ન મિત્રતા,
અનંતદુઃખ, નામસુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા!
ઉઘાડ ન્યાય નેત્રને નીહાળ રે....નીહાળ તું,
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

જુઓ, કેવી સરસ ભાવના લખી છે! હે ભાઈ! તું તારી જ્ઞાનની આંખ ઉઘાડીને ન્યાયથી જરાક જો તો ખરો કે ખરું સુખ શેમાં છે! જ્યાં તું સુખ માને છે એવા બાહ્ય વિષયોમાં ખરેખર જરાય સુખ નથી, એકલું દુઃખ જ છે; અને તારા આત્મસ્વભાવની સમજણ તથા વીતરાગભાવરૂપ ચારિત્ર, જેમાં તને કષ્ટ લાગે છે-તે તો નામ-માત્ર દુઃખ છે, ખરેખર તેમાં દુઃખ નથી પણ અનંત સુખ છે. માટે જ્ઞાનથી વિચારીને, બાહ્યમાં સુખ માનવાની મિથ્યાપ્રવૃત્તિને તું છોડ....એનાથી તું નિવૃત્ત થઈ જા....ને તારા આત્મામાં જ સાચું સુખ છે એમ જાણીને તેની આરાધના કર.

અરે, આ સંસાર તો બાહ્ય વિષયોમાં સુખ માનીને આકુળતામાં બળી રહ્યો છે. ઘોર નરકનાં જે દુઃખો જીવે ભોગવ્યાં-એની શી વાત? જેને યાદ કરતાંય હૃદય કમકમી ઊઠે છે. (ગુરુ કહાન કહે છે-) આજે સ્વપ્નમાં મેં એક જીવને નરકમાં દેખ્યો; નગ્ન શરીર હતું ને અગ્નિમાં દાઝતો હતો. અરે....એ દુઃખ....ને એ પીડા! કેમ કહ્યાં જાય? એ તો હજી બહારના સંયોગની વાત છે. નરકના એ ભયંકર દુઃખનું દૃશ્ય જોતાં તેમાંથી આત્માની શાંતિ યાદ આવી: અરે ક્યાં નરકની પીડા! ને ક્યાં ચૈતન્યની શાંતિ!....ત્યાં એક માણસે શેનોક ઘડો ભરીને તેના ઉપર રેડ્યો....ને તેની પીડા શાંત થઈ ગઈ. એટલે સંસારની પીડા બુઝાવવાનો એક જ ઉપાય છે કે ચૈતન્યના શાંતરસની ધારા પ્રગટાવવી; બીજો કોઈ ઉપાય નથી. પરમાં-રાગમાં સુખ માનીને, કલ્પનાથી દુઃખ મટાડવા માંગે-પણ તે કાંઈ સાચો ઉપાય નથી, તેનાથી દુઃખ મટતું નથી, ને સુખ થતું નથી. સુખસ્વભાવ તો આત્મા પોતે જ છે. જેમ સાકર પોતે મીઠી છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમ ભગવાન આત્મા પોતે આનંદસ્વરૂપ છે. તેના સિવાય બીજે ક્યાંય પણ સુખની કલ્પના તે મિથ્યા છે.

દેવલોકના વૈભવો જીવને સુખ આપતા નથી, તેમાં સુખની કલ્પના જીવ પોતે કરે છે, અને તે કલ્પના પણ જીવનું સ્વરૂપ નથી. જેમ ઝાંઝવાનું જળ તે સાચું જળ નથી, તેમ કલ્પિત સુખ તે સાચું સુખ નથી. ઝાંઝવામાં જળની કલ્પના ગમે તેટલી કરે પણ તેનાથી કાંઈ તરસ ન છીપાય, તેમ બાહ્યવિષયોમાં અજ્ઞાની સુખની કલ્પના ગમે તેટલી કરે પણ તેનાથી કાંઈ સુખ ન મળે, આકુળતા ન મટે. આત્મા પોતે અતીન્દ્રિયસુખસ્વરૂપ છે, બીજા કારણો વગર તે પોતે જ સ્વયમેવ–એકલો સુખસ્વરૂપે પરિણમે છે, સ્વયં પોતે સુખ છે, બહારમાંથી તેનું સુખ નથી આવતું. આવા નિજસ્વભાવની ભાવનારૂપ જે આત્મા પરિણમ્યો તે પોતે સુખી થયો; તેનામાં દુઃખ કે સંસાર નથી. આવા સ્વભાવની ભાવના કરવા જેવી છે.

આત્માનું સુખ કે દુઃખ બાહ્ય પદાર્થમાં નથી. જીવ મફતનો કલ્પના કરીને દુઃખી થાય છે. જેમ મૃગજળમાં પાણીની મિથ્યાકલ્પના કરીને દોડવાથી હરણીયાની તરસ મટતી તો નથી પણ ઊલટું તે દુઃખી થાય છે; તેમ બાહ્યવિષયોમાં સુખની મિથ્યાકલ્પના કરીને તે તરફ દોડવાથી જીવને સુખ તો નથી મળતું પણ ઊલટી આકુળ–વ્યાકુળતા ને દુઃખ થાય છે. જ્યાં સુખ છે ત્યાં શોધે તો સુખ મળે ને! આ શરીર મારું છે, તે સરખું રહે તો હું સુખી, તે સરખું ન રહે તો હું દુઃખી; ધન રહે તો મને સુખ, ધન ચાલ્યું જાય તો હું દુઃખી; એકનો એક સાતખોટનો દીકરો જન્મે ત્યાં સુખ, ને ભરયુવાનીમાં એકનો એક પુત્ર મરે ત્યાં દુઃખ—એમ બહારના પદાર્થોમાં સુખ–દુઃખની કલ્પના કરીને, તે બંને કલ્પનાથી જીવ દુઃખી જ થાય છે. ભાઈ, એકવાર ભેદજ્ઞાન તો કર કે સુખ મારા સ્વભાવમાં, ને પરમાં ક્યાંય મારું સુખ નહિ. સંસારમાં ધન–પુત્ર–દેવનું શરીર ઘણીવાર મળ્યા છતાં તું સુખી તો ન થયો. સંસારમાં ભમતાં શું નથી મળ્યું? સમ્યક્ત્વ સિવાય બધું મળ્યું છે. આજે જે સ્ત્રીપણે દેખાય છે તે જ પૂર્વભવમાં અનેકવાર માતા થઈ છે, પૂર્વભવોમાં અનેકવાર જે શત્રુ થયો તે જ અત્યારે વહાલો પુત્ર થાય છે, જે જીવ એકવાર પિતા હતો તે જ પુત્ર થાય છે....અરેરે! આવા સંસારમાં મોહ શું કરવો? ભાઈ, આવા સંસારમાં–સંયોગમાં–પરભાવમાં સુખ શોધવું રહેવા દે; આત્માનો સ્વભાવ જ સુખસ્વરૂપ છે તેને ઓળખીને, વારંવાર તેનું ચિંતન કરીને તેમાં એકાગ્રતા કર, તેથી તને મહાન સુખ થશે.

આ રીતે સુખથી ભરેલા આત્માનું સ્વરૂપ તેમજ દુઃખદાયક પરભાવોનું સ્વરૂપ—બંનેનું સ્વરૂપ વિચારીને, સંસારના કારણરૂપ પરભાવોથી પાછા વળવું ને સ્વરૂપમાં એકાગ્ર થવું–તે આ ભાવનાનું તાત્પર્ય છે.

(ત્રીજી સંસાર-અનુપ્રેક્ષા પૂરી થઈ.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ૪. એકત્વ ભાવના

**शुभ–अशुभ करमफल जेते, भोगे जीव एक हि तेते ।**
**सुत–दारा होय न सीरी, सब स्वारथके है भिरी ॥ ६ ॥**

આ સંસારમાં શુભ કે અશુભ જેટલાં કર્મફળ છે તે બધાયને જીવ પોતે એકલો જ ભોગવે છે; તેમાં સ્ત્રી-પુત્ર વગેરે કોઈ ભાગીદાર થતાં નથી; એ તો બધા પોતપોતાના સ્વાર્થના સગા છે.

સંસારમાં રખડવામાં કે મોક્ષને સાધવામાં જીવ એકલો જ છે; પોતે એકલો જ પોતાના બંધ કે મોક્ષના પરિણામને કરે છે; આમ જાણનાર સમ્યગ્દષ્ટિ જીવ નિજ શુદ્ધાત્મા સાથે જ સદાય એકત્વરૂપે પરિણમતો થકો શુદ્ધાત્માને સાધે છે. –આ **પરમાર્થ** એકત્વ-ભાવના છે.

નજીકમાં રહેલું આ શરીર, તેની સાથે પણ જીવને એકતાનો સંબંધ નથી ત્યાં બહારના બીજાની શી વાત ! અને અંતરમાં પણ ચૈતન્યસ્વરૂપ ઉપયોગને રાગાદિ વિભાવો સાથે એકતા નથી પણ ભિન્નતા છે. આ રીતે પરદ્રવ્યો ને પરભાવોથી વિભક્ત આત્માને પોતાના જ્ઞાયક સ્વભાવ સાથે એકત્વ છે. —આવું એકત્વ-વિભક્તપણું જાણનાર ધર્મીજીવ પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એકત્વરૂપે પરિણમતો થકો સ્વસમયમાં સ્થિર થાય છે. આવું એકત્વ-વિભક્ત સ્વરૂપ દેખાડતાં સમયસારમાં ભગવાન કુંદકુંદસ્વામી કહે છે કે—

'દર્શાવું એક—વિભક્ત એ આત્માતણા નિજવિભવથી...'

—હું સ્વાનુભવપૂર્વકના મારા આત્માના સમસ્ત વૈભવથી એકત્વ-વિભક્તરૂપ શુદ્ધ જ્ઞાયક આત્મા દેખાડું છું; હું દેખાડું તે પ્રમાણે જાતે સ્વાનુભવ કરીને તમે તેને પ્રમાણ કરજો.

એક જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ આત્મા તેમાં રાગનો એક કણ પણ સમાય નહિ; એટલે રાગનો રસ પણ રહે ને જ્ઞાયક આત્મા અનુભવમાં પણ આવે એમ કદી બને નહિ. જ્ઞાની પોતાના આત્માને કેવો અનુભવે છે? સાંભળો-(ગુરુદેવ બહુ ભાવથી ગાય છે—)

કહે વિચક્ષણ પુરુષ સદા મૈં એક હૂં,
અપને રસસેં ભર્યો અનાદિ ટેક હૂં;
મોહ-કરમ મમ નાંહી, નાંહી ભ્રમરસકૂપ હૈ,
શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ ચેતનાનો સમુદ્ર તેમાં વિભાવ સમાય નહિ; મારા ચેતનસ્વભાવપણે હું સદા એક છું. 'अहमिक्को खलु सुद्धो....' —હું એક છું, એક છું એટલે શુદ્ધ છું, શુદ્ધ છું એટલે સ્વભાવથી પૂરો છું; એકત્વમાં બીજાનો સંબંધ નથી, શુદ્ધતામાં અશુદ્ધતા નથી, ને પૂર્ણતામાં બીજાનો પરમાણુમાત્રનો પ્રવેશ નથી.—આમ ધર્મીજીવ પોતાના એકત્વસ્વભાવને અનુભવે છે.

હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન-દર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે.

—જુઓ, આ જ્ઞાનીની એકત્વભાવના! આવી ભાવના તે વૈરાગ્ય ઉપજાવનારી માતા છે, આનંદની જનેતા છે. મુનિજનો અને તીર્થંકરો પણ દીક્ષાપ્રસંગે આ બાર ભાવના ભાવે છે. મોટા મોટા ઘણા શાસ્ત્રોમાં વિસ્તારપૂર્વક આ વૈરાગ્યભાવનાઓનું વર્ણન આવે છે. દરેક જીવે આ વૈરાગ્યભાવના ભાવવા જેવી છે. આ ભાવના ગમે તેવા પ્રસંગમાં જીવને શાંતિ આપે છે.

અહીં એકત્વભાવનામાં કહે છે કે હે ભાઈ! આ સંસારમાં કે મોક્ષમાર્ગમાં જીવ એકલો પોતાના દુઃખને કે સુખને વેદે છે. આત્માનો જે એકત્વસ્વભાવ રાગાદિથી જુદો-તેની ભાવનામાં તો એકલું સુખ છે, તે સુખનું વેદન જીવ પોતે પોતામાં એકલો જ કરે છે; ને રોગાદિ વખતે પીલાતો હોય, મોહથી દુઃખી થતો હોય ત્યારે પણ પોતે એકલો જ તે પીડાને ભોગવે છે, કુટુંબીજનો પાસે ઊભા ઊભા જુએ પણ તે પીડામાં ભાગીદાર થઈ શકતા નથી.

એકત્વ સંબધમાં એક લૂટારાની વાત આવે છે. તે લૂટારો એક સંઘને લૂટવા ગયો, ત્યારે સંઘમાં રહેલા મહાત્માએ તેને કહ્યું : હે ભાઈ! તું આ લૂટફાટ કરે છે....પણ ઊભો રહે; મારી એક વાત સાંભળ! તું આ લૂટફાટ કરીને જે ધન મેળવે છે તે ભોગવવામાં તો તારા કુટુંબીજનો ભાગીદાર થાય છે. ઘરે જઈને તું તેમને પૂછી આવ કે, તમે બધા આ ધન ભોગવવામાં જે રીતે મારા સાથીદાર થાવ છો તેમ આ લૂટફાટમાં મને જે પાપ બંધાય છે તે પાપનું ફળ ભોગવવા ટાણે નરકાદિના દુઃખમાં તમે મારા ભાગીદાર થશો ખરા?

-લૂટારો ઘરે ગયો; તે પ્રમાણે પૂછ્યું; પણ કોઈએ પાપમાં-દુઃખમાં ભાગીદાર થવાની હા ન પાડી. ત્યારે મહાત્માએ તેને સમજાવ્યું કે જો ભાઈ! પુણ્ય-પાપને જીવ પોતે એકલો કરે છે ને એકલો જ તેનું ફળ ભોગવે છે; બીજું કોઈ તેમાં ભાગીદાર થઈ શકતું નથી. માટે તું પાપ છોડીને તારા ભવિષ્યને સુધાર.-આ સાંભળી તે લૂટારાને વૈરાગ્ય જાગ્યો, તેને પોતાનું એકત્વ સમજાયું, એટલે પાપમાર્ગ છોડી તે પોતાના હિતમાર્ગમાં લાગ્યો.

જુઓ, આ શરીર...કે જે જન્મથી મરણપર્યંત સદાય જીવની સાથે ને સાથે (એકક્ષેત્રે) રહેનારું છે તે પણ જીવને સુખ-દુઃખમાં સાથ નથી આપતું. જેને પોષવા માટે અજ્ઞાનીએ જીવનભર પાપ કર્યાં તે શરીર, પાપનું ફળ ભોગવવા નરકમાં ભેગું જતું નથી. અને જીવ મોક્ષમાં જાય તો ત્યાં પણ શરીર ભેગું જઈ શકતું નથી. (આ બાબતમાં "ચેતન-કાયા સંવાદ"નું વૈરાગ્યપૂર્ણ પુસ્તક ભાગ ૧-૨ બહુ સરસ છે; જિજ્ઞાસુઓને વાંચવા ભલામણ છે. ગુરુદેવ પ્રવચનમાં અનેકવાર તેનો ઉલ્લેખ કરતા.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નીકટવર્તી શરીરની જ્યાં આવી સ્થિતિ છે ત્યાં સ્ત્રી-પુત્ર-ધન વગેરે તો પ્રત્યક્ષ જુદા છે-ક્ષેત્રથી પણ દૂર છે, તેઓ કાંઈ જીવને સુખ-દુઃખમાં ભાગીદાર થતાં નથી. ગમે તેવો પ્રેમ હોય તોપણ એકનું દરદ બીજાથી લઈ શકાતું નથી. શ્રીમદ્ રાજચંદ્ર એકત્વભાવનામાં લખે છે કે—

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય,
તે કોઈ અન્યે લઈ ના શકાય;
તે ભોગવે એક સ્વઆત્મ પોતે,
એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.

બીજાને માટે હું જે પુણ્ય-પાપ કરું તેનું ફળ તો મારે એકલાને જ ભોગવવું પડશે; એમાં ક્યાંય મને સુખ નહિ મળે. બીજા બધાથી ભિન્ન જે મારો એકત્વસ્વભાવ તેમાં જ મારું સુખ છે.-આમ વિચારી હે જીવ! —તું તારા સ્વભાવની ભાવના કર. હું બીજાને સુખી-દુખી કરી દઉં, કે બીજા મને સુખ-દુખ કરી દે—એવી પરાશ્રિતબુદ્ધિ છોડ. ખરેખર કોઈ જીવ બીજાને માટે કાંઈ નથી કરતો, પોતાના ભાવમાં જે ગોઠે છે તે કરે છે. આમ જગતના દરેક તત્ત્વ, જીવ કે અજીવ સૌ પોતપોતાના એકત્વમાં વર્તી રહ્યાં છે, સૌ પોતપોતાના ગુણ-પર્યાયરૂપ સ્વભાવમાં રહેલાં છે.-આવું એકત્વપણું વસ્તુનું સ્વરૂપ છે, તેને જ્ઞાની ચિંતવે છે.

પુણ્ય-પાપ વગરના ચેતનસ્વભાવે આત્માનું એકત્વ શોભે છે; તેમાં અંતર્મુખ પરિણતિની એકતા તે પરમાર્થ એકત્વભાવના છે. તે એકત્વમાં શુભાશુભરાગનો કે કર્મફળનો ભોગવટો નથી, તેમાં તો અપૂર્વ વીતરાગી આનંદનો જ અનુભવ છે; આત્મા એકલો-એકલો પોતાના આનંદને ભોગવે છે. અને અહીં કર્મફળને આત્મા એકલો ભોગવે છે તે વ્યવહાર એકત્વની વાત છે. શુદ્ધ આત્માના એકત્વની ભાવનાથી તે શુભાશુભ કર્મફળનો ભોગવટો પણ છૂટી જાય છે.

સંસારમાં સૌ સ્વાર્થના સગાં છે; સ્વાર્થ હોય ત્યાં સુધી રાગ કરે, સ્વાર્થ મટ્યો પછી સામું પણ ન જુએ. અને કદાચ સામું જુએ—રાગ કરે તોપણ બીજો કોઈ આ જીવને શું કરી શકે? જુઓને, ક્યાં રામ, ક્યાં લક્ષ્મણ ને ક્યાં સીતા! ઘણાં વરસો ભેગા રહ્યા.... છેવટ રામ ગયા મોક્ષમાં, સીતા ગયા સ્વર્ગમાં, ને લક્ષ્મણ અને રાવણ ગયા ત્રીજી પૃથ્વીમાં. અહમિન્દ્ર થયેલા સીતાજીના જીવને દયા આવી તેથી લક્ષ્મણ તથા રાવણને ધર્મસંબોધન કરવા ગયા, ત્યાં બંનેને પ્રતિબોધીને વેરભાવ છોડાવ્યો ને ધર્મ પમાડ્યો. પછી તે દેવને દયા આવતાં તેમને નરકદુઃખોથી છોડાવવા કહ્યું—ચાલો, હું તમને બંનેને આ નરકના દુઃખોમાંથી ઉપાડીને બહાર લઈ જઉં.—એમ કહીને જ્યાં તેમના શરીરને ઉપાડવા જાય છે ત્યાં તો પારાની જેમ તેમનું શરીર વેરવિખેર થઈ ગયું. ત્યારે રાવણ તથા લક્ષ્મણ કહે છે—હે દેવ! તમે તો દયાળુ છો...પણ અમારાં કર્મ અમને અહીંથી બહાર નહીં નીકળવા દે. અમે કરેલાં પાપકર્મનું ફળ અમારે એકલાએ જ ભોગવ્યે છૂટકો. તેમાં બીજા શું કરી શકે! માટે હે દેવ! તમે તમારા સ્વસ્થાનમાં જાઓ. અહીં આવી અમને ધર્મ સંબોધીને તમે મોટો ઉપકાર કર્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ રાવણ અત્યારે નરકમાં છે, આગળ જતાં તે જ જીવ તીર્થંકર થશે, અને સીતાનો જીવ તેનો પુત્ર થઈને પછી તેના ગણધર થશે. લક્ષ્મણનો જીવ પણ ભવિષ્યમાં તીર્થંકર થશે. –કેવી વિચિત્રતા દેખાય છે–આ સંસારમાં! જીવ સદા એકલો છે; એકલા જીવને કોઈનો સહારો નથી. બંધમાર્ગમાં કે મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ પરિણમે છે. ભગવાન આત્મા રાગ દ્વેષ કર્મ–નોકર્મથી જુદો અને જ્ઞાનાદિ નિજવૈભવ સાથે એકત્વરૂપ છે, ભેદજ્ઞાન વડે આવા આત્માના એકત્વની ભાવના કરતાં અંદર અપૂર્વ શાંતિ થાય છે, ને આત્મા પોતે એકલો એકલો તે શાંતિને ભોગવે છે.

સંસારમાં ભમતા આત્માને પુણ્ય કે પાપ બંનેમાં આકુળતા છે, તેનું ફળ ભોગવવામાં આકુળતા છે; ચૈતન્યના વેદનમાં જ શાંતિ છે. આત્મા એકલો પોતાની અશુદ્ધ કે શુદ્ધ પરિણતિને કરે છે ને તેને એકલો જ ભોગવે છે. એકનું ફળ બીજાને આવતું નથી.

એક સાથે ૧૦૦ મકાનની હાર ઊભી હોય, ત્યાં કહે છે કે 'આ મકાન મારું!' અરે ભાઈ, મકાન તો એકસાથે ૧૦૦ છે તેમાંથી ૯૯ તારાં નહિ ને એક તારું ક્યાંથી થઈ ગયું? એ તો તારી મમતાની કલ્પના છે. મકાન ઇંટ–ચુનાનું છે, તારો તો જ્ઞાનસ્વભાવ છે. જેની સાથે તારે તન્મયતા હોય તે તારું કહેવાય; જ્ઞાન–આનંદ વગેરે સાથે તારે તન્મયતા છે તેથી તે તારાં છે. મકાન કે દેહ વગેરે સાથે તારે તન્મયતા નથી તેથી તે કોઈ તારાં નથી. અરે, આત્માની મીઠી–મજાની આ વાત છે. ભેદજ્ઞાન વડે આત્માના આવા એકત્વને લક્ષમાં લઈને તેની ભાવના તો કરો.

જગતમાં જેમ બીજાં શરીરો આ આત્માથી જુદા છે, તેમ આ નજીકનું શરીર પણ આત્માથી જુદું જ છે. જેમ બીજા શરીરનાં પુદ્‌ગલો આ આત્માથી જુદાં અચેતન છે તેમ આ નીકટવર્તી શરીરનાં પુદ્‌ગલો પણ અચેતન છે ને આત્માથી જુદાં છે; જીવ ભ્રમથી જ તેને 'મારાં' કહે છે.

'સર્વજ્ઞ–જ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ છે;
તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે!

"બીજું તો બધું ઠીક,–પણ તમે તો કહો છો કે આ શરીર પણ આત્માનું નહિ;–તો હવે અમારે જવું ક્યાં?"

અરે ભાઈ, જવું છે ક્યાં? બીજે ક્યાંય જવાનું નથી; તારા એકત્વસ્વરૂપને દૃષ્ટિમાં લઈને તેમાં જ સ્થિર રહે. અજ્ઞાની પણ કાંઈ પોતાના આત્મામાંથી બહાર નીકળીને બીજે ક્યાંય શરીર વગેરેમાં નથી જતો, તે–રૂપ નથી થતો; તે પણ પોતાના જ્ઞાનમાં તેમજ રાગાદિ ભાવમાં રહે છે; જ્ઞાની પોતાના જ્ઞાનમય ભાવમાં એકત્વપણે રહે છે; અજ્ઞાની કે જ્ઞાની કોઈનું કાર્યક્ષેત્ર પોતાના આત્માથી બહાર નથી, પોતામાં જ છે.

એક વૈરાગી–પુત્ર દીક્ષા લેવા તૈયાર થયો છે...ત્યારે તેની માતા તેને કહે છે: બેટા, વન–જંગલમાં કુટુંબ–પરિવાર વગર તું એકલો–એકલો શું કરીશ? તને એકલા કેમ ગોઠશે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે વૈરાગી-પુત્ર કહે છે : હે માતા ! વન જંગલમાં હું એકલો નથી; ત્યાં પણ મારા શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ-આનંદ વગેરે અનંત ચૈતન્યગુણોનો બધોય પરિવાર મારી સાથે જ છે, તે મારો સાચો પરિવાર છે, ને તેની સાથે ગોષ્ઠી કરતાં મને મહાન આનંદ થાય છે.

જ્ઞાની જાણે છે કે અમારી ચીજ અમારી પાસે છે, અમારા અંતરમાં જ છે; અમારાથી જે દૂર હોય, બહાર હોય તે ચીજ અમારી નથી. અમારી ચીજ હોય તે અમારાથી જુદી ન રહે. અમારા સ્વભાવમાં જેને એકત્વ હોય તે જ અમારી ચીજ છે. -આ રીતે ક્રોધાદિ પરભાવો કે શરીરાદિ પરદ્રવ્યો—તેમને પોતાના સ્વભાવની સાથે જરાય નહિ ભેળવતો, તેનાથી અત્યંત જુદા એવા પોતાના ચૈતન્યના એકત્વ-સ્વભાવને જ્ઞાની ભાવે છે, એટલે કે તેને દૃષ્ટિમાં લઈને તેમાં એકાગ્ર થાય છે.-આવી એકત્વભાવના વડે પરમ આનંદ થાય છે ને મોક્ષ સધાય છે.

( અહીં ચોથી એકત્વ-ભાવના પૂરી થઈ. )

હે શ્રાવક ! તને રાતે ઊંઘ ન આવતી હોય, કોઈ ચિંતાથી ઘેરાયેલો હો...તો વૈરાગ્યભાવના ભાવજે.

દીક્ષા પ્રસંગે બધા તીર્થંકર ભગવંતો પણ આવી ૧૨ વૈરાગ્યભાવના ચિંતવે છે તે સુંદર ભાવનાઓ માટે ૨૪ તીર્થંકર ભગવંતોનું મહાપુરાણ ગુજરાતીમાં વાંચો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ૫. અન્યત્વભાવના

**जल–पय ज्यों जीव–तन मेला पै भिन्नभिन्न, नहीं भेला !**
**तो प्रगट जुदे धनधामा क्यों ह्वै इक मिलि सुत–रामा ॥ ७ ॥**

દૂધ અને પાણીની જેમ જીવ અને શરીર સંયોગરૂપે મળેલાં છે, તોપણ જેમ દૂધ અને પાણી ખરેખર જુદા છે તેમ જીવ અને શરીર ભિન્ન–ભિન્ન છે, ભેગાં–એકરૂપ નથી.

જ્યાં એકક્ષેત્રે રહેલું શરીર પણ આત્માથી જુદું છે તોપછી જે પ્રગટપણે જુદા છે–ક્ષેત્રથી પણ દૂર છે એવા ધન–મકાન–સ્ત્રી–પુત્ર વગેરે તો આત્મા સાથે એકમેક કેમ હોય? આત્મા તે બધાયથી જુદો છે, ને તે બધાય આત્માથી અન્ય છે. –આ રીતે અન્યત્વનું સ્વરૂપ વિચારીને ધર્મીજીવ વીતરાગતાને વધારે છે.

અહીં દૂધ અને પાણીના સંયોગનું દૃષ્ટાંત આત્મા અને શરીરની ભિન્નતા બતાવવા માટે છે; જેમ દૂધ અને પાણીનાં લક્ષણ જુદાં છે, તેમ સંયોગરૂપે રહેલા હોવા છતાં આત્મા અને શરીરનાં લક્ષણો જુદાં છે. આત્મા ચેતન છે, શરીર જડ છે; આત્મામાં સુખસ્વભાવ છે, શરીરમાં સુખ–દુઃખનું વેદન નથી; આત્મા અતીન્દ્રિય છે, –ઇન્દ્રિયજ્ઞાનમાં પકડાતો નથી, શરીર તો ઇન્દ્રિયજ્ઞાનથી પણ જણાય છે; આત્મા અસંયોગી વસ્તુ છે, શરીર તો પુદ્ગલોના સંયોગ–વિયોગવાળું છે; આત્મા અમૂર્ત છે, શરીર મૂર્ત–રૂપી છે. આમ ભિન્ન–ભિન્ન લક્ષણો વડે સ્વરૂપ–ભેદ ઓળખતાં આત્મા અને શરીરનું અત્યંત ભિન્નપણું સ્પષ્ટ જણાય છે. અને એ જ રીતે ચેતનતા–લક્ષણ વડે સમસ્ત પરદ્રવ્યો અને પરભાવોથી ભિન્નપણે આત્મા અનુભવમાં આવે છે. આવા અનુભવપૂર્વક વારંવાર તેનું ઘોલન કરવું તે અન્યત્વભાવના છે.

અન્યત્વભાવના ભાવતાં શ્રીમદ્‌રાજચંદ્રજીએ લખ્યું છે કે–

ના મારાં તન–રૂપ–કાંતિ–યુવતી, ના પુત્ર કે ભ્રાત ના;
ના મારાં ભૃત–સ્નેહિઓ–સ્વજન કે ના ગોત્ર કે ગાત્ર ના;
ના મારાં ધન–ધામ–યૌવન–ધરા, એ મોહ અજ્ઞાત્વનાં;
રે રે જીવ! વિચાર એમ જ સદા અન્યત્વદા ભાવના.

જુઓ, આ ૧૬ વર્ષની વયમાં ધર્માત્માના વૈરાગ્ય–ઉદ્‌ગાર! જન્મથી સદાય સાથે રહેનારું આ શરીર પણ આત્માથી તદ્દન જુદું છે, તે આત્માનું નથી; તોપછી સ્પષ્ટપણે આત્માથી બહાર એવાં સ્ત્રી–પુત્ર–ભાઈ–નોકરચાકર–સ્નેહી–સ્વજનો–ધન–મકાન વગેરે તો આત્માનાં કેમ હોય? અજ્ઞાનથી ને મોહથી આત્મા તેને પોતાનાં માને છે; 'મારાં....મારાં' કરીને પોતે ભાવમરણે મરે છે. એનાથી બચવા હે જીવ! તું ફરી ફરીને ભેદજ્ઞાન વડે અન્યત્વનો વિચાર કર. રામાથી આતમ–રામ જુદો છે; સ્ત્રીને રામા કહેવાય છે, તે રામાથી ભગવાન આતમરામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુદો છે; તે પોતાના ચૈતન્યબગીચામાં રમનારો છે. પોતાના ચૈતન્યબાગમાં રમે તેને રામ કહીએ, બાકી રાગમાં ને વિષયોમાં રમે તેને હરામ કહીએ.

જેમ ડબીમાં હીરો જુદો છે, તેમ દેહરૂપી ડબીમાં ચૈતન્યહીરો જુદો છે. ડબીની અંદર (સંયોગરૂપે) રહેલો હીરો જ્યાં ડબીથી પણ જુદો છે ત્યાં બહારની ચીજોથી તો તે જુદો છે જ; તેમ દેહની વચ્ચે (સંયોગરૂપે) રહેલો ચૈતન્યહીરો દેહથી જુદો છે, ત્યાં બહારની બીજી ચીજોથી તો તે જુદો છે જ. જેમ આઠ લાકડાનો બનેલો ખાટલો, તેમાં સૂનારો મનુષ્ય તે ખાટલાથી જુદો છે; ખાટલો તો બળી જાય ને મનુષ્ય તો જીવતો રહે; તેમ આઠ કર્મોના સંયોગથી રચાયેલો સંસાર, તેની વચ્ચે રહેલો ઉપયોગસ્વરૂપ જીવ તે કર્મોથી જુદો છે. ઉપયોગસ્વરૂપ જીવ ક્રોધાદિ પર ભાવોથી પણ જુદો જ છે-તે અંતરના સૂક્ષ્મ ભેદજ્ઞાન વડે ધર્મીને અનુભવમાં આવે છે. આવા અનુભવપૂર્વક સાચી અન્યત્વ ભાવના તેમને હોય છે.

જ્ઞાયકસ્વભાવી આત્મા એકત્વ-વિભક્તરૂપ છે; પોતાના સ્વ-ભાવોથી તેને એકત્વ છે ને પરભાવોથી તે વિભક્ત છે. સ્વભાવમાં એકત્વરૂપ પરિણમન થતાં સમસ્ત પર ભાવોથી ભિન્નતા થઈ જાય છે; એટલે તેમાં એકત્વ અને અન્યત્વ બંને આવી ગયા. આ રીતે એકેક ભાવનામાં બીજી ભાવનાઓ પણ સમાઈ જાય છે. સ્વભાવનું જે શુદ્ધ પરિણમન થયું તેમાં બારે ભાવનાનું ફળ આવી ગયું; તેમાં વીતરાગતા અને આનંદ છે, ને તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સમાઈ જાય છે. તે આત્મા આસ્રવથી છૂટયો ને સંવર-નિર્જરારૂપ થયો, તે સંસારથી છૂટયો ને ધર્મરૂપ થયો, રત્નત્રયબોધિ જે અનાદિથી દુર્લભ હતી તે તેને સુલભ થઈ ગઈ, લોકનું સ્વરૂપ જાણીને તે લોકાગ્ર એવા સિદ્ધાલય તરફ ચાલ્યો. અનિત્ય-અશરણ-અશુચિરૂપ પરભાવોથી છૂટીને નિત્ય-શરણરૂપ અને પવિત્ર એવા પોતાના આત્માનો આશ્રય તેણે કર્યો; હવે તેને અશરણપણું કે અશુચીપણું ન રહ્યું; અન્યનો સંબંધ છોડીને તે પોતાના એકત્વમાં આવ્યો. આવી દશા થાય ત્યારે સાચી ભાવના ભાવી કહેવાય. તત્ત્વાર્થસૂત્રમાં આ બાર અનુપ્રેક્ષાઓનું ફળ સંવર કહ્યું છે. દરેક મુમુક્ષુએ આત્મહિત માટે આ ભાવના કર્તવ્ય છે.

આ ચૈતન્યભગવાન આત્મા પોતાના ગુણ-પર્યાયોનો પવિત્ર પિંડ છે, તે બીજા બધાના ગુણ-પર્યાયોથી જુદો છે. સ્વ અને પર, ચેતન અને જડ બે વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ જુદા છે. જેમ બે આંગળી જુદી છે, અથવા હિમાચલ ને વિંધ્યાચલ પર્વતો જુદા છે તેમ જીવ અને દેહ જુદા છે, બંનેના સ્વપ્રદેશો એકબીજાથી જુદેજુદા છે, બંનેનાં ગુણ-પર્યાયો જુદા છે, બંનેનાં લક્ષણો જુદા છે, બંનેનાં કાર્યો જુદાં છે; તેમને કયાંય એકતા નથી, સર્વ પ્રકારે અન્યપણું છે. અરે, અંતરમાં સૂક્ષ્મ ભેદજ્ઞાન કરતાં ચેતનાને અને રાગને પણ અનેરાપણું છે, બંનેનો સ્વાદ એકબીજાથી સાવ જુદો છે; ચેતનામાં શાંતિ છે, રાગાદિમાં આકુળતા છે. આમ ક્રોધાદિ આસ્રવભાવોને અને આત્માના ચેતનસ્વભાવને ભેદજ્ઞાન વડે જુદા જાણીને, વારંવાર તેમનું અન્યત્વ વિચારી, વીતરાગભાવની વૃદ્ધિ વડે પોતાના સ્વભાવમાં એકત્વરૂપ પરિણમવું તે અન્યત્વભાવનાનું ફળ છે. (અહીં પાંચમી અન્યત્વ-ભાવના પૂરી થઈ.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ૬. અશુચિત્વ ભાવના

**पल–रुधिर–राध–मल थैली कीकस वसादितैं मैली ।**
**नवद्वार बहे घिनकारी, अस देह करें किमि यारी ॥ ८ ॥**

આ કાયા તો અશુચિ–મલિનતાથી ભરેલી છે; તે માંસ–લોહી–પરુ અને મળ–મૂત્રથી ભરેલી થેલી છે; હાડકાં–ચરબી વગેરેથી તે મેલી છે; તેના આંખ–કાન–નાક–મોઢું વગેરે નવે દ્વારોમાંથી થૂંક–લાળ વગેરે ઘૃણાજનક દુર્ગંધી પદાર્થો વહ્યા કરે છે. અરેરે જીવ! આવી સર્વપ્રકારે અપવિત્ર કાયામાં તું પ્રીતિ કેમ કરે છે? એનાથી ભિન્ન તું ચૈતન્યમૂર્તિ ભગવાન, સર્વપ્રકારે પવિત્ર છો, તારા અનંત ગુણોમાંથી આનંદરસની ધારા વહે છે; એને તું જાણ...ને કાયાની માયા છોડ.

કાયા તો જડ છે, અશુચિથી ભરેલી છે; ને અંદરમાં જે ક્રોધાદિભાવો છે તે પણ મેલાં છે, જીવને અશુદ્ધતા કરનારાં છે, ચેતનસ્વભાવી ભગવાન આત્મા પવિત્ર છે, તે ક્રોધાદિ મલિનભાવોથી જુદો છે. આ રીતે—

અશુચીપણું વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એનાથી જીવ પાછો વળે.

શરીર અને રાગાદિ અશુદ્ધભાવોને અશુચિરૂપ જાણવાનું ફળ તો એ છે કે તેનાથી પાછા વળવું, એટલે કે ભેદજ્ઞાન વડે તેનાથી ભિન્ન આત્માના શુદ્ધ–પવિત્ર સ્વરૂપને જાણીને, તેના આશ્રયે વીતરાગભાવરૂપ પવિત્રતા પ્રગટ કરવી. જેને ચિદાનંદતત્ત્વનું ભાન છે તે જીવ આ ભાવનાઓ વડે વસ્તુસ્વરૂપ વિચારીને વૈરાગ્યની વૃદ્ધિ કરે છે. જે જીવ વસ્તુસ્વરૂપને નથી જાણતો તે જ શરીર વગેરેમાં સુખ માને છે. અરે ભાઈ! તું વિચાર તો કર કે પુદ્‌ગલના પિંડ એવા આ અચેતન શરીરમાં કયે ઠેકાણે સુખ ભર્યું છે? જો તો ખરો કે શરીરમાં હાડકાં–ચામડાં–વિષ્ટા સિવાય બીજું શું ભર્યું છે? મલિનતાથી ભરેલું આ શરીર ઉપર ચામડીરૂપી ચાદરથી ઢાંકેલું છે, જો તે ખોલીને દેખો તો એવો ઘૃણાજનક તેનો દેખાવ છે કે જોવાય ઊભો ન રહે. અને એની અંદર રહેલો ભગવાન આત્મા એવો પવિત્ર છે કે જેને જોતાં મહા આનંદ થાય છે. ભાઈ, કાયાનો પ્રેમ છોડીને તારા આત્માનો પ્રેમ કર.

કાયાની વિસારી માયા...સ્વરૂપે સમાયા એવા...
નિર્ગ્રંથનો પંથ ભવ–અંતનો ઉપાય છે.

અહો, મોક્ષમાર્ગી નિર્ગ્રંથમુનિવરો કાયા પ્રત્યે પણ ઉદાસીન વર્તતા થકા સ્વરૂપમાં લીન થઈને આનંદમાં ઝૂલે છે; જેમ વનનો રાજા સિંહ વિચરે તેમ જંગલમાં પરમેશ્વર ફરી રહ્યા છે–જાણે કે નાનકડા પરમાત્મા વનવિહાર કરી રહ્યા છે. વાહ, એવા મુનિભગવંતો ભવનો અંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને અશરીરી સિદ્ધપદને પામે એમાં શું આશ્ચર્ય ! ભાઈ, મોક્ષનો ઉપાય તો આ છે. તારે પણ મોક્ષદશા પામવી હોય તો કાયાની માયા છોડીને અંતરના ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતા કરવી તે જ ઉપાય છે.

'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' અથવા 'પહેલું સુખ તે જાતે નર્યા'–એ બધી ભાષા અજ્ઞાની–દેહબુદ્ધિવાળા જીવોની છે. જ્ઞાની તો કહે છે કે જેઓ કાયાની માયા છોડીને આત્માના સ્વરૂપમાં સમાયા તેઓ જ ખરેખર સુખી છે. સુખ તો આત્મામાં છે, તેને ભૂલીને કાયામાં જે સુખ માને તે કાયાની મમતા કદી છોડે નહિ. દેહમાં જેણે સુખ માન્યું તેણે શરીરને જ પોતાનું માન્યું, તે દેહની મમતાને લીધે સંસારમાં ફરીફરીને દેહને જ ધારણ કરશે, ભવનો અંત તેને નહીં થાય. અહીં તો ભવના અંતની વાત છે હે જીવ ! દેહથી ભિન્ન આત્માના સ્વભાવનો એવો પ્રેમ કર, એવી ભાવના કર કે અત્યારે જ અંદરથી ભવના અંતના ભણકાર આવી જાય. ભાઈ, ચારે ગતિના કોઈ સંયોગમાં સુખ નથી, સુખ તો આત્માનો સ્વભાવ છે. આત્માનો જે ભાવ મોહ વગરનો છે તે જ સુખ છે. બીજે ક્યાંય સુખ નથી; શુભરાગ પણ અશુચિ છે તેમાંય સુખ નથી, તે પોતે દુઃખ છે.

ભગવાન આત્મા, ચેતનસ્વભાવી સ્વયં પવિત્ર છે, ક્રોધાદિ કષાયોની કલુષતા–મલિનતા એનામાં નથી; દેહનું અશુચિપણું તો ઉપચારથી છે, પુદ્‌ગલને અશુચિ શું ને શુચિ શું ? ખરું અશુચીપણું તો કષાયભાવોમાં છે, તે મલિન છે, અશુદ્ધ છે, જીવને દુઃખ દેનારાં છે. આમ વિચારીને પોતાના શુદ્ધસ્વભાવની ભાવના વડે તેનો નાશ કરવો તે અશુચિભાવનાનું ફળ છે. સ્વભાવની સન્મુખતા વગર એકલા પર લક્ષે સાચી વૈરાગ્યભાવના હોતી નથી.

અહા, ક્યાં આત્માની પવિત્રતા !–કે જેમાં અનંત આનંદની ખાણ ભરી છે ! અને ક્યાં દેહની અપવિત્રતા,–કે જેમાં મળ–મૂત્રની ખાણ ભરી છે ! શ્રીમદ્‌રાજચંદ્રજી અશુચિભાવનામાં લખે છે—

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસધામ;<br>
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.<br>
શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ;<br>
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ.

આત્મા 'સ્વયં જ્યોતિ સુખધામ'...અને શરીર 'રોગ–જરાનું ધામ.' આત્મા આનંદની ખાણ; શરીર મળ–મૂત્રની ખાણ. —આમ વિચારીને ધર્માત્મા કાંઈ દેહની અશુચી સામે નથી જોયા કરતા, પણ તેનાથી વિરક્ત થઈને તેનાથી ભિન્ન પરમ શુચિરૂપ, આનંદની ખાણ એવા પોતાના આત્માની સન્મુખ એકાગ્ર થાય છે....ત્યાં અશુચિપણું મટીને પવિત્ર અનુભૂતિ થાય છે વીતરાગતા થાય છે. હે આત્મા ! તું આનંદની ખાણ....મહાપવિત્ર, તને મળમૂત્રની ખાણ એવા આ શરીરની ભાઈબંધી શોભતી નથી....તેની મમતા તને શોભતી નથી. અરેરે ચૈતન્યમૂર્તિ ભગવાન આ મૃતકકલેવરમાં કેમ મૂર્છાઈ રહ્યો છે ! ! જેની મમતા આત્માને દુઃખી કરે ને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસારમાં રખડાવે એવા શરીરની ભાઈબંધી શી કરવી ! હે જીવ ! હવે તું દેહબુદ્ધિ છોડ.... દેહમાં આત્મબુદ્ધિ કરી કરીને ઘણું રખડ્યો ને દુઃખી થયો....હવે તે છોડીને તારા ચૈતન્યપ્રભુ સાથે ગોષ્ઠી કર....એની ગોષ્ઠી તને મહાન સુખ આપશે.

અનંત ગુણથી ભરેલો આત્મા તો આનંદનું કારખાનું છે, ને મળ-મૂત્રથી ભરેલું શરીર તે તો અનાજમાંથી વિષ્ટા બનાવવાનું કારખાનું છે; એમાં ગમે તેવું સારું અનાજ નાંખો તે બાર કલાકે વિષ્ટા થઈને બહાર આવે. દુનિયામાં બીજો કોઈ એવો સંચો નથી કે જે અનાજમાંથી વિષ્ટા બનાવી શકે. આ શરીર જ એવો સંચો છે કે મેસુબ-જાંબુ-શીખંડ-કેરીનો રસ વગેરે ગમે તે વસ્તુને બેચાર ઘડીમાં વિષ્ટા બનાવી દે. એની અંદર માંસ-ચરબીના લોચા, લોહી-પરૂ ને મળ-મૂત્ર ભર્યાં છે. એમાં ક્યાંય સુખ નથી ભર્યું. -આમ શરીરનું સ્વરૂપ વિચારે તો એનો મોહ ઊડી જાય....અરે, આવા શરીરની ભાઈબંધી શી ? આવા શરીરને ધારણ કરવું, એને પોતાનું માનવું-તે તો કલંક છે, શરમ છે. એની સામે આત્માનો સ્વભાવ કેવો છે ? જ્ઞાન-આનંદ વગેરે અનંતગુણોની ખાણ છે, અતીન્દ્રિય આનંદ અને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવાનું કારખાનું છે; અંતર્મુહૂર્ત તેમાં એકાગ્ર થતાં જ તેમાંથી કેવળજ્ઞાનનું ઉત્પાદન શરૂ થાય છે; ને પછી પ્રત્યેક સેકંડમાં અસંખ્યવાર કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. હે ભાઈ! તું આવા મહાપવિત્ર ગુણભંડાર તારા આત્માની ભાઈબંધી કર તો તારા શરમજનક જન્મો ટળી જશે, ફરીને માતાના પેટમાં પુરાવું નહીં પડે. અરેરે, આવા ભગવાન આત્માને મલિન શરીર ધારણ કરવું પડે ને નવ માસ માતાના ગર્ભમાં મલિન વસ્તુઓની વચ્ચે ઊંધા માથે પુરાઈ રહેવું પડે ! એ તો શરમની વાત છે. સિદ્ધાલયના વાસી ભગવાન આત્માને આવા ગર્ભવાસ શોભતા નથી. હે જીવ ! આવા જન્મ-મરણથી જો તારું ચિત્ત ભયભીત હોય ને એનાથી તું છૂટવા ચાહતો હો તો, યોગીન્દુસ્વામી કહે છે કે – ધ્યાનવડે તારા અંતરમાં સિદ્ધસમાન પવિત્ર આત્માને દેખ—

ચારગતિ દુઃખથી ડરે તો તજ સૌ પર ભાવ,
શુદ્ધાતમ ચિંતન કરી શિવસુખનો લે લાવ.
ધ્યાનવડે અભ્યંતરે દેખે જે અશરીર,
શરમજનક જન્મો ટળે, પીએ ન જનની-ક્ષીર.

અશરીરી આત્માને શરીર વચ્ચે જન્મો ધારણ કરવા તે શરમજનક છે. દેહથી ભિન્ન આત્માને જાણીને અશરીરી એવા સિદ્ધપદવી સાધના કરવી – તેમાં આત્માની શોભા છે.

પ્રશ્ન :—મનુષ્યદેહને તો શુભ કહ્યો છે ને ?
—'બહુ પુણ્ય કેરા પૂંજથી શુભદેહ માનવનો મળ્યો....'

ઉત્તર :—તેમાં કાંઈ શરીરને શુભ નથી કહેવું પણ આવું સંજ્ઞી-મનુષ્યપણું એટલે આત્માને સમજવા જેટલો ક્ષયોપશમ તથા ધર્મને સાધવાનો સુઅવસર મળ્યો તે શુભ છે; અને તે અપેક્ષાએ મનુષ્યઅવતારને શુભ કહ્યો. પરંતુ—' તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો....' મનુષ્યપણું જો વિષય-કષાયોમાં જ ગુમાવે ને આત્માને ભવચક્રથી છોડાવવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દરકાર ન કરે, તો તેની ફૂટી કોડીની પણ કિંમત નથી; મનુષ્યપણું બહુ દુર્લભ કહ્યું છે તે કાંઈ શરીરનો મહિમા બતાવવા માટે નથી કહ્યું પણ ધર્મની સાધના માટે કહ્યું છે; દુર્લભપણું જાણીને તું મનુષ્યજીવનને વિષયભોગોમાં વેડફી ન નાંખીશ પણ આત્માની દરકાર કરીને ભવના અંતનો ઉપાય કરજે. એટલે દુર્લભતા ખરેખર શરીરની નહિ પણ ધર્મની છે. આત્મા છે તો શરીરની શોભા છે, અંદરથી આત્મા ચાલ્યો જાય કે તરત શરીર ગંધાઈ ઊઠે છે ને સડી જાય છે. શરીર ગમે તેવું રૂપાળું-જુવાન હોય, પણ જો તેના ઉપરનું ચામડીનું પાતળું પડ કાઢી નાંખો તો અંદર તે એવું ધૃણાજનક છે કે જોવું પણ ન ગમે. અને ચૈતન્યતત્ત્વ અંદર એવું સુંદર છે કે તેને સ્વાનુભૂતિથી ખોલીને દેખો તો અપૂર્વ જ્ઞાન ને આનંદના ફૂવારા તેમાંથી નીકળે. શરીરમાંથી તો લોહી-માંસ નીકળે, આત્મામાંથી જ્ઞાન ને આનંદ નીકળે. 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' એ તો કાંઈ સાચું નથી, શરીર તંદુરસ્ત હોય છતાં અંદર કોઈ જીવ અપમાન-ક્રોધ વગેરેથી સળગી રહ્યો હોય....ને મહા દુઃખી થઈ રહ્યો હોય. અરે, દેવલોકના દેવોને તો કેવું નીરોગ-સુંદર શરીર હોય છે! છતાં તેઓ પણ મોહથી દુઃખી છે. શરીર જીવને સુખી કરી શકતું નથી; જે પોતે જડ છે તે બીજાને શું સુખ કરે? ખરેખર સુખ તો આત્મામાં છે એટલે 'આત્મામાં જે સુખી તે સુખી સર્વ વાતે.'-જેણે અંતરમાં આત્માના શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ વડે આત્માનું સુખ પ્રગટ કર્યું તેને દેહાદિની પ્રતિકૂળતા હોય તોપણ સુખમાં તે નડતી નથી, કેમકે તે સુખ સ્વભાવમાંથી આવ્યું છે, સંયોગમાં માનેલું નથી; આત્મા પોતે જ તે સુખરૂપ થઈ ગયો છે.

અહા, જેના સ્વભાવને યાદ કરતાં પણ દુઃખ ભૂલાય ને શાંતિ થાય - એવો આત્મા છે; તેના સાક્ષાત્ અનુભવમાં જે સુખ થાય - તેની શી વાત! સોનાની ખાણ ખોદે તો સોનું નીકળે, ને લોઢાની ખાણ ખોદે તો લોઢું નીકળે; આત્મા અને શરીર બંને તદ્દન જુદી જુદી ખાણ છે; આત્માની ખાણ ખોદે (તેમાં એકાગ્રતા કરે) તો તેમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ વગેરે અનંતા પવિત્ર રત્નો નીકળે, અને શરીરની ખાણ ખોદે તો તેમાંથી મલિનતા જ નીકળે છે. શરીરની તો સ્થૂળ વાત છે, બાકી તો અંદરના ક્રોધાદિ ભાવોરૂપ આસ્રવો છે તે પણ જીવના સ્વભાવથી જુદા અશુચિરૂપ છે.

૧. 'ભગવાન આત્મા' ચેતકસ્વભાવી, સ્વ-પરને ચેતનારો છે; ચેતનાથી અભિન્ન છે.
આસ્રવરૂપ ક્રોધાદિ ભાવો પોતાને કે પરને જાણી શકતા નથી, તેમને તો બીજો જ (એટલે કે તેમનાથી ભિન્ન જ્ઞાનરૂપ પરિણમતો આત્મા જ) જાણે છે, તેથી તેમનામાં ચેતકસ્વભાવપણું નથી, એટલે તેઓ જડસ્વભાવી છે; ચેતનાથી જુદા છે.

૨. જ્ઞાયકસ્વભાવી 'ભગવાન આત્માનો' અનુભવ અત્યંત પવિત્ર છે.
ક્રોધાદિ આસ્રવભાવોનો અનુભવ અત્યંત મલિન, અપવિત્ર છે.

૩. 'ભગવાન આત્મા' પોતે સદાય નિરાકુળ-સ્વભાવી હોવાથી તેનો અનુભવ પરમ આનંદ ઉપજાવે છે, તેમાં જરાય દુઃખ નથી.
ક્રોધાદિ આસ્રવભાવોનો અનુભવ તો આકુળતાથી ભરેલો અને દુઃખ ઉપજાવનાર છે.

[ ત્રણે બોલમાં આચાર્યદેવે આત્માને 'ભગવાન' કહ્યો છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આમ ભગવાન આત્મા અને ક્રોધાદિ એ બંનેના સ્વરૂપની અત્યંત ભિન્નતા જાણતાવેંત જીવની પરિણતિ પોતાના પવિત્ર સ્વરૂપમાં તન્મય થઈને, ક્રોધાદિ અશુચિભાવોથી છૂટી પડી જાય છે. આનું નામ અશુચિભાવના છે, ને વીતરાગતારૂપ શુચિ પ્રગટી તે તેનું ફળ છે.

અરે જીવ! સંતો જેને ભગવાન કહીને બોલાવે એવો મહાન આત્મા તું પોતે....આવા આત્માની લગની છોડીને તું મૃતકકલેવર એવા આ શરીરની લગનીમાં મોહી પડયો, એ તને શોભતું નથી, અરે ભાઈ! જેમાં અનંત સુખ ભર્યું છે – અનંત સુખમાં જે લીન છે તેના લક્ષે સુખ થાય; પણ જેનામાં સુખ છે જ નહીં એવા શરીરના લક્ષે સુખ ક્યાંથી થાય? જ્યાં સુખ નથી ત્યાં લેવા જાય તો ઝાંઝવાની માફક માત્ર આકુળતા ને દુઃખ જ થાય, તૃપ્તિ ન થાય. ધર્મીજીવ તો પોતાના આત્માને શરીર વગેરે સમસ્ત વિષયોથી જુદો જાણે છે, હું પોતે સુખ વગેરે અનંત ગુણની ખાણ છું – એમ ઓળખીને તે સદાય પોતાના પવિત્ર આત્મસ્વભાવની ભાવના ભાવે છે, તેમાં ઠરે છે; ને તેને સર્વપ્રદેશે આનંદ ઝરે છે.

શરીરમાં તો સર્વાંગે મલિનતા ભરી છે ને તેના નવ–દ્વારોમાંથી મેલ જ ઝરે છે. ભગવાન આત્મામાં અસંખ્યપ્રદેશમાં સર્વાંગે પવિત્રતા ભરી છે ને નવક્ષાયિકલબ્ધિવડે તેના સર્વાંગેથી અનંત આનંદરસના ઝરણાં વહે છે, સર્વપ્રદેશોમાં બસ શાંતિ....શાંતિ ને શાંતિ અનુભવાય છે. શરીરના મેલને તો અડતાંય શરમ થાય – ઘૃણા થાય; ને ચૈતન્યના નિધાન ઉપર તો નજર કરતાંય ન્યાલ થવાય ને અપૂર્વ નજરાણું મળે—સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થાય.

જુઓ, આ અશુચિભાવના! અશુચિભાવનામાં એકલી શરીરની અશુચીનો જ વિચાર નથી, તેની સામે ચૈતન્યસ્વભાવની શુચી–પવિત્રતાનું સ્વરૂપ વિચારીને તેમાં એકાગ્ર થવા માટે આ ભાવના છે. અરે જીવ! તારા મહાપવિત્ર ગુણભંડારને મૂકીને તું એવા મલિનતાના ભંડારમાં શું લેવા જાય છે? એની ભાઈબંધી કેમ કરે છે? – ને તારા સ્વભાવનો પ્રેમ કેમ નથી કરતો? અહા, કેવળીભગવાન પણ જેનાં વખાણ કરે–એવી તારી ચૈતન્યચીજ! – એનાથી ઊંચું બીજું કાંઈ જગતમાં નથી.–તો તેની પ્રીતિ છોડીને તું દેહમાં કેમ મૂર્છાય છે? તારા સ્વભાવમાં પ્રીતિ જોડવા....ને તેમાં એકાગ્ર થઈને સુખનો અનુભવ કરવા માટે તારે કાંઈ શરીર વગેરે કોઈની જરૂર નથી; તું એકલો પોતે પોતાના સ્વભાવના મહિમામાં એકાગ્ર થઈને પરમ સુખ–શાંતિનું વેદન કરી શકે છે. માટે ભેદજ્ઞાનવડે ભિન્નતા જાણીને દેહબુદ્ધિ છોડ ને આત્મામાં બુદ્ધિ જોડ. તને પરમ સુખ થશે.

રૂપાળા શરીરમાંથી જાણે સુખ લઈ લઉં! –એમ મૂઢ જીવો મોહ કરે છે; પણ અરે ભાઈ! જેમાં અપવિત્ર પદાર્થો ભર્યા છે, અને જેના સ્પર્શથી ચંદનાદિ ઉત્તમ વસ્તુઓ પણ અપવિત્ર થઈ જાય છે – એવા આ શરીરનો મોહ શો? તારું ચૈતન્યતત્ત્વ અનંતા પવિત્ર ગુણોથી ભરેલું છે, એના સ્પર્શથી (અનુભવથી) પણ આનંદ થાય છે....એમાં ઉપયોગ જોડ ને! અહા, કેવો સુંદર આત્મા! પ્રેમપૂર્વક તેની વાત સાંભળતાં તું ન્યાલ થઈ જઈશ, ને અનુભવ કરતાં તો મોક્ષસુખનો નમૂનો ચાખીશ. આવા આત્માને ભૂલીને મૂર્ખ જીવ શરીરની મમતા કરે છે ને જરાક પ્રતિકૂળતા આવે ત્યાં આર્તધ્યાન કરીને આનાથીયે વધુ દુઃખને ભવિષ્યમાં નોતરે છે, અશુભ કર્મો બાંધે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ જીવ સમ્યગ્દષ્ટિ હોય ને શરીરમાં રોગ થાય; કોઈ મિથ્યાદષ્ટિ હોય ને શરીર નીરોગી હોય; –એ તો બધા કર્મના ચાળા છે ને દેહની અવસ્થા છે. ધર્મી એને પોતાથી ભિન્ન જાણે છે. 'પાપી જીવોનું શરીર નીરોગી, અને હું ધર્માત્મા છતાં મને રોગ'–એમ ધર્મી જીવ મુંઝાતા નથી; રોગ શરીરમાં તેથી મને શું? શરીરનો ધર્મ શરીરમાં, મારો ધર્મ મારામાં. રોગ થાય તે શરીરનો ધર્મ (-શરીરની અવસ્થા) છે; મારા ધર્મને કે મારી શાંતિને શરીર સાથે શું સંબંધ છે? શરીરમાં રોગ હો છતાં હું મારા ચૈતન્યની નીરોગી શાંતિમાં રહી શકું છું.–આ પ્રમાણે ભેદજ્ઞાનના બળે ધર્મીજીવ અહીં શાંતિ વેદે છે, ને એ શાંતિનું વેદન વધારતા – વધારતા કેવળજ્ઞાન પામીને મોક્ષમાં ચાલ્યા જાય છે. એ મોક્ષની શાંતિનો નમૂનો અહીં સાધકદશામાં દેખાય છે. અને અજ્ઞાની – પાપી ક્રૂર જીવો અહીં હરણ વગેરેને મારીને ક્રૂર પરિણામથી નાચે છે, તે ક્રૂરતા વધારીને નરકમાં જવાના છે; તે નરકનો નમૂનો અહીં અત્યારે જ તેમનામાં દેખાય છેને!–એવા જીવો નરકમાં ન જાય તો ક્યાં જાય? પાપી જીવોના પરિણામમાં નરકદુઃખનો નમૂનો છે ને ધર્મીજીવોના પરિણામમાં અહીં જ મોક્ષસુખનો નમૂનો છે.

બાપુ, આવા પાપના તેમજ પુણ્યના જે રાગદ્વેષરૂપ મલિન પરિણામો છે તેનાથી જ્ઞાનસ્વરૂપી આત્મા જુદો છે; શાંતિથી ભરેલો તારો આત્મા પવિત્ર સ્વભાવી છે; માટે કાયા અને કષાય બંનેથી નીરાળા તારા પવિત્ર આત્માનો વિચાર કર ને તેની સન્મુખ એકાગ્ર થઈને અહીં જ મોક્ષસુખના સ્વાદનો નમૂનો ચાખી લે. આત્માની સન્મુખતામાં જ સાચી શાંતિ ને પવિત્રતા છે.

( છઠ્ઠી અશુચિત્વ ભાવનાનું વર્ણન પૂરું થયું. )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૭. આસ્રવ-અનુપ્રેક્ષા

जो योगनकी चपलाइ तातैं है आस्रव भाई ।
आस्रव दुःखकार घनेरे, बुधिवंत तिन्हें नीरवेरे ॥ ९ ॥

મન-વચન-કાયાસંબંધી યોગોની ચંચળતા વડે કર્મોનો આસ્રવ થાય છે; હે ભાઈ! આ આસ્રવો જીવને બહુ દુઃખ દેનારાં છે; તેથી બુદ્ધિમાન-સમ્યગ્જ્ઞાની જીવ તેને દૂર કરે છે.

અહીં આસ્રવોને દુઃખકાર કહ્યા તેમાં પાપ તેમજ પુણ્ય બધા આસ્રવો આવી ગયા. બધા આસ્રવો દુઃખકારી છે; દ્રવ્યકર્મનો આસ્રવ તો નિમિત્તરૂપ છે, ખરેખર જે ભાવથી કર્મનો આસ્રવ થાય છે તે મોહરૂપ કષાયભાવ જ જીવને દુઃખરૂપ છે. -આ રીતે આસ્રવોને દુઃખરૂપ ચિંતવીને ધર્મીજીવ પોતાના સ્વભાવની ભાવના વડે તે આસ્રવોથી નિવૃત્ત થઈ જાય છે, આસ્રવોને દૂર કરે છે. -આનું નામ 'આસ્રવભાવના' છે.

જુઓ, કહેવાય 'આસ્રવ ભાવના'—પણ તેમાં કાંઈ આસ્રવની ભાવના નથી, ભાવના તો શુદ્ધ આત્માની છે, આસ્રવથી છૂટવાની ભાવના છે. માત્ર આસ્રવનો વિચાર કર્યા કરે પણ તેનાથી પાછો વળીને આત્મા તરફ ન આવે તો તેને સાચી આસ્રવ-અનુપ્રેક્ષા કે વૈરાગ્યભાવના કહેવાય નહીં.—આ વાત બધી ભાવનામાં સમજી લેવી.

સમયસારમાં કહે છે કે—

આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ-આત્માતણું,
જાણે વિશેષ-અંતર તદા બંધન નહીં તેને થતું.

ક્રોધાદિ આસ્રવો દુઃખરૂપ છે ને આત્માનો સ્વભાવ સુખરૂપ છે; આત્માને ચેતના સાથે તન્મયતા છે, ને ક્રોધાદિને ચેતના સાથે તન્મયતા નથી;-આ પ્રમાણે લક્ષણો દ્વારા, ચેતનસ્વરૂપ આત્મા તે હું ને ક્રોધાદિ-આસ્રવો તે હું નહિ—એમ બંનેનો તફાવત તથા ભિન્નતા જાણતાંવેંત જીવ પોતાના સ્વભાવરૂપ પરિણમવા માંડે છે ને ક્રોધાદિથી ભિન્ન થઈ જાય છે, એટલે તેને બંધન થતું નથી; તે મોક્ષમાર્ગમાં આવી ગયો, તેના બંધન છૂટવા માંડયા. આનું નામ આસ્રવભાવના છે ને તેનું ફળ વીતરાગતા છે, આનંદ છે.

આસ્રવભાવના એટલે આસ્રવોને રોકનારી ભાવના. કર્મોનો સંયોગ તે દ્રવ્યઆસ્રવ છે ને તેના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવો તે ભાવઆસ્રવો છે. આ ભાવઆસ્રવો જીવને દુઃખકારી છે. પાપ તેમ જ પુણ્ય, અશુભ તેમ જ શુભ એ બધાય ભાવો આસ્રવ છે ને તે બધાય દુઃખનાં જ કારણો છે. ૧૪૮ કર્મપ્રકૃતિ જે ભાવોથી બંધાય છે તે બધાય બંધભાવો દુઃખનાં જ કારણ છે. આત્માનો ચિદાનંદ સ્વભાવ છે તે બંધભાવ વગરનો છે, કર્મનો સંબંધ તેનામાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી; તે સ્વભાવની સન્મુખ થતાં કર્મનું બંધન છૂટી જાય છે, નવાં કર્મો આવતાં નથી. એ રીતે આસ્રવનો નિરોધ થઈ ને સંવર-નિર્જરા-મોક્ષ થાય છે.

મન-વચન-કાયાના સંબંધથી આત્મપ્રદેશોમાં ચંચળતા થતાં કાર્મણવર્ગણાનાં રજકણો કર્મરૂપ થઈ ને આવે છે, તથા જીવના કષાયભાવ-અનુસાર તે જીવની સાથે બંધાય છે; ને સમ્યક્ત્વાદિ વીતરાગભાવ થતાં તે કર્મો છૂટી જાય છે. માટે હે ભાઈ! તું આસ્રવનાં કારણોનું સેવન છોડ ને મોક્ષનાં કારણોનું સેવન કર.

જીવને આસ્રવ-બંધના પાંચ કારણો છે—મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ. તેમાં મિથ્યાત્વ સૌથી મુખ્ય છે, તેના નાશ વગર બીજાં અવ્રતાદિ પણ છૂટતાં નથી. રાગનો એક નાનો કણિયો પણ જીવને આસ્રવનું ને દુઃખનું કારણ છે-એમ જાણવું જોઈએ, તેને સંવરનું કે સુખનું કારણ માનવું ન જોઈએ. સંવર તો વીતરાગભાવ વડે જ થાય છે. પહેલાં સમ્યગ્દર્શન વડે મિથ્યાત્વનો અને તે સંબંધી ૪૧ કર્મપ્રકૃતિનો સંવર થાય છે. સમ્યગ્દર્શનપૂર્વકના વીતરાગ ભાવ વડે જ સમસ્ત કર્મોનો સંવર થાય છે. આ પ્રમાણે દુઃખકારક આસ્રવનું સ્વરૂપ શું છે, તથા તેને રોકવાના ઉપાય શું છે-તેનું ચિન્તન કરીને, હે ભવ્ય બુદ્ધિમાન! તું આસ્રવનાં કારણોનું સેવન છોડ; ને તે આસ્રવોને રોકવાનો ઉપાય કર.- આમ કરવું તેનું નામ આસ્રવ-ભાવના છે. આવી આસ્રવભાવના આસ્રવોને રોકનારી છે. આસ્રવભાવનાથી આસ્રવ રોકાય છે ને સંવરભાવનાથી સંવર પ્રગટે છે.

હે બુદ્ધિમાન મુમુક્ષુ! જો તારે સંસારનો આરો લાવવો હોય ને મોક્ષના વારામાં આવવું હોય તો, આસ્રવોનું દુઃખકારક સ્વરૂપ વિચારીને તેને છોડ!-કઈ રીતે? પોતાના શુદ્ધસ્વભાવનો આશ્રય લેતાં શુદ્ધતા પ્રગટે છે ને આસ્રવો છૂટી જાય છે.

ચારગતિ દુઃખથી ડરે તો તજ સૌ પરભાવ;
શુદ્ધાતમ-ચિન્તન કરી શિવસુખનો લે લ્હાવ.

જેને ચારે ગતિનાં દુઃખનો ભય હોય; – શુભરાગથી દેવગતિ મળે – તે પુણ્યફળમાં પણ જેને સુખ ન લાગે, તે મુમુક્ષુ જીવ સમસ્ત પરભાવોથી રહિત એવા પોતાના શુદ્ધાત્માનું ચિન્તન કરીને મોક્ષસુખનો સ્વાદ લ્યે છે. પ્રભુ, તારો આત્મા શાંતરસનો સમુદ્ર છે, તેમાંથી રાગ કે દુઃખ ન આવે; ને પરના આશ્રયે શાંતિ ન આવે. પરના આશ્રયે શુભ-અશુભરાગ થાય તે દુઃખ છે, ને દુઃખનું જ કારણ છે, એટલે સંસાર છે. અજ્ઞાની જીવ તે રાગને ધર્મનું— સુખનું કે મોક્ષનું સાધન બનાવવા માંગે છે, તેને આસ્રવના સાચા સ્વરૂપની ખબર નથી; સાચી આસ્રવ-ભાવના તેને હોતી નથી. ભગવાન આત્મા શુભ-અશુભ લાગણીના લૂગડાં વગરનો છે, તેના સહજ-નિર્ગ્રંથસ્વરૂપ ઉપર શુભાશુભ લાગણીનો બોજો નથી. —આ રીતે આસ્રવ-ભાવના દ્વારા વૈરાગ્યનું જોર વધારીને મહાભાગી મુનિવરો આસ્રવથી ભિન્ન આત્માના અનુભવમાં એકાગ્રતા કરે છે, તેમને આસ્રવનિરોધરૂપ સંવર થાય છે.

જુઓ, બુદ્ધિવંત જીવ શુભઆસ્રવને પણ દુઃખનું કારણ જાણીને તેને નિવારે છે—આવી ચોકખી વાત છહઢાળા જેવા આ નાનકડા ગ્રંથમાં પણ કરી છે. પંડિતજીએ પૂર્વાચાર્યોની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંપરાને અનુસરીને આ પુસ્તક લખ્યું છે. તેઓ લખે છે: 'आस्रव दुःखकार घनेरे' તે 'ઘણા દુઃખકાર'માં પુણ્ય-આસ્રવ પણ આવી ગયા; અને 'बुद्धिवंत तिन्हें निरवारे' એટલે બુદ્ધિમાન અર્થાત્ જ્ઞાની જીવ તેને પણ નિવારવાનો ઉદ્યમ કરે છે; તેને છોડવા જેવા સમજ્યો ત્યારે તો સમ્યગ્જ્ઞાન થયું; તે ઉપરાંત તેને સર્વથા છોડવા માટે આ વૈરાગ્યભાવના ચિંતવે છે; હે ભાઈ! તું પણ શુભાશુભથી પાર શુદ્ધ આત્માને દૃષ્ટિમાં લઈને આવી ભાવના કર...તને મહાન આનંદ થશે. આ ભાવના વૈરાગ્યને ઉપજાવનારી માતા છે.

આના પછીની ૧૦ મી ગાથામાં (સંવરભાવનામાં) કહેશે કે 'जिन पुण्य-पाप नहीं कीना, आतम अनुभव चित्त दीना'-તેને જ સંવર અને સુખ થાય છે. જેનું ચિત્ત રાગમાં-પુણ્યમાં લાગેલું હોય તેને સંવર કે સુખ થતું નથી. ચૈતન્યમાં જેનું ચિત્ત લાગે ને રાગથી જેનું ચિત્ત હટી જાય તેને જ સંવર અને સુખનો અનુભવ થાય છે. એટલે પહેલેથી જેણે પાપ-પુણ્ય બંનેને આસ્રવરૂપ જાણ્યા, દુઃખકર જાણ્યા ને છોડવા જેવા જાણ્યા તે જ તેનાથી પાછો વળીને તેનો સંવર કરી શકે છે. આસ્રવને કરવા જેવો માને કે હિતકર માને તો તેને છોડે શેનો? ને તેનો સંવર કઈ રીતે થાય! હે ભાઈ! કોઈપણ રાગ-દ્વેષ થાય ત્યાં તને એમ લાગવું જોઈએ કે અરેરે, જેટલા કષાય થાય છે તેમાં મારું અહિત છે-પછી ભલે તે અશુભ હો કે શુભ હો-તે બધા મને દુઃખ દેનાર છે ને તેનું નિવારણ કરવામાં જ મારું હિત છે.

આસ્રવ કે બંધને, સંવર કે નિર્જરારૂપ માને તેને બાર વૈરાગ્યભાવનાનું સાચું ચિન્તન હોય નહિ. આસ્રવ-બંધ તો અનર્થરૂપ તત્ત્વ છે, તેનું ફળ અનર્થરૂપ-દુઃખરૂપ છે; પુણ્યને પણ બેડી કહી છે-ભલે સોનાની, પણ તે જીવને બાંધનાર છે-દુઃખ દેનાર છે, મુક્તિ દેનાર નથી કે સુખ દેનાર નથી. અજ્ઞાની જ તેમાં રાજી થાય છે ને તેના સેવનમાં સુખ માને છે. તેનું તો તત્ત્વચિંતન જ મિથ્યા છે, ભૂલવાળું છે. અહીં તો વસ્તુસ્વરૂપના સાચા જ્ઞાનસહિતના વૈરાગ્યચિંતનની વાત છે. ચૈતન્યના અનુભવરૂપ વીતરાગભાવ સિવાય કોઈ રીતે ભવદુઃખથી છૂટકારો થાય તેમ નથી. લાખ વાતની વાત, એટલે કે બધા કથનનો સાર આ એક છે કે પુણ્ય-પાપરૂપ સમસ્ત કષાયભાવોથી ભિન્ન ચિદાનંદ-સ્વરૂપ આત્માને અંતરમાં ધ્યાવો. એના સિવાય મોક્ષનો બીજો કોઈ ઉપાય નથી, ક્યાંય આરો નથી. સરાગ ભૂમિકામાં અનેક પ્રકારના શુભભાવો પણ થતા હોય છે પણ તે નવાકર્મના બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી —એમ સાચું જ્ઞાન કરવું જોઈએ. સાચું જ્ઞાન કરે તો મોક્ષમાર્ગ ચાલુ રહે. વસ્તુસ્વરૂપને જાણીને સ્વભાવની ભાવનાના બળે જ્ઞાની-ધર્માત્મા આસ્રવોને રોકે છે, સંવરરૂપી યોદ્ધો બાર વૈરાગ્યભાવનાના ચિંતનરૂપી ઢાલવડે આસ્રવોને રોકે છે. આસ્રવભાવનામાં આસ્રવ કરવાની ભાવના નથી પણ આસ્રવનું સ્વરૂપ દુઃખદાયક વિચારી, શુદ્ધ સ્વરૂપના ચિન્તન વડે તેનું નિવારણ કરવું—તે આસ્રવભાવનાનું તાત્પર્ય છે.

(ઇતિ આસ્રવની અનુપ્રેક્ષારૂપ સાતમી ભાવના પૂરી.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ૮. સંવર ભાવના

जिन पुन्य-पाप नहिं कीना, आतमअनुभव चित्त दीना ।
तिनही विधि आवत रोके संवर लहि सुख अवलोके ।।

જેઓ પુણ્ય-પાપ રાગ-દ્વેષના ભાવો નથી કરતા, અને આત્મઅનુભવમાં ચિત્તને જોડે છે તેઓ કર્મના આગમનને રોકે છે; એ રીતે સંવરદશા પ્રગટ કરીને સુખનો સાક્ષાત્કાર કરે છે.

આ સંવરતત્ત્વના સ્વરૂપનો વિચાર છે. જેમ આસ્રવનું સ્વરૂપ ચિંતવીને જીવ તેનાથી વિરક્ત થાય છે તેમ આ સંવરનું સ્વરૂપ ચિંતવીને, તેને સુખકર જાણીને જીવ પોતે તે-રૂપે પરિણમે છે. -એ જ સાચી સંવર-ભાવના છે. સમયસાર સંવરઅધિકારમાં આચાર્યદેવે આ વાત બહુ સરસ સમજાવી છે: ઉપયોગમાં ઉપયોગ છે ને ઉપયોગમાં ક્રોધ નથી-એમ બંનેની અત્યંત ભિન્નતાને ભેદજ્ઞાન વડે જે જીવ જાણે છે, જાણીને ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્માને અનુભવે છે, તે જીવ અંશમાત્ર રાગાદિને પોતાના ઉપયોગમાં ભેળવતો નથી.—

આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને;
ત્યારે ન કંઈપણ ભાવ તે ઉપયોગ-શુદ્ધાત્મા કરે.

જુઓ, આ સંવરભાવના છે. સંવરમાં શુભ-અશુભ બંને રાગનો અભાવ છે. તેથી અહીં કહ્યું કે '**जिन पुण्य-पाप नहीं किना**'-તો શું કર્યું? કે '**आतम अनुभव चित्त दीना**' ઉપયોગને શુદ્ધ આત્માના અનુભવમાં જોડ્યો છે. પુણ્ય અને પાપ બંનેથી પાર એવા શુદ્ધ ઉપયોગવડે આત્માનો અનુભવ થાય છે; અને આવા અનુભવ વડે જ કર્મોનો સંવર થાય છે. ભેદજ્ઞાન વડે સંવરરૂપે પરિણમેલો ધર્માત્મા-જ્ઞાની પોતાના શુદ્ધ ઉપયોગ સિવાય કોઈ પણ અશુદ્ધ ભાવને-પાપને કે પુણ્યને-પોતાના સ્વભાવપણે અનુભવતો નથી એટલે તેને જરાપણ કરતો નથી. આ રીતે, શુભરાગ વડે સંવર નથી થતો પણ શુભરાગનાય અભાવ વડે સંવર થાય છે. પુણ્યવડે-રાગવડે મોક્ષમાર્ગમાં ઊંચે નથી ચડાતું; મોક્ષમાર્ગ તો સાક્ષાત્ વીતરાગભાવરૂપ છે, એટલે સર્વથા રાગ રહિત એવા આત્મસ્વભાવની ભાવના કરવાથી, અનુભવ કરવાથી જ જીવ મોક્ષમાર્ગમાં ઊંચે ચડે છે. અજ્ઞાની જીવ આત્માને ભૂલી, રાગને ધર્મ માની, શુભરાગ કરીને સ્વર્ગમાં જાય-તેથી કાંઈ તે ઊંચે ચડ્યો ન કહેવાય; - હા, સંસારમાં ઊંચે ચડ્યો પણ ધર્મમાં ઊંચે ન ચડ્યો, મોક્ષમાર્ગમાં ન આવ્યો.

અરે ભાઈ, સર્વજ્ઞભગવાન વીતરાગ, તેમનો માર્ગ વીતરાગ, આવા વીતરાગમાર્ગમાં રાગ વડે તે કાંઈ કલ્યાણ થતું હશે? રાગને તું હિતનું સાધન માન તો વીતરાગમાર્ગને તેં જાણ્યો જ નથી, સંસારના જ પ્રેમમાં તું ઊભો છે અહીં તો સ્પષ્ટ સમજાવ્યું છે કે જે જીવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્ય-પાપ વગરના આત્માનો અનુભવ કરે છે તે જ સુખને પામે છે, તેને જ સંવર થાય છે. જે જીવ બુદ્ધિમાન છે, ધર્માત્મા છે, સમ્યગ્દષ્ટિ છે તે શુદ્ધોપયોગ વડે પોતાના જ્ઞાનને આત્મઅનુભવમાં એકાગ્ર કરે છે ને અશુભ તેમજ શુભ બંનેને છોડે છે, તેને સુખદાયક સંવર થાય છે. આ મોક્ષનો માર્ગ છે.

ઘણા પૂછે છે કે અમારે શું કરવું ?–તો શ્રીગુરુ કહે છે કે રાગમાંથી ચિત્તને હટાવીને રાગ વગરના શુદ્ધાત્મામાં ચિત્તને જોડવું; તે જ ધર્મ છે, તે જ સુખી થવાનો ઉપાય છે. ભાઈ, શુભરાગ તો થાય, પરંતુ તેમાં ચિત્ત જોડવા જેવું નથી, તેમાં સુખ નથી; તે રાગ વગરનું અત્યંત સુંદર એક ચૈતન્યતત્ત્વ અંતરમાં છે, તે જ સુખથી ભરેલું છે ને તેમાં જ ચિત્તને જોડવા જેવું છે.–આમ અપૂર્વ તત્ત્વને લક્ષમાં તો લે....તેમાં અંતર્મુખ થઈને તેની શ્રદ્ધા તો કર. એની શ્રદ્ધા કરતાંવેંત મિથ્યાત્વાદિ અનંતા કર્મોનો આસ્રવ અટકી જશે; અને પછી તે સ્વભાવમાં એકાગ્ર થઈને શુભાશુભભાવોનો નિરોધ કરતાં સર્વે કર્મોનો નિરોધ થઈને સંવર થશે. આ જ સંવરની રીત છે. ભગવાન કુંદકુંદસ્વામી કહે છે કે—

જે જીવ પુણ્ય અને પાપ બંને પ્રકારના યોગોથી આત્માને રોકે છે, ને દર્શન-જ્ઞાનસ્વભાવી આત્મામાં સ્થિત થઈને તેને એકને જ ધ્યાવે છે તે જીવ અલ્પકાળમાં સર્વકર્મ રહિત થઈને મોક્ષને પામે છે.

પુણ્ય-રાગને જે સંવરનું કારણ માને તે પુણ્યથી જુદા આત્માને ક્યાંથી ધ્યાવે ? પુણ્ય કે પાપ, શુભ કે અશુભરાગ બંને કષાય છે, તેનાથી રહિત આત્માનો અનુભવ તે મોક્ષસુખનું કારણ છે.—

અનુભવ ચિંતામણિરતન, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષકો, અનુભવ મોક્ષસ્વરૂપ.

અરે, જેનાથી આત્માનું સુખ ન મળે ને ભવભ્રમણના દુઃખ ન ટળે – એ તે શું કામનું ? રાગ વગરના આત્માની વાત જેને ન રુચે ને રાગની વાત રુચે એને તો જન્મ-મરણના આરા ક્યાંથી આવે ? રાગનું ફળ તો સંસાર છે; પછી સંસારમાં આત્માને સમજ્યા વગર ભલે મોટો હાથી થાય કે દેવ થાય-તેમાં આત્માને શું લાભ ? સંસારની ચારે ગતિનો ભાવ ( મિથ્યાત્વાદિ ભાવ ) જેણે છોડ્યો છે ને રાગ વગરના ચૈતન્યસ્વભાવની ભાવના વડે મોક્ષભાવ ( સમ્યગ્દર્શનાદિ ભાવ ) જેણે પ્રગટ કર્યો છે તેને જ શુદ્ધ ભાવરૂપ સંવર થાય છે, તેને જ કર્મ અટકે છે ને તે જ પરમ સુખને અનુભવે છે.

જ્ઞાન-આનંદના અનંત વૈભવથી ભરેલો આત્મા પોતે મહાન પરમેશ્વરપદવાળો છે; પોતાની મહાનતાને ભૂલીને જે રાગને કે પરને મહાનતા આપે છે તેને પર પદની રુચિ છે, તેથી ભીખારીની માફક તે સંસારમાં ભટકે છે; પોતાના પરમેશ્વરપદને ભૂલીને તે રાગનો ભીખારી બન્યો છે. ભગવાન પોતે પોતાને ભૂલીને ભવમાં ભટકે છે.-ભગવાન ! આ તને શોભતું નથી. આત્માના અનુભવમાં જે મહાન સુખનો અનુભવ થાય છે તેના અચિંત્ય મહિમાની જગતને ખબર નથી. શુભરાગ તો આસ્રવનો માર્ગ છે, સંવરનો માર્ગ તો વીતરાગતા છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બંનેની જાત જુદી છે, બંનેના માર્ગ જુદા છે, બંનેનું સ્વરૂપ જુદું છે.—આમ જાણીને, તેનું ચિંતન કરતાં–કરતાં પરિણામની વિશુદ્ધતા વધે, વૈરાગ્યભાવ વધે, રાગથી–આસ્રવોથી પાછો ફરીને સ્વરૂપમાં એકાગ્ર થઈને જીવ પોતે સંવરરૂપ પરિણમે,–તે સંવર–અનુપ્રેક્ષાનું ફળ છે. —આમાં વીતરાગતાનો મહાન પુરુષાર્થ છે. જેને રાગ વગરનું પોતાનું ચૈતન્યપદ રુચે પણ નહિ તેને તે પ્રગટ કરવા માટે વીતરાગી પુરુષાર્થ ક્યાંથી જાગે? રાગ જેને રુચે તે તેમાંથી પોતાનું ચિત્ત હટાવીને વીતરાગી અનુભવમાં ક્યાંથી જોડે?

અહીં તો કહે છે કે જો તારે સંવર કરવો હોય તો, આત્મ–અનુભવમાં તારું ચિત્ત જોડ ને પાપ–પુણ્ય બંનેને છોડ.–આવું કોને થાય? તો કહે છે કે, સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ પણ આત્માના અનુભવમાં ચિત્તને જોડે છે; તે પણ કોઈ કોઈ વાર પુણ્ય–પાપમાંથી ઉપયોગને હટાવીને, નિર્વિકલ્પ શુદ્ધોપયોગી થઈને આત્માના અનુભવમાં ચિત્તને એકાગ્ર કરે છે, ત્યારે તે પોતાના મહાન અતીન્દ્રિય સુખને અવલોકે છે એટલે સાક્ષાત્ અનુભવે છે ને તેને વિશેષ સંવર થાય છે. આ રીતે આ કાંઈ એકલા મુનિઓની વાત નથી. મુનિવરો મુખ્ય છે કેમકે તેમને શુદ્ધાત્માનું પ્રચુર સંવેદન છે, ઘણો અનુભવ છે, ને ગૃહસ્થ–ધર્માત્માને એવો અનુભવ ક્યારેક તથા અલ્પ હોય છે તેથી તેની વાત મુનિના પેટામાં ગૌણ છે.

સંસારમાં બીજા કરતાં સારો ને હોશિયાર–એમ જો પોતાને ઊંચો નંબર મળે તો ખુશી થાય છે; તો હે ભાઈ! અહીં સંતો કહે છે કે ચૈતન્યસ્વરૂપ એવો તું જગતમાં સૌથી સારો છો, પુણ્યના ભાવ ને દેવલોકનો ભવ એના કરતાંય તું ઊંચો ને મહાન છો....તો તારી મહાનતાની આ વાત સાંભળતાં તને ઉલ્લાસ કેમ નથી આવતો? પુણ્યથી પણ જુદા એવા તારા ચૈતન્યની મહાન સુંદરતાની વાત સાંભળીને તું ખુશી થા....કે અહો! મારી ચૈતન્યવસ્તુ ખરેખર અદ્ભુત છે.–આમ રાગથી પાર ચિદાનંદસ્વભાવ તરફ તારા વીર્યના ઉલ્લાસને ઊછાળ! બાપુ! એકવાર તો બીજું બધું ભૂલીને તારા આવા સ્વભાવની વાત સાંભળતાં ખુશી થા....ને તેમાં ઉત્સાહ કર....તો તારા આત્મામાં વીતરાગી આંબાના બીજ રોપાશે ને તેમાંથી સમ્યગ્દર્શન–કેવળજ્ઞાન તથા મોક્ષરૂપી મહાન ફળ પાકશે...તારું પરમ સુખ તને અનુભવાશે. અરે, જૈનધર્મનો આવો અવસર પામીને અત્યારે તો હવે રાગથી પાર ઉપયોગ વડે આત્મસુખનો સાક્ષાત્કાર કર. આ કાર્ય જીવનમાં અત્યારે નહીં કર તો પછી ક્યારે કરીશ? આવો સુયોગ કાંઈ કાયમ નથી રહેવાનો. અરેરે, પોતાના ચૈતન્ય પ્રભુને એકકોર મૂકીને....તેની ઉપેક્ષા કરીને, તેના વિરોધી એવા રાગનો–કષાયનો તું આદર કરીશ, તો ચૈતન્યપ્રભુ તારા ઉપર કેમ પ્રસન્ન થાશે? ભાઈ, તારા ચૈતન્યસુખનું સાક્ષાત્ અવલોકન–વેદન રાગની સામે જોયે નહિ થાય, એનું વેદન તો ચૈતન્યના ચિંતનમાં ઉપયોગ જોડવાથી જ થશે.

જ્ઞાની પોતાના આત્માને આનંદરૂપે અવલોકે છે, ને રાગાદિને દુઃખરૂપે દેખે છે, એટલે પોતાના ઉપયોગને રાગમાંથી છૂટો પાડીને ચૈતન્યસ્વભાવમાં જોડે છે, તેમાં તેમને અતીન્દ્રિય સુખના સાક્ષાત્કારપૂર્વક કર્મોનો સંવર થાય છે. શુભાશુભ બંને કષાયચક્ર છે, તેની ભાવનામાં એકલું દુઃખ છે; તેનાથી ભિન્ન આનંદમય ચૈતન્યસ્વભાવની ભાવનામાં એકલું સુખ છે.–આવા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુસ્વરૂપનો વારંવાર વિચાર કરવો તે સંવર ભાવના છે, તેના ફળમાં સંવર થાય છે ને મહાન સુખનો અનુભવ થાય છે.

જેમ ઢાલ વડે શસ્ત્ર રોકાય છે તેમ શુદ્ધોપયોગરૂપ ઢાલવડે બધા કર્મો રોકાય છે. સૌથી પહેલાં શુદ્ધાત્મામાં દૃષ્ટિ–અનુભૂતિ વડે સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વાદિ ઘણા કર્મોનો આસ્રવ અટકી જાય છે. વીતરાગ–વિજ્ઞાનરૂપી ઢાળ આઠ કર્મોના પ્રહાર સામે આત્માની રક્ષા કરે છે.

શુદ્ધઉપયોગસ્વરૂપ થયેલા આત્મામાં રાગાદિનું કે કર્મનું કર્તાપણું નથી. ચૈતન્યસ્વરૂપ આત્મા કર્તા ને રાગ–દ્વેષ તેનું કાર્ય, અથવા ચૈતન્યસ્વરૂપ આત્મા કર્તા અને જડ–શરીરમાં તેનું કાર્ય,—એવું કર્તાકર્મપણું નથી, ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ છે અને તેનું કાર્ય પણ ચૈતન્યભાવરૂપ છે.–આવા આત્મામાં જે પોતાનું ચિત્ત જોડે તેને જ સંવર થાય છે. અને જે જીવ રાગના કર્તૃત્વમાં રોકાયો છે તેને આસ્રવ થાય છે. આત્મામાં એકાગ્રતારૂપ જે શુદ્ધ ઉપયોગ છે તેમાં રાગ નથી, અને રાગ નથી તેથી ત્યાં કર્મનો આસ્રવ પણ નથી. એટલે ' **जिन पुण्य-पाप नहीं कीना** ' અને ' **आतम अनुभव चित्त दीना** ' એવો તે ઉપયોગ છે, અને તે સ્વરૂપમાં ગુપ્ત થઈ ને અનંતસુખને અનુભવે છે.

અહો, આવું ભેદજ્ઞાન કરીને આત્માને અનુભવે તે જ ખરું જ્ઞાન છે. એના વગરનું બહારનું બધું જાણપણું તો અજ્ઞાન છે, તે કાંઈ જીવને ભવબંધનથી છૂટવાના કામમાં નથી આવતું. સંસારમાં મિથ્યાત્વ જેવું બુરું અહિતકર બીજું કોઈ નથી, ને વીતરાગ–વિજ્ઞાન જેવું સુંદર—હિતકર બીજું કોઈ નથી. પુણ્યને, શુભરાગને સુંદર નથી કહેતા, વીતરાગ–વિજ્ઞાનને જ સુંદર કહીએ છીએ. પુણ્ય–પાપ વગરના આત્માનો અનુભવ જેણે કર્યો તે જીવ ધન્ય છે, તેને જ સંવર અને સુખનો સાક્ષાત્કાર થાય છે.

પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિનેય પુણ્ય–પાપના ભાવ તો હોય છે !

ઉત્તર :—સાધકને સમ્યગ્દર્શનની સાથે પુણ્ય–પાપ હોવા છતાં તેના સમ્યક્ત્વાદિ શુદ્ધ ભાવરૂપ જે ઉપયોગ છે તેમાં પુણ્ય–પાપનું કર્તાપણું નથી, માટે ધર્મી તેનો કર્તા નથી; એટલે શુદ્ધચેતનારૂપ થયેલા તે ધર્માત્માએ 'પુણ્ય–પાપ નહીં કીના....' એમ કહ્યું છે. અને તે ઉપરાંત ચૈતન્યમાં વિશેષ લીનતાથી મુનિઓને ઘણો વીતરાગભાવ થયો છે એટલો પુણ્ય–પાપ રાગ–દ્વેષ પણ ઘણા છૂટી ગયા છે. જેટલા અંશે રાગદ્વેષ બાકી છે તેટલા અંશે આસ્રવ થાય છે; ને જેટલો શુદ્ધ ઉપયોગ થયો તેટલો સંવર છે.

અહા, અંદર ચૈતન્યભંડાર ભગવાન આત્મા, વીતરાગી રત્નોનો ખજાનો, તેના ભોગવટામાં ધર્મીએ પોતાનો ઉપયોગ જોડયો છે. –મહા આનંદના લાભરૂપ જે મોક્ષ, તેનો આ ઉપાય છે. તે મોક્ષના મહા આનંદનો નમૂનો ધર્મીને પોતાના અનુભવમાં આવી ગયો છે. બસ, આત્મામાં અંતર્મુખ પરિણતિ વડે આનંદનો અનુભવ તે મોક્ષમાર્ગ અને મોક્ષ છે. ધર્મીને પોતાના આનંદનું પોતામાં અવલોકન થાય છે. ધર્મી થાય ને પોતાના આનંદની તેને ખબર ન પડે–એમ બને નહિ. શુદ્ધ ઉપયોગપૂર્વક સમ્યગ્દર્શન થતાં ચોથા ગુણસ્થાનથી જ આત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અતીન્દ્રિય આનંદનું વેદન શરૂ થઈ જાય છે. તે આનંદ ભલે અલ્પ,-પણ સિદ્ધ ભગવાનના પૂર્ણ આનંદની જાતનો જ છે; પુણ્ય-પાપથી તેની જાત તદ્દન જુદી છે. આવો જે આનંદ, તેમાં પુણ્યનો-રાગનો-કષાયનો સ્વાદ નથી, અને રાગના કે પુણ્યના કારણે તે આનંદ થયો નથી. રાગ વગરના અંદરના ચૈતન્યસ્વભાવમાંથી તે આનંદ આવ્યો છે. ધર્મીને તે આનંદની અસ્તિમાં અનંત ગુણનો સ્વાદ છે. પણ રાગની કર્મની કે ઇન્દ્રિય-વિષયોની તેમાં નાસ્તિ છે. -આવી શુદ્ધ દશાનું નામ સંવર છે. તેની ભાવના કરવા જેવી છે.

જેટલી શુદ્ધતા તેટલો સંવર, ને જેટલી અશુદ્ધતા તેટલો આસ્રવ; શુદ્ધતા એટલે વીતરાગતા; ને અશુદ્ધતા એટલે રાગ-દ્વેષ-મોહ.-બંનેની જાત જુદી જ છે. રાગ કદી સંવરનું કારણ ન થાય ને વીતરાગભાવ વડે કદી આસ્રવ ન થાય. આમ બંને ભાવની ભિન્નતા જાણે તો રાગથી વિરક્ત થાય ને વીતરાગી ચૈતન્યમાં ઉપયોગ જોડે.

હજી તો શુભરાગને જે દુઃખનું કારણ ન માને ને તેને સંવરનું કારણ માને, તે તેને છોડે ક્યાંથી? બાપુ, રાગ ભલે શુભ હો પણ તે છે તો કષાયનો જ પ્રકાર. કષાયમાં સુખ કેમ હોય? જેનામાં અચિંત્ય, અનંત અતીન્દ્રિય આનંદ ભર્યો છે-એવા આત્મામાં દષ્ટિ અને એકાગ્રતા કરતાં પુણ્ય-પાપનું કર્તાપણું રહેતું નથી; રાગથી ભિન્ન જ્ઞાનમય પરિણતિ થઈ જાય છે-તે સાધકદશા છે. મિથ્યાત્વદશામાં એકલું દુઃખનું વેદન હતું, સાધકદશા થતાં અતીન્દ્રિય સુખનો સાક્ષાત્કાર થયો. આ રીતે દુઃખનો નાશ ને સુખનું વેદન તે સંવર છે. આનંદના મહાસાગરમાંથી આનંદનું એક તરંગ ઉલ્લસ્યું ત્યાં ધર્મીને ભાન થયું કે અહો, આવા મહા આનંદરસનો જ સાગર હું છું. પુણ્ય-પાપમાં કદી જે સ્વાદ ચાખ્યો ન હતો તે સ્વાદ અંતરના સ્વાનુભવ વડે ધર્મી જીવે ચાખ્યો.

જે ભાવથી કર્મ આવે તેનાથી વિરુદ્ધભાવ વડે તે છેદાય. શુભરાગથી કર્મનો આસ્રવ થાય, ને તેનાથી જ કર્મનો સંવર પણ થાય - એમ બને નહિ. મિથ્યાત્વથી આવતાં કર્મો સમ્યગ્દર્શન થતાં રોકાઈ જાય છે; રાગથી આવતાં કર્મો વીતરાગભાવ વડે જ રોકાય છે.

અરે, પુણ્યમાંય દુઃખ છે પણ અજ્ઞાનીને તેમાં દુઃખ લાગતું નથી, કેમકે તેને ચૈતન્યસુખની ખબર નથી. બાપુ, ચૈતન્યના અનુભવ વગર સુખ કેવું? રાગમાં તું દુઃખી જ છો. રાગ વગરના ચૈતન્યના અનુભવમાં જ મહાન સુખ છે. આવા સુખનો સાક્ષાત્કાર થયો તે ધર્મી જીવની અંતરની નિશાની છે. ચૈતન્યની અનુભૂતિ અને શુભરાગ-એ તો એકબીજાથી વિપરીત છે; ચૈતન્યની અનુભૂતિમાં સુખનું વેદન છે ને રાગમાં દુઃખનું વેદન છે. ચૈતન્ય-વેદન તો મોક્ષનું કારણ છે ને રાગનું વેદન તો સંસારનું કારણ છે.—આવા ભિન્નપણાની જેને ખબર નથી તે જ પુણ્યને-રાગને સુખનું કારણ માને છે. અહો, ચૈતન્યસ્વરૂપમાં ચિત્ત લગાવતાં જ જીવ પુણ્ય-પાપથી જુદો થયો, તેને કર્મનો આસ્રવ અટકી ગયો. શુદ્ધદશા થતાં જીવમાં જ્યાં અશુદ્ધતા ન રહી ત્યાં પુદ્ગલોમાં પણ કર્મરૂપ પરિણમન હોય જ નહિ-એવો સહજ મેળ છે. જીવમાં અશુદ્ધતા થાય ત્યાં કર્મ પણ આવે, ને જીવમાં શુદ્ધતા થાય ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મ પણ ન આવે. –આવો મેળ સહજપણે હોય છે; ત્યાં જીવે કર્મોનો સંવર કર્યો એમ નિમિત્ત અપેક્ષાએ કહેવાય છે.

શુદ્ધભાવરૂપ સંવરમાં આત્માના સુખનું અવલોકન છે. સમ્યગ્દર્શન થતાં 'હું પોતે અતીન્દ્રિય આનંદ છું.' એવું સ્વસંવેદન થાય છે. એવું સુખનું સ્વસંવેદન પુણ્યમાં નથી થતું. અજ્ઞાની જીવે આત્માના સુખનો સ્વાદ કદી ચાખ્યો નથી, તેથી બાહ્ય પદાર્થોમાં તે સુખની મિથ્યા કલ્પના કરે છે. 'અહો, આનંદસ્વરૂપ વસ્તુ તો હું છું' એવા અંતર્ અવલોકન વગર મોક્ષમાર્ગ થાય નહિ, સંવર થાય નહિ, ધર્મ થાય નહિ, સુખ થાય નહિ. અહા, અનંત ચૈતન્યશક્તિનો પિંડ આનંદમય આત્મા હું પોતે છું' એવું અંતર્અવલોકન થતાં ચિત્ત તેમાં લાગ્યું, ત્યાં હવે રાગમાં ચિત્ત રહેતું નથી. રાગથી ભિન્ન પડીને અતીન્દ્રિયજ્ઞાનમાં આનંદનો સાક્ષાત્કાર થાય છે. તે આનંદના અંશના વેદનમાં આખો આનંદસ્વરૂપ આત્મા અભેદપણે પ્રતીતમાં–જ્ઞાનમાં–અનુભૂતિમાં આવી ગયો છે.

પુણ્ય અને પાપ એ બંને તો પરમાં ચિત્તના જોડાણથી થાય છે; આત્મસ્વભાવમાં ચિત્તને જોડતાં પુણ્ય–પાપના ભાવો થતા નથી પણ તેની નિવૃત્તિ થઈને સુખનું વેદન થાય છે. બંનેની દિશા જુદી છે. આત્મામાં એકાગ્ર થતાં તેમાંથી તો ચૈતન્યરસમય આનંદધારા નીકળે છે; ને બહારના આશ્રયે પુણ્ય–પાપની વૃત્તિઓ થાય તેમાં તો આકુળતાનો સ્વાદ છે. આત્માના આનંદનો સ્વાદ લેવામાં ઉપયોગ જોડાયો ત્યાં પુણ્ય–પાપમાંથી તે ઉપયોગ હટી ગયો, ને વીતરાગી શાંતિનું વેદન થયું. શાંતિનો સ્વાદ ચાખ્યો તે ચિત્ત હવે રાગમાં જોડાતું નથી, એટલે તેને કર્મો પણ આવતાં નથી. આ રીતે ભેદજ્ઞાન સહિતની સંવર ભાવના વડે સંવર-દશા પ્રગટે છે. આવો વીતરાગી સર્વજ્ઞ–તીર્થંકર ભગવંતોનો માર્ગ છે.

(આઠમી સંવર ભાવનાનું વર્ણન અહીં પૂરું થયું.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ૯. નિર્જરા-ભાવના

**निज काल पाय विधि झरना तासों निज काज न सरना ।**
**तपकरि जो कर्म खिपावे, सोइ शिवसुख दरसावे ॥ ११ ॥**

કર્મોની નિર્જરા બે પ્રકારની છે; એક તો નિજકાળ પામીને એટલે કર્મોની પોતાની સ્થિતિનો કાળ પૂરો થતાં તે ઝરી જાય છે, તેને સવિપાક નિર્જરા કહેવાય છે, પણ તેનાથી જીવનું કાંઈ હિતકાર્ય સરતું નથી. બીજી અવિપાક નિર્જરા છે તેમાં ચૈતન્યની વિશુદ્ધતારૂપ તપ વડે જીવ કર્મોને ખપાવે છે.—આ નિર્જરા જ જીવને શિવસુખ દેખાડે છે.—મોક્ષ પમાડે છે.

દરેક કર્મને પોતપોતાની કાળમર્યાદા-સ્થિતિ હોય છે, તે પૂરી થતાં ફળ દઈને કર્મ ખરી જાય છે;—આ પ્રકારની નિર્જરા તો જ્ઞાની કે અજ્ઞાની દરેક જીવને સમયે સમયે થયા જ કરતી હોય છે. તેમાં કાંઈ શુદ્ધિની અપેક્ષા નથી; પણ આત્માના વિશુદ્ધ પરિણામ વડે સંવર-પૂર્વક જે નિર્જરા થાય તે જીવને હિતકર છે ને તે મોક્ષનું કારણ છે. આવી અવિપાક – સકામ નિર્જરા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત તપ વડે થાય છે. ચૈતન્યભાવનું પ્રતપન એટલે વિશેષ ઉજ્જવળ થવું તે તપ છે. તેના વડે કર્મોને ફળ આપ્યા વગર (વિપાક વગર) ખેરવી નાંખવા તે નિર્જરા મોક્ષને માટે કામની છે તેથી તેને 'સકામ' કહે છે. અને સ્થિતિ પૂરી થતાં ફળ દઈને જે કર્મ ખરે છે (–પાછા નવા બંધાતા જાય છે) તે નિર્જરા વડે જીવનું નિજકાજ સરતું નથી—મોક્ષકાર્ય સધાતું નથી, તેથી તેને 'અકામ' કહે છે. આ પ્રમાણે નિર્જરાના સ્વરૂપનો વિચાર કરીને વૈરાગ્યપૂર્વક તેના ઉપાયમાં લાગવું તે નિર્જરાભાવના છે.

જુઓ, આ બાર ભાવના ભવ-ભોગથી વૈરાગી મહાવ્રતી – બડભાગી મુનિવરો પણ ભાવે છે, ને એના વડે વૈરાગ્ય વધારીને કર્મોને આવતા રોકે છે. આ રીતે બાર વૈરાગ્યભાવના તે સંવરનું કારણ છે ને આનંદજનની છે. તેમાં આ નવમી નિર્જરા ભાવના ચાલે છે. અહો, મનુષ્યપણામાં આત્મજ્ઞાનસહિત મુનિદશા પ્રગટ કરીને જેમણે કેવળજ્ઞાનરૂપી મહાનકાર્ય કર્યું તેમનો અવતાર સફળ છે. છઠ્ઠી ઢાળમાં કહેશે કે 'ધનિ ધન્ય હૈ તે જીવ, નરભવ પાય યહ કારજ કિયા.' ભાઈ, મનુષ્યપણામાં તો આ આત્મહિતનું કામ કરી લેવા જેવું છે. એના વિના બીજું બધું થોથાં છે – એટલે સંસારનું જ કારણ છે, તેમાં કાંઈ સાર નથી. 'દેખા નહીં કછુ સાર.... જગતમેં દેખા નહીં કછુ સાર.' સારભૂત તો અંતરમાં પોતાનો આત્મા છે.

શુભ કે અશુભ બધોય રાગ તે કર્મધારા છે ને તે કર્મના બંધનું કારણ થાય છે; રાગ વગરની જે શુદ્ધતા છે તે ધર્મધારા છે ને તે મોક્ષનું કારણ થાય છે. કર્મધારા અને જ્ઞાનધારા બંને ભિન્ન ભિન્ન છે. સાધકને એક સમયમાં તે બંને વર્તે છે, પણ ધર્મી તે બંનેનું સ્વરૂપ જુદું જાણે છે. તેમાં શુદ્ધતારૂપ જ્ઞાનધારા તે પોતાનું સ્વરૂપ છે ને જે રાગાદિ કર્મધારા છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાનું સ્વરૂપ નથી. —આમ તે બંને ધારા વચ્ચે ધર્મીને ભેદજ્ઞાન વર્તે છે, રાગના કોઈ પણ અંશને તે જ્ઞાનધારામાં ભેળવતા નથી.

સર્વજ્ઞ પરમાત્માને એકલી જ્ઞાનધારા છે; અજ્ઞાનીને એકલી કર્મધારા છે; ને અંતરાત્મા–સાધકને એક સાથે બંને ધારા હોય છે; —તેમાં જ્ઞાનધારા—કે જે મુખ્ય છે તે મોક્ષનું કારણ છે, ને કર્મધારા બંધનું કારણ છે. —આમ બંનેનું સ્વરૂપ ધર્મી જીવ જાણે છે. અજ્ઞાનીને જ્ઞાનધારાની ખબર જ નથી. જોકે તેની પર્યાયમાં જ્ઞાન એટલે કે ચેતનપણું વિદ્યમાન તો છે પણ રાગથી જુદા જ્ઞાનને તે ઓળખતો નથી, તેનો સ્વાદ લેતો નથી, તેથી તેના જ્ઞાનને 'જ્ઞાનધારા' કહેતા નથી; તે તો રાગ–દ્વેષરૂપ કષાયને જ્ઞાન સાથે એકમેક માનીને અનુભવે તેથી તેને મિથ્યાજ્ઞાન છે; તેને સંવર કે નિર્જરા હોતા નથી. સમ્યગ્દૃષ્ટિ તો રાગાદિ કષાયથી જુદી એવી શુદ્ધ જ્ઞાનધારાને જાણતા થકા તેનો આનંદમય સ્વાદ લ્યે છે ને સ્વસન્મુખ એકાગ્રતા વડે તેમાં વૃદ્ધિ કરે છે, તેથી તેને સંવર–નિર્જરા હોય છે ને તે મોક્ષનું કારણ થાય છે.

ભાઈ, આ તારા હિતની વાત છે. કયા ભાવ વડે જીવનું હિત થાય તે દેખાડે છે. પહેલાં તો રાગાદિથી ભિન્ન એવા તારા શુદ્ધ ચૈતન્યતત્ત્વને જાણ, અને પછી તે ચૈતન્યના વિશેષ પ્રયત્નપૂર્વક શુદ્ધતાની વૃદ્ધિ તથા અશુદ્ધતાની હાનિ થાય તે ભાવનિર્જરા છે, ત્યાં પુદ્ગલકર્મો કર્મ અવસ્થા છોડીને અકર્મરૂપ થઈ જાય – તે દ્રવ્યનિર્જરા છે. – નિર્જરાનું આવું સ્વરૂપ વારંવાર વિચારીને ધર્મી તેમાં વિચરે છે, તેનું નામ નિર્જરા ભાવના છે. નિર્જરા રાગ વડે નહિ પરંતુ ચૈતન્યની શુદ્ધતાની વૃદ્ધિ વડે જ થાય છે. ચૈતન્યની શુદ્ધતાની જેને ખબર નથી તેને તો સમ્યક્ તપ કે નિર્જરા હોતાં નથી. નિર્જરા તો તેનું નામ કે જે મોક્ષસુખ દેખાડે. —

* સંવરભાવનામાં કહ્યું હતું કે—'संवर लहि सुख अवलोके।'
* નિર્જરાભાવનામાં કહ્યું હતું કે—'सोई शिवसुख दरसावे।'
* ધર્મભાવનામાં કહેશે કે—'तब ही सुख अचल निहारे।'

—આ રીતે, સાચી ભાવના વડે અહીં જ મોક્ષસુખ અનુભવમાં આવે એવી આ બાર ભાવનાઓ છે; તેથી શ્રી કાર્તિકસ્વામીએ આ વૈરાગ્યભાવનાઓને 'भविकजन आनन्दजननी' કહી છે. તીર્થંકરો પણ દીક્ષા વખતે આ બાર ભાવના ચિંતવે છે. દરેક ભાવનામાં ઊંડા ભાવો ભરેલા છે.

નિર્જરા તપ વડે થાય છે. તપ તે તો ચારિત્રમાં પણ વિશેષ શુદ્ધતા છે. ભગવંતોએ મુનિદશામાં ચારિત્રના વિશેષ પ્રતપનરૂપ તપ કર્યો હતો; ચૈતન્યના આનંદમય ધ્યાન વડે અંદર ધ્યાનાગ્નિ પ્રગટાવીને તેના તાપમાં કર્મોને ભસ્મ કર્યા. ત્યાં અજ્ઞાની લોકોએ તેમના અંતરની ચૈતન્યની શુદ્ધિને તો ન દેખી, ને માત્ર બહારમાં આહાર છૂટ્યો – તે ક્રિયા દેખી, ને તેને જ તપ માની લીધો. પણ બાપુ! તપ કાંઈ શરીરમાં નથી, તપ તો ચૈતન્યના પ્રતપન વડે શુદ્ધતાનું વધવું તે તપ છે; એના ભાન વગર બહારમાં આહાર છોડીને ગમે તેટલા તપ કરે તેનાથી કાંઈ મોક્ષના કારણરૂપ નિર્જરા ન થાય, એટલે કે આત્માનું હિત ન થાય, ને ભવભ્રમણ ન મટે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્માત્મા-જ્ઞાનીને ચૈતન્યના ધ્યાન વડે શુદ્ધતા થતાં એક ક્ષણમાં જે અનંત કર્મોનો નાશ થાય છે, તેટલાં કર્મો અજ્ઞાનીને લાખો વર્ષના તપ વડે પણ ખરતા નથી. અહા, આવા ચૈતન્યની કિંમતની જગતને ખબર નથી. સકામ એટલે મોક્ષને માટે કાર્યકારી એવી અવિપાક નિર્જરા ધર્મીને જ થાય છે; આત્માના ભાન વગર કર્મોની જે નિર્જરા થાય છે તે મોક્ષને માટે કામની નથી તેથી તે 'અકામ' છે. સાચી નિર્જરા તો મોક્ષસુખને દેનારી છે. જેનાથી મોક્ષસુખનો કંઈક સ્વાદ આવે એવા સંવર-નિર્જરા છે, તે પણ સુખરૂપ છે, શુદ્ધભાવરૂપ છે, તેમાં દુઃખ કે અશુદ્ધતા નથી. તપમાં દુઃખ નથી; તપમાં તો વિશેષ સુખ છે. સુખના વેદનમાં લીન થતાં આહાર વગેરેની આકુળતા છૂટી જાય છે, ત્યાં સહજ તપ છે. સ્વરૂપના ચિંતનમાં ઉપયોગ એવો મશગૂલ થાય કે ક્ષણે ક્ષણે નિર્વિકલ્પ આનંદને દેખી લ્યે...મોક્ષસુખને પોતામાં દેખી લ્યે. ત્યાં ઇચ્છા ન રહી ને આહારની ક્રિયા ન થઈ—તેનું નામ તપ છે, ને તે મોક્ષનું કારણ છે.

તપ વડે નિર્જરા કહી છે, તેનું ખરૂં સ્વરૂપ સમ્યગ્દષ્ટિ જ ચિંતવે છે. બારે વૈરાગ્યભાવનાનું ખરૂં ચિન્તન સમ્યગ્દષ્ટિને જ હોય છે. જેણે દેહથી ભિન્ન, રાગથી ભિન્ન આત્મા લક્ષમાં-અનુભવમાં લીધો હોય, તે વિશેષ ઉદ્યમ વડે ચિત્તને તેમાં એકાગ્ર કરે તે તપ છે. આવા તપ વડે કર્મની સ્થિતિ તોડીને, ફળ દીધા વગર અવિપાકપણે તેને આત્મામાંથી ખેરવી નાંખવા તે મોક્ષનું કારણ છે. જીવ કર્મોને ખેરવી નાંખે છે-એમ વ્યવહારથી કહેવામાં આવે છે; જોકે કર્મની પર્યાય પુદ્‌ગલ અનુસાર થાય છે, પણ જીવના પરિણામની વિશેષ શુદ્ધિ સાથે પુદ્‌ગલની પણ તેવી જ અવસ્થાનો સહેજે મેળ હોય છે—એમ બતાવવા તે કહ્યું છે. જેમ અગ્નિના તાપથી સોનું ચમકી ઊઠે તેમ સમ્યગ્દર્શન ઉપરાંત અંદરમાં ધ્યાન વગેરે પ્રયોગ વડે ચૈતન્યતત્ત્વ શુદ્ધતાથી ઓપી ઊઠે...શોભી ઊઠે તે પરમ તપ છે. જ્યાં ચૈતન્યનું ભાન નથી, ચૈતન્યનો પ્રતાપ નથી ત્યાં તપ કેવો ને નિર્જરા કેવી ? નિર્જરા તો મોક્ષસુખને દેખાડે છે....તેમાં તો મોક્ષસુખના સ્વાદનો નમૂનો છે.

જોકે અજ્ઞાનીનેય શુભરાગ વખતે કેટલાક અશુભ કર્મોની સામાન્ય નિર્જરા તો થાય છે પણ તેમાં રાગ વગરની ચૈતન્યશુદ્ધિ નથી, તેમાં મોક્ષસુખનો સ્વાદ નથી ને તે મોક્ષનું કારણ થતી નથી. તે નિર્જરા સકામ નથી પણ અકામ છે એટલે નિષ્ફળ છે, કેમકે તે મોક્ષને સાધવાનું કાર્ય કરી શકતી નથી. ધર્માત્માને જે નિર્જરા થાય છે તેમાં તો અપૂર્વ આનંદ હોય છે. અહા, જેમાં મોક્ષ દેખાય એવા મહા આનંદમય નિર્જરાતત્ત્વના અપાર મહિમાની લોકોને ખબર નથી. નવ તત્ત્વની ખરી ઓળખાણ કરે તો ભેદજ્ઞાન ને સમ્યગ્દર્શન સહિત પરમ આનંદનો અનુભવ થાય જ.

નવતત્ત્વનું સાચું સ્વરૂપ નહિ સમજનારા લોકો અજ્ઞાનથી એક તત્ત્વને બીજા તત્ત્વમાં ઘુસાડી દે છે. નિર્જરાના કારણરૂપ તપ તો ચૈતન્યમાં થાય છે, તેને બદલે જડ-શરીરમાં તપ થવાનું અજ્ઞાની માને છે. જેમ, એક માણસને જમણા પગે ગૂમડું થયેલું, વૈદ રોજ પાટો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાંધે ત્યારે તેને રાડ પાડવાની ટેવ પડી ગઈ; ગૂમડું રૂઝાઈ ગયું ને દુઃખાવો મટી ગયો, તોય રાડ પાડે. એકવાર વૈદ જમણા પગને બદલે ડાબા પગે અડયો તોપણ તેણે રાડ પાડી. ત્યારે વૈદે કહ્યું;—અરે બાપુ! આ તો બીજો પગ છે, ગૂમડું તો બીજા પગે હતું! તેમ ગૂમડું થાય શરીરમાં ને માને કે મને તે ગૂમડું થયું! અજીવની અવસ્થાને જીવમાં માની લીધી; ભાઈ! તે જડની પર્યાય તારામાં નથી, મફતનો મોહ શા માટે કરે છે! એ જ રીતે દેહમાં આત્મબુદ્ધિવાળો જીવ, મેં ખોરાક નખાધો ને શરીર સૂકાયું તે તપ થયો—એમ માને છે. અરે ભાઈ! તપ તો શરીરમાં હોય કે આત્મામાં? ખોરાક ન આવ્યો ને શરીર સૂકાયું—એ તો પુદ્‌ગલની—અજીવની અવસ્થા થઈ; તે વખતે તારામાં—જીવમાં શું થયું તેની કાંઈ તને ખબર છે? જેને દેહમાં આત્મબુદ્ધિ છૂટી ગઈ હોય, દેહથી ભિન્ન ચૈતન્યનો અનુભવ થયો હોય, તે દેહ પ્રત્યે ઉદાસીન થઈ ચૈતન્યમાં સ્થિરતાના પરિણામ કરે, ત્યારે તેને શુદ્ધતાની વૃદ્ધિરૂપ તપ અને નિર્જરા થાય છે.—ભગવાને પોતાના આત્મામાં આવો તપ કર્યો હતો.

શરીરની અવસ્થા તે અજીવ છે, રાગ તે આસ્રવ છે; તે અજીવ અને આસ્રવ બંનેથી જુદી નિર્જરા છે—તે વીતરાગ છે. આત્માનો આનંદમૂર્તિ સ્વભાવ તેમાં એકાગ્રતા વડે તે નિર્જરા થાય છે.—આવું સ્વરૂપ વારંવાર વિચારીને નિર્જરારૂપે પરિણમન કરતાં મોક્ષસુખ દેખાય છે. 'सोई शिवसुख दरसावे!' આ સિવાય આત્મજ્ઞાન વગરના ઉપવાસાદિ રૂઢિગત તપ, તેમાં જો શુભભાવ હોય, માનાદિ કષાયની તીવ્રતા ન હોય, તો કંઈક પુણ્ય બંધાય, પણ તેનાથી કાંઈ ધર્મ કે મોક્ષસુખ ન પમાય. માટે મોક્ષાર્થી જીવે મોક્ષના કારણરૂપ નિર્જરાનું ખરું સ્વરૂપ ઓળખીને, આત્મ-સન્મુખતા વડે તેની ભાવના ભાવવી જોઈએ, તે-રૂપે પરિણમવું જોઈએ.

(નવમી નિર્જરાઅનુપ્રેક્ષાનું વર્ણન અહીં પૂરું થયું.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ૧૦. લોક ભાવના

**किनहूं न करो, न धरे को, षटद्रव्यमयी न हरे को।**
**सो लोकमांहि विन समता, दुःख सहे जीव नित भ्रमता॥**

જીવાદિ પાંચદ્રવ્યો તથા આકાશનો થોડોક ભાગ ( ૩૪૩ રાજુ-ઘન )-એ રીતે છદ્રવ્યોનો જે સમૂહ દેખાય તે ' લોક ' છે; તે સિવાય બાકીના અનંત અનંત ભાગમાં એકલું આકાશ છે તે ' અલોક ' છે. જીવાદિ દ્રવ્યો અનાદિઅનંત સ્વયમેવ સત્ છે, તેને કોઈએ બનાવ્યાં નથી, તેથી છ દ્રવ્યસ્વરૂપ લોકને પણ કોઈએ કર્યો નથી; તેમજ કોઈએ પોતાના માથા ઉપર તેને ધારણ કરી રાખ્યો નથી; અને કોઈ તેનો નાશ પણ કરી શકતું નથી. આ રીતે કોઈ ઈશ્વર તેનો કર્તા-ધર્તા-હર્તા નથી. બ્રહ્માએ વિશ્વને ઉત્પન્ન કર્યું, વિષ્ણુએ ધારી રાખ્યું ને મહેશ્વર તેનો સંહાર કરશે-એ કલ્પના બરાબર નથી. પરમાર્થે આત્માનો ( તેમ જ બધાય પદાર્થોનો ) ઉત્પાદસ્વભાવ પોતે પ્રત્યેકક્ષણે પોતાની નવીનવી અવસ્થાને ઉત્પન્ન કરે છે, તેથી તે પોતાનો બ્રહ્મા છે; ધ્રુવત્વસ્વભાવને લીધે પોતે પોતાના નિજસ્વરૂપને સદાય ટકાવી રાખે છે, ધારી રાખે છે તેથી પોતે જ પોતાનો વિષ્ણુ છે; અને વ્યયસ્વભાવને લીધે દરેક પર્યાયનો બીજી ક્ષણે નાશ કરે છે, એટલે પોતે જ પોતાનો મહેશ્વર છે. વસ્તુના પોતાના આવા ઉત્પાદ-ધ્રુવ ને વ્યયરૂપ સ્વભાવ સિવાય કોઈ બીજો તેનો કરનાર-ધરનાર કે હરનાર નથી. આવો લોક ૩૪૩ ઘનરાજુ જેવડો છે; ( એક રાજુના અસંખ્યાત યોજન થાય. ) તેમાં સર્વત્ર, સમતાભાવરૂપ વીતરાગતાના અભાવને લીધે જીવ ભ્રમણ કરી રહ્યો છે ને દુઃખો સહન કરી રહ્યો છે.

લોકનું ક્ષેત્ર ૩૪૩ ઘન-રાજુ છે, તેની સમજણ—

૧૪ રાજુ ઊંચો લોક, તેના બે વિભાગ : ઉપરના ૭ રાજુનો એક ભાગ, તથા નીચેના ૭ રાજુનો બીજો ભાગ.

( ૧ ) ઉપરના ૭ રાજુનો જે ભાગ છે તે વચમાં પાંચ રાજુ લાંબો છે ને ઉપર-નીચે એક રાજુ છે. એટલે સરેરાશ લંબાઈ ( ઉત્તર-દક્ષિણની સર્વત્ર ) ૩ રાજુની થઈ. લંબાઈ × ઊંચાઈ = ૩ × ૭ = ૨૧ રાજુ.

( ૨ ) નીચેના ૭ રાજુનો જે બીજો ભાગ છે, તે તળીયે ૭ રાજુ લાંબો છે ને ક્રમસર ઘટતો ઉપર ૧ રાજુ લાંબો છે; એટલે સરેરાશ લંબાઈ ( ઉત્તર-દક્ષિણની ) ૪ રાજુની થઈ. ૪ × ૭ = ૨૮ રાજુ.

૨૧ + ૨૮ = લંબાઈ-ઊંચાઈના કુલ ૪૯ રાજુ થયા.

( ૩ ) ચૌદેય રાજુ ઊંચાઈમાં પૂર્વ-પશ્ચિમ જાડાઈ સર્વત્ર ૭ રાજુની છે એટલે ૪૯ × ૭ =

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩૪૩ ઘનરાજુ થયા; – એવડો લોક છે. તેની છએ દિશામાં તેમજ વિદિશામાં સર્વત્ર અનંત અલોક છે.

છ દ્રવ્યસ્વરૂપ જે લોક છે તેમાં જીવ દ્રવ્યોની સંખ્યા અનંતાનંત ( અક્ષય અનંત ) છે. લોકના તે અનંત જીવોમાં એક પણ નવો જીવ કદી વધતો નથી કે એક પણ જીવ કદી ઓછો થતો નથી. ભલે સંસારમાંથી જીવો મોક્ષમાં જાય, પણ વિશ્વના જીવોની સંખ્યા તો એટલી ને એટલી જ રહે છે, વધતી-ઘટતી નથી. એ જ રીતે પુદ્ગલ-પરમાણુ દ્રવ્યો પણ અનંતાનંત છે, તે ત્રણેકાળ એટલા ને એટલા શાશ્વત રહે છે. કોઈપણ જીવ, કદી અજીવ થતો નથી; તેમજ અજીવ કદી જીવ થતો નથી.

જડ તે જડ ત્રણકાળમાં...ચેતન ચેતનરૂપ,<br>
કોઈ કોઈ પલટે નહિ છોડી આપ સ્વરૂપ.

આ જીવદ્રવ્ય તથા પુદ્ગલદ્રવ્ય ઉપરાંત એક ધર્મદ્રવ્ય, એક અધર્મદ્રવ્ય અને અસંખ્યાત કાળદ્રવ્યો આ લોકમાં સદા વિદ્યમાન છે. એકેક જીવદ્રવ્યમાં જ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણ-પર્યાયો સ્વરૂપ પોતપોતાનો નિજવૈભવ છે; એ જ રીતે પરમાણુ વગેરે અજીવ દ્રવ્યો પણ પોતપોતાના અનંત ગુણ-પર્યાયરૂપ સ્વભાવથી ભરેલાં છે. આવા લોકના અગ્રે-શિરભાગે સિદ્ધભગવંતો પોતાના સ્વરૂપમાં અનંત આનંદમાં લીનપણે સદાય સ્થિરપણે વિરાજે છે. અને પોતાના સ્વરૂપને ભૂલેલા અજ્ઞાની જીવો દુઃખ ભોગવતા થકા આખા લોકમાં સર્વત્ર ભ્રમણ અને જન્મ-મરણ કર્યા કરે છે.

આવો જે લોક, તેના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સાથે જાણી લેવાની આત્માની જ્ઞાનપર્યાયમાં તાકાત છે. લોકની અંદર રહેલો છતાં લોકના બીજા બધાય પદાર્થોથી જુદો આત્મા, તેના જ્ઞાનસ્વભાવની એક સમયમાં એવી અચિંત્ય તાકાત છે કે ત્રણકાળ ત્રણલોકના પદાર્થોને પોતાના જ્ઞાનના જ્ઞેય બનાવી લ્યે, અને છતાં તેમાં ક્યાંય જરાય રાગ-દ્વેષ ન કરે. અહો, આવા વીતરાગી જ્ઞાનસ્વભાવની શી વાત ! આવા સ્વભાવને ઓળખે તો સમભાવ પ્રગટે, ને લોકભ્રમણ ટળીને લોકાગ્રે સ્થિરતા થાય, મુક્તિ થાય.

અચિંત્ય સામર્થ્યવાળો આત્માનો જ્ઞાનસ્વભાવ, તે વીતરાગી સમભાવરૂપ છે, તેનામાં લોકનું જ્ઞાતાપણું છે પણ લોકનું કર્તાપણું નથી. પરનું કર્તાપણું માને તો સર્વજ્ઞપણું રહે નહિ ને રાગ-દ્વેષ થયા વિના રહે નહિ. શરીરમાં રોગાદિ થાય, હલન-ચલનાદિ થાય, તેનો આત્મા જ્ઞાતાદૃષ્ટા છે, કર્તા નથી. આ સંસારમાં ભ્રમણ કરતાં અનંતા શરીરો આવ્યા ને ગયા, દેવલોકના વૈભવ ને નરકની પ્રતિકૂળતા-એવા સંયોગો વચ્ચે પણ આત્મા તેનાથી જુદો ને જુદો પોતાના જ્ઞાનસ્વરૂપમાં જ રહ્યો, તેનો નાશ ન થયો. અરે, નરકની વેદનાની શી વાત ! છતાં ભગવાન આત્મા જાગે તો ત્યાં પણ પોતાના સ્વરૂપનું ભાન કરીને અતીન્દ્રિય સુખનો થોડોક સ્વાદ ચાખી લ્યે છે. નરકમાં અસંખ્યાત—અસંખ્યાત જીવો છે, તેમાંથી અસંખ્યાતમા ભાગના અસંખ્ય જીવો સમ્યગ્દર્શન પામેલા છે. અસંખ્યજીવો એવા પણ છે કે જેઓ ત્યાંથી નીકળી મનુષ્ય થઈ તે જ ભવમાં મોક્ષને સાધશે. એ નરકની ઘોર વેદના વચ્ચે પણ કોઈ જીવને અંતરમાં વિચાર જાગે છે કે અરે, આ બધું શું !! આટલી પીડા ને આટલું દુઃખ !! શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આવું દુઃખ વેદનાનું મારું સ્વરૂપ હશે !! ના....ના....આવું સ્વરૂપ ન હોય. અંતરમાં કોઈ શાંતિનું સ્થાન હોવું જોઈ એ....એમ વિચાર કરતાં કોઈ ને જાતિસ્મરણ થાય છે, ને યાદ આવે છે કે અરેરે પૂર્વે મેં આત્માની દરકાર ન કરી ને ઘોર પાપો કરતાં પાછું વાળીને ન જોયું તેનું આ ફળ છે. રાગદ્વેષ વગરનો, દુઃખ વગરનો આત્માનો શાંત-જ્ઞાનસ્વભાવ છે એમ જૈન સંતો મને સમજાવતા હતા, પણ તે વખતે મેં તે વાત લક્ષમાં ન લીધી-એમ વૈરાગ્યપૂર્વક વિચાર કરતાં-કરતાં અંદરમાં તે જીવના પરિણામ એકદમ ગુલાંટ ખાઈ ને અંતર્મુખ થાય છે કે અહો, મારું ચૈતન્યતત્ત્વ આનંદનું ધામ, તેમાં પીડા કેવી ? ને પ્રતિકૂળતા કેવી ?-એમ અતીન્દ્રિય ભાવે ભગવાન આત્માને દૃષ્ટિમાં લેતાં નિર્વિકલ્પ આનંદના વેદનપૂર્વક સમ્યગ્દર્શન પામી જાય છે. જુઓ તો ખરા, નરકમાં પણ નિર્વિકલ્પ આનંદ !! હા, ભગવાન આત્મા જાગે ત્યાં સંયોગ તેને શું કરે ? હું સંયોગથી પાર જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા, મારા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં વિસમતા કેવી ? એમ દૃષ્ટિનો સમભાવ નરકના સંયોગ વચ્ચે પણ તે જીવને વર્તે છે; સ્વસંવેદનરૂપ સ્વાનુભૂતિ વડે તેનું સમ્યગ્જ્ઞાન પ્રકાશે છે. નરકમાં કે સ્વર્ગમાં, મનુષ્યમાં કે સંજ્ઞી તિર્યંચમાં-ચારે ગતિના જીવને આવું આત્મજ્ઞાન થઈ શકે છે, ને તે આત્મજ્ઞાનની સાથે અનંતાનુબંધી કષાયોના અભાવરૂપ વીતરાગી-સમભાવ હોય છે. આવો સમભાવ થયા પછી જીવને લોકમાં પરિભ્રમણ થતું નથી; તે સમતા ભાવની વૃદ્ધિ કરતો કરતો થોડા જ ભવમાં ભવનો અંત કરીને લોકાગ્રે સિદ્ધાલયમાં પહોંચી જાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમભાવ વગરનો જીવ, કષાયરૂપ વિષમ ભાવથી લોકમાં ભ્રમણ કરતો થકો સર્વત્ર દુઃખી જ છે; ભલે શેઠિયો હોય કે સ્વર્ગમાં હોય, પણ સમભાવ વિના ક્યાંય સુખ નથી; ને સમ્યગ્જ્ઞાન વગર ક્યાંય સમભાવ નથી. હે જીવ ! સંસારમાં ભમતાં તેં શુભભાવ પણ કર્યા ને દેવ પણ થયો છતાં તું દુઃખી જ રહ્યો. -' **आतमज्ञान बिना सुख लेश न पायो.** '

આ લોક શું છે ? તેમાં જીવને ભ્રમણ કેમ થયું ? ને તે ભ્રમણ કયા ઉપાયથી મટે ? લોકમાં જીવોને કેવા કેવા ભયાનક દુઃખો છે ? તેમજ ધર્માત્મા જીવોને આત્માનું કેવું અતીન્દ્રિય સુખ હોય છે ?—એમ લોકના સમસ્ત સ્વરૂપનો વિચાર કરીને, વૈરાગ્યપૂર્વક લોકભ્રમણના અંતના ઉપાયમાં પ્રવર્તવું તેનું નામ લોકભાવના અથવા લોકઅનુપ્રેક્ષા છે. ત્રણલોક કેવા છે, તેમાં ક્યાં મુક્ત જીવો વસે છે ? ક્યાં-સંસારી જીવો વસે છે ? કેવા કેવા સ્થાનો છે ? મહાવિદેહ વગેરે ક્ષેત્રો, તેમાં વિચરતા તીર્થંકર ભગવંતો, મેરુ પર્વતો, શાશ્વત જિનમંદિરો, સ્વર્ગ-નરકનાં સ્થાનો—એ બધા સહિત લોકસ્વરૂપનું ચિંતન કરતાં આસ્તિક્યતા સહિત પરમ વૈરાગ્ય થાય છે, ને ભગવાન આત્માનો કોઈ અચિંત્ય મહિમા જાગે છે. આ બધાને જાણવા છતાં ક્યાંય રાગ-દ્વેષ ન થાય એવો જ્ઞાનસ્વભાવ, તે આ લોકની આશ્ચર્યકારી અચિંત્ય વસ્તુ છે. આત્માના ચૈતન્ય-ચમત્કાર જેવો બીજો કોઈ ચમત્કાર આ જગતમાં નથી.

અરે જીવ ! આ લોકમાં ભવભ્રમણ કેમ થયું ? ને તે કેમ મટે ? તેનો વિચાર તો કર. સમતાભાવ વિના લોકમાં ભ્રમણ અને દુઃખ થયું. લોકભ્રમણમાં તો ચારે ગતિ આવી ગઈ. ( પંચમ સિદ્ધગતિ છે તે ભ્રમણ વગરની છે તેથી તેને ધ્રુવ-અચલ કહી છે. ) જીવને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માત્ર તિર્યંચ ને નરકગતિમાં જ દુઃખ છે-એમ નહિ, ચારે ગતિમાં દુઃખ છે, આત્મજ્ઞાન વગરના દેવો ને મનુષ્યો પણ દુઃખી છે. જેનાથી ગતિ મળી તે ભાવ પોતે દુઃખ છે. આત્મજ્ઞાન વગરનો જીવ અવ્રતી હોય કે મહાવ્રતી હોય તે દુઃખી જ છે. સુખ તો ચૈતન્યના અનુભવમાં ચિત્તને જોડે તેમાં જ છે. લોકમાં તો દુઃખ તેમજ સુખ બંને છે; તેમાં દુઃખમાં વિરક્ત થા ને સુખમાં એટલે કે પોતાના સ્વભાવમાં ઉપયોગને જોડ. — એ લોકચિંતનનું તાત્પર્ય છે.

લોકમાં બહારના અનુકૂળ પદાર્થો જોઈને લોભાઈ ન જઈશ, કે મને આવા પદાર્થો હોય તો ઠીક-એમ તેમાં સુખબુદ્ધિ ન કરીશ. સુખ કાંઈ સંયોગમાં નથી, સુખ તો તારા પોતાના સ્વભાવમાં છે. લોકનું સ્વરૂપ તેમાં જીવનું સ્વરૂપ પણ આવી ગયું ને!- તેને જેમ છે તેમ જાણે તો સમભાવ અને વૈરાગ્ય થયા વિના રહે નહિ. વળી લોકમાં તો ઇંદ્રિયગોચર તેમજ અતીન્દ્રિય બંને જાતના પદાર્થો છે, એટલે એકલા ઇન્દ્રિયજ્ઞાન વડે લોકના સ્વરૂપનું જ્ઞાન થઈ શકે નહિ. સૂક્ષ્મતાથી લોકનું સ્વરૂપ જાણવા જાય ત્યાં અતીન્દ્રિયજ્ઞાન થઈ જાય ને આત્મસ્વભાવમાં સન્મુખતા થઈ જાય. આ આત્મા લોકની ઉપર તરતો છે કેમકે લોકના સમસ્ત અન્ય પદાર્થોને જાણવા છતાં પોતે તેમાં ભળી જતો નથી, જુદો ને જુદો રહે છે.

ધર્મી જાણે છે કે મારો ચૈતન્યમય લોક મારા આત્માની અંદર છે તેને હું અવલોકું છું. મારો લોક મારાથી બહાર નથી; ને બહારનો લોક મારામાં નથી. તે લોકને હું જાણું છું—પણ મારામાં તેનો પ્રવેશ નથી. આ રીતે ધર્મી જીવે પોતાના અંતરમાં નિજલોકનું અવલોકન કર્યું છે; તેથી બહારના લોકથી અલિપ્ત રહીને તે અખંડધારાએ પોતાના ચૈતન્યસુખને અવલોકયા કરે છે અને અજ્ઞાનીને તો લોકના બાહ્ય પદાર્થોમાં એકત્વબુદ્ધિને લીધે અખંડ ધારાએ દુઃખનું જ વેદન છે; શીખંડ ખાતો હોય ત્યારે પણ તે દુઃખી જ છે. બહારમાં દુઃખ-સુખના સંયોગો એકસરખા નથી રહેતા, પણ અજ્ઞાનીને દુઃખની ધારા તો ચારેગતિમાં ચાલુ જ રહે છે; વચ્ચે એક ક્ષણ પણ ચૈતન્યનું સુખ તેને વેદનમાં આવતું નથી. ત્યારે જ્ઞાનીને સ્વાનુભૂતિના પ્રતાપે ચૈતન્યસુખની અખંડધારા ચાલુ છે, ગમે ત્યાં હોય તેને સદાય સુખનું વેદન ચાલુ જ છે.

વાહ રે વાહ! જુઓ તો ખરા આ વસ્તુસ્વરૂપ! આવા વસ્તુસ્વરૂપના ચિંતનમાં વીતરાગતા થાય છે. સુખસ્વરૂપમાં લીન એવા ભગવાન આત્માની સામે જોયા વગર સુખનો અંશ પણ ક્યાંથી મળે? ભાઈ, તારે સુખી થવું હોય તો સુખનો ભંડાર તારામાં ભર્યો છે-તેમાં દેખ! સંયોગોમાં સુખ શોધી-શોધીને તું આખા લોકમાં ભમી-ભમીને દુઃખી થયો, પણ સંયોગમાંથી સુખ તને ન મળ્યું. હવે તારા સ્વભાવમાં આવ ને તેમાં શોધ તો સુખના અપાર ખજાના તેમાં છે તે તને પ્રાપ્ત થશે, અનુભવમાં આવશે. રાગમાંય તને સુખ નહીં મળે. અંદર ચૈતન્યસ્વરૂપ નિજલોકના અવલોકનમાં જ મહાન સુખ છે, એનાથી બહાર બીજે ક્યાંય સુખનો છાંટોય તને નહીં મળે. તારો આત્મા જ સુખધામ છે, પછી બીજાનું તારે શું કામ છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ લોકમાં જડ કે ચેતન દરેક પદાર્થ પોત પોતાના સ્વભાવમાં વર્તે છે, સ્વભાવથી જ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવતા સ્વરૂપ છે, પોતપોતાના ઉત્પાદ–વ્યયરૂપ પર્યાયને તે પોતે જ કરે છે. બીજો કોઈ તેની પર્યાયને કરતો નથી. –આવું વસ્તુસ્વરૂપ ચિંતવતાં મોહ દૂર થઈ જાય છે, એટલે હું પરનો કર્તા–હર્તા, કે બીજા કોઈ મારા કર્તા હર્તા, એવી મિથ્યા કર્તાબુદ્ધિ રહેતી નથી; તેમજ પરિણામમાં સમભાવ પ્રગટીને સ્વરૂપમાં એકાગ્રતા થાય છે. –આ લોકભાવનાનું ફળ છે. લોકનું સ્વરૂપ જાણતાં ને ચિંતન કરતાં પરમ વૈરાગ્ય જાગે, ભવનો ભાવ ભેદાઈ જાય ને સ્વરૂપમાં સ્થિરતા થતાં લોકભ્રમણ છૂટી જાય. –આ રીતે લોકભાવના ભાવવા જેવી છે.

અનંતગુણથી ભરેલો મારો ચૈતન્યલોક મારામાં છે, ને મારા સિવાયના છ દ્રવ્યસ્વરૂપ જે લોક છે તે મારાથી બાહ્ય છે, તેની સાથે મારે કાંઈ સંબંધ નથી. —એમ ધર્મી જાણે છે, ને સમભાવ પ્રગટ કરે છે. લોકમાં તો બધું આવે, સિદ્ધ પણ આવે ને નિગોદ પણ આવે, પરમાત્મા પણ આવે ને પરમાણુ પણ આવે, ભગવાનનું સમવસરણ પણ આવે ને નરક પણ આવે;–તે બધાનું સ્વરૂપ જાણે છતાં તેમાં ક્યાંય રાગ–દ્વેષ ન કરે ને સમભાવરૂપ રહે એવો જ્ઞાનનો સ્વભાવ છે. આવો જ્ઞાનસ્વભાવ તે પણ લોકની એક વસ્તુ છે; લોકની સાથે તેને પણ સ્વજ્ઞેયપણે જાણ, તો તને વીતરાગી સમભાવ થશે ને તારું લોકભ્રમણ મટી જશે... તું લોકનો જ્ઞાતા થઈશ ને લોકાગ્રે જઈને અનંતસુખમાં સ્થિર થઈશ. –લોકભાવનાનું આ ફળ છે.

( અહીં દશમી લોકભાવના પૂરી થઈ. )

મુનિ ઐસી ભાવના કરે—ઉર્ધ્વલોક, મધ્યલોક અધોલોક, ઇન તીનોં લોકમેં મેરા કોઈ ભી નહીં હૈ, મૈં એકાકી આત્મા હૂં, ઐસી ભાવનાસે યોગી મુનિ પ્રકટરૂપસે શાશ્વત સુખકો પ્રાપ્ત કરતા હૈ.

( શ્રી મોક્ષપાહુડ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ૧૧. બોધિદુર્લભ–ભાવના

**अन्तिम ग्रीवकलोंकी हद पायो अनंत विरियां पद ।**
**पर सम्यक्‌ज्ञान न लाधौ, दुर्लभ निजमें मुनि साधौ ॥ १ ३ ॥**

સમ્યગ્દર્શન વગર સંસારમાં ભટકતો જીવ નવમી ગ્રૈવેયક સુધીનાં પદ અનંતવાર પામ્યો, એટલે તે કાંઈ દુર્લભ નથી; પણ પોતાના સ્વભાવનું સમ્યગ્જ્ઞાન તેણે કદી પ્રાપ્ત ન કર્યું, તેથી સંસારમાં તે ખરેખર દુર્લભ છે. આવા દુર્લભ સમ્યગ્જ્ઞાનને સાધીને મુનિજનો તેમજ ધર્માત્મા શ્રાવકો પોતાના અંતરમાં તેને ધારણ કરે છે. સમ્યગ્જ્ઞાન પામીને પણ રત્નત્રયની પૂર્ણતારૂપ બોધિની પ્રાપ્તિ વિશેષ દુર્લભ છે.–એમ ચિંતવીને મુનિજનો રત્નત્રયથી સાધનામાં અત્યંત સાવધાન રહે છે. સંસારના બધા પદો તો અનંતવાર મળી ગયેલા, સુલભ અને અસાર છે એમ જાણીને તેના પ્રત્યે વૈરાગ્ય થાય છે, ને આત્માની બોધિને અપૂર્વ, દુર્લભ અને પરમ સારભૂત જાણીને તેમાં એકાગ્રતા થાય છે.–આનું નામ બોધિની દુર્લભતાની ભાવના છે; તેમાં દુર્લભ એવા રત્નત્રયની અખંડિતતાની ભાવના છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણેની અખંડતાને બોધિ કહેવાય છે; મુનિવરો તેને સાધે છે. સમ્યગ્જ્ઞાન પામવું પણ મહા દુર્લભ છે, તો રત્નત્રયની દુર્લભતાની શી વાત!–એમ તેની દુર્લભતા વિચારીને તેની આરાધનાનો વિશેષ ઉદ્યમ કરવો તે બોધિદુર્લભ–ભાવના છે. આ બાર ભાવના તે વૈરાગ્યની માતા છે. જેમ માતા પુત્રને પુષ્ટ કરે છે તેમ આ બાર ભાવનારૂપી માતા તે વૈરાગ્યને પુષ્ટ કરે છે. સમ્યગ્દષ્ટિ જીવો શુદ્ધિની વૃદ્ધિ માટે તેને ભાવીને સ્વસન્મુખ એકાગ્ર થાય છે.

ચોથી ઢાળમાં કહ્યું હતું કે અનંતવાર દેવલોકમાં ગ્રૈવેયક સુધી ઊપજ્યો છતાં આત્મજ્ઞાન વગર જીવ લેશ પણ સુખ ન પામ્યો. અહીં પણ કહે છે કે અંતિમ ગ્રૈવેયક સુધીનાં પદ અનંતવાર જીવ પામ્યો, પણ તે સમ્યગ્જ્ઞાન ન પામ્યો. માટે દેવપદ કરતાંય સમ્યગ્જ્ઞાન-બોધિદુર્લભ છે. વળી શુભરાગ કરતાં કરતાં જો સમ્યગ્જ્ઞાન થઈ જતું હોય તો, અનંતવાર ગ્રૈવેયક સુધીનો શુભરાગ કર્યા છતાં કેમ સમ્યગ્જ્ઞાન ન થયું? માટે વિચાર કરવો જોઈએ કે સમ્યગ્જ્ઞાન પામવાની રીત શુભરાગ કરતાં કોઈ બીજી જ છે. સમ્યગ્જ્ઞાન દુર્લભ છે; શુભરાગથી તે મળી જતું હોત તો તેને દુર્લભ કેમ કહેત? પાપ તેમજ પુણ્ય કરી કરીને ચારે ગતિમાં અનંતવાર ભવો કર્યા; એમ નથી કે અજ્ઞાની જીવે સંસારમાં એકલાં પાપ ભાવો જ કર્યાં છે ને પુણ્ય કદી નથી કર્યાં.—પુણ્ય પણ કર્યા ને દેવલોકમાં પણ ગયો, પરંતુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બહુ દુર્લભ છે. એ ધ્યાન રાખવું કે–અજ્ઞાની જીવ નવમી ગ્રૈવેયક સુધી ગયો–એમ કહેવાય છે, તેથી ત્યાં બધા મિથ્યાદષ્ટિ જ હશે–એમ ન સમજવું; સમ્યગ્દષ્ટિ જીવો પણ ત્યાં જાય છે. ગ્રૈવેયકમાં સમ્યગ્દષ્ટિ જીવો ઘણા છે, ને મિથ્યાદષ્ટિ તો થોડા છે; તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાદૃષ્ટિમાંથી પણ કોઈ જીવો ત્યાં સમ્યગ્દર્શન પામી જાય છે. નવમી ગ્રૈવેયક જનાર મિથ્યાદૃષ્ટિ જીવને પણ વ્યવહારમાં તો શુદ્ધ જૈનધર્મની જ શ્રદ્ધા તથા શુદ્ધ દ્રવ્યલિંગ સહિત મહાવ્રતનું પાલન હોય છે; તેમાં પણ જેને ગરબડ હોય તે ગ્રૈવેયકમાં જાય નહિ.

બીજું એ ધ્યાન રાખવું કે અનંતવાર ગ્રૈવેયકમાં ગયો કે ચારગતિમાં ભમ્યો-એ વાત વ્યવહારરાશિમાં આવેલા જીવની છે. બાકી અનંતગુણા જીવો તો હજી એવા છે કે જેઓ નિગોદમાંથી નીકળ્યા જ નથી, એકેન્દ્રિયપણામાંથી નીકળીને ત્રસપણું પણ નથી પામ્યા. નિગોદમાંથી નીકળીને ત્રસપર્યાય પામવી તે પણ અનંતકાળે દુર્લભ છે, ત્રસમાંય મનુષ્યપણું, જૈનધર્મ અને સમ્યગ્દર્શન પામવું તે તો ઉત્તરોત્તર વધુ વધુ દુર્લભ છે, તો પછી રત્નત્રયની પૂર્ણતા પામવી કેટલી દુર્લભ છે! તેનો વિચાર કરો. '**दुर्लभ है संसारमें एक यथारथ ज्ञान**' સંસારમાં પુણ્ય અને તેના ફળ પામવા સુલભ છે, શુભ રાગ કરવો સુલભ છે, પણ સમ્યગ્જ્ઞાન કરવું તે બહુ દુર્લભ છે; તે તો રાગ વગરના અતીન્દ્રિયભાવથી જ થાય છે. દુર્લભતા બતાવીને તેનો પ્રયત્ન જગાડે છે. દુર્લભતા જાણીને કાંઈ હિંમત હારી જવાનું નથી, કેમકે દુર્લભ છે પણ કાંઈ અશક્ય તો નથી. દુર્લભ હોવા છતાં તેના સાચા ઉપાય વડે તે સુલભ થઈ જાય છે. દુર્લભ હોવા છતાં અનંતા જીવો તે કરી કરીને મોક્ષમાં ગયા છે. અત્યારે આ પંચમકાળમાં પણ સમ્યગ્જ્ઞાન થઈ શકે છે, અનેક જીવોએ તે કર્યું છે. ન કરે તેને દુર્લભ છે, પણ કર્યા પછી પોતાને માટે તો તે સુલભ થઈ ગયું ને!—આમ વિચારી પોતાના આત્માને રત્નત્રયમાં જોડવો....તે બોધિ-દુર્લભ ભાવના છે.

દુર્લભને સુલભ બનાવવા માટેની આ ભાવના છે. દુર્લભ તે પોતાનેય સદાય દુર્લભ જ રહ્યા કરે-એમ નથી.-જો એમ હોય તો-તો જીવને રત્નત્રયની પ્રાપ્તિ ક્યારે થાય? જગતના જીવોને માટે તે ભલે દુર્લભ હોય પણ ધર્મીને તો તે સુલભ થઈ ગઈ છે. જેમ ત્રસ-પર્યાય પ્રાપ્ત થવી અનંત જીવોને દુર્લભ છે, પણ પોતાને તો તે પ્રાપ્ત થઈ ગઈ, પછી પોતાને માટે તે દુર્લભ ક્યાં રહી? પોતાને તો સુલભ થઈ ગઈ. જેમ શુદ્ધાત્માની વાત સાંભળવા મળવી દુર્લભ છે, પણ સંતોના પ્રતાપે આપણને તો તે સુલભ થઈ ગઈ. એટલે તેનાથી આગળ વધવાની ભાવના અને પ્રયત્ન કરવો જોઈએ. સમ્યગ્દૃષ્ટિને તો સમ્યગ્દર્શન પણ સુલભ થઈ ગયું, હવે તે બોધિરૂપ રત્નત્રયની દુર્લભતા વિચારીને તેના પ્રયત્નમાં ચિત્તને જોડે છે, —તેનું નામ દુર્લભબોધિ ભાવના છે.

સંસારમાં ભમતાં દુર્લભમનુષ્યપણું પામી, શુભપરિણામ વડે શુક્લલેશ્યા પણ કરી અને દેવલોકમાં પણ ગયો, એ કાંઈ અપૂર્વ નથી; એ બધા કરતાં સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન પામવું તે મહા દુર્લભ અને અપૂર્વ છે. માટે (ચોથી ઢાળમાં ,કહ્યું-) કરોડો ઉપાય કરીને પણ હે ભવ્ય! તું સમ્યગ્જ્ઞાનને અંતરમાં પ્રગટ કર. આ સમ્યગ્જ્ઞાન જ વિષય-કષાયના દુઃખથી છોડાવે છે ને મોક્ષસુખ પમાડે છે. જીવો મોક્ષ ગયા, જાય છે અને જશે-તે આ સમ્યગ્જ્ઞાનનો જ મહિમા જાણો. આત્મજ્ઞાન સમાન બીજું કોઈ સુખનું કારણ નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

—આવું આત્મજ્ઞાન કેમ થાય ? તો કહે છે કે હે ભાઈ! આત્મજ્ઞાન પુણ્ય-પાપ વડે નથી થતું; આત્મજ્ઞાનમાં પુણ્ય-પાપના પરિણામ નથી. પુણ્ય-પાપ તો જ્ઞાન વગરના બેકાર છે. આત્માનો રસ-કસ તો જ્ઞાનમાં છે, રાગમાં કોઈ રસ-કસ નથી. આત્મા એટલે ચૈતન્યરસનો ગાંગડો....જેમ ગોળના ગાંગડામાં સર્વત્ર ગળપણ ભર્યું છે તેમ ચૈતન્યનો ગાંગડો સર્વત્ર આનંદથી ભરેલો છે.-આવા આત્માની સન્મુખ ઉપયોગ કરતાં જ સમ્યગ્જ્ઞાન થાય છે; તે સમ્યગ્જ્ઞાન અતીન્દ્રિયસુખના વેદન સહિત છે. આવું જ્ઞાન અને સુખ, શુભરાગ વડે થવાનું અજ્ઞાની માને છે તે મોટો ભ્રમ છે; તેને શુભરાગ અને સમ્યગ્જ્ઞાન વચ્ચે કેટલો બધો તફાવત છે તેની ખબર નથી.—જુઓ તફાવત—

* એક તો રાગ છે, ને બીજો વીતરાગભાવ છે.
* રાગ તો મોહનો પ્રકાર છે, જ્ઞાન તો ધર્મનો પ્રકાર છે.
* રાગ તો સંસારનું કારણ છે, જ્ઞાન મોક્ષનું કારણ છે.
* રાગમાં આકુળતાનું વેદન છે, જ્ઞાનમાં શાંતિનું વેદન છે.
* રાગમાં એકાંત દુઃખ છે, જ્ઞાનમાં પરમ સુખ છે.
* રાગથી કર્મો બંધાય છે, જ્ઞાનથી કર્મો છૂટે છે.
* રાગ તો વિભાવ છે, જ્ઞાન તો સ્વભાવ છે.
* રાગ તો અશુદ્ધ છે, જ્ઞાન તો શુદ્ધ છે.
* રાગ હેય છે, અને જ્ઞાન ઉપાદેય છે.

[ -આવા બીજા અનેક બોલ ગુરુદેવે ઉતાર્યા છે. ]

રાગ, પછી ભલે તે પુણ્યરાગ હોય તોપણ, જ્ઞાનથી તદ્દન ભિન્ન છે. રાગ અને જ્ઞાન વચ્ચે આવો સ્પષ્ટ તફાવત હોવા છતાં, અજ્ઞાની તો શુભરાગથી સમ્યગ્જ્ઞાન કે ધર્મ થવાનું માને છે, એટલે તે રાગને અને જ્ઞાનને એકબીજામાં ભેળવે છે, રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન કરતો નથી; તે રાગ વગરના શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કઈ રીતે કરે ? રાગ દુર્લભ નથી, રાગ વગરના આત્માનો અનુભવ ખરેખર દુર્લભ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી ચારિત્રદશા પામવી દુર્લભ છે. આવી દુર્લભ-રત્નત્રયબોધિને મુનિજનો પોતાના આત્મામાં સાધે છે; તેઓ પોતાના આત્મસ્વભાવને જ સાધનરૂપ કરીને બોધિને સાધે છે; રાગવડે તે સધાતી નથી. દયા, સત્ય વગેરે શુભરાગ વડે કંઈ સમ્યગ્દર્શનાદિ સધાતા નથી. હિંસા-જૂઠું વગેરે પાપ-રાગનો તો પ્રશ્ન જ નથી, એ તો દુર્ગતિનું કારણ છે; અને પુણ્યરાગ વડે પણ મોક્ષમાર્ગ સધાતો નથી. પાપ અને પુણ્ય-બંને પ્રકારના સમસ્ત રાગથી પાર ચૈતન્યતત્ત્વ છે, તેમાં સન્મુખતાથી જ સંતો સમ્યક્ત્વાદિરૂપ મોક્ષમાર્ગને સાધે છે, એટલે તે-રૂપે પરિણમે છે. વીતરાગમાર્ગી સન્તોએ દુર્લભબોધિ ધર્મને આ રીતે સાધ્યો ને બીજાને પણ એમ જ કરવાનું કહ્યું. આ ઉપાય વડે આત્માની પ્રાપ્તિ સુલભ છે, સુખપૂર્વક તેનો અનુભવ થાય છે.

સ્વભાવની વસ્તુ પહેલાં કદી પ્રાપ્ત કરી ન હતી તેથી તે દુર્લભ હતી, હવે પોતાને પોતામાંથી જ બોધિ પ્રાપ્ત થતાં તે સુલભ થઈ ગઈ. પહેલાં કોઈવાર માર્ગ જોયો ન હોય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે પહેલીવાર ત્યાં જવાનું દુર્લભ લાગે, પણ વારંવાર ગયા પછી અભ્યાસ થઈ જતાં તે સુલભ લાગે છે–સહજ લાગે છે; તેમ ધર્માત્માને વારંવારના અભ્યાસથી આત્માનો અનુભવ તથા સમ્યગ્દર્શનાદિ સુલભ લાગે છે–સહજ લાગે છે. પોતામાં જ તેની પ્રાપ્તિ છે માટે સુલભ છે. અહો, મારી સમ્યક્‌બોધિ મારા સ્વભાવ વડે મને સુલભ છે. નિયમસારમાં કહે છે કે મુનિજનોને આત્માના આનંદની અનુભૂતિ સતત સુલભ છે. આ રીતે આત્મપ્રાપ્તિ સુલભ–તે નિશ્ચય છે, ને તેને દુર્લભ કહેવી તે વ્યવહાર છે.

અજ્ઞાનીજીવ સંસારમાં ભમતાં–ભમતાં દેવલોકમાં ગયો ત્યારે તેણે પુણ્ય તો કર્યાં પણ નિજ સાધન ન કર્યું, રાગ વગરના નિજપદને ન જાણ્યું ને પરપદમાં જ રાચી રહ્યો. અરે, જગતના જીવોને નિજબોધિ કેવી દુર્લભ છે!! –આવી મહા દુર્લભ બોધિ મને નિજસાધનથી પ્રાપ્ત થઈ–એમ ધર્મીને તેનો પરમ મહિમા આવે છે.

શુદ્ધ જ્ઞાનમય બોધિનું સ્વરૂપ આવું છે ને આ રીતે નિજસાધનથી તેની પ્રાપ્તિ થાય છે–એમ તેનું સ્વરૂપ ઓળખીને તેનું ચિંતન કરે તેને સાચી બોધિ ભાવના હોય છે. પણ રાગ વડે બોધિ થવાનું જે માને તેને સાચી બોધિ ભાવના હોતી નથી; બોધિના નામે પણ તેને રાગની જ ભાવના હોય છે. બાપુ! રાગ તો દુશ્મન પક્ષનો ભાવ છે, તે તને બોધિનું સાધન કેમ થાય? સ્વકીય એવી તારી ચૈતન્યચમત્કારી વસ્તુ પોતે જ પોતામાં બોધિનું સાધન થાય છે. તું બાહ્ય સાધન શોધમા...અન્તર્મુખ થઈને તારા આત્માને જ સાધનરૂપે ગ્રહણ કર. તો સ્વભાવસાધનથી અપૂર્વ બોધિ તને સુલભ થઈ જશે. અત્યાર સુધી તારી ચૈતન્યવસ્તુને તેં લક્ષમાં ન લીધી તેથી તારી બોધિ તને દુર્લભ થઈ પડી. અરે, પોતાની જ પ્રાપ્તિ કાંઈ દુર્લભ હોય? પોતાનો સ્વભાવ પોતાને સુલભ જ છે,—પણ રાગમાંથી કે પરમાંથી તે લેવા જાય તો ક્યાંથી મળે? ભાઈ! તારો સ્વભાવ તારામાં જ છે ને તને સુલભ છે એમ જાણીને તું પ્રસન્ન થા... ને અંતર્મુખ થઈ, પોતાના સ્વભાવને સાધન બનાવ એટલે તારી બોધિ તને સુલભ થઈ જશે. 'निजमें मुनि साधो' એમ તું પણ દુર્લભબોધિને તારા આત્મામાં સાધી લે.–તારા જન્મ-મરણનો અંત આવી જશે ને તને મોક્ષસુખ પ્રાપ્ત થશે.

અહો, અત્યંત મહિમાવંત આત્મા અંદરમાં શું ચીજ છે કે જેમાંથી અતીન્દ્રિય આનંદ ને સિદ્ધપદ નીકળે છે! તેને પોતામાં જોવાની દરકાર પણ કોઈક વિરલા જીવો જ કરે છે. ઘણા જીવો તો ધર્મના બહાને રાગમાં ને બાહ્યપ્રવૃત્તિમાં રોકાઈ જાય છે, પણ તેનાથી પાર ચિદાનંદસ્વભાવી પોતે કોણ છે તે જાણતા નથી. વસ્તુનું સ્વરૂપ જાણે તો તેની ભાવના હોય છે;–જાણ્યા વગર ભાવના કોની કરશે? અપૂર્વતા તો આત્માના સ્વભાવને જાણવો તેમાં છે; એના વગરનું બીજું કાંઈ અપૂર્વ નથી. કેમકે—

મિથ્યાત્વઆદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે,
સમ્યક્ત્વઆદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે.

માટે હવે, ભવચક્રમાં પૂર્વે કદી નહીં ભાવેલી એવી ચૈતન્યસ્વભાવની ભાવના, ભવના અભાવને માટે હું ભાવું છું. પણ ભાવના ક્યારે ભાવે? કે સ્વભાવને ઓળખ્યો હોય તો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવની ઓળખાણ પછી તેમાં લીનતા માટેની આ ભાવના છે. સ્વભાવની ઓળખાણ ન કરી હોય તેણે પહેલાં તે ઓળખાણ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરવાં. સમ્યગ્દર્શન-જ્ઞાન તે પણ 'બોધિ' નો જ ભાગ છે.

અહા, જે અનંતસુખનો અક્ષય ભંડાર છે, અનંતગુણની પરમેશ્વરતાનો જે સ્વામી છે, જેની સન્મુખ થતાં જ મહાન આનંદ થાય છે ને જેના આશ્રયે ક્ષણમાત્રમાં સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધ પદ પ્રગટે છે,—આવો પરમેશ્વર પોતાનો આત્મા જ છે; તે કોઈ બીજા સાધન વગર પોતે જ પોતાનું સાધન થઈને સ્વયમેવ પરમેશ્વર થાય છે. આવા નિજસ્વરૂપને લક્ષમાં લઈને તેનો નિર્ણય કરે તો બધા વિપરીત અભિપ્રાયો છૂટી જાય છે ને બાહ્યવિષયોનો રસ ઊડી જાય છે; કેમકે તે જાણે છે કે હું પોતે સહજાત્મસ્વરૂપ ચિદાનંદ ભગવાન છું, મારામાં જ મારું સુખ છે. બહારના કોઈ પદાર્થ સાથે કે રાગ સાથે પણ મારે ખરેખર સ્વ-સ્વામીપણાનો સંબંધ નથી; મારા અનંત ગુણ-પર્યાયો જ મારું સ્વ છે ને તેનો જ હું સ્વામી છું.-બસ, આવું ભેદજ્ઞાન થતાં બધેથી છૂટીને પોતે પોતામાં આવી ગયો. પોતાની બોધિ તેને સુલભ થઈ ગઈ.

પોતાની સ્વ વસ્તુ પોતાને સુલભ છે, કેમકે તે પોતામાં જ છે. જે જેનું સ્વ હોય તે, તે જ હોય. જુદું ન હોય. જ્ઞાન આત્માનું સ્વ છે, તે આત્માથી કદી જુદું નથી. જ્ઞાનની માફક જો રાગ પણ આત્માનું 'સ્વ' હોય તો આત્મા અને રાગ કદી જુદા ન પડે. પણ તે બંનેના સ્વભાવો વિલક્ષણ છે; બંને ભિન્ન છે. શુદ્ધ આત્માનું સ્વ (નિજવૈભવ) તો જ્ઞાનાદિ સ્વભાવ છે; તે જ્ઞાન અનાદિ અનંત કદી આત્માથી જુદું પડતું નથી. આત્માનો આવો જ્ઞાનસ્વભાવ છે તે રાગાદિ પરભાવને સ્પર્શતો નથી. -આવા નિજસ્વભાવની ભાવનામાંથી અપૂર્વ સમ્યક્ત્વ આનંદ વગેરેની ધારા નીકળે છે, તેનાથી શુદ્ધતાની વૃદ્ધિ અને નિર્જરા થાય છે.

સ્વભાવને પામેલા ધર્માત્મા પણ, 'અહો, આવો અપૂર્વ મારો શાંત સ્વભાવ!' – એમ સ્વભાવના મહિમાનું ફરીફરીને ઘોલન કરે છે, એકાગ્રતા માટે તેની ભાવના કરે છે. અજ્ઞાનીને હીરા-માણેક-ઝવેરાત-સ્ત્રી-બાગ-બગીચા-પહાડ-મોટર વગેરેનો મહિમા આવે છે, પણ અંતરમાં પોતાનો ચૈતન્યસ્વભાવ અદ્ભુતથી પણ અદ્ભુત છે, તેનો મહિમા આવતો નથી, એટલે તેને સમ્યક્ત્વાદિ બોધિની પ્રાપ્તિ થતી નથી. 'અહો, જગતના બાહ્ય પદાર્થો સામે જોવા કરતાં, મારા આત્માનો સ્વભાવ જ કોઈ અચિંત્ય અદ્ભુત છે-તેની સન્મુખ જોતાં જ અપૂર્વ સુખ થાય છે' આમ પોતાના સ્વભાવનો મહિમા લાવે, તો રાગાદિનો ને બાહ્ય પદાર્થોના મહિમાનો રસ છૂટી જાય, ને નિજબોધિ સુલભ થઈ જાય. ભગવાન આત્મા નિજપદથી પૂરો છે-'પ્રભુ મેરા સબ હી બાતે પૂરા' તેના અનુભવમાં તે પોતે જ અંતરમાં સાધન થાય છે.

બહારની અનુકૂળતા-પ્રતિકૂળતા જીવને અનંતવાર આવી; સાતમી નરકની ઘોર પ્રતિકૂળતા કે અહમિન્દ્ર પદની અનુકૂળતા—એ બંને આત્માથી બહાર છે, આત્માનું નિજપદ એ બંનેથી પાર છે; તેને લક્ષમાં લ્યે તો અહમિન્દ્રપદમાં કે સાતમી નરકમાં પણ જીવ સમ્યગ્દર્શન પામી જાય છે. કેવળજ્ઞાન-સમુદ્ઘાત વખતે અરિહંતદેવના આત્મપ્રદેશો સાતમી નરકના ક્ષેત્રમાં પણ ફેલાય છે છતાં તેમના આત્મપ્રદેશોમાં પરમ અતીન્દ્રિય સુખનું જ વેદન છે, નરકના દુઃખનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે સંયોગનું કોઈ વેદન તેમને નથી; અને તે જ વખતે તે જ ક્ષેત્રમાં નરકના જીવને મહા દુઃખનું વેદન છે. કેવળી અને નારકી-બંને એક ક્ષેત્રે હોવા છતાં એકબીજાના સુખ-દુઃખનો અનુભવ કરતા નથી. ત્યાં નારકીનો કોઈ જીવ સમ્યગ્દર્શન પામેલો હોય તો, નરકના સંયોગ વચ્ચે પણ તે પોતાના આનંદને અનુભવે છે. અને સ્વર્ગમાં રહેલો અહમિન્દ્રનો જીવ પણ, જો તેને સમ્યગ્દર્શન ન હોય તો, દેવલોકના દિવ્યસંયોગ વચ્ચે પણ તે એકલા દુઃખને જ અનુભવે છે. સંયોગો શું કરે ? એ તો જીવથી જુદા છે. બાપુ ! અહમિન્દ્ર પદ એ પણ લૌકિક પદ છે, એ કાંઈ ચૈતન્યનું નિજપદ નથી. પરપદમાં સુખ કાં શોધે છે ? સુખ જોઈતું હોય તો નિજપદમાં અંદર ઊતર ને, ભાઈ ! નાનું દેડકા જેવું પ્રાણી પણ જ્યાં પોતાનું મહાન નિજપદ દેખે છે ત્યાં, જેમ વીજળી સડાક કરતી તારામાં ઊતરી જાય તેમ ફડાક કરતું અંદર નિજપદમાં ઊતરી જાય છે. ભગવાનને કહેલા પોતાના ચૈતન્યતત્ત્વને લક્ષમાં લેતાં વેંત, પ્રજ્ઞાછીણીના પ્રહાર વડે સમસ્ત પરભાવોને જુદા કરીને, અંદર પોતાના ચૈતન્યસ્વભાવના દરબારમાં પ્રવેશ કરતાં જ અપૂર્વ આનંદ સહિત જીવ સમ્યગ્દર્શન પામી જાય છે; એનું જ્ઞાન સમ્યક્ થઈને વીજળીની જેમ અતીન્દ્રિય ચૈતન્યપ્રકાશથી ઝળકી ઊઠયું; મહાન અતીન્દ્રિય ચમકાર કરતું તે જ્ઞાન, ચૈતન્યપાતાળમાં ઠેઠ ઊંડે ઊતરી ગયું. આવા ભેદજ્ઞાનની પ્રાપ્તિ જીવને અપૂર્વ અને દુર્લભ છે. – આવું ચિંતન કરનારને જગતના સમસ્ત બાહ્ય વૈભવ કે પરપદ પ્રત્યે વૈરાગ્યની દૃઢતા થાય છે, તેમાં કયાંય તેને સુખ કે અપૂર્વતા લાગતી નથી.-આવા ચિંતનનું નામ બોધિદુર્લભભાવના છે.

જે જીવ પોતાના સુખસ્વભાવને ભૂલીને સંયોગોમાં ને રાગમાં સુખ માને છે તે નિરંતર દુઃખી છે; ઊંઘતો હોય કે જાગતો હોય, પાપ કરતો હોય કે પુણ્ય કરતો હોય-પણ અજ્ઞાનને લીધે તેને દુઃખનું જ વેદન છે. મિથ્યાદૃષ્ટિને યોગ્ય શુભરાગના અસંખ્ય પ્રકાર છે, તે બધાયને અનંતવાર જીવ કરી ચૂકયો, તેમાં કાંઈ અપૂર્વતા નથી કે કલ્યાણ નથી. તે બધાય રાગથી વિલક્ષણ, ચૈતન્યસ્વભાવના સંવેદનરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ બોધિ તે અપૂર્વ છે, તેમાં પરમ કલ્યાણ છે.-આમ સમજીને હે જીવ ! તું તારી રુચિનું વલણ બદલાવ. ચૈતન્યરસના વહેણને રાગનાં મેલાં ખાબોચિયા તરફ ન વાળ, તેનાથી પાછા વાળીને આનંદના સમુદ્ર તરફ વાળ....એટલે તને આનંદ થશે.

અરે, ઝાઝું શું કહીએ ? પાપના ફળમાં વિષાદ ન કરો ને પુણ્યના ફળમાં ફૂલી ન જાઓ. લાખ વાતની આ એક જ વાત છે કે જગતના દંદ-ફંદ રાગ-દ્વેષને છોડીને અંતરમાં પોતાના પવિત્ર આત્માને ધ્યાવો. તેના ચિંતનથી અપૂર્વ બોધિ-સમાધિ થાય છે.

ભગવાન આત્માના પરમ આનંદ સ્વભાવને ઓળખી, ચિંતવી ને તેમાં સ્થિર થવું-તે બોધિ છે, બધાય શાસ્ત્રોનો તે સાર છે. સ્વભાવની સન્મુખતા કરતાં જ અનાદિકાળના ભવનો અંત આવી ગયો ને સમ્યગ્દર્શનપૂર્વક મોક્ષમાર્ગનો અપૂર્વ પ્રારંભ થઈ ગયો. ટૂંકી પણ સારભૂત વાત આ જ છે કે બસ, સ્વભાવમાં સન્મુખ થા ને વિભાવથી વિમુખ થા. એના વગરના બધા ફાં-ફાં છે; શુભરાગ કરે તોય ભવનો અંત આવે તેમ નથી. રાગમાં એવી તાકાત નથી કે ભવબંધનને તોડે. એ તાકાત તો સમ્યગ્દર્શનમાં જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુલભ અને દુર્લભ બાબત બે પ્રકારની શૈલિ છે—

(૧) બાહ્ય સંયોગ પુણ્યફળ અનંતવાર મળ્યા માટે તે સુલભ છે.

આત્માના સમ્યક્‌શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર પૂર્વે કદી નથી કર્યા માટે તે દુર્લભ છે.

(૨) બીજી રીતે કહીએ તો, પરદ્રવ્યનો સંયોગ મળવો તે જીવના પોતાના હાથની વાત નથી એટલે તે સુલભ નથી;

સ્વભાવના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને સાધવા તે જીવને પોતાને સ્વાધીન છે, બીજા કોઈ પર સાધનની તેમાં જરૂર પડતી નથી, માટે તે સુલભ છે.

આમ બંને વિવક્ષા સમજીને સ્વભાવની સાધનાનો ઉદ્યમ કરવો. દુર્લભ ગણો કે સુલભ ગણો—તેની પ્રાપ્તિનો એક જ ઉપાય છે કે અંતર્મુખ થઈને આત્માનો સ્વાનુભવ કરવો. અનંતા જીવો એ પ્રમાણે કરીને મોક્ષસુખ પામ્યા છે, પામશે, અને અત્યારે પણ સ્વાનુભવ વડે મોક્ષની સાધના કરનારા જીવો વર્તે છે. ત્રણકાળે એક જ ઉપાય છે; તેમાં ક્યાંય બીજાનો આશ્રય નથી. અહા, કેવો સુંદર સ્વાશ્રિત મોક્ષમાર્ગ છે !! સર્વે જિનવર ભગવંતોએ આ એક જ માર્ગ વડે મોક્ષને સાધ્યો છે ને મુમુક્ષુઓને માટે એ જ માર્ગ ઉપદેશ્યો છે.

અરે જીવ ! તારી મોક્ષસાધનામાં તે કાંઈ પરનો આશ્રય હોય ? વીતરાગી મોક્ષસુખની સાધનામાં કાંઈ રાગનું તે આલંબન હોય ? રાગનો તો નાનો અંશ પણ મોક્ષને વિઘ્ન કરનાર છે; અને તારી ચૈતન્ય વસ્તુ કોઈ વાતે ક્યાં અધૂરી છે ?–કે મોક્ષ માટે તેને બીજાની આશા રાખવી પડે ! બાપુ ! તારી વસ્તુ મહાન છે, પૂર્ણ સામર્થ્યવાન છે, તે તને સુલભ છે, તેનો અનુભવ કરવામાં કોઈ ક્લેશ નથી, બોજો નથી, તે તારાથી દૂર નથી; તેનો અનુભવ–શ્રદ્ધા–જ્ઞાન કરવા માટે કાંઈ પૈસા બેસતા નથી કે દૂર દેશાંતર જવું પડતું નથી, શરીરનો કે ધનનો કોઈ ઘસારો પણ નથી લાગતો; કોઈની ઓશીયાળ કરવી પડતી નથી; એ રીતે તેનો અનુભવ કરવામાં નુકસાન કે ક્લેશ તો જરાય નથી, ને તે અનુભવનું ફળ તો ઘણું જ મહાન ને સુખકારી છે. – તો આવો સુલભ અનુભવ કોણ ન કરે ? અરે, જે અનુભવ કરવામાં મનનું પણ આલંબન નથી ત્યાં બીજાની શી વાત ! માટે હે જીવ ! તું શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ કર. એમ શ્રી તત્ત્વજ્ઞાન–તરંગિણીમાં પ્રેરણા કરી છે.

અહા, અત્યંત આનંદમય સ્વાનુભવ કરવામાં પુણ્યની કે રાગનીયે જરૂર નથી પડતી; એના વગર જ સ્વાનુભવ થાય છે. 'અરે, જાણે પુણ્ય છૂટતાં મારું ધર્મનું સાધન ચાલ્યું જશે !' એમ જીવને રાગની મીઠાસ લાગી ગઈ છે. અરે બાપુ ! તારા ચૈતન્યતત્ત્વની સગવડતા કંઈ પુણ્યમાં નથી ભરી, તારું ચૈતન્યપણું કાંઈ પુણ્યના આધારે નથી ટક્યું; એટલે પુણ્ય છૂટશે તો તારું ચૈતન્યતત્ત્વ કાંઈ નીરાધાર નહીં થઈ જાય. ત્યારે પણ તારું ચૈતન્યતત્ત્વ પોતાના ચૈતન્યસ્વરૂપ બગીચામાં આનંદથી કેલિ કરશે. પુણ્ય વગર, રાગ વગર તું દુઃખી નહીં થઈ જા, ઊલટું તને રાગ વગરનું પરમ સુખ અનુભવાશે. દેખ ! સિદ્ધભગવંતો ને અરિહંતભગવંતો પુણ્ય વિના પણ કેવા સુખી છે !! —એ સાબિત કરે છે કે દરેક આત્મા પોતાના સ્વાધીન ચૈતન્યસ્વભાવથી, રાગ વગર ટકનાર ને સુખી થનાર છે. પુણ્ય કે રાગ ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય તેથી આત્મા કાંઈ મરી નથી જતો. પુણ્ય કાંઈ તેનું જીવન કે શરણ નથી; પુણ્ય-પાપ વગરનો પોતાનો ચૈતન્યસ્વભાવ જ શરણરૂપ છે ને તેના જ શરણે મુનિવરો મોક્ષને સાધે છે. એ વાત સમયસારના પુણ્ય-પાપ અધિકારમાં સરસ રીતે સમજાવી છે. ત્યાં પુણ્યને પણ બંધનું જ કારણ સિદ્ધ કરીને મોક્ષમાર્ગમાંથી તેનો નિષેધ કર્યો. ત્યારે શિષ્ય પૂછે છે કે— તો પછી મોક્ષમાર્ગી મુનિવરો કોનું શરણ લેશે ? ત્યારે આચાર્યદેવ કહે છે કે હે ભાઈ ! જ્યારે શુભ-અશુભ સમસ્ત કર્મ છૂટી જશે ત્યારે મુનિઓ કાંઈ અશરણ નહિ થઈ જાય, ત્યારે પણ પોતાના જ્ઞાનસ્વરૂપનું શરણ લઈને, તેમાં લીન થઈને તેઓ પરમ અમૃતને પીશે, અતીન્દ્રિય-નિર્વિકલ્પ મહા આનંદને પીશે. રાગવગરના આવા જ્ઞાનાનંદના સ્વાદને જ્ઞાની જ જાણે છે. રાગાદિ કષાયમાં લીન અજ્ઞાની જીવો તે આનંદના સ્વાદને જાણી શકતા નથી.

જેમ ચૈતન્યસ્વભાવને ટકવા માટે રાગનો કે પરનો આશ્રય નથી તેમ તે ચૈતન્યસ્વભાવની પ્રાપ્તિ—અનુભૂતિ માટે પણ પરનો કે રાગનો આશ્રય નથી. અરે જીવ ! આવા સ્વાધીન તારા આત્મામાં તું એકવાર નજર તો કર....તેનો વિશ્વાસ તો કર પરમાંથી પલક ઊઠાડ ને અંદર મોટો પરમાત્મા ભગવાન તું પોતે બિરાજી રહ્યો છે તેમાં નજર માંડ. એની સામે નજર કરતાં જ તું ન્યાલ થઈ જઈશ.... અત્યાર સુધી દુર્લભ રહેલું તારું તત્ત્વ તને સુલભ થઈ જશે.

અરે જીવ ! અત્યારે આ આત્માની સાધનાનો અવસર છે; અત્યારે બીજે રોકાવું ન પાલવે. જેમ રાજા વગેરે કોઈ સારો મોટો માણસ ઘરે આવે તો, બીજા સાધારણ માણસ સાથેની વાત કરવી પડતી મૂકીને, તેમજ નજર બીજેથી હટાવીને તે રાજાની સામે લક્ષ આપે છે ને તેની સાથે સન્માનપૂર્વક વાત કરે છે કે આવો પધારો...મારું આંગણું પાવન થયું.- આમ તેનું બહુમાન કરે છે.-આમ કરવાને બદલે, જો આવે ત્યારે તેની સામેય ન જુએ....ને બીજે આડું અવળું જોવા રોકાઈ જાય તો તેમાં રાજાનો અનાદર છે, અપરાધ છે. તેમ અત્યારે આ તારા ચૈતન્ય ભગવાન મોટા મહારાજા-પરમાત્મા, તે તારા નિજ ઘરે પધારી રહ્યા છે.- એની અનુભૂતિનો અવસર છે, માટે બીજાનો પ્રેમ છોડીને તેની સામે જો....એટલે ઉપયોગને તેમાં અંતર્મુખ કરીને તેનો પરિચય કર, તો તે પ્રસન્ન થઈને તને સમ્યક્ત્વાદિ આપશે. પણ ચૈતન્ય-મહારાજાની સન્મુખ જોવાને બદલે, રાગાદિ તુચ્છ વિકારી ભાવો સામે જોઈને તેના પરિચયમાં રોકાઈ જાય તો તેમાં પોતાના ચૈતન્યપરમેશ્વરનો અનાદર ને વિરાધના થઈ જાય છે. અરે ભાઈ, અત્યારે પરમાત્માની પધરામણી ( અનુભવ ) ના અવસરે રાગના સંગમાં ન રોકાવાય. રાગનો આદર કરવાથી કાંઈ તને બોધિ નહીં મળે; પરમાત્માના આદરથી તને બોધિની પ્રાપ્તિ સુલભ થશે, કેમકે એનામાં બોધિ આપવાની તાકાત છે. માટે તેની સન્મુખ થઈને અખંડ બોધિની ભાવના કર. તે ભાવના મોક્ષસુખની દાતાર છે.

[ ઇતિ ૧૧મી બોધિદુર્લભ ભાવના સમાપ્ત ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ૧૨. ધર્મ ભાવના

जो भाव मोहतें न्यारे, दृग–ज्ञान–व्रतादिक सारे ।
सो धर्म जबै जीव धारे, तब ही सुख अचल नीहारे ॥ १४ ॥

શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સારભૂત ભાવો—કે જે મોહ વગરના છે, તે ભાવો ધર્મ છે; જીવ જ્યારે આવા વીતરાગ ધર્મને ધારણ કરે ત્યારે જ તે અચલ સુખને પોતામાં દેખે છે, સાક્ષાત્ અનુભવે છે. આવા ધર્મનું ચિંતન કરીને તેની આરાધનામાં આત્માને જોડવો તે ધર્મભાવના છે.

શુભરાગ તે પણ મોહનો જ પ્રકાર છે; રત્નત્રય–ધર્મ તેનાથી પણ ન્યારો છે. ભાવપ્રાભૃતમાં કુંદકુંદસ્વામીએ મોહ–ક્ષોભ વગરના શુદ્ધ ભાવને જ ધર્મ કહ્યો છે; વ્રત–પૂજાદિના શુભ–કષાયને પુણ્ય કહ્યું છે, તેને ધર્મ નથી કહ્યો, એટલે તેનાથી મોક્ષસુખ નથી મળતું. તારા અંતરમાં તારે અચલસુખ દેખવું હોય તો તું મોહભાવથી ન્યારા એવા સમ્યગ્દર્શનાદિ ધર્મભાવને પ્રગટ કર....ને ધર્મભાવના ભાવ.

આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે,
વીતરાગ–ચરિતારૂઢ છે તે મુનિ–મહાત્મા 'ધર્મ' છે.

—જુઓ, આ ધર્મ. ધર્મભાવરૂપે પરિણમેલો આત્મા તે પોતે જ ધર્મ છે. સૌથી પહેલાં તો તેને અનેકાન્તમય આગમના અભ્યાસમાં પ્રવીણતાથી મોહદૃષ્ટિનો એટલે કે મિથ્યાત્વનો નાશ થયો હોય, ત્યારે જ ધર્મની શરૂઆત થાય છે. પછી વીતરાગ–ચારિત્રમાં જે આરૂઢ થયા છે તે મુનિ–મહાત્મા પોતે સાક્ષાત્ ધર્મ છે. જુઓ, વીતરાગ ચારિત્રમાં આરૂઢને ધર્મ કહ્યો, પણ રાગમાં–પુણ્યમાં આરૂઢને ધર્મ ન કહ્યો. કેમકે મોહથી ન્યારો નિર્મોહ ભાવ તે ધર્મ છે; શુભરાગ તો પોતે મોહનો પ્રકાર છે, તે કાંઈ ધર્મનો પ્રકાર નથી. મોક્ષના હેતુભૂત સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે ભાવો મોહથી ન્યારા છે; તેમાં રાગ ન સમાય. ચોથા ગુણસ્થાને જે રાગ ભાવ છે તે સમ્યક્ત્વ–ધર્મમાં નથી સમાતો; મુનિદશામાં જે સંજ્વલન કષાય છે તે ચારિત્રધર્મમાં નથી સમાતો. ધર્મના શુદ્ધભાવથી રાગભાવ તો બહાર જ રહે છે. રાગ તો ચારિત્રમોહ છે. તે ચારિત્રમોહથી ન્યારો ભાવ તે ચારિત્રધર્મ છે. અરેરે, આવા સુંદર વીતરાગ ધર્મને ભૂલીને લોકો શુભરાગમાં ને દેહની ક્રિયામાં ચારિત્ર–ધર્મ માની બેઠા.—બાપુ ! વીતરાગ ધર્મના પંથ ન્યારા છે. ધર્મનું આવું સ્વરૂપ ઓળખે તો સાચી ધર્મભાવના ભાવે ને મોક્ષસુખને નિહાળે, તેનો સ્વાદ ચાખે.

અનિત્યભાવનાથી શરૂ કરીને આ છેલ્લી ધર્મભાવના છે. આ બારભાવનાને સંવરના ઉપાય તરીકે તત્ત્વાર્થસૂત્રમાં વર્ણવી છે : अनित्य–अशरण–संसार–एकत्व–अन्यत्व–अशुचि–आस्रव–निर्जरा–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लोक-बोधिदुर्लभ-धर्म स्वाख्यातत्त्व अनुचिंतनं अनुप्रेक्षाः ॥ ७ ॥ આ સૂત્રની ટીકા કરતાં અકલંકસ્વામી રાજવાર્તિકમાં કહે છે કે ઉત્તમક્ષમાદિ ભાવરૂપે પરિણમેલો ક્ષમાશીલ આત્મા, પોતાના હિતની ચાહનાથી વૈરાગ્યપોષક બારભાવનાનું ચિંતન કરે છે. આ બાર ભાવનાઓ તત્ત્વનું ધ્યાન કરાવે છે; નિરંતર તેના ચિંતનથી આત્મા ક્રોધાદિ સમસ્ત વિકારોથી દૂર થઈ જાય છે. દીક્ષા પ્રસંગે ભગવાન તીર્થંકરો પણ આ વૈરાગ્ય ભાવનાઓ ભાવે છે. આ ભાવનાઓ ભવ્યજીવને આનંદજનની છે. દશધર્મની દૃઢતા તેમજ પરીષહજય એ બંનેમાં તે નિમિત્ત છે. એનું ચિંતન કરનાર જીવને ઉત્તમક્ષમાદિ ધર્મોનું સારી રીતે પાલન થાય છે, અને પરીષહ જીતવાનો પણ ઉત્સાહ રહે છે.

આવી બાર ભાવનામાં આ છેલ્લી 'ધર્મભાવના'નું ચિંતન ચાલે છે. આત્મસ્વરૂપની આરાધના વડે મોહરહિત ભાવ પ્રગટે તે ધર્મ છે,–ચારિત્ર કહો કે વીતરાગતા કહો તે આ જ ધર્મ છે. આવો ધર્મ ધારણ કરનાર ધર્માત્મા પોતાના અચલસુખને નીહાળે છે:

संवर लहि सुख अवलोके (શ્લોક ૧૦)
सोइ शिवसुख दरसावे (શ્લોક ૧૧)
तब ही सुख अचल नीहारे (શ્લોક ૧૪)

આમ જ્યાં ને ત્યાં આત્મા સુખ પામે તે પ્રયોજન બતાવ્યું છે. ચૈતન્ય સુખના સાક્ષાત વેદન સહિતની આ ભાવનાઓ છે. ધર્મ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે ભાવો મોહથી ન્યારા છે.—

* સમ્યગ્દર્શનધર્મ, મિથ્યાત્વ-મોહથી રહિત છે.
* સમ્યગ્જ્ઞાનધર્મ, અજ્ઞાનભાવથી રહિત છે.
* સમ્યક્ચારિત્રધર્મ, રાગાદિ મોહભાવથી રહિત છે.

—આમ ત્રણે ભાવો મોહ વગરના છે એટલે શુદ્ધ છે. આ રીતે જિનશાસનમાં મોહ-ક્ષોભ વગરના નિજ-ચૈતન્ય પરિણામને ધર્મ કહ્યો છે; રાગને ધર્મ નથી કહ્યો.—અહીં તો મોક્ષના કારણરૂપ ધર્મની વાત છે. સ્વર્ગના ભવના કારણરૂપ એવા પૂજા વગેરે સંબંધી શુભરાગને ધર્મ કહેવો તે તો લૌકિકજનોની વાત છે. લૌકિકજનો એટલે જેને અલૌકિક વીતરાગમાર્ગની ખબર નથી એવા અજ્ઞાનીજનો, તે શુભરાગને ધર્મ માને છે. લોકોત્તર એવા જિનમાર્ગમાં તો રાગને ધર્મ નથી કહ્યો, વીતરાગ ભાવને જ ધર્મ કહ્યો છે. —આમ ધર્મના સ્વરૂપનું ચિન્તન કરવું તે ધર્મભાવના છે.

'જે નિયમથી કર્તવ્ય...એવાં રત્નત્રય તે નિયમ છે.' નિયમસારની એ ગાથામાં ભગવાન કુંદકુંદસ્વામીએ રત્નત્રય-ધર્મને નિયમથી કર્તવ્ય કહ્યાં છે; મોક્ષને માટે તે નિયમથી કર્તવ્ય છે; પણ શુભરાગને કાંઈ નિયમથી કર્તવ્ય નથી કહ્યું, શુભરાગ તો નિયમથી છોડવા યોગ્ય કહ્યો છે, તેનેય છોડશે ત્યારે મોક્ષ થશે. રાગ તે કાંઈ સાર નથી, સાર તો શુદ્ધ રત્નત્રય છે, —વિપરીત એવા રાગાદિનો તેમાં અભાવ છે; આવા શુદ્ધરત્નત્રય તે મોક્ષાર્થી જીવનું કર્તવ્ય છે, તે જ મોક્ષનું કારણ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવા સારભૂત વીતરાગભાવો તે જ ધર્મ છે. અંતર્મુખ થઈને આવા ધર્મની ભાવના કરનાર જીવ પોતે અચલ સુખને અનુભવે છે, ને તેનો સંસાર વિલય પામે છે.—

ઊપજે મોહ–વિકલ્પથી સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.

જીવને મોહથી જ આ સંસાર છે; અંતરમાં પોતાના સુખસ્વભાવનું અવલોકન કરતાં તે સંસાર ક્ષણમાત્રમાં વિલય પામે છે, તેમાં વાર લાગતી નથી. અંતરમાં નજર કરીને સુખને દેખ્યું ત્યાં દુઃખનો નાશ....! સુખની ઉત્પત્તિ ને દુઃખનો વ્યય, એક ક્ષણમાં થાય છે. આવી સુખદશાનું અવલોકન તે ધર્મ છે. આવો ધર્મ ધારણ કરનાર જીવ તે જ ક્ષણે મોક્ષસુખને પણ પોતામાં દેખી લ્યે છે કે મને આવી રાગ વગરની અપૂર્વ શાંતિનું વેદન થયું; તેની પૂર્ણતા તે મોક્ષ છે. ધર્મ કરે ને મોક્ષની ખબર ન પડે–એમ બને નહિ. 'ધર્મ'માં મોક્ષસુખનો સ્વાદ છે, ને સંસારદુઃખનો અભાવ છે.

ધર્મ તે સુખ; મોહ તે દુઃખ. આત્મા પોતે આનંદ સ્વભાવ છે એટલે તેની સન્મુખતામાં આનંદનું વેદન થાય છે. ધર્મ શરૂ થયો ત્યારથી જ સાધકને આત્માના આનંદનું વેદન છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' એટલે કે શરીરની તન્દુરસ્તી તે પહેલું સુખ છે–એ તો દેહબુદ્ધિવાળા અજ્ઞાનીની વાત છે, તે કાંઈ સાચી વાત નથી. શરીર તો જડ છે, પર છે, એમાં સુખ કેવું? ખરેખર તો 'પહેલું સુખ તે સમ્યગ્દર્શન' છે; બીજું સુખ તે ચારિત્રદશા, ને ત્રીજું સુખ (ઉત્તમસુખ) તે કેવળજ્ઞાન છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણે નિર્મોહ છે ને નિર્મોહપણામાં જ સુખ છે. દેહમાં આત્મબુદ્ધિ એ તો મોટો મોહ છે, મોહમાં સુખ કેવું? મોહ વગરના સિદ્ધ ભગવંતો, કોઈ પણ બાહ્યસામગ્રી વગર જ પરિપૂર્ણ સુખી છે. જેવો આનંદ સિદ્ધભગવાનને છે તેવો જ આનંદ સ્વસન્મુખ થઈને ધર્મીજીવ પોતામાં અનુભવે છે, તેમાં પણ કોઈ બાહ્ય સામગ્રીનું અવલંબન નથી, સુખ તો પોતાનો સ્વભાવ છે, એમાં બીજાની શી જરૂર? ભાઈ! તારો સ્વભાવ તો તારી પાસે છે ને! તેની સન્મુખ થઈને ભાવના કર એટલે તને સારરૂપ એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થશે, મોહરહિત ધર્મ થશે અને મોક્ષનું અચલસુખ પોતામાં દેખાશે–અનુભવાશે.

(અહીં બારમી ધર્મભાવનાનું વર્ણન પૂરું થયું.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ધર્મના ધારક મુનિરાજ

આ રીતે બાર ભાવનાનું વર્ણન કર્યું; હવે આવી વૈરાગ્યભાવના પૂર્વક ધર્મીજીવ મુનિદશા અંગીકાર કરે છે, તે મુનિદશાની ક્રિયાઓનું વર્ણન છઠ્ઠી ઢાળમાં કરશે, તેની સૂચનાનો શ્લોક મુકીને આ પાંચમી ઢાળ પૂરી કરે છે—

**सो धर्म मुनिनकरि धरिये तिनकी करतूति उचरिये ।**
**ताको सुनिये भवि प्रानी अपनी अनुभूति पिछानी ॥ १५ ॥**

બાર ભાવનામાં છેલ્લી ધર્મભાવનામાં, મોહથી ન્યારા એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધ ભાવને ધર્મ કહ્યો. આવા ધર્મને ધારણ કરીને મુનિવરો મોક્ષસુખને સાધે છે. એવા મોક્ષસાધક મુનિવરોની ક્રિયા કેવી હોય છે તે હવે છઠ્ઠી ઢાળમાં કહીએ છીએ. હે ભવ્ય જીવો! તમે તે આદર પૂર્વક સાંભળો, અને પોતાના આત્માની અનુભૂતિને ઓળખીને તમે પણ એવા ધર્મની આરાધના કરો.

૧. પહેલી ઢાળમાં ચારગતિનાં દુઃખોનું વર્ણન કર્યું.

૨. બીજી ઢાળમાં તે દુઃખનાં કારણરૂપ મિથ્યાત્વાદિનું વર્ણન કર્યું.

૩. ત્રીજી ઢાળમાં દુઃખથી છૂટવા માટે સમ્યગ્દર્શનનું વર્ણન કર્યું.

૪. ચોથી ઢાળમાં સમ્યગ્જ્ઞાનનું તેમજ વ્રતનું વર્ણન કર્યું.

૫. આ પાંચમી ઢાળમાં બાર વૈરાગ્ય-અનુપ્રેક્ષાનું વર્ણન કર્યું.

૬. અને હવે છઠ્ઠી ઢાળમાં મુનિદશાનું તથા તેના ફળરૂપ કેવળજ્ઞાન તેમજ મોક્ષનું વર્ણન કરીને શાસ્ત્ર પૂરું કરશે.

ચારિત્રદશા વિના મુક્તિ નથી. ધર્માત્મા શ્રાવક વૈરાગ્યપૂર્વક સદા મુનિદશાની ભાવના ભાવે છે.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો...
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને....
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો!

તીર્થંકરાદિ મહાપુરુષો જે ચારિત્રપંથમાં વિચરીને મોક્ષમાં ગયા....મહાપુરુષોના તે માર્ગમાં અમે પણ વિચરીએ એવો ધન્ય અવસર અમને ક્યારે આવે! બહારના અને અંતરના સર્વ પ્રકારનાં બંધનને છેદીને, નિર્ગ્રંથપણે અમે મુનિ થઈએ ને કેવળજ્ઞાન સાધીને મોક્ષમાં જઈએ-અહા! એવો અપૂર્વ અવસર અમને ક્યારે આવશે?

તપનો મહિમા બતાવતાં મોક્ષપ્રાભૃતમાં કુંદકુંદ સ્વામી કહે છે કે, તીર્થંકર ભગવંતો કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમને ધ્રુવ-સિદ્ધિ છે, ચોક્કસપણે તે ભવમાં જ મુક્તિ થવાની છે, અને જેઓ મુનિદશામાં ચાર જ્ઞાન સહિત છે તેઓ પણ તપશ્ચરણ કરે છે,–એમ જાણીને હે જ્ઞાનવાન પુરુષો, તમે પણ જરૂર તપશ્ચરણ કરો....એટલે કે ચારિત્રપૂર્વક આત્મસ્વરૂપમાં એકાગ્રતાનો ઉદ્યમ કરો. એના વડે જ કેવળજ્ઞાન અને મોક્ષ સધાય છે. ધન્ય છે એ ચારિત્રદશા !

જેમ વેપારી દીવાળી વગેરે સારી મોસમમાં વેપારની રમઝટ બોલાવે ને થોડા વખતમાં ઘણું કમાઈ લ્યે; તેમ ચારિત્રદશા તે તો ધર્મીજીવને ધર્મ સાધવાની ખરેખરી મોસમ છે. તેમાં ધર્મની ઝટપટ બોલાવીને થોડાકાળમાં તે મહાન મોક્ષવૈભવને સાધી લ્યે છે. – આવી દશાને સાધુપદ કહેવાય; તેની આ ભાવના છે. ' અહો, સમ્યગ્દર્શન તો થયું છે, હવે તેમાં લીન થઈ ને નિર્વિકલ્પઅનુભૂતિ વારંવાર કરીએ ને સ્વરૂપમાં સ્થિરતા કરીને મુનિદશા પ્રગટ કરીએ ' એમ ધર્મી ભાવના ભાવે છે. વાહ, આવી ચારિત્રદશા કોને ન ગમે !! એવી ચારિત્રદશાવંત મુનિઓનાં અમે તો દાસ છીએ, તેમના ચરણોનાં સેવક છીએ, તેમને અમે બહુમાનથી નમસ્કાર કરીએ છીએ : ' **णमो लोए त्रिकालवर्ती सव्व साहूणं ।** '

અપને દુષ્ટ અશુભ ભાવોંસે જો કર્મ પહલે બાંધા જા ચુકા હૈ ઉસકે ઉદય આને પર કૌન બુદ્ધિમાન દૂસરોં પર ક્રોધ કરેગા ?

( શ્રી સારસમુચ્ચય )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# વીતરાગ–વિજ્ઞાન–પ્રશ્નોત્તર

[ પાંચમી ઢાળ ]

[ અહીં પાંચમી ઢાળ ઉપરનાં પ્રવચનોમાંથી ૫૦૮ પ્રશ્ન-ઉત્તર આપવામાં આવ્યાં છે. ટૂંકી ભાષા અને સરળ શૈલીમાં આ પ્રશ્ન–ઉત્તર સૌને ગમ્યા છે, અને છઢાળાના વિશેષ અભ્યાસમાં ઉપયોગી છે. ]

૧૨૪૮ છઢાળાના મંગળમાં કોને નમસ્કાર કર્યા છે?....વીતરાગ–વિજ્ઞાનને.

૪૯ છઢાળામાં શેનો ઉપદેશ છે?....જે ઉપાયથી દુઃખ મટે ને સુખ થાય તેનો.

૫૦ આ પાંચમી ઢાળમાં શેનું વર્ણન છે?....બાર વૈરાગ્ય–અનુપ્રેક્ષાનું.

૫૧ આ વૈરાગ્ય અનુપ્રેક્ષાને કોણ ચિંતવે છે?....ધર્મી શ્રાવક તેમજ મુનિ બંને ચિંતવે છે.

૫૨ આ અનુપ્રેક્ષાની વિશેષતા શું છે?... દીક્ષાપ્રસંગે તીર્થંકરો પણ તે ચિંતવે છે.

૫૩ આ બાર ભાવનાઓ કેવી છે?....જીવને વૈરાગ્ય ઉપજાવવા માટે માતા જેવી છે.

૫૪ તે માતા શું આપે છે?....ભાવિકજનોને આનંદ આપે છે. '**भविकजन आनन्दजननी**'

૫૫ જીવને શ્રાવકદશા ક્યારે થાય છે?....સમ્યગ્દર્શન પછી બીજા ચારકષાય મટે ત્યારે.

૫૬ જીવને મુનિદશા ક્યારે થાય?....શુદ્ધતા વધતાં ૧૨ કષાય મટે ત્યારે.

૫૭ વૈરાગ્યભાવનાનું ચિંતન કઈ રીતે હોય છે?....ભેદજ્ઞાનપૂર્વક, આત્માના લક્ષે હોય છે.

૫૮ બાર અનુપ્રેક્ષાનું વર્ણન કોણે કર્યું છે?....કાર્તિકસ્વામી વગેરે ઘણા આચાર્યોએ કર્યું છે.

૫૯ મુનિઓ શું કરતા હોય છે?....આત્માના મહા આનંદમાં ઝૂલતા હોય છે.

૬૦ જીવ કેવળજ્ઞાન અને મોક્ષ ક્યારે પામશે?
...જ્યારે મુનિ થશે ને વીતરાગચારિત્ર કરશે ત્યારે.

૬૧ મોક્ષને માટે જિનદેવનો ઉપદેશ શું છે?....સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક વીતરાગચારિત્ર કરો.

૬૨ વૈરાગ્યચિંતનરૂપી પવન લાગતાં શું થાય છે?
...સમભાવરૂપ સુખ એકદમ જાજ્વલ્યમાન થાય છે.

૬૩ આ ભાવના વડે સ્વરૂપમાં ઠરતાં શું થાય છે?....શિવસુખનો અનુભવ થાય છે.

૬૪ મુનિઓ કેવા છે?....તેઓ સકલવ્રતી મહાભાગ્યવાન છે.

૬૫ મહાભાગ્ય એટલે શું?....મોક્ષનો મહાન પુરુષાર્થ–એ જ મહાભાગ્ય.

૬૬ મહાભાગ બીજા કોઈને કહ્યા છે?....હા, જિનદેવને ૧૦૦૮ નામમાં '**महाभाग**' કહ્યા છે.

૬૭ તે મહાભાગ મુનિઓ કેવા છે?....ઇંદ્રો કરતાંય તેઓ મહાન સુખી છે.

૬૮ મુનિ જેવો આનંદ શ્રાવકને હોય?....હા, સમકિતીને અતીન્દ્રિય આનંદ અલ્પ હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૨૬૯ જગત ઊંઘતું હોય ત્યારે મુનિ શું કરતા હોય ?
....ત્યારે પણ મુનિ જાગૃતપણે આત્મચિંતન કરતા હોય.

૭૦ બારભાવના ભાવવાથી શું થાય છે ?...ચંચળ ચિત્તની એકાગ્રતા થાય છે.

૭૧ મુનિઓને જંગલમાં આનંદ ક્યાંથી આવે છે ?....અંદર આત્મામાંથી આનંદ આવે છે.

૭૨ તે મુનિઓ ક્યાં પહોંચ્યા છે ?....તેઓ મોક્ષપુરીના કિનારે પહોંચ્યા છે.

૭૩ णमो लोए सव्वसाहूणं તે સાધુ કેવા ?....અહા, એ તો મોક્ષમાં પહોંચવાની તૈયારીવાળા છે.

૭૪ પરમાર્થમાર્ગમાં મહાભાગ્યવાન કોણ છે ?....મોક્ષને સાધનારા મુનિભગવંતો મહાભાગી છે.

૭૫ આત્મા કેવો છે ?....અતીન્દ્રિયજ્ઞાનથી જ જણાય તેવો છે.

૭૬ સમકિતીની આસક્તિને 'જરાક' કેમ કહી ?
–કેમકે તે આસક્તિ અનંતાનુબંધી વગરની છે.

૭૭ મુનિઓએ શું કર્યું છે ?....દૃઢ વૈરાગ્યથી વિષયોની આસક્તિને તોડી નાંખી છે.

૭૮ વૈરાગ્યભાવના કેવી છે ?....સુખકી સહેલી હૈ....અધ્યાત્મકી જનની હૈ.

૭૯ અજ્ઞાનીને સાચો વૈરાગ્ય કેમ નથી હોતો ?....કેમકે તે બાહ્યવિષયોમાં–રાગમાં સુખ માને છે.

૮૦ જ્ઞાની ક્યાં સુખ માને છે ?....તે પોતાના ચૈતન્યસ્વભાવમાં જ સુખ માને છે.

૮૧ રાગમાં રોકાયેલા અજ્ઞાનીને क्लीव કેમ કહ્યો ?...કેમકે તે મોક્ષના પુરુષાર્થ વગરનો છે.

૮૨ જ્ઞાની–ધર્માત્મા કેવા છે ?....મોક્ષનો મહાન પુરુષાર્થ કરનારા, શૂરવીર છે.

૮૩ સમ્યક્ત્વ સહિતની બાર ભાવના શેનું કારણ છે ?....તે સંવરનું કારણ છે.

૮૪ જીવને સમ્યગ્દર્શન થાય છતાં તે અવ્રતી હોય ?....હા; અવ્રતી–સમકિતી પણ મોક્ષમાર્ગમાં છે.

૮૫ એમ કોણે કહ્યું છે ?....ભગવંત સમન્તભદ્રસ્વામીએ કહ્યું છે.

૮૬ અભય શું છે ? ભય ક્યાં છે ?....વૈરાગ્ય અભય છે; સંસાર ભયથી ભરેલો છે.

૮૭ વૈરાગી–કુમાર માતાને શું કહે છે ?
...." મારી ક્ષણ લાખેણી જાય છે...હે માતા ! મુનિદીક્ષા માટે મને રજા દે.... "

૮૮ રોગ, ઉપસર્ગ, પરીષહ વખતે શું કરવું ?...બાર વૈરાગ્યભાવનાનું ચિંતન કરવું.

૮૯ જ્યાં વૈરાગ્ય હોય ત્યાં શું થાય ?....વૈરાગ્ય હોય ત્યાં સુખનો સમુદ્ર ઉલ્લસે.

૯૦ બાર ભાવનામાં કોની સન્મુખતા છે ?....ચૈતન્યની સન્મુખતા છે, પરથી વિમુખતા છે.

૯૧ શુભવિકલ્પની કેટલી કિંમત ?....મોક્ષના માર્ગમાં એની કિંમત કાંઈ જ નથી.

૯૨ બાર વૈરાગ્યભાવના કઈ કઈ છે ?
૧. અધ્રુવ ૨. અશરણ ૩. સંસાર ૪. એકત્વ. ૫. અન્યત્વ ૬. અશુચિત્વ ૭. આસ્રવ ૮. સંવર ૯. નિર્જરા ૧૦. લોક ૧૧. બોધિદુર્લભ અને ૧૨. ધર્મભાવના.

૯૩ અધ્રુવ–અનુપ્રેક્ષા એટલે શું ?....કોઈપણ સંયોગ આત્મા સાથે ધ્રુવ રહેતા નથી એવું ચિંતન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૧૨૯૪ તો 'ધ્રુવ' શું છે?
....આત્માને પોતાનો જ્ઞાનસ્વભાવ જ ધ્રુવ છે.–
'જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગઆત્મક જીવ છે.'

૯૫ સંયોગને અધ્રુવ જાણીને શું કરવું?...તેનો આશ્રય છોડવો....ને ધ્રુવનો આશ્રય કરવો.

૯૬ ઇંદ્રિયવિષયોની અનુકૂળતા કેવી છે?....વીજળીના ઝબકારા જેવી ક્ષણભંગુર.

૯૭ દેહની ક્ષણભંગુરતા દેખીને કોણ વૈરાગ્ય પામ્યું?...ચક્રવર્તી સનતકુમાર...વગેરે ઘણાય.

૯૮ આત્મામાં કયો રોગ થયો છે?....આત્મામાં અનાદિથી ભવ-રોગ લાગુ પડયો છે.

૯૯ તે ભવરોગ કયા ઔષધથી મટે?....રત્નત્રયરૂપ અમોઘ ઔષધથી ભવરોગ મટે છે.

૧૩૦૦ ધર્માત્મા પોતાના ચૈતન્ય-રૂપને કેવું જાણે છે?
....સુંદરતામાં અદ્દભુતથી પણ અદ્દભુત જાણે છે.

૧૩૦૧ શ્રીમદ્ રાજચંદ્રજી કોણ હતા?...તેઓ સૌરાષ્ટ્રના, ભારતપ્રસિદ્ધ આત્મજ્ઞાની સંત હતા.

૨ તેમણે બાર વૈરાગ્યભાવના ક્યારે લખી હતી?
....માત્ર ૧૬ વર્ષની વયે તેમણે સરસ ભાવના લખી છે.

૩ દેહનો સંયોગ, ધન વગેરે છૂટી જાય તો?
....તોપણ ચૈતન્યતત્ત્વ શાશ્વત રહે છે, તેની ભાવના કરવી.

૪ ભગવાન હનુમાનજી કઈ રીતે વૈરાગ્ય પામ્યા?....આકાશમાં ખરતો તારો દેખીને.

૫ ભગવાન ઋષભદેવ કઈ રીતે વૈરાગ્ય પામ્યા?....નીલાંજના-દેવીને મરણ પામતી દેખીને.

૬ મુમુક્ષુજીવને શું શોભતું નથી?
....અરે, અસ્થિર ભોગોમાં દિનરાત મચ્યા રહેવું તે મુમુક્ષુને શોભતું નથી.

૭ પોતાના હિત માટે શું કરવું?
...ક્ષણનાય વિલંબ વગર, વૈરાગ્ય કરી આત્મહિતમાં લાગી જવું.

૮ સારા સંયોગમાંથી તો સુખ આવે ને?....એમાં તારું સુખ છે જ નહીં-તો ક્યાંથી આવે?

૯ તો સુખ કયાં છે?....સુખ અંતરમાં છે, તે બહાર શોધવાથી નહિ મળે.

૧૦ કોણ કાયમ રહે?....કોણ ન રહે? સ્વભાવ કાયમ રહે; સંયોગ ને વિભાવ કાયમ ન રહે.

૧૧ ઇન્દ્રો પુણ્યના ફળમાં કેમ મૂર્છાતા નથી?....કેમકે અતીન્દ્રિય ચૈતન્યસુખ તેમણે ચાખ્યું છે.

૧૨ રાગનાં ફળ શાશ્વત હોય?—એમાં સુખ હોય? ....ના.

૧૩ તીર્થંકરોનું શરીર ને સમવસરણ કેવાં છે?....તે પણ અશાશ્વત છે; આત્મા શાશ્વત છે.

૧૪ સમ્યગ્દષ્ટિ જીવો કેવા હોય છે?....તેઓ નિયમથી જ્ઞાન-વૈરાગ્યસમ્પન્ન હોય છે.

૧૫ શરીર તથા ક્રોધાદિને અધ્રુવ વિચારતાં શું થાય છે?
....ઉપયોગ ત્યાંથી પાછો વળીને ધ્રુવસ્વરૂપમાં આવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૩૧૬ આસ્રવઅનુપ્રેક્ષાનું ફળ શું ?...આસ્રવથી પાછા વળવું તે.

૧૭ સંવર અને નિર્જરા–અનુપ્રેક્ષાનું ફળ શું ?....સંવર અને નિર્જરારૂપે પરિણમવું તે.

૧૮ મોહથી શરીરની સંભાળ કરતાં શું થયું ?....એકપણ શરીરને રાખી ન શકયો; દુઃખી થયો.

૧૯ પોતાના ચૈતન્યતત્ત્વની સંભાળ કરે તો...?
તો થોડા જ વખતમાં અનંતકાળનું મોક્ષસુખ મળે.

૨૦ બાળક માતાની ગોદમાં આવ્યા પહેલાં કયાં જાય છે ?....તે અનિત્યતાની ગોદમાં જાય છે.

૨૧ જાગતો જીવ ઊભો છે–તે કયાં જાય ?....તે કદી મરે નહીં; સ્વભાવમાં જ રહે.

૨૨ જાગતો જીવ કયારે પ્રાપ્ત થાય ? જ્યારે અંતરમાં નજર કરે ત્યારે.

૨૩ દેહાદિના સંયોગથી આત્મા જીવે છે ?...ના; સંયોગવગર પણ જ્ઞાનથી તે જીવે જ છે.

૨૪ સંયોગથી આત્માની મહાનતા માનવી તે શું છે ? અરેરે, એમાં તો આત્માની હીનતા છે.

૨૫ અશરણ–ભાવના કઈ રીતે ભવાય ?
....અશરણનું શરણ છોડીને, ને ચૈતન્યનું શરણ લઈને.

૨૬ કયો સિંહ બધાયને મારે છે ?....કાળરૂપી સિંહ ઇન્દ્ર–નરેન્દ્ર બધાને મારે છે.

૨૭ તે કાળરૂપી સિંહથી બચવાનો ઉપાય ?....રત્નત્રય–મંત્ર વડે મોક્ષને સાધવો તે.

૨૮ મરણથી બચવાનો કોઈ મંત્ર છે ?....હા, રત્નત્રયરૂપી વીતરાગી–મંત્ર મરણથી બચાવે છે.

૨૯ જીવને કોણ શરણ છે ?....સર્વજ્ઞનો ધર્મ....અર્થાત્ શુદ્ધાત્માની અનુભૂતિ.

૩૦ એકાન્ત અનાથ જીવ સનાથ કયારે થાય ?....સર્વજ્ઞના ધર્મને આરાધે ત્યારે.

૩૧ સર્વજ્ઞ–દેવ સિવાય બીજા દેવ–દેવીને માનવાથી શું થાય ?
–મિથ્યાત્વ થાય; લાભ કાંઈ ન થાય.

૩૨ જીવનું આયુષ પૂરું થાય તો ?— તો ઇન્દ્ર કે જિનેન્દ્ર પણ તેને બચાવી ન શકે.

૩૩ ભારતના વડાપ્રધાન બનેલા પં. લાલબહાદૂરજી શાસ્ત્રી, ગુરુદેવને અભિનંદન–ગ્રંથ સમર્પણ કરતી વખતે ( ઈ. સ. ૧૯૬૪માં ) શું બોલેલા ?
...“ जो रास्ता अहिंसा और शांतिका, चारित्रका नैतिकताका आप दिखाते हैं उस पर यदि हम चलेंगे तो उसमें हमारा भला होगा । ” ( शास्त्रीजी )

૩૪ મરણ થવાનું કયારે મટે ?....મોક્ષ પામે ત્યારે.

૩૫ બાદશાહ સિકંદર કઈ રીતે મર્યો ?
....‘ મારું....મારું ’ એમ મમતાપૂર્વક અશરણપણે મર્યો.

૩૬ જ્ઞાનીને કેવું મરણ હોય છે ?...‘ જ્ઞાયક ’ ની ભાવનાપૂર્વક સમાધિમરણ હોય છે.

૩૭ અરિહંત–સિદ્ધ–સાધુ શું કહે છે ?.... –‘ તું તારા સ્વભાવ-ધર્મનું શરણ લે. ’

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૩૩૮ મૃત્યુ નજીક હોય ત્યારે શું કરવું ?....અંદરમાં ચૈતન્ય-શરણનું ચિંતન કરવું.

૩૯ દેહ છૂટવા ટાણે જ્ઞાનીને શું હોય છે ?... મરણની બીક નથી, આનંદની લહેર છે.

૪૦ 'મૃત્યુ' ને મહોત્સવ કહી શકાય ?...હા, સમાધિપૂર્વકનું મૃત્યુ તે મહોત્સવ છે.

૪૧ કોઈ ઈશ્વર આપણને મારે કે જીવાડે છે ?...ના.

૪૨ કોઈ જીવ બીજાને મારે કે જીવાડે છે ?....ના.

૪૩ જીવને શરણ કોનું છે ?....પોતાના આત્માનું નિશ્ચયથી; અરિહંતાદિનું વ્યવહારથી.

૪૪ અરિહંતાદિનું શરણ 'વ્યવહારથી' કેમ કહ્યું ?
....કેમકે ખરેખર તેઓ આ જીવને કાંઈ આપતા નથી.

૪૫ અનંત શક્તિસમ્પન્ન ભગવાન આત્મા કેવો છે ?
તે એવો મહાન છે કે તેને બીજાના શરણની જરૂર નથી.

૪૬ સાચો વૈરાગ્ય ક્યારે જાગે ?....વારંવાર પોતાના સ્વરૂપનો વિચાર કરે ત્યારે.

૪૭ સ્વરૂપનો ખરો વિચાર ક્યારે જાગે ?
....વૈરાગ્યથી, વિષય-કષાયો પ્રત્યે એકદમ ઉદાસીન થાય ત્યારે.

૪૮ આ રીતે સાચા જ્ઞાન ને વૈરાગ્ય કેવા થયા ?....બંને એકબીજાના સાથીદાર થયા.

૪૯ ધર્મ-શ્રવણની દરકાર ન કરે તેને શું થાય ?
...તે અશરણપણે મરે ને મનુષ્યભવ હારી જાય.

૫૦ પરના શરણની આશા કેવી છે ?....તે વ્યર્થ છે, છેતરામણી છે; મૃગજળ જેવી છે.

૫૧ દેહ છોડીને જીવ બીજે જતાં શું થાય છે ?
...ત્યાં પણ પોતાના ગુણ-પર્યાયસહિત તે જીવે છે, મરી નથી જતો.

૫૨ શરીર એક છૂટીને બીજું આવ્યું, -તો આત્મા ?
....આત્મા કાંઈ એક બદલીને બીજો નથી આવ્યો.

૫૩ પૂર્વભવમાં જીવ ક્યાં હતો-તે ખબર પડે ?
...હા, પૂર્વભવનું જાતિસ્મરણ ઘણા જીવોને થાય છે.

૫૪ સંસાર કેવો છે ?...સંસાર અસાર છે, દુઃખરૂપ છે, અજ્ઞાનમય છે.

૫૫ સંસાર-અનુપ્રેક્ષા કરવાથી શું થાય છે ?....સંસારથી વિરક્તિ ને મોક્ષનો ઉત્સાહ જાગે છે.

૫૬ સંસારમાં ગતિ કેટલી છે ? તિર્યંચ-નરક-મનુષ્ય-દેવ એ ચાર ગતિ છે.

૫૭ દેવગતિમાં શેનું દુઃખ છે ?....ત્યાં પણ મિથ્યાત્વાદિ કષાયો છે, તે જ દુઃખ છે.

૫૮ સુખ-દુઃખ ક્યાં છે ?...બહારમાં નથી; જીવના ભાવમાં જ છે.

૫૯ દેવલોકની સામગ્રીમાં તો સુખ છે ?....ના; તેના લક્ષે આકુળતા છે, દુઃખ છે.

વી. ૫૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૧૩૬૦ આત્માનું સુખ કેવું છે?....વિષયોથી પાર છે, બીજાની તેમાં જરૂર નથી.

૬૧ સાધકને કેવું સુખ છે?... –થોડું, પણ સિદ્ધભગવાન જેવું જ છે.

૬૨ જીવને પંચપરાવર્તનરૂપ સંસાર કેમ થાય છે?....મિથ્યાત્વને લીધે.

૬૩ પાંચ પરાવર્તન કયા કયા?....દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવરૂપ.

૬૪ પંચપરાવર્તનમાં નરક–સ્વર્ગના ભવ કેટલા?...બંનેના અનંત; તેમાં પણ સ્વર્ગના વધારે.

૬૫ પંચપરાવર્તનમાં મનુષ્યભવ કેટલી વાર?.... –અનંતવાર. ( છતાં સૌથી ઓછા )

૬૬ ચારેગતિમાં અનંતભવ કર્યા, તે કોણે?
....વ્યવહારરાશીના જીવોએ. ( નિશ્ચયરાશીના નહીં. )

૬૭ નિશ્ચયરાશીના જીવ કયા?....જે નિગોદમાંથી હજી સુધી બહાર નથી નીકળ્યા તે.

૬૮ સિદ્ધભગવાનનું સુખ ને નિગોદનું દુઃખ કેવું છે?....એ બંને વચનાતીત છે.

૬૯ સંસાર કેવો છે?...અસાર....અસાર રે સંસાર; એમાં સુખ નહીં લગાર.

૭૦ આત્મા કેવો છે?...સર્વ પ્રકારે સાર—એમાં સુખનો નહીં પાર.

૭૧ સમ્યગ્દર્શન પછી પંચપરાવર્તન કેટલા થાય?–એક પણ નહીં.

૭૨ પંચપરાવર્તનમાં બધાય પરમાણુદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભવ ને ભાવ આવે?
....ના; મિથ્યાદૃષ્ટિને યોગ્ય હોય તેટલા જ આવે.

૭૩ પંચપરાવર્તનમાં ક્યારેક દુઃખ, ક્યારેક સુખ?
....ના; એકલું દુઃખ જ ભોગવીને તે પૂરા કરે છે.

૭૪ પંચપ્રકારના પરિભ્રમણથી જીવ ક્યારે છૂટે?...સમ્યગ્દર્શન કરે ત્યારે.

૭૫ સમ્યગ્દર્શન કોઈને છૂટી જાય....તો....?....તોપણ, તેને પંચપરાવર્તન તો ન જ થાય.

૭૬ પંચપરાવર્તનનો વિસ્તાર કેટલો?....સાધારણને કલ્પનામાં પણ ન આવે–એટલો.

૭૭ સર્વાર્થસિદ્ધિમાંય અનંતવાર જીવ ઉપજ્યો?
....ના; એકવાર તેમાં ઉપજ્યા પછી બીજા ભવે તે જીવ જરૂર મોક્ષ જ પામે.

૭૮ નવમી ગ્રૈવેયકમાં સમ્યગ્દૃષ્ટિ ઝાઝા કે મિથ્યાદૃષ્ટિ?
....ત્યાં સમ્યગ્દૃષ્ટિ ઝાઝા, મિથ્યાદૃષ્ટિ થોડા.

૭૯ સાતમી નરકે વધુ દુઃખ કે એકેન્દ્રિયમાં?....નરક કરતાંય એકેન્દ્રિયમાં ઘણું વધુ દુઃખ છે.

૮૦ જીવે કદી લાખો પ્રાણીની હિંસા કરી?...અજ્ઞાનીએ અનંતવાર કસાઈ થઈને એમ કર્યું.

૮૧ અજ્ઞાનીજીવે કદી અહિંસાવ્રત પાળ્યું?....અનંતવાર, વ્યવહાર અહિંસા પાળી.

૮૨ જીવ કદી કષાયચક્રમાંથી બહાર નીકળ્યો?
....ના; એકવાર પણ બહાર નીકળે તો મોક્ષને પામે.

૮૩ કષાયચક્રમાંથી બહાર કઈ રીતે નીકળાય?....શાંતચૈતન્યના વેદનરૂપ સમ્યગ્દર્શનાદિ વડે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૩૮૪ ચંચળ ચિત્તને એકાગ્ર કરવા શું કરવું ?...બાર વૈરાગ્યભાવનારૂપ તત્ત્વચિંતન કરવું.

૮૫ કષાયચક્રવડે શું થાય ?.... -ભવચક્રમાં ભ્રમણ.

૮૬ ધર્મચક્રવડે શું થાય ?.... -મોક્ષપુરીમાં ગમન.

૮૭ ધર્મચક્ર એટલે શું ?....સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન તે ધર્મચક્ર છે.

૮૮ અશુભ ને શુભ એ બંને કેવા ભાવો છે ?...એ બંને ઉદયભાવ છે.

૮૯ ઉદયભાવ તે શું છે ?... —ઉદયભાવ તે સંસાર છે.

૯૦ મોક્ષમાં ઉદયભાવ હોય ?....ના.

૯૧ સર્વજ્ઞ-કેવળજ્ઞાનીને ઉદયભાવ હોય ?....કોઈને હોય, કોઈને ન હોય.

૯૨ કોને હોય ? -કોને ન હોય ?....ઉદયભાવ અરિહંતને હોય, સિદ્ધને ન હોય.

૯૩ ચૈતન્યભાવ ( પારિણામિકભાવ ) વગરનો કોઈ જીવ હોય ?...ના.

૯૪ ઉદયભાવ વગરનો કોઈ ' સંસારી જીવ ' હોય ?....ના.

૯૫ ક્ષયોપશમભાવ વગરનો કોઈ છદ્મસ્થ હોય ?....ના.

૯૬ ઉપશમભાવ વગર કોઈને ધર્મની શરૂઆત થાય ?....ના.

૯૭ ક્ષાયિકભાવ વગર કોઈ મોક્ષ પામે ?....ના.

૯૮ બંધનાં કારણ કયા ભાવો છે ?....ઉદયભાવ જ બંધનું કારણ છે.

૯૯ બધા પ્રકારનાં ઉદયભાવો બંધનાં કારણ છે ?
ના; માત્ર મોહરૂપ ઉદયભાવો જ બંધનું કારણ છે.

૧૪૦૦ મોહરૂપ ઉદયભાવ કયાં સુધી છે ?....દશમા ગુણસ્થાન સુધી.

૧૪૦૧ બધા જીવો શેનાથી જીવે છે ?....પોતાના ચૈતન્યપ્રાણરૂપ જીવત્વથી જીવે છે.

૨ કોઈ જીવ કદી મરે ?....ના; પોતાના જીવત્વરૂપ જીવનને જીવ કદી છોડે નહિ;

૩ ભવચક્રમાંથી છૂટવા શું કરવું ?....સમ્યક્ત્વાદિરૂપ ધર્મચક્રનું પરિણમન.

૪ ચૈતન્યતત્ત્વનું ભાન કરતાં શું થાય છે ?.... મોહભાવ નષ્ટ થાય છે; શુદ્ધભાવો પ્રગટે છે.

૫ મિથ્યાત્વ કેવું છે ?....એના જેવું અહિતકર જગતમાં બીજું કોઈ નથી.

૬ સમ્યક્ત્વ કેવું છે ?....એના જેવું હિતકર જગતમાં બીજું કોઈ નથી.

૭ મિથ્યાત્વનું ફળ શું ? સમ્યક્ત્વનું ફળ શું ?
....મિથ્યાત્વનું ફળ સંસાર; સમ્યક્ત્વનું ફળ મોક્ષ.

૮ શરીરાદિ સામગ્રી ઇચ્છા પ્રમાણે અનુકૂળ હોય તો....?
.... -તોપણ તેમાં આત્માનું લેશમાત્ર સુખ નથી.

૯ નદીના કિનારે પાગલ માણસે શું કર્યું ?
....પારકા હાથી વગેરેને પોતાનાં માની દુઃખી થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૪૧૦ તેમ મોહી–અજ્ઞાની જીવ શું કરે છે?
....સંયોગને પોતાનાં માની રાગ–દ્વેષથી દુઃખી થાય છે.

૧૧ સંયોગો પોતાનાં નથી, તો પોતાનું કોણ છે,
...ચિદાનંદસ્વરૂપ આત્મા પોતે જ પોતાનો છે.

૧૨ કઈ રીતે સંસારદુઃખ મટે ને મોક્ષસુખ મળે?
....પોતાના ચિદાનંદસ્વરૂપ આત્મામાં એકાગ્રતાથી.

૧૩ ક્રોધાદિ ભાવ થઈ જતાં ધર્મીને કેવું લાગે છે?
"અરેરે! આ વિભાવરૂપ પરદેશમાં અમે ક્યાં આવી પડ્યા!"

૧૪ વિભાવ તે પરદેશ છે,—તો સ્વદેશ કયો છે?
....અનંતગુણથી ભરેલો સ્વભાવ તે અમારો સ્વદેશ છે.

૧૫ ધર્મીજીવને શું થાય છે?....એને વિભાવમાં ચેન નથી; સ્વભાવની ભાવના છે.

૧૬ 'આત્મા' કેવો છે?....આત્મા એટલે પરમાત્મા...સિદ્ધ ભગવાન જેવો.

૧૭ આત્માની ખાણમાં શું છે?....જ્ઞાન–આનંદ છે, પુણ્ય–પાપ નથી.

૧૮ આત્માની સાચી કિંમત સમજે તો શું થાય?
... – તો રાગની ને સંયોગની કિંમત ઊડી જાય.

૧૯ આત્માનું સુખ ને સંસારનું દુઃખ–તેનો વિચાર કરતાં શું થાય?
....સંસારથી વૈરાગ્ય થાય, આત્મસુખનો અનુભવ થાય.

૨૦ આશ્ચર્યકારી–વિસ્મયકારી શું છે?
...ચૈતન્યસ્વરૂપ આત્મા પરમ અદ્ભુત ને આશ્ચર્યકારી છે.

૨૧ બીજા પદાર્થો અને ભાવોથી જીવની અધિકતા કેમ છે?
....પોતાના ચેતના ગુણ વડે જીવની અધિકતા છે.

૨૨ સમ્યગ્દર્શનમાં પણ અદ્ભુતતા છે?.. –હા, તેની અચિંત્ય–અદ્ભુતતાને જ્ઞાની જ જાણે છે.

૨૩ સંસારના દાવાનળને શાંત કરવા કોણ સમર્થ છે?
....સ્વાનુભૂતિનું અમૃત તેને શાંત કરવા સમર્થ છે.

૨૪ અજ્ઞાનથી અંધ જીવો કઈ બે ભૂલ કરે છે?
... (૧) વિષયોમાં દુઃખ હોવા છતાં તેમાં સુખ માને છે.
.... (૨) આત્મામાં સુખ હોવા છતાં તે અનુભવતા નથી.

૨૫ જ્ઞાનચક્ષુવંત જ્ઞાની શું કરે છે?
....તેને જેવો પ્રેમ આત્મામાં છે તેવો પ્રેમ વિષયોમાં નથી. વિષયોના રાગને તે દુઃખ સમજે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૪૨૬ બાહ્ય વિષયોમાં જરાક તો સુખ છે?....ના, જરાય સુખ વિષયોમાં નથી.

૨૭ આત્માની સાધનામાં દુઃખ છે?....ના; તેમાં તો મહાન સુખ છે.

૨૮ કહાનગુરુએ સ્વપ્નમાં એકવાર શું જોયું?
....નરકના અગ્નિમાં બળતો એક દુઃખી જીવ દેખ્યો.

૨૯ એ ભયંકર દુઃખ દેખાતાં શું યાદ આવ્યું?...આત્માની મહાન શાંતિ યાદ આવી.

૩૦ પછી શું થયું?....શાંતિનો ઘડો રેડતાં તેની પીડા શાંત થઈ ગઈ.

૩૧ ઝાંઝવા જેવા વિષયોમાં કલ્પિત સુખ તો છેને?
....જેમ ઝાંઝવાંના જળથી તરસ મટે નહિ, તેમ કલ્પિતસુખથી દુઃખ મટે નહિ.

૩૨ તો દુઃખ ક્યારે મટે?...આત્માના સાચા સુખનું વેદન કરે ત્યારે.

૩૩ ધન-પુત્ર વગેરે મળવા છતાં જીવ સુખી કેમ ન થયો?
....- કેમકે તેમાં ક્યાંય સુખ છે જ નહીં.

૩૪ સંસાર કેવો વિચિત્ર છે?
....એક ભવમાં જે સ્ત્રી હોય, તે જ બીજા ભવમાં માતા થાય, જેનો પિતા હોય તેનો જ પુત્ર થાય, પુત્ર હોય તે શત્રુ થાય...

૩૫ આવા સંસારનું સ્વરૂપ વિચારીને શું કરવું?....એનાથી છૂટવા પરભાવોથી પાછા વળવું.

૩૬ પરમાર્થ એકત્વભાવના કેવી છે?...શુદ્ધ આત્મામાં જ એકત્વ-પરિણમનરૂપ છે.

૩૭ સંસારને કે મોક્ષને કોણ કરે છે?....જીવ એકલો જ પોતાના બંધ-મોક્ષને કરે છે.

૩૮ શરીર સાથે કે રાગ સાથે જ્ઞાનને એકતા છે?...ના. જ્ઞાયકસ્વભાવ સાથે જ એકતા છે.

૩૯ 'એક' હોય તે કેવો હોય?....એક હોય તે શુદ્ધ હોય; ને શુદ્ધ હોય તે પૂર્ણ હોય.

૪૦ એકત્વસ્વભાવની ભાવનામાં શું છે?...એકત્વસ્વભાવની ભાવનામાં એકલું સુખ છે.

૪૧ તે સુખનું વેદન કોણ કરે છે?....જીવ પોતે એકલો પોતાના સુખને વેદે છે.

૪૨ સંસારમાં દુઃખને કોણ વેદે છે?....દુઃખને પણ જીવ પોતે એકલો વેદે છે.

૪૩ દુઃખ વખતે કુટુંબીજનો પાસે ઊભા હોય તો..?
...તોપણ તેઓ આના દુઃખમાં ભાગીદાર થઈ શકતા નથી.

૪૪ સાધર્મીજનો ઊભા હોય ને ધર્મ સંભળાવતા હોય તો?
....તોપણ જીવ એકલો જ પોતાના દુઃખ-સુખને વેદે છે.

૪૫ બાર ભાવના કોણે ભાવવી?....આ વૈરાગ્યભાવના દરેક મુમુક્ષુએ ભાવવા જેવી છે.

૪૬ આ ભાવનાઓ જીવને શું આપે છે?...તે જીવને ગમે તેવા પ્રસંગમાં શાંતિ આપે છે.

૪૭ મોક્ષમાર્ગમાં કોની સાથે જવું?....'એકલો જાને રે'....( કોઈ નહીં સંગ તારી. )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૪૪૮ એક લૂટારાએ લૂટફાટ કેમ છોડી દીધી ?
...કેમકે તેના પાપમાં કુટુંબીજનો ભાગીદાર ન થયા.

૪૯ જીવ કુટુંબ માટે પાપ કરે છે—?....ના; પોતાની મમતાના પોષણ માટે કરે છે.

૫૦ આ એકત્વ જાણીને શું કરવું ?...પાપ છોડીને પોતાનું ભવિષ્ય સુધારી લેવું.

૫૧ જીવની સાથે બીજી ગતિમાં શરીર કેમ જતું નથી ?....કેમકે તેનો એવો સ્વભાવ છે.

૫૨ જીવ. શરીરને મોક્ષમાં સાથે કેમ લઈ જતો નથી ?
....કેમકે એકત્વરૂપે રહેવાનો જીવનો સ્વભાવ છે.
( વિશેષ માટે 'ચેતન–કાયા સંવાદ' પુસ્તક વાંચો )

૫૩ કોઈ ઉપર ઘણો જ ભાવ હોય તો—?.... –તોપણ કાંઈ તેનું દરદ લઈ શકાતું નથી.

૫૪ બીજાને માટે પાપ કર્યું હોય તો—?
.... –તોપણ તેનું ફળ તો પોતાને જ ભોગવવું પડે.

૫૫ બીજા મને સુખ–દુઃખ કરી દે – એ બુદ્ધિ કેવી છે ?
....તે પરાશ્રિતબુદ્ધિ છે એટલે મિથ્યા છે.

૫૬ હું બીજાને સુખ–દુઃખ કરી દઉં—એ બુદ્ધિ કેવી છે ?
તે મિથ્યા કર્તાબુદ્ધિ છે; કરી શકતો નથી.

૫૭ આ જગતના જીવ–અજીવ તત્ત્વો કેવાં છે ?...સૌ પોતપોતાના એકત્વમાં વર્તી રહ્યાં છે.

૫૮ તે તત્ત્વો શેમાં રહેલાં છે ?.... –પોતપોતાના ગુણ–પર્યાયરૂપ સ્વભાવમાં.

૫૯ આત્માની શોભા–સુંદરતા શેમાં છે ?....પોતાના એકત્વમાં પરિણમે તેમાં.

૬૦ આત્માનું એકત્વ કેવું છે ?....પુણ્ય–પાપ વગરના ચેતનભાવમાં રહેલું.

૬૧ એકત્વરૂપ આત્માની ભાવના એટલે શું ?
....સ્વભાવમાં એકત્વરૂપ પરિણતિ તે જ એકત્વભાવના.

૬૨ તે એકત્વમાં ઝૂલતો આત્મા શું ભોગવે છે ?
....વીતરાગી આનંદને જ ભોગવે છે; રાગને નહિ.

૬૩ રામ, લક્ષ્મણ, સીતા ક્યાં ગયા ?....ત્રણેય જુદી જુદી ગતિમાં ગયા.

૬૪ દેવ પણ મિત્રને નરકમાંથી કેમ નથી કાઢી શકતા ?
...કેમકે પોતાનું કર્મ જીવ પોતે જ ભોગવે છે.

૬૫ 'આ મારું છે' એમ ક્યારે કહી શકાય ?....જ્યારે તેની સાથે તન્મયતા હોય ત્યારે.

૬૬ શરીરાદિ પરદ્રવ્ય આત્માનું કેમ નથી ?.... –કેમકે તેની સાથે આત્માને તન્મયતા નથી.

૬૭ તન્મયતા ક્યારે કહેવાય ?....બન્નેના સ્વભાવ એક હોય ત્યારે.

૬૮ જૈનધર્મની આ વાત કેવી છે !....આત્માની મીઠી–મજાની હિતકર આ વાત છે.

૬૯ બીજા શરીરો તો આત્માથી જુદા પણ આ શરીર—?
....આ શરીર પણ જીવથી જુદું, અજીવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૧૪૭૦ અચેતન શરીરને જીવ પોતાનું કેમ માને છે?...ભ્રમણાને લીધે.

૭૧ સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવેલ જીવ કેવો છે?
....'સર્વજ્ઞ–જ્ઞાન વિષે સદા ઉપયોગ–લક્ષણ જીવ છે.'

૭૨ તે ઉપયોગલક્ષણ–જીવ કદી પણ અજીવ થઈ શકે?
....ના; જીવ પોતાના ઉપયોગલક્ષણને કદી છોડતો નથી.

૭૩ શરીર કદી જીવરૂપ થાય ખરૂં?....ના; તે ત્રણેકાળ અજીવ જ રહે છે.

૭૪ અજ્ઞાની જીવ બહારમાં જાય છે?
....ના; તે પણ પોતાના આત્માથી બહાર કદી નથી જતો.

૭૫ જ્ઞાની શેમાં એકત્વપણે રહે છે?...પોતાના જ્ઞાનભાવમાં.

૭૬ જ્ઞાનીનું કાર્ય આત્મામાં, ને અજ્ઞાનીનું બહારમાં—?
....–ના; જ્ઞાની કે અજ્ઞાની કોઈનું કાર્યક્ષેત્ર પોતાના આત્માથી બહાર નથી, પોતામાં જ છે.

૭૭ મુનિઓને વનજંગલમાં એકલા કેમ ગોઠે?
....એકલા નથી, અનંત ગુણનો પરિવાર ભેગો જ છે.

૭૮ જ્ઞાની પોતાના એકત્વને કઈ રીતે ભાવે છે?
...પરભાવોથી ભિન્ન આત્મામાં એકાગ્ર થઈને.

૭૯ આવી એકત્વભાવનાથી શું થાય છે?...પરમ આનંદ થાય છે ને મોક્ષ સધાય છે.

૮૦ અન્યત્વ–અનુપ્રેક્ષા કોને હોય?....દેહાદિથી ભિન્ન આત્મસ્વરૂપને અનુભવે તેને.

૮૧ દૂધ–પાણીની જેમ જીવ ને શરીર કેવાં છે?...જુદાં–જુદાં છે, બંને એકરૂપ નથી.

૮૨ જીવ અને શરીર એકક્ષેત્રે તો રહેલાં છે?
...એકક્ષેત્રે રહેવા છતાં બંનેનાં લક્ષણ જુદાં છે.

૮૩ જીવ અને શરીરનાં લક્ષણ કઈ રીતે જુદાં છે?
જીવ ચેતન છે, શરીર જડ છે; જીવમાં સુખ છે, શરીરમાં સુખ નથી.

૮૪ વળી બીજી કઈ રીતે જુદાં છે?
શરીર મૂર્તિક છે, તે ઇંદ્રિય જ્ઞાનથી જણાય છે; જીવ અમૂર્ત છે તે ઇંદ્રિયજ્ઞાનથી જણાતો નથી.

૮૫ જીવ અને શરીરને જુદા જાણીને શું કરવું?
...શરીરનું મમત્વ છોડવું; જીવમાં એકત્વ કરવું.

૮૬ અત્યારે દેહથી ભિન્ન આત્માને જાણી શકાય?
....હા; ચેતનાલક્ષણ વડે સ્વાનુભવ કરતાં જણાય છે.

૮૭ પાપોથી છૂટવા શું કરવું?....પરથી ભિન્નતાનું ચિંતન વારંવાર કરવું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૪૮૮ સ્ત્રી–પુત્ર–ભાઈ તો પોતાનાં છે ને?
....જ્યાં શરીર પણ તારું નથી ત્યાં બીજાની શી વાત?

૮૯ જીવ તે બધાને પોતાનાં કેમ માને છે?
મોહથી 'મારા—મારાં' કરીને ભાવમરણે મરે છે.

૯૦ 'રામ' કેવા છે?....રામ તો 'ભગવાન આત્મરામ' છે, તે રામાથી જુદો છે.

૯૧ તે 'રામ' ક્યાં કેલી કરે છે?...પોતાના આનંદમય ચૈતન્યબાગમાં કેલિ કરે છે.

૯૨ 'રામ' સિવાય બીજા બધા કેવા છે?
...રાગમાં ને વિષયોમાં રમે છે તે બધા 'હરામ' છે.

૯૩ જેમ ડબીમાં રહેલો હીરો ડબીથી જુદો છે....તેમ....?
–તેમ દેહમાં રહેલો ચૈતન્ય હીરો દેહથી જુદો છે.

૯૪ ઉપયોગસ્વરૂપ જીવ કેવો છે?....શરીરથી, કર્મથી ને કષાયથી તે જુદો છે.

૯૫ કષાયથી જુદો આત્મા કઈ રીતે દેખાય?....સૂક્ષ્મ ભેદજ્ઞાનવડે તેનો અનુભવ થાય છે.

૯૬ જ્ઞાયક આત્માને 'એકત્વ–વિભક્ત' ક્યાં કહ્યો છે?
સમયસારમાં 'એકત્વ–વિભક્ત' આત્મા કુંદપ્રભુએ દેખાડયો છે.

૯૭ એકત્વપણું આત્માને કોની સાથે છે?....પોતાના જ્ઞાનસ્વભાવ સાથે એકત્વ છે.

૯૮ વિભક્તપણું આત્માને કોનાથી છે?....પરદ્રવ્યો અને પરભાવોથી આત્મા વિભક્ત છે.

૯૯ તે એકત્વ–વિભક્ત આત્માને કઈ રીતે જાણવો?
....પોતાના સ્વાનુભવથી પ્રમાણ કરીને જાણવો.

૧૫૦૦ બાર ભાવનાનું ચિન્તન કેવું છે?
....એકેક ભાવનાના ચિંતનમાં બીજી ભાવનાઓ પણ સમાઈ જાય છે; જેમકે પોતાના એકત્વના ચિંતનમાં બીજાથી અન્યત્વ આવી ગયું.

૧૫૦૧ બારભાવનાના ફળમાં શું થયું?....આત્મા આસ્રવથી છૂટીને સંવર–નિર્જરામાં આવ્યો.

૨ બીજું શું ફળ થયું?
સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થયા, એટલે બોધિ જે દુર્લભ હતી તે તેને સુલભ થઈ;

૩ વળી બીજું શું ફળ આવ્યું?
આત્મા પોતે 'ધર્મ' થયો; લોકનું સ્વરૂપ જાણીને પોતે લોકાગ્રે–સિદ્ધાલય તરફ ચાલ્યો.

૪ બીજું શું ફળ આવ્યું?
....મિથ્યાત્વાદિ મલિન ભાવોથી છૂટીને રત્નત્રયરૂપ શુચિથી આત્મા પવિત્ર થયો; સંસારથી છૂટીને મોક્ષ તરફ ચાલ્યો.

૫ વળી બીજું શું થયું?
પહેલાં અશરણ હતો, તે હવે સ્વભાવનો આશ્રય લઈને શરણરૂપ થયો; અનિત્યતાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આલંબન છોડીને પોતાના નિત્યસ્વભાવનું અવલંબન લીધું.

૧૫૦૬ આ બધું શેમાં સમાઈ જાય છે?....પોતાના શુદ્ધાત્માની ભાવનામાં.

૭ તત્ત્વાર્થસૂત્રમાં આ ૧૨ ભાવના આવે છે?
....હા; ત્યાં સંવરના કારણરૂપે બારભાવના વર્ણવી છે.

૮ જીવ અને દેહ ભેગા થઈને એક કામ કરે છે?
....ના; બંનેના કાર્ય જુદા, પોતપોતામાં છે.

૯ અન્યત્વની પરાકાષ્ટા કઈ છે?....સૂક્ષ્મ ભેદ-વિકલ્પથી પણ જુદો આત્મા અનુભવવો તે.

૧૦ અન્યત્વભાવનાનું ઉત્કૃષ્ટ ફળ શું છે?
....અન્યના સંયોગ વગરનું સિદ્ધપદ પ્રગટે તે.

૧૧ આત્માને મલિન કરનાર અશુચીરૂપ કોણ છે?....મિથ્યાત્વાદિ કષાય ભાવો.

૧૨ આ શરીર કેવું છે?...મળ-મૂત્રાદિ અશુચીને ઉત્પન્ન કરવાનું કારખાનું.

૧૩ આત્મામાં શું ભર્યું છે?....આત્મા જ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણોનું ગોદામ છે.

૧૪ શરીરમાં શું ભર્યું છે?....હાડકાં-ચરબી-લોહી-માંસ-મળ-મૂત્ર ભર્યાં છે.

૧૫ આ જાણીને શું કરવું?...કાયાની માયા છોડવી ને આત્મામાં પ્રીતિ જોડવી.

૧૬ શરીરમાંથી શેની ધારા વહે છે?
....થૂંક-લાળ-પરસેવો વગેરે દુર્ગંધની ધારા વહે છે.

૧૭ આત્મામાંથી શેની ધારા વહે છે?....આનંદરસની પવિત્ર ધારા વહે છે.

૧૮ કાયા અશુચી છે, તો ક્રોધાદિ કેવા છે?....તે પણ અશુચીરૂપ, દુઃખદાયક છે.

૧૯ ક્રોધાદિને અશુચીરૂપ જાણીને શું કરવું?
....એનાથી ભિન્ન થઈને પવિત્ર ચૈતન્યમાં આવવું.

૨૦ ભવ-અંતનો ઉપાય શું છે?....કાયાની માયા છોડીને, સ્વરૂપમાં રહેવું તે.

૨૧ 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે'—એ વાત કેવી?
...દેહબુદ્ધિ કરાવીને મિથ્યાત્વને પોષે એવી.

૨૨ તો ખરેખર સુખી કોણ છે?....દેહથી ભિન્ન નિજસ્વરૂપમાં સમાયા તે.

૨૩ દેહમાં જેણે સુખ માન્યું તેનું શું થશે?
...તે દેહને જ ધારણ કરી કરીને સંસારમાં રખડશે.

૨૪ અહીં શેની વાત છે?....અહીં તો ભવના અંતની, -અશરીરી થવાની વાત છે.

૨૫ ભવનો અંત કોને થાય?...જે દેહથી ભિન્ન આત્માને અનુભવે તેને.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૫૨૬ અત્યારે ભવઅંતના ભણકાર આવે?

...હા, આત્મજ્ઞાન કરતાં અત્યારે જ મોક્ષના ભણકાર અંદરથી આવી જાય છે.

૨૭ સુખ ક્યાં છે?....આત્માનો મોહ વગરનો ભાવ તે જ સુખ.

૨૮ શુભરાગમાં સુખ છે?....ના, એ તો અશુચીભાવ છે, તેમાં દુઃખ છે.

૨૯ આત્મા શેનું ધામ? શરીર શેનું ધામ?....આત્મા સુખધામ છે,....શરીર રોગનું ધામ છે.

૩૦ પવિત્ર આત્માને આ શરીરની ભાઈબંધી શોભે છે?

....ના; ચેતનપ્રભુને જડની ભાઈબંધી શોભતી નથી.

૩૧ શરીરની મમતા શું કરે છે?....તે આત્માને દુઃખી કરે છે ને ભવમાં ભટકાવે છે.

૩૨ શું અત્યારે પણ શરીર 'મૃતક-કલેવર' છે?

....હા, તે અચેતન હોવાથી સદા 'મૃતક-કલેવર' છે.

૩૩ દેહમાં આત્મબુદ્ધિ-કરવાથી શું થયું?—ભવમાં રખડ્યો ને ઘણાં દુઃખો સહ્યાં.

૩૪ તો હવે શું કરવું?—દેહબુદ્ધિ છોડીને ચૈતન્યપ્રભુ સાથે ગોષ્ઠિ કર.

૩૫ એમ કરવાથી શું થશે?—ચૈતન્યપ્રભુ તને મહાન અપૂર્વ સુખ આપશે.

૩૬ આત્મા શેનું કારખાનું છે?—આત્મા આનંદનું કારખાનું છે.

૩૭ શરીર શેનું કારખાનું છે?—મિષ્ટાન્નમાંથી વિષ્ટા બનાવવાનું.

૩૮ શરીરનું આવું સ્વરૂપ વિચારતાં શું થાય?

—એનો મોહ છૂટી જાય; આત્માનો પ્રેમ જાગે.

૩૯ કલંક અને શરમની વાત શું છે?—આ ચેતન પ્રભુને શરીર ધારણ કરવું પડે તે.

૪૦ કેવળજ્ઞાનનું ઉત્પાદન કેમ થાય?—ચૈતન્યતત્ત્વમાં એકાગ્ર થવાથી.

૪૧ કેટલી ઝડપથી કેવળજ્ઞાનનું ઉત્પાદન થાય છે?

—પ્રત્યેક સેકંડમાં અસંખ્યવાર કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

૪૨ આત્માની ભાઈબંધી કરવાથી શું થાય છે?

—ફરીફરીને માતાના પેટમાં પૂરાવું નથી પડતું.

૪૩ ચારગતિનાં દુઃખથી ડરતો હોય તેણે શું કરવું?—અશરીરી શુદ્ધાત્માને ધ્યાનમાં દેખવો.

૪૪ આત્માની શોભા શેમાં છે?—સિદ્ધપદની સાધના કરવી તેમાં.

૪૫ મનુષ્યભવ કેવો છે?—આત્માને સાધીને ભવચક્રથી છૂટવા માટે અમૂલ્ય.

૪૬ ભવચક્રથી ન છૂટે ને વિષયકષાયમાં જ વીતાવે તો—?

—તો એવા મનુષ્યભવની કિંમત કોડીની પણ નથી.

૪૭ મનુષ્યપણું જ્ઞાનીએ બહુ મોંઘું કહ્યું છેને!—હા; માટે તેમાં આત્મહિતને સાધી લેવું.

૪૮ મનુષ્ય થઈને આત્મહિત ન સાધે તો—?

....તો એવું મનુષ્યપણું અનંતવાર એળે ગયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૫૪૯ મનુષ્યભવની દુર્લભતા જાણીને શું કરવું ?
—તે વિષયોમાં વેડફી ન નાંખવું; ધર્મસાધના કરવી.

૫૦ ખરેખર દુર્લભ કોણ છે ?—શરીર નહીં પણ સમ્યગ્દર્શનાદિ ધર્મ દુર્લભ છે.

૫૧ આ શરીરની શોભા શેને લીધે છે ?—અંદર ભગવાન આત્મા બેઠો છે તેથી.

૫૨ અંદર આત્મા ન હોય તો—?—તો શરીર ગંધાઈ જાય ને ઘૃણાજનક લાગે.

૫૩ ચૈતન્યતત્ત્વની સુંદરતા કેવી છે ?
—અહા, સ્વાનુભૂતિથી એની સુંદરતા દેખતાં પરમ આનંદ થાય છે.

૫૪ તંદુરસ્ત શરીર હોવા છતાં કોઈ દુઃખી હોય ?
—હા, અંદર અપમાન-ક્રોધાદિથી સળગતો હોય.

૫૫ દેવનું શરીર તો જીવને સુખી કરે ને ?
ના; જે પોતે જડ છે તે બીજાને શું સુખ કરે ?

૫૬ ‘શરીરે સુખી તે સુખી સર્વ વાતે’ -એ સાચું ?
ના; ‘આત્મામાં જે સુખી—તે સુખી સર્વ વાતે.’

૫૭ બાહ્ય પ્રતિકૂળતા વચ્ચેય આત્મા સુખી હોય ?—હા, જેણે સ્વસન્મુખતા કરી તે સુખી છે.

૫૮ આત્મસ્વભાવ કેવો છે ?
—જેને યાદ કરતાંય દુઃખ ભુલાઈ જાય ને શાંતિ થાય,-એવો છે.

૫૯ આત્માની ચૈતન્યખાણમાંથી શું નીકળે ?
—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે ઉત્તમ ધર્મરત્નો !

૬૦ આત્મા કેવો છે ?—સંતો જેને ‘ભગવાન’ કહીને બોલાવે છે-એવો.

૬૧ ભગવાન આત્મા કેવો છે ?—ચેતકસ્વભાવી છે, પવિત્ર છે, આનંદ દેનાર છે.

૬૨ ક્રોધાદિ આસ્રવો કેવા છે ?—જડસ્વભાવી છે, અશુચી છે ને દુઃખદાયક છે.

૬૩ આવો ભેદ જાણતાંવેંત શું થાય ?—જીવ આસ્રવોથી છૂટીને સ્વરૂપમાં તન્મય થાય.

૬૪ ચૈતન્ય ભગવાન, મૃતક-કલેવરમાં કેમ મૂર્છાણો ?—પોતાની ચેતનતાને ભૂલ્યો તેથી.

૬૫ શરીરના સર્વાંગેથી શું ઝરે છે ?—પસીનો વગેરે મલિનતા ઝરે છે.

૬૬ આત્માના સર્વાંગે-સર્વપ્રદેશે શું ઝરે છે ?—અનંત આનંદરસના શાંત ઝરણાં ઝરે છે.

૬૭ ચૈતન્યનિધાન કેવા છે ?—જેને નજરમાં લેતાંય ન્યાલ થવાય—ને નજરાણું મળે.

૬૮ નજરાણું મળે—એટલે શું ?—સમ્યગ્દર્શનાદિ પ્રગટે. -તે સાચું નજરાણું છે.

૬૯ આત્માનો અનુભવ કરતાં શું થાય ?—મોક્ષના સુખનો નમૂનો અત્યારે ચાખવા મળે.

૭૦ પાપીનું શરીર નીરોગી ને ધર્મીને રોગ-એમ બની શકે ?
—હા; પૂર્વકર્મવશાત્ એમ પણ બને; પણ તેનાથી કાંઈ લાભ-નુકસાન નથી.

૭૧ શરીરના રોગમાં ધર્મીજીવ મુંઝાય ?—ના; રોગ શરીરમાં છે, ચેતનમાં નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૫૭૨ સાધકદશામાં શું દેખાય છે?—મોક્ષની શાંતિનો નમૂનો.

૭૩ અશુચિત્વ-અનુપ્રેક્ષા ભાવનાથી શું થાય?
....દેહનો મોહ તૂટે, ને પવિત્ર-ચૈતન્યમાં પરિણામ જામે.

૭૪ આસ્રવો કેવા છે?...જીવને ઘણું દુઃખ દેનારાં છે.

૭૫ પુણ્યભાવ-શુભરાગ કેવો છે?....તે પણ આસ્રવ છે, દુઃખરૂપ છે.

૭૬ તો જીવને સુખકારી કોણ છે?
....સ્વભાવની ભાવનાવડે રાગવગરનો સંવરભાવ કરવો તે.

૭૭ આસ્રવ-અનુપ્રેક્ષામાં શેની ભાવના છે?....આસ્રવોને દૂર કરવાની; સંવર કરવાની.

૭૮ આસ્રવોનો સંવર ક્યારે થાય?....આસ્રવોથી ભિન્ન આત્માને અનુભવે ત્યારે.

૭૯ આત્માને તન્મયતા કોની સાથે છે? કોની સાથે નથી?
....આત્માને ચેતના સાથે તન્મયતા છે, ક્રોધાદિ સાથે નથી.

૮૦ આત્મા અને આસ્રવની ભિન્નતા કઈ રીતે જણાય?....બંનેના ભિન્ન-ભિન્ન લક્ષણો વડે.

૮૧ બંનેના ભિન્ન લક્ષણ કઈ રીતે છે? ..ચેતના સાથે એકને તન્મયતા છે, બીજાને નથી.

૮૨ જેણે એવું ભેદજ્ઞાન કર્યું તેને શું થયું?
....તે બંધથી છૂટયો ને મોક્ષમાર્ગમાં આવ્યો.

૮૩ ૧૪૮ કર્મપ્રકૃતિ જેનાથી બંધાય તે ભાવ કેવા છે?
....તે બધાય બંધભાવ છે, તેમાં કોઈ ધર્મ નથી.

૮૪ ધર્મ કેવો છે?...ધર્મ તો બંધભાવ વગરનો છે, તેનાથી કર્મ ન બંધાય.

૮૫ કયા ભાવથી કર્મો છૂટે?....સમ્યક્ત્વાદિ વીતરાગભાવથી.

૮૬ વનમાં વિચરતા મુનિ કેવા લાગે છે?
....જાણે નાનકડા પરમાત્મા વનવિહાર કરતા હોય!

૮૭ આસ્રવ-બંધના બધાં કારણોમાં મુખ્ય કોણ છે?....મિથ્યાત્વ.

૮૮ શુભરાગનો કણિયો કેવો છે?...તે પણ જીવને દુઃખદાયક છે.

૮૯ સંસારનો આરો....ને મોક્ષનો વારો.. લાવવા શું કરવું?
....શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને પરભાવોને છોડવા.

૯૦ જીવે ચૈતન્યસુખનો સ્વાદ ચાખ્યો ક્યારે કહેવાય?
....દેવગતિના પુણ્યફળમાં પણ સુખ ન લાગે...ત્યારે.

૯૧ સુબુદ્ધિવંત જીવ કેવો છે?... જે શુભઆસ્રવને પણ નીવારવા માંગે છે.

૯૨ શુભરૂપ પુણ્યઆસ્રવને હિતરૂપ માને તો?....તો તેને આસ્રવઅનુપ્રેક્ષા સાચી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૫૯૩ સોનાની બેડી જેવા પુણ્યબંધને સારાં કોણ માને?
....જેને મુક્તિ ન ગમતી હોય તે. આત્માને ન જાણ્યો હોય તે.

૯૪ સંવરરૂપી યોદ્ધો શું કરે છે?....વૈરાગ્યભાવનારૂપ ઢાલ વડે આસ્રવોને રોકે છે.

૯૫ આસ્રવભાવનાની સફળતા ક્યારે?....સ્વભાવની ભાવનાવડે આસ્રવોને દૂર કરે ત્યારે.

૯૬ સાચી સંવરભાવના ક્યારે થાય છે?....સંવરરૂપ પરિણમન પ્રગટે ત્યારે.

૯૭ જીવને સંવર ક્યારે થાય છે?
....ઉપયોગનું અને ક્રોધાદિનું અત્યંત ભેદજ્ઞાન કરે ત્યારે.

૯૮ તે ભેદજ્ઞાની જીવ શું કરે છે?...ઉપયોગમાં અંશમાત્ર રાગાદિને ભેળવતો નથી.

૯૯ સંવર કરનારે શું ન કર્યું?....શું કર્યું?
....' पुण्य–पाप नहीं कीना; आतमअनुभव चित्त दीना '

૧૬૦૦ મોક્ષમાર્ગમાં ઊંચે કઈ રીતે ચડાય છે?....સમ્યક્ત્વ સહિત વીતરાગભાવ વડે.

૧ સર્વજ્ઞ ભગવાન કેવા? તેમનો માર્ગ કેવો?
....સર્વજ્ઞભગવાન વીતરાગ...તેમનો માર્ગ વીતરાગ.

૨ રાગને હિતનું સાધન માને તે કેવો છે?
....તેને સંસારનો જ પ્રેમ છે; વીતરાગમાર્ગનો પ્રેમ નથી.

૩ સુખી થવા અમારે શું કરવું?....ચિત્તને રાગમાંથી હટાવીને શુદ્ધાત્મામાં જોડવું.

૪ શુભરાગ થાય તો...?....તો તેમાં ચિત્ત ન જોડવું...સુખ ન માનવું.

૫ સંવર માટે ધર્મી કેવા આત્માને ધ્યાવે છે?
...પુણ્યથી જુદા, રાગવગરના શુદ્ધ આત્માને ધ્યાવે છે.

૬ જેને પરપદની–રાગની–પુણ્યની રુચિ છે તે...?
....તે ભીખારીની માફક સંસારમાં ભટકે છે.

૭ આસ્રવનો માર્ગ કયો? સંવરનો માર્ગ કયો?
....રાગ તે આસ્રવનો માર્ગ; વીતરાગતા સંવરનો માર્ગ.

૮ સમ્યગ્દષ્ટિ–ગૃહસ્થને શુદ્ધોપયોગ થઈ શકે?....હા. કોઈવાર થાય.

૯ શુદ્ધોપયોગ વખતે શું થાય?....પોતાના મહાન અતીન્દ્રિય સુખને અવલોકે, અનુભવે.

૧૦ ચૈતન્યવસ્તુનો અદ્‌ભુત મહિમા સાંભળીને શું કરવું?
...બીજું બધું ભૂલી જા....સ્વભાવ સાંભળીને ખુશી થા, ને તારા ઉલ્લાસને ચિદાનંદસ્વભાવ તરફ ઊછાળીને સ્વાનુભવ કર.

૧૧ આત્મસ્વભાવનો પ્રેમ કરતાં શું થશે?
....આત્મામાં વીતરાગી આંબા રોપાશે ને કેવળજ્ઞાનનાં ફળ પાકશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૬૧૨ જૈનધર્મનો સુંદર અવસર પામીને શું કરવું ?
....રાગથી પાર ઉપયોગવડે આત્મસુખનો સાક્ષાત્કાર કરવો.

૧૩ ચૈતન્યપ્રભુ પ્રસન્ન ક્યારે થાય ?....એના વિરોધી પરભાવોનો આદર છોડ ત્યારે.

૧૪ ચેતનસ્વરૂપ આત્માનું કાર્ય કેવું છે ?
...ચેતનનું કાર્ય ચેતનરૂપ છે; રાગરૂપ નથી.

૧૫ ખરું જ્ઞાન કયું છે ?....પરથી ભેદજ્ઞાન કરીને આત્માને અનુભવે તે.

૧૬ ત્રણ ભુવનમાં સૌથી સુંદર શું છે ?
....વીતરાગ વિજ્ઞાન. ( તીનભુવનમેં સાર વીતરાગવિજ્ઞાનતા )

૧૭ જગતમાં કયો જીવ ધન્ય છે ?...જેણે રાગવગરના આત્માનો અનુભવ કર્યો તે.

૧૮ કેટલો આસ્રવ ?...કેટલો સંવર ?
....જેટલો રાગ તેટલો આસ્રવ; જેટલી શુદ્ધતા તેટલો સંવર

૧૯ મોક્ષ કેવો છે ?....મહા આનંદના લાભરૂપ.

૨૦ તેનો ઉપાય શું છે ?...ચૈતન્યના અનુભવમાં ઉપયોગને એકાગ્ર કરવો તે.

૨૧ સમ્યગ્દષ્ટિને અતીન્દ્રિય આનંદ અલ્પ છે-તે કેવો છે ?
....તે આનંદ અલ્પ હોવા છતાં સિદ્ધ ભગવાન જેવો છે.

૨૨ તે આનંદ ક્યાંથી આવ્યો છે ?....રાગમાંથી નથી આવ્યો, સ્વભાવમાંથી આવ્યો છે.

૨૩ ધર્માત્માને આનંદની અસ્તિમાં શું છે ?
....તેમાં અનંતગુણનો સ્વાદ છે, રાગાદિની નાસ્તિ છે.

૨૪ કદી રાગવડે સંવર, કે વીતરાગતા વડે આસ્રવ થાય ?
...ના; રાગથી સંવર નહીં; વીતરાગતાથી આસ્રવ નહિ.

૨૫ આસ્રવ અને સંવર કેવા છે ?....બંને એકબીજાના વિરોધી છે.

૨૬ એ બંનેને ભિન્ન જાણીને જીવ શું કરે ?
...રાગથી વિરક્ત થઈ ચૈતન્યમાં ઉપયોગ જોડે.

૨૭ મિથ્યાત્વદશામાં શું હતું ?....એકલું દુઃખનું વેદન હતું.

૨૮ હવે સાધકદશામાં શું થયું ?...આત્માના અતીન્દ્રિયસુખનો સાક્ષાત્કાર થયો.

૨૯ સમ્યક્ત્વ થતાં ધર્મીને શું થયું ?
....આનંદના સાગરમાંથી આનંદનું એક તરંગ ઉલ્લસ્યું.

૩૦ તે તરંગનો સ્વાદ ચાખતાં શું થયું ?....આનંદના મહાસાગરનું ભાન થયું.

૩૧ ધર્મીજીવની અંતરની નિશાની શું ?....અંદર અતીન્દ્રિયસુખનો સાક્ષાત્કાર થયો તે.

૩૨ સંવરભાવના વડે શું થાય છે ?
....જ્ઞાનસહિતની સંવરભાવનાથી સંવરદશા પ્રગટે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૬૩૩ નિર્જરા એટલે શું ?....આત્મામાં શુદ્ધિની વૃદ્ધિપૂર્વક કર્મોનું ઝરવું તે.

૩૪ નિર્જરા વડે શું થાય છે ?....નિર્જરા જીવને શિવસુખ દેખાડે છે.

૩૫ બધાય જીવોને કર્મો તો ખરે જ છે ?

....તેમાં શુદ્ધિની અપેક્ષા નથી, તેથી તે મોક્ષનું કારણ નથી.

૩૬ તો મોક્ષનું કારણ કઈ નિર્જરા છે ?....શુદ્ધિની વૃદ્ધિપૂર્વક જે નિર્જરા થાય તે.

૩૭ તપ વડે નિર્જરા થાય, તે તપ કયો ?

....ચૈતન્યભાવનું વિશુદ્ધ-ઉજ્જવળ થવું તે તપ.

૩૮ જ્ઞાનીએ જગતને કેવું જોયું ?....'દેખા નહીં કછુ સાર જગતમેં દેખા નહીં કછુ સાર.'

૩૯ સારભૂત શું છે ?...સારભૂત અંતરમાં પોતાનો જ્ઞાનસ્વરૂપ આત્મા છે.

૪૦ જ્ઞાનધારા કેવી છે ?....આત્માનું સ્વરૂપ છે, મોક્ષનું કારણ છે.

૪૧ રાગધારા-કર્મધારા કેવી છે ?...આત્માનું સ્વરૂપ નથી; બંધનું કારણ છે.

૪૨ સર્વજ્ઞ પરમાત્માને કઈ ધારા હોય છે ?....એકલી જ્ઞાનધારા હોય છે.

૪૩ અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિને કઈ ધારા હોય છે ?...તેને એકલી કર્મધારાનું વેદન છે.

૪૪ સાધકને કઈ ધારા હોય છે ?....બંને; તેમાં જ્ઞાનધારા મુખ્ય છે.

૪૫ અજ્ઞાનીને પર્યાયમાં જ્ઞાન (-ચેતનપણું) છે તો ખરું ?

....છે, પણ તેને તે ઓળખતો નથી, રાગમાં ભેળવે છે.

૪૬ નિર્જરા શેનાથી થાય છે ?....રાગવડે નહિ પણ ચૈતન્યની શુદ્ધતા વડે થાય છે.

૪૭ બાર વૈરાગ્ય ભાવનાઓ કેવી છે ?

....જેનું ચિંતન કરતાં અહીં જ મોક્ષસુખનો સ્વાદ આવે, એવા ઊંડા ભાવો તેમાં ભર્યા છે.

૪૮ નિર્જરા માટે ભગવંતોએ કેવો તપ કર્યો હતો ?

....આનંદમય ધ્યાનથી ચૈતન્યના પ્રતપનરૂપ એ તપ હતો.

૪૯ તપમાં અજ્ઞાનીએ શું ભૂલ કરી ?

....અંદરની શુદ્ધિને ન દેખી, શરીરમાં તપ માની લીધો.

૫૦ શરીર સુકાય તેમાં તપ નથી ?

....ના, શુદ્ધતાની વૃદ્ધિમાં તપ છે, શરીરમાં નહીં.

૫૧ કાયક્લેશ તપ તો કાયામાં થાય ને ?

....ના; તે પણ શુદ્ધિની વૃદ્ધિથી જીવમાં થાય છે, જડમાં નહીં.

૫૨ તપ તે કોની અવસ્થા છે ?

...દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ તે ચારેય જીવની અવસ્થા છે, તે જીવમાં રહે છે, શરીરમાં-પુદ્ગલમાં તે નથી રહેતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૬૫૩ તપમાં દુઃખ છે કે સુખ?....તપમાં દુઃખ નથી, વિશેષ સુખ છે.

૫૪ ઉપવાસાદિ તપમાં ખોરાક કેમ છૂટી જાય છે?
...ચૈતન્યની શાંતિની મોજમાં ખોરાકની ઇચ્છા જ જાગતી નથી.

૫૫ જૈનધર્મમાં તપનો મહિમા છે?
...હા, સમ્યક્ તપનો ઘણો મહિમા છે; તે મોક્ષનું કારણ છે.

૫૬ નિર્જરા-અનુપ્રેક્ષા કઈ રીતે ભાવવી?
....સ્વરૂપની ભાવનાવડે શુદ્ધિ વધારીને નિર્જરારૂપ પરિણમવું ને મોક્ષસુખને દેખવું.

૫૭ લોકના સ્વરૂપનું ચિંતન કરીને શું કરવું?
....લોકમાં સૌથી ઉત્તમ એવા જીવદ્રવ્યમાં ઠરવું.

૫૮ જીવને લોકમાં ભ્રમણ કેમ થાય છે?...સમ્યક્ત્વાદિ સમભાવના અભાવને લીધે.

૫૯ કોઈ ઈશ્વરે આ લોકને બનાવ્યો છે?....ના; તે અનાદિ અનંત સ્વતઃસિદ્ધ છે.

૬૦ લોકનું ક્ષેત્રફળ કેટલું છે?...૩૪૩ ઘનરાજુ. (રાજુ=અસંખ્ય યોજન)

૬૧ લોકની જીવસંખ્યામાં એક પણ વધે કે ઘટે!
....ના; ત્રણેકાળ અક્ષય અનંત જીવો એટલા જ રહે છે.

૬૨ લોકમાં સૌથી ઊંચે કોણ બિરાજે છે?
...અનંત સિદ્ધ ભગવંતો પોતાના આનંદમાં બિરાજે છે.

૬૩ અજ્ઞાની જીવો ક્યાં રહે છે?....ત્રણલોકમાં સર્વત્ર ભ્રમણ કરે છે.

૬૪ જ્ઞાનસ્વભાવમાં કેવી તાકાત છે?
....લોકાલોકને જાણે છતાં ક્યાંય રાગદ્વેષ ન કરે. એવી.

૬૫ એવા જ્ઞાનસ્વભાવને ઓળખતાં શું થાય?...લોકભ્રમણ ટળીને લોકાગ્રે સ્થિરતા થાય.

૬૬ પરનું કર્તાપણું માનનારને શું થાય?....રાગદ્વેષ જ થાય, જ્ઞાતાપણું ન રહે.

૬૭ ભગવાન આત્મા જાગે તો....શું થાય?
...સ્વરૂપને ઓળખીને ક્ષણમાં મોક્ષને સાધે.

૬૮ નરકની ઘોર પીડા વચ્ચે કોઈને સમ્યક્ત્વ થાય?....હા; અસંખ્યાત જીવોને થયું છે.

૬૯ લોકમાં શું-શું છે?....અતીન્દ્રિય સુખ પણ છે, ભયાનક દુઃખ પણ છે.

૭૦ એ બંનેને જાણતાં શું થાય?....સુખનો ઉપાય કરીને તેને સાધે ને દુઃખથી છૂટે.

૭૧ લોકના બધા તત્ત્વોને જાણતાં શું થાય છે?
....ભગવાન આત્માનો કોઈ અચિંત્ય મહિમા જાગે છે.

૭૨ આત્મા કેવો છે?...લોકની આશ્ચર્યકારી અચિંત્ય વસ્તુ છે.

૭૩ ચારગતિ ભ્રમણરૂપ છે, પંચમગતિ કેવી છે?
....તે મોક્ષગતિ ભ્રમણ વગરની ધ્રુવ છે, અચલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૬૭૪ લોકમાં સુખ ક્યાં છે?...અંદર ચૈતન્યરૂપ નિજલોકના અવલોકનમાં.

૭૫ આ લોકના જીવ-અજીવ પદાર્થો કેવા છે?
....સ્વભાવથી જ ઉત્પાદ-વ્યય-ધ્રુવતા સ્વરૂપ છે.

૭૬ આવું વસ્તુસ્વરૂપ ચિંતવતાં શું થાય છે?....મોહ છૂટી જાય છે...વૈરાગ્ય પુષ્ટ થાય છે.

૭૭ લોક-અનુપ્રેક્ષાનું ઉત્તમ ફળ શું?...લોકના જ્ઞાતા થઈને લોકાગ્રે સ્થિર થવું તે.

૭૮ જીવને સૌથી વધુ દુર્લભ શું છે?
...'બોધિ' એટલે કે રત્નત્રયની અખંડ આરાધના.

૭૯ બોધિની દુર્લભતાનું ચિંતન કરવાથી શું થાય?
.......તેની આરાધનામાં વિશેષ ઉત્સાહ જાગે.

૮૦ દેવપદ કરતાંય બોધિ કેમ દુર્લભ છે?
....અનંતવાર દેવપદ પામ્યો, પણ બોધિ ન પામ્યો.

૮૧ શુભરાગ વડે સમ્યગ્જ્ઞાન થાય?
....ના; શુભરાગ અનંતવાર કર્યો પણ સમ્યક્ત્વ ન થયું.

૮૨ આ ઉપરથી શું વિચારવું?...શુભરાગ કરતાં સમ્યગ્જ્ઞાનની રીત બીજી જ છે.

૮૩ મિથ્યાદૃષ્ટિ જીવ એકલા પાપ જ કરે છે?....ના; પુણ્ય પણ કરે છે.

૮૪ નવગ્રૈવેયકમાં જનારા બધા મિથ્યાદૃષ્ટિ હોય?
...ના; ત્યાં જનારા ઝાઝા તો સમ્યગ્દૃષ્ટિ હોય છે.

૮૫ દેવાદિ ચારેગતિમાં અનંતવાર ગયા, તે કયા જીવો?....વ્યવહારરાશિવાળા જીવો.

૮૬ તો બીજા કયા જીવો છે?
....બીજા અનંતા જીવો હજી સુધી નિગોદમાંથી નીકળ્યા જ નથી, ત્રસપણું કદી પામ્યા જ નથી.

૮૭ આટલી બધી મોંઘી ત્રસપર્યાય પામીને શું કરવું?
....પરમ દુર્લભ એવા રત્નત્રયની આરાધના કરવી.

૮૮ સમ્યક્ત્વ તો બહુ દુર્લભ છે, તો શું કરવું?
....હિંમત ન હારવી, દુર્લભ છે પણ અશક્ય નથી. પ્રયત્ન વડે તે દુર્લભને પણ સુલભ બનાવી શકાય છે.

૮૯ સમ્યક્ત્વાદિ દુર્લભ છે કે સુલભ?...જે કરે તેને સુલભ; ન કરે તેને દુર્લભ.

૯૦ બોધિની દુર્લભતાનું ચિંતન શા માટે છે?....તે દુર્લભને સુલભ બનાવવા માટે.

૯૧ ત્રસપર્યાય પણ બહુ દુર્લભ કીધી છે ને?
...આપણા માટે હવે દુર્લભ નથી, આપણને તો પ્રાપ્ત જ છે.

૯૨ શુદ્ધાત્માનું શ્રવણ મળવું બહુ મોંઘું છે?
....હા, પણ તને તો અત્યારે તેની પ્રાપ્તિ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૬૯૩ ધર્માત્માને સમ્યગ્દર્શન સુલભ છે કે દુર્લભ ?
....ધર્માત્માને સમ્યગ્દર્શન સતત સુલભ છે, પ્રાપ્ત જ છે.

૯૪ સમ્યક્ત્વાદિની દુર્લભતા જાણીને શું કરવું ?
....કરોડો ઉપાય વડે પણ તેની પ્રાપ્તિ કરવી.

૯૫ સમ્યક્ત્વનો તે ઉપાય કેવો છે?...પુણ્ય-પાપથી પાર, ચૈતન્યમય છે.

૯૬ પુણ્ય-પાપ કેવા છે?...જ્ઞાન વગરના બેકાર છે, તેમાં કાંઈ રસ-કસ નથી.

૯૭ આત્મા કેવો છે?....એમાં તો અનંત ગુણનો રસ-કસ ભર્યો છે.

૯૮ જ્ઞાન અને રાગનો તફાવત જાણતાં શું થાય છે?
....જ્ઞાન ઉપાદેય થઈ જાય છે, રાગ હેય થઈ જાય છે.

૯૯ અજ્ઞાનીને શુદ્ધ આત્માનો અનુભવ કેમ નથી થતો?
....કેમકે રાગને ભેળવીને તે જ્ઞાનને અશુદ્ધ કરે છે.

૧૭૦૦ આત્મપ્રાપ્તિ સુલભ કઈ રીતે થાય?....વારંવાર તેનો અભ્યાસ કરવાથી.

૧ આત્મપ્રાપ્તિ ખરેખર સુલભ કે દુર્લભ?....સુલભ તે નિશ્ચય; દુર્લભ તે વ્યવહાર.

૨ રાગભાવ કયા પક્ષનો છે?....તે દુશ્મનપક્ષનો ભાવ છે, ધર્મના પક્ષનો નથી.

૩ રાગમાંથી કે પરમાંથી ધર્મપ્રાપ્તિ દુર્લભ છે?...દુર્લભ નહીં અપિતુ અશક્ય જ છે.

૪ બોધિ સુલભ ક્યારે થઈ જાય?....પોતાના સ્વભાવને જ સાધન બનાવે ત્યારે.

૫ આ સાંભળતાં શું કરવું?....પ્રસન્ન થા....કે 'મારું સાધન મારામાં જ છે.'

૬ અંતરમાં આત્માને જોવાની દરકાર કોણ કરે છે?
...કોઈક વિરલા જીવો જ એવી દરકાર કરે છે.

૭ ભવચક્રના અભાવ માટે કઈ ભાવના ભાવવી?....પોતાના પરમ ચૈતન્યસ્વભાવની.

૮ આત્માનું પોતાનું સ્વ (નિજવૈભવ) કોણ છે?
...આત્માના સ્વભાવથી જે જુદું ન પડે તે; (જ્ઞાનાદિભાવ)

૯ સ્વભાવને પામેલા ધર્માત્મા શું કરે છે?
....અપૂર્વ શાંતસ્વભાવનું ફરીફરીને ઘોલન કરે છે.

૧૦ નરકક્ષેત્રમાં કદી કેવળીના આત્મપ્રદેશ હોય?
....હા, સમુદ્ઘાત વખતે સર્વત્ર હોય છે. (આપણા ઘરમાં પણ.)

૧૧ જે ઠેકાણે સિદ્ધ....તે જ ઠેકાણે નિગોદ?
....હા; છતાં બંનેને પોતપોતાના ભાવનું વેદન જુદેજુદું છે.

૧૨ સમ્યક્ત્વ થતાં જીવ, સ્વભાવમાં કેવો ઊતરી જાય છે?
....વીજળી પડે તેમ....સડાક કરતો અંદર ઊતરી જાય છે.

૧૩ લાખ વાતની વાત ટૂંકામાં શું છે?
...પાપફળથી કરમાઈ ન જાઓ, પુણ્યફળમાં ફૂલી ન જાઓ; જગતના દ્વંદ-ફંદ છોડીને પોતાના આત્માનું ચિંતન કરો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૧૭૧૪ એ જ વાત અર્દ્ધ-શ્લોકમાં કહેવી હોય તો...?
...'સ્વભાવમાં સન્મુખ થા....વિભાવથી વિમુખ થા.'

૧૫ એનાથી પણ ટૂંકામાં કહો....?....'સ્વમાં વસ—પરથી ખસ.'

૧૬ ભવબંધન તોડવાની તાકાત રાગમાં છે?...ના; એ તાકાત સમ્યગ્દર્શનમાં જ છે.

૧૭ રત્નત્રયને દુર્લભ કેમ કહ્યા છે?
....કેમકે જીવે પૂર્વે નથી કર્યા, તથા ઘણા જીવો નથી કરતા, માટે.

૧૮ રત્નત્રય સુલભ કેમ છે?
....કેમકે તે પોતાના સ્વભાવની ચીજ છે, ને પ્રાપ્ત થઈ શકે છે, માટે.

૧૯ દુર્લભ રત્નત્રય કોઈ જીવો પામ્યા?....અનંતા જીવો તે પ્રગટ કરીને મોક્ષ પામ્યા.

૨૦ શુભરાગનો નાનો અંશ પણ કેવો છે?....તે મોક્ષમાં વિઘ્ન કરનાર છે.

૨૧ આત્મજ્ઞાન કરવા માટે ધનની જરૂર છે?
...ના; આત્મજ્ઞાન કરવા માટે કાંઈ પૈસા બેસતા નથી.

૨૨ ચૈતન્યપણું (રત્નત્રય) કોના આધારે ટકેલ છે?
...આત્માના જ આધારે ટકેલ છે; પુણ્યના આધારે નહીં.

૨૩ શુભભાવ-પુણ્ય પણ છૂટી જશે તો શું થશે?
....આત્મા પોતાના ચૈતન્યબાગમાં આનંદની કેલિ કરશે.

૨૪ અરેરે, રાગ વગર અમે શું કરશું?
....ભાઈ, રાગવગર તું દુઃખી નહીં થઈ જા, સુખી થઈશ.

૨૫ પુણ્ય વગર સુખ હોય?
....દેખ, અરિહંતો અને સિદ્ધો રાગ વગર જ સુખી છે.

૨૬ અરિહંતો ને સિદ્ધો શું સાબિત કરે છે?
....રાગ અને પુણ્ય વગર જ સુખ છે-એમ તેઓ પ્રસિદ્ધ કરે છે.

૨૭ પુણ્ય ન હોય તો જીવ મરી જાય?....ના; જીવતો રહે; સિદ્ધજીવો જીવતા જ છે.

૨૮ અત્યારે શેનો અવસર છે?
....આત્માને સાધવાનો અવસર છે; બીજે રોકાવું ન પાલવે.

૨૯ અત્યારે આંગણે કોણ પધારી રહ્યું છે?....મહારાજા....ચૈતન્ય પરમેશ્વર પધાર્યા છે.

૩૦ કઈ રીતે એમનું સન્માન કરવું?
....તેની જ સન્મુખ જોઈને આદર કરવો; બીજા સામે ન જોવું.

૩૧ તે ચેતનરાજા પ્રસન્ન થઈને શું આપશે?
....સમ્યગ્દર્શન આપશે, આનંદ આપશે, બોધિ આપશે.

૩૨ બોધિની દુર્લભતા વિચારીને શું કરવું?
...રત્નત્રયની અખંડ-આરાધના માટે સાવધાન રહેવું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૭૩૩ ધર્મની અનુપ્રેક્ષા ( ધર્મભાવના ) ક્યારે થાય ?
...ધર્મનું સ્વરૂપ ચિંતવીને તેની આરાધના કરે ત્યારે.

૩૪ જીવ ધર્મ કરે ત્યારે તેને શું થાય છે ?
....તે અચલસુખને પોતામાં દેખે છે....અનુભવે છે.

૩૫ જિનશાસનમાં ધર્મ કોને કહ્યો છે ?....મોહ-ક્ષોભ વગરના શુદ્ધભાવને.

૩૬ વ્રત-પૂજાદિના શુભરાગને મોક્ષહેતુ-ધર્મ કહ્યો છે ?
...ના; તેને પુણ્ય કહ્યું છે; તે મોક્ષહેતુ નથી.

૩૭ ધર્મ કોણ છે ?....રત્નત્રયરૂપે થયેલા મહાત્મા પોતે ધર્મ છે

૩૮ મુમુક્ષુજીવોનો મનોરથ શું છે ?....પોતાનો આત્મા સ્વયં 'ધર્મ' થાય તે.

૩૯ ધર્મરૂપ થયેલા મુનિ-મહાત્મા શેમાં આરૂઢ છે ?
....સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક વીતરાગચારિત્રમાં આરૂઢ છે.

૪૦ શુભરાગ તે ચારિત્ર છે ?
....ના; રાગ તો ચારિત્રમોહ છે, તે ચારિત્રનો વિરોધી છે.

૪૧ લોકોએ શુભરાગમાં ને દેહની ક્રિયામાં ધર્મ માનવાથી શું થયું ?
....રાગ વગરના, સુંદર વીતરાગમાર્ગને તેઓ ભૂલી ગયા.. .જૈનધર્મને ભૂલી ગયા.

૪૨ બાર વૈરાગ્યભાવના ભાવવાથી શું થાય ?
...વિકાર દૂર થાય; ધર્મમાં દઢતા થાય; પરિષહજય થાય.

૪૩ પૂજાદિ શુભરાગને ધર્મ કોણ માને છે ?
....લૌકિકજનો, જેને અલૌકિક જૈનમાર્ગની ખબર નથી તે.

૪૪ મોક્ષને માટે નિયમથી કરવા જેવું શું છે ?....શુદ્ધરત્નત્રય તે નિયમથી કરવાયોગ્ય છે.

૪૫ મોક્ષને માટે શુભરાગ કેવો છે ?
....નિયમથી છોડવા જેવો, -તેને છોડશે ત્યારે મોક્ષ થશે.

૪૬ ધર્મભાવનામાં રાગની ભાવના આવે ?...ના; રાગ વગરના રત્નત્રયની જ ભાવના આવે.

૪૭ સમ્યગ્દષ્ટિ-નિર્મોહી ગૃહસ્થ કેવો છે ?
....તે મોક્ષમાર્ગમાં છે; મિથ્યાદષ્ટિ-મુનિ કરતાં તે સારો છે.

૪૮ 'ધર્મ'માં શું છે ?....ધર્મમાં મોક્ષસુખનો સ્વાદ છે, સંસારદુઃખનો અભાવ છે.

૪૯ પહેલું સુખ, બીજું સુખ ને ત્રીજું સુખ કયું ?
....પહેલું સુખ સમ્યગ્દર્શનનું; બીજું સુખ ચારિત્રદશાનું; ને ત્રીજું ઉત્તમ સુખ કેવળજ્ઞાનનું.

૫૦ ધર્મઅનુપ્રેક્ષાના ફળમાં શું થશે ?
....અહીં જ મોક્ષસુખ દેખાશે, ને પછી મોક્ષ પમાશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૭૫૧ બાર વૈરાગ્યઅનુપ્રેક્ષાવડે મુનિઓ શું કરે છે?
....ચંચળચિત્તને સ્વરૂપના ધ્યાનમાં એકાગ્ર કરે છે.

૫૨ ધર્મીશ્રાવક શેની ભાવના ભાવે છે?....વૈરાગ્યપૂર્વક ચારિત્રદશાના અપૂર્વ અવસરની.

૫૩ ચારિત્રદશા કેવી છે?....આનંદમય છે...ચારિત્રવંત મુનિ મોક્ષના મહાભાગી છે.

૫૪ મુનિઓનું જીવન જાણીને શું કરવું?
....પોતે પણ તેવી અનુભૂતિ ઓળખવી, અને તેમના જેવી આત્મસાધના કરીને પોતાનું કલ્યાણ કરી લેવું.

૫૫ પાંચમી ઢાળમાં બારભાવના બતાવી, હવે છઠ્ઠી ઢાળમાં શું કહેશો?
....મોક્ષમાર્ગી મુનિવરોનું જીવન, ૨૮ મૂળગુણરૂપ સંયમાચરણ તથા શુદ્ધોપયોગરૂપ સ્વરૂપાચરણ, અને તેના ફળરૂપ અરિહંત અને સિદ્ધપદ બતાવીને શાસ્ત્ર પૂરું કરશે.

* કિસીને મુજે મારા ઔર જો મૈં રોષ નહિ કરું તો મારનેવાલેકી તો હાનિ હુઈ અર્થાત્ પાપબંધ હુઆ પરંતુ મેરે આત્માકે અર્થકી સિદ્ધિ હુઈ અર્થાત્ પાપ નહિ બંધા કિંતુ પૂર્વકે કિયે પાપોંકી નિર્જરા હુઈ, ઇસમેં કોઈ સંદેહ નહિ હૈ ઔર મેરે કદાચિત્ રોષ ઊપજે તો મેરી દ્વિગુણ હાની હો અર્થાત્ એક તો પાપબંધ હો દૂસરા પૂર્વ કર્મોંકી નિર્જરા નહીં હો. ઇત્યાદિ વિચાર કરે.

( શ્રી જ્ઞાનાર્ણવ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# વીતરાગ વિજ્ઞાન

[ ભાગ–૬ ]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# મોક્ષમાર્ગી મુનિવરોનાં આચરણનું વર્ણન

## મુનિરાજનાં પાંચ મહાવ્રતનું વર્ણન

(હરિગીત)

षट्‌कायजीव न हननतें सबविध दरव हिंसा टरी,
रागादिभाव निवारतें, हिंसा न भावित अवतरी।
जिनके न लेश मृषा, न जल–मृण हु बिना दियो ग्रहे,
अठदशसहसविध शीलधर चिद्‌ब्रह्ममें नित रमी रहें ॥ १ ॥
[ अंतर चतुर्दश भेद बाहिर संग दशधा तैं टले.... ]

મોક્ષના માર્ગમાં ચાલનારા, મહા ભાગ્યવાન, મહાવ્રતી મુનિવરો, જેઓ મોહથી ન્યારા છે ને શુદ્ધ રત્નત્રયધર્મના ધારક છે, ભવ-તન અને ભોગથી વિરક્ત થઈને સદાય બાર વૈરાગ્યભાવના ભાવે છે,–તેમના આચરણનું આ કથન ભવ્યજીવો સાંભળો ને આત્માની અનુભૂતિને પીછાણો મુનિવરોને અંતરમાં ભેદજ્ઞાનમય વીતરાગી જીવન કેવું હોય છે ને તેની સાથે ૨૮ મૂળગુણ વગેરેનું આચરણ કેવું હોય છે? તે બધુંય આ છઠ્ઠી ઢાળમાં બતાવ્યું છે,–જેને ઓળખતાં આત્માની અનુભૂતિની ઓળખાણ થાય છે.

અહીં પ્રથમ ૨૮ મૂળ ગુણમાંથી પાંચ મહાવ્રતનું વર્ણન છે—

(૧) પ્રથમ અહિંસા–મહાવ્રત છે: પાંચ પ્રકારનાં એકેન્દ્રિય સ્થાવરકાયો, અને છઠ્ઠા ત્રસકાય, એવા છકાય જીવોની રક્ષાપૂર્વક મુનિઓની પ્રવૃત્તિ હોય છે, પાણીનું એક ટીપું કે લીલોતરીનો એક કણિયો પણ ન હણાય એવી સાવધાની પૂર્વક તેમની પ્રવૃત્તિ હોય છે, એટલે બહારમાં સર્વપ્રકારની દ્રવ્યહિંસા તેમને દૂર થઈ ગઈ છે, તેમ જ અંતરમાં મિથ્યાત્વ તેમ જ કષાયભાવો દૂર થયા હોવાથી ભાવહિંસા પણ તેમને હોતી નથી. આ રીતે તે મુનિવરોને અહિંસા–મહાવ્રત હોય છે. જેમાં જીવહિંસાનો સંભવ હોય એવા આહાર–વિહારને તેઓ છોડે છે.

ખરેખર રાગાદિભાવોની ઉત્પત્તિ તે હિંસા છે. મુનિવરોને અંતરમાં ઘણો વીતરાગ ભાવ વર્તે છે, તેથી તેમને પોતાના ચૈતન્યપ્રાણનો ઘાત થતો નથી, રત્નત્રય હણાતા નથી એટલે ભાવહિંસા અવતરતી નથી. રાગાદિની અનુત્પત્તિ તે જ અહિંસા છે.

વનસ્પતિકાયમાં અનંતજીવો છે,—ઇત્યાદિ પ્રકારની જેને શ્રદ્ધા હોય તે જ ખરી અહિંસા પાળી શકે. વનસ્પતિકાયમાં અનંત જીવો છે, પાણીના એક ટીપામાં અસંખ્ય જીવો છે, ઇંડામાં પંચેન્દ્રિય જીવ છે,–એમ જિનમાર્ગમાં કહેલા છકાય જીવોની ધર્મીજીવને આસ્થા છે. જેને સર્વજ્ઞનાં વચનની શ્રદ્ધા નથી, સૂક્ષ્મપણે જીવોનું અસ્તિત્વ ક્યાં–ક્યાં છે તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને ખબર પણ નથી, મધ વગેરેમાં ત્રસ જીવો છે, ઇંડાં વગેરેમાં પંચેન્દ્રિય જીવો છે–એ વાત જેઓ જાણતા પણ નથી એવા અજ્ઞાની જીવોને અહિંસાનું પાલન કઈ રીતે હોઈ શકે? જૈનમાર્ગમાં સર્વજ્ઞદેવે કહેલાં જીવસ્થાનોને જે જાણે અને માને તેને જ સાચી જીવદયા હોઈ શકે.

વ્યવહારથી પણ જેને જીવનાં સ્થાનોની ખબર નથી એવા જીવોને દ્રવ્ય-અહિંસા પણ હોતી નથી. અને જીવનું પરમાર્થ ચૈતન્યજીવન રાગથી પણ ભિન્ન છે, રાગ પોતે ભાવહિંસા છે, છતાં તે રાગને જે ધર્મનું કારણ માને તેને રાગ વગરના ચૈતન્યભાવરૂપ ભાવ-અહિંસા ક્યાંથી હોય? રાગ વગરની ભાવ-અહિંસાને તે ઓળખતો પણ નથી. માટે દ્રવ્ય-ભાવરૂપ અહિંસાનું સાચું પાલન સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે. અજ્ઞાનીને શુભરાગથી કદાચ દ્રવ્યરૂપ અહિંસા હોય, પણ ભાવ-અહિંસા તેને હોતી નથી, કેમકે મિથ્યાત્વસહિત અનંત કષાયને લીધે ક્ષણેક્ષણે તેના આત્મગુણો (ચૈતન્યપ્રાણ) હણાય છે. કષાય તે હિંસા જ છે. અહા, દ્રવ્ય અને ભાવ-અહિંસાથી રહિત ને રત્નત્રયરૂપ વીતરાગભાવથી સહિત એવા મુનિઓનું જીવન ધન્ય છે. આ રીતે મુનિવરોના અહિંસા મહાવ્રતનું વર્ણન કર્યું.

[ 'અહિંસા'નું સ્વરૂપ વિસ્તારપૂર્વક, અનેક દ્રષ્ટાંતચિત્રો સહિત બહુ સરસ રીતે સમજવા માટે આ લેખકનું પુસ્તક 'અહિંસા પરમોધર્મ' જિજ્ઞાસુઓને બહુ ઉપયોગી છે. ]

(૨) બીજું સત્ય-મહાવ્રત છે: જેમ અહિંસામાં દ્રવ્ય ને ભાવ બે પ્રકાર કહ્યાં તેમ સત્ય વગેરેમાં પણ બે પ્રકાર સમજી લેવા. ખરેખર તો 'રાગાદિ ભાવો ઉત્પન્ન ન થવા તે અહિંસા છે' એમ કહ્યું તેમાં સત્ય વગેરે બીજા બધા પ્રકારો પણ સમાઈ જાય છે,–કેમકે જ્યાં રાગાદિ ભાવ ન હોય ત્યાં અસત્ય, ચોરી વગેરે પ્રકારો પણ હોય નહિ. જુઓ, મુનિઓને અંદરની વીતરાગતા સહિતનાં આ મહાવ્રતો છે. એમના ભાવમાંય અસત્ય નથી, ને વચનથી પણ તેઓ અસત્ય બોલતા નથી. આક્રોશપૂર્વક બોલવું કે કોઈનું અહિત થાય એવું બોલવું–તે પણ અસત્ય છે. અને, ખરેખર તો અનેકાન્તમય જે સત્ય વસ્તુસ્વરૂપ છે તેને વિપરીત કહેવું તે મહાન અસત્ય છે. સત્ય વસ્તુસ્વરૂપની જેને ખબર ન હોય તેને દ્રવ્ય-ભાવરૂપ સત્યનું ખરૂં પાલન હોય નહિ. અહા, અનેકાન્તમય સત્ય વસ્તુસ્વરૂપને જાણનારા ને વીતરાગભાવમાં ઝૂલનારા મુનિવરોને અસત્ય બોલવાનો પ્રસંગ જ ક્યાં છે? એમને જગત પાસેથી કાંઈ લેવું નથી; સિંહ જેવા તે મુનિવરો અંદર ચૈતન્યમસ્તીમાં આનંદથી ડોલે છે, જ્યાં સત્યસ્વરૂપમાંથી બહાર શુભવિકલ્પમાં આવવું પણ નથી ગોઠતું ત્યાં અસત્યવચનના ભાવ કેવા? આ રીતે મુનિઓને સત્ય-મહાવ્રત હોય છે.

(૩) ત્રીજું અચૌર્ય-મહાવ્રત છે: પોતામાં આત્માના રત્નત્રયનાં વીતરાગી વૈભવથી સંતુષ્ટ તે મુનિવરોને બહારનાં પર દ્રવ્યોનું શું પ્રયોજન છે–કે ચોરી કરે? અરે, બીજી વસ્તુની તો શી વાત!–માટી અને પાણી પણ જેઓ વગર દીધે ગ્રહણ કરતા નથી; એક વખત આહાર લ્યે તે પણ જ્યારે શ્રાવક અત્યંત ભક્તિપૂર્વક નિમંત્રણ કરીને બોલાવે અને શુદ્ધ આહાર હોય, ત્યારે જ ગ્રહણ કરે છે. વગર બોલાવ્યે જતા નથી કે આહાર માંગતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. માંગવું તે તો દીનતા છે; એવી દીનતા અજાચક મુનિવરોને કેમ હોય? અંતરમાં પરદ્રવ્યને પોતાનું માનીને જરાપણ ગ્રહતા નથી એવા મુનિઓને ભાવથી તેમ જ દ્રવ્યથી અચૌર્ય મહાવ્રત હોય છે. પરદ્રવ્યને જે પોતાનું માને તેના ભાવમાં તો પરદ્રવ્યના ગ્રહણરૂપ ચોરી છે.

(૪) ચોથું બ્રહ્મચર્ય-મહાવ્રત છે. અહા, ચૈતન્યમાં રમણતાનું અતીન્દ્રિયસુખ જેમણે ચાખ્યું છે એવા મુનિવરો તો ચિદ્બ્રહ્મમાં સદાય રમનારા છે; બાહ્ય વિષયોમાં રમણતા તેમને છૂટી ગઈ છે; તેઓ એવા નિર્વિકાર છે કે દેહ પણ દિગંબર છે, દેહને ઢાંકવાની વૃત્તિ નથી; તેઓ બ્રહ્માનંદસ્વરૂપ આનંદમાં ચરે છે. અંદર આનંદનો મહાન પાક પાકયો છે તેમાં મુનિવરો ચરે છે, તેથી તેઓ શીલવંત છે. સંપૂર્ણ શીલના ૧૮૦૦૦ પ્રકાર છે, તે વીતરાગ મુનિને હોય છે. જેણે ચૈતન્યબ્રહ્મના મહાન સુખને જાણ્યું નથી ને પરદ્રવ્યોમાં-રાગમાં સુખ માનીને તેમાં ચરે છે, તે તો બાહ્યચારી છે, બ્રહ્મચર્યનું દ્રવ્ય-ભાવરૂપ ખરું પાલન તેને હોતું નથી. અહીં મોક્ષમાર્ગી મુનિવરોને આનંદ-બ્રહ્મ ચૈતન્યમાં ચરતાં ચરતાં અબ્રહ્મ ભાવોનું ઉત્થાન જ થતું નથી, વિષયોમાં વૃત્તિ જ જતી નથી; તેમને સહજ બ્રહ્મચર્ય હોય છે.

(૫) પાંચમું પરિગ્રહત્યાગ નામનું મહાવ્રત છે. (તેનું કથન બીજા શ્લોકની પહેલી પંક્તિમાં છે.) એક મિથ્યાત્વ, ચાર ક્રોધાદિ કષાય તથા નવ હાસ્યાદિ નોકષાય—એમ ચૌદ પ્રકારનો અંતરંગ પરિગ્રહ છે; તથા ધન-ધાન્ય-મકાન-વસ્ત્રાદિ દશ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે. મુનિરાજને અંતરમાં ચૈતન્યતત્ત્વના સ્વસંવેદનના બળે મિથ્યાત્વ-અવ્રતાદિ ભાવોનો પરિગ્રહ છૂટી ગયો ને બહારમાં પણ વસ્ત્ર-પાત્ર-ધન વગેરે પરિગ્રહ છૂટી ગયો છે. જ્યાં દેહનુંય મમત્વ નથી ત્યાં વસ્ત્રાદિનું ગ્રહણ કેવું? વારંવાર સ્વરૂપમાં લીનતા વડે શુદ્ધોપયોગ થયા કરે છે એવા મુનિઓને ત્રણ કષાયના અભાવરૂપ શુદ્ધપરિણતિ નિરંતર હોય છે, ને તે જ ધર્મ છે; એવી શુદ્ધિની સાથેનું તેમનું આચરણ કેવું હોય, તેનું આ વર્ણન છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અપરિગ્રહ મહાવ્રત; ઈર્યા તથા ભાષાસમિતિ

अंतर चतुर्दश भेद, बाहिर संग दसधा तें टलें,
परमाद तजि, चौकर मही लखि, समिति इर्यातें चलें।
जग सुहितकर, सब अहितकर श्रुतिसुखद सब संशय हरें,
भ्रमरोगहर जिनके वचन मुखचन्द्रतें अमृत झरें ॥ २ ॥

૧૪ પ્રકાર અંતરંગ અને ૧૦ પ્રકાર બહિરંગ–એમ ચોવીસ પ્રકારનો પરિગ્રહ મુનિરાજને છૂટી ગયો છે. જો કે સંજ્વલન કષાય છે પણ ત્રણ પ્રકારના મુખ્ય કષાયો છૂટી ગયા છે તે અપેક્ષાએ તેઓ અપરિગ્રહી છે.

આ રીતે પહેલા શ્લોકમાં અહિંસાદિ ચાર મહાવ્રતોનું તથા આ શ્લોકની પહેલી પંક્તિમાં પાંચમા અપરિગ્રહ–મહાવ્રતનું, એમ મુનિના પાંચમહાવ્રતનું વર્ણન કર્યું. હવે પાંચ સમિતિ કહે છે, તેમાંથી ઈર્યા તથા ભાષા એ બે સમિતિનું કથન આ બીજા શ્લોકમાં છે, ને એષણા, આદાન–નિક્ષેપ તથા પ્રતિષ્ઠાપના એ ત્રણ સમિતિનું વર્ણન હવેના શ્લોકમાં કરશે.

મુનિઓને ૨૮ મૂળગુણ નીચે પ્રમાણે હોય છે–

૫ મહાવ્રત (શ્લોક ૧ તથા ૨)
૫ સમિતિ (શ્લોક ૨ તથા ૩)
૫ ઈન્દ્રિયજય (શ્લોક ૪)
૬ આવશ્યક (શ્લોક ૫)
૭ અસ્નાન, અદંતધોવન, અચેલકતા, ભૂમિશયન, દિવસે એકવાર આહાર, ઊભા ઊભા આહાર અને કેશલોચ. (શ્લોક ૫–૬)

–એ પ્રમાણે છ શ્લોક દ્વારા ૨૮ મૂળગુણોનું તેમજ ત્રણ ગુપ્તિનું વર્ણન છે. તેમાંથી પાંચ મહાવ્રતનું વર્ણન થઈ ગયું; પાંચ સમિતિનું વર્ણન ચાલે છે.

(૧) ઈર્યાસમિતિ : ઈર્યા એટલે ગમનાગમન; પહેલાં તો મુનિ નિષ્પ્રયોજન ગમનાગમન કરતા નથી; અને આહારાદિ માટે ગમનનો પ્રસંગ આવે તો, સાવધાની પૂર્વક ચાર હાથ જમીન અવલોકીને ચાલે છે. આ રીતે કષાય વગરનું સમભાવવાળું તેમનું આચરણ હોય છે.

(૨) ભાષાસમિતિ : પ્રયોજન વગર તો મુનિરાજ બોલે નહિ; અને બોલે ત્યારે કેવું મધુર બોલે! કે જે જગતના જીવોનું સાચું હિત કરનાર હોય; બધાનું અહિત દૂર કરનાર હોય, કોઈનું પણ અહિત થાય તેવું વચન મુનિ ન બોલે; વળી જેનું શ્રવણ સુખકારી હોય, સાંભળનારને પ્રિય લાગે; બધા સંશયને દૂર કરે અને મિથ્યાત્વાદિ ભ્રમરોગને જે મટાડે. —આવા વચન મુનિ બોલે,–જાણે તેમના મુખરૂપ ચંદ્રમાંથી અમૃત ઝરતું હોય!–મુનિ બોલે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાવધાની પૂર્વક આવાં વચન બોલે, તે ભાષાસમિતિ છે. કોઈને દુઃખ થાય, કોઈનું અહિત થાય, તત્ત્વથી વિરુદ્ધ હોય કે કર્કશ-કડવા-આકરાં હોય—એવાં વચન મુનિ બોલે નહીં.

અહા, ચૈતન્યના શાંતરસમાં ઝૂલનારા મુનિ જ્યારે બહાર આવીને બોલે ત્યારે તેમના વચનમાં પણ શાંતરસ ઝરતો હોય....જે સાંભળનારને પણ પ્રિય-સુખકર લાગે કે વાહ! આ મારા હિતની કોઈ અપૂર્વ વાત સંભળાવે છે....મને કોઈ અપૂર્વ શાંતિ આપનારાં આ વચન છે. જુઓને, મહાવીરભગવાનનો જીવ આ સિંહ....

આકાશમાંથી બે મુનિવરો ઊતરીને તે સિંહને સમ્યક્ત્વ પમાડવા ઉપદેશ આપે છે; મુનિવરોની શાંત ચેષ્ટા દેખીને તે સિંહ મુગ્ધ બની જાય છે, અને તેમની ભાષા પણ સમજી જાય છે. તેને થાય છે કે અહો, આવું સરસ વીતરાગી ચૈતન્યતત્ત્વ મુનિવરો મને સંભળાવે છે! મારા હિતની કોઈ અપૂર્વ વાત છે; આ મુનિવરો મારા પરમ હિતસ્વી છે! ક્યાં મનુષ્યની ભાષા! ક્યાં સિંહ!-તે ભાષા સિંહ સમજી ગયો, તેના શાંત ભાવને પણ સમજી ગયો ને તે જ વખતે ભ્રમને દૂર કરીને સમ્યગ્દર્શન પામી ગયો. અહા, કેવા મધુર હશે એ મુનિનાં વચન! અંતરના શાંતરસના અનુભવમાંથી એ વચનો આવે છે તેથી તે વચનોને પણ શાંતરસઝરતા કહ્યાં છે.—

વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ-મૂળ;<br>ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

જેને જિનવચન ન રુચે, જિનવચન સાંભળીને પણ આત્માનો પુરુષાર્થ ન જાગે, તેને કાયર કહ્યા. અહો, જિનવચન-મુનિનાં વચન તે પણ જિનવચન છે તે-આત્માને જગાડીને પરમ શાંતરસનો અનુભવ કરાવનારાં છે ને ભવરોગ દૂર કરનારા ઔષધ છે. અહીં છહઢાળામાં મુનિનાં વચનને 'ભ્રમરોગ હરનારાં' કહ્યાં ને શ્રીમદ્ રાજચંદ્રજીએ તેને 'ભવરોગનાં ઔષધ' કહ્યાં;-બંને એક જ વાત છે. આત્મભ્રાંતિરૂપ જે મહા રોગ, તેને મટાડવા માટે જિનવચન અમોઘ ઔષધ છે. ઔષધ ભલે અમોઘ....પણ ખાય ત્યારે રોગ મટે ને! તેમ જિનવચનનું શ્રવણ કરીને અંદર ઊતારે, વિચાર કરીને તેના ભાવ સમજે તો ભવરોગ જરૂર મટે. સાંભળવાય નવરો ન થાય ને અંદર વિચાર પણ ન કરે તો ક્યાંથી લાભ થાય? માટે કહ્યું કે 'કર વિચાર તો પામ.' જ્ઞાનીઓએ કહેવામાં કાંઈ બાકી નથી રાખ્યું, પણ જીવે પોતે પાત્ર થઈને લક્ષમાં લીધું નથી તેથી તે આત્મબોધ ન પામ્યો. અહો, મુનિનાં વચનો તો 'તત્કાળબોધક' છે; તેનાં ભાવ સમજે તો તુરત જ તે ક્ષણે જ આત્મબોધ પામી જાય—એવા મધુર વચન શ્રીમુનિરાજના મુખથી ઝરે છે.

અંતરમાં જેઓ વીતરાગી આનંદમાં ઝૂલી રહ્યા છે-એવા મુનિ બોલે તો તેમના મુખમાંથી જાણે આનંદ ઝરતો હોય! એવું લાગે. કુંદકુંદાચાર્યદેવ જેઓ વિદેહક્ષેત્રમાં ગયા હતા ને ભગવાનની વાણી સાક્ષાત્ સાંભળી આવ્યા હતા, તેઓ પંચાસ્તિકાયના મંગલાચરણમાં, ભગવાનની વાણી કેવી હોય! તે બતાવતાં કહે છે કે—

શત-ઈંદ્ર-વંદિત, ત્રિજગહિત નિર્મળ મધુર વદનારને;<br>નિઃસીમ ગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમણે ભવોને જીત્યા છે, જેઓ અપાર ગુણોના ધારક છે અને સો ઇન્દ્રોથી વંદ્ય છે, એવા ભગવાનની વાણી કેવી છે? કે ત્રણ જગતનું હિત કરનારી છે. રાગ-દ્વેષાદિ દોષ રહિત નિર્મળ છે, અને અત્યંત મધુર છે. એ જ રીતે મુનિરાજની વાણી પણ અમૃતઝરતી છે ને જગતનું હિત કરનારી जग सुहितकर છે. ચૈતન્યનું વીતરાગ સ્વરૂપ દેખાડીને તે વાણી જીવોનું અપૂર્વ હિત કરે છે: 'अहो, श्री सत्पुरुषके वचनामृतं जगहितकरं' મુનિની વાણી મીઠી હોય, કડવી ન હોય; જેમ તેમ તુચ્છ ભાષા મુનિ ન બોલે; એમની ભાષા તો ઉપશાંત...ગંભીર પ્રયોજનથી ભરેલી હોય. જે સાંભળતાં સંશય મટી જાય, વિષય-કષાયો છૂટી જાય ને ચૈતન્યરસનું અમૃતપાન કરીને જીવોને તૃપ્તિ થાય. એમ કહેવાય છે કે ચંદ્રમાંથી શીતળ-અમૃત ઝરે છે, તેમ અહીં મુનિરાજના મુખરૂપી ચંદ્રમાંથી પરમ શાંતરસનું અમૃત ઝરે છે, જે ભવના ક્લેશ મટાડે છે.

જુઓ, આ મોક્ષમાર્ગી મુનિવરોની ભાષા સમિતિ કેવી અલૌકિક છે! "હે ભવ્ય જીવો! તમારો આત્મા વીતરાગી આનંદસ્વભાવથી ભરેલો છે...તેની સન્મુખ થાઓ...તમને પરમ આનંદ થશે. તમે અનંત ગુણથી પરિપૂર્ણ પરમાત્મા છો, તમે સિદ્ધસમાન છો...એની પ્રીતિ કરો; શ્રદ્ધા કરો...અનુભવ કરો... તમને ઉત્તમ સુખ થશે, તમારું કલ્યાણ થશે." આવી મધુરી વાણી શ્રી મુનિરાજનાં મુખથી ઝરે છે. અહા, જે વાણી આત્માને ભગવાન કહીને બોલાવે એની મીઠાશની શી વાત! તીર્થંકરોએ પ્રસિદ્ધ કરેલો હિતમાર્ગ દેખાડનારી એ વાણી જીવને ક્રોધાદિ કષાયોથી છોડાવે છે ને મોક્ષમાર્ગમાં લગાડે છે, ભવરોગને મટાડે છે ને મોક્ષનું સુખ ચખાડે છે.

મુનિઓનું જીવન તો વીતરાગી સાધનાનું જીવન છે; મૌનપણે પોતાની આત્મસાધના કર્યા કરે છે; બોલે તો એવું બોલે કે જેમાં વીતરાગભાવનું પોષણ હોય. તીર્થંકરો તો દીક્ષા લઈને મુનિ થયા પછી કેવળજ્ઞાન થતાં સુધી મૌન જ રહે છે, કેવળજ્ઞાન થયા પછી જ એમની દિવ્ય વાણી નીકળે છે,—એ વાત વચનગુપ્તિમાં આવશે. અહીં તો ભાષા સમિતિની વાત છે, એટલે મુનિ બોલે ત્યારે કેવી સાવધાનીથી બોલે છે, ને તેમની ભાષા કેવી હોય છે? તેનું વર્ણન છે. ધર્મી શ્રાવકે પણ આત્માના અતીન્દ્રિય આનંદને ચાખ્યો છે, તેની વાણી પણ ધર્મની પોષક હોય, મધુર હોય ને મોક્ષમાર્ગ બતાવનારી હોય. શાસ્ત્રમાં કહે છે કે આ લોકમાં મધુર ભાષારૂપે પરિણમે એવી ભાષાવર્ગણા સર્વત્ર ઉપલબ્ધ છે, તો હે જીવ! તું મધુર ભાષા બોલને! મધુર ભાષા બોલવામાં કાંઈ પૈસા નથી બેસતા, કે મહેનત નથી પડતી. તો પછી શા માટે અશુભ વચન બોલે છે! હિતરૂપ મધુર વચન બોલને! અહા, મુનિનાં મીઠાં વચન જગતનું હિત કરનારાં છે; મહાભાગ્ય હોય ત્યારે તો તે સાંભળવા મળે. ચૈતન્યસ્વભાવને પ્રગટાવનારી એ વીતરાગી વાણી મુનિરાજના શ્રીમુખથી સાંભળીને સમજતાં જીવનું કલ્યાણ થાય છે,-તેને સમ્યગ્દર્શનાદિ થાય છે. ઋષભદેવના જીવને ભોગભૂમિમાં મુનિરાજનો ઉપદેશ સાંભળતાં તત્ક્ષણે સમ્યગ્દર્શન થયું; મહાવીરના જીવને સિંહના ભવમાં, ને પારસનાથના જીવને હાથીના ભવમાં મુનિરાજનો મધુર ઉપદેશ સાંભળીને તે જ વખતે સમ્યગ્દર્શન થયું. આત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુખકારી ઉપદેશ આપતાં મુનિરાજ કહે છે: અહો જીવો! તમારો આત્મા આ દેહથી જુદો છે; આ રાગ-દ્વેષ-ક્રોધ-માન વગેરે દુઃખદાયી ભાવો છે તે પણ તમારું ખરું સ્વરૂપ નથી; તમે તો જ્ઞાન-આનંદસ્વરૂપ આત્મા છો. અગાધ વૈભવથી ભરેલા તમારા નિજસ્વરૂપને લક્ષમાં લ્યો....તેમાં ઠરો....તો તમારું પરમાત્મપણું તમને પ્રગટ અનુભવમાં આવશે ને બીજા પાસેથી સુખ માંગવાની દીનતા છૂટી જશે. આત્મા પોતે પરમાત્મસુખનો ભંડાર, તે વિષયો પાસે સુખની ભીખ માંગે એ તેને શોભતું નથી. પ્રભો! તું દીન નથી, ભીખારી નથી પણ ભગવાન છો, ભગવાન ભીખ માગે તે શોભે નહિ. સુખનો ભંડાર તું પોતે છો. ધન વગેરે વિષયોમાં કાંઈ સુખ નથી; ધનના ઢગલા (તવંગરપણું) તે કાંઈ સુખ નથી, ને ધનનો અભાવ (ગરીબી) તે કાંઈ દુઃખ નથી; પણ પોતાને રાગવાળો રંક માનવો કે ધનથી પોતાને સુખી માનવો તે દીનતા, ભીખારીપણું ને દુઃખ છે. સન્તો તારું પરમાત્મપણું બતાવીને એ દીનતા છોડાવે છે. ભગવાન! તું દીન નથી, તું તો પરમેશ્વર અનંત ગુણનો ભંડાર છો. અંદરમાં નજર કર....તું ન્યાલ થઈ જઈશ.

-વાહ, જુઓ તો ખરા આ સંતોની વાણીના રણકાર! આત્માને જગાડીને ઊંચો કરી દે....હિતનું અચાનક ચડાવી દ્યે...એવી આ વાણી છે. જે સાંભળતાં આત્મા આનંદિત થઈને ઉલ્લસી જાય...અહા! આવું અદ્ભુત મારું સ્વરૂપ! એમ આશ્ચર્ય લાવીને અંતર્મુખ થઈ જાય ને સમ્યગ્દર્શનાદિ પામી જાય...એવી અપૂર્વ હિતકારી વાણી મુનિવરોના શ્રીમુખથી ઝરે છે. જ્યારે કુંદકુંદાચાર્ય જેવા વીતરાગી સંત આ ભૂમિમાં વિચરતા હશે ને મધુર વાણીથી એકત્વ-વિભક્ત જ્ઞાયકસ્વરૂપ દેખાડતા હશે....અહા, એ ક્ષણ....એ ભાવ....કેવા હશે! ને એ ઝીલીને શ્રોતાજનો એકત્વવિભક્ત આત્માનો અનુભવ કરતા હશે....એ શ્રોતાઓ કેવા હશે!! કુંદકુંદપ્રભુના મુખચંદ્રથી વીતરાગી અમૃત ઝરતું હશે ને ભાગ્યવાન શ્રોતાજનો તે અમૃત પીને સ્વાનુભવ કરતા હશે! ધન્ય અવસર! કોઈ ક્ષણે ઉપદેશ આપે ને બીજી ક્ષણે ભાષાનોય વિકલ્પ છૂટી જાય, નિર્વિકલ્પ ઉપયોગથી આત્માના આનંદમાં જામી જાય. ધન્ય એ મુનિજીવન! ધન્ય એ મોક્ષમાર્ગ!

અજ્ઞાનીઓ તત્ત્વથી વિરુદ્ધ ઉપદેશ કરતા હોય, તેની ભાષા કદાચ મધુર અવાજવાળી હોય, બોલવામાં મીઠાશ હોય, તોપણ તેનાં વચનો જીવનું અહિત કરનારાં છે તેથી કડવા છે; રાગનાં પોષક તે વચનોનું ફળ કડવું છે, કેમકે મિથ્યા માર્ગ બતાવીને તે જીવનું અહિત કરે છે. મિથ્યાત્વ તે જ મોટું અહિત છે. જ્ઞાનીનાં વચન આત્માનું વીતરાગ સ્વરૂપ બતાવીને તે મિથ્યાત્વાદિ અહિતથી છોડાવે છે, ને હિતરૂપ મોક્ષમાર્ગ પમાડે છે. જૈનમુનિનાં મધુર વચન જીવને પહેલાં મિથ્યાત્વથી છોડાવે છે ને પછી રાગ-દ્વેષથી પણ છોડાવે છે; -એ રીતે વીતરાગ-વિજ્ઞાનના ઉપદેશ વડે જીવનું હિત કરે છે.

આ રીતે જૈનમુનિઓની ભાષા સમિતિનું અલૌકિક વર્ણન કર્યું. હવે બાકીની ત્રણ સમિતિનું વર્ણન ત્રીજા શ્લોકમાં કરશે. ('**मुखचन्द्रतें अमृत झरें**...આ વાત પ્રવચનમાં સેંકડોવાર, ઘણા પ્રમોદપૂર્વક ગુરુદેવ કહેતા હતા.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# એષણા આદાન–નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન સમિતિ

छयालीस दोष विना, सुकुल श्रावकतनें घर अशनको,
ले तप बढावन हेतु, नहीं तन पोषते, तजि रसनको ।
शुचि ज्ञानसंयम उपकरण लखिकें ग्रहे लखिकें धरें,
निर्जन्तु थान विलोकी तन–मल–मूत्र श्लेष्म परिहरें ॥ ३ ॥

રત્નત્રયની શુદ્ધિના ધારક, મોક્ષમાર્ગી મુનિરાજની ક્રિયાનું આ વર્ણન ચાલે છે. પાંચ સમિતિમાંથી ઈર્યા તથા ભાષા એ બે સમિતિનું વર્ણન બીજા શ્લોકમાં કર્યું; બાકીની ત્રણ સમિતિનું વર્ણન આ ત્રીજા શ્લોકમાં છે.

(૩) **એષણા સમિતિ :** જ્ઞાન-ધ્યાન વડે આત્મસાધનામાં લીન રહેનારા મુનિરાજને; ચારિત્ર ટકાવવાના હેતુથી આહારની વૃત્તિ ઊઠે તો, દિવસમાં એક જ વખત, એક જ ઘરે નિર્દોષ આહાર લ્યે છે; વધુ વખત લેતા નથી. અને તે આહાર પણ જૈનમાર્ગના આચારને જાણનારા ઉત્તમ કૂળવાન શ્રાવકના ઘરે લ્યે છે. આહારદાન પ્રસંગે મુનિપ્રત્યે વિનયપૂર્વક નવધાભક્તિ કેવી હોય ? તે જૈન–શ્રાવક સિવાય બીજાને આવડે નહિ; અને તે પ્રકારની વિધિ વગર મુનિ આહાર લ્યે નહિ. ભગવાન ઋષભદેવ જ્યારે મુનિદશામાં હતા ને આહાર માટે (દીક્ષા પછી છ માસ બાદ) નગરીમાં આવતા, ત્યારે અનેક માસ સુધી તેમને આહારનો પ્રસંગ ન બન્યો, –કેમકે નવધા ભક્તિ વગેરે મુનિના આહારદાનની વિધિ ત્યારે કોઈ જાણતું ન હતું; અંતે હસ્તિનાપુરના યુવરાજ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ–જ્ઞાન થતાં, પોતે પૂર્વ ભવમાં મુનિરાજને આહારદાન વિધિપૂર્વક દીધેલું તે વિધિનું સ્મરણ થયું; અને તે પ્રમાણે વિધિપૂર્વક પડગાહન કરીને મુનિરાજ ઋષભદેવને આહારદાન (શેરડીનો રસ) દઈને વર્ષીતપનું પારણું કરાવ્યું. અસંખ્યવર્ષો બાદ આ ભરતક્ષેત્રમાં મુનિરાજને આહારદાન દેવાનો તે પહેલવહેલો પ્રસંગ બન્યો. તેથી શ્રેયાંસકુમારને ભરતચક્રવર્તીએ અભિનંદન આપીને તેમને 'દાનતીર્થના પ્રવર્તક' કહ્યા. ત્યારથી આ ભરતક્ષેત્રમાં મુનિને આહારદાન દેવાની પ્રવૃત્તિ શરૂ થઈ. આ રીતે જૈનમુનિઓ કુળવાન શ્રાવકના ઘરે વિધિપૂર્વક આહાર લ્યે છે; વિધિ વગર જેમ તેમ કે જ્યાં ત્યાંથી આહાર લેતા નથી. મુનિ પોતાના હાથમાં જ આહાર લ્યે, ને બરાબર શોધન પૂર્વક જોઈને ૪૬ દોષ વગરનો આહાર હોય તે જ લ્યે. તેમાં પણ રસની ગૃદ્ધિ છોડીને, અમુક રસનો ત્યાગ કરે. રાગ વગર માત્ર સંયમ–તપની રક્ષા પૂરતો જ આહાર લ્યે. અહા, અંદર ચૈતન્યના અતીન્દ્રિય આનંદનું નિરંતર ભોજન કરનારા મુનિરાજ પૌદ્‌ગલિક આહારમાં કેમ મૂર્છાય ?

આહાર લેતાંલેતાં તેમાં ક્યાંય જીવજંતુની હિંસાની શંકા પડે, કે વાળ જેવી અશુદ્ધ વસ્તુ આહારમાં દેખાય, તો મુનિ આહાર કરવાનું છોડી દે છે;–ભલે આગલા એક બે દિવસના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપવાસ હોય તોપણ, 'જરાક આટલામાં શું વાંધો!' એમ શિથિલ બનીને આહાર લેતા નથી; તેમજ પરિણામમાં ક્લેશ પણ કરતા નથી; આહાર સંબંધી વિચાર છોડીને આત્માના જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાયમાં ઉપયોગ જોડી દે છે.-આવું ઉત્તમ આચરણ એષણાસમિતિમાં હોય છે. અરે, આ તો જૈનસાધુઓનું આચરણ! મોક્ષમાર્ગી મુનિવરોની ક્રિયા! ગૃહસ્થ-શ્રાવકે પોતાના માટે જે શુદ્ધ આહાર બનાવ્યો હોય તેમાંથી મુનિ ગ્રહણ કરે; પણ મુનિને માટે બનાવેલો હોય કે મુનિના આહાર માટે કોઈ હિંસારૂપ આરંભ સમારંભ કર્યો હોય તો એવા દોષવાળા (ઉદ્દિષ્ટ કે અધઃકર્મી) આહારને મુનિ કદાપિ ગ્રહણ કરે નહિ; જો શિથિલ થઈને ગ્રહણ કરે તો તેને એષણાસમિતિ કે અહિંસા મહાવ્રત રહે નહિ એટલે મુનિપણું જ રહે નહિ. ભાઈ, જૈનમુનિના આચરણ તો બહુ ઊંચા છે; આ તો હજી બહારની સ્થૂળ વાત છે; અંદર એમના સ્વાનુભવરૂપ વીતરાગી આચરણની તો શી વાત!! મુનિદશા તો પંચ પરમેષ્ઠી પદમાં છે; એના આચરણમાં ઢીલાશ ન પાલવે. એ તો વીરનો માર્ગ છે, એમાં કાયરનાં કામ નથી. આ રીતે મુનિરાજની એષણાસમિતિનું સ્વરૂપ બતાવ્યું. મુનિઓને વીતરાગી આત્મસાધના સાથે આવી સમિતિ સહજ હોય છે.

(૪) **આદાન-નિક્ષેપણ સમિતિ :** વીતરાગમાર્ગી જૈનમુનિઓને શરીરની રક્ષા માટે કોઈ ઉપકરણ હોતાં નથી; સંયમની રક્ષા માટે પીંછિકા હોય છે-જેના વડે જીવજંતુની રક્ષા થાય છે; જ્ઞાનના ઉપકરણ તરીકે ક્યારેક શાસ્ત્ર રાખે છે; તથા મળમૂત્રાદિની શુચિ માટે પાણીનું સાદું કમંડળ હોય છે. શાસ્ત્ર, કમંડળ કે પીંછી લેતાં-મૂકતાં તેઓ સાવધાની રાખે છે; બરાબર અવલોકન કરીને કોઈ પણ જીવજંતુની વિરાધના ન થાય તેમ વર્તે છે. -આવા સાવધાન પરિણામનું નામ આદાન-નિક્ષેપણ સમિતિ છે.

(૫) **પ્રતિષ્ઠાપન સમિતિ :** શરીરના મળ-મૂત્ર-કફ વગેરેનો ત્યાગ ભૂમિના સંશોધનપૂર્વક સાવધાનીથી કરે છે, તે પાંચમી સમિતિ છે, તેને વ્યુત્સર્ગસમિતિ પણ કહેવાય છે.

સમિતિ એટલે સમ્યક્ પ્રકારે સાવધાની પૂર્વક પ્રવૃત્તિ; તે કાંઈ બહારની ક્રિયામાં નથી પણ જીવના પરિણામ છે. સમિતિ તે પ્રવૃત્તિરૂપ છે ને ગુપ્તિ તે નિવૃત્તિરૂપ છે. તે ગુપ્તિના ત્રણ પ્રકારનું કથન હવેના શ્લોકમાં કરશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ત્રણ ગુપ્તિ તથા પાંચ ઇન્દ્રિયજય

सम्यक् प्रकार निरोध मन–वच–काय, आतम ध्यावते,
तिन सुथिर मुद्रा देखि मृगगण उपल खाज खुजावते ।
रस-रूप-गंध तथा फरस अरु शब्द शुभ–असुहावने,
तिनमें न राग–विरोध, पंचेन्द्रिय–जयन पद पावने ॥४॥

મુનિને જ્યારે મન–વચન–કાયાનો સમ્યક્ પ્રકારે નિરોધ થાય એટલે કે મન–વચન–કાયા સંબંધી પ્રવૃત્તિનો ઉપયોગ છૂટીને, પોતાના આત્મામાં જ ઉપયોગને સાવધાન કરીને ધ્યાવે, ત્યારે તેમને ત્રણ ગુપ્તિ હોય છે. આ ગુપ્તિ વખતે મુનિરાજ એવા સ્થિર હોય છે કે, તેમની તે સ્થિર મુદ્રા દેખીને વનના હરણિયાં, જેમ પત્થર સાથે શરીરને ખજવાળે તેમ મુનિના શરીર સાથે શરીરની ખાજ ખજવાળે છે. અહા મુનિ તો ધ્યાનમાં તલ્લીન હોય ને હરણિયાં નિર્ભયપણે તેમની સાથે પોતાનું શરીર ઘસતા હોય.–આવી દશાવાળા મુનિરાજને મન–વચન–કાયની ત્રણ ગુપ્તિ હોય છે. ૨૮ મૂળગુણમાં આ ત્રણ ગુપ્તિની ગણતરી નથી, આ ગુપ્તિમાં ૨૮ મૂળગુણ ઉપરાંત વિશેષ શુદ્ધિ છે. જોકે ગુપ્તિ વખતે ત્રણ કષાયનો અભાવ છે ને સમિતિ વખતેય ત્રણ કષાયનો અભાવ છે; પણ ગુપ્તિ વખતે સ્વરૂપમાં જ ગુપ્તતા હોવાથી વિશેષતા છે. સમિતિમાં બાહ્ય પ્રવૃત્તિમાં ઉપયોગની સાવધાની છે, ગુપ્તિ વખતે અંતર્સ્વરૂપમાં જ ઉપયોગની સાવધાની છે, ઉપયોગ અંદર ગુપ્ત થઈ ગયો છે. અહા, ગુપ્તિ સહિત આનંદમાં મગ્ન મુનિરાજ સ્થિરબિંબ થઈ ને બેઠા હોય, પગ પાસે આવીને સિંહ–વાઘ શાંતિથી બેસી જાય, સસલાં ને હરણિયાં એમના શરીરને ટેકો દઈ ને બેસી જાય ને પોતાના શરીરની ખાજને તેમની સાથે ઘસતા હોય....કેવી અદ્ભુત દશા!

જુઓ, આ જૈનધર્મનો મુનિમાર્ગ! મુનિમાર્ગ કહો કે મુક્તિમાર્ગ કહો, તે આવા શુદ્ધભાવપૂર્વક હોય છે. અહા, મુનિ તો ચૈતન્યપિંડ છે, ચૈતન્યના ધ્યાનની એને ધૂન લાગી છે; કષાયો તો એકદમ શાંત થઈ ગયા છે....વૈરાગ્યની ભરતી આવી છે; ચૈતન્યધ્યાનમાં સ્થિરતા વખતે મન–વચન–કાયા તરફનો ઉપયોગ છૂટી જાય છે. મન–વચન ને કાયા ત્રણેય પરદ્રવ્ય છે; સ્વદ્રવ્યમાં જ્યાં ઉપયોગ એકાગ્ર થયો ત્યાં પરદ્રવ્યમાં પ્રવૃત્તિ ન રહી, એટલે સમ્યક્ પ્રકારે તેનો નિરોધ થયો, સ્વરૂપમાં જ ઉપયોગ ગુપ્ત રહ્યો, તેનું નામ ગુપ્તિ છે. આવી દશા મુનિઓને વારંવાર આવતી હોય છે.

સમ્યગ્દૃષ્ટિ–ગૃહસ્થને, જ્યારે સમ્યગ્દર્શન થયું ત્યારે નિર્વિકલ્પ–શુદ્ધોપયોગ થયો હતો; ત્યાર પછી શુદ્ધોપયોગરૂપ ધ્યાન તેને ક્યારેક જ આવે છે, સમ્યગ્દર્શન તેને નિરંતર ટકે છે પણ ઉપયોગની એકાગ્રતા ટકતી નથી. મુનિઓને ક્ષણે ક્ષણે ઉપયોગ અંતરમાં જામે છે–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્વિકલ્પ ધ્યાન થાય છે. તે વખતે શાંતિમાં એવા લીન-સ્થિર હોય-જાણે મૂર્તિ હોય! હરણીયાં શરીર ઘસે, સિંહ બટકાં ભરે કે નજીકમાં ઢોલ પીટાતો હોય-તોપણ તે તરફ લક્ષ ન જાય, એકલા સ્વજ્ઞેયમાં જ ઉપયોગ ઠરી ગયો હોય....અહા, એ વખતના અતીન્દ્રિય મહા આનંદની શી વાત! એમાંથી ઉપયોગ જરાક બહાર આવે ત્યારે સવિકલ્પ દશામાં પાંચ સમિતિ હોય છે, ને અંદર જાય ત્યારે નિર્વિકલ્પદશામાં ગુપ્તિ હોય છે.

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં સિંહ-વાઘ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.

શ્રીમદ્‌રાજચંદ્ર આત્મજ્ઞાની હતા, ગૃહસ્થદશામાંય તેઓ આવી મુનિદશાની ભાવના ભાવતા હતા. પરમાત્મપદની (અપૂર્વઅવસરની) ભાવનામાં પહેલાં ચોથી કડીમાં (-આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની....તેમાં) ગુપ્તિની વાત કરી છે; તે ગુપ્તિરૂપે સ્થિર ન રહેવાય ને પ્રવૃત્તિ થાય તો તે સમિતિપૂર્વક, જિનઆજ્ઞા-અનુસાર હોય; તે પણ ક્ષણેક્ષણે ઘટતી અને અંતે સ્વરૂપમાં સ્થિર થવાના લક્ષપૂર્વક હોય;—એમ સમિતિની વાત પાંચમી કડીમાં (સંયમના હેતુથી યોગ પ્રવર્તના....સ્વરૂપલક્ષે....તેમાં) બતાવી છે. આવી ગુપ્તિ-સમિતિરૂપ મુનિદશાની ભાવના ધર્માત્માના અંતરમાં સદાય વર્તતી હોય છે. જેણે પોતાનું વીતરાગ-ચૈતન્યપદ દેખ્યું છે એવા સમ્યગ્દષ્ટિને જ મુનિદશાની કે મોક્ષદશાની સાચી ભાવના હોય છે. અજ્ઞાની તો બહારના સંયોગ વિયોગને જુએ છે, અંદરના અતીન્દ્રિયભાવોને તે ઓળખતો નથી. મુનિની અંતરંગદશા તો એકદમ શાંત છે, દેહાદિ પ્રત્યે અત્યંત ઉદાસીન નિરપેક્ષ વૃત્તિ છે; રત્નત્રયના ધારક ને સિદ્ધપદના સાધક એ સાધુ ભગવંતને જીવન-મરણમાં પણ સમભાવ છે. આવા સમભાવી મુનિ નિજ સ્વરૂપમાં ગુપ્ત થઈ ને ત્રણ ગુપ્તિને ધારે છે.

વળી તે મુનિરાજ પાંચ ઇંદ્રિય સંબંધી શુભ કે અશુભ વિષયો સ્પર્શ-રસ-ગંધ-વર્ણ કે શબ્દમાં રાગ-દ્વેષ કરતા નથી તેથી તેઓ પાંચ ઇંદ્રિયોને જીતનારા છે. 'પંચવિષયમાં રાગ-દ્વેષ વિરહિતતા....' એવી એમની દશા છે. અહા, જ્યાં અંતરમાં અતીન્દ્રિય આનંદનું અતિશય વેદન વર્તતું હોય ત્યાં ઇંદ્રિયવિષયોમાં આધીનતા કેમ થાય? કોઈ નિંદા કરે કે પ્રશંસા કરે, કોઈ બાણ મારે કે ચંદન ચોપડે, નીરસ આહાર મળે કે સરસ આહાર મળે-ઇત્યાદિ અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગમાં રાગ-દ્વેષ આકુળ-વ્યાકુળતા ન થાય, એમ ક્યારે બને કે એ બધાથી પાર પોતાના ઇંદ્રિયાતીત આનંદનું વેદન હોય ત્યારે. જેને ચૈતન્યના આનંદનું વેદન ન હોય તે જ ઇન્દ્રિયવિષયોમાં સુખ માને છે. ધર્મીએ તો સિદ્ધ જેવા ચૈતન્યસુખનો સ્વાદ ચાખ્યો છે, તે સુખમાં લીનતા વડે તે પાંચે ઇંદ્રિયોને જીતી લ્યે છે.

છ ખંડની ઉત્તમ ભોગસામગ્રી વચ્ચે રહેલ ચક્રવર્તી સમ્યગ્દષ્ટિ એમાં ક્યાંય સુખ માનતા નથી; સુખસ્વરૂપ તો અમારો આત્મા જ છે એમ તેણે જાણ્યું છે-અનુભવ્યું છે. પણ હજી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમાં પરિણામની વિશેષ સ્થિરતા થઈ નથી તેથી વિષયો પ્રત્યે લક્ષ જાય છે, રાગદ્વેષ પણ થાય છે ને તેને દુઃખરૂપ સમજે છે. અને મુનિને તો સ્વરૂપમાં પરિણામની વિશેષ સ્થિરતા થઈ હોવાથી એવી વીતરાગતા છે કે બાહ્ય વિષયો પ્રત્યે રાગ–દ્વેષ થતા નથી, તેથી તેઓ પાંચ ઇંદ્રિયના વિજેતા છે.

ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતા થતાં બોલવાની વૃત્તિ ન ઊઠે, ચાલવાની વૃત્તિ ન ઊઠે કે મનમાં બીજા વિચારો ન આવે, એ વચનની, શરીરની તથા મનની ગુપ્તિ છે. તથા અતીન્દ્રિય આત્માને સાધવાની ધૂનમાં ઇંદ્રિયવિષયો પ્રત્યે રાગ–દ્વેષ ન થવા તે ઇંદ્રિયજય છે. આ રીતે ત્રણ ગુપ્તિ તથા પાંચ ઇન્દ્રિયજયનું વર્ણન આ ચોથા શ્લોકમાં કર્યું. હવે પાંચમા શ્લોકના પૂર્વાર્દ્ધમાં મુનિના છ આવશ્યકનું વર્ણન કરે છે.

* ગુરુ કહે છે કે ભાઈ! ધીરો પડ. દ્રવ્યદૃષ્ટિનો વિષય એવું જે આત્મદ્રવ્ય તેને સમ્યક્પણે સમજવા માટે જ આચાર્યદેવે નયનો અધિકાર લખ્યો છે. પ્રમાણજ્ઞાનનો વિષય એવો જે દ્રવ્ય–ગુણ–પર્યાય સહિતનો આત્મા, તેના યથાર્થ જ્ઞાન વિના શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યસામાન્યનું અવલંબન શી રીતે લઈશ? દ્રવ્ય–ગુણ તો ત્રિકાળ શુદ્ધ જ છે, પરંતુ યોગ્યતારૂપ અનંત ધર્મો છે એ જાણીને ત્રિકાળી વસ્તુસ્વભાવને મુખ્ય કરી તેનું અવલંબન લેવું તે નયોના કથનનું પ્રયોજન છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# છ આવશ્યક-ક્રિયા

**समता सम्हारें थुति उचारें, वंदना जिनदेवको,**
**नित करें श्रुतरति, करें प्रतिक्रम, तजें तन अहमेवको।**

જુઓ, આ મોક્ષસાધક મુનિવરોની આવશ્યક ક્રિયા. મુનિને આ છ પ્રકારની ક્રિયા દરરોજ અવશ્ય કરવાની હોય છે તેથી તેને આવશ્યક-ક્રિયા કહેલ છે; તેમાં પરિણામની એકદમ જાગૃતિ છે. સામાયિક વગેરે છ ક્રિયા દરરોજ યોગ્ય કાળે, સાવધાનીથી પ્રમાદ વગર કરે તે મુનિના મૂળગુણમાં સમાય છે. તે આ પ્રમાણે—

(૧) મુનિ દરરોજ સવાર-બપોર-સાંજ ચૈતન્યચિંતનમાં એકાગ્ર થઈને વીતરાગી સમભાવરૂપ સામાયિકનો પ્રયોગ કરે. ત્રણ કષાયના અભાવરૂપ સમભાવ તો મુનિને સદાય હોય છે; તે ઉપરાંત વિશેષ એકાગ્રતા માટે રાગ-દ્વેષ વગરના સમભાવના અભ્યાસરૂપ સામાયિક કરે છે. સામાયિકમાં પરિણામની વિશુદ્ધતા વધતાં જાણે હમણાં જ કેવળજ્ઞાન લીધું....કે લેશે! એવી દશા હોય છે. દરરોજ આવી સામાયિકનો પ્રયોગ તે મુનિઓનો મૂળગુણ છે.

(૨) તીર્થંકર ભગવંતો, સિદ્ધ ભગવંતો વગેરેની સ્તુતિ તે મુનિઓને દરરોજ કરવાની આવશ્યક ક્રિયા છે. અહા, મુનિ પણ જેમની દરરોજ સ્તુતિ-વંદના કરે તે ભગવંતના મહિમાની શી વાત! સિદ્ધના સ્વરૂપનું ચિંતન કરતાં-કરતાં સ્વભાવના લક્ષે મુનિ નિર્વિકલ્પ પણ થઈ જાય.

(૩) મુનિ દરરોજ જિનદેવને તથા આચાર્ય વગેરેને વંદન કરે.

(૪) મુનિ રોજ સ્વાધ્યાય કરે. રાતે પણ ચૈતન્યના ચિંતનરૂપ સ્વાધ્યાય ચાલુ જ હોય. રાતે મુનિ બોલે નહિ પણ અંદર આત્મામાં સ્વાધ્યાય ચાલતી હોય.-તે રોજની આવશ્યક ક્રિયા છે.

(૫) સવાર-સાંજ જે નાના-મોટા દોષ-અતિચાર લાગ્યા હોય તે મધ્યસ્થપણે આલોચીને, પોતાના પરિણામ તપાસે, ને લાગેલા દોષનું પ્રતિક્રમણ કરીને રોજ રોજ ચિત્તને શુદ્ધ કરે. તેવા દોષ ફરીને ન થવા દેવા તે જ પ્રતિક્રમણ છે.

(૬) કાયાનો ઉત્સર્ગ એટલે કે શરીરથી પણ ઉપેક્ષિત થઈને વીરતાપૂર્વક આત્મધ્યાનનો પ્રયોગ કરે, તે કાયોત્સર્ગ છે.-આવી ક્રિયા મુનિ રોજ-રોજ કરે.

વિશુદ્ધ પરિણામ સહિત આ સામાયિક વગેરે છ પ્રકારની ક્રિયા રોજ રોજ અવશ્ય કરવી તે મુનિઓના ૨૮ મૂળગુણમાં સમાય છે. તેમાં મુનિ સાવધાન રહે છે, આળસ કરતા નથી.

આ રીતે ૫ મહાવ્રત, ૫ સમિતિ, ૫ ઇન્દ્રિયજય તથા છ આવશ્યક-એમ ૨૧ મૂળગુણનું કથન કર્યું. બાકીનાં સાત મૂળગુણ હવે (શ્લોક ૫ ના ઉત્તરાર્દ્ધ તથા શ્લોક ૬ માં) કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## બાકીનાં ૭ મૂળગુણ અદંતધોવન વગેરેનું કથન

जिनके न न्हौन, न दंतधोवन, लेश अंबर आवरन,
भूमांहिं पिछली रयनीमें कछु शयन, एकासन करन ॥५॥
इकबार दिनमें ले अहार, खडे अलप निज पानमें,
कचलोंच करत, न डरत परिषहसों, लगे निज ध्यानमें ।
अरि-मित्र महल-मसान कंचन-कांच निंदन-थुतिकरन,
अर्घावतारन-असिप्रहारनमें सदा समता धरन ॥ ६ ॥

જુઓ, આ મોક્ષસાધક મુનિરાજના આચરણનું વર્ણન છે. દેહ પ્રત્યે ઉદાસીન તે મુનિરાજ દેહની શોભા અર્થે કંઈ કરતા નથી. આત્મા સ્વયં રત્નત્રયના આભૂષણોથી શોભી રહ્યો છે, ત્યાં દેહ પ્રત્યે એવી ઉપેક્ષા વર્તે છે કે– ( ૧ ) સ્નાન કરતા નથી; ( ૨ ) દંતમંજન કરતા નથી; ( ૩ ) શરીરને વસ્ત્રથી ઢાંકતા નથી; ( ૪ ) દિવસે તો સૂતા નથી, રાત્રે કદાચ સૂએ તો પાછલી રાતે, જમીન પર, એક પડખે, થોડીવાર સૂએ છે. મુનિને વિશેષ નિદ્રા હોતી નથી; ( ૫ ) આહાર દિવસમાં એક જ વાર કરે છે, તે પણ ( ૬ ) ઊભા ઊભા પોતાના હસ્તરૂપી પાત્રમાં, થોડો લ્યે છે; તેથી તેમને 'કર-પાત્રી' અથવા 'હસ્તભોજી'–હાથમાં જ ભોજન કરનારા કહેવાય છે; અને ( ૭ ) કેશનો લોચ કરે છે. આ પ્રમાણે જૈન સાધુઓના આ સાત અને અગાઉ કહેલા એકવીસ, બંને મળી કુલ ૨૮ મૂળગુણ છે. આ મૂળગુણમાં જો ભંગ થાય–એટલે વસ્ત્રાદિ અંગીકાર કરે, દિવસે ઊંઘે કે દિવસમાં અનેક વખત ભોજનાદિ કરે–તો મુનિપણું રહેતું નથી. અહો, જૈનસાધુની દશા ઘણી ઊંચી છે; તેઓ પરિષહથી ડર્યા વગર નિજધ્યાનમાં લાગ્યા રહે છે. ધ્યાન વડે ચૈતન્યતત્ત્વના આનંદમાં પ્રવેશી ગયા ત્યાં હવે કોઈ ઉપસર્ગનો ભય કેવો? ચૈતન્યની ગૂફામાં ઉપસર્ગનો પ્રવેશ જ ક્યાં છે? સાધુના આ ૨૮ મૂળગુણોનું વર્ણન પં. બનારસદાસજીએ નાટક સમયસારમાં પણ કર્યું છે.

જૈનમુનિ નિર્ગ્રંથ દિગંબર હોય છે. અંદરમાં મોહની ગાંઠ નથી, બહારમાં વસ્ત્રાદિ નથી; નિર્વિકાર સાધુ....એને વસ્ત્ર કેવાં ને સ્નાન કેવું? જેણે સમ્યક્ત્વ તથા ચારિત્ર જળથી મોહમેલને ધોઈને આત્માને પવિત્ર કર્યો છે એને હવે શરીરનાં સ્નાન કેવા? એ મુનિવરો મહાધર્મવંત ને મહા પુણ્યવંત હોય છે. જો કે અસાતાના ઉદયથી કોઈ મુનિને શરીરમાં રોગાદિ થાય પણ ખરા, પણ તેથી કાંઈ મુનિપણામાં દોષ નથી. જેમ કેવળજ્ઞાનીને તો દેહમાંય રોગાદિ કોઈ બાધા હોય જ નહિ; તે કેવળીની માફક મુનિને પણ શરીરમાં રોગાદિ ન જ થાય–એવો કોઈ નિયમ નથી. મુનિને તો શરીરમાં રોગાદિ થાય પણ ખરા, પણ એને દેહમાં મૂર્છા નથી, એ રોગથી ઘેરાતા નથી, રોગ વડે કાંઈ એના રત્નત્રય બગડતા નથી. અરે, રોગ મટી જાય એવી ઔષધિની ઋદ્ધિ ( સનતકુમાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુનિરાજની જેમ ) પોતાના શરીરમાં જ પ્રગટી હોય-છતાં તેનું લક્ષ પણ ન હોય. એ તો ચૈતન્યના અનુભવની ધૂનમાં બીજે બધેથી નિરપેક્ષ વર્તે છે. બહારમાં કોઈ શત્રુ હો કે મિત્ર હો, મહેલ હો કે મશાણ હો, કંચન હો કે કાચનો કટકો હો, પ્રશંસા થતી હો કે નિંદા થતી હોય, કોઈ અર્ઘ વડે પૂજા કરતું હોય કે કોઈ અસિના પ્રહાર કરતું હોય-એ બધાયમાં તેઓ સદાય સમતા ધારણ કરે છે, ને પરિષહોની વચ્ચે પણ નિર્ભયપણે આત્મધ્યાનમાં લાગ્યા રહે છે.

વાહ રે વાહ, મોક્ષને સાધવામાં શૂરવીર ધન્ય મુનિરાજ ! આવા મુનિરાજનાં દર્શન પણ મહાભાગ્ય હોય ત્યારે મળે;—અત્યારે તો દુર્લભ છે.

અશરીરી સિદ્ધપદને સાધવામાં તત્પર મુનિરાજને શરીર સાફસૂફ રાખવાની, વસ્ત્રથી ઢાંકવાની કે દવા વગેરેથી સાચવવાની વૃત્તિ હોતી નથી. શરીરને વસ્ત્રથી ઢાંકવાની વૃત્તિ પણ ઊઠે તો મુનિદશા રહે નહિ.

અહીં કોઈ કહે : તમે તો અધ્યાત્મવાદી છો; અધ્યાત્મદૃષ્ટિમાં વળી મુનિને વસ્ત્ર હોય કે ન હોય-તેમાં શું ? એ તો પરદ્રવ્ય છે !!

તેને ગુરુદેવ કહે છે : અરે ભાઈ ! અધ્યાત્મદૃષ્ટિની તને ખબર નથી. જેને અધ્યાત્મની દૃષ્ટિ અને અધ્યાત્મની ખુમારી હોય તેને તેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ પણ છૂટી જાય; ને જ્યાં રાગ-દ્વેષ ન હોય ત્યાં સ્વેચ્છાએ તે પ્રકારનો બહારનો પ્રસંગ પણ ન હોય.-અધ્યાત્મમાં આવો સહજ મેળ હોય છે. જેમ, જેને બ્રહ્મચર્યની ખુમારી અંતરમાં હોય તેને બહારમાં પણ સ્ત્રીનો પ્રસંગ ન હોય; તેમ મોક્ષના સાધક મુનિરાજની અંતરંગદશામાં અધ્યાત્મની કોઈ અદ્ભુત ખુમારી હોય છે. ભાઈ ! એ દશામાં ચૈતન્યના આનંદની ને વીતરાગતાની એવી ખૂમારી છે કે દેહસંબંધી રાગ-દ્વેષ છૂટી ગયા છે; ને જ્યાં એવો રાગ ન હોય ત્યાં વસ્ત્રને પણ શા માટે ધારણ કરે ? અરે, ઠંડી હોય ને કોઈ ભોળો જીવ ભક્તિથી વસ્ત્ર ઓઢાડી જાય તો તે પણ જૈનસાધુને માટે ઉપસર્ગ છે,-તો પછી પોતાની મેળે વસ્ત્ર ઓઢવાની તો વાત જ કયાં ? અધ્યાત્મદૃષ્ટિવાળાને તો બરાબર વિવેક હોય છે. 'પરદ્રવ્ય છે-એમાં શું વાંધો !' -એવી સ્વચ્છંદ-બુદ્ધિ તેને હોતી નથી. 'જૈનસાધુને વસ્ત્ર હોય તો શું વાંધો !' એમ કહેનારને જૈનસાધુની પવિત્રતાની ઓળખાણ નથી.

જેમ રોટલા અને માંસ, અથવા પત્ની અને માતા વચ્ચે સજ્જનને વિવેક હોય છે તેમ પરિગ્રહ વગરની નિર્ગ્રંથ દશા તથા પરિગ્રહવાળી સગ્રન્થદશા એ બે વચ્ચેના ભેદનો ધર્મીને વિવેક હોય છે. હે જીવ ! તારાથી કદાચ મુનિની ઉત્તમ દશાનું પાલન ન થઈ શકે તોપણ તેનું સ્વરૂપ તો જેમ છે તેમ ઓળખજે, વિપરીત માનીશ નહીં.

વસ્ત્ર સહિત મુનિદશા માને તેણે જૈનધર્મના સાધુને ઓળખ્યા નથી, જૈનધર્મના ગુરુતત્ત્વની તેને શ્રદ્ધા નથી. બાપુ ! જૈનમુનિઓની દશા કોઈ અલૌકિક છે....જેના રોમરોમમાં વીતરાગતા ઝળકે છે. એ તે કાંઈ કાયર છે કે ઠંડી ગરમીથી બચવા વસ્ત્ર ઓઢે ?-કદી નહિ. એ તો વીર છે, નીડરપણે પરિષહ ઉપસર્ગને સમભાવથી સહન કરનારા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે મુનિઓ જ્ઞાન-ધ્યાનમાં રત રહે છે. પાછલી રાત્રે કોઈવાર તેમને જરાક નિદ્રા હોય છે, વિશેષ પ્રમાદ હોતો નથી. અહા, ચૈતન્યસાધનામાં અત્યંત જાગૃત જેનો આત્મા છે તેને ઊંઘવું કેમ પાલવે ? એમને વિશેષ નિદ્રા હોતી નથી. જાગૃતપણે સિદ્ધપદને સાધનારા આવા મુનિવરો જૈનશાસનને શોભાવે છે. '**णमो लोए सव्व साहूणं**'માં તેમનો સમાવેશ થાય છે.

જુઓ, આ મુનિની ક્રિયા....મુનિનું આચરણ. વીતરાગમાર્ગમાં વર્તતા મુનિની દશા અલૌકિક છે; આત્માના અતીન્દ્રિય આનંદનું તેમને ઘણું વેદન વર્તે છે. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ, સિંહ-હાથી વગેરેને પણ આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ અનુભવમાં આવ્યો છે, પંચગુણસ્થાની શ્રાવકને તેનાથી વધુ આનંદ છે, ને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી મુનિઓને તો પ્રચૂરપણે આનંદનું વેદન વર્તે છે. દિવસમાં એક જ વખત તેઓ આહાર કરે, તે પણ નિર્દોષ હોય ને વિધિપૂર્વક મળે તો જ કરે, ઊભા ઊભા જ કરે, પોતાના હાથની અંજલિમાં જ લ્યે.-આ પ્રકારે શુદ્ધ આહાર ન મળે તો આકુળતા ન કરે, આહારની વૃત્તિ તોડીને ધ્યાન-સ્વાધ્યાયમાં ચિત્તને જોડી દ્યે; ક્ષુધા-તૃષાના પરિષહને વૈરાગ્યભાવનાની ઊગ્રતા વડે જીતી લ્યે. આત્મચિંતનમાં શાંતરસના ભોજનીયા કરતાં કરતાં ક્ષુધા-તૃષાના પરિષહો સહજપણે જીતાઈ જાય છે. ચૈતન્યવીર્યનું જોર છે એટલે મુનિઓ બાવીસ પરિષહોથી ડરતા નથી, શિથિલ થતા નથી. આત્માના જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવરૂપ ચૈતન્યગૂફામાં બેઠા બેઠા, પરમ શાંતિની લહેરમાં તૃપ્ત તૃપ્ત વર્તે છે; એ ચૈતન્યગૂફામાં બહારના પરિષહનો પ્રવેશ જ ક્યાં છે ? એમાં પરિષહનો ભય કેવો ? પરિષહ-ઉપસર્ગ વચ્ચેય મુનિઓ સમભાવને છોડતા નથી. પરિષહો તેમને આત્મસાધનાથી ડગાવી શકતા નથી. પરિષહો વચ્ચે માર્ગથી અચ્યુત રહીને તેઓ ઘણી નિર્જરા કરે છે. વૈરાગ્યની ઢાલ વડે તેઓ પોતાના રત્નત્રયની રક્ષા કરે છે ને પંચપરમેશ્વરના પદમાં ઝૂલી રહ્યા છે. કુંદકુંદસ્વામી વગેરેને આવી મુનિ દશા હતી. ભાઈ, તારાથી આવી મુનિદશાનું પાલન થઈ ન શકતું હોય તો, તેનું સાચું સ્વરૂપ ઓળખીને તેની ભાવના રાખ, પણ તેને વિપરીત ન માન. મુનિના સ્વરૂપને વિપરીત માનીશ તો-તો તારી શ્રદ્ધા પણ બગડી જશે; તને સાચા દેવ-ગુરુ-ધર્મની ને જૈનમાર્ગની શ્રદ્ધા પણ નહીં રહે.—સાચા માર્ગની શ્રદ્ધા કરીશ તો તારું સમ્યક્ત્વ રહેશે ને તું ભગવાનના માર્ગમાં રહીશ. વિપરીત માનીશ તો મિથ્યાદ્રષ્ટિ થઈને ભગવાનના માર્ગથી ભ્રષ્ટ થઈ જઈશ. બાપુ ! આત્મકલ્યાણ કરવાનો આવો અવસર હાથમાં આવ્યો છે, તે જો ચુકી જઈશ તો ફરી વારંવાર આવા અવસર નથી આવતા.... **अवसर बेर बेर नहीं आवे**....માટે સાવધાન થા, ને માન મૂકીને આત્મહિતના પંથમાં લાગી જા ! દુઃખને હરનારી ને સુખની કરનારી સાચી શિખામણ શ્રીગુરુ તને આપે છે. ( **तातैं दुःखहारी सुखकार, कहैं शीख, गुरु करुणाधार ।** )

જૈનમુનિને શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ છે. પોતે તો કોઈને શત્રુ-મિત્ર માનતા નથી પણ સામો કોઈ જીવ શત્રુતા રાખીને નિંદા વગેરે કરે તો તેના પ્રત્યે દ્વેષભાવ રાખતા નથી, ને કોઈ જીવ ઉપકારી ગણીને પૂજા-સ્તુતિ કરે તો તેના પ્રત્યે રાગભાવ રાખતા નથી, બંનેથી ઉપેક્ષિત પોતે પોતાના સમભાવમાં રહે છે. જુઓ, શ્રેણિકરાજાએ ઉપસર્ગ કર્યો તોપણ યશોધર મુનિરાજે તેના પ્રત્યે દ્વેષભાવ ન રાખ્યો પોતે ધ્યાનમાં જ બેસી રહ્યા; પછી ઉપસર્ગ દૂર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયો ત્યારે, ચેલણાદેવીની સાથે સાથે શ્રેણીકરાજાને પણ ધર્મના આશીર્વાદ આપ્યા. ચેલણાએ ભક્તિ કરી ને શ્રેણીકે ઉપસર્ગ કર્યો, તેમના વચ્ચે કોઈ ભેદભાવ રાખીને મુનિરાજે રાગ-દ્વેષ ન કર્યા; મુનિરાજના આવા વીતરાગી સમભાવને દેખીને શ્રેણીકરાજા આશ્ચર્યચકિત થઈ ગયો, જૈનધર્મની વીતરાગતાનો મહિમા તેને સમજાયો, ને જૈનધર્મની શ્રદ્ધા અંગીકાર કરીને તે સમ્યગ્દૃષ્ટિ થયો. સાડી એકયાસીહજાર ( ૮૧,૫૦૦ ) વર્ષ પછી આ ભરતક્ષેત્રમાં તે ઉત્સર્પિણીના પ્રથમ તીર્થંકર તરીકે અવતરશે.

જીવન-મરણમાં પણ જ્યાં સમભાવ છે ત્યાં બીજાની શી વાત ! ચૈતન્યની પરમ શાંતિમાં રાગ-દ્વેષનો કોલાહલ મુનિને પાલવતો નથી.—

શત્રુ-મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન-અમાને વર્તે તે જ સ્વભાવ જો...
જીવિત કે મરણે નહીં ન્યુનાધિકતા,
ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો...

-આવી મુનિદશા હોય છે....ચૈતન્યતત્ત્વ ત્યાં રત્નત્રયધર્મથી ખીલી ઊઠ્યું છે. નિજવૈભવથી ભરેલો ચૈતન્યનો અનુભવમહેલ, તેમાં વસનારા મુનિને બહારમાં મહેલ શું કે જંગલ શું ? એને તો હીરો કે કાચ, સોનું કે પથ્થર બંને સરખાં છે. વિહાર કરતાં રસ્તામાં ક્યાંક હીરાનો ખજાનો દેખાઈ જાય તોપણ તેમનું મન લલચાય નહિ, કે ' લાવ થોડાક હીરા લઈ લઉં.... કોઈ શ્રાવકને આપીશ ! ' અરે, પોતાને કોઈ વિશેષ લબ્ધિ પ્રગટી હોય તો તેનોય રાગ કરતા નથી. ચૈતન્યની કૈવલ્યલબ્ધિને સાધી રહ્યા છે ત્યાં બહારની લબ્ધિની શી કિંમત છે ?-એમાં કોણ રોકાય ? મુનિરાજની આવી અદ્ભુતદશાને ધર્મી શ્રાવક ઓળખે છે, ને પોતે પણ એમના જેવી વીતરાગી શાંતિનો સ્વાદ થોડોક ચાખ્યો છે. અને મુનિની તો શી વાત ! માત્ર જરાક સંજ્વલન કષાય રહી ગયો છે-બાકી તો વીતરાગ જ છે...કેવળજ્ઞાનની એકદમ નજીક પહોંચી ગયા છે, સંસારના વેરઝેરનો કોલાહલ દૂર થઈ ગયો છે, ચૈતન્યની શાંતિમાં ઠરીને હિમ જેવા થઈ ગયા છે. ' વાહ મુનિરાજ ! તમારામાં ને કેવળીભગવાનમાં શું ફેર છે ! ! '

શુદ્ધરત્નત્રયના પાલનથી, અને ત્રણ કષાયના અભાવથી મુનિને જેટલી વીતરાગપરિણતિ છે તેટલો તો સદાય પરિષહજય છે, જેટલા રાગ-દ્વેષ થાય તેટલો પરિષહજય નથી. એકલી બહારની પ્રતિકૂળતા હોવી તે કાંઈ પરિષહજય નથી, પણ તેમાં રાગ-દ્વેષ ન થતાં અંદર ચૈતન્યની શાંતિના વેદનથી સહજ સમતા ભાવ રહેવો તે પરિષહજય છે. ક્ષુધા લાગી હોય, ખોરાક ન મળે, અંદર પેટમાં તેમજ પરિણામમાં બળતરા થાય, ને આહાર મળતાં અંદર ' હા...શ ' કરીને રાજી થાય,-એણે કાંઈ ક્ષુધાપરિષહ સહન કર્યો ન કહેવાય, એણે તો રાગ-દ્વેષ કર્યા.—

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ;
સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનેક ઉપવાસ વગેરે તપ થાય છતાં અંદર મનમાં સંક્લેશ ન થાય; અને ભર ઉનાળામાં ઘણા ઉપવાસના પારણે ઠંડો શેરડીનો રસ વગેરે મળે ત્યાં અંદરમાં હા...શ એમ સંતોષનો શેરડો ન પડે...જરાય ગૃદ્ધિભાવ ન થાય. આહાર મળ્યા પહેલાં ને આહાર મળ્યા પછી એવો ને એવો ચૈતન્યનો વીતરાગી સમભાવ રહે, તેણે પરિષહોને જીત્યા કહેવાય. –એવું ક્યારે બને ?–કે બાહ્ય વસ્તુને દુઃખ–સુખનું કારણ ન માને ત્યારે; બાહ્ય વસ્તુને સુખ–દુઃખનું કારણ માને તો તેના પ્રત્યે રાગ–દ્વેષ થયા વગર રહે જ નહિ. ધર્માત્મા જાણે છે કે અહા, હું તો જ્ઞાતા....સંયોગો મારાથી બહાર છે; કોઈ પણ સંયોગ મને દુઃખનું કે સુખનું કારણ નથી; હું મારા જ્ઞાતાસ્વભાવમાં રહીને મારી શાંતિને વેદનારો છું.–આવું ભાન સમ્યગ્દૃષ્ટિને હોય છે, તે ઉપરાંત મુનિને તો જ્ઞાયક સ્વરૂપમાં પરિણામ ઘણા સ્થિર થયા છે, ત્રણ કષાયના નાશથી ઘણી વીતરાગતા થઈ છે–એવા મુનિઓ પરિષહથી ડરતા નથી, ને આત્મસાધનાથી ડગતા નથી; સમભાવથી આત્મધ્યાનમાં કે સ્વાધ્યાયમાં લાગ્યા રહે છે.

હે ભવ્ય જીવો ! તમે જૈન-સાધુઓના આવા આચરણને ઓળખો અને તમારા આત્માની અનુભૂતિને પીછાણો.

આ રીતે છ શ્લોક સુધીમાં મુનિરાજના ૨૮ મૂળગુણનું તેમજ ત્રણ ગુપ્તિ વગેરેનું વર્ણન કર્યું, હવે તે ઉપરાંત મુનિઓની બીજી ક્રિયાઓ બતાવે છે :—

* મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા, સેવક થયા નિશ્ચિંતા; અરે ! મા–બાપના ખોળે બાળક બેઠું હોય એને પણ ચિંતા ન થાય તો ભગવાનને ખોળે બેઠો એને ભવ હોય ? ઈ બને જ નહીં જેને ભગવાન બેઠા અને હું પણ ભગવાન છું એમ પ્રતીતિ આવી તેને ભવ હોય જ નહિ.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સંયમના આચરણરૂપ તપ વગેરેનું વર્ણન

तप तपें द्वादश, धरें वृषदश, रत्नत्रय सेवें सदा,
मुनि साथमें वा एक विचरे, चहे नहिं भवसुखकदा ।
यों है सकल संयम चरित, सुनिये स्वरूपाचरन अब,
जिस होत प्रगटे आपनी निधि, मिटे परकी प्रवृत्ति सब ॥ ७ ॥

જુઓ, આ મુનિનું સંયમ-આચરણ ! તે મુનિ ઉપવાસ સ્વાધ્યાય વગેરે ૧૨ પ્રકારનાં તપ કરે છે, ઉત્તમ ક્ષમા બ્રહ્મચર્ય વગેરે ૧૦ પ્રકારનાં ધર્મને ધારણ કરે છે તથા રત્નત્રયનું સદા સેવન કરે છે; તેઓ મુનિઓના સંઘની સાથે વિચરે છે અથવા એકાકી જિનકલ્પી વિચરે છે; અને મોક્ષસુખને સાધનારા તે મુનિરાજ ભવસુખને કદી ચાહતા નથી.

જુઓ, કેવી સરસ વાત કરી છે! મુનિ ભવસુખને ચાહતા નથી, સમ્યગ્દષ્ટિ-ગૃહસ્થ પણ ભવસુખને ચાહતા નથી. ભવ એટલે ચારેગતિ, દેવગતિ પણ ભવ છે; તે ચાર ગતિરૂપ ભવમાં પુણ્યના-રાગના ફળરૂપ જે બાહ્ય ઇન્દ્રિયસુખ છે તેને ધર્મી ચાહતા નથી; તેના કારણરૂપ જે પુણ્ય અને શુભરાગ તેને પણ ધર્મી ચાહતા નથી. મોક્ષસુખનો સ્વાદ જેણે ચાખ્યો તેને ભવસુખની વાંછા કેમ હોય? ભવસુખ તો ઝેર જેવા છે; ખરેખર એ સુખ નથી પણ દુઃખ જ છે—કેમકે તે ભવસુખ એટલે ઇન્દ્રિયવિષયો તરફનું વલણ તે દુઃખ છે-આકુળતા છે, ચારે ગતિના ઇંદ્રિય વિષયોમાં સુખ નથી પણ દુઃખ જ છે એ વાત ભગવાન કુંદકુંદસ્વામીએ પ્રવચનસારમાં અલૌકિક ન્યાયોથી સમજાવી છે. અરેરે, જેના ભોગવટામાં ભવદુઃખ મળે-જન્મમરણ થાય એવા તે ભવસુખને તો કોણ ચાહે? મોહી-અજ્ઞાની જીવો જ તે વિષયોમાં સુખની ભ્રાંતિ કરે છે, ધર્મી તેમાં સુખ માનતા નથી, દેવલોકના વૈભવને પણ ચાહતા નથી.-'**चहे नहि भवसुख कदा** ।' (ચાહૂં નહીં સુરવાસ....)

જેને રાગમાં પુણ્યમાં ને તેના ફળમાં સુખબુદ્ધિ હોય, તેની ચાહના હોય તે જીવ ચૈતન્યના મોક્ષસુખને સાધી શકતો નથી, મોક્ષસુખને તે જાણતો પણ નથી. પુણ્યજનિત સુખ ભવમાં જ હોય છે, મોક્ષમાં પુણ્યજનિત સુખ નથી હોતું, મોક્ષમાં તો ચૈતન્યજનિત અતીન્દ્રિય સુખ હોય છે.-અહો, આત્માના આવા મોક્ષસુખની ઉલ્લાસથી જે શ્રદ્ધા કરે છે તે જીવ નીકટ ભવ્ય છે, થોડા જ વખતમાં તે એવા સુખને પામશે.

જુઓ, એક મુનિના સાચા સ્વરૂપની ઓળખાણમાં આ બધી વાત સમાઈ જાય છે. મુનિ ઇન્દ્રિય-વિષયોરૂપ ભવસુખને કદી ચાહતા નથી,—તો એવા મુનિની શ્રદ્ધા જે કરે તે પણ ઇન્દ્રિયવિષયોને કદી ચાહે નહિ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા, જેઓ રત્નત્રયધર્મ વડે ચૈતન્યના મહાન સુખને અનુભવી જ રહ્યા છે, એવા મુનિઓને બીજા બધા વિષયો સર્વથા નીરસ લાગે છે; ચૈતન્ય નિધાનને સાધવામાં મશગુલ તે મુનિરાજ ભવસુખને ચાહતા નથી, સ્વર્ગસુખને પણ ચાહતા નથી. આવા મુનિઓ સંઘસહિત વિચરે છે; અથવા કોઈને વિશેષ જ્ઞાન-વૈરાગ્ય વગેરેનું સામર્થ્ય હોય તો, તીર્થંકરોની જેમ એકલા પણ વિચરે છે, તેમને 'જિનકલ્પી' કહેવાય છે.

કોઈ કહે કે વસ્ત્રરહિત દિગંબર વિચરે તે સાધુ જિનકલ્પી, અને વસ્ત્ર સહિત વિચરે તે સાધુ સ્થવિરકલ્પી—તો એ વાત બરાબર નથી. ભાઈ, જૈન-સાધુઓમાં વસ્ત્ર વગરના ને વસ્ત્રવાળા એવા બે ભેદ નથી, બધાય જૈનસાધુઓ, ત્રણે કાળે સર્વથા વસ્ત્ર વગરના નિર્ગ્રંથ જ હોય છે, તેમાં કોઈ અપવાદ નથી.

વસ્ત્રની વાત તો દૂર રહી, અહીં તો અંદરની સૂક્ષ્મ વાત બતાવે છે કે જૈનસાધુ ભવસુખને એટલે કે સંસાર સંબંધી કોઈ પણ સુખને કદી ચાહતા નથી, કોઈ પણ રાગને ચાહતા નથી. શુભરાગ જેને સારો લાગે તે તેના ફળમાં સુખ માન્યા વગર રહે નહિ, એટલે જેને રાગ સારો લાગ્યો તેને ભવસુખની જ વાંછા થઈ. અરે, મુનિને રાગનો એક અંશ પણ બાકી રહી જાય તો મોક્ષ અટકે ને બે ભવ કરવા પડે. તેમાં પણ દેવલોકમાંથી પાછા મનુષ્યમાં અવતરે ત્યારે માતાના ગર્ભમાં અશુચીમય સ્થાન વચ્ચે ઊપજે ને નવમાસ ગર્ભવાસની જેલમાં પુરાઈ રહેવું પડે. –અરેરે, રાગનાં આવાં ફળને કોણ ચાહે? કયો મોક્ષાર્થી જીવ આવા ભવને ઈચ્છે? જો કે સમ્યગ્દૃષ્ટિને તો માતાના પેટમાં પણ આત્માનું ભાન વર્તતું હોય છે ને તેટલે અંશે અતીન્દ્રિયસુખ પણ છે; છતાં જેટલો રાગ છે તેટલું દુઃખ છે. પૂરું સુખ કેવળજ્ઞાન અને મોક્ષમાં જ છે. એવા સુખના ઉગ્ર સાધક મુનિની આ વાત છે. તે મુનિ શુદ્ધોપયોગની ઉગ્રતા વડે શુક્લધ્યાન પ્રગટાવી, ક્ષપકશ્રેણી ચડી કેવળજ્ઞાન પ્રગટાવે છે અને પછી મોક્ષ પામે છે–એ વાત હવેના પાંચ (૮ થી ૧૨) શ્લોકમાં બહુ સરસ રીતે બતાવશે. પણ ત્યાર પહેલાં આવી મુનિદશા હોય છે. પહેલેથી જ જેના અંતરમાં ભવસુખની વાંછા પડી છે તે મોક્ષસુખને સાધવાનો ઉદ્યમ ક્યાંથી કરશે?

મુનિઓ પોતાની શક્તિ મુજબ ઉપવાસ, ઉણોદરી, તથા સ્વાધ્યાય-ધ્યાન વગેરે બાર પ્રકારનાં તપ કરે છે. અહીં એ ધ્યાન રાખવું કે મુનિદશામાં તપની સાથે શરીર કે ભોજનાદિ સંબંધી જે બાહ્યપ્રવૃત્તિ છે તે તો પરદ્રવ્યની ક્રિયા છે, તે કાંઈ મુનિની ખરી ક્રિયા નથી, ને તે નિર્જરાનું કારણ નથી; પણ મુનિના ઉપયોગની જે શુદ્ધતા છે તેની વૃદ્ધિ તે તપ છે અને તે શુદ્ધ પરિણામ જ નિર્જરાનું કારણ છે, તે જ મુનિની ધર્મક્રિયા છે. તેની સાથે જે શુભરાગના પરિણામ છે તે ઉપચારથી તપ છે. આ વાત બધા પ્રકારોમાં સમજી લેવી.

ચૈતન્યની શાંતિમાં મગ્ન તે મુનિરાજે કષાયના ભારને દૂર કર્યો છે ને ઉત્તમક્ષમાદિ ગુણોના મોટા ભંડાર સહિત તેઓ મોક્ષપુરીમાં જઈ રહ્યા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપરાંત ચારિત્ર ધર્મના દશ પ્રકાર મુનિઓને હોય છે;–ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ. સત્ય, સંયમ, તપ; ત્યાગ, અકિંચન અને બ્રહ્મચર્ય–આ દશવિધ ધર્મોને મુનિરાજ ધારણ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી તેઓ રત્નત્રયના ધારક છે; નિઃશંકતાદિ આઠ અંગ સહિત સમ્યક્ત્વનું વિનય-ઉપધાન વગેરે આઠ અંગ સહિત સમ્યગ્જ્ઞાનનું તથા વ્રત-સમિતિ-ગુપ્તિરૂપ તેર પ્રકારના ચારિત્રનું સદા સેવન કરે છે.-જુઓ, આ મુનિની ક્રિયા! મોક્ષના માર્ગમાં તો આ કરતૂતિ-ક્રિયા કરવા જેવી છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ક્રિયા આત્માના ચિદાનંદસ્વભાવમાં સમાય છે, રાગનો તેમાં અભાવ છે. અહા, મુનિઓને આહાર વખતે કે જરાક નિદ્રા વખતે પણ આત્મામાં રત્નત્રયનું સેવન ચાલુ છે; હાલતાં-ચાલતાં-બોલતાં કે ઉપસર્ગ પરિષહના પ્રસંગમાં પણ, બાર કષાયના અભાવપૂર્વક રત્નત્રયની આરાધના તેમને ચાલી જ રહી છે. અહા, એમની અપાર શાંતિની શી વાત! અવિરત સમ્યગ્દૃષ્ટિને માત્ર અનંતાનુબંધીકષાયોના અભાવથી પણ સ્વભાવની અપૂર્વ શાંતિનું વેદન હોય છે, શ્રાવકને અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાની-એ બે કષાયના અભાવથી વિશેષ શાંતિ (-સર્વાર્થસિદ્ધિના એકાવતારી દેવો કરતાંય વધારે શાંતિ) હોય છે; અને મુનિને તો અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાનાવરણી એ ત્રણે પ્રકારના ક્રોધ-માન-માયા-લોભનો અત્યંત અભાવ થવાથી, સ્વરૂપમાં એકાગ્રતાની મહાન શાંતિ સદાય વર્તતી હોય છે. તેમનો આત્મા પોતે જ આવા રત્નત્રયધર્મરૂપે પરિણમી ગયો છે; એટલે તે પોતે જ રત્નત્રય-ધર્મ છે.

'આ આત્મા સ્વયં ધર્મ થાય તે ખરેખર મનોરથ છે' (પ્રવચનસાર ગા. ૯૨)-એમ કહીને પછી આચાર્યદેવ કહે છે કે-'શુદ્ધોપયોગના પ્રસાદથી આ આત્મા સ્વયમેવ ધર્મ થયો.' (મનોરથ પૂરો થઈ ગયો....) 'વીતરાગ ચારિત્રરૂપે પરિણમેલો મારો આ આત્મા સ્વયં ધર્મ થઈને, સદાય નિષ્કંપ જ રહે છે.' જુઓ તો ખરા....આ મુનિઓના અંદરના પડકાર! આ મુનિ પોતે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયેલો આત્મા પોતે જ મોક્ષમાર્ગ છે.

-આવા મોક્ષમાર્ગી મુનિવરો ભવસુખને ચાહતા નથી. ચૈતન્યસુખની મીઠાસને જાણનારા, વિષયસુખની ચીકાશમાં કેમ ચોંટે? ચૈતન્યસુખના અત્યંત મધુર સ્વાદ પાસે ઇન્દ્રિય ભોગોનો સ્વાદ ઊડી ગયો છે; તે ઇન્દ્રિયસુખો તેમને લલચાવી શકતા નથી. જો કે અવિરત-સમ્યગ્દૃષ્ટિનેય ભવસુખની વાંછા નથી, વિષયોમાં સુખબુદ્ધિ નથી, છતાં હજી થોડાક (અસ્થિરતાના) પરિણામ તેમાં જાય છે; જ્યારે મુનિઓના તો પરિણામ પણ વિષયોથી હટી ગયા છે ને ચૈતન્યસુખમાં લીન થયા છે. જગતના વિષય-લુબ્ધ પ્રાણીઓને દેખીને તેમને દયા આવે છે કે અરેરે, આ અજ્ઞાની જીવો અંતરના સુખસ્વભાવને ભૂલ્યા છે ને દુઃખથી વ્યાકુળ થઈને બાહ્ય વિષયો તરફ વેગથી દોડી રહ્યા છે; પણ તે વિષયોમાંથી એમને કદી સુખ મળવાનું નથી.-આ રીતે વિષયોથી વિરક્ત મુનિજનો ભવસુખોમાં ક્યાંય લલચાતા નથી; એમનું ચિત્ત તો મોક્ષના મહા આનંદમાં જ લાગેલું છે. મુનિવરોની આવી ધર્મક્રિયાને ઓળખતાં પોતાના આત્માની અનુભૂતિની પણ ઓળખાણ થાય છે; રાગક્રિયા અને શુદ્ધભાવરૂપ ક્રિયા એ બંનેનું ભેદજ્ઞાન થાય છે ને પોતાને રાગથી ભિન્ન શુદ્ધાત્મઅનુભૂતિ થાય છે.

અહીં સુધી મુનિઓના સંયમઆચરણનું વર્ણન કર્યું એટલે કે સંયમપૂર્વક કેવી સાવધાનીપૂર્વક તેમનું આચરણ હોય તે બતાવ્યું; હવે મુનિઓનું સ્વરૂપાચરણ સાંભળો, એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે ઉપયોગ જ્યારે અંતર્મુખ થઈને સ્વરૂપમાં જ ચરતો હોય તે વખતે તેમના અંતરમાં કેવી પ્રવૃત્તિ હોય છે તે સાંભળો....કેવું છે આ સ્વરૂપાચરણ? આ સ્વરૂપાચરણ શુદ્ધોપયોગરૂપ છે-કે જે હોતાં પોતાના કેવળજ્ઞાન-નિધાન પ્રગટે છે ને સમસ્ત પર પ્રવૃત્તિ મટી જાય છે. પહેલાં તો મુનિને સાતમે....છઠ્ઠે...સાતમે....એમ ઉપયોગ આવ-જા કર્યા કરતો હતો,—ઘડીક અંદર ને ઘડીક બહાર....વળી અંદર...એમ થતું; પણ પછી શુદ્ધોપયોગ વડે સ્વરૂપમાં જ લીનતારૂપ સ્વરૂપાચરણ વડે જ્યાં કેવળજ્ઞાન થયું ત્યાં હવે ઉપયોગ કદી બહાર આવતો નથી એટલે પર પ્રવૃત્તિ કદી થતી નથી.-આવા શુદ્ધોપયોગરૂપ સ્વરૂપાચરણનું વર્ણન હવે શ્લોક ૮-૯-૧૦માં, તથા તેના ફળરૂપ કેવળજ્ઞાન અને મોક્ષપદની પ્રાપ્તિનું વર્ણન શ્લોક ૧૧-૧૨ માં કરશે.

અહીં મુનિનું જે 'સ્વરૂપાચરણ' કહ્યું તે સાતમા ગુણસ્થાને તથા તેનાથી ઉપરના ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગરૂપ એકાગ્રતાની વાત છે,-સ્વરૂપમાં એકમાં જ ચરવું-રમવું-લીન રહેવું તે સ્વરૂપાચરણ છે-જેના ફળમાં અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન થાય છે. આ સિવાય બીજું એક 'સ્વરૂપાચરણ' ચોથાગુણસ્થાને પણ કહેવાય છે,-સમ્યગ્દૃષ્ટિ જીવને અનંતાનુબંધી કષાયનો અભાવ થતાં ચારિત્રના જે શુદ્ધ અંશો પ્રગટ્યા, અંશે જે અકષાય ભાવરૂપ આચરણ પ્રગટ્યું, તેને પણ સ્વરૂપાચરણ કહેવાય છે. તે સ્વરૂપાચરણ તો નરકમાંય સમ્યગ્દૃષ્ટિને હોય, ને બાહ્યપ્રવૃત્તિ વખતે પણ હોય. અહીં હવે જે સ્વરૂપાચરણ કહેશે તે તો મુનિને જ હોય છે, અને તેમાં પણ શુદ્ધોપયોગ વડે નિર્વિકલ્પ ધ્યાનમાં ઠરેલા મુનિની વાત છે. કેમકે હવે આગળ વધતાં વધતાં ઠેઠ કેવળજ્ઞાન અને મોક્ષ સુધી લઈ જઈને શાસ્ત્ર પૂરું કરવું છે.

અહા, અંતર્મુખ ઉપયોગ કરીને મુનિ જ્યારે સ્વરૂપમાં સાતિશયપણે ઠરે છે ત્યારે તેમનું સ્વરૂપાચરણ એવું ઉજ્જવળ—શુક્લધ્યાનરૂપ હોય છે કે જેના પ્રતાપે ચૈતન્ય-ખજાનામાં કેવળજ્ઞાનાદિ અનંતા નિધાન પ્રગટ થાય છે. મુનિ નિર્વિકલ્પ થઈને એકલા સ્વરૂપમાં ચરે છે...ચૈતન્યબગીચામાં અતીન્દ્રિય-આનંદનો ચારો ચરે છે...એ સ્વરૂપમાંથી કદી બહાર આવતા નથી....કેવળજ્ઞાન પ્રગટાવીને મોક્ષમાં સિધાવે છે.

વાહ....ધન્ય એ દશા! આવા સ્વરૂપધ્યાની મુનિવરોની ધ્યાનદશામાં શું હોય-એનું અદ્ભુત વર્ણન હવે કરે છે, તે આનંદથી સાંભળો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# મુનિરાજનું સ્વરૂપમાં આચરણરૂપ ચારિત્ર
## (શુદ્ધોપયોગી ધ્યાનદશાનું વર્ણન)

जिन परम पैनी सुबुद्धि छैनी डारि अंतर भेदिया,
वर्णादि अरु रागादितें निज भावको न्यारा किया ।
निजमाहिं निजके हेतु निज कर आपको आपे ग्रह्यो,
गुण–गुणी ज्ञाता–ज्ञान–ज्ञेय मँझार कछु भेद न रह्यो ॥૮॥

[ આ શ્લોક ૮–૯–૧૦માં ઘણા ઊંચા ભાવો છે; તેથી આપણે સોનગઢ–જિનમંદિરના પચીસ વર્ષના ઉત્સવમાં તે ખાસ વંચાય છે. ] જ્ઞાનચેતનારૂપ અત્યંત તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી વડે જેણે પોતાના શુદ્ધ ચૈતન્યતત્ત્વને દેહાદિકથી તથા રાગાદિકથી જુદું કરીને અનુભવમાં લીધું છે, તે ઉપરાંત મુનિ થઈને શુદ્ધોપયોગ વડે તે સ્વભાવમાં એકાગ્ર થઈને જ્યારે આત્માનું નિર્વિકલ્પ અભેદ ધ્યાન કરતા હોય છે, ત્યારનું આ વર્ણન છે. ત્યારે પોતે પોતાથી જ, પોતાના જ છ કારકોવડે પોતાના સ્વભાવનું ગ્રહણ કર્યું છે; ગુણ–ગુણીનો કે જ્ઞાતા–જ્ઞાન–જ્ઞેય વચ્ચેનો કોઈ ભેદ તેમાં રહ્યો નથી. એ જ રીતે ધ્યાતા–ધ્યાન–ધ્યેયનો, કે કર્તા–કર્મ–ક્રિયાનો પણ ભેદ તે ધ્યાનમાં નથી રહેતો–એ વાત પછીના શ્લોકમાં કહેશે. શુદ્ધ આહાર લેવો, જોઈને ચાલવું—એવી આહાર–વિહાર વગેરે પ્રવૃત્તિની વાત હવે આમાં નહીં આવે, કેમકે આ તો હવે એકદમ ઊંચી, એકલી ધ્યાનદશાની વાત છે. જ્યાં એકલા સ્વસમયમાં જ પ્રવૃત્તિ છે, બહારમાં લક્ષ જ જતું નથી.

પહેલીવાર સમ્યગ્દર્શન પ્રગટવાના કાળે પણ ક્ષણભર નિર્વિકલ્પ ધ્યાનદશા થાય છે ત્યારે ગૃહસ્થને પણ આત્માનો આવો અભેદ અનુભવ થાય છે. આવી સ્વાનુભૂતિપૂર્વક જ સમ્યગ્દર્શન થાય છે. કોઈ કહે કે સમ્યગ્દર્શન થયું પણ સ્વાનુભૂતિ ન થઈ,–તો તેની વાત સત્ય નથી, સમ્યગ્દર્શન તેને થયું જ નથી. સમ્યગ્દર્શન થતાં ચોથા ગુણસ્થાને પણ સ્વાનુભૂતિ તો જરૂર થાય છે, પણ પછી તે સ્વાનુભૂતિ સમ્યગ્દર્શનની સાથે તેને નિરંતર રહેતી નથી. મુનિરાજને તો વારંવાર ઉપયોગ અંતરમાં લીન થઈને અભેદ સ્વાનુભૂતિ થયા કરે છે, તેમની ધ્યાનદશાનું આ વર્ણન છે.

'હું મનુષ્ય....' એમ શરીરરૂપે ધર્મી પોતાને નથી ચિંતવતા; તેમજ 'હું ક્રોધી, હું રાગી' એમ રાગાદિરૂપે પણ ધર્મી પોતાને નથી ચિંતવતા; પણ તે દેહાદિને તથા રાગાદિને તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી વડે–સૂક્ષ્મ અતીન્દ્રિય જ્ઞાનવડે આત્માથી ભિન્ન કરીને, 'શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવ હું છું' એમ પોતાના સ્વરૂપને ચિંતવે છે, અને પોતાના જ્ઞાનસ્વભાવને જ જ્ઞાનમાં સ્વજ્ઞેયપણે ગ્રહણ કરે છે. ત્યાં હું જાણનાર, ને આ મારું જ્ઞેય–એવો કોઈ ભેદ કે વિકલ્પ રહેતો નથી.–આવું ધ્યાન તે કેવળજ્ઞાનનું કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જુઓ, આ આત્માનું ધ્યાન કરવાની રીત! હજી જેને દેહથી ને રાગથી આત્માનું ભિન્નપણું પણ ન સમજાય તેને આવું ધ્યાન ક્યાંથી થાય?

દરેક આત્મા પોતાના અનંત જ્ઞાન-દર્શન-આનંદના નિધાનથી સમ્પન્ન છે, બહારમાં શુભવૃત્તિ તે પુણ્યબંધનું કારણ છે ને અશુભવૃત્તિ તે પાપબંધનું કારણ છે; તે બંને પ્રકાર અશુદ્ધ ઉપયોગના છે, તેના વડે ચૈતન્યતત્ત્વમાં જવાતું નથી. ચૈતન્યમાં અંતર વ્યાપાર પુણ્ય-પાપ વગરનો છે, તે શુદ્ધ ઉપયોગ છે. પ્રથમ આવો શુદ્ધોપયોગ થાય ત્યારે જ સમ્યગ્દર્શન પ્રગટે છે. એકાકાર આનંદસ્વરૂપ આત્મા છે, તેને ધ્યાવીને, રાગથી પાર સુબુદ્ધિરૂપી તીક્ષ્ણ છીણીવડે જેણે રાગાદિથી તથા વર્ણાદિથી ચૈતન્યસ્વભાવરૂપ નિજ ભાવને ન્યારો કર્યો છે, તે ધર્મી પોતે પોતામાં જ પોતાને ભેદરહિત ધ્યાવે છે;-આવો શુદ્ધોપયોગ તે ધર્મ છે. તેમાં કોઈ વિકલ્પ નથી, ભેદ નથી; ચૈતન્યપ્રભુ પોતાના ચૈતન્યભાવરૂપે જ રહે છે, તેની ચૈતન્યક્રિયા પણ તેમાં અભેદ છે;-કર્તા-કર્મ-ક્રિયાના ભેદ તેમાં નથી. ધર્મીને સમ્યગ્દર્શન થયું ત્યારે આવો શુદ્ધોપયોગ થયો હતો; પછી પણ તે ધર્મી ક્યારેક ક્યારેક આવા શુદ્ધોપયોગરૂપ ધ્યાન વડે નિર્વિકલ્પ આનંદને સાક્ષાત્ અનુભવે છે. આ અનુભવમાં રાગનું આચરણ નથી પણ જેવું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તેવું તેનું આચરણ છે, તેને સ્વરૂપાચરણ કહેવાય છે; તે ધર્મ છે. તેનો અંશ ચોથાગુણસ્થાનથી શરૂ થાય છે, પછી છઠ્ઠા ગુણસ્થાને મુનિને પણ જેટલું વીતરાગી સ્વરૂપાચરણ છે તેટલો જ ધર્મ છે. ને વ્રતાદિમાં જેટલો રાગ બાકી છે તે કાંઈ ધર્મ નથી.

* શરીર-મન-વચન તો જડ-પુદ્ગલ-અજીવ-અચેતન છે. તે તો આત્માથી તદ્દન જુદા છે.
* હવે પોતામાં રાગરૂપ અશુભ કે શુભભાવ તે અશુદ્ધ ઉપયોગ છે, તે નિજભાવ નથી, પરભાવ છે.
* અંતરમાં ચૈતન્યસ્વભાવ પોતે પોતામાં એકાગ્ર થતાં, વર્ણાદિ તથા રાગાદિથી જુદો પડ્યો તે શુદ્ધોપયોગ છે; તેમાં પોતાના નિજભાવનું ગ્રહણ છે. હું જ્ઞાન, હું જ્ઞાતા, હું જ્ઞેય-એવા ત્રણ ભેદ ત્યાં નથી. ત્યાં તો એકાકાર આત્માનો અભેદ અનુભવ વર્તે છે.

—આવો અનુભવ કેમ થાય? તે કહે છે.

પરમ ધારદાર એવી સુબુદ્ધિરૂપી છીણી વડે ભેદજ્ઞાન કરતાં આવો અનુભવ થાય છે. પ્રજ્ઞાછીણીને પરમ ધારદાર (અત્યંત તીક્ષ્ણ, **परम पैनी**) કેમ કીધી? કારણ કે તે પ્રજ્ઞાછીણીરૂપ જ્ઞાનચેતના રાગ વગરની છે, અતીન્દ્રિય છે, તેથી તે અત્યંત સૂક્ષ્મ ને તીક્ષ્ણ છે. રાગ કે ઇંદ્રિયજ્ઞાન તો બૂઠાં છે, તે ચૈતન્યને પકડી શકતા નથી, ભેદજ્ઞાન કરી શકતા નથી. શુદ્ધોપયોગરૂપ જે તીક્ષ્ણ અતીન્દ્રિયજ્ઞાન તે જ મોક્ષનું કારણ છે.

તે ઉપયોગે, રાગને તથા દેહની ક્રિયાને તો પોતાથી ન્યારા કર્યા છે, ભેદજ્ઞાન વડે આવી ભિન્નતા કરીને ચૈતન્યનું ગ્રહણ કરવું તે સ્વરૂપાચરણ-ક્રિયા છે. જુઓ, આ મુનિવરોની મોક્ષની ક્રિયા! કોઈ પૂછે-તમે ક્રિયાને માનો છો? તો કહે છે કે હા; રાગ વગરની આવી ક્રિયાને ધર્મ માનીએ છીએ; રાગની ક્રિયાને ધર્મ નથી માનતા. રાગની ક્રિયા કે જડની ક્રિયા તે કાંઈ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષનું કારણ નથી.

મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ-ભાવ મુજથી બાહ્ય છે.

-આવી અનુભૂતિ શુદ્ધોપયોગ વડે થાય છે. રાગ વગર પોતે પોતાને પ્રત્યક્ષ અનુભવે એવો આત્માનો ગુણ છે. અતીન્દ્રિય જ્ઞાનવડે અનંત શાંતિનું સ્વસંવેદન થાય-એવો આત્માનો સ્વભાવ ત્રિકાળ છે, તેમાં રાગનું આલંબન નથી. આવા આત્માનો અનુભવ તે સાચા આત્માનો અનુભવ છે, તે ભૂતાર્થ છે, તે સમ્યગ્દર્શન છે, તે સ્વરૂપાચરણ છે, તે અતીન્દ્રિય આનંદ છે, તે મોક્ષમાર્ગ છે. તે જૈનશાસન છે. ચોથું ગુણસ્થાન આવી અનુભૂતિપૂર્વક શરૂ થાય છે. પછી તે જીવને નિર્વિકલ્પ શુદ્ધોપયોગરૂપ ધ્યાનદશા કોઈ-કોઈ વાર, લાંબાકાળે આવે છે, તે વિશેષ ટકતી નથી.

પાંચમા ગુણસ્થાને તે થોડા-થોડા કાળે આવે છે, ને તે વિશેષ ટકે છે.

પછી મુનિઓને તો વારંવાર, અંતર્મુહૂર્તમાં જ શુદ્ધોપયોગ થયા કરે છે, ને તેમાં લીનતા પણ ઘણી છે.

સાતમા ગુણસ્થાન પછી તો એકલા શુદ્ધોપયોગમાં જ લીનતા છે; ને તેના વડે જ કેવળજ્ઞાન સધાય છે.

—આ રીતે શુદ્ધોપયોગ વગર કોઈ જીવને ધર્મની શરૂઆત કે પૂર્ણતા થતી નથી.

આ શુદ્ધોપયોગરૂપ સ્વરૂપાચરણ તે આત્માના અનંત જ્ઞાન-આનંદસ્વરૂપ ચૈતન્યનિધિ પ્રગટ કરવાનો ઉપાય છે. ત્યાં પરભાવની કોઈ પ્રવૃત્તિ હોતી નથી; પરમાં લક્ષ જ નથી. પોતાના નિધાનમાં જ નજર માંડી છે. ભગવાન આત્મા અનંત જ્ઞાન-આનંદનો નિધિ છે; પુણ્ય-પાપ કે ધનવૈભવ-ઇન્દ્રપદ-ચક્રવર્તીપદ તે કાંઈ આત્માની નિધિ નથી. કેવળજ્ઞાન અને સિદ્ધપદથી ભરેલા અનંત નિધિવાળા આત્મસ્વરૂપમાં દૃષ્ટિ કરીને, ઉપયોગને તેમાં લીન કરતાં તે નિધિ પ્રગટ ખૂલી જાય છે,-આત્મા પોતે પરમાત્મા થઈ જાય છે. જેમ લીંડીપીપરમાં તીખો સ્વભાવ છે, તેને ઘૂંટવાથી તે પોતે ચોસઠપહોરી તીખાશરૂપે પ્રગટ થાય છે, તે તીખાશ કાંઈ બહારથી નથી આવતી; તેમ ચૈતન્યસ્વરૂપ આત્મામાં કેવળજ્ઞાન-આનંદ સ્વભાવ છે, તેને અંતરમાં ધ્યાન વડે ઘૂંટતાં તે પોતે જ કેવળજ્ઞાન ને પરમ આનંદરૂપે સ્વયં પરિણમે છે, તે જ્ઞાન-આનંદ કોઈ બીજામાંથી આવતા નથી, ને બીજું કોઈ તેનું સાધન પણ નથી. આત્મા પોતે રાગથી જુદો પડી, શુદ્ધોપયોગરૂપ થઈ, પોતે જ સાધન અને સાધ્યરૂપ થઈ અપૂર્વ આનંદરૂપ પરિણમી જાય છે.-આ જ મોક્ષની રીત છે. આ સિવાય શુભરાગ વડે કે બીજી કોઈ રીતે આત્માના ગુણના નિધાન પ્રગટ થતા નથી. સમ્યગ્દર્શનની પણ આ જ રીત છે, કેવળજ્ઞાન અને સમ્યગ્દર્શન એ બંનેની એક જાત છે, ને તે બંનેનો ઉપાય પણ એક જ જાતનો ( રાગ વગરનો ) છે. ભાઈ! પહેલાં તમારા હિતનો માર્ગ તો નક્કી કરો, કે આ જ મારા સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન પ્રગટવા સુધીનો માર્ગ છે, બીજો માર્ગ નથી.

શુદ્ધોપયોગ તે સ્વપ્રવૃત્તિ છે; અને રાગ તે પર પ્રવૃત્તિ છે. સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ વડે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ થાય છે; ને પરદ્રવ્યમાં પ્રવૃત્તિથી સંસાર થાય છે. પરમાં પ્રવૃત્તિ વડે સ્વનાં નિધાન પ્રગટે નહીં. સ્વમાં જ્યાં નિધાન ભર્યા છે તેમાં પ્રવૃત્તિથી જ તે નિધાન પ્રગટે છે. ભગવાન્! તારા નિધાન કેવા છે ને તે કેમ પ્રગટે તેને તો ઓળખ! તારા નિધાનમાં સન્મુખ થયે જ તે પ્રગટે છે, બીજા કોઈ સામે જોયે તે નિધાન પ્રગટતા નથી. જો પોતાનાં નિધાન પ્રગટાવવા માટે પરની સામે જોવું પડે કે પરની સહાય લેવી પડે તો-તો આત્મા પરાધીન થઈ ગયો, સ્વાધીન-મુક્ત ન રહ્યો.

ધર્મધુરન્ધર તીર્થંકર ભગવંતોએ દિવ્ય ઉપદેશમાં એમ ફરમાવ્યું છે કે : હે ભવ્ય! તું સુણ! સાવધાન થઈને સાંભળ! તારા ચૈતન્યનિધાન સ્વાધીનપણે તારામાં ભરેલા છે; તેને અનુભવમાં લેવાનું સાધન પણ તારો આત્મા પોતે જ છે. પોતાના સ્વભાવના જ અવલંબનથી આત્મા પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષરૂપે પરિણમે છે; તેમાં અંશમાત્ર પરાલંબનરૂપ પરાધીનતા નથી. અમે આવા ઉપાય વડે પરમાત્મા થયા છીએ....ને પરમાત્મા થવા માટે તમે પણ આવો જ ઉપાય કરો.—

અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી નિવૃત થયા, નમું તેમને.

ભગવાન તીર્થંકરથી માંડીને અવ્રતી-સમ્યગ્દષ્ટિ,-બધાય આવો જ સ્વાશ્રયરૂપ માર્ગ અનાદિથી કહેતા આવ્યા છે. અંતરના ચૈતન્યના આશ્રયે જ કલ્યાણ છે, તેમાં એકાગ્રતાથી જ ચૈતન્યનિધિ પ્રગટે છે; બીજી કોઈ રાગાદિ બાહ્યભાવોની પ્રવૃત્તિથી ચૈતન્યનિધિ પ્રગટે નહિ. આવો યથાર્થમાર્ગ ભગવાન મહાવીરે કહ્યો હતો; અત્યારે પણ વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા વગેરે તીર્થંકરો ધર્મસભામાં આવો જ માર્ગ પ્રકાશી રહ્યા છે; ને જૈન-પરંપરામાં તે સર્વજ્ઞના માર્ગે ચાલનારા ગૌતમસ્વામી વગેરે ગણધરો, ભદ્રબાહુ સ્વામી, કુંદકુંદાચાર્ય, સમન્તભદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી, અમૃતચંદ્રાચાર્ય, નેમિચંદ્ર-સિદ્ધાન્ત ચક્રવતી, અકલંકસ્વામી વગેરે મહાન ધર્મધૂરંધર સંતોએ આવો શુદ્ધ માર્ગ દિગંબર જૈન પરંપરામાં ટકાવી રાખ્યો છે; આજે પણ એ જ માર્ગ ચાલી રહ્યો છે.

**परमपैनी सुबुद्धि छैनी डारि अंतर भेदिया....** ધર્માત્માએ સુબુદ્ધિરૂપી પરમપાણીદાર છીણી વડે અંતરમાં ભેદજ્ઞાન કરીને નિજસ્વભાવને રાગાદિથી જુદો કર્યો છે. સમયસારમાં આત્માને બંધથી જુદો કરવા માટે જે (કળશ ૧૮૧માં) તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી **प्रज्ञाछेत्री शीतेयं....** કહેલ છે તે જ આ વાત છે. ચોથા ગુણસ્થાને આવી અતીન્દ્રિય જ્ઞાનચેતના હોય છે. પં. ટોડરમલજીએ ચિઠ્ઠીમાં સવિકલ્પ દ્વારમાંથી નિર્વિકલ્પ થવાની જે વાત કરી છે તે પણ ચોથા ગુણસ્થાનના સમ્યગ્દર્શનની વાત છે, એટલે ચોથા ગુણસ્થાને પણ એવો નિર્વિકલ્પ—શુદ્ધોપયોગ હોય છે—એમ સમજવું. અરે, જ્ઞાન શું? રાગ શું?—એ બંનેને ભેદજ્ઞાન વડે અત્યંત જુદા જાણ્યા વગર ધર્મ કેમ શરૂ થાય? બંધભાવથી આત્માને જુદો જાણે પણ નહિ તે બંધનને છેદીને મુક્ત ક્યારે થાય?

અહીં આઠમા શ્લોકમાં (**जिन परमपैनी**....માં) પ્રથમ **जिन** શબ્દ કહ્યો છે; **जिन** એટલે

જોણે; તેમાં એકલા વીતરાગી મુનિની વાત ન લેવી, પણ ચોથાગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટિનેય આવું ભેદજ્ઞાન હોય છે—એમ જાણવું. જોકે અહીં મુનિની પ્રધાનતા છે, તોપણ અવ્રત સમ્યગ્દષ્ટિ વગેરેનો નિષેધ ન સમજવો; ગૌણપણે તે પણ સમજી લેવા, કેમકે તેમનેય એકવાર નિર્વિકલ્પ સ્વાનુભૂતિ સહિત આવું ભેદજ્ઞાન થયું છે. આ ભેદજ્ઞાન મોક્ષનું કારણ છે.

ધર્માત્માએ તીખી-પાણીદાર પ્રજ્ઞાછીણી વડે શું કર્યું ? -કે વર્ણાદિ તથા રાગાદિને પોતાના ચૈતન્યસ્વભાવથી ન્યારા કર્યા, જુદા કર્યા. સમયસારના ૩૭મા કળશમાં કહ્યું છે કે—

वर्णाद्या वा रागमोहादयो वा,
भिन्ना भावाः सर्व एवास्य पुंसः ॥
तेनैवान्तस्तत्त्वतः पश्यतोमी,
नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात् ॥

આ પુરુષ એટલે કે શુદ્ધઆત્મા, તેનાથી વર્ણાદિ કે રાગ મોહાદિ સર્વે ભાવો ભિન્ન છે; તેથી, તત્ત્વદૃષ્ટિથી અંતરમાં દેખનારા શુદ્ધ સ્વરૂપના અનુભવશીલ જીવને તે કોઈ ભાવ પોતામાં દેખાતા નથી, સર્વોપરિ એવો શુદ્ધ આત્મા એક જ દેખાય છે...અનુભવમાં આવે છે.

—એ જ વાત અહીં પં. દૌલતરામજીએ કરી છે. તેઓ પોતે જ પ્રારંભમાં કહે છે કે પૂર્વાચાર્યો-મુનિવરોએ જે કહ્યું છે તે અનુસાર હું આ છહઢાળામાં કહીશ. આ છહઢાળા નાનું શાસ્ત્ર હોવા છતાં, 'ગાગરમાં સાગર'ની માફક તેમાં પ્રયોજનભૂત ઘણો સાર ભરી દીધો છે.

વળી આ શ્લોકમાં તીક્ષ્ણ-સુબુદ્ધિરૂપી છીણીની જે વાત કરી છે તે પણ, સમયસારમાં મોક્ષ અધિકારમાં પ્રજ્ઞાછીણીનો જે શ્લોક છે તેના જ આધારે લખી છે:—

प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः ।
सूक्ष्मेन्तः संधिबन्धे निपतति रभसात् आत्म-कर्मोभयस्य ॥
आत्मानं मग्नमंतः स्थिरविशद लसत् धाम्नि चैतन्यपूरे ।
बंधं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ । १८१ ।

[ પૂ. ગુરુદેવને પ્રજ્ઞાછીણીનો આ શ્લોક ખૂબ જ પ્રિય હતો. એક વાર પ્રવચનમાં તેઓશ્રીએ આ શ્લોકના વાંચન વખતે કહેલું કે બેનો-દીકરીઓ સૌએ આ શ્લોક મોઢે કરી લેવો. અનેકવાર, ઘણા ઉમંગથી, અસંખ્ય પ્રદેશ ઝણઝણાવીને તેઓ કહેતા કે-જેમ પર્વત ઉપર વીજળી પડે ને તેના બે કટકા થઈ જાય તે ફરીને સંધાય નહિ, તેમ જ્યાં ભેદજ્ઞાનરૂપી વીજળી પડી ....ને જ્ઞાન અને રાગ જુદા થયા, તે હવે ફરીને કદી એક થાય નહિ. અનેક વર્ષો પહેલાંના ગુરુદેવના પ્રવચનોમાં ભેદજ્ઞાનની એ રમઝટ આજેય મુમુક્ષુઓના હૈયાને રોમાંચિત કરે છે....અત્યારે જ જાણે એ ભેદજ્ઞાનરૂપી

વીજળીના કડાકા સાંભળી રહ્યા હોઈએ–એવો ઝણઝણાટ થાય છે. હે ગુરુદેવ! આ કાળે જ્યાં જ્યાં ભેદજ્ઞાનના ભણકાર છે ત્યાં આપની પાવન સ્મૃતિના રણકાર છે.—કેમ ભૂલાય એ ભડવીર–ભેદજ્ઞાનીના ઉપકારને?

—બ્ર. હ. જૈન ]

ઉપયોગ જેનું લક્ષણ છે એવો આત્મા, ને રાગાદિક જેનું લક્ષણ છે એવો બંધ, તે બંને એક નથી પણ જુદા છે; તેમને નીકટતા ભલે હો પણ એકતા નથી. એક જગ્યાએ રહ્યા હોવા છતાં ભાવથી બંનેને ભિન્નતા છે, બંને વચ્ચે સાંધ છે, સાંધો છે. તેમનાં લક્ષણ વડે તેમને જુદા જાણીને, તેમની સાંધ વચ્ચે બરાબર એકાગ્રતાપૂર્વક–સાવધાનીથી અત્યંત તીક્ષ્ણ પ્રજ્ઞાછીણીનો પ્રહાર નિપુણ પુરુષો કરે છે; તેનો વજ્ર જેવો પ્રહાર તત્ક્ષણ–પડતાં વેંત આત્મા અને બંધને સર્વથા જુદા કરી નાંખે છે.—આ રીતે પ્રજ્ઞાછીણી વડે જુદા કરીને તે નિપુણ પુરુષો આત્માને તો અંતરમાં સ્થિરપણે શોભતા ચૈતન્યતેજમાં લીન કરે છે, અને રાગાદિક બંધભાવોને જ્ઞાનથી બહાર રાખે છે, આચાર્યદેવ ભેદજ્ઞાનના પ્રમોદથી (કળશ–૧૨૬માં) કહે છે કે અહો સજ્જનો! આવું સરસ ભેદજ્ઞાન કરીને તમે પ્રમુદિત થાઓ....આનંદિત થાઓ.

જુઓ આ સિદ્ધિનો ઉપાય! મોક્ષગામી ભવ્ય જીવો, ચૈતન્યસ્વરૂપ આત્મા અને રાગાદિ બંધભાવ—એ બંનેને ભેદજ્ઞાન વડે ભિન્ન અનુભવીને સમ્યગ્દર્શન પામ્યા, તે જ રીતે બંનેની ભિન્નતા જાણીને સમ્યગ્જ્ઞાન પામ્યા, અને પ્રયોગ વડે બંનેને ભિન્ન કરતાં–કરતાં સમ્યક્ચારિત્ર પામ્યા; છેવટે બંનેને સર્વથા ભિન્ન કરીને કેવળજ્ઞાન અને સિદ્ધપદ પામ્યા.—આ એક જ ઉપાય છે, બીજો ઉપાય નથી. શુભરાગ વડે કોઈ જીવો સમ્યગ્દર્શન પામતા નથી, શુભરાગ વડે કોઈ જીવો સમ્યગ્જ્ઞાન પામતા નથી, શુભરાગ વડે કોઈ જીવો સમ્યક્ચારિત્ર પામતા નથી, ને શુભરાગ વડે કોઈ જીવો કેવળજ્ઞાન કે સિદ્ધપદ પામતા નથી.

* જીવ સંસારમાં રખડે છે કેમ?

—રાગાદિ પરભાવો સાથે ચૈતન્યસ્વભાવની એકતા માનીને, ભેદજ્ઞાન ન કર્યું તેથી જીવ સંસારમાં રખડયો.

* જીવ મુક્તિ કેમ પામે?

—ઉપયોગસ્વરૂપ આત્માને રાગાદિથી ભિન્ન જાણીને, ભેદજ્ઞાન કરી–કરીને જીવો મુક્તિ પામે છે.

ભેદજ્ઞાન ઉપરાંત ઉપયોગને વિશેષ અંતર્મુખ કરીને આત્માનું ધ્યાન કરતાં–કરતાં મુનિને રાગપ્રવૃત્તિ છૂટી જાય છે. પહેલાં પણ, જે વ્રતાદિનો શુભરાગ કે બાહ્યપ્રવૃત્તિ હતી તેને કારણે કાંઈ મુનિને મોક્ષમાર્ગ નહોતો ટકયો; તે તો પરભાવની પ્રવૃત્તિ હતી. તેને છોડીને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિથી મુનિઓ કેવળજ્ઞાનને સાધે છે.

શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા પોતે, પોતાથી–પોતાના જ સાધન વડે, પોતાને અનુભવે છે, તેમાં વચ્ચે રાગનું અવલંબન કે સાધન નથી; તે અનુભવના ફળરૂપ આનંદ પણ પોતામાં જ છે; બહારમાં તેનું ફળ નથી—કે તેનાથી પુણ્ય બંધાય ને સ્વર્ગ મળે. પુણ્ય અને સ્વર્ગ એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો રાગનાં ફળ છે, આત્મઅનુભવનાં નહિ. પોતાના આત્મા સિવાય બહારના કોઈ પણ પદાર્થમાં રાગપ્રવૃત્તિ વડે કલ્યાણ માને તેને તો જૈનમાર્ગની ખબર જ નથી, તેણે તો માર્ગને જ વિપરીત માન્યો છે.

ભાઈ! આ તો પોતે પોતાનું કલ્યાણ કરવા માટેની વાત છે, બીજા માટેની આ વાત નથી. પોતે સત્ય સમજીને પોતાનું કાર્ય કરી લેવું; સમ્યગ્દર્શનાદિ નિજભાવની પ્રાપ્તિ થાય તે જ પ્રયોજન છે. અત્યંત ધીરજ, પરથી વિમુખતા ને સ્વભાવ તરફની સાવધાની વડે સધાય એવો આ ઉત્તમ માર્ગ છે. આવો સુંદર માર્ગ પહેલાં લક્ષમાં તો લ્યો. લક્ષ સાચું હશે તો ધ્યેયે પહોંચાશે. મોક્ષ થતાં રાગ તો છૂટી જાય છે, તો તે રાગ મોક્ષનું સાધન કેમ હોય? રાગ વગરનો શુદ્ધ ઉપયોગ જ સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાનનું સાધન છે.

વીતરાગી સંતોએ પોતે કરેલી ને ભવ્ય જીવોને કહેલી આ ધર્મની સીધી-સરલ રીત છે. આ રીત સમજે તો વાદવિવાદને કોઈ સ્થાન રહેતું નથી.

ભેદજ્ઞાન વડે આત્માએ પોતે પોતાના જ્ઞાયકસ્વભાવને સ્વ-પણે પકડીને તેનો પરિગ્રહ કર્યો (અર્થાત્ તેનું ગ્રહણ કર્યું, તેને અનુભવમાં લીધો) ત્યાં, રાગાદિ હું-એવી પરભાવની પક્કડરૂપ પરિગ્રહ છૂટી ગયો; તેને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિથી સંવર-નિર્જરા-મોક્ષ થાય છે. જીવ પોતે રાગ વડે પોતાને નથી ગ્રહતો, રાગ વડે અનુભવમાં આવી શકે એવું તેનું સ્વરૂપ જ નથી, અતીન્દ્રિય જ્ઞાન વડે જ ગ્રહણમાં-અનુભવમાં આવે એવું તેનું સ્વરૂપ છે. રાગ વડે ગ્રહતો નથી, રાગને ગ્રહતો નથી, પોતે પોતાને જ અને પોતા વડે જ ગ્રહે છે—જાણે છે—અનુભવે છે; તેમાં શુદ્ધોપયોગ છે....આ રીતે શુદ્ધોપયોગ વડે સ્વરૂપમાં પ્રવૃત્તિ કરતાં-કરતાં મુનિવરો મુક્તિને પામે છે.

* * *

(છ-ઢાળામાં છઠ્ઠીઢાળનો આઠમો શ્લોક ચાલે છે.)

હવે આપ વાંચશો ફાગણ સુદ બીજનું પ્રવચન

* વીર સં. ૨૪૯૨ ફાગણ સુદ બીજ *

અત્યારે સોનગઢમાં જિનમંદિરના પચ્ચીસવર્ષની પૂર્ણતાનો મહોત્સવ ચાલે છે. સં. ૧૯૯૭માં (વીર સં. ૨૪૬૭માં) અહીં જિનમંદિરમાં સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા થઈ, તેને આજે પચ્ચીસ વર્ષ પૂરા થાય છે....તે ભગવાને સમવસરણમાં શું કહ્યું? તેની આ વાત છે.

વિદેહક્ષેત્રમેં સીમંધરાદિ તીર્થંકરો વિચરે છે, તથા અહીં પણ મહાવીર ભગવાન અને મોટા મોટા જ્ઞાની-સંતો હો ગયે; તેમનો સંદેશ અને આદેશ એ છે કે ચૈતન્યસ્વરૂપ આત્માને ભેદજ્ઞાનરૂપી તીક્ષ્ણ છીણી વડે રાગાદિથી તથા વર્ણાદિથી ભિન્ન અનુભવે તેને જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષ થાય છે. તે પ્રજ્ઞાછીણી શુદ્ધોપયોગરૂપ છે. શુદ્ધોપયોગ વડે આત્મા આત્માને ગ્રહણ કરે તેનું નામ સ્વરૂપાચરણ છે, તે મોક્ષમાર્ગ છે, તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આત્મસ્વરૂપમાં આચરણરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગનું આચરણ તે સમ્યગ્દર્શન-જ્ઞાન કે ચારિત્ર નથી. રાગરહિત ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થઈને જેટલો રાગવગરનો અબંધભાવ પ્રગટ થયો તેટલો મોક્ષમાર્ગ છે; ને વચ્ચે જે રાગ રહ્યો તે આત્માને બંધનું કારણ છે, તે મોક્ષમાર્ગ નથી. વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ તો જ્ઞાનાનંદસ્વરૂપના જ આશ્રયે થાય છે, તે પરના આશ્રયે થતો નથી; ને તે મોક્ષમાર્ગ વડે કોઈ કર્મ બંધાતું નથી. જેનાથી કર્મ બંધાય તે મોક્ષમાર્ગ નહીં ને જે મોક્ષમાર્ગ તેનાથી કર્મ બંધાય નહીં.

જુઓ ભાઈ! આત્માની શાંતિ કહો કે મોક્ષનો માર્ગ કહો,-તેની રીત આ છે કે શુભાશુભ રાગ વગરના આત્માનો અનુભવ કરવો. જીવે એવો અનુભવ પૂર્વે કદી કર્યો ન હતો; સમ્યગ્દર્શન થતાં શુદ્ધોપયોગ વડે એવા આત્માનો અનુભવ થયો એટલે જીવ ધર્મી થયો.

તે ધર્મીજીવ, પછી વૈરાગ્યભાવનાપૂર્વક મુનિ થાય છે ને વારંવાર પોતાના જ્ઞાનસ્વરૂપમાં ઉપયોગ જોડીને પોતાને અનુભવે છે, ત્યારે તેમાં ગુણ-ગુણી ભેદનો વિકલ્પ રહેતો નથી. જેમ બરફ સર્વત્ર શીતળતાનો પિંડ છે તેમ શાંતિનો હિમાલય એવો આત્મા, તેની અનુભૂતિમાં સર્વત્ર પરમ શાંતિરૂપ શીતળતાનું વેદન છે, તેમાં કોઈ આકુળતા નથી. જેમ મૂર્તિક-રૂપ તે પુદ્‌ગલનું સ્વરૂપ છે તેમ ભગવાન આત્મા અરૂપી હોવા છતાં ચૈતન્ય-રૂપ તેનું સ્વરૂપ છે. 'અરૂપી છે' તેથી તેને પોતાનું કાંઈ સ્વરૂપ જ નહિ હોય એમ નથી. અરૂપી હોવા છતાં તેને પોતાનું સ્વરૂપ છે, તે સ્વરૂપ જ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણોના વૈભવથી ઠસાઠસ ભરેલું છે. આવા ચૈતન્યસ્વભાવવાળો હું પોતે પરમ શાંતિનો પિંડ છું—આમ જાણીને પોતે પોતામાં એકાગ્ર થવું તે શુદ્ધોપયોગ છે; ત્યાં શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ છે; ને આત્મા પોતે શીતલનાથ ભગવાન જેવો થઈને પરમ શીતળતારૂપે અનુભવમાં આવે છે. પોતાના અનુભવની પરમ શાંતિ પોતામાં સમાય છે; તે પુણ્ય-પાપમાં જતી નથી, તેમ જ તે શાંતિમાં રાગ સમાતો નથી. તે શાંતિનો અનુભવ રાગથી તદ્દન જુદો છે.

* ચૈતન્યસ્વરૂપ આત્માની ક્રિયા જુદી, જડ-દેહની ક્રિયા જુદી;
* ચૈતન્યસ્વભાવનો સ્વાદ જુદો, રાગાદિ વિભાવનો સ્વાદ જુદો;

-આવા ભેદજ્ઞાન વડે શુદ્ધઆત્માનો અનુભવ કરી-કરીને જ અનંતા જીવો સિદ્ધ થયા છે, થાય છે ને થશે. 'भेदविज्ञानतः सिद्धा....'

સિધ્યા અને જે સિદ્ધશે તે ભેદજ્ઞાન-પ્રભાવથી;
બંધ્યા અરે! જે જીવ તે સૌ ભેદજ્ઞાન-અભાવથી.

મોક્ષ માટે શુદ્ધાત્માનો અનુભવ, શરીર-મન-વાણી વડે થતો નથી, દેવ-ગુરુ-શાસ્ત્ર સામે જોવાથી થતો નથી, શુભ વિકલ્પો વડે થતો નથી ને ઇંદ્રિયજ્ઞાન વડે પણ તે થતો નથી; તે બધાયથી પાર અંતરમાં ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે અતીન્દ્રિય-શુદ્ધોપયોગરૂપ થઈને પોતાદ્વારા જ પોતાને અનુભવે છે;—આ મોક્ષમાર્ગનું આચરણ છે ને આ શુદ્ધ ધર્મક્રિયા છે; આ જ ભગવાનનો સન્દેશ ને આદેશ છે. જિનમંદિરમાં આજે મૂળનાયક ભગવાન પધાર્યા...અંતરના અનુભવ-મંદિરમાં મૂળનાયક પોતાનો શુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યભગવાન છે, તે 'મૂળ' છે, તે જ મુખ્ય છે; તેને અંદર પધરાવો ...ધ્યાવો

સીમંધર ભગવાન અહીં મૂળનાયકપણે સોનગઢ જિનમંદિરમાં બિરાજે છે; તેમની સ્થાપનાને આજે પચ્ચીસ વર્ષ પૂરા થાય છે. અહીં તો સ્થાપના છે, ને સાક્ષાત્ ભાવરૂપ સીમંધર પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે અરિહંતપદે બિરાજમાન છે, પાંચસો ધનુષનો દેહ અને કરોડપૂર્વનું આયુષ છે.—પછી મોક્ષમાં પધારશે. તે ભગવાન શુદ્ધોપયોગ વડે કેવળજ્ઞાન પામ્યા છે. વિદેહમાં વિચરતા ભગવાન સ્થાપના વડે અહીં નજીક આવ્યા....તેમ ધર્માત્માના અંતરમાં પરમાત્મા સમીપ જ બિરાજે છે. પરમાર્થે પોતાના સ્વભાવની ચૈતન્યમર્યાદારૂપ સીમાનો ધારક એવો આ આત્મા પોતે સીમંધર છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ, આત્માના સ્વરૂપમાં ઝૂલનારા મહાન વીતરાગીસંત,-તેઓ અહીંથી વિદેહમાં સીમંધર–પરમાત્મા પાસે પધાર્યા હતા; તેઓ મહાસમર્થ ધર્મધૂરન્ધર મંગળરૂપ હતા. તેમણે આ ભરતક્ષેત્રમાં પંચમકાળે તીર્થંકર જેવું કામ કર્યું છે, અને અલૌકિક ટીકાદ્વારા તેમના પરમાગમોનાં રહસ્યો ખોલીને અમૃતચંદ્રસૂરિએ ગણધર જેવું કામ કર્યું છે. અહો, આવું સમયસાર....ને આવી આત્મખ્યાતિ ટીકા....ભરતક્ષેત્રમાં અજોડ છે, મહાન ઉપકારી છે. તેમાં ભગવાન આત્માના અનુભવની વાત છે. જીવે બીજું તો બધું પૂર્વે કર્યું છે, તે કાંઈ અપૂર્વ નથી; આત્માનો આવો અનુભવ તે જ અપૂર્વ છે, ને તેના વડે મોક્ષમાર્ગ પ્રગટે છે.

–આવો આત્મઅનુભવ ચોથાગુણસ્થાનથી થાય છે. ત્યાં, જ્ઞાનવડે હું જ્ઞાતા, ને મારો આત્મા મારો જ્ઞેય–એવો ભેદ–વિકલ્પ પણ સ્વાનુભૂતિમાં નથી; ગુણ–ગુણી ભેદ વગેરેના બધા વિકલ્પો છૂટીને, નિર્વિકલ્પતાની પરમ શાંતિ વેદાય છે. આવી અનુભૂતિ વગરના ઉપલકિયા શાસ્ત્રજ્ઞાનથી આત્માનો પત્તો ન લાગે. શુદ્ધોપયોગ વડે ચોથાગુણસ્થાને આવી અનુભૂતિ કરે ત્યારે જ જ્ઞાન અને દર્શન સમ્યક્ થાય છે, અને ત્યારે જ શાસ્ત્રના ઊંડાં રહસ્યનો તાગ પમાય છે. અવ્રતી–સમ્યગ્દ્રષ્ટિને હજી ત્રણ કષાય બાકી છે પણ શ્રદ્ધા–જ્ઞાન તો તેનાથી જુદા પડીને સ્વરૂપ તરફ ઢળી ગયા છે, તેમાં કિંચિત્ માત્ર કષાય નથી.

અભેદના લક્ષે ગુણ—ગુણી ભેદ–કે જે અંતિમ (ઊંચામાં ઊંચો) વ્યવહાર છે, તે પણ જ્યાં નથી ત્યાં નીચેના બીજા રાગાદિ સ્થૂળ વ્યવહારની શી વાત? 'જ્ઞાન તે આત્મા' એવો ભેદ પણ જે સ્વાનુભૂતિમાં નથી તેમાં 'રાગ તે આત્મા, કે શરીર તે આત્મા' એ વાત તો ક્યાં રહી? ધર્મીને આવા આત્માની શુદ્ધ દ્રષ્ટિ સદાય રહ્યા કરે છે. ઉપયોગ બહારમાં હોય અને શુભ–અશુભ રાગ થતો હોય ત્યારે પણ તેનાં શ્રદ્ધા–જ્ઞાન તે રાગથી જુદું જ કામ કરે છે. પછી ધ્યાન વડે સ્વરૂપમાં સ્થિરતા વધતાં મુનિદશા ક્ષપકશ્રેણી ને કેવળજ્ઞાન થાય છે.– એ બધાનું કારણ પણ શુદ્ધોપયોગ જ છે. જીવે વ્રતાદિનો શુભરાગ અનંતવાર કર્યો ને સ્વર્ગમાં ગયો પણ તેનાથી જરાય સુખ તે ન પામ્યો. જો તેમાં ક્યાંય સુખ હોત તો તેનાથી સુખ કેમ ન પામત? માટે તે રાગની ક્રિયા તેમજ સ્વર્ગના વિષયો દુઃખરૂપ જ છે; તેનાથી ભિન્ન ભગવાન આત્મા પોતે સુખસ્વરૂપ છે, તેને શ્રદ્ધા–જ્ઞાનમાં લેતાં અતીન્દ્રિયસુખનો અનુભવ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'**आनन्दं ब्रह्मणो रूपं निजदेहे व्यवस्थितम्**' હે ભાઈ, આ દેહમાં રહેલો બ્રહ્મસ્વરૂપ આત્મા પોતે જ આનંદરૂપ છે,-તેને અંતરમાં ધ્યાન વડે દેખતાં આનંદ થાય છે. જેમાં આનંદનું વેદન ન થાય એને ધર્મ કોણ કહે? રાગના વેદનમાં કાંઈ આત્માનો આનંદ નથી; પાપરાગ હો કે પુણ્યરાગ હો-તે બંને ચૈતન્યના આનંદથી વિપરીત છે, અશુચીરૂપ છે, દુઃખરૂપ છે; ભગવાન આત્મા પોતે શુચીરૂપ છે, સુખરૂપ છે અને પોતે જ ચેતકસ્વભાવરૂપ છે.-આવું ભેદજ્ઞાન કરીને આત્મા પોતામાં ઠરે, તે સંસારથી તરવાનો ને સિદ્ધપદને પામવાનો ઉપાય છે, તે જ ધર્મ છે.

ધર્મથી કર્મબંધ થાય નહીં, ને જેનાથી કર્મબંધ થાય-તે ધર્મ નહીં. ધર્મ અને કર્મ બંનેની જાત જુદી છે. અરે, જો ધર્મથી પણ કર્મ બંધાય તો પછી આત્મા છૂટે ક્યારે? એની મુક્તિ શેનાથી થાય? રાગ ભલે શુભ હો ને તેનાથી તીર્થંકરપ્રકૃતિનું કર્મ બંધાય તોપણ તે કાંઈ ધર્મ નથી, તે તો કર્મનો આસ્રવ છે; તેનું ફળ સંસાર છે. હા....તે વખતે તે જીવને જે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન વગેરે શુદ્ધભાવ વર્તે છે તે અબંધભાવ છે, તે રાગ વગરનાં છે, તે ધર્મ છે ને તેનું ફળ મોક્ષ છે. આ પ્રમાણે આસ્રવ અને ધર્મ બંને ભાવોને જુદા ઓળખવા જોઈએ.

આ રીતે તીક્ષ્ણ-પ્રજ્ઞાવડે જુદાપણું ઓળખીને, જ્ઞાનને આત્મામાં એકાગ્ર કરી આત્માને ધ્યાવવો તે શુદ્ધોપયોગ છે, તે મોક્ષમાર્ગી મુનિવરોનું સ્વરૂપાચરણ છે. તે સ્વરૂપાચરણ વખતે મુનિરાજના અંતરમાં શું થાય છે તેનું હજી વિશેષ વર્ણન નવમા શ્લોકમાં કરે છે.

સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય. પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે —પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# મુનિરાજના સ્વરૂપાચરણનું વિશેષ વર્ણન

जहाँ ध्यान–ध्याता–ध्येयको न विकल्प वच–भेद न जहां,
चिद्भाव–कर्म चिदेश–कर्ता चेतना– किरिया तहां ।
तीनों अभिन्न अखिन्न शुद्धउपयोगकी निश्चल दशा,
प्रगटी जहां दृग–ज्ञान–व्रत ये तीनधा एकै लसा ॥ ९ ॥

જુઓ તો ખરા....જેને કેવળજ્ઞાન થવાની તૈયારી છે એવા મુનિની આ દશા કેવી અદ્ભુત અલૌકિક છે!–કે જ્યાં ધ્યાન-ધ્યાતા ધ્યેય એકાકાર છે, તેમાં કોઈ ભેદ નથી, વિકલ્પ નથી; જ્યાં કોઈ વચન–વિકલ્પ નથી, એ અનુભૂતિ તો વચનાતીત-વિકલ્પાતીત છે; ત્યાં આત્માનો ચૈતન્યભાવ પોતે જ કર્મ છે, ચૈતન્યપરમેશ્વર આત્મા પોતે જ કર્તા છે, અને આત્માની ચેતના તે જ ક્રિયા છે;—આ રીતે મુનિરાજની સ્વાનુભૂતિમાં કર્તા-કર્મ-ક્રિયા ત્રણે અભેદ છે, તેમાં ભિન્નતા નથી, એક છે. ત્રણે ચૈતન્યસ્વરૂપ છે, એમાં ક્યાંય રાગ-વિકલ્પ-ભેદ નથી. ત્યાં અખિન્ન (–ખેદરહિત) અને અક્ષીણ (ભેદરહિત) એવા શુદ્ધોપયોગની નિશ્ચલદશા થઈ છે, ઉપયોગ અંતર્સ્વરૂપમાં એકાગ્ર થતો તે હવે ચલિત થયો નથી, નિશ્ચલ રહે છે. ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર એ ત્રણે એકપણે શોભી રહ્યા છે. દર્શન જ્ઞાન-ચારિત્રના ભેદમાં શોભા નથી, તેની એકતામાં, અભેદઅનુભૂતિમાં શોભા છે.–આવી અનુભૂતિમાં લીન થઈને મુનિરાજ કેવળજ્ઞાનને બોલાવી રહ્યા છે—સાધી રહ્યા છે.–આ તેમનું સ્વરૂપાચરણ છે.

વીતરાગી મુનિરાજ આવા સ્વરૂપાચરણ વડે જ્યારે આત્મધ્યાનમાં મગ્ન હોય છે ત્યારે ધ્યાન-ધ્યાતા ધ્યેય એવા ભેદ રહેતા નથી; ત્યાં કર્તા-કર્મ ને ક્રિયા ત્રણે અભિન્નપણે આત્મા જ છે....તે શુદ્ધોપયોગની નિશ્ચલદશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે એકપણે શોભી ઊઠે છે. -અહા, એ વખતના આનંદની શી વાત! ઉગ્ર પ્રયત્નવડે તે મુનિરાજ કેવળજ્ઞાનના દરવાજા ખોલી રહ્યા છે....હમણાં જ કેવળજ્ઞાન પ્રગટ કરશે.

આહા...હા...હા! આમાં એકલો સ્વાનુભૂતિનો રસ ઘૂંટાય છે... “સ્વાનુભૂતિના કાળે અનંતગુણસાગર આત્મા પોતાના આનંદાદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે; તે નિર્વિકલ્પ દશા અદ્ભુત છે, વચનાતીત છે; તે દશા પ્રગટતાં આખું જીવન પલટો ખાય છે.” —સમ્યગ્દર્શનની અનુભૂતિમાં પણ આવો મહિમા છે તો મુનિની સ્વાનુભૂતિની શી વાત!

અવ્રતી-ગૃહસ્થને પણ સમ્યગ્દર્શન થવાના કાળે ધ્યાતા–ધ્યાન–ધ્યેયના કે જ્ઞાતા–જ્ઞેય–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનના વિકલ્પોથી રહિત એક અખંડ ચૈતન્યવસ્તુમાત્રનો આવો અનુભવ થાય છે. તત્ત્વવેદી જીવને, બદ્ધ–અબદ્ધ વગેરેના વિકલ્પોથી પાર જે શુદ્ધ–ચૈતન્યમાત્રનો અનુભવ થાય છે તે જ સમયસાર છે...સમ્યગ્દર્શન પણ તે જ છે, સમ્યગ્જ્ઞાન પણ તે જ છે, આનંદ પણ તે જ છે...વિશેષ શું કહીએ? આત્માનું સર્વ–સ્વ તેમાં સમાય છે. એ વાત સમયસાર ગા. ૧૪૪ માં ઘણી સરસ રીતે સમજાવી છે. સમ્યગ્દર્શન થવાની તે ગાથા છે. પોતાના જ્ઞાનસ્વભાવનો નિશ્ચય કરીને, જ્ઞાનને તેમાં અંતર્મુખ કરતાંવેંત તત્ક્ષણે ભગવાન આત્મા આનંદસહિત પ્રગટ અનુભવમાં આવે છે; સમ્યગ્દર્શનાદિ અનંત ભાવો તેમાં સમાય છે....તે જ સમયનો સાર છે તે નયોના પક્ષથી પાર છે.–ચોથાગુણસ્થાનથી આવી દશા થાય છે ને મોક્ષનો માર્ગ ખૂલે છે. આઠ વર્ષના બાળક કે બાલિકા, સિંહ–હાથી જેવા પશુઓ, અરે! નરકના નારકીઓ પણ, પોતાનો ઉપયોગ અંતરમાં વાળીને આવી અપૂર્વ અનુભવદશા પ્રગટ કરી શકે છે. બધા આત્મા ભગવાન છે. અંદર ચૈતન્ય ભગવાન બેઠો છે ને!–એ જાગે તો સમ્યગ્દર્શન લેતાં શી શી વાર! અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લ્યે એવી અચિંત્ય તાકાતવાળો છે. બાપુ....તું જાગ....તારી સ્વશક્તિને સંભાળ! આત્માને સાધવાનો આ અવસર છે. આવા ઉત્તમ અવસરને ચુકીશ મા.

જુઓ આ ભગવાનનો સન્દેશ! દેવો–મનુષ્યો ને તિર્યંચોની સભામાં તીર્થંકર ભગવાન આવો સંદેશ સંભળાવતા હતા: 'ભગવાન! તું અમારા જેવો જ આત્મા છો....તું ચૈતન્યસ્વરૂપ છો...શુદ્ધ છો...આનંદથી પરિપૂર્ણ છો.... બધી વાતે તું પૂરો છો....એક્કેય વાતે તું અધૂરો નથી; ક્રોધાદિ ભાવો ખરેખર તું નથી, ચૈતન્યસ્વભાવ તું છો....' ભગવાનની એ વાણીમાં પોતાના આત્માનું સ્વરૂપ સાંભળતાંવેંત ઘણા જીવો રાગથી જુદા પડીને, ઉપયોગને અંદર વાળીને પોતાનું ચૈતન્યસ્વરૂપ દેખી લેતા....ધ્યાતા–ધ્યાન–ધ્યેયના વિકલ્પથી પાર નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વને અતીન્દ્રિય આનંદસહિત અનુભવમાં લઈ લેતા હતા. શુદ્ધઉપયોગ વિના ચૈતન્યમાં પરિણામ એકાકાર થાય નહિ, એકાગ્રતા વિના નિર્વિકલ્પતા થાય નહિ, ને નિર્વિકલ્પતા વિના આનંદની અનુભૂતિ થાય નહિ. ઓહોહો....આવી દશા તે તો ધન્ય દશા છે. કુંદકુંદસ્વામીએ ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દ્રષ્ટિને પણ ધન્ય કહ્યો છે: 'સિદ્ધિકર એવા સમ્યક્ત્વને સ્વપ્નમાં પણ જેણે દુષિત કર્યું નથી તે શ્રાવક ધન્ય છે, તે કૃતકૃત્ય છે, તે શૂરવીર છે, તે પંડિત છે.' અહા, ચોથા ગુણસ્થાનવાળા સમકિતીને પણ ધન્ય કહ્યા, તો સાતમા ગુણસ્થાનવાળા મુનિના મહિમાની શી વાત!!–એ તો ધન્ય–ધન્ય દશા!–એ તો પરમેષ્ઠી–પરમેશ્વર દશા! વારંવાર તેઓ શુદ્ધોપયોગી થઈને આત્મધ્યાનમાં એકાગ્ર થાય છે—જાણે સિદ્ધ થઈને બેઠા!

સમયસારની સાતમી ગાથામાં પણ કહ્યું કે ધર્મીને અનુભૂતિમાં જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદ નથી. અનંત ગુણ પર્યાયના ભેદ વ્યવહારથી છે પણ અભેદ આત્માની અનુભૂતિ તે બધાને પી જાય છે, અનુભૂતિમાં તે બધા ગુણ–પર્યાયો સમાઈ જાય છે, એટલે અભેદમાં ભેદ દેખાતા નથી. અભેદ એક તત્ત્વની અનુભૂતિમાં ભેદનો કોઈ વિકલ્પ રહેતો નથી. આવી અનુભૂતિપૂર્વક પહેલું સમ્યગ્દર્શન પ્રગટે છે. પછી તેવી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કાયમ ન રહે, કયારેક જ થાય. મુનિને તો સ્વાનુભૂતિ વારંવાર–ઘડી ઘડીયે થયા કરે છે...ને પછી શ્રેણી ચડીને કેવળજ્ઞાન પ્રગટે છે. [ એવા મુનિનું આ વર્ણન ગુરુદેવ સંભળાવે છે. અહા, તે સાંભળતાં જાણે એવા મુનિરાજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અત્યારે સાક્ષાત્ આપણી સન્મુખ બિરાજતા હોય એવી ઉર્મિઓ જાગે છે. ધન્ય મુનિરાજ! ધન્ય ગુરુરાજ! ]

**વિકલ્પ** તે જ્ઞાનીનું કાર્ય નથી; જ્ઞાનીનું કાર્ય જ્ઞાન ભાવ જ છે; ધ્યાન સમયે, આત્મા પોતે જ કર્તા-કર્મ-ક્રિયારૂપ અભેદ છે, કર્તા-કર્મ-ક્રિયાના ભેદો ત્યાં રહેતા નથી, બધું એકાકાર ચૈતન્યસ્વરૂપે અનુભવમાં આવે છે. પછી વિકલ્પદશા થાય, રાગ થાય પણ ધર્મી તેને પોતાના જ્ઞાનના કાર્ય તરીકે સ્વીકારતા નથી; રાગ સાથે તો તેને કર્તા-કર્મપણું નથી, એ તો ઠીક પણ જ્ઞાનસ્વરૂપ હું કર્તા, ને જ્ઞાનભાવ મારું સ્વ-કર્મ,—આવા કર્તા-કર્મના ભેદ પણ અનુભૂતિમાં રહેતા નથી. ચૈતન્યમાં નિશ્ચલપણે શુદ્ધઉપયોગ જ વર્તે છે, એકાકાર જ્ઞાયકભાવ જ અનુભવાય છે. ત્યાં રત્નત્રયની એકતામાં આત્મા શોભી રહ્યો છે, પ્રકાશી રહ્યો છે.

* * *

મોક્ષમાર્ગી મુનિરાજના સ્વરૂપાચરણની વાત ચાલે છે, ચોથે ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવ વડે અનંતાનુબંધી કષાયનો અભાવ થતાં સ્વરૂપાચરણનો પ્રારંભ થાય છે; પછી જેમ જેમ ચૈતન્યસ્વરૂપમાં વિશેષ એકાગ્ર થઈને આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ કષાયો તૂટતા જાય છે ને સ્વરૂપાચરણરૂપ શુદ્ધ પરિણતિ વધતી જાય છે. રાગનું આચરણ તે કાંઈ સ્વરૂપનું આચરણ નથી, તે તો પર ભાવનું આચરણ છે. મુનિનું સ્વરૂપાચરણ તો અંતર આત્માના સ્વરૂપમાં ધ્યેય-ધ્યાન-ધ્યાતાના ભેદ વગરની અભેદ અનુભૂતિ છે, ત્યાં ચૈતન્યના સ્વાદમાં જ ઉપયોગની નિશ્ચલ એકાગ્રતા છે. આવો શુદ્ધોપયોગ તે મોક્ષનો ઉપાય છે.

* કોઈ કહે : આ તો મુનિની વાત છે,-અમારે શું?

* ભાઈ! મુનિની આ વાત કાંઈ મુનિને નથી સમજાવતા; આ તો તારા તત્ત્વનો અનુભવ તને કેમ થાય, તે માટે તને સમજાવે છે. અને સમજીને પછી પણ શુદ્ધોપયોગી મુનિદશા પ્રગટ કર્યે જ મોક્ષ થવાનો છે. મુનિદશા વગર મોક્ષ નથી.

જડની ક્રિયા તો દૂર છે—આત્માથી બહાર છે; પાપ અને પુણ્ય બંને પ્રકારનાં ભાવો પણ આત્માના ચૈતન્યસ્વરૂપથી બહાર છે, તેના વડે ચૈતન્યલાભ થતો નથી. આખો ચૈતન્યસ્વભાવ કેવો છે તેનું લક્ષ કરીને તેમાં એકાગ્ર થતાં શુદ્ધોપયોગ સહિત આત્મલાભ એટલે કે આત્મઅનુભવ થાય છે; તે ચિંતામણિ છે.- '**अनुभव रत्नचिंतामणि ।**'

શુદ્ધોપયોગથી ચૈતન્યને અનુભવનારા જ્ઞાની, 'રાગ તે હું', એમ અનુભવતા નથી. ભલે શુદ્ધોપયોગ કાયમ ન રહે, પૂજાદિના શુભ કે વેપાર વગેરેના અશુભ ભાવો થાય,-પણ સ્વાનુભવ વખતે સાથે વિકલ્પથી ભિન્ન ચૈતન્યતત્ત્વનું જે જ્ઞાન થયું ને શુદ્ધતારૂપ પરિણમન થયું તે તો સળંગ ચાલુ રહે છે, એટલે ક્યાંય કોઈ વિકલ્પમાં ચૈતન્યની એકત્વબુદ્ધિ થતી નથી. જેણે ચૈતન્યનો સ્વાદ ચાખ્યો નથી એવા અજ્ઞાનીને રાગનું જ સ્વામિત્વ અને તેનો જ સ્વાદ છે, તેનાથી ભિન્ન ચૈતન્યસ્વાદની તેને ખબર નથી. ધર્માત્માને પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવ તે જ આત્માનું કાર્ય છે, તેના કર્તા-કર્મ-ક્રિયા ત્રણે ચૈતન્યભાવરૂપ છે, રાગરૂપ નથી; અને તે ત્રણેય અભિન્ન છે, અખિન્ન છે; સ્વાનુભૂતિમાં આત્મા ભેદ વગર ને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખેદ વગર શુદ્ધભાવરૂપ કાર્યને કરે છે, તેમાં કોઈ ખેદ કે ભેદ નથી એટલે રાગ-દ્વેષ નથી. આવો અનુભવ મોક્ષનું કારણ છે.—' **अनुभव मारग मोक्षका...अनुभव मोक्षस्वरूप ।**'

આત્માના આવા અનુભવ વગર અજ્ઞાની જીવ માત્ર પુણ્ય-પાપ કરી-કરીને સ્વર્ગ-નરક વગેરે ચાર ગતિમાં રખડી રહ્યો છે, ને નવા નવા શરીરને ધારણ કરી રહ્યો છે. બાપુ! કર્મ અને શરીર એ કાંઈ તારા સાથીદાર નથી; બહારના સગાંની શી વાત!-અંદરનો રાગ પણ તારો સાથીદાર થઈને તને સુખ આપી દ્યે-એમ નથી, એ તો દુઃખ દેવામાં સાથીદાર છે! તારા આત્માનો ચૈતન્યવૈભવ જ તારો અભેદ સાથીદાર છે-જે કદી છૂટતો નથી ને સુખ આપે છે. આવો ચૈતન્યસ્વરૂપ આત્મા પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકરૂપતાથી શોભે છે. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અભેદરૂપ નથી, તે રાગસહિત હોવાથી તેનાથી આત્મા શોભતો નથી. શુદ્ધભાવરૂપ નિશ્ચય રત્નત્રય જ આત્મામાં અભેદરૂપ છે ને તે રાગ વગરના છે એટલે તે-સ્વરૂપે આત્મા શોભે છે. અભેદ સ્વાનુભવરૂપ સ્વરૂપાચરણની આવી ક્રિયા આત્માએ પૂર્વે કદી કરી ન હતી, એટલે કે આત્મા પોતે કર્તા થઈને આવી શુદ્ધ પરિણતિરૂપે કદી પરિણમ્યો નથી. મુનિવરો આવી ક્રિયારૂપે પરિણમતા થકા મોક્ષને સાધી રહ્યા છે.

૧-શુભરાગ દયાદિનો હોય, ૨-અરિહંતભક્તિ વગેરેનો હોય કે ૩-ગુણગુણી ભેદના વિચારની સાથેનો રાગ હોય—એ ત્રણેય પ્રકારમાંથી એક્કેય રાગ શુદ્ધોપયોગની અનુભૂતિમાં નથી કે તેનું કારણ પણ નથી. રાગ તો કર્મનું જ કારણ છે. પ્રભો, આ તો વીતરાગમાર્ગ છે, એમાં રાગનો સૂક્ષ્મ કણિયો પણ ન પાલવે. આંખમાં તો કણ હજીકેય સમાય પણ વીતરાગમાર્ગમાં રાગનો કણિયો સમાય નહીં. રાગના સૂક્ષ્મ પણ અંશને રાખીને મોક્ષ સાધી શકાય નહીં.—

તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.

મોક્ષનું કારણ મોક્ષની જાતનું હોય, વિરુદ્ધ ન હોય,-એટલે રાગાદિ બંધભાવો તે મોક્ષનું કારણ કદી પણ થઈ શકે નહીં. જુઓ તો ખરા, કેવું સ્પષ્ટ વીતરાગી-ભેદજ્ઞાન છે! આવું વીતરાગવિજ્ઞાન તે ત્રણ ભુવનમાં સારરૂપ છે; તેના વડે ધર્મી જીવો અરિહંતાદિ મહાન પદને સાધે છે.

ભેદજ્ઞાન કરીને જીવ જ્યારે પોતાના લક્ષને શુદ્ધસ્વરૂપમાં એકાગ્ર કરે ત્યારે તેને ચૈતન્યની શુદ્ધ ક્રિયા હોય છે, તેમાં રાગક્રિયા નથી; તથા કર્તા-કર્મ અને ક્રિયા જુદા જુદા નથી, અભેદરૂપ છે. હું કર્તા, ચેતનભાવ મારું કાર્ય ને ચેતનારૂપ થવું તે મારી ક્રિયા, એવા ત્રણ ભેદ લક્ષમાં નથી રહેતા, એ ત્રણેનું અભેદપણું અનુભવાય છે. આવી અનુભૂતિ ચોથા ગુણસ્થાને પણ હોય છે. રાગ સાથેની એકતા તૂટીને ચૈતન્યમાં એકતા થતાં જેટલો વીતરાગભાવ થયો તેટલું શુદ્ધ સ્વરૂપઆચરણ છે, તેટલો ધર્મ છે ને તેટલો જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન થતાં એવો જીવનપલટો થઈ જાય છે-જાણે આત્મા જ નવો થઈ જાય છે. જો આવો અપૂર્વ પલટો ન થાય તો સમ્યગ્દર્શન થવાનું ફળ શું આવ્યું?-આત્મામાં ફેર શું પડ્યો? અરે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન થતાં તો અનંતા અપૂર્વ ભાવો નિર્મળપણે આત્મામાં ખૂલે છે; તેની ગંભીરતાની સાધારણ જીવોને ખબર નથી. અરે ભાઈ, તારા શુભરાગ ને પુણ્ય તો ચૈતન્યના અનુભવ પાસે અત્યંત સ્થૂળ છે-તુચ્છ છે-બાહ્ય છે, તેમાં કાંઈ નવું નથી, તે કાંઈ અપૂર્વ નથી; એ તો સંસારના બધા જીવો અનાદિકાળથી કરી જ રહ્યા છે.-એનાથી કાંઈ કલ્યાણ ન થયું; માટે હવે કલ્યાણ કરવું હોય તો આ અપૂર્વ વાત સમજ.

અહીં શ્લોકમાં કહે છે કે 'चिदेश कर्ता'...चिद्-ईश=ચૈતન્યઈશ્વર; આત્મા પોતે પોતાની અનંત ચૈતન્યવિભૂતિનો સ્વામી હોવાથી 'ચિદેશ્વર'-ચૈતન્ય પરમેશ્વર છે. તે ચિદેશ પોતે પોતાના સમ્યક્ત્વાદિ ચૈતન્યભાવોનો કર્તા છે, અને તે પણ અભિન્નપણે કર્તા છે. રાગ તો ચૈતન્યથી ભિન્ન ભાવ છે, તે કાંઈ ચૈતન્યભાવને કરતો નથી, ને ચિદેશ-ભગવાન તે રાગને કરતો નથી. ચિદેશ-ભગવાન આત્મા પોતે પોતાના જ્ઞાનભાવોનો સ્વામી અને કર્તા છે. હે જીવ! રાગના સ્વામીપણે કે ધન વગેરે અજીવના સ્વામીપણે તું શોભતો નથી, એમાં તો તને કલંક છે; સમ્યક્ત્વાદિ જ્ઞાનભાવોના સ્વામીપણે જ તું શોભનારો છે. બાપુ! ચૈતન્ય-પરમેશ્વરને જડનાં સ્વામીપણા ન હોય. આત્મા પોતે ચૈતન્ય પરમેશ્વર છે, એમાંથી જ સર્વજ્ઞતા પ્રગટ કરીને અનંતા જીવો વીતરાગ-પરમેશ્વરપણે શોભી રહ્યા છે. તેઓ કહે છે કે તું પણ આવો જ છો. પરમેશ્વર કાંઈ જગતના કર્તા કે સ્વામી નથી, એ તો પોતાના જ ચૈતન્યભાવના કર્તા ને સ્વામી છે.

ભાઈ, આ સમજીને પોતાનું અપૂર્વ કાર્ય કરવાનો અત્યારે અવસર છે, તો તું આત્માર્થી થઈને સાચી વિધિ સમજી લે. સાચી વિધિ સમજશે તેને સાચું આચરણ થશે. વિધિ જ જે ઊલટી માને (-રાગનાં આચરણને સ્વરૂપનું આચરણ માને) તેને તો કદી મોક્ષમાર્ગનું સાચું આચરણ હોય નહીં; એને તો ચોવીસે કલાક રાગનું-મોહનું-અજ્ઞાનનું જ આચરણ હોય; તે આચરણ સંસારનું કારણ છે; ને ધર્માત્માનું રાગ વગરનું જ્ઞાનમય સ્વરૂપાચરણ છે તે મોક્ષનું કારણ છે.

ભગવાન કહે છે કે હે ભાઈ! અજ્ઞાનને લીધે તારા ચૈતન્યસ્વરૂપમાં ચરવાનું છોડીને તેં પરભાવના અસત્ય આચરણ કર્યાં, તેથી તું દુઃખી થયો; હવે તો રાગથી જુદા તારા ચૈતન્યસ્વરૂપને જાણીને તેમાં આચરણ કર....જેથી તને અપૂર્વ સુખ થાય. અમે આ તારા હિતની વાત કરીએ છીએ, તે લક્ષમાં તો લે, તેમાં અપૂર્વ શાંતિ છે ને તેમાં જ તારા આત્માની શોભા છે. અરે ચૈતન્યપ્રભુ આત્મા કાંઈ દુઃખમાં શોભે?-ના; એ તો પોતાના ચૈતન્યસુખમાં જ શોભે.-એની શોભા અદ્ભુત છે.

મોક્ષનો માર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ ત્રણે એકરૂપ અભેદપણે શોભે છે. તેને બદલે જડની ક્રિયા અને રાગને ભેળવીને મોક્ષમાર્ગનો શીરો કરવા માંગે તો થઈ શકે નહિ. ઘી-ગોળ-લોટ એ ત્રણની જેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેની અભેદતારૂપ શુદ્ધોપયોગ વડે મોક્ષનો શીરો બને છે-આનંદનો સ્વાદ આવે છે. ત્રણે જુદા જુદા રાખો તો શીરો ન કહેવાય, તેમાં શીરાનો સ્વાદ ન આવે. સ્વાનુભૂતિમાં ત્રણે એકરસ થાય ત્યારે શીરાનો-આનંદનો-સ્વાદ આવે છે. ગુણભેદના લક્ષે રોકાતાં ચૈતન્ય-શીરાનો સ્વાદ નથી આવતો. અભેદરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાનુભૂતિમાં જ અપૂર્વ મોક્ષસુખના શીરાનો સ્વાદ આવે છે. રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં ક્યાંય શુભરાગને ભેળવવા જાય તો તેને મોક્ષરૂપ શીરાની વિધિ આવડતી નથી, મોક્ષના ઉપાયને તે જાણતો નથી. હે ભાઈ! મોક્ષનો માર્ગ તો અંતરના શુદ્ધોપયોગમાં સમાય છે, એ રાગમાં નથી; રાગ તો પોતે જ બંધમાર્ગ છે. મોક્ષમાર્ગ રાગ વગરનો છે, તે તારા ચૈતન્યસ્વભાવના આશ્રયે છે. રાગ તો તેનાથી બહાર છે. આ રીતે ચૈતન્યસ્વભાવ અને રાગ બંનેની જાત જુદી છે, બંનેનાં લક્ષણો જુદાં છે, અને—

'પ્રજ્ઞાછીણી થકી છેદતાં બંને જુદા પડી જાય છે.'

પ્રજ્ઞાછીણીરૂપ જ્ઞાન, રાગથી જુદું પડીને ચૈતન્યસ્વભાવમાં જ્યારે એકાગ્ર થાય છે ને અપૂર્વ આનંદને ભોગવે છે, ત્યારે જેમ કર્તા-કર્મના ભેદ નથી તેમ ભોક્તા-ભોગ્યના ભેદ પણ નથી. રાગનું તો ભોક્તાપણું ત્યાં છે જ નહિ, ને 'હું આનંદનો ભોક્તા છું' એવો ભેદ વિકલ્પ પણ આનંદના વેદનમાં નથી. પોતામાં ને પોતામાં શુદ્ધભાવરૂપે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયપણું, ધ્યાતા-ધ્યાન-ધ્યેયપણું, કર્તા-કર્મપણું, ભોક્તા-ભોગ્યપણું એ બધું છે ખરું, પણ તે બધું અભેદ છે, સ્વાનુભૂતિમાં એ કોઈ ભેદો દેખાતા નથી.—આવી અનુભૂતિમાં લીન થઈને મુનિવરો શીઘ્ર કેવળજ્ઞાન પ્રગટાવીને પરમાત્મા થઈ જાય છે. એવા મુનિઓના શુદ્ધોપયોગરૂપ સ્વરૂપાચરણનું આ વર્ણન શ્લોક ૮-૯માં કર્યું; હજી તેનું વિશેષ વર્ણન ૧૦મા શ્લોકમાં કરીને પછી તેનું ફળ બતાવશે.

સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# મુનિઓનાં સ્વરૂપાચરણનું વિશેષ વર્ણન

प्रमाण–नय–निक्षेपको न उद्योत अनुभवमें दिखें,
दृग–ज्ञान–सुख–बलमय सदा, नहिं आन भाव जु मो विखें ।
मैं साध्य–साधक, मैं अबाधक कर्म अरु तसु फलनितें,
चित्‌पिंड चंड अखंड सुगुणकरंड, च्युत पुनि कलनितें ॥ १० ॥

શુદ્ધોપયોગવડે નિજાત્મસ્વરૂપમાં લીન થયેલા મુનિવરોને અંતરમાં શું થાય છે–તેનું આ વર્ણન ચાલી રહ્યું છે. તે મુનિવરોના ધ્યાનમાં પ્રમાણ–નય–નિક્ષેપ સંબંધી કોઈ ભેદ પ્રગટ થતો નથી. હું સ્વભાવથી જ્ઞાન–દર્શન–સુખ–વીર્યમય છું, કોઈ પરભાવો મારામાં નથી; હું જ સાધ્ય તેમજ સાધક છું; કર્મ તથા કર્મફળથી હું અબાધિત છું, એટલે કે રાગ–દ્વેષ–હર્ષ શોકરૂપ જે કર્મચેતના તથા કર્મફળચેતના–એ બંનેથી ભિન્ન એવી જ્ઞાનચેતનારૂપ હું અબાધ્ય છું; શરીર અને મોહકલંકથી રહિત, પોતાના અનંત સુગુણોનો ભંડાર એવો હું ચમકતો ચૈતન્યપિંડ છું.—આવી આત્મઅનુભૂતિ મુનિઓને હોય છે. જો કે આવા વિચારરૂપ વિકલ્પો ત્યાં નથી હોતા, પણ અનુભૂતિમાં આવા ભાવોનું વેદન હોય છે. નિર્વિકલ્પ અનુભૂતિ કાંઈ શૂન્ય નથી. અનંત ચૈતન્યગુણોના રસનો સ્વાદ તેમાં ભરેલો છે; વિકલ્પોથી તે શૂન્ય છે. અનંત સ્વભાવથી ભરેલી મહાઆનંદમય આવી અનુભૂતિ વડે મુનિરાજ મોક્ષને સાધે છે.

જેમ પર્વત ઉપર વીજળી પડતાં બે કટકા થાય તે ફરી સંધાય નહિ, તેમ અજ્ઞાનદશામાં રાગ અને ચૈતન્યની એકત્વબુદ્ધિ હતી, તેના ઉપર સમ્યગ્દર્શનરૂપી વજ્ર પડ્યું, પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પડી અથવા ભેદજ્ઞાનરૂપી વીજળી પડી; ત્યાં રાગ અને ચૈતન્યની સંધિ તૂટીને બે ભાગ થયા, રાગને જુદો પાડીને ચૈતન્યનો અનુભવ થયો, તે ધર્માત્માને હવે ફરીને કદી રાગ અને ચૈતન્યની એકતા થાય નહીં; તે જીવ રાગથી જુદો પડી ચૈતન્યસ્વરૂપમાં પ્રવૃત્તિ (અર્થાત્ સ્વરૂપાચરણ) કરતો કરતો અલ્પકાળમાં મોક્ષને પામશે. અને જે જીવ રાગને ધર્મ માને છે, રાગમાં એકત્વબુદ્ધિથી રમે છે તેને તો અનંતાનુબંધી કષાયમાં પ્રવૃત્તિ છે, ચૈતન્યમાં પ્રવૃત્તિરૂપ ધર્મ તેને હોતો નથી. ધર્મીને તો રાગથી નિવૃત્તિ અને ચૈતન્યમાં પ્રવૃત્તિરૂપ સ્વરૂપાચરણ છે.

જુઓ ભાઈ, જૈનધર્મમાં અત્યારે સત્સમાગમે આવો ધર્મ સમજીને, અંતરમાં પોતાના આત્માનો અનુભવ કરતાં સમ્યક્ત્વાદિ મોક્ષમાર્ગ પ્રગટે છે અને તે મોક્ષમાર્ગમાં આત્મા શોભે છે. સંસારરૂપ બંધમાર્ગમાં આત્મા શોભતો નથી. એકત્વને પામેલો શુદ્ધ આત્મા જ સર્વત્ર સુંદર છે–એ વાત સમયસાર (ગા. ૩)માં કુંદકુંદપ્રભુએ સમજાવી છે. પરથી વિભક્ત, રાગથી પણ વિભક્ત, પોતાના ચૈતન્યસ્વભાવમાં એકત્વ કરીને ધર્મીજીવે મોક્ષમાર્ગના મંડપમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રત્નત્રય વડે આત્માને શણગાર્યો, તે આત્મા વીતરાગી સુંદરતાથી શોભી ઊઠયો. ભાઈ, દુનિયાથી તારો આત્મા જુદો છે, દુનિયાના કામનો બોજો તારા ઉપર નથી, બહારના બોજા વડે તારી શોભા નથી, જેમ સમવસરણની સુંદરતા વડે કાંઈ તીર્થંકર ભગવાનની શોભા નથી, એ તો બાહ્યવસ્તુ છે. ભગવાનની શોભા તો પોતાના અંતરંગ કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયથી છે, તેમ બહારના પુણ્યના સંયોગથી કે રાગથી તારી શોભા નથી, તારા આત્માની શોભા તારામાંથી પ્રગટતા સમ્યક્ત્વાદિ વીતરાગી શુદ્ધભાવ વડે જ છે. રત્નત્રયની સુંદરતાથી મુનિઓનું જીવન કેવું અદ્ભુત સુંદર છે!!

જીવ ઉપયોગસ્વરૂપ છે. તેણે અનાદિથી ઉપયોગને રાગાદિમાં જ જોડીને, અશુદ્ધ આચરણ કર્યું. શુદ્ધાત્મામાં ઉપયોગ જોડીને શુદ્ધાચરણ કદી ન કર્યું. ઉપયોગ અને રાગનું ભેદજ્ઞાન કરે ત્યારે તેને સ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ શુદ્ધાચરણનો પ્રારંભ થાય છે. અને પછી મુનિદશા થતાં તો ઉપયોગ અતિશયપણે સ્વરૂપમાં જ આચરણ કરે છે—તેના અદ્ભુત મહિમાનું આ વર્ણન છે.

જ્યારે શુદ્ધાત્મઅનુભૂતિપૂર્વક સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તે વખતનું વર્ણન કરતાં સમયસારમાં (**उदयति न नयश्री...**) નવમા શ્લોકમાં આચાર્યદેવે કહ્યું છે કે શુદ્ધ આત્માના અનુભવ વખતે પ્રમાણ–નય–નિક્ષેપના ભેદો અસ્ત થઈ જાય છે; ત્યાં દ્વૈત જ પ્રતિભાસતું નથી. અહીં પણ એ શ્લોકની જ વાત કરી છે કે 'અનુભવમાં પ્રમાણ–નય–નિક્ષેપનો ઉદ્યોત દેખાતો નથી.' આ રીતે પૂર્વાચાર્યો—અનુસાર પંડિતજીએ આ ગ્રંથની રચના કરી છે.

વળી, આ શ્લોકમાં કહ્યું કે '**दृग–ज्ञान–सुख–बलमय सदा**—અર્થાત્ હું દર્શન–જ્ઞાન–સુખ–બળમય છું એમ મુનિરાજ ધ્યાનમાં અનુભવે છે.—એ વાત કુંદકુંદસ્વામીએ નિયમસાર (ગા. ૯૬–૯૭)માં કરી છે, તે જ છે. જુઓ—

કેવળ દરશ, કેવળ વીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે;
વળી સૌખ્યમય છે જેહ તે હું—એમ જ્ઞાની ચિંતવે.

અનંત ચતુષ્ટયસ્વરૂપ આત્મા એ ધર્મીના ચિંતનનો–ધ્યાનનો વિષય છે. અને '**नहीं आन भाव जु मो विषे**' એટલે કે અન્ય કોઈ પરભાવો મારામાં નથી. એ વાત ગા. ૯૭માં કુંદકુંદસ્વામીએ આ પ્રમાણે કરી છે—

નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે;
જાણે–જુએ જે સર્વ, તે હું—એમ જ્ઞાની ચિંતવે.

મારા અનંત ચતુષ્ટયાદિ નિજભાવને હું છોડતો નથી, ને રાગાદિ કોઈપણ પરભાવને હું ગ્રહતો નથી; સર્વને જાણનાર પૂર્ણ જ્ઞાનસ્વભાવ હું છું—એમ ધર્માત્મા પોતાના પરમ તત્ત્વને ચિંતવે છે—અનુભવે છે—ધ્યાવે છે. ભગવાને આવા પરમ તત્ત્વની ભાવના એટલે કે ધ્યાન કરવાની ભવ્યને શિખામણ આપી છે. તીર્થંકર–પરમેશ્વરના માર્ગમાં તત્ત્વજ્ઞાનીઓ આવા આત્માને ધ્યાવે છે. પહેલાં જેણે આવું તત્ત્વ જાણ્યું હોય તે તેને ધ્યાવે ને! જાણ્યા વગર ધ્યાન કોનું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતગુણનો કરંડ એટલે કે ભંડાર ભગવાન આત્મા નિજ ચૈતન્યભાવથી ભરેલો, ને રાગાદિ વિભાવના બોજા વગરનો હળવો છે; શુદ્ધોપયોગ વડે તેને શ્રદ્ધા-જ્ઞાનમાં લેતાં જ આત્મા કર્મના ભારથી હળવો થઈ જાય છે, મિથ્યાત્વાદિ વિભાવનો બોજો ઊતરી જાય છે; આત્માના અનુભવમાં પ્રમાણ-નયના કોઈ વિકલ્પોનો બોજો પણ રહેતો નથી, કેમકે તે વિકલ્પો કાંઈ અનુભવના સાધક નથી. બહારમાં દયાદિનો સ્થૂળ શુભરાગ તો ચૈતન્યના અનુભવમાં સહાયક નથી, ને અંદરના ગુણગુણી સંબંધી વિચારમાં જે સૂક્ષ્મરાગ—'હું જ્ઞાયક છું, શુદ્ધનયથી શુદ્ધ છું, હું પર્યાયને અંતરમાં વાળીને મારો અનુભવ કરું' ઇત્યાદિ પ્રમાણ-નયના વિકલ્પો—તે પણ નિર્વિકલ્પ ચૈતન્યઅનુભવમાં સહાયક નથી; સ્વાનુભૂતિના કાળે તે પણ છૂટી જાય છે. અરે, જ્ઞાનતત્ત્વના સ્વાદમાં કોઈપણ વિકલ્પ કેમ સમાય? તેમાં તો પોતાના જ્ઞાનાદિસ્વભાવનું જ વેદન હોય છે.—नहिं आन भाव जु मो विषैं અન્ય કોઈ ભાવો તેમાં હોતાં નથી.—આવી આત્મભાવના કરવાનો ભગવાનનો ઉપદેશ છે; ને મુનિઓ આવા આત્માને એકાગ્રપણે ધ્યાવે છે. આવો નિર્વિકલ્પ અનુભવ ન ટકી શકે ત્યાં શુભ વિકલ્પ હો ભલે, પણ તે શુભ વિકલ્પ વડે ધર્મ કે શુદ્ધતા થશે-એમ જે માને તેને તો સમ્યગ્દર્શન પણ નહિ થાય ને આત્મહિત વગર તેનો અવતાર નિષ્ફળ ચાલ્યો જશે.

જ્ઞાનાદિ અનંતગુણોના ગોદામ એવા ભગવાન આત્માનો જ્યાં સાક્ષાત્ અનુભવ વર્તે છે ત્યાં, પ્રમાણ-નય-નિક્ષેપ સંબંધી પહેલાં જે વિકલ્પો હતા તે હવે રહ્યા નથી; કેમકે તેના વડે જે વસ્તુ નક્કી કરવાની હતી તેનો અહીં સાક્ષાત્ અનુભવ વર્તે છે. અહીં વિકલ્પરૂપ પ્રમાણ-નય નથી પણ નિર્વિકલ્પ શુદ્ધનય, અથવા શુદ્ધાત્માનું નિર્વિકલ્પ પ્રમાણ તો અંદર અભેદ અનુભવમાં સમાઈ જાય છે. વિકલ્પ જુદી ચીજ છે ને પ્રમાણજ્ઞાન જુદી વાત છે. અજ્ઞાનીએ વિકલ્પ ભલે કર્યા પણ પ્રમાણ એટલે કે આત્માનું સમ્યગ્જ્ઞાન તેણે પૂર્વે કદી કર્યું નથી. કોઈ કહે કે પ્રમાણ-જ્ઞાન કરીને પણ જીવ સંસારમાં રખડ્યો,–તો તે બરાબર નથી. પ્રમાણજ્ઞાન તેણે કદી કર્યું જ નથી, ક્યાંક ને ક્યાંક ભૂલમાં રોકાઈ ગયો છે. જો પ્રમાણજ્ઞાન કરે તો સાથે સમ્યગ્દર્શન પણ અવશ્ય હોય, ને તેના ભવનો આરો આવી જાય. જેમ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં પ્રગટે છે તેમ પ્રમાણ (સમ્યગ્જ્ઞાન) પણ નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં જ પ્રગટે છે; બંને એક સાથે જ પ્રગટે છે; શુદ્ધનય પણ એ જ વખતે હોય છે. આવા શુદ્ધનયથી સ્વરૂપના સાધનમાં એકાકાર થયો ત્યાં સર્વે વિભાવોથી છૂટું ચૈતન્યતત્ત્વ અનુભવમાં આવ્યું, તેમાં મોક્ષસુખનો સ્વાદ છે. આવી અનુભવદશા વગર કોઈને સાધકદશા કે મોક્ષમાર્ગ શરૂ થાય નહીં. જે કોઈ જીવો મોક્ષને સાધે છે તેઓ આવી અનુભૂતિપૂર્વક સાધક થઈને જ મોક્ષને સાધે છે; મોક્ષને સાધવાની કોઈ બીજી વિધિ નથી.

દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જેવી આત્મવસ્તુ છે તેનો નિર્ણય કરતી વખતે નય-પ્રમાણના વિચારો હોય છે, તેના વડે એકાંતપક્ષોની વિપરીત માન્યતાઓ દૂર થઈ જાય છે. પણ જો પ્રમાણાદિના કે નયપક્ષોના વિકલ્પોમાં જ અટકી રહે તો આત્માનું સ્વરૂપ અનુભવમાં ન આવે. વિકલ્પમાં રોકાય તેને અનુભવનો આનંદ આવે નહીં. અનુભવ ટાણે ઉપયોગ શુદ્ધ આત્મામાં જ એકાગ્ર થઈને આનંદને સાક્ષાત્ વેદે છે. વસ્તુનું સ્વરૂપ નક્કી કરવા માટે વિચાર કાળમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાણ–નય–નિક્ષેપના વિકલ્પો સાથે હોય છે, પછી નિર્વિકલ્પ દશામાં સાક્ષાત્ શુદ્ધનયથી આત્માનું વેદન છે, ત્યાં વિકલ્પ નથી. વિચારદશામાં જે પ્રમાણ કે શુદ્ધનયના વિકલ્પો હતા તે કાંઈ ખરૂં પ્રમાણ કે ખરો શુદ્ધનય ન હતા, તેથી તેને હેય અથવા બાધક કહ્યા; અનુભવમાં શુદ્ધોપયોગરૂપ જે શુદ્ધનય છે તે તો ભૂતાર્થ છે.–'શુદ્ધનય ભૂતાર્થ છે'–તેને કાંઈ બાધક કે હેય નથી કહ્યો. 'હું શુદ્ધ છું' એવો વિકલ્પ કાંઈ શુદ્ધઆત્માને પકડી શકતો નથી, પણ તે વિકલ્પથી છૂટું પડેલું જ્ઞાન જ શુદ્ધાત્માને પકડે છે.–ત્યાં શુદ્ધનય તો છે. શુદ્ધઆત્માનું નિર્વિકલ્પ પ્રમાણ પણ છે, પણ તેમાં વિકલ્પ નથી, ભેદ નથી, ખેદ નથી. 'મારો આત્મા સિદ્ધ જેવો છે, દ્રવ્યથી હું શુદ્ધ છું' ઇત્યાદિ વિકલ્પો થાય તે કાંઈ જ્ઞાનનું સ્વરૂપ નથી; આત્મા તો એવો જ છે,–પણ વિકલ્પ તેમાં નથી; એટલે અનુભવ ટાણે યથાર્થ વસ્તુનું જ્ઞાન રહી જાય છે, વિકલ્પ છૂટી જાય છે.

અહો, આત્મવસ્તુની કેટલી અચિંત્ય કિંમત છે કે, વિકલ્પ તેનો પાર પામી શકે નહીં. સ્વભાવસમુદ્રના ઊંડા તળીયા સુધી વિકલ્પ જઈ શકે નહીં, ત્યાં તો અતીન્દ્રિયજ્ઞાન જ પહોંચી શકે....કે જે વિકલ્પ વગરનું છે. અનંત ગુણના ભંડારનો જેવો મહિમા છે તેવો બરાબર લક્ષમાં લ્યે તો ઉપયોગ તેમાં એકાગ્ર થાય જ, ને નિર્વિકલ્પ અનુભૂતિ થાય જ; ત્યાં સુગુણનો મોટો ખજાનો હાથ આવે છે. ચૈતન્યનો ચમત્કાર...શક્તિનું સંગ્રહાલય...ગુણનું ગોદામ તારામાં જ છે.....તારામાં અખૂટ ભંડાર છે તેને તું ખોલ...અને ખા.–ચૂરમા સાથે ઘાસની જેમ વિકલ્પને તેમાં ભેળવીશ નહીં.

જ્ઞાનાદિ અનંત ગુણભંડાર હું છું–એમ સ્વરૂપની અનુભૂતિ છે,–તે અસ્તિ; અને 'કલ' એટલે રાગ–દ્વેષાદિ કષાયભાવો મારામાં નથી,–તે નાસ્તિ;–આવા સ્વરૂપે ધર્મી પોતાને અનુભવે છે. 'આવો છું ને આવો નથી'–એવા વિકલ્પો કાંઈ અનુભૂતિ વખતે નથી; ત્યાં તો શુદ્ધોપયોગ વર્તે છે. કર્મ અને કર્મફળથી ન્યારો ચૈતન્યરત્નાકર આત્મા....અનંતગુણનો ગોદામ, ને શક્તિનો સંગ્રહાલય–તે ધર્માત્માના અનુભવનો વિષય છે. દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મ તેના અનુભવથી બહાર છે; અનુભવમાં ધર્માત્મા તે કોઈ અશુદ્ધભાવને પોતાના આત્મા વિષે દેખતા નથી; ખેદ અને ભેદ વગરનું સર્વોપરી એક ચૈતન્યતત્ત્વ જ ત્યાં દેખાય છે.–'**भाति न द्वैतमेव ।**'

જુઓ, આ ધર્માત્માનો અનુભવ! પહેલાં વિચારમાં પણ આવું જ સ્વરૂપ લીધું હતું; શરીર કર્મ કે રાગ મારું સ્વરૂપ—એમ વિચારમાં લીધું ન હતું; અહીં તો હવે વિચાર દશાથીયે આગળ સાક્ષાત્ અનુભવદશા વખતની વાત છે; અને તેનાથીયે આગળ મુનિરાજની ધ્યાનદશા એટલે કે શુદ્ધોપયોગરૂપ સ્વરૂપાચરણ, તેનું આ વર્ણન છે. એના ફળરૂપ કેવળજ્ઞાન થવાનું વર્ણન હવેના શ્લોકમાં કરશે.

ચૈતન્ય ભગવાન આનંદનો સમુદ્ર...તેમાં કલેશની ગંધ પણ નથી. ચક્રવર્તીરાજના સંયોગ વચ્ચે પણ ધર્મી જ્યારે અસંયોગી આત્માનું ધ્યાન કરવા બેસે ત્યારે આવા આનંદમય આત્માને અનુભવે છે; ને ધ્યાન સિવાયના કાળે પણ રાગાદિથી જુદો, સંયોગથી જુદો આવો આત્મા જ તેના શ્રદ્ધા–જ્ઞાનમાં નિરંતર વર્તે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન....આત્મા....એ કાંઈ ઉજ્જડ નથી, એના ચૈતન્યક્ષેત્રમાં તો અનંતગુણની વસતી છે, અનંત ધર્મોનો તેનામાં વાસ છે. જેમાં હું વસું છું તેમાં અનંત આનંદ છે-અનંત જ્ઞાન છે-અનંત દર્શન છે-અનંત બળ છે; આવો હું પોતે છું-એમ ધર્મી અનુભવે છે. અનુભવ વખતે તેને શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગમાં બહારનું લક્ષ રહેતું નથી, ને પોતામાં 'હું જ્ઞાન છું', સિદ્ધ સમાન છું' ઇત્યાદિ વિકલ્પો પણ ત્યાં રહેતા નથી. જેવો શુદ્ધાત્મા જ્ઞાને નિર્ણયમાં લીધો તેવો જ અનુભવમાં સાક્ષાત્ આવ્યો, ને તેવો જ શ્રદ્ધામાં આવ્યો; એટલે તે જીવ મોક્ષમાર્ગી થયો. પછી સ્વરૂપમાં વિશેષ સ્થિરતા થતાં તે મુનિ થાય છે, અને અખંડ શુદ્ધોપયોગ વડે તે જ સ્વરૂપમાં લીન થતાં તે જીવ કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ પરમાત્મા થાય છે.

પહેલાં વિચારણામાં પણ જેને આત્માનું સત્ય તત્ત્વ ન આવે, ને રાગથી લાભ થશે-એવી વિપરીત વિચારણા હોય, તે રાગને છોડીને ચૈતન્યના અનુભવમાં કેમ આવે? માટે પહેલાં આત્માનો જિજ્ઞાસુ થઈને તેના સાચા સ્વરૂપનો વિચાર અને નિર્ણય કરવો જોઈએ. સાચો નિર્ણય કરતાં જ અંદરથી પોતાને એક જાતનો વિશ્વાસ આવી જાય....કે બસ, આ જ રીતે મારી વસ્તુ મારામાં છે, હવે એમાં જ સન્મુખ થતાં મને તરતમાં અપૂર્વ-સમ્યક્ત્વાદિ થશે.-આવા વિશ્વાસના જોરે તેને અંતર્સ્વભાવ તરફનો અપૂર્વ પ્રયત્ન ઊપડે છે. સાધક ને સાધ્ય-બંને હું જ છું, મારાથી જુદું કોઈ સાધન કે સાધ્ય નથી. ભગવતી-પ્રજ્ઞારૂપ મારી શુદ્ધપરિણતિ જ સાધન છે, તે મારાથી અભિન્ન છે. સ્વાનુભૂતિમાં ભિન્ન સાધ્ય-સાધનનો અભાવ છે; ત્યાં આત્મા સાધ્ય ને શુદ્ધપર્યાય સાધન-એવો ભેદ રહેતો નથી. ભાઈ, આત્મા પોતે જ સાધન થઈને પોતાની પૂર્ણતાને સાધે છે-પછી બહારમાં બીજા સાધન તું શા માટે શોધે છે?-મફતનો શા માટે વ્યાકુળ થાય છે? તારામાં જ ઠર ને!

ધર્મી જીવે રાગને કે શરીરને તો પહેલેથી જ સમ્યક્ત્વાદિનું સાધન માન્યું જ નથી; પણ મારી જ્ઞાનદશા સાધક અને મારો આત્મા સાધ્ય-એવું જે યથાર્થ સાધક-સાધ્યપણું, તેના ભેદનો વિકલ્પ પણ ધર્મીને ધ્યાનમાં નથી હોતો. અજ્ઞાનીને તો સાચા સાધ્ય-સાધનની ખબર જ નથી, તે તો રાગાદિ બાધક ભાવને સાધન તરીકે માની રહ્યો છે; એટલે તે રાગનો વિકલ્પ છોડીને રાગ વગરના આત્માને સાધી શકે નહીં.-જેને સાધન માને તેને કેમ છોડે? ધર્મી તો જાણે છે કે મારામાં જ હું સાધ્ય-સાધક-સાધન છું, ને બીજા વડે હું અબાધક છું; કોઈ મને બાધા પહોંચાડી શકે નહિ. કર્મનું બંધન કે રાગદ્વેષાદિ બાધકભાવ મારા શુદ્ધ સ્વરૂપમાં નથી; કર્મ અને કર્મનું ફળ, રાગદ્વેષ-હર્ષખેદ તે મારા ચૈતન્ય-ચમત્કારમાં નથી; ચૈતન્ય-ચમત્કારમાં એકલી આનંદમય-જ્ઞાનચેતના છે, તેમાં કર્મચેતના કે કર્મફળ ચેતના નથી. મારો ચૈતન્યભંડાર અનંત ઉત્તમ સુગુણનો ખજાનો છે, જ્ઞાનપૂંજ આત્મા હું છું.—આવા સ્વભાવ તરફના અત્યંત જોરથી શ્રદ્ધા-જ્ઞાન-વીર્ય તેમાં જ એકાગ્ર થયા ત્યાં સમસ્ત પરભાવો તેનાથી તદ્દન જુદા રહી જાય છે, ને મહા આનંદના વેદનમાં એવી લીનતા જામે છે કે દ્વૈત પણ દૂર થઈ જાય છે, આનંદના સ્વાદમાંથી વિકલ્પો અલોપ થઈ જાય છે.-આવી સ્વાનુભૂતિ વડે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરદ્રવ્યોથી પૃથક્ પોતાના પૂર્ણ જ્ઞાનઘન આત્માનું દર્શન તે સમ્યગ્દર્શન છે, ને અભેદપણે તે આત્મા જ છે.–એ વાત સમયસારના છઠ્ઠા કળશમાં બહુ સારી રીતે સમજાવી છે.

પ્રમાણ–નય–નિક્ષેપ, દ્રવ્ય–ગુણ–પર્યાય, નવતત્ત્વ વગેરેના વિચાર તો, શુદ્ધઆત્માનો અનુભવ કરવા માટે વ્યવહારથી સાધન કહ્યાં હતાં; પણ જે જીવ શુદ્ધાત્માની સન્મુખ ઉપયોગ કરે નહીં ને તે બધા ભેદોના જ વિચારમાં રોકાઈ રહે તેને માટે તો તે બાધક થઈ ગયા; કેમકે જ્યાં સુધી એવા ભેદ–વિચારમાં ઊભો રહેશે ત્યાં સુધી આત્માનો નિર્વિકલ્પ અનુભવ નહીં થાય. સમ્યગ્દર્શનમાં વિકલ્પોથી પાર ભૂતાર્થસ્વભાવ કેવો અનુભવમાં આવ્યો, તેનું સમયસારમાં ઠેરઠેર અદ્ભુત વર્ણન કર્યું છે; આચાર્ય ભગવંતોએ સ્વાનુભવની વીણા ઝણઝણાવીને જ્ઞાયકભાવનો અપૂર્વ મહિમા ગાયો છે. જ્ઞાયકભાવ કહો, ભૂતાર્થસ્વભાવનો આશ્રય કહો, શુદ્ધનય કહો, સમ્યગ્દર્શન કહો, સ્વરૂપાચરણ કહો, નિર્વિકલ્પ અનુભૂતિ કહો, ભેદજ્ઞાન કહો, અતીન્દ્રિયઆનંદનો સ્વાદ કહો કે પરમાત્માનો સાક્ષાત્કાર કહો—તે બધુંય ચોથાગુણસ્થાને શુદ્ધોપયોગવડે એકસાથે શરૂ થાય છે. જુઓ, આ જૈનધર્મમાં ચોથાગુણસ્થાનની અપૂર્વદશા! પછી છઠ્ઠું–સાતમું ને તેરમું ગુણસ્થાન તો આનાથીયે ઘણું ઊંચું છે. આવી દશા થાય ત્યારે ધર્મ ને મોક્ષમાર્ગ થાય. રાગાદિ ભાવો તો ચૈતન્યસ્વભાવમાં નથી એટલે અભૂતાર્થ છે, તે કાંઈ ધર્મ કે મોક્ષમાર્ગ નથી, એ તો અશુદ્ધ છે, બાહ્ય આચરણ છે, વિભાવ છે. ભગવાન આત્મા વિભાવનો ભંડાર નથી, એ તો શુદ્ધગુણોનો ભંડાર 'सुगुणकरंड' છે; તેના અનુભવમાં દોષ કે અશુદ્ધતા નથી. ગુણના ભંડારમાં દોષ કેવા? આવા આત્મામાં જોડાય તે શુદ્ધોપયોગ છે, તેમાં મહાન આનંદ છે; એવા આનંદથી ભરેલું મુનિઓનું જીવન છે. આનંદમય સ્વરૂપાચરણ કરતાં–કરતાં કેવળજ્ઞાનાદિ સંપૂર્ણ નિધાનને તેઓ પોતામાંથી જ પ્રગટ કરે છે. ત્યાં પરભાવની પ્રવૃત્તિ સર્વથા મટી જાય છે.–' जस होत प्रगटे अपनी निधि...मिटे परकी प्रवृत्ति सब ।'—આવું સ્વરૂપાચરણ ચોથા ગુણસ્થાનથી સમ્યગ્દર્શન વડે શરૂ થયું હતું, તે અનુક્રમે વધતાં–વધતાં તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન થતાં પૂરું થાય છે.

તે કેવળજ્ઞાન થવાની વાત હવેના શ્લોકમાં કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ✻ મુનિઓનાં સ્વરૂપાચરણનું ફળ : કેવળજ્ઞાન ✻

यो चिन्त्य निजमें थिर भये तिन अकथ जो आनंद लह्यो,
सो इन्द्र–नाग–नरेन्द्र वा अहमिन्द्र के नाहिं कह्यो।
तबही शुकल ध्यानाग्नि कर चउ घाति विधि–कानन दह्यो,
सब लख्यो केवलज्ञान करि भविलोकको शिवमग कह्यो ॥ ११ ॥

મુનિવરોને શુદ્ધોપયોગરૂપ જે સ્વરૂપાચરણ છે તેનું ઘણું વર્ણન શ્લોક ૮–૯–૧૦માં કર્યું; તેની પરાકાષ્ટા થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે.–અહો, એના મહિમાનું શું કહેવું? સમ્યગ્દર્શનનોય મહિમા અપાર છે, ત્યાં કેવળજ્ઞાનના મહિમાની તો શી વાત!! એવું કેવળજ્ઞાન કેમ પ્રગટ્યું?—તેની આ રીત છે.

આ રીતે જેઓ શુદ્ધોપયોગ વડે પોતાના સ્વરૂપને ચિંતવીને–ધ્યાવીને તેમાં સ્થિર થયા તે મુનિઓનો આનંદ અકથ્ય છે–વચનથી પાર છે. ઇન્દ્રને, નાગેન્દ્ર અર્થાત્ ભવનવાસી દેવોના ઇન્દ્રને, નરેન્દ્ર અર્થાત્ ચક્રવર્તીને કે સર્વાર્થસિદ્ધિ વગેરેના અહમિન્દ્રોને પણ એ મુનિ જેવો આનંદ હોતો નથી. જોકે તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તેણે એવા આનંદનો નમૂનો ચાખ્યો છે, પરંતુ મુનિવરો જેટલો પ્રચૂર આનંદ તો તેમને નથી હોતો. એટલે તો તે ઇન્દ્રો પણ મુનિરાજના ચરણમાં વંદન કરે છે. શુદ્ધોપયોગ વડે સ્વરૂપના ધ્યાનમાં લીન તે મુનિરાજ, જ્યારે શુદ્ધતાની શ્રેણી ચડે છે ત્યારે તેમને શુક્લધ્યાન હોય છે, તે શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે તેઓ ચાર ઘાતીકર્મરૂપ ઘોર જંગલને એક અંતર્મુહૂર્તમાં જ બાળી નાંખે છે અને કેવળજ્ઞાન પ્રગટ કરીને સમસ્ત જગતને જાણે છે; તથા દિવ્યધ્વનિવડે ભવ્યજીવોને મોક્ષનો માર્ગ દેખાડે છે. દિવ્યધ્વનિનો ઉદય કોઈ અરિહંતને હોય, કોઇકને ન પણ હોય, મુખ્ય વાત કેવળજ્ઞાનાદિની છે તે તો મોક્ષગામી દરેક જીવને હોય જ છે.

જૈન મુનિને શુદ્ધોપયોગરૂપ સ્વરૂપાચરણ કેવું અદ્ભુત અને રાગ વગરનું હોય છે!–કે તે વખતે બહારમાં ઢોલ–નગારાં વાગતા હોય કે શરીરને સિંહ–વાઘ ખાતા હોય તોપણ ત્યાં લક્ષ જતું નથી, સ્વરૂપના આનંદમાં જ મશગુલ હોય છે.–એનું વર્ણન ઘણું કર્યું. તે ઉપરાંત હવે તેનાથી પણ વધારે ધ્યાનની ઉગ્રતા કરીને ક્ષપકશ્રેણી માંડે છે ને કેવળજ્ઞાન પ્રગટાવે છે–તેની આ વાત છે. આનંદમાં અતિશય એકાગ્રતા વડે સ્વરૂપમાં જ સ્થિર રહેતાં તે મુનિરાજને શુક્લધ્યાન પ્રગટે છે; આ શુક્લધ્યાનમાં પરિણામની વિશુદ્ધતા ઘણી જ વધતી જાય છે, ને ચાર ઘાતીકર્મરૂપી વનને તે અગ્નિની માફક બાળી દે છે. જુઓ, ચાર ઘાતીકર્મોને નાશ કરવાની તાકાત શુભરાગમાં નથી, રાગ હોય ત્યાં તો ઘાતી કર્મો બંધાય છે; સંજ્વલન કષાયનો સૂક્ષ્મ રાગ બાકી હોય ત્યાં સુધી પણ ચાર ઘાતીકર્મો હણાતાં નથી; જ્યારે સંપૂર્ણપણે રાગનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાશ થઈને વીતરાગતા થાય ત્યાર પછી ચાર ઘાતીકર્મો હણાય છે ને કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રગટે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ લખ્યું છે કે: 'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.'—આવી વીતરાગતા નિજસ્વરૂપમાં અત્યંત સ્થિરતા વડે મુનિઓને જ થાય છે. સંપૂર્ણ વીતરાગતા વગર કોઈને કેવળજ્ઞાન થાય નહિ; ને શુક્લધ્યાન વગર કોઈને વીતરાગતા થાય નહિ;–તે શુક્લધ્યાન શુદ્ધોપયોગ વગર થાય નહિ. જેઓ સમ્યગ્દર્શન–જ્ઞાન પૂર્વક શુદ્ધોપયોગના સામર્થ્યથી ચારિત્રદશા પ્રગટ કરીને મુનિ થયા છે, ને પછી ધ્યાનવડે નિજસ્વરૂપમાં નિશ્ચલ થયા છે,—તેઓ શુક્લધ્યાનના પ્રહાર વડે મોહનો ક્ષય કરીને, તેમ જ જ્ઞાનાવરણાદિ ઘાતીકર્મોનો પણ ક્ષય કરીને કેવળજ્ઞાનના દરવાજા ખોલી નાંખે છે. તે આત્મા પોતે સર્વજ્ઞ પરમાત્મા બની જાય છે ને ત્રણલોકના સમસ્ત પદાર્થોને ત્રિકાળવર્તી પર્યાયોસહિત એકસાથે સાક્ષાત્ પ્રત્યક્ષ જાણે છે; અનંત અલોકને પણ પોતાના જ્ઞાનની મહા અનંતતામાં જ્ઞેયપણે ડુબાડી દે છે. એ કેવળજ્ઞાનનું કોઈ અચિન્ત્ય સામર્થ્ય છે. એવા કેવળજ્ઞાની—સર્વજ્ઞ—પરમાત્મા આયુપર્યંત મનુષ્યદેહ સહિત અરિહંતપણે આકાશમાં વિચરે છે, અને જો તે પ્રકારના વચન-યોગનો ઉદય હોય તો દિવ્યધ્વનિવડે ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. જ્યારે ભગવાન મહાવીર આ ભરતભૂમિમાં તીર્થંકરપણે વિચરતા હતા ત્યારે તેમની સાથે આવા (૭૦૦) સાતસો અરિહંતભગવંતો સર્વજ્ઞપણે વિચરતા હતા. અત્યારે વિદેહક્ષેત્રમાં તો આવા લાખો કેવળી ભગવંતો અરિહંતપણે વિચરી રહ્યા છે.—તેમને નમસ્કાર હો.

તે અરિહંતપદ પ્રગટ્યું કઈ રીતે!—કે અકથ્ય આનંદથી ભરેલા શુદ્ધાત્મધ્યાનમાં સ્થિરતાવડે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અહા, વન–જંગલ વચ્ચે આત્મધ્યાનમાં મુનિઓને જે આનંદ છે તે આનંદ ઇન્દ્રોને સ્વર્ગના વૈભવ વચ્ચે પણ નથી. આનંદનું ધામ તો આત્મા પોતે છે, કાંઈ બહારના વૈભવમાં આત્માનો આનંદ નથી ભર્યો. જુઓને, દિગંબર મુનિ રત્નત્રયવંત સંત, તેમને બહારમાં તો કાંઈ જ વૈભવ નથી, વસ્ત્રનો તાણોય રાખતા નથી, છતાં અંતરમાં તેમને સુખનો પાર નથી.—વીતરાગતા જેવું સુખ બીજે ક્યાં છે? દેવલોકમાં અહમિન્દ્રપદ વચ્ચે અસંખ્ય વર્ષો સુધી રહીને પણ અજ્ઞાનીને અતીન્દ્રિયસુખનો એક છાંટોય નથી મળતો, ત્યારે ધર્માત્મા મુનિરાજ નિજસ્વરૂપમાં લીન થઈને એક અંતર્મુહૂર્તમાં જ અચિન્ત્ય–અનંત સુખને અનુભવી લ્યે છે. એ તાકાત ચૈતન્યસ્વભાવમાં છે. આત્મા પોતે અખૂટ સુખનો ભંડાર છે; તેમાં લીન થઈને તેનું ચિંતન કરતાં તે કલ્પવૃક્ષની જેમ તત્કાળ પરમસુખ આપે છે. કલ્પવૃક્ષ તો ઇન્દ્રિયવિષયોરૂપ જડવસ્તુ આપે, તે કાંઈ અતીન્દ્રિયવસ્તુ (સમ્યક્ત્વાદિ) ન આપે. આ ચૈતન્યકલ્પવૃક્ષ આત્મા તો સમ્યક્ત્વાદિ અતીન્દ્રિયસુખ આપે છે, કેવળજ્ઞાન ને સિદ્ધપદ આપે છે.

પ્રથમ સમ્યગ્દર્શન વખતેય આત્માના અતીન્દ્રિય આનંદનું થોડુંક વેદન તો થયું (—થોડુંક છતાં તે પણ અચિંત્ય છે....), પછી પરિગ્રહરહિત, ત્રણ રત્ન સહિત ને ત્રણ કષાયો રહિત મુનિદશા થઈ ત્યારે તે આનંદનું વેદન વધ્યું....પછી સ્વરૂપમાં લીન થઈને શુક્લધ્યાન વડે શ્રેણી માંડતાં આનંદનું વેદન સમયે સમયે વધતું જ ચાલ્યું...ને અંતે કેવળજ્ઞાન થતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિપૂર્ણ આનંદરૂપે આત્મા પરિણમી ગયો. જુઓ, આમાં આનંદની શરૂઆતથી પૂર્ણતા સુધી વચ્ચે રાગનું તો ક્યાંય નામ-નિશાન ન આવ્યું. રાગવગરના આવા આનંદનું વેદન ગૃહસ્થ-સમકિતીનેય થાય છે. ઉપયોગ જ્યારે અંદરના શાંતસ્વરૂપમાં ઠરે છે ત્યારે તો 'હું સાધક છું કે સિદ્ધ છું—' એનુંય લક્ષ નથી રહેતું.

અનંત શાંતિના બરફનો પૂંજ હિમાલય-આત્મા, તેમાંથી આનંદરસની ગંગા વહે છે. પોતે અરૂપી છતાં જ્ઞાન-સ્વરૂપી છે; અતીન્દ્રિય આનંદની દેહ જેવડી આખી મૂર્તિ છે, તે ચૈતન્યમૂર્તિમાં રાગનો ડાઘ નથી. અહો, આવા આત્માના નિર્વિકલ્પ અનુભવમાં જે અકથ્ય આનંદ થાય છે—તેનું શું કહેવું ? કેવળજ્ઞાની ભગવંતોએ જેવડો આનંદકંદ-આત્મા જોયો છે....નાનામાં નાના ધર્મીના અનુભવમાં પણ તેવડો જ આનંદકંદ આત્મા આવ્યો છે; આનંદના વેદનમાં અધિકતા-હીનતા છે પણ શ્રદ્ધામાં તો બંનેને સરખો જ આત્મા છે. અહા, વાણીમાં વિકલ્પમાં કે ઇંદ્રિયજ્ઞાનમાં ન આવી શકે એવો અચિંત્ય આનંદ સ્વાનુભૂતિમાં સાક્ષાત્ વેદાય છે; એ નિર્વિકલ્પ વસ્તુ વિકલ્પમાં આવે નહીં. જેમ ક્રોધી જીવને કષાયની તીવ્રતા ટાણે આખાય શરીરમાં ક્રોધની બળતરાથી ઝણઝણાટી થઈ જાય છે (-ક્રોધથી ધ્રૂજી ઊઠે છે) તેમ ધર્માત્માને સ્વાનુભૂતિના ટાણે પરમ શાંતિના વેદનની અપૂર્વ ઝણઝણાટી સર્વ ચૈતન્યપ્રદેશે આખા આત્મામાં થાય છે, તે અતીન્દ્રિય મહા આનંદ છે....ઘણો ગંભીર શાંતરસનો રત્નાકર આત્મા....તેમાં લીન મુનિવરો અપૂર્વ આનંદની મહા મોજ માણે છે. એવો આનંદ ઇન્દ્રપદમાંય નથી. ચક્રવર્તી કે ઇન્દ્ર વગેરેમાં જે સમ્યગ્દષ્ટિ છે તેમણે પોતાના સમ્યગ્દર્શનની અનુભૂતિમાં તો આવા અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો છે પણ ઇન્દ્રપદ કે ચક્રવર્તીપદના વૈભવમાં તે આનંદ નથી; તેથી તેઓ પોતે પણ ચૈતન્યની આનંદ-સંપદા પાસે ઇન્દ્રપદ કે ચક્રવર્તીપદની સંપદાને તૂચ્છ સમજે છે.—

'चक्रवर्तीकी सम्पदा इन्द्र सरीखे भोग;
काकवीट सम गिनत हैं, सम्यग्दृष्टि लोग ।'

—સમ્યગ્દષ્ટિ-ગૃહસ્થ પણ આમ સમજે છે, તો પછી વીતરાગમુનિવરોની શી વાત ! તેમને તો સ્વાનુભૂતિનાં અપાર નિધાન ખૂલી ગયા છે ને કેવળજ્ઞાન લેવા માટે નિર્મળ ધ્યાનની શુક્લ ધારા ઉલ્લસી રહી છે; હવે ત્યાં કષાય-કલંક કે ઘાતીકર્મો ટકી શકે નહીં...ક્ષણમાં જ તેમને કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય સહિત અરિહંત દશા પ્રગટે છે. અહો, णमो अरिहंताणम् કહીને ત્રણ લોક જેને વંદન કરે તે અરિહંતપદની શી વાત !-જેની પાસે ગણધર-મુનિવરો પણ નમી જાય, ઇન્દ્રો નમી જાય, ચક્રવર્તી નમી જાય.-તેનો મહિમા અને તે પરમપદની ભાવના ભાવતાં શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે—

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજ તણો અત્યંતિક નાશ જો...
સર્વ ભાવ જ્ઞાતા દષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો....

—અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ; ઓળખાણપૂર્વક આ સર્વજ્ઞપદની ભાવના! આવું સર્વજ્ઞ–પરમપદ તે આત્માનો સ્વભાવ છે, તેનો અનુભવ પોતાના સ્વસંવેદન જ્ઞાનથી જ થાય છે. જીવનમાં આત્માની સન્મુખ થઈને આવાં પરમપદની ભાવના કરવા જેવી છે.—એના વગર દુઃખનો ક્યાંય આરોવારો નથી.

આ છહઢાળાનું વાંચન હવે પૂરું થવાની તૈયારી છે. આ પુસ્તક જૈનસમાજમાં ખૂબ પ્રસિદ્ધ છે, ઘણા જિજ્ઞાસુઓ કંઠસ્થ કરે છે. આપણા નવનીતભાઈએ પણ મોઢે કરેલ છે. પાઠશાળાઓમાં પાઠ્યપુસ્તક તરીકે પણ આ ભણાવાય છે. પં. દૌલતરામજીએ આ ટૂંકી રચનામાં, ગાગરમાં સાગરની જેમ, ઘણા શાસ્ત્રોનો ટૂંકો સાર ભર્યો છે. નવનીતભાઈએ, તેમ જ વછરાજજી શેઠના ઘરેથી મનફૂલાબેને આ છહઢાળા ઉપર પ્રવચનોની માંગણી કરી હતી તેથી દોઢ માસથી આ પ્રવચનો ચાલે છે. [ છહઢાળાની ૧૬૦૦૦ સોળહજાર પ્રત છપાવીને, તેમ જ તેનાં પ્રવચનોનાં ભાગ ૧–૨–૩–૪ ( હિંદીમાં ૩ ) છપાવીને શ્રી નવનીતભાઈએ તેનો ખૂબ પ્રચાર કર્યો છે. પ્રવચનનાં બાકીનાં ભાગોનું પ્રકાશન થતાં પહેલાં તેઓ સ્વર્ગવાસ પામી ગયા. તે કાર્ય જિજ્ઞાસુઓ દ્વારા હવે પૂરું થાય છે. ]

સંસાર–પરિભ્રમણ કરતો જીવ ચારગતિમાં જે અનંત દુઃખ ભોગવી રહ્યો છે–તેના વર્ણનથી આ છહઢાળા શરૂ કરી હતી, પછી તે દુઃખનાં કારણ બતાવ્યાં, તેનાથી છૂટવાનો સમ્યક્ત્વાદિ ઉપાય બતાવ્યો, અને ઠેઠ અરિહંત તથા મોક્ષદશા સુધી પહોંચાડીને શાસ્ત્ર પૂરું કર્યું છે. જીવ વીતરાગ વિજ્ઞાન વગર કેવાં કેવાં દુઃખો ચાર ગતિમાં પામ્યો, અને વીતરાગ–વિજ્ઞાન થતા કેવા અચિંત્ય આનંદ સહિત તે પંચમગતિ–મોક્ષ પામ્યો,—તે બધું આમાં બતાવી દીધું. નિગોદના દુઃખથી માંડીને સિદ્ધપદના સુખ સુધીના બધા ભાવોનું જ્ઞાન કરાવી દીધું.

* ( ૧ ) શરૂમાં મિથ્યાત્વથી ચારગતિનાં ઘોર દુઃખ પામ્યો તેનું સ્વરૂપ બતાવ્યું; ( સંસાર )
  ( ૨ ) વચમાં, તે દુઃખથી છૂટવાના ઉપાયરૂપ સમ્યક્ત્વાદિનું સ્વરૂપ બતાવ્યું; ( મોક્ષમાર્ગ )
  ( ૩ ) અંતમાં શુદ્ધોપયોગ વડે કેવળજ્ઞાની થઈને અનંત સુખ પામ્યો—તે બતાવ્યું. ( મોક્ષ ) —આ રીતે સંસાર, મોક્ષમાર્ગ તથા મોક્ષ—એ ત્રણેનું સ્વરૂપ બતાવ્યું.
* ( ૧ ) પહેલાં મિથ્યાત્વને લીધે જીવ બહિરાત્મા હતો;
  ( ૨ ) પછી સમ્યક્ત્વાદિ પામીને તે પોતે અંતરાત્મા થયો;
  ( ૩ ) છેવટે કેવળજ્ઞાન પામીને તે જ પરમાત્મા થયો. –આ રીતે બહિરાત્મા અંતરાત્મા ને પરમાત્મા એ ત્રણે અવસ્થાનું સ્વરૂપ બતાવી દીધું છે. વળી—
* ( ૧ ) પ્રથમ મિથ્યાત્વને લીધે જીવ આસ્રવમાં તથા બંધમાં વર્તતો હતો;
  ( ૨ ) પછી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થતાં તેને સંવર તથા નિર્જરા થયા.
  ( ૩ ) અને છેવટે કેવળજ્ઞાન પ્રગટ કરીને તે મોક્ષ પામે છે. –આ રીતે બધા તત્ત્વો પણ આમાં આવી ગયા.

શુદ્ધોપયોગી મુનિ કેવળજ્ઞાન પામે છે તેનું વર્ણન આ ૧૧મા શ્લોકમાં ચાલે છે. પછી તે જીવ સિદ્ધપદ પામે છે તેનું વર્ણન ૧૨–૧૩ શ્લોકમાં કરશે....અને કહેશે કે અહો, જેણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવું કાર્ય કર્યું તે જીવ ધન્ય છે, ધન્ય છે. મનુષ્ય—અવતાર પામીને જેણે મોક્ષને સાધવાનું મહાન કાર્ય કર્યું તે આત્મા ખરેખર પ્રશંસનીય છે...એમ સમજીને હે જીવ! તું પણ શીઘ્ર તારું હિત કરી લે.—' झटिति निज हित करो '...અરે જીવ! રાગ તો આગ છે, પર પદ છે....એ વિષય-કષાયોની આગમાં તું કાં રાચી રહ્યો છે?-એને છોડ ને સ્વપદને સંભાળીને સુખી થા....આ અવસર ચૂકીશ નહીં.—એમ છેલ્લે આત્મહિતની પ્રેરણા આપીને શાસ્ત્ર પૂરું કરશે.

અહો, મુનિઓને અનુભવના આનંદની લહેરમાં ચૈતન્યસુખનો મહાસાગર ઊછળે છે તે આનંદ ઇન્દ્રને કે ચક્રવર્તીને પણ નથી. એ અતીન્દ્રિય આનંદના મહિમાની શી વાત!!

(એક શ્રોતા કહે છે–) હે ગુરુદેવ! આત્માના આનંદના આપ આટલા બધા વખાણ કરો છો....પણ....આવા આનંદનો નમૂનો બતાવો, તો અમને ખબર પડે!

(શ્રીગુરુ કહે છે:) હે ભાઈ! એ આનંદ તો અકથ્ય છે; એ કાંઈ મૂર્તિક નથી કે પેંડાની જેમ હાથમાં આપીને ચખાડાય. આ તો આત્માનો અતીન્દ્રિય આનંદ!....અંદરમાં પોતાની સ્વાનુભૂતિ વડે જ તે આનંદનો સ્વાદ આવે છે, અને તે જ તેનો ખરો નમૂનો છે. બીજો તે કોણ નમૂનો બતાવે? ભગવાન અને સંતો જિનવાણીમાં એનો નમૂનો તો બતાવે છે, પણ સ્વાનુભૂતિ વગર તે ચાખશે કોણ? ' હું શુદ્ધાત્મા દેખાડું છું, તમે તમારા સ્વાનુભવ વડે તે પ્રમાણ કરજો ' એમ કહીને આચાર્યભગવાને પોતાના સ્વાનુભવ-વૈભવથી શુદ્ધાત્મા દેખાડયો છે. જ્યારે પોતાનો ઉપયોગ સ્વમાં આવે ત્યારે જ આનંદના સ્વાદની અનુભૂતિ થાય. ચૈતન્યમાં એકાગ્રતા વગર બીજી લાખ વાત કરે, શુભરાગની અનેક પ્રવૃત્તિ કરે, પણ આત્માના આનંદનો નમૂનો તેમાં ન આવે. પોતાની સ્વાનુભૂતિ વડે જ આત્માના આનંદનો સ્વાદ આવે. સ્વાનુભૂતિ તે જ આત્માના આનંદનો નમૂનો ચાખવાની રીત છે.

લ્યો, ચાખો!....આ આનંદનો નમૂનો ચાખવાની રીત બતાવી. બાકી તો જગતના બીજા કોઈ પદાર્થમાં એવો આનંદ છે જ ક્યાં....કે જેનાથી એનો નમૂનો સમજાવી શકાય? એ તો અનુપમ છે, બીજા કોઈની ઉપમા વડે તે આનંદ દેખાડી શકતો નથી. વીતરાગ સન્તો (–સમ્યગ્દષ્ટિથી માંડીને સર્વજ્ઞ પરમાત્મા સુધી) કેવા મહા આનંદનો સ્વાદ લ્યે છે–તેની ખરી ખબર ત્યારે પડે કે જ્યારે પોતે તેવા આનંદનો સ્વાદ પોતામાં લ્યે.–' વાહ, આવો ચૈતન્યસ્વાદ!' બધાય સંતો આવો અપૂર્વ ચૈતન્યસ્વાદ લ્યે છે. બધા વિકલ્પોથી પાર મારો ચૈતન્યભંડાર અદ્ભુત છે,-જેમાં અનંતગુણોનો રસ એકસાથે અનુભવમાં આવી જાય છે.

અરે જીવ! આત્માના આવા આનંદનો સ્વાદ લેવા માટે તું બહિર્મુખ વૃત્તિને છોડીને અંતરના સ્વભાવમાં આવ. જગતનું કુતૂહલ છોડ ને આત્માનો જ અર્થી થઈને ચૈતન્યના એકના જ અભ્યાસમાં લાગી જા...સંસારની પંચાત છોડીને આત્માના અનુભવનો તું પ્રયત્ન જ ન કરે તો તને અનુભવ ક્યાંથી થશે? આચાર્યદેવ તો કહે છે કે આત્માનું કુતૂહલ કરીને, એટલે કે તેને જોવા માટે ઉત્સુક થઈને જો પ્રયત્ન કર તો છ માસની અંદર આત્માનો અનુભવ તને જરૂર થશે. માટે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાખ બાતકી બાત યહી નિશ્ચય ઉર લાવો;
તોડી સકલ જગ દંદ-ફંદ નિત આતમ ધ્યાવો.

ચોથી ઢાળમાં આ શ્લોક કહ્યો હતો; એ જ વાત પં. **બુધજનજીએ** પણ તેમની (આ પહેલાંની) "છહઢાળા"માં કહી છે—

કોટિ બાતકી બાત અરે બુધજન ઉર ધરના,
મન-વચ-તન શુચિ હોય ગ્રહો જિનમતકા શરના.

[ પં. દૌલતરામજીની આ છહઢાળાની પહેલાં ૩૨ વર્ષ પૂર્વે પં. બુધજનજીએ એક છહઢાળા રચેલી છે; તે દેખીને પછી આ છહઢાળા રચેલી છે. બંને છહઢાળાની પૂર્ણતા વૈશાખ સુદ ત્રીજે જ (૩૨ વર્ષના અંતરે) થયેલ છે. ]

પં. બુધજનજી છહઢાળાના અંતમાં કહે છે કે અરે જીવો! આત્માનો અનુભવ કરવારૂપ સમ્યક્ત્વ છે તે તો પોતાનો સહજ સ્વભાવ છે,—તે ક્યાંય બહારથી લાવવું પડતું નથી, તેને માટે ખરચ થતું નથી, કોઈ સાથે લડવું પડતું નથી, કોઈની પાસે દીનતા કરવી પડતી નથી કે ઘરબાર છોડવા પડતા નથી; ઘરમાં બેઠાબેઠા—ચૈતન્યસ્વઘરમાં-પોતાના સહજ સ્વભાવનો અનુભવ કરવાથી સમ્યક્ત્વ થાય છે. એના વગર ગમે તેટલા જપ-તપ કરો કે કષ્ટ સહો-તે બધુંય વૃથા છે. માટે હે બુધજન! હે બુદ્ધિમાન સજ્જન! કરોડો વાતના સારરૂપ આ એક વાતને તું હૃદયમાં ધારણ કર....શુદ્ધભાવથી જિનમતનું શરણ લઈને સમ્યગ્દર્શનને ધારણ કર.

જુઓ તો ખરા, સાદી ભાષામાં કેવી સરસ હિતની વાત કરી છે! અરે, આ વાત લક્ષમાં તો લ્યો. જ્યાં એકલા ચૈતન્યતત્ત્વનો રસ ઘોળાય છે-એવી સ્વાનુભવદશાનો આનંદ ઇન્દ્રાદિ પદના વૈભવમાં પણ નથી. આવા અનુભવમાં પૂર્ણપણે લીન થતાં કેવળજ્ઞાન થયું એટલે તે જીવને પરમાત્મપદરૂપ અરિહંતદશા પ્રગટી; તેમની વાણીમાં એવા જ શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આવે છે કે: અહો જીવો! તમે પણ આવા શુદ્ધાત્માના અનુભવવડે પરમ પદને પામો.... તે આત્માનો સહજ સ્વભાવ છે....જન્મસિદ્ધ અધિકાર છે. – 'સર્વ જીવ છે સિદ્ધસમ....જે સમજે તે થાય.'

–આવી અરિહંતદશા પછી તે જીવને સિદ્ધદશા થાય છે અને તે મોક્ષમાં જાય છે.... તેનું વર્ણન હવેના બે શ્લોકમાં કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સિદ્ધપદ-પ્રાપ્તિનું વર્ણન

આવું ઉત્તમ કામ કરનાર જીવને ધન્યવાદ

पुनि घाति शेष अघाति विधि, छिनमाहिं अष्टम-भू-वसें,
वसु कर्म विणसे, सुगुण वसु सम्यक्त्व आदिक सब लसें;
संसार खार अपार पारावार तरि तीरहिं गये,
अविकार अकल अरूप शुचि चिद्रूप अविनाशी भये ॥ १२ ॥

निजमांहिं लोक-अलोक गुण-परजाय प्रतिबिंबित थये,
रहिहैं अनंतानंतकाल यथा तथा शिव परिणये;
धनि-धन्य हैं जे जीव नरभव पाय यह कारज किया,
तिनहीं अनादि भ्रमण पंचप्रकार तजि वर सुख लिया ॥ १३ ॥

તે કેવળજ્ઞાની ભગવાન અરિહંતપદે વિચર્યા પછી આયુ પૂર્ણ થતાં બાકીનાં અઘાતી કર્મોનો પણ ઘાત કરીને તત્ક્ષણ આઠમી પૃથ્વી ઉપર સિદ્ધાલયમાં જઈને બિરાજે છે; અષ્ટકર્મો ત્યાં વિનષ્ટ થયા છે અને સમ્યક્ત્વ વગેરે અષ્ટ મહાગુણો સહિત અનંતગુણો ત્યાં શોભી રહ્યા છે. આઠમી ભૂમિ ઉપર વાસ, આઠકર્મોનો નાશ, અને આઠ મહાગુણોનો પ્રકાશ —આવા મોક્ષપદને પામીને તેઓ, આ અપાર ખારા સંસાર-સમુદ્રને તરીને સામે પાર મોક્ષપુરીમાં પહોંચી ગયા; તેઓ વિકારરહિત છે એટલે ભાવકર્મ રહિત છે, શરીર રહિત છે એટલે નોકર્મરહિત છે. એ રીતે ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મથી રહિત, અરૂપી શુદ્ધ ચૈતન્યસ્વરૂપે મોક્ષપુરીમાં સદાય અવિનાશીપણે બિરાજે છે-વીતરાગવિજ્ઞાનનું આ ઉત્કૃષ્ટ ફળ છે. '**णमो सिद्धाणं**' કહીને ત્રણ લોકના જીવો તેમને નમસ્કાર કરે છે.

કેવળજ્ઞાન પ્રગટ કરીને કોઈ જીવ તો તરત એક અંતર્મુહૂર્તમાં જ મોક્ષ પામી જાય છે; અને કોઈ જીવ આઠવર્ષની વયે કેવળજ્ઞાન પ્રગટ કરી કરોડપૂર્વના આયુ સુધી અરિહંતપણે વિચરીને પછી મોક્ષ પામે છે. મોક્ષ થતાં જ આઠમી પૃથ્વી પર જઈને વસે છે. આઠમી પૃથ્વી એટલે શું? આપણે આ મધ્યલોકની પૃથ્વી ઉપર રહીએ છીએ. આ પૃથ્વી પર વચ્ચોવચ્ચ મેરુપર્વત, તેને ફરતા જંબૂદ્વીપ, લવણસમુદ્ર વગેરે....સ્વયંભૂરમણ સુધી અસંખ્યાત દ્વીપ-સમુદ્રો છે. આની નીચે અમુક ભાગમાં અસુરકુમાર વગેરે દેવો તથા પહેલી નરકના જીવો રહે છે. પછી નીચે-નીચે પાતાળ સુધીમાં બીજી છ પૃથ્વીઓ છે-જેમાં બીજીથી સાતમી નરકના જીવો રહે છે. એ રીતે મધ્યલોક સુધીમાં સાતપૃથ્વી છે. પછી ઉપર દેવલોકમાં કોઈ પૃથ્વી નથી; દેવોના વિમાનો પૃથ્વીના આધાર વગર આકાશમાં જ હોય છે. પછી ઠેઠ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વાર્થસિદ્ધિના વિમાનથી પણ ૧૨ યોજન ઊંચે 'ઈષત્ પ્રાગ્ભાર' નામની આઠમી પૃથ્વી છે; [ આઠ પૃથ્વીનાં નામ:–રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમ:પ્રભા, મહાતમ:પ્રભા અને ઈષિત્પ્રાગ્ભાર. ( અથવા તેનાં બીજા નામો આ પ્રમાણે–ધર્મા, વંશા, મેઘા, અંજના, અરિષ્ટા, મઘવી, માઘવી અને ઈષત્ પ્રાગ્ભાર. ] તેની વચ્ચેના ભાગમાં ૪૫ લાખ યોજન લાંબી–પહોળી ( બરાબર અઢી દ્વીપના ઢાંકણા જેવડી, અર્ધ–ગોળાકાર ) સિદ્ધશિલા છે; તેનાથી પણ ૧૨ યોજન ઊંચે લોકાગ્રે સિદ્ધ ભગવંતોનો વાસ છે, તેથી તેમને 'અષ્ટમ–ભૂ–વાસી' કહેવાય છે. ૪૫ લાખ યોજન વિસ્તારવાળા સિદ્ધલોકમાં અનંતા સિદ્ધજીવો રહે છે, દરેક છમાસ–આઠસમયમાં ૬૦૮ જીવો ( દરવર્ષે ૧૨૧૬ જીવો ) સંસારથી છૂટીને મોક્ષપુરીમાં જાય છે, છતાં ત્યાં કદી ભીડ થતી નથી, એક ક્ષેત્રમાં અનંતા જીવો રહ્યા છતાં એક બીજાને બાધા કર્યા વગર, સૌ પોતપોતાના સ્વરૂપમાં રહે છે ને અનંત સુખમાં અનંતકાળ સુધી લીન રહે છે; ફરીને કદી સંસારમાં આવતા નથી. તે સિદ્ધભગવંતોને નિશ્ચયથી અનંતગુણો છે. તે બધાયની શુદ્ધતા પ્રગટી ગઈ છે, પણ વ્યવહારમાં તેમના આઠ ગુણો પ્રસિદ્ધ છે, તે આ પ્રમાણે: ( ૧ ) ક્ષાયિકસમ્યક્ત્વ ( ૨ ) અનંતજ્ઞાન ( ૩ ) અનંતદર્શન ( ૪ ) અનંતવીર્ય ( ૫ ) સૂક્ષ્મત્વ ( ૬ ) અવગાહન ( ૭ ) અગુરુલઘુ અને ( ૮ ) અવ્યાબાધ—ઈત્યાદિ બધા ગુણોની શુદ્ધતાથી તે સિદ્ધ ભગવંતો શોભી રહ્યા છે.

આ અસાર સંસાર ખારો છે, ખારો કહેતાં કંઈ ખારા રસની વાત નથી, રાગ–દ્વેષાદિ આકુળતાના સ્વાદવાળો છે–દુ:ખરૂપ છે, ચૈતન્યનો મધુર શાંત સ્વાદ તેમાં નથી, એટલે નીરસ હોવાથી તેને ખારો કહ્યો. 'સબવિધ સંસાર અસારા.......યામેં નહીં સુખ લગારા......' આવા અસાર અને અપાર સંસારને રત્નત્રયનૌકામાં બેસીને મુનિવરો પાર કરી ગયા ને મોક્ષપુરીમાં પહોંચી ગયા.—તેઓ ખરેખર ધન્ય છે. તેઓ દુ:ખના દરિયામાંથી બહાર નીકળીને સુખના સમુદ્રમાં લીન થયા. આત્માને 'જ્ઞાનાર્ણવ' એટલે જ્ઞાનનો સમુદ્ર કહેવાય છે, અથવા તે ચૈતન્યરત્નાકર....સમ્યક્ત્વાદિ અનંત ચૈતન્યરત્નોનો સમુદ્ર છે. તે બધાય ગુણરત્નોને પ્રગટ કરીને સિદ્ધભગવંતો મોક્ષનગરીમાં અવિનાશી ચૈતન્યરૂપે શોભી રહ્યા છે. મોક્ષમાં જીવનો કે જ્ઞાનનો કાંઈ અભાવ નથી; ત્યાં તો જીવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપે–પોતાના અનંત ગુણોસહિત, શુદ્ધ સ્વરૂપ–અસ્તિત્વમાં સદાકાળ શોભી રહ્યો છે. પહેલાં સંસાર અવસ્થામાં તો જીવનો સદ્ભાવ હતો, પોતે પોતાના દુ:ખ–સુખને સ્વતંત્રપણે ભોગવતો હતો, ને હવે મુક્ત થતાં જીવનો જો અભાવ થઈ જતો હોય તો એવા મોક્ષને કોણ ઇચ્છે? પોતાના જ અભાવને ઇચ્છે–એવો મૂર્ખ કોણ હોય?–માટે કહ્યું કે મોક્ષદશામાં આઠ કર્મોનો નાશ છે પણ સમ્યક્ત્વાદિ આઠ મહાગુણોથી જીવ શોભી રહ્યો છે.

જે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ-મહાગુણે સંયુક્ત છે,
શાશ્વત, પરમ ને લોકઅગ્ર બિરાજમાન શ્રી સિદ્ધ છે.

જે શાશ્વત મહા આનંદ–આનંદ જગતમાં પ્રસિદ્ધ છે તે આવા સિદ્ધભગવંતોમાં રહેલો છે. સિદ્ધભગવંતો જગતમાં પ્રસિદ્ધ છે. તેમની સ્તુતિ કરતાં મુનિરાજ કહે છે: હે ભગવાન! સમ્યગ્જ્ઞાનરૂપી નાવમાં બેસીને, ભવસમુદ્રને પાર કરીને આપ શાશ્વતપુરી–સિદ્ધાલયમાં પહોંચ્યા;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભો ! હું પણ આપના જ માર્ગે એ શાશ્વતપુરીમાં આવી રહ્યો છું,—કેમકે આ લોકમાં ઉત્તમ પુરુષોને બીજું કોઈ શરણ નથી.

અહો, નિગોદાદિ સંસાર દુઃખોમાંથી નીકળીને વીતરાગવિજ્ઞાન વડે ભવ્યજીવો સિદ્ધસુખને પામે છે. ક્યાં નિગોદનાં દુઃખ ! ને ક્યાં સિદ્ધોનાં સુખ !! સંસારના દુઃખદરિયાને વીતરાગ-વિજ્ઞાનરૂપ નૌકાવડે પાર કરીને મુનિવરો મુક્તિપુરીમાં પહોંચ્યા. રત્નત્રયરૂપે પરિણમેલ જીવ તે ખરેખર ઉત્તમ તીર્થ છે, કેમકે રત્નત્રય-નૌકા વડે તે ભવસમુદ્રને તરે છે. પર્વત વગેરે તો ઉપચારથી (સ્થાપના નિક્ષેપથી) તીર્થ છે, ને રત્નત્રયવાળો જીવ તે તો ખરેખર (ભાવનિક્ષેપથી) તીર્થ છે. શાસ્ત્રોમાં સમ્યગ્દર્શનને, સમ્યગ્જ્ઞાનને-ભેદજ્ઞાનને, વીતરાગવિજ્ઞાનને તથા રત્નત્રય વગેરેને નૌકાની ઉપમા આપી છે; તેમાં બેસનાર, એટલે કે તેવા ભાવો પ્રગટ કરનાર જીવ જરૂર સંસારસાગરને પાર કરીને મોક્ષનગરીમાં પહોંચી જાય છે. કુંદકુંદસ્વામીને માટે અમૃતચંદ્રાચાર્ય બહુમાનપૂર્વક કહે છે કે 'आसन्न संसारपारावार पार....' તેમને સંસાર સમુદ્રનો પાર એકદમ નજીક આવી ગયો છે. જુઓ, આ વીતરાગ માર્ગમાં મુનિની દશા ! અરે, જ્યાં આત્માનો અનુભવ થયો ત્યાં અવિરત સમ્યગ્દષ્ટિને પણ સંસારનો કિનારો તો આવી ગયો છે, મુનિઓને તો એકદમ નજીક છે, ને અરિહંતો તો કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષપુરીમાં પહોંચી ગયા....સિદ્ધપદ પામી ગયા. સંસારનો અંત આવી ગયો, મોક્ષનો હવે કદી અંત નહીં આવે.—"સાદિ અનંત....અનંત સમાધિ સુખમાં" જ આત્મા લીન રહેશે. એ સુખના વેદનમાં અનંતકાળે પણ થાક લાગતો નથી. થાક તો મોહમાં હોય, જ્યાં મોહ નથી ત્યાં થાક કેવો !

પ્રવચનસારમાં કહે છે કે—અતીન્દ્રિયસુખમાં લીન તે કેવળી ભગવંતોને, માત્ર પરિણમનને કારણે કે લોકાલોકને જાણવાના કારણે કાંઈ થાક કે ખેદ થતો નથી. થાક તો મોહરૂપ-કષાયરૂપ પરિણમનમાં હોય; જ્ઞાનપરિણમનમાં વળી ખેદ કે થાક કેવો ?—એ તો સ્વાભાવિક-ક્ષાયિકી ક્રિયા છે. અરે, ત્યાં તો કુંદકુંદસ્વામી કહે છે કે-તે અરિહંત ભગવંતોને વાણી-વિહાર વગેરે જે ક્રિયાઓ છે તે, જોકે કર્મના ઉદયથી થયેલી હોવાથી ઔદયિકી છે—પરંતુ, વિશેષતા એ છે કે મોહ નહિ હોવાથી તે ઔદયિકી-ક્રિયાઓ પણ ચૈતન્યને વિકારનું કારણ થતી નથી, નવાં કર્મ તેનાથી બંધાતાં નથી, અને જૂનાં કર્મો ક્ષય થતાં જાય છે,—તો પછી તે ઔદયિકી-ક્રિયાને ક્ષાયિકી જ કેમ ન માનવી ? વાહ, જુઓ....આ ક્ષાયિક ચૈતન્યભાવનો મહિમા !—કે જેના જોરે ઔદયિકી ક્રિયાઓને પણ ક્ષાયિકી કહી દીધી. નીચેથી (એટલે કે ચોથા ગુણસ્થાનથી) પણ ચૈતન્યભાવ અને રાગાદિ ઉદયભાવોને ભેદજ્ઞાન વડે જુદા જાણીને પછી કેવળજ્ઞાન સાધ્યું છે. જેને ચૈતન્યભાવ અને રાગાદિભાવનું ભેદજ્ઞાન હોય તેને જ કેવળી પ્રભુની આ વાત સમજાય તેવી છે. (પ્રવચનસારની આ ૪૫ મી ગાથાના અપૂર્વ ન્યાય પ્રત્યે ગુરુદેવને અતિશય પ્રમોદ હતો; વારંવાર તેઓ કહેતા કે આ વાત સમ્યગ્દષ્ટિને જ બેસે તેવી છે.) તીર્થંકરોને વિહાર-દિવ્યધ્વનિ વગેરે ક્રિયાઓ વિદ્યમાન હોવા છતાં ક્ષણેક્ષણે તેમને પૂર્વકર્મોનો ક્ષય જ થતો જાય છે. જ્યાં મોહ નથી ત્યાં ચૈતન્યમાં વિકાર કેવો ? અને વિકાર નથી ત્યાં બંધન કેવું ? આવા અબંધ ચૈતન્યભાવનો અંશ ચોથા ગુણસ્થાને પણ ધર્મીજીવને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્તતો હોય છે, અને તેના બળે તે ઉદયભાવોથી ભિન્ન રહીને આત્માને સાધે છે. પછી તે ચૈતન્યના અનુભવના બળે જ આગળ વધતાં મુનિ થઈ, મોહને સર્વથા છેદી, કેવળજ્ઞાન પ્રગટાવી તે પરમાત્મા મોક્ષપુરીમાં જાય છે; અસાર-સંસારને પાર કરીને સારભૂત સિદ્ધપદમાં બિરાજે છે.—તે જીવોને ધન્ય છે....જેમણે આવું ઉત્તમ કામ કર્યું :—

ધન્ય ધન્ય છે તે જીવ...નરભવ પામી નિજનું હિત કર્યું;
તેણે અનાદિ ભ્રમણ-પંચ પ્રકાર તજી વર-સુખ લહ્યું.

જુઓ, મનુષ્યપર્યાયમાં વીતરાગવિજ્ઞાન પ્રગટ કરીને સિદ્ધપદને સાધવું તે જ કાર્ય ધન્યવાદને યોગ્ય છે. અરે, કુંદકુંદસ્વામીએ અષ્ટપ્રાભૃતમાં તો, જે જીવે સમ્યગ્દર્શન કર્યું તેને પણ ધન્ય કહીને પ્રશંસા કરી છે; તો પછી જેણે સિદ્ધપદને સાધી લીધું તેમની પ્રશંસા અને મહિમાની શી વાત ! એમને તો લાખ-લાખ ધન્યવાદ છે. અહીં 'ધન્ય છે ....ધન્ય છે' એમ કહીને પોતે તે મહાન પદની અનુમોદના તથા ભાવના કરે છે કે અહો ! આવું અચિંત્ય સિદ્ધપદ હું પણ ક્યારે પામું ! ક્યારે આ સંસારથી છૂટીને હું સિદ્ધાલયમાં સ્થિર થાઉં !-ને સદાકાળ મારા ચિદાનંદસ્વરૂપમાં જ સ્થિર રહીને પૂર્ણ આનંદને ભોગવ્યા કરું ! સાધકદશા તો થઈ છે એટલે એવો પરમપદપ્રાપ્તિનો ધન્ય અવસર જરૂર અલ્પકાળમાં જ આવશે—એમ ધર્મીજીવના અંતરમાં સમ્યગ્દર્શન સાથે કોલકરાર થઈ ગયા છે. સમ્યગ્દર્શન થયું એટલે હવે તો સિદ્ધપદ થયે જ છૂટકો.

જુઓ ભાઈ, મનુષ્યપણું પામીને જે આવું કામ કરે તેને ધન્ય-ધન્ય કહ્યા; પણ બહારની પદવી મેળવે, ધનના ઢગલા ભેગા કરે કે કંઈક શુભરાગનાં કામ કરે-તેને ધન્ય ન કહ્યો....આત્માને ભૂલીને ભવસમુદ્રમાં ડૂબે-એને તે ધન્ય કોણ કહે ? આત્માને ઓળખીને જે ભવસાગરને તરે તે જ ખરેખર ધન્ય છે.... ધન્ય છે.... લાખોવાર ધન્ય છે !

સિદ્ધભગવંતોને શરીર નથી છતાં તેઓ મહાન સુખી છે; તેથી સિદ્ધ થાય છે કે સુખ આત્માનો પોતાનો સ્વભાવ જ છે; શરીરમાં કે વિષયોમાં સુખ નથી. વળી તે સિદ્ધભગવંતો નિજ સ્વરૂપમાં જ રહીને એવા ને એવા મહાન સુખને આદિ-અનંત સદાકાળ ભોગવ્યા કરશે. સંસારનો જે ભૂતકાળ, તેના કરતાં સિદ્ધપદનો ભવિષ્યકાળ અનંતગુણો છે. ચૈતન્યસ્વભાવની અસંખ્ય સમયની સાધનાના ફળમાં આવું અનંતકાળનું અનંત સુખ પ્રગટે છે. મોક્ષમાર્ગ શરૂ થયા પછી મોક્ષને સાધતાં અનંતકાળ નથી લાગતો; મોક્ષમાર્ગનો કાળ બધો મળીને અસંખ્ય સમય જ હોય છે; તે અસંખ્ય સમયની આત્મસાધનાના ફળમાં જે મહાન સિદ્ધસુખ પ્રગટ્યું તે અનંત-અનંતકાળ રહેનારું છે.—ભવ-દુઃખનો તો અંત આવી ગયો, આ મોક્ષ-સુખનો અંત કદી નહીં આવે. હવે આ મોક્ષસુખ કદી જાશે નહિ ને ભવદુઃખ કદી આવશે નહીં.—ધન્ય ધન્ય એ દશા !

અનાદિકાળનું ભવદુઃખ મટાડવા માટે, અને અનંતકાળનું મોક્ષસુખ સાધવા માટે કાંઈ અનંતકાળ નથી લાગતો; પોતાના સ્વભાવની તાકાતથી અસંખ્ય સમયમાં જ આત્મા તે સિદ્ધપદને સાધી લ્યે છે. ધ્રુવસ્વભાવને અવલંબીને થયેલી તે સિદ્ધપર્યાય પણ સ્વભાવભાવભૂત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવાથી ધ્રુવ છે, તે સદા એવી ને એવી રહે છે. ધ્રુવ-ચિદાનંદસ્વભાવમાં સ્થિરતા કરવી તે જ અનંતકાળ સુધી મોક્ષમાં સ્થિર રહેવાનો ઉપાય છે.

અહો, જેણે આવી સાધના કરીને સિદ્ધપદને સાધી લીધું તે ધન્ય છે, ધન્ય છે.–એને ક્યાં હવે ધન્યવાદ જોઈએ છે?–પણ આપણને એના પ્રત્યે પ્રમોદનો, બહુમાનનો ભાવ આવે છે, તેથી કહીએ છીએ કે તે ધન્ય છે... ધન્ય છે.... એટલે કે હું પણ શીઘ્ર હવે એવી ધન્યદશાને પામું—એવી એમાં ભાવના છે, અનુમોદના છે.

ચોથાગુણસ્થાને શુદ્ધાત્માના આશ્રયથી જે સમ્યગ્દર્શન કર્યું તે સિદ્ધદશામાંય સદાય રહે છે. સિદ્ધદશામાં શરીર નથી રહેતું, પુણ્ય નથી રહેતા, રાગાદિ નથી રહેતા, પણ સમ્યક્ત્વ–જ્ઞાન–સુખ વગેરે રહે છે. સંસારમાંથી મોક્ષ થાય, પણ મોક્ષમાંથી ફરીને સંસાર કદી ન થાય; કેમકે મોક્ષદશા તો સ્વભાવભૂત છે, પ્રગટ્યા પછી તેનો કદી નાશ થતો નથી; વિભાવનો તો નાશ થાય છે. જેમ ચણાને સેકી નાંખ્યા પછી ફરીને તે ઊગતો નથી ને સ્વાદમાં પણ તે મીઠો લાગે છે; તેમ આનંદની મીઠાસથી ભરેલો ચૈતન્ય-ચણો...તેને રત્નત્રયના તાપ વડે સેકતાં તેમાંથી ભવનાં બીજરૂપ વિભાવનો એકવાર સર્વથા નાશ થઈ ગયા પછી ફરીને તેને વિભાવ કે સંસાર થતો નથી, ને તેનામાં અતીન્દ્રિય આનંદનો મીઠો સ્વાદ આવે છે. સિદ્ધભગવંતોની શાંતિ અનંતકાળે પણ એવી ને એવી તાજેતાજી રહે છે, કદી તે વાસી થતી નથી કે તેમાં કદી કંટાળો આવતો નથી.

અહો, સિદ્ધપદની સાધનાનું આવું મહાન કાર્ય જેણે કર્યું તે જીવ ધન્યવાદને પાત્ર છે. પ્રથમ આવા ઉત્તમ મોક્ષપદને અને તેના શુદ્ધ માર્ગને ઓળખીને પ્રતીત કરવી જોઈએ. અહો જીવો! તમે આ ઉપદેશ સાંભળીને આવા વીતરાગ વિજ્ઞાનનો આદર કરો....તેમાં જ આ મનુષ્ય–અવતારની સફળતા છે; ને જે આવું કાર્ય કરે છે તે જ ધન્ય છે.–બાકી તો રત્નચિંતામણિ જેવા આ મનુષ્યઅવતારને પણ જે વિષય–કષાયોમાં ગુમાવી દે છે તે તો મનુષ્યઅવતારને હારી જઈને ભવસમુદ્રમાં જ ડૂબે છે ને દુઃખી થાય છે...એવા જીવોની તો સંતોને કરુણા આવે છે—'तातैं दुःखहारी, सुखकार....कहे सीख गुरु करुणा धार.' શ્રીગુરુની આ શિખામણ સાંભળીને હે ભવ્ય જીવો! તમે આત્મહિતમાં પ્રવૃત્તિ કરો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ✽ રત્નત્રયને આરાધવાનો ઉપદેશ ✽

✽ ઝટિતિ નિજ હિત કરો ✽

मुख्योपचार दु भेद यों बड़भागि रत्नत्रय धरें,
अरु धरेंगे ते शिव लहें, तिन सुयश-जल जग-मल हरें;
इम जानि, आलस हानि, साहस ठानि यह सिख आदरों,
जबलों न रोग-जरा-ग्रहे तबलों झटिति निज हित करो ॥ १४ ॥

નિશ્ચય અને વ્યવહાર, અર્થાત્ મુખ્ય અને ઉપચાર એવા બે ભેદરૂપ રત્નત્રય, તેને જે **बड़भागी** મહા ભાગ્યવાન મોક્ષાર્થી જીવો ધારણ કરે છે અને કરશે તેઓ જ મોક્ષરૂપ કલ્યાણને પામે છે. એવા મોક્ષગામી મહાત્માઓના સુયશરૂપી પવિત્ર જળ જગતના જીવોના મિથ્યાત્વાદિ મેલને ધોઈ નાંખે છે; તે મહાપુરુષોએ કરેલો જે મોક્ષમાર્ગનો ઉપદેશ, તેને અંગીકાર કરીને સંસારી જીવો પોતાના કષાયકલંકને દૂર કરે છે.

સંસારમાં ચારગતિના મહાન દુઃખો, અને મોક્ષનું પરમ સુખ એ બંને બતાવ્યાં, તે સુખ પામવાનો અને દુઃખોથી છૂટવાનો ઉપાય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે તેનું સ્વરૂપ પણ આ પુસ્તકમાં બતાવ્યું; આ જાણીને, આળસ દૂર કરો....સાહસ ધારણ કરો....અને શ્રીગુરુની આ શિખામણને આદરપૂર્વક ગ્રહણ કરીને, પરમ ઉદ્યમથી રત્નત્રયધર્મની આરાધનામાં લાગી જાઓ...તેનો આ અવસર છે. માટે, રોગ–બૂઢાપો વગેરેથી શરીર ઘેરાઈ જાય, ઇન્દ્રિયો બળહીન થઈ જાય–ત્યારપહેલાં જાગૃત થઈને, ઝટ પોતાનું હિત કરી લ્યો.

જુઓ, કેવો મીઠો ઉપદેશ આપે છે! હવે આ છહઢાળા પૂરી થવાની તૈયારી છે, તેથી ભલામણ કરે છે કે હે જીવ! તું આ ઉપદેશ ગ્રહણ કરીને ઝટ તારા આત્માનું હિત કરી લે. અત્યારે નહિ કર તો પછી ક્યારે કરીશ? અત્યારે તો શરીર યુવાન છે–પછી કરીશું.... એમ દેહના ભરોસે રહીશ નહીં. શરીરમાં ક્યારે કેવો રોગ આવી જાય, ઘડપણ આવી જાય, અરે! જુવાની હોય તોપણ હાર્ટફેલ વગેરે થઈ જાય છે; માટે આત્મહિતનો પ્રયત્ન અત્યારે જ કર....એમાં આળસ ન કર. આળસ છોડીને સાહસ કર. જેમ લડાઈમાં મરણિયો થઈને લડે છે-કેસરિયા કરે છે....તેમ આત્માને સાધવા માટે અપૂર્વ સાહસ ધારણ કરીને તું મરણિયો થા.... કેસરિયા કરીને મોહ સામે લડ....પાછો ન પડે એવો અખંડ પુરુષાર્થ પ્રગટ કરીને ઝટ–જલ્દી તારા આત્મહિતને સાધી લે. આ ઉત્તમ શિખામણને તું અંગીકાર કર.

મંગળાચરણ પછી પહેલા જ શ્લોકમાં કહ્યું હતું કે–

"જે ત્રિભુવનમાં જીવ અનંત, સુખચાહે દુઃખથી ભયવંત;
માટે દુઃખહારી સુખકાર કહે શિખ ગુરુ કરુણાધાર."

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—અને હવે શાસ્ત્ર પૂરું કરતાં ભલામણ કરે છે કે—' ઇમ જાણી, આલસ હાનિ, સાહસ ઠાનિ, યહ શિખ આદરો; જબલૌં ન રોગ જરા ગ્રહે તબલૌં ઝટિતિ નિજ હિત કરો. '

ત્યાં પણ ' શિખ ' શબ્દ હતો, અહીં પણ ' શિખ ' છે. કરુણાવંત ગુરુઓએ શાસ્ત્રોમાં જીવોના દુઃખને હરનારો ને સુખ કરનારો એવો જે વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે તેને આ શાસ્ત્રદ્વારા જાણીને હે ભવ્યજીવો ! તમે આદરપૂર્વક તેનું ગ્રહણ કરો; આળસ છોડી, મહાન ઉદ્યમપૂર્વક વીતરાગી-રત્નત્રયની આરાધનામાં લાગી જાઓ. જે કોઈ જીવો મોક્ષમાં ગયા છે અને જશે તેઓ રત્નત્રયની આરાધના કરીને ગયા છે અને જશે. બડભાગી એટલે જેમનું ભાગ્ય મહાન છે—જેઓ મોક્ષગામી છે એવા ઉત્તમ જીવો રત્નત્રયને ધારણ કરે છે. રત્નત્રય જેવું મહાન ધન જગતમાં બીજું કોઈ નથી. ઘણા પૈસા વગેરે હોય માટે મહા-ભાગ્યવાન એમ અહીં નથી કહેતા, અહીં તો જેની પાસે રત્નત્રય છે તે મહાત્મા મહા ભાગ્યવાન છે-તે મોક્ષગામી છે. તેની આરાધનાનો અત્યારે અવસર છે; માટે ઝટ પોતાનું હિત કરી લ્યો.

શ્રી કુંદકુંદપ્રભુ ભાવપ્રાભૃતમાં કહે છે કે જ્યાંસુધીમાં વૃદ્ધાવસ્થા આક્રમણ ન કરે, રોગરૂપી અગ્નિ તારી કાયા-કુટિરને બાળી ન નાંખે, અને ઇન્દ્રિયોનું બળ ગલિત ન થઈ જાય, ત્યાર પહેલાં હે જીવ ! સમ્યક્ત્વાદિ ભાવ વડે તું તારું આત્મહિત કરી લે. ( ગાથા-૧૩૨ ). હે મહાસત્ત્વ....મહાન પુરુષાર્થી ! આત્માની અપૂર્વ ભાવના ભાવ.

વીતરાગભાવરૂપ જે શુદ્ધ અભેદ રત્નત્રય છે તે મુખ્ય છે, તે નિશ્ચય મોક્ષમાર્ગ છે; અને તેમાં ત્રણ ભેદ કરીને સમજાવવું અથવા તેની સાથેના ગુણસ્થાન અનુસાર રાગાદિને પણ સાથે ભેળવીને કથન કરવું તે ઉપચાર છે, વ્યવહાર છે; તેની સાથે પણ અંશે શુદ્ધતા તો રહેલી છે જ. ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને પણ જેટલી-જેટલી શુદ્ધતા છે તેટલો તો નિશ્ચય મોક્ષમાર્ગ છે. જેઓ વિલંબ વગર, આળસ વગર, મહાન પુરુષાર્થનું સાહસ કરીને આવા મોક્ષમાર્ગને ધારણ કરે છે તે બડભાગી છે, ધન્ય છે, કૃતાર્થ છે,—કરવા જેવું ઉત્તમ કામ તેમણે કર્યું છે;—સાહસ એટલે અપૂર્વ સ્વવીર્યના પરાક્રમ વડે તે પોતાના મોક્ષની રચના કરે છે. તે જ સાચો વીર છે. વિકારને રચે ને સંસારમાં રખડે એને તે વીર કોણ કહે ? સ્વવીર્યના સામર્થ્યને ભૂલીને અનાદિકાળથી પરસન્મુખ હતો, હવે તે પરસન્મુખતા છોડીને જેણે પોતાની વીર્યશક્તિને સ્વભાવ તરફ ઊછાળીને સ્વસન્મુખતા કરી છે, તેણે અપૂર્વ ચૈતન્ય-પુરુષાર્થ કર્યો છે, તે ખરો બહાદૂર-વીર અને પ્રશંસનીય છે. બીજા સાથે લડવાની બહાદૂરી તે તો કષાય છે. જેણે ધ્યાન વડે આત્માને અનુભવમાં લીધો તેને નિશ્ચય ને વ્યવહાર રત્નત્રય એકસાથે થયા....તે " મહાભાગી " છે. જિનેન્દ્રદેવના એકહજાર ને આઠ ૧૦૦૮ મંગલનામોમાં પણ ' મહાભાગ ' એવું એક નામ આવે છે. ' મહાભાગ ' કહેતાં અહીં મોક્ષરૂપ મહાન ભાગ્યની વાત છે; પુણ્યજનિત લૌકિક ભાગ્યની વાત નથી. ચૈતન્યના વૈભવ પાસે, આખા જગતનો બાહ્યવિભવ પણ અત્યંત તૂચ્છતાને પામે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામેલા મહાત્મા...કે જેઓ કેવળજ્ઞાન પ્રગટ કરવાનું પરાક્રમ કરી રહ્યા છે....તેમનો ઉજ્જવળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યશ, તેમનાં ગુણગાન-બહુમાન અને ઓળખાણ, તે સંસારી જીવોનાં મેલનો નાશ કરે છે. એવા તે મોક્ષસાધક મહાત્માઓ જગતમાં ધન્ય છે.

જગતમાં અનંત વિશુદ્ધ-સિદ્ધ ભગવંતોનો સમૂહ પ્રસિદ્ધ છે, અતીન્દ્રિયસ્વરૂપ એવા તે સિદ્ધ ભગવંતોના શુદ્ધ અસ્તિત્વને લક્ષમાં લઈને (-વિકલ્પ વડે તે લક્ષમાં ન આવે, વિકલ્પથી જુદા પડેલા અંતર્મુખ જ્ઞાનવડે જ તે લક્ષમાં આવે,—એ રીતે લક્ષમાં લઈને) અત્યંત મહિમાપૂર્વક જે તેમને ધ્યાવે છે, તેના મિથ્યાત્વાદિ મેલનો નાશ થઈને તેને સમ્યક્ત્વાદિ પ્રગટ થાય છે; એટલે તેના ઉપર સિદ્ધ ભગવાન પ્રસન્ન થયા કહેવાય છે. ('**प्रसीद विशुद्ध सुसिद्ध समूह**' તેમાં '**प्रसीद**' નો અર્થ 'પ્રસન્ન થાઓ'—એવો થાય છે.)

—આવા સિદ્ધપદની પ્રાપ્તિ શુદ્ધોપયોગીને થાય છે. તે શુદ્ધોપયોગરૂપ થયેલા જીવની પ્રશંસા કરતાં પ્રવચનસાર ગા. ૨૭૩માં આચાર્ય કુંદકુંદપ્રભુએ તેને 'સકલ મહિમાવંત ભગવંત' કહીને ઘણો જ મહિમા કર્યો છે; તે સકલ મહિમાવંત ભગવંતો કર્મના આવરણને તોડીને કેવળજ્ઞાન પ્રગટ કરવા માટે અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ કરી રહ્યા છે. તેમને પ્રગટેલો શુદ્ધોપયોગ તે સર્વ મનોરથનું સ્થાન છે; મુમુક્ષુના સર્વ મનોરથ એટલે કેવળજ્ઞાન-સિદ્ધપદ વગેરે, તેના વડે જ સિદ્ધ થાય છે. માટે હે જીવો! આવા શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગને અંગીકાર કરીને તમે ઝટ તમારું હિત કરો. તથા એવા મોક્ષમાર્ગી-બડભાગી-ધર્માત્માઓના આદરપૂર્વક યશગાન કરો...તેના વડે પણ પાપકલંક દૂર થાય છે.

અરે, મારે આ મનુષ્યઅવતાર અને ઉત્તમ જૈનધર્મ પામીને હવે અલ્પકાળમાં જ મોક્ષને સાધવો છે; મોક્ષને સાધવાના ટાણે આળસ કેમ પાલવે? બહારનાં કામમાં ને રાગના કામમાં જેટલો પ્રયત્ન કરે છે તે તો બધોય પ્રમાદભાવ છે, સંસાર સંબંધી જેટલો પ્રયત્ન તે બધો પ્રમાદ છે, આળસ છે, તેનો રસ છોડી, ચૈતન્યભાવના વીતરાગી પ્રયત્નમાં લાગો.... આત્માને સાધવા માટે હિંમત કરો....સાહસ કરો...કટિબદ્ધ થઈને તેમાં લાગી જાઓ.... અવશ્ય તેનું ફળ આવશે. અંતરથી જે પોતાનું હિત કરવા માટે જાગ્યો તેને હિતનો માર્ગ પોતામાંથી જ જરૂર મળે છે. આત્મામાં સુખસ્વભાવ ભર્યો છે ને તે સુખને અનુભવવાનો ઉપાય પણ પોતામાં જ છે. માટે અપૂર્વ સાહસ કરીને ઝટ મોક્ષને સાધવાનું પરાક્રમ પ્રગટ કરો...'હું મોક્ષને માટે પાત્ર છું; સંસારભ્રમણ મને શોભતું નથી, તેનો અંત કરીને હવે હું મોક્ષના માર્ગે જાઉં છું'—આમ ઉલ્લસિત પરિણામ વડે પોતાનું હિત કરવાનો આ ઉત્તમ અવસર છે.

આ શરીર, ઇંદ્રિયબળ, આયુષ્ય, બહારના સંયોગો એ કોઈ કાયમ રહેનારાં નથી, ક્ષણમાં છૂટી જવાના છે; માટે તેના ભરોસે ન રહેતાં, સાવધાન થઈને અસંયોગી ચૈતન્યતત્ત્વના જ અવલંબને પોતાનું હિત કરી લ્યો....શીઘ્ર આત્મહિત સાધી લ્યો. ભોગભૂમિમાં ભગવાન ઋષભદેવના જીવને સંબોધન કરવા ગયેલા મુનિવરો તેને કહે છે કે હે આર્ય! તું સમ્યક્ત્વને ગ્રહણ કર....'अद्य' એટલે હમણાં....અત્યારે જ...તું સમ્યક્ત્વને ગ્રહણ કર....તે માટે જ અમે અહીં તને સંબોધવા આવ્યા છીએ.—અને તે મહાભાગી જીવ ખરેખર તે વખતે જ, તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મુનિવરોની હાજરીમાં અંતર્મુખ થઈને સમ્યક્ત્વ પ્રગટ કરે છે. તેમ અહીં પણ કહે છે કે-દુઃખથી છૂટીને સુખી થવા માટેનો આ ઉપદેશ ગ્રહણ કરીને તમે 'ઝટિતિ નિજ હિત કરો.'

પ્રશ્નઃ—આપ તો કહો છો કે ગમે તેવી પ્રતિકૂળતામાં, નરકમાં પણ આત્માનું જ્ઞાન થઈ શકે છે, તો પછી વૃદ્ધાવસ્થામાં નીરાંતે કરશું, અત્યારે શું ઉતાવળ છે! અત્યારે તો પૈસા કમાઈ લઈએ...ને વૈભવ ભોગવી લઈએ....!

ઉત્તરઃ—અરે ભાઈ, તારો ભાવ ઊંધો છે. જો ખરેખર તને આત્માનો પ્રેમ હોય ને કલ્યાણ કરવું જ હોય તો અત્યારે કેમ તે નથી કરતો? 'આ પછી કરશું' ને પૈસાનું હમણાં— એનો અર્થ એ થયો કે તને પૈસાનો ને વિષય-ભોગોનો જેવો પ્રેમ છે તેવો આત્માનો પ્રેમ નથી, એટલે 'પછી ઘડપણમાં કરશું' એમ તું આડ નાંખીને આ વાતને ટાળી દે છે. અહીં તો કહે છે કે જો દુઃખથી છૂટવું હોય તો પહેલું કામ આ કર. બીજી લાખ-કરોડ વાત પડતી મેલીને પણ આત્માના હિતનો ઉપાય પહેલાં કર. 'નરકાદિની પ્રતિકૂળતા વચ્ચેય આત્માનું જ્ઞાન થઈ શકે છે'-એનો અર્થ કાંઈ એમ નથી કે અત્યારે તે ન કરવું. ઊલટું એમ પ્રેરણા કરી કે અત્યારે તો એવી કોઈ પ્રતિકૂળતા નથી ને સત્સંગ પણ મળ્યો છે—માટે અત્યારે આત્માનું જ્ઞાન સહેલાઈથી થઈ શકશે, એટલે અત્યારે જ તું આત્મહિતના ઉદ્યમમાં લાગી જા; થોડીક પ્રતિકૂળતા જોઈને અટકી ન જા. વળી મનુષ્ય અવતારમાં તો સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રનો પણ અવસર છે, તે બીજે ક્યાંય નથી. જો આવો ઉત્તમ આત્મહિતનો અવસર પામીને પણ તું તેની દરકાર નથી કરતો....તો તારા અંતરમાં બાહ્ય વિષયોનો પ્રેમ છે. (પૈસાનો પ્રેમ તે પણ વિષયોનો જ પ્રેમ છે.) જેને આત્માનો ખરો પ્રેમ હોય, જેને ભવદુઃખનો ભય હોય, તે તો આવી આળસ ન કરે. આ હિત-શિખામણ સાંભળતાં વેંત અંદરથી ઊંચો થઈ જાય કે અહો, મારા હિતની અપૂર્વ વાત મને મળી....હવે આ દાવ હું નહીં ચૂકું. હા....કોઈને શરીરમાં ઘડપણ આવી જ ગયું હોય કે રોગાદિ કોઈ પ્રતિકૂળતા આવી પડી હોય, ને હતાશ થઈ જાય.... કે 'અરેરે, હવે હું શું કરું?....જીવનમાં મેં મારું કાંઈ હિત ન કર્યું!'-તો તેને કહે છે કે અરે ભાઈ! તું મુંઝા મા....ઘડપણમાં કે પ્રતિકૂળતામાં, જીવનની છેલ્લી ઘડીએ પણ આત્માનું જ્ઞાન થઈ શકે છે. પણ, એનો દાખલો લઈને અત્યારે જુવાનીમાં તું પ્રમાદ કર તો તે યોગ્ય નથી. ઊલટું વૃદ્ધાવસ્થામાં પસ્તાવું પડે....એના કરતાં અત્યારે જ સાહસ કરી, પાપ-ભાવોથી છૂટીને આત્માને સાધી લેને!! શું તને ખાતરી છે કે લાંબુ આયુષ્ય હશે જ ને વૃદ્ધાવસ્થા આવશે જ! અને લાંબુ આયુષ્ય હોય તો'ય શું? લાંબુ આયુષ્ય કાંઈ પાપમાં વીતાવવા માટે છે?-નહીં; પહેલેથી જ જીવનમાં ધર્મના સંસ્કાર અને આત્માની સાધના (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર)નો પ્રયત્ન કર્તવ્ય છે. અત્યારે પાપ કરી લઈએ ને પછી ધર્મ કરશું એ વિચાર બરાબર નથી. માટે સંત-જ્ઞાનીઓ વારંવાર જગાડે છે કે 'હે જીવ! તું પ્રમાદ છોડી જાગૃત થા....જાગૃત થા.' થોડા કાળમાં ઘણું મહાન કાર્ય કરવાનું છે....અત્યારે પ્રમાદ ન પાલવે.

વી. ૬૮

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ જ્યાં સ્વાનુભવમાં આવ્યો ત્યાં ધર્માત્માને સિદ્ધભગવાન પ્રસિદ્ધ દેખાણા કે સિદ્ધભગવંતો આવા જ પૂર્ણ આનંદમય છે. તે ધર્માત્માના અંતરમાં સિદ્ધભગવાનની સ્તુતિ કોતરાઈ ગઈ છે, તેમનો તેને પરમ આદર છે. અહા, જેઓ આવું સિદ્ધપદ પામ્યા તેઓ તો ધન્ય છે, અને તે સિદ્ધભગવંતોને તથા તેમણે સાધેલા મોક્ષમાર્ગને ઓળખીને તેની જે પ્રશંસા અને આદર કરે છે તે જીવ પણ ધન્ય છે; તેને પણ મિથ્યાત્વાદિ મલિન ભાવો ધોવાઈ જઈને સમ્યક્ત્વાદિ શુદ્ધભાવો પ્રગટ થશે. હે ભાઈ! આવા મહાન સુખી સિદ્ધભગવંતો તો જગતમાં સુપ્રસિદ્ધ છે, તું તેમને કેમ નથી દેખતો? અને તે સિદ્ધભગવંતો જે માર્ગે મોક્ષમાં ગયા તે મોક્ષમાર્ગ પણ જગતમાં પ્રસિદ્ધ છે; રાગ વગરનો તે પ્રસિદ્ધ રત્નત્રયમાર્ગ આજેય જગતમાં પ્રસિદ્ધપણે ચાલી રહ્યો છે; તું પણ આ સુંદર વીતરાગ માર્ગ વડે ઝટ તારું હિત કરી લે.

શિષ્યના દોષને છુપાવનારા ગુરુ કરતાં થોડા પણ દોષ જોઈ તેને ઘણાં પ્રકારે પ્રગટ કરનારા દુર્જનો સારા છે, કે જેથી ધર્માર્થી પુરુષો પોતાનો દોષ જાણી તેનો ક્ષય કરવાના ઉદ્યમ ભણી પ્રવર્તે; તેથી દોષ પ્રગટ કરનારા દુર્જનો કોઈ અપેક્ષાએ ગુરુ સમાન કાર્યકારી છે. ધર્માત્મા પુરુષો પોતાના દોષ છુપાવવાવાળા ગુરુઓ કરતાં દોષ પ્રગટ કરવાવાળા દુર્જનોને ભલા સમજે છે. વળી દોષને પ્રગટ કરનાર જગતમાં જો ન હોત તો જીવની સ્વચ્છંદ દશા ક્યા મલિન છેડે જઈ અટકત એની કલ્પના પણ અશક્ય છે.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૪૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ✻ શાસ્ત્રકારની અંતિમ ભલામણ ✻
## 'અવસર આ ચુકશો નહીં.'

卐

यह राग आग दहे सदा तातें समामृत सेइये,
चिर भजें विषयकषाय अब तो त्याग, निजपद बेइये।
कहा रच्यो पर पदमें? न तेरो पद यहै, क्यों दुःख सहे?
अब 'दौल' होऊ सुखी स्वपदरची, दाव मत चूको यहै। १५।

આ રાગરૂપી આગ જીવને સદાય બાળે છે, તેનાથી બચવા માટે ચૈતન્યના સમરસરૂપી અમૃતનું સેવન કરીએ. અરે જીવ! વિષય-કષાયોને તો દીર્ઘકાળ તેં ભોગવ્યા ને દુઃખી થયો, હવે તો તેને છોડ ને તારા નિજપદને સંભાળ! તેમાં જ તારું સુખ છે. તું રાગાદિ પરપદમાં કેમ રાચી રહ્યો છે? એ કાંઈ તારું સ્વ-પદ નથી, પર પદની મમતાથી મફતનો દુઃખ કાં સહન કરે છે? કવિ દૌલતરામ કહે છે કે હે આત્મન્! હવે તું તારા ચૈતન્યમય સ્વપદમાં રાચ અને સુખી થા!—આ દાવ, આ આત્મહિતનો ઉત્તમ અવસર તું ચુકીશ મા.

હવે, છહઢાળાનું આ છેલ્લું (પચાસમું) પ્રવચન અને છેલ્લો શ્લોક છે. તેમાં શાસ્ત્રકાર આ છેલ્લી ભલામણ કરે.

જુઓ, કેવી સરસ વાત કરે છે! ટૂંકામાં સીધી-સાદી અને મહત્ત્વની વાત કહી દીધી; રાગ તે આગ સમાન છે, તે જીવને સદા દુઃખમાં બાળે છે; અને ચૈતન્ય-તત્ત્વમાં શાંતિનું અમૃત ભર્યું છે; માટે રાગની આગમાં બળવાનું છોડીને ચૈતન્યના શાંતરસનું પાન કરો. જુઓ, કેવી સીધી વાત છે!-રાગમાં દુઃખ છે તેની કોણ ના પાડી શકે? અને ચૈતન્યની શાંતિમાં સુખ છે-તેની પણ કોણ ના પાડે?

અહીં 'રાગ'ને આગ કહેતાં, રાગની સાથે દ્વેષ, મોહ, ક્રોધ, મિથ્યાત્વ, અજ્ઞાન, પાપ તેમજ પુણ્ય—એ બધાય વિભાવો પણ આગ જેવા જ દુઃખદાયક છે એમ સમજી લેવું, કેમકે તે બધાય ભાવો પણ રાગની જાતના છે, ચૈતન્યજાતિના નથી; સ્વપદ નથી, પર પદ છે.

અનાદિથી રાગાદિને પોતાનાં માનીને, પરપદમાં તું સૂતો છે, પણ હે ભાઈ! તું જાગીને જો....એ રાગ તારું પદ નથી; તારું પદ તો આનંદથી ભરેલું ચૈતન્યસ્વરૂપ છે....આવા તારા નિજપદમાં તું આવ....આવ!-એમ સંતો તને બોલાવે છે.

અરે, ભગવાન આત્મા...એકદમ શાંત શીતળસ્વભાવી, એને તે કષાયના બેસણામાં કાંઈ બેસાડાય?-નહીં રે નહીં, કષાયમાં તો તેને બળતરા થાય છે, દુઃખ થાય છે;—પછી ભલે શુભરાગનો સૂક્ષ્મ કષાય હોય. જેમ 'સુકુમાર'નું શરીર અતિશય કોમળ એવું હતું કે નીચે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક રાઈનો દાણો પણ ખટકતો હતો, તે તેને શાંતિથી બેસવા નહોતો દેતો; તેમ શીતળતાનો નાથ, શાંતિનો પિંડ ભગવાન આત્મા, તેનું ચૈતન્યશરીર એવું કોમળ-શાંત છે કે રાઈના દાણા જેટલો કષાયનો કણિયો પણ તેને અશાંત દુઃખી કરે છે, ચૈતન્યસ્વરૂપમાં તે પાલવતો નથી.

અરે, અનાદિથી તારા આત્મામાં રાગની રુચિરૂપ આગ લાગી છે, તેમાં તારી ચેતના બળીને દુઃખી થઈ રહી છે; તેને બચાવવા, ને આગને ઠારવા, પહેલાં તે રાગને તારા ચેતનસ્વભાવથી જુદો તો જાણ! ભેદજ્ઞાન તો કર! રાગને લાભકારક માનીશ તો એને ક્યારે ઠારીશ? તારા ચૈતન્યમાં સમભાવરૂપ અમૃત ભર્યું છે, તેના વડે રાગની આગને શીઘ્ર ઠારી નાંખ. વિષયો-કષાયોને ઘણા કાળથી તેં ભોગવ્યાં....વિચાર તો કર....એમાં તને શું સુખ મળ્યું?—જરાય સુખ ન મળ્યું, માત્ર દુઃખી જ થયો. તો પછી હવે તો તેને છોડ! અને તારા ચૈતન્યમય સ્વઘરમાં જરાક નજર તો કર...કેટલી અપાર શાંતિ એમાં ભરી છે! તેમાંથી વહેતા ઉપશમરસવડે આકુળતાની આગ બુઝાઈ જશે. બહારમાં તો સુખની મિથ્યા ભ્રાંતિ છે ને આત્મામાં સાચી શાન્તિ છે....ભ્રાંતિ છોડ ને શાંતિમાં આવ.

જેમ પાપરાગમાં આકુળતા ને દુઃખ છે તેમ પુણ્યરાગમાં પણ આકુળતા ને દુઃખ છે; પાપ-પુણ્ય સર્વરાગની આગ વગરનો પરમ શીતળ—વીતરાગી શાંતિથી ભરેલો એવો ભગવાન આત્મા, તે ધર્માત્માની વિશ્રાંતિનું ધામ છે. જેમ સમવસરણમાં ઇન્દ્ર વગેરેને માટે વિશ્રાંતિનાં દિવ્ય સ્થાન હોય છે, અહા, સ્વર્ગનો ઇન્દ્ર પણ જ્યાં વિશ્રાંતિ કરે તે સ્થાન કેવું હશે!—તો અહીં આત્મામાં ભગવાન-ચૈતન્યધામ એવું અદ્ભુત છે કે જેમાં મોટા મોટા મુનીન્દ્ર વગેરે ધર્માત્માઓ વિશ્રામ કરે છે....એમાં કેટલી શાંતિ! સમવસરણમાં ઇન્દ્ર જ્યાં વિશ્રામ લ્યે છે તે તો ચંદ્રકાંતમણિની જડ-શીલા છે, ને આ ધર્માત્માઓ જ્યાં વિશ્રામ કરે છે તે તો ચૈતન્યની અદ્ભુત શીતળ-શાંત શીલા છે...શાંત ઉપશમ રસ એમાંથી ઝરે છે.

ભાઈ, આ કોઈક બીજાની વાત નથી, તારા આત્માની આ વાત છે; તું રાગની આગમાં બળી રહ્યો છે, તેનાથી છોડાવવા તને તારું નિજપદ દેખાડીએ છીએ. આવી મજાની શાંતિ નિજપદમાં જ ભરી છે, તો મફતનો પરમાં રાચીરાચીને દુઃખ શા માટે સહન કરે છે? બાપુ! તારો આત્મા વિષય-કષાયની આગમાં બહુ બળ્યો,....ઘણા ઘણા કાળ સુધી...અનાદિથી બળ્યો.... હવે તો તારી દયા કર...હવે તે એ આગમાંથી તારા આત્માને બહાર કાઢ!—આમ કવિ દૌલતરામજી પોતે પોતાના આત્માને સંબોધીને પણ કહે છે ને ભવ્ય જીવોને પણ સંબોધન કરે છે....કે હવે આ અવસર ચુકશો મા. **अवसर बार बार नहीं आवे**....ચૈતન્યનું અમૃત તારામાં ભર્યું છે જ, તેના વડે કષાયની આગમાંથી તારા આત્માને બચાવી લે.

જ્ઞાનામૃતની અનુભૂતિ તે જ કષાયની આગથી બચવાનો ઉપાય છે. અરે, ક્યાં વિષય-કષાયના ચારગતિના દુઃખ! ને ક્યાં આત્માના અનુભવની અપૂર્વ શાંતિ! આત્મજ્ઞાન વગરના દેવો પણ ચૈતન્યશાંતિ વગર કષાયમાં જ સળગી રહ્યા છે. એકલા અશુભમાં-પાપમાં જ સળગે છે એમ નહિ, શુભમાં કે અશુભમાં બધાય રાગ-દ્વેષ-મોહ-કષાયમાં બળતરા ને અશાંતિ જ છે, તેમાં જીવો સળગી રહ્યા છે. બહારમાં શરીર સળગે તેમાં તો આત્માને કાંઈ નથી, અંદર કષાયની આગ સળગે તે આત્માને દઝાડે છે, જુઓને, અહીં નજીકમાં જ (સોનગઢથી સાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગાઉ, લગભગ ૨૨ K.M.) શત્રુંજય પર્વત ઉપર પાંચ પાંડવ મુનિઓ આત્માના ધ્યાનમાં હતા, ત્યાં તેમના પર અગ્નિનો ભયંકર ઉપસર્ગ થયો, શરીર તો બહારમાં ભડભડ સળગતું હતું, છતાં અંતરમાં ચૈતન્યના નિર્વિકલ્પ અનુભવની પરમ શાંતિથી તેમણે કષાયઅગ્નિ ઉત્પન્ન જ થવા ન દીધો, તેમનો આત્મા કષાયમાં બળ્યો નહિ પણ ચૈતન્યની પરમ શીતળતામાં એવો ઠર્યો કે યુધિષ્ઠિર-ભીમ ને અર્જુન-એ ત્રણ મુનિવરો તો તે જ વખતે કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષમાં ગયા; ને બીજા બે મુનિઓ પણ ક્રોધ વગર સમભાવથી ઉપસર્ગ જીતીને સર્વાર્થસિદ્ધિમાં ગયા. જુઓ, ચૈતન્યમાં શાંતિની કેટલી તાકાત!-કે એકકોર શરીર બળે ને બીજી કોર આત્મા કેવળજ્ઞાન લ્યે! આવા સ્વભાવવાળું તારું નિજપદ છે, તેને તું સંભાળ....તેને અનુભવમાં લે. સ્વાનુભવના જળ સિવાય બીજી કોઈ રીતે કષાયની આગ બુઝાય તેમ નથી. ધન્ય છે તે મુનિભગવંતો....કે જેઓએ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરીને વિષયકષાયોની આગમાંથી આત્માને બહાર કાઢ્યો છે ને મોક્ષપુરી તરફ જઈ રહ્યા છે. તે મુનિવરો કહે છે કે હે જીવો! તમે પણ ચૈતન્યનાં આવા સમરસનું સેવન કરો...ને મોક્ષપુરીમાં આવો.

અહીં નિજપદનું સેવન કરવાની અને પરપદને છોડવાની જે વાત પંડિતજીએ લખી છે તે, સમયસાર વગેરે શાસ્ત્રોમાં આવે છે-તેને અનુસરીને જ લખી છે. ત્યાં (સમયસાર ગા. ૨૦૩ માં) શિષ્ય પૂછે છે કે હે સ્વામી! આત્માનું નિજ પદ કેવું છે? તે બતાવો. ત્યારે શ્રીગુરુ બતાવે છે કે—

જીવમાં અપદભૂત દ્રવ્ય-ભાવો છોડીને ગ્રહ તું યથા,
સ્થિર નિયત એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ.

રાગાદિ વિભાવો....કે જેઓ આત્માના જ્ઞાનસ્વભાવરૂપે નથી અનુભવાતા, પણ ભિન્નપણે અનુભવાય છે, તે તારું પદ નથી; જે આત્માના સ્વભાવરૂપ અભિન્નપણે અનુભવાય છે અને જેમાં પરમાર્થ-ચૈતન્યરસનો સ્વાદ આવે છે તે જ તારું પદ છે. હે ભવ્ય! આ એક ચૈતન્યપદ જ તારે આસ્વાદ લેવા જેવું છે-કેમકે તેમાં કોઈ વિપદા નથી. તારું નિજપદ તે વિપદાઓનું અપદ છે, તેમાં રાગાદિભાવો નથી. આવા નિજપદને લોકમાં કોઈક વિરલ જીવો જ પામી શકે છે. તું જો દુઃખથી છૂટવા ઈચ્છતો હો તો તારા આવા નિજપદને અનુભવમાં લે.

આચાર્યપ્રભુ અત્યંત મધુરતાથી કહે છે કે—હે ભવ્ય!....

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને...
આનાથી બન તું તૃપ્ત...તુજને સુખ અહો! ઉત્તમ થશે.

અચિંત્ય શક્તિવાળો તારો આત્મા પોતે જ સર્વ મનોરથને સિદ્ધ કરનારો તારો ઇષ્ટ દેવ છે; આવા આત્મસ્વભાવને પ્રીતિથી ઓળખીને અનુભવમાં લેતાં તને કોઈ અપૂર્વ વચનાતીત સુખનો અનુભવ થશે. તે અનુભવની તત્ક્ષણ તને સ્વસંવેદનથી ખબર પડશે. આવા ચૈતન્યપદ સિવાય બીજા બધા રાગાદિ વિભાવપદો તે તો અપદ છે....અપદ છે; તે કોઈ પદ તારાં નથી. તારું પદ તો આ શુદ્ધ ચૈતન્યભાવથી અંદરમાં શોભી રહ્યું છે. આ તરફ તું આવ....આ તરફ

આવ! એમ સંતો તને સ્વઘરમાં આવવા માટે સાદ પાડી રહ્યા છે. ચૈતન્યભગવાન સ્વઘર છોડીને પરઘરમાં ભટકે–એ તેને શોભતું નથી.

આ ભવભ્રમણનો ભયંકર દાવાનળ, તેમાંથી આત્માને બહાર કાઢવા માટે અરે જીવ! તું ચૈતન્યના શાંત નિર્વિકલ્પ અમૃતનું પાન કર. તારા આનંદમય નિજપદને એક ક્ષણ પણ તું ન ભૂલ...ને વિષયકષાયમાં એક ક્ષણ પણ ન રાચ; એ પરપદમાં તને શાંતિનો છાંટોય કદી મળે તેમ નથી. અતીન્દ્રિય ચૈતન્યસુખથી ભરપૂર તારું નિજપદ કેવું શોભી રહ્યું છે! છતાં તું શા માટે પરપદનો મોહ કરીને દુઃખી થાય છે? શા માટે રાગની આગમાં પડીને બળે છે?

'રાગ' કહેતાં ચૈતન્યથી વિરુદ્ધ એવા જે કોઈ ભાવો છે તે બધાય આત્માને માટે પર પદ છે,—આગ જેવા છે, તેમાં સુખ-શાંતિ કે આનંદ નથી. અંદરમાં આનંદમય સરસ મજાનું સ્વપદ છે તેને દેખો રે દેખો....તે સ્વપદમાં રાચો....પ્રમાદ છોડીને અંદર પરમાત્માને દેખો... ને સુખી થાઓ. અત્યારે ઉત્તમ દાવ તમારા હાથમાં છે, હિતનો સુંદર અવસર છે, આ દાવને ચૂકો નહીં.

રે જીવ! અત્યાર સુધી અજ્ઞાનભાવે કષાયોના દુઃખનું વેદન પણ તેં જ કર્યું, અને હવે તે છોડીને સમ્યગ્દર્શન વડે સ્વભાવની અપૂર્વ શાંતિનું વેદન પણ તું જ કર. બંધમાર્ગમાં કે મોક્ષમાર્ગમાં જીવ પોતે એકલો જ છે, બીજું કોઈ તેનું નથી; કોઈ તેને ડુબાડનાર નથી કે કોઈ તેને તારનાર નથી. પોતે પોતાની પર્યાયની દિશા પલટાવીને નિજઘર તરફ આવવું તે પોતાના હાથની વાત છે; એ કાંઈ પુદ્‌ગલ કર્મના કે કોઈ બીજાના હાથની વાત નથી. અરે, દોષ કરે પોતે ને ઢોળે બીજાના ઉપર....તો એ દોષથી ક્યારે છૂટે? તું સમ્યગ્દર્શન કર, ઈ–ભેગું જ મિથ્યાત્વકર્મ ટળી જ જાય છે, એ કાંઈ તને સમ્યગ્દર્શનમાં આડું નથી આવતું. અરે, શાંતિનો મહાસમુદ્ર તું પોતે....અને, (દરિયાના મીઠા જળમાં રહેનારું માછલું તરસ્યું થઈને બહાર બીજા પાસે પાણી શોધવા જાય–તેની જેમ) તું બહારમાં શાંતિ શોધવા માટે જાય—એ તો ખેદની વાત છે, તેમાં તું મફતનો દુઃખી થાય છે....માટે હવે તારા સ્વઘરમાં–ચૈતન્યસમુદ્રમાં આવ.—નિજઘર તારું અહીં છે....અહીં છે, તારાથી દૂર તારું ઘર નથી. અંદર આવતાં જ તને થશે કે અહો! આવા અદ્‌ભુત–આશ્ચર્યકારી વૈભવથી ભરપૂર મારું સ્વઘર છે!—અત્યાર સુધી કદી હું મારા નિજઘરમાં કેમ ન આવ્યો! ને પરમાં જ કેમ મોહ્યો?—

હમ તો કબહું ન નિજઘર આયે...
પરઘર ભ્રમત બહુત દિન બીતે,
નામ અનેક ધરાયે...
હમ તો અબહૂ નિજઘર આયે...

અત્યારસુધી તો અજ્ઞાનથી પરઘરમાં—વિભાવમાં ભટકતો ભટકતો, ચારગતિમાં હાથી–વાંદરા, દેવ–દાનવ, રાજા–રંક વગેરે અનેક નામોને ધારણ કર્યા, પણ હવે એકરૂપ ચૈતન્યમય એવા મારા નિજઘરને જાણીને હું નિજઘરમાં આવ્યો છું, મારા ઘરની આશ્ચર્યકારી અચિંત્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્ય દોલત મેં દેખી છે. હે જીવ! તું પણ નિજઘરમાં આવવાના આ અવસરને ચુકીશ મા....સ્વઘરમાં અંતર્મુખ થઈ, નિજનિધાનના સ્વાનુભવવડે ઝટ આત્મકલ્યાણ કરી લેજે.

વીતરાગવિજ્ઞાનવડે પોતાનું અપૂર્વ મંગળ કરવાના આ ઉત્તમ અવસરને પામીને આળસ કરશો નહિ, સાહસ એટલે આત્માને સાધવાનો પુરુષાર્થ કરજો....જ્ઞાતા-દ્રષ્ટા-આનંદમય નિજસ્વરૂપને શીઘ્ર જાણજો.. ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરીને આત્માને મોક્ષપદની સાધનામાં જોડજો...ને સુખી થાજો.

—આવી ઉત્તમ ભલામણપૂર્વક આ શાસ્ત્ર પૂરું થાય છે.

* અંદર ભગવાન આત્મા કે જે અનંત અનંત અતીન્દ્રિય શાંતિ અને આનંદનો સાગર છે, તેનો મહિમા અને રાગાદિ વિકલ્પરૂપ સંસારનો મહિમા—એ બન્ને એકસાથે રહી શકે નહિ. જેને શુભાશુભ રાગનો ને તેના કર્તાપણાનો મહિમા છે તેને આનંદનો નાથ અને વિશ્વનો ઉદાસીન સાક્ષી એવા નિજ ચૈતન્ય પ્રભુનો મહિમા નથી. જેમાં પરનું કરવું-ભોગવવું કાંઈ છે નહિ, માત્ર અંદર સ્વરૂપમાં સ્થિત રહેવાનું છે એવા ચારિત્રવંત શાંત શાંત અકષાયસ્વભાવી નિજ ચૈતન્યનો મહિમા ને રાગાદિ સંસારનો મહિમા એકસાથે રહી શકે નહિ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ઉ પ સં હા ર

[ ગ્રંથરચનાનો આધાર તથા સમય ]

इक–नव–वसु–इक वर्षकी तीज शुकल वैशाख,
कर्यो तत्त्व उपदेश यह लखि बुधजनकी भाख ।
लघु–धी तथा प्रमादतें शब्द–अर्थकी भूल,
सुधी सुधार पढो सदा जो पावो भवकूल ॥

પં. શ્રી બુધજનજીએ પણ એક છહઢાળા રચી છે; તે તેમણે સં. ૧૮૫૯ના વૈશાખ સુદ ત્રીજે પૂરી કરી છે. તેમાં છેવટે તેમણે લખ્યું છે કે—

સમકિત સહજ સ્વભાવ આપકા અનુભવ કરના,
યા વિન જપ–તપ વૃથા કષ્ટકે માહીં પડના;
કોટિ બાતકી બાત અરે 'बुधजन' ઉર ધરના,
મન–વચ–તન શુચિ હોય ગ્રહો જિનમતકા શરના.

તે પં. બુધજનજી પછી બરાબર ૩૨ વર્ષ બાદ તે જ દિવસે, એટલે કે સં. ૧૮૯૧ના વૈશાખ સુદ ત્રીજે પં. દૌલતરામજીએ, તે બુધજનજી રચિત છહઢાળાની કથની વાંચીને, તેના ઉપરથી આ બીજી છહઢાળાની રચના કરી છે, અને તેના દ્વારા વીતરાગ–વિજ્ઞાનનો આ ઉપદેશ કર્યો છે. તેના અંતમાં વિનય દ્વારા તેઓ ભલામણ કરે છે કે, મારી બુદ્ધિની અલ્પતાને કારણે અથવા અસાવધાનીરૂપ પ્રમાદને કારણે આ ગ્રંથના કથનમાં કોઈ શબ્દની કે અર્થની ભૂલ થઈ ગઈ હોય તો બુદ્ધિમાન–સાધર્મીજનો તેને સુધારીને સદા વાંચજો...કે જેથી આ ભવસમુદ્રનો કિનારો પમાય...

*  *  *

પૂર્વાચાર્યોના કથન અનુસાર આ છહઢાળાની રચના છે; તેમાં જુદા જુદા પ્રકારના છ–ઢાળમાં છ પ્રકરણોની રચના છે તેથી 'છહ-ઢાળા' એવું નામ છે; તથા સંસારનાં દુઃખોથી ને કર્મોના આસ્રવથી આત્માને બચાવવા માટે ઢાલસમાન ઉપદેશ આમાં છ પ્રકરણ દ્વારા કર્યો છે તેથી પણ તેને 'છહઢાલા' કહેવાય છે. આ છ ઢાળા નવનીતભાઈ (N. C. ZAVERI)ને ઘણા વખતથી કંઠસ્થ હતી ને ઘણીવાર તેના કાવ્યો તેઓ (ગુરુદેવ સાથે સવારમાં ફરવા જતા વખતે) બોલતા; તેમની માંગણીથી આ પ્રવચનો પૂ. શ્રી કાનજીસ્વામીએ કર્યા....તે આજે પૂર્ણ થાય છે. તેનું સંકલન બ્ર. હરિલાલ જૈને શ્રી દેવ-ગુરુ-ધર્મની ઉપાસના પૂર્વક કર્યું છે. મુમુક્ષુ–સાધર્મીજનો આ પ્રવચનોના અભ્યાસ દ્વારા વીતરાગ–વિજ્ઞાનરૂપ શાંતરસનું પાન કરીને અનાદિ દુઃખોથી છૂટો....ને મોક્ષમાર્ગરૂપ રત્નત્રયની આરાધના વડે પરમ આનંદમય સિદ્ધિસુખને પામો.

વીતરાગ-વિજ્ઞાન વિશ્વમાં જયવંત હો.

## છહઢાળા–પ્રવચન પૂર્ણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# વીતરાગ-વિજ્ઞાન-પ્રશ્નોત્તર

[ છઠ્ઠી ઢાળ ]

[ આ પહેલાં છ-ઢાળના પાંચ અધ્યાયના પ્રવચનોમાંથી દોહન કરીને, ચૂલિકારૂપે ૧૭૫૫ પ્રશ્ન-ઉત્તર આપવામાં આવ્યાં છે. અહીં છઠ્ઠી ઢાળના ૨૫૩ પ્રશ્ન-ઉત્તર આપવામાં આવ્યાં છે. આમ છહ-ઢાળાને લગતા કુલ ૨૦૦૮ પ્રશ્નોત્તરનું મહત્ત્વપૂર્ણ સંકલન થયું છે. ટૂંકી ભાષા અને સરળ શૈલીમાં આ પ્રશ્ન-ઉત્તર સૌને ગમ્યા છે, અને છ-ઢાળાના વિશેષ અભ્યાસમાં ઉપયોગી થયા છે ]

૧૭૫૬ છહઢાળાના મંગળમાં કોને નમસ્કાર કર્યા છે?...વીતરાગ-વિજ્ઞાનને.

૫૭ આ છઠ્ઠી ઢાળમાં શેનું કથન છે?
મુનિની ક્રિયારૂપ ચારિત્રનું, તથા તેના ફળરૂપ મોક્ષનું.

૫૮ મુનિના ચારિત્રના અહીં કેટલા પ્રકાર છે?....બે; સંયમઆચરણ તથા સ્વરૂપઆચરણ.

૫૯ સંયમ-આચરણ કેવું છે?...સંયમની રક્ષાપૂર્વક વ્રત-સમિતિમાં પ્રવૃત્તિરૂપ.

૬૦ સ્વરૂપ-આચરણ કેવું છે?....શુદ્ધોપયોગવડે આત્મસ્વરૂપમાં એકાગ્રતારૂપ.

૬૧ ચારિત્રવંત મુનિરાજ કેવા છે?....મોક્ષમાર્ગી....મહાભાગી....રત્નત્રયધારી.

૬૨ તે મુનિરાજનું જીવન કેવું છે?...ભેદજ્ઞાન અને વીતરાગતાથી ભરેલું.

૬૩ હિંસા કોને કહે છે?....જીવમાં રાગાદિ-કષાયભાવની ઉત્પત્તિ તે હિંસા છે.

૬૪ મુનિઓને હિંસા કેમ નથી હોતી?....કેમકે રત્નત્રયવડે તેમને ઘણી વીતરાગતા વર્તે છે.

૬૫ વનસ્પતિ, ઇંડાં વગેરેમાં જીવ ન માને તો?
-તો તેને અહિંસાનું પાલન હોઈ શકે નહિ.

૬૬ અહિંસાનું સાચું પાલન કોણ કરી શકે?
જૈનધર્મ અનુસાર જીવોના અસ્તિત્વને જે જાણતો હોય તે.

૬૭ જીવનું પરમાર્થ જીવન કેવું છે?
જીવનું જીવન રાગ વગરનું, ચૈતન્ય-ઉપયોગમય છે.

૬૮ રાગને ધર્મ માને તો?....તો તેમાં પોતાના ચૈતન્યપ્રાણની ભાવહિંસા છે.

૬૯ અનેકાંતમય વસ્તુથી વિપરીત કહેવું તે શું છે?....તે મહાન અસત્ય છે.

૭૦ મુનિ કોઈ પાસે શુદ્ધ આહાર-પાણી માંગે?
ના; મુનિ અયાચક છે; માંગવું તે દીનતા છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૭૭૧ મુનિવરો શેમાં રમનારા છે?....પોતાના ચૈતન્ય-બ્રહ્મસ્વરૂપમાં રમે છે.

૭૨ મુનિના બધાય આચરણ કેવા હોય છે?
નિરંતર ત્રણ કષાયના અભાવરૂપ શુદ્ધિવાળા હોય છે.

૭૩ જૈનમુનિના ૨૮ મૂળ ગુણ કયા-કયા છે?
મહાવ્રત-૫, સમિતિ-૫, ઇન્દ્રિયજય-૫, આવશ્યક-૬, તથા અસ્નાન, અચેલકતા વગેરે ૭-એમ કુલ ૨૮ છે.

૭૪ મુનિરાજની ભાષા કેવી હોય?....હિતકારી, સુખકારી ને સંશય મટાડનારી.

૭૫ મુનિ ઉપદેશ દેતા હોય ત્યારે કેવું લાગે?
અહા, જાણે અમૃત ઝરતું હોય! એવું અતિમધુર.

૭૬ મુનિરાજ પાસેથી ચૈતન્યતત્ત્વ સાંભળતાં કોને શું થયું?
એ શાંતરસઝરતાં વચન સાંભળતાં જ સિંહ સમકિત પામ્યો, બીજા પણ ઘણાય જીવો સમકિત પામ્યા.

૭૭ અહા, કેવા હશે એ મુનિરાજનાં વચનો?
એ તો ચૈતન્યના શાંતરસમાંથી આવેલી વાણી.

૭૮ આવા જિનવચન સાંભળીને શું કરવું?
ચૈતન્યની સાધનાનો મહાન ઉત્સાહ કરવો.

૭૯ જિનવચન સાંભળીને પણ આત્માનો પુરુષાર્થ ન કરે તો?
તો તે જીવ કાયર છે, આત્માર્થી નથી.

૮૦ જિનવચન શું કરાવે છે?....આત્માને જગાડીને શાંતરસનો અનુભવ કરાવે છે.

૮૧ જિનવચનરૂપ ઔષધ ભવરોગ ક્યારે મટાડે?... સાંભળીને અંતરમાં ઉતારે ત્યારે.

૮૨ જિનવચન સાંભળવાય નવરો ન થાય, તેનું શું?
અરેરે, એનો તો મનુષ્યઅવતાર એળે જાય.

૮૩ મુનિરાજનાં વચનો કેવાં છે?.. તરત જ આત્મજ્ઞાન પમાડે એવા 'તત્કાળબોધક'.

૮૪ સંતોના સંબોધનમાં કેવી મીઠાશ છે?
અહા, તેઓ આત્માને 'ભગવાન' કહીને બોલાવે છે.

૮૫ જૈનમુનિઓનું જીવન કેવું છે?....એ તો વીતરાગી આત્મસાધનાનું જીવન છે.

૮૬ મુનિ થયા પછી તીર્થંકર ક્યારે બોલે?
કેવળજ્ઞાન થાય ત્યારે. (ત્યાં સુધી મૌન રહે.)

૮૭ ધર્માત્મા-ગૃહસ્થની વાણી કેવી હોય?
તે પણ, મોક્ષમાર્ગ દેખાડનારી, ધર્મની પોષક હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૭૮૮ મધુર-ભાષા બોલવામાં જીવને કાંઈ મુશ્કેલી છે?
નાઃ એમાં નથી પૈસા બેસતા, કે નથી મહેનત પડતી.

૮૯ ભોગભૂમિના ભવમાં ઋષભદેવના જીવને શું થયું?
મુનિનો ઉપદેશ સાંભળતાં તત્કાળ સમ્યગ્દર્શન થયું.

૯૦ જિનવાણી આપણને શું કહે છે?....'તું દીન નથી, ભીખારી નથી, પણ ભગવાન છો.'

૯૧ કુંદકુંદપ્રભુ જ્ઞાયકસ્વરૂપ દેખાડતા હશે ત્યારે....શું થતું હશે?
તે ઝીલીને શ્રોતાજનો એકત્વ-વિભક્ત આત્માનો અનુભવ કરતા હશે ને તૃપ્ત થતા હશે.

૯૨ અજ્ઞાનીની વાણી મધુર હોય તોપણ કેવી છે?
આત્માનું અહિત કરનારી હોવાથી તે કડવી છે.

૯૩ જ્ઞાનીની વાણી કેવી હોય છે?
તે મિથ્યાત્વાદિ અહિતથી છોડાવે છે ને મોક્ષમાર્ગમાં જોડે છે, એટલે હિતકારી ને મધુર છે.

૯૪ જૈનમુનિ એક દિવસમાં આહાર કેટલીવાર લ્યે?
માત્ર એક જ વખત, અને તે પણ ઊભા ઊભા, હાથમાં.

૯૫ મુનિ આહાર કઈ વિધિથી લ્યે?....જૈન શ્રાવકદ્વારા નવધાભક્તિપૂર્વક.

૯૬ આ ચોવીસીમાં પહેલીવાર આહારદાન કોણે દીધું?
હસ્તિનાપુરમાં શ્રેયાંસકુમારે ઋષભમુનિને દીધું.

૯૭ ભગવાન ઋષભદેવ અને શ્રેયાંસ રાજા કેવા છે?
એક ધર્મતીર્થ-પ્રવર્તક, બીજા દાનતીર્થ-પ્રવર્તક.

૯૮ જૈનમુનિનાં આચરણ કેવાં છે?....બહુ જ ઊંચા છે; અંદર વીતરાગ-આચરણ છે.

૯૯ જૈનોનો મુનિમાર્ગ કેવો છે?....એ તો વીરનો માર્ગ છે. એમાં કાયરનું કામ નથી.

૧૮૦૦ સમિતિ અને ગુપ્તિમાં શો તફાવત?....સમિતિ તે પ્રવૃત્તિરૂપ છે, ગુપ્તિ નિવૃત્તિરૂપ છે.

૧૮૦૧ ગુપ્તિવંત મુનિરાજ કેવા સ્થિર હોય છે?
એને પત્થરની મૂર્તિ સમજીને વનના હરણાં તેમનાં શરીરની સાથે પોતાની ખાજ ખંજવાળે છે.

૨ જૈનધર્મનો મુનિમાર્ગ કેવો છે?....મુનિમાર્ગ કહો કે મુક્તિમાર્ગ...તે શુદ્ધભાવરૂપ છે.

૩ મુનિઓને શેની ધૂન હોય છે?....એમને ચૈતન્યના ધ્યાનની ધૂન લાગી છે.

૪ અવિરત સમકિતીને શુદ્ધોપયોગ નિરંતર હોય?
સમ્યગ્દર્શન નિરંતર હોય, શુદ્ધોપયોગ ક્યારેક જ હોય.

૫ મુનિદશાની ને મોક્ષની સાચી ભાવના કોને હોય?
જેણે પોતાનું વીતરાગ ચૈતન્યપદ દેખ્યું હોય તેને.

૬ જૈન સાધુ કેવા છે?....સિદ્ધપદના સાધક....ને રત્નત્રયના ધારક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૧૮૦૭ બાહ્ય વિષયોમાં રાગ-દ્વેષ ક્યારે ન થાય ?
એનાથી ભિન્ન ચૈતન્યના આનંદનું વેદન હોય ત્યારે.

૮ જૈનમુનિ સામાયિક કરે ?....હા, સામાયિક વગેરે છ-આવશ્યક દરરોજ કરે.

૯ સામાયિકમાં શું હોય ?....કષાયનો અભાવ ને શાંતિના વેદનરૂપ સમભાવ.

૧૦ રાતે મુનિ શું કરે ?...રાતે પણ આત્મચિંતનરૂપ સ્વાધ્યાય ચાલુ જ હોય.

૧૧ કાયોત્સર્ગ એટલે શું ?...વીરતાપૂર્વક આત્મધ્યાનનો પ્રયોગ. ( કાયાની ઉપેક્ષા ).

૧૨ જૈનમુનિને ' કરપાત્રી ' કેમ કહેવાય છે ?
કેમકે તેઓ ' કર ' ( હાથ )માં જ ભોજન કરે છે; પાત્ર નથી રાખતા તેથી.

૧૩ મુનિના શરીરમાં રોગાદિ હોય ખરા ?
હોય તોપણ તે રોગવડે કાંઈ રત્નત્રય બગડતા નથી.

૧૪ આવા મુનિરાજના દર્શન ક્યારે મળે ?....મહાન ભાગ્ય હોય ત્યારે.

૧૫ અધ્યાત્મદૃષ્ટિમાં મુનિને વસ્ત્ર હોય એમાં શું વાંધો ?
ભાઈ, અધ્યાત્મદૃષ્ટિવાળાને સુગુરુ-કુગુરુ વચ્ચેનો વિવેક હોય છે. સુગુરુ વસ્ત્ર-પરિગ્રહ વગરના જ હોય.

૧૬ ઠંડીમાં જૈન સાધુને કોઈ વસ્ત્ર ઓઢાડે તો....?
તે અવિવેક છે; સાધુને માટે તે ઉપસર્ગ છે.

૧૭ સાધુને વસ્ત્ર હોવાનું માનીએ તો....?
-તો તને સાધુની વીતરાગતાની ખબર નથી.

૧૮ મુનિને પાછલી રાતે અલ્પ જ નિદ્રા કેમ છે ?
અરે, ચૈતન્યસાધનામાં જાગૃત....એને ઊંઘવું કેમ પાલવે ?

૧૯ ઉપસર્ગ-પરિષહ વખતે મુનિ શું કરે છે ?
માર્ગથી અચ્યૂત રહીને નિર્જરા કરે છે; ડગતા નથી.

૨૦ આત્માની વિષય-કષાયોથી રક્ષા કેમ કરવી ?....વૈરાગ્યચિંતનરૂપી ઢાલ વડે.

૨૧ મુનિદશાનું પાલન ન થઈ શકે તો....?
તો તેની ભાવના રાખવી, પણ મુનિનું સ્વરૂપ વિપરીત ન માનવું.

૨૨ શ્રેણીકે ઉપસર્ગ કરવા છતાં મુનિએ શું કર્યું ?
મુનિએ સમભાવ રાખીને તેને પણ ધર્મ પમાડયો.

૨૩ તે શ્રેણીકરાજાનું શું થશે ?...૮૧,૫૦૦ વર્ષ પછી અહીંના પહેલા તીર્થંકર થશે.

૨૪ ક્ષુધાદિ પરિષહોને ક્યારે જીત્યા કહેવાય ?...એવો ને એવો સમભાવ રહે ત્યારે.

૨૫ જૈનસાધુના આચરણને ઓળખતાં શું થાય છે ?
પોતાના આત્માની અનુભૂતિ ઓળખાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૮૨૬ જિનકલ્પિ કે સ્થવીરકલ્પિ, કોઈ સાધુને વસ્ત્ર હોય?
—ના; કોઈ પણ જૈન સાધુને વસ્ત્ર ન હોય.

૨૭ જૈનસાધુ કોને ચાહે છે? ..મોક્ષસુખને ચાહે છે; ભવસુખ (ઇન્દ્રિયસુખ) નથી ચાહતા.

૨૮ ભવસુખ કેવા છે?....મીઠા–ઝેર જેવા; તે સુખ નથી, ખરેખર દુઃખ છે.

૨૯ પુણ્યજનિત સુખ ક્યાં હોય છે?....ભવમાં જ હોય છે, મોક્ષમાં નથી હોતું.

૩૦ મોક્ષમાં સુખ છે તે કેવું છે?....તે પુણ્યથી થયેલું નથી, આત્મામાંથી પ્રગટેલું છે.

૩૧ મોક્ષના આત્મિકસુખની શ્રદ્ધા કરનાર કેવો છે?....તે જીવ નિકટ ભવ્ય છે;–સમ્યગ્દષ્ટિ છે.

૩૨ મુનિની શ્રદ્ધા કરનાર જીવ કેવો હોય?
તે રાગને કે ઇન્દ્રિયસુખોને કદી ચાહે નહિ.

૩૩ ચૈતન્યસુખનો અનુભવ કરનારને શું થાય?
બધેથી રસ ઊડી જાય; બધા વિષયો નીરસ લાગે.

૩૪ ધર્મીને જરાક પણ રાગ બાકી રહી જાય તો....?
તો મોક્ષ અટકે....ને બીજા બે ભવ કરવા પડે.

૩૫ સમ્યગ્દષ્ટિજીવ માતાના ગર્ભમાં હોય ત્યારે....?
ત્યારે પણ તેને આત્મજ્ઞાન અને સુખ હોય છે.

૩૬ કોઈને સ્વર્ગના ભવસુખની વાંછા હોય તો?
તો તે મિથ્યાદષ્ટિ, મોક્ષસુખને સાધી ન શકે.

૩૭ મુનિનો તપ શરીરમાં છે કે આત્મામાં?
આત્મામાં; ઉપયોગની શુદ્ધતા વધે તે જ તપ.

૩૮ ગુણોનો ભંડાર લઈને મુનિવરો ક્યાં જઈ રહ્યા છે?...મોક્ષપુરીમાં જઈ રહ્યા છે.

૩૯ આહાર અને નિદ્રા વખતે રત્નત્રયનું શું થાય?
તે વખતેય મુનિને રત્નત્રયનું સેવન ચાલુ છે.

૪૦ ‘ધર્મ’ કોણ છે?....રત્નત્રયરૂપે પરિણમેલો આત્મા પોતે ‘ધર્મ’ છે.

૪૧ મુમુક્ષુનો મનોરથ શું છે?
‘આ આત્મા સ્વયં ધર્મ થાય તે ખરેખર મનોરથ છે.’

૪૨ સ્વરૂપમાં લીન થઈને મુનિ ક્યાં જાય છે?
બહાર નથી આવતા; કેવળ લઈ મોક્ષમાં સિધાવે છે.

૪૩ મુનિવરો શેના વડે ભેદજ્ઞાન કરે છે?....જ્ઞાનચેતનારૂપ અત્યંત તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી વડે.

૪૪ ભેદજ્ઞાન કરીને અનુભવમાં શું લીધું?....દેહથી–રાગથી ભિન્ન, શુદ્ધ ચૈતન્ય નિજ ભાવ.

૪૫ તે અનુભવમાં જ્ઞાતા–જ્ઞેય–જ્ઞાન છે?
પોતે જ જ્ઞાતા–જ્ઞેય–જ્ઞાન છે, તેમાં કોઈ ભેદ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૮૪૬ આવી અનુભૂતિ વખતે મુનિની કઈ દશા છે?
એકાગ્રતારૂપ નિર્વિકલ્પ ધ્યાનદશા; શુદ્ધોપયોગ.

૪૭ તે ધ્યાનદશામાં ગ્રાહ્ય-ગ્રાહક વગેરે કોણ છે?
છએ કારકરૂપ પોતે જ છે, કોઈ ભેદ નથી.

૪૮ આવી ધ્યાનદશાનું બીજું નામ શું છે?....સ્વસમયમાં પ્રવૃત્તિ....સ્વરૂપઆચરણ.

૪૯ પ્રજ્ઞાછીણી અત્યંત તીક્ષ્ણ ધારદાર કેમ કહી?
તે રાગ વગરની અતીન્દ્રિય હોવાથી તીક્ષ્ણ છે.

૫૦ રાગ અને ઇન્દ્રિયજ્ઞાન કેવાં છે?....તે બુઠ્ઠાં છે, બંધભાવને છેદી શકતાં નથી.

૫૧ તમે ક્રિયાને માનો છો?....હા, રાગ વગરની ક્રિયા મોક્ષનું કારણ છે.

૫૨ આત્માનો ગુણ કેવો છે?...રાગ વગર પોતે પોતાને પ્રત્યક્ષ અનુભવે એવો.

૫૩ અનંત ચૈતન્યનિધિ પ્રગટ કરવાનો ઉપાય શું?....સ્વરૂપમાં એકાગ્રતારૂપ શુદ્ધોપયોગ.

૫૪ કેવળજ્ઞાન અને સમ્યગ્દર્શન કેવા છે?....બન્નેની એક જાત છે, બન્નેનો ઉપાય એક છે.

૫૫ સ્વપ્રવૃત્તિ ને પરપ્રવૃત્તિ તે શું?....શુદ્ધોપયોગ તે સ્વપ્રવૃત્તિ; રાગ તે પરપ્રવૃત્તિ.

૫૬ તે બન્નેથી શું થાય છે?....સ્વપ્રવૃત્તિથી સિદ્ધપદ; પરપ્રવૃત્તિથી સંસાર.

૫૭ આત્માના મોક્ષ માટે પરની સહાય લેવી પડે તો....?
તો આત્મા પરાધીન થઈ જાય, મુક્ત ન રહે.

૫૮ ધર્મધુરંધર તીર્થંકરભગવંતોએ શું ફરમાવ્યું?
'હે ભવ્ય! તારા સાધ્ય-સાધન તારામાં જ છે.'

૫૯ સાચી જૈનપરંપરા કોણે ટકાવી રાખી?
સર્વજ્ઞના માર્ગે ચાલનારા દિગંબર જૈનસંતોએ.

૬૦ શુદ્ધ તત્ત્વદૃષ્ટિથી અંતરમાં જોનારને શું દેખાય છે?
જડથી-રાગથી જુદું ચૈતન્યતત્ત્વ દેખાય છે.

૬૧ આત્મા અને બંધનું ભેદજ્ઞાન કેવું છે?
પર્વત પર વીજળી પડે ને બે કટકા કરી નાંખે...તેવું.

૬૨ તે પ્રજ્ઞાછીણીનો શ્લોક સમયસારમાં ક્યાં છે?
૧૮૧ મો, તે શ્લોક ગુરુદેવને ખૂબ જ પ્રિય હતો.

૬૩ તે શ્લોક **प्रज्ञाछेत्री**....માટે ગુરુદેવે શું કહેલું?
સૌએ આ શ્લોક મોઢે કરી લેવો—એમ કહ્યું હતું.

૬૪ જ્યાં જ્યાં ભેદજ્ઞાનના ભણકાર છે....ત્યાં શું છે?
'ત્યાં ત્યાં ગુરુકહાનની પાવનસ્મૃતિના રણકાર છે.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૮૬૫ આત્મા અને બંધ એક ક્ષેત્રે હોવા છતાં જુદા કેમ છે?
કેમકે બન્ને વચ્ચે લક્ષણભેદની સાંધ છે, એકતા નથી.

૬૬ પ્રજ્ઞાછીણીનો પ્રહાર કરતાંવેંત શું થાય છે?
વજ્રપાત જેવા તેના પ્રહારથી બંધ સર્વથા છેદાઈ જાય છે.

૬૭ જીવો સંસારમાં કેમ રખડે છે?...ચૈતન્ય સાથે રાગાદિને એક કરવાથી.

૬૮ જીવો મુક્તિ કઈ રીતે પામે છે?...ચૈતન્ય અને રાગાદિને ભિન્ન કરવાથી.

૬૯ આત્મઅનુભવના ફળમાં સ્વર્ગ મળે?...ના; મોક્ષ મળે, સ્વર્ગ તો રાગનું ફળ છે.

૭૦ રાગ મોક્ષનું કારણ થાય?...ના; રાગ છૂટે પછી જ મોક્ષ થાય છે.

૭૧ મુનિ ભગવંતો શું કરે છે?
શુદ્ધોપયોગથી સ્વમાં પ્રવૃત્તિ કરતાં કરતાં મોક્ષમાં જાય છે.

૭૨ સોનગઢમાં વીર સં. ૨૪૯૨માં કયો ઉત્સવ થયો?
જિનમંદિરના પચ્ચીસ વર્ષની પૂર્ણતાનો.

૭૩ તે મંદિરમાં મૂળનાયક કોણ બિરાજે છે?...વિદેહક્ષેત્રના સીમંધર તીર્થંકર બિરાજે છે.

૭૪ તે ભગવાન સમવસરણમાં કેવો ઉપદેશ આપે છે?
શુદ્ધોપયોગરૂપ સ્વાશ્રિત મોક્ષમાર્ગનો.

૭૫ અંતરના સ્વાનુભવ-મંદિરમાં મૂળનાયક કોણ છે?
પોતાના શુદ્ધ ચૈતન્ય ભગવાન બિરાજે છે.

૭૬ પરમાત્મા ક્યાં બિરાજે છે?...ધર્માત્માના અંતરમાં પરમાત્મા બિરાજે છે.

૭૭ સમયસારમાં શેની વાત છે?...જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્માના અનુભવની.

૭૮ શાસ્ત્રોના ઊંડાં રહસ્યોનો તાગ ક્યારે પમાય?...પોતે સ્વાનુભૂતિ કરે ત્યારે.

૭૯ ધર્મ કરવાથી સારા કર્મ બંધાય?
ના; જેનાથી કોઈપણ કર્મ બંધાય તે ધર્મ નહીં.

૮૦ તીર્થંકરપ્રકૃતિ બંધાય તેનું ફળ મોક્ષ છે?
ના, તે તો બંધ છે; મોક્ષ તો સમ્યક્ત્વનું ફળ છે.

૮૧ શુદ્ધોપયોગી મુનિના ધ્યાનમાં શું છે?
પોતે જ ધ્યાતા-ધ્યેય એકાકાર છે, કોઈ ભેદ નથી.

૮૨ તે ધ્યાનક્રિયામાં કર્તા-કર્મ કોણ છે?
ચૈતન્ય પોતે જ કર્તા-કર્મ ક્રિયા છે, ત્રણે અભેદ છે.

૮૩ મુનિરાજનો નિશ્ચલ શુદ્ધોપયોગ કેવો છે?
અખિન્ન અને અક્ષીણ; એટલે ખેદરહિત ને ભેદરહિત.

૮૪ શુદ્ધોપયોગવડે મુનિરાજ શું કરી રહ્યા છે?...કેવળજ્ઞાનના દરવાજા ખોલી રહ્યા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૮૮૫ આ પ્રવચનોમાં શેનું ઘોલન થાય છે?
આહાહા....! એકલો સ્વાનુભૂતિનો રસ ઘૂંટાય છે.

૮૬ સ્વાનુભૂતિ થતાં શું થાય છે?....ભગવાન પ્રગટ થાય છે....જીવન પલટી જાય છે.

૮૭ સમયસાર ૧૪૪મી ગાથા શેની છે?....સમ્યગ્દર્શન પ્રગટ થવાની; ઘણી સરસ ગાથા છે.

૮૮ ભગવાન–આત્માની કેવી અચિંત્ય તાકાત છે?
જાગે તો....ક્ષણમાં સમ્યગ્દર્શન ને કેવળજ્ઞાન લ્યે એવી.

૮૯ અત્યારે શેનો અવસર છે?...આત્માને ઓળખવાનો આ ઉત્તમ અવસર છે.

૯૦ ભગવાનની વાણી સાંભળીને જીવો શું કરે છે?
ઘણા જીવો પોતાના ચૈતન્યસ્વરૂપને દેખી લ્યે છે.

૯૧ ધ્યાનમાં બિરાજમાન મુનિરાજ કેવા લાગે?....અહાહા, જાણે સિદ્ધભગવાન બેઠા!

૯૨ મુનિરાજનું વર્ણન સાંભળતાં કેવી ઊર્મિ જાગે છે?
જાણે આપણી સન્મુખ જ તેઓ બિરાજતા હોય!

૯૩ આ તો મુનિની વાત છે,—અમારે શું?
તમારે પણ આવી દશા પ્રગટ કર્યે જ મોક્ષ થશે.

૯૪ જ્ઞાનીને અશુભ કે શુભ રાગ થાય....ત્યારે...?
ત્યારે પણ તેને રાગથી ભિન્ન ચૈતન્યપરિણમન વર્તે છે.

૯૫ કર્મ અને શરીર જીવના સાથીદાર છે?....ના.

૯૬ રાગ જીવનો સાથીદાર છે?....તે માત્ર દુઃખ દેવામાં સાથીદાર છે; સુખમાં નહીં.

૯૭ સુખ દેનાર સાચો સાથીદાર કોણ છે?....સમ્યક્ત્વાદિ નિજવૈભવ....તે અભેદ સાથીદાર છે.

૯૮. મોક્ષનું કારણ કેવી જાતનું હોય?...તે મોક્ષની જ જાતનું હોય; બંધની જાતનું ન હોય.

૯૯ આત્માને કોનું સ્વામીપણું શોભે છે?
ચૈતન્યનું જ સ્વામીપણું શોભે છે; રાગનું કે અજીવનું નહીં.

૧૯૦૦ નિર્વિકલ્પ–અનુભૂતિ શૂન્યરૂપ છે?...ના; એમાં અનંત ચૈતન્યગુણનો રસ ભરેલો છે.

૧ આત્મા ક્યાં શોભે છે?....મોક્ષમાર્ગમાં શોભે છે; બંધમાર્ગમાં નથી શોભતો.

૨ મોક્ષમાર્ગના મંડપમાં ધર્મીજીવે શું કર્યું?....રત્નત્રયવડે આત્માને શણગાર્યો.

૩ શું સમવસરણની શોભાવડે તીર્થંકર શોભે છે?
નહિ; તીર્થંકરની શોભાવડે સમવસરણ શોભે છે.

૪ તીર્થંકરની શોભા શેનાથી છે?....પોતાના કેવળજ્ઞાનાદિ અનંત–ચતુષ્ટયથી.

૫ ભગવાને ભવ્યને શું શિખામણ આપી છે?....પરમતત્ત્વની ભાવના અર્થાત્ ધ્યાન કરવાની.

૬ નય–પ્રમાણના વિકલ્પો કેવા છે?....તે સ્વાનુભવમાં સાધક નથી, પણ બાધક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૯૦૭ પ્રમાણજ્ઞાન ( સમ્યગ્જ્ઞાન ) ક્યારે પ્રગટે છે ?...સમ્યગ્દર્શન સાથે જ નિર્વિકલ્પઅનુભૂતિમાં.

૮ શુદ્ધોપયોગરૂપ શુદ્ધનય છે તે કેવો છે?...તે શુદ્ધનય ભૂતાર્થ છે, મોક્ષનો સાધક છે.

૯ વિકલ્પ ક્યાં સુધી જઈ શકે?....અનુભૂતિની અંદર ન જઈ શકે, બહાર રહે.

૧૦ અચિંત્ય આત્મવસ્તુ કેવી છે?....વિકલ્પથી તેનો પાર ન પમાય, અનુભવથી જ પાર પમાય.

૧૧ આત્માની અંદર શું છે?
શક્તિનું સંગ્રહાલય....ગુણોનું ગોદામ....ચૈતન્યનો ચમત્કાર....સુખનો સમુદ્ર, સમ્યક્ત્વાદિ રત્નોનો ખજાનો.

૧૨ જિજ્ઞાસુ જીવે અનુભવ માટે પહેલાં શું કરવું ?....પોતાના સાચા સ્વરૂપનો વિચાર અને નિર્ણય.

૧૩ સાચો નિર્ણય કરતાં શું થાય?....અંદરથી વિશ્વાસ આવે કે હવે અનુભવ થશે જ.

૧૪ એવો વિશ્વાસ જાગતાં શું થાય છે....અંતર્સ્વભાવ તરફનો અપૂર્વ પ્રયત્ન ઊપડે છે.

૧૫ પછી તેને સ્વાનુભવમાં શું થાય છે ?...અતીન્દ્રિય આનંદ વેદાય છે, દ્વૈત દૂર થઈ જાય છે.

૧૬ આ સ્વાનુભૂતિ છે તે શું છે?...અભેદપણે તે આત્મા જ છે.

૧૭ જિનવાણીમાં સંતોએ શું કર્યું છે ?....સ્વાનુભવની વીણા વગાડીને જ્ઞાયકનો મહિમા ગાયો છે.

૧૮ મુનિઓનું જીવન કેવું છે?...સ્વાનુભવના રંગથી રંગાયેલું વીતરાગી જીવન છે.

૧૯ શુદ્ધોપયોગમાં લીન મુનિને શું થાય છે?
અકથ્ય આનંદ થાય છે....પછી કેવળજ્ઞાન થાય છે.

૨૦ મોક્ષગામી દરેક જીવને દિવ્યધ્વનિ હોય ?...કોઈ અરિહંતને હોય, કોઈકને ન પણ હોય.

૨૧ બધાય મોક્ષગામી જીવોને શું હોય ?....કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય બધાય મોક્ષગામીને હોય જ.

૨૨. મુનિરાજને કેવળજ્ઞાન થતા પહેલાં શું હોય છે ?....ક્ષપકશ્રેણી અને શુક્લધ્યાન હોય છે.

૨૩. ચાર ઘાતીકર્મોનો ક્ષય કરવાની કોનામાં તાકાત છે ?
શુક્લધ્યાનમાં; શુભરાગમાં એ તાકાત નથી.

૨૪. ક્ષપકશ્રેણી પછી મુનિને શું થાય છે?
વીતરાગ થઈને તે આત્મા પોતે સર્વજ્ઞ પરમાત્મા બની જાય છે.

૨૫ કેવળજ્ઞાન થતાં શું થાય છે ?....તે લોકાલોકને જાણે છે ને મોક્ષમાર્ગ પ્રકાશે છે.

૨૬ મહાવીર ભગવાન સાથે કેટલા અરિહંતો હતા ?
૭૦૦ અરિહંત ભગવંતો એક સાથે વિચરતા હતા.

૨૭ વિદેહક્ષેત્રમાં અરિહંત ભગવંતો કેટલા છે ?
ત્યાં સદાય લાખો કેવળી-અરિહંત ભગવંતો વિચરે છે.

૨૮ તે કેવળજ્ઞાન પ્રગટ્યું કઈ રીતે ?....'સ્વયંભૂ' આત્મા પોતે કેવળજ્ઞાનરૂપ થયો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૯૨૯ બાહ્યવૈભવ વગર મુનિને સુખ કેમ હોય ?...અંતરના નિજવૈભવથી તેમને સુખનો પાર નથી.

૩૦ દેવલોકમાં અસંખ્યવર્ષ રહેવા છતાં અજ્ઞાનીને સુખ કેમ નથી મળતું ?
-તેમાં સુખ છે જ નહીં,-પછી ક્યાંથી મળે ?

૩૧ ધર્માત્માને ચૈતન્યમાંથી કેટલું સુખ મળે છે ?
એકક્ષણમાં અચિંત્ય-અનંત સુખ અનુભવાય છે.

૩૨ આ ચૈતન્યતત્ત્વ કેવું છે ?....ચિંતન કરતાં, કલ્પવૃક્ષની જેમ તત્કાળ સુખ આપે છે.

૩૩ કલ્પવૃક્ષ કરતાંય ચૈતન્યની શી વિશેષતા છે ?....તે અતીન્દ્રિયસુખ આપે છે, કલ્પવૃક્ષ નથી દેતું.

૩૪ મુનિરાજ પાસે શું ત્રણ છે ? શું ત્રણ નથી ?....સમ્યક્ત્વાદિ ત્રણ રત્નો છે; ત્રણ કષાયો નથી.

૩૫ રાગ વગરનો આનંદ ગૃહસ્થને હોય ?....હા, સમ્યગ્દષ્ટિ-ગૃહસ્થને થોડોક હોય.

૩૬ આનંદરસની પવિત્ર ગંગા ક્યાંથી વહે છે ?....આત્મા શાંતિનો હિમાલય છે-તેમાંથી.

૩૭ નાનકડા ધર્મીના અનુભવમાં આત્મા કેવડો છે ?
જેવડો કેવળી ભગવાને જોયો છે તેવડો જ મોટો.

૩૮ સ્વાનુભૂતિ ટાણે ધર્માત્માને શું થાય છે ?
પરમ શાંતિના વેદનની અપૂર્વ ઝણઝણાટી આત્માના સર્વ ચૈતન્યપ્રદેશે થાય છે, તે અતીન્દ્રિય મહા આનંદ છે.

૩૯ તે આનંદનો સ્વાદ કેવો છે ?
તેની પાસે ઇન્દ્ર કે ચક્રવર્તીની સંપદા પણ તુચ્છ લાગે છે.

૪૦ આત્માના સર્વજ્ઞપદનો ખરો સ્વીકાર ક્યારે થાય ?
પોતે જ્ઞાનસ્વભાવનું સ્વસંવેદન કરે ત્યારે.

૪૧ આ છહઢાળામાં શેનું વર્ણન આવ્યું ?...સંસારનું. મોક્ષમાર્ગનું તેમ જ મોક્ષનું.

૪૨ બીજું શેનું વર્ણન આવ્યું ?....બહિરાત્મા, અંતરાત્મા તથા પરમાત્માનું.

૪૩ વળી બીજું શેનું વર્ણન આવ્યું ?...બારઅનુપ્રેક્ષા, તેમ જ નવતત્ત્વો વગેરેનું.

૪૪ કયો જીવ ધન્ય છે ?....જેણે મોક્ષને સાધવાનું મહાન કાર્ય કર્યું તે.

૪૫ ઝટ કરવા જેવું શું છે ?....આત્માનું હિત....' झटिति निज हित करो. '

૪૬ રાગ અને વિષય-કષાયો કેવા છે ?...આગ જેવા છે, તે જીવને સદાય બાળે છે.

૪૭ આત્માના અતીન્દ્રિય આનંદનો નમૂનો આપો !
—એ આનંદ પોતાની સ્વાનુભૂતિવડે જ ચાખો.

૪૮ આત્માના અનુભવ વિના બીજી લાખ વાત કરે તો...?
તોય એના હાથમાં કાંઈ ન આવે....ધર્મ ન થાય.

૪૯ સમ્યગ્દષ્ટિથી માંડીને સર્વજ્ઞ પરમાત્માને કેવો આનંદ છે ?
એની ખબર ત્યારે જ પડે કે જ્યારે પોતે તેવો આનંદ ચાખે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૯૫૦ એવા આનંદનો સ્વાદ લેવા શું કરવું?...બાહ્યવૃત્તિ છોડ ને અંતર્સ્વભાવમાં આવ.

૫૧ પં. દૌલતરામજીએ આ છહઢાળા કોના આધારે લખી છે?
પં. બુધજનજીએ રચેલી છહઢાળાના આધારે.

૫૨ પં. બુધજનજીએ તે છહઢાળા ક્યારે લખી?
આ છહઢાળાથી ૩૨ વર્ષ પહેલાં (સં. ૧૮૫૯માં).

૫૩ સમ્યગ્દર્શન કેવું છે?....તે આત્માનો સહજ સ્વભાવ છે; બહારથી નથી આવતું.

૫૪ ઘરમાં બેઠાબેઠા, ખર્ચ વગર, સમ્યગ્દર્શન થાય?
હા, પોતાના ચૈતન્ય-સ્વઘરમાં બેઠાબેઠા થાય.

૫૫ લાખો વાત ને કરોડો ઉપાય વડે શું કરવું?
જિનમતનું શરણ લઈને સમ્યગ્દર્શન ધારણ કરો.

૫૬ જેના ઉપર સિદ્ધ વસે છે તે 'અષ્ટમ-ભૂ' આઠમી પૃથ્વી કઈ?
જેની વચ્ચે સિદ્ધશિલા છે તે 'ઇષતપ્રાગ્ભાર' નામની પૃથ્વી.

૫૭ સિદ્ધશિલાના આધારે સિદ્ધભગવંતો રહેલા છે?
ના; તેનાથી ૧૨ યોજન ઊંચે, નીરાલંબીપણે રહ્યા છે.

૫૮ કેવળજ્ઞાન થયા પછી મોક્ષ ક્યારે થાય?....કોઈને અંતર્મુહૂર્તમાં જ; કોઈને અબજો વર્ષોબાદ.

૫૯ 45 લાખ યોજનમાં અનંતા સિદ્ધ રહેવાથી ભીડ થતી હશે?
ના; બાધાવગર સૌ પોતપોતાના સ્વરૂપમાં રહે છે.

૬૦ દેવલોકમાં પૃથ્વી છે?...ના; પૃથ્વીના આધાર વગર, આકાશમાં જ દેવવિમાનો છે.

૬૧ મોક્ષ કેટલા જીવો પામે છે?....દરેક ૬ માસ ૮ સમયે ૬૦૮ (સામાન્યપણે વર્ષે ૧૨૧૬)

૬૨ સિદ્ધાલયક્ષેત્રનો વિસ્તાર કેટલો છે?....બરાબર મનુષ્યક્ષેત્ર જેટલો. (૪૫ લાખ યોજન)

૬૩ સંસાર કેવો છે?—મોક્ષ કેવો છે?...સંસાર ખારો...મોક્ષ મીઠો.

૬૪ સંસારમાં કેટલું સુખ છે?....સંસાર તો અસાર....એમાં સુખ નહીં લગાર.

૬૫ ખારા-અસાર સંસારને મુનિઓ કઈ રીતે તર્યા?....રત્નત્રયનૌકામાં બેસીને મોક્ષપુરી પહોંચ્યા.

૬૬ સિદ્ધજીવોનો મહા આનંદ કેવો છે?....મુક્તજીવોનો એ મહા આનંદ જગતમાં પ્રસિદ્ધ છે.

૬૭ સાધકજીવ શું કરે છે?...સિદ્ધભગવંતોના માર્ગે શાશ્વતપુરીમાં જાય છે.

૬૮ ઉત્તમ તીર્થ (ભાવતીર્થ) કોણ છે?....રત્નત્રયરૂપ પરિણમેલો આત્મા તે પોતે તીર્થ છે.

૬૯ વીતરાગમાર્ગી જૈનમુનિની દશા કેવી છે?
તેમને સંસારસમુદ્રનો કિનારો નજીક આવી ગયો છે.

૭૦ સિદ્ધપદ સાધ્યું તેને ધન્ય-ધન્ય કેમ કહ્યા?
–એ રીતે અનુમોદના કરીને તેની ભાવના ભાવી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૯૭૧ કેવળીભગવાનને લોકાલોક જાણતાં થાક લાગે?

ના; જ્ઞાનપરિણમનમાં વળી ખેદ કે થાક કેવો?

૭૨ થાક ક્યાં હોય?–ક્યાં ન હોય?

થાક પરભાવમાં હોય, સ્વભાવમાં ન હોય; એટલે કષાયમાં થાક હોય, જ્ઞાનમાં થાક ન હોય.

૭૩ કેવળીભગવાનની ઔદયિકી-ક્રિયાઓ કેવી છે?

તે બંધનું કારણ નથી થતી પણ કર્મક્ષયનું કારણ થાય છે, તેથી તેને ક્ષાયિકી માનવામાં આવી છે. ( પ્રવચનસાર : ૪૫ )

૭૪ અસંખ્ય સમયની આત્મસાધનાથી કેવું સુખ થશે?

અનંતકાળ સુધી ટકે એવું અનંત સુખ થશે.

૭૫ મોક્ષસુખનો કદી અંત આવશે?....ના; સંસારનો અંત આવે; મોક્ષનો અંત ન આવે.

૭૬ સાધકને મોક્ષ સાધતાં કેટલો સમય લાગે?...અનંતકાળ ન લાગે; અસંખ્યસમય લાગે.

૭૭ સિદ્ધદશામાં ( મોક્ષમાં ) શું હોય છે?

જ્ઞાન-સુખ વગેરે હોય છે; શરીર કે પુણ્ય નથી હોતાં.

૭૮ આ અવતારને વિષય-કષાયોમાં ગુમાવે છે-તે કેવો છે?

તે મૂર્ખ, રાખને માટે રત્નને બાળી નાંખે છે.

૭૯ મોક્ષમાર્ગી-મહાત્માનો સુયશ ગાવાથી શું થાય છે?....પાપરૂપી મેલ ધોવાઈ જાય છે.

૮૦ આળસ છોડીને શેનું સાહસ કરવું?....રત્નત્રયના ઉદ્યમવડે ઝટ પોતાનું હિત કરો.

૮૧ અત્યારે યુવાની છે, પછી નીરાંતે આત્મહિત કરશું?

ભાઈ, દેહના ભરોસે રહીશ નહિ, આળસ કરીશ નહિ.

૮૨ તો કઈ રીતે હિતનો ઉદ્યમ કરવો?

તે માટે યુદ્ધની જેમ મરણિયો થા....અપૂર્વ સાહસ કર.

૮૩ બડભાગી—મહા ભાગ્યવાન કોણ છે?....જે મોક્ષગામી છે તેમનું ભાગ્ય સૌથી મહાન છે.

૮૪ નિશ્ચય મોક્ષમાર્ગ કયો છે?....શુદ્ધ અભેદરત્નત્રયરૂપ વીતરાગભાવ.

૮૫ વ્યવહારમોક્ષમાર્ગ કેવો છે?

તે ભેદવાળો કે ભેળસેળવાળો છે; તેમાં જેટલી શુદ્ધતા છે તેટલો જ સાચો મોક્ષમાર્ગ છે.

૮૬ સાચો વીર કોણ છે?...જે મોક્ષને સાધવાનું મહાન પરાક્રમ કરે તે.

૮૭ અતીન્દ્રિય સિદ્ધભગવંતોનું અસ્તિત્વ લક્ષમાં કઈ રીતે આવે?

વિકલ્પથી જુદા અંતર્મુખ જ્ઞાન વડે જ તે લક્ષમાં આવે; વિકલ્પ વડે કે ઇન્દ્રિયજ્ઞાનવડે તે લક્ષમાં ન આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૯૮૮ સિદ્ધનું સ્વરૂપ ઓળખતાં શું થાય?....મિથ્યાત્વાદિ મેલનો નાશ થાય; સમ્યક્ત્વાદિ થાય.

૮૯ શુદ્ધોપયોગી મુનિઓ કેવા છે?
તે સકળ મહિમાવંત ભગવંતો, કેવળજ્ઞાનનું મહાન પરાક્રમ કરી રહ્યા છે; સર્વ મનોરથના સ્થાન છે.

૯૦ 'આળસ છોડીને હિત કરો'....તો આળસ કઈ છે?
રાગ-દ્વેષ-વિષયોમાં રોકાવું તે આળસ છે, પ્રમાદ છે.

૯૧ હિતોપદેશ સાંભળતાંવેંત આત્મહિત કોણે કર્યું?
ભોગભૂમિમાં ઋષભદેવના જીવે; હાથીપર્યાયમાં પારસનાથના જીવે; સિંહભવમાં મહાવીરના જીવે કર્યું....તેમ તું પણ કર.

૯૨ સૌથી પહેલાં કરવા જેવું કામ કયું છે?
લાખ વાત પડતી મેલીને પણ પહેલાં આત્મહિત કર.

૯૩ મનુષ્યપણામાં વિશેષ કયો અવસર છે?
તેમાં સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રનો પણ અવસર છે.

૯૪ ભવદુ:ખથી ખરેખર થાકયો હોય તેને શું થાય?
તે અંદરથી ઊંચો થઈ જાય કે હવે આ દાવ નહીં ચૂકું.

૯૫ વૃદ્ધાવસ્થા ને પ્રતિકૂળતા આવી પડી હોય તો?
-તું મુંઝા મા...તે વખતેય આત્મજ્ઞાન થઈ શકે છે.

૯૬ યુવાની અને લાંબુ આયુષ્ય હોય તો....?....તોપણ તે ધર્મસાધનામાં જ વીતાવવું સારૂં છે.

૯૭ સંત-જ્ઞાનીઓ વારંવાર શું કહે છે?
'હે જીવ! તું પ્રમાદ છોડી જાગૃત થા....જાગૃત થા....!'

૯૮ સિદ્ધભગવંતો મોક્ષમાં ગયા તે માર્ગ કેવો છે?
તે વીતરાગી રત્નત્રયરૂપ સુંદર મોક્ષમાર્ગ જગતમાં પ્રસિદ્ધ છે. તું પણ આ સુંદર માર્ગમાં આવ.

૯૯ રાગની આગથી બચવા શું કરવું?...આત્માના સમભાવરૂપ અમૃતનું સેવન કરવું.

૨૦૦૦ રાગાદિભાવો કેવા છે?...પરપદ છે; તેને છોડી સ્વપદમાં રાચ....ને સુખી થા.

૧ આત્માનો 'ચૈતન્યદેહ' કેવો 'સુકુમાર' છે?....રાઈ જેટલોય કષાયકણ એને પાલવતો નથી.

૨ રાગમાં બળતી ચેતનાને કેમ બચાવવી?....ભેદજ્ઞાનવડે તેને રાગથી ભિન્ન કરી નાંખ.

૩ ધર્માત્માને વિશ્રાંતિનું ધામ કયું છે?....રાગ વગરનું પરમ શાંત પોતાનું ચૈતન્યધામ.

૪ શરીર બળતું હતું ત્યારે પાંડવો શું કરતા હતા?
તેમનો આત્મા ચૈતન્યની શાંતિમાં ઠરતો હતો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૦૦૫ આત્મામાં અચિંત્ય શાંતિની તાકાત કેવી છે?

એકકોર શરીર બળે....ને બીજીકોર કેવળજ્ઞાન લ્યે....એવી.

૬ આચાર્યભગવંતો ભવ્યને કઈ તરફ બોલાવે છે?

શુદ્ધ ચૈતન્યરૂપ તારા નિજપદમાં તું આવ....આવ.

૭ આત્માનું સ્વઘર કેવું છે?....અદ્ભુત...આશ્ચર્યકારી....આનંદ-વૈભવથી ભરપૂર છે.

૮ શાસ્ત્રના અંતમાં શું ભલામણ કરે છે?

આળસ છોડીને આત્માને સાધવાનો પ્રયત્ન કરજો....હિતનો આ અવસર ચૂકશો નહિ.... સ્વપદને સાધીને સુખી થાજો.

આવા મંગલ હિતોપદેશપૂર્વક, છહઢાળાની ચૂલિકારૂપ આ વીતરાગ-વિજ્ઞાન-પ્રશ્નોત્તરી પૂર્ણ થાય છે....તે ભવ્યજીવોને દુઃખથી છૂટીને સુખની પ્રાપ્તિનું કારણ હો.

બ્ર. હરિલાલ જૈન

સોનગઢ વીર સં. ૨૫૦૭ અષાડવદ ૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com